بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ط

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૭૮-૧૭૯)

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُتِبَ عَلَيۡكُمُ الۡقِصَاصُ فِى الۡقَتۡلٰى ؕ اَلۡحُرُّ بِالۡحُرِّ وَالۡعَبۡدُ
بِالۡعَبۡدِ وَالۡاُنۡثٰى بِالۡاُنۡثٰى ؕ فَمَنۡ عُفِىَ لَهٗ مِنۡ اَخِيۡهِ شَىۡءٌ فَاتِّبَاعٌ ۢ بِالۡمَعۡرُوۡفِ
وَاَدَآءٌ اِلَيۡهِ بِاِحۡسَانٍ ؕ ذٰلِكَ تَخۡفِيۡفٌ مِّنۡ رَّبِّكُمۡ وَرَحۡمَةٌ ؕ فَمَنِ اعۡتَدٰى بَعۡدَ ذٰلِكَ
فَلَهٗ عَذَابٌ اَلِيۡمٌ ﴿۱۷۸﴾ وَلَكُمۡ فِى الۡقِصَاصِ حَيٰوةٌ يّٰۤاُولِى الۡاَلۡبَابِ لَعَلَّكُمۡ تَتَّقُوۡنَ ﴿۱۷۹﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર હત્યાના ભોગ બનેલાઓ વિશે "કિસાસ" (બદલો લેવો) ફરજ કરવામાં આવ્યો છે; સ્વતંત્ર (વ્યક્તિ)ના બદલામાં સ્વતંત્ર વ્યક્તિ, અને ગુલામના બદલામાં ગુલામ, અને સ્ત્રીના બદલામાં સ્ત્રી, પછી જેને પોતાના ભાઈ તરફથી કંઈપણ ક્ષમા આપવામાં આવે તો (તેણે) બંધારણ પ્રમાણે (ભલાઈનું) અનુસરણ કરવું અને તેને સારું વળતર (દિય્યત) ચૂકવવું (જોઈએ); આ (બાબત) તમારા પરવરદિગાર તરફથી સરળતા અને રહમત છે; બસ ! (આ ફેંસલા) પછી જેણે અતિરેક કર્યો (અત્યાચારી બન્યો), તો તેના માટે દર્દનાક અઝાબ છે. (૧૭૮) અને તમારા માટે "કિસાસ"માં (મોટું) જીવન છે; હે બુદ્ધિશાળીઓ ! જેથી તમે બચેલા (સુરક્ષિત) રહો. (૧૭૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતની તફસીરમાં આપને જાણ થઈ ચૂકી છે કે, આ આયતમાં સામૂહિક રીતે નેકી અને ભલાઈના સિદ્ધાંતો બતાવવામાં આવ્યા છે. આગળ તેના વિભાગોના ખુલાસા છે, જેને "અબવાબુલ બિર્ર" (બિર્રના પ્રકરણો) કહી શકાય છે. આગળ આ જ પ્રકરણોમાં અમુક હુકમોનો ઉલ્લેખ થયો છે, જે પરિસ્થિતિ અને આવશ્યકતા અનુસાર વર્ણવવામાં આવ્યા છે.

VISIT…

LANZAROTE Caliente.com

તફસીર :

"કિસાસ" (નાહક માર્યા ગયેલાના બદલા)નો હુકમ :

હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર "કિસાસ"(નો કાયદો) ફરજ કરવામાં આવે છે, (નાહક) ખૂન થયેલા વિશે (એટલે કે દરેક) આઝાદ વ્યક્તિ (કતલ કરવામાં આવે દરેક) આઝાદ વ્યક્તિના બદલામાં અને (એવી જ રીતે) ગુલામ (દરેક) ગુલામના બદલામાં અને (દરેક) સ્ત્રી (અન્ય દરેક) સ્ત્રીના બદલામાં. (મતલબ કે, હત્યારાઓ ઊંચા હોદ્દાઓ અથવા મરતબો ધરાવતા હોય અને જેમની હત્યા થઈ છે, તે નાનો દરજ્જો ધરાવતા હોય, તેમ છતાં પણ દરેક પાસેથી સરખો બદલો લેવામાં આવશે. એટલે કે, હત્યારાને સજા સ્વરૂપે ઈસ્લામી હુકૂમતના માધ્યમથી કતલ કરવાની સજા આપવામાં આવશે.) હા ! જે (હત્યારા)ને તે (મરનાર)ના સગાઓ તરફથી (મુકદમો પાછો ખેંચી લેવામાં આવે અને) મા'ફ કરવામાં આવે (પરંતુ સંપૂર્ણ રીતે દોષમુક્ત જાહેર ન થાય) તો (હત્યારાને મૌતની સજાથી છુટકારો તો મળશે, પરંતુ દિય્યત એટલે કે, લોહી વહાવવાના વળતર સ્વરૂપે એક ચોક્કસ પ્રમાણમાં માલ તેના માથે વાજિબ થઈ જશે, તો એવા સમયે બન્ને પક્ષોની જવાબદારી એ છે કે, પરસ્પર એકબીજાની રિઆયત (બાંધછોડ) કરે અને માર્યા ગયેલાના પક્ષવાળાના માથે જવાબદારી છે કે,) યોગ્ય રીતે (આ દિય્યતના માલની) માંગણી કરે (કે ખોટી રીતે માંગણીઓ રજૂ કરવામાં અતિરેક ન કરે) અને (હત્યારાના માથે જવાબદારી છે કે,) ભલાઈથી (આ દિય્યતના માલને) તે (દા'વેદારો)ની પાસે પહોંચાડી દે (કે માલના પ્રમાણમાં જાણીબૂઝીને કમી ન કરે અને માલ આપવામાં આનાકાની ન કરે) આ (દિય્યત અને મા'ફીનો કાયદો) તમારા પરવરદિગાર તરફથી (સજામાં) રાહત અને કૃપા છે (નહિતર ખૂનના ગુનાહમાં મૌતની સજા સિવાય અન્ય કોઈ વિકલ્પ બાકી ન હતો) પછી જે વ્યક્તિ આ (કાયદા)ને (નક્કી થયા) પછી તોડી નાંખે (દા.ત. કોઈને દિય્યતનો જૂઠો વાયદો કરી મા'ફી મેળવી ફરી પાછી હત્યા કરવાની યોજના બનાવે) તો આવા વ્યક્તિને (આખિરતમાં) ઘણો દર્દનાક અઝાબ થશે અને સમજદાર લોકો માટે (આ) "કિસાસ"(ના કાયદા)માં તમારા જીવન(ની સુરક્ષા) માટે મોટો બચાવ છે. (કારણ કે આ કાયદાથી મૌતની સજાના ભયે કોઈની નાહક હત્યા કરવાથી લોકો અટકી જશે તો એના દ્વારા અસંખ્ય

જિંદગીઓ હલાક થવાથી અને તેનાથી ઊભા થતા ફિત્ના–ફસાદથી બચી જવાશે.) અમે આશા રાખીએ છીએ કે તમે લોકો (આવા શાંતિના કાયદાનું ઉલ્લંઘન કરવાથી) પરહેઝ કરશો (બચતા રહેશો).

મસ્અલા અને બોધપાઠ :

"કિસાસ"નો શાબ્દિક અર્થ "બરાબરી" થાય છે, જેનો અર્થ સામાન્ય બોલચાલની ભાષામાં "બદલો લેવો" પણ થાય છે. જેનો ભાવાર્થ એ છે કે, જેના ઉપર અત્યાચાર કરવામાં આવ્યો છે અને જેટલા પ્રમાણમાં કરવામાં આવ્યો છે, એટલા જ પ્રમાણમાં જાલિમ પાસેથી બદલો લેવો જાઈઝ છે. તેમાં અતિરેક કરવો જાઈઝ નથી. કુર્આન શરીફની આયતમાં હવે પછી આ પરિસ્થિતિનો વધારે ખુલાસો આવી રીતે આવશે. فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ (સૂરહ : ૨, આયત : ૧૯૪) અને સૂરએ નહલ્‌ની છેલ્લી આયતમાં وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهٖ (સૂરહ : ૧૬, આયત : ૧૨૬) આ વિષયનો ખુલાસો આવ્યો છે.

શરીઅતની વ્યાખ્યામાં "કિસાસ" એને કહેવામાં આવે છે કે, "જો કોઈની હત્યા કરવામાં આવે અથવા કોઈને ઘાયલ કરવામાં આવે, તો એમાં હત્યાનો બદલો કતલ તરીકે અને ઘાયલનો બદલો એ સમાન ઘાયલ કરીને ઈસ્લામી હુકૂમતના માધ્યમથી સજા કરવામાં આવે."

મસ્અલો :

જાણીબુઝીને હત્યા કરવાના ઈરાદે ધાતુના હથિયારથી અથવા એવા પદાર્થથી કે જેમાં માંસ કપાઈને લોહી વહી શકે છે, જો કોઈની નાહક હત્યા કરવામાં આવે, તો "કિસાસ" એટલે કે ઈસ્લામી હુકૂમતના માધ્યમથી જીવના બદલે જીવ લેવો આવી જ હત્યાના ગુનાહ સાથે ખાસ જોડાયેલ છે.

મસ્અલો :

એવી હત્યા જેમાં જેવી રીતે ઈસ્લામી હુકૂમતના માધ્યમથી આઝાદ (સ્વતંત્ર) વ્યક્તિ, આઝાદ વ્યક્તિના બદલામાં કતલ કરવામાં આવે છે. એવી જ રીતે ગુલામના બદલામાં ગુલામ અને એ જ પ્રમાણે સ્ત્રીના બદલામાં સ્ત્રી પણ કતલ કરવામાં આવે છે. એવી જ રીતે પુરૂષ પણ સ્ત્રીની હત્યાના બદલામાં કતલ કરવામાં આવે છે.

આ આયતમાં આઝાદના બદલામાં આઝાદ અને સ્ત્રીના બદલામાં સ્ત્રીનો જે ઉલ્લેખ થયો છે, તે આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે.

ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને અબી હાતિમ (રહ.)ની સનદથી નકલ કર્યું છે કે, ઈસ્લામ આવવાના અમુક સમય પહેલાં બે અરબ કબીલાઓમાં યુદ્ધ થઈ ગયું. બંને પક્ષે ઘણા સ્વતંત્ર વ્યક્તિઓ, ગુલામો, પુરૂષો અને સ્ત્રીઓ માર્યા ગયા. હજુ આ ઘટનાની સુલેહ-સફાઈ થઈ ન હતી અને ઈસ્લામનો યુગ શરૂ થઈ ગયો. આ બંને કબીલાઓ પણ ઈસ્લામમાં દાખલ થઈ ગયા. ઈસ્લામ લાવ્યા પછી બંને કબીલાવાળાઓ પોતપોતાના માર્યા ગયેલાઓ માટે "કિસાસ"ની વાટાઘાટો કરવા લાગ્યા. એક કબીલો જે વધારે શક્તિશાળી અને ઈજ્જતદાર હતો તેમણે કહ્યું કે, અમે ત્યાં સુધી રાજી નહીં થઈએ, જ્યાં સુધી કે અમારા એક ગુલામના બદલામાં તમારો એક સ્વતંત્ર વ્યક્તિ અને અમારી એક સ્ત્રીના બદલામાં તમારો એક પુરૂષ કતલ કરવામાં ન આવે !

તેમની અજ્ઞાનતાપૂર્ણ અને અત્યાચારી માંગણીના રદિયામાં આ આયત નાઝિલ થઈ, اَلْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْاُنْثٰى بِالْاُنْثٰى જેનો હેતુ એ હતો કે, એવી માંગણી કરવી કે, ગુલામના બદલામાં આઝાદ વ્યક્તિ અને સ્ત્રીના બદલામાં પુરૂષને કતલ કરવામાં આવે; રદ કરવામાં આવે છે, જ્યારે કે તેમણે નાહક હત્યા પણ નથી કરી ! આ રીતે ઈસ્લામે પોતાના ન્યાયપૂર્ણ કાયદાને લાગુ કર્યો કે, જેણે નાહક હત્યા કરી છે તે જ વ્યક્તિને સજા સ્વરૂપે મૌતની સજા ફરમાવવામાં આવશે. જો કોઈ સ્ત્રીએ હત્યા કરી હોય તો તેના બદલામાં કોઈ નિર્દોષ પુરૂષને મૌતની સજા ફરમાવવામાં નહિ આવે ! એવી જ રીતે જો કોઈ ગુલામ હત્યારો છે, તો તેના બદલામાં કોઈ નિર્દોષ સ્વતંત્ર વ્યક્તિને કતલ કરવો ઉઘાડો અત્યાચાર છે, જેને ઈસ્લામ કદાપિ માન્ય ન રાખી શકે.

સ્પષ્ટ રીતે આયતનો હેતુ એવો છે કે, જેણે નાહક હત્યા કરી છે, તે જ કિસાસમાં (ઈસ્લામી હુકૂમતના માધ્યમથી) મૌતની સજા પામશે અને તેને જ કતલ કરવામાં આવશે. નાહક હત્યા કરનાર સ્ત્રી હોય કે ગુલામ ! મતલબ કે, હત્યા કરનાર સ્ત્રી અથવા ગુલામના બદલે નિર્દોષ પુરૂષ અને સ્વતંત્ર વ્યક્તિને કતલ કરવો જાઈઝ નથી.

આયતનો મતલબ એ નથી કે, જો કોઈ સ્ત્રીને કોઈ પુરૂષ નાહક કતલ કરી નાંખે અથવા ગુલામને કોઈ સ્વતંત્ર વ્યક્તિ નાહક કતલ કરી નાંખે તો તેમનાથી

"કિસાસ" લેવામાં નહિ આવે ! બલકે, કુર્આનની આ જ આયતમાં શરૂઆતમાં اَلْقِصَاصُ فِي الْقَتْلٰى એ બાબતની સ્પષ્ટ દલીલ છે અને બીજી આયતમાં પણ તેનો વધારે ખુલાસો આવ્યો છે. દા.ત. اَلنَّفْسُ بِالنَّفْسِ વગેરે.

મસ્અલો :

જો કોઈની જાણીબુઝીને નાહક હત્યા કરનાર હત્યારાને સંપૂર્ણ ક્ષમા અને મા'ફી આપવામાં આવે, દાખલા તરીકે માર્યા ગયેલાના વારસદારોમાં ફક્ત બે જ પુત્રો હતા અને તે બંને પોતાનો હક મા'ફ કરી દે, તો હત્યારાને કોઈ સજા નહિ થાય અને જો પૂરી મા'ફી ન મળે, દા.ત. ઉપરોક્ત પરિસ્થિતિમાં બંને પુત્રોમાંથી એક પુત્રએ તો મા'ફ કરી દીધું પણ બીજાએ મા'ફ ન કર્યું, તો મૌતની સજાથી તો કાતિલ (હત્યારો) છૂટી ગયો, પરંતુ મા'ફ ન કરનાર પુત્રને અડધી દિય્યત (વળતર) ઈસ્લામી હુકૂમતના માધ્યમથી આપવામાં આવશે અને દિય્યત એટલે કે લોહી વહાવવાનું વળતર શરીઅતમાં સો ઊંટ, અથવા એક હજાર દીનાર, અથવા દશ હજાર દિરહમ છે અને એક દિરહમ લગભગ સાડા ત્રણ માશા (લગભગ સાડા ચાર ગ્રામ) ચાંદી જેટલું વજન થાય છે, આ પ્રમાણે એક આખી દિય્યત બે હજાર નવ સો તોલા આઠ માશા ચાંદી થઈ. એટલે કે ૩૬ શેર, ૩૬ તોલા અને આઠ માશા (આ જૂનું માપ છે, નવી દશાંશ પદ્ધતિ આધારે આ માપ કોઈ નિષ્ણાત આલિમને પૂછી લેવા વિનંતી છે. -અનુવાદક).

મસ્અલો :

જેવી રીતે અધૂરી મા'ફીથી દિય્યતનો માલ વાજિબ થઈ જાય છે, એ જ પ્રમાણે જો પરસ્પર કોઈ એક ચોક્કસ માલના પ્રમાણ ઉપર સમજૂતી થઈ જાય તો પણ "કિસાસ" અર્થાત્ મૌતની સજાથી છુટકારો મળી જશે અને માલ આપવો વાજિબ થઈ જશે, પરંતુ એમાં ઘણી બધી શરતો છે, જે ફિક્હની કિતાબોમાં જોઈ શકાય છે.

મસ્અલો :

નાહક માર્યા ગયેલા વ્યક્તિના જેટલા પણ શરઈ વારસદારો છે તે જ કિસાસ અને દિય્યતના માલિક અને પોતાના શરઈ ધારાધોરણ મુજબના ભાગના વારસાના હકદાર છે. જો દિય્યત એટલે કે વળતર લેવામાં આવ્યું હોય તો આ વારસદારોમાં આ માલ વારસા વહેંચણીના હિસાબ પ્રમાણે જ વહેંચવામાં આવશે

અને જો ઈસ્લામી હુકૂમતના માધ્યમથી "કિસાસ"નો ફેંસલો થયો, તો "કિસાસ"નો અધિકાર પણ સંયુક્ત અને સામૂહિક જ હશે. પરંતુ હત્યાના બદલે મૌતની સજાનો "કિસાસ" વહેંચી શકાય એવી વસ્તુ નથી, એટલા માટે જો કોઈ નાનો હિસ્સો ધરાવનાર વારસદાર પણ પોતાનો સજાનો "કિસાસ" મા'ફ કરી દેશે તો આપોઆપ બીજા વારસદારોનો મૌતની સજાનો "કિસાસ"નો હક પણ મા'ફ થઈ જશે અને તેમને દિય્યતની રકમમાંથી પોતાના વારસા પ્રમાણે હિસ્સો મળશે.

મસ્અલો :

"કિસાસ" લેવાનો અધિકાર જો કે માર્યા ગયેલા વ્યક્તિના વારસદારોને છે, પરંતુ ઉમ્મતના ઈજ્માઅ્ દ્વારા એ બાબત સિદ્ધ થઈ છે કે, તેઓ પોતાનો હક પોતાની જાતે વસૂલ કરી શકતા નથી. કિસાસ લેવાનો અધિકાર નાહક માર્યા ગયેલ વ્યક્તિના વારસદારોને પોતે નથી કે, તેઓ પોતે જ હત્યારાને મારી નાંખે. બલકે, આ હુકમની બજવણી અને અમલ ઈસ્લામિક હુકૂમત અથવા તેના માન્ય સૂબેદાર વગેરે કરશે. કારણ કે, "કિસાસ" કયા સ્વરૂપે વાજિબ થાય છે અને કયા સ્વરૂપમાં નથી થતો, તેના અસંખ્ય મસ્અલાઓ છે, દરેક સામાન્ય વ્યક્તિને તેની જાણ હોતી નથી અને એ પણ શક્ય છે કે, માર્યા ગયેલ વ્યક્તિના વારસદારો પોતાના ગુસ્સાથી પ્રભાવિત થઈ કોઈ અતિરેક પણ કરી બેસે, એટલા માટે ઉમ્મતના ઉલમાએ સંપૂર્ણ સહમતિ દ્વારા "કિસાસ"નો હક મેળવવા માટે ઈસ્લામી હુકૂમતની અદાલતમાં પોતાના મુકદમાને રજૂ કરવો જરૂરી સમજ્યું છે.

(કુર્તુબી)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૦-૧૮૧-૧૮૨)

كُتِبَ عَلَيْكُمْ إِذَا حَضَرَ أَحَدَكُمُ الْمَوْتُ إِنْ تَرَكَ خَيْرًا ۖ الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَ

الْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ ۖ حَقًّا عَلَى الْمُتَّقِينَ ﴿١٨٠﴾ فَمَنْ بَدَّلَهُ بَعْدَمَا سَمِعَهُ فَإِنَّمَا إِثْمُهُ عَلَى

الَّذِينَ يُبَدِّلُونَهُ ۚ إِنَّ اللَّهَ سَمِيعٌ عَلِيمٌ ﴿١٨١﴾ فَمَنْ خَافَ مِنْ مُوصٍ جَنَفًا أَوْ إِثْمًا

فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا إِثْمَ عَلَيْهِ ۚ إِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿١٨٢﴾

તરજુમો :

તમારા ઉપર (એવું) ફરજ કરવામાં આવે છે કે, જ્યારે તમારામાંથી કોઈને મૌત(ની ઘડી નજીક) આવવા લાગે (અને) જો તે માલ છોડી જતો હોય; તો માં-બાપ અને સગાં-વહાલાઓ માટે ન્યાયી રીતે વસિય્યત કરે; પરહેઝગારો માટે આ (બાબત) જરૂરી છે. (૧૮૦) પછી જો કોઈ તે (વસિય્યત)ને સાંભળ્યા પછી બદલી નાંખે, તો તેનો ગુનોહ ફક્ત તે લોકોને જ થશે જેમણે તેને બદલી નાંખી; બેશક ! અલ્લાહ સઘળું સાંભળનાર (અને) સર્વજ્ઞ (સઘળું જાણનાર) છે. (૧૮૧) બસ, પછી કોઈ વસિય્યત કરનાર તરફથી પક્ષપાત કરવાથી અથવા ગુનાહથી ડરે, પછી તે બંને વચ્ચે સુલેહ કરાવી દે, તો એમાં કોઈ ગુનોહ નથી; બેશક ! અલ્લાહ મહાન મા'ફ કરનાર, ખૂબ રહમ કરનાર છે. (૧૮૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

વસિય્યત દરેક તે વસ્તુને કહેવામાં આવે છે, જેને જે તે વ્યક્તિ દ્વારા પૂરી કરવાનો હુકમ કરવામાં આવે છે. ભલે તે કામ તે વસિય્યત કરનારની જિંદગીમાં કરવાનું કામ હોય અથવા તો વસિય્યત કરનારના મૌત પછી તે કામ કરવાનું હોય, પરંતુ સામાન્ય બોલચાલની ભાષામાં વસિય્યત એને જ કહેવામાં આવે છે કે, જે કામ વસિય્યત કરનારના મૌત પછી પૂર્ણ કરવાનો હુકમ આપવામાં આવ્યો હોય.

خیر "ખયર" શબ્દના ઘણા બધા અર્થોમાંથી એક અર્થ "માલ" પણ થાય છે. જેમકે કુર્આનમાં છે, وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ "બેશક ! તે ખયર (માલ)ની મહોબ્બતમાં અત્યંત મજબૂત છે." આ સ્થળે બધા જ મુફસ્સિરોએ સહમતિથી خیر "ખયર"નો અર્થ "માલ" કર્યો છે.

શરૂ-શરૂમાં ઈસ્લામમાં જ્યાં સુધી વારસા વહેંચણીના શરીઅત પ્રમાણે ભાગો નક્કી કરવામાં આવ્યા ન હતા, એવો હુકમ હતો કે, છોડેલા માલના ૧/૩ (એક તૃત્યાંશ) ભાગમાં મરનારો પોતાના માતા-પિતા અને બીજા સગાં-વહાલાંઓ માટે જેટલું-જેટલું યોગ્ય સમજે વસિય્યત કરી આપે, એટલો તો તે વસિય્યત પ્રમાણે લાભ મેળવનાર લોકોનો હક હતો, બાકી જે કંઈ પણ રહેતું, તે ઔલાદનો હક રહેતો હતો. પ્રસ્તુત આયતમાં આ જ હુકમ વર્ણવવામાં

આવ્યો છે. પાછળથી વારસા-વહેંચણીના સંપૂર્ણ હુકમો નાઝિલ થયા અને દરેક વારસદારનો હિસ્સો પણ અલ્લાહ તરફથી નક્કી કરવામાં આવ્યો.

તફસીર :

તમારા ઉપર ફરજ કરવામાં આવે છે કે, જ્યારે પણ કોઈનું મૃત્યુ નજીક આવવા લાગે અને કંઈ માલ પણ વારસામાં છોડી જતો હોય તો (પોતાના) માતા-પિતા અને (અન્ય) સગાં-વહાલાંઓ માટે યોગ્ય રીતે (કે ૧/૩ છોડેલા માલ કરતાં વધી ન જાય એ રીતે) અમુક બતાવી જાય (તેનું નામ વસિય્યત છે.) જેમને અલ્લાહનો ડર છે, તેમના માથે આ જવાબદારી જરૂરી છે, પછી (જે લોકોએ આ વસિય્યતને સાંભળી છે તેમનામાંથી) જે વ્યક્તિ (પણ) સાંભળી લીધા પછી આ (વસિય્યતને) બદલી નાંખે (અને પરસ્પર વહેંચણીના સમયે ખોટી વાતની રજૂઆત કરે કે, આવી રીતે વહેંચણી થવાથી કોઈનો હક માર્યો જતો હોય) તો તે (હક દબાવવાનો) ગુનોહ તે જ લોકોને થશે, જેઓ આ (વસિય્યતના વિષયને) બદલી નાંખશે (અને અદાલતના મુન્સફને અથવા પંચોને કે મરનારને તેનો કોઈ ગુનોહ નહિ થાય કારણ કે,) અલ્લાહ તઆલા તો ચોક્કસ સાંભળનારો-સર્વજ્ઞ (સઘળું જાણનારો) છે (તો ફેરબદલ કરનાર જે જાહેર કરે છે, તેને પણ સાંભળે છે અને ન્યાયાધીશ કે પંચો આ બાબતથી અજાણ છે, તે પણ જાણે છે.) હા ! (એક રીતે અમુક પ્રકારની ફેરબદલી કરવાની પરવાનગી પણ છે અને તે જ્યારે કે) જે વ્યક્તિને વસિય્યત કરનાર તરફથી (વસિય્યતના વિષયમાં) કોઈ ભૂલ અથવા (જાણીબુઝી વસિય્યત કરનારે વસિય્યતના શરઈ કાનૂનનું ઉલ્લંઘન કર્યું હોય) કોઈ ગુનાહ કરવાની સાબિતી થઈ ચૂકી હોય (અને ગેરકાયદેસર વસિય્યતના કારણે વસિયત કરનાર મય્યતના માલમાં વારસદારોમાં પરસ્પર ફિત્નો થવાનો ભય અથવા ફિત્નો થઈ ગયો હોય તો) પછી આ વ્યક્તિ તેમાં પરસ્પર સુલેહ-સફાઈ કરાવી દે. (જો કે, આ સુલેહ-સફાઈ આ મરનારની વસિય્યત પ્રમાણે ન હોય અને દેખીતું એ મૂળ વસિય્યતથી વિપરીત લાગે તો પણ) એવા વ્યક્તિ ઉપર કોઈ ગુનોહ નથી (અને) વાસ્તવમાં અલ્લાહ તઆલા તો મા'ફ કરનારો છે (અને) રહમ કરનારો છે. (અને એ વ્યક્તિએ તો કોઈ ગુનોહ પણ નથી કર્યો બલકે, ખોટી વસિય્યતને સુલેહ-સફાઈ કરાવી કાયદેસરની અને શરીઅત અનુસાર બનાવી છે, તો તે અલ્લાહની રહમતનો હકદાર બને છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં મરનાર જે થોડોઘણો માલ છોડીને મરી રહ્યો છે, તેના વિશે મરનાર ઉપર વસિય્યત ફરજ કરવામાં આવે છે. આ હુકમના ત્રણ વિભાગો છે. એક એ કે, મરનારના છોડેલા માલમાં ઔલાદ સિવાય કોઈ અન્ય વારસદારોનો હિસ્સો નક્કી નથી. તેમના હિસ્સાને મરનારની વસિય્યત વડે નક્કી કરવામાં આવશે.

બીજું એ કે આવા સગાં-વહાલાંઓ માટે વસિય્યત કરવી મરનાર ઉપર ફરજ છે અને ત્રીજું એ કે ૧/૩ (એક તૃત્યાંશ) માલથી વધારે માલની વસિય્યત કરવી જાઈઝ નથી.

આ ત્રણે હુકમોમાં પ્રથમ હુકમ બાબતે તો મોટા ભાગના સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) નજીક વારસા વહેંચણીની આયત નાઝિલ થયા પછી ઉપરોક્ત આયતનો હુકમ મન્સૂખ (રદ) છે. ઈબ્ને કષીર (રહ.)એ "તસ્હીહે હાકિમ" વગેરેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)નું નિવેદન નોંધ્યું છે કે, "આ હુકમને મીરાષ (વારસા-વહેંચણી)ની આયતે મન્સૂખ કરી દીધો છે, એટલે કે આ આયત لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ مِمَّا قَلَّ مِنْهُ أَوْ كَثُرَ ۚ نَصِيبًا مَّفْرُوضًا ‘પુરૂષો માટે એમાં હિસ્સો છે જે માં-બાપે અને નજીકના સગાંઓએ છોડ્યું છે અને સ્ત્રીઓ માટે એમાં હિસ્સો છે જે માં-બાપે અને નજીકના સગાંઓએ છોડ્યું છે; ભલે થોડું હોય અથવા વધારે ! તે હિસ્સો નક્કી કરેલો છે.’ -સૂરહ:૪, આયત:૭) મન્સૂખ છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની બીજી રિવાયતમાં એનો ખુલાસો થયો છે કે, "મીરાષની આયતે તે લોકોની મીરાષને મન્સૂખ કરી દીધી, જેમના વારસા-વહેંચણીના હિસ્સાનું પ્રમાણ નક્કી છે. અન્ય સગાં-વહાલાંઓ કે, જેમનો મરનારના વારસામાં કોઈ હક નથી તેમના માટે વસિય્યત કરવાનો હુકમ હજુ પણ બાકી છે." *(જસ્સાસ, કુર્તુબી)*

પરંતુ ઈજમા-એ-ઉમ્મતથી જાહેર છે કે, જે સગાંઓનો કોઈ ભાગ નક્કી નથી, તેમના માટે મરનાર ઉપર વસિય્યત કરવી ફરજ અથવા જરૂરી નથી. એટલા માટે વસિય્યત કરવી ફરજ હોવાનો હુકમ તેમના વિશે પણ મન્સૂખ થઈ ગયો. *(જસ્સાસ, કુર્તુબી)*

બીજો હુકમ; વસિય્યત ફરજ હોવાનો હુકમ રદ થવા વિશે :

આ હુકમ પણ ઉમ્મતના ઈજ્માઅ્થી તે મુતવાતિર હદીષના કારણે મન્સૂખ (રદબાતલ) છે કે જેનું એ'લાન રસૂલે કરીમ ﷺએ હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં સહાબા (રદિ.) સામે કર્યું હતું.

اِنَّ اللّٰهَ اَعْطٰى لِكُلِّ ذِى حَقٍّ حَقَّهُ فَلَاوَصِيَّةَ لِوَارِثٍ،

(اَخْرَجَهُ التِّرْمِذِىْ وَقَالَ هٰذَاحَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ)

"અલ્લાહ તઆલાએ દરેક હકદારને તેનો હક પોતે (જ) આપી દીધો છે, એટલા માટે હવે કોઈ વારસદાર માટે વસિય્યત કરવી જાઈઝ નથી."

આ હદીષમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના આ શબ્દો પણ નકલ કરવામાં આવ્યા છે. (جَصَّاص) لَاوَصِيَّةَ لِوَارِثٍ اِلَّااَنْ تُجِيْزَهُ الْوَرَثَةُ، "કોઈ વારસદાર માટે વસિય્યત કરવી ત્યાં સુધી જાઈઝ નથી, જ્યાં સુધી બાકીના બધા (બાલિગ) વારસદારો પરવાનગી ન આપે." *(જસ્સાસ)*

ઉપરોક્ત હદીષનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાએ વારસદારોના હિસ્સાઓ પોતે નક્કી કરી દીધા છે. એટલા માટે મરનારે તેમના માટે વસિય્યત કરવાની જરૂર રહેતી નથી બલકે, વારસદારના હકમાં વસિય્યત કરવાની પરવાનગી પણ નથી. હા ! જો અન્ય વારસદારો વસિય્યતની પરવાનગી આપે તો જાઈઝ છે.

ઈમામ જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે, "આ હદીષ સહાબા (રદિ.)ની એક આખી જમાઅત દ્વારા નકલ કરવામાં આવી છે અને ઉમ્મતના ફુકહાએ તેને સર્વાનુમતે સ્વીકારી છે. એટલા માટે તેનો હુકમ મુતવાતિર હદીષનો દરજ્જો ધરાવે છે. જેનાથી કુર્આનની આયતનો "નસ્ખ" (રદિયો) જાઈઝ છે."

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, "ઉલમાએ ઉમ્મતમાં આ બાબત સર્વાનુમતે સ્વીકાર્ય છે કે, જ્યારે કોઈ હુકમ રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી ચોક્કસપણે વિશ્વાસપૂર્વક કહેવાયું હોવાની જાણ થઈ જાય, જેના માટે "હદીષે મુતવાતિર" અથવા "મશ્હૂર" વગેરે વ્યાખ્યાઓ નક્કી થઈ છે, તો તે પણ બિલકુલ કુર્આનના હુકમની જેમ જ છે, અને તે વાસ્તવમાં અલ્લાહ તઆલાનું જ ફરમાન છે. એટલા માટે આવી કોઈ હદીષથી કુર્આનની કોઈ આયત મન્સૂખ થઈ

જાય, તો તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'' પછી ફરમાવ્યું કે, ''આ હદીષ અમારા સુધી "ખબરે વાહિદ" સ્વરૂપે જ પહોંચી છે, પરંતુ સાથે–સાથે તેના ઉપર સહાબા રદિ.નો ઈજ્માઅ્ તથા ઉમ્મતનો ઈજ્માઅ્ હોવો એ સાબિત કરે છે કે, આ હદીષ તે લોકો નજીક "કતઈયુસ્સુબૂત" સાબિતી છે, નહિતર જો શંકાની સંભાવના હોત તો આ હદીષના કારણે કુર્આનની આયત મન્સૂખ સમજી તેના ઉપર ઈજ્માઅ્ ન થયો હોત.

ત્રીજો હુકમ; ૧/૩ (એક તૃત્યાંશ) માલની વસિય્યતથી વધારે માલની વસિય્યત કરવી જાઇઝ નથી :

૧/૩ (એક તૃત્યાંશ) માલની વસિય્યત કરવી ઉમ્મતમાં સર્વાનુમતે હજુપણ જાઇઝ હોવું બાકી છે. હા ! બાલિગ વારસદારોની પરવાનગી હોય તો ૧/૩ (એક તૃત્યાંશ)થી વધારે બલકે સંપૂર્ણ માલની વસિય્યત કરવી પણ જાઈઝ છે.

મસ્અલો :

ઉપરોક્ત ખુલાસાથી એ બાબત સ્પષ્ટ થઈ ચૂકી કે, જે વારસદારોના હિસ્સા માટે કુર્આન શરીફે પોતે ભાગ નક્કી કરી દીધો છે, તેમના માટે વસિય્યત કરવી વાજિબ નથી. બલકે, વારસદારોની પરવાનગી સિવાય અન્ય કોઈ વારસદાર માટે વસિય્યત કરવી જાઈઝ પણ નથી. અલબત્ત કોઈ રિશ્તેદાર અથવા અન્ય કોઈ વ્યક્તિ જો શરઈ વારિષ ન હોય તો તેમના માટે ૧/૩ (એક તૃત્યાંશ) માલ સુધી વસિય્યત કરવી જાઈઝ છે.

મસ્અલો :

આ આયતમાં એક ખાસ વસિય્યતનો ઉલ્લેખ હતો, એમાં મરનાર પોતાનો જે માલ છોડી જાય છે તે વિશે વસિય્યત કરતો હતો, તે હવે મન્સૂખ થઈ ગયો; પરંતુ જે વ્યક્તિના માથે બીજા લોકોના હકો બાકી છે અથવા તેની પાસે કોઈની અમાનત વગેરે રાખેલી હોય, તો તે બધી વસ્તુઓ અદા કરવા માટે વસિય્યત કરવી વાજિબ છે. રસૂલે કરીમ ﷺએ એક હદીષમાં ફરમાવ્યું કે, ''જે વ્યક્તિના માથે અમુક લોકોના હકો બાકી હોય તેના ઉપર ત્રણ રાતો એવી પસાર ન થવી જોઈએ કે તેની પાસે તેના વિશેની લખેલી વસિય્યત મૌજૂદ ન હોય.''

મસ્અલો :

વ્યક્તિને જે ૧/૩ (એક તૃત્યાંશ) માલની વસિય્યત કરવાનો અધિકાર

આપવામાં આવ્યો છે, તેમાં તેને પોતાની જિંદગીમાં એ અધિકાર પણ રહે છે કે, તે આ વસિય્યતમાં ફેરફાર કરે અથવા તો તેને બિલકુલ રદ કરી નાંખે. *(જસ્સાસ)*

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૩-૧૮૪)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ
لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۸۳﴾ اَيَّامًا مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ
فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ؕ
فَمَنْ تَطَوَّعَ خَيْرًا فَهُوَ خَيْرٌ لَّهٗ ؕ وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۱۸۴﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝા (સિયામ) ફરજ કરવામાં આવ્યા, જેવી રીતે કે આગલી ઉમ્મતો ઉપર ફરજ કરવામાં આવ્યા હતા; જેથી તમે પરહેઝગાર (અલ્લાહથી ડરનારા) બની જાઓ. (૧૮૩) ગણતરીના અમુક દિવસો છે ! પછી તમારામાંથી જે કોઈ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તો તેમના ઉપર તેની ગણતરી અન્ય દિવસોમાં (પૂરી કરવી જરૂરી) છે, અને જે લોકો (રોઝાની) શક્તિ ધરાવે છે બદલામાં તેના માથે એક નાદાર (મોહતાજ) વ્યક્તિને ખવાડવાનું છે; પછી જેઓ ખુશીથી કોઈ નેકી કરે તો તે તેના માટે ઉત્તમ છે, અને જો તમે રોઝા રાખો તો તે તમારા માટે ઉત્તમ છે, જો તમે સમજતા હોય ! (૧૮૪)

તફસીર (રોઝા ફરજ થવાનો હુકમ) :

હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝા ફરજ કરવામાં આવ્યા, જેવી રીતે તમારાથી અગાઉના (ઉમ્મતના) લોકો ઉપર ફરજ કરવામાં આવ્યા હતા. આશા છે કે તમે (રોઝાના કારણે ધીરે-ધીરે) મુત્તકી બની જાઓ (કારણ કે રોઝા રાખવાની ટેવ પડી જવાથી નફ્સની મનેચ્છાઓને તેના અસંખ્ય તકાદાઓથી રોકવાની ટેવ પાકી થઈ જશે અને તેના દ્વારા તકવા પૈદા થશે. કારણ કે, તકવાનો

પાયો ભૂખ, તરસ, સબ્ર તથા મનેચ્છાઓને રોકવા ઉપર જ છે.) થોડાક ગણતરીના દિવસો રોઝા રાખ્યા કરો (અહીંયાં થોડા ગણતરીના દિવસોનો અર્થ રમઝાનનો મહિનો છે જેમકે, આના પછીની આયતમાં એનો ઉલ્લેખ થયો છે.) પછી (તેમાં ઘણી સરળતા છે કે) જે વ્યક્તિ તમારામાં (એવો) બીમાર હોય (જેના માટે રોઝા રાખવા મુશ્કેલ અથવા નુકસાનકર્તા હોય) અથવા (શરઈ) મુસાફરીમાં હોય તો (તેને રમઝાનમાં રોઝા ન રાખવાની છૂટ છે અને રમઝાન સિવાય) બીજા દિવસોમાં (એટલા જ) ગણતરી પૂરી કરે (એટલે કે તે ગણતરી પ્રમાણે રોઝાઓ રાખવા તેના ઉપર વાજિબ છે) અને (બીજી સહૂલત જે પાછળથી મન્સૂખ થઈ ગઈ તે એ છે કે) જે લોકો રોઝાની શક્તિ ધરાવતા હોય (અને તો પણ રોઝા રાખવાનું દિલ ન ચાહે તો) તેમના માથે (ફક્ત રોઝાનો) ફિદિયો (એટલે કે બદલો) એ છે કે, તે એક ગરીબને ખાવું ખવડાવે અથવા ખાવું આપી દે અને જે વ્યક્તિ ખુશીથી (વધારે) ખૈરાત કરે (અને વધારે ફિદિયો આપે) તો એ બાબત તે વ્યક્તિ માટે ઘણી સારી છે અને (જો કે અમે સહૂલત ખાતર અનિવાર્ય પરિસ્થિતિઓમાં રોઝા ન રાખવાની છુટછાટ આપી છે પરંતુ) તમારા માટે રોઝો રાખવો (આવી હાલતમાં પણ) વધારે સારું છે. જો તમને (રોઝાની ફઝીલતની) ખબર હોય.

મસ્અલા અને બોધપાઠ :

صَوْم "સૌમ"નો શાબ્દિક અર્થ اِمْسَاک "રોકાવું" અથવા "બચવું" થાય છે અને શરીઅતની વ્યાખ્યામાં ખાવું-પીવું તથા સ્ત્રી (પત્ની)નો ઉપભોગ કરવાથી રોકાવું અને બચેલા રહેવાનું નામ صَوْم સૌમ છે. શરત એટલી જ છે કે, સુબ્હે સાદિકથી લઈ સૂર્યના આથમવા સુધી સતત રોકાયેલો રહે અને નિય્યત પણ રોઝાની કરે, એટલા માટે જો સૂર્ય આથમવાથી એક મિનિટ પહેલાં પણ કશું ખાઈ-પી લેશે તો રોઝો નહિ થાય, એવી જ રીતે જો બધી વસ્તુઓથી આખો દિવસ તો બચેલો અને રોકાયેલો રહ્યો પરંતુ નિય્યત રોઝાની ન હતી, તો પણ રોઝો નહિ થાય.

"સૌમ" صَوْم એટલે કે રોઝો તે ઈબાદતોમાંથી છે, જેને ઈસ્લામનો પાયો અને નિશાની ઠરાવવામાં આવ્યો છે. તેની ફઝીલતો અને બરકતો બેશુમાર છે, જેનું વિગતવાર વર્ણન કરવાનો અત્રે મોકો નથી.

અગાઉની ઉમ્મતો માટે રોઝાનો હુકમ :

રોઝા ફરજ થવાના હુકમમાં મુસલમાનોને એક ખાસ દાખલો આપવામાં આવ્યો છે. હુકમની સાથે સાથે એનો પણ ઉલ્લેખ કર્યો કે, રોઝા ફક્ત તમારા ઉપર વિશેષ સ્વરૂપે ફરજ કરવામાં નથી આવ્યા બલકે, તમારાથી અગાઉની ઉમ્મતો ઉપર પણ રોઝા ફરજ કરવામાં આવ્યા હતા. એનાથી રોઝાનું ખાસ મહત્ત્વ પણ સ્પષ્ટ થઈ ગયું. રોઝો તકલીફ અને કઠણાઈની બાબત છે. માટે મુસલમાનોને દિલ ઉપર ભાર ન પડે એટલા માટે એવું કહેવામાં આવ્યું કે, તમારાથી અગાઉની ઉમ્મતો પણ રોઝાની તકલીફ ઉઠાવતી હતી અને સ્વાભાવિક છે કે, જ્યારે ઘણા બધા લોકો એકસરખી તકલીફ ઉઠાવતા હોય, તો તે તકલીફ હલકી લાગવા માંડે છે. *(રૂહુલ મઆની)*

કુર્આન શરીફના શબ્દો اَلَّذِيْنَ مِنْ قَبْلِكُمْ (જેઓ તમારા અગાઉ હતા) સર્વસામાન્ય છે. હઝરત આદમ (અલૈ.)થી લઈ ખાતમુન્નબિય્યિન ﷺ સુધી બધી જ શરીઅતો અને ઉમ્મતો રોઝા ફરજ હોવામાં શામિલ છે. સ્પષ્ટ થઈ ગયું કે, જેવી રીતે નમાઝની ઈબાદતથી કોઈ શરીઅત અને કોઈ ઉમ્મત બાકી ન હતી, એવી જ રીતે રોઝા પણ બધી જ શરીઅતોમાં ફરજ રહ્યા છે.

જે ઉલમાએ કિરામ ફરમાવે છે કે, مِنْ قَبْلِكُمْ (તમારા અગાઉ) એનાથી અહીંયાં ખ્રિસ્તીઓ હોવાનું સમજાય છે. તેઓનો અત્રે એક દાખલા સ્વરૂપે ઉલ્લેખ થયો છે અને એનાથી અન્ય ઉમ્મતોનો નકાર થતો નથી. *(રૂહુલ મઆની)*

આયતમાં ફક્ત એટલું જ બતાવવામાં આવ્યું છે કે, જેવી રીતે રોઝા મુસલમાનો ઉપર ફરજ કરવામાં આવ્યા છે, એવી જ રીતે આગલી ઉમ્મતો ઉપર પણ ફરજ કરવામાં આવ્યા હતા, જેનાથી એ જરૂરી નથી કે, આગલી ઉમ્મતોના રોઝાનું સ્વરૂપ અને તેના લક્ષણો મુસલમાનોના રોઝા જેવા જ હોવા જોઈએ. દાખલા તરીકે રોઝાઓની સંખ્યા, રોઝાના સમયની મર્યાદાઓ અને તે કયા કયા દિવસોમાં રાખવામાં આવે ? વગેરેમાં વિરોધાભાસ હોઈ શકે છે. એટલા માટે થયું પણ એમ જ કે, રોઝાની સંખ્યા પણ ઓછી-વત્તી થતી રહી છે અને રોઝાના સમયમાં પણ દરેક શરીઅતોમાં તફાવત થતો રહ્યો છે. *(રૂહુલ મઆની)*

لَعَلَّكُمْ تَتَّقُوْنَ (જેથી તમે અલ્લાહથી ડરો)માં ઈશારો છે કે, તકવાની શક્તિ પ્રાપ્ત કરવામાં રોઝાનો મોટો ફાળો છે. કારણ કે, રોઝા દ્વારા પોતાની

ઈચ્છાઓ કાબૂમાં રાખવા માટેનું મજબૂત મનોબળ પૈદા થાય છે અને તે જ મનોબળ તકવા (નીતિમત્તા અને અલ્લાહના ડર)નો પાયો છે.

બીમારનો રોઝો :

فَمَنْ كَانَ مِنْكُمْ مَرِيْضًا (બસ, તમારામાંથી જે કોઈ બીમાર હોય) બીમારનો અર્થ એ છે કે, જો કોઈ વ્યક્તિ રોઝો રાખવા માટે અશક્ત હોય અથવા તો તેને રોઝો રાખવાથી અસહ્ય તકલીફ પહોંચે અથવા તો બીમારી વધી જવાનો ચોક્કસ ભય હોય ! તો આગળની આયતમાં وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ (અને કઠણાઈ નથી ઈચ્છતો) *(સૂરહ : ૨, આયત : ૧૮૫)* તે તરફ ઈશારો મૌજૂદ છે. જમહૂર ઉમ્મતના ફુક્હાનો આ જ અભિપ્રાય છે.

મુસાફિર (પ્રવાસી)નો રોઝો :

اَوْعَلٰى سَفَرٍ (અને મુસાફરીમાં) અહીંયાં શબ્દ મુસાફિરના બદલે عَلٰى سَفَرٍ (મુસાફરીમાં)નો શબ્દ અપનાવીને કેટલાય મહત્ત્વના મસ્અલાઓ તરફ ઈશારો કરવામાં આવ્યો.

પ્રથમ એ કે, સફર એટલે શાબ્દિક પરિભાષામાં એવી મુસાફરી કે, "જે પોતાના ઘર અને વતનથી બહાર નીકળી જવાનું નામ છે," પરંતુ માત્ર એવી મુસાફરી કે જેમાં ઘર અને વતનથી બહાર નીકળી જવામાં આવે તેવી પરિસ્થિતિ રોઝામાં શરઈ છુટછાટ માટેનું પૂરતું કારણ નથી. બલકે, મુસાફરી લાંબી હોવી જોઈએ, કારણ કે, અહીંયાં શબ્દ عَلٰى سَفَرٍ નો અર્થ એ જ છે કે, તે મુસાફરીમાં (વાહન કે પ્રાણી ઉપર) સવાર હોય, જેનાથી એવું સમજવામાં આવે છે કે, ઘરેથી દશ-પાંચ માઈલ દૂર ચાલ્યા જવું મુસાફરી નથી કહેવાતી, પરંતુ કુર્આનના આ શબ્દમાં મુસાફરી કેટલી લાંબી હોવી જોઈએ તે મર્યાદાનો કોઈ ઉલ્લેખ નથી, તેથી રસૂલુલ્લાહ ﷺની હદીસો અને સહાબા (રદિ.)ના અમલો દ્વાર ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ અને ઘણા ફુક્હાએ એનું પ્રમાણ (અંતર) ત્રણ મંઝિલો બતાવ્યું છે, એટલે કે મુસાફરીનું એટલું અંતર કે, જે પગે ચાલીને સફર કરનારો સરળતાથી ત્રણ દિવસમાં કાપી શકે. આ માપને શરઈ રૂએ મુસાફરી ગણવામાં આવે છે અને પાછળથી આવનાર ફુક્હાએ તેને માઈલના પ્રમાણમાં ૪૮ માઈલનું અંતર બતાવ્યું છે, જે કિલો મીટરના હિસાબે ૭૭ કિ.મી. થાય છે.

બીજો મસ્અલો આ શબ્દ عَلٰى سَفَرٍ થી એ નીકળે છે કે, વતનથી નીકળી

જનારો પ્રવાસી ત્યાં સુધી મુસાફિર કહેવડાવવાનો હકદાર છે, જ્યાં સુધી કે તે મુસાફરી ચાલુ હોય અને તે દેખીતું છે કે, કોઈ જગ્યાએ થોડા દિવસ થોભી જવાથી અથવા તો થોડો આરામ કરી લેવાથી મુસાફરી ખતમ થઈ ગઈ એમ નહિ કહેવાય, જ્યાં સુધી કે કોઈ લંબાણપૂર્વકનું રોકાણ કોઈ એક સ્થળે કરવામાં ન આવે અને આ મર્યાદાભર્યાં રોકાણ (થોભવા)નો સમય નબીએ કરીમ ﷺના નિવેદનોથી પંદર દિવસ હોવાનું સાબિત થયું છે. સફર દરમિયાન આ મુદ્દત એટલે કે પંદર દિવસ કોઈ સ્થળે થોભવાની જો કોઈ વ્યક્તિ નિય્યત અને ઈરાદો કરી લે તો તે عَلٰى سَفَرٍ નહિ કહેવાય. એટલા માટે તે શરઈ અમલોની અદાયગીમાં શરઈ મુસાફરને મળતી છૂટછાટોનો હકદાર ઠરશે નહિ.

મસ્અલો :

અહીંયાં એ પણ મસ્અલો નીકળે છે કે, જે વ્યક્તિ કોઈ એક જ જગ્યાએ પંદર દિવસ થોભવાની નિય્યત નથી કરતો બલકે, જુદા-જુદા શહેરો અને વસ્તીઓમાં થોભવાની નિય્યત કરે છે, તો તે કાયદેસરના શરઈ મુસાફરના હુકમમાં આવે છે અને તે શરઈ મુસાફરને શરઈ અમલોની અદાયગીમાં મળતી મુસાફરની છૂટછાટોનો હકદાર ઠરશે. કારણ કે, તે عَلٰى سَفَرٍ (અલા સફરિન)ની હાલતમાં છે.

રોઝાની કઝા :

فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ (ગણતરી અન્ય દિવસોમાં પૂરી કરે) એટલે કે બીમાર અથવા મુસાફરને પોતાના છૂટી ગયેલા રોઝાઓની ગણતરીના પ્રમાણમાં રમઝાન સિવાય અન્ય દિવસોએ રોઝા રાખી લેવા વાજિબ છે. તેમાં એ બતાવવાનો હેતુ છે કે, બીમારી અથવા સફરની મજબૂરીથી જે રોઝાઓ છૂટી ગયા છે તેની કઝા કરવી આ લોકો ઉપર વાજિબ છે. જેના માટે فَعَلَيْهِ الْقَضَاءُનું ટૂંકુ વાક્ય પૂરતું હતું, તે છતાં فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ નો ઉલ્લેખ કરી ઈશારો કરી આપ્યો કે, બીમાર તેમજ મુસાફર ઉપર છૂટી ગયેલા રોઝાઓની કઝા ફક્ત એવી પરિસ્થિતિમાં વાજિબ થશે કે, જ્યારે બીમાર તંદુરસ્ત થયા પછી અને મુસાફર પ્રવાસી ન રહીને સ્થાયી થયા પછી એટલો સમય મેળવે જેટલા કે તેના રોઝા છૂટી ગયા હતા, જેથી તે તેની કઝા કરી શકે, અને જો કોઈ વ્યક્તિ એટલા દિવસો પહેલાં જ મૃત્યુ પામ્યો તો

તેના ઉપર તે છૂટી ગયેલા રોઝાઓની કઝા અથવા ફિદિયાની વસિય્યત કરવી જરૂરી નથી.

મસ્અલો :

عِــدَّةٌ مِّــنْ اَيَّــامٍ اُخَــرَ માં કોઈ શરત લગાવવામાં આવી નથી કે, રોઝાઓ ક્રમાનુસાર રાખવામાં આવે અથવા તો સતત રાખવામાં આવે અથવા જ્યારે મૌકો મળે ત્યારે રાખવામાં આવે. બલકે, સર્વસામાન્ય અધિકાર આપવામાં આવ્યો છે કે, જો કોઈ વ્યક્તિના રમઝાનના શરૂઆતના દશ રોઝા કઝા થઈ ગયા હોય તો જો તે પ્રથમ દશમાં ક્રમના રોઝાની કઝા કરે અને શરૂઆતના રોઝાની કઝા પાછળથી કરે, તો એમાં કંઈ વાંધો નથી. એવી જ રીતે છૂટા છૂટા કરીને રોઝા રાખે, તો તે પણ જાઇઝ છે, કારણ કે, عِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ માં એની શક્યતા રહેલી છે.

રોઝાનો ફિદિયો :

وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهُ (અને જે લોકો રોઝા રાખવા માટે શક્તિશાળી છે) આ આયતનો એ જ અર્થ છે જેનો ખુલાસો તફસીરમાં બતાવવામાં આવ્યો છે કે, જે લોકો બીમાર અથવા મુસાફરની જેમ રોઝો રાખવાથી મજબૂર નથી બલકે, રોઝો રાખવાની શક્તિ ધરાવે છે, પરંતુ કોઈ કારણસર તેમનું દિલ નથી ઈચ્છતું કે, તેઓ રોઝા રાખે, તો તેમના માટે પણ એ શક્યતા રહેલી છે કે, તેઓ રોઝાના બદલે રોઝાનો ફિદિયો સદકહ સ્વરૂપે અદા કરે, પરંતુ તેની સાથે સાથે આવું કહીને وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ (તમારા રોઝા રાખવા તમારા માટે ઉત્તમ છે) જાણ કરવામાં આવી કે, યોગ્ય અને ઉત્તમ તો એ જ છે કે, તમે રોઝા રાખો (આ હુકમ પાછળથી મનસૂખ થઈ ગયો પરંતુ અમુક ચોક્કસ પરિસ્થિતિઓમાં અને ચોક્કસ પ્રકારના શરઈ ઉઝરના સમયે હજુપણ માન્ય છે, જેની વિગત નીચે પ્રમાણે છે).

આ હુકમ ઈસ્લામની શરૂઆતનો હતો, તે સમયે આ હુકમનો હેતુ લોકોને રોઝા રાખવાની ટેવ પાડવાનો હતો. ત્યાર પછી આવનારી આયતમાં فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ (જેઓ તમારામાંથી મહિનો પામે તે એમાં રોઝા રાખે) આ હુકમને સામાન્ય લોકો માટે મનસૂખ (રદ) કરી દેવામાં આવ્યો. ફક્ત એવા લોકો માટે આ હુકમ હજુપણ સમગ્ર ઉમ્મતના ઈજ્માઅથી બાકી રહી ગયો છે કે, જેઓ ઘણા ઘરડા અને અશક્ત હોય કે જેઓ શારીરિક રીતે રોઝો રાખવા માટે

સક્ષમ નથી, (જસ્સાસ) અથવા એવા બીમાર હોય કે, હવે તેમને તંદુરસ્તીની આશા રહી ન હોય, તો જમહૂર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો મત આ આયત પ્રમાણે અમલ કરવાનો જ છે. *(જસ્સાસ-મઝહરી)*

સહીહ બુખારી, મુસ્લિમ, અબૂ દાવુદ, નસાઈ, તિરમિઝી, તબરાની વિગેરે તમામ હદીષના ઈમામોએ હઝરત સલમા બિન અક્વઅ્ (રદિ.)થી નકલ કર્યું છે કે, જ્યારે આ આયત وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ (અને જે લોકો શક્તિશાળી છે) નાઝિલ થઈ તો આપણને અધિકાર આપવામાં આવ્યો હતો કે, જેનું દિલ ઇચ્છે તેઓ રોઝા રાખે અને જેનું દિલ ન ઈચ્છે તે રોઝાના બદલામાં ફિદિયો આપ્યા કરે. પછી જ્યારે બીજી આયત فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ (જેઓ તમારામાંથી મહિનો પામે તે તેમાં રોઝા રાખે) નાઝિલ થઈ ત્યારે આ અધિકાર નષ્ટ કરવામાં આવ્યો અને શારીરિક શક્તિ ધરાવતા દરેક આકિલ-બાલિગ (પુખ્ત વયના સૂઝબૂઝ ધરાવનાર) પુરુષ-સ્ત્રી દરેક ઉપર રોઝા રાખવા જ ફરજ કરવામાં આવ્યા.

મુસ્નદે અહમદમાં હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત થયેલ એક લાંબી હદીષમાં છે કે, નમાઝના હુકમના સંદર્ભમાં પણ ઈસ્લામમાં શરૂઆતમાં ત્રણ ફેરફાર થયા અને રોઝાના હુકમ સંદર્ભે પણ ત્રણ ફેરફાર થયા.

રોઝાના હુકમ સંદર્ભે ત્રણ ફેરફારો નીચે મુજબ છે :

(૧) રસૂલુલ્લાહ ﷺ જ્યારે મદીના તશરીફ લાવ્યા તો દરેક મહિનાના ત્રણ રોઝા અને એક રોઝો આશૂરહ (૧૦મી મુહર્રમ)નો રાખતા હતા.

(૨) રમઝાનના રોઝા ફરજ થવાનો હુકમ નાઝિલ થયો فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ તો હુકમ એ હતો કે, દરેક વ્યક્તિને અધિકાર છે કે, તે રોઝા રાખે અથવા તો તે રોઝા રાખવા અસમર્થ હોય તો ફિદિયો આપી દે, પરંતુ આ હુકમમાં પણ તેના માટે રોઝો રાખવો જ શ્રેષ્ઠ અને ઉત્તમ બાબત છે, એવું જાહેર કરવામાં આવ્યું. જ્યારે આયત كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ (તમારા ઉપર રોઝા ફરજ કરવામાં આવ્યા) નાઝિલ થઈ તો આ આયતમાં તંદુરસ્ત અને શક્તિશાળી લોકો માટે ફિદિયાનો અધિકાર રદ કરવામાં આવ્યો અને તેમના ઉપર રોઝો રાખવો જરૂરી ઠરાવવામાં આવ્યું, પરંતુ ઘણા જ ઘરડા અશક્ત વૃદ્ધો માટે આ હુકમ બાકી રાખવામાં આવ્યો કે, તેઓ ઈચ્છે તો ફિદિયો આપી દે.

(૩) આ બે ફેરફારો પછી ત્રીજો ફેરફાર એ થયો કે, શરૂમાં ઈફતાર પછી ખાવા–પીવા અને પોતાની ઈચ્છાઓ (પોતાની પત્નીથી સંભોગ કરવું) પૂર્ણ કરવાની રજા ફક્ત એવા સમય સુધી હતી, જ્યાં સુધી વ્યક્તિ સૂઈ ન જાય ! જ્યારે તે સૂઈ જાય તો તેનો રોઝો શરૂ થઈ ગયો, ખાવા–પીવા વગેરેની મનાઈ થઈ ગઈ, પછી અલ્લાહ તઆલાએ આયત أُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ إِلَىٰ نِسَاءِكُمْ (રોઝાની રાત્રે તમારા માટે તમારી સ્ત્રીઓ–પત્નીઓ સાથે સહવાસ હલાલ કરવામાં આવ્યો છે) ઉતારીને સહૂલત કરી કે, સુબ્હે સાદિક સુધી ખાવું–પીવું બધું જ જાઈઝ છે બલકે, સૂઈને ઊઠીને સહેરી ખાવી સુન્નત ઠરાવવામાં આવી. સહીહ બુખારી, મુસ્લિમ, અબૂ દાવુદમાં પણ આ વિષયની હદીષોનો ઉલ્લેખ થયો છે. *(ઈબ્ને કષીર)*

ફિદિયાનું પ્રમાણ અને સંબંધિત મસ્અલાઓ :

એક રોઝાનો ફિદિયો "એક સા'અ" ઘઉં અથવા એ ઘઉં જેટલી કિંમત છે. સા'અ આજની દશાંશ પદ્ધતિ પ્રમાણે એક કિલો છસો બાર ગ્રામ (૧ કિ. ૬૧૨ ગ્રામ) જેટલું વજન થાય છે, માટે જે તે સમયે બજાર કિંમત પ્રમાણે ભાવ જાણી લઈને કોઈ ગરીબ મોહતાજને તેનો માલિક બનાવી દેવો એક રોઝાનો ફિદિયો છે. શરત એટલી જ છે કે કોઈ પણ સેવા કરનારની સેવાના વળતર સ્વરૂપે (પગારપેટે) આ ફિદિયો આપવામાં ન આવે.

મસ્અલો :

એક રોઝાનો ફિદિયો બે વ્યક્તિઓમાં વહેંચવો અથવા અમુક રોઝાઓનો ફિદિયો કોઈ એક વ્યક્તિને એક જ તારીખમાં એક જ દિવસે આપી દેવો બરાબર નથી. જેમકે, શામીએ બહેરાજ કિનિયાથી નકલ કર્યું છે અને બયાનુલ કુર્આનમાં પણ એ જ નકલ કરવામાં આવ્યું છે, પરંતુ હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)એ "ઈમ્દાદુલ ફતાવા"માં એ વિશે નકલ કર્યું છે કે, "આ બંને પદ્ધતિઓ જાઈઝ છે." શામીએ પણ એ વિશે ફતવો નકલ કર્યો છે. અલબત્ત ઈમ્દાદુલ ફતાવામાં છે કે, "કાળજી સ્વરૂપે ઘણા બધા રોઝાનો ફિદિયો એક જ દિવસે કોઈ એક વ્યક્તિને ન આપે, પરંતુ આ રીતે આપી દેવામાં પણ (જાઈઝ હોવાની) સંભાવના (ગુંજાઈશ) રહેલી છે." આ ફતવો હિજરી સન ૧૩૫૩ ઈમ્દાદુલ ફતાવા, જિલ્દ : ૨, પેજ : ૧૩૪ ઉપર વર્ણન થયેલ છે.

મસ્અલો :

જો કોઈ વ્યક્તિ ફિદિયો આપવાની શક્તિ ન ધરાવતો હોય તો તે ફક્ત ઈસ્તિગફાર (ક્ષમા–યાચના) કરે અને દિલમાં નિય્યત રાખે કે, જ્યારે પણ થઈ શકશે હું ફિદિયો આપી દઈશ. *(બયાનુલ કુર્આન)*

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૫)

شَهْرُ رَمَضَانَ الَّذِىٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَ بَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ ۚ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ۗ وَمَنْ كَانَ مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ۗ يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ ۖ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ وَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٨٥﴾

તરજુમો :

રમઝાન તે મહિનો છે, જેમાં કુર્આન નાઝિલ કરવામાં આવ્યું, (આ) કુર્આન લોકો માટે હિદાયત છે, અને હિદાયત (માર્ગદર્શન)ની રોશન દલીલો છે, અને ફુરકાન (સત્યને અસત્યથી અલગ કરનાર) છે; બસ, તમારામાંથી જે કોઈ આ મહિનો પામે તે જરૂર રોઝા રાખે, અને જો કોઈ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તેઓ પછીના દિવસોમાં ગણતરી પૂરી કરે; અલ્લાહ તઆલા તમારા માટે સહૂલત ઈચ્છે છે, અને કઠણાઈ નથી ઈચ્છતો; અને એ કારણે કે તમે ગણતરી પૂરી કરો, અને જેથી તમો અલ્લાહની બડાઈ (શ્રેષ્ઠતા–મહાનતા)નું વર્ણન કરો કે તેણે તમને હિદાયત આપી, અને જેથી તમે શુક્ર અદા કરો (ઉપકાર માનો). (૧૮૫)

તફસીરનો ખુલાસો અને આયતોની ગોઠવણી :

રોઝાના દિવસોની પસંદગી (નક્કી કરવું) :

ઉપર વર્ણન થયું હતું કે, થોડા દિવસો રોઝા રાખ્યા કરો અને આગળ ઉપર આ થોડા દિવસો કયા છે તેનું વર્ણન છે.

(જે થોડા દિવસોમાં રોઝા રાખવાનો હુકમ થયો છે તે) રમઝાન માસ છે, જેમાં (એવી બરકત છે કે, તેના એક ખાસ ભાગમાં શબે કદ્ર પણ આવે છે) કુર્આન મજીદ (શબેકદ્રમાં લવહે મહફૂઝથી દુનિયાના આસમાન ઉપર) ઉતારવામાં આવ્યું છે, (જેની એક ખાસિયત એ છે કે તે) લોકો માટે હિદાયત(નું માધ્યમ) છે અને (બીજી ખાસિયત એ છે કે હિદાયતની પદ્ધતિઓ અને તરીકાઓ બતાવવામાં તેના બધા વિભાગો) ખુલ્લી દલીલો છે (અને એ બંને ખાસિયતોમાં) આ (આસમાની) કિતાબ (જે બંને ખાસિયતો છે તેના દ્વારા) હિદાયત (પણ) છે અને (ખુલ્લી દલીલોના કારણે સત્ય અને અસત્ય વચ્ચે ભેદ કરીને) ફેંસલો કરનાર (પણ) છે. બસ, જે વ્યક્તિ આ મહિનામાં હયાત હોય તેના માટે તેમાં રોઝા રાખવા જરૂરી છે (અને જે ફિદિયાની પરવાનગી ઉપરોક્ત આયતના હુકમ પ્રમાણે આપવામાં આવી હતી તે મનસૂખ અને મુલતવી કરવામાં આવે છે) અને (બીમાર તથા મુસાફરી માટેના જે નિયમો હતા તેમાં છૂટછાટ હજુ પણ બાકી છે કે,) જે વ્યક્તિ (એવો) બીમાર હોય (જેમાં રોઝા રાખવા મુશ્કેલ અથવા નુકસાનકર્તા હોય) અથવા (શરઈ) સફરમાં હોય તો (તેને રમઝાનમાં રોઝા ન રાખવાની પરવાનગી છે, પરંતુ રમઝાનના દિવસો સિવાય) બીજા દિવસોમાં (એટલા જ) ગણતરીના (રોઝા) રાખવા (તેના ઉપર વાજિબ છે); અલ્લાહ તઆલા તમારી સાથે (હુકમમાં) સહૂલત કરવા ઈચ્છે છે (જેથી આ નક્કી થયેલા હુકમોને તમે સરળતાથી અદા કરી શકો અને તેથી જ મુસાફરી અને બીમારીમાં સરળ નિયમો નક્કી કરી દીધા છે.) અને તમારી સાથે (હુકમો અને કાયદાઓ નક્કી કરવામાં અલ્લાહ) મુશ્કેલી ઈચ્છતો નથી (કે તમારા માટે સખત હુકમો નક્કી કરી આપે) અને (આ ઉપરોક્ત હુકમો એક ખાસ મસ્લિહતોથી નક્કી કરેલ છે, જેમકે રમઝાનના દિવસોમાં રોઝા રાખવામાં જો કોઈ શરઈ ઉઝર હોય તો અન્ય દિવસોમાં કઝા કરવાનો હુકમ એટલા માટે કર્યો કે) જેથી તમે લોકો (અદા તેમજ કઝા થયેલા રોઝાના દિવસોની) ગણતરી પૂરી કરી લો (જેથી સવાબમાં કોઈ ઉણપ ન રહે) અને (તેણે કઝા રોઝા રાખવાનો આદેશ એટલા માટે આપ્યો) જેથી તમે લોકો અલ્લાહ તઆલાની બડાઈ (અને વખાણ) વર્ણન કર્યા કરો એટલા માટે કે (તમને એક એવી) રીત બતાવી (જેમાં રોઝાની બરકતો અને ફઝીલતોથી તમે વંચિત ન રહો, કારણ કે, જો રોઝાની કઝા વાજિબ ન હોત તો કોણ એટલા

છુટેલા રોઝા રાખીને-કઝા કરીને રોઝાના સવાબ પ્રાપ્ત કરી શકત ?) અને (ખાસ ઉઝરનું શરઈ કારણ હોય ત્યારે રમઝાનના રોઝા ન રાખવાની છૂટછાટ એટલા માટે આપવામાં આવી છે) જેથી તમે લોકો (અલ્લાહે સહૂલતપૂર્વક આપેલી આ નેઅ્મતનો) શુક્ર અદા કર્યા કરો. (નહિતર જો આવી છૂટછાટ ન હોત તો ઘણી તકલીફ અને કઠણાઈ થઈ હોત.)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં પાછળની મોઘમ સ્વરૂપની આયતની છણાવટ-ખુલાસો છે અને રમઝાનની ઉચ્ચ ફઝીલતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાછળની આયતમાં اَيَّامًا مَّعْدُوْدَاتٍ (ગણતરીના અમુક દિવસો)નો મોઘમ શબ્દ આવ્યો છે, જેનો ખુલાસો એ આયત દ્વારા કરવામાં આવ્યો કે, આખા રમઝાન માસના દિવસો (રોઝા રાખવાના) છે અને ફઝીલત એ વર્ણન કરવામાં આવી કે, અલ્લાહ તઆલાએ આ મહિનાને પોતાની વહી અને આસમાની કિતાબો નાઝિલ કરવા માંટે પસંદ કરી રાખ્યો છે. એટલા માટે કુર્આન શરીફ પણ આ જ મહિનામાં નાઝિલ થયું છે. મુસ્નદે અહમદમાં હઝરત વાસિલા બિન અસ્ફઅ્ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના સહીફાઓ રમઝાનની પહેલી તારીખે નાઝિલ થયા હતા અને તવરાત છટ્ઠી રમઝાનમાં, તે જ રીતે ઈન્જીલ ૧૩ મી રમઝાનમાં અને કુર્આન શરીફ ૨૪ મી રમઝાનમાં નાઝિલ થયું" અને હઝરત જાબિર (રદિ.)ની રિવાયત પણ એ છે કે, "ઝબૂર ૧૨ મી રમઝાનમાં અને ઈન્જીલ ૧૮ મી રમઝાનમાં નાઝિલ થઈ."

(ઈબ્ને કષીર)

ઉપરોક્ત હદીષમાં અગાઉની કિતાબો નાઝિલ થવાની જે તારીખોનો ઉલ્લેખ થયો છે તે તારીખોમાં તે કિતાબો નબીઓ ઉપર પૂરે-પૂરી નાઝિલ કરવામાં આવી. કુર્આન શરીફની વિશેષતા એ છે કે, તે રમઝાનની એક રાતમાં પૂરેપૂરું લવહે મહેફૂઝથી દુનિયાના આસમાન ઉપર નાઝિલ કરવામાં આવ્યું, પરંતુ નબીએ કરીમ ﷺ ઉપર ત્યાર પછી ધીરે ધીરે ૨૩ વર્ષોમાં ઉતારવામાં આવ્યું.

રમઝાનની તે રાત જેમાં કુર્આન શરીફ નાઝિલ થયું, કુર્આન શરીફના જ ખુલાસા પ્રમાણે તે "શબે કદ્ર" હતી. اِنَّا اَنْزَلْنٰهُ فِىْ لَيْلَةِ الْقَدْرِ (બેશક ! અમે તેને

લયતુલ કદ્રની રાત્રે ઉતાર્યું) પ્રસ્તુત હદીષમાં ર૪મી રમઝાનની રાત બતાવવામાં આવી છે અને હઝરત હસન (રહ.)ના મતે રમઝાનની ર૪મી રાત કદ્રની રાત હોય છે. આમ, આ હદીષ કુર્આનની આયત પ્રમાણે બંધ બેસતી થઈ જાય છે અને જો આ બાબતને સ્વીકારવામાં ન પણ આવે, તો પણ કુર્આન શરીફનો ખુલાસો બધા અભિપ્રાયો કરતાં ઉપરવટ છે. એટલે કે જે રાત કદ્રની હતી, રમઝાનની તે જ રાતે કુર્આન લવહે મહફૂઝથી દુનિયાના આસમાન ઉપર નાઝિલ થયું.

مَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ આ એક વાક્યમાં રોઝા સંબંધિત ઘણા બધા હુકમો અને મસ્અલાઓ તરફ ઈશારા કરવામાં આવ્યા છે. શબ્દ شَهِدَ (શહિદ) એ شُهُوْدٌ (શુહૂદ)થી બન્યો છે, જેનો અર્થ "હાજર થવું" અથવા "મૌજૂદ" હોવાનો થાય છે અને اَلشَّهْرُ (અશ્શહ્રુ) અરબી શબ્દકોષમાં મહિનાના અર્થમાં આવે છે. તેનો ભાવાર્થ છે, "રમઝાનનો મહિનો" જેનો ઉલ્લેખ ઉપર આવી ચૂક્યો છે, એટલા માટે આ વાક્યનો અર્થ એ થયો કે, "તમારામાંથી જે કોઈપણ વ્યક્તિ રમઝાન મહિનામાં હાજર કે મૌજૂદ (હયાત) હોય તેના માટે જરૂરી છે કે, સમગ્ર રમઝાન મહિનાના રોઝા રાખે. રોઝાના બદલામાં ફિદિયો આપવાનો જે અધિકાર આ અગાઉની આયતમાં આપવામાં આવ્યો હતો, તે આ આયતના આ વાક્યથી રદ કરવામાં આવ્યો અને શક્તિશાળી આકિલ–બાલિગ (પુખ્ત વયના સૂઝબૂઝ ધરાવનાર) પુરુષ–સ્ત્રી માટે રોઝો રાખવો ફરજ કરવામાં આવ્યો."

રમઝાન મહિનામાં હાજર અથવા મૌજૂદ હોવાનો અર્થ એ જ છે કે, રમઝાન મહિનાને એવી હાલતમાં પામે કે, તે વ્યક્તિમાં રોઝા રાખવાની શક્તિ અને સલાહિયત (ક્ષમતા) મૌજૂદ હોય એટલે કે મુસલમાન, આકિલ–બાલિગ, મુકીમ (સ્થાયી) હોય તથા સ્ત્રી હૈઝ (માસિકધર્મ) અથવા નિફાસ (બાળકના જન્મ થયા પછીની નાપાકી)થી પાક હોય તો તેમણે રોઝો રાખવો જરૂરી છે.

જે વ્યક્તિ આખી રમઝાન એવી હાલતમાં પસાર કરે કે તેમાં રોઝો રાખવાની બિલકુલ જ શક્તિ અને રોઝો ફરજ થવાની લાયકાત મૌજૂદ ન હતી, જેમકે કાફિર, નાબાલિગ, મજનૂ (ગાંડો) તો આવા લોકોને આ હુકમ લાગુ પડતો નથી. કારણ કે, તેમના ઉપર તે પસાર થઈ ચૂકેલ રમઝાનના રોઝા ફરજ થયા જ નથી, પરંતુ જે લોકોમાં શક્તિ અને શારીરિક સામર્થ્ય મૌજૂદ હોય, પરંતુ કોઈ વખતે શરઈ ઉઝર (કારણ)ના કારણે મજબૂર થઈ જાય, જેમકે બીમાર હોય,

મુસાફરીમાં હોય વિગેરે વિગેરે, તો તેમણે પણ એક પ્રકારે રમઝાન મહિનાને શક્તિ અને શારીરિક સામર્થ્યની હાલતમાં જ પામેલી ગણાશે એટલા માટે આ આયતનો હુકમ તેઓ બાબત સાબિત થયો કે, કામચલાઉ શરઈ ઉઝરના લીધે ભલે રમઝાન માસમાં રોઝા ન રાખી શકે તો વાંધો નથી, અલબત્ત પાછળથી તેની કઝા કરવી જરૂરી છે. જેમકે હવે પછી ખુલાસાવાર તેની ચર્ચા થશે.

મસ્અલો :

આ આયતથી સ્પષ્ટ થયું કે, રમઝાનના રોઝા ફરજ થવા માટે રમઝાનને શારીરિક શક્તિ અને સલાહિયત (ક્ષમતા)ની હાલતમાં પામવી શરત છે. એટલા માટે જેણે આખી રમઝાન આ પ્રમાણેની સ્થિતિમાં મેળવી, તો તેના ઉપર આખી રમઝાનના રોઝા ફરજ થઈ ગયા. જેણે ઓછા દિવસો મેળવ્યા, તેના ઉપર એટલા દિવસના રોઝા ફરજ થયા. એવી જ રીતે કોઈ અડધી રમઝાન સુધી કાફિર હતો પછી મુસલમાન થયો અથવા નાબાલિગ બાલિગ થયો, તો તેના ઉપર ફક્ત ત્યાર પછીના આવનાર રોઝાઓ ફરજ થશે અને જે રોઝાઓ કુફ્રની હાલતમાં અથવા નાબાલિગ હોવાની હાલતમાં હતા તે ફરજ નથી થયા જેથી તેમના ઉપર રમઝાનના તે રોઝાઓની કઝા જરૂરી નથી, પરંતુ જો કોઈ મજનૂ (અસ્થિર મગજનો) વ્યક્તિ મુસલમાન અને બાલિગ હોવાના કારણે રોઝો રાખવાની શારીરિક શક્તિ અને ક્ષમતા ધરાવે છે અને તે રમઝાનના કોઈ દિવસે હોશમાં આવી જાય, તો તેના ઉપર રમઝાનના છૂટી ગયેલા રોઝાની કઝા પણ જરૂરી છે. એ જ પ્રમાણે હૈઝ અને નિફાસવાળી ઔરત રમઝાન દરમિયાન પાક થઈ જાય અથવા બીમાર તંદુરસ્ત થઈ જાય અથવા મુસાફર મુકીમ (સ્થાયી) થઈ જાય તો પાછલા દિવસોની કઝા કરવી જરૂરી રહેશે.

મસ્અલો :

રમઝાનને મેળવવી (પામવી) શરીઅતની દૃષ્ટિએ ત્રણ પદ્ધતિઓથી સાબિત થાય છે, એક એ કે, પોતે રમઝાનનો ચાંદ જોઈ લે, બીજું એ કે, કોઈ ભરોસાપાત્ર ગવાહીથી રમઝાનનો ચાંદ જોયાનું સાબિત થઈ જાય અને જ્યારે આ બંને પ્રકારે રમઝાન શરૂ ન થાય, તો શા'બાનના ત્રીસ દિવસ પૂરા કરી રમઝાન શરૂ થશે.

મસ્અલો :

શા'બાનની ૨૯મી તારીખે સાંજે જો કોઈ વાદળ વગેરેના કારણે ચાંદ ન જોઈ શકાય અને ચાંદ જોવાની કોઈ શરઈ ગવાહી પણ ન હોય, તો આગલો દિવસ يَوْمُ الشَّكِّ (શંકાનો દિવસ) કહેવાય છે. કારણ કે, તેમાં એ પણ સંભાવના હોય શકે છે કે, ખરેખર ચાંદ થઈ ગયો હોય પરંતુ ક્ષિતિજ (આકાશ) ચોખ્ખી ન હોવાના કારણે તે ન જોઈ શકાયો હોય અને તે દિવસે એ પણ સંભાવના છે કે, રમઝાનનો ચાંદ થયો જ ન હોય અને રમઝાનનો મહિનો શરૂ જ ન થયો હોય, તે દિવસ ત્રીસમી શાબાન હોય. એટલા માટે તે દિવસનો રોઝો રાખવો વાજિબ નથી બલકે, મકરૂહ છે. હદીષમાં તેની મનાઈ આવી છે, જેથી ફરજ અને નફલમાં તફાવત અને ભેદ સ્પષ્ટ થઈ જાય. *(જસ્સાસ)*

مَنْ كَانَ مِنْكُمْ مَرِيْضًا اَوْعَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ (જેઓ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તેઓ પછીના દિવસોમાં ગણતરી પૂરી કરી લે) તેમાં બીમાર અને મુસાફરને છૂટછાટ આપવામાં આવી છે કે, તેઓ બીમારીના કે મુસાફરીના સમયે રોઝા ન રાખે, બલકે તંદુરસ્ત થયા પછી, સફર પૂર્ણ થયા પછી એટલા દિવસોની કઝા પૂરી કરી લે. આ હુકમ જો કે પાછળની આયતમાં પણ આવી ચૂક્યો હતો, પરંતુ આ આયતમાં જ્યારે રોઝાના બદલે ફિદિયો આપવાનો અધિકાર મન્સૂખ (રદ) કરવામાં આવ્યો છે, તો એવી શંકા થઈ શકતી હતી કે, કદાચ બીમાર અથવા મુસાફરની છૂટછાટ પણ મન્સૂખ (રદ) થઈ ગઈ. એટલા માટે અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૬)

وَ اِذَا سَاَلَكَ عِبَادِيْ عَنِّيْ فَاِنِّيْ قَرِيْبٌ ؕ اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ
اِذَا دَعَانِ ۙ فَلْيَسْتَجِيْبُوْا لِيْ وَلْيُؤْمِنُوْا بِيْ لَعَلَّهُمْ يَرْشُدُوْنَ ﴿١٨٦﴾

તરજુમો :

(હે રસૂલ ﷺ !) અને જ્યારે મારા બંદા તમને મારા વિશે પૂછે તો (કહી આપો !) હું (ઘણો) નજીક છું, જ્યારે (કોઈ) મારાથી દુઆ માંગે છે (તો હું) માંગનારની દુઆ કબૂલ કરું છું; બસ, તેઓએ મારો હુકમ માનવો જોઈએ,

અને મારા ઉપર ઈમાન લાવે, જેથી તેઓ ભલાઈનો (સીધો-હિદાયતનો) માર્ગ પામે. (૧૮૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની ત્રણ આયતોમાં રોઝા, રમઝાનના હુકમો અને તેની ફઝીલતો તથા બરકતોનું વર્ણન હતું અને ત્યારબાદ એક લાંબી આયતમાં રોઝા અને એઅ્‌તિકાફના હુકમોનો ખુલાસો છે. વચ્ચેની આ નાની આયતમાં બંદાઓની પરિસ્થિતિ ઉપર અલ્લાહ તઆલાએ ખાસ કૃપા કરી તેમની દુઆઓ સાંભળવાનો અને સ્વીકાર કરવાનો ઉલ્લેખ કર્યો છે અને તેના દ્વારા ભલાઈના આદેશો મુજબ કામો કરવાની પ્રેરણા આપી છે. કારણ કે, રોઝાની ઈબાદતમાં છૂટછાટ અને સહૂલતો હોવા છતાં અમુક હદ સુધી થોડીક તકલીફો પણ છે, તેને સરળ કરવા માટે પોતાની ખાસ કૃપા કરવાનો ઉલ્લેખ કર્યો કે, હું મારા બંદાઓની ઘણો જ નજીક છું, અને જ્યારે કોઈ મારી પાસે દુઆ માંગે છે તો હું તેની દુઆ કબૂલ કરું છું અને તેમની જરૂરિયાતોને પૂરી કરી આપું છું.

આવી પરિસ્થિતિમાં બંદાઓ માટે પણ જરૂરી છે કે, તેઓ મારા હુકમોને પૂર્ણ કરે, ભલે તેમાં થોડી મુશ્કેલી હોય તો તેને સહન કરી લે. ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ વચ્ચે આવેલી આ નાની આયતને દુઆની તાકીદ અને પ્રેરણા પૂરી પાડનાર બતાવીને કહ્યું છે કે, "આ આયતમાં એવો ઈશારો કરવામાં આવ્યો છે કે, રોઝો રાખ્યા પછી દુઆ કબૂલ થાય છે, એટલા માટે દુઆની ખાસ પાબંદીથી ટેવ પાડવામાં આવે." રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لِلصَّائِمِ عِنْدَ فِطْرِهٖ دَعْوَةٌ مُسْتَجَابَةٌ، (اَبُوْدَاؤدَ وَطَيَالِسِىُّ بِرِوَايَةِ عَبْدِاللّٰهِ بْنِ عُمَرَ)

"રોઝા ઈફતાર (ખોલવાના સમયે) કરવાના સમયે રોઝેદારની દુઆ કબૂલ થાય છે."

એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) ઈફતાર વખતે ઘરના બધા સભ્યોને ભેગા કરીને દુઆ કર્યા કરતા હતા.

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) જ્યારે તમને કોઈ મારો બંદો મારા વિશે પુછે (કે હું તેની નજીક છું કે દૂર ?) તો (મારા તરફથી તેને ફરમાવી આપો કે,) હું

નજીક જ છું (અને કોઈ અયોગ્ય કે નાજાઇઝ માંગણી સિવાય) દુઆ માંગનારની દુઆ કબૂલ કરી લઉં છું, જ્યારે કે તે મારી સામે દુઆ કરે. બસ, (જેવી રીતે હું દુઆ અને દરખાસ્તને મંજૂર કરી લઉં છું) તેમણે પણ મારા હુકમોનો સ્વીકાર કરવો જોઈએ અને (તેઓ) મારા ઉપર ઈમાન રાખે (એટલે કે, મારી જાત ઉપર, મારા સર્વશક્તિમાન હોવા ઉપર, મારી કૃપાદૃષ્ટિ ઉપર, મારા હુકમો અને હિકમતો ઉપર પણ વિશ્વાસ રાખે) આશા છે કે, (આ રીતે) આ લોકો સીધો (ભલાઈનો નેક) માર્ગ (અને સફળતા) પ્રાપ્ત કરી શકશે.

મસ્અલો :

આ આયતમાં اِنِّی قَرِیۡبٌ (હું નજીક છું) કહીને એ તરફ ઈશારો કર્યો છે કે, દુઆ ધીમેથી અને મનમાં કરવી જોઈએ. દુઆમાં મોટેથી અવાજ કરવો પસંદ કરવામાં નથી આવ્યો. ઈબ્ને કષીર (રહ.)એ આ આયતનો "શા'ને નુઝૂલ" (ઊતરવાની પૃષ્ઠભૂમિ અને પૂર્વભૂમિકા) વર્ણન કરી છે કે, કોઈ ગામના એક નિવાસીએ રસૂલુલ્લાહ ﷺને સવાલ કર્યો કે, "અમારો પરવરદિગાર જો અમારાથી નજીક છે તો અમે દુઆ ધીમેથી માંગીએ ! અને જો દૂર હોય તો મોટા અવાજે તેને પોકારીએ !" આ ઘટના સંદર્ભે આ આયત નાઝિલ થઈ હતી,

---

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૭)

اُحِلَّ لَكُمۡ لَيۡلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآئِكُمۡ‌ؕ هُنَّ لِبَاسٌ لَّكُمۡ وَاَنۡتُمۡ لِبَاسٌ
لَّهُنَّ‌ؕ عَلِمَ اللّٰهُ اَنَّکُمۡ كُنۡتُمۡ تَخۡتَانُوۡنَ اَنۡفُسَكُمۡ فَتَابَ عَلَيۡكُمۡ وَعَفَا عَنۡكُمۡ‌ۚ فَالۡـٰٔنَ
بَاشِرُوۡهُنَّ وَابۡتَغُوۡا مَا كَتَبَ اللّٰهُ لَـكُمۡ‌ۚ وَكُلُوۡا وَاشۡرَبُوۡا حَتّٰى يَتَبَيَّنَ لَـكُمُ الۡخَـيۡطُ
الۡاَبۡيَضُ مِنَ الۡخَـيۡطِ الۡاَسۡوَدِ مِنَ الۡفَجۡرِ‌ۖ ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى الَّيۡلِ‌ۚ وَلَا
تُبَاشِرُوۡهُنَّ وَاَنۡتُمۡ عٰكِفُوۡنَ فِى الۡمَسٰجِدِؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا تَقۡرَبُوۡهَا‌ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمۡ يَتَّقُوۡنَ ﴿۱۸۷﴾

તરજુમો :

તમારા માટે રોઝાની રાત્રે સ્ત્રીઓથી બેપરદા થવું (સહશયન કરવું) જાઈઝ કરવામાં આવ્યું છે, તે તમારો પોષાક છે અને તમે તેમનો પોષાક છો, અલ્લાહે જાણી લીધું કે, તમે તમારા તરફથી (આ બાબતે) ખયાનત (અપ્રામાણિકતા) આચરતા હતા; બસ, તેણે (અલ્લાહે) તમને મા'ફ કર્યા અને તમારાથી દરગુજર (ક્ષમા) કરી, બસ હવે પોતાની સ્ત્રીઓથી સમાગમ કરો ! અને જે અલ્લાહે તમારા માટે (નશીબમાં) લખી આપ્યું છે (સંતાનો વગેરે) તે તલબ (માંગણી) કરો અને ખાઓ, અને પીઓ; ત્યાં સુધી કે તમારા માટે સવારની સફેદ ધારી (સુબ્હે સાદિક) કાળી ધારીમાંથી (રાતમાંથી) ખુલ્લી થઈ જાય; પછી તમે રાત (સૂર્યાસ્ત) સુધી રોઝો પૂરો કરો અને જ્યારે તમે મસ્જિદોમાં એઅ્તિકાફમાં હોય; તેમના (સ્ત્રીઓ)થી જાતીય ઈચ્છા પૂરી ન કરો, (આ) અલ્લાહની બાંધેલી હદો (મર્યાદાઓ) છે; બસ, તે (હદો)ની પાસે ન જાઓ; આ જ રીતે અલ્લાહ પોતાના હુકમોને લોકો માટે સ્પષ્ટ કરી આપે છે જેથી તેઓ બચતા રહે. (૧૮૭)

તફસીર :

આ આયતમાં રોઝાના બાકીના હુકમોના ખુલાસાની તફસીર વર્ણવવામાં આવી છે.

તમારા માટે રોઝાની રાતમાં તમારી ઔરતો (પત્નીઓ) હલાલ કરવામાં આવી છે (અને પહેલાં જે તેની મનાઈ હતી તે હવે રદ કરવામાં આવે છે) કારણ કે, (તમારી ખૂબ પાસે હોવાના કારણે) તેઓ (તમારી ઔરતો) તમારો પોષાક છે અને તમે તેમનો પોષાક છો. અલ્લાહ તઆલાને એની ખબર હતી કે, તમે ખયાનતના ગુનાહમાં પોતાને સંડોવી દીધા હતા (પરંતુ) ખૈર, (જ્યારે તમે ક્ષમા–યાચના કરી તો) અલ્લાહ તઆલાએ તમારા ઉપર કૃપા (મહેરબાની) કરી અને તમને ગુનાહોથી પાક કરી દીધા. બસ, (જ્યારે પરવાનગી મળી ગઈ તો) હવે તેમને પરસ્પર મળો અને જે (પરવાનગીનો નિયમ) તમારા માટે નક્કી કરવામાં આવ્યું છે (રોકટોક વિના) તેનો લાભ ઉઠાવો અને (એની પણ પરવાનગી આપવામાં આવે છે તમે રોઝાની રાતમાં જ્યારે ઈચ્છો) ખાઓ અને

પીઓ ત્યાં સુધી કે સવારની સફેદ ધારી (સુબ્હે સાદિકનો પ્રકાશ) કાળી ધારીમાંથી (રાતમાંથી) નીકળી આવે તો પછી (સુબ્હે સાદિકથી) રાત (સૂર્યાસ્ત) સુધીનો રોઝો પૂરો કરો. (સવારની સફેદ ધારી રાતની કાળી ધારીથી અલગ થઈ જવાનો અર્થ એ છે કે, સુબ્હે સાદિક થઈ જવાનો પાકો વિશ્વાસ થઈ જાય).

એઅ્તિકાફનો હુકમ :

અને જ્યારે તમે લોકો મસ્જિદોમાં એઅ્તિકાફની હાલતમાં હોય ત્યારે તમારી સ્ત્રીઓ પાસે ન જાઓ, આ (બધા ઉપરોક્ત હુકમો) અલ્લાહની હદો (મર્યાદાઓ) છે. બસ, તમે તે (હદો)ને ઓળંગવાની નજીક પણ ન જાઓ. (અને અલ્લાહે જેવી રીતે આ હુકમોને વર્ણન કર્યા છે) એ જ પ્રમાણે અલ્લાહ તઆલા પોતાના (અન્ય) હુકમો (પણ) લોકો(ની સુધારણા) માટે વર્ણન કરે છે અને ઉમ્મીદ છે કે, તમે લોકો (આ હુકમોથી વાકેફ થઈ તેનું ઉલ્લંઘન કરવાથી) પરહેઝ કરશો.

મસ્અલા અને બોધપાઠ :

اُحِلَّ لَكُمْ (તમારા માટે હલાલ કરવામાં આવ્યું) શબ્દનો અર્થ એ થાય છે કે, જે વસ્તુ આ આયત દ્વારા હલાલ કરવામાં આવી છે, તે આ આયત નાઝિલ થતા પહેલાં હરામ હતી. સહીહ બુખારી વગેરેમાં બરાઅ્ બિન આઝિબ (રદિ.)થી રિવાયત છે કે, શરૂઆતમાં જ્યારે રમઝાનના રોઝા ફરજ કરવામાં આવ્યા, તો ઈફતાર પછી ખાવા-પીવા અને સ્ત્રીઓ પાસે જવાની ત્યાં સુધી જ પરવાનગી હતી જ્યાં સુધી કે વ્યક્તિ સૂઈ ન જાય. સૂઈ ગયા પછી આ બધી વસ્તુઓ હરામ થઈ જતી હતી. અમુક સહાબએ કિરામ (રદિ.) માટે તેમાં સમસ્યાઓ ઊભી થતી હતી. કૈસ બિન સુરમા અન્સારી (રદિ.) આખો દિવસ મજૂરી કરીને ઈફતારના સમયે ઘેર પહોંચ્યા, તો ઘરમાં ખાવા-પીવા માટે કંઈ ન હતું. પત્નીએ કહ્યું કે, ક્યાંકથી વ્યવસ્થા કરીને લાવું છું. જ્યારે તે પરત આવી તો આખા દિવસના કામના થાકના કારણે હઝરત કૈસ (રદિ.)ની આંખ લાગી ગઈ અને તેઓ સૂઈ ગયા. હવે, જાગ્યા તો ખાવું હરામ થઈ ચૂક્યું હતું. બીજા દિવસે એવી જ હાલતમાં રોઝો રાખ્યો, તો બપોરના સમયે અશક્તિના કારણે બેહોશ થઈ ગયા. *(ઈબ્ને કસીર)*

એ જ પ્રમાણે અમુક સહાબા (રદિ.) સૂઈ ગયા પછી રાતમાં આંખ ખૂલી તો પોતાની સ્ત્રીઓ પાસે જઈને (સમાગમ કરીને) પરેશાન થયા. આ ઘટનાઓ પછી આ આયત નાઝિલ થઈ, જેમાં અગાઉનો હુકમ મનસૂખ (રદ) કરીને સૂર્ય આથમી ગયાથી લઈ સુબ્હે સાદિક સુધી આખી રાતમાં ખાવા-પીવા અને સ્ત્રીઓ પાસે જવાની પરવાનગી આપવામાં આવી. ભલે, પછી તે સૂઈને ઉઠયા પછી પણ કેમ ન હોય ? બલકે, સૂઈને ઉઠયા પછી રાતના છેલ્લા ભાગમાં સહેરી (સુહૂર) ખાવી સુન્નત ઠરાવવામાં આવી, જેનું વર્ણન હદીષની રિવાયતોમાં સ્પષ્ટ રીતે આવ્યું છે. આ આયતમાં તે હુકમનો ઉલ્લેખ થયો છે.

رَفَــــثُ (રફષુ)નો શાબ્દિક અર્થ જો કે સામાન્ય રીતે એ છે કે કોઈ એક પુરૂષ પોતાની સ્ત્રી પાસે પોતાની જાતીય ઈચ્છાપૂર્તિ માટે જે કંઈ કરે છે અથવા તે બાબત કહે છે તેને કહેવામાં આવે છે, પરંતુ ઉમ્મતના ઈજ્માઅ્થી અત્રે એનો અર્થ "સમાગમ" (સંભોગ) છે.

શરીઅતના હુકમોની સાબિતી માટે રસૂલે કરીમ ﷺનો કૌલ (નિવેદન) પણ કુર્આનની હૈસિયત (સ્વરૂપ) ધરાવે છે :

આ આયતે જે હુકમો મનસૂખ કર્યા છે એટલે કે, સૂઈ ગયા પછી ખાવું-પીવું વગેરેનું હરામ હોવું. આ હુકમ કુર્આન શરીફમાં ક્યાંય ઉલ્લેખાયો નથી. રસૂલુલ્લાહ ﷺની તા'લીમ દ્વારા સહાબા (રદિ.) તેના ઉપર અમલ કરતા હતા. *(મુસ્નદે અહમદ)*

આ આયતમાં અગાઉના હુકમને અલ્લાહનો હુકમ ઠરાવવામાં આવ્યો અને પછી તેને સહૂલત ખાતર મનસૂખ (રદ) કરવામાં આવ્યો. એટલા માટે એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, હદીષ દ્વારા સાબિત થયેલા અમુક હુકમો કુર્આન શરીફ દ્વારા પણ મનસૂખ થઈ શકે છે. *(જસ્સાસ વગેરે)*

સહેરી ખાવાનો અંતિમ સમય :

حَتّٰـى يَتَبَيَّـنَ لَـكُـمُ الْـخَيْـطُ الْاَبْيَضُ "એટલે સુધી કે, તમારા માટે ફજરની સફેદ ધારી (સુબ્હે સાદિક) કાળી ધારીમાંથી ખુલ્લી થઈ જાય." આ આયતમાં રાતના અંધારાની કાળી ધારી તથા સવારના સફેદ પ્રકાશની ધારીનું ઉદાહરણ બતાવી રોઝો શરૂ થવા અને ખાવા-પીવાનું હરામ થવા માટે સવાર (સુબ્હે સાદિક)ના સમયને નક્કી કરવામાં આવ્યો છે અને તેમાં ઓછું-વત્તું કરવાની

સંભાવનાને રદ કરવા માટે حَتّٰى يَتَبَيَّنَ (અલગ થઈ જાય)નો શબ્દ વધારી દીધો, જેથી એ બતાવવામાં આવ્યું કે, વહેમી સ્વભાવના લોકોની જેમ સુબ્હે સાદિકથી અમુક સમય પહેલાં સુધી જ ખાવું-પીવું હરામ ન સમજી લેવામાં આવે અને નચિંત થઈ સહેરી કરે બલકે, સવારનું અજવાળું નિશ્ચિત રીતે થઈ જાય ત્યાં સુધી ખાતા-પીતા રહે. ખાવા-પીવા અને રોઝા દરમિયાન સુબ્હે સાદિકની હદ નક્કી કરવામાં આવી છે. સુબ્હે સાદિકની હદ અને મર્યાદાથી પહેલાં ખાવું-પીવું હરામ સમજી લેવું યોગ્ય બાબત નથી અને એ જ રીતે સુબ્હે સાદિક પછી પણ ખાવા-પીવામાં મશગૂલ રહેવું હરામ છે, તેનાથી રોઝો તૂટી જશે, ભલે પછી તે એક મિનિટ માટે જ પણ કેમ ન હોય ! સહેરી ખાવામાં છૂટછાટની ગુંજાઈશ ફક્ત ત્યાં સુધી જ છે કે, જ્યાં સુધી સુબ્હે સાદિક થઈ જવાનું સંપૂર્ણ યકીન ન થઈ જાય. અમુક સહાબા (રદિ.)થી એવી ઘટનાઓ પણ અમુક વર્ણન કરનારાઓએ વર્ણવી છે કે સુબ્હે સાદિક થઈ ગઈ છતાં તે સહેરી ખાતા રહ્યા. એટલા માટે કે, તેમને પોતાને સુબ્હે સાદિક થઈ છે તેનું યકીન થયું ન હતું, તેથી જ તેઓ કહેનારાઓની ઉતાવળથી પ્રભાવિત થયા વિના સહેરીમાં મશગૂલ રહ્યા.

એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "હઝરત બિલાલ (રદિ.)ની અઝાન તમને સહેરી ખાવાથી રૂકાવટ ન થવી જોઈએ. કારણ કે, તેઓ રાતમાં જ અઝાન આપી દે છે. એટલા માટે તમે બિલાલ (રદિ.)ની અઝાન સાંભળીને પણ એ સમય સુધી ખાતા-પીતા રહો જ્યાં સુધી ઈબ્ને ઉમ્મે મકતુમ (રદિ.)ની અઝાન ન સાંભળો. કારણ કે, તેઓ ઠીક સુબ્હે સાદિકના સમયે જ અઝાન આપે છે." *(બુખારી અને મુસ્લિમ)*

આ હદીષને અધૂરી અને આગળ-પાછળના સંદર્ભ વિના વર્ણન કરવાથી અમુક લોકોને તે ગૈરસમજ પેદા થઈ શકે છે કે, ફજરની અઝાન પછી પણ મોડે સુધી ખાવા-પીવામાં આવે તો વાંધો નથી અને જે વ્યક્તિની આંખ મોડેથી ખૂલે કે સવારની અઝાન પણ થઈ રહી હોય, તેમના માટે પણ જલદી-જલદી ખાઈ-પી લેવું જાઈઝ કરવામાં આવ્યું છે, એવું સમજી લેવું બરાબર નથી, કારણ કે, આ હદીષમાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે કે, "હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ (રદિ.)ની અઝાન બરાબર ફજરના સમયે જ આપવામાં આવતી હતી અને તે સમયે ખાવા-પીવાથી રોકાઈ જવું જરૂરી હતું." આ ઉપરાંત કુર્આન શરીફે પણ રોઝો બંધ કરવા માટે જે સમયની મર્યાદા નક્કી કરી છે, તે સવાર (સુબ્હે

સાદિક)ની સફેદ ધારી બતાવી છે. સુબ્હે સાદિક થઈ ગયા પછી ખાવા–પીવાની પરવાનગી આપવી કુર્આનની "નસ" (સ્પષ્ટ અને ખુલ્લી દલીલ)ના વિરૂદ્ધ છે. સહાબએ કિરામ (રદિ.) અને ઉમ્મતના અસ્લાફ કે જેઓની ઈફતાર અને શહેરીમાં જે "મસાહલત" (આસાની કરવા)ની રિવાયત નકલ થઈ છે તે બધામાં કુર્આનની "નસ" પ્રમાણે સંભાવના એ જ હોય શકે છે કે, સુબ્હે સાદિકની સફેદ ધારી અને પ્રકાશ નીકળતા પહેલાં કાળજી દાખવવા માટે ખૂબ ચુસ્ત ન બનવામાં આવે અને તંગી પૈદા કરવામાં ન આવે. ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ પણ આ રિવાયતો એના જ ઉપર આધારિત હોવાનું બતાવ્યું છે. નહિતર કુર્આનની "નસ"નો ખુલ્લો વિરોધ કોણ મુસલમાન બરદાસ્ત (સહન) કરી શકે છે ? અને સહાબએ કિરામ (રદિ.)થી આવા વિરોધની કલ્પના કરવી પણ અશક્ય છે અને ખાસ કરીને જ્યારે કે, કુર્આન શરીફે આ આયતના છેવટે تِلْكَ حُدُوْدُ اللّٰهِ (આ અલ્લાહે નક્કી કરેલી મર્યાદાઓ–હદો છે)ની સાથે فَلَا تَقْرَبُوْهَا (તેની નજીક પણ ન ફરકો) ફરમાવીને ખાસ કાળજી રાખવાની તાકીદ કરી દીધી છે.

મસ્અલો :

આ બધી બાબતો તે લોકો માટે છે, જેઓ એવા સ્થળોએ રહે છે, જ્યાંથી સુબ્હે સાદિકને પોતે નરી આંખે જોઈને વિશ્વાસ કરી શકે છે અને ક્ષિતિજ પણ સાફ અને ખુલ્લી હોય છે તથા તેઓ સુબ્હે સાદિકના શરૂઆતના પ્રકાશને ઓળખવાની ક્ષમતા (શક્તિ) ધરાવે છે, તો એમના માટે જરૂરી છે કે, તેઓ પોતાની મેળે જ ક્ષિતિજ જોઈને, સુબ્હે સાદિક અનુભવીને એ પ્રમાણે સહેરીના સમયનો અમલ કરે અને જ્યાં આવું સ્વરૂપ ન હોય દાખલા તરીકે ક્ષિતિજ ખુલ્લી ન હોય, વાદળછાયું વાતાવરણ હોય અથવા તો તેમનામાં સુબ્હે સાદિકના પ્રકાશને ઓળખવાની ક્ષમતા ન હોય, તો તેઓ બીજી નિશાનીઓ દ્વારા હિસાબ લગાવીને સુબ્હે સાદિકના સમયને નક્કી કરે છે. દેખીતું છે કે, કોઈ સમય એવો પણ આવશે કે, સુબ્હે સાદિક થઈ છે કે કેમ ? એવી શંકા થઈ જાય, એટલા માટે એવા લોકોએ શંકા ઉપસ્થિત થવાની પરિસ્થિતિમાં શું કરવું જોઈએ ? તે વિશે ઈમામ જસ્સાસ (રહ.)એ "અહકામુલ કુર્આન"માં ફરમાવ્યું છે કે, "આવી પરિસ્થિતિમાં સારી વાત તો એ જ છે કે ખાવા–પીવાનું ચાલુ ન રાખે, પરંતુ જો આવી શંકાસ્પદ

પરિસ્થિતિ ઉપસ્થિત થાય કે સુબ્હે સાદિક થઈ છે કે કેમ ? તો તેનાથી પહેલાં પહેલાં કંઈ ખાઈ-પી લીધું તો તે ગુનેહગાર નહિ થાય. પરંતુ જો પાછળથી તહકીક કરતાં એવું સાબિત થઈ જાય કે, તે સમયે સુબ્હે સાદિક થઈ ચૂકી હતી, તો તેના માથે તેની કઝા વાજિબ છે. જેવી રીતે કે, રમઝાનનો શરૂઆતનો ચાંદ ન દેખાવાથી લોકોએ રોઝો ન રાખ્યો હોય, પરંતુ પાછળથી એવી શરઈ ગવાહી મળી કે, ૨૯મી શા'બાને રમઝાનનો ચાંદ સાબિત થઈ ગયો છે, તો જે લોકોએ તે દિવસે શા'બાનની ૩૦ તારીખ સમજીને રોઝો ન રાખ્યો હતો, તેઓ ગુનેહગાર તો નહિ થાય, પરંતુ તે રોઝાની કઝા સર્વાનુમતે તેમના ઉપર વાજિબ છે. એ જ પ્રમાણે વાદળછાયા દિવસે સૂર્ય આથમવાનું અનુમાન કરીને રોઝો ઈફતાર કરી લીધો અને પાછળથી સૂર્ય નીકળી આવ્યો તો આવો વ્યક્તિ ગુનેહગાર તો નહિ થાય, પરંતુ તેના ઉપર રોઝાની કઝા વાજિબ છે.''

ઈમામ જસ્સાસ (રહ.)એ આ ઉલ્લેખથી એ બાબત સ્પષ્ટ કરી છે કે, જે વ્યક્તિની ઊંઘમાંથી આંખો ખુલી અને સામાન્ય રીતે ફજરની અઝાન થઈ રહી હતી, જેનાથી સુબ્હે સાદિક થઈ જવાનું યકીન થવું સ્વાભાવિક વાત છે અને તે છતાં તે જાણીબુઝીને તે સમયે કંઈ ખાઈ લેશે તો તે ગુનેહગાર પણ થશે અને તેના ઉપર કઝા કરવી પણ વાજિબ થશે અને સુબ્હે સાદિક વિશે શંકાસ્પદ પરિસ્થિતિ હોય તો ખાવાનો ગુનોહ તો નહિ થાય, પરંતુ રોઝાની કઝા રાખવી પડશે અને કોઈને કોઈ દરજ્જામાં આ બાબત નાપસંદ (કરાહત) સમજવામાં આવશે.

એઅ્તિકાફ :

એઅ્તિકાફનો શાબ્દિક અર્થ ''કોઈ જગ્યાએ થોભવું'' થાય છે અને કુર્આન-સુન્નતની વ્યાખ્યામાં અમુક શરતો સાથે મસ્જિદમાં રોકાવું અને ત્યાં રહેવાનું નામ એઅ્તિકાફ છે. فِى الْمَسَاجِدِ (મસ્જિદોમાં) શબ્દથી ખાસ એ સાબિત થાય છે કે, એઅ્તિકાફ દરેક મસ્જિદમાં થઈ શકે છે. ફુકૂહાએ શરત વર્ણન કરી છે કે, એઅ્તિકાફ ફક્ત એ મસ્જિદમાં જ થઈ શકે છે કે, જ્યાં જમાઅત સાથે નમાઝ થતી હોય અને વેરાન મસ્જિદમાં જ્યાં જમાઅત સાથે નમાઝ નથી થતી, તેવી મસ્જિદમાં એઅ્તિકાફ સહીહ થતો નથી. વેરાન મસ્જિદ અથવા એવી મસ્જિદ જ્યાં જમાઅતથી નમાઝ થતી નથી, તે વાસ્તવમાં મસ્જિદના અર્થથી જ ભિન્ન છે. કારણ કે મસ્જિદો બનાવવાનો મૂળ હેતુ જ

જમાઅતથી નમાઝ પઢવાનો છે, નહિતર વિના જમાઅતે એકલા નમાઝ તો દરેક જગ્યાએ દુકાન, મકાન વગેરેમાં પઢી શકાય છે.

મસ્અલો :

રોઝાની રાત્રે ખાવું-પીવું, સ્ત્રીઓ પાસે જવું હલાલ હોવાનો જે ઉપર ઉલ્લેખ થયું છે, તેમાં એઅ્તિકાફની હાલતમાં ખાવા-પીવાનો તો તે જ હુકમ છે, જે બધાના માટે છે, પરંતુ સ્ત્રીઓ પાસે (સંભોગ માટે) જવાનો હુકમ એઅ્તિકાફના સંદર્ભમાં જુદો છે કે, રાત્રે પણ તે જાઈઝ નથી. એટલા માટે આ આયતમાં તેનો હુકમ બતાવવામાં આવ્યો છે.

મસ્અલો :

એઅ્તિકાફના બીજા મસ્અલાઓ કે તેની સાથે રોઝો શરત છે અને એ કે, એઅ્તિકાફની હાલતમાં મસ્જિદમાંથી નીકળવું કોઈ શારીરિક અથવા શરઈ જરૂરિયાત વગર જાઈઝ નથી. એઅ્તિકાફની અમુક બાબતો કુર્આને વર્ણવેલ "એઅ્તિકાફ"ના ઉલ્લેખથી સમજી શકાય છે અને અમુક રસૂલે કરીમ ﷺના કૌલ (હદીષો) અને અમલથી સાબિત થયેલ છે.

રોઝા વિશે કાળજી રાખવાનો હુકમ :

છેલ્લી આયતમાં تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَقْرَبُوْهَا (આ અલ્લાહે નક્કી કરેલ હદ-મર્યાદાઓ છે, તેની નજીક પણ ન ફરકો) કહીને ઈશારો કરવામાં આવ્યો કે, રોઝામાં ખાવા-પીવાની અને સ્ત્રીઓ પાસે જવાની જે મનાઈ છે, તે અલ્લાહની હદો (મર્યાદાઓ) છે. તેની પાસે પણ ન જાઓ કારણ કે, તેની પાસે જવામાં અલ્લાહની મર્યાદાઓ તૂટવાની સંભાવના રહેલી છે. એટલા માટે રોઝાની હાલતમાં ગળગળા કરવા મકરૂહ છે કે, આવું કરવાથી ગળામાં પાણી ઊતરી જવાનો ભય રહે છે, મોઢામાં કોઈ દવા લગાવવી મકરૂહ છે. પોતાની પત્નીને રોઝાની હાલતમાં ચુંબન કરવું મકરૂહ છે. એવી જ રીતે સહેરી ખાવામાં કાળજી રાખી સમય પૂરો થવાના બે-ચાર મિનિટ પહેલાં સહેરી ખતમ કરવી અને એ જ રીતે ઈફતારમાં બે-ત્રણ મિનિટ વિલંબ કરવો વધારે સારૂં છે. તેમાં લાપરવાહી કરવી અથવા સહૂલત શોધવી અલ્લાહના હુકમ વિરૂદ્ધ છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૮)

وَلَا تَأْكُلُوٓا۟ أَمْوَٰلَكُم بَيْنَكُم بِٱلْبَٰطِلِ وَتُدْلُوا۟ بِهَآ إِلَى ٱلْحُكَّامِ لِتَأْكُلُوا۟ فَرِيقًا مِّنْ

أَمْوَٰلِ ٱلنَّاسِ بِٱلْإِثْمِ وَأَنتُمْ تَعْلَمُونَ ﴿١٨٨﴾ ع

તરજુમો :

અને પરસ્પર એકબીજાનો માલ ખોટી રીતે ન ખાઓ, અને ન જ તેને સત્તાધીશો સુધી (લાંચ સ્વરૂપે) પહોંચાડો, જેથી (તેના દ્વારા) તમે લોકોના માલ(-મિલકત)નો કોઈ ભાગ જુલ્મથી ખાઈ જાઓ (નાહક પચાવી પાડો); અને (જ્યારે કે) તમે જાણો છો. (૧૮૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતમાં રોઝાના હુકમોનો ઉલ્લેખ હતો, જેમાં હલાલ વસ્તુઓના ઉપયોગની એક નિશ્ચિત સમયસીમા નક્કી કરવામાં આવી અને અમુક ચોક્કસ દિવસો સુધી રોઝા રાખવાનો હુકમ થયો, ત્યાર પછી હરામ માલ પ્રાપ્ત કરવાની અને તેનો ઉપયોગ કરવાની મનાઈ તેના અનુસંધાને જ વર્ણન કરવામાં આવી કે, રોઝાની ઈબાદતનો વાસ્તવિક હેતુ એ છે કે, વ્યક્તિ અમુક ચોક્કસ હલાલ બાબતોથી રોકાવામાં સબ્ર કરે અને તેનો ઉપયોગ કરવાથી બચે, તો પછી હરામ વસ્તુઓથી બચવું ખૂબ આસાન અને સરળ બની જશે. વળી, આ અનુસંધાને એ બાબત પણ સ્પષ્ટ થઈ કે, જ્યારે પણ રોઝો પૂરો થાય, ઈફતાર માટે હલાલ માલથી ઈફતારની વ્યવસ્થા કરવી જોઈએ. જેણે આખા દિવસનો રોઝો કર્યો અને ઈફતાર હરામ માલથી કરી તો તેનો રોઝો અલ્લાહ નજીક સ્વીકાર્ય નથી.

તફસીર :

અને પરસ્પર એકબીજાનો માલ ખોટી રીતે ન ખાઓ અને તેને (ખોટા મુકદમાઓમાં) અધિકારીઓ (શાસકો) સુધી એ હેતુથી (લાંચ સ્વરૂપે) ન પહોંચાડો કે (તેના દ્વારા) લોકોની માલ-મિલકતનો અમુક ભાગ (ગુનાહિત અને ખોટી રીતે) અત્યાચાર આચરી પચાવી પાડો અને તમે (જ્યારે કે તમારી જૂઠી

વાત અને અત્યાચારને) જાણો પણ છો.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં હરામ પદ્ધતિથી માલ પ્રાપ્ત કરવાની અને તેના ઉપયોગની મનાઈ કરવામાં આવી છે. જેવી રીતે અગાઉ આ જ સૂરએ બકરહની આયત નંબર ૧૬૮માં હલાલ પદ્ધતિથી માલ પ્રાપ્ત કરી તેનો ઉપયોગ કરવાની પરવાનગીનું વર્ણન થઈ ચૂક્યું છે, જેમાં ઈરશાદ હતો,

يَآَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِى الْاَرْضِ حَلٰلًا طَيِّبًا وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ، اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ○

"હે લોકો ! પૃથ્વીમાં જે હલાલ અને પાક (પવિત્ર વસ્તુઓ) છે, તમે ખાઓ! અને શયતાનની પૈરવી (અનુસરણ) કરી (તેના) પગલે ન ચાલો; બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે."

અને સૂરએ નહ્‌લમાં ઈરશાદ છે,

فَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا وَّاشْكُرُوْا نِعْمَةَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ○

"તમને અલ્લાહે જે હલાલ અને પાક રોજી આપી છે, તે ખાઓ, અને જો તમો તેની ઈબાદત કરતા હો તો અલ્લાહના અહેસાન (ઉપકાર)નો શુક્ર અદા કરો."

(સૂરહ : ૧૬, આયત : ૧૧૪)

માલ પ્રાપ્ત કરવા (કમાણી)ના સારા અને ખરાબ માધ્યમો તથા ભલાઈ અને બુરાઈનું માપદંડ :

જે પ્રમાણે માલની આવશ્યકતા અને તે જીવન વ્યતિત કરવાનો આધાર હોવા વિશે આખી દુનિયા અને તેની દરેક કૌમો તથા સમાજો સંપૂર્ણ રીતે સહમત છે, એ જ પ્રમાણે એ બાબતે પણ સહમત છે કે, તેને પ્રાપ્ત કરવાના અમુક માધ્યમો યથાયોગ્ય, સારા, જાઈઝ અને આવકાર્ય છે, જ્યારે અમુક માધ્યમો ધિક્કારપાત્ર અને અસ્વીકાર્ય છે, જેની મનાઈ છે. જેમકે ચોરી, ધાડ, લૂંટફાટ, દગાબાજી, ધોકાબાજી વગેરે; જેને આખી દુનિયા ખરાબ સમજે છે, પરંતુ તેના જાઈઝ અથવા નાજાઈઝ હોવાનું કોઈ ચોક્કસ માપદંડ કે પ્રમાણ સામાન્ય રીતે

લોકોના હાથમાં નથી હોતું અને હોઈ પણ નથી શકતું. કારણ કે, તેનો સંબંધ આખી દુનિયાના સમગ્ર મનુષ્યોની ભલાઈ અને સફળતા સાથે જોડાયેલ છે અને સમગ્ર માનવજાત તેનાથી પ્રભાવિત થઈ શકે છે. તેનું સાચું અને યોગ્ય પ્રમાણ અને માપદંડ માત્ર એ જ હોઈ શકે છે, જે રબ્બુલ આલમીન પરવરદિગાર તરફથી વહી દ્વારા મોકલવામાં આવ્યું હોય. નહિતર જો મનુષ્ય પોતે તેનું પ્રમાણ અને માપદંડ બનાવવાનો અધિકારી થઈ જાય, તો જે લોકો તેના કાયદા-કાનૂન બનાવશે તેઓ પોતાની કૌમ, પોતાના દેશ અને પોતાના ધર્મ વિશે જે કંઈ પણ વિચારશે તે માનવ-સ્વભાવ પ્રમાણે અન્ય કૌમો, અન્ય સમાજો તથા અન્ય દેશો માટે પક્ષપાતી અને અલગ હશે. આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સોના સ્વરૂપમાં સમગ્ર દુનિયાના પ્રતિનિધિઓ જ્યારે આર્થિક બાબતોની ચર્ચા અને સમસ્યાના ઉકેલ માટે ભેગા મળે છે, ત્યારે આ બાબતની ખાતરી કરી શકાય છે. એ અનુભવસિદ્ધ બાબત છે કે, પ્રત્યેક વ્યક્તિ પોતાના, પોતાના સમાજના અને પોતાના દેશના હિતનો પ્રથમ વિચાર કરે છે અને તેના માપદંડો અન્ય કૌમો કરતાં અલગ બનાવે છે. અનુભવથી સાબિત થયેલ બાબત છે કે, કોઈ એક દેશ કે સમાજે બનાવેલ આર્થિક ઉપાર્જન (કમાણી)ની પદ્ધતિના માપદંડથી સમગ્ર માનવજાત સંતોષ નથી પામી શકતી, જેના પરિણામે તે કાયદેસરનો અન્યાય સાબિત થાય છે અને આ અન્યાય અને અસંતોષ યુદ્ધો, ખૂનામરકી, ફિત્ના-ફસાદ, અરાજકતા, માનવ હત્યાકાંડો વગેરે સ્વરૂપમાં સામે આવે છે.

ઇસ્લામિક આર્થિક વ્યવસ્થા દુનિયામાં શાંતિ અને સલામતી સ્થાપી શકે છેઃ

ઈસ્લામી શરીઅતે હલાલ અને હરામ, જાઈઝ અને નાજાઈઝના જે કાયદાઓ બતાવ્યા છે, તે ખુલ્લમ-ખુલ્લા અલ્લાહની વહી દ્વારા ઉપાર્જિત કરેલ છે અથવા તો કુર્આન અને સુન્નતની નુસૂસ તથા ઈજ્માઅ્ દ્વારા અનુમાનિત કરી બનાવવામાં આવ્યા છે. ઈસ્લામિક અર્થવ્યવસ્થા જ એક એવી યોગ્ય અને માનવસ્વભાવને અનુરૂપ સર્વગ્રાહી આર્થિક પદ્ધતિ છે, જે દરેક કૌમ, સમાજ, દેશ અને પ્રદેશમાં સરખી રીતે લાગુ પાડી શકાય છે. એકમાત્ર ઈસ્લામિક આર્થિક પદ્ધતિ જ વિશ્વશાંતિની જામિનગીરી લઈ શકે છે. કારણ કે, અલ્લાહે બનાવેલ આર્થિક પદ્ધતિમાં ઉપલબ્ધ દરેક કુદરતી સ્ત્રોતોને સામાન્ય રીતે બધા જ

વ્યક્તિઓને સરખી રીતે ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે, જેનો ઉપયોગ કરવાનો બધા જ વ્યક્તિ સરખો અધિકાર ધરાવે છે. જેમકે હવા, પાણી, આપમેળે ઊગી નીકળેલું ઘાસ, આગ, કોઈના કબજામાં માલિકીમાં નથી એવા જંગલો-પહાડો ઉપરના વૃક્ષોના ફળો વગેરે, તેમાં બધા જ વ્યક્તિઓનો સરખો અધિકાર છે. તેના આપમેળે માલિક બની જઈ ગેરકાયદેસર કબજો કરવો જાઈઝ નથી અને જે કુદરતી સ્ત્રોતો (કુદરતી સાધનો) સરખી રીતે વાપરવાના અધિકારનો ઉપયોગ કરવાથી સમાજમાં આર્થિક અસમાનતા પૈદા થવાનો ભય હોય અથવા તો પરસ્પર ફિત્ના-ફસાદ અને ઝઘડાનું સ્વરૂપ ધારણ થતું હોય, તો એવા સમયે આ કુદરતી સ્ત્રોતોની વહેંચણી માટે ઈસ્લામી શરીઅત અનુસાર માલિકી હકના કાયદાઓ પણ બનાવવામાં આવ્યા છે. આ કાનૂનની દરેક કલમોમાં ઘણી કાળજી રાખવામાં આવી છે તેમજ માલિકીના ફેરફારના હકની પણ કાળજી રાખવામાં આવી છે કે, કોઈપણ વ્યક્તિ જિંદગીની જરૂરિયાતથી વંચિત ન રહી જાય. શરત એટલી જ રાખવામાં આવી છે કે તે આ સ્ત્રોતોને પ્રાપ્ત કરવા માટે મહેનત કરે અને કોઈ અન્ય વ્યક્તિના હક અને અધિકારને ખોટી રીતે પચાવી ન પાડે અથવા બીજાઓને નુકસાન પહોંચાડીને સાર્વજનિક મૂડીને એક ખાસ જૂથ કે ગૃપ સુધી સીમિત ન કરી દે.

માલ-મિલકતની વહેંચણી તેમજ ફેરફાર; ભલે તે કોઈ વ્યક્તિના મૃત્યુ પછી તેના વારસદારો વચ્ચે થતી હોય કે, વેપાર-ઉદ્યોગ દ્વારા પરસ્પર રાજી-ખુશીથી થતી હોય, મજૂરી હોય કે, કોઈનું વળતર હોય ! આ બધી બાબતોમાં એ વસ્તુને (રાજીખૂશીને) જરૂરી સમજવામાં આવે છે કે, આવી બાબતોમાં દગાબાજી, ધોકાબાજી કે શરઈ મર્યાદાઓનું ઉલ્લંઘન કરી અતિરેક કરવામાં ન આવે અને કોઈ મિલાવટ-છુપી રીતે ખુલાસા વિના મા'મલો કરવો કે, જેના કારણે પરસ્પર મનદુઃખ ઊભું થવાની કે ઝઘડા થવાની નોબત આવે.

વળી, એ બાબતની કાળજી પણ રાખવામાં આવી છે કે, બધા જ પક્ષો રાજી-ખુશીથી કોઈ પણ જાતના દાબ-દબાણ વિના લેવડ-દેવડ કરે અને આ ખુશી અને રાજીપો વાસ્તવિક હોય, કોઈની શેહ-શરમ, દાબ-દબાણ કે ધાક-ધમકીની લેશમાત્ર પણ સંભાવના ન હોય. કારણ કે, ઈસ્લામી શરીઅતમાં જેટલી પણ લેવડ-દેવડ કે કરારો અમાન્ય અને ગુનાહ ગણવામાં આવે છે, તે

બધાનું કારણ એ જ હોય છે કે, તેમાં કોઈ કારણથી, અન્યના દાબ-દબાણ, શેહ-શરમ કે ધાક-ધમકી શામિલ હોય છે, વળી કોઈ જગ્યાએ કોઈ બાબતે દગાબાજી કે ધોકાબાજી પણ હોય છે, ક્યારેક અચોક્કસ વળતરની ચૂકવણી હોય છે, તો ક્યારેક કોઈનો માલ હડપ કરવાની નીતિરીતી હોય છે. અમુક સમયે કોઈને નુકસાન પહોંચાડીને પોતાનો નફો કરવામાં આવે છે અને ક્યારેક સામાન્ય અધિકારોનો નાજાઇઝ અને અન્યાયી ઉપયોગ કરવામાં આવે છે. વ્યાજ, જુગાર વગેરેને હરામ કરવાનું મહત્ત્વનું કારણ એ છે કે, તે વ્યક્તિના સામાન્ય અધિકારો માટે નુકસાનકર્તા છે અને સમાજના સાર્વજનિક હિતને પણ નુકસાનકર્તા છે. વ્યાજના કારણે અમુક વ્યક્તિઓ આર્થિક ઉપાર્જનમાં તગડા થતા જાય છે અને મોટા ભાગનો સમાજ ગરીબીમાં સબડતો રહે છે. આવી આર્થિક ઉપાર્જનની પદ્ધતિઓ બંને પક્ષે રાજી-ખુશીથી હોય તો પણ ઈસ્લામી શરીઅતમાં જાઇઝ નથી. કારણ કે, તે આખા સમાજ વિરૂદ્ધ એક જઘન્ય (નફરતપાત્ર) અપરાધ છે.

ઉપરોક્ત આયતમાં આ બધા જ નાજાઇઝ સ્વરૂપો સમાવેશ કરતો આદેશ વર્ણન કરવામાં આવ્યો છે, وَلَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ એટલે કે, "એકબીજાનો માલ નાજાઇઝ પદ્ધતિથી ન ખાઓ !"

તેમાં એક વાત વિચારવા લાયક છે કે, કુર્આન શરીફમાં શબ્દ اَمْوَالَكُمْ (અમવાલુકુમ) આવ્યો છે, જેનો વાસ્તવિક અર્થ "પોતાનો માલ" થાય છે, જેનો અર્થ એ છે કે, તમે કોઈ અન્યની માલ-મિલકતનો નાજાઇઝ ઉપયોગ કરતા હોય તો એ વિચાર કરો કે, બીજા વ્યક્તિને પોતાના માલથી એવી જ મહોબ્બત અને લગાવ હોય છે, જેવો કે તમને તમારા માલથી હોય છે. જો તેઓ તમારા માલનો આવો નાજાઇઝ ઉપયોગ કરતા થઈ જાય, તો જે દુઃખ તમને પહોંચશે અને તમે જે દુઃખની અનુભૂતિ કરશો; શું જ્યારે તમે અન્યનો માલ ગેરકાયદેસર પચાવી પાડો છો ત્યારે તેને આવું દુઃખ નહિ પહોંચતું હોય ? માટે હવે અન્યનો માલ ખાઈ જતા પહેલાં તેનો એવો જ અહેસાસ કરો જેમકે, તે તમારો જ માલ છે અને અન્ય કોઈ તેને ગેરકાયદેસર ખાઈ રહ્યું છે.

આ સિવાય ઈશારો એ તરફ પણ હોઈ શકે છે કે, જ્યારે એક વ્યક્તિ અન્યના માલ-મિલકતનો ગેરકાયદેસર ઉપયોગ કરે છે, તો તેનું પ્રાકૃતિક અને સ્વાભાવિક પરિણામ એ હોય છે કે, જો આવો રિવાજ ચાલુ થઈ જાય, તો

બીજાઓ પણ દેખા-દેખી આવો નાજાઈઝ ઉપયોગ કરનારની માલ-મિલકતનો આવો જ નાજાઈઝ ઉપયોગ કરતા થઈ જશે. એટલા માટે કોઈ અન્ય વ્યક્તિની માલ-મિલકતનો નાજાઈઝ અને ગેરકાયદેસર ઉપયોગ વાસ્તવમાં પોતાની માલ-મિલકતમાં ગેરકાયદેસર ઉપયોગ કરાવવા માટેનો માર્ગ મોકળો કરે છે. વિચાર કરો ! દા.ત. ખાવા-પીવાની વસ્તુઓમાં જો ભેળ-સેળનો રિવાજ પડી જાય જેમકે, કોઈ ઘીમાં તેલ અથવા ચરબી મેળવીને વધારે નફો પ્રાપ્ત કરે, તો જ્યારે તેને દૂધ ખરીદવાની જરૂરત પડશે તો દૂધવાળો તેને પાણી મેળવીને આપશે. મસાલાની જરૂર પડશે તો તેમાં પણ ભેળસેળ થશે, દવાની જરૂરત હશે તો તેમાં પણ નકલી દવાઓ અને નકલી પદાર્થો સામે આવશે. તો જેટલા પૈસા એક વ્યક્તિએ મિલાવટ અને ભેળસેળ કરીને વધારે મેળવ્યા, બીજો વ્યક્તિ તેના ખિસ્સામાંથી તે પૈસા એ જ પ્રમાણે કાઢી લે છે. એ જ પ્રમાણે બીજા વ્યક્તિના પૈસા ત્રીજો કાઢી લે છે અને માલના વધારે પૈસા આવે છે, એવું સમજીને મૂર્ખ વ્યક્તિ ખૂશ-ખુશાલ થઈ જાય છે, પરંતુ આ વિષચક્રનું પરિણામ જોતો નથી કે, તેની પાસે આવા ભેળસેળ કરી વધારે મેળવેલા માલમાંથી કેટલું બાકી રહ્યું છે ! જો કોઈ વ્યક્તિ અન્યના માલને નાજાઈઝ અને ખોટા માર્ગે મેળવશે, તો વાસ્તવમાં તે પોતાના જ માલનો નાજાઈઝ રીતે અન્યના ઉપયોગ માટે દરવાજો ખોલી રહ્યો છે.

બીજી ધ્યાન આપવા યોગ્ય બાબત એ છે કે, અલ્લાહના ઈરશાદના શબ્દો આમ (જાહેર) છે કે, "ખોટા માર્ગે અને નાજાઈઝ પદ્ધતિથી કોઈનો માલ ન ખાઓ." તેમાં કોઈનો માલ હડપ કરી લેવો પણ શામિલ છે. ચોરી, લૂંટફાટ પણ એમાં જ આવે છે જેમકે, કોઈના ઉપર જુલમ, જબરદસ્તી કરીને માલ ઝૂંટવી લેવામાં આવે છે, એવી જ રીતે વ્યાજ, લાંચ, રુશ્વત, જુગાર વગેરે, તદુપરાંત તમામ પ્રકારની નાજાઈઝ લેવડ-દેવડ, વેપાર વગેરે જેને શરીઅતે જાઈઝ નથી ઠરાવ્યું, ભલે પછી બંને પક્ષો આ પ્રકારની લેવડ-દેવડ માટે પરસ્પર રાજી થઈ પણ જાય. એ જ પ્રમાણે જૂઠું બોલીને અથવા જૂઠી કસમો ખાઈને કોઈનો માલ પ્રાપ્ત કરી લેવો તે એવી કમાઈ છે, જેની ઈસ્લામી શરીઅતે મનાઈ કરી છે. ભલે પછી તે માલ-દૌલત પોતાની જાત-મહેનતથી પ્રાપ્ત કરવામાં આવી હોય કે, અન્ય કોઈ રીતે ! બધું જ હરામ અને બાતિલ છે. કુર્આનના શબ્દોમાં જો કે સાફ-સાફ રીતે આવો માલ ખાવાની મનાઈ કરવામાં આવી છે પરંતુ આ સ્થળે

ખાવાનો મતલબ ફક્ત મોઢામાં કોળિયો મૂકી ખાવાનો નથી બલકે, આવા માલનો ઉપયોગ કરવો અને તે માલ પોતાના લાભ માટે વાપરવો, ભલે પછી તે ખાઈ-પીને હોય, પહેરી-ઓઢીને હોય કે અન્ય કોઈ પદ્ધતિથી ! બધું જ હરામ છે. રૂઢિપ્રયોગ અને ભાષાશૈલીમાં આવા ઉપયોગને "માલ ખાઈ જવો" કહેવામાં આવે છે કે, ફલાણો વ્યક્તિ ફલાણાનો માલ ખાઈ ગયો. ભલે, પછી તે માલ ખાવા-પીવાની વસ્તુ ન પણ હોય ! એટલા માટે કુર્આનમાં "માલ ખાઈ ન જાઓ" શબ્દ(ના રૂઢિપ્રયોગ)નો ઉપયોગ થયો છે.

શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા સ્વરૂપે ઘટેલી ઘટના) :

આ આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે. ઘટના એમ છે કે, સહાબએ કિરામ (રદિ.)માંથી બે સહાબા (રદિ.)ને પરસ્પર એક જમીન બાબતે ઝઘડો થયો. મુકદ્દમો રસૂલે કરીમ ﷺની અદાલતમાં રજૂ થયો, દા'વેદાર પાસે ગવાહ ન હતો. રસૂલુલ્લાહ ﷺએ શરીઅતના કાયદા અનુસાર જેમના ઉપર દા'વો કરવામાં આવ્યો હતો તેમને સોગંદ (કસમ) ખાવાનો હુકમ આપ્યો, તો તે સોગંદ ખાવા તૈયાર થઈ ગયા. તે સમયે રસૂલુલ્લાહ ﷺએ શિખામણ સ્વરૂપે તેમને આયત સંભળાવી,

اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِاللّٰهِ وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا ط

"બેશક ! જે લોકો અલ્લાહને આપેલા વચન અને પોતાની કસમો ઉપર થોડી કિંમત વસૂલી લે છે." (સૂરહ : ૩, આયત : ૭૭)

જેમાં કસમ ખાઈને કોઈનો માલ હડપ કરી લેવા માટે સખત વઈદ (ચેતવણી) છે. તે સહાબી (રદિ.)એ જ્યારે આ આયત સાંભળી તો કસમ ખાવાની વાત છોડી દીધી અને જમીન દા'વેદારના હવાલે કરી દીધી. *(રૂહુલ મઆની)*

આ ઘટના બાદ આ આયત નાઝિલ થઈ, જેમાં નાજાઇઝ પદ્ધતિથી કોઈનો માલ ખાઈ જવો અથવા પ્રાપ્ત કરી લેવો હરામ ઠરાવવામાં આવ્યું અને એ જ આયતના છેવટના ભાગમાં જૂઠા મુકદ્દમા બનાવવાની, જૂઠી કસમો ખાવાની, જૂઠી ગવાહીઓ આપવાની-અપાવવાની પણ સખત મનાઈ કરવામાં આવી અને તે બાબતે ચેતવણી પણ આપવામાં આવી. એટલા માટે ઈરશાદ છે કે, وَتُدْلُوْابِهَا اِلَى الْحُكَّامِ لِتَاْكُلُوْافَرِيْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ تَعْلَمُوْنَ એટલે કે,

"માલને સત્તાધીશો પાસે જૂઠા મુકદમાઓ માટે ન લઈ જાઓ, જેના દ્વારા તમે લોકોના માલનો અમુક હિસ્સો ગુનાહિત રીતે ખાઈ જાઓ. જ્યારે કે તમે જાણો છો" કે, તેમાં તમારો કોઈ અધિકાર નથી, બલકે તમે જૂઠો મુકદમો બનાવી રહ્યા છો. وَاَنْتُمْ تَعْلَمُوْنَ (અને જ્યારે કે તમે જાણો છો)થી સ્પષ્ટ થયું કે, જો કોઈ વ્યક્તિ કોઈ ભૂલથી કોઈ વસ્તુ ઉપર પોતાનો હક સમજી બેસે અને જો તે આવી હાલતમાં કોર્ટમાં દા'વો કરી તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે, તો તે આ વઈદ (ચેતવણી)માં સામેલ નથી. આવી જ એક ઘટનામાં રસૂલ ﷺએ ફરમાવ્યું છે.

اِنَّمَا اَنَا بَشَرٌ وَّاَنْتُمْ تَخْتَصِمُوْنَ اِلَيَّ وَلَعَلَّ بَعْضَكُمْ اَنْ يَّكُوْنَ اَلْحَنَ بِحُجَّتِهٖ مِنْ بَعْضٍ فَاَقْضِىْ لَهٗ عَلٰى نَحْوِ مَا اَسْمَعُ مِنْهُ فَمَنْ قَضَيْتُ لَهٗ بِشَىْءٍ مِنْ حَقِّ اَخِيْهِ فَلَا يَاْخُذَنَّهٗ فَاِنَّمَا اَقْطَعُ لَهٗ قِطْعَةً مِّنَ النَّارِ (رَوَاهُ الْبُخَارِىُّ وَ مُسْلِمٌ عَنْ اُمِّ سَلَمَةَ ؓ)

"(દા.ત.) હું એક વ્યક્તિ છું અને તમે મારી પાસે પોતાનો મુકદમો (કેસ) લાવો છો, જેમાં એવું થઈ શકે છે કે, કોઈ વ્યક્તિ પોતાની બાબતને (દા'વાને) વધારે રંગીન કરી (મરચું-મીઠું ભભરાવી) રજૂ કરે અને હું તેનાથી સંતોષ પામી તેની તરફેણમાં ફેંસલો કરી આપું, તો (યાદ રાખો કે, ઘટનાની જાણકારી તો મુકદમાના બંને પક્ષોને સારી રીતે હોય છે) જો વાસ્તવમાં તેનો અધિકાર ન હતો, તો તેણે લેવું ન જોઈએ. કારણ કે, આવી પરિસ્થિતિમાં જે કંઈ પણ હું તેને આપીશ, તે જહન્નમની આગનો એક ટૂકડો હશે."

રસૂલુલ્લાહ ﷺના આ ફરમાનમાં સ્પષ્ટ હુકમ છે કે, જો કોઈ ઈમામ અથવા ન્યાયાધીશ અથવા મુસલમાનોની પંચ કોઈ ભૂલના કારણે કોઈ ફેંસલો કરે, જેમાં કોઈ એક વ્યક્તિનો હક બીજાને નાજાઈઝ અને ખોટી રીતે મળી રહ્યો છે, તો આ અદાલત કે પંચના ફેંસલાના કારણે આ માલ તેના માટે હલાલ નથી થઈ જતો અને જેના માટે હલાલ છે, તેના માટે હરામ નથી થઈ જતો. મતલબ કે, અદાલત કે પંચનો ફેંસલો કોઈ હલાલને, હરામ અને હરામને, હલાલ નથી બનાવતો. જો કોઈ વ્યક્તિ દગાબાજીથી અથવા ખોટી ગવાહીથી અથવા જૂઠી કસમો ખાઈને કોઈનો માલ અદાલતના માધ્યમથી હડપ કરી લે, તો તેનો વબાલ તેની ગરદન ઉપર બાકી રહેશે. તેને જોઈએ કે, તેણે આખિરતના હિસાબ-કિતાબ અને સર્વજ્ઞ-સર્વવ્યાપી અલ્લાહની અદાલતમાં રજૂ થવાનો વિચાર કરી તે

માલ–મિલકત છોડી દેવી જોઈએ.

ઈમામ અબૂ હનીફા (રહ.) નજીક જે બાબતોમાં કાઝી (ઈસ્લામી શરીઅતની કોર્ટના ન્યાયાધીશ)ને જે બાબતોમાં શરઈ રીતે અધિકાર પ્રાપ્ત છે, તેવી બાબતોમાં જો તેઓ કોઈ જૂઠી કસમો અથવા જૂઠી ગવાહીઓના આધારે કોઈ ફૈસલો સંભળાવે છે, તો શરઈ રીતે આ ફૈસલો સહીહ થઈ જશે. તથા હરામ–હલાલના હુકમો તેના ઉપર તે ફૈસલા પ્રમાણે લાગુ પડશે. જો કે જૂઠું બોલવાનો અને જૂઠી ગવાહીઓનો વબાલ એવું કરનારના માથે બાકી રહેશે.

હલાલ માલની બરકતો અને હરામ માલની નહૂસત (સૂગ) :

હરામથી બચવા અને હલાલને મેળવવા કુર્આન શરીફમાં વિવિધ જગ્યાઓએ વિવિધ વિષયો હેઠળ તાકીદ થઈ છે, એક આયતમાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, વ્યક્તિના અમલો અને અખ્લાકમાં હલાલ માલ ખાવાનો ઘણો મોટો હાથ રહેલો છે. જો કોઈના ખાવા–પીવામાં હલાલ માલ ન હોય, તો તેનાથી સારી વર્તણૂક અને નેક કામોની આશા રાખવી ઘણી જ મુશ્કેલ છે.

يٰۤاَيُّهَا الرُّسُلُ كُلُوْا مِنَ الطَّيِّبٰتِ وَاعْمَلُوْا صَالِحًا ؕ اِنِّيْ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ؕ

"હે નબીઓના સમૂહ ! હલાલ અને પાક વસ્તુઓ ખાઓ, અને નેક અમલો કરો, હું તમારા કર્મો (અમલો)ની વાસ્તવિકતાથી વાકેફ છું."

(સૂરહ : ૨૩, આયત : ૫૧)

આ આયતમાં હલાલ ખાવા સાથે નેક અમલોનો હુકમ ફરમાવી કહેવામાં આવ્યું છે કે, નેક અમલોની ઈચ્છા ત્યારે જ થઈ શકે છે, જ્યારે કે, વ્યક્તિનું ખાવું–પીવું હલાલ હોય અને રસૂલુલ્લાહ ﷺએ એક હદીષમાં સ્પષ્ટ રીતે ફરમાવી દીધું છે કે, "આ આયતમાં જો કે સંબોધન અંબિયા (અલૈ.)ને છે પરંતુ આ હુકમ ફક્ત એમના માટે જ ખાસ નથી બલકે, બધા મુસલમાનો આ હુકમ હેઠળ આવી જાય છે." આ હદીષના અંતે આપ ﷺએ એવું પણ ફરમાવ્યું કે, "હરામ માલ ખાનારની દુઆ કબૂલ નથી થતી. ઘણા વ્યક્તિઓ ઈબાદત વગેરેમાં તકલીફ વગેરે ઉઠાવે છે, અલ્લાહ સામે દુઆ માટે હાથ ફેલાવે છે, યા રબ ! યા રબ ! પોકારે છે, પરંતુ તેમનું ખાવું હરામ ! તેમનું પીવું હરામ ! તેમનો લિબાસ હરામ છે ! તો તેમની દુઆ ક્યાંથી કબૂલ થઈ શકે છે ?!"

રસૂલુલ્લાહ ﷺના શિક્ષણનો એક મોટો ભાગ આ કાર્ય માટે જ વકફ રહ્યો છે કે, ઉમ્મતને હરામથી બચાવે અને હલાલનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન, પ્રેરણા તથા પ્રોત્સાહન આપે.

એક હદીષમાં કહેવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિએ હલાલ ખાધું અને સુન્નત પ્રમાણે અમલ કર્યો અને લોકો તેના ત્રાસથી સુરક્ષિત રહ્યા, તો તે જન્નતમાં જશે." સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ ! આજકાલ તો આવી પરિસ્થિતિ આપ ﷺની ઉમ્મતમાં સામાન્ય છે. મોટા ભાગના મુસલમાનો આ બાબતોના પાબંદ છે." આપ ﷺએ ફરમાવ્યું કે, "હા! ભવિષ્યમાં પણ પ્રત્યેક યુગમાં આવા લોકો થતા રહેશે, જે આ હુકમોના પાબંદ હશે." (આ હદીષ તિરમીઝીની રિવાયતમાં છે અને તેને સહીહ કહી છે.)

એક બીજી હદીષમાં છે કે, "રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ને ફરમાવ્યું કે, ચાર આદતો એવી છે, જ્યારે તે તમારામાં મૌજૂદ હોય, તો પછી દુનિયામાં કંઈ પણ મળ્યું ન હોય તે છતાં આ ચાર આદતો તમારા માટે પૂરતી છે. તે ચાર ટેવો આ છે. (૧) અમાનતની હિફાઝત, (૨) સાચું બોલવું, (૩) સારી વર્તણૂક (સારા અખ્લાક) અને (૪) હલાલ ખાવાની કાળજી રાખવી."

હઝરત સઅ્દ બિન અબી વક્કાસ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺને દરખાસ્ત કરી કે, "મારા માટે એવી દુઆ કરો કે, હું "મકબૂલુદુઆ" (જેની દુઆ કબૂલ થાય તેવો વ્યક્તિ) બની જાઉં, જે પણ દુઆ કરૂં તે કબૂલ થયા કરે." આપ ﷺએ ફરમાવ્યું, "હે સઅ્દ ! પોતાનું ખાવું હલાલ અને પાક બનાવી લો ! "મુસ્તજાબુદઅ્વાત" (જેની દરેક દુઆ કબૂલ થાય છે તેવા વ્યક્તિ) બની જશો અને કસમ છે તે પાક જાતની ! જેના કબજામાં મુહમ્મદ (ﷺ)નો જીવ છે. જ્યારે બંદો પોતાના પેટમાં હરામનો લુકમો નાંખે છે, તો ૪૦ દિવસ સુધી તેના કોઈ અમલ કબૂલ નથી થતા અને જે વ્યક્તિના શરીરનો માંસ હરામ માલથી બન્યો છે, તો તેના માટે જહન્નમની આગ જ યોગ્ય છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, કસમ છે તે પાક જાતની, જેના કબજામાં મારો જીવ છે ! કે કોઈ બંદો ત્યાં સુધી મુસલમાન નથી થતો, જ્યાં સુધી કે તેનું દિલ અને જીભ

મુસલમાન ન થઈ જાય અને જ્યાં સુધી તેનો પાડોશી તેના ત્રાસથી સુરક્ષિત ન થઈ જાય, અને જ્યારે કોઈ બંદો હરામનો માલ ખાય છે, પછી તેનો સદકહ કરે છે, તો તેનો સ્વીકાર થતો નથી અને જો તે તેમાંથી ખર્ચ કરે છે, તો તેમાં બરકત થતી નથી અને જો તે એવો માલ તેના વારસદારો માટે છોડી જાય છે, તો જહન્નમ તરફ જવા માટે તેમનું ભાથું બને છે. બેશક ! અલ્લાહ તઆલા ખરાબ વસ્તુઓથી ખરાબ કર્મોને નથી ધોતો. હા ! સારા કૃત્યોથી દુષ્કૃત્યોને ધોઈ નાંખે છે."

મહશરમાં દરેક વ્યક્તિને પાંચ અગત્યના પ્રશ્નો થશે :

હઝરત મઆઝ બિન જબલ (રદિ.)એ ફરમાવ્યું છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

مَاتَزَالُ قَدَمَاعَبْدٍ يَوْمَ الْقِيَامَةِ حَتّٰى يُسْأَلَ عَنْ اَرْبَعٍ عَنْ عُمْرِهٖ فِيْمَا اَفْنَاهُ وَعَنْ شَبَابِهٖ فِيْمَا اَبْلَاهُ وَعَنْ مَّالِهٖ مِنْ اَيْنَ اكْتَسَبَهُ وَفِيْمَا اَنْفَقَهُ وَعَنْ عِلْمِهٖ مَاذَا عَمِلَ فِيْهِ

(اَلْبَيْهَقِىٌّ، تَرْغِيْبٌ)

"કયામતના દિવસે મહશરના મૈદાનમાં કોઈ બંદો પોતાની જગ્યાએથી હલી (પણ) નહિ શકે, જ્યાં સુધી કે તેની પાસેથી ચાર પ્રશ્નોનો ઉત્તર પ્રાપ્ત ન કરવામાં આવે ! એક એ કે, તેણે પોતાની જિંદગી કયા કાર્યમાં ખર્ચ કરી ? બીજું એ કે, પોતાની યુવાની કઈ વ્યસ્તતામાં બરબાદ કરી ? ત્રીજું એ કે, પોતાનો માલ ક્યાંથી કમાયો (અને) ક્યાં ખર્ચ કર્યો ? અને ચોથું એ કે, પોતાના જ્ઞાન (ઇલ્મ) ઉપર ક્યાં સુધી અમલ કર્યો ?"

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, રસૂલે કરીમ ﷺએ એક વખતે ખુત્બો (ભાષણ) આપ્યો, તેમાં ફરમાવ્યું કે, "હે મુહાજિરોના સમૂહ! પાંચ આદતો એવી છે જે તમારી અંદર પૈદા થવાથી હું અલ્લાહ તઆલાની પનાહ (શરણ) માંગું છું. એક એ છે કે, જ્યારે કોઈ કૌમમાં બેહયાઈ (લંપટતા-બેશરમી) ફેલાય જાય છે, તો તેમના ઉપર પ્લૅગની વબા અને એવી નવી-નવી બીમારીઓ ફેલાય છે કે, જે તેમના બાપદાદાઓએ સાંભળી પણ ન હતી. બીજું એ કે, જ્યારે કોઈ કૌમમાં તોલ-માપમાં કમી કરવાની બીમારી ફેલાય છે તો તેમના ઉપર દુષ્કાળ મોંઘવારી, તંગી, તકલીફો, મહેનત અને શાસન તરફથી અત્યાચાર થોપી દેવામાં આવે છે અને ત્રીજું એ છે કે, જ્યારે કોઈ કૌમ ઝકાત અદા ન કરે, તો વરસાદ બંધ કરી દેવામાં આવે છે અને ચોથું એ કે, જ્યારે

કોઈ કૌમ અલ્લાહ તઆલા અને તેના રસૂલના વાયદાને તોડી નાંખે છે, તો અલ્લાહ તઆલા તેમના ઉપર કોઈ અજાણ્યા દુશ્મનને થોપી દે છે અને તે તેમની માલ-મિલકત કોઈપણ પ્રકારના અધિકાર વિના ઝૂંટવી લે છે અને પાંચમું એ કે, જ્યારે કોઈ કૌમના શાસકો અલ્લાહની કિતાબના કાયદા પ્રમાણે ફૈસલો ન કરે અને અલ્લાહ તઆલાએ નાઝિલ કરેલા હુકમો તેમના દિલો પર અસર ન કરે, તો અલ્લાહ તઆલા પરસ્પર તેમનામાં નફરત અને લડાઈ-ઝઘડા નાંખી દે છે." (આ રિવાયત ઈબ્ને માજહ અને બયહકી વગેરેએ નકલ કરી છે તથા હાકિમે તેને મુસ્લિમની શરત પ્રમાણે સહીહ કહી છે. અમુક રિવાયતોમાં પાંચ વસ્તુઓ છે પરંતુ તેમાં માલ-મિલકતને બે અલગ-અલગ બાબતો ગણવામાં આવી છે.)

અલ્લાહ તઆલા આપણને અને બધા મુસલમાનોને આ આફતોથી સુરક્ષિત રહેવાની સંપૂર્ણ તૌફીક અતા ફરમાવે. આમીન.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૮૯-૧૯૦-૧૯૧)

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ ؕ قُلْ هِیَ مَوَاقِيْتُ لِلنَّاسِ وَالْحَجِّ ؕ وَلَيْسَ الْبِرُّ بِاَنْ
تَاْتُوا الْبُيُوْتَ مِنْ ظُهُوْرِهَا وَلٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰی ۚ وَاْتُوا الْبُيُوْتَ مِنْ اَبْوَابِهَا ۠
وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۱۸۹﴾ وَقَاتِلُوْا فِیْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ يُقَاتِلُوْنَكُمْ وَلَا
تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿۱۹۰﴾ وَاقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ
وَاَخْرِجُوْهُمْ مِّنْ حَيْثُ اَخْرَجُوْكُمْ وَالْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ ۚ وَلَا تُقٰتِلُوْهُمْ
عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ حَتّٰی يُقٰتِلُوْكُمْ فِيْهِ ۚ فَاِنْ قٰتَلُوْكُمْ فَاقْتُلُوْهُمْ ؕ كَذٰلِكَ
جَزَآءُ الْكٰفِرِيْنَ ﴿۱۹۱﴾

તરજુમો :

તેઓ તમને (આપ ﷺને) નવા (માસના) ચાંદ વિશે પૂછે છે, તમે કહી આપો ! તે (ચાંદ) લોકો માટે સમય નક્કી કરવાનું તથા હજ્જ (જેવી

ઈબાદતો) માટે છે, અને નેકી એ નથી કે તમે ઘરોમાં પાછળના ભાગેથી દાખલ થાઓ, અને પરંતુ નેકી એ છે કે, જો કોઈ અલ્લાહથી ડરે; અને તમે ઘરોમાં તેના (મુખ્ય) દરવાજેથી જ દાખલ થાઓ; અને અલ્લાહથી ડરો, જેથી તમે સફળતા પ્રાપ્ત કરો. (૧૮૯) અને તમે અલ્લાહના રસ્તામાં તે લોકો સાથે યુદ્ધ કરો જે તમારી સાથે યુદ્ધ કરે છે, અને (કોઈના ઉપર) અતિરેક (મર્યાદાઓનું ઉલ્લંઘન) ન કરો; બેશક ! અલ્લાહ અતિરેક કરનારને પસંદ નથી કરતો. (૧૯૦) અને તેમને જ્યાં જુઓ ત્યાં કતલ કરી નાંખો, અને તેમને કાઢી મૂકો (દેશ નિકાલ કરો); જ્યાંથી એમણે તમને કાઢી મૂક્યા હતા; અને ફિત્નો એ હત્યા કરવાથી વધારે સંગીન (સખત બાબત) છે; અને તેમની સાથે મસ્જિદે હરામ પાસે ન લડો, જ્યાં સુધી કે તેઓ તમારી સાથે તે સ્થળે ન લડે; પછી જો તેઓ તમારી સાથે (તે સ્થળે પોતે જ) લડે, તો (તમે પણ) તેમને મારો; આ જ કાફિરોનો બદલો (સજા) છે. (૧૯૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આયત لَيۡسَ الۡبِرُّ ના અનુસંધાને વર્ણન થઈ ચૂક્યું છે કે, ત્યાર પછી સૂરએ બકરહની છેવટ સુધી اَبۡوَابُ الۡبِرِّ (બિર્રના પ્રકરણો)નો ઉલ્લેખ થશે, જે શરીઅતના અગત્યના હુકમો ઉપર આધારિત છે. તેમાં પહેલો હુકમ "કિસાસ" (હત્યાના બદલા) વિશેનો, બીજો હુકમ વસિય્યતનો, ત્રીજો અને ચોથો હુકમ સંબંધિત મસ્અલાઓ વિશે, પાંચમો હુકમ એઅ્તિકાફનો અને છટ્ઠો હુકમ હરામ માલથી બચવાનો હતો. પ્રસ્તુત બે આયતોમાં હજ્જ અને જિહાદના હુકમો અને તેના મસ્અલાઓનો ઉલ્લેખ છે. હજ્જના હુકમ પહેલાં એ બતાવવામાં આવ્યું કે, રોઝા અને હજ્જ વગેરે માટે ચાંદ આધારિત મહિનાઓ અને દિવસોને ગણતરીમાં લેવામાં આવશે.

શબ્દાર્થ :

اَهِلَّةٌ (અહિલ્લહ)એ "હિલાલ"નું બહુવચન છે. ચંદ્ર આધારિત મહિનાઓની શરૂઆતની અમુક રાતોના ચાંદને "હિલાલ" કહેવામાં આવે છે. مَوَاقِيۡتُ (મવાકીતુ) એ مِيۡقَاتٌ (મીકાત)નું બહુવચન છે, તેનો અર્થ "સમય" અથવા "મહિનાઓનો સમય" થાય છે. *(કુર્તુબી)*

તફસીર :

સાતમો હુકમ હજ્જ વગેરે ઇબાદતોની ચંદ્ર આધારિત મહિનાઓની ગણતરી :

(અમુક લોકો) આપ (ﷺ)થી (તે) ચંદ્રની (જે પ્રત્યેક મહિનામાં વધતો-ઘટતો રહેવાની) પરિસ્થિતિ (અને તેનાથી જે ફાયદાઓ છે તે ફાયદાઓ)ની તહકીક કરે છે. તમે ફરમાવી આપો કે, (તેનો લાભ એ છે કે,) તે ચંદ્ર (પોતાના ઘટવા અને વધવાના આધારે એક સહૂલત પ્રદાન કરે છે કે,) લોકો માટે સમયની ગણતરી (મહિનાઓ અને દિવસો નક્કી કરવાના ઉપયોગ માટે તથા મરજીયાત કામો જેમકે, ઈદ્દતની ગણતરી તેમજ હકોની અદાયગીની મુદ્દતની ગણતરી માટે) અને (અમુક ગૈરઈખ્તિયારી ઈબાદતો માટે જેમકે) હજ્જ (ઝકાત, રોઝા વગેરે) માટે (ઉપયોગી) છે.

આઠમો હુકમ; જાહિલિયત (અજ્ઞાનતા)ના રિવાજોની સુધારણા બાબત :

(અમુક લોકો ઈસ્લામ લાવતા પહેલાં એવું કરતા હતા કે, જો હજ્જનો અહેરામ બાંધ્યા પછી કોઈ જરૂરતના કારણે ઘેર જવા ઈચ્છતા, તો ઘરના મુખ્ય, આગળના દરવાજેથી પ્રવેશ કરવાની મનાઈ સમજતા હતા અને મુખ્ય દરવાજેથી ઘરમાં પ્રવેશ કરવાના બદલે પાછળની દિવાલમાં કાણું-બખોલું પાડીને ઘરોમાં દાખલ થતા હતા અને આ અમલને ફઝીલત સમજતા હતા. અલ્લાહ તઆલાએ તે સંદર્ભે ફરમાવ્યું,) અને તેમાં કોઈ નેકી નથી કે, ઘરોમાં તેના પાછળના ભાગેથી પ્રવેશ કરો, હા ! નેકી એ છે કે, કોઈ વ્યક્તિ હરામ (વસ્તુઓ)થી બચે અને (કારણ કે ઘરોમાં મુખ્ય દરવાજેથી દાખલ થવું હરામ નથી એટલા માટે ત્યાંથી દાખલ થવામાં કોઈ વાંધો નથી) ઘરોમાં દાખલ થવા ચાહો તો તેના (મુખ્ય) દરવાજેથી જ પ્રવેશ કરો અને (વાસ્તવિક મુખ્ય નિયમ તો એ છે કે,) અલ્લાહ તઆલાથી ડરતા રહો. આશા છે કે તમે (બંને જહાનમાં) સફળતા પ્રાપ્ત કરો.

નવમો હુકમ; કાફિરો સાથે યુદ્ધ કરવું :

(જિલ્કદ ૬ હિજરીમાં રસૂલે કરીમ ﷺ ઉમરહ કરવાના ઈરાદે મક્કા મુઅઝ્ઝમહમાં તશરીફ લઈ ગયા તે સમય સુધી મક્કા શહેર મુશ્રિકોના કબજા અને શાસન હેઠળ હતું. તે લોકોએ રસૂલે કરીમ ﷺ અને તેમના સાથીઓને

મક્કામાં પ્રવેશવા ન દીધા અને રસૂલે કરીમ ﷺ ઉમરહ ન કરી શક્યા. છેવટે ઘણી વાટાઘાટોના અંતે એવો કરાર થયો કે, આવતા વર્ષે રસૂલુલ્લાહ ﷺ આવીને ઉમરહ કરી શકે છે. જેથી, જિલ્કદ સન હિજરી ૭માં ફરીવાર રસૂલે કરીમ ﷺ તે ઈરાદેથી મક્કા તશરીફ લઈ ગયા, પરંતુ તેમના સાથી મુસલમાનોને એ ભય થયો-લાગ્યો કે, કદાચ મુશ્રિકો કરાર પ્રમાણે અમલ નહિ કરે અને શક્ય છે કે, યુદ્ધ કરવા તૈયાર થઈ જાય, તો આવી પરિસ્થિતિમાં ચૂપચાપ બેસી રહેવું યોગ્ય નથી અને જો તેમનો મુકાબલો કરવો પડે તો જિલ્કદમાં યુદ્ધ થશે, જે તે ચાર મહિનાઓમાંથી એક છે, જેને "અશ્હુરે હરમ" કહેવામાં આવે છે. આ ચાર મહિનાઓમાં તે સમય -સન હિજરી ૭- સુધી યુદ્ધ હરામ અને પ્રતિબંધિત હતું. આ ચાર મહિનાઓ જિલ્કદ, જિલ્હજ્જ, મુહર્રમ અને રજ્જબ હતા. મતલબ કે મુસલમાનો આ અવઢવની પરિસ્થિતિથી પરેશાન થઈ ગયા, તો અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ ફરમાવી કે, તે ખાસ કરાર કરનારાઓ સાથે પરસ્પરના કરારના કારણે તમારા તરફથી યુદ્ધની શરૂઆત કરવાની પરવાનગી નથી, પરંતુ જો તે લોકો કરારભંગ કરે અને તમારી સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ જાય, તો તે વખતે તેમની સાથે યુદ્ધ કરવામાં કોઈ પ્રકારનો ભય-ખતરો વ્યક્ત ન કરો અને તેમની સાથે લડો.)

અને (ખચકાટ વિના) તમે (પણ) અલ્લાહના રસ્તામાં લડો (એટલે કે એ નિય્યતથી કે તે લોકો અલ્લાહના દીનનો વિરોધ કરી મુસલમાનોની ઈબાદતમાં અવરોધ અને આડખીલી બને છે.) જો તે લોકો (કરારભંગ કરી) તમારી સાથે લડવા લાગે અને (તમે પોતે) મર્યાદાનું ઉલ્લંઘન ન કરો (કે જાતે કરારભંગ કરી લડવા લાગો). ખરેખર, અલ્લાહ તઆલા મર્યાદાઓ (શરીઅતના હલાલ-હરામના હુકમો)નું ઉલ્લંઘન કરનારને પસંદ નથી કરતો અને (જો તેઓ પોતે કરારભંગ કરે તો તે વખતે દિલ ખોલીને) તેઓ જે કોઈ પણ સ્થળે હોય, તેમને કતલ કરો અને (ભલે) તેમને (મક્કાથી) દેશનિકાલો આપો જ્યાંથી તેમણે તમને (ત્રાસ આપી અને તંગ કરી હિજરત કરવા માટે મજબૂર કરી) કાઢ્યા હતા અને (તમારા ઉપર તેમને કતલ કરવાનો કે દેશ નિકાલો કરવાનો કોઈ આક્ષેપ નહિ રહે કારણ કે, તેઓ પોતે જ કારારભંગ કરી તમારી સાથે યુદ્ધ કરી રહ્યા છે અને આ એક પ્રકારની મોટી શરારત અને દગાબાજી છે.) શરારત (નુકસાન

પહોંચાડવામાં) કતલ કરવાથી (અને દેશ નિકાલો આપવાથી) વધારે સંગીન છે. (કારણ કે, કતલ કરવાની અને દેશ નિકાલ કરવાની પરિસ્થિતિ આવી શરારત (ફિત્ના)ના કારણે જ ઊભી થાય છે) અને (આ કરારના બાધ સિવાય તેમની સાથે યુદ્ધ કરવાથી તમને એક બીજું કારણ પણ રોકે છે અને તે એ છે કે, હરમ શરીફ એટલે કે, મક્કા અને તેની આજુબાજુનો વિસ્તાર એક પવિત્ર માનપાત્ર ભૂમિ છે અને ત્યાં યુદ્ધ કરવું તેની પવિત્રતા અને માન-મર્યાદાને ભ્રષ્ટ કરવા સમાન છે. એટલા માટે આ હુકમ આપવામાં આવે છે કે,) તેમની સાથે મસ્જિદે હરામની પાસે (અથવા આજુબાજુનો વિસ્તાર કે જે હરમ કહેવાય છે ત્યાં) યુદ્ધ ન કરો, જ્યાં સુધી કે તેઓ તે સ્થળે તમારી સાથે પોતે યુદ્ધ શરૂ ન કરે. હા ! જો તેઓ (કાફિરો) તે સ્થળે પોતે જ (તમારી સાથે) લડવા લાગે તો (તે સમયે તમને પણ પરવાનગી આપવામાં આવે છે કે,) તમે (પણ) તેમને મારો ! આવા કાફિરોની (જેઓ હરમમાં પણ લડવા તૈયાર છે.) આ જ સજા છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં સહાબા (રદિ.)નો એક પ્રશ્ન અને અલ્લાહ તઆલા તરફથી તેનો એક ઉત્તર વર્ણવવામાં આવ્યો છે. મુફસ્સીર ઈમામ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલુલ્લાહ ﷺના સહાબા (રદિ.)ની એક ખાસ શા'ન છે કે તેમણે આપ ﷺની પ્રતિષ્ઠા અને માન-મરતબો જાળવવા માટે ઘણા ઓછા પ્રશ્નો કર્યા છે. તેનાથી વિપરીત આગલી ઉમ્મતોએ જેમણે ખૂબ સવાલો કર્યા, તેમણે અંબિયા (અલૈ.)ના દરજ્જાને અને માન-મરતબાને જાળવ્યો નહિ." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "સહાબએ કિરામ (રદિ.)ના પ્રશ્નો જેનો ઉલ્લેખ કુર્આન શરીફમાં થયો છે તે કુલ ૧૪ છે, જેમાં એક પ્રશ્ન ઉપરોક્ત પ્રમાણે છે. اِذَا سَأَلَكَ عِبَادِىْ (અને જ્યારે મારો બંદો આપ ﷺને મારા વિશે પૂછે છે) બીજો પ્રશ્ન આ (ચાંદ વિશે) છે અને ત્યાર બાદ સૂરએ બકરહમાં જ ૬ (છ) પ્રશ્નો આવેલ છે અને બાકીના છ પ્રશ્નો વિવિધ સૂરતોમાં આવ્યા છે."

ઉપરોક્ત આયતમાં ઉલ્લેખ છે કે, સહાબએ કિરામ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺને اَهِلَّة મહિનાના શરૂઆતના ચાંદ વિશે પ્રશ્ન કર્યો કે, તેનું

સ્વરૂપ સૂર્ય કરતાં જુદું છે કે, તે ક્યારેક બારિક અને પાતળો હોય છે અને ધીમે ધીમે વધે છે, પછી સંપૂર્ણ ગોળ થઈ જાય છે, પછી તે ધીરે ધીરે ઘટતો જાય છે. તેની વાસ્તવિકતા જાણવા માટે અથવા તેની હિકમત અથવા મસ્લિહત વિશે પ્રશ્ન કર્યો, બંને પ્રકારની સંભાવનાઓ હતી. પરંતુ જે જવાબ આપવામાં આવ્યો, તેમાં હિકમત અને મસ્લિહતનું વર્ણન છે. જો સહાબા (રદિ.)નો સવાલ જ એવો હતો કે, ચાંદ વધવા-ઘટવાની હિકમતની મસ્લિહત શું છે ? તો જવાબ તેમના સવાલ પ્રમાણે બિલકુલ સચોટ છે અને જો સવાલ એ પ્રમાણે હતો કે, તેના વધવા-ઘટવાનું કારણ શું છે ? તો તે સહાબા (રદિ.)ની શા'ન પ્રમાણે નથી, તો પછી જવાબ ચંદ્રના વધવા-ઘટવાના ખગોળીય કારણોના બદલે તેની મસ્લિહત અને હિકમત વર્ણન કરવાથી એ બાબત તરફ ઈશારો છે કે, ખગોળીય વિદ્યાઓની મૂળ વાસ્તવિકતાઓ સુધી પહોંચવું મનુષ્યની ક્ષમતા બહારની વાત છે. *(ભલે વ્યક્તિ ચંદ્ર કે મંગળ ઉપર પહોંચી જાય પરંતુ પ્રત્યેક ખગોળીય ઘટનાઓ અને ખગોળીય પદાર્થોના અસલી બંધારણો અને તત્ત્વો તથા ગતિઓની વિવિધતાને જાણવા માટે હજુ મનુષ્યને કરોડો નહિ બલકે, અબજો વર્ષો પણ ઓછા પડે અને તો પણ સંપૂર્ણ ખગોળીય ઘટનાઓનો તાગ મેળવવો મનુષ્યની ક્ષમતા બહારની વાત છે. -અનુવાદક)* તદુપરાંત કોઈ દીની અથવા દુનિયવી કાર્યનો આધાર ખગોળીય ઘટનાઓના સંપૂર્ણ જ્ઞાન ઉપર અવલંબિત નથી. એટલા માટે ખગોળીય ઘટનાઓના કારણોમાં પડવું અને પૂછવું કે ચાંદ કેવી રીતે વધે છે કે, કેવી રીતે ઘટે છે ?! અથવા તો તેના ઉપર અમારા કયા કાર્યો અવલંબિત છે ? તેના બદલે તેનો સીધોસટ જવાબ રસૂલુલ્લાહ ﷺને આપવામાં આવ્યો કે, તમે એમને કહી આપો કે, ચંદ્ર સાથે તમારું જે કાર્ય જોડાયેલું છે, તે ફક્ત એટલું જ છે કે, તેના દ્વારા તમે દિવસો અને મહિનાઓની ગણતરી કરી શકો અને તમારા વાયદાઓ અને સમય સીમાઓ તથા હજ્જ વગેરે જેવી ઈબાદતના સમય નક્કી કરવામાં સહૂલત મેળવી શકો.

ચંદ્ર અને સૂર્યના પંચાગ (કેલૅન્ડર)ની શરઈ હૈસિયત (સ્વરૂપ) :

આ આયતથી એટલું તો સ્પષ્ટ થઈ ગયું કે ચંદ્રના માધ્યમ દ્વારા તારીખો, મહિનાઓ અને વર્ષોના હિસાબનું કેલૅન્ડર બનાવી શકાય છે, જેના આધારે વાયદા આધારિત લેવડ-દેવડ, હજ્જ, રોઝા વગેરે જેવી ઈબાદતો કરી શકાય

છે. આ વિષયને સૂરએ યુનૂસની આયતમાં આ જ અનુસંધાને ઉલ્લેખ થયો છે. وَقَدَّرَهٗ مَنَازِلَ لِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَالْحِسَابَ (یُوْنُس) (અને તેની કક્ષાઓ નક્કી કરી દીધી, જેથી તમે વર્ષોની ગણતરી અને હિસાબ જાણી શકો. -સૂરહ:૧૦, આયત:૫) જેમાં ખબર પડી કે, ચંદ્રની વિવિધ કક્ષાઓ, ગતિઓ અને વિવિધ પરિસ્થિતિઓના પસાર થવામાં લાભ એ છે કે, તેના દ્વારા વર્ષો, મહિનાઓ તથા તારીખોનો હિસાબ જાણી શકાય છે. પરંતુ સૂરએ બની ઈસ્રાઈલની આયતમાં સૂર્યનો પણ આ જ પ્રમાણે તારીખો, મહિનાઓ અને વર્ષોનું કેલૅન્ડર બનાવવા માટે ઉલ્લેખ થયો છે.

فَمَحَوْنَآ اٰيَةَ الَّيْلِ وَجَعَلْنَآ اٰيَةَ النَّهَارِ مُبْصِرَةً لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَلِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَالْحِسَابَ ۭ (سُوْرَةُ بَنِىْ اِسْرَائِيْل، رُكُوْع ٣)

"પછી રાતનો નમૂનો મિટાવીને દિવસનો નમૂનો જોવા માટે બનાવ્યો, જેથી પોતાના પરવરદિગારના ફઝ્લને તલાશ કરો અને જેથી વર્ષોની ગણતરી અને હિસાબ જાણી લો." *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત : ૧૨)*

આ ત્રીજી આયતથી ભલે એ સાબિત થાય છે કે, મહિનાઓ વગેરેનો હિસાબ સૂર્યના આધારે પણ લગાવી શકાય છે. *(રૂહુલ મઆની)*

પરંતુ ચંદ્રની બાબતમાં જે શબ્દોનો કુર્આન શરીફમાં ઉપયોગ કરવામાં આવ્યો છે તેમાં સ્પષ્ટ ઈશારો થયો છે કે, ઈસ્લામી શરીઅતમાં ચાંદના હિસાબ આધારે જ દિવસો, મહિનાઓ અને વર્ષોની ગણતરીનું કેલૅન્ડર બનાવવામાં આવશે અને ખાસ કરીને તે ઈબાદતો માટે જેનો સંબંધ કોઈ ખાસ મહિનાઓ અથવા તારીખો સાથે છે. જેમકે રમઝાનના રોઝા, હજ્જનો મહિનો, હજ્જના દિવસો, આશૂરહ, શબે બરાઅત વગેરે વિશે જે હુકમો છે, તે બધા જ "રૂયતે હિલાલ" (ચાંદ નિહાળવા) ઉપર આધાર રાખે છે. કારણ કે, આ આયતમાં هِىَ مَوَاقِيْتُ لِلنَّاسِ وَالْحَجِّ (તે [ચાંદ] લોકો માટે હજ્જ [જેવી ઈબાદતો] તથા સમય નક્કી કરવાનું માધ્યમ છે.) સ્પષ્ટ રીતે ફરમાવી દીધું કે, અલ્લાહ તઆલા નજીક ચાંદનો હિસાબ જ આધાર છે. ચાંદ આધારિત વર્ષોની ગણતરી માટેનું કેલૅન્ડર જ માન્ય છે, ભલે આ હિસાબ અને પંચાંગ (કેલૅન્ડર) સૂર્યની ગતિના આધારે પણ જાણી શકાતું હોય.

ઈસ્લામી શરીઅતમાં ચંદ્રના કેલૅન્ડરને એટલા માટે અપનાવવામાં આવ્યું છે કે, ચંદ્રને દરેક વ્યક્તિ નરી આંખે ક્ષિતિજ ઉપર જોઈને જાણી શકે છે. આલિમ, જાહિલ, ગામડીયા, ટાપુઓ ઉપર રહેનારા, પહાડો ઉપર વસનારા, જંગલના નિવાસીઓ બધાના જ માટે ચંદ્ર આધારિત મહિનાઓની ગણતરી કરવી સરળ છે. તેનાથી વિપરિત સૂર્યના મહિનાઓની ગણતરી અક્ષાંશ-રેખાંશ તથા પૃથ્વીની પ્રદક્ષિણા અને યંત્રો પર આધારિત છે, જેને દરેક વ્યક્તિ સરળતાથી જાણી નથી શકતો. [દા.ત. સૂર્ય આધારિત કેલૅન્ડરોમાં સેકંડના સોમાં ભાગની પણ ગણતરી કરવામાં આવે છે અને આવી ગણતરીઓ સામાન્ય માણસો માટે જાણવી આજના આધુનિક યુગમાં પણ મુશ્કેલ છે અને આ ચોક્કસ ગણતરીઓના લીધે દર ચાર વર્ષે ફેબ્રુઆરીના ૨૯ દિવસો કરવા પડે છે, જેને લિપ ઈયર કહેવામાં આવે છે. આમ છતાં સૂર્ય આધારિત કેલૅન્ડર પણ ૧૦૦ % ચોક્કસ નથી. કારણ કે, ધ્રુવ પ્રદેશોમાં છ માસ રાત્રિ – છ માસ દિવસ હોય છે અને વિષુવૃત્તિય પ્રદેશોમાં આનાંથી ઊલટી પરિસ્થિતિ છે તથા સમયરેખા (૧૮૦° રેખાંશ)ની આ પાર કે પેલે પાર જવાથી ફક્ત પાંચ-દશ મીટરનું અંતર કાપવાથી ૨૪ કલાકનો ફરક પડી જતો હોય છે. આમ, આ સૂર્ય આધારિત કેલૅન્ડર પણ સર્વાંગ સંપૂર્ણ નથી. -અનુવાદક] પછી ઈબાદતના સંદર્ભમાં તો ચંદ્રના કેલૅન્ડરને ફરજ કરવામાં આવ્યું છે અને સામાન્ય લેવડ-દેવડ વેપાર વગેરેમાં પણ આ જ કેલૅન્ડરને પસંદ કરવામાં આવ્યું છે. જે ઈબાદતો ઈસ્લામમાં એક "શિઆર" (પ્રતીક) માધ્યમ છે તે ઈબાદતો ચંદ્રના કેલૅન્ડર પ્રમાણે જ માન્ય ગણાશે.

ભલે, સૂર્યના કેલૅન્ડરને નાજાઈઝ નથી કરવામાં આવ્યું, પરંતુ શરત એ છે કે, તેનો રિવાજ એટલો આમ ન કરવામાં આવે કે, લોકો ચંદ્રના કેલૅન્ડર અને તેના મહિનાઓ, દિવસોની ગણતરીઓને સદંતર ભૂલી જાય ! કારણ કે, આવું કરવાથી રોઝા, હજ્જ વગેરે જેવી ઈબાદતોમાં ખલેલ પહોંચી શકે છે. જેમકે, આધુનિક યુગમાં સામાન્ય રીતે ઑફિસો, વેપાર અને લેવડ-દેવડમાં તથા ઉદ્યોગોમાં બલકે, વ્યક્તિગત હિસાબના લખાણોમાં પણ કેટલેક ઠેકાણે સૂર્યના કેલૅન્ડરના હિસાબનો એવો રિવાજ થઈ ગયો છે કે, ઘણા લોકોને ઈસ્લામી મહિનાઓના પૂરા નામ પણ યાદ રહ્યા નથી અને આ બાબત શરઈ હૈસિયતથી જ નહિ, પરંતુ આવા રિવાજ કૌમી ગૈરત અને ઈસ્લામિક સંસ્કૃતિના ગૌરવનું પણ દેવાળું ફૂંકવા જેવું છે. વહી

ખાતાઓ, હિસાબ કિતાબ, રોજ-બરોજની જરૂરિયાતોમાં ઈસ્લામિક ચાંદની તારીખોનો ઉપયોગ કરવામાં આવે, તો તેમાં ફરજે કિફાયા તો અદા થશે જ, પરંતુ સવાબ પણ મળશે અને તે ઈસ્લામિક સંસ્કૃતિને સુરક્ષિત તથા જીવંત રાખવાનું નિમિત્ત પણ બનશે. ઈન્શાઅલ્લાહ !

મસ્અલો :

لَيۡسَ الۡبِرُّ بِاَنۡ تَاۡتُوا الۡبُيُوۡتَ مِنۡ ظُهُوۡرِهَا (અને નેકી એ નથી કે તમે તમારા મકાનના પાછલા ભાગેથી પ્રવેશ કરો) આ આયતથી એક મસ્અલો એ પણ નીકળે છે કે, જે બાબતને શરીઅતે ઈસ્લામમાં જરૂરી અથવા ઈબાદત સમજવામાં ન આવતી હોય, તેને પોતાના તરફથી જરૂરી અને આવશ્યક ઈબાદત સમજી લેવી જરૂરી નથી. એ જ પ્રમાણે જે વસ્તુ શરીઅતની રૂએ જાઈઝ છે, તેને ગુનોહ સમજવું પણ ગુનોહ છે. તે લોકોએ એવો જ રિવાજ અપનાવ્યો હતો કે, હજ્જ દરમિયાન જો કોઈને ઘરે જવાની જરૂરત ઊભી થાય, તો મુખ્ય દરવાજેથી ઘરમાં દાખલ થવું શરીઅતની રૂએ જાઈઝ હોવા છતાં તેઓ એને ગુનોહ સમજતા હતા અને ઘરમાં પાછળના દરવાજેથી અથવા તો દિવાલમાં બાકોરું પાડીને આવતા હતા. શરીઅતની રૂએ આવું કરવું જરૂરી ન હતું, પરંતુ તેમણે એને જરૂરી સમજ્યું. તે બાબતે આ લોકોને તાકીદ કરવામાં આવી. બિદ્અતો નાજાઈઝ હોવાનું મોટું કારણ એ જ છે કે, જે બાબતો અનાવશ્યક અને બિનજરૂરી છે તેને જરૂરી અને ફરજ તથા વાજિબની જેમ સમજી લેવામાં આવે છે અથવા તો અમુક જાઈઝ બાબતોને હરામ ઠરાવવામાં આવે છે. આ આયત દ્વારા એવું કરવાની મનાઈ સ્પષ્ટ રીતે સાબિત થઈ ગઈ, જેનાથી હજારો અમલોનો હુકમ જાહેર થઈ ગયો.

નવમો હુકમ; જિહાદ (પવિત્ર યુદ્ધ) :

આ બાબત ઉપર સમગ્ર ઉમ્મતની સહમતિ છે કે, મદીનાની હિજરત પહેલાં કાફિરો સાથે જિહાદ (પવિત્ર યુદ્ધ) કરવાની મનાઈ હતી. તે વખતે કુર્આન શરીફની આયતો મુસલમાનોને કાફિરોના ત્રાસ અને કનડગટ ઉપર સબ્ર, ધીરજ, ક્ષમા તથા દરગુજરથી કામ લેવાની પ્રેરણા અને સૂચના આપતી હતી. મદીનાની હિજરત પછી સૌ પ્રથમ આ આયતમાં કાફિરો સાથે પવિત્ર યુદ્ધ કરવાનો હુકમ થયો. (રબીઅ્ બિન અનસ વગેરેની રિવાયત આધારે) અને હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)ની એક રિવાયત એ પણ છે કે, કાફિરો સાથે પવિત્ર યુદ્ધના

સંબંધમાં પ્રથમ આયત આ أُذِنَ لِلَّذِيْنَ يُقَاتَلُوْنَ بِاَنَّهُمْ ظُلِمُوْا (સૂ.: ૨૨, આ.: ૩૯) છે, પરંતુ મોટા ભાગના સહાબએ કિરામ (રદિ.) અને તાબિઈન (રહ.) નજીક પ્રથમ આયત સૂરએ બકરહની ઉપરોક્ત આયત છે અને સિદ્દીકે અકબર (રદિ.) જેને પ્રથમ આયત કહે છે, તે પણ પવિત્ર યુદ્ધ સંબંધિત શરૂઆતની આયતો હોવાના કારણે તે સંદર્ભની પ્રથમ આયત કહી શકાય છે.

આ આયતમાં એ હુકમ છે કે, મુસલમાનો ફક્ત તે કાફિરો સાથે જ લડે કે, જેઓ તેમના મુકાબલામાં લડવા માટે આવે. એનો અર્થ એવો છે કે, સ્ત્રીઓ, બાળકો, અશક્ત વૃદ્ધો અને પોતાની ધાર્મિક પરંપરામાં દુનિયા છોડીને સન્યાસી બની ગયેલા રાહિબો, પાદરીઓ, સંતો વગેરે અને એ જ પ્રમાણે અપંગ, અશક્ત અને લાચાર લોકો અથવા તે લોકો જેઓ કાફિરોના ત્યાં મહેનત-મજૂરીનું કામ કરે છે અને તેઓ કાફિરો સાથે રહી મુસલમાનો સામે લડાઈમાં શામિલ નથી થતા, આવા લોકોને જિહાદ (પવિત્ર યુદ્ધ)માં કતલ કરવા જાઈઝ નથી. કારણ કે, આ આયતનો હુકમ ફક્ત તે લોકો સાથે લડવાનો છે, જેઓ મુસલમાનોના મુકાબલામાં યુદ્ધ કરે છે અને પ્રસ્તુત પ્રકારના બધા જ લોકો લડવા માટે મુકાબલામાં આવેલા લોકો નથી, એટલા માટે ફુકહા (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)એ એવું પણ ફરમાવ્યું છે કે, જો કોઈ સ્ત્રી અથવા વૃદ્ધ અથવા ધાર્મિક સંત વગેરે કાફિરો સાથે રહી મુસલમાનો સામે યુદ્ધમાં શામિલ થાય અથવા મુસલમાનો સામેના યુદ્ધમાં કાફિરોની કોઈ પ્રકારે મદદ કરે છે, તો તેમને કતલ કરવા જાઈઝ છે. કારણ કે, તેઓ اَلَّذِيْنَ يُقَاتِلُوْنَكُمْ (જેઓ તમારાથી લડે છે)માં શામિલ થઈ જશે. *(મઝહરી, કુર્તુબી, જસ્સાસ)*

રસૂલે કરીમ ﷺનું ઈસ્લામના મુજાહિદો (પવિત્ર સૈનિકો)ને જિહાદ વેળાનું માર્ગદર્શન, આ હુકમ દ્વારા વધુ સ્પષ્ટ કરે છે. અત્રે તેનો ખુલાસો રજૂ કરવામાં આવે છે, જેમકે સહીહ બુખારી અને મુસ્લિમની રિવાયતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયત છે કે,

نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ قَتْلِ النِّسَآءِ وَالصِّبْيَانِ

"રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રીઓ અને બાળકોને કતલ કરવાની મનાઈ ફરમાવી છે."

અને અબૂ દાવુદમાં અનસ (રદિ.)ની રિવાયતમાં જિહાદમાં જનારા સહાબા (રદિ.)ને આપવામાં આવેલ રસૂલે કરીમ ﷺની હિદાયત નકલ કરી છે

કે, "તમે અલ્લાહના નામ ઉપર રસૂલુલ્લાહ ﷺની મિલ્લત માટે જિહાદમાં જાઓ, પરંતુ કોઈ વૃદ્ધ, અશક્ત અને નાના બાળકને કે સ્ત્રીઓને કતલ ન કરો."

(મઝહરી)

હઝરત સિદ્દીક (રદિ.)એ જ્યારે યઝીદ બિન અબૂ સુફિયાનને સીરિયાના પ્રદેશમાં મોકલ્યા, તો તેમને પણ આ જ સૂચના આપી, તેમાં એ પણ પ્રસ્તુત છે કે, "ઈબાદતગુજાર (ભક્તિ કરનાર) રાહિબો તથા કાફિરોની મજૂરી કરનારા સેવક લોકોને કતલ ન કરજો. જો તેઓ યુદ્ધમાં શામિલ ન હોય." *(કુર્તુબી)*

આયતની છેવટમાં وَلَا تَعْتَدُوْا (અને હદ-મર્યાદાથી ન વધો)નો પણ મુફસ્સિરોએ સર્વગ્રાહી રીતે સર્વસહમતિથી આ જ અર્થ કર્યો છે કે, જિહાદમાં ઈસ્લામી શરીઅતની મર્યાદાઓનું ઉલ્લંઘન કરી અતિરેક ન કરો તથા સ્ત્રીઓ, બાળકો વગેરેને કતલ ન કરો.

وَاقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ وَاَخْرِجُوْهُمْ مِنْ حَيْثُ اَخْرَجُوْكُمْ (અને તેમને કતલ કરો જ્યાં કંઈ પણ જૂઓ, અને તેમને તગેડી મૂકો જેવી રીતે તેમણે તમને કાઢયા હતા) તફસીરના ખુલાસામાં વર્ણન થઈ ચૂક્યું છે કે, આ આયત હુદૈબિય્યહની શાંતિ-મંત્રણાની ઘટના પછી તે સમયે નાઝિલ થઈ હતી જ્યારે હુદૈબિય્યહના કરારની એક શરત પ્રમાણે રસૂલે કરીમ ﷺએ સહાબા (રદિ.) સાથે તે ઉમરહની કઝાનો સફર શરૂ કરવાની ઈચ્છા દર્શાવી, જે ઉમરહ કરવાથી આપ ﷺને તેના આગલા વર્ષે મક્કાના કાફિરોએ રોકી લીધા હતા. સહાબએ કિરામ (રદિ.)ને તે મુસાફરી સમયે એવી આશંકા રહેતી હતી કે, કાફિરો સાથે સુલેહ અને કરાર તો થયો છે, પરંતુ તેમનો શું ભરોસો ? જો તે લોકો આ વર્ષે પણ લડાઈ માટે તૈયાર થઈ ગયા, તો આપણે શું કરવું જોઈએ ? આવી પરિસ્થિતિમાં માર્ગદર્શન સ્વરૂપે પ્રસ્તુત આયતના શબ્દોમાં જિહાદની પરવાનગી આપવામાં આવી કે, જો તેઓ તમારી સાથે યુદ્ધ કરવા લાગે તો તમને પણ પરવાનગી છે કે, જ્યાં પણ તેમને જુઓ કતલ કરો અને જો તેઓ તમારા કબજામાં આવી જાય, તો જેવી રીતે તેમણે મુસલમાનોને મક્કામાંથી દેશનિકાલો આપ્યો હતો, તમે પણ તેમને મક્કા મુકર્રમહમાંથી કાઢી મૂકો.

મક્કાની જિંદગીમાં મુસલમાનોને કાફિરો સાથે યુદ્ધ કરવાથી રોકવામાં આવ્યા હતા તથા ક્ષમા, દરગુજર અને ધીરજથી કામ લેવાની સૂચના અને પ્રેરણા

આપવામાં આવી હતી. એટલા માટે સહાબએ કિરામ (રદિ.)ને આયત ઊતરવાથી એ જ ખ્યાલ હતો કે, કોઈ કાફિરને કતલ કરવો ખરાબ કૃત્ય છે અને તેની મનાઈ છે. આ વિચારને રદ કરવા માટે ફરમાવવામાં આવ્યું. وَالْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ (અને ફિત્નો હત્યા કરવા કરતાં વધારે કઠોર છે) એટલે કે, એ વાત પોતાની જગ્યાએ બરાબર અને યોગ્ય જ છે કે, કોઈને કતલ કરવું ઘણું જ ખરાબ કામ છે, પરંતુ મક્કાના કાફિરોએ કુફ્ર અને શિર્ક ઉપર અડગ રહી મુસલમાનોને અત્યંત ત્રાસ આપી તેમને હજ્જ અને ઉમરહ જેવી ઈબાદતથી પણ રોક્યા, તો તેનાથી વધારે સખત અને સંગીન ફિત્નો બીજો શું હોઈ શકે છે ?! આ ફિત્નાથી બચવા માટે તેમને કતલ કરવાની છૂટ આપી દેવામાં આવી. આયતમાં فِتْنَةٌ (ફિત્નહ) શબ્દથી કુફ્ર કરવું-શિર્ક કરવું તેમજ કાફિરો અને મુશ્રિકો દ્વારા મુસલમાનોને ઈબાદતથી રોકવાનો જ અર્થ સમજાય છે. *(જસ્સાસ, કુર્તુબી વગેરે)*

જો કે, આ આયતમાં સામાન્ય રીતે એવું સમજી શકાતું હતું કે, કાફિરો જ્યાં પણ હોય તેમને કતલ કરવા જાઇઝ છે (પરંતુ) આ સામાન્ય હુકમને આગળની આયતના શબ્દોમાં આ રીતે ચોક્કસ સ્થળ સુધી સીમિત કરવામાં આવ્યો, જેમકે وَلَا تُقٰتِلُوْهُمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ حَتّٰى يُقٰتِلُوْكُمْ فِيْهِ એટલે કે, "મસ્જિદે હરામની આસપાસ અથવા આખા મક્કા શહેરમાં" કારણ કે, આ શબ્દથી હરમે મક્કા પણ અર્થ તરીકે સમજી શકાય છે. મતલબ કે, તમે તે લોકો સાથે ત્યાં સુધી ન લડો, જ્યાં સુધી તે તમારી સાથે લડાઈની શરૂઆત ન કરે અને જો તેઓ તમારી સાથે હરમની હદોમાં પણ લડે, તો તમે તેમની સાથે લડો, ભલે તે હરમની હદોમાં હોય, તો પણ લડો. "તમે તેમને જ્યાં જુઓ ત્યાં કતલ કરો" તે આ ખુલાસાના સંદર્ભમાં સમજવામાં આવે છે.

મસ્અલો :

હરમ શરીફની હદોમાં મનુષ્ય તો શું, કોઈ શિકારી જાનવરને પણ કતલ કરવું જાઇઝ નથી, પરંતુ આ આયતથી સ્પષ્ટ થયું કે, જો હરમનો અહેતિરામ (સન્માન) ન કરીને કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને કતલ કરવાના ઈરાદે તેની સાથે લડે અને જવાબમાં તે વ્યક્તિ પણ પોતાના સ્વરક્ષણ કાજે લડે, તો તે જાઇઝ છે અને આ બાબત ઉપર બધા જ ફુકહા સહમત છે.

મસ્અલો :

આ આયતથી એ પણ સ્પષ્ટ થયું કે, જિહાદની શરૂઆત અથવા લડાઈની મનાઈ ફક્ત મસ્જિદે હરામની આસપાસ અને હરમે મક્કાની સાથે જ ખાસ છે. તે સિવાય જેમ અન્ય સ્થળોએ આત્મરક્ષણમાં જ્યાં જિહાદ કરવો જરૂરી હોય, તેવી જ રીતે જિહાદ અને યુદ્ધની શરૂઆત કરવી પણ જાઈઝ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૯૨ થી ૧૯૫)

فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٢﴾ وَقٰتِلُوْهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ وَّيَكُوْنَ

الدِّيْنُ لِلّٰهِ ؕ فَاِنِ انْتَهَوْا فَلَا عُدْوَانَ اِلَّا عَلَى الظّٰلِمِيْنَ ﴿١٩٣﴾ اَلشَّهْرُ الْحَرَامُ بِالشَّهْرِ

الْحَرَامِ وَالْحُرُمٰتُ قِصَاصٌ ؕ فَمَنِ اعْتَدٰى عَلَيْكُمْ فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى

عَلَيْكُمْ ۪ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿١٩٤﴾ وَاَنْفِقُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ

وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ۛ وَاَحْسِنُوْا ۛ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٩٥﴾ معانقة عند المتقدمين

તરજુમો :

પછી જો તેઓ અટકી જાય, તો બેશક ! અલ્લાહ તઆલા ક્ષમા કરનાર, ઘણો રહમ (દયા) કરનારો છે. (૧૯૨) અને તમે તેમની સાથે ત્યાં સુધી લડો, જ્યાં સુધી કે આ ફિત્નો (મૂળેથી) બાકી ન રહે, અને અલ્લાહનો દીન છવાઈ જાય; પછી જો તેઓ અટકી જાય તો જાલિમો (અત્યાચારીઓ) સિવાય કોઈના ઉપર સખતી કરવામાં નહીં આવે. (૧૯૩) આદરપાત્ર મહિનાનો બદલો આદરપાત્ર મહિનો છે, અને સન્માન (અદબ) કરવામાં બદલા સ્વરૂપ છે; પછી જેણે તમારી સાથે સખતી કરી, તો તેમના ઉપર એટલી જ સખતી કરો, જેટલી સખતી તેમણે તમારા ઉપર કરી છે, અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે, બેશક ! અલ્લાહ ડરનારાઓ (પરહેઝગારો) સાથે જ છે. (૧૯૪) અને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરો, અને પોતાની જાતને પોતાના હાથે હલાકત (વિનાશ)માં ન નાંખો, અને નેકી કરો, બેશક ! અલ્લાહ નેકી કરનારાઓથી મહોબ્બત કરે છે. (૧૯૫)

તફસીર :

પછી જો (લડાઈ શરૂ કર્યા પછી પણ) તે લોકો (એટલે કે મક્કાના મુશ્રિકો અને કાફિરો લડાઈ કરવાથી) અટકી જાય (અને ઈસ્લામ કબૂલ કરી લે) તો (તેમના ઈસ્લામની કદર કરવામાં આવશે બલકે,) અલ્લાહ તઆલા (તેમના અત્યાર સુધીના કુફ્રને) મા'ફ કરી દેશે અને (તેમને ક્ષમા આપી અગણ્ય નેઅ્મતો આપવાની) મહેરબાની (પણ) કરશે અને (જો તે લોકો ઈસ્લામ ન લાવે તો અન્ય કાફિરો માટે ઈસ્લામી કાયદો એ છે કે, તેઓ પોતાના ધર્મો ઉપર રહીને પણ જો ઈસ્લામી સરકારને જિજિયા-ટેક્ષ આપી ઈસ્લામી સરકારની ફરમાંબરદારી કરવાનો ઈકરાર કરી લે તો તેમને કતલ કરવા જાઈઝ નથી. બલકે, તેમના અધિકારોનું રક્ષણ કરવું ઈસ્લામી સરકારની ફરજ બની જાય છે, પરંતુ આ અમુક ચોક્કસ પ્રકારના કાફિરો કે, જેઓ આરબો હતા તેમના માટે જિજિયાનો કાયદો નથી. બલકે, તેમના માટે ફક્ત બે જ સ્વરૂપો હતા, યા તો ઈસ્લામ કબૂલ કરો અથવા તો કતલ) તેમની સાથે એક સીમા સુધી લડો કે (તેમનામાં) ફસાદ (શિર્ક) ન રહે અને (તેમનો) દીન (ફક્ત) અલ્લાહના જ માટે થઈ જાય (અને કોઈ દીન અથવા ધર્મ ફક્ત અલ્લાહના માટે થઈ જવો એટલે ઈસ્લામ સ્વીકારી લેવો, તો અર્થ એ થયો કે તેઓ શિર્ક છોડીને ઈસ્લામને અપનાવી લે.) અને જો તે લોકો (કુફ્રથી) અટકે (જેનું વર્ણન હમણાં પણ થયું છે) તો (આખિરતમાં ક્ષમા મેળવવાની સાથે-સાથે રહમત અને અલ્લાહની કૃપાના હકદાર બની જશે, સાથે જ દુનિયામાં પણ તેમને એ કાયદો બતાવવામાં આવ્યો કે, સજાની) સખતી (કઠોરતા) કોઈની સાથે નહિ કરવામાં આવે. ફક્ત અન્યાય (અને અત્યાચાર) કરનાર લોકો સિવાય (કે જેઓ અલ્લાહના અહેસાનો-ઉપકારોને ભૂલી કુફ્ર અને શિર્ક કરવા લાગ્યા હતા અને જ્યારે તેમણે કુફ્ર અને શિર્કને છોડી ઈસ્લામ અપનાવી લીધો તો તેમણે આ પ્રકારના અન્યાયને છોડી દીધો કહેવાશે. એટલા માટે તેમના ઉપર કતલ કરવાની સજા બાકી નથી રહી અને હે મુસલમાનો ! તમને જે આશંકા છે કે મક્કાના કાફિરો પોતાના કરાર ઉપર કાયમ નહિ રહે તો જિલ્કદના સન્માનનીય આદરપાત્ર મહિનામાં પણ તેમની સાથે લડવાની છૂટ છે, તો બસ નચિંત થઈ જાઓ. કારણ કે,) આદરપાત્ર મહિના (જે તમને કાફિરો સાથે લડવાથી રોકી શકે છે)ના બદલામાં આદરપાત્ર મહિનો છે (એ કારણે તમે લડાઈ

ન કરો) અને (કારણ એ છે કે આ મહિનાઓનો આદર અને સન્માન કરવો એક પ્રકારે વળતર સ્વરૂપ છે, જે લોકો તમારી સાથે આ આદરપાત્ર મહિનાનું સન્માન કરે, તો તમે પણ તે મહિનાનું માન રાખો અને તેમની સાથે ન લડો) પરંતુ (જે લોકો) તમારી સાથે (આવા આદરપાત્ર મહિનાઓનું માન ન રાખીને) અતિરેક (સખતી) કરે તો તમે પણ તેમના ઉપર સખતી કરો, જેવી કે તેમણે તમારા ઉપર સખતી કરી છે. અને (આ બધા હુકમોના અમલીકરણમાં) અલ્લાહ તઆલાથી ડરતા રહો (કે કોઈ મર્યાદાનું ઉલ્લંઘન ન થઈ જાય અને અતિરેક ન કરી બેસો) અને યકીન રાખો કે અલ્લાહ તઆલા (પોતાની દયા અને કૃપા દ્વારા) ડરનારાઓની સાથે જ હોય છે.

દશમો હુકમ; જિહાદ (પવિત્ર યુદ્ધ) માટે ખર્ચ કરવાના વિષયમાં :

અને તમે લોકો (જીવની સાથે-સાથે તમારો માલ પણ) અલ્લાહના રસ્તા (જિહાદ)માં ખર્ચ કર્યા કરો અને પોતાના હાથે પોતાની જાતને બરબાદી (વિનાશ)માં ન નાંખો (કે આવા મૌકાઓ ઉપર જીવ આપવાથી અથવા માલ ખર્ચ કરવાથી બુઝદિલી અને બખીલાઈ કરવા માંડો, જેના પરિણામે તમારી અશક્તિ અને કમજોરીના કારણે તમારા વિરોધીઓ મજબૂત થઈ જાય, જે બરબાદીનું સાચું કારણ બને છે.) અને (જે પણ) કામ (કરો) સારી રીતે કર્યા કરો (દાખલા તરીકે, માલ ખર્ચ કરવો છે તો દિલ ખોલીને પાક નિય્યત સાથે નિખાલસતાથી ખર્ચ કરો) નિઃશંક ! અલ્લાહ તઆલા સારા કૃત્યો (ભલાઈ) કરનારને પસંદ કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

સન હિજરી ૭માં જ્યારે રસૂલે કરીમ ﷺ સુલહે હુદૈબિય્યહની (હુદૈબિય્યહના શાંતિ કરાર)ની શરતો પ્રમાણે પોતાનો છૂટી ગયેલો ઉમરહ અદા કરવા સહાબાઓ સહિત સફરના ઈરાદાથી નીકળ્યા, સહાબા (રદિ.) જાણતા હતા કે, શક્ય છે કે આ કાફિરો કરારની શરતોનું ઉલ્લંઘન કરશે અને તેમનો કોઈ વિશ્વાસ કે ભરોસો કરી શકાય એમ નથી તથા એવું પણ બની શકે છે કે, તેઓ યુદ્ધ માટે તૈયાર થઈ જાય. આવા યુદ્ધમાં સહાબા (રદિ.)ને એક આશંકા તો એ હતી કે, મક્કાના હરમમાં લડાઈની નોબત આવશે, જે ઈસ્લામમાં નાજાઇઝ છે, જેનો જવાબ પાછળની આયતમાં આપી દેવામાં આવ્યો કે, મક્કાના હરમનો આદર મુસલમાનો માટે ચોક્કસ જરૂરી બાબત છે. પરંતુ જો કાફિરો હરમની

હદોમાં જ મુસલમાનો સાથે લડવા લાગે, તો તેમના માટે પણ આત્મરક્ષા માટે કાફિરો સામે યુદ્ધ કરવું જાઈઝ છે.

સહાબા (રદિ.)ને બીજી આશંકા એ હતી કે, આ મહિનો જિલ્કદનો છે, જે તે ચાર મહિનામાંનો એક મહિનો છે, જે અત્યંત સન્માનનીય અને આદરપાત્ર ગણવામાં આવે છે અને તેમાં કોઈની સાથે કોઈ પણ પ્રકારનું યુદ્ધ કરી શકાય નહિ, તો જો મક્કાના કાફિરો આ મહિનામાં અમારી સાથે યુદ્ધ શરૂ કરી દે તો અમે તેમની સામે સ્વબચાવમાં પણ કેવી રીતે યુદ્ધ કરી શકીએ છીએ ? તેના જવાબમાં આ આયત નાઝિલ થઈ કે, જેવી રીતે મક્કાના હરમનો આદર કરવાની હાલતમાં પણ આત્મરક્ષામા લડવું જાઈઝ છે, એવી જ રીતે આદરપાત્ર મહિનાઓમાં જો કાફિરો તમારી સાથે લડવા લાગે, તો તમે પણ તેમની સામે સ્વબચાવમાં આ મહિનામાં લડી શકો છો.

મસ્અલો :

ચાર મહિનાઓ સન્માનનીય ગણવામાં આવે છે. જિલ્કદ, જિલ્હજ્જ અને મુહર્રમ આ ત્રણ તો સળંગ મહિનાઓ છે અને ચોથો મહિનો રજ્જબનો છે. ઈસ્લામ આવતા પહેલાં પણ આ ચાર મહિનાઓમાં યુદ્ધ હરામ સમજવામાં આવતું હતું. મક્કાના મુશ્રિકો પણ તેની તકેદારી રાખતા હતા. ઈસ્લામની શરૂઆતમાં પણ સન હિજરી ૭ સુધી આ જ કાયદો અમલમાં હતો. એટલા માટે સહાબએ કિરામ (રદિ.)ને આશંકા થઈ હતી કે, આ મહિનામાં સ્વબચાવમાં પણ કઈ રીતે યુદ્ધ કરી શકાય ? ત્યાર પછી આ મહિનામાં યુદ્ધ હરામ હોવાનો હુકમ મનસૂખ (રદ) કરીને લડાઈની પરવાનગી છે અને આ બાબતે ઉમ્મતનો ઈજ્માઅ્ અને સર્વસહમતિ છે. જો કે, ઉત્તમ હજુ પણ એવું જ ગણવામાં આવે છે કે, આ ચાર મહિનાઓમાં મુસલમાનો તરફથી યુદ્ધની શરૂઆત કરવામાં ન આવે બલકે, આવશ્યકતા ઊભી થાય તો જો આત્મરક્ષામાં જ યુદ્ધ કરવામાં આવે, તો તે શ્રેષ્ઠ છે અને આવું એટલા માટે કે, આ મહિનાઓમાં યુદ્ધ કરવાની પરવાનગી તો છે, પરંતુ આ મહિનાઓનો આદર અને સન્માન હજુ પણ બાકી છે, રદ નથી થયું. મક્કાના હરમમાં લડાઈની છૂટ ફક્ત આત્મરક્ષા માટે જ આપવામાં આવી છે અને મક્કાના હરમનો આદર-સત્કાર અને તેનું સન્માન રદ કે મનસૂખ નથી થયું. બલકે, ફક્ત એક અપવાદની પરિસ્થિતિમાં યુદ્ધ જાઈઝ કરવામાં આવ્યું હતું.

દશમો હુકમ; જિહાદ માટે માલ ખર્ચ કરવો :

وَاَنْفِقُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ આ આયતમાં મુસલમાનો માટે જરૂરી કરવામાં આવ્યું છે કે, જિહાદ માટે આવશ્યકતા અનુસાર પોતાનો માલ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે. આ આયતથી ફુકૂહાએ એ મસ્અલો પણ સાબિત કર્યો છે કે, મુસલમાનો ઉપર ઝકાત તો ફરજ છે જ પરંતુ તે સિવાય બીજી પણ કેટલીક આર્થિક ફરજો છે અને આ ફરજોમાં જિહાદના સમયે માલ ખર્ચ કરવો પણ શામિલ છે, પરંતુ ઝકાતની જેમ ન તો તેનું કોઈ પ્રમાણ અથવા નિસાબ નક્કી છે અને ન જ તે કાયમી ધોરણે ફરજ છે. બલકે, જ્યારે જ્યારે જરૂરત ઊભી થાય, ત્યારે ત્યારે આવશ્યકતા અનુસાર તે આર્થિક ફરજ બધા મુસલમાનો ઉપર ફરજ થાય છે અને જરૂરત ન ઊભી થાય તો કોઈના ઉપર પણ ફરજ નથી. જિહાદનો ખર્ચ આ પ્રકારની આર્થિક ફરજોમાં આવે છે.

وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ નો શાબ્દિક અર્થ સ્પષ્ટ છે કે, "પોતાના જ અધિકારથી આપમેળે પોતાની જાતને હલાકત (વિનાશ)માં નાંખવાની મનાઈ કરવામાં આવી છે." હવે, વાત એમ છે કે, પોતાની જાતને હલાકતમાં નાંખવાનો શું અર્થ છે ? આ બાબતે મુફસ્સિરીન લોકોના વિવિધ નિવેદનો આવ્યા છે. ઈમામ જસ્સાસ રાઝી (રહ.)એ ફરમાવ્યું કે, "આ બધા નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી તે બધા જ અર્થો અહીંયાં સાચા હોઈ શકે છે." હઝરત અબૂ ઐયૂબ અન્સારી (રદિ.)એ ફરમાવ્યું કે, "આ આયત અમારા વિશે નાઝિલ થઈ છે, અમે એની તફસીર ઘણી જ સારી રીતે જાણીએ છીએ. વાત એમ છે કે, જ્યારે અલ્લાહ તઆલાએ ઈસ્લામને શક્તિશાળી બનાવ્યો અને જ્યારે તે અન્યો ધર્મો ઉપર છવાઈ ગયો, તો અમારામાં એવી ચર્ચા ચાલી કે, હવે જિહાદની શું જરૂર છે ? આપણે પોતાના વતનમાં રહીને પોતાની માલ-મિલકતની ચિંતામાં લાગી જઈએ. આ માન્યતાના રદિયા સ્વરૂપે આ આયત નાઝિલ થઈ છે, જેમાં બતાવવામાં આવ્યું કે, પોતાની જાતને હલાકતમાં નાંખવાનો અર્થ "જિહાદને છોડી દેવાનો છે" અને એનાથી સાબિત થયું કે, જિહાદનો અમલ છોડી દેવો મુસલમાનો માટે હલાકત અને બરબાદીનું કારણ બને છે." આજ કારણે હઝરત અબૂ ઐયૂબ અન્સારી (રદિ.)એ પોતાની આખી જિંદગી જિહાદમાં ખર્ચી નાંખી. એટલે સુધી કે, કોન્સ્ટન્ટીનોપલ (કુસ્તુન્તીયા –આજનું ઈસ્તંબુલ)માં શહીદ થઈ ગયા અને ત્યાં જ દફન થયા.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હઝરત હુઝૈફા (રદિ.), હઝરત કતાદહ (રદિ.), હઝરત મુજાહિદ (રહ.), હઝરત ઝહ્હાક (રહ.) વગેરે તફસીરના ઈમામોએ પણ આ જ વિષયને નકલ કર્યો છે.

હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે, "ગુનાહોના કારણે અલ્લાહ તઆલાની રહમત અને મગફિરત (ક્ષમા)થી માયૂસ (નિરાશ અને હતાશ) થઈ જવું, પોતાની જાતને હલાકતમાં નાંખવું ગણાશે, એટલા માટે અલ્લાહની મગફિરતથી હતાશ થઈ જવું હરામ છે."

અમુક ઈમામોએ ફરમાવ્યું છે કે, "અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાની મર્યાદાઓ ઓળંગવી જેથી પત્ની અને બાળકોના હકો બરબાદ થઈ જાય, તે પણ પોતાની જાતને હલાકતમાં નાંખી ગણાશે. આવો અસહ્ય ફુઝૂલ ખર્ચ જાઈઝ નથી."

અમુક વિદ્વાનોએ કહ્યું છે કે, "એવી પરિસ્થિતિમાં લડાઈ માટે તૈયારી કરવી પણ પોતાની જાતને હલાકતમાં નાંખવા બરાબર છે, જ્યારે કે દેખીતી રીતે અંદાજો છે કે, તમે દુશ્મનનું કંઈ જ બગાડી શકવાના નથી અને પોતાની જાત હલાક જ થવાની હોય, એવી પરિસ્થિતિમાં યુદ્ધ કરવું આ આયતના હવાલાથી નાજાઈઝ છે."

અને જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે, "આ આયતથી જે કંઈ પણ હુકમો નીકળે છે وَاَحۡسِنُوۡا اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُحۡسِنِيۡنَ તે આ વાક્યમાં દરેક કાર્યને સારી રીતે કરવાની તાકીદ કરે છે અને કામને સારી રીતે કરવું જેનો કુર્આનમાં "અહેસાન" શબ્દથી ઉલ્લેખ કરાયો છે, તે બે પ્રકારના છે. એક ઈબાદતમાં અહેસાન અને બીજું વ્યવહાર તથા સામાજિક લેવડ-દેવડમાં અહેસાન. ઈબાદતમાં અહેસાનની તફસીર "હદીષે જિબ્રઈલ (અલૈ.)"માં પોતે રસૂલે કરીમ ﷺએ એ ફરમાવી છે કે, "એવી રીતે ઈબાદત કરો, જેમકે તમે અલ્લાહને જોઈ રહ્યા છો અને જો આ દરજ્જો પ્રાપ્ત ન થઈ શકે, તો એટલો વિશ્વાસ રાખવો તો જરૂરી જ છે કે, અલ્લાહ તમને જોઈ રહ્યો છે."

વ્યવહાર અને સામાજિક લેવડ-દેવડમાં અહેસાનની તફસીર મુસ્નદે અહમદમાં હઝરત મઆઝ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અન્ય લોકો માટે એ જ વસ્તુ પસંદ કરો, જે તમે તમારા માટે પસંદ કરો છો અને જે વસ્તુને તમે ખરાબ સમજો છો, તે વસ્તુ બીજાઓના માટે પણ ખરાબ સમજો." *(મઝહરી)*

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૯૬ થી ૨૦૩)

وَاَتِمُّوا الْحَجَّ وَ الْعُمْرَةَ لِلّٰهِ ؕ فَاِنْ اُحْصِرْتُمْ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ وَلَا
تَحْلِقُوْا رُءُوْسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ بِهٖۤ
اَذًى مِّنْ رَّاْسِهٖ فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍ ۚ فَاِذَاۤ اَمِنْتُمْ ۗ وقفة فَمَنْ
تَمَتَّعَ بِالْعُمْرَةِ اِلَى الْحَجِّ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ
ثَلٰثَةِ اَيَّامٍ فِى الْحَجِّ وَ سَبْعَةٍ اِذَا رَجَعْتُمْ ؕ تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ ؕ ذٰلِكَ
لِمَنْ لَّمْ يَكُنْ اَهْلُهٗ حَاضِرِى الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ
ع ٢٤ ٨ شَدِيْدُ الْعِقَابِ ﴿١٩٦﴾ اَلْحَجُّ اَشْهُرٌ مَّعْلُوْمٰتٌ ۚ فَمَنْ فَرَضَ فِيْهِنَّ الْحَجَّ فَلَا رَفَثَ وَلَا
وقف النبي ﷺ فُسُوْقَ ۙ وَلَا جِدَالَ فِى الْحَجِّ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ يَّعْلَمْهُ اللّٰهُ ؕ وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ
الزَّادِ التَّقْوٰى ۫ وَاتَّقُوْنِ يٰۤاُولِى الْاَلْبَابِ ﴿١٩٧﴾ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَبْتَغُوْا فَضْلًا
مِّنْ رَّبِّكُمْ ؕ فَاِذَاۤ اَفَضْتُمْ مِّنْ عَرَفٰتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ ۪
وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ ۚ وَاِنْ كُنْتُمْ مِّنْ قَبْلِهٖ لَمِنَ الضَّآلِّيْنَ ﴿١٩٨﴾ ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ
اَفَاضَ النَّاسُ وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٩﴾ فَاِذَا قَضَيْتُمْ مَّنَاسِكَكُمْ
فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ اَوْ اَشَدَّ ذِكْرًا ؕ فَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ رَبَّنَاۤ اٰتِنَا فِى الدُّنْيَا
وَمَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ ﴿٢٠٠﴾ وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ رَبَّنَاۤ اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً
النصف وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿٢٠١﴾ اُولٰٓئِكَ لَهُمْ نَصِيْبٌ مِّمَّا كَسَبُوْا ؕ وَاللّٰهُ
سَرِيْعُ الْحِسَابِ ﴿٢٠٢﴾ وَاذْكُرُوا اللّٰهَ فِىْۤ اَيَّامٍ مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ تَعَجَّلَ فِىْ يَوْمَيْنِ فَلَاۤ
اِثْمَ عَلَيْهِ ۚ وَمَنْ تَاَخَّرَ فَلَاۤ اِثْمَ عَلَيْهِ ۙ لِمَنِ اتَّقٰى ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْۤا اَنَّكُمْ
اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٢٠٣﴾

તરજુમો :

અને હજ્જ તથા ઉમરહ અલ્લાહ માટે પૂરા કરો, અને પછી જો તમને (દુશ્મન તરફથી અથવા અન્ય કારણસર હરમની હદમાં જવાથી) અટકાવવામાં આવે, તો જે પણ કુર્બાની(નું જાનવર સરળતાથી) મળે (પ્રાપ્ત કરો); અને પોતાના માથાનું મુંડન ન કરો ત્યાં સુધી કે, કુર્બાની(નું જાનવર) તેની જગ્યાએ (હરમની હદમાં) પહોંચી જાય, પછી જો તમારામાંથી કોઈ બીમાર હોય અથવા તેને માથામાં કોઈ તકલીફ હોય, તો (તેનો) બદલો રોઝા અથવા સદકહ અથવા કુર્બાની આપે; પછી જ્યારે શાંતિ થઈ જાય, તો જેઓ હજ્જ સાથે (એક જ સફરમાં) ઉમરહને ભેગા કરવાનો લાભ ઉઠાવે, તો તેને જે પણ કુર્બાની પ્રાપ્ત થાય, કરે; પછી જો (કુર્બાનીનું જાનવર આર્થિક તંગીના કારણે) ન મળે, તો તે હજ્જના દિવસોમાં ત્રણ રોઝા રાખે અને (બીજા) સાત રોઝા (રાખે) જ્યારે પાછો ફરે ત્યારે; આ દશ રોઝા પૂરા થયા, આ (હુકમ) તેના માટે છે, જેના ઘરના લોકો (કુટુંબીજનો) મસ્જિદે હરામની પાસે રહેતા ન હોય; અને તમે અલ્લાહથી ડરો, અને જાણી લો કે, નિઃશંક ! અલ્લાહનો અઝાબ ઘણો કઠોર છે. (૧૯૬) હજ્જના (અમુક) મહિના નક્કી છે, પછી જેણે તેમાં (પોતાના માટે) હજ્જ જરૂરી કરી લીધી, તો તે સ્ત્રી (પત્ની)થી બેપરદા ન થાય (Intercourse-હમબિસ્તરી ન કરે) અને ન ગુનોહ કરે (ગાળો ન ભાંડે), અને ન હજ્જ(ના દિવસો)માં ઝઘડો કરે, અને જે કંઈ તમે નેકી કરશો અલ્લાહ તેને જાણે છે; અને મુસાફરીનું ભાથું (પ્રવાસ ખર્ચ) સાથે લઈને ચાલો, બેશક! સારું ભાથું (ભીખ માંગવાથી) બચવું છે, અને હે બુદ્ધિશાળીઓ !!! મારાથી ડરો. (૧૯૭) તમારા ઉપર કોઈ ગુનોહ નથી, જો તમે પરવરદિગારના ફઝ્લ (રોજી)ની શોધખોળ (વેપાર) કરો, પછી જ્યારે અરફાતથી તવાફ કરવા માટે પાછા ફરો, તો અલ્લાહને "મશઅરિલ હરામ" નજીક (મુજદલિફામાં) યાદ કરો, અને તેને (એ જ પ્રમાણે) યાદ કરો જેવું એણે તમને માર્ગદર્શન આપ્યું, અને બેશક ! તમે આનાથી અગાઉ (આ બાબતથી) અજાણ હતા. (૧૯૮) પછી તમે પાછા ફરો (તવાફના માટે) જ્યાંથી બધા લોકો પાછા ફરે છે; અને અલ્લાહથી મગફિરત (મા'ફી) માંગો, બેશક ! અલ્લાહ બખ્શનાર, ઘણો જ દયા કરનાર

છે. (૧૯૯) પછી જ્યારે તમે હજ્જના અરકાનો (ક્રિયાઓ) અદા કરી ચૂકો, તો અલ્લાહને યાદ કરો જેવી રીતે કે તમે પોતાના બાપ-દાદાઓ (પૂર્વજો)ને યાદ કરતા હતા, બલકે, તેનાથી પણ વધારે (યાદ કરો), પછી તેમનામાંથી કોઈ (બદનસીબ) વ્યક્તિ કહે છે, હે અમારા પરવરદિગાર ! અમને (જે કંઈ આપવું હોય તે) દુનિયામાં આપ; (બસ) તેના માટે આખિરતમાં કોઈ હિસ્સો નથી. (૨૦૦) અને તેમનામાંથી કોઈ (ખુશનસીબ) એવું કહે છે, હે અમારા પરવરદિગાર! અમને દુનિયામાં ભલાઈ આપ, અને આખિરતમાં (પણ) ભલાઈ આપ, અને અમને દોઝખના અઝાબથી બચાવ. (૨૦૧) એવા જ લોકો માટે પોતાની કમાઈનો હિસ્સો છે, અને અલ્લાહ ઘણો જ જલદી હિસાબ લેનારો છે. (૨૦૨) અને તમે (મિનામાં) ગણતરીના અમુક (ચોક્કસ) દિવસોમાં અલ્લાહને યાદ કરો; જે કોઈ બે જ દિવસમાં ઉતાવળ કરી (મિનાથી મક્કા) ચાલ્યો ગયો તો તેમાં કોઈ ગુનોહ નથી, અને જો કોઈ રહી ગયો તો તેના ઉપર પણ કોઈ ગુનોહ નથી; આ તેના માટે છે, જે અલ્લાહથી ડરે છે; અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો, બેશક ! તમે બધા જ અલ્લાહ પાસે ભેગા થશો. (૨૦૩)

તફસીર :

અગિયારમો હુકમ; હજ્જ અને ઉમરહ વિશે :

અને (જ્યારે હજ્જ અથવા ઉમરહ કરવાના હોય તો તે) હજ્જ અને ઉમરહ અલ્લાહ તઆલાને (રાજી કરવા) માટે સંપૂર્ણ રીતે અદા કરો (કે અમલો અને અરકાનો પણ બધા પૂરા કરો અને નિય્યત પણ નિખાલસ ફક્ત સવાબની જ હોય), પછી જો (કોઈ દુશ્મન તરફથી અથવા કોઈ બીમારીના કારણે હજ્જ અથવા ઉમરહ પૂરા કરવાથી તમને) રોકી લેવામાં આવે તો (આવી પરિસ્થિતિમાં એ હુકમ છે કે,) કુર્બાનીનું જાનવર જે કંઈ પણ (સરળતાથી) પ્રાપ્ત થાય (ઝબહ કરો અને હજ્જ તથા ઉમરહની હાલત અપનાવી રાખી હતી, તેને મૌકૂફ કરો એને પોતાનો અહેરામ ખોલવું કહે છે અને જે પદ્ધતિથી શરીઅતમાં માથાના બાલનું મુંડન કરવાનું હોય છે, તેમાં પોતાના બાલ મુંડાવવાની પણ આ જ અસર છે) અને (એવું નથી કે, તરત જ સામાન્ય રોકટોકથી જ અહેરામ ખોલવાનું દુરૂસ્ત સમજો બલકે,) પોતાનું માથું (અહેરામ ખોલવાની નિય્યતથી) તે સમય સુધી ન

મુંડાવો જ્યાં સુધી કે (તે) કુર્બાની(નું જાનવર જેને આવી હાલતમાં ઝબહ કરવાનો હુકમ હતો) પોતાના સ્થળ ઉપર ન પહોંચી જાય (અને તે સ્થળ હરમ છે કે આ કુર્બાનીનું જાનવર ફક્ત હરમની હદોમાં જ કુર્બાન કરી શકાય છે. ત્યાં જો પોતે ન જઈ શકે તો કોઈની સાથે ત્યાં પહોંચાડીને ઝબહ કરાવવામાં આવે, જ્યારે જાનવર ઝબહ થઈ જાય તો તે સમયે અહેરામ ખોલવો જાઈઝ થઈ જશે.) અલબત્ત, કોઈ તમારામાંથી બીમાર હોય અથવા તેના માથામાં (કોઈ ઘા વગેરે અથવા) બીમારી હોય (અને તે બીમારીની તકલીફના કારણે તેને પ્રથમથી જ માથું મુંડાવી નાંખવાની જરૂરત ઊભી થાય) તો (તેને માથું મુંડાવવાની પરવાનગી છે પરંતુ) ફિદિયો (એટલે કે શરઈ બદલો) આપી દે (એટલે કે ત્રણ) રોઝા રાખે અથવા (છ ફકીરોને દરેકને એક સદકએ ફિત્રના માપ પ્રમાણે) સદકહ આપે અથવા (એક બકરો) ઝબહ કરી દે, પછી તમે જ્યારે શાંતિની પરિસ્થિતિમાં હોય (ભલે પ્રથમથી જ કોઈ ડર અથવા સંઘર્ષની પરિસ્થિતિ ઉપસ્થિત નથી થઈ અથવા એવી પરિસ્થિતિ આવીને ચાલી ગઈ) તો (આવી પરિસ્થિતિમાં હજ્જ અને ઉમરહ બાબતે કુર્બાની કરવી દરેકની જવાબદારી નથી બલકે, ખાસ) જે વ્યક્તિ ઉમરહની સાથે આ હજ્જને ભેગા કરીને લાભવંત થયો હોય (એટલે કે હજ્જના દિવસોમાં ઉમરહ પણ કર્યા હોય) તો (ફક્ત તેના ઉપર વાજિબ છે) જે કંઈ કુર્બાની(નું જાનવર) પ્રાપ્ત થાય (ઝબહ કરે; અને જેણે ફક્ત ઉમરહ કર્યા હોય અથવા ફક્ત હજ્જ કરી હોય તેના ઉપર હજ્જ અને ઉમરહ બાબતે કોઈ કુર્બાની જરૂરી નથી,) પછી (હજ્જના દિવસોમાં હજ્જ અને ઉમરહને એક જ સફરમાં અદા કરનારાઓમાંથી) જે વ્યક્તિને કુર્બાનીનું જાનવર પ્રાપ્ત ન થાય (દા.ત. ગરીબ છે) તો (તેના માથે કુર્બાનીના બદલે) ત્રણ દિવસના હજ્જના (દિવસોના) રોઝા છે (કે આ દિવસોની અંતિમ તારીખ ૯ ઝિલ્હજ્જ છે) અને સાત (દિવસના રોઝા રાખવાના) છે જ્યારે કે હજ્જથી તમે પાછા ફરવાના સમયે આવી જાઓ (એટલે કે હજ્જ કરી ચૂકો ભલે, પાછા ફરવાના હોય અથવા ત્યાં જ રહેવાના હોય) આ પૂરા દશ (દિવસના રોઝા) થયા (અને એ પણ યાદ રાખો કે, જે હજ્જ અને ઉમરહને ભેગા કરવાનો હુકમ થયો છે) આ (ભેગા કરવું દરેકના માટે બરાબર નથી બલકે, ખાસ) તે વ્યક્તિના માટે (બરાબર) છે જેના કુટુંબીજનો (બાળ-બચ્ચાં) મસ્જિદે હરામ (કા'બા)ની પાડોશમાં ન રહેતા હોય (એટલે કે

હરમે મક્કાની હદો તેનું વતન ન હોય) અને (આ બધા હુકમોને અદા કરવામાં) અલ્લાહ તઆલાથી ડરતા રહો (કે કોઈ હુકમનો અનાદર ન થઈ જાય) અને (સારી રીતે) જાણી લો કે, નિઃશંક અલ્લાહ તઆલા (બેબાક-નિડર થઈ વિરોધ કરનારાઓને) સખત સજા આપે છે.

હજ્જના અમુક મહિનાઓ છે જે (પ્રખ્યાત અને) જાણીતા છે (એક શવ્વાલ, બીજો જિલ્કદ અને ત્રીજો ઝિલ્હજ્જની દશ તારીખો છે) બસ, જે વ્યક્તિ આ (દિવસો)માં (પોતાના માથે) હજ્જ નક્કી કરી લે (એટલે કે હજ્જનો અહેરામ બાંધી લે) તો પછી (તે વ્યક્તિએ) કોઈ ગંદી વાતો ન કરવી જોઈએ અને અલ્લાહના હુકમ વિરૂદ્ધ ન કરવું જોઈએ અથવા કોઈનાથી ઝઘડો કરવો ન જોઈએ (બલકે, દરેક સમયે તેણે ભલાઈના કામોમાં લાગેલા રહેવું જોઈએ) અને (તમે) જે નેક કામો કરશો અલ્લાહને તેની જાણ થાય છે (તો તમને નેકીના કાર્યોનું ઈના'મ જરૂર મળશે) અને (જ્યારે હજ્જ માટે જવા લાગો તો) પ્રવાસ ખર્ચ જરૂર સાંથે લઈ લો, સૌથી મોટી વાત (અને ખૂબી) પ્રવાસ ખર્ચમાં (કોઈ વ્યક્તિથી સવાલ કરવાથી) બચેલા રહેવું છે અને હે બુદ્ધિશાળી લોકો ! (આ હુકમને પૂર્ણ કરવામાં) મારાથી ડરતા રહો (અને કોઈ હુકમ વિરૂદ્ધ કૃત્ય ન કરો).

(અને જો હજ્જમાં પોતાનો કોઈ વેપારનો માલ સાથે લઈ જવામાં મસ્લિહત સમજો તો) તમને એમાં જરા પણ ગુનોહ નથી કે (હજ્જમાં) રોઝી-રોટી તલાશ કરો જે (તમારી કિસ્મતમાં) તમારા પરવરદિગાર તરફથી (લખી આપવામાં આવ્યું) છે, પછી જ્યારે તમે લોકો અરફાત(માં થોભીને ત્યાં)થી પાછા ફરવા લાગો તો મશઅરિલ હરામની પાસે (એટલે કે મુજદલિફામાં આવીને રાત્રી રોકાણ કરી) અલ્લાહ તઆલાને યાદ કરો અને (યાદ કરવાની પદ્ધતિમાં પોતાની ઈચ્છાથી કોઈ વસ્તુ શામિલ ન કરો બલકે,) એવી રીતે યાદ કરો જેવી રીતે કે તમને (અલ્લાહ તઆલાએ) બતાવી રાખ્યું છે અને વાસ્તવમાં આ (બતાવવા)થી પહેલાં તમે નાવાકેફ હતા પછી (તેમાં હજુ એ બાબત યાદ રાખો કે, જેવી રીતે કુરૈશના લોકોએ નિયમ બનાવી રાખ્યો હતો કે બધા હાજીઓ તો અરફાતમાં થઈને પછી ત્યાંથી મુજદલિફામાં આવતા હતા પરંતુ તેઓ મુજદલિફામાં જ રહી જતા હતા, અરફાતમાં જતા ન હતા, તે જાઈઝ નથી. બલકે,) તમારા બધા માટે (ભલે કુરૈશ હોય અથવા ગૈરકુરૈશ) જરૂરી એ છે કે, તે

જગ્યાએ જઈને જ પાછા આવો જ્યાં બીજા લોકો જઈને ત્યાંથી પાછા આવે છે અને (હજ્જના હુકમોમાં જૂના રિવાજો ઉપર અમલ કરવાથી) અલ્લાહ તઆલા સામે તવબહ કરો, બેશક ! અલ્લાહ તઆલા મા'ફ કરશે અને મહેરબાની કરશે.

(અજ્ઞાનતાના સમયમાં અમુક લોકોની એ આદત હતી કે, હજ્જથી ફારિગ થઈ મિનામાં ભેગા થઈને પોતાના બાપ-દાદાઓની ગૌરવગાથાઓ વર્ણન કર્યા કરતા હતા. અલ્લાહ તઆલાએ આ વાહિયાત રિવાજના બદલે પોતાની પવિત્રતા વર્ણન કરવાની તાકીદ કરીને ફરમાવ્યું છે કે,) પછી જ્યારે તમે પોતાના હજ્જના અમલો પૂરા કરી ચૂકો તો અલ્લાહ તઆલાનો (શુક્ર અને સન્માનની સાથે) ઝિક્ર કર્યા કરો, જેવી રીતે કે તમે પોતાના બાપ-દાદાઓ (પૂર્વજો)નું વર્ણન કર્યા કરો છો. બલકે, આ વર્ણન તેનાથી વધારે કરવું જોઈએ. (અમુક લોકોની આદત હતી કે હજ્જમાં ઝિક્ર તો અલ્લાહ તઆલાનો જ કર્યા કરતા હતા પરંતુ તેઓ આખિરતની માન્યતા ધરાવતા ન હતા. એટલા માટે તેમની બધી જ દુઆઓ ફક્ત દુનિયા માટેની જ હતી. એટલા માટે અલ્લાહ તઆલાએ માત્ર દુનિયા માંગવાની ટીકા કરીને દુનિયા અને આખિરત બંને જહાનની દુઆ કરવાની તાકીદ કરી છે.) બસ, અમુક લોકો (જેઓ કાફિરો છે) એવા છે જે (દુઆમાં એવું) કહે છે કે હે અમારા પરવરદિગાર ! અમને (જે કંઈ આપવું હોય તે) દુનિયામાં જ આપી દે (બસ તેમના આ સવાલ ઉપર જે કંઈ તેમને મળવાનું હશે તે દુનિયામાં જ મળી જશે) અને એવા વ્યક્તિને આખિરતમાં (આખિરતનો ઈન્કાર કરવાના કારણે) કોઈ હિસ્સો મળશે નહિ અને અમુક લોકો (જેઓ મો'મિન છે) એવા છે જેઓ (દુઆમાં એવું) કહે છે કે, હે અમારા પરવરદિગાર ! અમને દુનિયામાં ભલાઈ અર્પણ કર અને આખિરતમાં પણ ભલાઈ આપ અને અમને દોઝખના અઝાબથી બચાવ. (બસ, તે લોકો ઉપર વર્ણન કરેલ લોકો જેમ ખોટા માર્ગે નથી બલકે,) આવા લોકોને (બંને દુનિયામાં) મોટો હિસ્સો પોતાના અમલ (બંને દુનિયામાં ભલાઈ માંગવા)ના કારણે મળશે. અને અલ્લાહ તઆલા જલદી (જ) હિસાબ લેનારો છે (કારણ કે, કયામતમાં હિસાબ થશે અને કયામત નજીક આવતી જાય છે અને જ્યારે હિસાબ જલદી થવાનો છે તો ભલાઈને કદી ન ભૂલો) અને (મિનામાં ખાસ પદ્ધતિથી) અલ્લાહ તઆલાનો ઝિક્ર કરો, અમુક ખાસ દિવસો સુધી (તે ખાસ પદ્ધતિથી કાંકરીઓને ખાસ પથ્થરો ઉપર મારવાની

છે અને તે ખાસ દિવસો દશમી, અગિયારમી અને બારમી ઝિલ્હજ્જ છે અને ૧૩મી ઝિલ્હજ્જ પણ છે જેમાં કાંકરીઓ મારવામાં આવે છે.) પછી જે વ્યક્તિ (કાંકરીઓ મારી દશમી તારીખ પછી) બે દિવસોમાં (મક્કા પાછો આવવામાં) જલદી કરે તો તેના ઉપર કોઈ ગુનોહ નથી અને જે વ્યક્તિ (આ) દિવસોમાં (મક્કા પાછો આવવામાં) મોડું કરે (એટલે કે ૧૨મીએ ન આવે અને ૧૩મીએ આવે) તેના ઉપર પણ કોઈ ગુનોહ નથી. (અને આ બધી વાતો) તે વ્યક્તિ માટે (છે) જે (અલ્લાહથી) ડરે (અને અલ્લાહથી ન ડરનારાઓને સવાબ અને ગુનાહ સાથે કોઈ લેવા-દેવા હોતી નથી). અને અલ્લાહ તઆલાથી ડરતા રહો અને ખૂબ વિશ્વાસ રાખો કે તમે બધા અલ્લાહ પાસે જ ભેગા થવાના છો.

મસ્અલા અને બોધપાઠ :

હજ્જ અને ઉમરહના હુકમો :

અબવાબુલ બિર્રથી હુકમોનો ક્રમ જે અડધી સૂરએ બકરહથી ચાલી રહ્યો છે, તેમાં અગિયારમો હુકમ હજ્જનો છે. હજ્જનો સંબંધ મક્કા મુકર્રમહ અને કા'બા શરીફથી છે, એટલા માટે તે વિશેના અમુક મસ્અલાઓ તો કિબ્લાના વર્ણન સમયે ગૌણ સ્વરૂપે સૂરએ બકરહની ૧૨૫મી આયતથી લઈ ૧૨૮મી આયત સુધી એટલે કે وَاِذْ جَعَلْنَاالْبَيْتَ مَثَابَةً થી શરૂ થઈને وَاَرِنَا مَنَاسِكَنَا સુધી ઉલ્લેખ થઈ ચૂક્યા છે, પછી કિબ્લાની ચર્ચાને પૂર્ણ કરી એક આયત ૧૫૮માં اِنَّ الصَّفَاوَالْمَرْوَةَ સફા અને મરવહ વચ્ચે સઈ કરવાનો હુકમ પણ ગૌણ સ્વરૂપે વર્ણન થઈ ચૂક્યો છે. હવે, આયત નં. ૧૯૬થી આયત નં. ૨૦૩ સુધી એટલે કે وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ થી فَمَنْ تَعَجَّلَ فِىْ يَوْمَيْنِ સુધી સતત આઠ આયતોમાં હજ્જ અને ઉમરહના હુકમો તથા મસ્અલાઓ વર્ણન થયા છે.

હજ્જ ઉમ્મતના ઈજ્માઅ્ પ્રમાણે ઈસ્લામની પાયાની માન્યતાઓમાંથી અને મહત્ત્વના ફરજોમાંથી એક છે, જેની તાકીદ અને અગત્યતા કુર્આન શરીફની ઘણી બધી આયતો અને અસંખ્ય સહીહ હદીષોમાં વર્ણન થઈ છે.

જમહૂર (સર્વસહમત) નિવેદન પ્રમાણે હજ્જ હિજરતના ત્રીજા વર્ષમાં અને ગઝ્વએ ઉહદના એક વર્ષમાં સૂરએ આલે ઈમ્રાનની આ આયતથી ફરજ થઈ હતી. وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ (ઈબ્ને કષીર)

આ જ આયતમાં હજ્જના ફરજ થવાની શરતોનું વર્ણન અને શક્તિશાળી હોવા છતાં હજ્જ ન કરવા બાબતે સખત ધમકીઓ અને ચેતવણીઓ આવી છે.

ઉપરોક્ત આઠ આયતોમાંથી પહેલી આયત وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ મુફસ્સિરોની સંપૂર્ણ સહમતિ પ્રમાણે સુલહે હુદૈબિય્યહ વખતે નાઝિલ થઈ. હુદૈબિય્યહની શાંતિ મંત્રણા સન હિજરી ૬માં થઈ હતી, એનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે, આ આયતનો હેતુ હજ્જ ફરજ થઈ છે તે બતાવવાનો નથી, (બલકે એ તો પ્રથમથી જ જાણ કરી દેવામાં આવી છે,) બલકે અહીંયાં આ સ્થળે હજ્જ અને ઉમરહના ખાસ હુકમો બતાવવાનો હેતુ છે.

ઉમરહનો હુકમ :

સૂરએ આલે ઈમ્રાન કે જેમાં હજ્જ ફરજ થઈ હોવાનું બતાવવામાં આવ્યું છે, તેમાં ફક્ત હજ્જનું જ વર્ણન છે, ઉમરહનો ઉલ્લેખ નથી અને આ આયત જેમાં ઉમરહનું વર્ણન છે, તેનું અસલ કારણ તે ફરજ છે એવું બતાવવાનો નથી બલકે, એનોં ઉલ્લેખ માત્ર એટલા માટે જ છે કે જ્યારે કોઈ વ્યક્તિ હજ્જ અથવા ઉમરહનો અહેરામ બાંધી લે, તો તે પૂરું કરવું વાજિબ થઈ જાય છે. જેમકે, સામાન્ય રીતે નફલ નમાઝ અને નફલ રોઝાનો પણ આ જ હુકમ છે કે, એક વખતે નફલ નમાઝ કે નફલ રોઝો શરૂ કર્યો, તો તેને પૂરું કરવું વાજિબ થઈ જાય છે. એટલા માટે આ આયતથી એ સ્પષ્ટ નથી થતું કે, ઉમરહ કરવો વાજિબ છે કે, નહિ ? માત્ર એટલી જ જાણ થાય છે કે, જો કોઈ ઉમરહ શરૂ કરે, તો તેને પૂરો કરવો વાજિબ થઈ જાય છે.

ઈબ્ને કષીરે તિરમિઝી, અહમદ અને બયહકીના હવાલાથી હઝરત જાબિર (રદિ.)નું નિવેદન નકલ કર્યું છે કે, તેમણે રસૂલુલ્લાહ ﷺને સવાલ કર્યો કે, “ઉમરહ વાજિબ છે ?” આપ ﷺએ ફરમાવ્યું, “વાજિબ તો નથી, પરંતુ કરી લો તો સારું અને ઉત્તમ છે.” (તિરમિઝી ફરમાવે છે આ હદીષ હસન અને સહીહ છે) આ કારણે ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.) વિગેરે નજીક ઉમરહ વાજિબ નથી, સુન્નત છે. પ્રસ્તુત આયતમાં જ્યારે એવો ઉલ્લેખ છે કે, હજ્જ અથવા ઉમરહનો અહેરામ બાંધી લો, તો તેને પૂરું કરવું વાજિબ થઈ જાય છે, તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જો અહેરામ બાંધ્યા પછી કોઈ મજબૂરી આવી જાય અને હજ્જ કે ઉમરહ અદા ન થઈ શકે તો શું કરવામાં

આવે ? એનું વર્ણન એ પછીના વાક્યમાં فَإِنْ أُحْصِرْتُمْ કરવામાં આવ્યું.

અહેરામ બાંધ્યા પછી કોઈ મજબૂરી આવી જાય અને હજ્જ કે ઉમરહ પૂરો ન કરી શકાય, તો શું કરવાનો હુકમ છે ?

આ આયત હુદૈબિય્યહની શાંતિ-મંત્રણાના સમયે નાઝિલ થઈ હતી, તે સમયે આપ ﷺ અને સહાબા (રદિ.)એ અહેરામ બાંધ્યો હતો. મક્કાના કાફિરોએ તેમને મક્કામાં પ્રવેશ કરવાથી અને ઉમરહ કરવાથી અટકાવી દીધા ત્યારે આ હુકમ નાઝિલ થયો કે, અહેરામનો ફિદિયો (શરઈ બદલો) એક જાનવરની કુર્બાની છે. બકરી, ગાય, ઊંટ વગેરે જે સરળતાથી મળી શકે, કુર્બાની આપીને અહેરામ ખોલી નાંખે, પરંતુ સાથે જ આગળના વાક્ય وَلَا تَحْلِقُوا رُءُوسَكُمْ માં એ પણ બતાવવામાં આવ્યું કે, અહેરામ ખોલવામાં શરઈ સ્વરૂપ એ છે કે, માથાના વાળ મુંડાવવા અથવા કપાવવા ત્યાં સુધી જાઇઝ નથી જ્યાં સુધી "મુહરિમ" (અહેરામ બાંધ્યો છે તે વ્યક્તિ)ની કુર્બાની પોતાના સ્થળે પહોંચીને ઝબહ ન થઈ જાય.

કુર્બાનીનું જાનવર સ્થળ ઉપર પહોંચવાનો અર્થ ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) નજીક એ છે કે, હરમની હદોમાં પહોંચીને ઝબહ કરવામાં આવે. જો પોતે ન કરી શકે તો કોઈ બીજા પાસે ઝબહ કરાવે. આ સ્વરૂપમાં કોઈ દુશ્મન અવરોધરૂપ બની જાય તો ખુલાસો પ્રસ્તુત છે, ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને બીજા ઈમામોએ બીમારી વગેરે મજબૂરીને કારણે એ છૂટછાટમાં શામિલ હોવાનું ઠરાવ્યું છે અને આપ ﷺના અમલ પ્રમાણે આ કાર્ય પણ સાબિત થયું છે કે, મજબૂરીની પરિસ્થિતિમાં કુર્બાની કરીને અહેરામ ખોલી નાંખવો જાઇઝ છે, પરંતુ પાછળથી કઝા કરવી વાજિબ છે જેમકે, આપ ﷺ અને સહાબા (રદિ.)એ ત્યાર પછીના વર્ષે ઉમરહની કઝા કરી હતી.

આ આયતમાં માથું મુંડાવવાને અહેરામ ખોલવાની નિશાની બતાવવામાં આવી છે, એનાથી સાબિત થયું કે અહેરામની હાલતમાં માથું મુંડાવવાની અથવા વાળ કપાવવાની મનાઈ છે. એ સંદર્ભમાં અગાઉનો હુકમ એ બતાવ્યો કે, જે વ્યક્તિ હજ્જ અને ઉમરહનો અમલ અદા કરવાથી મજબૂર નથી, પરંતુ અહેરામની હાલતમાં કોઈ મજબૂરી અથવા બીમારીના કારણે માથાના વાળ મુંડાવવા અથવા કપાવવા પડે તો તે શું કરે ?

અહેરામની હાલતમાં માથાના વાળ મુંડાવવાની મજબૂરી થઈ પડે તો શું કરવામાં આવે ? :

فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْبِهٖ اَذًى مِّنْ رَّاْسِهٖ માં ફરમાવ્યું છે કે, જો કોઈને બીમારીના કારણે માથું અથવા શરીરના કોઈ અન્ય ભાગમાં વાળ મુંડાવવાની મજબૂરી ઊભી થાય અથવા માથામાં એટલી જૂ પડી ગઈ છે કે, તે તકલીફ આપી રહી છે તો એવી પરિસ્થિતિમાં આવશ્યકતા અનુસાર બાલ મુંડાવવા જાઈઝ છે, પરંતુ તેનો ફિદિયો અને બદલો એ છે કે, રોઝા રાખે અથવા સદકહ આપે અથવા કુર્બાની કરે. કુર્બાની માટે તો હરમની હદો નક્કી છે અને રોઝા તથા સદકહ માટે કોઈ જગ્યા નક્કી નથી, તે દરેક જગ્યાએ અદા કરી શકાય છે. કુર્આનના શબ્દોમાં "સિયામ" صِيَــــام ની કોઈ ગણતરી અને સદકહનું કોઈ ચોક્કસ પ્રમાણ કે માપ આપવામાં નથી આવ્યું પરંતુ રસૂલે કરીમ ﷺની હદીષમાં હઝરત કઅ્બ બિન અજરા (રદિ.) સહાબીથી આવી પરિસ્થિતિ વિશે એવું ફરમાવવામાં આવ્યું કે, "ત્રણ રોઝા રાખો અથવા છ ફકીરોને અડધો "સાઅ્" ઘઉં સદકહ સ્વરૂપે આપી દો." (સહીહ બુખારી) અડધો "સાઅ્" ૮૦ તોલાના એક શેરના હિસાબે "પોણા બે શેર (પોણા બે કિલો હાલના હિસાબે) ઘઉં" અથવા તો તેની કિંમતનો સદકો આપી દેવો પૂરતું છે.

હજ્જના મહિનાઓમાં હજ્જ અને ઉમરહ ભેગા કરવાનો હુકમ :

ઈસ્લામ આવ્યા અગાઉ અજ્ઞાન આરબોની માન્યતા હતી કે, જ્યારે હજ્જના મહિનાઓ એટલે કે સવ્વાલનો મહિનો શરૂ થઈ જાય તો તે દિવસોમાં હજ્જ અને ઉમરહને ભેગા કરવા સખત ગુનોહ છે. આ આયતના અંતિમ ભાગમાં એ માન્યતાને પણ આ રીતે સુધારી આપવામાં આવી કે, મીકાતની હદોમાં રહેનારા (નિવાસી)ઓ માટે હજ્જ અને ઉમરહ બંનેને હજ્જના મહિનાઓમાં ભેગા કરવાની મનાઈ કરવામાં આવી છે. કારણ કે, તેમના માટે હજ્જના મહિનાઓ પછી ઉમરહ કરવા માટે મુસાફરી કરવી કોઈ મુશ્કેલ કામ નથી, પરંતુ મીકાતની હદોથી બહાર રહેનારા નિવાસીઓ માટે હજ્જ અને ઉમરહ ભેગા કરવા જાઈઝ ઠરાવવામાં આવેલ છે. કારણ કે, દૂર-સુદૂરના પ્રદેશોમાંથી ફક્ત ઉમરહ માટે મુસાફરી કરવી સહેલી નથી. મીકાત એ ચોક્કસ નક્કી કરેલા સ્થળો છે કે, આખી દુનિયાની ચારે દિશાએથી મક્કામાં આવનારા

લોકોના પ્રત્યેક રસ્તા અલ્લાહ તઆલા તરફથી નક્કી છે કે, જ્યારે કોઈ મક્કા આવવાનો ઈરાદો કરનાર પ્રવાસી અહીંયાં પહોંચે તો અહીંયાંથી હજ્જ અથવા ઉમરહની નિય્યતથી તેના માટે અહેરામ બાંધવો જરૂરી છે. અહેરામ બાંધ્યા વિના અહીંયાંથી આગળ વધવું ગુનોહ છે. لِمَنْ لَّمْ يَكُنْ اَهْلُهٗ حَاضِرِى الْمَسْجِدِالْحَرَامِ નો પણ એ જ અર્થ છે કે, જે વ્યક્તિના બાળ-બચ્ચાં મસ્જિદે હરામની આજુબાજુ એટલે કે મીકાતની હદોમાં નથી રહેતા, એનો મતલબ એ જ છે કે, જેમનું વતન મીકાતની સીમાઓમાં નથી, તેમના માટે હજ્જ અને ઉમરહ હજ્જના મહિનાઓમાં ભેગા કરવા જાઈઝ છે.

અલબત્ત જે લોકો હજ્જ અને ઉમરહને હજ્જના મહિનામાં ભેગો કરે, તો તેમના ઉપર વાજિબ છે કે બંને ઈબાદતોને ભેગા કરવાનો શુક્રિયા અદા કરે અને જો શક્તિ હોય તો કુર્બાની આપીને અલ્લાહનો શુક્રિયા અદા કરે અને તે વ્યક્તિ માટે એક કુર્બાની બકરી, ગાય, ઊંટ જે કંઈ પણ સરળ હોય આપી દે. પરંતુ જે વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ કુર્બાની આપવા યોગ્ય નથી, તેમના ઉપર દશ રોઝા એવી રીતે વાજિબ છે કે, ત્રણ રોઝા તો હજ્જના દિવસોમાં જ રાખે, એટલે કે નવ જિલ્હજ્જ સુધી પૂરા કરી લે, બાકી સાત રોઝા હજ્જથી પરવારીને જ્યારે ઈચ્છે ત્યારે અને જ્યાં ઈચ્છે ત્યાં રાખે. ચાહે તો મક્કા મુકર્રમહમાં રહીને રાખે અથવા તો ઘેર પરત આવીને પૂરા કરવાની પરવાનગી છે. જો કોઈ વ્યક્તિ હજ્જના દિવસોના ત્રણ રોઝા ન રાખી શક્યો, તો પછી ઈમામ અબૂ હનીફા અને ગણ્ય-માન્ય સહાબા (રદિ.)ના મત પ્રમાણે તેના માટે કુર્બાની કરવી જ નક્કી થયેલ છે. જ્યારે શક્તિ હોય ત્યારે હરમમાં કોઈના દ્વારા પણ કુર્બાની કરાવી આપે.

(જસ્સાસ)

"તમત્તુઅ" تَمَتُّع અને "કિરાન" قِرَان :

હજ્જના મહિનાઓમાં હજ્જ સાથે ઉમરહ ભેગા કરવાના બે સ્વરૂપો છે. એક એ કે મીકાતથી હજ્જ અને ઉમરહ બંનેનો અહેરામ એકસાથે બાંધી લે, તેને હદીષની વ્યાખ્યામાં "કિરાન" કહેવામાં આવે છે. આ અહેરામ હજ્જના અહેરામ સાથે ખોલવામાં આવે છે. છેલ્લા દિવસોમાં હજ્જ સુધી તેને અહેરામની હાલતમાં જ રહેવું પડે છે, બીજું એ કે મીકાતથી ફક્ત ઉમરહનો અહેરામ બાંધે અને મક્કા મુકર્રમહ પહોંચીને ઉમરહ કરી અહેરામ ખોલી નાંખે, પછી જિલ્હજ્જની આઠમી

તારીખે મિના જવાના સમયે હજ્જનો અહેરામ હરમ શરીફમાં જ બાંધી લે, તેને હદીષની પરિભાષામાં "તમત્તુઅ" કહેવામાં આવે છે. તેના શાબ્દિક અર્થનો શબ્દના અર્થ આધારે બંને સ્વરૂપો ઉપર પ્રભાવ છે. કારણ કે, તેનો અર્થ છે કે "હજ્જ અને ઉમરહને ભેગા કરીને લાભ ઉઠાવવો" અને આ બંને સ્વરૂપોમાં તે બરાબર છે. કુર્આનની પ્રસ્તુત આયતમાં فَمَنْ تَمَتَّعَ નો આ જ સામાન્ય અર્થ છે.

હજ્જ અને ઉમરહમાં અલ્લાહના હુકમોનું ઉલ્લંઘન કરવું અઝાબનું કારણ બને છે :

અંતિમ આયતમાં પ્રથમ તો તકવા (અલ્લાહનો ડર) અપનાવવાનો હુકમ આપવામાં આવ્યો જેનો અર્થ છે, અલ્લાહ તઆલાના હુકમોનો અનાદર કરવાથી બચતા અને ડરતા રહો અને ત્યાર બાદ ફરમાવ્યું وَاعْلَمُوْا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ એટલે, “જે વ્યક્તિ જાણીબૂઝીને અલ્લાહના હુકમોનો અનાદર કરે છે, તેના માટે અલ્લાહનો સખત અઝાબ છે.” વર્તમાન સમયમાં હજ્જ અને ઉમરહમાં જનારા મોટા ભાગના લોકો આ બાબતથી ગાફેલ છે. પ્રથમ તો હજ્જ અને ઉમરહના હુકમો સંપૂર્ણ રીતે જાણવાનો જ પ્રયત્ન નથી કરતા અને કદાચ જાણતા હોય તો પણ મોટા ભાગના લોકો એ પ્રમાણે અમલ નથી કરતા. ખોટું કરનારા મુઅલ્લિમો અને સાથીઓની લાપરવાહીના કારણે ઘણા વાજિબો પણ છૂટી જાય છે તો પછી અદબો અને સુન્નતોની તો વાત જ ક્યાં કરવી ! અલ્લાહ દરેકને અમલ સુધારવાની તૌફીક નસીબ ફરમાવે. આમીન.

હજ્જના હુકમોની આઠ આયતોમાંથી બીજી આયત અને તેના મસ્અલાઃ

اَلْحَجُّ اَشْهُرٌ مَّعْلُوْمَاتٌ શબ્દ اَشْهُرٌ (અશ્હુર) તે شَهْرٌ (શહ્રુન)નું બહુવચન છે, જેનો અર્થ "મહિનાઓ" થાય છે. પાછલી આયતમાં બતાવવામાં આવ્યું હતું કે, જે કોઈ વ્યક્તિ હજ્જ અથવા ઉમરહનો અહેરામ બાંધી લે, તો તેના માટે જરૂરી થઈ જાય છે કે, તે તેના હુકમોને સંપૂર્ણ રીતે પૂરા કરે. આ હજ્જ અને ઉમરહ બંનેમાંથી ઉમરહ માટે તો કોઈ તારીખ અથવા મહિનો નક્કી નથી. આખા વર્ષ દરમિયાન જ્યારે પણ ઈચ્છે કરી શકે છે, પરંતુ હજ્જ માટે મહિના અને ચોક્કસ દિવસો તથા તેના ચોક્કસ અમલો અને અમલોનો ખાસ સમય નક્કી કરવામાં આવ્યો છે. એટલા માટે આ આયતની શરૂઆતમાં એ બતાવવામાં આવ્યું કે, હજ્જનો અમલ ઉમરહના અમલ પ્રમાણે નથી. તેના માટે અમુક મહિનાઓ

નક્કી છે, જે ઘણા પ્રખ્યાત છે અને બધાને જ ખબર છે. અરબોની અજ્ઞાનતાના યુગથી ઈસ્લામના યુગ સુધી હજ્જના મહિનાઓ આ જ પ્રમાણે નક્કી થયેલા છે અને તે મહિનાઓ શવ્વાલ, જિલ્કદ અને જિલ્હજ્જના દશ દિવસો છે. જેમકે હદીષોમાં હઝરત અબૂ અમામા (રદિ.) અને હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી નકલ થયું છે. (મઝહરી) શવ્વાલથી હજ્જનો મહિનો શરૂ થવાનો મતલબ એ છે કે, તે પહેલાં હજ્જનો અહેરામ બાંધવો જાઈઝ નથી. અમુક ઈમામો નજીક શવ્વાલ પહેલાં બાંધેલા અહેરામથી હજ્જ અદા થશે નહિ, પરંતુ ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) નજીક આ અહેરામથી હજ્જ તો અદા થઈ જશે પરંતુ મકરૂહ થશે.

(મઝહરી)

فَمَنْ فَرَضَ فِيهِنَّ الْحَجَّ فَلَا رَفَثَ وَلَا فُسُوقَ وَلَا جِدَالَ فِي الْحَجِّ આ આયતમાં હજ્જનો અહેરામ બાંધનાર માટે અમુક બાબતો અને હુકમોનું વર્ણન છે. જેનાથી અહેરામ બાંધેલી હાલતમાં બચવું જરૂરી અને વાજિબ છે, તે ત્રણ વસ્તુઓ છે. "રફસ" رَفَثَ, "ફુસૂક" فُسُوقَ અને "જિદાલ" جِدَالَ

"રફસ" رَفَثَ ઘણા અર્થવાળો શબ્દ છે, જેમાં સ્ત્રી સાથે સહવાસ (સંભોગ), અહીંયાં સુધી કે જીભથી સ્ત્રી સાથે ખુલ્લી જાતીય વાસનાથી વાતચીત પણ શામિલ છે. અહેરામ બાંધેલી હાલતમાં સ્ત્રી સાથે આ બધું હરામ છે.

"ફુસૂક" فُسُوقَ નો શાબ્દિક અર્થ "બહાર નીકળી જવું" છે. કુર્આનની પરિભાષામાં અલ્લાહના હુકમથી બહાર નીકળી જઈ નાફરમાની કરવાને "ફુસૂક" કહેવામાં આવે છે, જે પોતાના સામાન્ય અર્થના આધારે બધા જ પ્રકારના ગુનાહોને કહેવામાં આવે છે, પરંતુ અમુક લોકોએ આ સ્થળે પ્રચલિત અર્થ ગણ્યો છે અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) તફસીર કરે છે કે ફક્ત "તે કામ, જે અહેરામની હાલતમાં પ્રતિબંધિત અને નાજાઈઝ છે." અને દેખીતું છે કે, આ જગ્યાએ આ જ તફસીર કરવી યોગ્ય છે. કારણ કે, દરેક પ્રકારના ગુનાહોનો પ્રતિબંધ અહેરામ સાથે ખાસ નથી, બલકે તે દરેક સમયે હરામ છે.

એવી બાબતો જે વાસ્તવમાં ગુનોહ નથી પરંતુ અહેરામના કારણે નાજાઈઝ થઈ જાય છે તે છ વસ્તુઓ છે. પ્રથમ مُبَاشَرَت (સ્ત્રી સાથે સમાગમ) અને જાતીય આવેગો ઉત્પન્ન કરે એવી વાતચીત એટલે સુધી કે એ વિશેની ખુલ્લી ચર્ચા પણ, બીજું, જંગલી જાનવરનો શિકાર પોતે કરવો અથવા શિકારીને

બતાવવો, ત્રીજું, વાળ અથવા નખ કપાવવા, ચોથું, સુગંધનો ઉપયોગ કરવો. આ ચાર બાબતો તો પુરૂષ અને સ્ત્રી બંને માટે અહેરામની હાલતમાં સમાન રીતે નાજાઇઝ છે. બાકીની બે બાબતો માત્ર પુરૂષોને લાગુ પડે છે. એટલે કે, પાંચમું, સિવેલા કપડાં પહેરવા અને છટ્ઠું, માથા અને ચહેરાને ઢાંકવા. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.)ના મતે અહેરામની હાલતમાં ચહેરો ઢાંકવો સ્ત્રી માટે પણ નાજાઇઝ છે. એટલા માટે તેને પણ સ્ત્રી-પુરૂષનો અહેરામની હાલતનો સમાન હુકમ સમજવામાં આવે છે.

આ છ બાબતોમાં પ્રથમ مُبَاشَرَتْ (સ્ત્રી સાથે સમાગમ) વગેરે જો કે, ફુસૂકમાં શામિલ છે, પરંતુ તેને ફુસૂકથી પહેલાં શબ્દ ''રફસ'' વાપરીને બતાવવામાં આવ્યું કે, અહેરામમાં તેનાથી બચવું સૌથી વધુ જરૂરી છે. કારણ કે, અહેરામની હાલતની અન્ય ભૂલોનો બદલો અને કફ્ફારો હોય છે, પરંતુ સ્ત્રી સાથે રતીક્રિડાના અમુક સ્વરૂપો અને અમુક પ્રકારો એવા પણ હોય છે કે, જો તેમાં કોઈ સપડાઈ જશે, તો સંપૂર્ણ હજ્જ જ ફાસિદ (તૂટી) થઈ જશે અને તેનો કોઈ કફ્ફારો પણ નથી હોઈ શકતો. દા.ત. અરફાતમાં રોકાતા પહેલાં પત્ની સાથે સંભોગ કર્યો, તો હજ્જ ફાસિદ થઈ ગઈ અને તેનો જુર્માનો (કફ્ફારો) પણ ગાય અથવા ઊંટની કુર્બાની આપવી પડશે અને આવતા વર્ષે ફરી હજ્જ કરવી પડશે. આ વિશેષ અગત્યતાના કારણે તેને فَلَا رَفَثَ નો શબ્દ વાપરી આગવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

''જિદાલ'' جِدَالَ નો અર્થ "એકબીજાને પછાડવા"નો થાય છે અને તે ભારે લડાઈ-ઝઘડાને કહેવામાં આવે છે. આ શબ્દ પણ ઘણો પ્રચલિત છે અને અમુક મુફસ્સિર લોકોએ તેના આ પ્રચલિત અર્થને જ અત્રે સમજ્યો છે અને અમુક લોકોએ હજ્જ તથા અહેરામના સ્થળના સંદર્ભે આ સ્થળે ''જિદાલ''નો અર્થ એવો પણ સમજ્યો છે કે, જાહિલ અરબ લોકો થોભવાના (રોકવાના) સ્થળ વિશે મતભેદ ધરાવતા હતા. અમુક લોકો અરફાતમાં રોકાવાનું જરૂરી સમજતા હતા, જેમકે એ જ સાચું છે, પરંતુ અમુક લોકો મુજદલિફામાં થોભવું જરૂરી કહેતા હતા, અરફાતમાં જવાને જરૂરી સમજતા ન હતા અને આ થોભવાને ઈબ્રાહીમ (અલૈ.)ની થોભવાની સુન્નત ઠરાવતા હતા. એ જ પ્રમાણે હજ્જના સમય બાબતે પણ તેમનામાં મતભેદ હતો. અમુક લોકો જિલ્હજ્જમાં હજ્જ કરતા હતા અને

અમુક લોકો જિલ્કદમાં જ હજ્જ કરી લેતા હતા અને પછી આ બાબતે પરસ્પર લડાઈ-ઝઘડો પણ થતો હતો. તેઓ એકબીજાને ગુમરાહ કહેતા હતા. કુર્આન શરીફે لَا جِدَالَ કહીને આ લડાઈ-ઝઘડા ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું અને જે વાત સત્ય હતી તેનું એ'લાન કર્યું કે, અરફાતમાં થોભવું ફરજ છે અને પછી મુજદલિફામાં થોભવું વાજિબ કરવામાં આવ્યું છે અને હજ્જ ફક્ત જિલ્હજ્જના દિવસોમાં જ કરવામાં આવે. આ બાબતનું એ'લાન કરી તેના વિશે મતભેદ અથવા ઝઘડો કરવા પર પ્રતિબંધ લાદી દીધો.

لَا رَفَثَની તફસીર આ આયત અનુસંધાને ફક્ત અહેરામની હાલતમાં પ્રતિબંધિત બાબતોના ઉલ્લેખ વિશે થઈ. જો કે, આ બાબતો અહેરામ સિવાયની હાલતમાં જાઈઝ છે, પરંતુ અહેરામના કારણે પ્રતિબંધિત થઈ ગઈ છે. જેમકે, નમાઝ-રોઝાની હાલતમાં ખાવું-પીવું વાતચીત કરવી વગેરે જાઈઝ બાબતો પ્રતિબંધિત કરવામાં આવી છે.

અને અમુક લોકોએ આ જગ્યાએ ફુસૂક فُسُوْقَ અને જિદાલ جِدَالَનો પ્રચલિત અર્થ લઈ હેતુ એ બતાવ્યો કે, જો કે, ફિસ્ક અને ગુનાહ તથા ખોટી વાત ઉપર પરસ્પર લડાઈ અને મતભેદ દરેક પરિસ્થિતિમાં ધિક્કારપાત્ર અને ગુનાહનું કામ છે, પરંતુ અહેરામની પરિસ્થિતિમાં આ ગુનોહ વધારે સખત થઈ જાય છે. મુબારક દિવસોમાં પવિત્ર ભૂમિ ઉપર તેઓ ફક્ત અલ્લાહની ઈબાદત માટે જ અહીંયાં આવ્યા છે અને લબ્બૈક લબ્બૈક પોકારી રહ્યા છે. અહેરામનો લિબાસ દરેક સમયે તેને યાદ અપાવી રહ્યો છે કે, તમો ઈબાદતની હાલતમાં છો. આવી પરિસ્થિતિમાં અહીંયાં ગુનાહ, મતભેદો તથા ઝઘડા કરવા અત્યંત બેબાકી લાપરવાહી અને અતિભયંકર અપરાધ બની જાય છે.

આ પ્રચલિત અર્થની જગ્યાએ રફસ, ફુસૂક, જિદાલથી રોકાઈ જવાનો અને તેના પ્રતિબંધિત હોવાનો ઉલ્લેખ કરવામાં એક વિશેષ હિકમત એ પણ હોઈ શકે છે કે, હજ્જના સ્થળે અને હજ્જના પવિત્ર દિવસોની પરિસ્થિતિ એવી હોય છે કે, તેમાં વ્યક્તિને આ ત્રણ ઘટનાઓ સાથે રૂબરૂ થવાની ઘણી બધી સંભાવનાઓ રહેલી છે. અહેરામની હાલતમાં મોટે ભાગે પોતાના બાલ-બચ્ચાંઓથી એક લાંબા સમય સુધી દૂર રહેવું પડે છે. તવાફ તથા સઈમાં, અરફાત અને મુજદલિફામાં તથા મિનામાં અસંખ્ય લોકો ભેગા થયા હોય છે અને

તેમાં દરેકે ઘણી કાળજી રાખવી પડતી હોય છે, સ્ત્રી–પુરૂષો ભેગા હોય છે. એવા સમયે માણસની ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવવો સરળ નથી હોતો. એટલા માટે સૌ પ્રથમ "રફસ" પ્રતિબંધિત હોવાનું વર્ણન કરવામાં આવ્યું. એ જ પ્રમાણે આ અતિઉચ્ચ હેતુથી ભેગા થયેલા સમૂહમાં બીજા ગુનાહો થઈ જવાની સંભાવનાઓ પણ હોય છે. એટલા માટે "લા ફુસુક" لَا فُسُوْقَ નું માર્ગદર્શન આપવામાં આવ્યું. એ જ પ્રમાણે હજ્જના પ્રવાસમાં પ્રથમથી અંત સુધી અસંખ્ય એવી પરિસ્થિઓનું નિર્માણ થાય છે, જેમાં સફરના સાથીઓ અથવા તો અન્ય લોકો સાથે જગ્યાના અભાવ અથવા તો બીજા કારણોસર ઝઘડો થઈ જવાની શક્યતા રહેલી છે. એટલા માટે "લા જિદાલ" لَاجِدَالَ નો હુકમ કરવામાં આવ્યો.

કુર્આનની ઉચ્ચ કક્ષાની સાહિત્યિક શૈલી :

આ આયત وَلَارَفَثَ وَلَا فُسُوْقَ وَلَا جِدَالَ ના શબ્દો નકારવાચક શૈલીથી કહેવાયેલા શબ્દો છે, આ બધી બાબતો હજ્જમાં જાઇઝ નથી. અત્રે આ બાબતોનો નકાર કરવાનો અને તેને પ્રતિબંધિત જાહેર કરવાનો હેતુ છે. આ બધી બાબતોનો તકાદો એ હતો કે لَا تَرْفُثُوْا وَلَا تَفْسُقُوْا وَلَا تُجَادِلُوْا આવું કહેવાવું જોઈતું હતું, પરંતુ અહીંયાં ફક્ત નકાર જ નહિ, પણ પ્રતિબંધિત હોવાના શબ્દો મૂકી એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો કે, આ કૃત્યોની હજ્જમાં કોઈ ગુંજાઈશ કે શક્યતા જ નથી.

وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ يَّعْلَمْهُ اللّٰهُ અહેરામ બાંધ્યા પછી પાળવાના કાયદાઓ તથા પ્રતિબંધિત વસ્તુઓથી બચવાનું વર્ણન કરી છેવટે આ વાક્યમાં એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, એટલું જ નહિ કે, હજ્જના મુબારક દિવસોમાં પવિત્ર સ્થળોએ જ માત્ર પ્રતિબંધિત બાબતો અને ગુનાહોથી બચો, બલકે, આ તકને ગનીમત સમજી ઈબાદત અને અલ્લાહના ઝિક્ર તથા નેક કામોમાં લાગેલા રહો. તમે જે કંઈ પણ નેક કામો કરશો, તે અલ્લાહના ઈલ્મમાં છે અને તમને તે બદલ ઘણું મોટું ઈનામ મળશે.

وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى આ આયતમાં આ શબ્દોમાં તે લોકોને સંબોધન છે, જેઓ હજ્જ અને ઉમરહ માટે સફરમાં પૂરતો ખર્ચ (ભાથું) લીધા વિના નીકળી પડે છે અને એવો દા'વો કરે છે કે, અમે તો અલ્લાહના ભરોસે નીકળ્યા છે, પછી રસ્તામાં ભીખ માંગતા ફરે છે. પોતે પણ તકલીફ ઉઠાવે છે અને

બીજાઓને પણ પરેશાન કરતા રહે છે. તેમના માર્ગદર્શન માટે હુકમ કરવામાં આવ્યો કે, હજ્જના પ્રવાસ માટે આવશ્યક પ્રવાસ ખર્ચ અને સર સામાન સાથે લેવો, તે જ અલ્લાહ ઉપર તવક્કુલ (ભરોસો) કહેવાય છે, તે તવક્કુલ વિરુદ્ધ નથી. બલકે, તવક્કુલની હકીકત જ એ છે કે, અલ્લાહ તઆલાએ આપેલા સ્ત્રોતો અને ભૌતિક વસ્તુઓ પોતાની શક્તિ પ્રમાણે પ્રાપ્ત કરે અને જરૂરત માટે ભેગી કરે, ત્યાર પછી અલ્લાહ ઉપર તવક્કુલ (ભરોસો) કરે. રસૂલુલ્લાહ ﷺ દ્વારા તવક્કુલની આવી જ વ્યાખ્યા અને તફસીર નકલ થઈ છે. ભૌતિક જીવન જરૂરિયાતના (માધ્યમોરૂપી) સામાનને બિલકુલ ત્યજી દેવાનું નામ તવક્કુલ કહેવું નરી મૂર્ખામી અને જહાલત છે.

હજ્જની મુસાફરીમાં વેપાર અથવા મજૂરી કરવાનો શું હુકમ છે ? :

لَيۡسَ عَلَيۡكُمۡ جُنَاحٌ اَنۡ تَبۡتَغُوۡا فَضۡلًا مِّنۡ رَّبِّكُمۡ "તમારા ઉપર કોઈ ગુનોહ નથી કે, તમે વેપાર અથવા મજૂરી દ્વારા થોડી રોઝી કમાઈ લો અને અલ્લાહ તઆલાની આપેલી રોજી (કૃપા) પ્રાપ્ત કરો." આ આયત ઊતરવાની પૂર્વભૂમિકા એવી છે કે, અજ્ઞાનતાના યુગમાં અરબોએ જે પ્રમાણે બધી જ ઈબાદતો અને આર્થિક વ્યવહારોમાં પોતાની રીતે અનેક પ્રકારના બેહુદા અને વાહિયાત રિવાજો શામિલ કર્યા હતા અને ઈબાદતને પણ ખેલ-તમાશો બનાવી દીધો હતો. એ જ પ્રમાણે હજ્જના અમલોમાં પણ જાત-જાતની બેહુદગીઓ અને વ્યર્થ રિવાજોનું અનુસરણ કરતા હતા. મિનાના મોટા ઈજતેમામાં તેઓ અનેક પ્રકારના બજારો (દુકાનો) લગાવતા હતા, પ્રદર્શનો થતા હતા, વેપાર-ધંધાને ઉત્તેજન આપવા માટેના કાર્યક્રમો યોજાતા હતા. જ્યારે ઈસ્લામ આવ્યો અને મુસલમાનો ઉપર હજ્જ ફરજ કરવામાં આવી તો આ બધા બેહુદા રસમો-રિવાજ ખતમ કરી દેવામાં આવ્યા. સહાબએ કિરામ (રદિ.) કે, જેઓ ફક્ત અલ્લાહને રાજી રાખનારા અને રસૂલુલ્લાહ ﷺના શિક્ષણ ઉપર સર્વસ્વ કુર્બાન કરવા હરપળે ઉત્સુક રહેનારા હતા, હવે તેમને એવો વિચાર આવ્યો કે, હજ્જના દિવસોમાં વેપાર કરવો અથવા મજૂરી કરી કંઈક કમાઈ લેવું પણ અજ્ઞાનતાના યુગની ઉપજ છે. કદાચ બની શકે છે કે, ઈસ્લામમાં તેની સંપૂર્ણ મનાઈ અને પ્રતિબંધ લાદી દેવામાં આવે. એટલે સુધી કે, એક વ્યક્તિ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) પાસે આવ્યા અને પ્રશ્ન કર્યો કે, "અમારો ધંધો પહેલેથી એ છે કે, અમે ઊંટોને

ભાડેથી ફેરવીએ છીએ. અમુક લોકો અમારા ઊંટો હજ્જ માટે ભાડે લઈ જાય છે, અમે તેમની સાથે જઈએ છીએ અને હજ્જ કરીએ છીએ. શું અમારી હજ્જ નહિ થાય ?'' હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, ''એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા હતા અને રસૂલે કરીમ ﷺથી આ જ પ્રમાણે સવાલ કર્યો હતો, જે તમે મને કરી રહ્યા છો. આપ ﷺએ તેને તે સમયે કોઈ જવાબ ન આપ્યો જ્યાં સુધી કે, આ આયત નાઝિલ થઈ. لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَبْتَغُوْا فَضْلًا مِنْ رَّبِّكُمْ તે સમયે આપ ﷺએ તે વ્યક્તિને બોલાવીને કહ્યું, હા ! તમારી હજ્જ સહીહ છે.''

મતલબ કે, આ આયતમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, જો કોઈ વ્યક્તિ હજ્જ દરમિયાન કોઈ ખરીદ–વેચાણ કે મજૂરી કરે, જેનાથી તેને થોડો ઘણો નફો મળી જાય તો એમાં કોઈ ગુનોહ નથી. હા ! અરબના કફિરો કે, જેઓ હજ્જને વેપારનું માર્કેટ અને પ્રદર્શન યોજવાનું સ્થળ બનાવી દેતા હતા, તેનો સુધારો કુર્આને બે શબ્દોમાં કરી આપ્યો. એક તો એ કે, જે કંઈ કમાઓ તેને અલ્લાહનો ફઝ્લ (કૃપા) અને બક્ષીશ સમજીને પ્રાપ્ત કરો અને શુક્ર (આભાર) માનો. ફક્ત મૂડી એકઠી કરવાનો હેતુ ન હોવો જોઈએ. فَضْلًا مِّنْ رَّبِّكُمْ માં એના તરફ જ ઈશારો કરવામાં આવ્યો છે, બીજું لَا جُنَاحَ عَلَيْكُمْ ના શબ્દો દ્વારા સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, તે કમાઈમાં તમારા ઉપર કોઈ ગુનોહ નથી, જેમાં એક ઈશારો એ તરફ છે કે, જો તેનાથી (વેપાર–ધંધાથી) બચવામાં આવે તો તે ઉત્તમ બાબત છે. કારણ કે, હજ્જમાં વેપાર–ધંધાથી સંપૂર્ણ ઈખ્લાસમાં ફરક પડી જાય છે અને વાસ્તવિકતા એ છે કે, કોઈ પણ કાર્યનો આધાર નિય્યત ઉપર છે. જો કોઈ વ્યક્તિની નિય્યત વાસ્તવમાં દુનિયાનો નફો, વેપાર અથવા મજૂરી છે અને હજ્જને ગૌણ સ્વરૂપે બીજા નંબરે સમજે છે અથવા વેપારથી લાભ ઉઠાવવાનો ઈરાદો છે અને હજ્જનો પણ ઈરાદો છે અને બંને સરખી રીતે કરવાની નિય્યત છે. આવી પરિસ્થિતિમાં આ નિય્યત ઈખ્લાસની વિરૂદ્ધ છે, તેનાથી હજ્જનો સવાબ ઓછો થઈ જશે અને હજ્જની બરકતો જે પ્રાપ્ત થવી જોઈએ, તે મળશે નહિ અને જો વાસ્તવિક નિય્યત માત્ર અને માત્ર હજ્જ કરવાની જ છે. હજ્જના શોખથી જ ઘરેથી પ્રવાસે નીકળ્યો છે, પરંતુ હજ્જના ખર્ચ માટે અથવા ઘરખર્ચની જરૂરતોમાં તંગી છે, તેને પૂરી કરવા માટે કોઈ સામાન્ય વેપાર કે મજૂરી કરી લીધી,

તો આવું કરવું ઈખ્લાસની બિલકુલ વિરૂદ્ધ નથી, પરંતુ ઉત્તમ તો એ જ છે કે, ખાસ એમાં પણ હજ્જના પાંચ દિવસોમાં કે જેમાં હજ્જના અમલો પૂરા કરવામાં આવે છે, તેમાં વેપાર અથવા મજૂરીનું કોઈ કાર્ય ન કરે. બલકે, તે દિવસોને માત્ર અને માત્ર ઈબાદત અને અલ્લાહના ઝિક્રમાં પસાર કરે. આ કારણથી અમુક ઉલમાએ ખાસ આ દિવસોમાં વેપાર અને મજૂરીની મનાઈ ફરમાવી છે.

અરફાતમાં થોભવું અને ત્યારબાદ મુજદલિફામાં થોભવું :

ત્યાર પછી આ આયતમાં ઈરશાદ છે فَاِذَآاَفَضْتُمْ مِّنْ عَرَفَاتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ وَاِنْ كُنْتُمْ مِّنْ قَبْلِهٖ لَمِنَ الضَّآلِّيْنَ "પછી જ્યારે તમે અરફાતથી પાછા આવવા લાગો, તો મશ્અરે હરામની પાસે અલ્લાહ તઆલાને યાદ કરો અને એ જ પ્રમાણે યાદ કરો, જે પ્રમાણે તમને બતાવી દેવામાં આવ્યું છે. હકીકતમાં અલ્લાહ તઆલાએ બતાવ્યા પહેલાં તમે માત્ર નાવાકેફ જ હતા." અત્રે બતાવવામાં આવ્યું છે કે, અરફાતથી પાછા ફરતી વખતે મુજદલિફામાં થોભવું અને અલ્લાહનો ખાસ ઝિક્ર કરવો વાજિબ છે.

"અરફાત" عَرَفَاتٌ શબ્દ બહુવચન છે અને તે એક ખાસ મેદાનનું નામ છે, જેની ચારેય હદો મશ્હૂર અને જાણીતી છે. આ મેદાન હરમની હદોથી દૂર સ્થિત છે. હાજીઓનું ત્યાં પહોંચવું અને મધ્યાહ્‌ન (બપોર)થી લઈ સાંજ સુધી ત્યાં થોભવું હજ્જનો એક અગત્યનો ફરજ છે. જેના છૂટી જવાનો કોઈ કફ્ફારો નથી અને તેનો કોઈ ફિદિયો પણ નથી થઈ શકતો.

અરફાત કહેવાના ઘણા બધા કારણો બતાવવામાં આવે છે, તે બધામાં મુખ્ય કારણ એ છે કે, આ મેદાનમાં મનુષ્ય પોતાના પરવરદિગારની મઅરિફત, ઈબાદત અને ઝિક્રુલ્લાહ દ્વારા પ્રાપ્ત કરે છે અને અલ્લાહની નિકટ પહોંચે છે. તદુપરાંત પૂર્વ અને પશ્ચિમના મુસલમાનોને પરસ્પર એકબીજાનો પરિચય મેળવવાનો અવસર પ્રાપ્ત થાય છે. કુર્આનના ફરમાનમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, અરફાના દિવસે મગરિબ પછી અરફાતથી પાછા આવતી વખતે મશ્અરે હરામ પાસે થોભવું જોઈએ. મશ્અરે હરામ એક પહાડનું નામ છે, જે મુજદલિફામાં આવ્યો છે. "મશ્અર"નો અર્થ "નિશાની–અલામત"નો થાય છે અને "હરામ"નો અર્થ "મહોતરમ–પવિત્ર" થાય છે. એનો અર્થ એ થયો કે, આ

પહાડ ઈસ્લામની નિશાનીઓ જાહેર કરવા માટે એક પવિત્ર સ્થળ છે, તેની આજુબાજુના મેદાનને મુજદલિફા કહેવામાં આવે છે. આ મેદાનમાં રાત પસાર કરવી અને મગરિબ તથા ઈંશા બંને નમાઝોને એક સાથે મુજદલિફામાં પઢવી વાજિબ છે. મશ્અરે હરામ પાસે અલ્લાહ તઆલાને યાદ કરવામાં આવે છે, જો કે, દરેક પ્રકારનો અલ્લાહનો ઝિક્ર તેમાં શામિલ છે પરંતુ આ જગ્યાએ એક ખાસ પ્રકારે ઝિક્ર કરવો ઈબાદત છે. આયતના શબ્દો وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ માં કદાચ એ બાબત તરફ જ ઈશારો છે કે, અલ્લાહ તઆલાએ પોતાની યાદ અને ઝિક્ર માટેની જે પદ્ધતિ બતાવી છે, તે જ પ્રમાણે અલ્લાહને યાદ કરવા જોઈએ, પોતાનો અભિપ્રાય અથવા અનુમાન તેમાં શામિલ ન કરો. કારણ કે, અભિપ્રાય અને અનુમાનનો તકાદો એ હતો કે, મગરિબની નમાઝ મગરિબના સમયે પઢવામાં આવે અને ઈંશાની નમાઝ ઈંશાના સમયે. પરંતુ આ દિવસે આ સ્થળે અલ્લાહ તઆલાને એવું જ પસંદ છે કે, મગરિબની નમાઝનું મોડું કરી મગરિબ અને ઈંશા બંને નમાઝો સાથે પઢવામાં આવે. કુર્આનની આયત وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ દ્વારા આ એક સૈદ્ધાંતિક મસ્અલાની જાણ થાય છે કે, અલ્લાહના ઝિક્ર અને ઈબાદતમાં વ્યક્તિ સ્વતંત્ર નથી કે, અલ્લાહને જેવી રીતે ચાહે યાદ કરે અને જેવી રીતે ઈચ્છે ઈબાદત કરે, પરંતુ અલ્લાહના ઝિક્ર અને દરેક પ્રકારની ઈબાદતની એક ખાસ પદ્ધતિ અને તેના નિયમો–અદબો છે અને એ પ્રમાણે અમલ કરવાનું નામ જ ઈબાદત છે, એના વિરૂદ્ધ અમલ કરવો જાઈઝ નથી. એમાં વધારો–ઘટાડો કરવો અથવા આગળ–પાછળ કરવું, ભલે તેમાં અલ્લાહનો ઝિક્ર થોડો વધારે પણ થઈ જાય, તો પણ તે અલ્લાહને પસંદ નથી. જેમકે, નફલી ઈબાદતો અને સદકા–ખૈરાત વગેરેમાં જે લોકો શરઈ દલીલ વિના પોતાના તરફથી અમુક ખાસ વધારો કરી લે છે અને તેની પાબંદીને જરૂરી સમજી લે છે. હાલાં કે અલ્લાહ અને તેના રસૂલ ﷺએ તેને જરૂરી ઠરાવ્યું નથી અને આવા લોકો એ પ્રમાણે અમલ ન કરનારને ગુનેહગાર સમજે છે. આ આયતમાં આવા લોકોની ભૂલને સ્પષ્ટ કરવામાં આવી છે. આવી ઈબાદત અજ્ઞાનતાના યુગની ઈબાદત છે કે, તેઓ ઈબાદતમાં પોતાનો અભિપ્રાય અને અનુમાનને સામેલ કરે છે અને આપમેળે ઈબાદતનું સ્વરૂપ નક્કી કરે છે અને તેઓ અમુક રિવાજોને ઈબાદતનું નામ આપી દે છે.

ત્યારબાદ ત્રીજી આયતમાં ઈરશાદ છે ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسُ وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ "પછી તમારા બધા માટે જરૂરી છે કે, તે સ્થળે થઈને પાછા આવો, જ્યાં અન્ય લોકો જઈને પાછા આવે છે અને અલ્લાહ તઆલા પાસે તૌબા કરો, બેશક ! અલ્લાહ તઆલા મા'ફ કરી દેશે અને મહેરબાની ફરમાવી દેશે."

આયતનું આ વાક્ય નાઝિલ થવાની પૂર્વભૂમિકા એવી છે કે, અરબના કુરૈશ જેઓ બયતુલ્લાહના રક્ષક અને મુજાવર હતા. તેમનો સમગ્ર અરબસ્તાનમાં પ્રભાવ હતો, તેમની એક ખાસ ઈજ્જત અને હૈસિયત હતી. અજ્ઞાનતાના યુગમાં તેઓ પોતાની વિશેષ શા'નો-શૌકત (માન-મર્યાદા) બનાવી રાખવા એવી હરકતો કરતા હતા કે, બધા લોકો તો અરફાતમાં જતા અને ત્યાં થોભીને પાછા આવતા હતા, પરંતુ આ લોકો રસ્તામાં મુજદલિફામાં જ થોભી જતા હતા અને કહેતા હતા કે, અમે બયતુલ્લાહના ચોકીદાર અને મુજાવર છે. એટલા માટે હરમની હદો બહાર જવું અમારા માટે યોગ્ય નથી. મુજદલિફા હરમની સીમામાં છે અને અરફાત હરમની હદોની (સીમા) બહાર છે. આવું બહાનું કાઢીને તેઓ મુજદલિફામાં જ થોભી જતા અને ત્યાંથી જ પાછા આવી જતા હતા. વાસ્તવમાં આ પ્રકારના હિલા અને બહાનાઓનું કારણ એ હતું કે, તેઓ પોતાની શ્રેષ્ઠતા અને મિથ્યાભિમાનને સામાન્ય લોકો ઉપર પુરવાર કરવા માટે અને પોતાની વિશેષતા જાહેર કરવા માટે આવું કરતા હતા. અલ્લાહ તઆલાએ આ ફરમાન દ્વારા તેમની આ ખોટી ચાલ-ચલગત અને ગલત પદ્ધતિને સ્પષ્ટ રીતે જાહેર કરી હુકમ આપ્યો કે, તમે પણ ત્યાં જાઓ જ્યાં બધા લોકો જાય છે, એટલે કે અરફાતમાં જાઓ અને ત્યાંથી બધા લોકો સાથે જ પાછા આવો !

પ્રથમ તો સામાન્ય માણસો કરતાં પોતાને શ્રેષ્ઠ પુરવાર કરવા માટેની હરકત એક પ્રકારનો ઘમંડ અને તકબ્બુર (મિથ્યાભિમાન) જાહેર કરવાનું કૃત્ય છે. તેનાથી હંમેશા બચવું જરૂરી છે, ખાસ કરીને હજ્જના દિવસોમાં કે, જ્યાં દરેક વ્યક્તિએ અહેરામ બાંધેલો હોય છે અને પછી થોભવા અને પવિત્ર સ્થળોમાં સામ્યતા દ્વારા એ બતાવવાનો હેતુ હોય છે કે, બધા જ મનુષ્યો એકસમાન છે. માલદાર, ગરીબ, વિદ્વાન, અજ્ઞાની, મોટો, નાનો અહીંયાં બધા જ સરખા છે. કોઈને કોઈના ઉપર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી. અહેરામની હાલતમાં આ વિશેષતા

ખતમ કરી દેવામાં આવી છે, ત્યારે આવી વિશેષતા બતાવી પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરવી મોટો ગુનોહ અને ઘૃણાસ્પદ બાબત છે.

માનવ સમાનતાનો સોનેરી પાઠ અને તેનો ઉત્તમ અમલી (પ્રેક્ટીકલ) આદર્શ નમૂનો :

કુર્આનના આ ઈરશાદ વડે સામાજિક વ્યવસ્થાનો એક મહત્ત્વનો સિદ્ધાંત સાબિત થાય છે કે, પોતાની રીતભાત અને વ્યવહારમાં મોટાઓ (વડીલો-સમાજના મોભીઓ) માટે જરૂરી છે કે, તેઓ નાનાઓ કરતાં અલગ અને વિશેષ સ્વરૂપની આગવી પદ્ધતિ ન અપનાવે બલકે, હળીમળીને રહે. આવું કરવાથી પરસ્પર ભાઈચારો, હમદર્દી અને મહોબ્બત તથા સંબંધ પેદા થાય છે. અમીર, ગરીબની ભેદ રેખા ખતમ થઈ જાય છે. મજૂર અથવા પૂંજીપતિનો લડાઈ-ઝઘડો નથી રહેતો. રસૂલુલ્લાહ ﷺએ પોતાની છેલ્લી હજ્જના ખુત્બામાં આ બાબત ખૂબ સ્પષ્ટ રીતે રજૂ કરી હતી કે, કોઈ અરબને, બિનઆરબ (અજમી) ઉપર, ગોરાને, કાળા ઉપર કોઈ શ્રેષ્ઠતા નથી. શ્રેષ્ઠતાનો આધાર તકવા અને અલ્લાહનું આજ્ઞાપાલન છે. એટલા માટે જે લોકો આ નબવી ફરમાનો વિરૂદ્ધ અમલ કરી મુજદલિફામાં રોકાઈને પોતાની વિશેષ હૈસિયત બતાવવાની ઈચ્છા રાખે છે. તેમના આ કૃત્યને ગુનોહ ઠરાવીને તેમના માટે એ જરૂરી ઠરાવવામાં આવ્યું કે, તેઓ પોતાના ગુનાહથી તૌબા અને ઈસ્તિગફાર (ક્ષમા-યાચના) કરે કે અલ્લાહ તઆલા તેમની ભૂલો મા'ફ કરે અને તેમના ઉપર રહમ ફરમાવે.

અજ્ઞાનતાના રિવાજોની સુધારણા :

- મિનામાં વ્યર્થ મેળાવડાઓનો પ્રતિબંધ :

ચોથી, પાંચમી અને છઠ્ઠી આયતમાં અજ્ઞાનતાના યુગના અમુક રિવાજોની સુધારણા કરવામાં આવી છે. પ્રથમ એ કે, અજ્ઞાનતાના યુગમાં અરબો અરફાત, મુજદલિફા, તવાફ અને કુર્બાનીથી પરવારીને જ્યારે મિનામાં થોભતા હતા, તો તેમના મેળાવડાઓ ફક્ત એટલા માટે જ હતા કે, ત્યાં મુશાયરાઓનું આયોજન થતું હતું અને તેમાં પોતાના પૂર્વજોના કિસ્સા-કહાનીઓ અને ગૌરવગાથાઓ અભિમાન સાથે વર્ણન કરતા હતા. તેઓની મજલિસો અલ્લાહના ઝિક્રથી બિલકુલ ખાલી રહેતી, આ મુબારક દિવસો આવી જ વાહિયાત-વ્યર્થ વાતોમાં

ગુમાવી દેતા હતા. એટલા માટે ઈરશાદ થયો કે, "જ્યારે તમે હજ્જના અરકાનો પૂરા કરી લો અને મિનામાં થોભો, તો ત્યાં રહીને અલ્લાહને એવી રીતે યાદ કરો, જેવી રીતે તેણે તમને યાદ કરવાનો હુકમ આપ્યો છે અને પોતાના પૂર્વજોના સાચા-જૂઠા કિસ્સાઓને ગર્વ અને મિથ્યાભિમાન સાથે વર્ણન ન કરો. જેટલા તમે તમારા પૂર્વજોના કિસ્સાઓ યાદ કરો છો એ જ પ્રમાણે બલકે, એનાથી વધીને અલ્લાહને યાદ કરો અને અલ્લાહના ઝિક્રમાં મશગૂલ રહો." કુર્આનની આ આયતે અરબોના એક અજ્ઞાનતાપૂર્ણ રિવાજને દૂર કરી મુસલમાનોને એવું માર્ગદર્શન આપ્યું કે, આ દિવસો અને આ સ્થળ માત્ર ઈબાદત અને અલ્લાહના ઝિક્ર માટે જ ખાસ છે. તેમાં અલ્લાહનો ઝિક્ર અને ઈબાદતની જે ફઝીલતો અને બરકતો છે, તે ફરીવાર હાથ આવે ન આવે, આ તકને ગનીમત સમજી તેનાથી લાભ ઉઠાવો.

તદુપરાંત હજ્જ એવી ઈબાદત છે, જે એક લાંબા પ્રવાસને અંતે અત્યંત મુશ્કેલીઓનો સામનો કરી પોતાના બાળબચ્ચાંઓને, વેપાર-ધંધાને છોડીને હજારો રૂપિયા તથા કિંમતી સમય ખર્ચીને કરવામાં આવે છે, આ પ્રવાસમાં 'દુર્ઘટનાઓ પણ બની શકે છે અથવા એવું પણ બની શકે છે કે, વ્યક્તિ પોતાની સંપૂર્ણ કોશીશો હોવા છતાં હજ્જ કરવામાં સફળ ન થઈ શકે અને જ્યારે અલ્લાહે તમને પોતાના ફઝ્લથી આ બધી જ અડચણોથી મુક્ત કરી તમારા હેતુમાં સફળ કર્યા અને હજ્જના ફરજો પૂરા થઈ ગયા તો આ સ્થળે તેનો શુક્ર અદા કરવો જોઈએ અને શુક્રિયાનો તકાદો એ છે કે, આ સ્થળે અલ્લાહનો ઝિક્ર ખૂબ કરવામાં આવે અને હળપળે ઝિક્રમાં મશગૂલ રહે. આવા સમયે આવા પવિત્ર સ્થળે ફુઝૂલ અને વ્યર્થ વાતો અને કામોમાં પોતાનો અમૂલ્ય કિંમતી સમય બરબાદ ન કરવો જોઈએ. અજ્ઞાનતાના યુગમાં આ સ્થળે આવા સમયે પોતાના બાપ-દાદાઓ અથવા પૂર્વજોનો ઉલ્લેખ કરવામાં આવતો જેમાં, ન તો કોઈ દુનિયાનો નફો હતો અને ન જ કોઈ આખિરતનો લાભ ! તમે આ સ્થળે અલ્લાહનો ઝિક્ર કરો, જે આખિરત અને દુનિયાના લાભમાં છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં મુસલમાનોમાં આ અજ્ઞાનતાના યુગ જેવા રિવાજો તો નથી રહ્યા, મુશાયરાઓ વગેરેનું આયોજન નથી થતું અને ન જ પૂર્વજોના કિસ્સા-કહાનીઓનો ઉલ્લેખ થાય છે, પરંતુ આજે પણ હજારો મુસલમાનો એવા છે, જે આ દિવસોમાં ફુઝૂલ અને વ્યર્થ દા'વતો, હરવા-ફરવા અને બીજી અન્ય પ્રવૃત્તિઓમાં સમય બરબાદ કરે છે. આ આયત તેમને ચેતવણી આપવા માટે પૂરતી છે.

અમુક મુફસ્સિરોએ આ આયતની તફસીરમાં કહ્યું છે કે, તમે અલ્લાહ તઆલાને એવી રીતે યાદ કરો જેમકે બાળપણમાં પોતાના માં–બાપને યાદ કરો છો કે, નાના બાળકનું સૌથી પ્રથમ અને સૌથી વધારે રટણ અબ્બા–અબ્બા હોય છે. હવે, હે બુદ્ધિશાળી યુવાનો ! અબ્બા–અબ્બાના يَااَبُ يَااَبُ બદલે يَارَبُ يَارَبُ યા રબ ! યા રબ! નું રટણ કરો અને વિચાર કરો કે, બાળક પોતાના માતા–પિતાને એ પ્રમાણે પોકારે છે કે, તે પોતાના બધા જ કામોમાં પોતાને પોતાના માં–બાપનો મોહતાજ સમજે છે. મનુષ્ય જો થોડોક જ વિચાર કરે તો દરેક સમયે દરેક પરિસ્થિતમાં તે પોતાને અલ્લાહ તઆલાનો સૌથી વધુ મોહતાજ નિહાળશે. વળી, અમુક સમયે અમુક લોકો પોતાના પૂર્વજોનો ગર્વ સાથે ઉલ્લેખ કરે છે, જેમકે જહાલતના યુગમાં લોકો આવું કરતા હતા, તો આ આયતથી એ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું કે, ગર્વ અને ઈજ્જત માટે પણ અલ્લાહના ઝિક્રથી વધીને કોઈ બાબત પ્રભાવશાળી નથી. *(રૂહુલ બયાન)*

– અજ્ઞાનતાના યુગના રિવાજનો સુધારો દીન અને દુનિયાની તલબ (ઇચ્છા)માં સમતોલન રાખવું :

અજ્ઞાનતાના યુગમાં એવો બેહૂદા રિવાજ હતો કે, આ પવિત્ર દિવસો પોતાના પૂર્વજોનો ઉલ્લેખ કરવામાં તથા મુશાયરાઓ વગેરેમાં પસાર કરતા હતા. એ જ પ્રમાણે અમુક લોકોની હાલત એવી હતી કે, તેઓ આ દિવસોમાં આમ તો અલ્લાહનો ઝિક્ર અને દુઆઓ કરતા હતા, પરંતુ તેમની બધી જ દુઆઓ ફક્ત દુનિયાની જરૂરિયાતો અને દુનિયાની સહૂલતો, ઈજ્જત, દૌલત વગેરે માટે હતી. આખિરત તરફ તેમનું કોઈ ધ્યાન ન હતું, આ બાબતની સુધારણા માટે આ આયતના અંતે ફરમાવવામાં આવ્યું કે, અમુક લોકો એવા છે, જેઓ હજ્જમાં દુઆ પણ માંગે છે તો ફક્ત દુનિયાની ભલાઈ માંગે છે, આખિરતની ફિકર–ચિંતા નથી કરતા. આવા લોકોનો આખિરતમાં કોઈ હિસ્સો નથી કારણ કે, તેમની કાર્યપદ્ધતિ અને તેમના વલણથી સ્પષ્ટ થઈ ગયું કે, હજ્જનો ફરજ પણ તેમણે ફક્ત રિવાજ પૂરતો અદા કર્યો છે અથવા દુનિયામાં ફખ્ર (ગૌરવ) અને ઈજ્જત–આબરૂ પ્રાપ્ત કરવા માટે હજ્જ કરી છે. અલ્લાહને રાજી રાખવા અને આખિરતમાં છૂટકારો મેળવવાનો હેતુ નજર સમક્ષ ન હતો.

આ સ્થળે એ બાબત પણ ધ્યાન આપવા યોગ્ય છે કે, ફક્ત દુનિયાની

દુઆઓ માંગનારાઓનું વર્ણન આ આયતમાં એવી રીતે કરવામાં આવ્યું છે કે, તેઓ કહે છે رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا તેની સાથે حَسَنَةٌ નો શબ્દ આવતો નથી. તેથી ઈશારો એ તરફ છે કે, તેઓ આખિરત માટે حَسَنَةٌ (ભલાઈ)ના ઈચ્છુક નથી બલકે, દુનિયાના સ્વાર્થમાં એવા રચ્યા–પચ્યા રહે છે કે, તેમની ઈચ્છા માત્ર દુનિયા અને દુનિયા જ છે કે, કોઈપણ પ્રકારે પોતાની મનેચ્છાઓને પૂરી કરવામાં આવે. ભલે તે સારી હોય કે ખરાબ અને ભલે તે સારા માધ્યમથી પ્રાપ્ત થઈ હોય અથવા ખરાબ રસ્તે, ભલે લોકો તેને સારું કહે અથવા ખરાબ !

આ આયતમાં એવા મુસલમાનો માટે પણ ભારે ચેતવણી છે, જેઓ હજ્જની પવિત્ર મોસમમાં અને પવિત્ર સ્થળોએ પણ પોતાની દુઆઓમાં ફક્ત દુનિયાના સ્વાર્થો અને જરૂરિયાતોને અગ્રિમતા આપે છે અને મોટા ભાગનો સમય આવી દુઆઓમાં જ પસાર કરે છે. જો આપણી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે તો સાબિત થશે કે, ઘણા બધા માલદાર લોકો આ સ્થળે પણ વઝીફાઓ અને દુઆઓ કરે છે અથવા બુઝુર્ગો પાસે કરાવે છે, જેમાં મોટા ભાગના લોકો એવા હોય છે, જે ફક્ત દુનિયાના હેતુઓ અને ઈચ્છાઓ પૂરી કરવા માટેની, ફક્ત દૌલત એકઠી કરવા માટેની, વેપારની પ્રગતિની વગેરે દુનિયવી સફળતાની દુઆઓ કરતા રહે છે અને ઘણા બધા વઝીફાઓ તથા નફલો પઢીને એવું સમજવા લાગે છે કે, અમે બહું મોટા ઈબાદતગુઝાર છે, પરંતુ વાસ્તવમાં આ એક પ્રકારની દુનિયા પરસ્તી છે. ઘણા બધા લોકો જીવિત બુઝુર્ગો અને મૃત્યુ પામેલ અલ્લાહના વલીઓથી ઘણો સંબંધ રાખતા હોય છે, પરંતુ આ સંબંધનો મકસદ માત્ર એવો હોય છે કે, તેમની દુઆ અથવા તાવીઝથી અમારું કામ બની જશે, દુનિયાની આફતો દૂર થઈ જશે, અમારા માલ–દૌલતમાં પ્રગતિ થશે. આવા લોકો માટે આ આયતમાં એક વિશેષ માર્ગદર્શન છે કે, અલ્લાહ તઆલા "અલીમ" અને "ખબીર" છે, સર્વજ્ઞ (સઘળુ જાણનાર) અને સઘળી ખબર રાખનાર છે, તે બંદાની નિય્યતોથી અને તેની વાસ્તવિકતાથી સારી પેઠે વાકેફ છે, એટલા માટે દરેક વ્યક્તિએ પોતાના અમલોની સમીક્ષા કરવી જોઈએ. વઝીફાઓ, નફલો, દુરૂદ, હજ્જ અને ઝિયારત કરવાની નિય્યત શું છે, (તે નક્કી કરી લેવું જોઈએ.) આ આયતના અંતિમ ભાગમાં કમનસીબ ફૂટેલી કિસ્મતના લોકોનું વર્ણન કરીને અલ્લાહ તઆલાએ નેક તથા મકબૂલ (સ્વીકૃત) બંદાઓનો

ઉલ્લેખ આ રીતે કર્યો છે.

وَمِنْهُمْ مَنْ يَّقُوْلُ رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

"તેમાં અમુક લોકો એવા પણ છે, જે પોતાની દુઆઓમાં અલ્લાહ તઆલા પાસે દુનિયાની ભલાઈ અને સફળતા માંગે છે અને આખિરતની ભલાઈ પણ; તથા જહન્નમથી પનાહ (રક્ષણ) પણ માંગે છે."

અત્રે શબ્દ حَسَنَةٌ માં સમગ્ર જાહેર અને આંતરિક ખૂબીઓ તથા ભલાઈઓ શામિલ છે. દાખલા તરીકે, દુનિયાની حَسَنَةٌ માં શરીરની તંદુરસ્તી, બાળ-બચ્ચાંઓની તંદુરસ્તી, હલાલ રોજીમાં છૂટછાટ અને બરકત, દુનિયાની બધી જરૂરિયાતોનું પૂરું થવું, સારા અમલો, નેક કાર્યો, અખ્લાક, ફાયદાકારક જ્ઞાન, ઈજ્જત, નામના, સાચા અકીદાઓ ઉપર કાયમ રહેવું, સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ) ઉપર કાયમ રહેવું, ઈબાદતોમાં સંપૂર્ણ નિખાલસતા (ઈખ્લાસ) વગેરે બધું જ શામિલ છે અને આખિરતના حَسَنَةٌ માં જન્નત અને તેની અસંખ્ય હંમેશા બાકી રહેનારી નેઅ્મતો (ઈનામો), અલ્લાહ તઆલાની ખુશ્નુદી અને તેનો દીદાર વગેરે બાબતો શામિલ છે.

મતલબ કે, આ દુઆ એક એવી સર્વગ્રાહી દુઆ છે કે, જેમાં વ્યક્તિના સમગ્ર દીની અને દુનિયવી હેતુઓ અને ઈચ્છાઓ શામિલ છે, જેનાથી દુનિયા અને આખિરત બંને જહાનની રાહત, શાંતિ અને સલામતી પ્રાપ્ત થાય છે. છેવટે ખાસ પદ્ધતિથી જહન્નમની આગથી પનાહ (રક્ષણ)નો પણ ઉલ્લેખ છે. એ જ કારણ છે કે, રસૂલુલ્લાહ ﷺ પણ મોટા ભાગે આ જ દુઆ માંગ્યા કરતા હતા. رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ અને તવાફની હાલતમાં તો ખાસ કરીને આ દુઆ માંગવી સુન્નત છે. આ આયતમાં તે જાહિલ દુરવેશોની પણ સુધારણા કરવામાં આવી છે, જેઓ ફક્ત આખિરતની દુઆ માંગવાને ઈબાદત સમજે છે અને કહે છે કે, અમને દુનિયાની કોઈ પરવા નથી. વાસ્તવમાં આ તેમનો જૂઠો દા'વો અને દીવા-સ્વપ્ન છે. વ્યક્તિ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા તથા ઈબાદત અને અલ્લાહની ઈતાઅત કરવામાં પણ દુનિયાની જરૂરિયાતોનો મોહતાજ હોય છે. જો દુનિયા જ ન હોય તો દીનનું કામ કરવું પણ મુશ્કેલ બની જાય છે, એટલા માટે અંબિયા (અલૈ.)ની સુન્નત એ છે કે,

જેવી રીતે આખિરતની ભલાઈ અને સફળતા માટે તેઓ અલ્લાહ તઆલા પાસે દુઆ માંગે છે એવી જ રીતે દુનિયાની ભલાઈ, રાહતો અને સહૂલતો પણ માંગે છે. જે વ્યક્તિ દુનિયાની આવશ્યકતાઓ અને જરૂરિયાતો વિશે દુઆ માંગવાને "જુહ્દ" زُهْد (અલ્લાહના રસ્તામાં ઉઠાવવામાં આવતી તકલીફો) વિરૂદ્ધ સમજે છે, તેઓ અંબિયા (અલૈ.)ના દરજ્જાઓથી બેખબર અને જાહિલ છે. જો કે, દરેક વ્યક્તિ ફક્ત દુનિયાની જરૂરિયાતોને જ જિંદગીનો હેતુ ન બનાવે અને દુનિયાથી વધુ આખિરતની ફિકર-ચિંતા કરે અને તેના માટે દુઆ માંગે એ જરૂરી છે.

આ આયતના છેવટમાં આ બીજા પ્રકારના લોકો કે, જેઓ પોતાની દુઆઓમાં દુનિયા અને આખિરત બંનેની ભલાઈ માંગે છે, તેમની દુઆના પરિણામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તેઓના સાચા અને નેક અમલના કારણે તથા પોતાની સાચી દુઆઓના પરિણામે તેમને દુનિયા અને આખિરત બંનેની સફળતા મળશે. ત્યાર બાદ ઈરશાદ છે وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ એટલે કે "અલ્લાહ જલ્લ શા'નુહુ જલદી જ હિસાબ લેનારો છે" કારણ કે, અલ્લાહના ઈલ્મે મુહીત (સંપૂર્ણ માહિતગાર)ને (مُحِيْط) સમગ્ર મખ્લૂકની એક એક વ્યક્તિની આખી જિંદગીનો હિસાબ કરવા માટે કોઈ ચીજ વસ્તુઓ કે માધ્યમોની જરૂર નથી. મનુષ્ય આ બધી જરૂરિયાતોનો અને માધ્યમોનો મોહતાજ હોય છે, એટલા માટે તે અલ્લાહ ઘણો જ જલદી નજીકના ભવિષ્યમાં જ સમગ્ર સૃષ્ટિની બધી જ મખ્લૂકનો હિસાબ લઈ લેશે અને તે હિસાબના આધારે ઈનામ અથવા સજાનું એ'લાન કરશે.

મિનામાં બે અથવા ત્રણ દિવસ થોભવાની અને અલ્લાહનો ઝિક્ર કરવાની તાકીદ :

આઠમી આયત જે આ સ્થળે હજ્જના હુકમોની અંતિમ આયત છે, તેમાં હાજીઓને અલ્લાહના ઝિક્ર તરફ ધ્યાન કેન્દ્રિત કરાવવાના હેતુથી, હજ્જની પૂર્ણતા અને બાકીની જિંદગી ઠીક કરવાનું માર્ગદર્શન આ રીતે કરવામાં આવ્યું. وَاذْكُرُوا اللّٰهَ فِيْٓ اَيَّامٍ مَّعْدُوْدٰتٍ એટલે કે, અલ્લાહને યાદ કરો, ગણતરીના આ અમુક દિવસોનો અર્થ "અય્યામે તશરીક" છે, જેમાં દરેક નમાઝ પછી "તકબીર" કહેવી વાજિબ છે.

આગળ એક મસ્અલાનો ખુલાસો કરવામાં આવ્યો છે કે, મિનામાં થોભવું

અને જમરાત ઉપર કાંકરીઓ મારવી ક્યાં સુધી જરૂરી છે ? તેમાં જાહિલ અને અજ્ઞાન લોકોનો મતભેદ રહ્યા કરતો હતો. અમુક લોકો જિલ્હજ્જની ૧૩મી તારીખ સુધી મિનામાં થોભતા અને જમરાત ઉપર "રમી" કરવી જરૂરી સમજતા હતા અને તે પહેલાં ૧૨મીએ પાછા આવી જવાને નાજાઈઝ સમજતા હતા અને આવું કરનાર લોકોને ગુનેહગાર કહ્યા કરતા હતા. એવી જ રીતે અન્ય લોકો ૧૨મી તારીખે ચાલ્યા જવાને જરૂરી સમજતા હતા અને તેરમી સુધી થોભવાને ગુનોહ માનતા હતા. આ આયતમાં બંને પ્રકારના લોકોની સુધારણા આ રીતે કરવામાં આવી. فَمَنْ تَعَجَّلَ فِيْ يَوْمَيْنِ فَلَا اِثْمَ عَلَيْهِ وَمَنْ تَأَخَّرَ فَلَا اِثْمَ عَلَيْهِ એટલે જે લોકો ઈદ પછી ફક્ત બે દિવસ મિનામાં થોભીને પાછા આવી જાય, તેમના ઉપર કોઈ ગુનોહ નથી અને જે ત્રીજા દિવસ સુધી મોડું કરે, તેમના ઉપર પણ કોઈ ગુનોહ નથી. આ બંને સમૂહો જેઓ એકબીજાને ગુનેહગાર કહે છે, તેઓ અતિશયોક્તિ કરે છે અને ભૂલમાં સપડાયેલા છે.

ખરું એ છે કે, હાજીને બંને પ્રકારના સ્વરૂપોમાં અધિકાર આપવામાં આવ્યો છે કે, તે જેના ઉપર પણ અમલ કરવા ચાહે કરી શકે છે, પરંતુ ઉત્તમ એ જ વસ્તુ છે કે, ત્રીજા દિવસ સુધી થોભે. ફુકહાએ ફરમાવ્યું છે કે, જે વ્યક્તિ બીજા દિવસે સૂર્ય આથમ્યા પહેલાં મિનામાં ચાલ્યો આવે તેના ઉપર ત્રીજા દિવસની રમી વાજિબ નથી. પરંતુ જો સૂર્ય મિનામાં અસ્ત થઈ ગયો હોય અને જો તે ત્રીજા દિવસની રમી કર્યા પહેલાં ત્યાંથી પાછો આવી જાય તો તે જાઈઝ નથી. જો કે, ત્રીજા દિવસની રમીમાં એ સહૂલત કરવામાં આવી છે કે, તે ઝવાલ (બપોર) પહેલાં સવારના સમયે પણ કરી શકાય છે. મિનાથી પાછા ફરવામાં હાજીને અધિકાર આપવાનો ઉલ્લેખ કર્યા પછી જે કંઈ પણ કહેવામાં આવ્યું છે કે, "બીજા દિવસે પાછા આવી જાય તો કંઈ ગુનોહ નથી અને ત્રીજા દિવસે પાછા આવી જાય તો પણ કંઈ ગુનોહ નથી." આ બધું તે વ્યક્તિ માટે છે, જે અલ્લાહથી ડરનારો અને તેના હુકમોની પાબંદી કરનારો હોય કારણ કે, વાસ્તવમાં હજ્જ એવા લોકો માટે જ છે, જેમકે કુર્આનમાં બીજી જગ્યાએ ઈરશાદ છે اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ એટલે કે, "અલ્લાહ તઆલા એવા લોકોની જ ઈબાદત કબૂલ કરે છે, જે અલ્લાહ તઆલાથી ડરનારા અને તેની ફરમાંબરદારી કરનારા હોય" અને જે વ્યક્તિ હજ્જ પહેલાં પણ ગુનાહમાં રચ્યો–પચ્યો રહેતો હતો અને હજ્જમાં પણ

નિષ્કાળજી રાખી બેદરકાર રહેતો હતો અને હજ્જ પછી પણ ગુનાહોથી ન બચ્યો, તો તેની હજ્જ કોઈ લાભ નહિ આપે. જો કે, આ હજ્જથી ફરજ અદા થઈ જશે અને હજ્જ છોડવાનો ગુનેહગાર નહિ થાય.

અંતે ફરમાવવામાં આવ્યું اِتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ اِلَيْهِ تُحْشَرُوْنَ એટલે કે, "અલ્લાહથી ડરતા રહો અને વિશ્વાસ રાખો કે, તમે બધા અલ્લાહ પાસે ભેગા થવાના છો. તે તમારા ખુલ્લા અને ગુપ્ત અમલોનો હિસાબ લેશે અને તેના ઉપર સજા અને ઈનામ નક્કી કરશે." હજ્જના હુકમો જે ઉપરોક્ત આયતમાં વર્ણન કરવામાં આવ્યા છે એ વાક્ય (અલ્લાહ પાસે ભેગા થવાના છો તે તમારા ખુલ્લા અને ગુપ્ત અમલોનો હિસાબ લેશે અને સજા અથવા ઈનામ આપશે) છે, તે આયતનો ટૂકડો બધા હુકમોની રૂહ સ્વરૂપે છે. તેનો અર્થ એ છે કે, ખાસ હજ્જના દિવસોમાં, જ્યારે કે, વ્યક્તિ હજ્જના અમલોમાં મશગૂલ હોય છે, તે સમયે પણ અલ્લાહથી ડરતો રહે અને ગુનાહોથી બચતો રહે, કારણ કે અમલોના વજન કરવાના સમયે વ્યક્તિના ગુનાહ તેના નેક અમલોને ખાઈ જશે અને નેક અમલોનો અસર તથા વજન જાહેર નહિ થવા દે. હજ્જની ઈબાદત સંદર્ભે હદીષમાં છે કે, "જ્યારે વ્યક્તિ હજ્જથી ફારેગ થઈને આવે છે, તો તે પોતાના પાછલા ગુનાહોથી એવો પાક-સાફ થઈને પવિત્ર બની જાય છે, જેવી રીતે કે માતાના પેટમાંથી આજે જ પૈદા થયો હોય !" અહીં ખાસ પદ્ધતિથી હજ્જ દ્વારા હવે પછીના આવનારા જીવન માટે તકવા અને પરહેઝગારીનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેમકે, વ્યક્તિ પાછલા જીવનના ગુનાહોથી પવિત્ર થઈ ચૂક્યો, હવે આવનારા જીવનમાં કાળજી રાખે તો દુનિયા અને આખિરતની ભલાઈ તમારા માટે છે. નહિતર જે વ્યક્તિ હજ્જ પછી પણ ગુનાહોમાં રચ્યો-પચ્યો રહે છે, તો પાછલા ગુનાહોનું મા'ફ થવું કંઈ ખાસ કામ નહિ આવે. બલકે, ઉલમાએ ફરમાવ્યું છે કે, હજ્જ સ્વીકાર થવાની નિશાની એ છે કે, પોતાની હજ્જથી એવી રીતે પાછો આવે કે, તેનું દિલ દુનિયાની મહોબ્બતથી ફારેગ થઈ આખિરત તરફ કેન્દ્રિત થઈ જાય. આવા વ્યક્તિની હજ્જ સ્વીકાર્ય છે અને તેના ગુનાહો મા'ફ થાય છે અને હજ્જ દરમિયાન અનેક ઠેકાણે વ્યક્તિ પોતાના પરવરદિગારની ઈતાઅત અને ફરમાંબરદારીનો કરાર તેના ઘર સામે કરે છે. જો હજ્જ કરનાર વ્યક્તિ આ કરાર અને વાયદાને યાદ રાખે, તો આવનારા જીવનમાં

તે કરાર પર અમલ કરવો સરળ બની શકે છે.

એક બુઝુર્ગ (વડીલ) ફરમાવે છે કે, "હું હજ્જથી ફારેગ થઈ પરત આવ્યો તો અચાનક મારા દિલમાં એક ગુનાહનો વસવસો પેદા થઈ ગયો, મને એક અદષ્ય અવાજ સંભળાયો કે, શું તમે હજ્જ નથી કરી ? શું તમે હજ્જ નથી કરી ? આ અવાજ તે ગુનાહ અને મારા વચ્ચે એક દિવાલ બની ગયો અને અલ્લાહ તઆલાએ મને ગુનાહથી સુરક્ષિત રાખ્યો."

એક તૂર્કી બુઝુર્ગ જેઓ મવલાના જામી (રહ.)ના મુરીદ હતા. તેમની હાલત એવી હતી કે, તેઓ તેમના માથા ઉપર હંમેશા એક વિશેષ પ્રકારનું નૂર (પ્રકાશ) અનુભવતા હતા, તેઓ હજ્જમાં ગયા. જ્યારે ફારેગ થઈ પાછા આવ્યા તો આ પરિસ્થિતિ વધવાના બદલે બિલકુલ ખતમ થઈ ગઈ. તેઓએ પોતાના મુરશદ (આધ્યાત્મિક ગુરૂ) મવલાના જામી (રહ.) સામે એનું વર્ણન કર્યું, તો એમણે ફરમાવ્યું કે, "હજ્જ પહેલાં તમારામાં વિનમ્રતા અને આજિઝી હતી અને પોતાને ગુનેહગાર સમજીને અલ્લાહ સામે રડતા–કરગરતા હતા. હજ્જ પછી તમે પોતાને નેક અને બુઝુર્ગ સમજવા લાગ્યા, એટલા માટે આ હજ્જનો અમલ જ તમારા માટે ઘમંડનું કારણ બની ગયો અને એ જ કારણે આ નૂરની પરિસ્થિતિ ખતમ થઈ ગઈ."

હજ્જના હુકમો પૂર્ણ કર્યા પછી તકવાની તાકીદમાં એક રહસ્ય એ પણ છે કે, હજ્જ એક મોટી ઈબાદત છે, તેને અદા કર્યા પછી શયતાન મોટે ભાગે મનુષ્યના દિલમાં પોતાની મોટાઈ અને બુઝુર્ગીનો વિચાર નાંખી દે છે, જે તેના બધા જ અમલોને બેકાર કરી નાંખે છે. એટલા માટે હજ્જના હુકમો બતાવીને અંતમાં ફરમાવ્યું કે, જેવી રીતે હજ્જ પહેલાં અને હજ્જ દરમિયાન અલ્લાહ તઆલાથી ડરવું અને તેની ઈતાઅત કરવી જરૂરી છે, એવી જ રીતે હજ્જ કર્યા પછી તેનાથી વધારે અલ્લાહ તઆલાથી ડરો અને ગુનાહોથી બચવાનો પ્રયત્ન કરતા રહો કે, આ કર્યું કારવ્યું બરબાદ ન થઈ જાય !

اَللّٰهُمَّ وَفِّقْنَا لِمَاتُحِبُّ وَتَرْضٰى مِنَ الْقَوْلِ وَالْفِعْلِ وَالنِّيَّةِ

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૦૪ થી ૨૦૭)

وَمِنَ النَّاسِ مَنْ يُّعْجِبُكَ قَوْلُهٗ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَيُشْهِدُ اللّٰهَ عَلٰى مَا فِيْ قَلْبِهٖ ۙ
وَهُوَ اَلَدُّ الْخِصَامِ ۝٢٠٤ وَاِذَا تَوَلّٰى سَعٰى فِي الْاَرْضِ لِيُفْسِدَ فِيْهَا وَيُهْلِكَ الْحَرْثَ
وَالنَّسْلَ ۭ وَاللّٰهُ لَا يُحِبُّ الْفَسَادَ ۝٢٠٥ وَاِذَا قِيْلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتْهُ الْعِزَّةُ
بِالْاِثْمِ فَحَسْبُهٗ جَهَنَّمُ ۭ وَلَبِئْسَ الْمِهَادُ ۝٢٠٦ وَمِنَ النَّاسِ مَنْ يَّشْرِيْ نَفْسَهُ ابْتِغَاۗءَ
مَرْضَاتِ اللّٰهِ ۭ وَاللّٰهُ رَءُوْفٌۢ بِالْعِبَادِ ۝٢٠٧

તરજુમો :

અને (હે નબી ﷺ!) લોકોમાંથી અમુક (એવા પણ છે); જેની વાત દુનિયવી જિંદગી(ના કામો)માં તમને રસપ્રદ લાગે છે; અને તે પોતાના દિલની (મનની) વાત ઉપર અલ્લાહને સાક્ષી બનાવે છે; અને જ્યારે કે, (વાસ્તવમાં) તે ભારે ઝઘડાખોર છે. (૨૦૪) અને જ્યારે તમારી પાસેથી પાછો ફરે છે, તો પૃથ્વી ઉપર દોડધામ કરી મૂકે છે, જેથી તેમાં ફસાદ (અરાજકતા) ફેલાવે અને ખેતીઓ તથા નસ્લો (વંશ)ને તબાહ (બરબાદ) કરે; અને અલ્લાહ ફસાદને પસંદ કરતો નથી. (૨૦૫) અને જ્યારે તેને કહેવામાં આવે છે (કે), અલ્લાહથી ડર, તો તેને તેનું મિથ્યાભિમાન (ખોટી આબરૂનો ઘમંડ) ગુનાહ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, બસ તેના માટે જહન્નમ પૂરતી છે, અને ખરેખર તે ઘણું જ ખરાબ ઠેકાણું છે. (૨૦૬) અને લોકોમાંથી એક વ્યક્તિ એવો પણ છે જે પોતાના જીવને અલ્લાહને રાજી રાખવા (અલ્લાહના રસ્તામાં તેની ખુશનૂદી પ્રાપ્ત કરવા) ન્યોછાવર કરી દે છે, અને અલ્લાહ પોતાના બંદાઓ ઉપર ઘણો જ મહેરબાન છે. (૨૦૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરની આયતોમાં દુઆ માંગનારા માણસોના બે પ્રકાર બતાવવામાં આવ્યા. એક કાફિર અને આખિરતનો ઇનકાર કરનાર, જેઓ ફક્ત દુનિયા માંગતા હતા અને બીજા આખિરત ઉપર ભરોસો રાખનાર મો'મિનો કે, જેઓ

દુનિયાની ભલાઈ સાથે સાથે આખિરતની ભલાઈ પણ માંગે છે. હવે, આ આયતોમાં બંને જૂથોમાંથી એકના મુનાફિકપણા અને બીજાના ઈખ્લાસ આધારે બે જૂથો બતાવી તફાવત સ્પષ્ટ કરવામાં આવ્યો કે, અમુક લોકો મુનાફિક હોય છે અને અમુક લોકો નિખાલસ હોય છે.

તફસીર :

(એક વ્યક્તિ હતો, અખ્નસ બિન શુરૈક. ઘણો મોટો સાહિત્યકાર હતો, રસૂલુલ્લાહ ﷺની સેવામાં આવીને કસમો ખાઇ-ખાઇને ઈસ્લામ લાવવાનો દા'વો કર્યા કરતો હતો અને જ્યારે મજલિસમાંથી ઊઠીને જતો હતો, તો ફસાદ, શરારત તથા તકલીફો પહોંચાડવાની પડપીડન વૃત્તિમાં લાગી જતો. અત્રે આ મુનાફિક વિશે ફરમાવવામાં આવ્યું છે) અને વ્યક્તિઓમાંથી એક એવો પણ છે કે, તમારી સાથે તેનો વાર્તાલાપ ફક્ત દુનિયાના સ્વાર્થ માટે હોય છે (કે તે ઈચ્છે છે કે, ઈસ્લાંમ જાહેર કરીને મુસલમાનોની જેમ વિશેષ અધિકારો ભોગવતો રહે અને તેની સાહિત્યિક આવડતના કારણે તેની વાતો) આપને રસપ્રદ લાગે છે અને તે (પોતાનો ભરોસો વધારવા માટે) પોતાની દિલની વાતો ઉપર અલ્લાહને ગવાહ બનાવે છે. જ્યારે કે, (તે બિલકુલ જૂઠો છે કારણ કે, વાસ્તવમાં) તે (આપ ﷺનો) વિરોધ કરવામાં (ખૂબ જ) સખત છે અને (જેવી રીતે આપ ﷺનો વિરોધી છે એ જ પ્રમાણે મુસલમાનોને તકલીફ પહોંચાડે છે. કારણ કે,) જ્યારે (રસૂલે કરીમ ﷺ મજલિસમાં) બેસીને પાછો ફરે છે તો તે દોડધામ કરતો રહે છે કે શહેરમાં (કોઈ) ફસાદ કરે અને (કોઈની) ખેતી અને નસ્લોને બરબાદ કરે (જેમકે એક મુસલમાનનું એવી રીતે નુકસાન કર્યું) અને અલ્લાહ તઆલા ફસાદ(ની વાતો)ને પસંદ નથી કરતો અને (આ વિરોધ અને પરપીડન વૃત્તિ સાથે તેઓ ઘમંડી પણ એટલા જ છે કે,) જ્યારે તેને કોઈ કહે છે કે અલ્લાહથી ડર, તો તેનો ઘમંડ તેને (વધારે) ગુનાહ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. બસ, આવા વ્યક્તિ માટે જહન્નમની સજા પૂરતી છે અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે. અમુક લોકો એવા પણ છે કે, અલ્લાહ તઆલાની ખુશ્નૂદીના બદલામાં પોતાના પ્રાણ સુદ્ધાં (તેના રસ્તામાં) ન્યોછાવર કરી નાંખે છે અને અલ્લાહ તઆલા આવા બંદાઓ ઉપર અત્યંત મહેરબાન છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતના અંતિમ ભાગમાં જેમાં મો'મિનો અને નિખાલસ (ઈખ્લાસ ધરાવતા નિષ્ઠાવાન) લોકોની પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો છે કે, તેઓ અલ્લાહ તઆલાની રજામંદી અને ખુશ્નૂદી પ્રાપ્ત કરવા માટે પોતાના પ્રાણ સુદ્ધાં ન્યોછાવર કરી દે છે અને આ આયત તે નિખાલસ (નિષ્ઠાવાન) સહાબએ કિરામ (રદિ.)ની શા'નમાં નાઝિલ કરવામાં આવી હતી. જેમણે અજોડ અને અનન્ય કુર્બાનીઓ અલ્લાહના રસ્તામાં આપી. મુસ્તદરક, હાકિમ, ઈબ્ને જરીર, મુસ્નદ અબી હાતિમ વગેરેમાં સહીહ સનદ સાથે નકલ થયું છે કે, આ આયત હઝરત સુહૈબ રૂમી (રદિ.) (તેઓ ઈટાલિયન મૂળના યુરોપીયન સહાબી હતા)ની તે ઘટના સંદર્ભે નાઝિલ થઈ છે કે, જ્યારે તેઓ મક્કાથી હિજરત કરીને મદીના રવાના થતા હતા ત્યારે માર્ગમાં કાફિરોના એક ટોળાએ તેમનો રસ્તો રોકી લીધો. આ જોઈને હઝરત સુહૈબ રૂમી (રદિ.) પોતાની સવારી ઉપરથી ઊતરીને એક બાજુ ઊભા થઈ ગયા અને તેમના ભાથામાં જેટલા તીરો હતા, બધા કાઢી કુરૈશના તે ટોળાને સંબોધીને કહ્યું, "હે કુરૈશ કબીલાના લોકો ! તમે બધા જાણો છો કે, તિરંદાજીમાં હું તમારા કરતાં વધારે નિષ્ણાત છું, મારા તીરનું નિશાન ક્યારેય ખાલી નથી જતું અને હવે હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે, તમે મારી નિકટ ત્યાં સુધી નહિ પહોંચી શકો, જ્યાં સુધી મારા ભાથામાં એક પણ તીર બાકી છે અને તીરો પૂરા થઈ ગયા પછી મારી પાસે તલવાર પણ છે, મારા શરીરમાં જ્યાં સુધી શ્વાસ બાકી છે, ત્યાં સુધી તમારી સાથે લડીશ, પછી તમે જે ચાહો તે કરજો ! જો તમે લાભનો સોદો ઈચ્છતા હોય તો હું તમને મારા માલનું ઠેકાણું બતાવી દઉં છું, જે મેં મક્કા મુકર્રમહમાં છુપાવી રાખ્યો છે, તમે તે માલ લઈ લો અને મારા માર્ગમાંથી હટી જાઓ !" આ માલ વિશે કુરૈશના લોકો રાજી થઈ ગયા. જ્યારે હઝરત સુહૈબ રૂમી (રદિ.)એ મદીના પહોંચીને રસૂલુલ્લાહ ﷺની સેવામાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો તો આપ ﷺએ બે વખતે ફરમાવ્યું,

رَبِحَ الْبَيْعُ اَبَايَحْيٰى رَبِحَ الْبَيْعُ اَبَايَحْيٰى،

"તમારો વેપાર ફાયદાકારક રહ્યો, તમારો વેપાર ફાયદાકારક રહ્યો."

આ ઘટના સંદર્ભે પ્રસ્તુત આયત નાઝિલ થઈ અને રસૂલુલ્લાહ ﷺના

ઉદ્‌ગારોનું આ આયતે સમર્થન કરી દીધું કે, જે ઉદ્‌ગારો રસૂલુલ્લાહ ﷺના મુબારક મુખથી નીકળ્યા હતા.

અમુક તફસીરકારોએ અમુક બીજા સહાબએ કિરામ (રદિ.)ની આવી જ ઘટનાઓ આ આયતના શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) સ્વરૂપે વર્ણન કરી છે.

(મઝહરી)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૦૮-૨૦૯-૨૧૦)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ ٱدْخُلُوا۟ فِى ٱلسِّلْمِ كَآفَّةً وَلَا تَتَّبِعُوا۟ خُطُوَٰتِ ٱلشَّيْطَٰنِ ۚ
إِنَّهُۥ لَكُمْ عَدُوٌّ مُّبِينٌ ﴿٢٠٨﴾ فَإِن زَلَلْتُم مِّنۢ بَعْدِ مَا جَآءَتْكُمُ ٱلْبَيِّنَٰتُ فَٱعْلَمُوٓا۟
أَنَّ ٱللَّهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٢٠٩﴾ هَلْ يَنظُرُونَ إِلَّآ أَن يَأْتِيَهُمُ ٱللَّهُ فِى ظُلَلٍ مِّنَ ٱلْغَمَامِ
وَٱلْمَلَٰٓئِكَةُ وَقُضِىَ ٱلْأَمْرُ ۚ وَإِلَى ٱللَّهِ تُرْجَعُ ٱلْأُمُورُ ﴿٢١٠﴾ ع ٢٥ ١٤ ٩

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં પૂરેપૂરા પ્રવેશ પામી જાઓ, અને શયતાનના પગલે ન ચાલો, બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે. (૨૦૮) પછી જો તમે તમારી પાસે ખુલ્લા હુકમો આવ્યા બાદ ડગમગી જશો, તો જાણી લો કે અલ્લાહ તઆલા પ્રચંડ શક્તિશાળી (અને) બહુ હિકમતવાળો છે. (૨૦૯) શું તેઓ રાહ જોઈ રહ્યા છે કે, અલ્લાહ અને ફરિશ્તાઓ તેમની પાસે વાદળોના છાયડાંમાં આવે અને વાર્તા પૂરી થઈ જાય !? અને (અંતે) બધા કામ અલ્લાહની પાસે જ રજૂ થવાના છે. (૨૧૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં મુખ્લિસ (નિખાલસ-નિષ્ઠાવાન) લોકોના વખાણ કરવામાં આવ્યા હતા. અમુક સમયે એવું બનતું હોય છે કે, આવા ઈખ્લાસમાં ભૂલથી અતિશયોક્તિ અને મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય છે. એટલે કે ઈરાદો તો એવો હોય છે કે, વધારે આજ્ઞાપાલન કરું પરંતુ તે આજ્ઞાપાલન

શરીઅતની હદોથી વધી જવાના કારણે અલ્લાહના હુકમો અને સુન્નત વિરૂદ્ધ અમલ બની જાય છે અને તેને જ બિદ્અત કહેવામાં આવે છે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.) વગેરે જેઓ શરૂઆતમાં યહૂદીઓના મોટા આલિમ હતા, તેમની એક ઘટના અત્રે પ્રસ્તુત છે. યહૂદી ધર્મમાં શનિવારનો દિવસ ખૂબ મુબારક સમજવામાં આવતો હતો અને ઊંટનો માંસ ખાવો હરામ હતો. આ યહૂદી લોકોને ઈસ્લામ સ્વીકાર્યા પછી એવો વિચાર આવ્યો કે, હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતમાં શનિવારની ઈજ્જત કરવી વાજિબ હતી અને હઝરત મુહમ્મદ ﷺની શરીઅતમાં તેની ઈજ્જત કરવી વાજિબ નથી. એ પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતમાં ઊંટનો માંસ ખાવો હરામ હતો અને હઝરત મુહમ્મદ ﷺની શરીઅતમાં ઊંટનો માંસ ખાવો ફરજ નથી. બસ, જો અમે શનિવારના દિવસની ઈજ્જત કરીએ અને ઊંટનો માંસ હલાલ હોવા છતાં ન ખાઈએ અને તેને છોડી દઈએ તો હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતની પણ રિઆયત થઈ જશે અને હઝરત મુહમ્મદ ﷺની શરીઅત વિરૂદ્ધનો અમલ પણ નંહિ ગણાય. અલબત્ત, આ બાબતમાં અલ્લાહ તઆલાની તાબે'દારી વધારે કરતા હોય એવી પ્રતિતી થાય છે, પરંતુ અલ્લાહ તઆલાએ આ બાબતની સુધારણા માટે હવે પછીની આવનારી આયતમાં ખૂબ તાકીદપૂર્વક સૂચના આપી છે, જેનો હેતુ એ છે કે, ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણ અને જીવન વ્યવસ્થા છે અને એ સ્વરૂપે જ તેની સંપૂર્ણપણે તાબે'દારી કરવી પડશે અને ઉપરોક્ત પ્રમાણેના કોઈપણ કાર્યને દીન સમજવું શયતાની ધોકો છે અને ખુલ્લી નાફરમાનીઓ કરતાં આવા ગુનાહનો અઝાબ વધારે સખત હોવાનો ભય છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે (પૂરેપૂરા) દાખલ થઈ જાઓ (અને એ પ્રમાણે નહિ કે, યહૂદીયતના રિવાજો અપનાવો) અને (એવા ખોટા વિચારોમાં રાચીને) શયતાનના પગલે ન ચાલો, ખરેખર તે તમારો ખુલ્લો દુશ્મન છે (કે એવી પટ્ટી પઢાવે છે કે, જાહેરમાં તો તે તમને દીન લાગે છે પણ વાસ્તવમાં તે બિલકુલ દીનના ખિલાફ હોય છે) પછી જો તમે (ઈસ્લામી શરીઅતના) સ્પષ્ટ હુકમો પહોંચી ચૂક્યા છે છતાં (તે સત્ય માર્ગથી) ડગમગવા લાગો તો વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલા (પ્રચંડ) શક્તિશાળી છે (સખત સજા આપશે અને

અમુક દિવસો સુધી સજા ન મળે તો ધોકામાં ન રહેશો. કારણ કે, તે) હિકમતવાળો (પણ) છે (કોઈ હિત અને હિકમતના કારણે ક્યારેક સજામાં મોડું કરતો હોય એવું લાગે છે કે,) આ લોકો (જેઓ ખુલ્લી દલીલો અને સત્ય માર્ગથી અલગ પ્રકારનો રસ્તો અપનાવે છે) ફક્ત એ બાબતનો ઈન્તેજાર કરી રહ્યા છે કે, અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓ તેમની પાસે વાદળોની છાયામાંથી (સજા આપવા માટે) આવે અને વાર્તા પૂરી થઈ જાય ! (એટલે શું તેઓ તે સમયે સચ્ચાઈને કબૂલ કરશે જે સમયે તેનો સ્વીકાર કરવામાં નહીં આવે ?) અને આ બધા (સજા અથવા ઈનામના) મુકદ્દમાઓ અલ્લાહ તરફ જ રજૂ થવાના છે. (કયામતમાં કોઈ બીજો શાસક ન હશે. બસ, આવા જબરદસ્ત પ્રચંડ શક્તિશાળી અલ્લાહનો વિરોધ કરવાનું પરિણામ ખરાબી-બરબાદી સિવાય બીજું શું હોઈ શકે છે !?).

મસ્અલા અને બોધપાઠ :

اُدْخُلُوْا فِى السِّلْمِ كَآفَّةً માં سِلْمُ (સિલ્મ)ના બે અર્થ થાય છે. એક "સુલહ" صُلْحُ બીજું "ઈસ્લામ" اِسْلَامُ આ સ્થળે બધા જ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના મતે "ઈસ્લામ" અર્થ લેવામાં આવ્યો છે. (ઈબ્ને કષીર). શબ્દ كَآفَّةً એ جَمِيْعًا અને عَامَّةًના અર્થમાં આવે છે આ શબ્દ આ જગ્યાએ વ્યાકરણની દૃષ્ટિએ વર્તમાનકાળ સૂચવે છે, જેમાં બે સંભાવનાઓ છે. એક એ કે, ક્રિયાપદ اُدْخُلُوْا ને વર્તમાનકાળનું સ્વરૂપ ઠરાવવામાં આવે. બીજું એ કે, "સિલ્મ" سِلْمُ નો અર્થ "ઈસ્લામ" اِسْلَامُ એ વર્તમાન સ્વરૂપ છે. પહેલા સ્વરૂપ પ્રમાણે તરજુમો આ પ્રમાણે છે કે, "તમે પૂરે-પૂરા ઈસ્લામમાં દાખલ થઈ જાઓ" એટલે કે, તમારા હાથ, પગ, આંખો, કાન, દિલ, દિમાગ બધું જ ઈસ્લામના વર્તુળમાં અલ્લાહના આજ્ઞાપાલનમાં પ્રવેશ પામી જવું જોઈએ. એવું ન થાય કે, હાથ-પગ ઈસ્લામના હુકમોને પૂર્ણ કરે, પરંતુ દિલ અને દિમાગ તેનાથી સંતોષિત ન હોય અથવા દિલ - દિમાગ તો ઈસ્લામથી સંપૂર્ણપણે સંતોષ અનુભવે, પરંતુ હાથ-પગ અને શરીરના અવયવો ઈસ્લામ ઉપર અમલ ન કરે !

આ બીજી પરિસ્થિતિમાં તરજુમો એવો થશે કે, "તમે દાખલ થઈ જાઓ સંપૂર્ણ અને પૂરા ઈસ્લામમાં" એટલે કે એવું ન થાય કે, ઈસ્લામના અમુક હુકમો ઉપર તો અમલ કરો, પરંતુ અમુક હુકમોની ઉપેક્ષા કરો અને કારણ કે, ઈસ્લામ એક સંપૂર્ણ જીવન વ્યવસ્થાનું નામ છે, જે કુર્આન અને સુન્નતમાં વર્ણન થયું છે.

ભલે તેનો સંબંધ અકીદાઓ (માન્યતા) અથવા ઈબાદતોથી હોય અથવા વહેવાર અને સામાજિકતાથી હોય કે, પછી શાસન વ્યવસ્થા, રાજકારણ કે વેપાર-ઉદ્યોગ ધંધાથી હોય. ઈસ્લામ પોતે એક સંપૂર્ણ જીવન બંધારણ છે અને આ બધું તે "પૂર્ણ વ્યવસ્થા"માં શામિલ છે અને તમે તેમાં જ દાખલ થઈ જાઓ.

બંને સ્વરૂપોનો ખુલાસો લગભગ એ જ છે કે, ઈસ્લામ ભલે તે જીવનના કોઈ એક ખાસ વિભાગથી સંબંધિત હોય અથવા તો શારીરિક અવયવો સંબંધિત હોય અથવા દિલ અને માનસિકતા સાથે સંબંધ ધરાવતો હોય, જ્યાં સુધી તે બધા જ હુકમોનો સાચા દિલથી સ્વીકાર કરવામાં નહીં આવે કોઈ વ્યક્તિને પોતાને મુસલમાન કહેડાવવાનો અધિકાર નથી.

આ આયતનો શા'ને નુઝૂલ જે ઉપર પ્રમાણે વર્ણન થયો છે, તેનો પણ સાર એ જ છે કે, ફક્ત ઈસ્લામનું જ શિક્ષણ તમારી આંખો સામે હોવું જોઈએ, તેને સંપૂર્ણપણે અપનાવી લો અને તે બધા જ ધર્મોથી અલગ થઈ જાઓ અને છોડી દો, જે ઈસ્લામથી અલગ પ્રકારના હોય.

ચેતવણી :

આ બાબતમાં એ લોકો માટે ઘણી સખત ચેતવણી છે, જે લોકો ઈસ્લામને ફક્ત મસ્જિદ અને ઈબાદતો સુધી મર્યાદિત કરી રાખે છે. આર્થિક અને સામાજિક વહેવારોના હુકમો જાણે કે, દીનનો કોઈ ભાગ જ ન હોય એમ સમજે છે. દીનદારીની વ્યાખ્યા કરવામાં ઘણા લોકોમાં આ પ્રમાણેની ગલતફહમી છે. અન્યોના હકો, વહેવારો, લેવડ-દેવડ અને ખાસ કરીને સામાજિક વહેવારોમાં ઈસ્લામી પદ્ધતિનો બિલકુલ ખ્યાલ રાખતા નથી. જાણે કે આ હુકમોને તો ઈસ્લામના હુકમો હોવાનું માનતા કે ગણકારતા જ નથી, ન જ એ હુકમો જાણવાની, એની કાળજી રાખવાની, શીખવાની કે તેના ઉપર અમલ કરવાની તસ્દી લે છે. નઊઝુબિલ્લાહ ! ઓછામાં ઓછું ફક્ત વર્તન અને વાણીમાં એની ઝલક પણ જોવા મળતી નથી. આ સંદર્ભે હું હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)ની કિતાબ "આદાબે મુઆશરત"નો અભ્યાસ કરવાની દરેક મુસલમાન સ્ત્રી-પુરુષને ભલામણ કરૂં છું.

અને એ બાબત કે, અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓ વાદળોના છાયામાં તેમની પાસે આવી જાય તો એવું કયામતમાં થશે. અલ્લાહ તઆલાના આવી રીતે

આવવા બાબત (મુતશાબિહાતમાંથી છે : અલ્લાહને જ ખબર છે તેનું શું સ્વરૂપ હશે !) સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને અસ્લાફે ઉમ્મતની માન્યતા છે કે, આ બાબત સત્ય અને સાચી હોવાનું યકીન અને શ્રદ્ધા રાખવામાં આવે અને અલ્લાહ તઆલાનું વાદળોની છાયામાં આવવું કેવું હશે ? કોઈ તેની ફિકર-ચિંતામાં ન પડે. જેવી રીતે અલ્લાહ તઆલાની જાત અને તેની બધી જ સિફતોની વાસ્તવિકતા અને તેના સ્વરૂપને જાણવું મનુષ્યની બુદ્ધિથી ઉપરવટ છે. એ જ પ્રમાણે આ ઘટના પણ મનુષ્યની મર્યાદિત બુદ્ધિથી સમજી શકાય નહિ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૧૧-૨૧૨)

سَلْ بَنِىٓ إِسْرَآءِيلَ كَمْ ءَاتَيْنَٰهُم مِّنْ ءَايَةٍۭ بَيِّنَةٍ ۗ وَمَن يُبَدِّلْ نِعْمَةَ ٱللَّهِ مِنۢ بَعْدِ
مَا جَآءَتْهُ فَإِنَّ ٱللَّهَ شَدِيدُ ٱلْعِقَابِ ﴿٢١١﴾ زُيِّنَ لِلَّذِينَ كَفَرُوا۟ ٱلْحَيَوٰةُ ٱلدُّنْيَا وَ
يَسْخَرُونَ مِنَ ٱلَّذِينَ ءَامَنُوا۟ ۘ وَٱلَّذِينَ ٱتَّقَوْا۟ فَوْقَهُمْ يَوْمَ ٱلْقِيَٰمَةِ ۗ وَٱللَّهُ يَرْزُقُ
مَن يَشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢١٢﴾

તરજુમો :

બની ઈસ્રાઈલને પૂછો !? અમે તેમને કેટલી સ્પષ્ટ (ખુલ્લી) નિશાનીઓ આપી અને જે કોઈ અલ્લાહની નેઅ્મતને બદલી નાંખે એ પછી કે તે નેઅ્મત તેની પાસે પહોંચી ચૂકી છે તો બેશક ! અલ્લાહ સખત સજા આપનાર છે. (૨૧૧) દુનિયાનું જીવન કાફિરો માટે શણગારવામાં આવ્યું; અને તેઓ ઈમાન લાવનારાઓ ઉપર હસે છે, (પરંતુ) અને જે લોકો પરહેઝગાર (અલ્લાહથી ડરનાર) છે (તેઓ) કયામતના દિવસે તેમનાથી શ્રેષ્ઠ હશે, અને અલ્લાહ જેને ઈચ્છે છે તેને બેશુમાર રોજી આપે છે. (૨૧૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર ફરમાવ્યું છે કે, અમુક સ્પષ્ટ દલીલો આવી ગયા પછી સચ્ચાઈનો વિરોધ કરવો, સજા આપવાનું કારણ બને છે. પ્રથમ આયતમાં એની દલીલ કરી

છે કે, જે રીતે અમુક બની ઈસ્રાઈલના લોકોએ વિરોધ કર્યો હતો એ કારણે તેમને સજા આપવામાં આવી હતી.

તફસીર :

આપ (ﷺ) બની ઈસ્રાઈલ(ના ઉલમા)ને પૂછો તો ખરા !? અમે એમને (એટલે કે એમના પૂર્વજોને) કેટલી ખુલ્લી (અને સ્પષ્ટ) દલીલો આપી હતી (પરંતુ તે લોકોએ આ સ્પષ્ટ દલીલો પ્રાપ્ત કરી હોવા છતાં હિદાયતના બદલે ગુમરાહી પર કમર કસી લીધી, પછી જુઓ તેમણે સજાઓ પણ ભોગવી, દા.ત. તવરાત મળી તો તેમણે તવરાતનો સ્વીકાર કરવો જોઈતો હતો, પરંતુ તેમણે તેનો ઈન્કાર કર્યો, છેવટે તૂર પર્વત તેમના ઉપર ફેંકવાની ધમકી આપવામાં આવી અને જ્યારે તેમણે અલ્લાહનું કલામ સાંભળ્યું તો તેમણે તેનો દિલોજાનથી સ્વીકાર કરી લેવો જોઈતો હતો, પરંતુ તેઓ એમાં શંકા-કુશંકાઓ કરવા લાગ્યા. છેવટે વીજળીના અઝાબથી હલાક થઈ ગયા અને જ્યારે દરિયામાં રસ્તા બનાવી ફિરઔનથી છુટકારો અપાવવામાં આવ્યો, તો તેમણે અલ્લાહ તઆલાનું અહેસાન માની તેની ફરમાંબરદારી કરવી જોઈતી હતી, પરંતુ તેમણે ગાયનું પૂતળું બનાવી તેની પૂજા શરૂ કરી દીધી. આ ગુના સબબ તેમને કતલ કરવાની સજા મળી અને દાખલા તરીકે, મન્ન અને સલવા અલ્લાહ તરફથી રોજી ઉતારવામાં આવી, તો એમણે તેનો શુક્ર અદા કરવો જોઈતો હતો, પરંતુ તેમણે નાફરમાની કરી તેનો સંગ્રહ કરવા લાગ્યા, જેથી તે બધું સડવા લાગ્યું અને જ્યારે તેમણે તેનાથી સૂગ કરવા માંડી તો તે નેઅ્મત બંધ થઈ ગઈ અને ખેતી કરવાની મુસીબત માથે પડી, અને જ્યારે બની ઈસ્રાઈલમાં અંબિયા અલૈ.નો આવવાનો ક્રમ સતત ચાલું રહ્યો તો તેમણે, તેને અલ્લાહની નેઅ્મત સમજી તેમના હુકમની તા'બેદારી કરવી જોઈતી હતી, તેના બદલે તેમની હત્યાઓ કરવાનું શરૂ કરી દીધું, જેના કારણે એવી સજાઓ આપવામાં આવી કે, તેમની પાસેથી શાસન વ્યવસ્થા અને બાદશાહત છીનવી લેવામાં આવી. આ ઉપરાંત ઘણી એવી બધી ઘટનાઓ અને કિસ્સાઓ છે, જે સૂરએ બકરહની શરૂઆતની આયતોમાં આવી ચૂક્યા છે.) અને (અમારો કાનૂન છે કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલાની (આવી મોટી) નેઅ્મતો (અને ખુલ્લી સ્પષ્ટ દલીલો)ને બદલી નાંખે છે ત્યાર પછી કે, તેની પાસે પહોંચી જાય (એટલે કે, તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરવાને બદલે ઊલટાનું તેને ગુમરાહીનો

માર્ગ બનાવી લે) તો ચોક્કસ અલ્લાહ તઆલા (આવી વ્યક્તિને) સખત સજા આપે છે.

(બીજી આયતમાં સચ્ચાઈનો વિરોધ કરનાર લોકોનું અસલી કારણ એવું વર્ણન કર્યું છે કે, તેઓ દુનિયાની મહોબ્બતમાં રાચેલા છે અને દુનિયા તેમની પાસે વધુ પ્રમાણમાં હોવાથી તેઓ દીનદાર ઈમાનવાળાઓની ઠેકડી ઉડાવે છે અને તેમને તુચ્છ સમજે છે. કારણ કે, જ્યારે દુનિયા માનસપટ પર છવાય જાય છે તો દીનની તલબ રહેતી નથી. બલકે, દીનને પોતાના દુનિયાના સ્વાર્થ આડે રૂકાવટ સમજે છે અને તેને છેવટે છોડી બેસે છે તથા તેઓ અન્ય સાચા અને દીનના ઈચ્છુક લોકો ઉપર હસે છે. એટલા માટે અમુક બની ઈસ્રાઈલના માલદારો અને જાહિલ મુશ્રિકો ગરીબ મુસલમાનોની ઠેકડી ઉડાવતા ફરે છે, એવા લોકો માટે અલ્લાહ તઆલાએ વર્ણન કર્યું છે કે,) દુનિયાની જિંદગી કાફિરોને શણગારાયેલી લાગે છે અને (એ કારણે) તેઓ મુસલમાનોની ઠેકડી ઉડાવે છે. જ્યારે કે, આ (મુસલમાનો) જેઓ કુફ્ર-શિર્કથી બચે છે, તેઓ કયામતના દિવસે તે કાફિરો કરતાં શ્રેષ્ઠ હશે (કારણ કે, કાફિરો જહન્નમમાં હશે અને મુસલમાનો જન્નતમાં) અને (કોઈપણ વ્યક્તિએ ફક્ત વધુ સારી આર્થિક સ્થિતિ ઉપર ઘમંડ ન કરવો જોઈએ. કારણ કે,) રોજી તો અલ્લાહ તઆલા જેને ચાહે છે તેને બેહિસાબ આપી દે છે. (બસ, રોજીનો આધાર કિસ્મત ઉપર છે, ન કે કોઈ વિશેષ ખાસિયત કે અમલોની સ્વીકૃતિ ઉપર ! બસ, એવું જરૂરી નથી કે, જેને વધુ રોજી મળી હોય તે અલ્લાહ પાસે ખૂબ સ્વીકાર્ય, વહાલો તથા ભરોસાપાત્ર હોય છે ! ફક્ત આર્થિક બાબતોથી કોઈને અલ્લાહનો વહાલો અથવા દવલો સમજવો બેવકૂફી છે.)

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાની માલ-દૌલત અને ઈજ્જત-આબરૂ ઉપર મગરૂર બની ગરીબ લોકોની ઠેકડી ઉડાવવાની વાસ્તવિકતા કયામતના દિવસે આંખો સામે આવી જશે. હઝરત અલી મુર્તુઝા (રદિ.)ની રિવાયત છે કે, જે વ્યક્તિ કોઈ મો'મિન પુરુષ અથવા સ્ત્રીને ગરીબી અને ભૂખમરાને કારણે ઝલીલ અને તુચ્છ સમજે છે, તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને આગલા અને પાછલા લોકોના સમુદાયોમાં ઝલીલ અને બેઆબરૂ કરશે અને જે લોકો કોઈ મુસલમાન સ્ત્રી અથવા પુરુષ ઉપર બોહતાન (ખોટો આક્ષેપ) લગાવે છે અને કોઈ એવી ઐબ

(ખામી)નો તેની સાથે સંબંધ જોડે છે, જે તેનામાં નથી, તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને આગના એક ઊંચા પહાડ ઉપર ઊભો કરશે ત્યાં સુધી કે, તે પોતે જૂઠો હોવાની જાહેરાત ન કરે ! (કુર્તુબી)

આયત : (સૂરએ બકરહ : આયત નં. ર૧૩)

كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً ۟ فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ مُبَشِّرِيْنَ وَ مُنْذِرِيْنَ ۪
وَاَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ بِالْحَقِّ لِيَحْكُمَ بَيْنَ النَّاسِ فِيْمَا اخْتَلَفُوْا فِيْهِ ؕ وَمَا اخْتَلَفَ
فِيْهِ اِلَّا الَّذِيْنَ اُوْتُوْهُ مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ بَغْيًۢا بَيْنَهُمْ ۚ فَهَدَى اللّٰهُ
الَّذِيْنَ اٰمَنُوْا لِمَا اخْتَلَفُوْا فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِهٖ ؕ وَ اللّٰهُ يَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى
صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۱۳﴾

તરજુમો :

લોકો એક (જ) ઉમ્મત હતા, પછી અલ્લાહે ખુશખબરી આપનારા અને ડરાવનારા નબીઓ મોકલ્યા; અને તેમની સાથે સાચી કિતાબ ઉતારી, જેથી લોકો દરમિયાન ફેંસલો કરે જેમાં તેઓ મતભેદ કરે; અને જેમને (કિતાબ) આપવામાં આવી હતી તેમણે ખુલ્લા અને સ્પષ્ટ હુકમો આવી ગયા પછી પરસ્પર હઠધર્મીના કારણે તેમાં વિવાદ કર્યો; પછી અલ્લાહે પોતાના હુકમથી ઈમાનવાળાઓને સત્ય માર્ગ બતાવ્યો, જેમાં તેઓએ મતભેદ કર્યો હતો; અને અલ્લાહ જેને ઇચ્છે છે તેને સીધો માર્ગ બતાવે છે. (ર૧૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં સત્ય દીનનો વિરોધ કરનાર લોકોની દુનિયાની મહોબ્બતને જાહેર કરવામાં આવી હતી. હવે, આગળ આ વિષયના સમર્થનમાં કહેવામાં આવ્યું છે કે, આવું તો પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે કે, અમે સત્ય ધર્મ ઉપર સ્પષ્ટ દલીલો કાયમ કરીએ છીએ અને જેઓ દુનિયાના અને દુનિયાના સ્વાર્થોના ઇચ્છુક હોય છે, તેઓ હંમેશા સ્વાર્થના કારણે સત્ય ધર્મનો વિરોધ કરી

ઝઘડા અને મતભેદ ઊભો કરે છે.

તફસીર :

(પ્રથમ યુગમાં) સઘળા મનુષ્યો એક જ ઉમ્મત (એક જ ધર્મ) ઉપર હતા (કારણ કે, દુનિયામાં પ્રથમ હઝરત આદમ અલૈ. પોતાની પત્ની હઝરત હવ્વા અલૈ. સાથે તશરીફ લાવ્યા અને જે કંઈ તેમની ઔલાદ થતી ગઈ, હઝરત આદમ અલૈ. તેમને સત્ય દીનનું શિક્ષણ આપતા ગયા અને તેઓ તે શિક્ષણ ઉપર અમલ કરતા રહ્યા. એક લાંબા સમયકાળ સુધી આ પરિસ્થિતિ બાકી રહી, પરંતુ પછી એમાં સ્વભાવોમાં વિવિધતા અને સ્વાર્થવૃત્તિના કારણે પરસ્પર વિરોધ શરૂ થયો. એટલે સુધી કે, અમુક સમય પછી માન્યતાઓ અને અકીદાઓમાં પણ પરસ્પર મતભેદ થવાની નોબત આવી ગઈ.) પછી (આ મતભેદને દૂર કરવા માટે) અલ્લાહ તઆલાએ (ઘણા) પયગમ્બરોને મોકલ્યા, જેઓ (સચ્ચાઈ અપનાવનાર લોકોને) ખુશી(ના વાયદા) સંભળાવતા હતા. અને (ન માનનાર લોકોને અઝાબથી) ડરાવતા હતા. અને તેઓ (પયગમ્બરો)ની સાથે (આસમાની) કિતાબો પણ (બરાબર રીતે) નાઝિલ ફરમાવી (અને આ પયગમ્બરોને મોકલવાનો તથા કિતાબો નાઝિલ કરવાનો) હેતુ એ હતો કે અલ્લાહ તઆલા (આ રસૂલો અને કિતાબો દ્વારા પરસ્પર મતભેદ કરનાર) લોકોમાં તેમના મતભેદો વિશે ફેંસલો કરી આપે. (કારણ કે, રસૂલો અને કિતાબો સત્ય વાતને સ્પષ્ટ કરી આપે છે અને ખોટી વાતને ખોટી જાહેર કરી આપે છે, જેનાથી સત્ય–અસત્ય વચ્ચેનો ભેદ સ્પષ્ટ થઈ જાય છે. આ પયગમ્બરો સાથે અલ્લાહની કિતાબો આવવાથી આ લોકોએ અલ્લાહની કિતાબોનો સ્વીકાર કરી લેવો જોઈતો હતો કે, તેને આધાર બનાવી પરસ્પરના મતભેદો દૂર કરી લીધા હોત, પરંતુ અમુક લોકોએ મૂળેથી આ કિતાબને જ ન માની અને તે કિતાબોનો જ વિરોધ કરવાનું શરૂ કરી દીધું.) અને આ કિતાબનો વિરોધ કોઈએ ન કર્યો, પરંતુ ફક્ત તે લોકોએ જ કે જેમને (પ્રથમ) તે કિતાબ મળી હતી (એટલે કે ઇલ્મવાળા અને સમજવાળા લોકોને પ્રથમ સંબોધન કરવામાં આવ્યું છે અને બીજા સામાન્ય લોકો પણ તેમની સાથે મળી ગયા અને તેમણે આ મતભેદ પણ એવા સમયે કર્યો) જ્યારે કે, તેમની પાસે સ્પષ્ટ (અને ખુલ્લી) દલીલો આવી ચૂકી હતી (એટલે કે તેમને હક અને બાતિલ ખુલ્લી રીતે જાહેર કરી દેવામાં આવ્યું હતું, એટલે કે તે દલીલો તેમના

દિમાગોમાં ઉતરી ગઈ હતી અને સમજમાં આવી ગઈ હતી પરંતુ આ વિરોધ) પરસ્પરની જીદ અને હઠધર્મીના કારણે; (અને તેનું વાસ્તવિક કારણ દુનિયાની મહોબ્બત હોય છે, માલની મહોબ્બત, હોદ્દાની લાલચ વગેરે આ વિરોધ અને મતભેદનો આધાર રહ્યો છે અને આવું સદીઓથી બનતું ચાલ્યું આવ્યું છે) પછી (આ મતભેદથી મુસલમાનોને ક્યારેય કોઈ નુકસાન નથી થયું બલકે,) અલ્લાહ તઆલાએ (હંમેશા) ઈમાનવાળાઓના સત્યના સમર્થનમાં જેમાં તેઓ (વિરોધીઓ) મતભેદ કર્યા કરતા હતા પોતાની કૃપાથી (રસૂલો અને કિતાબો ઉપર ઈમાન લાવવાના કારણે) સત્ય બતાવી દીધું (અને) અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે તેને સીધો રસ્તો બતાવી આપે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, શરૂઆતના પ્રાચીન યુગમાં (મનુષ્યની ઉત્પત્તિ પછી અમુક સમયકાળ સુધી) બધા જ મનુષ્યો એક જ ધર્મ, મિલ્લત, માન્યતાઓ અને અકીદાઓ ઉપર હતા, જે ધર્મ "મિલ્લતે હક" અને "દીને ફિતરત" (મનુષ્યનો જન્મજાત મૂળ દીન એટલે કે ઈસ્લામ) હતો પછી તેમાં વ્યક્તિના સ્વભાવ, વિવિધ પ્રકારના દૃષ્ટિકોણો અને ખાસ તો મનુષ્યની મનેચ્છાઓ શામિલ થવાથી અનેક પ્રકારની માન્યતાઓ અને અકીદાઓએ જન્મ લીધો, જેમાં એ શોધી કાઢવું મુશ્કેલ હતું કે, કયો ધર્મ દીને હક છે અને કયો ધર્મ બાતિલ અને માનવસર્જિત છે ! આવી પરિસ્થિતિમાં સચ્ચાઈને સ્પષ્ટ કરવા અને સત્ય (સીધો) માર્ગ બતાવવા માટે અલ્લાહ તઆલાએ મનુષ્યોમાંથી જ ચૂંટી કાઢીને અંબિયા (અલૈ.)ને મોકલ્યા, પછી તેમના ઉપર કિતાબો અને વહી નાઝિલ ફરમાવી. અંબિયા (અલૈ.)ની મહેનતો અને સંઘર્ષો તથા તેમના પ્રચાર-પ્રસાર અને સુધારણાના કાર્યોના પ્રતાપે મનુષ્ય જાતિ બે સમૂહોમાં વિભાજિત થઈ ગઈ. એક તે સમૂહ, જેણે અલ્લાહ તઆલાના મોકલેલા માર્ગ (હિદાયત)ને કબૂલ કર્યો અને અંબિયા (અલૈ.)ના અનુયાયી બની ગયા, જેમને મો'મિન કહેવામાં આવે છે અને બીજા તે લોકો, જેમણે અલ્લાહના માર્ગદર્શન (હિદાયત)નો અસ્વીકાર કર્યો અને અંબિયા (અલૈ.)ને જૂઠાડ્યા તથા તેમની વાત ન માની. આવા લોકો કાફિર કહેવાય છે. આ આયતના પ્રથમ ટૂકડામાં ઉલ્લેખ છે, كَانَ النَّاسُ أُمَّةً وَّاحِدَةً

ઈમામ રાગિબ અસ્ફહાનીએ મુફરદાતુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, શબ્દ أُمَّةٌ (ઉમ્મતુન) અરબી શબ્દકોષના આધારે દરેક તે સમુદાયને કહેવામાં આવે છે, જેમનામાં કોઈ કારણથી પરસ્પર સંપર્ક અથવા એકતા સ્થાપાયેલ હોય, ભલે તે એકતા માન્યતાઓ બાબતે હોય, અથવા કોઈ યુગમાં એક પ્રદેશ કે પૃથ્વીના કોઈ એક ભાગ ઉપર રહેવાના કારણે હોય, કોઈ વંશ કે કબીલાના કારણે હોય, અથવા કોઈ ભાષા, રંગ કે જ્ઞાતિના કારણે હોય. મતલબ કે, આ આયતના ટૂકડાનો અર્થ એ છે કે, કોઈ એક યુગમાં સમગ્ર માનવજાતિ એક જ ગૃપ અને એક જ સમુદાય હતો, આ વિધાનમાં બે બાબતો વિચારવા યોગ્ય છે.

પ્રથમ એ કે, આ સ્થળે "એકતા" શબ્દ કયા પ્રકારની એકતાના અર્થમાં લેવામાં આવ્યો છે ? બીજું એ કે, કોઈ એક યુગમાં સંપૂર્ણ એકતા સ્થાપાયેલ હતી. પ્રથમ બાબતનો ફૈસલો તો આ આયતના ટૂકડાએ પોતે જ કરી દીધો, જેમાં આવી એકતા પછી પરસ્પર મતભેદો થવાનો અને વિવિધ માર્ગે સત્યને સ્પષ્ટ કરવા માટે અંબિયા (અલૈ.)ને મોકલવાનો ઉલ્લેખ છે. કારણ કે, આ મતભેદોનો ફૈસલો કરવા માટે અંબિયા (અલૈ.)ને મોકલી આસમાની કિતાબો પણ તેમના દ્વારા મોકલવામાં આવી છે. દેખીતું છે કે, આ મતભેદ કોઈ રંગ, વંશ, ભાષા કે પ્રદેશનો અથવા તો કોઈ એક યુગ પૂરતો મતભેદ ન હતો. બલકે, વિચારસરણી, માન્યતાઓ અને અકીદાઓનો મતભેદ તથા વિરોધાભાસ હતો. એટલા માટે સાબિત થાય છે કે, આ આયતમાં એકતાથી "વિચારસરણીની એકતા", "માન્યતાની એકતા" તથા "મસ્લકની એકતા"નો અર્થ પુરવાર થાય છે. તો હવે આ આયતનો અર્થ એ થયો કે, કોઈ એક યુગ એવો પણ હતો જ્યારે સમગ્ર માનવજાતિમાં ધર્મ બાબતે કોઈ મતભેદ ન હતો. બલકે બધા જ મનુષ્યો એક વિચારસરણી, એક જ અકીદહ, એક જ માન્યતા, એક જ ધર્મ, એક જ મસ્લક ધરાવતા હતા. તે અકીદો અને મસ્લક શું હતો ? તેમાં બે સંભાવનાઓ છે, એક એ છે કે, બધા જ તૌહીદ અને ઈમાનના અકીદહ ઉપર એકમત હતા, બીજું એ કે, બધા જ કાફિરો હતા અને ગુમરાહી ઉપર એકમત હતા..... પરંતુ જમહૂર (સર્વાનુમતે) મુફસ્સિરો આ આયતનો અર્થ એ જ કરે છે કે, તૌહીદ અને ઈમાન તથા સહીહ અકીદહ ઉપર સમગ્ર માનવજાતિ એકમતે હતી. સૂરએ યૂનુસમાં પણ આ વિષય સંદર્ભે એક આયત આવી છે.

وَمَا كَانَ النَّاسُ اِلَّا اُمَّةً وَّاحِدَةً فَاخْتَلَفُوْا وَلَوْ لَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ فِيْمَا فِيْهِ يَخْتَلِفُوْنَ ○

"સમગ્ર મનુષ્યજાતિ એક જ ઉમ્મત હતી, પછી પરસ્પર મતભેદો થઈ ગયા અને જો અલ્લાહ તઆલાનો એ કાયમી ફેંસલો ન હોત (કે દુનિયામાં સચ્ચાઈ અને બાતિલ, ખરું અને ખોટું, હક અને નાહક સાથે સાથે ચાલશે) તો અલ્લાહની કુદરતે આ બધા ઝઘડાઓનો એવો ફેંસલો કરી આપ્યો હોત કે, સચ્ચાઈનો વિરોધ કરનાર લોકોનું પૃથ્વીના પટ ઉપર નામો–નિશાન બાકી રહ્યું ન હોત !" (સુરહ : ૧૦, આયત : ૧૯)

અને સૂરએ અંબિયામાં ફરમાવ્યું છે,

اِنَّ هٰذِهٖ اُمَّتُكُمْ اُمَّةً وَّاحِدَةً ۫ وَّاَنَا رَبُّكُمْ فَاعْبُدُوْنِ ○

"આ તમારી જમાઅત (સમૂહ) એક જ જમાઅત છે, અને હું તમારો પરવરદિગાર છું, એટલા માટે મારી જ ઈબાદત કરતા રહો." (સૂ.૨૧ :આ. ૯૨)

اِنَّ هٰذِهٖ اُمَّتُكُمْ اُمَّةً وَّاحِدَةً وَّاَنَا رَبُّكُمْ فَاتَّقُوْنِ ○

"આ તમારી જમાઅત (સમૂહ) એક જ જમાઅત છે, અને હું તમારો પરવરદિગાર છું, એટલા માટે મારાથી જ ડરતા રહો." (સૂ.: ૨૩, આ.: ૫૨)

આ બધી આયતોથી સ્પષ્ટ થઈ જાય છે કે, આ સ્થળે એકતાનો અર્થ અકીદહ, માન્યતા તથા મસ્લકની એકતા છે અને દીને હક, તૌહીદ તથા ઈમાનમાં બધા એક હોવાનો અર્થ સમાયેલો છે.

હવે, જોવાનું એ છે કે, દીને હક ઈસ્લામ અને ઈમાન ઉપર સહમતિ અને એકતા કયા યુગમાં અસ્તિત્વ ધરાવતી હતી ? અને આવી એકતા કેટલો સમય કાયમ રહી? મુફસ્સિરીન સહાબા (રદિ.)માંથી હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.) અને ઈબ્ને ઝૈદ (રદિ.)એ ફરમાવ્યું છે કે, "આ ઘટના 'આલમે અજલ'ની છે. જ્યારે અલ્લાહે પૃથ્વી ઉપર જન્મ લેનારા બધા જ મનુષ્યોની રૂહોને સવાલ કર્યો, اَلَسْتُ بِرَبِّكُمْ 'શું હું તમારો રબ નથી ?' તે સમયે કોઈપણ પ્રકારના અપવાદ વિના બધી જ રૂહોએ જવાબ આપ્યો હતો કે, 'બેશક ! તમે જ અમારા રબ અને

પરવરદિગાર છો.' તે સમયે સમગ્ર મનુષ્યજાતિ એક જ માન્યતા અને સચ્ચાઈ ઉપર કાયમ હતી, જેનું નામ ઈમાન અને ઈસ્લામ છે." *(કુર્તુબી)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "અકીદહની એકતા બાબતની આ ઘટના તે સમયની છે જ્યારે કે, હઝરત આદમ (અલૈ.) પોતાની પત્ની સાથે દુનિયામાં તશરીફ લાવ્યા અને તેમની ઔલાદ થઈ અને પૃથ્વી પર ફેલાતી ગઈ, તે સમયે બધા જ આદમ (અલૈ.) અને તેમના શિક્ષણ તથા તાકીદના તાબે'દાર તથા તૌહીદના અકીદાની માન્યતા ધરાવતા હતા અને તે બધા જ "કાબિલ"ના અપવાદ સિવાય શરીઅતના તાબે'દાર અને ફરમાંબરદાર હતા."

મુસ્નદે બઝ્ઝાર مُسْنَدِ بَزَّار માં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના આ નિવેદનની સાથે સાથે એ પણ ઉલ્લેખ છે કે, "અકીદહની આવી એકતા હઝરત આદમ (અલૈ.)થી લઈ હઝરત ઈદ્રીસ (અલૈ.) સુધી બાકી રહી. તે સમય સુધી બધી જ મનુષ્યજાતિ તૌહીદ અને ઈસ્લામના અકીદહ પર સર્વાનુમતે કાયમ હતી. હઝરત આદમ (અલૈ.) અને હઝરત ઈદ્રીસ (અલૈ.) વચ્ચેનો યુગ દશ "કર્ન"નો છે અને દશ "કર્ન" બરાબર "દશ સદી" જેટલો સમય ગણવામાં આવે છે, તો એનો મતલબ એ થયો કે આવી એકતા એક હજાર વર્ષો સુધી રહી હતી."

અમુક લોકોએ એવું પણ કહ્યું છે કે, "આ એકતાનો યુગ તે સમય છે જ્યારે કે નૂહ (અલૈ.)ના સમયમાં દુનિયામાં જળપ્રલય થયો અને જે લોકો હઝરત નૂહ (અલૈ.)ના જહાઝ ઉપર સવાર હતા તે સિવાયની સમગ્ર દુનિયા ડૂબી ગઈ હતી. તોફાન પૂરું થયા પછી જેટલા પણ મનુષ્યો આ દુનિયામાં બાકી રહ્યા હતા, તે બધા જ મુસલમાન, તૌહીદ અને દીને હક ઉપર એકમતે કાયમ હતા."

અને વાસ્તવમાં આ ત્રણે નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી. આ ત્રણે યુગ એવા હતા, જેમાં સમગ્ર મુસલમાન "મિલ્લતે વાહીદા" એટલે કે, એક જ મિલ્લત હતી અને દીને હક ઉપર કાયમ હતી.

આયતના બીજા ટૂકડામાં ઈરશાદ છે કે, فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ مُبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ وَاَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ بِالْحَقِّ لِيَحْكُمَ بَيْنَ النَّاسِ فِيْمَا اخْتَلَفُوْا فِيْهِ ط "પછી અલ્લાહ તઆલાએ પયગમ્બરોને મોકલ્યા, જેઓ ખુશખબરી સંભળાવતા હતા અને (જહન્નમથી) ડરાવતા હતા અને તેમની સાથે કિતાબો પણ બરાબર

નાઝિલ કરવામાં આવી. એ હેતુથી કે અલ્લાહ તઆલા લોકોમાં એ બાબતે ફેંસલો કરી આપે, જે બાબતોમાં તેઓ મતભેદ (વાદ–વિવાદ) કરતા હતા.

અત્રે એક વાત વિચારવા યોગ્ય છે કે, ઉપરના વાકયમાં બધી જ માનવજાત ઉમ્મતે વાહીદા અથવા મિલ્લતે વાહીદા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને આ વાકયમાં એનાથી વિપરિત એવું ફરમાવવામાં આવ્યું છે કે, અમે અંબિયા (અલૈ.)ને કિતાબો આપીને મોકલ્યા, જેથી તેઓ વાદ–વિવાદ અને મતભેદનો ફેંસલો કરી આપે. આ બંને વાક્યોમાં દેખીતી રીતે કોઈ સુસંગતતા જણાતી નથી. કારણ કે, અંબિયા (અલૈ.) અને કિતાબો મોકલવાનો હેતુ લોકો વચ્ચે ઊભા થયેલા મતભેદો અને વાદ–વિવાદ વચ્ચે ફેંસલો કરવાનો હતો, અને આ મતભેદ તે સમયે તો હતો નહિ, પરંતુ આ બાબતનો જવાબ બિલકુલ સ્પષ્ટ છે કે, પ્રસ્તુત આયતનો હેતુ એ છે કે, જગતની શરૂઆતમાં બધા જ વ્યક્તિઓ એક જ અકીદહ અને દીને હક ઉપર કાયમ અને પાબંદ હતા. પછી ધીરે–ધીરે મતભેદો ઊભા થતા ગયા, વાદ–વિવાદોએ જન્મ લીધો અને તે વાદ–વિવાદો તથા મતભેદોને દૂર કરવા માટે અંબિયા (અલૈ.) તથા કિતાબો નાઝિલ કરવાની આવશ્યકતા ઊભી થઈ.

હવે એક વાત રહી જાય છે કે, ઉપરોક્ત વિગત પ્રમાણે ફક્ત ઉમ્મતે વાહીદા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને મતભેદો ઊભા થવાનો ઉલ્લેખ કેમ કરવામાં ન આવ્યો ? જે લોકો કુર્આન શરીફની વર્ણનશૈલી વિજ્ઞાનના નિષ્ણાત છે, તેમના માટે તેનો જવાબ બિલકુલ મુશ્કેલ નથી. કારણ કે, કુર્આન શરીફમાં ભૂતકાળની ઘટનાઓના ઉલ્લેખમાં કિસ્સા–કહાણીઓ અથવા ઘટનાઓને ઈતિહાસના પુસ્તકો પ્રમાણે આખે–આખા કોઈપણ જગ્યાએ વર્ણન કરવામાં નથી આવતા. બલકે, વચ્ચે–વચ્ચે ઘટનાનો અમુક ભાગ છોડી દેવામાં આવે છે, જે વર્ણનના થોડાક આગળ–પાછળના શબ્દો દ્વારા પણ સમજી શકાય છે. જેમકે, હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સામાં જે કૈદી છૂટીને આવ્યો અને સ્વપ્નની તા'બીર પ્રાપ્ત કરવા તેણે બાદશાહને કહ્યું કે, મને યૂસુફ (અલૈ.) પાસે મોકલી આપો, તો કુર્આનમાં આ કૈદીની સૂચનાનો ઉલ્લેખ કર્યા પછી વાત અહીંયાંથી શરૂ થાય છે. يُوسُفُ اَيُّهَاالصِّدِّيقُ એનો ઉલ્લેખ નથી કે, બાદશાહે તેની સલાહને પસંદ કરી અને તેને જેલખાનામાં હઝરત યૂસુફ (અલૈ.) પાસે મોકલ્યો અને ત્યાં પહોંચીને તે

એમનાથી સંબોધિત થયો. કારણ કે, પાછલા અને આગલા વાક્યના ટૂકડાઓને મેળવવાથી આ બાબતો આપમેળે સમજાઈ જાય છે. (આ રીતે કુર્આનમાં જો સમગ્ર ઘટનાક્રમ એક વાક્યમાં સમજી જવાતો હોય ત્યાં લાંબુ લૅક્ચર આપવામાં આવતું નથી.)

એવી જ રીતે ઉપરોક્ત આયતમાં વહદતે મિલ્લત (મિલ્લી એકતા) પછી મતભેદો ઉપસ્થિત થવાનું વર્ણન એટલા માટે કુર્આનની શૈલી પ્રમાણે જરૂરી સમજવામાં નથી આવ્યું કે, મતભેદો ઊભા થવાનું કારણ તો આખી દુનિયા જાણે છે અને દરેક સમયે દરેક યુગમાં લોકો એને અનુભવે છે. આવશ્યકતા તે બાબતને જાહેર કરવાની હતી કે, આ વધુ ઈખ્તેલાફ (વિરોધાભાસ) અને મતભેદો ઉપસ્થિત થતા પહેલાં એક યુગ એવો પણ પસાર થઈ ચૂક્યો છે, જેમાં સમગ્ર માનવજાતિ એક જ ધર્મ અને મિલ્લત તથા એક જ દીને હકની અનુયાયી હતી. અત્રે એને જ વર્ણન ફરમાવ્યું છે. ત્યારબાદ જે વિરોધાભાસો અને મતભેદો દુનિયામાં પ્રસરી ચૂક્યા, એ બધી અનુભવસિદ્ધ બાબત છે, એટલા માટે તેનો ઉલ્લેખ કરવાની કોઈ આવશ્યકતા ન હતી. હા ! એવું બતાવવામાં આવ્યું છે કે, આ મતભેદોમાં સચ્ચાઈના માર્ગનું માર્ગદર્શન અને હિદાયતનો સામાન અલ્લાહ તબારક વ તઆલા તરફથી શું ફરમાવવામાં આવ્યો ? ઈરશાદ છે, فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ એટલે કે, અલ્લાહ તઆલાએ અંબિયા (અલૈ.) અને કિતાબો નાઝિલ કરી દીને હકનું અનુસરણ કરનારાઓને કાયમી રાહતની ખુશખબરી અને તેનો વિરોધ કરનારા લોકોને જહન્નમના અઝાબની ચેતવણીઓ અને ધમકીઓ સંભળાવી અને તેની સાથે-સાથે પોતાની વહી અને કિતાબો મોકલી, જેમાં વિવિધ માન્યતાઓ અને અકીદાઓમાંથી સાચો અને સહીહ અકીદહ સ્પષ્ટ કરીને બતાવી દીધો, ત્યાર પછી એ ઈરશાદ ફરમાવ્યો કે, અંબિયા અને રસૂલો (અલૈ.) તથા આસમાની કિતાબોના ખુલ્લા અને સ્પષ્ટ ફૈસલાઓ પછી પણ આ દુનિયા બે સમુદાયોમાં વિભાજિત થઈ ગઈ. અમુક લોકોએ અંબિયા (અલૈ.)ના માર્ગદર્શન અને અલ્લાહની હિદાયતનો સ્વીકાર ન કર્યો અને આશ્ચર્યની વાત એ પણ છે કે, આ હિદાયતોનો અસ્વીકાર કરનારા સૌથી પહેલાં તે જ લોકો છે, જેમની પાસે અંબિયા (અલૈ.) દ્વારા અલ્લાહની સ્પષ્ટ દલીલો મોકલવામાં આવી હતી. એટલે કે અહલે કિતાબ, યહૂદી અને નસારા. અને તેનાથી વધીને આશ્ચર્યની વાત તો એ

છે કે, આકાશી કિતાબોમાં કોઈ શંકા-કુશંકાની સંભાવના કે શક્યતા ન હતી કે, તે તેમની સમજમાં ન આવે અથવા કોઈ ગેરસમજનો શિકાર બની જાય. બલકે, હકીકત એ હતી કે, તેઓએ જાણીબૂજી વાકેફ હોવા છતાં, ફક્ત હઠધર્મી અને દુનિયવી સ્વાર્થ ખાતર તેનો ઈન્કાર કર્યો.

અને બીજો સમુદાય એવો છે, જેને અલ્લાહ તઆલાએ હિદાયતના માર્ગે લગાવી દીધો તેમણે અંબિયા (અલૈ.) અને રસૂલ ﷺ તથા આસમાની કિતાબોના ફૈસલાનો સંતોષપૂર્વક દિલથી સ્વીકાર કરી લીધો. તે બંને જૂથોનો ઉલ્લેખ કુર્આન શરીફમાં "સૂરએ તગાબુન"માં આ પ્રમાણે છે.

خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّ مِنْكُمْ مُّؤْمِنٌ،

"અલ્લાહ તઆલાએ તમને પૈદા કર્યા પછી તમારામાંથી અમુક કાફિર (ઈન્કારી) થઈ ગયા અને અમુક મો'મિન (મુસલમાન) !" (સૂ.:૬૪, આ.: ૨)

આ આયતનો ખુલાસો كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً એ છે કે, દુનિયામાં પ્રથમ બધા જ મનુષ્યો દીને હક (સત્ય ધર્મ ઈસ્લામ) ઉપર કાયમ હતા, પછી મતભેદો અને વ્યક્તિગત સ્વાર્થના કારણે વાદ-વિવાદ ઉપસ્થિત થવાની શરૂઆત થઈ. એક લાંબા સમય પછી અમલો અને માન્યતાઓમાં પણ મતભેદો ઊભા થઈ ગયા. એટલે સુધી કે સત્ય અને અસત્યમાં શંકા થવા લાગી તો અલ્લાહ તઆલાએ અંબિયા (અલૈ.) અને પોતાની કિતાબોને સત્ય માર્ગના માર્ગદર્શન માટે અને દીને હક ઉપર સમગ્ર માનવજાતિને પ્રસ્થાપિત કરવા માટે મોકલી, જેના પર બધા જ મનુષ્ય પ્રસ્થાપિત હતા, પરંતુ આ બધા સ્પષ્ટ અને જાહેર માર્ગદર્શન તથા ખુલ્લી નિશાનીઓ હોવા છતાં અમુક લોકોએ હઠધર્મી અને જીદના કારણે ઈન્કાર અને અસ્વીકાર કર્યો તથા ખોટો માર્ગ અપનાવ્યો, જ્યારે અમુક લોકોએ તેને સાચું માની અપનાવી લીધું.

મસ્અલાઓ :

આ આયતથી અમુક બાબતોની જાણ થઈ, પ્રથમ એ કે અલ્લાહ તઆલાએ ઘણા બધા નબીઓ (અલૈ.) અને કિતાબો દુનિયામાં એટલા માટે મોકલી કે, નબીઓ (અલૈ.) અલ્લાહની કિતાબો દ્વારા સમગ્ર મનુષ્યજાતિનું માર્ગદર્શન કરે અને જે લોકો "મિલ્લતે વાહીદા" (એક કૌમ)ને છોડીને વિવિધ

ફિરકાઓ સંપ્રદાયોમાં વહેંચાઈ ગઈ છે, ફરીવાર તેઓને "મિલ્લતે વાહીદા" ઉપર કાયમ કરી આપે. અંબિયા (અલૈ.)નો આ ક્રમ આ જ રીતે ચાલતો રહ્યો કે, જ્યારે લોકો સત્ય માર્ગથી ભટકી જતા, તો અલ્લાહ તઆલા તેમની હિદાયત માટે કોઈ નબીને મોકલી આપતા અને તેમના ઉપર કિતાબ નાઝિલ કરવામાં આવતી હતી, જેથી ભટકી ગયેલા લોકો સત્ય માર્ગ પર આવી જાય. ફરી વળી, જો તેઓ સત્ય માર્ગથી ભટકી જતા, તો બીજા નબી અને કિતાબ સત્ય માર્ગ ઉપર લાવવા અલ્લાહ તઆલા તરફથી આવી જતી. આ બાબતનું ઉદાહરણ એ રીતે આપી શકાય, જેમકે તંદુરસ્તી એક જ વસ્તુ છે અને બીમારીઓ હજાર છે. જ્યારે એક બીમારી પેદા થઈ ગઈ, તો તેના માટે એક-બે ઈલાજો કરવામાં આવ્યા, તે બીમારી સારી થઈ ગઈ. બીજી બીમારી થઈ ગઈ, તો બીજી દવા આપવામાં આવી અને અંતે એક એવો સર્વગ્રાહી દવાનો નુસખો તૈયાર કરવામાં આવ્યો કે, જે બધા જ પ્રકારની બીમારીઓનો ઈલાજ હતો અને તેની અસર કયામત સુધી સફળતાપૂર્વક કાયમ રાખવાનું આયોજન કરવામાં આવ્યું. આ સંપૂર્ણ ઈલાજના સર્વગ્રાહી નુસખાએ અગાઉના બધા જ નુસખાઓની જગ્યા લઈ લીધી અને હવે પછી આવનારી સમગ્ર માનવજાતને કોઈપણ બીમારીના ઈલાજ માટે આ જ નુસખાનો ઉપયોગ કરવાનું નક્કી ઠરાવવામાં આવ્યું. આ સર્વગ્રાહી ઈલાજનો નુસખો તે "ઈસ્લામ" છે, જેના માટે અંતિમ નબી ﷺ અને કુર્આન નાઝિલ કરવામાં આવ્યું. અગાઉની આસમાની કિતાબોમાં લોકો દ્વારા ફેરફાર કરી નાંખવામાં આવ્યો અને જે પ્રમાણે અગાઉના અંબિયા (અલૈ.)ના શિક્ષણ અને તેમના માર્ગદર્શનને બદલી નાંખવાનો અથવા ગુમ થઈ જવાનો ક્રમ ઉપરથી ચાલ્યો આવતો હતો, જેના કારણે નબીઓની અને નવી કિતાબોની આવશ્યકતા ઉપસ્થિત થતી હતી, તે વિશે એવી વ્યવસ્થા કરવામાં આવી કે, કુર્આન શરીફને સુધારા-વધારાની શક્યતાથી સુરક્ષિત કરવાની જવાબદારી પોતે અલ્લાહ તઆલાએ લઈ લીધી અને કુર્આન શરીફના શિક્ષણને કયામત સુધી તેના વાસ્તવિક સ્વરૂપમાં કાયમ અને બાકી રાખવા માટે અલ્લાહ જલ્લ શા'નુહુએ ઉમ્મતે મુહમ્મદીય્યહ ﷺમાં કયામત સુધી એક એવો સમૂહ (જમાઅત) કાયમ અને બાકી રાખવાનો વાયદો કર્યો કે, તેઓ હંમેશા દીને હક્ક (સત્ય ધર્મ) ઉપર કાયમ રહીને અલ્લાહની કિતાબ કુર્આન તથા સુન્નત (હદીષ શરીફ)નું સાચું

શિક્ષણકાર્ય કરતા રહેશે. કોઈનો વિરોધ કે દુશ્મની તેમના ઉપર કોઈ પ્રભાવ નહિ પાડી શકે. એટલા માટે આ સર્વગ્રાહી માર્ગદર્શન અને હિદાયત પછી નુબુવ્વત તથા વહીનો દરવાજો બંધ થઈ જવો એક જરૂરી બાબત હતી અને છેવટે નુબુવ્વત રસૂલુલ્લાહ ﷺ ઉપર પૂરી થઈ જવાનું એ'લાન અલ્લાહ તઆલા તરફથી કરવામાં આવ્યું.

ખુલાસો એ છે કે, વિવિધ યુગમાં અનેક અંબિયા (અલૈ.) અને અનેક કિતાબો આવવાથી કોઈ એવા ધોકા (વહેમ–શંકા)માં ન પડી જાય કે, અંબિયા (અલૈ.) અને કિતાબો માનવજાતિને વિવિધ સંપ્રદાયો અને ગૃપોમાં વિભાજિત કરવા માટે તથા તેમની એકતાને તોડવા માટે મોકલવામાં આવી હતી. બલકે, અંબિયા (અલૈ.) અને કિતાબો નાઝિલ કરવાનો એકમાત્ર હેતુ એ હતો કે, જે રીતે એક સમયે સમગ્ર માનવજાતિ એક જ દીને હક ઉપર કાયમ રહીને મિલ્લતે વાહીદા હતી. એ જ પ્રમાણે આ અંબિયા (અલૈ.) અને કિતાબોના માર્ગદર્શન દ્વારા તેઓ ફરીવાર આવી એકતા સ્થાપિત કરીને દીને હક ઉપર કાયમ થઈ જાય.

મસ્અલો :

બીજી બાબત એ સ્પષ્ટ થાય છે કે, ધર્મોના આધારે કૌમોનું વિભાજન મુસ્લિમ અને ગૈરમુસ્લિમ, બસ ફક્ત બે જ સમુદાય સમજવામાં આવશે, જેને કુર્આનની આયતમાં فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ કહીને દલીલરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એની સાથે સાથે એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, ઈસ્લામમાં આ બે પ્રકારની કૌમોના અસ્તિત્વના વિચારસરણી આધારિત વિભાજનનો મૂળભૂત સિદ્ધાંત વાસ્તવમાં સત્ય માર્ગ ઉપર અલ્લાહના માર્ગદર્શન પ્રમાણે ચાલનારી એક જ કૌમ મિલ્લતે વાહીદા બનાવવાનો રહ્યો છે. (આવી એકતાનો આધાર પ્રદેશ, ભાષા, રંગ, વંશ બની શકતો નથી.) બલકે અકીદાઓ (માન્યતાઓ) અને દીને હકના અનુસરણને જ આવી એકતાનો આધાર બનાવી શકાય છે. કુર્આનનું ફરમાન છે كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً અત્રે બતાવવામાં આવ્યું છે, જગતની શરૂઆતથી જ સહીહ અને સત્ય માન્યતાઓ અને દીને હકની પૈરવીના આધારે એક સાચી અને વાસ્તવિક કૌમી એકતા કાયમ હતી. પાછળથી લોકોમાં મતભેદો ઊભા થવાથી અંબિયા (અલૈ.)એ લોકોને વાસ્તવિક એકતા તરફ આવવાનું આમંત્રણ આપ્યું, જેમણે તેમના આમંત્રણનો સ્વીકાર ન કર્યો તેઓ મિલ્લતે વાહિદાથી

કપાઈ ગયા, તેમને એક અલગ કૌમ ઠરાવવામાં આવી.

મસ્અલો :

આ આયતથી ત્રીજી બાબત એ સ્પષ્ટ થાય છે કે, આદિકાળથી અલ્લાહની સુન્નત (ટેવ) એ જ રહી છે કે, દુષ્ટ પાપી લોકો અલ્લાહના દરેક અંબિયા (અલૈ.) વિરૂદ્ધ અને અલ્લાહની દરેક કિતાબો વિરૂદ્ધ ઊભા થતા રહ્યા અને તેમના મુકાબલા માટે પોતાની બધી શક્તિઓ અજમાવતા રહ્યા છે માટે હવે ઈમાનવાળા લોકોએ તેમના દુષ્ટ કર્મો અને ફસાદથી દિલગીર ન થવું જોઈએ. જે પ્રમાણે કાફિરોએ પોતાના વડીલોની માન્યતા પ્રમાણે કુફ્ર અને (દુશ્મનીને) અપનાવી અંબિયા (અલૈ.)નો વિરોધ કર્યો, એ પ્રમાણે નેક મો'મિનો પણ પોતાના બુઝુર્ગો અને વડીલો એટલે કે અંબિયા (અલૈ.)ની માન્યતા અપનાવી આ લોકોની પરપીડન વૃત્તિ ઉપર અને તેમના વિરોધ ઉપર ધીરજ અને સબ્ર કરે તથા હિકમત અને શિખામણ દ્વારા વિનમ્રતાપૂર્વક તેમને દીને હકનું આમંત્રણ આપતા રહે અને કદાચ આ જ સંદર્ભમાં આગલી આયતમાં મુસલમાનોને મુસીબતો અને તકલીફો ઉપર સબ્ર અને ધીરજની તાકીદ કરવામાં આવી છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૧૪)

أَمْ حَسِبْتُمْ أَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَلَمَّا يَأْتِكُمْ مَثَلُ الَّذِينَ خَلَوْا مِنْ قَبْلِكُمْ
مَسَّتْهُمُ الْبَأْسَاءُ وَالضَّرَّاءُ وَزُلْزِلُوا حَتَّىٰ يَقُولَ الرَّسُولُ وَالَّذِينَ آمَنُوا مَعَهُ
مَتَىٰ نَصْرُ اللَّهِ ۗ أَلَا إِنَّ نَصْرَ اللَّهِ قَرِيبٌ ﴿٢١٤﴾

તરજુમો :

શું તમે એમ વિચારી લીધું કે, જન્નતમાં (એમ જ સરળતાથી) ચાલ્યા જશો!? અને જ્યારે કે તમારા ઉપર હજું એવી હાલત નથી આવી કે જે પ્રમાણે તમારાથી અગાઉના લોકો ઉપર આવી હતી; તેમના ઉપર કઠોર પરિસ્થિતિઓ અને તકલીફો આવી હતી, અને તેઓને હચમચાવી નાંખવામાં આવ્યા હતા, એટલે સુધી કે રસૂલ અને જે લોકો તેમની સાથે ઈમાન લાવ્યા

હતા, કહેવા લાગ્યા ! અલ્લાહની મદદ ક્યારે આવશે ?! યાદ રાખો ! બેશક અલ્લાહની મદદ (બહુ) નજીક છે. (૨૧૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત આયતોમાં કાફિરોનો હંમેશા અંબિયા (અલૈ.) અને મો'મિનોનો વિરોધ કરવાનો અને તેમની સાથે મતભેદ ઊભા કરતા રહેવાનો ઉલ્લેખ હતો, જેમાં એક પ્રકારે મુસલમાનોને એ બાબત ઉપર આશ્વાસન આપવાનો હેતુ હતો કે, કાફિરો જે આપની મઝાક-મશ્કરી અને ઠેકડી ઉડાવી રહ્યા છે, તેનાથી આપને ખૂબ તકલીફ થતી હશે, પરંતુ આ બાબત કોઈ નવી નથી. આવું તો હંમેશાંથી બનતું આવ્યું છે, અગાઉ પણ આ કાફિર વિરોધીઓએ અંબિયા (અલૈ.) અને મો'મિનોને અનેક પ્રકારની તકલીફો અને ઈજાઓ પહોંચાડી જ છે. આ વર્ણનમાં મુસલમાનોને આશ્વાસન આપવામાં આવે છે કે, તમને પણ કાફિરો દ્વારા તકલીફો પહોંચાડવામાં આવે છે તેના ઉપર સબ્ર અને ધીરજ ધરો, કારણ કે સંપૂર્ણ રાહત તો આખિરતની મહેનત કરતા રહેવામાં જ છે.

તફસીર :

(અને બીજી એક વાત સાંભળો !) શું તમે એવું ધારી લીધું છે કે (કોઈ તકલીફ વિના એમ જ સરળતાથી) જન્નતમાં દાખલ થઈ જશો ? જ્યારે કે (હજુ તો તમે કોઈ તકલીફ ઉઠાવી જ નથી કારણ કે,) તમારા ઉપર તમારાથી અગાઉના (મુસલમાન) લોકો જેવી પરિસ્થિતિઓ (હાલત) આવી જ નથી ! તેમને (વિરોધીઓ તરફથી) એવી એવી મુસીબતો અને તકલીફો પહોંચાડવામાં આવતી હતી અને (આ અત્યાચારના કારણે) તેમને એટલી હદે હચમચાવી મૂકવામાં આવ્યા હતા કે, (તે સમયે) પયગમ્બર સુદ્ધાં અને જેઓ તેમની સાથે ઈમાન લાવ્યા હતા (બેચેન થઈને) બોલી ઉઠ્યા, કે અલ્લાહ તઆલાની મદદ ક્યારે આવશે ?! (તેમના સવાલનો જવાબ આપીને આશ્વાસન આપવામાં આવ્યું કે,) યાદ રાખો ! બેશક ! અલ્લાહ તઆલાની મદદ (ઘણી જ) નજીક છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં અમુક બાબતો ધ્યાન આપવા યોગ્ય છે. પ્રથમ એ કે, આ આયતથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે, તકલીફો અને મહેનતો વેઠ્યા સિવાય તથા

મુસીબતો અને આફતોનો સામનો કર્યા વિના કોઈ વ્યક્તિ જન્નતમાં જશે નહિ. જ્યારે કે, કુર્આન શરીફના ઈરશાદ અને નબીએ કરીમ ﷺના ફરમાનોથી સાબિત થયું છે કે, ઘણા બધા ગુનેહગારો ફક્ત અલ્લાહ તઆલાની કૃપાદષ્ટિ અને બક્ષિશથી જન્નતમાં પ્રવેશ પામશે. તેમને કોઈ તકલીફ પણ નહિ ઉઠાવવી પડે, કારણ કે, તકલીફો અને મુસીબતો ઉઠાવવાના દરજ્જાઓ ભિન્ન ભિન્ન પ્રકારે છે. પ્રથમ દરજ્જો નફસ અને શયતાન સાથે સંઘર્ષ કરી અથવા દીને હકના વિરોધીઓ સાથે બાથ ભીડીને પોતાની માન્યતાઓને વળગી રહી, પોતાના ઈમાનની સુરક્ષા કરવાનો છે. હવે આગળ ઉપર મધ્યમ અને ઉત્તમ કક્ષાના દરજ્જાઓ છે, જે કક્ષાની મહેનત અને તકલીફ હશે તે જ કક્ષા પ્રમાણે જન્નતમાં પ્રવેશ મળશે. એટલા માટે એક રીતે જોવા જઈએ તો મહેનત અને મુસીબતથી કોઈને પણ છૂટકારો નથી. એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَشَدُّ النَّاسِ بَلَاءً اَلْاَنْبِيَآءُ ثُمَّ الْاَمْثَلُ فَالْاَمْثَلُ،

"સૌથી વધુ સખત બલાઓ (કસોટીઓ) અને મુસીબતો અંબિયા (અલૈ.)ને પહોંચી છે, ત્યારબાદ જે એમની સૌથી વધુ નજીક હોય (તેમને)."

બીજી વાત અત્રે ધ્યાન ખેંચે છે કે, અંબિયા (અલૈ.) અને તેમના સાથીઓએ એવી વિનંતી કરી કે, અલ્લાહ તઆલાની મદદ ક્યારે આવશે ?! આ ઉદ્‌ગારો કોઈ શંકાના કારણે ન હતા. કારણ કે અલ્લાહની કુદરતમાં શંકા કરવી અલ્લાહવાળાઓના સન્માન, પ્રતિષ્ઠા અને તેમના મરતબા વિરૂદ્ધ બાબત છે. બલકે, આ સવાલનો હેતુ ફક્ત એટલો જ હતો કે, અલ્લાહ તઆલાએ મદદનો વાયદો કર્યો છે, પરંતુ તેનો સમય અને સ્થળ નક્કી નથી કર્યું, એટલા માટે મુસીબતની હાલતમાં બેચેનીના કારણે આવા શબ્દો દ્વારા વિનંતી કરવાનો હેતુ એ હતો કે, તે મદદ જલદી મોકલવામાં આવે અને એવી દુઆ કરવી તવક્કુલ (અલ્લાહ ઉપર સંપૂર્ણ વિશ્વાસ) અને નુબુવ્વતના મરતબા વિરૂદ્ધ વાત નથી બલકે, અલ્લાહ તઆલા પોતાના બંદાઓની વિનવણીને પસંદ કરે છે, એ કારણે અંબિયા (અલૈ.) અને નેક લોકો તેની ખુશ્નુદીના સૌથી વધુ હકદાર છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૧૫)

يَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ۭ قُلْ مَآ اَنْفَقْتُمْ مِّنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ
وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ ۭ وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿٢١٥﴾

તરજુમો :

તેઓ તમને પૂછે છે, શું ખર્ચ કરીએ ? (આપ ﷺ) કહી આપો, તમે જે કંઈ માલ ખર્ચ કરો, માં–બાપ માટે, અને સગાં–વહાલાં, અને યતીમો (અનાથો), અને મિસ્કિનો (લાચારો), અને મુસાફરો (માટે); અને તમે જે કંઈ ભલાઈ કરો છો તો બેશક ! અલ્લાહ તેને સારી પેઠે જાણે છે. (૨૧૫)

તફસીર :

લોકો તમને પૂછે છે કે, (સવાબ માટે) શું વસ્તુ ખર્ચ કરીએ ? (અને કયા સંજોગોમાં ?) આપ (ﷺ) કહી આપો જે માલ તમે ખર્ચ કરવાના હોય (તેનું પ્રમાણ તમારી હિંમત મુજબ છે, પરંતુ અમુક સંજોગો અને પરિસ્થિતિઓ જેને અમે બતાવીએ છીએ કે એ માલમાં) માં–બાપનો હક છે અને સગાં–વહાલાંઓનો તથા અનાથ (યતીમ) બાળકોનો અને મોહતાજોનો તથા મુસાફરોનો (પણ હક છે) અને તમે જે કંઈ પણ નેક કામ કરો છો બેશક ! અલ્લાહ તઆલા તેનાથી સારી પેઠે વાકેફ છે (ભલે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતા હોય અથવા બીજે કંઈક કે તમે જે કંઈ પણ ખર્ચ કરી રહ્યા છો તેને સારી પેઠે જાણે છે અને તેનો સવાબ પણ આપશે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતની આગલી આયતમાં સામૂહિક સ્વરૂપે એ વિષયનો ઘણી તાકીદથી ઉલ્લેખ થયો છે કે, 'કુફ્ર અને નિફાકને છોડીને સંપૂર્ણ ઈસ્લામમાં પ્રવેશ પામી જાઓ. અલ્લાહના હુકમના મુકાબલામાં કોઈની વાત ન સાંભળો, અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે જાન અને માલ ખર્ચ કરો અને દરેક પ્રકારની મુશ્કેલ પરિસ્થિતિઓ તથા મુસીબતના સમયે ધૈર્ય દાખવો,' અહીંયાંથી હવે ઈમાન અને અલ્લાહની ફરમાંબરદારી તથા અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાના વિષયને વધારે

ખુલાસાવાર વર્ણન કરવામાં આવ્યો છે. જાન, માલ તથા બીજા વહેવારો દાખલા તરીકે નિકાહ, તલાક વગેરે સંબંધિત હુકમોનો ક્રમ "અબ્વાબુલ બિર્ર"થી સતત ચાલુ છે, આ વિષય પણ તેમાં શામિલ છે.

આ વિષયની એક આગવી વિશેષતા એ છે કે, મોટા ભાગે તેમાં એવી બાબતોનો ઉલ્લેખ છે કે, જેના સંદર્ભમાં સહાબએ કિરામ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺને સવાલ કર્યો હતો, તેમની જિજ્ઞાસાને સંતોષવા આ સવાલોના જવાબો સીધેસીધા અલ્લાહ તબારક વ તઆલાએ રસૂલુલ્લાહ ﷺ દ્વારા આપી દીધા. તેને જો એવું સમજવામાં આવે કે અલ્લાહ તઆલાએ પોતે ફતવો આપી દીધો છે તો એવું સમજવું પણ યોગ્ય છે અને કુર્આને કરીમની આયત قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ فِيْهِنَّ (અલ્લાહ તઆલા તેમના વિશે તમને જણાવે છે) (સૂરહ : ૪, આયત : ૧૨૭)માં અલ્લાહ તઆલાએ ફતવો આપવાનો સંબંધ પોતાની સાથે જોડીને ફરમાવ્યું છે, એટલા માટે આ વિષયમાં કોઈ શંકાને સ્થાન નથી કે સમજથી દૂર નથી.

અને એવું પણ કહી શકાય છે કે, આ ફતવાઓ રસૂલે કરીમ ﷺના છે અને આ સવાલના જવાબને વહી દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે. આ રુકૂઅ્માં શરીઅતના હુકમો સહાબા (રદિ.)ના અમુક સવાલોના જવાબના સંદર્ભમાં વર્ણન થયા છે. આ બાબત પણ એક ખાસ અગત્યતા ધરાવે છે. સમગ્ર કુર્આનમાં આવી રીતે સવાલ અને જવાબ સ્વરૂપે અમુક ખાસ હુકમો લગભગ ૧૭ સ્થળોએ ઉલ્લેખાયા છે, જેમાંથી સાત હુકમો તો આ સ્થળે સૂરએ બકરહમાં, એક સૂરએ માઈદહમાં, એક સૂરએ અન્ફાલમાં આમ આ નવ સવાલો સહાબએ કિરામ (રદિ.) તરફથી થયા હતા. સૂરએ અઅ્રાફમાં બે અને સૂરએ બની ઈસ્રાઈલ, સૂરએ કહફ, સૂરએ તા'હા અને સૂરએ નાઝિઆતમાં એક એક. આ કુલ છ સવાલો કાફિરો તરફથી કરવામાં આવ્યા હતા, જેનો જવાબ કુર્આનમાં જે તે વિષયના સંદર્ભમાં આપવામાં આવ્યો છે.

કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "મેં કોઈ જમાઅત હઝરત મુહમ્મદ ﷺના સહાબાઓ કરતાં ઉત્તમ જોઈ નથી. તેઓ દીનના મા'મલામાં અત્યંત વિવેકપૂર્ણ હતા તથા હઝરત મુહમ્મદ ﷺ સાથે અસાધારણ મહોબ્બત અને સંબંધ ધરાવતા હોવા છતાં તેમણે ખૂબ જ ઓછા પ્રશ્નો કર્યા છે. ફક્ત ૧૩ બાબતો વિશે પ્રશ્નો પૂછ્યા છે, જેનો કુર્આન

શરીફમાં જવાબ આપવામાં આવ્યો છે કારણ કે, આ લોકો બિનજરૂરી પ્રશ્નો કરતા ન હતા."

ઉપરોક્ત આયતની આગલી આયતમાં સહાબએ કિરામ (રદિ.)ને સંતોષ ખાતર તેમના સવાલનો જવાબ આ રીતે આ શબ્દો વાપરી આપવામાં આવ્યો છે. يَسْـئَـلُوْنَكَ مَـاذَاايُـنْـفِقُـوْنَ એટલે કે, "લોકો આપ ﷺને પૂછે છે કે, શું ખર્ચ કરીએ?" અને આ જ સવાલનું આ રુકૂઅ્માં બે આયતો પછી એ જ શબ્દો દ્વારા પુનરાવર્તન કરવામાં આવ્યું છે وَيَسْئَلُوْنَكَ مَاذَايُنْفِقُوْنَ પરંતુ આ એક જ પ્રશ્નનો ઉત્તર વર્ણન કરાયેલી આયતમાં થોડો અલગ રીતે આપવામાં આવ્યો છે અને બે આયતો પછી આવનાર સવાલનો જવાબ કંઈક અલગ સ્વરૂપે છે.

એટલા માટે પહેલાં એ સમજી લેવું જરૂરી છે કે, એક જ સવાલના બે પ્રકારના જવાબો શું હિકમત ઉપર આધારિત છે ? આ હિકમત તે સંજોગો અને ઘટનાઓ ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થઈ જાય છે, જેની પૂર્વભૂમિકા સ્વરૂપે આ આયત ઊતરી હતી. દા.ત. આ આયતનો શા'ને નુઝૂલ એ છે કે, ઉમર બિન જમૂહે રસૂલે કરીમ ﷺને એ પ્રશ્ન કર્યો હતો કે, مَـانُـنْفِقُ مِنْ اَمْوَالِنَاوَاَيْنَ نَضَعُهَا (ઈબ્નુલ મુન્ઝિર અને મઝહરી) "અમે પોતાના માલમાંથી શું ખર્ચ કરીએ અને ક્યાં ખર્ચ કરીએ ?" અને ઈબ્ને જરીર (રહ.)ની રિવાયત પ્રમાણે આ પ્રશ્ન ફક્ત ઈબ્ને જમૂહનો ન હતો બલકે, દરેક મુસલમાનોનો સવાલ હતો. આ પ્રશ્નના બે વિભાગો છે, પ્રથમ એ કે, માલમાંથી શું અને કેટલું ખર્ચ કરીએ ? અને બીજું એ કે, આ માલ કેવા લોકો ઉપર ખર્ચ કરીએ અને તેને કોણ વાપરશે ?

બીજી આયત જે બે આયતો પછી આ જ પ્રશ્ન ઉપર આધારિત છે, તેનો શા'ને નુઝૂલ ઈબ્ને અબી હાતિમની રિવાયત પ્રમાણે એ છે કે, જ્યારે કુર્આનમાં મુસલમાનોને એ હુકમ આપવામાં આવ્યો કે, પોતાના માલને અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરો, તો અમુક સહાબા (રદિ.) રસૂલુલ્લાહ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી કે, અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાનો જે હુકમ અમને મળ્યો છે તેના વિશે અમે કંઈ ખુલાસો મેળવવા માંગીએ છીએ કે, શું માલ અને કઈ વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે ? આ પ્રશ્નનો ફક્ત એક જ ભાગ છે કે, "શું ખર્ચ કરીએ ?" આમ, બંને પ્રશ્નોના સ્વરૂપો ભિન્ન પ્રકારના થઈ ગયા, પ્રથમ પ્રશ્નમાં "શું ખર્ચ કરીએ ?" અને "ક્યાં ખર્ચ

કરીએ?"નો સવાલ હતો અને બીજામાં માત્ર "શું ખર્ચ કરીએ ?"નો સવાલ છે અને પ્રથમ પ્રશ્નના જવાબમાં કુર્આન શરીફમાં જે કંઈ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે, પ્રશ્નનો બીજો વિભાગ એટલે કે "ક્યાં ખર્ચ કરીએ ?" તેને વધારે મહત્ત્વ આપીને જવાબને ખુલાસા સ્વરૂપે સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યો છે અને પ્રથમ વિભાગ એટલે કે "શું ખર્ચ કરીએ ?"ના ઉત્તરને ગૌણ સ્વરૂપે આપી દેવાના પૂરતું સમજ્યું છે. હવે, કુર્આનના શબ્દોમાં બંને વિભાગ ઉપર દષ્ટિપાત કરો. પહેલો વિભાગ એટલે "ક્યાં ખર્ચ કરીએ ?"ના સંદર્ભમાં ઈરશાદ થયો مَا اَنْفَقْتُمْ مِّنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ એટલે કે, "જે કંઈ પણ તમે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો છો, તે માલમાં માં-બાપ, સગાં-વહાલાં, અનાથ અને મોહતાજ ફકીરો તથા જરૂરિયાતમંદ મુસાફરોનો અધિકાર (હક) છે."

અને બીજો વિભાગ એટલે કે "શું ખર્ચ કરીએ ?"ના જવાબને ગૌણ બનાવી આ શબ્દોમાં જવાબ આપી દેવામાં આવ્યો કે, وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ એટલે "તમે જે કંઈ પણ ભલાઈ કરશો બેશક ! અલ્લાહ તઆલા તેને ઘણી જ સારી રીતે જાણે છે" અને ઈશારો એ બાબત તરફ પણ છે કે, અલ્લાહ તઆલા તરફથી તમારા ઉપર કોઈ મર્યાદા કે પાબંદી લગાવવામાં નથી આવી કે, આ અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાની મર્યાદા કે પ્રમાણ કેટલું હોવું જોઈએ? બલકે, જે કંઈ પણ તમારી શક્તિ અને હિંમત હોય, તે પ્રમાણે ખર્ચ કરશો તો અલ્લાહ તઆલા તરફથી તેનો સવાબ તમને અવશ્ય મળશે.

મતલબ કે, પ્રથમ આયતમાં કદાચ પ્રશ્ન કરનારને નજર સમક્ષ રાખી વધારે મહત્ત્વ એ પ્રશ્નને આપવામાં આવ્યું છે કે, અમે જે માલ ખર્ચ કરીએ તે કોના ઉપર ખર્ચ કરીએ ? એટલા માટે તે માલ કોના ઉપર અને ક્યાં ખર્ચ કરવો તેનો વિગતવાર અગત્યતાપૂર્વક ખુલાસો કરવામાં આવ્યો અને પ્રથમ પ્રશ્ન કે "શું ખર્ચ કરીએ ?" તેને ગૌણ બનાવી ઉપરોક્ત શબ્દો વડે સમજાવી દેવામાં આવ્યું કે, તમારી શક્તિ મુજબ જેટલું બની શકે ખર્ચ કરો અને પાછળની આયતમાં સવાલ ફક્ત એટલો જ હતો કે, અમે શું અને કઈ વસ્તુ ખર્ચ કરીએ ? તેના ઈરશાદ قُلِ الْعَفْوَ માં "આપ (ﷺ) ફરમાવી આપો કે, જે કંઈ પણ પોતાની જરૂરિયાત પૂરી કર્યા પછી બચે, તેમાંથી શક્ય એટલું ખર્ચ કરો." આ બંને આયતોથી

અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવા વિશે કેટલાક માર્ગદર્શનો અને મસ્અલાઓ સ્પષ્ટ થાય છે.

મસ્અલો :

પ્રથમ એ કે, બંને આયતો ફરજ ઝકાત વિશે નથી. કારણ કે, ફરજ ઝકાત માટે તો ચોક્કસ પ્રમાણ અને હિસાબ નક્કી કરવામાં આવ્યો છે અને તે સંદર્ભે જેટલા પ્રમાણમાં ખર્ચ કરવો ફરજ છે, તે પણ રસૂલુલ્લાહ ﷺ દ્વારા સંપૂર્ણ રીતે નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે કે, આ આયતમાં ન તો કોઈ ખર્ચ કરવાની મર્યાદા અને માલનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે અને ન જ કોઈ શરત લગાવવામાં આવી છે. આ રીતે આ બંને આયત નફલ સદકાઓ વિશે છે. એટલા માટે એ શંકા પણ દૂર થઈ ગઈ કે, પ્રથમ આયતમાં કોના ઉપર ખર્ચ કરવો ? તે સંદર્ભે જેના ઉપર માલ ખર્ચ કરવાનો છે તેમાં માતા-પિતા, અનાથો વગેરે બતાવી દેવામાં આવ્યું છે. હાલાં કે, માં-બાપને ઝકાત આપવી રસૂલે કરીમ ﷺના શિક્ષણ પ્રમાણે જાઈઝ નથી, પરંતુ આ આયતનો સંબંધ ફરજ ઝકાત સાથે છે જ નહિ.

મસ્અલો :

બીજું માર્ગદર્શન આ આયતથી એ પ્રાપ્ત થયું કે, માં-બાપ અને બીજા સગાં-સંબંધીઓને જો કોઈ વસ્તુ હદિયા (ભેટ-સોગાત) સ્વરૂપે આપવામાં આવે અથવા ખવડાવવામાં આવે અને જો અલ્લાહ તઆલાનો હુકમ પૂરો કરવાની નિય્યત હશે તો તે પણ સવાબનો સબબ બનશે અને આવો ખર્ચ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાના હુકમમાં શામિલ થઈ જશે.

મસ્અલો :

ત્રીજું માર્ગદર્શન એ પ્રાપ્ત થાય છે કે, નફલ સદકાઓમાં એ બાબતની તકેદારી રાખવી જરૂરી છે કે, પોતાની જરૂરિયાતથી વધારે હોય તે જ માલ ખર્ચ કરવામાં આવે. પોતાની પત્ની અને બાળકોને તંગીમાં નાંખીને, તેમના અધિકારો ઉપર તરાપ મારીને, આ પ્રકારનો ખર્ચ કરવામાં કોઈ સવાબ નથી. એ જ પ્રમાણે જેના માથે કોઈ કર્ઝ છે તો નફલ સદકહ અથવા ખૈરાતમાં પૈસા ન ઉડાવે બલકે, પોતાના કરજખ્વાહને આપીને પોતાનું કરજ પૂર્ણ કરે અને અલ્લાહને આ જ બાબત વધારે પસંદ છે. હઝરત અબૂઝર ગિફારી (રદિ.) અને અમુક બીજા

સહાબીઓએ જરૂરતથી વધારે માલને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની આયતનું એ રીતે અર્થઘટન કર્યું છે કે, "પોતાની જરૂરતથી વધારે માલ ઝકાત અને બધા જ હકોને પૂર્ણ કર્યા પછી પોતાની મિલકતમાં રાખવો જાઇઝ નથી. જરૂરતથી વધારે જે કંઈ પણ છે બધું જ સદકહ કરી દેવું જોઈએ," પરંતુ જમહૂર સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને દીનના ઈમામોના મતે કુર્આનના આ ફરમાનનો એ જ હુકમ છે કે, જે કંઈ પણ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનો હોય તે તમારી જરૂરિયાત કરતાં વધારાનું હોવું જોઈએ. એનો મતલબ એવો નથી કે, જેટલું પણ જરૂરિયાતથી વધારે હોય તે બધું જ અલ્લાહના રસ્તામાં ખર્ચી નાંખવું જરૂરી છે. સહાબએ કિરામ (રદિ.)ના અમલોથી એ પણ સાબિત થઈ ચૂક્યું છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૧૬-૨૧૭-૨૧૮)

كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَهُوَ كُرْهٌ لَّكُمْ ۚ وَعَسَىٰ أَن تَكْرَهُوا شَيْئًا وَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ
وَعَسَىٰ أَن تُحِبُّوا شَيْئًا وَهُوَ شَرٌّ لَّكُمْ ۗ وَاللَّهُ يَعْلَمُ وَأَنتُمْ لَا تَعْلَمُونَ ﴿٢١٦﴾ ع
يَسْأَلُونَكَ عَنِ الشَّهْرِ الْحَرَامِ قِتَالٍ فِيهِ ۖ قُلْ قِتَالٌ فِيهِ كَبِيرٌ ۖ وَصَدٌّ عَن سَبِيلِ
اللَّهِ وَكُفْرٌ بِهِ وَالْمَسْجِدِ الْحَرَامِ وَإِخْرَاجُ أَهْلِهِ مِنْهُ أَكْبَرُ عِندَ اللَّهِ ۚ وَ
الْفِتْنَةُ أَكْبَرُ مِنَ الْقَتْلِ ۗ وَلَا يَزَالُونَ يُقَاتِلُونَكُمْ حَتَّىٰ يَرُدُّوكُمْ عَن دِينِكُمْ
إِنِ اسْتَطَاعُوا ۚ وَمَن يَرْتَدِدْ مِنكُمْ عَن دِينِهِ فَيَمُتْ وَهُوَ كَافِرٌ فَأُولَٰئِكَ
حَبِطَتْ أَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْآخِرَةِ ۚ وَأُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۚ هُمْ فِيهَا خَالِدُونَ ﴿٢١٧﴾
إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَاجَرُوا وَجَاهَدُوا فِي سَبِيلِ اللَّهِ ۙ أُولَٰئِكَ يَرْجُونَ
رَحْمَتَ اللَّهِ ۗ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٢١٨﴾

તરજુમો :

(હે મુસલમાનો !) તમારા ઉપર જિહાદ ફરજ કરવામાં આવી છે, અને તે

તમને નાપસંદ છે, અને કદાચ તમને એક બાબત નાપસંદ પડે અને તે તમારા માટે ઉત્તમ હોય, અને શક્ય છે કે, તમે કોઈ બાબત પસંદ કરો તે તમારા માટે ખરાબ હોય, અને અલ્લાહ જાણે છે, અને તમે નથી જાણતા. (૨૧૬) તેઓ તમને હુરમતવાળા મહિનામાં (જે મહિનામાં લડાઈ કરવી હરામ છે) યુદ્ધ કરવા વિશે પૂછે છે; તમે કહી આપો ! તેમાં યુદ્ધ કરવું ઘણો જ મોટો ગુનોહ છે, અને અલ્લાહના રસ્તાથી (દીનથી) રોકવું, અને તે (અલ્લાહ)ને ન માનવું, અને મસ્જિદે હરામ(થી રોકવું), અને ત્યાંના લોકોને ત્યાંથી કાઢી મૂકવા, અલ્લાહ નજીક (એના કરતાં) મોટો ગુનોહ છે; અને ફિત્નો (દીનથી લોકોને ભરમાવવું) હત્યા કરવા કરતાં અધિકતર છે; અને તેઓ (કાફિરો) હંમેશા તમારાથી લડતા (જ) રહેશે, અહીંયાં સુધી કે, તેઓ જો કાબૂ ધરાવે તો તમને તમારા દીનથી ફેરવી નાંખે; અને તમારામાંથી જે કોઈ પોતાના દીનથી ફરી જાય, અને કુફ્રની (કાફિર હોવાની) હાલતમાં જ મૃત્યુ પામે; તો આ તે જ લોકો છે, જેમના અમલો દુનિયા અને આખિરતમાં બરબાદ થઈ ગયા, અને આ જ તે દોઝખવાળા લોકો છે, તેઓ તેમાં હંમેશાં રહેશે. (૨૧૭) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા, અને જેમણે હિજરત કરી, અને અલ્લાહના રસ્તામાં જિહાદ કર્યો, આ જ લોકો છે જેઓ અલ્લાહની રહમતની આશા રાખે છે, અને અલ્લાહ મહાન બખ્શનાર ઘણો રહમ કરનારો છે. (૨૧૮)

તફસીર :

૧૩મો હુકમ; જિહાદ ફરજ થવા વિશે :

જિહાદ કરવો તમારા ઉપર ફરજ કરવામાં આવ્યો છે અને તમને (સ્વાભાવિક રીતે) તે નાપસંદ (લાગે) છે અને એ બાબત શક્ય છે કે, તમે કોઈ બાબતને નાપસંદ સમજો અને (વાસ્તવમાં) તે તમારા માટે ભલાઈ (અને હિત) હોય અને એ (પણ) શક્ય છે કે, તમે કોઈ બાબતને ઉત્તમ સમજો અને (વાસ્તવમાં) તે તમારા માટે ખરાબી(નું કારણ) હોય અને (દરેક વસ્તુની વાસ્તવિક પરિસ્થિતિ) અલ્લાહ તઆલા જ જાણે છે અને તમે (પૂરેપૂરું) જાણતા નથી (સારા-નરસાનો ફૈસલો પોતાની મનેચ્છાઓના આધારે ન કરો, જે કંઈ

અલ્લાહ તઆલાનો હુકમ થઈ જાય, તેને અલ્લાહની મસ્લિહત સમજી તેના ઉપર અમલ કરો).

૧૪મો હુકમ : જિહાદની તહકીક હુરમતવાળા મહિનામાં :

રસૂલુલ્લાહ ﷺના અમુક સહાબા (રદિ.)નો એક મુસાફરી દરમિયાન અચાનક કાફિરો સાથે મુકાબલો થઈ ગયો. એક કાફિર તેમના હાથે માર્યો ગયો અને જે દિવસે આ ઘટના ઘટી તે રજ્જબ મહિનાની પહેલી તારીખ હતી, પરંતુ સહાબા (રદિ.) તેને જમાદિઉલ આખરની ૩૦મી તારીખ સમજતા હતા, રજ્જબ મહિનો હુરમતવાળા મહિનામાંથી હતો, એટલે કાફિરોએ આ ઘટના વિશે મહેણા માર્યા કે, મુસલમાનોએ હુરમતવાળા મહિનાનું સન્માન પણ જાળવ્યું નહિ. મુસલમાનોને આ બાબતની ચિંતા થવા લાગી, જેથી રસૂલુલ્લાહ ﷺને એ બાબતે પૂછ્યું અને અમુક રિવાયતોમાં છે કે, અમુક કુરૈશના કાફિરોએ પણ આપ ﷺ પાસે હાજર થઈ વાંધો ઉઠાવી સવાલ કર્યો, તેના જવાબમાં આ ઈરશાદ થયો.

લોકો આપ (ﷺ)ને હરામ મહિનામાં જિહાદ કરવા વિશે પ્રશ્ન કરે છે, તમે કહી આપો કે એમાં ખાસ રીતે (એટલે કે જાણીબૂજી હરામ મહિનામાં) યુદ્ધ કરવું ઘણો મોટો ગુનોહ છે. (પરંતુ મુસલમાનોનું આ કૃત્ય જાણીબૂજીને નથી થયું બલકે, તારીખની ચોક્કસ જાણ ન હોવાના કારણે ભૂલથી આવું થઈ ગયું છે, આ તો તેમના પ્રશ્નનો ખરેખર-સાચો જવાબ છે) અને (આ આક્ષેપનો જવાબ એ છે કે, કાફિરો અને મુશ્રિકોને તો કોઈપણ રીતે મુસલમાનો સામે વાંધો ઉઠાવવાનો અધિકાર જ નથી. કારણ કે; જો કે, હુરમતવાળા-યુદ્ધ પ્રતિબંધિત મહિનામાં યુદ્ધ કરવું મોટો ગુનોહ છે, પરંતુ આ કાફિરો જે હરકતો કરી રહ્યા છે એટલે કે,) અલ્લાહ તઆલાના રસ્તા (દીન)થી (લોકોને) રોકટોક કરવી (અને મુસલમાનોને ઈસ્લામ સ્વીકારવાના કારણે તકલીફો પહોંચાડવી કે જેથી લોકો બીકના માર્યા ઈસ્લામનો સ્વીકાર ન કરે) અને અલ્લાહ તઆલા સાથે કુફ્ર કરવું તથા મસ્જિદે હરામ સાથે કુફ્ર કરવું (અને તેમાં ઘણી બધી મૂર્તિઓ મૂકવી અને અલ્લાહની બંદગીના બદલે આ મૂર્તિઓની પૂજા કરવી, તેનો તવાફ-પરિક્રમા કરવી) અને જે લોકો મસ્જિદે હરામના નિવાસીઓ હતા (એટલે કે, રસૂલુલ્લાહ ﷺ અને બીજા મો'મિનો) તેમને (તંગ અને પરેશાન કરીને) તે (મસ્જિદે હરામ)માંથી કાઢી મૂકવા (એટલે કે એટલા મજબૂર કરી દેવા કે જેની નોબત હિજરત અને વતનને

છોડી દેવા સુધી પહોંચી ગઈ, તો આવી હરકતો પ્રતિબંધિત મહિનામાં યુદ્ધ કરવા કરતાં પણ વધારે) અલ્લાહ તઆલા નજીક મોટો ગુનોહ છે. (કારણ કે, આવી હરકતો દીને હકમાં ફિત્નો ઊભો કરવા સમાન છે) અને ફિત્ના ઊભા કરવા એ કોઈની હત્યા કરવા કરતાં અધિકતર (ખરાબ) બાબત છે. (કારણ કે, કોઈની હત્યા કરવાથી દીને હકમાં કોઈ ક્ષતિ થતી નથી. વધુથી વધુ જો કોઈ જાણીબૂજીને આવું કરે, તો તે વ્યક્તિગત રીતે પોતે ગુનેહગાર થશે અને આવા કૃત્યોથી દીને હકને કોઈ નુકસાન નહિ પહોંચે અને ન જ તેની પ્રગતિમાં કોઈ અવરોધ ઊભો થશે.) અને આ કાફિરો તમારી સાથે યુદ્ધ(નો ક્રમ) ચાલુ જ રાખશે એ હેતુથી કે જો (અલ્લાહ ન ચાહે) તમારા ઉપર અધિકાર પ્રાપ્ત કરી લે તો તમને તમારા ધર્મ (ઈસ્લામ)થી ફેરવી આપે. (માટે તેમના આવા કૃત્યો સામે દીન માટે સંઘર્ષ કરવો સ્વાભાવિક બાબત છે.)

મુર્તદ (ઇસ્લામ છોડી કાફિર-મુશ્રિક) થવાનો અંજામ :

અને જે વ્યક્તિ તમારામાંથી પોતાના દીન (ઈસ્લામ)થી ફરી જાય, પછી કાફિર હોવાની હાલતમાં જ મરી જાય, તો એવા લોકોના (નેક) અમલો દુનિયા અને આખિરતમાં બધા બરબાદ થઈ જાય છે, (અને) એવા લોકો દોઝખમાં હંમેશા-હંમેશા રહેશે.

પ્રતિબંધિત (યુદ્ધ હરામ હોય તે) મહિનામાં યુદ્ધ કરવા વિશે મુસલમાનોને ઉપરોક્ત પ્રમાણે આપેલો જવાબ સાંભળીને ગુનોહ ન થવાનો સંતોષ તો થઈ જ ગયો હતો, પરંતુ એવા વિચારથી દિલમાં દુઃખ રહ્યું હતું કે, સવાબ તો મળ્યો જ નહિ હોય. આગળ ઉપર એ બાબતે પણ આશ્વાસન આપવામાં આવ્યું.

સવાબનો વાયદો નિય્યતના ઇખ્લાસ (નિખાલસતા અને નિષ્ઠા) ઉપર અવલંબિત છેઃ

વાસ્તવમાં જે લોકો ઈમાન લાવ્યા હોય અને અલ્લાહના રસ્તામાં પોતાના વતનને છોડી દીધું હોય, એવા લોકો તો અલ્લાહની રહમતના આશાવાદી હોય જ છે (અને તમો લોકોમાં આ વિશેષતા સ્પષ્ટ રીતે મૌજૂદ છે કારણ કે, સહાબા રદિ. ઈમાન લાવ્યા અને હિજરત કરી, એ બાબત જગજાહેર છે. હવે, વાત જિહાદની રહી, તો તેમાં કંઈ શંકા હોય તો વિચારો કે, શું તમારી નિય્યત ફક્ત અને ફક્ત અલ્લાહના માર્ગમાં જ યુદ્ધ-જિહાદ કરવાની હતી ? જો જવાબ "હા"માં છે, તો

અમારા નજીક તે પણ જિહાદમાં શામિલ છે, પછી આ બધી વિશેષતાઓ હોવા છતાં તમે શા માટે નિરાશ થાઓ છો ? અને અલ્લાહ તઆલા (તે ભૂલને પણ) મા'ફ કરી આપશે અને (ઈમાન, જિહાદ તથા હિજરતના કારણે તમારા ઉપર) રહમ કરશે.

મસ્અલા અને બોધપાઠ :

<u>જિહાદના અમુક હુકમો :</u>

મસ્અલો :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં જિહાદને ફરજ કરવાનો હુકમ આ પ્રમાણેના શબ્દો સાથે આવ્યો છે كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ એટલે કે, "તમારા ઉપર જિહાદ ફરજ કરવામાં આવ્યો." આ શબ્દોથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે, જિહાદ મુસલમાનો ઉપર દરેક હાલતમાં ફરજ છે અને રસૂલે કરીમ ﷺના ફરમાનોથી સાબિત થાય છે કે, આ ફરજ "ફરજે ઐન" (જે ફરજ તમામ મુસલમાન ઉપર ફરજ હોય તેને ફરજે ઐન કહેવામાં આવે છે) તરીકે બધા જ મુસલમાનો ઉપર થોપવામાં આવેલ નથી. બલકે, "ફરજે કિફાયા" (જે ફરજ મુસલમાનોમાંથી અમુક વ્યક્તિઓ દ્વારા અદા કરી લેવાથી સમગ્ર મુસલમાન કૌમ તે ફરજથી મુક્ત થશે, પરંતુ જો સમગ્ર મુસલમાન કૌમમાંથી કોઈ પણ આ ફરજ કોઈ સમયમાં અદા નહિ કરે, તો સમગ્ર મુસ્લિમ કૌમ તેના માટે જવાબદાર ઠરશે અને ફરજ છોડવાના ગુનેહગાર થશે.) તરીકે મુસલમાનોના એક સમૂહ દ્વારા કરવાથી પણ બાકીના મુસલમાનો આ ફરજથી મુક્ત થઈ જશે, પરંતુ જો કોઈ સમયમાં, કોઈ પ્રદેશમાં, કોઈ એક સમૂહ પણ આ જિહાદનો ફરજ અદા કરનાર નહિ રહે તો સમગ્ર મુસ્લિમ કૌમ ફરજ છોડવાના ગુનાહમાં શામિલ થઈ જશે. હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઇરશાદ છે اَلْجِهَادُ مَاضٍ اِلٰى يَوْمِ الْقِيَامَةِ જેનો અર્થ એ છે કે, કયામત સુધી એવી જમાઅતનું અસ્તિત્વમાં હોવું જરૂરી છે, જે જિહાદનો ફરજ અદા કરતી રહે. કુર્આન શરીફની બીજી આયતમાં ઉલ્લેખ છે,

فَضَّلَ اللّٰهُ الْمُجَاهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ عَلَى الْقَاعِدِيْنَ دَرَجَةً وَّكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى

"અલ્લાહ તઆલાએ મુજાહિદો (અલ્લાહના માર્ગમાં માત્ર અલ્લાહ ખાતર પવિત્ર યુદ્ધ-જિહાદ કરનાર)ને (શરઈ કારણસર) જિહાદ છોડનારાઓ ઉપર

શ્રેષ્ઠતા અર્પી છે, અને અલ્લાહ તઆલાએ બંનેથી ભલાઈનો વાયદો કર્યો છે."

(સૂરહ : ૪, આયત : ૯૫)

અત્રે આ આયતમાં એવા લોકો માટે કે, જેઓ કોઈ કારણવશ અથવા કોઈ દીનની અન્ય સેવાઓમાં પ્રવૃત્ત હોવાના કારણે જિહાદમાં શામિલ ન થઈ શક્યા હોય, તેમને પણ ભલાઈનો વાયદો કરવામાં આવ્યો છે. દેખીતું છે કે, જો જિહાદ દરેક મુસ્લિમ વ્યક્તિ ઉપર "ફરજે ઐન" હોત તો તેને છોડનારાઓ સાથે ભલાઈનો વાયદો કરવામાં આવ્યો ન હોત. એવી જ રીતે બીજી આયતમાં,

فَلَوْ لَانَفَرَ مِّنْ كُلِّ فِرْ قَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ،

"અને કેમ ન નીકળે, તમારા દરેક મોટા સમૂહમાંથી નાનો સમૂહ, એ કામના માટે કે, દીનની સમજ-બુઝ પ્રાપ્ત કરે ?!" *(સૂરહ : ૯, આયત : ૧૨૨)*

અહીંયાં પોતે કુર્આન શરીફે અમલોની વહેંચણી કરી છે કે, અમુક મુસલમાન જિહાદનું કામ કરે અને અમુક દીની શિક્ષણ તથા દીનના અન્ય કાર્યમાં પ્રવૃત્ત રહે અને એવું ત્યારે જ શક્ય બની શકે છે જ્યારે કે, જિહાદ "ફરજે ઐન" ન હોય બલકે, "ફરજે કિફાયા" હોય.

વળી, સહીહ બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે, એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺ પાસે જિહાદમાં શામિલ થવાની પરવાનગી માંગી, તો આપ ﷺએ તેને પૂછ્યું કે, "શું તમારા માં-બાપ હયાત છે ?" તેમણે જવાબ આપ્યો કે, "હા ! હયાત છે." આપ ﷺએ ફરમાવ્યું, "બસ, ત્યારે જાઓ માં-બાપની સેવા કરીને જિહાદનો સવાબ પ્રાપ્ત કરો !" તેનાથી એ પણ સાબિત થયું કે, જિહાદનો ફરજ "ફરજે કિફાયા" છે. જ્યારે મુસલમાનોનો એક સમૂહ જિહાદના ફરજ ઉપર અમલ કરી રહ્યો હોય તો મુસલમાનોના અન્ય સમૂહોએ દીનની બીજી સેવાઓ અને કામોમાં લાગી જવું જોઈએ. પરંતુ હા ! જો કોઈ એવી પરિસ્થિતિનું નિર્માણ થાય કે, મુસલમાનોના ઈમામ (અમીર) આવશ્યક સમજીને બધા જ મુસલમાનોને જિહાદમાં શામિલ થવાની હાકલ કરી ફરમાન બહાર પાડે, તો પછી સમગ્ર મુસ્લિમ કૌમ ઉપર જિહાદ "ફરજે ઐન" થઈ જાય છે. કુર્આન શરીફની સૂરએ તવબહમાં ઈરશાદ છે,

يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَا لَكُمْ اِذَا قِيْلَ لَكُمُ انْفِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اثَّاقَلْتُمْ،

"હે મુસલમાનો ! તમને શું થઈ ગયું કે, જ્યારે તમને કહેવામાં આવે છે કે, અલ્લાહના રસ્તામાં નીકળો, તો તમને ભાર પડે છે?" (સૂરહ:૯, આયત:૩૮)

આ આયતમાં જિહાદનો હુકમ બધા જ વ્યક્તિઓ માટે "ફરજ" હોવાનું સ્પષ્ટ જણાય છે. એવી જ રીતે જો અલ્લાહ ન ચાહે જ્યારે કોઈ કાફિર કૌમ કોઈ ઈસ્લામી પ્રદેશ ઉપર આક્રમણ કરે અને સ્વબચાવ કરી આક્રમણકારીઓને ખદેડી મૂકવા માટે મુસલમાનોનું લશ્કર સંપૂર્ણ રીતે અસમર્થ હોય, તો તેવા સમયે પણ તે જમાઅતના સમર્થન માટે આજુબાજુના પ્રદેશોમાં રહેતા બધા જ મુસલમાનો ઉપર જિહાદનો ફરજ લાગુ પડે છે અને જો તેઓ પણ દુશ્મનનો મુકાબલો કરવા અસમર્થ હોય, તો તેમની આજુબાજુના મુસલમાનો ઉપર તે દુશ્મનોના મુકાબલામાં જિહાદ કરવો ફરજ થઈ જાય છે અને આ જ રીતે આખી દુનિયામાં રહેતા પ્રત્યેક મુસ્લિમ વ્યક્તિ ઉપર આવા સમયે જિહાદ ફરજે ઐન થઈ જાય છે. કુર્આન શરીફની ઉપરોક્ત બધી જ આયતોના અભ્યાસના પ્રકાશમાં જમહૂર ફુકૂહા અને હદીષવેત્તાઓએ એ હુકમ સાબિત કર્યો છે કે, 'સામાન્ય પરિસ્થિતિઓમાં જિહાદ ફરજે કિફાયા છે.'

મસ્અલો :

જ્યાં સુધી જિહાદ ફરજે કિફાયા હોય, સંતાનોએ પોતાના માતા-પિતાની પરવાનગી વિના જિહાદમાં જવું જાઈઝ નથી.

મસ્અલો :

જો કોઈ વ્યક્તિના માથે કરજ હોય તો એના માટે જ્યાં સુધી કરજ અદા ન થાય જિહાદના ફરજે કિફાયામાં ભાગ લેવો બરાબર નથી. હા ! જો કોઈ સમયે પરિસ્થિતિઓ અનુસાર આવશ્યક સમયે અથવા કાફિરોના ઘેરાના કારણે જિહાદ દરેક વ્યક્તિ ઉપર ફરજે ઐન થઈ જાય ત્યારે તેવા સમયે ન તો માતા-પિતાની પરવાનગીની શરત છે, ન ધણીની અને ન જ લેણદારની. આ આયતના અંતમાં જિહાદ માટે પ્રોત્સાહન આપવા ઈરશાદ થયો કે, જિહાદ જો કે, તમને ભારે લાગે છે, પરંતુ ખૂબ યાદ રાખો કે મનુષ્યની વિવેકબુદ્ધિ, તર્ક તથા યુક્તિપૂર્વકની મહેનતો અને પરિણામો મોટેભાગે નિષ્ફળ થતા હોય છે. કોઈ મોટામાં મોટો

બુદ્ધિશાળી ક્યારેક નુકસાનકારક બાબતને લાભકારક અને કોઈ લાભકારક બાબતને નુકસાનકારક બાબત સમજી બેસે છે. પ્રત્યેક મનુષ્ય જો પોતાની જિંદગીમાં ઘટેલી ઘટનાઓ ઉપર દૃષ્ટિપાત કરે તો પોતાના જીવનમાં જ તેને ઘણા એવા પ્રસંગો નજરે પડશે કે, તે કોઈ વસ્તુને અત્યંત લાભકારક સમજી તેને પ્રાપ્ત કરી રહ્યો હતો અને છેવટે એવી જાણ થઈ કે, આ વસ્તુ તો એના માટે અત્યંત ખતરનાક અને નુકસાનકારક છે. એ જ રીતે તે કોઈ બાબતને ખૂબ જ નુકસાનકર્તા સમજીને તેનાથી બચી રહ્યો હતો અને અંતે એવી જાણ થઈ કે, એ તેના માટે ખૂબ જ લાભકારક હતી. માણસની બુદ્ધિ અને તેની યુક્તિની બેઈજ્જતી તથા આવી નિષ્ફળ યુક્તિઓ હાંસીપાત્ર થવાની ઘટનાઓ અસંખ્યવાર આપણે નજરે જોઈને એની સાબિતી મેળવીએ છીએ.

خویش را دیدم و رسوائی خویش

"પોતાને અને પોતાની બેઈજ્જતીને પણ જોઈ ચૂક્યો છું."

ફરમાવવામાં આવ્યું કે, જિહાદ (પવિત્ર યુદ્ધ)માં જો દેખીતી રીતે જોવા જઈએ તો તેમાં જાન અને માલનું નુકસાન દેખાય છે, પરંતુ જ્યારે વાસ્તવિકતાઓનો સામનો થશે તો પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જશે કે, તે ક્યારેય નુકસાન ન હતું બલકે, તેમાં અત્યંત લાભ અને કાયમી રાહતનો સામાન હતો.

પ્રતિબંધિત (જે મહિનાઓમાં જિહાદ કરવો હરામ છે તે) મહિનાઓમાં જિહાદનો હુકમ :

ઉપરોક્ત આયતોમાંથી બીજી આયત એ બાબતની સાક્ષી છે કે, ચાર મહિનાઓ યુદ્ધ માટે પ્રતિબંધિત મહિનાઓ છે. જેમકે રજ્જબ, જિલ્કદ, જિલ્હજ્જ અને મુહર્રમ. આ પ્રમાણે કુર્આન શરીફમાં અસંખ્ય આયતોમાં સંપૂર્ણ ખુલાસા સાથે પ્રતિબંધિત મહિનાઓમાં યુદ્ધની મનાઈ ફરમાવવામાં આવી છે. દા.ત. مِنْهَآ اَرْبَعَةٌ حُرُمٌ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ (તેમાંથી ચાર મહિના અદબના છે, આ જ સીધો સત્ય દીન છે.) (સૂ.:૯, આ.:૩૬)અને હજ્જતુલ વદાઅ્ના પ્રખ્યાત ખુત્બામાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ ثَلَاثٌ مُتَوَالِيَاتٌ وَرَجَبُ مُضَرَ

[તેમાંથી ચાર મહિનાઓ અદબના પવિત્ર મહિનાઓ છે, ત્રણ લગાતાર છે અને (ચોથો) રજબ અલગ છે.] કુર્આનની આયતો અને રિવાયતોથી સાબિત

થાય છે કે, પ્રસ્તુત ચાર મહિનાઓમાં યુદ્ધ હરામ છે અને આ હરામ હોવાનો હુકમ કાયમી છે.

તફસીરના ઈમામ અતાઅ્ બિન અબી રબાહ (રહ.) કસમ ખાઈને ફરમાવતા હતા કે, "આ હુકમ હંમેશાના માટે કાયમી કરવામાં આવ્યો છે અને તેમના સિવાય બીજા અસંખ્ય તાબિઈન (રહ.) આ હુકમને કાયમી અને મન્સૂખ (રદ) ન થયો હોય તેવો ઠરાવે છે, પરંતુ જમહૂર ફુકહાના મતે અને જસ્સાસના કૌલ પ્રમાણે બધા જ ફુકહાના મસ્લક પ્રમાણે આ હુકમ મન્સૂખ (રદ) થયેલ છે. હવે, કોઈપણ મહિનામાં જિહાદની મનાઈ નથી.

હવે રહ્યો એ સવાલ કે, આ મન્સૂખ (રદ) થનાર હુકમની નાસિખ (કુર્આનના અગાઉના હુકમને રદ કરનાર) આયત કઈ છે ? આ બાબતે ફુકહાના વિવિધ અભિપ્રાય છે. અમુકે ફરમાવ્યું કે, આ આયત એટલે કે, قَاتِلُوا الْمُشْرِكِيْنَ كَــــــــافَّةً (અને તમે સર્વે મુશ્રિકો સાથે લડો. – સૂરહ : ૯, આયત : ૩૬) આ હુકમની નાસિખ આયત છે. અને મોટા ભાગના બુઝુર્ગોએ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ (મુશ્રિકોને જ્યાં જુઓ ત્યાં કતલ કરો. –સૂરહ : ૯, આયત : ૫)ને આ હુકમની નાસિખ ઠરાવી છે અને શબ્દ حَيْثُ ને આ જગ્યાએ "ઝમાના" (સમય–યુગ–પરિસ્થિતિ)ના અર્થમાં લીધો છે. "મુશ્રિકોને જે મહિના અને જે પરિસ્થિતિમાં પણ જુઓ, કતલ કરી દો" અને અમુક લોકોએ ફરમાવ્યું કે આ હુકમનો નાસિખ (રદ કરનાર) અમલ ખુદ રસૂલુલ્લાહ ﷺનો પોતાનો અમલ છે કે, પોતે આપ ﷺએ પ્રતિબંધિત મહિનામાં તાઈફને ઘેરો ઘાલ્યો અને હઝરત આમિર અશ્અરી (રદિ.)ને પ્રતિબંધિત મહિનામાં જ "અવતાસ"ના જિહાદ માટે રવાના કર્યા. એટલા માટે જમહૂર ફુકહા આ હુકમને મન્સૂખ (રદ) ઠરાવે છે. જસ્સાસે ફરમાવ્યું, وَهُوَ قَوْلُ فُقَهَآءِ الْاَمْصَارِ (આ જ બાબત મોટા ભાગના ફુકહાએ કહી છે).

રૂહુલ મઆનીએ આ આયત હેઠળ અને બયઝાવીએ સૂરએ બરાઅતના આગળના રુકૂઅ્ની તફસીરમાં પ્રતિબંધિત મહિનાઓમાં જિહાદ હરામ હોવાનો હુકમ મન્સૂખ હોવા વિશે સમગ્ર ઉમ્મતના ઈજ્માઅ્નો ઉલ્લેખ કર્યો છે. (બયાનુલ કુર્આન) પરંતુ તફસીરે મઝહરીમાં પ્રસ્તુત બધી જ દલીલોનો જવાબ એ આપવામાં આવ્યો છે કે, પ્રતિબંધિત મહિનાઓમાં મનાઈનો ખુલાસો પોતે આ

આયતમાં મૌજૂદ છે, જેને "આયતુસ્સયૂફ" કહેવામાં આવે છે.

إِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَاللّٰهِ اثْنَا عَشَرَ شَهْراً فِي كِتَابِ اللّٰهِ يَوْمَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ مِنْهَا اَرْبَعَةٌ حُرُمٌ

"જે દિવસથી આકાશો અને ધરતીની રચના કરી (તે દિવસથી) અલ્લાહ તઆલાના હુકમ અનુસાર અલ્લાહ નજીક મહિનાઓની ગણતરી બેશક બાર મહિના છે, જેમાં ચાર મહિના અદબના છે." (સૂરહ : ૯, આયત : ૩૬)

અને આ આયત યુદ્ધના હુકમ સંદર્ભે સૌથી છેલ્લે નાઝિલ થઈ છે. હજ્જતુલ વદાઅ્‌ના ખુત્બામાં નબી ﷺની વફાતના ફક્ત ૮૦ દિવસ પહેલાં આ આયત નાઝિલ થઈ. આ આયતમાં પણ પ્રતિબંધિત મહિનાઓમાં યુદ્ધની મનાઈનો ખુલાસો મૌજૂદ છે. એટલા માટે ઉલ્લેખ કરવામાં આવેલી આયતને આ હુકમની નાસિખ ન કહી શકાય અને રસૂલે કરીમ ﷺએ તાઈફનો ઘેરો જિલ્કદમાં નહિ બલકે, શવ્વાલમાં નાંખ્યો હતો એટલા માટે તેને પણ નાસિખ કહી શકાય નહીં. અલબત્ત, એવું કહી શકાય છે કે, પ્રતિબંધિત મહિનામાં યુદ્ધની મનાઈ વિશે જે ઉપરોક્ત આયતથી જાણ થાય છે, તેમાં એ બાબતને અલગ કરી દેવામાં આવી કે, જો કાફિરો આ મહિનાઓમાં મુસલમાનો સાથે યુદ્ધ કરવા લાગે તો જવાબી હુમલો અને સ્વબચાવ મુસલમાનો માટે પણ જાઈઝ છે આટલા ભાગને મન્સૂખ કહી શકાય છે, જેનો ખુલાસો આ આયતમાં છે ....اَلشَّهْرُ الْحَرَامُ بِالشَّهْرِ الْحَرَامِ (પવિત્ર મહિનો, પવિત્ર મહિનાના બદલામાં.... *-સૂરહ : ૨, આયત : ૧૯૪)*

તો ખુલાસો એ થયો કે, યુદ્ધની શરૂઆત કરવી આ મહિનાઓમાં હંમેશાના માટે હરામ છે, પરંતુ જ્યારે કાફિરો આ મહિનાઓમાં આક્રમણ કરે, તો સ્વબચાવમાં યુદ્ધ કરવાની મુસલમાનોને પણ પરવાનગી આપવામાં આવી છે. જેમકે ઈમામ જસ્સાસ (રહ.)એ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺ કોઈ પ્રતિબંધિત મહિનામાં ત્યાં સુધી યુદ્ધ ન કરતા હતા, જ્યાં સુધી યુદ્ધની શરૂઆત કાફિરો તરફથી ન થઈ હોય."

મુર્તદ (ઇસ્લામ ધર્મથી ફરી જવા)નું પરિણામ :

પ્રસ્તુત આયતમાં يَسْئَلُوْنَكَ عَنِ الشَّهْرِ الْحَرَامِ છેવટમાં મુસલમાન બન્યા પછી કાફિર અને મુર્તદ થઈ જનારા બદનસીબ લોકો વિશે હુકમ ફરમાવ્યો છે કે,

حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ એટલે કે, "આ લોકોના અમલો દુનિયા અને આખિરતમાં બધા બરબાદ થઈ જશે."

મસ્અલો :

દુનિયામાં મુર્તદના અમલો એ રીતે બરબાદ થશે કે, તેની પત્ની તેના નિકાહમાંથી નીકળી જશે, તેનો કોઈ વડીલ અથવા લોહીનો સંબંધ ધરાવનાર મુસલમાન સગો મૃત્યુ પામશે તો તેના વારસામાં તેને હક નહિ લાગે. ઈસ્લામની હાલતમાં તેણે જે નમાઝ, રોઝા અથવા બીજી જે કંઈ પણ ઈબાદતો કરી હતી, બધી જ રદ સમજવામાં આવશે અને તેના મૃત્યુ પછી તેની જનાઝાની નમાઝ પઢવામાં નહિ આવે, તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવામાં પણ નહિ આવે વિગેરે.

અને આખિરત બરબાદ થઈ જવાનો અર્થ એ છે કે, તેને ઈબાદતોનો સવાબ નહિ મળે અને તેને હંમેશા હંમેશની દોઝખમાં ફેંકી દેવામાં આવશે.

મસ્અલો :

જો આ વ્યક્તિ ફરી પાછો મુસલમાન થઈ જાય તો આખિરતમાં દોઝખથી બચવું અને દુનિયામાં હવે પછીના જીવનમાં ઈસ્લામી હુકમો તેના ઉપર લાગુ થવા તો ચોક્કસ બાબત છે, પરંતુ દુનિયામાં જો તે હજ્જ કરી ચૂક્યો હતો તો પોતાની શક્તિ પ્રમાણે ફરીવાર તે વ્યક્તિ પર હજ્જ ફરજ થવી ન થવી અને આખિરતમાં પાછલી નમાઝોના સવાબનો હકદાર બનવું ન બનવું વગેરે બાબતોમાં મતભેદો છે. ઈમામ અબૂ હનીફા (રહ.) ફરીવાર તેના ઉપર હજ્જ ફરજ થવાનું કહે છે અને પાછલી નમાઝો તથા રોઝા વગેરેના સવાબનો હકદાર રહેશે નહિ એવો અભિપ્રાય ધરાવે છે, જ્યારે ઈમામ શાફઈ (રહ.) બંને બાબતોમાં એમનાથી વિરૂદ્ધ મત ધરાવે છે.

મસ્અલો :

પરંતુ જે કાફિર અસલી કાફિર છે અને એવી હાલતમાં કોઈ નેક કામ કરી લે, તો તેનો સવાબ મુલતવી (મુઅલ્લક) રહે છે. જો આવો કાફિર વ્યક્તિ કોઈ સમયે ઈસ્લામ કબૂલ કરી લે, તો પછી તેને આ નેક કાર્યનો સવાબ પણ મળે છે અને જો કોઈ કાફિર કુફ્રની હાલતમાં જ મરી જાય, તો બધું જ બેકાર થઈ જાય છે.

હદીષમાં اَسۡلَمۡتُ عَلٰى مَااَسۡلَفۡتُ مِنۡ خَيۡرٍ નો અર્થ એ જ છે.

મસ્અલો :

મુર્તદ થવું અસલી કાફિર કરતાં વધારે બદ્તર અને ખરાબ કૃત્ય છે. એટલા માટે અસલી કાફિર પાસેથી જિઝ્યો (ટેક્સ) સ્વીકાર કરવામાં આવે છે, પરંતુ જો મુર્તદ ઈસ્લામ ઉપર પાછો ન ફરે અને પુરુષ હોય, તો તેને કતલ કરવામાં આવશે અને જો સ્ત્રી હોય, તો આજીવન કારાવાસની સજા આપવામાં આવશે કારણ કે, મુર્તદ થવાના ગુનાહને ઈસ્લામદ્રોહ સમજવામાં આવે છે જેમકે, આજે પણ દુનિયામાં દરેક ઠેકાણે દેશદ્રોહની સજા મૃત્યુદંડ જેવી અથવા તો આજીવન કારાવાસ જેવી કઠોર હોય છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૧૯....)

يَسۡـَٔلُوۡنَكَ عَنِ الۡخَمۡرِ وَالۡمَيۡسِرِ ؕ قُلۡ فِيۡهِمَآ اِثۡمٌ كَبِيۡرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ ۡ

وَاِثۡمُهُمَآ اَكۡبَرُ مِنۡ نَّفۡعِهِمَا ؕ .....

તરજુમો :

અને તેઓ આપ (ﷺ)ને શરાબ (દારૂ) અને જુગાર બાબતે (હુકમ) પૂછે છે, તમે કહી આપો ! આ બંનેમાં મોટો ગુનોહ છે અને લોકો માટે ફાયદો પણ છે અને (પરંતુ) તે બંનેનો ગુનાહ તે બંનેના ફાયદા કરતાં ઘણો મોટો છે....

તફ્સીર :

પંદરમો હુકમ; શરાબ (દારૂ) અને જુગાર વિશે :

આપ (ﷺ)ને લોકો શરાબ અને જુગાર વિશે (હુકમ) પૂછે છે, તમે કહી આપો કે તે બંને (વસ્તુઓના ઉપયોગ)માં ગુનાહની મોટી (મોટી) વાતો પણ (પૈદા થઈ જાય) છે અને લોકોને (અમુક) ફાયદા પણ છે અને (તે) ગુનાહની વાતો તે ફાયદાઓ કરતાં અધિકતર છે. (એટલા માટે આ બંને આદતો છોડવાપાત્ર છે).

મસ્અલા અને બોધપાઠ :

સહાબએ કિરામ (રદિ.)ના પ્રશ્ન અને તેના જવાબનો જે ક્રમ આ સૂરતમાં વર્ણન થઈ રહ્યો છે, તેમાંથી એક આ આયત પણ છે, તેમાં શરાબ અને જુગાર વિશે સહાબા (રદિ.)ના સવાલનો અલ્લાહ તઆલા તરફથી જવાબ આપવામાં આવ્યો છે. આ બંને બાબતો અત્યંત મહત્ત્વની છે, એટલા માટે તેના સવિસ્તાર વર્ણન દ્વારા આ હુકમની અસલી વાસ્તવિકતા આપ (વાચકો) સમક્ષ પ્રસ્તુત છે.

શરાબ (દારૂ) હરામ હોવા વિશેના હુકમો :

ઈસ્લામની શરૂઆતમાં જહાલતકાળના અજ્ઞાની યુગની જેમ દારૂ પીવાની લત સામાન્ય રીતે પ્રચલિત હતી. જ્યારે રસૂલુલ્લાહ ﷺ હિજરત કરી મદીના આવ્યા તો મદીનામાં પણ લોકોમાં દારૂ પીવાની અને જુગાર રમવાની આદત સામાન્ય હતી. સામાન્ય જનસમૂહ તો ફક્ત તેનો દેખીતો ફાયદો અને લાભ જોઈને ખુશ હતા અને દારૂ-જુગારમાં જે ઘણી બધી ફસાદો અને ખરાબીઓ છે તે તરફ તેઓ ક્યારેય લક્ષ આપતા ન હતા, પરંતુ અલ્લાહની આદત એ પણ છે કે, દરેક કૌમ અને દરેક પ્રદેશમાં અમુક બુદ્ધિશાળી લોકો એવા પણ પૈદા કરે છે, જે પોતાના લાલચી સ્વભાવ ઉપર પોતાની બુદ્ધિને પ્રાધાન્ય આપે છે. કોઈ દિલી તમન્ના અને લાલચ જો બુદ્ધિથી વિપરીત હોય, તો તેઓ આવા લોભ કે લાલચમાં પડતા નથી ! આ બાબતમાં નબીએ કરીમ ﷺનો દરજ્જો સર્વોત્તમ અને અત્યંત ઉચ્ચ કક્ષાનો હતો કે, જે કોઈપણ બાબત ભવિષ્યમાં હરામ થનારી હતી આપ ﷺનો સ્વભાવ તે બાબતને પ્રથમથી જ નફરત કરવાનો અને ધિક્કારવાનો રહ્યો હતો. સહાબા (રદિ.)માં પણ ઘણા લોકોએ કુફ્રની હાલતમાં પણ ક્યારેય શરાબને હાથ સુદ્ધાં લગાવ્યો ન હતો. તેમનામાંથી અમુક લોકોને મદીના પહોંચ્યા પછી દારૂ પીવાની ટેવની ઘણી બધી બુરાઈઓ અને ફસાદોનો અનુભવ થયો. હઝરત ફારૂકે આ'ઝમ અને મઆઝ બિન જબલ (રદિ.) તથા અમુક અન્સારી સહાબા (રદિ.) આવા જ અભિપ્રાયના કારણે આપ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી કે, દારૂ અને જુગાર મનુષ્યની બુદ્ધિને ખરાબ કરે છે તથા તેની માલ-મિલકત બરબાદ કરી નાંખે છે, તેના વિશે આપ ﷺનો શું હુકમ છે ? આ સવાલના જવાબરૂપે પ્રસ્તુત આયત નાઝિલ થઈ હતી. આ તે પ્રથમ આયત છે,

જેમાં શરાબ અને જુગારથી મુસલમાનોને રોકવા માટે શરૂઆતના પગલાં લેવામાં આવ્યા.

આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, દારૂ અને જુગારમાં જો કે, અમુક લોકો માટે દેખીતી રીતે લાભ અને ફાયદો જરૂર હોય છે, પરંતુ તે બંનેથી ગુનાહની મોટી મોટી ઘટનાઓ જન્મ લે છે, જે તેના લાભો અને ફાયદાઓ કરતાં વધારે ખતરનાક હોય છે. આ ગુનાહની વાતોથી બે બાબતો સમજમાં આવે છે, જે આ ગુનાહના કારણે અસ્તિત્વમાં આવી શકે છે દા.ત. દારૂમાં સૌથી મોટી બુરાઈ એ છે કે, માણસની બુદ્ધિ અને સમજદારી ઉપર તેની સીધી અસર થાય છે, દારૂડિયો નશાની હાલતમાં ભાન ભૂલી જાય છે, જેના કારણે વ્યક્તિ પોતાની પ્રતિષ્ઠા, પોતાની બધા જ પ્રકારની ખાસિયતો, પોતાના ગુણો અને ખૂબીઓ ગુમાવી દે છે. કારણ કે, બુદ્ધિ એક એવી બાબત છે, જે વ્યક્તિને ખરાબ કામોથી રોકે છે, પરંતુ જ્યારે દારૂના નશામાં દારૂડિયો બુદ્ધિ અને શાન-ભાન ગુમાવી બેસે છે ત્યારે તેનાથી દરેક પ્રકારના બુરાઈના કામો થવાની શક્યતા અને સંભાવના વધી જાય છે.

પ્રસ્તુત આયતમાં સ્પષ્ટ શબ્દોમાં તો દારૂને હરામ કરવામાં નથી આવ્યું, પરંતુ તેની ખરાબીઓ અને તેનાથી ઉપસ્થિત થનાર ફસાદ વગેરેનો ઉલ્લેખ કર્યો છે કે, દારૂના કારણે મનુષ્ય ઘણા બધા ગુનાહો અને બુરાઈઓમાં સપડાઈ શકે છે. એક રીતે જાણે કે, દારૂને છોડવા માટે એક સલાહ-મશ્વરો પ્રસ્તુત આયતમાં આપવામાં આવ્યો છે. એ જ કારણ હતું કે, આ આયત નાઝિલ થયા પછી અમુક સહાબએ કિરામ (રદિ.)એ આ મશ્વરો સ્વીકારી તે જ સમયે દારૂ છોડી દીધું અને અમુકે એવો વિચાર કર્યો કે, આ આયત દ્વારા દારૂ હરામ થયું નથી, બલકે દારૂનું સેવન કેટલાક દુષ્કૃત્યો જન્મ લેવાનું કારણ બની શકે છે એટલા માટે તેને ગુનોહ બનવાનું કારણ ઠરાવવામાં આવ્યું છે. અમે હવેથી કાળજી રાખીશું કે, આવો કોઈ ગુનોહ ન થાય તો પછી દારૂ પીવામાં કોઈ વાંધો નથી, એટલા માટે તેઓ દારૂ પીતા જ રહ્યા, એટલે સુધી કે એક દિવસે એવી ઘટના બની કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.)એ સહાબએ કિરામ (રદિ.)માંથી પોતાના અમુક દોસ્તોની ખાવાની દા'વત કરી, જમી લીધા પછી રિવાજ પ્રમાણે દારૂ પીવામાં આવ્યો, એવી જ હાલતમાં મગરિબની નમાઝનો સમય આવી ગયો, બધા નમાઝ

માટે ઊભા થઈ ગયા, તો એક વ્યક્તિને ઈમામત માટે આગળ કરવામાં આવ્યા, તેમણે નશાની હાલતમાં કુર્આનની આયત પઢવાનું શરૂ કર્યું તો સૂરત قُلْ يَا اَيُّهَا الْكٰفِرُوْنَ ને ખોટું પઢયું, આ ઘટનાના કારણે દારૂથી રોકવા માટે બીજું પગલું ભરવામાં આવ્યું અને આ આયત નાઝિલ થઈ,

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى،

"હે ઈમાનવાળાઓ તમે નશાની હાલતમાં નમાઝની પાસે ન જાઓ." (૪:૪૩)

તેમાં ખાસ નમાઝના સમયમાં દારૂને સ્પષ્ટ રીતે (કતઈ) હરામ ઠરાવવામાં આવ્યું, બાકીના સમયોમાં પરવાનગી ચાલુ રહી. અમુક સહાબા (રદિ.)એ પ્રથમ આયત નાઝિલ થઈ તે સમયથી જ દારૂને સંપૂર્ણ રીતે છોડી દીધો હતો, એ કારણે કે, જે વસ્તુ માણસને નમાઝથી રોકી રાખે તેમાં કોઈ ભલાઈ હોઈ નથી શકતી, હવે જ્યારે કે, નશાની હાલતમાં નમાઝ પઢવું પ્રતિબંધિત કરવામાં આવ્યું, તો દરેક વ્યક્તિએ વિચાર્યું કે, ખરેખર આવી દારૂ જેવી બાબતની પાસે પણ ન જવું જોઈએ કે જે વ્યક્તિને નમાઝથી વંચિત કરી દે. જો કે, નમાઝના સમય સિવાય અન્ય સમયે દારૂ સદંતર હરામ હોવાનો હજુ પણ હુકમ થયો ન હતો, એટલા માટે હજુ પણ કેટલાક લોકોએ નમાઝ સિવાયના અન્ય સમયમાં દારૂ પીવાનું ચાલુ રાખ્યું, એટલે સુધી કે એક બીજી ઘટના બની. ઉત્બાન બિન માલિક (રદિ.)એ અમુક સહાબએ કિરામ (રદિ.)ની દા'વત કરી, જેમાં સઅદ બિન અબી વક્કાસ (રદિ.) પણ હતા, જમી લીધા પછી રિવાજ પ્રમાણે દારૂનો દૌર ચાલ્યો. નશાની હાલતમાં અરબની સામાન્ય આદત પ્રમાણે શે'રો શાયરી અને પોત-પોતાના ગર્વિષ્ઠ વખાણોનું વર્ણન કરવાનું શરૂ થયું. સઅદ બિન અબી વક્કાસ (રદિ.)એ એક કસીદો (સ્તુતિ કાવ્ય) કહ્યો, જેમાં મદીનાના અન્સાર (રદિ.)ને નીચા બતાવવામાં આવ્યા હતા અને પોતાની કૌમને ઊંચી બતાવી તેના વખાણ કરવામાં આવ્યા હતા. આ બાબત પર એક અન્સાર નવયુવાન (રદિ.)ને ગુસ્સો આવી ગયો અને તેમણે ઊંટના જડબાનું હાડકું હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિ.)ના માથા પર મારી દીધું, જેના કારણે હઝરત સઅદને ઊંડો ઘા પડી ગયો. હઝરત સઅદ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થઈને તે અન્સારી નવયુવાનની ફરિયાદ કરી, તે સમયે રસૂલુલ્લાહ ﷺએ દુઆ ફરમાવી

اَللّٰهُمَّ بَيِّنْ لَّنَا فِي الْخَمْرِ بَيَانًا شَافِيًا "હે અલ્લાહ ! દારૂના વિષયમાં અમને કોઈ સ્પષ્ટ કાનૂન અર્પણ કર." એ દુઆના કારણે દારૂ વિશેની ત્રીજી આયત સૂરએ માઈદહમાં ખુલાસાવાર નાઝિલ થઈ, જેમાં દારૂને સદંતર હરામ ઠરાવવામાં આવ્યું અને તે આયત આ પ્રમાણે છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ○ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ

"હે ઈમાનવાળાઓ ! વાત એ જ છે કે, દારૂ અને જુગાર તથા મૂર્તિઓ અને જુગારના તીર, આ બધું ગંદી બાબતો, (અને) શયતાનનું કામ છે બસ, એનાથી બિલકુલ અળગા રહો, જેથી તમે સફળ થાઓ; શયતાન તો એવું ઈચ્છે છે કે, દારૂ અને જુગાર દ્વારા તમારી વચ્ચે (પરસ્પર) વેર અને અદાવત પૈદા કરી દે અને અલ્લાહ તઆલાની યાદથી (તથા) નમાઝથી તમને દૂર રાખે; શું હજુપણ તમે (આવા કામોથી) નહિ બચો ?!" *(સૂરહ : ૫, આયત : ૯૦-૯૧)*

દારૂ હરામ થવાના તબક્કાવાર થયેલા હુકમો :

અલ્લાહના હુકમોની વાસ્તવિક અને અસલી હિકમતો તો માત્ર તે અહકમુલ હાકિમીન જ જાણે છે પરંતુ શરીઅતના હુકમોમાં વિચાર કરવાથી જાણ થાય છે કે, શરીઅતે ઈસ્લામના હુકમોમાં માનવીની સ્વાભાવગત લાગણીઓની ઘણી રિઆયત (કાળજી) રાખવામાં આવી છે, જેથી મનુષ્યને તેના ઉપર અમલ કરવામાં વધારે તકલીફ ન થાય. ખુદ કુર્આન શરીફે આ સંદર્ભે ફરમાવ્યું છે, لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا એટલે કે, "અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને એવો હુકમ નથી આપતો જે તેની સહનશક્તિની મર્યાદા બહાર હોય." *(સૂરહ : ૨, આયત : ૨૮૬)* આ રહમત અને હિકમતનો તકાદો એ જ હતો કે, ઈસ્લામમાં દારૂને હરામ કરવામાં તબક્કાવાર કામ લેવામાં આવે.

દારૂને તબક્કાવાર પ્રતિબંધિત અને હરામ જાહેર કરવામાં કુર્આનના ઈતિહાસનો ખુલાસો એ છે કે, કુર્આન શરીફમાં દારૂ સંદર્ભે ચાર આયતો નાઝિલ

થઈ છે, જેનો ઉલ્લેખ ઉપર આવી ચૂક્યો છે, તેમાંથી એક આયત સૂરએ બકરહની છે, જેની તફસીર અત્રે આ સ્થળે તમે વાંચી રહ્યા છો, તેમાં ફક્ત દારૂના દુષણથી જન્મ લેનારા ગુનાહો તથા દુષ્કૃત્યોનો ઉલ્લેખ કરી વાતને છોડી દેવામાં આવી છે, પરંતુ દારૂને સંપૂર્ણ હરામ કરવાનો હુકમ નથી આપવામાં આવ્યો. મતલબ કે, એક મશ્વરો અને સલાહ આપીને તે ખરાબ વસ્તુથી દૂર રહેવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

બીજી આયત સૂરએ નિસાઅ્માં لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكَارٰى (નમાઝની પાસે પણ ન જાઓ, જ્યારે કે તમે નશામાં હોવ. – *સૂ.:૪, આ.:૪૩*) છે અને તેમાં ખાસ નમાઝના સમયે દારૂને હરામ કરવામાં આવ્યું છે અને બાકી સમયે છૂટછાટ ચાલુ રહી.

ત્રીજી અને ચોથી આયતો સૂરએ માઈદહની છે, જેનો ઉલ્લેખ ઉપર આવી ચૂક્યો છે, તેમાં સ્પષ્ટ અને કતઈ રીતે દારૂને હરામ ઠરાવવામાં આવ્યું. શરીઅતે ઈસ્લામે દારૂને હરામ કરવામાં તબક્કાવાર કામ એટલા માટે લીધું કે, સમગ્ર જીવન પર્યન્ત જે આદત પડી હોય છે અને ખાસ કરીને નશાની આદતને છોડી દેવી માણસના સ્વભાવ પ્રમાણે અત્યંત ભારે અને બોજારૂપ બાબત હોય છે. ઉલમાએ ફરમાવ્યું, فِطَامُ الْعَادَةِ اَشَدُّ مِنْ فِطَامِ الرَّضَاعَةِ એટલે જેવી રીતે કે માં માટે બાળકની દૂધ પીવડાવવાની આદત છોડાવવી ખૂબ અઘરું અને ભારે હોય છે. બસ, એવી જ રીતે કોઈ વ્યક્તિને પોતાના સ્વભાવમાં વણાઈ ગયેલી આદત છોડાવવી અત્યંત ભારે અને અઘરી બાબત છે. એટલા માટે ઈસ્લામે ખૂબ જ હિકમતભર્યા અંદાજથી પ્રથમ દારૂ અને જુગારની બુરાઈથી લોકોને ચેતવ્યા અને તે તરફ ધ્યાન દોર્યું, તેમને માનસિક રીતે તૈયાર કરવામાં આવ્યા. ત્યાર પછી નમાઝોના સમયે તેને પ્રતિબંધિત જાહેર કરી આ દારૂ વિરોધી માનસિકતા વધારે મજબૂત કરવામાં આવી અને એક ખાસ સમયે તેને સ્પષ્ટ રીતે સંપૂર્ણ હરામ જાહેર કર્યું.

હા ! જેવી રીતે શરૂઆતમાં દારૂ હરામ હોવાનો હુકમ આપવામાં ધીરે-ધીરે તબક્કાવાર કામ લેવામાં હિકમતનો તકાદો હતો, એ જ પ્રમાણે તેને હરામ કર્યા પછી આ હુકમની પાબંદીનું સંપૂર્ણ સખ્તીથી અમલીકરણ કરાવવાની હિકમતનો પણ એવો જ તકાદો હતો. એટલા માટે રસૂલે કરીમ ﷺએ દારૂ વિશે

પ્રથમ અઝાબની સખત ચેતવણીઓ આપી ઈરશાદ ફરમાવ્યું કે, "દારૂ તમામ બુરાઈઓની જડ અને દરેક નિર્લજ્જતાની જનેતા છે, દારૂ પીને વ્યક્તિ અધમ કૃત્યો આચરી શકે છે."

એક હદીષમાં ઈરશાદ છે કે, "દારૂ અને ઈમાન ભેગું નથી રહી શકતું." આ રિવાયતો નસાઈમાં છે અને જામેઅ્ તિરમિઝીમાં હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ દારૂ સાથે સંકળાયેલ દશ વ્યક્તિઓ ઉપર લા'નત (ધિક્કાર) કરી છે. (૧) દારૂ નિચોવનારો, (૨) બનાવનારો, (૩) પીનારો, (૪) પીવાડનારો, (૫) તેને લાવીને આપનારો, (૬) જેના માટે દારૂ લાવવામાં આવ્યું છે તે, (૭) દારૂ વેચનારો, (૮) દારૂ ખરીદનારો, (૯) દારૂ ભેટ આપનારો અને (૧૦) દારૂની કમાણી ખાનારો. અને પછી ફક્ત મૌખિક શિક્ષણ કે પ્રચારથી કામ ન લીધું બલકે, દારૂબંધીનું અમલીકરણ કરાવવા માટે કાયદેસર રીતે એ'લાન કર્યું કે, જેની પાસે કોઈપણ પ્રકારનું દારૂ મૌજૂદ હોય, તે ફલાણી જગ્યાએ ભેગું કરી દે.

સહાબએ કિરામ (રદિ.)માં અલ્લાહ અને રસૂલ ﷺના હુકમના અમલીકરણ માટેની બેનમૂન ભાવના :

આજ્ઞાપાલક સહાબા (રદિ.)એ પ્રથમ હુકમ મળતાં જ પોત-પોતાના ઘરોમાં જે દારૂ ઉપયોગ માટે રાખ્યું હતું, તેને તે જ સમયે ઢોળી દીધું. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)નું વર્ણન છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ મદીનાની ગલીઓમાં એ'લાન કરાવ્યું કે, દારૂ હરામ કરવામાં આવ્યું છે, તો જેના હાથમાં જે દારૂનું વાસણ હતું તેને ત્યાંજ ફેંકી દીધું, જેની પાસે કોઈ માટીના વાસણમાં દારૂ ભરેલું હતું, તો તેને ઘરની બહાર લાવીને તોડી નાંખ્યું. હઝરત અનસ (રદિ.) તે સમયે એક મજલિસમાં દારૂના જામ હાથમાં લઈ સાકી (દારૂ પીરસનાર) બન્યા હતા. અબૂ તલ્હા, અબૂ ઉબયદહ બિન ઝર્રાહ, ઉબય બિન કઅ્બ, સુહૈલ (રદિ.) જેવા મોટા-મોટા સહાબાઓ મૌજૂદ હતા. એ'લાન કરનારનો અવાજ સાંભળીને બધાએ કહ્યું કે, "હવે આપણે બધા જ દારૂ ઢોળી દો, તેના વાસણોને તોડી નાંખો." અમુક રિવાયતોમાં છે કે, "દારૂ હરામ થવાનું એ'લાન થતાંની સાથે જ જેના હાથમાં દારૂના જામ હોઠો સુધી પહોંચ્યા હતા તેમણે ત્યાંજ ફેંકી દીધા. મદીના શરીફમાં તે દિવસે દારૂ એ રીતે વહી રહ્યું હતું,

જેવી રીતે કે વરસાદનું પાણી વહે છે અને મદીનાની ગલીઓમાં લાંબા સમય સુધી એવી પરિસ્થિતિ રહી કે, જ્યારે વરસાદ પડતો, તો લાંબા સમય સુધી દારૂની ગંધ અને માટીમાં તેનો રંગ ચોખ્ખો નજરે પડતો હતો !''

જે સમયે તેમને આ હુકમ મળ્યો કે, જેની પાસે કોઈપણ પ્રકારનો દારૂ હોય તે ફલાણી જગ્યાએ ભેગો કરે, તે સમયે થોડો દારૂનો સંગ્રહ કરેલ જથ્થો રહી ગયો હતો, જે વેપારના માલ તરીકે બજારમાં હતો, તેને પણ ફરમાંબરદાર સહાબા (રદિ.)એ કોઈપણ જાતના ખચકાટ વિના નક્કી કરેલ જગ્યાએ ભેગો કરી દીધો. રસૂલુલ્લાહ ﷺ પોતે ત્યાં તશરીફ લઈ ગયા અને પોતાના હાથોથી દારૂના ઘણા મસ્કીઝહ (દારૂ ભરવાનું થેલા જેવું વાસણ) કાપી નાંખ્યા અને બાકી અન્ય સહાબા (રદિ.)ના હવાલે કરી તેનો નાશ કરવામાં આવ્યો. એક સહાબી (રદિ.) જેઓ દારૂનો વેપાર કરતા હતા અને સિરીયાથી દારૂની આયાત કર્યા કરતા હતા. સંજોગવસાત્ તે સમયે પોતાની બધી મૂડી ભેગી કરી સિરીયા દારૂ લેવા ગયા હતા અને જ્યારે તેઓ વેપારના માલની ખેપ લઈ પાછા આવ્યા, તો મદીનામાં પ્રવેશ થતાં પહેલાં જ દારૂ હરામ થયું હોવાના એ'લાનની ખબર પડી ગઈ. આ જાંનિશાર સહાબી (રદિ.)એ પોતાની સમગ્ર મૂડી અને મહેનતથી પ્રાપ્ત કરેલી પૂંજી અને તે વેપારનો માલ કે, જેમાં ઘણો બધો નફો થવાની આશા લઈને આવી રહ્યા હતા, દારૂ હરામ થયાનું એ'લાન સાંભળીને તે જ જગ્યાએ એક પહાડ ઉપર તેને છોડી દીધું અને પોતે રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને પ્રશ્ન કર્યો કે, હવે મારા માલ વિશે શું હુકમ છે અને મારે શું કરવું જોઈએ ? રસૂલે કરીમ ﷺએ અલ્લાહના ફરમાન પ્રમાણે તે બધા જ મસ્કીઝહને કાપી નાંખી દારૂ વહાવી દેવાનો હુકમ આપ્યો, ફરમાંબરદાર અને અલ્લાહ તથા રસૂલે કરીમ ﷺ સાથે મહોબ્બત રાખનાર સહાબી (રદિ.)એ કોઈપણ પ્રકારના ખચકાટ વિના પોતાના હાથોથી પોતાની સમગ્ર મૂડીને જમીન પર વહાવી દીધી. આ પણ ઈસ્લામનો એક મોઅ્જિઝો અને સહાબએ કિરામ (રદિ.)ની બેનમૂન ફરમાંબરદારીનું ઉદાહરણ હતું, જે આ ઘટનાથી જાહેર થાય છે કે, જ્યારે કોઈ વસ્તુની લત લાગી જાય છે તો બધા જ જાણે છે કે, તેને છોડવું અત્યંત કઠિન હોય છે અને આ લોકો પણ દારૂ પીવાના આદી હતા અને થોડીવાર પણ દારૂ વિના ધીરજ ધરવી તેમના માટે મુશ્કેલ હતી, પરંતુ અલ્લાહના હુકમ અને રસૂલે કરીમ

ﷺના શિક્ષણે તેમની આદતોમાં એવી ક્રાંતિ સર્જી દીધી હતી કે, તેઓ દારૂ અને જુગારથી એવી રીતે અળગા થઈ ગયા જાણે કે, તેમને તેની આદત ક્યારેય હતી જ નહિ.

ઇસ્લામી શાસનવ્યવસ્થા અને વહીવટી પદ્ધતિ તથા અન્ય માનવસર્જિત શાસન પદ્ધતિઓનો તફાવત :

પ્રસ્તુત આયત પછી દારૂ હરામ થવાનો હુકમ અને તેના ઉપર મુસલમાનોના અમલ કરવાની પદ્ધતિથી જગત સામે એક નમૂનો રજૂ થઈ ગયો છે, જેને ઈસ્લામનો ચમત્કાર કહો કે, પછી પયગમ્બર ﷺની કેળવણી કહો, આ અજોડ કેળવણીનો પ્રભાવ અથવા ઈસ્લામી રાજકીય પદ્ધતિનું સ્પષ્ટ પરિણામ જ હતું કે, નશાની લતવાળા લોકોએ એ લતને છોડી દીધી, બધા જ જાણે છે કે, એ લતને છોડવી અત્યંત મુશ્કેલ હોય છે અને નશાની લત છોડવી કેટલી અઘરી બાબત છે, વળી અરબસ્તાનમાં તો દારૂનો રિવાજ એટલી હદે પહોંચી ગયો હતો કેં, કેટલાક લોકો અમુક કલાકો પણ તેના સિવાય રહી શકતા ન હતા, તો પછી એ કઈ બાબત હતી, જેણે માત્ર એક એ'લાનનો અવાજ કાનમાં પડતાંની સાથે જ તેમના આવા સ્વભાવને સાવ બદલી નાંખ્યો ?! તેમની આદતોમાં એવી ક્રાંતિ સર્જી દીધી કે, અમુક મિનિટો પહેલાં જે વસ્તુ તેમને અતિપ્રિય હતી, બલકે, જિંદગીની એક મહામૂલી મૂડી હતી અને અમુક મિનિટો પછી માત્ર એક એ'લાન સાંભળીને તે વસ્તુ તેમના માટે અત્યંત ધૃણાસ્પદ અને ધિક્કારપાત્ર નાપાક વસ્તુ બની ગઈ?!

તે સમાજના મુકાબલામાં આજની પ્રગતિ સંપન્ન રાજકીય પદ્ધતિનું એક ઉદાહરણ સામે રાખો અને વિચારો કે, અમુક વર્ષો પહેલાં અમેરિકાના સ્વાસ્થ્ય સંબંધિત નિષ્ણાતો અને સામાજિક સુધારકોએ દારૂ પીવાના અસંખ્ય ખતરનાક પરિણામો રજૂ કરી દેશમાં દારૂ પીવા ઉપર કાયદેસરનો પ્રતિબંધ લાદવાની ઈચ્છા જાહેર કરી અને તેઓએ પોતાના અભિપ્રાયના ટેકા માટે પ્રચાર-પ્રસારના પ્રત્યેક માધ્યમોનો ઉપયોગ કર્યો, આ મિડીયા કે, જેને પ્રગતિ અને વિકાસનું એક સબળ માધ્યમ સમજવામાં આવે છે, તે પણ તેમના ટેકામાં દારૂની ટેવ વિરૂદ્ધ લોકોના જનમત અને અભિપ્રાયને કેળવવાની અનથક કોશીશો કરવા લાગ્યા, સેંકડો સમાચારપત્રો અને ચોપાનીયાઓમાં તેની જાહેર ખબરો લાખોની સંખ્યામાં આખા દેશમાં પ્રકાશિત કરવામાં આવી અને ત્યારબાદ અમેરિકાના રાજ્યબંધારણમાં

સુધારો કરીને કાનૂની રીતે દારૂને પ્રતિબંધિત ઘોષિત કરવામાં આવ્યું, પરંતુ આ બધાની અસર જે કંઈ પણ અમેરિકાએ પોતાની આંખોથી જોઈ છે અને સર્વેક્ષણના જે આંકડાઓ દુનિયા સામે આવ્યા હતા કે, આ પ્રગતિ પ્રાપ્ત વિકસિત તથા શિક્ષિત સમાજે કાયદાકીય રીતે દારૂ ઉપર પ્રતિબંધ હોવા છતાં, એ જ પ્રમાણે દારૂનો ઉપયોગ કર્યો કે, જે રીતે પ્રતિબંધ પહેલાં તેના સેવનનો રિવાજ પ્રચલિત હતો. અંતે લાચારવશ અમેરિકાની સરકારે દારૂ પરના પ્રતિબંધનો કાયદો રદ કરવો પડ્યો.

તે સમયના અરબ મુસલમાનો અને આજના પ્રગતિશીલ, વિકાસશીલ અમેરિકનોની પરિસ્થિતિ અને પ્રસ્તુત ઉદાહરણ દ્વારા તેમની માનસિકતાનો આ મોટો તફાવત એક નગ્ન વાસ્તવિકતા અને ઈન્કાર ન થઈ શકે તેવું સત્ય છે, જેને ન માનવાની નાની સરખી સંભાવના પણ કોઈની પાસે નથી, અત્રે ઊંડો વિચાર માંગી લેતી બાબત એ છે કે, આ અત્યંત ક્રાંતિકારી અને વ્યક્તિની માનસિકતાને બદલી નાંખનારી વિચારધારાનો મુખ્ય સ્ત્રોત શું છે ? અને તેની પાછળનું રહસ્ય શું છે ?

થોડોક જ વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જશે કે, શરીઅતે ઈસ્લામે ફક્ત કાયદા બનાવી કૌમોની સુધારણા કરવાને ક્યારેય પૂરતું નથી સમજ્યું, પરંતુ કાયદો બનાવતા પહેલાં લોકોની માનસિક કેળવણી, તેમની આધ્યાત્મિકતા, તેમની વિચારસરણી તથા આખિરત પ્રત્યેની ચિંતાના કીંમતી નુસખા દ્વારા તેમના વિચારોમાં એક મોટું પરિવર્તન લાવીને એવો સમાજ પૈદા કર્યો, જે રસૂલે કરીમ ﷺનો એક અવાજ પડતાની સાથે જ પોતાના જાન, માલ, ઈજ્જત, આબરૂ બલકે પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા માટે તૈયાર થઈ જતા હતા. મક્કાની જિંદગીમાં આવી માનસિકતા તૈયાર કરવાનું કામ ઈબાદતો અને આધ્યાત્મિકતા (રૂહાનિયત) દ્વારા થતું રહ્યું, જ્યારે એક સંપૂર્ણ કેળવણીપ્રાપ્ત સમૂહ તૈયાર થઈ ગયો, ત્યારબાદ જ અલ્લાહ તરફથી કાયદો બનાવવામાં આવ્યો. તેનાથી વિપરિત અમેરિકાએ પોતાના સમગ્ર પ્રચાર-પ્રસારના માધ્યમો દ્વારા દારૂના નુકસાનોનો ઉલ્લેખ કરી લોકોની માનસિકતા બદલવાની કોશીશ કરવામાં કોઈ પાછી-પાની ન કરી, તેમની પાસે લોકમત કેળવવા માટે બધા જ પ્રકારના સ્ત્રોતો ઉપલબ્ધ હતા, પરંતુ આખિરતની ચિંતા ન હતી, જ્યારે કે, મુસલમાનોના અસ્તિત્વના

અણુએ અણુમાં આખિરતની ફિકર-ચિંતા સમાયેલી હતી અને પરિણામે આ ઉઘાડો તફાવત દર્શાવતા બે ઉદાહરણો દુનિયા સામે મૌજૂદ છે.

કાશ ! આજે પણ આપણા કહેવાતા બુદ્ધિશાળીઓ આ જ અણમોલ નુસખાને અજમાવીને જોઈ લે, તો આ દુનિયામાં સર્વત્ર શાંતિ અને સલામતી સ્થાપિત થઈ જાય.

દારૂ (અને અન્ય તમામ પ્રકારના નશાકારક દ્રવ્યો હેરોઈન, ગાંજો, ચરસ, મેન્ડ્રેક્સ વગેરે વગેરે)ના નુકસાનો અને ફાયદાઓની સરખામણીઃ

આ આયતમાં દારૂ અને જુગાર બંનેના સંદર્ભમાં કુર્આન શરીફે એ બતાવ્યું છે કે, આ બંનેમાં અમુક નુકસાનો પણ છે અને અમુક ફાયદાઓ પણ છે ! પરંતુ તેના નુકસાનો ફાયદાઓ કરતાં વધારે છે, એટલા માટે આવશ્યક છે કે, આ બાબત ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવે. દારૂના ફાયદાઓ શું છે અને તેના નુકસાનો શું છે ? દારૂના ફાયદાઓથી વધારે તેના નુકસાનો હોવાના શું કારણો છે? અંતમાં અમુક ફિક્હી મસ્અલાઓ પણ વર્ણન કરવામાં આવશે, જે આ આયતથી સાબિત થાય છે.

પ્રથમ દારૂને લઈએ, તેનો ફાયદો સામાન્ય લોકોમાં મશ્હૂર એ છે કે, તેનાથી લિજ્જત-મજા અને તાજગી પ્રાપ્ત થાય છે, થોડા સમય માટે શારીરિક શક્તિમાં વધારો થઈ જાય છે અને વ્યક્તિનો ચહેરો ખીલી ઊઠે છે, પરંતુ આ તુચ્છ થોડા સમયના ફાયદાઓના મુકાબલામાં તેના નુકસાનો અત્યંત ઘાતક અને ખૂબ ખતરનાક છે કે, ભાગ્યે જ બીજી કોઈ વસ્તુમાં આટલા નુકસાનો અને બુરાઈઓ હોઈ શકે છે. મનુષ્યના શરીર પર દારૂનો દુષ્પ્રભાવ એ થાય છે કે, તે ધીરે-ધીરે માણસની પાચનશક્તિને ખતમ કરી નાંખે છે, ખાવા-પીવાની ઇચ્છા ઓછી થઈ જાય છે, ચહેરાની તાજગી નાશ પામે છે, પેટ મોટું થઈ જાય છે, સમગ્રતઃ તમામ અવયવો પર એ અસર થાય છે જેમકે, એક જર્મન ડૉક્ટર તેનો ઉલ્લેખ કરે છે કે, "જે વ્યક્તિને દારૂની લત હોય તેનું શરીર ૪૦ વર્ષની ઉંમરમાં એવું થઈ જાય છે, જેમકે ૬૦ વર્ષનો ડોસો હોય," દારૂડિયો શારીરિક શક્તિ પ્રમાણે ૬૦ વર્ષ પસાર કરી ગયેલા વૃદ્ધો જેવો થઈ જાય છે. આ ઉપરાંત દારૂ લિવર (યકૃત) અને કિડની ખરાબ કરી નાંખે છે. યુરોપના મોટા ભાગના

શહેરોમાં દારૂના કારણે આ બધી બીમારીઓ સામાન્ય છે. અહીંયાંના ઘણા ડૉક્ટરોનું મંતવ્ય છે કે, યુરોપમાં અડધી મૌતો દારૂના કારણે થાય છે અને અડધી અન્ય બીમારીઓના કારણે થાય છે અને આ દારૂના કારણે થતી બીમારીઓ ત્યારથી જ શરૂ થઈ છે, જ્યારથી ત્યાં દારૂનું સેવન કરવાની પ્રથા પ્રચલિત બની છે.

આ તો દારૂના શારીરિક અને સ્વાસ્થ્યને લગતા નુકસાનો હતા. હવે, બુદ્ધિ ઉપર તેની કેટલી ઘાતક અસર થાય છે, તે વિશે દરેક વ્યક્તિ ફક્ત એટલું જ જાણે છે કે, દારૂના સેવનથી જ્યાં સુધી નશો રહે છે, ત્યાં સુધી તેની બુદ્ધિ કામ કરતી નથી, પરંતુ અનુભવોથી સિદ્ધ થયું છે અને સંશોધનકારોનો પણ એ અભિપ્રાય છે કે, દારૂની લત બુદ્ધિશક્તિને પણ અત્યંત અશક્ત બનાવી દે છે, જેનો પ્રભાવ વ્યક્તિના હોશમાં આવ્યા પછી પણ રહે છે. અમુક સમયે આ બુદ્ધિની કમજોરી દારૂની લતવાળા વ્યક્તિને ગાંડપણ સુધી પહોંચાડી દે છે. એ બાબતે સંશોધનકારો અને ડૉક્ટરો સહમત છે કે, દારૂ ન તો શરીરનો કોઈ ભાગ બને છે અને ન જ તેનાથી લોહી બને છે કે, જેના કારણે શરીરમાં શક્તિ આવે બલકે, તેનું કાર્ય ફક્ત એટલું જ હોય છે કે, તે વ્યક્તિના જ્ઞાનતંતુઓને ઉત્તેજિત કરે છે, જેના કારણે શરીરમાં કામચલાઉ ધોરણે શક્તિ અને સ્ફૂર્તિ પેદા થઈ હોવાનો અહેસાસ થાય છે અને ક્યારેક અતિશય ઉત્તેજિત જ્ઞાનતંતુઓના કારણે વ્યક્તિનું અચાનક મૃત્યું પણ નિપજી શકે છે, ક્યારેક હૃદય રોગનો હુમલો તથા બ્લડ પ્રેશર વગેરે પણ થઈ શકે છે.

દારુડિયાના શરીરની નસોની દિવાલો સખત થઈ જાય છે, જેના કારણે તે જલદી વૃદ્ધ બની જાય છે. દારૂના પ્રભાવથી વ્યક્તિની પાચન શક્તિ મંદ પડી જાય છે અને તેનું ગળું પણ ખરાબ થવાથી તેનો અવાજ ભારે થઈ જાય છે, તે કાયમી ખાંસીનો દર્દી બની જાય છે, જે છેવટે તેના ફેફસાંને ખલાસ કરી નાંખે છે, દારૂનો પ્રભાવ પ્રજનનતંત્ર ઉપર પણ પડે છે અને તેના કારણે દારુડિયાની ઔલાદ અશક્ત અને નબળી રહે છે. કેટલાક વખતે તો દારુડિયાની પ્રજનનશક્તિ નાશ પામે છે અને વાંઝિયાપણું પણ આવે છે.

એ વાત યાદ રાખવા યોગ્ય છે કે, દારૂની લત પડ્યા પછી શરૂઆતની પરિસ્થિતિમાં દેખીતી રીતે વ્યક્તિને પોતાના શરીરમાં સ્ફૂર્તિ, તાજગી અને

શક્તિનો અનુભવ થતો હોય છે. એટલા માટે જે લોકો દારૂ પીવાની ટેવના શિકાર બન્યા હોય છે, તેઓ ડૉક્ટરી સંશોધનો આધારિત શરીર પરની તેની ઘાતક અસરોનો ઈન્કાર કરે છે. તેમને ખબર હોવી જોઈએ કે, દારૂ એક એવું ઝેર છે, જેની અસર શરીર ઉપર ધીરે ધીરે શરૂ થાય છે અને અમુક સમય પછી તેના નુક્સાનોનો ઘાતક પ્રભાવ શરીર ઉપર દેખાવા લાગે છે, જેમકે ઉપર પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

દારૂની એક મોટી ખરાબી એ પણ છે કે, તે એક સામાજિક દૂષણ પણ છે, તેના કારણે મોટાભાગે લડાઈ-ઝઘડાઓ થતા હોય છે અને અમુક સમયે તો દારૂના નશાની હાલતમાં કરેલો બકવાસ લડાઈ-ઝઘડાઓ, વેર-ઝેર અને દુશ્મનીનું મોટું સ્વરૂપ ધારણ કરી લે છે, જે લાંબા સમય સુધી વ્યક્તિને ખૂબ નુકસાન પહોંચાડે છે. એટલા માટે કુર્આન શરીફમાં સૂરએ માઈદહમાં ખૂબ ભાર આપીને આ પ્રકારના નુકસાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ એટલે કે "શયતાન તો ઈચ્છે છે કે, દારૂ અને જુગાર દ્વારા તમારામાં પરસ્પર વેર-ઝેર અને દુશ્મની પૈદા કરે."

(સૂરહ : ૫, આયત : ૯૧)

દારૂનું એક નુકસાન એ પણ છે કે, નશાની હાલતમાં ક્યારેક વ્યક્તિ પોતાના ગુપ્ત રહસ્યો પણ બકી નાંખે છે, જે અત્યંત નુકસાનકારક છે તથા દારૂડીયાને અને તેના સંલગ્ન કુટુંબને તબાહ-બરબાદ કરવાનું કારણ પણ બની જાય છે અને જો વળી, તે કોઈ સરકારનો જવાબદાર અધિકારી હોય અને કોઈ સરકારી ગુપ્ત વાત જાહેર કરી દે, તો તેના કારણે આખા દેશને પણ નુકસાન થવાની ભિતી રહેલી છે, ક્યારેક આવા રહસ્યો છતા થઈ જવાના કારણે જે તે દેશના લશ્કરી હિતો અને રાજનિતિક સંબંધો પણ બરબાદ થઈ શકે છે. દુશ્મન દેશના હોશિયાર જાસૂસો આવા અધિકારીઓના દારૂના નશામાં કરેલી બકવાસની હંમેશા તાકમાં રહેતા હોય છે.

દારૂનું એક નુકસાન એ પણ છે કે, તે વ્યક્તિને એક રમકડું બનાવી દે છે જેને જોઈને બાળકો પણ હસે છે. કારણ કે, દારુડિયાની બકવાસ અને તેની હરકતો બધું જ અસ્થિર થઈ જાય છે. દારૂનું એક મોટું નુકસાન એ છે કે, તે સમગ્ર બુરાઈઓની જડ છે. વ્યક્તિને બધા જ નીચ અને અધમ કક્ષાના ગુનાહો કરવાની

પ્રેરણા પૂરી પાડે છે. વ્યભિચાર, હત્યા, જુગાર, લડાઈ-ઝઘડા વગેરે દારૂની ટેવના પરિણામ છે અને એ જ કારણે દારૂના અડ્ડાઓ, વ્યભિચાર અને હત્યાના અડ્ડાઓ બની જાય છે. આ તો થયા દારૂના શારીરિક નુકશાનો અને તેના રૂહાની (આધ્યાત્મિક) નુકસાનો તો સ્પષ્ટ છે કે, નશાની હાલતમાં ન તો નમાઝ થઈ શકે છે, ન અલ્લાહનો ઝિક્ર અને ન જ કોઈ ઈબાદત વગેરે, એટલા માટે કુર્આનમાં દારૂના નુકસાનનું વર્ણન કરવામાં આવ્યું છે. وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ "દારૂ તમને અલ્લાહના ઝિક્ર અને નમાઝથી રોકે છે."

હવે, દારૂના આર્થિક નુકસાનો તથા સામાજિક દુષણોની ચર્ચા કરીએ, જેનાથી દરેક વ્યક્તિ માહિતગાર છે. કોઈ વસ્તીમાં જો એક દારૂનું પીઠું ખુલી જાય તો તે આખી વસ્તીની દૌલત સમેટી લે છે. દારૂ (નશાકારક દ્રવ્યો)ના અસંખ્ય પ્રકારો છે અને અમુક પ્રકારો તો અત્યંત ખતરનાક છે અને વ્યક્તિને તેના બંધાણી બનાવી દે છે, જે વ્યકિતને આર્થિક રીતે પાયમાલ કરી દે છે. અમુક આંકડાશાસ્ત્રીઓએ ફક્ત એક (Magha city) શહેરમાં દારૂ ઉપર ખર્ચવામાં આવતી રકમનું સર્વેક્ષણ કર્યું તો, દારૂ પાછળ ખર્ચવામાં આવતી કુલ રકમ આખા ફ્રાન્સના કુલ વાર્ષિક બજેટ જેટલી હતી.

ઉપરોક્ત ઉલ્લેખમાં માત્ર દારૂના સામાજિક, શારીરિક અને આધ્યાત્મિક નુકસાનોની ટૂંકી લિસ્ટ તૈયાર કરી છે, જેને રસૂલે કરીમ ﷺએ માત્ર એક શબ્દમાં કહી આપ્યું છે કે, "તે "ઉમ્મુલ ખબાઇશ" (તમામ બુરાઈઓની જનેતા) છે." જર્મનીના એક ડૉક્ટરનું આ વિધાન પ્રખ્યાત છે, તેણે કહ્યું છે કે "અડધા દારૂના પીઠાંઓ બંધ કરી દેવામાં આવે તો હું એ વાતની જામીનગીરી લઉં છું કે, અડધા દવાખાનાઓ, અડધા જેલખાનાઓની આવશ્યકતા નહિ રહે અને તેને બંધ કરવા પડશે." *(તફસીરુલ મન્નાર -અલ મુફતી અબ્દહ, પેજ : ૨૨૬, ભાગ : ૨)*

અલ્લામહ તનતાનવી (રહ.)એ પોતાની કિતાબ "અલઝવાહિર"માં આ સંદર્ભે અમુક અગત્યના સંશોધનો વિશે લખ્યું છે, તેમાંથી અમુક અત્રે પ્રસ્તુત છે.

એક ફ્રાન્સીસી સંશોધનકાર હૅનરી પોતાના પુસ્તક "ખવાતિર વ સવાનેહ ફિલ ઈસ્લામ"માં લખે છે, (અત્રે પુસ્તકનું અરબીમાં તરજુમો થયેલ નામ લખ્યું છે).

"એક અત્યંત ખતરનાક હથિયાર ! જેના દ્વારા પૂર્વના લોકોની કમર તોડી

નાંખવામાં આવી અને તે બે ધારી તલવાર દ્વારા મુસલમાનોની હત્યા કરવામાં આવી.... તે દારૂ હતું....! અમે અલજિરિયાના લોકો વિરૂદ્ધ આ હથિયારને અપનાવ્યું, પરંતુ તેમની ઈસ્લામી શરીઅત અમારા માર્ગમાં અવરોધ બનીને ઊભી થઈ ગઈ અને તેઓ અમારા આ હથિયારથી પ્રભાવિત ન થયા. પરિણામ એ આવ્યું કે, તેમની પેઢીઓ વધતી ચાલી, આ લોકોએ જો અમારી ભેટનો સ્વીકાર કરી લીધો હોત, તો જેવી રીતે તેમનામાંથી એક મુનાફિક કબીલાએ તેનો સ્વીકાર કરી લીધો છે. એ રીતે તેઓ પણ અમારી સામે ઝલીલ અને રૂશ્વા (અપમાનિત) થઈ ગયા હોત. આજે જે લોકોના ઘરોમાં દારૂનો દૌર ચાલી રહ્યો છે, તેઓ અમારી સામે એવા તુચ્છ અને ઝલીલ થઈ ગયા છે કે, અમારી સામે માથું ઉંચકી શકતા નથી."

એક અંગ્રેજ કાયદાશાસ્ત્રી બિન્તામ લખે છે,

"ઈસ્લામની બેશુમાર ખૂબીઓમાંથી એક ખૂબી (વિશિષ્ટતા)એ પણ છે કે, તેમાં દારૂ નિષિદ્ધ (હરામ) છે. અમે જોયું કે, જ્યારે આફ્રિકાના લોકોએ તેનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું તો તેમની પેઢીઓમાં ગાંડપણ છવાઈ જવા લાગ્યું અને યુરોપના જે લોકોને તેનો ચસ્કો લાગી ગયો, તેમની બૌદ્ધિક શક્તિમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. એટલા માટે આફ્રિકાના લોકો માટે પણ તેનો પ્રતિબંધ હોવો જોઈએ અને યુરોપીયન લોકો માટે પણ દારૂના સેવન ઉપર સખત સજાઓ હોવી જોઈએ."

મતલબ કે, જે પણ ભલા માણસોએ ઠંડા દિલથી વિચાર કર્યો, તેઓ એકી અવાજે બોલી ઉઠયા કે, દારૂ નુકસાનકારક વસ્તુ છે, દારૂનું સેવન કરવું શયતાનનું કૃત્ય છે, તે ઝેર છે, બરબાદી અને તબાહીનું માધ્યમ છે. બસ, આ તમામ બુરાઈઓની જનેતાથી બચી જાઓ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ

દારૂના હરામ અને પ્રતિબંધિત હોવાના સંદર્ભમાં કુર્આન શરીફની ચાર આયતોનો ઉલ્લેખ ઉપર આવી ચૂક્યો છે. સૂરએ નહલમાં એક સ્થળે દારૂ સિવાય અન્ય નશાકારક વસ્તુઓનું વર્ણન અલગ અંદાજથી કરવામાં આવ્યું છે, તો એનાથી સ્પષ્ટ થયું કે, પ્રત્યેક નશાકારક પદાર્થોનું વર્ણન અત્રે કરવામાં આવે. જેથી, દારૂ અને નશા સંબંધિત બધા જ કુર્આની હુકમો વાંચકો સમક્ષ આવી જાય.

وَمِنْ ثَمَرٰتِ النَّخِيْلِ وَ الْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ سَكَرًا وَّرِزْقًا حَسَنًا، اِنَّ فِىْ ذٰلِكَ
لَاٰيَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ٥

"ખજૂર અને દ્રાક્ષના ફળોથી તમે લોકો નશાકારક પદાર્થો અને ખાવાની ઉત્તમ વસ્તુઓ બનાવો છો; બેશક ! તેમાં તે લોકો માટે મોટી દલીલ છે જેઓ બુદ્ધિશાળી છે." *(સૂરહ : ૧૬, આયત : ૬૭)*

ખુલાસો :

પાછળની આયતોમાં અલ્લાહ તઆલાએ તે નેઅ્મતોનું વર્ણન કર્યું હતું, જેમાં મનુષ્યનો ખોરાક પૈદા કરવામાં આશ્ચર્યજનક કુદરતી કાયા કલાપ અને જૈવિક સિસ્ટમોનું ચક્ર કાર્યરત છે, તેમાં પ્રથમ દૂધનું વર્ણન થયું, જેને અલ્લાહે જાનવરોના શરીરમાં લોહી અને અન્ય રસાયણોના મિશ્રણથી અલગ કરીને એક ચોખ્ખો અને ગુણકારી ખોરાક મનુષ્યો માટે પૈદા કર્યો. જેમાં મનુષ્યને કોઈ બહુ મોટો ઉદ્યોગ કે કારખાનું લગાવવાની જરૂરત રહેતી નથી. એટલા માટે અહીંયાં શબ્દ نُسْقِيْكُمْ નો ઉપયોગ કર્યો કે "અમે દૂધ તમને પીવડાવતા રહીશું," ત્યાર બાદ ફરમાવ્યું કે, "ખજૂર અને દ્રાક્ષના અમુક ફળોમાંથી પણ મનુષ્ય પોતાનો ખોરાક અને લાભકારી વસ્તુઓ બનાવે છે," તેમાં ઈશારો એ તરફ છે કે, ખજૂર અને દ્રાક્ષના ફળોથી પોતાનો ખોરાક અને લાભકારી વસ્તુઓ બનાવવામાં ચોક્કસ કળા કારીગીરી કામ લાગે છે અને આ આવડતના પરિણામે બે પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવે છે. (૧) નશાકારક પદાર્થો જેને "ખમ્ર" અથવા "દારૂ" કહેવામાં આવે છે અને (ર) હલાલ, પાક અને ઉમદા વસ્તુઓ જે ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે છે, જેમકે દ્રાક્ષને તાજી-તાજી ખાવામાં ઉપયોગ કરવામાં આવે અથવા તો તેને સુકવીને તેનો સંગ્રહ કરીને તેને વિવિધ વાનગીઓમાં ઉમેરીને તેના દ્વારા વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં આવે છે. હેતુ એ છે કે, અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત વડે ખજૂર અને દ્રાક્ષના ફળો મનુષ્યને અર્પણ કર્યા અને તેનાથી પોતાનો ખોરાક વગેરે બનાવવાનો અધિકાર અને આવડત પણ આપી. હવે, તે મનુષ્યના અધિકારમાં છે કે, એનાથી તે શું બનાવે ? નશાકારક અને નુકસાનકર્તા, દારૂ બનાવે કે, જેના દ્વારા મનુષ્ય શારીરિક, આર્થિક, સામાજિક, બૌદ્ધિક અધઃપતનની ખાઈમાં ગરકાવ થઈ જાય

છે કે, પછી તેના દ્વારા સ્વાદિષ્ટ ભોજન અને વાનગીઓ તૈયાર કરીને શરીરમાં તાકાત અને શક્તિ પૈદા કરે અને લાભ ઉઠાવે !

આ ઉલ્લેખ પ્રમાણે આ આયતથી નશાકારક દારૂના હલાલ હોવાની કોઈ દલીલ નથી બની શકતી. કારણ કે, અહીંયાં આ આયતનો હેતુ અલ્લાહે ભેટ ધરેલા ફળો અને તેના ઉપયોગના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ છે, જે દરેક પરિસ્થિતિમાં અલ્લાહની નેઅ્મત છે. જેમકે, અન્ય ઘણા પ્રકારના ખોરાકમાં ઉપયોગ થતા પદાર્થો દ્વારા મનુષ્યની લાભકારક વસ્તુઓનો દુરુપયોગ કરી, તેનો નાજાઈઝ પદ્ધતિથી ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ કોઈના દુરુપયોગ કરવાથી અલ્લાહે આપેલી ભેટ તરીકે તે વસ્તુ નાશ પામતી નથી. એટલા માટે એ ખુલાસો કરવો જરૂરી નથી કે, તેમાં કયો ઉપયોગ હલાલ છે અને કયો હરામ છે બલકે, ઉપરોક્ત આયતમાં એક રસપ્રદ ઈશારો એ છે કે, سُكَر ના મુકાબલામાં رِزْقٍ حَسَن કહ્યું, જેનાથી સ્પષ્ટ થઈ જાય કે નશાકારક પદાર્થો સારી રોજી નથી. અત્રે سُكَر (સુક્ર) શબ્દને કેટલાક મુફસ્સિરોએ "નશા વિનાના બીજ" વગેરે પદાર્થોના અર્થમાં લીધો છે પરંતુ જમહૂર ઉલમાના મતે આ આયતમાં "સકર"નો અર્થ "નશાકારક" પદાર્થ તરીકે જ થયો છે. *(રૂહુલ મઆની, કુર્તુબી, જસ્સાસ)*

આ આયત સમગ્ર ઉમ્મતની સહમતિ (ઈજ્માઅ્) પ્રમાણે મક્કી આયત છે અને દારૂનો પ્રતિબંધ અને તેને હરામ કરવાની આયત મદીના મુનવ્વરહમાં નાઝિલ થઈ હતી, એટલે આ આયત નાઝિલ થઈ ત્યારે દારૂ હરામ થયું ન હતું અને મુસલમાનો પણ તેનો ઉપયોગ કરતા હતા, પરંતુ તે સમયે પણ એવો ઈશારો કરવામાં આવ્યો હતો કે, કોઈપણ પ્રકારના નશાકારક પદાર્થોનું સેવન સારું નથી. પાછળથી સ્પષ્ટ અને ખુલ્લમ ખુલ્લી રીતે દારૂ અને દરેક પ્રકારના નશાકારક દ્રવ્યો સખ્તીથી હરામ હોવા વિશે કુર્આનની આયત નાઝિલ થઈ અને તેના હરામ હોવાના હુકમનું એ'લાન કરવામાં આવ્યું. *(જસ્સાસ, કુર્તુબી)*

કિમાર (જુગારના દરેક પ્રકાર) હરામ હોવાનો હુકમ :

મયસિરનો શબ્દકોષ પ્રમાણે અર્થ "વહેંચણી કરી લેવી" થાય છે. અજ્ઞાનતાના યુગમાં અરબોમાં વિવિધ પ્રકારનો જુગાર પ્રચલિત હતો, જેમાંથી એક પ્રકાર એ પણ હતો કે, ઊંટને ઝબહ કરીને તેના શરીરના ભાગો વહેંચી જુગાર રમવામાં આવતો હતો. અમુકને વધારે ભાગ મળતો અને અમુક તેનાથી

વંચિત રહી જતા હતા અને વંચિત રહી જનારે ઊંટની પૂરી કિંમત ચૂકવવી પડતી. માંસ ફકીરોમાં વહેંચી દેવામાં આવતો અને તેઓ પોતે તેનો ઉપયોગ કરતા ન હતા.

આ ખાસ પ્રકારના જુગારમાં જો કે, ફકીરોને ફાયદો થતો હતો અને જુગાર રમનારાઓની સખાવત તથા ઉદારતા જાહેર થતી હતી, એટલા માટે આ રમત રમવાને તેઓ ગર્વ સમજતા હતા, જે તેમાં ભાગ ન લેતો તેને કંજૂસ–મખ્ખીચૂસ કહેવામાં આવતો.

વહેંચણીના આધારે કિમાર (જુગાર)ને "મયસિર" કહેવામાં આવે છે. બધા જ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) એ બાબત ઉપર સહમત છે કે, મયસિરમાં કિમાર એટલે કે જુગારના બધા જ પ્રકારો શામિલ છે અને તે બધા જ પ્રકારો હરામ છે. ઈબ્ને કષીર (રહ.)એ પોતાની તફસીરમાં અને જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં વર્ણન કર્યું છે કે, તફસીરના ઈમામ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), ઈબ્ને ઉમર (રદિ.), કતાદહ (રદિ.), મુઆવિયા બિન સાલેહ (રદિ.), અતાઅ્ (રહ.) અને તાઊસ (રહ.)એ ફરમાવ્યું છે કે,

اَلْمَيْسِرُ الْقِمَارُ حَتّٰى لَعِبُ الصِّبْيَانِ بِالْكِعَابِ وَالْجَوْزِ એટલે કે, "દરેક પ્રકારનો કિમાર–મયસિર (જુગાર) હરામ છે, એટલે સુધી કે બાળકોની રમતો, જેમકે લાકડાના ગુટકા તથા અખરોટ (લખોટીઓ) વગેરેથી રમવું પણ હરામ છે."

ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું, اَلْمُخَاطَرَةُ مِنَ الْقِمَارِ એટલે કે, "મુખાતરહ" (જુગારનો એક પ્રકાર) એ કિમાર (જુગાર)માં શામિલ છે. *(જસ્સાસ)*

ઈબ્ને સીરીન (રહ.)એ ફરમાવ્યું, "જે કામમાં મુખાતરહ હોય તે મયસિરમાં શામિલ છે." *(રૂહુલ બયાન)*

મુખાતરહનો અર્થ એ છે કે, એક એવી લેવડ–દેવડ કરવામાં આવે જેમાં નફો અને નુકસાન બંને શામિલ છે. એટલે કે એ પણ સંભાવના રહેલી છે કે, ઘણું બધું મળી જાય અને એ પણ શક્યતા છે કે, કશું ન મળે અને બધું જ ગુમાવવામાં આવે. જેમકે આજે લૉટરીની વિવિધ પદ્ધતિઓ પ્રચલિત છે, આ બધા પ્રકારો કિમાર અને મયસિરમાં શામિલ છે અને હરામ છે. એટલા માટે મયસિર અથવા કિમારની વ્યાખ્યા એ છે કે, "જે લેવડ–દેવડમાં કોઈને માલનો માલિક બનાવવા

માટે એવી શરત હોય કે જેમાં બંને તરફે સંપૂર્ણ નફો અથવા સંપૂર્ણ નુકસાન થવાની શક્યતા હોય." (શામી, પેજ : ૫૫, ભાગ : ૫ – કિતાબુલ હઝરે વ ઈબાહિતે) દા.ત. એવી શક્યતા પણ છે કે, એક વ્યક્તિને નુકસાન ઉઠાવવું પડે તેનાથી જ બીજી વ્યક્તિને લાભ પહોંચે અને બીજાનું નુકસાન એ પ્રથમ વ્યક્તિનો લાભ બને અને જુગારની આ પદ્ધતિના જેટલા પણ પ્રકારો પ્રાચીન યુગથી પ્રચલિત હતા અને આજે પણ છે અને ભવિષ્યમાં પણ નવા–નવા પ્રકારો પૈદા થતા રહેશે, તે બધા જ મયસિર અને કિમાર–જુગાર કહેવામાં આવશે. કોઈ સમસ્યા (Puzzle) હલ કરવા માટેની ફી ભરી તેમાં ભાગ લેવો (જેમકે આજે વિવિધ ટી.વી. ચેનલો દ્વારા ક્વીઝ કોમ્પીટીશનમાં ભાગ લેવા માટે એસ.એમ.એસ. કરી પૈસા ગુમાવવામાં આવે છે અને એ પણ નક્કી નથી હોતું કે, પૈસા ગુમાવ્યા પછી તેમાં નંબર લાગશે કે કેમ ? અને જો નંબર લાગે પણ છે, તો તેમાં પ્રશ્નોના ઉત્તર આપવાની શરત રાખી ઈનામની રકમ નક્કી કરવામાં આવે છે. –અનુવાદક) અને આ પ્રકારનો દરેક ધંધો એ જ પ્રમાણે ધંધાદારી લૉટરીના બધા જ પ્રકારો તેમાં શામિલ છે. હા ! જો ફક્ત એક તરફી રીતે ઈનામ નક્કી કરવામાં આવે કે, જો ફલાણો વ્યક્તિ ફલાણું કામ કરશે, તેને આ ઈનામ મળશે તો તેમાં કોઈ વાંધો નથી અને તેમાં શરત એ છે કે, તે વ્યક્તિને તે કામ કરવા માટે કોઈ ફી વગેરે રકમ ભરવાની ન હોય. કારણ કે, તેમાં જો એક તરફી ઈનામ જાહેર થયું હશે તો તે કોઈ એકનું નુકસાન એ બીજાનો લાભ તથા લેવડ–દેવડ, યા તો નક્કી નફો યા તો નક્કી નુકસાન ઉપર આધારિત નથી. બલકે, એક તરફી શરતમાં "નફો" અથવા "નહિ નફો" વચ્ચે વ્યક્તિએ પોતે પસંદગી કરવાની હોય છે. તેમાં શરત પૂરી ન કરનાર વ્યક્તિએ આર્થિક રીતે કશું ગુમાવવાનું હોતું નથી અથવા તો કોઈ ફી ભરવાની હોતી નથી, કારણ કે નુકસાનનો સવાલ રહેતો જ નથી.

સહીહ હદીષમાં શતરંજ અને સોગઠાબાજી વગેરેને હરામ કરવામાં આવ્યું છે, જેમાં હાર–જીત અને યુદ્ધની નકલ કરવામાં આવે છે. તાસ (જુગાર રમવાના પત્તા–પાના) ઉપર રૂપિયાની હાર–જીત થાય છે, તે પણ મયસિરમાં શામિલ છે અને હરામ છે.

સહીહ મુસ્લિમમાં બુરૈદહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ

ફરમાવ્યું કે, “જે વ્યક્તિ સોગઠાબાજી રમતો હોય, તે જાણે કે સુવ્વરના માંસ અને લોહીમાં પોતાના હાથ રંગી રહ્યો છે” અને હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુએ ફરમાવ્યું છે કે, “શતરંજ (ચેસ) મયસિરમાં શામિલ છે” અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ ફરમાવ્યું, “શતરંજ તો સોગઠાબાજીથી પણ વધારે ખરાબ રમત છે.” *(તફસીર ઈબ્ને કષીર)*

શરૂઆતમાં ઈસ્લામમાં દારૂની જેમ કિમાર (જુગાર) પણ હરામ થયો ન હતો. મક્કામાં જ્યારે સૂરએ રૂમની غُلِبَتِ الرُّومُ આયત નાઝિલ થઈ અને કુર્આને ખબર આપી કે, અત્યારે રૉમનો જો કે તેમના હરીફ કિસરા (ઈરાનીઓ) સામે હારી ગયા છે, પરંતુ અમુક વર્ષો પછી રૉમનો જીતી જશે. મક્કાના મુશ્રિકોએ તેનો ઈન્કાર કર્યો, હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ કાફિરો સાથે આ જ પ્રમાણે કિમારની શરત લગાવી કે, જો આટલા વર્ષોમાં રૉમનો ગાલિબ આવે (જીતે), તો આટલો માલ તમારે મને આપવો પડશે. કાફિરોએ એ શરત માની લીધી. કુર્આને આપેલી ખબર પ્રમાણે અમુક વર્ષો પછી તે ઘટના બની તો હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ કાફિરો પાસેથી તે શરત મુજબનો માલ પ્રાપ્ત કર્યો. રસૂલે કરીમ ﷺ પાસે તે માલ લાવવામાં આવ્યો, પરંતુ આપ ﷺએ તે માલ ગરીબોમાં વહેંચી દેવાનો હુકમ કરી દીધો.

કારણ કે, જે વસ્તુ ભવિષ્યમાં હરામ થનારી હતી, અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺને તે હરામ ન હોવાની પરિસ્થિતિમાં પણ તેનાથી સુરક્ષિત રાખ્યા હતા. એટલા માટે દારૂ અને જુગાર વગેરેથી આપ ﷺ હંમેશા બચતા હતા અને ખાસ ખાસ સહાબા (રદિ.) પણ આવી વસ્તુઓથી હંમેશા સુરક્ષિત રહ્યા હતા.

એક રિવાયતમાં છે કે, જિબ્રઈલ અમીન (અલૈ.)એ રસૂલે કરીમ ﷺને ખબર આપી કે અલ્લાહ તઆલાને જા'ફર તૈયાર (રદિ.)ની ચાર આદતો ખૂબ પસંદ છે. જ્યારે રસૂલે કરીમ ﷺએ જા'ફર (રદિ.)ને પૂછ્યું કે, તમારામાં એ ચાર ટેવો કઈ કઈ છે ? તો હઝરત જા'ફર (રદિ.)એ વિનંતી કરી કે મેં તેનો હજૂ સુધી કોઈની સામે ઉલ્લેખ કર્યો નથી, પરંતુ જ્યારે આપ ﷺને અલ્લાહ તઆલાએ ખબર આપી દીધી તો આ ચાર આદતો આપને જાણ કરૂં છું, જે આ પ્રમાણે છે, (૧) મેં જોયું કે, દારૂ બુદ્ધિને ભ્રષ્ટ કરે છે, એટલા માટે હું ક્યારેય તેની

પાસે પણ નથી ગયો, (૨) મેં જોયું કે, મૂર્તિ ન તો કોઈને લાભ પહોંચાડી શકે છે, ન જ નુકસાન; એટલા માટે ઈસ્લામ પહેલાં પણ મેં ક્યારેય મૂર્તિપૂજા કરી નથી, (૩) હું મારી પુત્રીઓ અને પત્ની બાબતે ખૂબ જ સ્વમાની અને ગયરતમંદ છું, એટલા માટે મેં ક્યારેય જીવનમાં વ્યભિચાર કર્યો નથી અને (૪) મેં જોયું કે, જૂઠું બોલવું ઝિલ્લત અને નીચ કક્ષાની વાત છે, એટલા માટે હું ઈસ્લામ પહેલાંની અજ્ઞાનતમાં પણ ક્યારેય જૂઠું બોલ્યો નથી. *(રૂહુલ બયાન)*

કિમાર (જુગાર)ના સામાજિક અને સામૂહિક નુકસાનો :

કિમાર એટલે કે જુગાર વિશે કુર્આન શરીફમાં જે રીતે દારૂના નુકસાનો સંદર્ભે જે ઉલ્લેખ થયો છે, એ જ પ્રમાણે જુગાર માટે પણ કહેવામાં આવ્યું છે કે, જો તેમાં થોડો નફો હોય તો પણ તેના નુકસાનો તેના લાભ કરતાં અનેક ઘણા વધારે છે. તેના નફા અને લાભને તો દરેક જાણે છે કે, જો જીતી જાય તો બેઠાં-બેઠાં એક ફકીર અને ગરીબ વ્યક્તિ માલદાર અને મૂડીપતિ બની શકે છે, પરંતુ તેની સામાજિક, સામૂહિક, આધ્યાત્મિક તથા આર્થિક બુરાઈઓ અને દૂષણો ઘણા ઓછા લોકો જાણે છે. તેનો ખુલાસો એ છે કે, જુગારની રમતનો સમગ્ર આધાર એક વ્યક્તિનો નફો બીજાના નુકસાન ઉપર હોય છે. જીતનારને નફો જ નફો અને હારનારને નુકસાન જ નુકસાન થાય છે કારણ કે, આ કારોબારમાં કોઈ દૌલત વધતી નથી અને એ યથાસ્થિતિમાં જ રહે છે. ફક્ત આ રમત દ્વારા આ દૌલત એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરે છે. હારનાર પાસેથી જીતનાર પાસે પહોંચી જાય છે. એટલા માટે જુગાર સંપૂર્ણપણે કૌમની તબાહી અને વ્યક્તિની વર્તણૂક માટે મૃત્યુ સમાન છે કે, જે માનવજાતે માનવીય લાગણીઓથી ભરપૂર અન્યોના દુઃખે દુઃખી થનાર હમદર્દીનો નમૂનો બનવું જોઈએ, તે એક ખૂંખાર દરીન્દા અને જંગલી પશુ જેવી ખાસિયત અપનાવી લે છે કે, પોતાના ભાઈની મૌતમાં પોતાની જિંદગી, તેની મુસીબતમાં પોતાની રાહત, તેના નુકસાનમાં પોતાનો નફો સમજવા લાગે છે અને પોતાની સુસ્તી તથા આળસને સ્વાર્થીપણામાં ખર્ચ કરે છે. જુગારના બદલે વેપારમાં ખરીદ-વેચાણના જાઈઝ સ્વરૂપો દ્વારા બંને પક્ષે ફાયદો થાય છે. વેપાર દ્વારા માલની લેવડ-દેવડથી દૌલત વધે છે અને ખરીદનાર તથા વેચનાર બંનેને તેનો ફાયદો પહોંચે છે. વેપારીને માલના બદલામાં રકમ મળે છે અને ગ્રાહકને રકમના બદલામાં માલ

મળે છે, જ્યારે કે જુગારમાં કોઈ એક પક્ષને નુકસાન થાય છે અને બીજા પક્ષને પ્રથમ વ્યક્તિનું નુકસાન એ નફા સ્વરૂપે મળે છે.

જુગારનું એક મોટું નુકસાન એ પણ છે કે, જુગારની લત ધરાવનાર વ્યક્તિ પોતાની વાસ્તવિક રીતે કમાઈ કરવાના માધ્યમો અને તેને મેળવવાના હુન્નરોથી વંચિત થઈ જાય છે. કારણ કે, હંમેશા તેઓ બેઠાં બેઠાં શરત લગાવી અન્યોનો માલ હડપ કરવાની તાકમાં રહેતા હોય છે, જેમાં ન તો કોઈ મહેનત છે અને ન જ તકલીફ. અમુક લોકોએ જુગારનું નામ "મયસિર" રાખવાનું વર્ણન એ કર્યું છે કે, તેના દ્વારા બીજાનો માલ સરળતાથી પોતાનો બની જાય છે. જુગારની લેવડ-દેવડ જો બે-ચાર વ્યક્તિઓના વર્તુળ દરમિયાન થાય તો એમાં પણ ઉપરોક્ત વર્ણવ્યા પ્રમાણે નુકસાનો ચોખ્ખા નજરે પડે છે, પરંતુ વર્તમાન સમયમાં અમુક ઉપરછલ્લી નજરથી જોનાર આધુનિકતાવાદી માણસ વર્તમાન યુગને મોર્ડન યુગ કહે છે, તેમાં દારૂના નવા-નવા પ્રકારો અને નવા-નવા નામ રાખવામાં આવ્યા છે, વ્યાજના નવા-નવા પ્રકારો અને નવી-નવી સામૂહિક પદ્ધતિઓ બેન્કિંગના નામે અસ્તિત્વમાં આવી છે. એવી જ રીતે દારૂ અને જુગારના પણ હજારો પ્રકારો ચાલી પડ્યા છે. અમુક પ્રકારો તો એવા છે, જેમાં સામૂહિક રીતે કૌમના થોડા-થોડા પૈસા જમા થાય છે, પરંતુ જે નુકસાનો થાય છે તે બધાની ઉપર જાહેર કરવામાં આવતા નથી અને જેને તે રકમ મળે છે, તેને તેનો લાભ બતાવવામાં આવે છે. એટલા માટે ઘણા લોકો તેના વ્યક્તિગત નફાને જુએ છે, પરંતુ સમગ્ર કૌમના સામૂહિક નુકસાન ઉપર ધ્યાન આપતા નથી. એટલા માટે તેઓ આ પદ્ધતિ જાઇઝ હોવાનું વિચારે છે, હાલાં કે તેમાં તે બધા જ નુકસાનો મૌજૂદ છે, જેમકે બે-ચાર વ્યક્તિઓ ભેગા મળી જુગાર રમે છે ત્યારે એક સ્વરૂપે તેનું નુકસાન તે જુગારના પ્રાચીન સ્વરૂપ એટલે કે કિમાર કરતાં પણ વધારે ખરાબ છે, જેનો પ્રભાવ સમગ્ર સમાજ ઉપર પડે છે અને કૌમની બરબાદીનો સામાન બને છે. કારણ કે તેનો વાસ્તવિક પ્રભાવ એ હશે કે મિલ્લતની સામૂહિક દૌલત ઘટી જશે અને અમુક મૂડીપતિઓની મૂડીઓમાં વધારે ઈજાફો થતો રહેશે, તેનું પરિણામ ચોક્કસ એ આવશે કે, સમગ્ર પ્રજાની દૌલત એક સીમિત વર્તુળ સુધી સમેટાય જશે અને અમુક ચોક્કસ કુટુંબો સુધી પહોંચી જશે, જેની સાબિતી સટ્ટાબજાર તથા કિમારબાજીના બીજા પ્રકારો સ્વરૂપે રોજબરોજ જોવા મળે છે.

ઈસ્લામી વેપાર-વાણિજ્યનો મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે, દરેક લેવડ-દેવડમાં હરામ-હલાલનો ખ્યાલ રાખવામાં આવે. ઈસ્લામ દરેક એવી લેવડ-દેવડને હરામ ઠરાવે છે, જેના દ્વારા સમગ્ર પ્રજાની દૌલત સમેટાયને અમુક મૂડીપતિઓના કબજામાં ચાલી જાય. કુર્આન શરીફમાં દૌલતની વહેંચણીના સિદ્ધાંત સંદર્ભે તેની જાહેરાત આ રીતે કરવામાં આવી છે. كَيْلَا يَكُوْنَ دُوْلَةً بَيْنَ الْاَغْنِيَاءِ مِنْكُمْ માલ-દૌલતની વહેંચણી વિવિધ વર્ગોમાં કરવાનો જે સિદ્ધાંત કુર્આને નક્કી કર્યો છે તેનો હેતુ એ છે કે, સમગ્ર દૌલત સમેટાયને માત્ર અમુક મૂડીપતિઓ પાસે જમા ન થઈ જાય.

કિમાર એટલે કે જુગારની બુરાઈ એ પણ છે કે, દારૂની જેમ કિમાર પણ પરસ્પર લડાઈ-ઝઘડા અને ફિત્ના-ફસાદનું કારણ બને છે. હારનારને સ્વાભાવિક રીતે જીતનારથી નફરત, ધૃણા તથા દુશ્મની પૈદા થાય છે અને આ બાબત પ્રગતિ, વિકાસ તેમજ સામાજિક સૌહાર્દ માટે ખૂબ જ નુકસાનકારક છે. એટલા માટે કુર્આન શરીફે ખાસ રીતે તેના દુષ્પ્રભાવોને વર્ણન કર્યા.

اِنَّمَا يُرِيْدُ الشَّيْطَانُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ
وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ،

"શયતાન તો એવું જ ઈચ્છે છે કે, દારૂ અને જુગાર દ્વારા તમારામાં પરસ્પર દુશ્મની, કીનો અને નફરત પૈદા કરી આપે અને તમને અલ્લાહનો ઝિક્ર અને નમાઝથી રોકી લે."
(સૂરહ : ૫, આયત : ૯૧)

એવી જ રીતે કિમાર (જુગાર)નો એક દુષ્પ્રભાવ એ પણ છે કે, દારૂની જેમ વ્યક્તિ તેમાં રચ્યો-પચ્યો રહીને અલ્લાહના ઝિક્ર અને નમાઝથી ગાફેલ થઈ જાય છે અને કદાચ આ જ કારણ છે કે, કુર્આન શરીફે દારૂ અને જુગારને એક જ શ્રેણીમાં રાખી એક જ અંદાજથી વર્ણન ફરમાવ્યું છે કે, અર્થની દૃષ્ટિએ જુગાર પણ એક નશો જ છે, જે વ્યક્તિને તેના ભલા-બુરાની ચિંતાથી ગાફેલ બનાવી દે છે. પ્રસ્તુત આયતમાં પણ એ બંને વસ્તુઓને ભેગી કરીને બંનેના સરખા દૂષણો વર્ણન ફરમાવ્યા છે કે, તે પરસ્પર વેર-ઝેર અને દુશ્મનાવટનું કારણ બને છે અને અલ્લાહના ઝિક્ર તથા નમાઝથી રોકવાનો સબબ બને છે.

દારૂની એક પાયાની ખરાબી એ પણ છે કે, તે ખોટી પદ્ધતિથી અન્ય

લોકોનો માલ હજમ કરવાની રીત છે. તેમાં કોઈ પણ પ્રકારના વળતર વિના અન્યોના માલને પોતાનો બનાવી લેવામાં આવે છે. કુર્આન શરીફે તેને આ પ્રમાણે વર્ણન કર્યું છે.

وَلَا تَاْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ،

"પરસ્પર (એકબીજાનો) માલ ખોટી રીતે ન ખાઈ જાઓ." (સૂ:૨,આ:૧૮૮)

જુગારની એક મોટી ખરાબી એ છે કે, તેનાથી ઘણા બધા ઘરો, કુટુંબો બરબાદ થઈ જાય છે, લખપતિ વ્યક્તિ ગરીબ બની જાય છે, તેનાથી ફક્ત જુગાર રમનાર વ્યક્તિ જ પ્રભાવિત નથી થતો, બલકે જુગારનો ગુનોહ આચરનારનું પુરું ઘર અને કુટુંબ મુસીબતમાં સપડાય જાય છે અને જો વિચાર કરવામાં આવે તો તેનાથી સમગ્ર સમાજ પ્રભાવિત થાય છે. કારણ કે જે લોકોએ તેની આર્થિક હાલત જોઈને તેની સાથે ઉછી-પાછીના અને ઉધારના કરારો કર્યા હશે, તેઓ બધા દેવાળિયા થઈ જશે, તો એ બધા લોકો ઉપર પણ જુગાર રમનારની બરબાદીનો અસર પડશે.

જુગારમાં એક દૂષણ એ પણ છે કે, જુગારી વ્યક્તિની કામ કરવાની ઈચ્છાશક્તિ મંદ પડી જાય છે અને તે જીતવાના દીવા સ્વપ્નાઓ જુએ છે, રાતો-રાત માલદાર થવાના મનસૂબાઓ સેવે છે અને પોતાના આપબળે અથવા બુદ્ધિની મહેનતથી કોઈ દૌલત વધારવાનો પ્રયત્ન કરતો નથી. તેના રાત-દિવસના વિચારો એટલે સુધી સીમિત થઈ જાય છે કે, કેવી રીતે અન્યોની કમાઈ ઉપર પોતાનો કબજો થઈ જાય ?!

આ ટૂંકી લિસ્ટ છે, જુગારના દુષણોની ! જેનાથી ન જ ફક્ત આ ગુનોહ આચરનાર વ્યક્તિ પ્રભાવિત થાય છે, બલકે, તેનો દુષ્પ્રભાવ તેના બાળ-બચ્ચાં, કુટુંબ-કબીલો, લેણદારો અને સમગ્ર સમાજ ઉપર પડે છે. એટલા માટે કુર્આન શરીફે ફરમાવ્યું, وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا "દારૂ અને જુગારના દૂષણો તેનો નફા કરતાં વધારે છે."

જુગાર સંદર્ભે ફિક્હના અમુક સિદ્ધાંતો અને તેના લાભા-લાભ :

આ આયતમાં દારૂ અને જુગારના અમુક ફાયદાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે, પરંતુ તેના નુકસાનો વધુ હોવાના કારણે તેનાથી રોકાઈ જવાને

હિદાયત ગણવામાં આવી છે, જેનું એક મહત્ત્વનું પરિણામ એ આવે છે કે, કોઈ વસ્તુ અથવા કોઈ કામમાં દુનિયવી ફાયદો હોય તો તે એ બાબતની દલીલ નથી હોતી કે, તે શરીઅતની રૂએ હરામ ન હોવું જોઈએ. કારણ કે, જેવી રીતે અમુક પ્રકારના ખોરાક અને દવાઓને નુકસાનકારક ગણવામાં આવે છે, જેના નુકસાનો તેના ફાયદાઓ કરતાં વધારે સખત હોય છે. દુનિયાની ખરાબમાંની ખરાબ વસ્તુ પણ આમ તો ફાયદાથી ખાલી નથી. ભલે તે સાપ હોય કે વીંછી હોય, જંગલી જાનવરો હોય કે અન્ય કોઈ પ્રાણી; લાભથી ખાલી નથી ! પરંતુ સમગ્ર પરિસ્થિતિ ઉપર દષ્ટિપાત કરીએ તો તેમને અંતે નુકસાનકારક કહેવામાં આવશે અને તેમની પાસે જવાથી પણ બચવાનું માર્ગદર્શન આપવામાં આવશે. એવી જ રીતે અર્થના સંદર્ભમાં જે કાર્યોના નુકસાનો તેના ફાયદાઓ કરતાં વધારે હોય, શરીઅતની રૂએ તેને હરામ કરવામાં આવે છે. ચોરી, લૂંટફાટ, વ્યભિચાર, અપહરણ, ધોકો, છેતરપિંડી વગેરે તમામ ગુનાહોમાં કયો ગુનોહ એવો નથી કે, જેમાં કોઈ ફાયદો ન હોય !? કારણ કે જો તે લાભ વિનાની બાબત હોત, તો કોણ એવો બુદ્ધિશાળી હશે કે જે તેની પાસે જાય !? અલબત્ત આ બધા ગુનાહોમાં તે જ લોકો પ્રવીણ હોય છે, જેમને બુદ્ધિશાળી અને ચતુર સમજવામાં આવે છે !? સ્પષ્ટ થયું કે, લાભ અને ફાયદાઓ તો બધા જ ગુનાહોમાં કોઈને કોઈ પ્રકારે રહેલા જ છે, પરંતુ જુગારના નુકસાનો તેના ફાયદાઓ કરતાં વધારે છે. એટલા માટે કોઈ સાચો વ્યક્તિ તેના ફાયદાઓને જાઈઝ નહિ કહે. શરીઅતે ઈસ્લામે દારૂ અને જુગારને આ જ સિદ્ધાંતો હેઠળ હરામ ઠરવ્યા છે કે, દીન અને દુનિયામાં તેના ફાયદાઓ કરતાં નુકસાનો વધુ છે.

ફિક્હનો એક અન્ય સિદ્ધાંત :

આ આયતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, જે બાબતમાં ફાયદા કરતાં નુકસાન વધારે હોય એટલે કે, એક કામ દ્વારા થોડો ફાયદો થાય, પરંતુ તેના નુકસાનો તેના ફાયદા કરતાં અનેકગણા વધારે હોય, તો નુકસાનોથી બચવા માટે તેના લાભને છોડી દેવા જરૂરી થઈ જાય છે અને આવા લાભો છોડી દેવાથી તેમાં રહેલા ફાયદા કરતાં વધારે નુકસાનોથી પણ બચી શકાય છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ...૨૧૯ થી ૨૨૧)

......وَيَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ۬ قُلِ الْعَفْوَ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ
لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿۲۱۹﴾ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْيَتٰمٰى ؕ قُلْ اِصْلَاحٌ لَّهُمْ
خَيْرٌ ؕ وَاِنْ تُخَالِطُوْهُمْ فَاِخْوَانُكُمْ ؕ وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ
لَاَعْنَتَكُمْ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۲۲۰﴾ وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَلَاَمَةٌ
مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ ۚ وَلَا تُنْكِحُوا الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا ؕ وَ
لَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ۖۚ وَاللّٰهُ يَدْعُوْٓا
اِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿۲۲۱﴾ ع ۲۷

તરજુમો :

........અને આપ (ﷺ)ને પૂછે છે કે શું ખર્ચ કરે ? કહી આપો ! જે બચે પોતાના ખર્ચ કરતાં (The Surplus); એ જ પ્રમાણે અલ્લાહ તમારા માટે હુકમો સ્પષ્ટ વર્ણન કરે છે, જેથી તમે ચિંતન-મનન કરો. (૨૧૯) દુનિયા અને આખિરતની બાબતોમાં; અને તેઓ તમને યતીમો વિશે (હુકમ) પૂછે છે, કહી આપો ! તેમની ભલાઈ (કરવી) ઉત્તમ (બાબત) છે; અને જો તેમનો ખર્ચ (તમારા માલમાં) ભેળવો તો તે તમારા ભાઈ છે અને અલ્લાહ બગાડ કરનાર અને સુધારણા કરનારને સારી પેઠે જાણે છે; અને જો અલ્લાહે ઈચ્છયું હોત, તો તમારા ઉપર મુશ્કેલી નાંખી હોત; બેશક ! અલ્લાહ પ્રચંડ શક્તિશાળી (અને) હિકમતવાળો છે. (૨૨૦) અને મુશ્રિક સ્ત્રીઓ જ્યાં સુધી ઈમાન ન લાવે તેમની સાથે નિકાહ ન કરો; અને અલબત્ત મુસલમાન લોંડી મુશ્રિક સ્ત્રી કરતાં ઉત્તમ છે, ભલે તે (મુશ્રિક સ્ત્રી) તમને મનમોહક લાગે; અને મુશ્રિકો સાથે જ્યાં સુધી તે ઈમાન ન લાવે નિકાહ ન કરો; અને અલબત્ત મુસલમાન ગુલામ મુશ્રિક કરતાં ઉત્તમ છે, ભલે તે (મુશ્રિક પુરૂષ) તમને મનમોહક લાગે; તેઓ દોઝખ તરફ બોલાવે છે અને અલ્લાહ પોતાના

હુકમથી જન્નત તરફ અને બખ્શિશ તરફ બોલાવે છે અને લોકો માટે પોતાના હુકમો (સ્પષ્ટ રીતે) બતાવે છે, જેથી તેઓ બોધપાઠ ગ્રહણ કરે. (૨૨૧)

તફસીર :

૧૬મો હુકમ; અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાનું પ્રમાણ :

અને લોકો આપ (ﷺ)ને પૂછે છે કે, (ખૈર-ખૈરાતમાં) કેટલું ખર્ચ કર્યા કરીએ ? તમે કહી આપો કે, જેટલું સરળ હોય (એટલે કે પોતે પણ મુસીબતમાં ન મૂકાય અને દુનિયવી તકલીફમાં ન પડે અથવા કોઈનો હક બરબાદ કરીને આખિરતની મુશ્કેલીમાં પણ ન મૂકાય). અલ્લાહ તઆલા આ પ્રમાણે હુકમોને સ્પષ્ટ રીતે વર્ણન કરે છે, જેથી તમે (તેનું જ્ઞાન મેળવી તેના ઉપર અમલ કરતા પહેલાં) દુનિયા અને આખિરતના મા'મલામાં (તેના હુકમો) વિચારી લો (અને ચિંતન કરીને દરેક બાબતમાં તેના હુકમો પ્રમાણે અમલ કર્યા કરો).

૧૭મો હુકમ; યતીમ (અનાથ)ની કેળવણી :

(કારણ કે હિન્દુસ્તાનના રિવાજ પ્રમાણે અરબોમાં પણ યતીમોનો હક આપવાની તકેદારી રાખવામાં આવતી ન હતી. એટલા માટે એવી ચેતવણી સંભળાવવામાં આવી છે કે, યતીમોનો માલ ખાઈ જવો એવું છે, જેમકે દોઝખના અંગારા પેટમાં ભરવા, આ ચેતવણીથી સાંભળનારા બીકના કારણે એટલી કાળજી રાખવા લાગ્યા કે, તેમનું જમવાનું પણ અલગ પકાવતા અને તેને અલગથી રાખતા અને જો સંજોગોવસાત્ યતીમ બાળક ઓછું ખાતું અને ખાવાનું બચી જતું તો તે સડવા લાગતું હતું. કારણ કે, તેનો ઉપયોગ ન તો તે લોકો માટે જાઈઝ હતો અને ન જ યતીમોના માલને સદકહ કરવાનો અધિકાર હતો. એવી રીતે તકલીફ પણ થતી અને યતીમનું નુકસાન પણ. એટલા માટે રસૂલુલ્લાહ ﷺને કોઈ યોગ્ય ફરમાન માટે વિનંતી કરવામાં આવી, તે સંદર્ભમાં આ આયત ઊતરી.) અને લોકો તમને યતીમ બાળકો(ના ખર્ચને ભેગો કરવા અથવા અલગ રાખવા) વિશે હુકમ પૂછે છે, તમે કહી આપો કે (વાસ્તવમાં અમારો હેતુ તેમના માલ ખાવાના પ્રતિબંધથી એ છે કે, તેમનો હક બરબાદ ન થઈ જાય અને જ્યારે ખર્ચ ભેગો રાખવામાં તેમની ભલાઈ છે, તો) તેમની ભલાઈની કાળજી રાખવી વધારે ઉત્તમ છે અને તમે એમના માલને તમારા ખર્ચ સાથે શામિલ કરો તો (તેમાં

કોઈ ભયની બાબત નથી. (કારણ કે) તે (બાળકો) તમારા (દીની) ભાઈઓ છે (અને ભાઈ-ભાઈ ભેગા જ રહેતા હોય છે) અને અલ્લાહ તઆલા (માલ) બગાડનાર અને સુધારનારને સારી પેઠે જાણે છે. (એટલા માટે ખાવા-પીવામાં એટલું બધું અલગ-અલગ ન થઈ જવું જોઈએ કે, જેમાં યતીમનો માલ બરબાદ થઈ જાય અને જાણ બહાર નિય્યત ન હોવા છતાં માલમાં વધારો-ઘટાડો થઈ જાય તો અલ્લાહ તેમની સારી નિય્યતને જાણે છે. એટલા માટે તેમને એના વિશે કોઈ હિસાબ નહિ આપવો પડે) અને અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત તો (આ બાબતમાં કઠોર કાયદો નક્કી કરીને) તમને મુસીબતમાં નાંખી દીધા હોત. (કારણ કે) અલ્લાહ પ્રચંડ શક્તિવાળો (છે પરંતુ કાયદા એટલા માટે સરળ બનાવ્યા કે, તે) હિકમતવાળો (પણ) છે, (એવો હુકમ નથી આપતો કે જેના ઉપર અમલ કરવા માટે મનુષ્ય અશક્ત હોય).

૧૮મો હુકમ; કાફિરો સાથે લગ્ન (શાદી) કરવાના સંદર્ભમાં :

અને કાફિર ઔરતો સાથે જ્યાં સુધી તે મુસલમાન ન થઈ જાય નિકાહ ન કરો અને મુસલમાન લોંડી (ભલે કનીઝ પણ કેમ ન હોય !) કાફિર સ્ત્રીઓ કરતાં (અનેકઘણી) ઉત્તમ છે. (ભલે તે કાફિર સ્ત્રી સ્વતંત્ર હોય !) ભલે તે (કાફિર સ્ત્રીઓ સ્વરૂપવાન અને માલદાર હોવાના કારણે) તમને પસંદ હોય (પરંતુ તો પણ વાસ્તવમાં મુસલમાન સ્ત્રીઓ જ ઉત્તમ છે) અને (એ જ પ્રમાણે તમારા અધિકાર હેઠળની) સ્ત્રીઓને કાફિર પુરૂષોના નિકાહમાં ન આપો, જ્યાં સુધી કે તે (કાફિર પુરુષો) મુસલમાન ન થઈ જાય, અને મુસલમાન પુરુષ (ભલે) ગુલામ (જ કેમ ન હોય તે અનેકઘણા) ઉત્તમ છે કાફિર પુરુષ કરતાં (ભલે તે આઝાદ પણ કેમ ન હોય) ભલે તે (કાફિર પુરૂષ માલદાર અથવા હોદ્દાવાળો સ્વરૂપવાન હોવાના કારણે) તમને પસંદ હોય ! (પરંતુ તો પણ મુસલમાન પુરૂષ જ સારો છે અને તે કાફિરો ખરાબ હોવાનું અને તેમનાથી નિકાહ પ્રતિબંધિત હોવાનું અસલી કારણ એ છે કે,) આ (કાફિર) લોકો દોઝખ(માં જવા)ની ચળવળ ચલાવે છે. (કારણ કે તેઓ ખરેખર, કુફ્રની ચળવળ ચલાવે છે અને તેનું પરિણામ જહન્નમ છે) અને અલ્લાહ તઆલા જન્નત અને મગફિરત(ને પ્રાપ્ત કરવા)ની ચળવળ પોતાના હુકમથી ચલાવે છે (અને આ હુકમને જાહેર એવી રીતે કરે છે કે, કાફિરો વિશે એ હુકમ કરવામાં આવ્યો કે, તેમનાથી નિકાહ ન કરવામાં આવે, જેથી

તેમની ચળવળના પ્રભાવથી સંપૂર્ણ રીતે સુરક્ષિત રહી શકાય અને તેનાથી સુરક્ષિત રહીને જન્નત અને મગફિરત પ્રાપ્ત કરી શકાય) અને અલ્લાહ તઆલા એ કારણે પોતાના હુકમો બતાવી આપે છે, જેથી તે લોકો બોધપાઠ ઉપર અમલ કરે (અને અમલ કરી જન્નત અને મગફિરતના હકદાર બની જાય).

ખુલાસો (બયાનુલ કુર્આનમાંથી) :

મસ્અલો :

જે કૌમોને પોતાની રહેણી-કહેણી અને રીત-રિવાજોના કારણે અહલે કિતાબ સમજવામાં આવે છે, પરંતુ માન્યતાઓની તહકીક કરવાથી તેઓ અહલે કિતાબ સાબિત ન થાય, એવી કૌમની ઔરતો સાથે નિકાહ કરવા બરાબર નથી. જેમકે આજકાલ મોટેભાગે અંગ્રેજોને સામાન્ય લોકો અહલે કિતાબ સમજે છે. બલકે, સંશોધન કરવાથી તેમની અમુક માન્યતાઓ અને અકીદાઓ મુલ્હિદ પ્રકારના હોવાનું સાબિત થયું છે કે, તેઓ ન તો અલ્લાહને માને છે અને ન જ હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વતને સ્વીકારે છે અને ન જ તેઓ ઇન્જીલ આસમાની કિતાબ હોવાની શ્રદ્ધા ધરાવે છે. બસ, આવા લોકો ઈસાઈ નથી. આવી કૌમોમાં જે સ્ત્રી હોય તેનાથી નિકાહ જાઇઝ નથી, અમુક લોકો ઘણી મોટી ભૂલ કરે છે અને યુરોપની (ક્રિશ્ચિયન) સ્ત્રીઓ સાથે નિકાહ કરી લાવે છે.

મસ્અલો :

એવી જ રીતે જે પુરૂષ દેખીતી રીતે મુસલમાન સમજવામાં આવે છે, પરંતુ તેના અકીદાઓ કુફ્ર સુધી પહોંચ્યા હોય, તેનાથી મુસ્લિમ ઔરતોનો નિકાહ જાઇઝ નથી અને જો નિકાહ થઈ ગયા પછી તેના અકીદાઓ ખરાબ થઈ જાય તો નિકાહ તૂટી જાય છે. જેમકે આજકાલ ઘણા લોકો ઈસ્લામથી અજ્ઞાન હોવાના કારણે વિજ્ઞાનના પ્રભાવ હેઠળ પોતાની માન્યતાઓ અને અકીદાઓને બરબાદ કરી રહ્યા છે. છોકરીવાળાઓ માટે વાજિબ છે કે, માંગુ આવે તે સમયે પ્રથમ સામા પક્ષના અકીદાઓની તહકીક કર્યા પછી જ નિકાહ નક્કી કરે.

મસ્અલા અને બોધપાઠ :

ઇસ્લામમાં મુસ્લિમ અને કાફિરોનો પરસ્પર લગ્નસંબંધ પ્રતિબંધિત છે :

ઉપરોક્ત આયતમાં એક અગત્યનો મસ્અલો એ વર્ણન કરવામાં આવ્યો

છે કે, મુસલમાન પુરૂષોનો નિકાહ કાફિર ઔરતો સાથે અને કાફિર ઔરતોનો નિકાહ મુસલમાન પુરૂષો સાથે જાઈઝ નથી. એ જ પ્રમાણે મુસલમાન સ્ત્રીઓનો નિકાહ કાફિર પુરૂષો સાથે તથા કાફિર પુરૂષોનો નિકાહ મુસલમાન સ્ત્રી સાથે જાઈઝ નથી. કારણ એ છે કે, કાફિર પુરૂષો અને કાફિર સ્ત્રીઓ વ્યક્તિને જહન્નમ તરફ લઈ જવાનું કારણ બને છે. લગ્નસંબંધો પરસ્પર મહોબ્બત, લાગણી અને એકતા સ્થાપે છે, એના સિવાય આ સંબંધોનો અસલી હેતુ પૂર્ણ થતો નથી. મુશ્રિકો સાથે આ પ્રકારના નજીકના સંબંધો, મહોબ્બત અને એકતા રાખવાનું દેખીતું પરિણામ અને પ્રભાવ મુસલમાનના દિલ ઉપર એ થશે કે, કુફ્ર અને શિર્ક સાથે ઘરોબો કેળવાશે અથવા ઓછામાં ઓછું એટલું તો થશે જ કે, કુફ્ર અને શિર્કની નફરત તેના દિલમાંથી નીકળી જશે અને તેનું પરિણામ એ છે કે, તે પણ કુફ્ર અને શિર્કમાં સપડાઈ જવાની સંભાવના રહે છે અને તેનું અંતિમ પરિણામ જહન્નમ છે. એટલા માટે ફરમાવવામાં આવ્યું કે તે લોકો જહન્નમ તરફ આમંત્રણ આપી રહ્યા છે, જ્યારે કે અલ્લાહ તઆલા પોતે પોતાના બંદાઓને જન્નત તથા બખ્શિસ તરફ આમંત્રણ આપે છે તથા પોતાના સ્પષ્ટ હુકમોનું વર્ણન કરે છે જેથી લોકો બોધપાઠ ગ્રહણ કરી તેના ઉપર અમલ કરે. અત્રે અમુક બાબતો વિચારવા યોગ્ય છે.

પ્રથમ એ કે, આ આયતમાં શબ્દ "મુશ્રિક"થી જો મુતલક (સદંતર) ગૈરમુસ્લિમ સમજવામાં આવે તો કુર્આન શરીફની એક બીજી આયતની બીના પર અહલે કિતાબની ગૈરમુસ્લિમ ઔરતો આ હુકમમાં શામિલ નથી. وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ [અને અહલે કિતાબની પાક દામન સ્ત્રીઓ (નિકાહ માટે) હલાલ છે. – સૂરહ : ૫, આયત : ૫] જેમાં આ ઈરશાદ થયો છે. જો મુશ્રિકથી ખાસ તે ગૈરમુસ્લિમ સમજવામાં આવે જે અહલે કિતાબ નથી, તો આ આયત પોતાની જગ્યાએ તે ગૈરમુસ્લિમો અને મુશ્રિકોને લાગુ પડે છે, જે કોઈપણ પયગંબર અને આસમાની કિતાબો પર ઈમાન ધરાવતા નથી.

બીજી વાત વિચારવા યોગ્ય છે કે, મુસ્લિમો અને કાફિરો વચ્ચે લગ્નસંબંધો હરામ ઠરાવવાનું જે કારણ કુર્આન શરીફમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, તેમની સાથે એવા સંબંધો કુફ્ર અને શિર્કની નજદીકીમાં (નિકટતામાં) સપડાઈ જવાનું કારણ બને છે, તો એ વાત તો જાહેર છે કે, તમામ ગૈરમુસ્લિમ સંપ્રદાયો

માટે આ હુકમ એકસમાન છે પછી અહલે કિતાબની સ્ત્રીઓ માટે અલગ હુકમ હોવાનું શું કારણ છે ?

જવાબ દેખીતો છે કે, અહલે કિતાબનો મતભેદ ઈસ્લામ સાથે બીજા ગૈરમુસ્લિમો કરતાં ઓછો અને હલકો છે, કારણ કે, ઈસ્લામના અકીદાઓના મુખ્ય ત્રણ સ્તંભો છે. એક તૌહીદ, બીજું આખિરત અને ત્રીજું રસૂલે કરીમ ﷺની રિસાલત. તેમાં તૌહીદ અને આખિરતના અકીદામાં તો સાચા અહલે કિતાબ યહૂદીઓ અને નસારા પણ પોતાના મૂળ ધર્મના આધારે મુસલમાનો સાથે સહમત છે. એટલા માટે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ઠરાવવું પોતે તે અહલે કિતાબ ધર્મમાં પણ કુફ્ર છે, એ અલગ બાબત છે કે, તેઓ હઝરત ઈસા (અલૈ.)ના સન્માન અને મહોબ્બતમાં એટલા આગળ વધી ગયા કે, શિર્ક સુધી પહોંચી ગયા !

હવે, પાયાનો વિરોધ ફક્ત એ રહી જાય છે કે, અહલે કિતાબ રસૂલે કરીમ ﷺને રસૂલ નથી માનતા અને ઈસ્લામમાં આ અકીદહ (માન્યતા) પણ પાયાનો અકીદહ છે, તેના વિના કોઈ વ્યક્તિ મો'મિન નથી થઈ શકતો. મતલબ કે, ગૈરમુસ્લિમ સંપ્રદાયો કરતાં અહલે કિતાબનો વિરોધ અને મતભેદ માત્ર રિસાલતનો છે. એટલા માટે તેમનાથી ફસાદ ફેલાવાનો અન્ય ધર્મો જેવો મોટો ભય નથી.

ત્રીજી બાબત ધ્યાન આપવા જેવી છે કે, જ્યારે અહલે કિતાબનો મતભેદ હલકો ઠરાવીને તેમની સ્ત્રીઓ સાથે મુસલમાનોના નિકાહ જાઈઝ થયા તો એનાથી વિપરીત મુસલમાન ઔરતોના નિકાહ પણ ગૈરમુસ્લિમ અહલે કિતાબ સાથે જાઈઝ હોવા જોઈએ. પરંતુ જરા વિચાર કરો તો તફાવત સ્પષ્ટ થઈ જાય છે કે, સ્ત્રી વાસ્તવમાં પુરૂષ કરતાં અમુક અંશે કમજોર છે અને પતિ તેના ઉપર આધિપત્ય ભોગવે છે તથા પુરૂષને સ્ત્રીનો રક્ષક બનાવવામાં આવ્યો છે. પુરુષના અકીદહ (માન્યતા)ઓ અને વિચારસરણીથી સ્ત્રીનું પ્રભાવિત થઈ જવું કોઈ મોટી વાત નથી. એટલા માટે જો મુસલમાન સ્ત્રી ગૈરમુસ્લિમ અહલે કિતાબના નિકાહમાં રહેશે તો તેના પતિના વિચારોનો પ્રભાવ પત્ની ઉપર સૈદ્ધાંતિક રીતે પડશે જ; આ કોઈ અતિશયોક્તિની બાબત નથી. તેના પતિના કારણે તેનું ઈમાન ખરાબ થવાની સંભાવના છે.

ચોથી બાબત ધ્યાન આપવા યોગ્ય એ છે કે, કહેવાય છે કે, લગ્નસંબંધોમાં

જે કોઈ પ્રભાવ હોય છે તે પતિ-પત્નીમાં પરસ્પર સરખો હોય છે. એટલા માટે જેવી રીતે એવી શંકા છે કે, મુસલમાનોના અકીદાઓ ગૈરમુસ્લિમોથી પ્રભાવિત થઈ જાય, એવી રીતે એ પણ સંભવ છે કે, ઘટના બિલકુલ ઊલટી થઈ જાય કે, ગૈરમુસ્લિમોના અકીદાઓ મુસલમાનોથી પ્રભાવિત થઈ જાય અને તેઓ ઈસ્લામ સ્વીકાર કરે, માટે હોવું તો એવું જોઈએ કે ગૈરમુસ્લિમો સાથે લગ્નસંબંધો પ્રતિબંધિત ન કરવામાં આવે. પરંતુ અત્રે હિકમતની વાત એ છે કે, જ્યારે કોઈ બાબતમાં લાભની આશા પણ હોય અને કોઈ નુકસાનનો ભય પણ હોય, તો બુદ્ધિનો તકાદો એ છે કે, નુકસાનથી બચવાની કાળજી અને તકેદારી લાભની ચિંતા કરતાં કરવી વધારે જરૂરી છે. ફારસીની એક મશ્હૂર કહેવત છે કે, عقلمند تریاق بیقین وزہر بگماں نخورد એટલા માટે તે લાભની આશાને ઉપેક્ષિત કરવામાં આવે, કારણ કે, કદાચ તે ગૈરમુસ્લિમ પ્રભાવિત થઈને ઈસ્લામ સ્વીકાર કરે, પરંતુ એના કરતાં કાળજી એ બાબતની રાખવામાં આવી છે કે, મુસલમાન પ્રભાવિત થઈને કુફ્રમાં ન સપડાઈ જાય.

પાંચમી બાબત ધ્યાન આપવા યોગ્ય એ છે કે, અહલે કિતાબ યહૂદી અને નસારાની સ્ત્રીઓથી મુસલમાન પુરૂષોના નિકાહની પરવાનગીનો અર્થ એ છે કે, જો નિકાહ કરવામાં આવે તો નિકાહ તો થઈ જશે, ઔલાદ હરામની નહિ ગણાય, પરંતુ હદીષની રિવાયતો એ બાબતની ગવાહ છે કે, આ નિકાહને પણ પસંદ કરવામાં નથી આવ્યા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મુસલમાનોએ પોતાના નિકાહ માટે દીનદાર અને નેક સ્ત્રીઓ શોધવી જોઈએ, જેથી પોતે પણ તેમના માટે દીનમાં મજબૂતી પૈદા કરે અને પોતાની ઔલાદને પણ દીનદાર બનાવવાની તક પ્રાપ્ત થાય, જ્યારે અહલે કિતાબ સ્ત્રીઓ સાથે નિકાહ કરવાને પસંદ કરવામાં નથી આવ્યું, તો પછી કોઈ ગૈરમુસ્લિમ સાથે કેવી રીતે પસંદ કરવામાં આવે ? એ જ કારણ છે કે, હઝરત ફારૂકે આઝમ (રદિ.)ને જ્યારે જાણ થઈ કે, ઈરાક અને સીરિયાના મુસલમાનોમાં અમુક આ પ્રકારના લગ્નો વધવા લાગ્યા છે, તો તેમણે હુકમ આપીને તેના ઉપર રોક લગાવી દીધી અને એ બાબત તરફ ધ્યાન અપાવ્યું કે, આવા લગ્નસંબંધો સૈદ્ધાંતિક રીતે મુસ્લિમ કુટુંબો માટે બુરાઈનું અને નુકસાનનું કારણ બની શકે છે અને રાજકીય રીતે પણ તેમાં નુકસાન છે.

(કિતાબુલ આ'સાર, ઈમામ મુહંમદ રહ.)

આજે ગૈરમુસ્લિમ અહલે કિતાબ યહૂદી, નસારાઓ રાજકીય ષડયંત્રો અને ધોકાબાજીઓના પ્લાન હેઠળ આવા રાજકીય લગ્નસંબંધો દ્વારા મુસ્લિમ રાજદ્વારીઓના ઘરોમાં પ્રવેશ પામે છે, તેમને પોતાના તરફ આકર્ષિત કરે છે અને તેમની જાસૂસી કરી રહસ્યની ગુપ્ત વાતો જાણે છે. આ બાબતનો ઈકરાર પોતે ઈસાઈ લેખકો પોતાના પુસ્તકોમાં કરે છે, જેના અમુક અવતરણો મેજર જનરલ અકબરની કિતાબ 'હદીષે દિફાઅ્'માં ખુલાસાઓ અને હવાલાઓ સાથે આવેલ છે.

એવું લાગે છે કે, ફારૂકે આ'ઝમ (રદિ.)ની દીર્ઘદષ્ટિ આ ઘટનાઓ જોઈ રહી હતી. ખાસ કરીને પ્રવર્તમાન યુગમાં યુરોપના મોટા ભાગના તે લોકો જેઓ યહૂદીઓ અને ખ્રિસ્તીઓ કહેવાય છે અને વસ્તી ગણતરીના રજીસ્ટરોમાં તેમની કૌમ ખ્રિસ્તી અથવા યહૂદી લખવામાં આવે છે. જો સંશોધન કરવામાં આવે તો તેમાંથી મોટા ભાગના એવા લોકો મળશે જેમને ઈસાઈયત અથવા યહૂદીયત સાથે કોઈ સંબંધ નથી, તેઓ બિલકુલ મુલ્હિદ અને બેદીન લોકો છે. ન તો ઈસા (અલૈ.)ને માને છે, ન જ બાઈબલને, ન તો મૂસા (અલૈ.) ઉપર ઈમાન રાખે છે, ન તવરાત ઉપર, ન તો અલ્લાહને માને છે, ન જ આખિરત ઉપર આસ્થા ધરાવે છે, તો દેખીતું છે કે અહલે કિતાબની ઔરતો સાથે નિકાહના છૂટછાટના હુકમમાં આજના ઈસાઈઓ કે યહૂદીઓ શામિલ નથી. તેમની સ્ત્રીઓ સાથે નિકાહ કરવા સ્પષ્ટ હરામ છે. આવા લોકો દેખીતું છે કે, કુર્આને કરીમની આયત وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ [અહલે કિતાબની પાક દામન સ્ત્રીઓ (નિકાહ માટે) હલાલ છે. – *સૂરહ:૫, આયત:૫*]માં સામેલ નથી. ગૈરમુસ્લિમોની જેમ તેમની ઔરતો સાથે પણ નિકાહ કરવા કતઈ (સદંતર) હરામ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૨-૨૨૩)

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ؕ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا النِّسَآءَ فِى الْمَحِيْضِ ۙ وَلَا
تَقْرَبُوْهُنَّ حَتّٰى يَطْهُرْنَ ۚ فَاِذَا تَطَهَّرْنَ فَاْتُوْهُنَّ مِنْ حَيْثُ اَمَرَكُمُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ
يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ ﴿۲۲۲﴾ نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۪ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى
شِئْتُمْ ۫ وَقَدِّمُوْا لِاَنْفُسِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ مُّلٰقُوْهُ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿۲۲۳﴾

તરજુમો :

અને આપ (ﷺ)ને હૈઝ (પત્નીના માસિકધર્મ) વિશે હુકમ પૂછે છે; કહી આપો કે તે ગંદકી છે, બસ તમે ઔરતોથી હૈઝની હાલતમાં વેગળા રહો અને તેમની પાસે ન જાઓ (સંભોગ ન કરો) ત્યાં સુધી કે તેઓ પાક ન થઈ જાય; બસ જ્યારે તેઓ પાક થઈ જાય તો તેમની પાસે જાઓ, જ્યાંથી (જવાનો) તમને અલ્લાહે હુકમ આપ્યો છે; બેશક ! અલ્લાહ તવબહ કરનારાઓને પસંદ કરે છે; અને પસંદ કરે છે ગંદકીથી બચનારાઓને (સ્વચ્છ રહેનારાઓને). (૨૨૨) તમારી સ્ત્રીઓ (પત્નીઓ) તમારી ખેતી છે, બસ તમારી ખેતીમાં જ્યાંથી ઈચ્છો જાઓ, અને પોતાના માટે આગળનો બંદોબસ્ત કરો, અને અલ્લાહથી ડરતા રહો, અને જાણી લો કે તમારે અલ્લાહને (રૂબરૂ) મળવાનું છે; અને (હે રસૂલ ﷺ !) ઈમાનવાળાઓને ખુશખબરી સંભળાવી દો. (૨૨૩)

તફસીર :

હૈઝ (સ્ત્રીના માસિકધર્મ) સમયે સ્ત્રી સાથે સહશયન કરવું હરામ છે તથા પાકીની શરતો :

(وَيَسْـئَلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ط (الى قوله) وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ) અને લોકો આપ (ﷺ)ને હૈઝ(ની પરિસ્થિતિમાં સ્ત્રી સહવાસ વગેરે વિશે)નો હુકમ પૂછે છે; કહી આપો કે તે (હૈઝ) ગંદકી છે, તો હૈઝની હાલતમાં સ્ત્રીઓ (સાથે સંભોગ)થી દૂર રહ્યા કરો અને (આવી પરિસ્થિતિમાં) તેમનાથી સમાગમ ન કરો, જ્યાં સુધી તે (હૈઝથી) પાક ન થઈ જાય; પછી જ્યારે તે (ઔરતો) સારી રીતે પાક થઈ જાય (કે, નાપાકીની શંકા બાકી ન રહે) તો તેમની પાસે આવો-જાઓ; (એટલે કે તેમની સાથે સહવાસ કરો) જે જગ્યાએથી અલ્લાહ તઆલાએ તમને પરવાનગી આપી છે (એટલે આગળથી) ચોક્કસ અલ્લાહ તઆલા તવબહ કરનારાઓને પ્રિય રાખે છે; (એટલે કે જો અચાનક નિષ્કાળજી દાખવી હૈઝની હાલતમાં સંભોગ કરી બેસો તો તરત જ તેની તૌબા કરી લો) અને (અલ્લાહ) મહોબ્બત કરે છે પાક (પવિત્ર) સાફ રહેનારાઓથી (કે જેઓ હૈઝની હાલતમાં સોહબત કરવાથી અને સંભોગના અન્ય પ્રતિબંધિત આસનોથી બચે છે તથા પાકીની હાલતમાં આગળના ભાગેથી પરવાનગી એટલા માટે છે કે) તમારી બીવીઓ તમારા માટે (એક

પ્રકારની) ખેતી છે; જ્યાંથી ઈચ્છો આવો, (જેમાં બીજ નુત્ફો છે અને બાળક તેની ઉપજ છે. એ જ પ્રમાણે પાકીની હાલતમાં સ્ત્રીઓ પાસે દરેક રીતે સહવાસની પરવાનગી છે, ભલે પાસું ફેરવીને હોય, સામેથી, બેસીને વગેરે. પરંતુ પોતાની ખેતીમાં દરેક પરિસ્થિતિમાં આગળના ભાગેથી જ જવાનું છે. કારણ કે, ગુદા-પાછળનો ભાગ ખેતી સમકક્ષ નથી એટલા માટે તે માર્ગે સોહબત કરવી જાઈઝ નથી અને આનંદમાં-લિઝ્ઝતોમાં એટલા તલ્લીન ન થઈ જાઓ કે આખિરતને જ ભૂલી જાઓ, બલકે) આવનારા સમય (આખિરત) માટે પોતાના માટે કંઈક (સારા કૃત્યો) કરતા રહો; અને અલ્લાહ તઆલાથી (પ્રત્યેક પરિસ્થિતિમાં) ડરતા રહો; અને વિશ્વાસ રાખો કે, બેશક ! તમે અલ્લાહ તઆલા સમક્ષ રજૂ થવાના છો; અને (હે મુહમ્મદ ﷺ !) આવા ઈમાનદારોને (કે જેઓ નેક કામ કરે, અલ્લાહથી ડરે, અલ્લાહ તઆલા સમક્ષ રજૂ થવાનું યકીન રાખે) ખુશખબરી સંભળાવી દો (કે તેમને આખિરતમાં દરેક પ્રકારની નેઅ્મતો આપવામાં આવશે).

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૪)

وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا
وَتَتَّقُوْا وَتُصْلِحُوْا بَيْنَ النَّاسِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۲۴﴾

તરજુમો :

અને અલ્લાહના નામને પોતાની કસમ ખાવા માટે નિશાન (આડ) ન બનાવો કે તમે (એવું કરીને) સદ્વર્તન (ભલાઈ) તથા પરહેઝગારી અને લોકો વચ્ચે સુલેહ કરાવવાથી અળગા રહો (બચી જાઓ); અને અલ્લાહ સઘળું સાંભળનારો (અને) જાણનારો છે. (૨૨૪)

તફસીર :

અને અલ્લાહના નામને પોતાની કસમો દ્વારા (તેના હુકમોથી) છૂટકારો મેળવવાની આડ ન બનાવો કે, તમે નેકી અને તકવા તથા મખ્લૂકમાં સુલેહ-સંપ કરાવવાના કાર્યો ન કરો, (એટલે કે અલ્લાહના નામની એવી કસમ ન ખાઓ કે

તેની આડમાં નેક કામથી છૂટકારો મેળવી લો) અને અલ્લાહ તઆલા બધું જ સાંભળનારો (અને) જાણનારો છે, (તો જીભ સંભાળીને વાત કરો અને દિલમાં ખરાબ વિચારો ન લાવો).

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૫)

لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ قُلُوْبُكُمْ ۭ

وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ۝٢٢٥

તરજુમો :

અલ્લાહ તમારી ફુઝૂલ (વ્યર્થ બિન ઈરાદે ખાધેલી) કસમો ઉપર પકડ કરતો નથી, પરંતુ તમને પકડે છે તે કસમો ઉપર જેનો તમારા દિલોએ ઈરાદો કર્યો; અને અલ્લાહ ઘણો બખ્શનારો (અને) સહનશીલ છે. (૨૨૫)

તફસીર :

જૂઠી કસમો ખાવાનો હુકમ :

અલ્લાહ તઆલા તમારા ઉપર આખિરતમાં તમારી કસમોમાંથી એવી વાહિયાત કસમો ઉપર કે, જેમાં વિના ઈરાદે જૂઠું બોલાય ગયું હતું પકડ નહિ કરે, પરંતુ તે જૂઠી કસમો ઉપર પકડ કરશે, જેમાં તમારા દિલોએ જૂઠું બોલવાનો ઈરાદો કર્યો હોય અને અલ્લાહ તઆલા મોટો મા'ફ કરનાર (છે કે, આવી બેહૂદા કસમો ઉપર પકડ નહિ ફરમાવે અને) સહનશીલ છે (કે જૂઠી કસમો ખાવાની સજા આખિરત સુધી મુલતવી રાખી છે).

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૬-૨૨૭)

لِلَّذِيْنَ يُؤْلُوْنَ مِنْ نِّسَآئِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ ۚ فَاِنْ فَآءُوْ

فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٢٢٦ وَاِنْ عَزَمُوا الطَّلَاقَ فَاِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝٢٢٧

તરજુમો :

તે લોકોના માટે (કે) જેઓ પોતાની સ્ત્રીઓ વિશે (પાસે ન જવાની) કસમ ખાય છે, (તેમના માટે) ચાર મહિનાની મોહલત (સમય મર્યાદા) છે, પછી જો (આ મુદત દરમિયાન) પરસ્પર ભેગા થઈ ગયા (પુનઃ સંબંધો યથાવત્ કરી લીધા) તો બેશક ! અલ્લાહ ઘણો બખ્શનારો (અને) ખૂબ રહમ કરનારો છે. (૨૨૬) અને જો છોડી જ દેવાનો ઈરાદો (પાકો નિર્ધાર) કરી લીધો તો બેશક ! અલ્લાહ બધું સાંભળનારો (અને) બધું જ જાણનારો છે. (૨૨૭)

તફસીર :

<u>ઈલાઅ્નો હુકમ :</u> જે લોકો (કોઈ મુદત નક્કી કર્યા વિના અથવા ચાર મહિના માટે અથવા તેથી વધુ સમય માટે) કસમ ખાઈ લેશે કે, (તેઓ) પોતાની સ્ત્રીઓ પાસે નહિ જાય, તેમના માટે ચાર મહિના સુધીની મોહલત (સમય મર્યાદા) છે. બસ, જો (આ ચાર મહિનાની અંદર) આ લોકો (પોતાની કસમો તોડીને સ્ત્રીઓ સાથે) સંબંધો યથાવત્ કરી લે તો (તો નિકાહ બાકી રહેશે અને) અલ્લાહ તઆલા (આવી કસમો તોડવાનો ગુનોહ કફ્ફારાથી) મા'ફ કરી આપશે (અને હવે પત્નીના અધિકારો પૂરા કરવા લાગ્યો છે, એટલા માટે તેના ઉપર) રહમ ફરમાવશે અને જો (પત્નીને) બિલકુલ છોડી દેવાનો પાકો નિર્ધાર કર્યો હોય (અને આ ચાર મહિનાની અંદર કસમ તોડીને સંબંધો યથાવત્ ન કર્યા) તો (આ ચાર મહિનાની મોહલત પૂરી થતાં જ પત્નિને તલાક પડી જશે અને) અલ્લાહ તઆલા (આ કસમોને પણ) સાંભળનાર છે (અને તેના પાકા ઈરાદાને પણ) જાણે છે, (એટલા માટે તેના વિશે યોગ્ય હુકમો આપ્યા છે).

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૮)

وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْٓءٍ ۭ وَلَا يَحِلُّ لَهُنَّ اَنْ يَّكْتُمْنَ مَا
خَلَقَ اللّٰهُ فِيْٓ اَرْحَامِهِنَّ اِنْ كُنَّ يُؤْمِنَّ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ۭ وَبُعُوْلَتُهُنَّ
اَحَقُّ بِرَدِّهِنَّ فِيْ ذٰلِكَ اِنْ اَرَادُوْٓا اِصْلَاحًا ۭ وَلَهُنَّ مِثْلُ الَّذِيْ عَلَيْهِنَّ
بِالْمَعْرُوْفِ ۠ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ ۭ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٨﴾ ع ٢٨ ع ١٢

તરજુમો :

અને ત્યકતા (જેને તલાક આપવામાં આવી છે તે) સ્ત્રીઓ પોતાને ત્રણ હૈઝ(ના સમય) સુધી રોકી રાખે; અને તેમના માટે જાઈઝ નથી કે, જે તેમના ગર્ભમાં અલ્લાહે પૈદા કર્યું તેને છુપાવી રાખે, જો તે અલ્લાહ પર અને આખિરતના દિવસ ઉપર ઈમાન રાખે છે; અને જો તેમના પતિ આ મુદતમાં (તેમની સાથે) સુલેહ-સંપથી રહેવા સંબંધ યથાવત્ કરે તો તે એ (બાબત)ના વધારે હકદાર છે, અને સ્ત્રીઓનો પણ અધિકાર છે જેમકે પુરૂષોનો (શરીઅતના) નિયમ પ્રમાણે તેમના ઉપર (અધિકાર) છે; અને પુરૂષોને સ્ત્રીઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) છે, અને અલ્લાહ મહાબળવાન (અને) હિકમતવાળો છે. (૨૨૮)

તફસીર :

"ત્યંક્તા" (તલાકશુદા) સ્ત્રી અને "રજઅત્" (લગ્ન સંબંધો યથાવત્ રાખવા)ની સમયમર્યાદાનું વર્ણન :

અને તલાક પામેલી સ્ત્રીઓ (જેમાં એટલી શરત પૂર્ણ થઈ હોય કે પતિએ તેની સાથે એકાંત માણ્યું હોય, સહશયન થયું હોય, સ્વતંત્ર હોય અથવા શરઈ નિયમ પ્રમાણે લોંડી ન હોય તો તે) પોતાને (નિકાહથી) ત્રણ માસિકધર્મ (પૂરા થવા) સુધી રોકી રાખે (અને તેને ઈદ્દત કહે છે) અને તે સ્ત્રીઓ માટે એ બાબત હલાલ નથી કે અલ્લાહ તઆલાએ જે કંઈ તેમના ગર્ભાશયમાં પૈદા કર્યું હોય તેને છુપાવી રાખે. (કારણ કે તેને છુપાવી રાખવાથી ઈદ્દતનો હિસાબ ખોટો પડશે.) જો તે સ્ત્રીઓ અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર યકીન રાખતી હોય (તો આ યકીનનો તકાદો એ છે કે તેઓ અલ્લાહ તઆલાથી ડરે કે ક્યાંક કયામતમાં નાફરમાનીની સજા ન થઈ જાય !) અને આ ઔરતોના ધણી(એ જ્યારે તેમને તલાકે રજઈ આપી હોય, જેનું આગળ વર્ણન આવશે) તેમને (ફરી નિકાહ કર્યા વિના) ફરી તે ઈદ્દતની સમય મર્યાદામાં પાછા મેળવવાનો અધિકાર ધરાવે છે (અને આ પાછા બોલાવી લગ્નસંબંધો યથાવત્ કરવાનું નામ "રજઅત્" કહેવાય છે.) એ શરતે કે ("રજઅત્" કરનારે) સુલેહનો (પાકો) નિર્ધાર કર્યો હોય. (નહિતર દુ:ખ દેવાના ઈરાદે "રજઅત્" કરવાનો કોઈ અર્થ નથી. જો કે નિયમ

પ્રમાણે આવી પરિસ્થિતિમાં પણ "રજઅત્" થઈ જશે) અને (આ સુલેહનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો કે) સ્ત્રીઓના પણ અધિકારો (પુરૂષો ઉપર) છે, જેમકે પુરૂષોના (શરઈ) નિયમ પ્રમાણેના અધિકારો તે સ્ત્રીઓ ઉપર છે અને (એટલી વાત જરૂર છે કે) પુરૂષોના તેમના કરતાં અમુક દરજ્જા વધારે (અધિકાર) હોય છે. (એટલા માટે તેમના અધિકારોનું સ્વરૂપ સ્ત્રીઓના અધિકારો કરતાં અમુક હદે વધારે હોય છે.) અને અલ્લાહ તઆલા જબરદસ્ત (બળવાન અને) હિકમતવાળો છે.

ઉપરોક્ત આયતો સંબંધિત મસ્અલાઓ (બયાનુલ કુર્આનમાંથી) :

(૧) જો પતિથી સ્ત્રીના હૈઝ (માસિકધર્મ) સમયે પ્રબળ ઈચ્છા ન રોકી શકવાના કારણે સહશયન (સંભોગ) થઈ જાય તો ખૂબ તૌબા કરવી વાજિબ છે અને કંઈ દાન-ખૈરાત કરી દે તો વધારે સારું છે.

(૨) ગુદા (પાછળના ભાગે એટલે કે, મળદ્વાર)ના માર્ગે પત્ની સાથે સોહબત કરવી સદંતર હરામ છે.

(૩) વ્યર્થ અને ફુઝૂલ પ્રકારની કસમના બે સ્વરૂપો. એક તો એ કે, કોઈ થઈ ચૂકેલી વાત ઉપર વિના ઈરાદે કસમ ખાઈ નાખે અથવા વાત તો ઈરાદાપૂર્વક કરી, પરંતુ એ વાતને તે પોતાના અભિપ્રાય પ્રમાણે સત્ય સમજતો હતો. જેમકે ઝૈદ પોતાના જ્ઞાન અને અનુમાન પ્રમાણે કસમ ખાઈ બેઠો કે, ફલાણો આવી ગયો છે, જ્યારે વાસ્તવમાં તે આવ્યો ન હતો. અથવા તો બીજું સ્વરૂપ એ છે કે, કોઈ ભવિષ્યની વાત ઉપર કસમ ખાઈ બેઠો, એ કહેવા તો કંઈક બીજું ઈચ્છતો હતો, પરંતુ મોઢાથી વિના ઈરાદે નીકળી ગયું કંઈક બીજું ! અને કસમ ખાઈ બેઠો, તેમાં ગુનોહ નથી થતો અને એટલા માટે જ તેને ફુઝૂલ-વ્યર્થ વાત કહેવામાં આવે છે. આખિરતમાં તેના ઉપર પકડ નહિ થાય, પરંતુ એનાથી ઊલટું એવી કસમ ઉપર પકડ થશે કે, જે જાણીબૂજીને ઈરાદાપૂર્વક જૂઠી સમજીને ખાધી હતી, તેને 'ગમૂસ' કહે છે તેમાં ગુનોહ થશે. પરંતુ ઈમામ અબૂ હનીફા (રહ.) નજીક તેનો કફ્ફારો નથી અને ફુઝૂલ-વ્યર્થ કસમ કે, જે ઉપર વર્ણન થઈ તેમાં પણ કફ્ફારો નથી. આમ, આ આયતમાં તે બંને પ્રકારની કસમોનું વર્ણન છે, જેમાં કફ્ફારો નથી.

વ્યર્થ અને ફુઝૂલનો બીજો અર્થ એ છે કે, જેના ઉપર કફ્ફારો ન હોય અને તેને "લગ્વ"-વ્યર્થ એટલા માટે કહેવામાં આવે છે કે, દુનિયામાં પણ તેના ઉપર

પકડ નથી થતી કે, કફ્ફારો નથી આવતો. એ અર્થના આધારે શબ્દ "લગ્વ ગમૂસ" لَغْوِ غَمُوْس ને પણ શામિલ કરે છે કે, તેમાં જો કે ગુનોહ તો થાય છે, પરંતુ કફ્ફારો નથી. એનાથી વિપરીત તે કસમ જેના ઉપર કફ્ફારો વાજિબ થાય છે તે "મુનઅકિદહ" مُنْعَقِدَة કહેવાય છે. તેની હકીકત એ છે કે, દાખલા તરીકે કોઈ ઈરાદાપૂર્વક એવી કસમ ખાય કે, "હું ફલાણું કામ કરીશ અથવા ફલાણું કામ નહિ કરું." હવે આ કસમ વિરૂદ્ધ કૃત્ય કરવાથી કફ્ફારો વાજિબ થાય છે.

(૪) જો કોઈ કસમ ખાઈ લે કે, પોતાની પત્ની પાસે નહિ જાય તો તેના ચાર સ્વરૂપો છે. ૧. તે કોઈ સમયમર્યાદા નક્કી ન કરે, ૨. ચાર મહિનાની મુદત મર્યાદા બાંધે, ૩. ચાર મહિનાથી વધારે સમયમર્યાદા નક્કી કરે અને ૪. ચાર મહિનાથી ઓછા સમયની મર્યાદા નક્કી કરે, આ ચાર સ્વરૂપોમાંથી પ્રથમ બીજા અને ત્રીજા સ્વરૂપને શરીઅતમાં "ઈલાઅ્" કહે છે અને તેનો હુકમ એ છે કે, જો ચાર મહિનાની અંદર અંદર પોતાની કસમ તોડી નાંખે અને સ્ત્રી પાસે જાય તો કસમનો કફ્ફારો આપે અને નિકાહ બહાલ થઈ જશે પરંતુ જો ચાર મહિના પસાર થઈ જાય પણ કસમ ન તોડે, તો આ સ્ત્રીને કતઈ તલાક પડી જશે. એટલે પુનઃનિકાહ પઢ્યા વિના લગ્નજીવન બહાલ કરવું જાઈઝ નથી. અલબત્ત, જો બંને રાજીખુશીથી ફરી નિકાહ કરી લે તો બરાબર છે, અન્ય કશાની જરૂરત નથી અને ચોથા સ્વરૂપમાં હુકમ એ છે કે, જો કસમ તોડી તો કફ્ફારો વાજિબ થશે અને જો કસમ પૂરી કરી લીધી તો પણ નિકાહ બાકી રહેશે. *(બયાનુલ કુર્આન)*

મસ્અલા અને બોધપાઠ :

પુરૂષ અને સ્ત્રી વચ્ચે તફાવત અને પતિ-પત્નીના પરસ્પર અધિકારો તથા તેના દરજ્જાઓ ઉપર પ્રકાશ પાડતી એક સચોટ આયત :

وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ આ આયત પતિ-પત્નીના પરસ્પર અધિકારો, ફરજો અને તેમના દરજ્જાઓના વર્ણનમાં એક શરઈ મર્યાદાની હૈસિયત ધરાવે છે. આ આયત પહેલાં અને ત્યારબાદ કેટલાય રુકૂઅ્ સુધી આ વિષય અનુસંધાને મહત્ત્વની બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઇસ્લામમાં સ્ત્રીનો દરજ્જો (સ્થાન) :

આ સ્થળે યોગ્ય જણાય છે કે, પ્રથમ સ્ત્રી અને સ્ત્રી વિશે ઈસ્લામના અભિપ્રાયનો અમુક ખુલાસો કરવામાં આવે, જેને સમજી લીધા પછી ચોક્કસ એ

બાબતનો સ્વીકાર કરવો પડશે કે ઈસ્લામ એક ન્યાયપૂર્ણ અને મધ્યમમાર્ગી જીવન વ્યવસ્થા છે, જેમાં સ્ત્રીના સ્ત્રી તરીકેના બધા જ તકાદાઓ પૂર્ણ કરવામાં આવ્યા છે. આ એ જ વિચારસરણી છે, જેના મુકાબલામાં ઊંચ-નીચના ભેદભાવની માન્યતા ધરાવતા માનવસર્જિત ધર્મ કે, દુનિયાની અન્ય વ્યવસ્થાઓના સ્ત્રી વિશેના અધિકારો સંબંધી કાયદાઓ તોલે આવી શકતા નથી.

વિચાર કરવામાં આવે, તો દુનિયામાં બે વસ્તુઓ એવી હોય છે, જે આ દુનિયામાં અસ્તિત્વ ટકાવી રાખવા માટેનું અને પ્રગતિ તથા વિકાસનું માધ્યમ હોય છે. તે એ છે એક સ્ત્રી અને બીજી માલ-દૌલત. પરંતુ સિક્કાની બીજી બાજુ જોવામાં આવે તો આ જ બંને વસ્તુઓ દુનિયામાં ફસાદ, ખૂનામરકી તથા અનેક પ્રકારના ફિત્નાઓનું કારણ પણ બને છે અને વિચાર કરવાથી એ પરિણામ ઉપર પહોંચવું મુશ્કેલ નથી કે, આ બંને વસ્તુઓ વાસ્તવમાં દુનિયાની પ્રગતિ અને વિકાસનું માધ્યમ પણ છે, પરંતુ જ્યારે પણ તે પોતાના અસલી સ્વરૂપ અને પોતાના અસ્તિત્વના હેતુને બદલી નાંખે છે, ત્યારે આ જ પ્રગતિ અને વિકાસની વસ્તુઓ જગતમાં મોટા-મોટા સામાજિક ધરતીકંપ સર્જે છે.

કુર્આને માનવ સમાજને એક જીવન બંધારણ અને ઈલાહી વ્યવસ્થાની ભેટ ધરી છે અને આ બંધારણે આ બંને વસ્તુઓને પોતાના સ્થાન ઉપર એવી રીતે મૂકી છે કે, તેના ફાયદાઓ અને લાભો વધારેમાં વધારે પ્રાપ્ત કરી શકાય તથા તે ફિત્ના અને ફસાદની કોઈ જડ ન બને. માલ-દૌલતનું યોગ્ય સ્થાન, તેને પ્રાપ્ત કરવાના યોગ્ય માર્ગો, તેને ખર્ચ કરવાની યોગ્ય પદ્ધતિઓ તથા માલ-દૌલતની વહેંચણીની ન્યાયપૂર્ણ વ્યવસ્થા એક આગવી જ્ઞાનની શાખા છે, જેના વિશે ઈસ્લામે આર્થિક બાબતોની વ્યવસ્થા સ્વરૂપે ઈસ્લામી અર્થકારણની ભેટ ધરી છે. તેનું વર્ણન ઈન્શાઅલ્લાહ આગળ કોઈ યોગ્ય સ્થળે ચોક્કસ આવશે. મુજ નાચીઝની સંપાદિત કરેલી કિતાબ "તક્સીમે દૌલત" પણ આપ જોઈ શકો છો.

અત્યારે "સ્ત્રી અને તેના અધિકારો તથા તેની ફરજો"નું વર્ણન થઈ રહ્યું છે, તે વિશે ઉપરોક્ત આયતમાં એ વર્ણન કરવામાં આવ્યું છે કે, જે પ્રમાણે સ્ત્રીઓ ઉપર પુરૂષોના અધિકારો છે, જેને પૂરા કરવા જરૂરી છે, એવી જ રીતે પુરૂષો ઉપર પણ સ્ત્રીઓના અધિકારો છે, તેને પૂરા કરવા પુરૂષો માટે જરૂરી છે. હા ! એટલો ફરક જરૂર છે કે, પુરૂષોના દરજ્જાઓ સ્ત્રીઓ કરતાં કંઈક અંશે

વધારે છે અને લગભગ આ જ વિષય સૂરએ નિસાઅ્ની પ્રસ્તુત આયતમાં આ પ્રમાણે આવ્યો છે.

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى بَعْضٍ وَّ بِمَآ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ،

"પુરૂષ સ્ત્રીઓ ઉપર અધિકાર (સરદારી) ધરાવે છે, એટલા માટે કે અલ્લાહે એકને એક(બીજા) ઉપર મોટાઈ આપી; એટલા માટે કે તેમણે પોતાનો માલ ખર્ચ કર્યો." *(સૂરહ : ૪, આયત : ૩૪)*

ઇસ્લામ અગાઉ સ્ત્રીનો સામાજિક દરજ્જો :

ઈસ્લામ પહેલાં અજ્ઞાનતાના યુગમાં દુનિયાની બધી જ કૌમોમાં એવો રિવાજ હતો કે સ્ત્રીઓનું સ્વરૂપ ઘરવપરાશની ચીજવસ્તુથી વધારે ન હતું. જાનવરોની જેમ તેની લે–વેચ થતી હતી, તેને પોતાના લગ્ન– છૂટાછેડામાં કોઈપણ પ્રકારનો અધિકાર ન હતો, તેના વાલીઓ દ્વારા જેના હવાલે કરી દેવામાં આવતી સ્ત્રીને તેના ત્યાં જવું પડતું હતું. સ્ત્રીઓને પોતાના સગાં–વહાલાંઓના વારસામાં કોઈ હક ન હતો, બલકે સ્ત્રીની જાતને ઘરવપરાશની અને વારસાની વસ્તુ સમજવામાં આવતી હતી. સ્ત્રીઓ પુરૂષોની મિલકત સમજવામાં આવતી હતી, સ્ત્રીઓને માલ–દૌલત રાખવાનો અધિકાર ન હતો અને જે વસ્તુઓ સ્ત્રીઓની માલિકીની કહેવાતી હતી, તેમાંથી તે પોતે પુરૂષોની પરવાનગી વિના કંઈ પણ ખર્ચ કરી શકતી ન હતી. બલકે, તેના ધણીને સંપૂર્ણ અધિકાર રહેતો કે, સ્ત્રીના માલને જ્યાં ઈચ્છે, જેવી રીતે ઈચ્છે ખર્ચ કરી નાંખે, સ્ત્રીને પૂછવાનો પણ અધિકાર ન હતો. એટલે સુધી કે, યુરોપના તે દેશો જે આજના આધુનિક યુગમાં વિકસિત દેશો સમજવામાં આવે છે, તેમાં પણ અમુક લોકો એટલી નીચી કક્ષાએ પહોંચ્યા હતા કે, સ્ત્રીને મનુષ્ય સમજવા માટે પણ તૈયાર ન હતા.

સ્ત્રી માટે દીન ધર્મમાં પણ કોઈ ભાગીદારી ન હતી. તેને ન તો પૂંજાપાઠ કરવા દેવા લાયક સમજવામાં આવતી અને ન જ જન્નતમાં પ્રવેશપાત્ર ગણાતી. રૉમનોની અમુક મજલિસોમાં પરસ્પર સલાહ–મશ્વરાથી એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, સ્ત્રી એક નાપાક જાનવર છે, જેમાં રૂહ (આત્મા) નથી. સામાન્ય રીતે પિતા માટે પોતાની પુત્રીની હત્યા કરવી અથવા તો તેને જીવતી જમીનમાં દાટી દેવી જાઇઝ સમજવામાં આવતી હતી. બલકે, આવું કૃત્ય પિતા માટે

ઈજ્જતની નિશાની તથા આબરૂનું માપદંડ સમજવામાં આવતું હતું. અમુક લોકોની એવી વિચારસરણી હતી કે, જો સ્ત્રીની કોઈ હત્યા કરી નાંખે, તો તેના ઉપર કિસાસ (બદલો-વળતર વગેરે) વાજિબ નથી, ન જ તેને કોઈ વળતર મળતું. જો પતિ મૃત્યુ પામે તો સ્ત્રીને પણ તેની લાશ સાથે જીવતી સળગાવી દેવામાં આવતી (સતી બનાવી દેવાતી). રસૂલે કરીમ ﷺના જન્મ પછી અને આપ ﷺની નુબુવ્વત પહેલાં ઈ.સ. ૫૮૬માં ફ્રાંસે સ્ત્રીઓ ઉપર એક ઉપકાર કર્યો કે, ઘણા બધા વિરોધ-વંટોળ પછી એક ઠરાવ પસાર કર્યો કે, સ્ત્રી છે તો માનવજાતિ જ, પરંતુ તે ફક્ત પુરૂષોની સેવા માટે જ પૈદા કરવામાં આવી છે ! મતલબ કે, સમગ્ર જગતમાં વસતી બધી જ કૌમો અને ધર્મોમાં સ્ત્રી સાથે એવો અત્યાચારી વર્તાવ કરવામાં આવતો હતો કે, જેને સાંભળીને શરીરના રૂંવાડા ઊભા થઈ જાય. "બિચારી" મખ્લૂક એવી સ્ત્રી સાથે ન તો કોઈ માનવતાના ધોરણે સમજદારીથી કામ લેવામાં આવતું હતું અને ન જ તેમની સાથે ન્યાયપૂર્ણ વર્તાવ કરવામાં આવતો.

રહમતુલ્લિલ આલમીન ﷺ અને આપ ﷺના લાવેલા દીને હકનું ભલું થજો કે, તેણે દુનિયાની આંખો ખોલી નાંખી ! માનવને માનવની કદર કરતાં શીખવ્યું, ન્યાયના કાયદાઓ પ્રચલિત કર્યા. સ્ત્રીઓના અધિકારો પુરૂષો ઉપર એવી રીતે જરૂરી ઠરાવવામાં આવ્યા, જેમકે પુરૂષ ભલે સ્ત્રીનો બાપ-દાદા કેમ ન હોય, તે પુખ્ત વયની સ્ત્રીને કોઈ પુરૂષ સાથે નિકાહ કરવા મજબૂર નથી કરી શકતો અને જો તેની પરવાનગી વિના તેના નિકાહ કરી દેવામાં આવે, તો આવું લગ્ન સ્ત્રીની પરવાનગી ઉપર અવલંબિત રહે છે, જો તે સ્ત્રી નામંજૂર કરે તો આવું લગ્ન ફોક થઈ જાય છે. તેની માલ-મિલકતમાંથી કોઈ પુરૂષને તેની પરવાનગી અને ખુશી વિના કોઈપણ પ્રકારનો ખર્ચ કરવાની છૂટ કે અધિકાર નથી. પતિના મૃત્યુ પછી અથવા તલાક આપ્યા પછી તે પોતે સ્વતંત્ર છે, તેના ઉપર કોઈ જબરદસ્તી કરી શકતું નથી. પોતાના સગાં-વહાલાંઓના વારસામાં તેને પણ એવો જ કાયદેસરનો ભાગ મળે છે, જેવી રીતે કે પુત્રોને મળે છે. સ્ત્રી ઉપર માલ ખર્ચ કરવો અને તેને રાજી રાખવું શરીઅતે મુહમ્મદી ﷺમાં ઈબાદતનો દરજ્જો ધરાવે છે. પતિ સ્ત્રીના વાજિબ અધિકારો અદા ન કરે, તો તે ઈસ્લામિક કોર્ટ દ્વારા તે પોતાના અધિકારો મેળવી શકે છે, એટલે સુધી કે, તે

આવા હક અદા ન કરનાર પતિને ઈસ્લામિક કોર્ટના માધ્યમથી તલાક આપવા (ખુલાઅ્ કરવા માટે) મજબૂર પણ કરી શકે છે.

સ્ત્રીઓને પુરૂષોની દેખરેખ હેઠળથી સંપૂર્ણ સ્વતંત્ર કરી દેવી પણ દુનિયામાં ઘણા મોટા ફિત્ના અને ફસાદનું કારણ બની શકે છે :

જે પ્રમાણે સ્ત્રીને તેના યોગ્ય અને નક્કી કરેલા અધિકારો ન આપવા અત્યાચાર અને ફસાદ તથા નીચ કૃત્ય હતું, જે દૂષણો ઈસ્લામે ખતમ કરી દીધા, એ જ પ્રમાણે સ્ત્રીને તદ્દન સ્વતંત્ર છોડી દઈ અને પુરૂષોની દેખરેખ તથા તેના ભરણ-પોષણમાંથી સંપૂર્ણ મુક્ત કરી દઈ, તેને પોતાના ભરણ-પોષણ અને રોજી-રોજગારના ખર્ચ માટે પોતે જ જવાબદાર બનાવવી પણ સ્ત્રીના અધિકારો ઉપર એક પ્રકારની તરાપ અને બરબાદીનું નિમિત્ત છે. એ બાબત સ્ત્રી માટે ગૌરવની નથી કે, પુરૂષ પોતે સ્ત્રીના ભરણ-પોષણની જવાબદારીથી સંપૂર્ણ મુક્ત થઈ જાય અને સ્ત્રીની પોતાની આજિવિકાની સંપૂર્ણ જવાબદારી સ્ત્રીના જ માથે થોપી દેવામાં આવે. કારણ કે, સ્ત્રી માટે ગૌરવની વાત એ છે કે, તેને ઘરના કામકાજની જવાબદારીઓ ઉપરાંત સંતાનોની કેળવણીનું અત્યંત જવાબદારીવાળું કામ કે, જે માનવપ્રકૃતિના નિયમ પ્રમાણે પણ યોગ્ય છે, સોંપવામાં આવ્યું છે.

જો આવું ન હોય તો પુરૂષોની દેખરેખ અને તેની આર્થિક જવાબદારીઓથી મુક્ત થઈને સ્ત્રી સમગ્ર માનવસમાજ માટે એક ભયંકર ખતરો બની જાય છે, જેનાથી દુનિયામાં અરાજકતા અને ખૂનામરકી ફેલાઈ જાય છે. આજે જાત-જાતના અને ભાત-ભાતના ફિત્નાઓ પૈદા થવા દરરોજ આપણે આપણી આંખો સમક્ષ જોઈ શકીએ છીએ. એટલા માટે કુર્આને કરીમે સ્ત્રીઓના જરૂરી અધિકારોના વર્ણન કરવાની સાથે સાથે એ પણ ઈરશાદ ફરમાવ્યું કે, وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ "પુરૂષોનો દરજ્જો સ્ત્રીઓથી અમુક હદે વધીને છે" અને બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રીઓ પુરૂષોની જવાબદારી અને તેમની દેખરેખ હેઠળ છે."

પરંતુ જેવી રીતે ઈસ્લામથી અગાઉ અજ્ઞાનતાના યુગમાં જગતની સમગ્ર કૌમો એ ભૂલનો શિકાર હતી કે, તેઓ સમજતા હતા કે, સ્ત્રીઓ માત્ર એક ઘરવપરાશનો સામાન છે, તેની હૈસિયત જાનવરોથી વધીને નથી. પરંતુ ઈસ્લામની શરૂઆતનો યુગ પ્રાચીન અજ્ઞાનતાનો મૃત્યુઘંટ ગણાય છે, ઈસ્લામી

વ્યવસ્થામાં અગાઉની કૌમોએ સ્ત્રીઓના અધિકારો વિશે કરેલી ભૂલોને રદ કરી તેના અધિકારો અપાવવાના તથા તેને ગુલામીમાંથી છૂટકારો અપાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ વર્તમાન યુગમાં સ્ત્રી ઉપર પુરૂષોની દેખરેખ અને જવાબદારીના થોડા ઘણા અધિકારોને પણ સમાપ્ત કરવાના આંદોલનો પુરજોશમાં ચાલી રહ્યા છે, જેના પરિણામે નિર્લજ્જતા અને વ્યભિચાર સર્વસામાન્ય થઈ ગયો છે. જગત ઝઘડા-ફસાદનું ઘર બની ગયું છે, હત્યાઓ અને ખૂનામરકી એટલી વધી ગઈ છે કે, પ્રાચીન સમયના અજ્ઞાન લોકોની પણ આજના આધુનિક કહેવાતા માનવ સામે કોઈ વિસાત નથી. અરબીની મશહૂર કહેવત اَلْجَاهِلُ اِمَّا مُفْرِطٌ اَوْمُفَرِّطٌ એટલે કે "અજ્ઞાનતા ક્યારેય મધ્યમમાર્ગી નથી હોઈ શકતી. જો મર્યાદા ઓળંગી અતિશયોક્તિ નહિ કરે તો ઉણપો અને ક્ષતિઓ કરવા મંડી પડશે !" જેવી સ્થિતિ સર્જાઈ છે.

પ્રવર્તમાન સમયના આધુનિકતાવાદીઓની પરિસ્થિતિ એવી છે કે, જે રીતે પ્રાચીન યુગનો માનવી સ્ત્રીને મનુષ્ય કહેવા અને સમજવા માટે પણ તૈયાર ન હતો, એ જ પ્રમાણે જ્યારે આજનો માનવી આગળ વધ્યો તો એટલે સુધી પહોંચ્યો કે, આજકાલ સ્ત્રીને પુરૂષોની જવાબદારી અને દેખરેખ હેઠળથી મુક્ત કરી, સ્ત્રીની જવાબદારીની ધુંસણી ગળેથી ઉતારીને ફેંકવામાં આવી રહી છે, જેના દુષ્ટ પરિણામો આંખોની સામે છે અને તેનું સૌથી ક્રૂર અને તદ્દન નીચ કક્ષાનું સ્વરૂપ રેડ લાઈટ એરિયાઓ (વૈશ્યાગૃહો) છે. યકીન કરો, જ્યાં સુધી માનવજાતિ કુર્આનના સ્ત્રીઓ સંબંધિત હુકમો સામે ઝુકશે નહીં આવા ફિત્નાઓ રોજ-બરોજ વધતા જ જશે.

આજની સરકારો દુનિયામાં શાંતિ અને સલામતિ વ્યવસ્થા જાળવવા માટે રોજ-રોજ નવા-નવા કાયદાઓ બનાવે છે. તે માટે નવી-નવી સંસ્થાઓ બનાવે છે, કરોડો રૂપિયાઓ તેના ઉપર ખર્ચ થાય છે, પરંતુ ફિત્નાઓના જે ઝરણાઓ વહી રહ્યા છે, તેના તરફ ધ્યાન આપવામાં આવતું નથી. જો આજે કોઈ કમીશન આ ફિત્નાઓના સંશોધન માટે બેસાડવામાં આવે તો ફસાદ, ખૂનામરકી તથા પરસ્પર યુદ્ધ અને ખેંચતાણ જેવા ૫૦%થી વધારે ક્રાઈમનું કારણ સ્ત્રીની આ કહેવાતી સ્વતંત્રતા નજરે પડશે, પરંતુ આજની દુનિયામાં મનેચ્છાઓની પૂજાના ચલણે મોટા-મોટા ફિલોસોફરોની આંખો પર પડદા નાંખ્યા છે. પોતાની

મનેચ્છાઓ વિરૂદ્ધનું કોઈપણ સુધારાવાદી પગલું તેમને પસંદ નથી.

અલ્લાહ તઆલા આપણા દિલોને ઈમાનના નૂરથી પ્રકાશિત કરે અને પોતાની કિતાબ કુર્આન અને પોતાના રસૂલ ﷺના માર્ગદર્શન પર અમલ કરવાની સંપૂર્ણ તવફીક અતા ફરમાવે કે, તે જ દુનિયા અને આખિરતની સફળતાનું ભાથું છે. આમીન.

મસ્અલો :

આ આયત દ્વારા સ્પષ્ટ થઈ ગયું કે, કુર્આન હકીમે પતિ-પત્નીને તેમના માથે મૂકવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ બતાવી છે કે, પુરૂષોના માથે સ્ત્રીઓના અધિકારો અદા કરવા એવી જ રીતે ફરજ છે, જેવી રીતે કે સ્ત્રીઓ ઉપર પુરૂષોના અધિકારો અદા કરવા ફરજ છે. એમાં ઈશારો છે કે, દરેક પક્ષને પોતાના અધિકારોની માંગણી કરવા કરતાં પોતાના ફરજો ઉપર નજર રાખવી જોઈએ અને જો તે એવું કરી લે, તો અધિકારોની માંગણીનો કજિયો સમાપ્ત થઈ જાય. કારણ કે, પુરૂષોના ફરજો જ સ્ત્રીઓના અધિકારો છે અને સ્ત્રીઓની ફરજો પુરૂષોના અધિકારો છે. જ્યારે ફરજો અદા થઈ જશે, તો આપમેળે અધિકારો પણ અદા થઈ જશે. દુનિયાના મોટા ભાગના ઝઘડાઓ ત્યાંથી જ શરૂ થાય છે કે, દરેક વ્યક્તિ પોતાના અધિકારોની માંગણી સામે મૂકે છે અને પોતાની ફરજોથી ગાફેલ રહે છે, પરિણામે અધિકારોની માંગણીની લડાઈ શરૂ થાય છે, જેમકે આધુનિક યુગમાં સરકારો અને સામાન્ય જનસમૂહમાં, પતિ-પત્નીમાં અને અન્ય બાબતોમાં આ પ્રકારના ઝઘડાઓ ચાલ્યા કરે છે. કુર્આન શરીફે આવી વિકટ પરિસ્થિતિનું રૂખ એવી રીતે બદલ્યું છે કે, દરેક વ્યક્તિ પોતાના ફરજોની કાળજી રાખે અને પોતાના અધિકારો બાબતે ક્ષમા અને દરગુજરથી કામ લે. જો કુર્આનના આ શિક્ષણ ઉપર દુનિયામાં અમલ થવા લાગે તો ઘરો અને કુટુંબોમાં, બલકે દેશો અને સરકારોમાં મોટા ભાગના સંઘર્ષો આપોઆપ સમાપ્ત થઈ જાય.

પુરૂષો અને સ્ત્રીઓના દરજ્જામાં તફાવત દુનિયાના વ્યવહારોના સંદર્ભમાં છે, આખિરતમાં તેની કોઈ અસર નથી :

દુનિયાની વ્યવસ્થાઓમાં અને મનુષ્યના સ્વભાવમાં તથા પોતે નારીજાતિના લાભનો તકાદો એ હતો કે, પુરૂષોને સ્ત્રીઓ ઉપર એક પ્રકારનું આધિપત્ય આપી તેમની દેખરેખની જવાબદારી સોંપવામાં આવે, બલકે, પુરૂષો

ઉપર આ જવાબદારી જરૂરી કરવામાં આવે. એનો જ ઉલ્લેખ આ આયત اَلرِّجَالُ قَوّٰامُوْنَ عَلَى النِّسَآءِ (પુરૂષો સ્ત્રીઓના સરદાર છે. –સૂરહ : ૪, આયત : ૩૪)માં થયો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે, બધા પુરૂષોએ બધી સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ હોવું જરૂરી છે. કારણ કે, શ્રેષ્ઠતાનો બધો જ આધાર ઈમાન અને સદ્કાર્યો ઉપર આધારિત છે. શ્રેષ્ઠતાના દરજ્જાઓની પ્રગતિ કે અધોગતિ ઈમાનના દરજ્જાઓ પર અવલંબિત હોય છે. એટલા માટે આખિરતના સંદર્ભમાં એ જરૂરી નથી કે, પુરૂષોનો જ મરતબો સ્ત્રીઓ કરતા ઊંચો રહે. આ આયતના ખુલાસા પ્રમાણે તથા રિવાયતોથી જાણ થાય છે કે, અમુક સ્ત્રીઓ અલ્લાહની ઈબાદત અને ફરમાંબરદારીમાં ઘણા પુરૂષો કરતાં આગળ વધી જશે અને તેમના દરજ્જાઓ પુરૂષો કરતાં પણ વધી જશે.

કુર્આન શરીફમાં શરીઅતના હુકમો અને અમલોનો સારો બદલો, શિક્ષા, સવાબ અને અઝાબના વર્ણનમાં જો કે, કુર્આનના ખુલાસા પ્રમાણે સ્ત્રીઓ અને પુરૂષો બિલકુલ બરાબર છે અને જે હુકમોમાં અમુક તફાવત છે તેની આગવી છણાવટ કરી સ્પષ્ટ હુકમ સાથે વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ મોટે ભાગે સંબોધન પુરૂષોને કરવામાં આવે છે અને પુરૂષવાચક સર્વનામનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બાબત કુર્આન શરીફ સાથે ખાસ નથી. સામાન્ય રીતે સરકારોના કાયદાઓ લખતી વખતે પણ પુરૂષવાચક સર્વનામનો જ ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે કે કાયદો પુરૂષ અને સ્ત્રી બંનેને સમાન રીતે લાગુ પડતો હોય છે, તેનું એક કારણ એ છે કે, કુર્આને ઉપરોક્ત આયતમાં એવો તફાવત વર્ણવ્યો છે કે, પુરૂષોને સ્ત્રીઓ ઉપર એક હૈસિયતથી વધુ અધિકારો આપવામાં આવ્યા છે.

બીજી વાત કદાચ એ પણ હોય કે, સ્ત્રીઓનો ઉલ્લેખ કરવા માટે તેમને સંબોધન ન કરવું વધારે યોગ્ય છે. એક ઘટના એમ પણ બની છે કે, કુર્આન શરીફમાં અનેક જગ્યાએ પુરૂષોની જેમ સ્ત્રીઓનું વર્ણન કરવામાં આવ્યું ન હોવાથી ઉમ્મુલ મુઅમિનીન હઝરત ઉમ્મે સલમા (રદિ.)એ રસૂલે કરીમ ﷺ સામે આ બાબત દર્શાવી, તો સૂરએ અહઝાબની આ આયત નાઝિલ થઈ اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ وَالْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ وَالْقٰنِتِيْنَ وَالْقٰنِتٰتِ.... (બેશક ! મુસ્લિમ પુરુષો અને મુસ્લિમ સ્ત્રીઓ, મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓ,

આજ્ઞાપાલક પુરુષો અને આજ્ઞાપાલક સ્ત્રીઓ...) જેમાં પુરૂષોની સાથે સાથે સ્ત્રીઓનું આગવું વર્ણન સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું કે, ઈબાદત અને આજ્ઞાપાલનમાં નિપૂણતાના કારણે અલ્લાહ તઆલાની નિકટતામાં, રાજીપામાં અને જન્નતમાં ઔરતોના દરજ્જાઓ પુરૂષો કરતાં ઓછા નથી. (આ રિવાયત નસાઈ, મુસ્નદે અહમદ અને તફસીરે ઈબ્ને જરીરમાં ખુલાસાવાર વર્ણન થઈ છે.)

તફસીરે ઈબ્ને કષીરની એક રિવાયતમાં છે કે, અમુક મુસલમાન સ્ત્રીઓએ રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓ પાસે આવીને કહ્યું કે, "કુર્આને કરીમમાં અનેક ઠેકાણે પુરૂષોનું વર્ણન છે, સ્ત્રીઓમાં પણ પવિત્ર પત્નીઓનું આગવું વર્ણન છે, પરંતુ સામાન્ય મુસલમાન સ્ત્રીઓનો ઉલ્લેખ નથી થયો," આ સંદર્ભમાં ઉપરોક્ત આયત નાઝિલ થઈ.

ખુલાસો :

વાત એમ છે કે દુનિયવી વ્યવસ્થામાં સ્ત્રીઓ ઉપર પુરૂષોનો અધિકાર અને આધિપત્ય સ્ત્રીઓના જ લાભમાં છે અને તેમની સુરક્ષા માટે જરૂરી છે. સારા-નરસા, ભલા તથા બુરા કૃત્યોની શિક્ષા અને સવાબના સંદર્ભમાં તથા આખિરતની રૂએ સ્ત્રી-પુરુષમાં કોઈ તફાવત નથી.

કુર્આન શરીફમાં એક બીજી જગ્યાએ આ જ વિષયનો ખુલાસો કરી વધુ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً،

"જે પુરુષ-સ્ત્રીઓ સદ્કાર્યો કરે અને તેઓ મો'મિન પણ હોય, તો અમે તેમને પવિત્ર જિંદગી અર્પણ કરીએ છીએ." *(સૂરહ : ૧૬, આયત : ૯૭)*

આ ખુલાસા પછી આયતના શબ્દો પર વિચાર કરો وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ، "તેમના અધિકારો પુરુષોના માથે છે, જે રીતે કે પુરૂષોના અધિકારો તેમના માથે છે." તેમાં સ્ત્રીઓના હકોનું વર્ણન પુરૂષોના હકોના વર્ણન કરતાં પહેલાં કરવામાં આવ્યું, જેનું એક કારણ તો એ છે કે, પુરૂષ તો પોતાની શક્તિ અને અલ્લાહે આપેલ હિંમત દ્વારા સ્ત્રી પાસેથી પોતાના અધિકારો મેળવી જ લે છે, પરંતુ ચિંતા સ્ત્રીઓના અધિકારોની કરવી જોઈએ કે, તેઓ સ્વાભાવિક રીતે પોતાના અધિકારો બળજબરીથી પ્રાપ્ત નથી કરી શકતી.

બીજો ઈશારો એમાં એ પણ છે કે, પુરુષોએ સ્ત્રીઓના હકો અદા કરવામાં

પહેલ કરવી જોઈએ અને અહીંયાં જે શબ્દ مِثْلُ (એના જેવું) બંનેના અધિકારોની સમાનતાનો ઉલ્લેખ કરે છે, તેનો અર્થ એ નથી હોઈ શકતો કે, જે પ્રમાણેનું કામ પુરુષો કરે, સ્ત્રીઓ પણ તે જ પ્રમાણે કામ કરે અથવા તેનાથી વિપરીત; કારણ કે, પુરુષ અને સ્ત્રીઓમાં કામની અને જવાબદારીની વહેંચણી કુદરતી, પ્રાકૃતિક અને સ્વાભાવિક રીતે અલગ-અલગ છે. બલકે, કહેવાનો અર્થ એ છે કે, બંને માટે પરસ્પર એકબીજા પ્રત્યેની ફરજો પૂરી કરવી વાજિબ છે અને તેમાં સુસ્તી, આળસ કે જાણીબૂજીને હકો પર તરાપ મારવાની સજા પણ બંનેને સરખી રીતે થશે.

અત્રે એક વાત ઉપર ધ્યાન આપવું યોગ્ય છે કે, કુર્આન શરીફના એક ટૂંકા વાક્યમાં અધિકારો વિશેના એક મહાન વિષયને કેટલી સુંદર રીતે આવરી લેવામાં આવ્યો છે ! *(બહરે મુહીત)*

આ વાક્યના અંતમાં એક શબ્દ بِالْمَعْرُوْفِ (ન્યાયપૂર્ણ, કાયદેસરનું વ્યવહારૂં) વધારીને પરસ્પર ઊભા થનારા ઝઘડાઓ અને વાદ-વિવાદો ઉપર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું કે, હકોને ન્યાયપૂર્ણ અને નિયમ અનુસાર વ્યવહારૂ રીતે પૂર્ણ કરવા પડશે. કારણ કે, કાયદેસર રીતે હકો અદા કરવામાં કોઈ બાબત શરઈ રીતે પણ હરામ કે પ્રતિબંધિત ન હોય અને સામાન્ય માનવસ્વભાવની રૂએ પણ અનિચ્છનીય ન હોય, તેમાં કોઈ બળજબરી કે અત્યાચાર પણ ન હોય તે જરૂરી છે. પતિ-પત્નીના પરસ્પર એકબીજાના હકોનો અર્થ એકબીજાને તકલીફથી બચાવવા માટે ફક્ત ઉપરછલ્લો દેખાવ કરવા પૂરતો નથી. બલકે, સામાન્ય રીતે આ બાબતમાં એવું જોવામાં આવશે કે તેઓ પરસ્પર એકબીજાને તકલીફ અથવા નુકસાન પહોંચાડવાની વૃત્તિથી બિલકુલ દૂર રહે અને નાજાઈઝ તથા અન્ય પ્રતિબંધિત સ્વરૂપોનો ઉપયોગ ન કરે કે, જેનાથી પરસ્પર એકબીજાને નુકસાન થાય અથવા દિલને ઠેસ પહોંચે. દા.ત. એકબીજા પ્રત્યે બિલકુલ "બેરૂખી" અપનાવવી, એટલે કે હકો તો અદા કરે છે, પરંતુ દિલમાં એ ભાવના અને ઉમળકો નથી, જે પતિ-પત્નીના સંબંધમાં હોવો જોઈએ અથવા તો તેના કૃત્યો અને વ્યવહારથી એવું લાગે કે, જાણે પરસ્પર કોઈ સંબંધ જ નથી. આ બધી બાબતો કાયદાના વર્તુળમાં તો નથી આવી શકતી, પરંતુ અલ્લાહે بِالْمَعْرُوْفِ (બિલ્મઅ્રૂફ)ના શબ્દનો ઉપયોગ કરીને આ બાબતોને પણ સ્ત્રી-પુરુષના પરસ્પરના સંબંધોના વર્તુળમાં સમાવી લીધી, ત્યાર પછી ફરમાવ્યું وَلِلرِّجَالِ

عَلَيۡهِنَّ دَرَجَةٌ જેનો પ્રખ્યાત અર્થ અને મફહૂમ (સામાન્ય રીતે સમજવામાં આવતો અર્થ) એ છે કે, પરસ્પર બંનેના અધિકારો સરખા હોવા છતાં અલ્લાહ તઆલાએ પુરુષોને સ્ત્રીઓ ઉપર એક દરજ્જો વધારે અધિકાર અને આધિપત્ય અર્પણ કર્યું છે અને એમાં અલ્લાહની ઘણી મોટી હિકમત રહેલી છે. આ આયતના છેલ્લા શબ્દો وَاللّٰهُ عَزِيۡزٌ حَكِيۡمٌ (અલ્લાહ પ્રચંડ શક્તિશાળી અને હિકમતવાળો છે) દ્વારા એ હિકમત વર્ણન કરવામાં આવી છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) આ વાક્યનો અર્થ એ પણ વર્ણવે છે કે, "અલ્લાહ તઆલાએ સ્ત્રીઓ કરતાં પુરુષોને વધારે દરજ્જો આપ્યો છે એટલા માટે પુરુષોએ વધારે ધીરજથી કામ લેવું જોઈએ અને જો સ્ત્રી તરફે હકોની અદાયગીમાં કોઈ ઊણપ રહી જાય તો પણ પુરુષોના દરજ્જાની રૂએ તેમની ફરજ એ છે કે, તે તેને સહન કરે, ધીરજથી કામ લે અને સ્ત્રીઓ પ્રત્યેની ફરજો પૂર્ણ કરવામાં આળસ કે ઊણપ ન રાખે."

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૨૯-૨૩૦)

اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ ؕ وَلَا يَحِلُّ
لَـكُمۡ اَنۡ تَاۡخُذُوۡا مِمَّاۤ اٰتَيۡتُمُوۡهُنَّ شَيۡـــًٔا اِلَّاۤ اَنۡ يَّخَافَاۤ اَلَّا يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ؕ فَاِنۡ خِفۡتُمۡ
اَلَّا يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ۙ فَلَا جُنَاحَ عَلَيۡهِمَا فِيۡمَا افۡتَدَتۡ بِهٖ ؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا
تَعۡتَدُوۡهَا ۚ وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَاُولٰٓـئِكَ هُمُ الظّٰلِمُوۡنَ ﴿٢٢٩﴾ فَاِنۡ طَلَّقَهَا فَلَا
تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰى تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗ ؕ فَاِنۡ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيۡهِمَاۤ اَنۡ يَّتَرَاجَعَاۤ
اِنۡ ظَنَّاۤ اَنۡ يُّقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿٢٣٠﴾

તરજુમો :

તલાક (રજઈ) બે વખતે છે પછી નિયમ પ્રમાણે (પત્નીને) રોકી લેવી અથવા તો ભલાઈપૂર્વક છોડી દેવી (જોઈએ); અને તમારા માટે એ હલાલ નથી કે તમે જે કંઈ એમને આપ્યું હોય તે પાછું લઈ લો; પરંતુ તે બંનેને એવો

ભય હોય કે અલ્લાહની મર્યાદાઓ (હુકમો)નું પાલન નહિ કરી શકીએ, પછી જો તેમને ભય હોય કે અલ્લાહની મર્યાદામાં નહિ રહી શકે, તો એમાં પત્ની બદલો (ફિદીયો) આપીને પોતાની જાતને છોડાવી લે તો બંને ઉપર કોઈ ગુનોહ નથી; આ અલ્લાહની (નક્કી કરેલી) હદો છે; બસ, તેની આગળ ન વધો અને જે કોઈ અલ્લાહની હદોથી આગળ વધશે (ઉલ્લંઘન કરશે) તો તેઓ જ અત્યાચારી છે. (૨૨૯) પછી જો તેને (ત્રીજીવાર) તલાક આપી દીધી ત્યારબાદ તેના માટે (તે સ્ત્રી) હલાલ નથી જ્યાં સુધી કે તેના સિવાય કોઈ (બીજા) પતિ સાથે નિકાહ ન કરી લે, પછી જો તે (બીજો પતિ પણ) તેને તલાક આપી દે તો (પરસ્પર પ્રથમ પતિ-પત્નીને એકબીજા સાથે) મેળાપ (કરી પુનઃલગ્ન) કરવામાં બંને ઉપર કોઈ ગુનોહ નથી જો તેમને એમ લાગતું હોય કે તેઓ અલ્લાહની હદોનું પાલન કરી શકશે, અને આ અલ્લાહની હદોમાંથી છે, જેને તે જાણનારાઓ માટે વર્ણન કરે છે. (૨૩૦)

તફસીર :

તલાક બે વખતે છે ત્યારબાદ (બે વખતે તલાક આપ્યા પછી બે અધિકારો બાકી રહે છે) ઈચ્છે તો સંબંધો પુનઃ સ્થાપિત કરી પત્નીને કાયદેસર રીતે રાખી લે (અને) ઈચ્છે તો (સંબંધો યથાવત્ ન કરીને ઈદ્દત પૂરી થવા દે અને એ જ પ્રમાણે) ભલાઈપૂર્વક તેમને છોડી દે અને તમારા માટે એ હલાલ નથી કે તમે જે કંઈ એમને આપ્યું હોય તે પાછું લઈ લો; પરંતુ તે બંનેને એવો ભય હોય કે અલ્લાહની મર્યાદાઓનું પાલન નહિ કરી શકીએ, પછી જો તેમને ભય હોય કે અલ્લાહની મર્યાદામાં નહિ રહી શકે, તો પત્નિ તેનો બદલો (ફિદીયો) આપીને પોતાની જાતને છોડાવી લે તો બંને પર કોઈ ગુનોહ નથી; આ અલ્લાહની (નક્કી કરેલી) હદો (મર્યાદાઓ) છે; બસ, તેની આગળ ન વધો અને જે અલ્લાહની હદોથી આગળ વધશે (ઉલ્લંઘન કરશે) તો તેઓ જ અત્યાચારી છે. બસ, જો તેને (ત્રીજીવાર) તલાક આપી દીધી ત્યારબાદ તેના માટે (તે સ્ત્રી) હલાલ નથી જ્યાં સુધી કે તેના સિવાય કોઈ (અન્ય) પતિ સાથે (ઈદ્દત પૂરી કર્યા પછી) નિકાહ કરી લે (અને પતિ-પત્ની વચ્ચેના હોવા જોઈતા બધા જ સંબંધો સંભોગ સહિત સ્થાપિત કરી લે), પછી જો તે તેને તલાક આપી દે તો (પ્રથમ પતિ) તેનાથી સંબંધો યથાવત્ કરી લે (ઈદ્દત પૂરી કર્યા પછી નિકાહ કરી લે) એવી શરતે કે તેમને એમ લાગતું

હોય કે તેઓ અલ્લાહની હદોનું પાલન કરી શકશે, તો (પુનઃલગ્ન કરવામાં) બંને ઉપર કોઈ ગુનોહ નથી અને આ અલ્લાહની હદો (મર્યાદાઓ)માંથી છે, જેને તે જાણનારાઓ માટે સ્પષ્ટ કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

તલાક અને નિકાહના હુકમો આખા કુર્આન શરીફમાં ઘણી જગ્યાએ આવ્યા છે, પરંતુ આ અમુક આયતો જે અત્રે ઉપસ્થિત છે તલાકના વિષયમાં અગત્યના હુકમો અને નિયમોની હૈસિયત ધરાવે છે. તેને સમજવા માટે પ્રથમ નિકાહના શરઈ સ્વરૂપને જાણવું જરૂરી છે.

નિકાહ અને તલાકનું શરઈ સ્વરૂપ અને વિવેકપૂર્ણ સમજદારીપૂર્વકની કૌટુંબિક વ્યવસ્થા :

નિકાહનું એક સ્વરૂપ તો પરસ્પરના સંબંધ વિશે એક કરાર જેવું છે, જેવી રીતે કે કોઈ મહત્ત્વની લેવડ-દેવડમાં થાય છે અને બીજું એક સ્વરૂપ સુન્નત અને ઈબાદતનું છે, આ સ્વરૂપ ઉપર સમગ્ર ઉમ્મતની સહમતિ છે કે, નિકાહ સામાન્ય લેવડ-દેવડના કરાર કરતાં શ્રેષ્ઠ અને ઉપરવટ આગવું અને શરઈ રૂએ ઈબાદત અને સુન્નતનું સ્વરૂપ ધરાવે છે, એટલા માટે નિકાહ વિશે અમુક એવી શરતો જરૂરી છે જે સામાન્ય લેવડ-દેવડની બાબતમાં હોતી નથી અને એ શરતો બાબતે સમગ્ર ઉમ્મત સહમત છે. પ્રથમ એ કે, દરેક સ્ત્રી અને દરેક પુરુષની નિકાહ શરઈ શરતો પૂરી કર્યા વિના નથી થઈ શકતી. બીજું, દુનિયાના બધા જ વ્યવહારો અને કરારો નક્કી કરવા અને સંપૂર્ણ થવા માટે કોઈ ગવાહી અથવા સાક્ષીની ત્યારે જ જરૂર પડે છે, જ્યારે બંને પક્ષે કોઈ વિવાદ ઉભો થાય, પરંતુ નિકાહ એવી બાબત નથી. નિકાહ પૂર્ણ થવા માટે ગવાહો અને સાક્ષીઓ સામે હોવા જરૂરી શરત છે, જો પુરુષ અને સ્ત્રી પરસ્પર કોઈ ગવાહોની હાજરી વિના નિકાહ કરી લે અને આખા જીવન દરમિયાન તેમના વચ્ચે ક્યારેય કોઈ વિવાદ કે વિરોધ પણ ઉપસ્થિત ન થાય, તો પણ ગવાહો સામે ન હોવાના કારણે તેમની અનુપસ્થિતિમાં કરેલા નિકાહ શરઈ રૂએ બાતિલ અને અમાન્ય છે. સુન્નત તરીકો એ છે કે, નિકાહની જાહેરાત કરવામાં આવે, એવી જ રીતે બીજી ઘણી બધી શરતો અને અદબો છે, જે નિકાહના અનુસંધાને જરૂરી અથવા સુન્નત છે.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને ઘણા બીજા ઈમામોના મતે તો

નિકાહ કરાર અને પરસ્પરના સંબંધથી વધુ ઈબાદત અને સુન્નત છે, કુર્આન તથા સુન્નત પણ એ બાબતની ગવાહી આપે છે. નિકાહની વાસ્તવિકતા જાણ્યા પછી તલાકને સમજવી, તલાકનો હેતુ, નિકાહના સંબંધો, લેવડ-દેવડ અને નિકાહના કરારને ખતમ કરવો વગેરે માટે શરીઅતે ઈસ્લામે તેને અન્ય લેવડ-દેવડ અને કરારો સમાપ્ત કરવાના સ્વરૂપો કરતાં એક આગવું સ્વરૂપ આપ્યું છે તથા તેના આગવા કાયદાઓ અને શરતો નક્કી કરી છે. કારણ કે નિકાહ એ અન્ય લેવડ-દેવડ અને કરારો કરતાં અતિમહત્ત્વનો પવિત્ર સંબંધ છે જેને ઈબાદત સમજવામાં આવે છે. એટલે તેને અન્ય લેવડ-દેવડ જેમ સ્વતંત્ર નથી રાખ્યું કે, જ્યારે ચાહે અને જેનાથી ચાહે લેવડ-દેવડ કરી શકે અથવા લેવડ-દેવડ ફોક કરી શકે. એકની સાથે લેવડ-દેવડ ફોક કરી બીજા સાથે કરે, પરંતુ નિકાહ માટે એક વિશિષ્ટ, વિવેકપૂર્ણ અને સમજદારીપૂર્વકનો નિયમ બનાવવામાં આવ્યો છે, જેનું વર્ણન પ્રસ્તુત આયતમાં કરવામાં આવ્યું છે.

ઈસ્લામના શિક્ષણનું અસલી પાસું એ છે કે, નિકાહનો સંબંધ અને કરાર સંપૂર્ણ જીવન માટે હોય છે, આ કરારને ખતમ કરવાની ક્યારેય નોબત જ ન આવવી જોઈએ. કારણ કે આ સંબંધના અંત લાવવાનો પ્રભાવ ફક્ત બંને પક્ષો ઉપર જ નથી પડતો, પરંતુ ઔલાદ અને આવનારી પેઢીઓની તબાહી-બરબાદી સુધી વાત પહોંચે છે અને અમુક સમયે તો કુટુંબોમાં લડાઈ-ઝઘડા સુધીની નોબત આવી જાય છે, મતલબ કે, સમગ્ર સમાજ ખૂબ જ ખરાબ રીતે તેના દુષ્પ્રભાવોથી પ્રભાવિત થાય છે. એટલા માટે જે કારણો અને સબબો આ સંબંધને તોડવા માટેના હોઈ શકે છે, કુર્આન અને સુન્નતના શિક્ષણમાં તે બધા જ કારણોને માર્ગમાંથી હટાવવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. પતિ-પત્નીના પ્રત્યેક વ્યવહારોમાં દરેક પરિસ્થિતિમાં જે માર્ગદર્શન કુર્આન અને સુન્નતમાં ઉપસ્થિત છે, તેનો હેતુ એ જ છે કે, આ સંબંધ કાયમી ધોરણે વધુથી વધુ મજબૂત થતો ચાલ્યો જાય અને ક્યારેય તૂટવા ન પામે. પતિ-પત્ની વચ્ચે સંબંધોમાં કડવાશના સમયે પ્રથમ પરસ્પર સમજણથી કામ લેવામાં આવે, પછી તાકીદ અને ચેતવણીઓ આપવામાં આવે અને તે છતાં જો વાત વધતી ચાલે અને વણસતી જાય તો બંને કુટુંબોના અમુક સક્ષમ અને નેક નિય્યત લોકોને લવાદ તેમજ હકમ (ફૈસલ) બનાવી સંબંધો યથાવત્ કરવાના પ્રયત્નો કરવામાં આવે. આ આયતમાં

એ જ શિક્ષણ આપવામાં આવ્યું છે. حَكَمًا مِّنۡ اَهۡلِهٖ وَحَكَمًا مِّنۡ اَهۡلِهَا માં કુટુંબના જ માણસોને લવાદ બનાવવાનો હિકમતભર્યો હુકમ આપવામાં આવ્યો છે કે, જો કુટુંબનો મા'મલો કુટુંબમાં જ રહે તો વધુ સારૂં છે અને જો કુટુંબની બહાર આ વાત ચાલી જશે, તો દિલોમાં વધારે અદાવત અને વેર પૈદા થવાનો ભય રહેલો છે.

પરંતુ અમુક સમયે એવી પરિસ્થિતિ પણ સામે આવે છે કે, સુલેહ-સંપના બધા જ પ્રયત્નો નિષ્ફળ થઈ જાય છે અને નિકાહના ઈચ્છિત બધા જ સારા પરિણામો પ્રાપ્ત કરવાના બદલે બંને પક્ષોનું સાથે રહેવું એક અઝાબ બની જાય છે, એવી પરિસ્થિતિમાં બંને પક્ષે આ નિકાહના સંબંધનો અંત લાવવો જ પરસ્પર બંને માટે શાંતિ અને સલામતીનો અંતિમ માર્ગ બાકી રહે છે. માટે એવા સમયે ઈસ્લામની શરીઅતે અમુક બીજા ધર્મોની જેમ એવું નથી કર્યું કે, લગ્ન સંબંધ તો અતૂટ જ રહેવો જોઈએ, બલકે ઈસ્લામી શરીઅતે તલાક દ્વારા નિકાહ ફોક કરવાનો અને પતિ-પત્નીના લગ્નજીવનનો અંત લાવવાનો કાયદો બનાવ્યો છે. તલાકનો અધિકાર ફક્ત પુરૂષોને આપવામાં આવ્યો છે, કારણ કે, પુરૂષોમાં સ્વાભાવગત સહનશીલતા, વિવેકબુદ્ધિ તથા સમજદારી વધારે હોય છે અને ભાવનાઓમાં વહી જઈ જેમ-તેમ ખોટો નિર્ણય લેતા નથી. સ્ત્રીઓના હાથમાં આ અધિકાર એટલા માટે આપવામાં આવ્યો નથી કે, કોઈ પ્રસંગે લાગણીશીલતા સ્ત્રીઓના અસ્તિત્વ ઉપર છવાય જાય છે અને લાગણીના પ્રવાહમાં વહી જઈ સ્ત્રી ખોટો નિર્ણય લઈ લે, તો તે લગ્નવિચ્છેદનું કારણ બની શકે છે, કારણ કે, સ્ત્રી જન્મજાત સ્વભાવે પુરૂષો કરતાં વધારે લાગણીશીલ અને ભાવુક હોય છે.

પરંતુ ઈસ્લામમાં ઔરતને પણ લગ્નવિચ્છેદના અધિકારથી બિલકુલ વંચિત કરવામાં આવી નથી. પતિના અત્યાચાર અને જુલમોને સહન કરવા માટે તેને આ હકથી વંચિત કરીને મજબૂર કરવામાં આવી નથી. બલકે, ઈસ્લામિક શાસન વ્યવસ્થાની શરઈ કોર્ટમાં પોતાનો મા'મલો રજૂ કરી પોતાની શિકાયતના પુરાવા આપે તો સ્ત્રી પણ લગ્નવિચ્છેદ કરાવી શકે છે અને તલાક મેળવી શકે છે. પતિને તલાક આપવાનો સ્વતંત્ર અધિકાર તો આપી દીધો છે, પરંતુ એવું કહેવામાં આવ્યું છે કે, આ અધિકારનો ઉપયોગ કરવો અલ્લાહ નજીક સૌથી વધુ અપ્રિય બાબત છે અને ફક્ત મજબૂરીની હાલતમાં એક અંતિમ ઉપાય તરીકે જ તલાક આપવી જોઈએ. હદીષ શરીફમાં આવ્યું છે કે,

اَبْغَضُ الْحَلَالِ اِلَى اللّٰهِ الطَّلَاقُ،

"હલાલ વસ્તુઓમાં સૌથી વધુ અપ્રિય અને નાપસંદ વસ્તુ અલ્લાહ નજીક તલાક છે."

બીજી મર્યાદા એ બાંધવામાં આવી કે, ગુસ્સાની હાલતમાં અથવા કોઈ સમયે કોઈ અપ્રિય ઘટના અથવા લડાઈ-ઝઘડા સમયે અચાનક આ અધિકારનો ઉપયોગ બિલકુલ કરવામાં ન આવે અને આ જ હિકમત અનુસંધાને માસિકધર્મ સમયે તલાક આપવાની મનાઈ ફરમાવવામાં આવી છે. અને પાકીની હાલતમાં પણ જે પાકીમાં સંભોગ થઈ ચૂક્યો હોય તેમાં પણ એ કારણે તલાક આપવાની મનાઈ ફરમાવવામાં આવી કે, શક્ય છે, એ સહશયનના થકી ગર્ભાધાનના કારણે સ્ત્રીની ઈદ્દત લંબાઈ જાય, જેનાથી તેને તકલીફ થઈ શકે છે. એટલા માટે આવી બાબતો માટે કુર્આન શરીફમાં ઈરશાદ છે, وَطَلِّقُوْهُنَّ لِعِدَّتِهِنَّ તલાક આપવી હોય તો એવા સમયે આપો, જેમાં સ્ત્રીની ઈદ્દત બિનજરૂરી લંબાઈ ન જાય. હૈઝ (માસિક ધર્મ)ની હાલતમાં તલાક આપી તો તે હૈઝ ઈદ્દતમાં સામેલ નહિ થાય. ત્યારબાદ પાકીની હાલત અને તે પાકી પછીનું હૈઝ ઈદ્દતમાં સામેલ થશે અને જે પાકીની હાલતમાં સ્ત્રીસંગ થઈ ચૂક્યો હોય તો એમાં સંભવ છે કે, ગર્ભ રહી ગયો હોય તો ઈદ્દત બાળકના જન્મ સુધી લંબાઈ શકે છે. તલાક આપવામાં હૈઝ પછી તરતની પાકી અને સ્ત્રી સહવાસ પહેલાંનો સમય રાખવાની હિકમત એ છે કે, આ રાહ જોવાના સમયમાં શક્ય છે કે, પતિનો ગુસ્સો ઠંડો પડી જાય અને મા'ફી-સાફી થઈ જાય અને તલાકનો ઈરાદો જ ખતમ થઈ જાય !

ત્રીજી પાબંદી એ લગાવવામાં આવી કે, લગ્નવિચ્છેદ કરવા પતિ-પત્નીના લગ્નસંબંધોનો અંત લાવવાનું સ્વરૂપ એવું રાખવામાં આવ્યું નથી કે, જે રીતે સામાન્ય ખરીદ-વેચાણના મા'મલામાં અથવા કરારોમાં રાખવામાં આવે છે કે, એક વખતે કરાર રદ કરી દીધો તો તે જ સમયે તે જ મિનિટે બંને પક્ષો સ્વતંત્ર થઈ ગયા અને મા'મલો બિલકુલ સમાપ્ત થઈ ગયો અને દરેકને અધિકાર મળી ગયો કે અન્યો સાથે કરાર કરી શકે છે, પરંતુ નિકાહ અનુસંધાને લગ્નવિચ્છેદ કરવા માટે ત્રણ દરજ્જાઓ અને તબક્કાઓ ત્રણ તલાકોના સ્વરૂપમાં રાખવામાં આવ્યા છે. પછી તેના ઉપર ઈદ્દતની પાબંદી લગાવી કે,

ઈદ્દત પૂરી થવા સુધી નિકાહના મા'મલાની ઘણી અસરો બાકી રહેશે. ઔરત બીજા નિકાહ માટે તાત્કાલિક હલાલ નહિ થાય અને પુરૂષ ઉપર પણ અમુક પ્રકારની પાબંદીઓ (જવાબદારીઓ) અને શરતો બાકી રહે છે.

ચોથી શરત એ લગાવવામાં આવી કે, જો ચોખ્ખા અને સ્પષ્ટ શબ્દોમાં એક અથવા બે વખતે તલાક આપવામાં આવી છે, તો નિકાહ તાત્કાલિક અસરથી નહિ તૂટે, બલકે પતિ-પત્નીનો આ સંબંધ ઈદ્દત પૂરી થતાં સુધી કાયમ રહેશે અને ઈદ્દત દરમિયાન જો પતિ પોતાની તલાકથી "રુજૂઅ્" (પતિ પોતાની પત્નીને કહે, હું તારાથી રુજૂઅ્ કરું છું) કરી લગ્નસંબંધ યથાવત કરવા ઈચ્છે તો તેમ કરી શકે છે.

પરંતુ આ "રુજૂઅ્" કરવાનો અધિકાર ફક્ત એક અથવા બે તલાક (ઈદ્દત) સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યો છે, જેથી કોઈ જાલિમ પતિ એવું ન કરી શકે કે, હંમેશા તલાક આપતો રહે પછી "રુજૂઅ્" કરીને પત્નીને પોતાની કેદમાં રાખે. એટલા માટે એવો હુકમ આપવામાં આવ્યો કે, જો કોઈએ ત્રીજી તલાક પણ આપી દીધી તો હવે તેને "રુજૂઅ્" કરવાનો પણ અધિકાર નથી. બલકે, જો બંને રાજી થઈને પરસ્પર બીજા વખતે નિકાહ કરવા ઈચ્છે તો માત્ર એક જ પરિસ્થિતિ અને સ્વરૂપ બાકી રહે છે કે, જેનું વર્ણન હવે પછી આગળ આવશે તેમાં જ તે શક્ય બની શકે છે. નહિતર આ પરિસ્થિતિ સિવાય ફરી નિકાહ કરવા પણ હલાલ નથી.

પ્રસ્તુત આયતોમાં તલાકની વ્યવસ્થાના અગત્યના હુકમોનું વર્ણન છે, હવે તે આયતોના શબ્દો ઉપર વિવરણ કરીએ. પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اَلطَّلَاقُ مَرَّتَانِ "તલાક બે જ વખતે છે" પછી તે બંને સમયની તલાકોમાં એટલી છૂટછાટ રાખવામાં આવી કે, તેનાથી નિકાહ સંબંધોનો બિલકુલ અંત આવી જતો નથી. બલકે, ઈદ્દત પૂરી થતાં સુધી પુરુષને પોતાની પત્ની સાથે સંબંધો યથાવત્ (રુજૂઅ્) કરવાનો અધિકાર રહે છે અને તે પત્નીને પોતાના નિકાહમાં રાખી શકે છે. પછી જો તે "રુજૂઅ્" ન કરે અને ઈદ્દત પૂરી થવા દે, તો ઈદ્દત પૂરી થઈ જવાથી લગ્નસંબંધનો અંત આવી જશે. આ વિષયને આ શબ્દોમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો, "અથવા તો શરીઅતના કાયદા પ્રમાણે "રુજૂઅ્" કરી પત્નીને પોતાના નિકાહમાં યથાવત્ રાખે અથવા તો સારો વર્તાવ કરી તેની સાથે

ભલાઈ કરી ઈદ્દત પૂરી કરી તેને સ્વતંત્ર (આઝાદ) કરી દે (નિકાહના બંધનમાંથી મુક્ત કરી દે.)"

હજુ ત્રીજી તલાકનું વર્ણન થયું નથી. વચ્ચે બીજા એક મસ્અલાનું વર્ણન કર્યું કે, જે આવી પરિસ્થિતિમાં મોટે ભાગે ચર્ચામાં આવે છે અને તે એ છે કે, અમુક જાલિમ પતિ પોતાની પત્નીને રાખવા નથી ચાહતો અને ન જ તેના હકો પૂરા કરવાની ફિકર કરે છે અને ન તો તેને તલાક આપે છે. પત્ની તંગ આવી જાય છે. આવા સમયે પત્નીની મજબૂરીનો લાભ ઉઠાવીને તલાક આપવા માટે તેનો પતિ અમુક રૂપિયા–પૈસા અથવા તો મહરની મા'ફી વગેરેની માંગણી કરે છે. કુર્આન શરીફે આ બાબતને હરામ કરી છે. ઈરશાદ ફરમાવ્યું, وَلَا يَحِلُّ لَكُمْ اَنْ تَأْخُذُوا مِمَّا اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا એટલે કે "તમારા માટે હલાલ નથી કે, તલાકના બદલામાં તેમને આપેલો માલ મહર વગેરે પરત લઈ લો."

અલબત્ત એક સ્વરૂપ એનાથી અલગ પ્રકારનું રજૂ કર્યું કે, આવી પરિસ્થિતિમાં મહર મા'ફ કરવી જાઈઝ કરવામાં આવી છે અને તે સ્ત્રીનો અધિકાર છે કે, જો તે એવું ઈચ્છે કે મારાથી પતિના હકો અદા નહિ થઈ શકે અને હું તેની નિકાહમાં રહી શકું એમ નથી, તો આવી પરિસ્થિતિમાં મહર વગેરેની રકમ પાછી આપીને અથવા મા'ફ કરાવીને તેના બદલામાં તલાક લઈ લે તો તે જાઈઝ છે.

આ મસ્અલો વર્ણન કર્યા પછી ત્રીજી તલાકનું વર્ણન કર્યું અને ફરમાવ્યું, فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ જો કોઈ વ્યક્તિએ ત્રીજી તલાક પણ આપી દીધી, જે શરીઅતની રૂએ બિલકુલ અપ્રિય છે, તો હવે લગ્નસંબંધ (નિકાહ)નો બિલકુલ અંત આવી ગયો. હવે, તેમાં "રુજૂઅ્" કરવાનો કે લગ્નસંબંધ યથાવત્ કરવાનો કોઈ અધિકાર બાકી રહ્યો નથી અને પતિએ શરીઅતની મર્યાદાઓ વટાવી વિના કારણે ત્રીજી તલાક આપી દીધી તો હવે તેની સજા એ છે કે, હવે બંને રાજી હોય અને પરસ્પર નિકાહ કરવા ચાહે, તો પણ તેઓ નિકાહ નહિ કરી શકે. પરસ્પર ફરીવાર નિકાહ કરવાનું એકમાત્ર સ્વરૂપ એ હશે કે, આ સ્ત્રી તલાકની ઈદ્દત પૂરી કરી કોઈ અન્ય પુરૂષ સાથે નિકાહ કરે અને તેના નિકાહમાં રહી પત્ની તરીકેની બધી જ ફરજો અદા કરે અને તેની સાથે પત્ની તરીકે રહે અને જો યોગાનુયોગ અચાનક કોઈ કારણસર તે બીજા પતિએ પણ તેને

તલાક આપી દીધી અથવા મૃત્યુ પામ્યો, તો આવી પરિસ્થિતિમાં ઈદ્દત પૂરી કર્યા પછી પ્રથમ પતિ સાથે નિકાહ થઈ શકે છે અને આયતના છેલ્લા વાક્ય فَاِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيْهِمَا اَنْ يَّتَرَاجَعَا નો અર્થ આ જ છે.

ત્રણ તલાક અને તેના હુકમોની વિગત :

અહીંયાં કુર્આન શરીફની વર્ણનશૈલી ઉપર વિચાર કરવાથી એ વાત સ્પષ્ટ રીતે સામે આવી જાય છે કે, તલાક આપવાની વાસ્તવિક શરઈ રીત એ છે કે, વધુથી વધુ બે તલાકો સુધી પહોંચવામાં આવે, ત્રીજી તલાકની નોબત આવવા દેવી બરાબર નથી. આયતના શબ્દો اَلطَّلَاقُ مَرَّتَانِ પછી ત્રીજી તલાકનો શબ્દ اِنْ (ઈન) સાથે فَاِنْ طَلَّقَهَا ફરમાવ્યું છે, એ તરફ ઈશારો મૌજૂદ છે. નહિતર સીધી વ્યાખ્યા એ હતી કે اَلطَّلَاقُ ثَلٰثٌ કહેવામાં આવ્યું હોત, તેના બદલે વર્ણનશૈલી એવી અપનાવવામાં આવી, જેમાં સ્પષ્ટ રીતે ઈશારો એ છે કે, ત્રીજી તલાકના અવસર સુધી પહોંચવામાં ન આવે. એ જ કારણ છે કે, ઈમામ માલિક (રહ.) અને ઘણા ફુકહાએ ત્રીજી તલાકની પરવાનગી જ નથી આપી અને તેને "તલાકે બિદ્અત" કહી છે અને અમુક ફુકહાએ ત્રણ તલાકને ફક્ત એ શરત સાથે જાઇઝ ઠરાવી છે કે, અલગ-અલગ ત્રણ માસિકધર્મની પાકી (તહારત) પછી ત્રણ તલાકો આપવામાં આવે, તેને ફિક્હની વ્યાખ્યામાં "તલાકે સુન્નત"ના શબ્દથી ઓળખવામાં આવી છે, પરંતુ તેનો અર્થ એ નથી કે, આવી રીતે ત્રણ તલાકો આપવી સુન્નત અને પ્રિય બાબત છે. બલકે, "તલાકે બિદ્અત"ના મુકાબલામાં તેને "તલાકે સુન્નત" એ અર્થમાં કહેવામાં આવ્યું છે કે, આ સ્વરૂપ બિદ્અતમાં સામેલ નથી.

કુર્આન અને સુન્નતના ફરમાનો અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ના અમલોમાં તલાક વિશે અસંખ્ય ઘટનાઓની જે કંઈ પણ સાબિતી મળે છે, તેનો ખુલાસો એ છે કે, જ્યારે તલાક આપવા સિવાય કોઈ ઉપાય બાકી જ ન રહે તો તલાકની ઉત્તમ પદ્ધતિ એ છે કે, ફક્ત એક તલાક એક પાકી (એક તહારત લગભગ ચાલીસ દિવસ)માં આપે. હવે, આ એક તલાક આપીને છોડી દે. તલાકની ઈદ્દત પૂરી થતાં નિકાહનો સંબંધ આપોઆપ તૂટી જશે, તેને ફુકહાએ "તલાકે અહસન" કહી છે અને સહાબા (રદિ.)એ આ જ તલાકને "તલાકની ઉત્તમ રીત" ગણાવી છે.

ઈબ્ને અબી શયબહ (રહ.)એ પોતાના મુસનફમાં હઝરત ઈબ્રાહીમ નખઈ (રહ.)થી નકલ કર્યું છે કે, "સહાબએ કિરામ (રદિયલ્લાહુ અન્હુમ) તલાક આપવામાં એ બાબત પસંદ કરતા હતા કે, ફક્ત એક તલાક આપીને છોડી દેવામાં આવતી અને તલાકની ઈદ્દત ત્રણ હૈઝ (માસિક ધર્મ) પૂરા થઈ જવા દેતા, જેથી સ્ત્રી આઝાદ (લગ્નવિચ્છેદ થવાથી નિકાહના બંધનથી મુક્ત) થઈ જાય."

કુર્આન શરીફના ઉપરોક્ત શબ્દોથી એ બાબતની પરવાનગી મળે છે કે, બે તલાક સુધી આપવામાં આવે, પરંતુ مَرَّتَانِ (બે વખતે)ના શબ્દનો એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, બે તલાક, બે શબ્દો સાથે એકી સમયે આપવામાં ન આવે. બલકે, બે પાકી (તહારત) અલગ-અલગ હોય اَلطَّلَاقُ طَلَاقَانِ (બે તલાકોની છૂટ છે)થી પણ બે તલાકની પરવાનગી સાબિત થઈ શકતી નથી, પરંતુ مَرَّتَانِ એક ક્રમ અને પદ્ધતિ તરફ ઈશારો કરે છે, જેમાં લાભ એ થાય છે કે, બે તલાકો હોય તો અલગ-અલગ હોય. દા.ત. એવું સમજી લો કે, કોઈ વ્યક્તિ કોઈને બે રૂપિયા એક સાથે આપી દે, તેને બે વખતે અલગ-અલગ રૂપિયા આપવાનું નહિ કહેવાય. કુર્આનના શબ્દોમાં બે વખતે આપવાનો હેતુ એ છે કે, બે વખતે અલગ-અલગ પાકીમાં બે તલાકો આપવામાં આવે. *(રૂહુલ મઆની)*

અલબત્ત, બે તલાકો સુધી કુર્આન હકીમના શબ્દોથી સાબિત છે. એટલા માટે ઈમામો અને ફકીહોએ આ તલાકને તલાકે સુન્નતમાં દાખલ કરી છે અને તલાકની આવી પદ્ધતિ બિદ્અત નથી. ત્રીજી તલાક એ અત્યંત અપ્રિય હોવા વિશે ખુદ કુર્આનની શૈલીમાં સ્પષ્ટ ઈશારો જોવામાં આવે છે અને તે અપ્રિય હોવામાં કોઈનો પણ મતભેદ નથી.

આ હદીષમાં રસૂલે કરીમ ﷺનો એક ઈરશાદ ત્રીજી તલાકને મકરૂહ અને અપ્રિય હોવાનો ઈશારો કરે છે. ઈમામ નસાઈએ મહમૂદ બિન લબીદથી રિવાયત નકલ કરી છે.

اُخْبِرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ رَجُلٍ طَلَّقَ اِمْرَاَتَهٗ ثَلَاثَ تَطْلِيْقَاتٍ جَمِيْعًا فَقَامَ غَضْبَانًا ثُمَّ قَالَ اَيُلْعَبُ بِكِتَابِ اللّٰهِ وَاَنَا بَيْنَ اَظْهُرِكُمْ حَتّٰى قَامَ رَجُلٌ وَقَالَ يَارَسُوْلَ اللّٰهِ اَلَا اَقْتُلُهٗ (نسائی کتاب الطّلاق، ص ۹۸، ج ۲)

"રસૂલે કરીમ ﷺને એક વ્યક્તિ વિશે ખબર આપવામાં આવી, જેણે પોતાની

પત્નીને એકસાથે ત્રણ તલાકો આપી હતી. આપ ﷺ ગુસ્સે થઈ ઊભા થઈ ગયા અને કહ્યું, શું અલ્લાહની કિતાબ સાથે રમત રમવામાં આવે છે ? હાલાં કે હું તમારી વચ્ચે મૌજૂદ છું. એટલામાં એક વ્યક્તિ ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો, હે અલ્લાહના રસૂલ ﷺ શું હું તેને કતલ કરી નાંખું ?"

આ હદીષની સનદને હાફિઝ ઈબ્ને કય્યિમે મુસ્લિમની શરત પર સહીહ ઠરાવી છે. (ઝાદુલ મઆદ) અને "ઝોહરે નકી"માં અલ્લામા માવરડીએ આ હદીષની સનદને સહીહ કહી છે અને ઈબ્ને કષીરની સનદ "જય્યિદ ઈબ્ને હજર"થી મજબૂત રિવાયત નકલ થઈ છે.

આ જ કારણે ઈમામ માલિક (રહ.) અને બીજા અન્ય ફકીહ ઈમામોએ ત્રીજી તલાકને સદંતર નાજાઇઝ અને "તલાકે બિદ્અત" ઠરાવી છે. અન્ય ઈમામોએ ત્રણ પાકીની મુદતમાં ત્રણ તલાકો જો કે, "તલાકે સુન્નત"માં સામેલ કરીને ત્રીજી તલાકને "તલાકે બિદ્અત"માંથી બાકાત કરી છે, પરંતુ તે અપ્રિય અને નાપસંદ હોવા માટે તેમનો કોઈ મતભેદ નથી.

ખુલાસો :

આ છે શરીઅતે ઈસ્લામ ! જેણે તલાકના ત્રણ દરજ્જાઓ (તબક્કાઓ) ત્રણ તલાકોના સ્વરૂપમાં રાખ્યા છે, તેનો અર્થ કદાપિ એ નથી કે, આ ત્રણ દરજ્જાઓને વટાવવા આવશ્યક અને ઉત્તમ છે. બલકે, શરીઅતનો ઈરાદો એ છે કે, પ્રથમ તો તલાક પોતે એક અપ્રિય અને પસંદ ન કરવામાં આવેલ કૃત્ય છે. જો મજબૂરી અને લાચારીથી આ કદમ ઉઠાવવાની નોબત આવી જાય તો ઓછામાં ઓછો દરજ્જો એ છે કે, એક તલાકને પૂરતી ગણવામાં આવે. ઈદ્દત પસાર કર્યા પછી આ એક તલાક દ્વારા જ નિકાહ અને પતિ-પત્નીના લગ્નસંબંધોનો અંત આવી શકે છે અને તે પૂરતું છે. સ્ત્રી સ્વતંત્ર થઈ બીજા વ્યક્તિ સાથે તલાકની ઈદ્દત પૂરી કરી નિકાહ કરી શકે છે. તલાક આપવાની આ જ પદ્ધતિ સૌથી ઉત્તમ અને સારી છે. આ તરીકામાં હિકમત અને ફાયદો એ છે કે, સ્પષ્ટ શબ્દ "તલાક" કહીને એક તલાક આપવાના સ્વરૂપમાં બંને પક્ષે હજુપણ સુલેહ-સંપનો માર્ગ ખુલ્લો રહે છે અને ઈદ્દત પૂરી થતાં પહેલાં પહેલાં આ તલાકથી "રુજૂઅ્" કરી લગ્નસંબંધો વિના નિકાહે યથાવત્ કરી લઈ શકાય છે અને ઈદ્દત પૂરી થયા પછી પણ ભલે નિકાહ તૂટી ચૂકી હોય અને સ્ત્રી આઝાદ થઈ ગઈ હોય, પરંતુ હજુ પણ

એ સંભાવના બાકી રહે છે કે, જો બંનેમાં સુલેહ થઈ જાય અને પરસ્પર નિકાહ કરવા ઈચ્છે તો નિકાહ એ સ્થિતિમાં પણ થઈ શકે છે.

પરંતુ જો કોઈ વ્યક્તિ "તલાકે અહસન"ના તરીકા ઉપર અમલ ન કરે અને ઈદ્દત દરમિયાન વધુ એક તલાક સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં આપી દે તો તેણે નિકાહ વિચ્છેદ થવાના બે દરજ્જાઓ (તબક્કાઓ) પસાર કરી દીધા, જેની આવશ્યકતા ન હતી અને આવું કરવું શરીઅતમાં પસંદ કરવામાં આવ્યું નથી. પરંતુ અલબત્ત બે દરજ્જા પસાર થઈ જશે, જો કે, આ બે દરજ્જાઓ પૂર્ણ થયા સુધી વાત તો ત્યાંની ત્યાં જ રહેશે કે, ઈદ્દત દરમિયાન તેને સંબંધો યથાવત્ (રજ્અત) કરવાનો અધિકાર બાકી રહે છે અને ઈદ્દત પૂરી થઈ ગયા પછી બંને પક્ષોની રાજીખુશીથી નિકાહ ફરીવાર કરી શકાય છે. તફાવત ફક્ત એટલો જ છે કે, બે તલાક સુધી પહોંચવામાં પતિએ પોતાના અધિકારની એક કડી વધારે તોડી નાંખી અને એવી સરહદમાં પહોંચી ગયો કે, જો હવે વધુ એક તલાક આપી દેશે તો મા'મલો કાયમ માટે સમાપ્ત થઈ જશે.

જે વ્યક્તિએ તલાકના બે દરજ્જાઓ પસાર કરી દીધા તેને આગળ ઉપર માર્ગદર્શન આપવામાં આવે છે فَإِمۡسَاكٌۢ بِمَعۡرُوفٍ أَوۡ تَسۡرِيحٌۢ بِإِحۡسَانٍ، અને તેમાં فَإِمۡسَاكٌۢ بِمَعۡرُوفٍ ના શબ્દોમાં આ હુકમ બતાવવામાં આવ્યો. પ્રથમ એ કે, ઈદ્દત દરમિયાન "રજ્અત" કરી લેવાથી પુનઃલગ્ન કરવાની (ફરીવાર નિકાહ પઢવાની) જરૂર રહેતી નથી. બલકે, ફક્ત "રજ્અત" કરીને સંબંધો યથાવત્ કરી લેવા પૂરતા થઈ જશે. જો એવું કરી લીધું તો અગાઉ કરેલા નિકાહના આધારે પતિ-પત્નીના નિકાહ સંબંધો અગાઉની જેમ જ પૂર્વવત્ થઈ જશે અને લગ્નસંબંધ યથાવત્ રહેશે.

બીજું એ કે પતિને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જો તેનો ઈરાદો સુલેહ કરવાનો અને હવે પછી શાંતિપૂર્ણ રીતે સાથે રહી જિંદગી ગુજારવાનો હોય તો જ રજ્અત કરે, નહિતર છોડી આપે જેથી ઈદ્દત પૂરી થવાથી નિકાહ સમાપ્ત થઈ જશે. એવું ન થાય કે સુલેહ-સંપ કરવાના બદલે ઔરતને હેરાન કરવાના ઈરાદે રજ્અત કરી લગ્નસંબંધો યથાવત્ કરે.

એનાથી વિપરિત أَوۡ تَسۡرِيحٌۢ بِإِحۡسَانٍ માં ફરમાવ્યું, "તસ્રીહ"નો અર્થ આઝાદ કરી દેવું અથવા છોડી દેવું થાય છે, એનાથી એવો ઈશારો મળે છે કે,

સંબંધો વિચ્છેદ કરવા માટે કોઈ વધુ તલાક આપવાની અથવા બીજી કોઈ પ્રવૃત્તિ કરવાની જરૂર રહેતી નથી. વિના રજ્અત કર્યે ઈદ્દત પૂરી થવાથી લગ્નસંબંધો આપોઆપ તૂટી જશે.

હદીષના ઈમામ અબૂ દાવૂદે અબૂ રજીન અશ્અદીની રિવાયત નકલ કરી છે, "આ આયતના નાઝિલ થવા વિશે એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે, અલ્લાહ તઆલાએ اَلطَّلَاقُ مَرَّتَانِ ફરમાવ્યું, ત્રીજી તલાકનો અત્રે ઉલ્લેખ કેમ નથી કર્યો ? આપ ﷺએ ફરમાવ્યું, تَسْرِيْحٌ بِاِحْسَانٍ જે પાછળથી આવે છે, તે જ ત્રીજી તલાક છે." (રૂહુલ મઆની) એનો અર્થ જમહૂર ઉલમા નજીક એ છે કે, જે કાર્ય નિકાહ સંબંધોના સંપૂર્ણ અંત માટે હોય છે, તે ત્રીજી તલાક છે અને નિકાહના સંબંધોનો ત્રીજી તલાકની આવશ્યકતા વિના પણ રજ્અત ન કરવાથી અને ઈદ્દતની અંદર અંદર સંબંધો યથાવત્ ન કરવાથી, આપોઆપ અંત આવી જાય છે. જે પ્રમાણે اِمْسَاكٌની સાથે بِمَعْرُوْفٍ ની શરત લગાવી એ માર્ગદર્શન આપવામાં આવ્યું કે, રજ્અત કરીને પત્નીને રોકી લેવામાં આવે તો ભલાઈ કરવાના ઈરાદે અને હવે પછી સંબંધો પૂર્વવત્ કરવાના ઈરાદે કરવામાં આવે, ફક્ત પત્નીને હેરાન કરવાના ઈરાદે નિકાહમાં રોકી લેવામાં ન આવે. એ જ પ્રમાણે تَسْرِيْحٌ ની સાથે ...بِاِحْسَانٍ ની શરત લગાવીને એવી સૂચના આપવામાં આવી કે તલાક એક સંબંધનો અંત લાવવાનું નામ છે અને સાલસ, સરળ અને નેક સ્વભાવના વ્યક્તિનું કામ એ છે કે, જે પ્રમાણે આવો સારો માણસ કોઈ અન્ય લેવડ-દેવડ કે કરાર વગેરે સુલેહ-શાંતિથી, રાજી-ખુશીથી કરે છે બલકે, પોતાનો કરારનો અંત લાવવાની જરૂર પડે અથવા લેવડ-દેવડ ફોક કરવાની જરૂર પડે તો પણ આવો વ્યક્તિ ગુસ્સો કરી અને લડાઈ-ઝઘડો કરી છૂટો પડતો નથી. બલકે, એકબીજા સાથે ભલાઈનો વર્તાવ કરીને છૂટો પડે છે. એ જ પ્રમાણે તલાક આપ્યા પછી પત્નીને અમુક ભેટ-સોગાત પૈસા-કપડાં વગેરે આપીને રવાના કરે, જેનું વર્ણન કુર્આન શરીફની બીજી આયતમાં આ પ્રમાણે છે.

وَمَتِّعُوْهُنَّ عَلَى الْمُوْسِعِ قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ،

"તલાક આપેલી સ્ત્રીને તમારી આર્થિક સ્થિતિ પ્રમાણે અમુક જોડ કપડાં આપીને રવાના કરો !" *(સૂરહ : ૨, આયત : ૨૩૬)*

અને જો એમાં પણ એવું ન કર્યું બલકે, ત્રીજી તલાક પણ આપી દીધી, તો હવે તેણે પોતાના બધા જ અધિકારો, જે તેને શરીઅતે તલાક વિશે આપ્યા હતા અને એમાં તેને જે સરળતા પ્રાપ્ત હતી, વિના કારણે, વિના જરૂરતે તેણે તેનો અંત લાવી દીધો, તો હવે તેની સજા એ છે કે, ન તો તે રજ્અત કરી શકે છે, એટલે કે ન તો લગ્નસંબંધો યથાવત્ કરી શકે છે અને ન જ બંને પક્ષો રાજીખુશી હોવા છતાં ફરીવાર લગ્નસંબંધોથી જોડાઈ શકે છે. હવે આ મા'મલો કાયમ માટે ખતમ થઈ ગયો.

જો કોઈએ "ગૈરમુસ્તહ્સન" (અણછાજતી-અપ્રિય) અને કુર્આનની બતાવેલી પદ્ધતિથી વિરુદ્ધ ત્રણ તલાક આપી દીધી તો તેની અસર શું હશે ? :

તેનો જવાબ તાર્કિક અને પ્રચલિત પદ્ધતિ પ્રમાણે એ જ છે કે, કોઈ કૃત્યનું ગુનોહ અથવા અપ્રિય હોવું તેની અસરકારકતા માટે ક્યારેય રુકાવટ બની શકતું નથી. દા.ત. કોઈની નાહક હત્યા કરવી મોટો ગુનોહ અને ધૃણાસ્પદ કાર્ય છે, પરંતુ જેને ગોળી અથવા તલવારથી મારી નાંખવામાં આવ્યો છે, તો તેનું મૃત્યુ તો થશે જ, મૌત તેનો ઇન્તેજાર નહિ કરે કે, આ ગોળી જાઇઝ પદ્ધતિથી મારવામાં આવી હતી કે નાજાઇઝ પદ્ધતિથી. એજ પ્રમાણે ચોરી કરવી દુનિયાના બધા જ ધર્મોમાં એક મોટું પાપ ગણાય છે, પરંતુ જે માલ ચોરી કરીને લૂંટી લેવામાં આવ્યો તે માલ તો હાથથી નીકળી જ જશે ! એ જ પ્રમાણે બધા જ આર્થિક, સામાજિક ગુનાહોની આવી જ પરિસ્થિતિ છે કે, કોઈપણ કાર્યના પરિણામ ઉપરની અસરકારકતા ક્યારેય તે ગુનાહિત હોવા ન હોવાના કારણે પ્રભાવિત થતી નથી.

આ સિદ્ધાંતનો તકાદો એ જ છે કે, શરીઅતે આપેલી સરળતાઓને ઉપેક્ષિત કરી, વિના કારણે પોતાના તલાકના બધા જ અધિકારોનો ઉપયોગ કરી ત્રણ તલાક સુધી પહોંચી જવું ભલે, રસૂલે કરીમ ﷺની નારાજગીનું કારણ હોય! જેમકે અગાઉની રિવાયતોમાં આવી ચૂક્યું છે, ભલે જમહૂર ઉલમા તેને અપ્રિય ગણે છે, ભલે અમુકના નજીક તો તે નાજાઇઝ છે, પરંતુ આ બધી બાબતો હોવા છતાં જ્યારે કોઈ વ્યક્તિએ આવું પગલું ભરી જ લીધું, તો એની અસર તો એ જ થશે કે, જે રીતે જાઇઝ તલાકની અસર થાય છે. એટલે કે ત્રણ તલાકો પડી જશે અને રજ્અતનો પણ અધિકાર નહિ રહે ! પુનઃલગ્ન કરવાનો અધિકાર પણ બાકી

નહિ રહે ! તલાક વિશેના બધા જ અધિકારો ખતમ થઈ જશે.

રસૂલે કરીમ ﷺનો આ નિર્ણય, એ બાબતની સાક્ષી છે કે, આપ ﷺ ગુસ્સે થયા હોવા છતાં આપ ﷺએ ત્રણે તલાકો પડી ગઈ હોવાનો ફૈસલો આપ્યો, જેનો ઉલ્લેખ હદીષની ઘણી બધી કિતાબોમાં મૌજૂદ છે. જે વિદ્વાનોએ આ વિષય ઉપર આગવા અનેક પુસ્તકો લખેલ છે, તેમાં આવા ઘણા બધા કિસ્સાઓ ભેગા કરી દીધા છે. હાલમાં જ મવલાના અબુજ્જાહિદ મુહમ્મદ સરફરાજ સાહેબની કિતાબ "ઉમ્દતુલ અસાસ"માં પણ આ વિષય ઉપર સારી એવી ચર્ચા કરવામાં આવી છે, જે આ બાબત સમજવા માટે પૂરતી છે. અત્રે ફક્ત ત્રણ હદીષોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

મહમૂદ બિન લબીદની રિવાયત નસાઈના હવાલાથી લખવામાં આવી છે, તેમાં ત્રણ તલાકો એકીસાથે આપી દેવા ઉપર અત્યંત નારાજગી દર્શાવવાનો ઉલ્લેખ થયો છે, એટલે સુધી કે અમુક સહાબાએ તે વ્યક્તિને કતલ કરવા લાયક સમજ્યો, પરંતુ એ રિવાયત કોઈપણ જગ્યાએ મળતી નથી કે, તેની એકસાથે આપેલી ત્રણ તલાકોને રસૂલે કરીમ ﷺએ "તલાકે રજ્ઈ" ઠરાવીને પત્નીને તેના હવાલે કરી દીધી હોય. બલકે, બીજી રિવાયત જે આગળ આવે છે, તેમાં આ પ્રમાણે સ્પષ્ટતા આવી છે કે, રસૂલે કરીમ ﷺએ હઝરત ઉવૈમિરની એકસાથે આપેલી ત્રણ તલાકોને નારાજગી દર્શાવવા છતાં તે લાગુ પડી ગયેલી ઠરાવી. એ જ પ્રમાણે પ્રસ્તુત હદીષમાં મહમૂદ બિન લબીદ વિશે કાજી અબૂબક્ર બિન અરબીએ આ શબ્દો પણ નકલ કર્યા છે કે 'રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉવૈમિરની ત્રણ તલાકોની જેમ તેની ત્રણ તલાકો લાગુ પડેલી ઠરાવી હતી.' તેના શબ્દો આ છે.

فَلَمْ يَرُدَّهُ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَلْ اَمْضَاهُ كَمَافِى حَدِيْثِ عُوَيْمَرَ الْعَجْلَانِيِّ
فِى اللِّعَانِ حَيْثُ اَمْضٰى طَلَاقَهُ الثَّلَاثَ وَلَمْ يَرُدَّهُ،

(تَهْذِيْبُ سُنَنِ اَبِى دَاوُدَ طُبِعَ مِصْرَ، ج ٣، ص ١٢٩، اَزْ عُمْدَةُ الْاَثَاثُ)

"તો રસૂલે કરીમ ﷺએ તેને રદ ન કર્યું બલકે, તેને લાગુ પડેલ દર્શાવ્યું, જેમકે ઉવૈમિર અજલામીની લિઆનવાળી હદીષમાં છે કે, આપ ﷺએ તે ત્રણ તલાકોને લાગુ પડેલી ફરમાવી દીધી હતી અને તેને રદ કરી ન હતી."

બીજી હદીષ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની નીચે પ્રમાણેના શબ્દોમાં

વર્ણન થયેલી છે.

اِنَّ رَجُلًا طَلَّقَ اِمْرَأَتَهُ ثَلَاثًا فَتَزَوَّجَتْ فَطَلَّقَ فَسُئِلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَتَحِلُّ لِلْاَوَّلِ قَالَ لَا حَتّٰى يَذُوْقَ عُسَيْلَتَهَا كَمَا ذَاقَهَا الْاَوَّلُ،

(صَحِيْحُ بُخَارِىْ، ص ۷۹۱، ج ۲، صَحِيْحُ مُسْلِمْ، ص ۴۶۳)

"એક વ્યક્તિએ પોતાની પત્નીને ત્રણ તલાક આપી, તે સ્ત્રીએ બીજી જગ્યાએ નિકાહ કર્યા, તો તે બીજા પતિએ પણ તેને તલાક આપી દીધી. નબીએ કરીમ ﷺને પૂછવામાં આવ્યું, શું આ સ્ત્રી પ્રથમ પતિ માટે હલાલ છે ? આપ ﷺએ ફરમાવ્યું, નહિ ! જ્યાં સુધી કે બીજો પતિ તેની સાથે સમાગમ કરી આનંદ ન માણે. જે રીતે કે પ્રથમ પતિએ (આનંદ) માણ્યો હતો; ત્યાં સુધી તે તલાક આપવાથી પ્રથમ પતિ માટે હલાલ નહિ થાય."

રિવાયતના શબ્દોથી સ્પષ્ટ છે કે આ ત્રણે તલાક એકીસાથે આપવામાં આવી હતી. હદીષની શરાહ ફત્હુલ બારી અને "ઉમ્દતુલ કારી કસ્તલાની" વગેરેમાં રિવાયતનો અર્થ આ જ ઠરાવવામાં આવ્યો છે કે, એકસાથે ત્રણ તલાક આપી હતી અને હદીષમાં એ ફેંસલો પ્રસ્તુત છે કે રસૂલે કરીમ ﷺએ આ ત્રણ તલાકોને લાગુ પડેલી ઠરાવી હુકમ આપ્યો કે, જ્યાં સુધી બીજા પતિ સાથે સમાગમ ન થઈ જાય, તલાક આપવાથી તે સ્ત્રી પ્રથમ પતિ માટે હલાલ નહિ થાય.

ત્રીજી રિવાયત હઝરત ઉવૈમિર અજલાની (રદિ.)ની છે કે, એમણે રસૂલુલ્લાહ ﷺ સામે પોતાની પત્નીને "લિઆન" કર્યું અને ત્યાર પછી વિનંતી કરી,

فَلَمَّا فَرَغَا قَالَ عُوَيْمِرُ كَذَبْتُ عَلَيْهَا يَارَسُوْلَ اللّٰهِ اِنْ اَمْسَكْتُهَا فَطَلَّقَهَا ثَلَاثًا قَبْلَ اَنْ يَّأْمُرَهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ،

(صَحِيْحُ بُخَارِىْ مَعَ فَتْحِ الْبَارِىْ، ص ۳۰۱، ج ۹، صَحِيْحُ مُسْلِمْ، ص ۴۷۹، ج ۱)

"બસ જ્યારે તે બંને લિઆનથી ફારિગ થઈ ગયા તો ઉવૈમિર (રદિ.)એ કહ્યું, હે અલ્લાહના રસૂલ ﷺ હું તેના માટે જૂઠું બોલનારો ગણાઉં, જો હું તેને મારી પાસે રાખી લઉં, તો ઉવૈમિર (રદિ.)એ તેને ત્રણ તલાકો આપી દીધી, એ પહેલાં કે (આ વિશે) રસૂલે કરીમ ﷺ તેમને કોઈ હુકમ આપે !"

અને અબૂઝર (રદિ.)એ આ ઘટનાને હઝરત સહલ બિન સઅદ (રદિ.)થી આવા શબ્દોમાં નકલ કરી છે,

فَانْفَذَهُ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ مَاصُنِعَ عِنْدَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ سُنَّةً قَالَ سَعْدٌ حَضَرْتُ هٰذَا عِنْدَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَمَضَتِ السُّنَّةُ بَعْدُ فِى الْمُتَلَا عِنَيْنِ اَن يُّفَرَّقَ بَيْنَهُمَا ثُمَّ لَا يَجْتَمِعَانِ اَبَدًا،

(اَبُوْ دَاوٗدْ ص ٣٠٦، طَبعَ اَصَحِّ الْمَطَابِع)

"તો રસૂલે કરીમ ﷺએ તેને લાગુ પડેલી ઠરાવી દીધી અને રસૂલે કરીમ ﷺ સામે જે કંઈ રજૂ થયું તે સુન્નત ગણાય છે. સઅદ ફરમાવે છે, આ પ્રસંગે રસૂલે કરીમ ﷺ પાસે હું હાજર હતો. બસ ત્યાર પછી "લિઆન" કરનારા વિશે એ તરીકો પ્રચલિત થઈ ગયો કે, તેમની વચ્ચે જુદાઈ કરાવી આપવામાં આવે કે જેથી તેઓ ક્યારેય ભેગા ન થાય."

આ હદીષમાં સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, રસૂલે કરીમ ﷺએ હઝરત ઉવૈમિર (રદિ.)ની ત્રણ વખતે એકી સાથે આપેલી તલાકને ત્રણ તલાક આપેલી જ ઠરાવી છે.

મહમૂદ બિન લબીદની આગળ આવી ચૂકેલી રિવાયતમાં પણ અબૂબક્ર બિન અરબીની રિવાયત પ્રમાણે ત્રણ તલાકો લાગુ કરવાનો ઉલ્લેખ મૌજૂદ છે અને ધારી લો કે એવું ન પણ હોત તો પણ એવું ક્યાંય પણ વર્ણન થયું નથી કે રસૂલે કરીમ ﷺએ આ તલાકોને એક "રજ્ઈ તલાક" ગણીને પત્નીને પતિના હવાલે કરી હોય.

ઉપરોક્ત ત્રણ હદીષોથી સાબિત થઈ ગયું કે જો કે, ત્રણ તલાકો રસૂલે કરીમ ﷺની સખત નારાજગીનું કારણ હતી, પરંતુ તેની અસર એ જ છે કે, ત્રણે તલાકો પડી ગયેલી ઠરાવવામાં આવી છે.

હઝરત ફારૂકે આઝમ (રદિ.)નો બનાવ અને તેના વિશે શંકાનું નિવારણ :

ઉપરોક્ત લખાણોથી એ સાબિત થઈ ગયું કે, એકી સાથે ત્રણ તલાક પડી ચૂકી છે, એવું ઠરાવવું પોતે રસૂલે કરીમ ﷺનો નિર્ણય હતો, પરંતુ અત્રે એક

શંકા હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના એક બનાવ વિશે ઉપસ્થિત થઈ શકે છે, જે સહીહ મુસ્લિમ અને હદીષની મોટા ભાગની કિતાબોમાં નકલ થયેલ છે. તેના શબ્દો આ પ્રમાણે છે,

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ كَانَ الطَّلَاقُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَاَبِىْ بَكْرٍ وَسَنَتَيْنِ مِنْ خِلَافَةِ عُمَرَ طَلَاقُ الثَّلَاثِ وَاحِدَةً فَقَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ اَنَّ النَّاسَ قَدِاسْتَعْجَلُوْا فِىْ اَمْرٍ كَانَتْ لَهُمْ فِيْهِ اِنَاةٌ فَلَوْ اَمْضَيْنَا عَلَيْهِمْ فَاَمْضَاهُ عَلَيْهِمْ،

(صَحِيْحُ مُسْلِمْ ص ۴۷۷ ج ۱)

"હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અને હઝરત અબૂબક્ર (રદિ.)ના ખિલાફતકાળમાં તથા ઉમર (રદિ.)ના ખિલાફતકાળના શરૂઆતના બે વર્ષોમાં તલાક આપવાની રીત એ હતી કે, ત્રણ તલાકોને એક ઠરાવવામાં આવતી હતી, આથી હઝરત ઉમર (રદિ.)એ ફરમાવ્યું, લોકો એક એવા મા'મલામાં જલદી કરવા લાગ્યા છે કે, જેમાં તેમને મોહલત આપવામાં આવી હતી, માટે યોગ્ય એ હશે કે, અમે તેને તેમના ઉપર લાગુ કરી દઈએ, આથી તેમણે તેને લાગુ કરી દીધું."

ફારૂકે આ'ઝમ (રદિ.)નું આ એ'લાન ફકીહ સહાબા (રદિયલ્લાહુ અન્હુમ)ના મશ્વરાથી સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ની જાહેર મજલિસમાં થયું અને કોઈએ પણ એ બાબતનો ઈન્કાર અથવા રદિયો આપ્યો હોય એવું નકલ થયેલ નથી. એટલા માટે હદીષોના હાફિઝ ઈમામ ઈબ્ને અબ્દુલ બર્ર માલિકીએ એના ઉપર ઈજ્માઅ્ હોવાનું નકલ કર્યું છે. "ઝરકાની શરહે મુઅત્તા"માં આ પ્રમાણે શબ્દો વર્ણન થયેલ છે.

وَالْجُمْهُوْرُ عَلٰى وَقُوْعِ الثَّلَاثِ بَلْ حَكٰى ابْنُ عَبْدِ الْبَرِّ الْاِجْمَاعَ قَائِلًا اِنَّ خِلَافَهٗ لَا يُلْتَفَتُ اِلَيْهِ (زُرْقَانِىْ شَرْحِ مُوَطَّاءْ ص ۱۶۷ ج ۳)

"અને જમહૂર ઉમ્મત ત્રણ તલાકો લાગુ પડવા ઉપર સહમત છે. બલકે, ઈબ્ને અબ્દુલ બર્રે એના ઉપર ઈજ્માઅ્ નકલ કરીને ફરમાવ્યું છે કે, એનો વિરોધ ભાગ્યે જ કરી શકાય છે, તેના (વિરોધ) તરફ ધ્યાન આપવામાં આવશે નહિ."

અને શૈખુલ ઈસ્લામ નવવી (રહ.)એ શરહે મુસ્લિમમાં ફરમાવ્યું,

قَالَ الشَّافِعِيُّ وَمَالِكٌ وَابُو حَنِيفَةَ وَاحْمَدُ وَجَماهِيرُ الْعُلَمَاءِ مِنَ السَّلَفِ وَالْخَلَفِ يَقَعُ الثَّلاثِ۔ وَقَالَ طَاؤُس وَبَعْضَ اَهْلِ الظَّاهِرِ لا يَقَعُ بِذَلِكَ اِلَّا وَحَدَهُ

(شَرْحِ مُسْلِمْ، ص ۴۷۸، ج ۱)

"ઈમામ શાફઈ (રહ.), ઈમામ માલિક (રહ.), ઈમામ અબૂ હનીફા (રહ.), ઈમામ અહમદ (રહ.) તથા પુરોગામી અને અત્યારના બધા જ વિદ્વાન ઉલમાએ ફરમાવ્યું છે કે, ત્રણ તલાકો પડી જાય છે અને તાઊસ તથા અન્ય અહલે જાહિરી (જાહેરને વળગી રહેનારાઓ)એ કહ્યું કે, આમાં એક જ તલાક પડે છે."

ઈમામ તહાવી (રહ.)એ "સરહે મઆનીયુલ આ'સાર"માં ફરમાવ્યું,

فَخَاطَبَ عُمَرُ ؓ بِذَلِكَ النَّاسَ جَمِيعًا وَفِيهِمْ اَصْحَابُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَضِيَ اللّٰهُ عَنْهُمْ اَلَّذِيْنَ قَدْ عَلِمُوْا مَا تَقَدَّمَ مِنْ ذٰلِكَ فِيْ زَمَنِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ يُنْكِرَ عَلَيْهِ مِنْهُمْ مُنْكِرٌ وَلَمْ يَدْفَعْهُ دَافِعٌ

(شَرْحُ مَعَانِى الْآثَارِ، ص ۲۹، ج ۲)

"બસ હઝરત ઉમર (રદિ.)એ સાથે-સાથે તે લોકોને સંબોધન કર્યું અને તે લોકોમાં રસૂલે કરીમ ﷺના તે સહાબાઓ પણ હતા જેમને રસૂલ ﷺના સમયકાળના તરીકાનું જ્ઞાન હતું, આથી તેમનામાંથી કોઈ ઈન્કાર કરનારાએ ઈન્કાર ન કર્યો અને કોઈ રદ કરનારાએ તેને રદ ન કર્યું."

ઉપરોક્ત ઘટનામાં જો કે ઉમ્મત માટે એ બાબત ઉપર અમલીકરણનો માર્ગ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના ઈજ્માઅ્ દ્વારા નક્કી કર્યા મુજબનો છે કે, ત્રણ તલાકો એકસાથે આપવી ભલે અપ્રિય અને રસૂલે કરીમ ﷺની નારાજગીનું કારણ છે, પરંતુ તે છતાં જેણે આ ભૂલ કરી તેની પત્ની તેના માટે હરામ થઈ જશે અને અન્ય વ્યક્તિના નિકાહ અને તલાક આપ્યા સિવાય ક્યારેય હલાલ નહિ થાય.

પરંતુ ઈલ્મી અને તાર્કિક રીતે અત્રે બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પ્રથમ તો

એ કે, ઉપરોક્ત વર્ણન કર્યા પ્રમાણે અસંખ્ય હદીષોના હવાલાથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે, ત્રણ તલાકો એકીસાથે આપવાથી ખુદ રસૂલે કરીમ ﷺએ ત્રણ તલાક લાગુ પડી ગઈ હોવાનું ફરમાવ્યું, તેને રજ્અત (ઈદ્દત પહેલાં લગ્નસંબંધો યથાવત્ કરવા)ની કે, પછી પુનઃલગ્ન કરવાની પરવાનગી નથી આપી. પછી આ બનાવમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ના એ વિધાનનો શું મતલબ થશે કે, "રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના સમયકાળમાં અને ઉમર ફારૂક (રદિ.)ના સમયકાળના પ્રથમ બે વર્ષ સુધી ત્રણ તલાકને એક જ માનવામાં આવતી હતી. ફારૂકે આ'ઝમ (રદિ.)એ ત્રણ તલાકનો ફેંસલો ફરમાવ્યો."

બીજો પ્રશ્ન એ છે કે, જો આ બાબતને એ પ્રમાણે સ્વીકારી લેવામાં આવે કે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના ખિલાફતકાળમાં ત્રણ તલાકને એક જ માનવામાં આવતી હતી, તો ફારૂકે આ'ઝમ (રદિ.)એ આ ફેંસલાને કેવી રીતે બદલી નાંખ્યો ? અને માની લો કે તેમનાથી કોઈ ભૂલ પણ થઈ ગઈ હોય, તો બધા સહાબએ કિરામ (રદિ.)એ તેને કેવી રીતે સ્વીકારી લીધું ?

આ બંને સવાલોના ફુક્હા અને મુહદ્દીસીન (હદીષવેત્તાઓ)એ વિવિધ જવાબો આપ્યા છે, તેમાં સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં જવાબ એ છે જેને ઈમામ નવવી (રહ.)એ "શરહે મુસ્લિમ"માં નકલ કર્યો છે કે, ફારૂકે આ'ઝમ (રદિ.)નું આ ફરમાન અને તેના ઉપર સહાબએ કિરામ (રદિ.)નો ત્રણ તલાકનો ઈજ્માઅ્ એક ખાસ સ્વરૂપ માટે ઠરાવવામાં આવ્યો અને તે એ કે કોઈ વ્યક્તિ ત્રણ વખતે "તને તલાક ! તને તલાક ! તને તલાક !" કહે અથવા એવું કહે "મેં તલાક આપી ! મેં તલાક આપી ! મેં તલાક આપી !" આ સ્વરૂપમાં એવું છે કે, તેના અર્થમાં બે શક્યતાઓ હોઈ શકે છે. એક એ કે કહેનારાએ ત્રણ તલાક આપવાના ઈરાદે આ શબ્દો કહ્યા હોય, બીજું એ કે, ત્રણ વખતે ફક્ત તાકીદ માટે શબ્દોનું પુનરાવર્તન કર્યું હોય, ત્રણ તલાકનો ઈરાદો ન હોય અને એ દેખીતું છે કે, ત્રણ તલાકનો ઈરાદો છે કે કેમ, તેનું જ્ઞાન ફક્ત કહેનારને જ ખબર છે અને તે તેના ઈકરારથી જ સાબિત થઈ શકે છે, તેના ઈરાદાની તેના સિવાય અન્ય કોઈ વ્યક્તિને ખબર નથી હોતી. રસૂલે કરીમ ﷺના સમયકાળમાં સચ્ચાઈ અને ઈમાનદારી સર્વવ્યાપી

અને છવાયેલી હતી. જો આવા શબ્દો કહ્યા પછી કોઈએ એવું નિવેદન કર્યું કે, મારો ઈરાદો ત્રણ તલાકનો હતો જ નહિ, બલકે ફક્ત તાકીદ માટે આ શબ્દોનું પુનરાવર્તન કર્યું હતું, તો આપ ﷺ તે વ્યક્તિના સોગંદ (કસમ) ખાવાથી તેની વાતની સચ્ચાઈનો સ્વીકાર કરી લેતા હતા અને તેણે એક જ તલાક આપી હોવાનું ઠરાવતા હતા.

આ બાબતનું સમર્થન હઝરત રુકાના (રદિ.)ની આ હદીષથી થાય છે, જેમાં પ્રસ્તુત છે કે તેમણે પોતાની પત્નીને શબ્દ اَلْبَتَّةُ "અલબત્તતહ" સાથે તલાક આપી દીધી હતી. આ શબ્દ અરબમાં ત્રણ તલાક આપવા માટે કહેવામાં આવતો હતો, પરંતુ તેનો સામાન્ય અર્થ ત્રણનો થતો ન હતો અને હઝરત રુકાના (રદિ.)એ કહ્યું કે, મારી નિય્યત તો આ શબ્દથી ત્રણ તલાક આપવાની ન હતી, બલકે મેં એક તલાક આપવાનો ઈરાદો કર્યો હતો. આપ ﷺએ તેમને કસમ ખવડાવી, તેમણે કસમ ખાઈ લીધી, તો આપ ﷺએ તેને એક જ તલાક ઠરાવી.

આ હદીષ તિરમિઝી, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ, દારમી વગેરેમાં વિવિધ સનદો અને સંદર્ભોથી વિવિધ શબ્દોમાં નકલ થયેલ છે. અમુક શબ્દોમાં એવું પણ છે કે, હઝરત રુકાનાએ પોતાની પત્નીને ત્રણ તલાક આપી દીધી હતી, પરંતુ અબૂ દાવૂદે એ બાબતને અગ્રિમતા આપી છે કે, વાસ્તવમાં રુકાના (રદિ.)એ શબ્દ اَلْبَتَّةُ થી તલાક આપી હતી. આ શબ્દ કારણ કે, સામાન્ય રીતે ત્રણ તલાક માટે બોલવામાં આવતો હતો. એટલા માટે કોઈ રિવાયત કરનારે તેને "ત્રણ તલાક આપી દીધી હતી" એવા અર્થમાં લીધું છે.

અલબત્ત, આ હદીષથી એ વાત સર્વાનુમતે સાબિત થાય છે કે, હઝરત રુકાનાની તલાકને રસૂલે કરીમ ﷺએ એક હોવાનું એવા સમયે ઠરાવ્યું જ્યારે કે, તેમણે કસમ સાથે નિવેદન આપ્યું કે, મારી નિય્યત ત્રણ તલાકની ન હતી. તેનાથી પણ એ સાબિત થાય છે કે, તેમણે ત્રણ તલાકના શબ્દો સ્પષ્ટ અને ખુલ્લી રીતે કહ્યા ન હતા, નહિ તો ત્રણની નિય્યત ન કરવાની કોઈ સંભાવના જ રહેતી ન હતી, ન જ એમને ત્રણ તલાક કે, એક તલાક વિશે સવાલ કરવાની કોઈ આવશ્યકતા હતી.

આ ઘટના એ બાબત સ્પષ્ટ કરી આપે છે કે, જે શબ્દોમાં એવી સંભાવના હોય કે, ત્રણની નિય્યત હતી કે એકની તે સંદિગ્ધ અને અસ્પષ્ટ હોય એમાં આપ

ﷺએ કસમ ખવડાવીને સોગંદનામા આધારિત નિવેદન ઉપર આવી તલાકને એક તલાક હોવાનું ઠરાવ્યું છે. કારણ કે, તે યુગ સચ્ચાઈનો અને ઈમાનદારીનો હતો અને એવી શક્યતા બહું ઓછી હતી કે, કોઈ વ્યક્તિ જૂઠી કસમ ખાઈ લે અથવા જૂઠું સોગંદનામું કરી લે !

સિદ્દીકે અકબર (રદિ.)ના ખિલાફતકાળમાં અને ફારૂકે આ'ઝમના ખિલાફતકાળના શરૂઆતના બે વર્ષો સુધી આ પદ્ધતિ ચાલુ રહી, પછી હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના ખિલાફતકાળમાં એ બાબતનો અનુભવ કર્યો કે, હવે સચ્ચાઈ અને ઈમાનદારીનો વ્યાપ ઘટી રહ્યો છે અને ભવિષ્યમાં પણ હદીષોની ભવિષ્યવાણીઓ પ્રમાણે ઈમાનદારી અને સચ્ચાઈનું પ્રમાણ વધારે ઓછું થતું જશે. બીજી બાજુ એવી ઘટનાઓનું પ્રમાણ વધવા લાગ્યું છે કે, ત્રણ વખતે તલાક શબ્દનો ઉપયોગ કરનાર પોતાની નિય્યતને ફક્ત એક જ તલાકમાં ખપાવવાની કોશીશ કરવા લાગ્યો છે, માટે એવું લાગે છે કે, જો ભવિષ્યમાં પણ આ જ પ્રમાણે તલાક આપનારાની પોતાની નિય્યતની સોગંદપૂર્વકની સાક્ષી ઉપર તેને એક જ તલાક ઠરાવવામાં આવશે, તો તે દિવસો દૂર નથી, જ્યારે શરીઅતે આપેલી આ સહૂલતનો દુરૂપયોગ વધવા લાગે અને પત્નીને પાછી મેળવવા માટે જૂઠી કસમનો સહારો લેવામાં આવે અને તે એવું કહે કે, "મારી નિય્યત એક જ તલાકની હતી" અને તલાક આપનારો એ બાબત સાબિત કરવા કોશીશ કરે. એટલા માટે ફારૂકે આ'ઝમ (રદિ.)ની સમજદારી અને દીનની વ્યવસ્થાની દિર્ઘદષ્ટિને બધા જ સહાબએ કિરામ (રદિ.)એ યોગ્ય સમજી પોતાની સહમતિ દર્શાવી. આ લોકો રસૂલુલ્લાહ ﷺના સ્વભાવથી વાકેફ હતા, તેમણે સમજ્યું કે, જો અમારા આ યુગમાં રસૂલે કરીમ ﷺ મૌજૂદ હોત તો ચોક્કસ તેમણે પણ દિલોના ગુપ્ત ઈરાદાઓ અને નિય્યતોને આ રીતે તલાક આપનાર વ્યક્તિના ઈકરાર કે ઈન્કાર પર આધાર રાખીને ફેંસલો ન આપ્યો હોત ! એટલા માટે કાયદો એવો બનાવવામાં આવ્યો કે, હવે પછી જે વ્યક્તિ તલાક શબ્દનો ત્રણ વખતે ઉપયોગ કરશે તેની ત્રણ તલાકો પડી ગયેલી જ ઠરાવવામાં આવશે. તેની એ વાત સાંભળવામાં નહિ આવે કે, તેની નિય્યત તો ફક્ત એક જ તલાક આપવાની હતી !

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની ઉપરોક્ત ઘટનામાં જે શબ્દોનો ઉલ્લેખ થયો છે તે પણ આ વિષયની સાક્ષી આપે છે, તેમણે ફરમાવ્યું,

اِنَّ النَّاسَ قَدِ اسْتَعْجَلُوْا فِىْ اَمْرٍ كَانَتْ لَهُمْ فِيْهِ اِنَاةٌ فَلَوْ اَمْضَيْنَا عَلَيْهِمْ،

"લોકો એક એવા મા'મલામાં ઉતાવળ કરવા લાગ્યા છે, જેમાં તેમને મોહલત આપવામાં આવી હતી, માટે યોગ્ય એ રહેશે કે, અમે (તેને) તેમના ઉપર લાગુ કરી દઈએ."

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના આ ફરમાન અને સહાબએ કિરામ (રદિ.)ના ઈજ્માઅની અત્રે આ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે, તેનું સમર્થન હદીષની કિતાબોથી પણ થયું છે અને તેનાથી એ પ્રશ્નોના ઉત્તર પણ આપમેળે મળી જાય છે કે જો હદીષની રિવાયતોથી રસૂલે કરીમ ﷺ દ્વારા પોતે ત્રણ તલાકને ત્રણ ઠરાવવાના અનેક કિસ્સાઓ સાબિત થયેલ છે તો હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું ઉપરોક્ત પ્રમાણેનું નિવેદન કઈ રીતે સત્ય સાબિત થઈ શકે છે કે, રસૂલુલ્લાહ ﷺના સમયકાળમાં "ત્રણ તલાકને એક જ તલાક માનવામાં આવતી હતી ?" તેનો જવાબ અને ખુલાસો એ છે કે, આવી તલાક જે "ત્રણ"ના શબ્દથી આપવામાં આવી અથવા તલાકના શબ્દને ત્રણ વખતે ઉચ્ચારીને ત્રણ તલાક આપવાના ઈરાદે આપવામાં આવી, તેને રસૂલે કરીમ ﷺના સમયકાળમાં પણ "ત્રણ તલાક જ" ઠરાવવામાં આવતી હતી. એક તલાક ઠરાવવાનો સંબંધ એવી તલાક સાથે છે જેમાં "ષલાષ" ثَلَاثٌ (ત્રણ) સ્પષ્ટપણે ત્રણ વખતે તલાક આપ્યાની સ્પષ્ટતા ન થતી હોય અથવા ત્રણ તલાક આપવાનો ઈકરાર ન હોય બલકે, ત્રણ વખતે પુનરાવર્તન માત્ર તાકીદ કરવા માટે કહ્યાનો તલાક આપનાર સોગંદપૂર્વક દા'વો કરતો હોય.

અત્રે એ સવાલ પણ પૂરો થઈ જાય છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ ત્રણને એક જ તલાક ઠરાવી હતી તો ફારૂકે આ'ઝમ (રદિ.)એ તેનો વિરોધ કેમ કર્યો અને સહાબાએ કિરામ (રદિ.)એ તેના વિશે પોતાની સહમતિ કેમ દર્શાવી ? તેનો જવાબ એ છે કે, આ સ્વરૂપમાં ફારૂકે આ'ઝમ (રદિ.)એ મુસલમાનોને રસૂલુલ્લાહ ﷺની આપેલી સહૂલતનો દુરૂપયોગ કરવાથી રોક્યા છે. ફારૂકે આ'ઝમ (રદિ.)નો આપ ﷺના ફૈસલાનો વિરોધ કરવાનો લેશમાત્ર પણ ઈરાદો ન હતો. (નઊઝુબિલ્લાહ !)

આ પ્રમાણે બધા જ પ્રકારની શંકાઓ દૂર થઈ ગઈ. અલ્હમ્દુલિલ્લાહ !

આ સ્થળે તલાકના મસ્અલાની ચર્ચા સંપૂર્ણ થઈ અને એનું સ્પષ્ટીકરણ પણ થઈ ગયું. હજી વધુ વિસ્તૃત જાણકારી માટે હદીષની શરાહ (ખુલાસા)માં આ બાબત ખૂબ વિગતવાર વર્ણન થયેલ છે અને ઘણા વિદ્વાન ઉલમાએ તેના માટે વિસ્તારપૂર્વકની કિતાબો લખીને આ મસ્અલાને સ્પષ્ટ કર્યો છે, તેનો અભ્યાસ કરવો જોઈએ. માત્ર સમજવા માટે આટલી ચર્ચા અત્રે પૂરતી છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૩૧-૨૩૨)

وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَاَمْسِكُوْهُنَّ بِمَعْرُوْفٍ اَوْ سَرِّحُوْهُنَّ
بِمَعْرُوْفٍ ۠ وَلَا تُمْسِكُوْهُنَّ ضِرَارًا لِّتَعْتَدُوْا ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَقَدْ ظَلَمَ
نَفْسَهٗ ؕ وَلَا تَتَّخِذُوْٓا اٰيٰتِ اللّٰهِ هُزُوًا ۡ وَّاذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ وَمَآ اَنْزَلَ
عَلَيْكُمْ مِّنَ الْكِتٰبِ وَالْحِكْمَةِ يَعِظُكُمْ بِهٖ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ﴿۲۳۱﴾ ع وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ الثلثة ١٣ ع٣ ٢٩
اَزْوَاجَهُنَّ اِذَا تَرَاضَوْا بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ ؕ ذٰلِكَ يُوْعَظُ بِهٖ مَنْ كَانَ مِنْكُمْ يُؤْمِنُ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ ؕ ذٰلِكُمْ اَزْكٰى لَكُمْ وَاَطْهَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۲۳۲﴾

તરજુમો :

અને જ્યારે તમે સ્ત્રીઓને (રજ્ઈ) તલાક આપી દીધી ત્યારબાદ તે પોતાની ઈદ્દત પૂરી થવાની નજીક પહોંચે તો તેમને નિયમ પ્રમાણે રોકી લો અથવા નિયમ પ્રમાણે (સારી રીતે) છોડી દો, અને તેમને નુકસાન પહોંચાડવા (સતાવવા) માટે ન રોકી રાખો (કે), જેથી તમો અત્યાચાર કરો, અને જે એવું કરશે, અવશ્ય તે પોતાનું જ નુકસાન કરશે, અને અલ્લાહના હુકમોને મજાક ન ઠરાવો, અને યાદ કરો તમારા ઉપરની અલ્લાહની રહમતોને અને (યાદ કરો) તેને જે કિતાબ અને હિકમત (વિવેકપૂર્ણ વાતો) તમારા ઉપર

ઉતારી છે, તે તેનાથી તમને નસીહત કરે છે; અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે, અલ્લાહ પ્રત્યેક વસ્તુ જાણનારો (સર્વજ્ઞ) છે. (૨૩૧) અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપી દો, પછી તેઓ પોતાની ઈદ્દત પૂરી કરી લે, તો તેમને પોતાના પતિ સાથે નિકાહ (પુનઃલગ્ન) કરવાથી ન રોકો, જ્યારે કે તેઓ પરસ્પર નિયમ પ્રમાણે રાજી–ખુશી હોય; આ નસીહત તેમને કરવામાં આવે છે કે જેઓ તમારામાંથી અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવે છે; આ જ (બાબત) તમારા માટે સૌથી નિર્મળ અને વધારે પવિત્ર છે; અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા. (૨૩૨)

તફસીર :

અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપી દો ત્યારબાદ તેઓ પોતાની ઈદ્દત પૂરી કરવાની નજીક પહોંચે તો તેમને નિયમ પ્રમાણે રોકી લો (રજૂઅત કરીને લગ્નસંબંધો યથાવત્ કરી લો) અથવા નિયમ પ્રમાણે (સારી રીતે) છોડી દો, તેમને નુકસાન પહોંચાડવા માટે ન રોકી રાખો (કે), જેથી તમો અત્યાચાર કરો, અને જેઓ એવું કરશે, બેશક ! તેણે પોતાની જાત ઉપર જુલમ કર્યો, અને અલ્લાહના હુકમોને મજાક ન ઠરાવો, અને તમારા ઉપર જે અલ્લાહની રહમતો (અને અહેસાન છે), અને અલ્લાહે જે કિતાબ અને હિકમત (સમજદારીની વાતો) તમારા ઉપર ઉતારી છે તેને યાદ કરો; તે તેનાથી તમને નસીહત કરે છે; અને તમે અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે અલ્લાહ પ્રત્યેક વસ્તુ જાણનારો (સર્વજ્ઞ) છે. અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપી દો, પછી તે પોતાની ઈદ્દત પૂરી કરી લે, તો તેમને પોતાના પતિ સાથે નિકાહ (પુનઃલગ્ન) કરવાથી ન રોકો, જ્યારે કે, તેઓ પરસ્પર નિયમ પ્રમાણે રાજી–ખુશી હોય; આ નસીહત તેમને કરવામાં આવે છે, જેઓ તમારામાંથી અલ્લાહ ઉપર અને આખિરત ઉપર ઈમાન ધરાવે છે; આ જ તમારા માટે સૌથી નિર્મળ અને વધારે પવિત્ર છે; અને અલ્લાહ તઆલા જાણે છે અને તમે નથી જાણતા.

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉ પણ બે આયતોમાં તલાકના નિયમોની મહત્ત્વની કલમોનો તથા ઈસ્લામમાં તલાકની ન્યાયપૂર્ણ અને મધ્યમમાર્ગી વ્યવસ્થાનો કુર્આન શરીફે

પોતાની હિકમતયુક્ત શૈલીમાં ઉલ્લેખ કર્યો છે. હવે, ઉપરોક્ત બે આયતોમાં હુકમો અને અમુક મસ્અલાઓ નીચે પ્રમાણે છે.

તલાકના હુકમો પછી રજ્અત અથવા નિકાહના સંબંધોનો અંત એટલે કે નિકાહ તૂટી જવા સુધીના અમુક ખાસ સૂચનો :

પ્રથમ આયતમાં પહેલા મસ્અલા વિશે એ ઈરશાદ થયો છે કે, જ્યારે રજ્ઈ તલાક પામી ચૂકેલી સ્ત્રીઓની ઈદ્દત પૂરી થવાની નજીક પહોંચે, તો પતિને બે પ્રકારના અધિકારો પ્રાપ્ત છે. પ્રથમ એ કે રજ્અત કરીને તેને પોતાના નિકાહમાં યથાવત્ રહેવા દે અને બીજું એ કે, રજ્અત (પુનઃ લગ્નસંબંધ સ્થાપિત) ન કરે બલકે, પત્ની સાથે નિકાહના સંબંધોનો અંત લાવીને તેને બિલકુલ સ્વતંત્ર કરી આપે.

પરંતુ બંને અધિકારો સાથે સાથે કુર્આન શરીફે એ શરત લગાવી છે કે, જો પત્નીને નિકાહમાં યથાવત્ રાખવી હોય તો નિયમ પ્રમાણે સારી રીતે રાખવામાં આવે અને જો છોડી દેવા ઈચ્છતો હોય, તો પણ શરીઅતના નિયમ પ્રમાણે સારી રીતે વિદાય કરે, તેમાં بِالْمَعْرُوْفِ નો શબ્દ બંને જગ્યાએ અલગ અલગ રીતે વાપરવામાં આવ્યો છે અને તે એ બાબત તરફ ઈશારો કરે છે કે, રજ્અત માટે પણ અમુક શરતો અને કાયદાઓ છે, એ જ રીતે નિકાહ સંબંધોનો અંત લાવી સ્ત્રીને સ્વતંત્ર કરી દેવા માટે પણ કેટલીક શરતોનું પાલન કરવું પડશે. બંને પરિસ્થિતિઓમાંથી જેને પણ અપનાવે શરીઅતના કાયદાઓ પ્રમાણે અપનાવે. ફક્ત ક્ષણિક ઉશ્કેરાટમાં આવીને અથવા લાગણીઓના પ્રવાહમાં વહી જઈ કોઈ નિર્ણય ન કરે. બંને પરિસ્થિતિઓમાં શરીઅતના કાયદાઓનો ઉલ્લેખ કુર્આને મોટે ભાગે કરી જ દીધો છે અને વધુ સ્પષ્ટતા તથા ખુલાસો રસૂલે કરીમ ﷺએ વર્ણન કર્યો છે.

દાખલા તરીકે, જો તલાકના બનાવ પછી અયોગ્ય પરિણામોનો વિચાર કરી અભિપ્રાય એવો બાંધી લે કે રજ્અત કરી નિકાહ યથાવત્ રાખવા છે, તો એના માટે શરીઅતનો કાયદો એ છે કે, અગાઉના ગુસ્સા અને નારાજગીને દિલમાંથી કાઢીને સારી વર્તણૂક સાથે સારી રીતે જીવન પસાર કરવાનો અને પરસ્પર એકબીજાના હકોને પૂરા કરવાનો પાકો ઈરાદો કરે. માત્ર સ્ત્રીને પોતાની કેદમાં રાખી તેને સતાવવાનો કે, તકલીફ પહોંચાડવાનો હેતુ ન હોય. એટલા માટે

પ્રસ્તુત આયતમાં આ શબ્દો ઈરશાદ થયા છે. وَلَا تُمْسِكُوهُنَّ ضِرَارًا لِّتَعْتَدُوا એટલે કે "ઔરતોને પોતાના નિકાહમાં એટલા માટે ન રોકી રાખો કે, તેમના ઉપર અત્યાચાર કરો."

રજૂઅતનો બીજો કાયદો એ છે, જે પ્રમાણે સૂરએ તલાકમાં વર્ણન કરવામાં આવ્યું છે وَاَشْهِدُوْا ذَوَىْ عَدْلٍ مِّنْكُمْ وَاَقِيْمُوا الشَّهَادَةَ لِلّٰهِ ط "અને બંને પક્ષોમાંથી બે ભરોસાપાત્ર વ્યક્તિઓને સાક્ષી કરી લો, પછી જો સાક્ષીની જરૂરત પડે તો અલ્લાહના વાસ્તે સાચી સાચી ગવાહી કોઈની શેહ-શરમ રાખ્યા વગર આપો."

(સૂરહ : ૬૫, આયત : ૨)

મતલબ એ છે કે, જ્યારે રજૂઅતનો ઈરાદો કરો તો તેના માટે બે ભરોસાપાત્ર મુસલમાનોને ગવાહ બનાવી લો, તેમાં ઘણા ફાયદાઓ છે. એક તો એ કે, જો સ્ત્રી તરફથી રજૂઅત વિરૂદ્ધ કોઈ દા'વો હોય તો આ ગવાહી કામ આવી શકે છે.

બીજો ફાયદો એ છે કે, પોતે વ્યક્તિએ પોતાની જાત ઉપર પણ આવી બાબતમાં ભરોસો ન કરવો જોઈએ. જો રજૂઅત માટે ગવાહોનો કાયદો લાગુ પાડવામાં ન આવે તો શક્ય છે કે, કોઈ વ્યક્તિ ઈદ્દત પૂરી થઈ ગયા પછી પણ પોતાના સ્વાર્થ અથવા શયતાનના વસવસાઓથી એવો દા'વો કરી બેસે કે, મેં ઈદ્દત પૂરી થતાં પહેલાં રજૂઅત કરી હતી. આ ભયસ્થાનો અને ચોર-દરવાજાઓને ખતમ કરવા માટે કુર્આને એ કાયદો નક્કી કર્યો કે, રજૂઅત કરો તો તેના માટે બે ભરોસાપાત્ર ગવાહ બનાવી લો.

ઘટનાનું બીજું પાસું એ છે કે, ઈદ્દતની મોહલત અને વિચાર કરવાનો સમય મળ્યો હોવા છતાં દિલોની કડવાશ અને નારાજગી સમાપ્ત ન થઈ અને હવે આ સંબંધોનો અંત જ લાવવો છે, તો એવી સ્થિતિમાં ઘણી સમસ્યાઓ ઊભી થાય છે, દુશ્મની પણ થઈ શકે છે અને બદલો લેવાની ભાવના પણ ભડકી શકે છે. જેનો પ્રભાવ બે વ્યક્તિઓથી આગળ વધી બે કુટુંબો સુધી પહોંચી શકે છે તથા બંને પક્ષે દુનિયા અને આખિરત માટે ભય ઊભો થઈ શકે છે. આવા ભયસ્થાનોને દૂર કરવા માટે ટૂંકમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો, اَوْ سَرِّحُوْهُنَّ بِمَعْرُوْفٍ કે, "જો છોડી દેવા અથવા સંબંધોનો અંત લાવવા જ ઈચ્છે તો (એવું) પણ કાયદા પ્રમાણે કરે," એનો કાયદો વિસ્તારપૂર્વક ખુદ કુર્આન મજીદમાં મૌજૂદ છે.

વધારાની સ્પષ્ટતા રસૂલે કરીમ ﷺના નિવેદનો અને કાર્યો દ્વારા સાબિત થાય છે.

દાખલા તરીકે, આનાથી અગાઉની આયતમાં ઈરશાદ થયો છે, وَلَا يَحِلُّ لَكُمْ اَنْ تَاْخُذُوْا مِمَّا اٰتَيْتُمُوْهُنَّ شَيْئًا، એટલે કે, "કોઈ શરઈ કારણ વિના એવું ન કરો કે, પત્નીને તલાકના વળતરમાં પોતાનો આપેલો સામાન અથવા મહર (ભેટ વગેરે) પાછી લઈ લો અથવા તો તેની પાસે કોઈ અન્ય વસ્તુની માંગણી કરો."

અને ત્યારબાદ આ આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ، "બધી તલાક પામી ચૂકેલી સ્ત્રીઓને અમુક કાયદા પ્રમાણે લાભ પહોંચાડવાનું નક્કી કરવામાં આવ્યું છે, તેમના માટે જેઓ અલ્લાહથી ડરે છે." લાભ પહોંચાડવાની વિગત એમ છે કે, તલાક આપેલી સ્ત્રીને વિદાય કરતી વખતે એક જોડ કપડાં આપવા તથા તલાક આપનાર પતિ ઉપર તલાક પામી ચૂકેલ સ્ત્રીના અમુક હકો વાજિબ અને જરૂરી કરી અમુક હુકમો અહેસાન અને સદ્‌વ્યવહાર કરવાના પણ આપવામાં આવ્યા છે. આ ઉચ્ચ કક્ષાનું નૈતિક તથા સામાજિક પવિત્ર કુર્આની શિક્ષણ છે, જેમાં એ બાબતનું માર્ગદર્શન મળે છે કે, જે પ્રમાણે નિકાહ પરસ્પર એક કરાર અને સામાજિક સંબંધ હતો, એ જ પ્રમાણે જ્યારે આ કરારનો અંત કરવાનો છે, તો તેનો અંત લાવતી વેળા પણ આ નિકાહ વિચ્છેદ દુશ્મની કે લડાઈ-ઝઘડાનું કારણ ન બનવું જોઈએ. બલકે, આ સંબંધોનો અંત પણ ખૂબ શાંતિથી એકબીજા સાથે સદ્‌વ્યવહાર કરી તલાક આપેલી સ્ત્રીને આર્થિક લાભ પહોંચાડી કરવામાં આવે.

આ લાભની વિગત એવી છે કે, ઈદ્દતના દિવસોમાં તેને પોતાના ઘરમાં રહેવા દે, તેનો બધો ખર્ચ ઉઠાવી લે. જો મહર હજુ સુધી નથી આપી અને એકાંત (સહશયન) થઈ ચૂક્યું છે તો પૂરી મહર અદા કરે અને જો એકાંતથી પહેલાં તલાકની ઘટના બની ચૂકી છે તો અડધી મહર ખુશી-ખુશી આપી દે. આ બધા અધિકારો તો વાજિબ અધિકારો છે, જે તલાક આપનાર પતિ માટે પૂરા કરવા જરૂરી છે, પરંતુ મુસ્તહબ અને ઉત્તમ રીત એ છે કે, તલાક આપેલી સ્ત્રીને વિદાય કરતી વેળા અમુક રોકડ રકમ, કપડાં લત્તા વગેરે સામાન આપીને વિદાય કરે. સુબ્હાનલ્લાહ ! ઈસ્લામનું કેટલું પવિત્ર શિક્ષણ છે કે, જે બાબત મોટેભાગે લડાઈ-ઝઘડા અને દુશ્મનાવટનું કારણ બને છે અથવા જેના દ્વારા કુટુંબોના કુટુંબો બરબાદ થઈ જાય છે, તેમાં પણ કાયમી મહોબ્બત અને એકબીજા પ્રત્યે હમદર્દીની ભાવના પૈદા થાય છે.

આ બધા હુકમો પછી ઈરશાદ ફરમાવ્યો, وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ એટલે કે, "જે વ્યક્તિ અલ્લાહની આ હદોનું ઉલ્લંઘન કરશે તે પોતાનું જ નુકસાન કરશે." આખિરતમાં તો દેખીતું છે કે, ત્યાં બધા જ અત્યાચાર અને જોર–જબરદસ્તીનો બદલો અલ્લાહ તઆલાના દરબારમાં લેવામાં આવશે અને જ્યાં સુધી મઝલૂમનો બદલો જાલિમ પાસેથી લેવામાં નહિ આવે, વાત આગળ વધશે નહીં.

અને દુનિયામાં પણ જો દીર્ઘદષ્ટિ તથા અનુભવ આધારે વિચાર કરવામાં આવે તો કોઈ જાલિમ દેખાવમાં મઝલૂમ ઉપર ગમે એટલો જુલમ કરી પોતાનું દિલ ઠંડુ રાખવાનો ઈરાદો કરે, પરંતુ તેના પરિણામ મોટેભાગે દુનિયામાં પણ તેમને બેઆબરૂ અને બેઈજ્જત કરે છે. તેઓ સમજે કે ન સમજે, ઘણીવાર તેઓ અનેક એવી મુસીબતોમાં સપડાય છે, જે તેમના જુલમોનું પરિણામ હોય છે, આ રીતે જાલિમોને દુનિયામાં પણ થોડું ઘણું ભોગવવું પડતું હોય છે. તેને જ શૈખ સઅ્દીએ આ શબ્દોમાં વર્ણન કર્યું છે.

پنداشت ستمگر کہ جفا بر ما کرد   بر گردنِ وے بماند و بر ما بگزشت

કુર્આન શરીફની વર્ણનશૈલી, ખાસ કરીને તેની સંબોધનશૈલી એવી છે કે, તે દુનિયાના બંધારણોની જેમ કાયદાઓ કે નિયમ સ્વરૂપે માત્ર વર્ણન નથી હોતું, દા.ત. દુનિયાના કાયદાઓમાં ફક્ત કાયદાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે અને તેના ફાયદાઓ કે નુકસાનોની કોઈ ચર્ચા કરવામાં નથી આવતી, પરંતુ કુર્આન શરીફની હિકમત, મસ્લિહત તથા કાયદાઓ વિરૂદ્ધ આચરણ કરવાના પરિણામોની સ્પષ્ટતા એવી રીતે કરવામાં આવે છે, જેમાં વ્યક્તિને થતા નુકસાનો અને ગેરલાભોનું સવિસ્તર વર્ણન હોય છે. તેને જોઈને પ્રત્યેક નૈતિકતા ધરાવનાર નીતિવાન વ્યક્તિ માનવતાની મર્યાદાઓનું ક્યારેય ઉલ્લંઘન કરતો નથી અને કાયદાઓ વિરૂદ્ધ આચરણ કરી પાપલીલા આચરી શકતો નથી. કારણ કે કુર્આનના પ્રત્યેક કાનૂનમાં અલ્લાહનો ડર અને આખિરતના હિસાબની યાદ અપાવવામાં આવે છે.

નિકાહ અને તલાકને કોઈ રમત (ખેલ–તમાશો) ન બનાવો :

બીજો મસ્અલો આ આયતમાં એ ઈરશાદ કરવામાં આવ્યો છે કે,

"અલ્લાહની આયતોને ખેલ-તમાશો ન બનાવો." وَلَا تَتَّخِذُوْٓا اٰيٰتِ اللّٰهِ هُزُوًا રમત બનાવવાની એક તફસીર તો એ છે કે, નિકાહ અને તલાક માટે અલ્લાહ તઆલાએ જે મર્યાદાઓ અને શરતો નક્કી કરી છે, તેના વિરૂદ્ધ કોઈ કાર્ય ન કરો અને બીજી તફસીર હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી રિવાયત થઈ છે કે, "અજ્ઞાનતાના યુગમાં અમુક લોકો તલાક આપીને અથવા તો ગુલામને આઝાદ કરીને ફરી જતા હતા અને કહેતા હતા કે, મેં તો હસી-મજાકમાં આવું કહી દીધું હતું. મારી તલાક આપવાની કે ગુલામને આઝાદ કરવાની કોઈ નિય્યત ન હતી, તે બાબતે આ આયત નાઝિલ થઈ જેમાં એ ફેંસલો કરવામાં આવ્યો કે, તલાક અને નિકાહ કોઈ ખેલ-તમાશાની બાબત નથી. જો કોઈ તેને ખેલ-તમાશો સમજીને મજાક-મજાકમાં પણ આવું કરશે તો તે લાગુ પડી જશે. નિય્યત ન હોવાનું બહાનું માન્ય રાખવામાં નહિ આવે."

રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો છે કે, ત્રણ વસ્તુઓ એવી છે કે, જેમાં મજાક કરવાને પણ સાચે જ કર્યું હોય તેવો હુકમ લાગુ પડે છે. એક "તલાક", બીજી "ઇતાક" અને ત્રીજું "નિકાહ."

(اَخْرَجَهُ ابْنُ مَرْدَوِيَّهُ عَنْ اِبْنِ عَبَّاسٍؓ وَابْنُ الْمُنْذِرِ عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِؓ)

અને હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી આ હદીષ નીચે પ્રમાણેના શબ્દોમાં વર્ણન થઈ છે,

ثَلَاثٌ جِدُّهُنَّ جِدٌّ وَهَزْلُهُنَّ جِدٌّ اَلنِّكَاحُ وَالطَّلَاقُ وَالرَّجْعَةُ،

"ત્રણ બાબતો એવી છે જેને હસી-મજાકમાં કહેવી અથવા ઇરાદો અને નિય્યત કરીને કહેવી સરખું છે. એક નિકાહ, બીજી તલાક અને ત્રીજી રજૂઅત."

(મઝહરી)

આ ત્રણે બાબતોમાં શરીઅતનો હુકમ એ છે કે, જો પુરૂષ અને સ્ત્રીએ કોઈપણ પ્રકારની નિય્યત કે ઇરાદા વિના હસી-મજાકમાં ગવાહો સામે નિકાહ માટે જરૂરી "ઈજાબ અને કબૂલ" કરી લીધું તો પણ નિકાહ થઈ જાય છે. એવી જ રીતે જો ઇરાદા વિના હસી-મજાકમાં ખુલ્લા શબ્દોમાં તલાક આપી દીધી તો પણ તલાક થઈ જાય છે અથવા રજૂઅત કરે તો રજૂઅત થઈ જાય છે. એ જ પ્રમાણે કોઈ ગુલામને હસી-મજાકમાં આઝાદ કરવાનું કહી દે, તો ગુલામ અથવા બાંદી

આઝાદ થઈ જાય છે. હસી-મજાકનું કોઈ બહાનું માન્ય રાખવામાં નહિ આવે.

આ હુકમના ઉલ્લેખ પછી કુર્આન શરીફે પોતાની ખાસ શૈલીમાં મનુષ્યને અલ્લાહની તાબે'દારી અને આખિરતનો ડર રાખવાનો સબક આપ્યો અને ઈરશાદ ફરમાવ્યું, وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمَآ اَنْزَلَ عَلَيْكُمْ مِّنَ الْكِتٰبِ وَالْحِكْمَةِ يَعِظُكُمْ بِهٖ ۭ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ۝ "યાદ કરો અલ્લાહ તઆલાની નેઅ્મતોને, જે તમારા ઉપર નાઝિલ ફરમાવવામાં આવી, યાદ કરો તે ખાસ નેઅ્મતોને જે કિતાબ અને હિકમતના સ્વરૂપમાં તમને આપવામાં આવી અને એ સમજી લો કે, અલ્લાહ તઆલા દરેક વસ્તુને ખૂબ સારી પેઠે જાણે છે," તમારી નિય્યતો, ઈરાદાઓ અને દિલોના ગુપ્ત ભેદો (રહસ્યો)ની ખબર રાખે છે. એટલા માટે જો પત્નીને તલાક આપીને સ્વતંત્ર કરવી હોય તો પરસ્પર સંઘર્ષ, લડાઈ-ઝઘડો તથા એકબીજાના હકોને મારીને નહીં બલકે, જુલમથી બચવાની નિય્યત કરો, ગુસ્સાના કારણે બદલો લેવા માટેની અથવા પત્નીને અપમાનિત કરવાની કે તકલીફ પહોંચાડવાની નિય્યત કરવામાં ન આવે.

તલાકની વાસ્તવિક અને સાચી રીત એ છે કે, સ્પષ્ટ શબ્દોમાં "રજ્ઈ તલાક" આપવામાં આવે :

ત્રીજો મસ્અલો જેના તરફ આ આયતમાં ઈશારો કરવામાં આવ્યો છે તે એ છે કે, શરીઅત અને સુન્નતની નજરમાં સાચી બાબત એ જ છે કે, જો કોઈ વ્યક્તિ તલાક આપવા મજબૂર થઈ જ જાય તો સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં એક "તલાકે રજ્ઈ" આપી દે, જેથી ઈદ્દત સુધી રજૂઅતનો અધિકાર રહે. એવા શબ્દો ન બોલે જેના દ્વારા લગ્નસંબંધોનો અચાનક અંત આવી જાય, જેને "તલાકે બાઈન" કહે છે અને ન જ ત્રણ તલાકો આપે કે, ત્યાર પછી પુનઃલગ્ન કરવા પણ હરામ થઈ જાય છે. આ ઈશારો طَلَّقْتُمُ النِّسَآءَ (જ્યારે તમે પત્નીને તલાક આપો)ને વિના શરતે વર્ણન કરવાથી મળે છે. કારણ કે જે હુકમ આ આયતમાં બતાવવામાં આવ્યો છે, જો કે, તે ફક્ત "તલાકે રજ્ઈ" એક અથવા બે માટે છે. "તલાકે બાઈન" અથવા "ત્રણ તલાક" માટે નથી. પરંતુ કુર્આન શરીફે કોઈ શર્ત વર્ણન ન ફરમાવીને તે તરફ ઈશારો કરી આપ્યો છે કે, તલાક આપવાની સાચી પદ્ધતિ "તલાકે રજ્ઈ" છે. આ સિવાયના અન્ય સ્વરૂપો અપ્રિય છે અને તે સાચી રીત નથી.

તલાક આપવામાં આવેલ સ્ત્રીઓને (ત્યકતાને) પોતાની મરજીથી શાદી કરવા માટે શરઈ કારણ વિના રોકવી હરામ છે :

બીજી આયતમાં તે અત્યાચારી વર્તણૂકનો રદિયો આપવામાં આવ્યો છે કે, જે મોટે ભાગે તલાક પામેલ (ત્યકતા) સ્ત્રીઓ સાથે કરવામાં આવે છે કે, તેમને બીજી શાદી કરવાથી રોકવામાં આવે છે. પ્રથમ પતિ પણ મોટે ભાગે તલાક આપેલી સ્ત્રીને અન્ય પુરૂષના નિકાહમાં જવાથી રોકવા ઈચ્છે છે અને તેને પોતાની ઈજ્જત અને સન્માન વિરૂદ્ધ સમજે છે. અમુક કુટુંબોમાં સ્ત્રીઓના વાલીઓ પણ તેને બીજી શાદી કરવાથી રોકે છે. અમુક લોકો આવું લાલચના કારણે પણ કરતા હોય છે કે, જેથી તેની શાદી માટે કોઈ રકમ પ્રાપ્ત કરી શકે. અમુક સમયે તલાક પામેલી (રજૂઈ તલાક દ્વારા નિકાહમાંથી નીકળી ચૂકેલી અથવા બીજા પતિએ પણ તલાક આપ્યા પછી સ્વતંત્ર થયેલ) સ્ત્રી ફરી પોતાના પ્રથમ પતિ સાથે નિકાહ માટે તૈયાર થઈ જાય છે, પરંતુ સ્ત્રીના વાલીઓ અને સગાં-વહાલાં એક પ્રકારની અદાવત રાખીને બંને રાજી-ખુશી હોવા છતાં તેમને નિકાહ કરવાથી રોકી રાખે છે, પરંતુ સ્વતંત્ર સ્ત્રીને શરઈ કારણ વિના રોકી રાખવી, ભલે તે પ્રથમ પતિ તરફથી હોય અથવા સ્ત્રીના પોતાના વાલીઓ તથા સગાં-વહાલાં તરફથી હોય, ઘણો મોટો જુલમ છે. આ અત્યાચારને ખતમ કરવા આ આયત નાઝિલ ફરમાવવામાં આવી.

આ આયતનો શા'ને નુઝૂલ પણ કંઈક આવી જ ઘટના છે. સહીહ બુખારીમાં છે કે, હઝરત મઅ્કલ બિન યસાર (રદિ.)એ પોતાની બહેનની શાદી એક વ્યક્તિ સાથે કરાવી હતી. તેણે તેમની બહેનને તલાક આપી દીધી અને ઈદ્દત પણ પસાર થઈ ગઈ, ત્યાર પછી તે વ્યક્તિને પોતાના કૃત્ય ઉપર અફસોસ અને પસ્તાવો થયો અને તેણે એવું ઈચ્છ્યું કે, ફરીવાર તે સ્ત્રી સાથે જ નિકાહ કરી લે. મઅ્કલ બિન યસારની બહેન પણ આ શાદી માટે તૈયાર થઈ ગઈ, પરંતુ જ્યારે તે વ્યક્તિએ મઅ્કલ બિન યસાર (રદિ.)ને આ બાબતની જાણ કરી, તો તેઓ તલાક આપવા સબબ ગુસ્સામાં હતા. તેમણે કહ્યું, "મેં તમારું માન રાખ્યું, મારી બહેનને તમારા નિકાહમાં આપી, પરંતુ તમે તેની એ કદર કરી કે, તમે તેને તલાક આપી દીધી. હવે તમે એટલા માટે મારી પાસે આવ્યા છો કે, ફરીવાર તેની સાથે નિકાહ કરો. ખુદાની કસમ ! હવે તે તમારા નિકાહમાં ક્યારેય નહિ આવે."

એ જ પ્રમાણે એક ઘટના જાબિર બિન અબ્દુલ્લાહની પિતરાઈ બહેનની બની છે. આ કિસ્સા વિશે પ્રસ્તુત આયત નાઝિલ થઈ, જેમાં મઅ્કલ અને જાબિર (રદિ.)ની આ પ્રમાણેની વર્તણૂકને અપ્રિય અને નાજાઇઝ ઠરાવવામાં આવી છે.

સહાબએ કિરામ (રદિ.) આપ ﷺના સાચા આશિકો હતા. આ આયત સાંભળતા જ મઅ્કલ બિન યસારનો પોતાનો બધો જ ગુસ્સો ઠંડો પડી ગયો અને પોતે જઈને પોતાની બહેનના ફરીવાર તેના પતિ સાથે નિકાહ કરાવી દીધા અને કસમનો કફ્ફારો પણ આપી દીધો. એ જ પ્રમાણે જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)એ પણ કર્યું.

આ આયતના સંબોધનમાં તે પતિઓ પણ સામેલ છે, જેમણે તલાક આપી દીધી છે અને સ્ત્રીઓના વાલીઓ પણ સામેલ છે. બંનેને હુકમ આપવામાં આવ્યો છે કે, فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ اِذَا تَرَاضَوْا بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ તલાક પામી ચૂકેલ સ્ત્રીઓને એ બાબતથી ન રોકો કે, તેઓ પોતે નક્કી કરેલ પુરૂષો સાથે નિકાહ કરે. ભલે પછી તે તલાક આપી દેનાર પતિ સાથે પુનઃલગ્ન પણ કેમ ન હોય કે, જેણે તેને તલાક આપી હતી અથવા અન્ય કોઈ હોય, પરંતુ એ સાથે જ એ શરત લગાવી કે اِذَا تَرَاضَوْا بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ એટલે કે, જ્યારે બંને પુરૂષ અને સ્ત્રી શરીઅતના કાયદા મુજબ રાજી થઈ જાય, તો તેમને નિકાહથી ન રોકો, તેમાં ઈશારો કરવામાં આવ્યો કે, જો આ બંને રાજી-ખુશી ન હોય, કોઈ એકબીજા ઉપર બળજબરી કરે, તો તમને રોકવાનો અધિકાર છે અને જો રાજી-ખુશી પણ હોય, પરંતુ શરીઅતના કાયદા પ્રમાણે ન હોય. દા.ત. નિકાહ કર્યા વિના પરસ્પર પતિ-પત્નીની જેમ ભેગા રહેવા ઈચ્છતા હોય, અથવા ત્રણ તલાકો પછી નાજાઇઝ રીતે પરસ્પર નિકાહ કરી લે, અથવા ઈદતના દિવસોમાં બીજા પુરૂષ સાથે નિકાહ કરવાનો ઈરાદો હોય, તો દરેક મુસલમાન બલકે, ખાસ કરીને તે લોકો કે, જેઓ આ પુરુષ-સ્ત્રીના સગાં-વહાલાં અને સંબંધીઓ છે, તેઓને તે સ્ત્રી-પુરુષને આવું કરવાથી રોકવાનો અધિકાર છે બલકે, પોતાની શક્તિ અનુસાર રોકવું વાજિબ છે.

આ જ રીતે કોઈ સ્ત્રી પરવાનગી વિના પોતાના વાલીઓની મરજી વિરૂદ્ધ તેમણે નક્કી કરેલ "કુફુ" (શરીઅતના માપદંડોના આધારે પોતાની સમકક્ષ ગણાતા) પુરુષ સાથે નિકાહ કરવા ઈચ્છે અથવા તો ખૂબ ઓછી મહર (પ્રચલિત

રિવાજ પ્રમાણે ન હોય એવી)ની રકમ લઈને નિકાહ કરવા ચાહે અથવા આવી બાબતોના સ્ત્રીના કુટુંબવાળાઓ ઉપર ખૂબ ઊંડા પ્રત્યાઘાતો પડતા હોય, તો આવી બાબતોમાં સ્ત્રીને અધિકાર નથી અને આ રીતે રાજી-ખુશી થઈ જવું શરીઅત પ્રમાણે ગણવામાં નહિ આવે, એટલા માટે સ્ત્રીના વાલીઓને કે સંબંધીઓને આવા નિકાહ કરવાથી સ્ત્રીને રોકવાનો અધિકાર છે. اِذَا تَرَاضَوْا ના શબ્દોથી એ તરફ પણ ઈશારો થઈ ગયો કે, પુખ્ત વયની સમજદાર છોકરીના નિકાહ તેની પરવાનગી અને રાજી-ખુશી વિના નથી થઈ શકતા. આયતના છેલ્લા ત્રણ વાક્યોમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, ذٰلِكَ يُوْعَظُ بِهٖ مَنْ كَانَ مِنْكُمْ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ એટલે કે, "આ હુકમો તે લોકો માટે છે જેઓ અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવે છે," એમાં ઈશારો કરવામાં આવ્યો કે, અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખવાનું પરિણામ એ છે કે, વ્યક્તિ અલ્લાહના આ હુકમોનો સંપૂર્ણ પાલનકર્તા બની જાય અને જે લોકો આ હુકમોના પાલનમાં આળસ કરે છે અથવા ઉણપ રાખે છે તેઓ સમજી લે કે, તેમના ઈમાનમાં ક્ષતિ અને ઉણપ છે.

બીજા વાક્યમાં ઈરશાદ ફરમાવ્યો ذٰلِكُمْ اَزْكٰى لَكُمْ وَاَطْهَرُ એટલે કે, "આ હુકમોનું પાલન કરવું તમારા માટે પવિત્રતા અને સ્વચ્છતાનું માધ્યમ છે." એમાં ઈશારો કરવામાં આવ્યો કે, આ ફરમાન વિરૂદ્ધ કૃત્ય કરવાનું પરિણામ ગુનાહોની નાપાકી તથા ફિત્નો-ફસાદ છે. કારણ કે, બુદ્ધિ ધરાવનાર પુખ્ત વયની યુવાન છોકરીઓને જો શાદી કરવાથી રોકવામાં આવશે, તો એક બાજુએ તેમના ઉપર અત્યાચાર અને તેમના અધિકારો ઉપર તરાપ મારેલી ગણાશે અને બીજી બાજુ તેમની ઈજ્જત અને પાકદામનીને ભયમાં નાંખવા બરાબર કૃત્ય લેખાશે અને ત્રીજું એ કે, ખુદાનાખ્વાસ્તા જો આવી સ્ત્રી કોઈ ગુનાહમાં સપડાઈ ગઈ તો તેનો વબાલ તે લોકો ઉપર પણ આવશે, જેમણે તેને નિકાહ કરવાથી રોકી હતી અને આખિરતના વબાલથી પહેલાં શક્ય છે કે, આવી મજબૂર સ્ત્રીઓના કારણે પોતે પરસ્પર પુરુષોમાં લડાઈ-ઝઘડા અને ખૂનામરકીની નોબત આવી જાય. જેમકે આપણે આવી ઘણી બધી ઘટનાઓ આજકાલ નજરે નિહાળી રહ્યા છે. જો સ્ત્રીને નિકાહથી રોકવામાં ન આવે, પરંતુ તેની પસંદગી વિરૂદ્ધ અન્ય પુરુષો સાથે નિકાહ કરવા મજબૂર કરવામાં આવશે તો પણ તેનું પરિણામ કાયમી અદાવત,

ફિત્ના-ફસાદ, તલાક કે વાદ-વિવાદ સ્વરૂપે સામે આવશે, જેનો ખરાબ પ્રભાવ દેખીતું છે કે, બંને કુટુંબો ઉપર પડશે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે, સ્ત્રીઓને તેમણે પસંદ કરેલ પતિઓ સાથે જો શરીઅતના માપદંડો અનુસાર અને "કુફુ" પ્રમાણે હોય તો નિકાહ કરવાથી ન રોકવી જ તમારા માટે નૈતિક પવિત્રતા અને સ્વચ્છતાની બાબત છે.

ત્રીજા વાક્યમાં ઈરશાદ છે કે, وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ "તમારી મસ્લિહતો (હિતો)ને અલ્લાહ તઆલા જ જાણે છે અને તમે નથી જાણતા." આવું ફરમાવવાનો હેતુ એ છે કે, જે લોકો તલાક આપેલી સ્ત્રીઓને નિકાહથી રોકે છે, તેઓ પોતાના માટે તેના અમુક ફાયદાઓ અને હિતો વિશે વિચારે છે. દાખલા તરીકે, પોતાની ઈજ્જત અને સ્વમાનનો વિચાર કરે છે, અથવા શાદીના બદલામાં અમુક આર્થિક લાભ મેળવવાનું વિચારે છે. આ બધા શયતાની વિચારો અને વ્યર્થ યુક્તિઓને રદ કરવા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, તમારા હિતો અને ફાયદાઓથી હું સારી પેઠે વાકેફ છું અને તેને ધ્યાનમાં રાખીને હુકમ આપું છું. તમે ઘટનાની સચ્ચાઈ તથા તેના પરિણામોથી બેખબર છો, એટલા માટે પોતાની અધૂરી સમજ અને અધૂરી બુદ્ધિ વડે અમુક સમયે એવી બાબતોને પોતાના માટે લાભકારક સમજી બેસો છો, જેમાં તમારો વિનાશ અને બરબાદી છે. તમે જે ઈજ્જત-આબરૂ અને સન્માનનું પોટલું બાંધી ફર્યા કરો છો, જો તલાક પામેલી સ્ત્રીને ગૈરશરઈ રીતે નિકાહ કરવાથી રોકવામાં આવી અને તે બેકાબૂ થઈ ગઈ તો બધી ઈજ્જત માટીમાં ભળી જશે. નાજાઈઝ પદ્ધતિથી તમારા આર્થિક લાભો મેળવવાના ઈરાદાઓ શક્ય છે કે, તમને એવા ફિત્ના-ફસાદ અને ઝઘડાઓમાં ફસાવી દે કે, જેમાં આર્થિક નુકસાનની સાથે સાથે પ્રાણ ખોવાનો પણ વારો આવે !

કાયદાઓ અને તેના અમલીકરણ માટે પ્રેરણા પૂરી પાડવાનો કુર્આનનો બેનમૂન હિકમતસભર વર્ણનશૈલી :

કુર્આન શરીફે આ સ્થળે એક કાયદો રજૂ કર્યો કે, તલાક પામેલી સ્ત્રીને પોતાની મરજી પ્રમાણે શરઈ માપદંડો આધારે શરતો પૂર્ણ થતી હોવા છતાં નિકાહ કરવાથી રોકવી ગુનોહ છે. આ કાનૂનનો ઉલ્લેખ કરી તેના પર અમલ કરવાની સરળતા માટે તથા લોકોને આ બાબતે માનસિક રીતે તૈયાર કરવા માટે જે ઈરશાદ ફરમાવ્યો, તેમાં પ્રથમ વાક્યમાં કયામતના દિવસનો હિસાબ અને

ગુનાહોની શિક્ષાનો ભય બતાવી મનુષ્યને આ કાયદા ઉપર અમલ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા અને બીજા વાક્યમાં આ કાયદાનો વિરોધ કરવામાં જે નુકસાનો અને મનુષ્ય માટે ગેરલાભો છે, તેને બતાવી કાનૂનના અમલીકરણ માટે તૈયાર કરવામાં આવ્યા. ત્રીજા વાક્યમાં કહેવામાં આવ્યું કે, તમારું પોતાનું હિત પણ એમાં જ છે કે, તમે અલ્લાહ તઆલાના બતાવેલા કાનૂનની પાબંદી કરો અને તેના વિરૂદ્ધ કરવામાં જો કોઈ તમારો અંગત લાભ અને હિત વિચારતા હોય તો તે તમારી અધૂરી સમજનું પરિણામ છે, તમે તેના ખતરનાક પરિણામોથી વાકેફ નથી!

કુર્આન શરીફની આ શૈલી અને વર્ણન કરવાની પદ્ધતિ બધા જ હુકમો વિશે એકસમાન છે. પ્રથમ કાયદો બતાવવામાં આવે છે, પછી તેની સાથે જ અલ્લાહ તઆલા ઉપર ઈમાન, આખિરતનો હિસાબ અને અઝાબનો ભય વગેરે પ્રત્યેક કાયદાની આગળ-પાછળ બતાવવામાં આવે છે. જેમકે اِتَّقُوا اللّٰهَ અથવા اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ ○ વગેરે વાક્યો દ્વારા કુર્આને કરીમ આખી દુનિયાના માનવો તથા કયામત સુધી આવનારી પેઢીઓ માટે એક સંપૂર્ણ જીવન વ્યવસ્થા તથા જીવનના પ્રત્યેક ક્ષેત્ર માટેના જરૂરી કાયદાઓ બતાવે છે અને તેમાં મર્યાદાઓ અને સીમાઓ પણ બતાવે છે. જગતના અન્ય કાયદાઓના પુસ્તકોમાં પણ કાયદાઓનું વર્ણન થાય છે, પરંતુ કુર્આનની કાયદાઓ વર્ણન કરવાની શૈલી તદ્દન નિરાળી અને અનોખી છે, તેની વર્ણન શૈલી હુકમની ભાષા કરતા પ્રેરણા આપવાની વધારે છે. તેમાં પ્રત્યેક કાયદાના વર્ણનની સાથે સાથે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે, કોઈ મનુષ્ય આ કાયદાઓનું ઉલ્લંઘન કરી સજાપાત્ર ન બની જાય. દુનિયાની સરકારો જેમ માત્ર એવું નથી કે, એક કાયદો બનાવ્યો, તેની જાહેરાત કરી, હવે જે કોઈપણ આ કાયદો તોડે તે સજા ભોગવશે.

જ્યારે કે, કુર્આન શરીફની વર્ણન શૈલી એક અનોખા અંદાજથી થયેલ છે. જેનો એક મોટો ફાયદો એ છે કે, તેને જોયા અથવા સાંભળ્યા પછી વ્યક્તિ આ કાયદાઓ ઉપર અમલ માત્ર એટલા માટે નથી કરતો કે, જો કોઈ કાયદાનું ઉલ્લંઘન કરીશું તો દુનિયામાં એની કોઈ સજા મળી જશે બલકે, દુનિયાની સજાથી વધારે અલ્લાહની નારાજગી અને આખિરતની શિક્ષાની ફિકર હોય છે અને આ જ

ફિકર-ચિંતાની બીનાએ તેના બાહ્ય અને આંતરિક જીવનમાં તથા તેના સુષુપ્ત મનમાં ધરબાયેલી મહત્ત્વાકાંક્ષાઓ અને તેના બાહ્ય જીવનના કર્મો બધું એકસમાન થઈ જાય છે. તે કોઈ એવા સ્થળે પણ આ કાયદાનો ભંગ નથી કરતો જ્યાં કોઈ જાહેર અથવા ગુપ્ત પોલીસ પહોંચી પણ ન શકે. કારણ કે આ વ્યક્તિનો અકીદો (માન્યતા) છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુ દરેક સ્થળે હાજર-નાજર છે અને સૃષ્ટિના અણુએ અણુની ખબર રાખે છે. આ જ કારણ છે કે, કુર્આનના શિક્ષણે જે સામાજિક નિયમો તૈયાર કર્યા છે, પ્રત્યેક મુસલમાન આ કાયદાઓની પાબંદી કરવાને પોતાના જીવનનો હેતુ સમજે છે.

કુર્આનની શાસન વ્યવસ્થામાં એ જ વિશેષતા છે કે, તેમાં એક બાજુ કાયદાઓની મર્યાદાઓ અને હદોનું વર્ણન છે, તો બીજી બાજુ આ કાયદાઓ ઉપર અમલીકરણની પ્રેરણા દ્વારા મનુષ્યને નૈતિક અને સત્યનિષ્ઠ બનાવી માનવીય મૂલ્યોને એટલા ઉચ્ચ કક્ષાના બનાવવામાં આવ્યા છે કે, આ શરઈ કાયદાઓ મનુષ્ય માટે એક સ્વાભાવગત અને તેની પ્રકૃતિમાં વણાયેલી વસ્તુ જેવું અભિન્ન અંગ બની જાય છે. આ કાયદાઓ સામે તે પોતાની બધી જ લાગણીઓ, મનેચ્છાઓ અને મહાત્ત્વાકાંક્ષાઓને પીઠ પાછળ નાંખી દે છે. દુનિયાની સરકારોમાં તથા કૌમોના ઈતિહાસમાં જો ગુનાહો અને તેની ઘટનાઓ ઉપર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવશે તો ખબર પડશે કે, નર્યા કાયદાઓ બનાવવાથી ક્યારેય કોઈ વ્યક્તિ કે સમાજની સુધારણા નથી થતી. ફક્ત પોલીસ અને લશ્કરથી ક્યારેય કોઈ ગુનાહોને નેસ્ત નાબૂદ કરી શકાતા નથી. જ્યાં સુધી કે, કાયદાઓ સાથે સાથે અલ્લાહનો ડર, તેની મોટાઈ તથા તેના રાજી અથવા નારાજ હોવાની ધારણા અને માન્યતા હરપળે વ્યક્તિના દિલમાં છવાયેલી ન હોય. ગુનાહોથી રોકનારી બાબતો વાસ્તવમાં અલ્લાહનો ડર, આખિરતના હિસાબનો ભય અને અલ્લાહને રાજી રાખવાની માન્યતા છે. જો આ ત્રણ બાબતો ન હોય તો કોઈપણ માનવસર્જિત કાયદો મનુષ્યને ગુનાહો કે ક્રાઈમથી છૂટકારો અપાવી નથી શકતો.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૩૩)

وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ
وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ ؕ لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا ۚ
لَا تُضَآرَّ وَالِدَةٌۢ بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ ۗ وَعَلَى الْوَارِثِ مِثْلُ ذٰلِكَ ۚ فَاِنْ
اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ
تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ؕ وَ
اتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۳۳﴾

તરજુમો :

અને માતાઓ પોતાની ઓલાદને પૂરા બે વર્ષ દૂધ પીવડાવે (ધવડાવે) જો કોઈ દૂધ પીવડાવવાની મુદ્દત (ધાવણ)ને પૂરી કરવા ઈચ્છે; અને તે (માતા)ઓનો ખાધા-ખોરાકી અને તેમના કપડાં-લત્તાં પિતાના માથે નિયમ પ્રમાણે (વાજિબ) છે, કોઈ વ્યક્તિને તકલીફ આપવામાં નહિ આવે પરંતુ તેની શક્તિ (હૈસિયત) પ્રમાણે; માતાને તેના બાળકના કારણે નુકસાન પહોંચાડવામાં ન આવે અને બાપને (પણ) તેના બાળકના કારણે (નુકસાન પહોંચાડવામાં ન આવે); અને વારસદારો ઉપર પણ આવું જ (વાજિબ) છે, અને જો તેઓ બંને પરસ્પર રાજી-ખુશીથી અને મશ્વરાથી (બે વર્ષ પહેલાં જ) દૂધ (ધાવણ) છોડાવવા ઈચ્છે તો બંને પર કોઈ ગુનોહ નથી, અને જો તમે ઈચ્છો કે પોતાની ઓલાદને (કોઈ ધવડાવનારી આયા પાસે) દૂધ પીવડાવો (ધવડાવો) તો (પણ) તમારા ઉપર કોઈ ગુનોહ નથી જ્યારે કે તમે નિયમ પ્રમાણે (દૂધ પીવડાવવાના બદલામાં મહેનતાણું) આપવાનું નક્કી કર્યું હતું તે તેમના હવાલે કરી દો; અને અલ્લાહથી ડરો, અને જાણી લો કે તમે જે કંઈ કરો છો અલ્લાહ તેને સારી પેઠે જોનારો છે. (૨૩૩)

તફસીર :

અને માતાઓ પોતાની ઔલાદને પૂરા બે વર્ષ દૂધ પીવડાવે (ધવડાવે), જો કોઈ દૂધ પીવડાવવાની મુદત (ધાવણ)ને પૂરી કરવા ઈચ્છે, અને તે (માતા)ઓનો ખાધા-ખોરાકી (ખર્ચ) અને તેમના કપડાં-લત્તા પિતાના માથે નિયમ પ્રમાણે (વાજિબ) છે અને કોઈને તકલીફ આપવામાં નહિ આવે પરંતુ તેની શક્તિ (હૈસિયત) પ્રમાણે; માતાને તેના બાળકના કારણે નુકસાન પહોંચાડવામાં નહિ આવે અને બાપને (પણ) તેના બાળકના કારણે (નુકસાન પહોંચાડવામાં નહિ આવે) અને (બાળકનો પિતા હયાત ન હોય એવી પરિસ્થિતિમાં) વારસદારો (જે શરઈ રૂએ વારસદાર હોવાનો હક ધરાવતો હોય) ઉપર પણ આવું જ (વાજિબ) છે, પછી જો તેઓ બંને (માતા-પિતા) પરસ્પર રાજી-ખુશીથી અને મશ્વરાથી દૂધ (ધાવણ) છોડાવવા ઈચ્છે, તો બંને પર કોઈ ગુનોહ નથી અને જો તમે ઈચ્છો કે પોતાની ઔલાદને (કોઈ દૂધ પીવડાવનારી આયા પાસે) દૂધ પીવડાવો (ધવડાવો) તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી; જો તમે નિયમ પ્રમાણે (દૂધ પીવડાવવાના બદલામાં મહેનતાણું) આપવાનું નક્કી કર્યું હતું તો (તેમના) હવાલે કરી દો અને અલ્લાહથી ડરો અને જાણી લો કે તમે જે કંઈ કરો છો અલ્લાહ તેને સારી પેઠે જોનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં બાળકોને ધવડાવવા સંબંધિત હુકમો આવેલ છે. આનાથી અગાઉ અને ત્યાર પછીની આયતોમાં તલાકના હુકમો પ્રસ્તુત છે, વચ્ચે દૂધ પીવડાવવાના હુકમો તેના વિષય-વસ્તુ અનુસંધાને આવેલ છે, મોટે ભાગે તલાક પછી બાળકોના ભરણ-પોષણ અને ધવડાવવાની બાબત ઉપર વાદ-વિવાદ થઈ જાય છે અને તેમાં ઝઘડા-ફસાદ ઊભા થાય છે. એટલા માટે આ આયતમાં એવા મધ્યમ માર્ગી હુકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જે સ્ત્રી-પુરુષ બંનેના માટે સહેલો અને યોગ્ય છે. ધાવણ છોડાવવાની સમસ્યા જે રીતે નિકાહની પરિસ્થિતિમાં સામે આવે છે અથવા તો તલાક પછી અલગ થવા વિગેરેની દરેક પરિસ્થિતિમાં, ઈસ્લામે એક એવી વ્યવસ્થા આપી છે કે, જેનાથી ફિત્ના-ફસાદ ઊભા થતા નથી અને પરસ્પર બંને પક્ષો માટે કોઈને પણ એકબીજાના હકો ઉપર તરાપ મારવાનો મૌકો પણ મળતો નથી.

દાખલા તરીકે, આયતના પહેલા વાક્યમાં ઈરશાદ ફરમાવ્યું, وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ એટલે કે માતાઓ પોતાના બાળકોને પૂરા બે વર્ષો સુધી દૂધ પીવડાવ્યા કરે (ધવડાવે), જ્યારે કે, કોઈ મજબૂત કારણ ઉપસ્થિત ન થાય તેનાથી પહેલાં તેને ધાવણ છોડાવવા મજબૂર ન કરવામાં આવે.

આ આયત દ્વારા દૂધ પીવડાવવા (ધવાડવા) વિશેના અમુક મસ્અલાઓ સ્પષ્ટ થયા.

દૂધ પીવડાવવું (ધવડાવવું) માતાની જવાબદારી છે અને વાજિબ છે :

પ્રથમ એ કે, દૂધ પીવડાવવું માતાની જવાબદારી છે અને તેના માથે ફરજ છે. જો કોઈ મજબૂત કારણ વિના કોઈ જીદના કારણે બાળકને નહિ ધવડાવે તો તે ગુનેહગાર થશે. જો એ સ્ત્રી તે પુરુષના એટલે કે બાળકના પિતાના નિકાહમાં હોય, તો બાળકને ધવડાવવા માટે તે પતિ પાસેથી કોઈ મહેનતાણું અથવા વળતર નહિ લઈ શકે. કારણ કે તે તેની પોતાની ફરજ છે.

શરઈ રૂએ નવજાત શીશુને ધાવણ ધવડાવવાનો સંપૂર્ણ સમયગાળો :

બીજો મસ્અલો એ જાણ થાય છે કે, શરઈ રૂએ નવજાત શીશુને ધાવણ ધવડાવવાનો સંપૂર્ણ સમયગાળો બે વર્ષ છે. જ્યાં સુધી કોઈ ખાસ મજબૂત કારણ ન હોય, આ મુદ્દત પૂરી કરવી જોઈએ.

તેનાથી એ પણ જાણ થઈ કે, બાળકને દૂધ પીવડાવવાની (ધવડાવવાની) મુદ્દત "સંપૂર્ણ બે વર્ષ" આપવામાં આવી છે. ત્યાર પછી ધવડાવવામાં નહિ આવે. અલબત્ત, અમુક કુર્આનની આયતો અને હદીષોની રૂએ ઈમામે આ'ઝમ, અબૂ હનીફા (રહ.)ના મતે જો ત્રીસ મહિના એટલે કે "અઢી વર્ષ"ના સમયગાળા સુધી ધવડાવવામાં આવ્યું તો "રજાઅત" (ઈસ્લામમાં દૂધ ધવડાવનારી માતાને પણ લોહીના સંબંધોની જેમ અમુક હદે માતા-પુત્ર જેવા સંબંધો ગણીને અમુક હુકમો સગા ભાઈ-બહેન જેવા પણ લાગુ પડે છે. જેમકે દૂધ ભાઈ પોતાની દૂધ બહેન સાથે નિકાહ કરી શકતો નથી વગેરે, તેને રજાઅત કહે છે.)નો હુકમો સાબિત થઈ જશે અને જો બાળકની અશક્તિ વગેરેના કારણે આવું કર્યું છે, તો એનો કોઈ ગુનોહ પણ નહિ થાય. અઢી વર્ષથી વધુ બાળકને ધવડાવવું સર્વાનુમતે હરામ છે.

આ આયતના બીજા વાક્યમાં ઈરશાદ છે, وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ

وَكِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ لَاتُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا એટલે કે માતાની ખાધા-ખોરાકી અને કપડાં-લત્તા કાયદા પ્રમાણે બાપની જવાબદારી છે અને કોઈ વ્યક્તિને એવો હુકમ આપવામાં નથી આવ્યો, જે તેની સહનશક્તિની મર્યાદાથી વધુ હોય.

આ આયતમાં એક બાબત વિચાર કરવા યોગ્ય બાબત એ છે કે, માતાઓ માટે તો કુર્આને શબ્દ "વાલિદાતુ" وَالِدَاتُ નો ઉપયોગ કર્યો, પરંતુ બાપ માટે ટૂંકો શબ્દ "વાલિદ" وَالِدُ છોડીને اَلْمَوْلُوْدِلَهٗ અપનાવ્યો, હાલાં કે કુર્આનમાં બીજી જગ્યાએ "વાલિદ" શબ્દ આવેલો છે. જેમકે لَايَجْزِىْ وَالِدٌ عَنْ وَّلَدِهٖ (તે દિવસથી ડરો) જ્યારે કોઈ પિતા પોતાના પૂત્રનો મદદગાર નહીં હોય. *(સૂ. ૩૧ : આ. ૩૩)* પરંતુ અત્રે "વાલિદ"ના બદલે مَوْلُوْدِلَهٗ અપનાવવાનું એક ખાસ રહસ્ય એ છે કે, સંપૂર્ણ કુર્આન શરીફની એક વિશેષ પ્રકારની વર્ણન શૈલી છે કે, તે કોઈપણ કાયદાને દુનિયાની સરકારોના કાયદા પ્રમાણે ઉલ્લેખ નથી કરતું બલકે, ખૂબ જ ભાવનાત્મક વર્ણનશૈલી દ્વારા પ્રેરિત કરવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે. વર્ણનની શૈલી એવી અપનાવવામાં આવે છે કે, જેનો સ્વીકાર કરવો તથા તેના ઉપર અમલ કરવો માનવી માટે સરળ બની જાય છે.

અત્રે પણ બાળકનું ભરણ-પોષણ પિતાની જવાબદારી ઠરાવવામાં આવી છે, જ્યારે કે તે બાળક માતા અને પિતા બંનેની સંયુક્ત ઔલાદ છે માટે એ શક્યતા હતી કે, પિતાને આ હુકમ ભારે લાગ્યો હોત, એટલા માટે "વાલિદ"ના બદલે مَوْلُوْدِلَهٗ નો શબ્દ અપનાવ્યો, જેનો અર્થ છે "તે વ્યક્તિ કે જેનું બાળક છે." આવું કહીને એવો ઈશારો કર્યો કે, જો કે, બાળકના જન્મ માટે માતા અને પિતા બંને ભાગીદાર છે. પરંતુ બાળક બાપનું જ કહેવાશે, પેઢીનામું બાપના નામથી જ ચાલશે અને જ્યારે બાળક બાપનું થયું તો તેના ખર્ચની જવાબદારી પણ તેને જ ઉઠાવવી પડશે અને તેણે તેને ભાર ન સમજવો જોઈએ.

બાળકને ધવડાવવું માતાની જવાબદારી છે અને માતાનું ભરણ-પોષણ તથા જરૂરતો પૂરી કરવી પિતાની જવાબદારી છે :

ત્રીજો મસ્અલો આ આયતથી એ સ્પષ્ટ થાય છે કે, જો કે, બાળકને ધવડાવવું માતાની જવાબદારી છે, પરંતુ માતાના ખાધા-ખોરાકી તથા જીવન જરૂરિયાતના ખર્ચની જવાબદારી પિતાની છે અને આ જવાબદારી જેટલા સમય સુધી બાળકની માતા તેના નિકાહમાં અથવા ઇદતમાં છે ત્યાં સુધી રહેશે અને

તલાક તથા ઈદ્દત પૂરી થયા પછી પત્નીની ભરણ–પોષણની જવાબદારી તો પૂરી થઈ જશે, પરંતુ બાળકને ધવડાવવાનું મહેનતાણું પિતાએ આપવું પડશે અને તે તેના માથે ફરજ છે. *(મઝહરી)*

પત્નીનું ભરણ–પોષણ પતિની હૈસિયત (સ્થિતિ) પ્રમાણે હોવું યોગ્ય છે અથવા તો પત્નીની હૈસિયત પ્રમાણે હોવું જોઈએ :

એ બાબત ઉપર તો સહમતિ છે કે પતિ–પત્ની બંને માલદાર હોય તો ભરણ–પોષણ માલદારોને છાજે તેવું વાજિબ થશે અને જો બંને ગરીબ છે તો ભરણ–પોષણ પણ તે પ્રમાણે વાજિબ થશે. અલબત્ત, જ્યારે બંનેની આર્થિક પરિસ્થિતિ અલગ–અલગ હોય તો એવી પરિસ્થિતિમાં ફુકૂહાનો મતભેદ છે. હિદાયાના લેખકે ખસ્સાફથી આ નિવેદન ઉપર ફત્વો આપ્યો છે કે, જો સ્ત્રી ગરીબ હોય અને પુરૂષ માલદાર હોય, તો તેનું ભરણ–પોષણ મધ્યમ કક્ષાનું આપવું જોઈએ. એટલે કે, ગરીબોથી વધુ અને માલદારોથી ઓછું, અને કરખી (રહ.)ના મતે પતિની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે ભરણ–પોષણ આપવું પડશે. ફત્હુલ કદીરમાં ઘણા બધા ફુકૂહાના ફત્વાઓ આ વિષય ઉપર વર્ણન થયા છે. માત્ર અલ્લાહ વધુ બહેતર જાણનાર છે. *(ફત્હુલ કદીર, ભાગ : ૩, પેજ : ૪૨૩)*

પ્રસ્તુત આ઼યતમાં આ હુકમ પછી ઈરશાદ ફરમાવવામાં આવ્યો, لَا تُضَآرَّ وَالِدَةٌۢ بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ "ન તો માંને તેના બાળકના કારણે તકલીફ આપવી જાઈઝ છે અને ન જ તેના બાપને તેના બાળકના કારણે !" મતલબ એ છે કે, બાળકના માતા–પિતા પરસ્પર પોતાની જીદના કારણે એકબીજાને તકલીફમાં ન નાંખે. દાખલા તરીકે, માતા ધવડાવવાથી લાચાર હોય અને પિતા તેના ઉપર એવું સમજીને બળજબરી કરે કે, આ બાળક તેનું પણ છે, તેની પણ ફરજ છે અને માતા મજબૂર થઈને બાળકને ધવડાવે. એ જ પ્રમાણે પિતા ગરીબ છે અને માતાને કોઈ લાચારી કે મજબૂરી પણ નથી, પછી ધવડાવવાથી એટલા માટે ઈન્કાર કરે કે, આ તેનું (પિતાનું) પણ બાળક છે, જખ મારીને કોઈની પાસે મહેનતાણું આપીને ધવડાવશે. આ રીતે આવી જીદના કારણે પરસ્પર એકબીજાને તકલીફમાં ન નાંખે.

માંને ધવડાવવા માટે મજબૂર કરવા ન કરવાની સ્પષ્ટતા :

لَا تُضَآرَّ وَالِدَةٌۢ بِوَلَدِهَا "માતાને તેના બાળકના કારણે નુકસાન

પહોંચાડવામાં નહિ આવે.'' તે પાંચમો મસ્અલો સ્પષ્ટ થાય છે કે, માં પોતે જ બાળકને ધવડાવવાથી કોઈ જરૂરી બાબતના કારણે ઈન્કાર કરે તો બાપે તેને મજબૂર કરવી જાઇઝ નથી અને બાળક જો કોઈ અન્ય સ્ત્રીનું તથા કોઈ જાનવરનું દૂધ નથી પીતું તો માતાને મજબૂર કરવામાં આવશે. આ મસ્અલો وَلَا مَوۡلُوۡدٌ لَّهٗ بِوَلَدِهٖ ''ન જ પુરુષોને કે જેના દ્વારા બાળકનો જન્મ થયો છે તેને બાળકના કારણે (કોઈ નુકસાન પહોંચાડવામાં આવે)''થી સ્પષ્ટ થાય છે.

સ્ત્રી જ્યાં સુધી નિકાહમાં છે, તે પોતાના બાળકને દૂધ પીવડાવવાના મહેનતાણાની માંગણી નથી કરી શકતી, તલાક અને ઇદ્દત પછી કરી શકે છે :

છઠ્ઠો મસ્અલો એ સ્પષ્ટ થયો કે, જો બાળકની માં દૂધ પીવડાવવાનું મહેનતાણું માંગે છે તો જ્યાં સુધી તેની ખાધા-ખોરાકી કે, જે તે બાળકના પિતાની જવાબદારી છે, તે જ પૂરતી છે. વધારાના મહેનતાણાની માંગણી કરવી પિતાને નુકસાન પહોંચાડશે અને જો તલાકની ઈદ્દત અને ખાધા-ખોરાકીની ઈદ્દત પૂરી થઈ ચૂકી હોય અને પછી તે ત્યકતા સ્ત્રી પોતાના બાળકને ધવડાવવાનું મહેનતાણું બાળકના પિતા પાસે માંગે છે તો તે તેણે આપવું પડશે. કારણ કે આવા મહેનતાણાથી વંચિત કરવામાં માંને નુકસાન છે. શરત એટલી જ છે કે મહેનતાણું એટલું જ માંગે જેટલું કે, અન્ય કોઈ સ્ત્રી મહેનતાણું માંગી શકે છે. જો બાળકની સગી માતા વધારે મહેનતાણાની માંગણી કરે તો પિતાને અધિકાર છે કે, તે કોઈ અન્ય સ્ત્રી દ્વારા બાળકને દૂધ પીવડાવે (ધવડાવે).

યતીમ બાળક ધવડાવવાની જવાબદારી કોના ઉપર છે ? :

ઉપરોક્ત આયતમાં ત્યાર પછી ફરમાવવામાં આવ્યું وَعَلَى الۡوَارِثِ مِثۡلُ ذٰلِكَ એટલે કે, જો પિતા હયાત ન હોય તો બાળકને ધવડાવવાની અથવા ધવાડવાની વ્યવસ્થા તે વ્યક્તિએ કરવાની છે, જે બાળકનો શરઈ વારિસ અને મહરમ છે. એટલે કે, જો બાળક મૃત્યુ પામે અને જે વ્યક્તિને તેની વારસાઈ મળે છે, તે જ વ્યક્તિ પિતા હયાત ન હોવાની પરિસ્થિતિમાં તેની ખાધા-ખોરાકી માટે જવાબદાર છે. જો આવા વારસદારો એક કરતાં વધુ હોય તો તે દરેક પર તેમના વારસાના પ્રમાણમાં આ જવાબદારી આવશે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ ફરમાવ્યું કે, યતીમ બાળકને ધવડાવવાની જવાબદારી વારસદારો ઉપર

રાખવાથી એ સ્પષ્ટ થાય છે કે, નાબાલિગ બાળકનો દૂધ પીવડાવવાની મુદત પછીનો ખર્ચ આ જ વારસદારોના માથે છે. કારણ કે ધવડાવવું એ કોઈ ખાસ બાબત નથી. હેતુ બાળકના જીવન નિર્વાહનો છે. દા.ત. જો યતીમ બાળકની માં અથવા દાદા હયાત છે તો આ બંને તે બાળકના મહરમ પણ છે અને વારસદારો પણ. એટલા માટે તેની ખાધા-ખોરાકીનો ખર્ચ આ બંને પર તેમના વારસાના હિસ્સા પ્રમાણે નક્કી થશે, એટલે કે ૧/૩ (એક તૃત્યાંશ) ખર્ચની જવાબદારી માતાની છે અને ૨/૩ (બે તૃત્યાંશ) ખર્ચની જવાબદારી દાદાની છે. આ બાબતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, યતીમ પૌત્રાઓનો હક દાદા ઉપર બાલિગ પુત્રોથી પણ વધારે છે. કારણ કે બાલિગ ઔલાદનો ખાધા-ખોરાકી ખર્ચ તેની જવાબદારી નથી, જ્યારે કે યતીમ પૌત્રાઓનો ખાધા-ખોરાકી ખર્ચ દાદા ઉપર વાજિબ છે. હા ! વારસામાં પુત્રોની હયાતી હોય તો પૌત્રાઓને હકદાર બનાવવું વારસાના સિદ્ધાંતો અને ન્યાયથી વિપરીત બાબત છે કે, પોતાની નજીકની ઔલાદ હોવા છતાં દૂરની ઔલાદને આપવું યોગ્ય નથી અને આ બાબત સહીહ બુખારીની હદીષ لِأَوْلٰى رَجُلٍ ذَكَرٍ (સૌથી નજીકનો પુરુષ)ના વિરૂદ્ધ પણ છે. અલબત્ત દાદાને એ અધિકાર છે કે, જો જરૂરત સમજે તો યતીમ પૌત્રાઓ માટે કંઈક વસિય્યત કરી જાય અને આ વસિય્યત પુત્રોના હિસ્સા કરતાં વધારે પણ હોય શકે છે. એવી જ રીતે યતીમ પૌત્રાની જરૂરતને પણ પૂરી કરવામાં આવી અને વારસાઈના સિદ્ધાંતોને પણ ન્યાય આપવામાં આવ્યો, જેથી નજીકના સગાં હયાત હોવા છતાં દૂરનાને આપવાથી પણ બચી શકાય છે.

ધાવણ છોડાવવાના હુકમો :

ત્યાર બાદ આયતમાં ઈરશાદ થાય છે فَإِنْ أَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ عَلَيْهِمَا એટલે કે, "જો બાળકના માં-બાપ બંને પરસ્પર રાજી-ખુશીથી અને મશ્વરાથી એવો ઈરાદો કરે કે ધવડાવવાનો સમયગાળો એટલે કે ઓછામાં ઓછા બે વર્ષથી ઓછા સમયમાં જ ધાવણ છોડાવી દેવામાં આવે, ભલે માતાની કોઈ મજબૂરીના કારણે અથવા બાળકની બીમારીના કારણે હોય તો તેમાં કોઈ ગુનોહ નથી." પરસ્પર મશ્વરા અને રાજી-ખુશીની શરત એટલા માટે લગાવવામાં આવી કે, ધાવણ છોડાવવામાં બાળકનું હિત નજર સમક્ષ હોવું જોઈએ. પરસ્પરના લડાઈ-ઝઘડાનું માઠું પરિણામ બાળકને ભોગવવું ન પડે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ.

માં સિવાય અન્ય સ્ત્રી દ્વારા બાળકને ધવડાવવાનો હુકમ :

છેવટે ઈરશાદ થયો, وَاِنْ اَرَدْتُّمْ اَنْ تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ط એટલે કે, જો તમે એવું ઈચ્છો કે, પોતાના બાળકને કોઈ મસ્લિહતના કારણે માતા સિવાય કોઈ અન્ય સ્ત્રી પાસે ધવડાવવું છે, તો એમાં કોઈ ગુનોહ નથી. શરત માત્ર એટલી જ છે કે, ધવડાવનાર સ્ત્રીનું જે મહેનતાણું નક્કી કરવામાં આવ્યું હોય, તે પૂરેપૂરું આપવું પડશે અને જો તે નક્કી કરેલ મહેનતાણું આપવામાં ન આવ્યું તો તેનો ગુનોહ તેમના માથે રહેશે.

આ બાબતથી સ્પષ્ટ થયું કે, જો માં ધવડાવવા માટે રાજી છે, પરંતુ બાપને એવું લાગે છે કે (બીમારી વગેરેના કારણે) સગી માંનું દૂધ બાળક માટે નુકસાનકર્તા છે તો એવી પરિસ્થિતિમાં તેને અધિકાર છે કે, માંને દૂધ પીવડાવવાથી અટકાવે અને કોઈ અન્ય સ્ત્રી પાસે બાળકને ધવડાવે.

આ બાબતથી એની પણ જાણ થઈ ચૂકી કે, જે સ્ત્રીને દૂધ પીવડાવવા માટે નક્કી કરવામાં આવે, તેની સાથે બાળકને ધવડાવવાના મહેનતાણાની અથવા પગારની સ્પષ્ટતા પહેલેથી સારી રીતે કરી લેવામાં આવે, જેથી પાછળથી કોઈ વાદ-વિવાદ ન થાય અને નક્કી કરેલ સમય પર આ નક્કી કરવામાં આવેલ મહેનતાણું તે સ્ત્રીના હવાલે કરી દેવામાં આવે, તેમાં આજકાલના વાયદા વગેરે કરવામાં ન આવે.

આ બધા "રજાઅત" (દૂધ પીવડાવવા વિશેના)ના હુકમો વર્ણન કર્યા પછી કુર્આન શરીફે પોતાની ખાસ શૈલીમાં આ હુકમો ઉપર અમલ કરવાની સરળતા ખાતર તથા જાહેરમાં અને ગુપ્ત રીતે આ હુકમોની પાબંદી માટે અલ્લાહનો ડર અને તેના સર્વગ્રાહી જ્ઞાનની સંકલ્પના સામે કરી દીધી. ઈરશાદ થયો, وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ એટલે કે, "અલ્લાહ તઆલાથી ડરતા રહો અને એવું સમજી લો કે, અલ્લાહ તઆલા તમારી જાહેર અને ગુપ્ત હાલતોને સારી રીતે જોઈ રહ્યો છે" અને તે તમારા દિલોના ગુપ્ત ઈરાદાઓને પણ અને તમારી નિય્યતોને પણ જાણે છે. કોઈ પક્ષ બાળકને ધવડાવવાના તથા ધાવણ છોડાવવાના ઉપરોક્ત હુકમોનો વિરોધ કરશે અથવા બાળકના હિતની ઉપેક્ષા કરશે અને બાળકનું અહિત થાય તેવો કોઈ નિર્ણય કરશે, તો તેને શિક્ષા ભોગવવી પડશે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૩૪-૨૩૫)

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ
اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ
اَنْفُسِهِنَّ بِالْمَعْرُوْفِ ۭ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿٢٣٤﴾ وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا
عَرَّضْتُمْ بِهٖ مِنْ خِطْبَةِ النِّسَاۗءِ اَوْ اَكْنَنْتُمْ فِيْٓ اَنْفُسِكُمْ ۭ عَلِمَ اللّٰهُ اَنَّكُمْ
سَتَذْكُرُوْنَهُنَّ وَلٰكِنْ لَّا تُوَاعِدُوْهُنَّ سِرًّا اِلَّآ اَنْ تَقُوْلُوْا قَوْلًا مَّعْرُوْفًا ڛ وَلَا
تَعْزِمُوْا عُقْدَةَ النِّكَاحِ حَتّٰى يَبْلُغَ الْكِتٰبُ اَجَلَهٗ ۭ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِيْٓ
اَنْفُسِكُمْ فَاحْذَرُوْهُ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ ﴿٢٣٥﴾ ع

તરજુમો :

અને તમારામાંથી જે લોકો મૃત્યુ પામે અને પત્નીઓ છોડી જાય તો (વિધવાઓ) ચાર મહિના અને દશ દિવસ પોતાને થોભાવી રાખે, પછી જ્યારે તેઓ આ મુદ્દત (ઈદ્દત) પૂરી કરી લે તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી; તે જે ઈચ્છે પોતાના હકમાં નિયમ પ્રમાણે (નિર્ણય) કરે, અને અલ્લાહને તમારા સૌ કામોની ખબર છે. (૨૩૪) અને તમારા ઉપર તેનો કોઈ ગુનોહ નથી કે તમે સ્ત્રીઓને નિકાહની માંગણીનો સંદેશ (ગર્ભિત) ઈશારાથી આપો અથવા તો તેને દિલમાં છુપાવી લો; અલ્લાહ જાણે છે કે અલબત્ત તમે (જરૂર) તેનું વર્ણન કરી આપશો, પરંતુ તેમની સાથે ગુપ્ત રીતે (નિકાહનો) વાયદો ન કરી રાખો, પરંતુ એ કે તમે નિયમ પ્રમાણે (શરીઅત પ્રમાણે) વાત ચલાવો અને નિકાહના બંધનમાં ત્યાં સુધી બંધાવાનો ઈરાદો ન કરો (જ્યાં સુધી) કે તે પોતાની ઈદ્દતના સમયગાળાને પૂરો ન કરી લે; અને જાણી લો કે જે કંઈ પણ તમારા દિલોમાં છે અલ્લાહ જાણે છે, બસ ! તેનાથી ડરતા રહો અને જાણી રાખો કે અલ્લાહ મોટો બખ્શનારો (મા'ફ કરનારો અને) ઘણો જ સહનશીલ છે. (૨૩૫)

તફસીર :

પતિના મૃત્યુ થવાની પરિસ્થિતિમાં ઇદ્દતનું વર્ણન :

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ (الى قوله) واللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ٥

અને જે લોકો તમારામાંથી મૃત્યુ પામે છે અને પત્નીઓ છોડી જાય છે તો પત્નીઓ પોતાને (નિકાહ વગેરેથી) ચાર મહિના ૧૦ દિવસ રોકી રાખે અને (ઈદતની) મુદ્દત પૂરી કરી લે તો તેમને કોઈ ગુનોહ ન થશે એવી બાબત(ને જાઈઝ રાખવા)માં કે તે સ્ત્રી પોતાની જાત માટે (નિકાહની) કાર્યવાહી કાયદા પ્રમાણે કરે. (અલબત્ત જો કોઈ બાબત શરીઅતના કાયદાથી વિરૂદ્ધ થઈ તો તેમાં જો તમે રોકાઈ શકતા હોવા છતાં પણ ન રોકાયા તો તમે ગુનેહગાર થશો.) અને અલ્લાહ તઆલા તમારા બધા જ કાર્યોની ખબર રાખે છે અને તમારા ઉપર કોઈ ગુનોહ નહિ થાય જો તે સ્ત્રીઓને (કે જેની ઇદ્દત હજુ ચાલુ છે.) ઈશારાથી (નિકાહનો) પયગામ પહોંચાડો (દાખલા તરીકે, એવું કહે કે મારે એક નેક સ્ત્રીની જરૂરત છે જેને હું પત્ની બનાવી શકું વગેરે) અથવા એ બાબત પોતાના દિલમાં ગુપ્ત રાખો (કે આ ઇદ્દત પૂરી થયા પછી મારો તેની સાથે નિકાહ કરવાનો ઈરાદો છે, તો આ બાબતે પણ ગુનોહ નહિ થાય અને તેની પરવાનગી એ પ્રમાણે છે કે,) અલ્લાહ તઆલાને એ બાબતની ખબર છે કે, તમે આ બાબતની જાણ (અવશ્ય) તે સ્ત્રીને કરશો, (તો બસ તે સ્ત્રીઓને જાણ કરો) પરંતુ એમને (સાફ અને ખુલ્લા શબ્દોમાં) નિકાહનો ગુપ્ત વાયદો (અને વાતચીત) ન કરો, પરંતુ એ કે કોઈ વાત (શરીઅતના) કાયદા પ્રમાણે કહો (તો કોઈ વાંધો નથી અને કાયદા પ્રમાણે તમે નિકાહનો પયગામ ઈશારાથી પહોંચાડી શકો છો) અને તમે નિકાહનો ઈરાદો (અત્યારે) ન કરો, જ્યાં સુધી કે તેની નક્કી કરેલી ઇદ્દત પૂરી ન થઈ જાય અને એનો વિશ્વાસ રાખો કે અલ્લાહને તમારા દિલોની વાત સારી રીતે ખબર છે, તો બસ અલ્લાહથી ડરતા રહો (અને નાજાઇઝ કામ કરવાનો દિલમાં ઈરાદો પણ ન કરો) અને વિશ્વાસ રાખો કે અલ્લાહ મોટો મા'ફ કરનારો અને ઘણો સહનશીલ છે.

મસ્અલા અને બોધપાઠ :

ઇદ્દતના અમુક હુકમો :

જેનો ધણી મૃત્યુ પામે તેની ઇદ્દતના સમયગાળામાં સુગંધીત પદાર્થો અત્તર વગેરે લગાવવું, પોતાની જાતને શણગારવું, સુરમો અને તેલ વગેરે વિના જરૂરતે લગાવવું, મહેંદી લગાવવી, રંગીન કપડાં પહેરવા વગેરે બરાબર નથી. ઉપરાંત ખુલ્લા શબ્દોમાં બીજા નિકાહ માટે વાતચીત કરવી પણ બરાબર નથી, જેમકે હવે પછીની આયતમાં આવે છે અને રાત્રે અન્ય ઘરમાં રહેવા જવું પણ બરાબર નથી. તરજુમામાં "નિકાહ"ની સાથે જે "વગેરે" કહેવામાં આવ્યું છે, તેનાથી એ બાબત સ્પષ્ટ થાય છે અને એ જ હુકમ મળે છે. તે સ્ત્રીએ કે જેના ઉપર તલાકે બાઇન પડી છે, એટલે કે, તેની સાથે રજૂઅત કરવાનો સમય પસાર થઈ ગયો છે, તેણે પોતાના ઘરેથી દિવસે પણ ખૂબ જ સખત જરૂરત અને મજબૂરી વિના ઘરની બહાર નીકળવું યોગ્ય નથી.

જો રાત્રે પતિનું મૃત્યુ થયું હોય અને જો તે મહિનો ભલે ૩૦ દિવસનો હોય કે, ૨૯ દિવસનો હોય, ચંદ્રના હિસાબે દિવસોની ગણતરી કરવામાં આવશે અને જો પતિનું મૃત્યુ દિવસે થયું હોય તો આ બધા મહિનાઓ ૩૦-૩૦ દિવસના હિસાબથી પૂરા કરવામાં આવશે. બસ, કુલ ૧૩૦ દિવસ પૂરા કરવામાં આવશે. આ મસ્અલાથી ઘણા લોકો ગફલતમાં છે. દિવસ-રાતના જે સમયે પતિનું મૃત્યુ થાય છે, જ્યારે ઇદ્દતનો સમય પસાર થઈને તે જ સમય આવશે તો ઇદ્દત ખતમ થઈ જશે. શરીઅતના કાયદા પ્રમાણે ઇદ્દત પૂરી થવાનો જે ઉલ્લેખ થયો છે "એવું કરવાથી એમાં તમને ગુનોહ નથી" એનો અર્થ એ છે કે, જો કોઈ વ્યક્તિ કોઈ શરીઅત વિરૂદ્ધ કાર્ય કરે તો અન્ય વ્યક્તિઓ ઉપર જરૂરી છે કે, પોતાની શક્તિ પ્રમાણે રોકે, નહિ તો ગુનેહગાર થાય છે અને "કાયદા પ્રમાણે" શબ્દનો અર્થ એ છે કે, જો નિકાહ નક્કી કરવામાં આવે છે તે શરીઅતની રૂએ સહીહ અને જાઇઝ હોવા જોઈએ અને શરીઅતના બધા જ કાયદા અને નિયમોનું પાલન થયું હોવું જોઈએ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૩૬-૨૩૭)

لَا جُنَاحَ عَلَيْكُمْ إِنْ طَلَّقْتُمُ النِّسَآءَ مَا لَمْ تَمَسُّوهُنَّ أَوْ تَفْرِضُوا لَهُنَّ فَرِيضَةً ۚ
وَمَتِّعُوهُنَّ ۚ عَلَى الْمُوسِعِ قَدَرُهُ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهُ ۚ مَتَاعًا بِالْمَعْرُوفِ ۖ حَقًّا
عَلَى الْمُحْسِنِينَ ﴿٢٣٦﴾ وَإِنْ طَلَّقْتُمُوهُنَّ مِنْ قَبْلِ أَنْ تَمَسُّوهُنَّ وَقَدْ فَرَضْتُمْ لَهُنَّ فَرِيضَةً
فَنِصْفُ مَا فَرَضْتُمْ إِلَّا أَنْ يَعْفُونَ أَوْ يَعْفُوَ الَّذِي بِيَدِهِ عُقْدَةُ النِّكَاحِ ۚ وَأَنْ
تَعْفُوا أَقْرَبُ لِلتَّقْوَىٰ ۚ وَلَا تَنْسَوُا الْفَضْلَ بَيْنَكُمْ ۚ إِنَّ اللَّهَ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿٢٣٧﴾

તરજુમો :

તમારા ઉપર કોઈ ગુનોહ નથી જો તમે સ્ત્રીઓને એવા સમયે તલાક આપો કે તમે એમને હાથ પણ ન લગાવ્યો હોય (સ્પર્શ પણ ન કર્યો હોય), અને તેમના માટે કંઈ મહર નક્કી ન કરી હોય, અને એમને કંઈક ખર્ચ આપો; હેસિયતવાળાઓ (આર્થિક રીતે સદ્ધર લોકો)એ પોતાની શક્તિ અનુસાર અને તંગી ભોગવનારે તેની (શક્તિ) મુજબ, જે ખર્ચ નિયમ પ્રમાણે નક્કી હોય આપવું નેકી કરનારાઓ માટે જરૂરી છે. (૨૩૬) અને જો તમે તેમને એ પહેલાં તલાક આપો કે તમે એમને હાથ (પણ) ન લગાવ્યો હોય (સ્પર્શ પણ ન કર્યો હોય) અને તેમના માટે મહર નક્કી કરી ચૂક્યા હોય તો જે તમે નક્કી કર્યું હતું તેની અડધી (મહર આપવી જરૂરી) છે; અલબત્ત, જો તેઓ (પત્નીઓ) મા'ફ કરી દે અથવા તે (પુરુષ) મા'ફ કરી દે જેના હાથમાં નિકાહની ગાંઠ છે (એટલે કે પતિ) અને જો તમે મા'ફ કરી આપો, તો તે પરહેઝગારીની ઘણું નિકટ છે, અને પરસ્પર અહેસાન કરવાનું ન ભૂલો; બેશક ! તમે જે કંઈ કરો છો અલ્લાહ તેને (સારી પેઠે) જુએ છે. (૨૩૭)

તફસીર :

તલાક قَبْلَ الدُّخُولِ (સંભોગ પહેલાં-Before penetration)ના સ્વરૂપમાં મહર વાજિબ થવા અથવા વાજિબ ન થવાનું વર્ણન :

તલાક قَبْلَ الدُّخُولِ નો અર્થ એ છે કે, પતિ-પત્નિમાં પરસ્પર એકાંત

પહેલાં જ તલાકની નોબત આવી જાય, તેના બે સ્વરૂપ છે. એક તો નિકાહ સમયે મહરની રકમ અથવા પ્રમાણ નક્કી કરવામાં નથી આવ્યું અથવા તો મહર નક્કી કરવામાં આવી ચૂકી હોય. હવે, પ્રથમ સ્વરૂપમાં નીચે પ્રમાણે હુકમ છે.

لَا جُنَاحَ عَلَيْكُمْ اِنْ طَلَّقْتُمُ النِّسَآءَ مَا لَمْ تَمَسُّوْهُنَّ (الى قوله) حقًّا عَلَى الْمُحْسِنِيْنَ ٥

(એટલે) તમને (મહરની) કોઈ પૂછતાછ નહિ થાય જો પત્નીઓને એવા સમયે તલાક આપી દીધી કે, ન તો તમે તેને સ્પર્શ કર્યો છે અને ન જ તમે તેમના માટે કોઈ મહર નક્કી કરી છે. (બસ, આવા સ્વરૂપમાં મહરને તમારા માટે જવાબદારી ન સમજો) અને (ફક્ત) તેમને (કંઈ) લાભ પહોંચાડો, હેસિયતવાળા (આર્થિક રીતે સદ્ધર) માણસની જવાબદારી તેની હસ્તી પ્રમાણે છે અને આર્થિક સંકડામણ અનુભવતા માણસની જવાબદારી તેની હેસિયત પ્રમાણે છે. એક ખાસ પ્રકારનો લાભ પહોંચાડવો જે કાયદા પ્રમાણે હોય, ભલાઈ કરનાર સજ્જનો ઉપર વાજિબ છે, (એટલે કે બધા જ મુસલમાનો પર વાજિબ છે કારણ કે, દરેક મુસલમાનને ભલાઈ કરવાનો હુકમ પણ આપવામાં આવ્યો છે, દરેકે એક જોડ કપડાં આપવા જોઈએ).

અને બીજું સ્વરૂપ એ છે કે,

وَاِنْ طَلَّقْتُمُوْهُنَّ (الى قوله) اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ٥

જો તમે (પોતાની) પત્નીઓને તલાક તેમને સ્પર્શ કરતા પહેલાં આપી દો અને તેમની સાથે કંઈ મહર નક્કી કરી ચૂક્યા હતા તો (આવા સ્વરૂપમાં) જેટલી મહર તમે નક્કી કરી છે તેની અડધી (મહર આપવી વાજિબ) છે (અને અડધી મા'ફ છે), પરંતુ (બંને સ્વરૂપોમાં સમાન હુકમ એ છે કે) તે સ્ત્રીઓ (પોતાની અડધી મહર પણ) મા'ફ કરી દે (તો આ સ્વરૂપમાં અડધી મહર પણ વાજિબ નહિ રહે) અથવા બીજું (સ્વરૂપ) એ છે કે, તે વ્યક્તિ મા'ફ કરી દે, જેના હાથમાં નિકાહનો અધિકાર (રાખવો અથવા તોડવો) છે. (એટલે કે પતિ પૂરી મહર જ તેને આપી દે તો આવા સ્વરૂપમાં પતિની મરજીથી પૂરી મહર અદા કરવી જોઈએ.) અને (હે સચ્ચાઈના સમર્થકો !) તમારું (પોતાના હકો) મા'ફ કરી દેવું (તેને વસૂલ કરવા કરતાં) તકવાની વધુ નજીક છે. (કારણ કે મા'ફ કરનારાને સવાબ મળે છે અને સવાબનું કામ દેખીતું છે કે તકવો જ છે) અને પરસ્પર

અહેસાન (અને દરગુજર) કરવામાં ગફલત ન કરો (બલકે દરેક વ્યક્તિ બીજાની સાથે દરગુજર કરે અને ભલાઈ કરે) નિઃશંક ! અલ્લાહ તઆલા તમારા બધા જ કાર્યોને ખૂબ સારી પેઠે જાણે છે. (માટે જો તમે કોઈની સાથે રિઆયત અને અહેસાન કરશો તો અલ્લાહ તઆલા તેનો સારો બદલો તમને જરૂર આપશે).

(બયાનુલ કુર્આન)

મસ્અલા અને બોધપાઠ :

لَا جُنَاحَ عَلَيْكُمْ (الی قوله) اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ મહર અને એકાંત (પતિ-પત્ની વચ્ચેનું ખાસ એકાંત) અનુસંધાને તલાકના ચાર સ્વરૂપો હોઈ શકે છે, તેમાંથી બે ના હુકમો ઉપરોક્ત આયતોમાં ઉલ્લેખવામાં આવ્યા છે. એક એ કે, ન તો મહર નક્કી કરી છે અને ન જ એકાંત થયું છે, બીજું એ કે, મહર તો નક્કી થઈ છે, પરંતુ એકાંત નથી થયું, ત્રીજું સ્વરૂપ એ છે કે, મહર પણ નક્કી થઈ છે અને એકાંત પણ થયું છે, તેમાં જે મહર નક્કી થઈ છે, તે પૂરે-પૂરી આપવી પડશે. આ હુકમ કુર્આન શરીફમાં અન્ય સ્થળોએ વર્ણન કરવામાં આવ્યો છે. ચોથું સ્વરૂપ એ છે કે, મહર નક્કી નથી કરી અને એકાંત પછી તલાક આપી દીધી, તેમાં પણ "મહરે મિષ્લ" પૂરી આપવી પડશે. એટલે કે, જે તે સ્ત્રીની કૌમમાં (સમાજ-જ્ઞાતિમાં) રિવાજ છે તે આપવી પડશે, તેનું વર્ણન પણ એક બીજી આયતમાં આવ્યું છે.

પ્રસ્તુત આયતમાં પ્રથમ બે પ્રકારોનો હુકમ વર્ણન થયો છે, તેમાંથી પ્રથમ સ્વરૂપનો હુકમ એ છે કે, મહર કંઈ પણ બાકી નથી, પરંતુ પતિ ઉપર વાજિબ છે કે, પોતાની પાસેથી થોડું કંઈ પણ આપી દે, ઓછામાં ઓછું એક જોડ કપડાં આપી દે અને વાસ્તવમાં કુર્આન શરીફમાં "અતિય્યહ" (રાજી-ખુશીથી કંઈ આપવું)નું કોઈ પ્રમાણ નક્કી કરવામાં આવ્યું નથી. અલબત્ત, એ બતાવી દીધું છે કે, માલદારે પોતાની હૈસિયત પ્રમાણે આપવું જોઈએ, જેમાં એ તાકીદ છે કે, જેમની આર્થિક પરિસ્થિતિ મજબૂત છે, તેઓ કંજૂસાઈ ન કરે. હઝરત હસન (રદિ.)એ આવી જ એક ઘટનામાં ત્યકતા સ્ત્રીને ૨૦,૦૦૦ આપ્યા હતા અને કાજી શરીહે ૫૦૦ દિરહમ આપ્યા હતા અને હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.એ ફરમાવ્યું કે, "ઓછામાં ઓછું એક જોડ કપડાં તો આપવા જ જોઈએ." *(કુર્તુબી)*

અને બીજા સ્વરૂપનો હુકમ એ છે કે, જે સ્ત્રીની મહર નિકાહ સમયે નક્કી થઈ છે અને તેણે તેને એકાંત (સહવાસ) પહેલાં જ તલાક આપી દીધી હોય, તો જે મહર નક્કી કરવામાં આવી છે, તેની અડધી મહર પતિએ આપવી વાજિબ થશે. અલબત્ત, જો સ્ત્રી મા'ફ કરી દે અથવા પતિ પૂરેપૂરી આપી દે, તો તે તેમના અધિકારની બાબત છે, જેમકે આયત اِلَّآ اَنۡ يَّعۡفُوۡنَ اَوۡ يَعۡفُوَا الَّذِىۡ بِيَدِهٖ عُقۡدَةُ النِّكَاحِ "જ્યાં સુધી કે તેઓ (સ્ત્રી) મા'ફ ન કરે અથવા તે કે જેના હાથમાં નિકાહની ગાંઠ (અધિકાર) છે." *(સૂ. ૨ : આ. ૨૩૭)*થી સ્પષ્ટ થાય છે કે, "પુરૂષે પૂરેપૂરી મહર મા'ફ કરી દેવા"ના વાક્યનો કદાચ એ જ અર્થ સમજવામાં આવે છે, સામાન્ય રીતે રિવાજ એવો છે કે, મહરની રકમ શાદી (નિકાહ) વખતે જ આપી દેવામાં આવે છે. જો હવે તલાક એકાંત પહેલાં થઈ જાય તો પતિને અડધી મહર પાછી લેવાનો અધિકાર છે. હવે, જો તે દરગુજર કરી પોતાની અડધી મહર પાછી ન લે અને તે પણ મા'ફ કરી દે તો તે ઉત્તમ અને તકવાની ઘણી નજીકની બાબત ઠરાવવામાં આવી છે. કારણ કે, આ રીતે મા'ફ કરવું એ બાબતની નિશાની છે કે, તલાક ભલે થઈ, પરંતુ પતિ સારી રીતે સારો વહેવાર કરી નિકાહના સંબંધોનો અંત લાવવા માંગે છે અને સદ્‌વ્યવહારનો સવાબ અલ્લાહના ત્યાં જરૂર મળશે. ભલે, પોતાનો હક પુરુષ મા'ફ કરે કે પછી સ્ત્રી મા'ફ કરે, બંને મહાન સવાબના હકદાર છે.

اَلَّذِىۡ بِيَدِهٖ عُقۡدَةُ النِّكَاحِ ની તફસીર પોતે રસૂલે કરીમ ﷺએ કરી છે કે, وَلِىُّ عُقۡدَةِ النِّكَاحِ الزَّوۡجُ "નિકાહના અધિકારનો માલિક પતિ છે." આ હદીષ દાર કતનીમાં અમ્ર બિન સુઐબ (રદિ.)એ તેમના પિતાથી અને તેમણે તેમના દાદાથી નકલ કરી છે અને હઝરત અલી અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ નકલ થઈ છે. *(કુર્તુબી)*

એ સાબિત થઈ ગયું કે, નિકાહ સંપૂર્ણ થઈ ગયા પછી નિકાહને કાયમ રાખવી અથવા તેનો અંત લાવવો પતિના અધિકારક્ષેત્રમાં છે, તલાક આપવાનો અધિકાર પતિને છે, સ્ત્રીને નથી. અમુક ચોક્કસ સંજોગોમાં પત્નીને ઈસ્લામી કોર્ટના માધ્યમ દ્વારા "ખુલઅ્"નો અધિકાર છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૩૮-૨૩૯)

حٰفِظُوْا عَلَى الصَّلَوٰتِ وَالصَّلٰوةِ الْوُسْطٰى ۚ وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ ﴿٢٣٨﴾ فَاِنْ خِفْتُمْ
فَرِجَالًا اَوْ رُكْبَانًا ۚ فَاِذَآ اَمِنْتُمْ فَاذْكُرُوا اللّٰهَ كَمَا عَلَّمَكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿٢٣٩﴾

તરજુમો :

અને તમે નમાઝોની હિફાઝત કરો (ખાસ કરી) વચ્ચેની નમાઝની અને અલ્લાહ સામે (ફરમાંબરદાર બનીને) અદબથી ઊભા રહો. (૨૩૮) પછી જો તમને કોઈ (દુશ્મન વગેરેનો) ભય હોય તો પગપાળા અથવા સવારી ઉપર પઢી લો; પછી જ્યારે તમે શાંતિ (સલામતી) પ્રાપ્ત કરો તો અલ્લાહને યાદ કરો જે રીતે કે તમને શીખવ્યું છે, જેને તમે જાણતા ન હતા. (૨૩૯)

તફસીર :

નમાઝોની હિફાઝત (પાબંદી કરવા)નું વર્ણન :

આ આયતની આગળ-પાછળ તલાકના હુકમો વર્ણન થયા છે અને વચ્ચે નમાઝના હુકમનો ઉલ્લેખ કરવાથી એ બાબત તરફ ઈશારો થાય છે કે, માણસના અસ્તિત્વનો ધ્યેય વાસ્તવમાં અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે અને સામાજિક વહેવારોના હુકમો, તથા જીવન વ્યતિત કરવાની અન્ય પ્રવૃત્તિઓ વગેરે દ્વારા વાસ્તવમાં અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો મૂળભૂત હેતુ છે બલકે, પ્રગતિ તથા વિકાસનો મૂળ અર્થ પણ એ જ છે. નમાઝને પણ અલ્લાહનો હુકમ સમજીને અમલ કરવામાં આવશે તો ચોક્કસ અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત થશે જ. અત્રે અલ્લાહના હુકમોમાં બંદાના હકો અદા કરવાની પણ તાકીદ છે તથા અલ્લાહના હકો અદા કરવાના પણ હુકમો છે. બંદાના હકો ઉપર તરાપ મારવાથી અલ્લાહના દરબારમાં હડધૂત થવાય છે અને પરિણામે વ્યક્તિ અલ્લાહ તથા બંદાઓ બંનેથી બેપરવા બની ગફલત વર્તવા લાગે છે. પરંતુ નમાઝ આ ગફલતને દૂર કરનારો અને અલ્લાહ તરફ ધ્યાન કેન્દ્રિત કરાવનારો અમલ છે. એટલા માટે આ આયતને સામાજિક હુકમોની વચ્ચે લાવવાથી એ બાબત તરફ ધ્યાન અપાવવાનો હેતુ છે કે, મનુષ્ય પોતાના અસલી જીવનધ્યેયને નજર સમક્ષ રાખી સામાજિક વહેવારોમાં બંદાઓના હકો પણ અદા કરે.

حَافِظُوْاعَلَى الصَّلَوَاتِ وَالصَّلٰوةِ الْوُسْطٰى બધી નમાઝોની હિફાઝત કરો (ખાસ કરી) વચ્ચેની નમાઝ (એટલે કે અસ્ર)ની અને (નમાઝમાં) અલ્લાહ સામે આજિઝી સાથે (વિનમ્રતાથી) ઊભા રહો. પછી જો તમને (નમાઝ પઢવામાં કોઈ દુશ્મન વગેરેનો) ભય હોય તો ઊભા-ઊભા અથવા સવારી ઉપર બેઠાં-બેઠાં (જેવી રીતે બની શકે એવી રીતે ભલે કિબ્લા તરફ મોઢું હોય કે ન હોય અને રુકૂઅ્-સિજદહને ચાહે તો ઈશારાથી અદા કરવા પડે) નમાઝ પઢી લો. (આવી હાલતમાં પણ નમાઝની હિફાઝત કરો અને તેને છોડો નહિ) પછી જ્યારે તમને (બિલકુલ) સંતોષ થઈ જાય (અને ભય દૂર થઈ જાય) તો તમે અલ્લાહની યાદ (નમાઝ અદા કરી) એવી રીતે કરો કે જે રીતે તમને (શાંતિની પરિસ્થિતિમાં કરવાનું) શીખવાડ્યું છે, જેને તમે (પ્રથમથી) ન જાણતા હતા.

મસ્અલા અને બોધપાઠ :

મોટા ભાગના ઉલમાનો અમુક હદીષોની દલીલથી એ કૌલ (અભિપ્રાય) છે કે વચ્ચેની નમાઝનો અર્થ આ આયતમાં "અસ્ર"ની નમાઝ છે. કારણ કે, તેની એક તરફ દિવસની બે નમાઝો ફજ્ર અને ઝુહ્ર છે, તો બીજી બાજુ રાતની મગરિબ અને ઈશા. તેની તાકીદ ખાસ એટલા માટે કરવામાં આવી છે કે મોટા ભાગના લોકો આ સમય દરમિયાન કામમાં પ્રવૃત્ત હોય છે અને "આજિઝી"ની તફસીર હદીષમાં "સુકુત" (સંતોષ અને વિનમ્રતા)નો થયો છે.

આ આયતથી નમાઝમાં વાતો કરવાની મનાઈ થાય છે, આ નમાઝ ઊભા ઊભા ઈશારાથી ત્યારે જ સહીહ થશે જ્યારે કોઈ એક જગ્યાએ કોઈ વ્યક્તિ ઊભો થઈ શકતો હોય, તેમાં સિજદહનો ઈશારો થોડી વધારે કમર ઝૂકાવી કરે. આવી ભયની પરિસ્થિતિમાં ચાલતાં-ચાલતાં નમાઝ પઢવાથી નમાઝ નહિ થાય. હા ! જો ઊભા રહેવું બિલકુલ શક્ય ન હોય, જેમકે યુદ્ધના મેદાનમાં ચાલુ લડાઈનો સમય છે, તો નમાઝને કઝા થઈ જવા દેવામાં આવે, બીજા વખતે પઢી લે, ચાલતાં-ચાલતાં નમાઝ ન પઢે, નહિતર નમાઝ નહીં થાય.

(બયાનુલ કુર્આન)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૪૦-૨૪૧-૨૪૨)

وَالَّذِينَ يُتَوَفَّوْنَ مِنكُمْ وَيَذَرُونَ أَزْوَاجًا ۚ وَصِيَّةً لِّأَزْوَاجِهِم مَّتَاعًا
إِلَى الْحَوْلِ غَيْرَ إِخْرَاجٍ ۚ فَإِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِي مَا فَعَلْنَ فِي أَنفُسِهِنَّ
مِن مَّعْرُوفٍ ۗ وَاللَّهُ عَزِيزٌ حَكِيمٌ ﴿٢٤٠﴾ وَلِلْمُطَلَّقَاتِ مَتَاعٌ بِالْمَعْرُوفِ ۖ حَقًّا
٣١ ع ٧ ١٥ عَلَى الْمُتَّقِينَ ﴿٢٤١﴾ كَذَٰلِكَ يُبَيِّنُ اللَّهُ لَكُمْ آيَاتِهِ لَعَلَّكُمْ تَعْقِلُونَ ﴿٢٤٢﴾

તરજુમો :

અને જે લોકો તમારામાંથી મૃત્યુ પામે અને પત્નીઓ છોડી જાય તો પોતાની પત્નીઓ માટે ઘરમાંથી કાઢી મૂકયા વિના એક વર્ષ સુધીની ખાધા-ખોરાકીની વસિય્યત કરે; પછી જો તેણીઓ પોતાના માટે કોઈ સારૂં કામ કરવા પોતે ઘર છોડી દે, તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૨૪૦) અને ત્યકતા (તલાક પામેલી) સ્ત્રીઓ માટે નિયમ મુજબ ખાધા-ખોરાકી (ભરણ-પોષણ) પરહેઝગારો (અલ્લાહથી ડરનારાઓ) ઉપર જરૂરી છે. (૨૪૧) આ જ પ્રમાણે અલ્લાહ તઆલા પોતાના હુકમો તમારા માટે વર્ણન કરે છે, જેથી તમે સમજી લો. (૨૪૨)

તફસીર :

વિધવા અને ત્યકતા (તલાક પામેલી) સ્ત્રીઓના રહેઠાણ અને ભરણ-પોષણના અમુક પ્રકારોનું વર્ણનઃ

અને જે લોકો તમારામાંથી મરણ પામે છે અને પત્નીઓને પાછળ છોડી જાય છે (તેમના માથે જવાબદારી છે કે) તેઓ પોતાની પત્નીઓ માટે એક વર્ષ સુધીના (ભરણ-પોષણ)ની વસિય્યત કરતા જાય. વિધવાઓને (તેમના પતિના) ઘરમાંથી કાઢી મૂકવામાં ન આવે. હા ! જો (ચાર મહિના દશ દિવસની ઈદ્દત પૂરી કર્યા પછી અથવા જો ગર્ભવતી હોય તો બાળકના જન્મની ઈદ્દત પૂરી થયા પછી) પોતે પોતાની (શરઈ) કાયદા અનુસારની ભલાઈ (જેમકે નિકાહ વગેરે) માટે નીકળી જાય તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી અને અલ્લાહ તઆલા

મહાશક્તિશાળી (છે માટે તેના હુકમ વિરુદ્ધ કૃત્ય ન કરો અને) હિકમતવાળો છે (કે તેણે તમને આપેલા બધા જ હુકમોમાં તમારું હિત સાચવ્યું છે, ભલે એ તમને સમજમાં આવે કે ન આવે).

અને બધી ત્યકતા સ્ત્રીઓ માટે થોડો ઘણો લાભ પહોંચાડવો (કે જે અમુક રીતે નક્કી કરવામાં આવ્યું છે તે) કાયદા અનુસાર પરહેઝગાર લોકો (એટલે કે મુસલમાનો) ઉપર નક્કી છે, એ જ રીતે અલ્લાહ તબારક વ તઆલા (અમલ કરવા) તમારા માટે પોતાના હુકમો વર્ણન કરે છે કે જેથી તમો તેને સમજી લો (અને અમલ કરો).

મસ્અલા અને બોધપાઠ :

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ થી અજ્ઞાનતાના યુગમાં વિધવાની ઈદ્દત એક વર્ષ હતી અને ઈસ્લામમાં એક વર્ષના બદલે ચાર મહિના દશ દિવસ નક્કી કરવામાં આવ્યા, જેમકે અગાઉની આયત يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا "તેણીઓ પોતાને ચાર માસ દશ દિવસ સુધી રોકી રાખશે"થી સ્પષ્ટ થઈ ચૂક્યું છે, પરંતુ તેમાં સ્ત્રીને ઉપર મુજબ છૂટછાટ આપવામાં આવી હતી. કારણ કે, તે સમય સુધી વારસા–વહેંચણીનો હુકમ નાઝિલ ન થયો હતો અને પત્નીનો કોઈ વારસો પતિની મિલકતમાં નક્કી કરવામાં આવ્યો ન હતો. બલકે, અન્ય વારસદારોનો વારસો પણ ફક્ત મય્યતની વસિય્યત ઉપર જ આધારિત હતો. જેમકે આયત كُتِبَ عَلَيْكُمْ اِذَا حَضَرَ (૨ : ૧૮૦)ની તફસીરમાં સ્પષ્ટ થઈ ચૂક્યું છે. એટલા માટે ઉપર મુજબ હુકમ થયો હતો કે, જો વિધવા સ્ત્રી પોતાના પતિના મકાનમાં રહેવા ઈચ્છે તો એક વર્ષ સુધી તેને રહેવાનો અધિકાર પ્રાપ્ત છે અને તેના મરણ પામેલા પતિએ છોડેલી મિલકતમાંથી જ તેનું ભરણ–પોષણ અને ખાધા–ખોરાકી ખર્ચ આપવામાં આવશે, આ આયતમાં એનું વર્ણન છે. પતિઓને હુકમ આપવામાં આવ્યો હતો કે, આ પ્રમાણે વસિય્યત કરતા જાય અને કારણ કે, તે ઔરતનો અધિકાર હતો કે તે વસિય્યત પ્રમાણે પતિના છોડેલા માલમાંથી લેવું અથવા ન લેવું. એટલા માટે વારસદારો માટે તે વધવાને મરનાર પતિના ઘરમાંથી કાઢવી જાઈઝ ન હતી, પરંતુ તે વિધવાના પોતાના માટે એ જાઈઝ હતું કે, તે મરનાર પતિના ઘરમાં ન રહે અને પોતાની વારસાઈનો હક છોડી દે, શર્ત એટલી જ છે કે, ઈદ્દત પૂરી થઈ જાય અને નિકાહ વગેરે બધું

શરીઅત પ્રમાણે બરાબર હોય. "બંધારણ અને કાયદા અનુસાર"ના શબ્દથી આ જ વાતનો અર્થ નીકળે છે (અલબત્ત, ઈદ્દતના સમયગાળામાં વિધવાએ ઘરની બહાર નીકળવું અને નિકાહ કરવી વગેરે ગુનોહ છે, અને જે કોઈ તેને આવું કરતાં અટકાવી શકે તેવા હોવા છતાં આવું કરતાં ન અટકાવે તો તેમના ઉપર પણ ગુનોહ છે.) જ્યારે "વારસા"ની આયત નાઝિલ થઈ અને ઘર, રૂપિયા-પૈસા, મિલકત વગેરે બધામાં વિધવા સ્ત્રીને પતિના છોડેલા માલમાં હક મળી ગયો, તો હવે વિધવા સ્ત્રીએ પોતાને મળેલા હિસ્સામાં જ નિવાસ કરવાનો છે અને પોતાને મળેલા હિસ્સામાંથી ખર્ચ કરવાનો છે. આ ઉપરોક્ત આયત મન્સૂખ (રદ) થઈ ગઈ છે.

وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌ ۢبِالْمَعْرُوْفِ ત્યકતા (તલાક પામી ચૂકેલી) સ્ત્રીને ફાયદો કરી આપવાની બાબત આ અગાઉની આયતમાં પણ આવી ચૂકી છે, પરંતુ તે ફક્ત બે પ્રકારની ત્યકતા સ્ત્રીઓ માટે હતી, જેમને એકાંત (સહવાસ) પહેલાં તલાક થઈ ગઈ હોય તો તેમને એક જોડ કપડાં આપીને લાભ પહોંચાડવામાં આવે. બીજો લાભ એવી રીતે પહોંચાડે કે, અડધી મહર આપવામાં આવે. હવે, એવી ત્યકતા સ્ત્રીઓ કે જેમની સાથે એકાંત થઈ ચૂક્યું છે, પછી તલાક આપવામાં આવે તો તેમાં જેમની મહર નક્કી કરવામાં આવી હતી તેમને પૂરે-પૂરી મહર આપી લાભ પહોંચાડવામાં આવશે અને જેમની મહર નક્કી ન થઈ હતી તેમને એકાંત પછી "મહરે મિષ્લ" (વહેવારું રીતે જે તે સમાજના રિવાજ અનુસાર) આપવી વાજિબ છે અને જો "મતાઅ્"નો અર્થ ખાસ લાભ અથવા ભેટ-સોગાત અથવા એકાદ જોડ કપડાં વગેરેનો કરવામાં આવે તો તે એક પ્રકારે ત્યકતાઓને આપવું વાજિબ છે, જેનું વર્ણન ઉપર થઈ ચૂક્યું છે અને બીજા અન્ય પ્રકારની ત્યકતાઓને આપવું મુસ્તહબ છે અને જો "મતાઅ્"નો અર્થ ખાધા-ખોરાકી (ભરણ-પોષણ) લેવામાં આવે તો જે તલાકમાં ઈદ્દત છે, તેમાં ઈદ્દત પસાર કરવા સુધી વાજિબ છે. ભલે, તલાકે રજ્ઈ હોય અથવા બાઈન. મતલબ કે, અત્રે આયતમાં ઠોસ શબ્દોનો ઉપયોગ કરી તલાકના બધા જ સ્વરૂપોને સામેલ કરી લેવામાં આવ્યા છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૪૩-૨૪૪)

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ وَ هُمْ اُلُوْفٌ حَذَرَ الْمَوْتِ
فَقَالَ لَهُمُ اللّٰهُ مُوْتُوْا ثُمَّ اَحْيَاهُمْ اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ
النَّاسِ لَا يَشْكُرُوْنَ ﴿٢٤٣﴾ وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٤٤﴾

તરજુમો :

(હે નબી ﷺ !) શું તમે તે લોકો નથી જોયા ? જેઓ મૌતના ભયથી પોતાના ઘરોમાંથી નીકળ્યા અને તેઓ હજારો(ની સંખ્યામાં) હતા; પછી અલ્લાહે તેમને કહ્યું, તમે મરી જાઓ; પછી તેમને સજીવન કર્યા, બેશક ! અલ્લાહ લોકો ઉપર મહેરબાન (કૃપા કરનાર) છે, પરંતુ ઘણા લોકો શુક્ર અદા કરતા નથી. (૨૪૩) અને તમે અલ્લાહના રસ્તામાં લડો, અને જાણી લો કે, અલ્લાહ સઘળું સાંભળનાર, જાણનાર છે. (૨૪૪)

તફસીર :

(હે સાંભળનાર !) શું તમે તે લોકોના કિસ્સાની તહકીક નથી કરી, જેઓ પોતાના ઘરેથી મૌતથી બચવા માટે નીકળી ગયા અને તે લોકો હજારો(ની સંખ્યામાં) હતા; બસ, અલ્લાહે તેમના માટે કહ્યું (હુકમ ફરમાવ્યો) કે "મરી જાઓ !" (તો બધા મૃત્યુ પામ્યા) પછી (અલ્લાહ તઆલાએ) તેમને સજીવન કર્યા, નિઃશંક ! અલ્લાહ તઆલા લોકો(ની હાલત) ઉપર ઘણો મહેરબાન છે, પરંતુ મોટા ભાગના લોકો શુક્ર અદા કરતા નથી (અને આ કિસ્સાઓ ઉપર વિચાર કરીને) અલ્લાહના રસ્તામાં લડો અને એ બાબતનો વિશ્વાસ રાખો કે, અલ્લાહ તઆલા સઘળું સાંભળનારો (અને બધું જ) જાણનારો છે (જિહાદ કરનારા અને ન કરનારાઓની વાતો સાંભળે છે અને તે પ્રમાણે દરેકની નિય્યતને પણ જાણે છે અને દરેકને યોગ્ય બદલો આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

આ ત્રણ આયતો જે ઉપર પ્રસ્તુત છે, તેમાં એક ખૂબ જ રસપ્રદ ઉચ્ચ કક્ષાની વર્ણનશૈલીમાં અલ્લાહ તઆલાના માર્ગમાં જાન-માલની કુર્બાની

આપવાની સૂચના આપવામાં આવી છે. આ હુકમોનો ઉલ્લેખ કરતાં પહેલાં ઈતિહાસની એક મહત્ત્વપૂર્ણ ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું છે, જેનાથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, મૌત અને જિંદગી અલ્લાહની મરજીના તાબે છે. લડાઈ અને જિહાદમાં ભાગ લેવો મૃત્યુનું કારણ નથી અને ડરપોકપણાના લીધે કે કાયરતાના કારણે જીવ બચાવવા જિહાદથી બચવું મૌતથી બચવાનો માર્ગ નથી. તફસીરે ઈબ્ને કષીરમાં પુરોગામી સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના સંદર્ભમાં આ ઘટનાનો ખુલાસો એવો વર્ણન કરવામાં આવ્યો છે કે, બની ઈસ્રાઈલમાંથી કોઈ કૌમની એક વસ્તી હતી અને ત્યાં કોઈ સખત મહામારી (ચેપી રોગ) પ્લેગ વગેરે ફેલાય ગયો. આ લોકો જેઓ લગભગ ૧૦ હજારની સંખ્યામાં હતા; ગભરાય ગયા અને મૌતના ભયથી શહેર છોડીને બધા બે પહાડો વચ્ચેના એક વિશાળ મેદાનમાં જઈને સ્થાયી થઈ ગયા. અલ્લાહ તઆલાએ તેમના ઉપર અને દુનિયાની અન્ય કૌમો ઉપર એ બાબત સ્પષ્ટ (જાહેર) કરવા માટે કે, મૌતથી કોઈપણ વ્યક્તિ પલાયન કરીને બચી નથી શકતો, ત્યાં બે ફરિશ્તાઓને મોકલ્યા, તેઓ મૈદાનના બંને છેડાઓ પર આવીને ઊભા થઈ ગયા અને કોઈ એવો અવાજ કર્યો, જેનાથી બધા જ વ્યક્તિઓ એકી સાથે મૃત્યુ પામ્યા, એક પણ જીવીત ન બચ્યો. આજુબાજુના લોકોને જ્યારે આ ઘટનાની જાણ થઈ તો તેઓ આ જગ્યાએ પહોંચ્યા. દશ હજાર વ્યક્તિઓના કફન-દફનની વ્યવસ્થા કોઈ સરળ વાત ન હતી. એટલા માટે આ લોકોએ તેમની ચારે બાજુ એક ગોળાકાર વાડ બનાવી દીધી, તેમની લાશો ફીઝીકલ વિજ્ઞાનના ભૌતિક નિયમો પ્રમાણે સડી ગઈ. માત્ર હાડકાંઓ બાકી રહ્યા, એક લાંબા સમય પછી બની ઈસ્રાઈલના એક પયગમ્બર જેમનું નામ "હિઝકીલ (અલૈ.)" કહેવામાં આવે છે, આ સ્થળેથી પસાર થયા. તેમણે આ વાડામાં અનેક સ્થળે માનવ કંકાલો વિખરાયેલા જોયાં અને આશ્ચર્યમાં પડી ગયા, તેમને વહી દ્વારા આ લોકોના સંપૂર્ણ કિસ્સાની જાણ કરવામાં આવી. હઝરત હિઝકીલ (અલૈ.)એ દુઆ કરી કે, "હે અલ્લાહ ! આ લોકોને સજીવન કરી આપ." અલ્લાહ તઆલાએ તેમની દુઆ કબૂલ ફરમાવી અને તેમને હુકમ આપ્યો કે, તમે આ તૂટેલા-વિખરાયેલાં હાડકાંઓને આ પ્રમાણે સંબોધન કરો.

اَيَّتُهَا الْعِظَامُ الْبَالِيَةُ اِنَّ اللّٰهَ يَأْمُرُكِ اَنْ تَجْتَمِعِىْ،

"હે જૂના (જર્જરિત) હાડકાંઓ, અલ્લાહ તમને હુકમ આપે છે કે, પ્રત્યેક સાંધાંનું હાડકું પોતાના સ્થળે સ્થાપિત થઈ જાય."

પયગમ્બર (અલૈ.)ની દુઆ મુબારકથી અલ્લાહ તઆલાનો હુકમ આ હાડકાંઓએ સાંભળ્યો અને હુકમનો અમલ કર્યો, જેને દુનિયા અતાર્કિક અને ભૌતિક નિયમો વિરૂદ્ધ સમજે છે, પરંતુ જગતનો પ્રત્યેક અણુએ અણુ અલ્લાહના હુકમની તા'બેદારી કરે છે અને પોતાના અસ્તિત્વ માટે અલ્લાહ રબ્બુલ ઈજ્જત ઉપર આધાર રાખે છે તથા પોતાના ભૌતિક બંધારણ અનુસાર અલ્લાહના હુકમને સમજવાની અને તેના ઉપર અમલ કરવાની બુદ્ધિ ધરાવે છે. કુર્આન શરીફે اَعْطٰى كُلَّ شَیْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰى (૨૦ : ૫૦)માં આ જ બાબત તરફ ઈશારો કર્યો છે. અલ્લાહ તઆલાએ દરેક પદાર્થને પૈદા કરી, પછી એને તેના યોગ્ય સમજ અને હુકમો આપ્યા. મૌલાના રૂમી આ સંબંધે મજાનો શે'ર રજૂ કરે છે.

خاک و باد و آب و آتش بندہ اند　　　با من و تو مردہ با حق زندہ اند

"માટી, હવા, પાણી અને આગનું મિશ્રણ કરવામાં આવ્યું;
મારા અને તારા માટે તે મૃત છે, પરંતુ અલ્લાહ માટે તે સજીવન છે !"

અલબત્ત, એક અવાજ દ્વારા દરેક મનુષ્યના હાડકાં પોત-પોતાના સ્થળે ગોઠવાય ગયા, પછી હુકમ થયો કે, હવે તેમને આવો પોકાર કરો,

اَيَّتُهَا الْعِظَامُ اِنَّ اللّٰهَ يَأْمُرُكِ اَنْ تَكْتَسِىْ لَحْمًا وَّعَصَبًا وَّجِلْدًا،

"હે હાડકાંઓ ! અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે, પોત-પોતાનો માંસ પહેરી લો અને તમારા સ્નાયુઓ તથા ચામડીને સરખી કરી લો."

આવું કહેવાની સાથે જ હાડકાંઓ ઉપર ઢાંચા બની ગયા અને જોત-જોતામાં એક સંપૂર્ણ લાશ બની ગઈ, પછી હુકમ થયો કે, "હવે રૂહો (આત્મા)ને સંબોધન કરો,"

اَيَّتُهَا الْاَرْوَاحُ اِنَّ اللّٰهَ يَأْمُرُكِ اَنْ تَرْجِعَ كُلُّ رُوْحٍ اِلَى الْجَسَدِ الَّذِىْ كَانَتْ تَعْمُرُهٗ،

"હે રૂહો ! તમને અલ્લાહ તઆલા હુકમ આપે છે કે, પોત-પોતાના શરીરોમાં પાછી આવી જાઓ, તેમની જિંદગીનું અસ્તિત્વ જેના પર આધારિત છે."

આ અવાજ આપતાંની સાથે જ તેમની નજર સમક્ષ બધી જ લાશો જીવંત થઈ ઊભી થઈ ગઈ અને આશ્ચર્યથી ચારે તરફ જોવા લાગી, બધાની જીભ ઉપર એક કલિમો હતો, سُبْحَانَكَ لَآاِلٰهَ اِلَّا اَنْتَ "હે અલ્લાહ ! તું પવિત્ર છે, તારા સિવાય કોઈ મઅ્બૂદ નથી."

આ ઘટના દુનિયાના ફિલોસોફરો અને બુદ્ધિશાળીઓ માટે ચિંતન કરવાનું આમંત્રણ અને કયામતના ઈન્કાર કરનારાઓ માટે એક મજબૂત દલીલ હોવાની સાથે સાથે આ બાબત એ સૂચના ઉપર પણ આધારિત છે કે, મૌતના ડરથી ભાગવું અથવા જિહાદમાં મૌતના ડરથી ભાગ ન લેવો કે, કોઈ અન્ય બીમારી કે પ્લેગ વગેરેમાં મૌતના ડરથી ભાગવું અલ્લાહ તઆલા અને તેની તકદીર ઉપર ઈમાન રાખનારાઓ માટે શક્ય જ નથી કે, તેઓ મૌતથી ભાગે, કારણ કે, તેમનું ઈમાન છે કે, મૌતનો એક સમય નિશ્ચિત છે અને ત્યારે તે ચોક્કસ આવશે જ, તેનાથી એક સેકંડ પણ આગળ-પાછળ થઈ શકવાનું નથી. એટલા માટે મૌતથી ભાગવું વ્યર્થ વાત છે અને અલ્લાહ તઆલાની નારાજગીનું કારણ પણ બને છે.

હવે આ ઘટના કુર્આનના શબ્દોમાં જોઈએ,

ઘટનાના વર્ણન માટે કુર્આન શરીફે ફરમાવ્યું, اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ "શું તમે તે લોકોની ઘટના નથી જોઈ, જે પોતાના ઘરોમાંથી મૃત્યુના ભયથી નીકળીને નાઠા હતા !?"

અત્રે એક વાત વિચારવા યોગ્ય છે કે, આ ઘટના રસૂલુલ્લાહ ﷺના સમયકાળથી હજારો વર્ષ પહેલાંની છે, તેને રસૂલે કરીમ ﷺ દ્વારા નજરે જોવાનો સવાલ જ પૈદા નથી થતો, માટે અત્રે اَلَمْ تَرَ કહીને કહેવાનો શું અર્થ છે ? મુફસ્સિરીન (વિવરણકારો) ઉલમાએ ફરમાવ્યું છે કે, "આવી તમામ ઘટનાઓમાં જ્યાં આપ ﷺને શબ્દ اَلَمْ تَرَ વડે સંબંધોન કરવામાં આવ્યું છે. જ્યારે કે, ઘટના આપ ﷺના સમયકાળ પહેલાંની હોય છે જેથી આપ ﷺએ તેને નજરે નિહાળવાની કોઈ કલ્પના પણ નથી થઈ શકતી, પરંતુ આ બધી ઘટનાઓનો નજરે નિહાળવાનો અર્થ હૃદયના ચક્ષુ (આંખ)થી નિહાળવું સમજવામાં આવે છે, જેનો અર્થ એ છે કે જ્ઞાન અને ઘટનાને સમજવામાં اَلَمْ تَرَ દ્વારા એવા પ્રસંગોમાં اَلَمْ تَعْلَمْનો અર્થ હોય છે. પરંતુ આ શબ્દ اَلَمْ تَرَનું અર્થઘટન કરવામાં હિકમત અને ઘટનાના ખૂબ મશહૂર હોવા તરફ પણ ઈશારો થાય છે કે, આ ઘટના ખૂબ જ

ચોક્કસ અને નિશ્ચિત સ્વરૂપે બનેલ છે, જેમકે તેઓ તેને આજે જોઈ રહ્યા છે. اَلَمۡ تَرَ પછી શબ્દ اِلٰى વધારવાથી મૌખિક રીતે એ તરફ પણ ઈશારો થાય છે.''

ત્યાર પછી કુર્આનમાં તેઓ મોટી સંખ્યામાં હતા એવું વર્ણન કરવામાં આવ્યું છે, وَهُمۡ اُلُوۡفٌ એટલે કે, ''તે લોકો હજારોની સંખ્યામાં હતા.'' આ લોકોની સંખ્યા વિશે વિવિધ પ્રકારની રિવાયતો આવેલ છે, પરંતુ અરબી ભાષાના નિયમ પ્રમાણે આ શબ્દ મોટી સંખ્યાના બહુવચન માટે વપરાય છે, જેનો અર્થ "દશ હજારથી ઓછા નહિ" એવું સમજવામાં આવે છે. એટલા માટે સ્પષ્ટ થયું કે, તેમની સંખ્યા દશ હજાર કરતા તો ઓછી ન જ હતી.

ત્યાર પછી ઈશારો છે, فَقَالَ لَهُمُ اللّٰهُ مُوۡتُوۡا અલ્લાહે તેમને કહી દીધું કે, "મરી જાઓ !" અલ્લાહનો આ હુકમ સીધે-સીધો પણ હોઈ શકે છે અને કોઈ ફરિશ્તાના માધ્યમથી પણ હોઈ શકે છે. જેમકે બીજી આયતમાં ઈરશાદ છે, اِذَآ اَرَادَ اللّٰهُ شَيۡـئًا اَنۡ يَّقُوۡلَ لَهٗ كُنۡ فَيَكُوۡنُ، ''જ્યારે તે કોઈ વસ્તુનો ઈરાદો કરે છે તો કહે છે, 'થઈ જા' અને તે થઈ જાય છે.''

ત્યાર પછી ફરમાવ્યું, اِنَّ اللّٰهَ لَذُوۡ فَضۡلٍ عَلَى النَّاسِ એટલે કે, ''અલ્લાહ તઆલા મોટો મહેરબાન અને દયાળુ છે, લોકો ઉપર કૃપા કરે છે,'' તેની કૃપામાં એ પણ સામેલ છે કે, બની ઈસ્રાઈલની કૌમને પનર્જિવીત કરી અને આ ઘટનાની આપ ﷺની ઉમ્મતને જાણ કરી તેમના માટે એક ઈબ્રત (બોધપાઠ) લેવાનું અને પ્રેરણા આપવાનું કારણ બનાવ્યું.

છેવટે ગફલતમાં પડેલા મનુષ્યને જાગૃત કરવા માટે કહ્યું, وَلٰـكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا يَشۡكُرُوۡنَ ''પરંતુ લોકોમાંથી ઘણા આભાર માનતા નથી.'' અલ્લાહ તઆલાના ફઝ્લ અને તેની રહમતના હજારો પ્રસંગો મનુષ્ય સામે ઉપસ્થિત થતા રહે છે, પરંતુ તે છતાં મોટા ભાગના લોકો અલ્લાહનો શુક્ર અદા કરતા નથી.

સંબંધિત મસ્અલા :

આ આયતથી અમુક મસ્અલાઓ અને અમુક હુકમો નીકળે છે.

તદ્બીર (આવડત પ્રમાણે કાર્ય પૂર્ણ કરવાની યોજના) ઉપર તકદીર (નસીબ) છવાયેલું છે :

પ્રથમ એ કે તકદીર ઉપર અલ્લાહના મુકાબલામાં કોઈ તદ્બીર કે યુક્તિ ચાલી શકશે નહિ અને જિહાદથી અથવા પ્લેગ વગેરેથી નાસવું જીવ બચાવવાનું

કારણ નથી બની શકતું અને એ જ પ્રમાણે જિહાદમાં જવાથી અથવા પ્લેગ વગેરે બીમારીના સ્થળે સ્થાયી રહેવાથી મૌત આવે જ આવે, એ જરૂરી પણ નથી ! બલકે, મોતનો એક નિશ્ચિત સમય છે અને તે સમયમાં લેશમાત્ર વધારો-ઘટાડો થઈ શકવાનો નથી.

જે વસ્તીઓમાં પ્લેગ વગેરે જેવી કોઈ બીમારી ફેલાઈ હોય, ત્યાં જવું અથવા ત્યાંથી અન્ય સ્થળે નાસવું, બંને નાજાઇઝ છે :

બીજો મસ્અલો એ છે કે, જે શહેરોમાં કોઈ મહામારી (ચેપી રોગ) ફેલાયો હોય, જેમકે પ્લેગ વગેરે ફેલાય જાય તો ત્યાંથી નાસીને અન્ય સ્થળે જવું જાઇઝ નથી. રસૂલે કરીમ ﷺના ઈરશાદમાં એટલો વિશેષ વધારો છે કે, "અન્ય લોકોનું જયાં બીમારી ફેલાઈ હોય ત્યાં જવું પણ યોગ્ય નથી." રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે,

اِنَّ هٰذَا لَسُقْمٌ عُذِّبَ بِهِ الْاُمَمُ قَبْلَكُمْ فَاِذَاسَمِعْتُمْ بِهٖ فِی الْاَرْضِ فَلَا تَدْخُلُوْهَا
وَاِذَاوَقَعَ بِاَرْضٍ وَّاَنْتُمْ بِهَا فَلَا تَخْرُجُوْا فِرَارًا، (بُخَارِیْ وَ مُسْلِمْ وَ ابْنُ كَثِيْرٍ)

"આ બીમારી (પ્લેગ) દ્વારા અલ્લાહ તઆલાએ તમારાથી અગાઉની કૌમો ઉપર અઝાબ નાઝિલ ફરમાવ્યો, બસ જયારે તમે એવું સાંભળો કે, કોઈ શહેરમાં પ્લેગ વગેરે વબા (ચેપી રોગ) મહામારી ફેલાઈ રહી છે, તો ત્યાં ન જાઓ અને જો કોઈ વસ્તીમાં આ બીમારી ફેલાઈ જાય અને તમે ત્યાં હાજર હોય તો ત્યાંથી ન નાસો (અન્ય સ્થળે ન ચાલ્યા જાઓ)."

તફસીરે કુર્તુબીમાં છે કે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એક વખતે સિરીયા જવાના ઈરાદે મુસાફરી કરી. સિરીયાની સરહદ પર તબૂક પાસે એક સ્થળ "સરગ" નામનું છે, ત્યાં પહોંચીને જાણ થઈ કે સિરિયામાં ખૂબ સખત પ્લેગ ફેલાયો છે. આ પ્લેગ સિરીયા દેશના ઈતિહાસમાં એક ગંભીર મહામારી હતી. આ પ્લેગ "અમવાસ"ના નામથી પ્રખ્યાત છે. કારણ કે આ પ્લેગ પ્રથમ અમવાસ નામના શહેરથી શરૂ થયો હતો, જે બયતુલ મુકદ્દસ પાસે આવેલ છે, પછી આખા દેશમાં ફેલાઈ ગયો. હજારો મનુષ્યો જેમાં ઘણા બધા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) પણ હતા, શહીદ થઈ ગયા.

ફારૂકે આ'ઝમ (રદિ.)એ પ્લેગની ખતરનાક પરિસ્થિતિની ખબર સાંભળી

તો તે જ સ્થળે રોકાઈને સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ–મશ્વરો કર્યો કે, આપણે સિરીયામાં આવા સમયે જવું જોઈએ કે, પાછા ચાલ્યા જવું યોગ્ય છે? તે સમયે જેટલા પણ લોકો મશ્વરામાં સામેલ હતા તે બધામાંથી કોઈ એવો ન હતો કે, જેણે રસૂલે કરીમ ﷺ પાસેથી એના વિશે કોઈ હુકમ સાંભળ્યો હોય ! પાછળથી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.)એ ખબર આપી કે, રસૂલે કરીમ ﷺનો હુકમ આ વિષયમાં આ પ્રમાણે છે.

اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ذَكَرَ الْوَجْعَ فَقَالَ رِجْزٌ وَّعَذَابٌ عُذِّبَ بِهِ الْاُمَمُ ثُمَّ بَقِىَ مِنْهُ بَقِيَّةٌ فَيَذْهَبُ الْمَرَّةَ وَيَاْتِى الْاُخْرٰى فَمَنْ سَمِعَ بِهٖ بِاَرْضٍ فَلَا يَقْدِمَنَّ عَلَيْهِ وَمَنْ كَانَ بِاَرْضٍ وَقَعَ بِهَا فَلَا يَخْرُجْ فِرَارًا مِنْهَا،

(رَوَاهُ الْبُخَارِىُّ عَنْ اُسَامَةَ بْنِ زَيْدٍ وَاَخْرَجَهُ الْاَئِمَّةُ بِمِثْلِهٖ)

"રસૂલે કરીમ ﷺએ (પ્લેગની ગાંઠની) પીડાનો ઉલ્લેખ કરીને ફરમાવ્યું કે, આ એક અઝાબ છે, જેનાથી અમુક ઉમ્મતોને અઝાબ આપવામાં આવ્યો હતો, પછી તેનો અમુક ભાગ બાકી રહી ગયો, હવે એની એ પરિસ્થિતિ છે કે, ક્યારેક ચાલ્યો જાય છે તો ક્યારેક પાછો આવે છે, તો જે વ્યક્તિ એવું સાંભળે કે ફલાણા દેશમાં આ અઝાબ આવ્યો છે, તો તેણે તે પ્રદેશમાં ન જવું જોઈએ અને જે વ્યક્તિ તે વિસ્તારમાં પહેલેથી જ મૌજૂદ હોય તો પ્લેગથી નાસવા (બચવા) માટે ત્યાંથી (બહાર) ન નીકળે." *(બુખારી)*

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ આ હદીષ સાંભળી તો સાથીઓને પાછા ફરવાનો હુકમ આપ્યો. હઝરત અબૂ ઉબયદહ (રદિ.) સિરીયાના ગવર્નર પણ આ મજલિસમાં મૌજૂદ હતા. ફારૂકે આ'ઝમ (રદિ.)નો હુકમ સાંભળીને કહેવા લાગ્યા, اَفِرَارًا مِنْ قَدَرِ اللّٰهِ "શું તમે અલ્લાહ તઆલાની તકદીરથી ભાગી રહ્યા છો?" ફારૂકે આ'ઝમ (રદિ.)એ જવાબમાં ફરમાવ્યું, "અબૂ ઉબયદહ! કાશ, આ વાત કોઈ અન્યએ કહી હોત !" એટલે કે તમારી જીભથી આવી વાત સાંભળવી આશ્ચર્યજનક છે.

نَعَمْ نَفِرُّ مِنْ قَدَرِ اللّٰهِ اِلٰى قَدَرِ اللّٰهِ،

બેશક! અમે અલ્લાહની તકદીરથી અલ્લાહની જ તકદીર તરફ ભાગીએ છીએ.

મતલબ એ હતો કે અમે જે કંઈ કરી રહ્યા છે તે અલ્લાહના હુકમ પ્રમાણે જ કરી રહ્યા છે, જેને રસૂલે કરીમ ﷺએ વર્ણન કર્યો છે.

તાઊન (પ્લેગ) વિશે રસૂલુલ્લાહ ﷺના ફરમાનોની હિકમતો :

રસૂલે કરીમ ﷺના ઉપરોક્ત ઈરશાદથી સ્પષ્ટ થાય છે કે, જે શહેરો અથવા વસ્તીઓમાં પ્લેગ વગેરે જેવી ચેપી બીમારીઓ ફેલાયેલી હોય ત્યાં બહારના લોકો માટે પ્રવેશ પ્રતિબંધિત છે અને ત્યાં રહેનારાઓને ત્યાંથી મૌતના ભયે ભાગવાની પણ મનાઈ છે.

ઈસ્લામનો પાયાનો અકીદહ એ છે કે, ન તો કોઈ સ્થળે જવું મૌતનું કારણ બને છે અને ન જ કોઈ જગ્યાએથી ભાગવું મૌતથી બચવાનું કારણ બની શકે છે. આ અગત્યનો અકીદહ (માન્યતા) હોવા છતાં ઉપરોક્ત હુકમ ઘણી બધી દિર્ઘદષ્ટિયુક્ત હિકમતો ઉપર આધારિત છે. બહારવાળાઓને ત્યાં જવાથી રોકવાની એક હિકમત તો એ છે કે, શક્ય છે કે, ત્યાં પહોંચીને કોઈની ઉંમર પૂરી થઈ જવાથી પ્લેગની બીમારીમાં સપડાય જાય અને મૃત્યુ પામે, તો મરનારો મરતી વખતે એવું વિચારી શકે છે કે, જો હું અહીંયાં ન આવ્યો હોત તો મને આ બીમારી લાગુ ન પડી હોત, અને હું બચી ગયો હોત ! અને અન્ય લોકો પણ એવું વિચારી શકે છે કે, જો તે ત્યાં ન ગયો હોત, તો તેને મૌત ન આવ્યું હોત ! જ્યારે કે જે કંઈ થયું છે તે પહેલેથી જ નક્કી હતું, તેની ઉંમર એટલી જ હતી, જ્યાં પણ રહ્યો હોત, તે વખતે તેનું મૌત આવવું નક્કી હતું. આ હુકમ મુસલમાનોને તકદીરના અકીદહની ગૈરસમજ થવાથી બચાવવા માટે આપવામાં આવ્યો છે. જેથી તે ખોટી ભ્રમણા (વસવસા)નો શિકાર ન બને.

બીજી હિકમત એ છે કે, અલ્લાહ તઆલાએ મનુષ્યને એવી હિદાયત આપી છે કે, જે જગ્યાએ તકલીફ પહોંચવાનો ભય હોય, જ્યાં મૌતનો ખતરો હોય ત્યાં ન જાય. બલકે, એવી બાબતોથી બચવાનો પ્રયત્ન કરે, જે તેના માટે નુકસાનકર્તા અથવા વિનાશનું કારણ બની શકે છે. પોતાના જીવનું રક્ષણ કરવું દરેક વ્યક્તિની જવાબદારી છે તથા તેને વાજિબ ઠરાવવામાં આવ્યું છે. આ કાયદાનો તકાદો એ છે કે, અલ્લાહની તકદીર ઉપર સંપૂર્ણ ઈમાન રાખીને કાળજીપૂર્વક પોતાના તકેદારીના પગલાંમાં કોઈ કમી ન કરે અને એક તદ્‌બીર એ પણ છે કે, એવા સ્થળોએ ન જાય જ્યાં જીવ જવાનો ભય હોય.

આ જ પ્રમાણે તે રોગગ્રસ્ત વસ્તીમાં રહેનારા લોકો માટે મૌતના ભયથી ત્યાંથી ભાગવાની મનાઈમાં પણ ઘણી બધી હિકમતો રહેલી છે.

એક હિકમત તો સામૂહિક અને સર્વજન હિતાર્થે એ છે કે, જો આ ભાગવાનો ક્રમ ચાલી પડે તો માલદાર તથા શક્તિશાળી લોકો તો ત્યાંથી નાસી છૂટશે, પરંતુ વસ્તીમાં એવા ગરીબ, કમજોર, વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો પણ હશે જેઓ વસ્તી છોડવાની શક્તિ ધરાવતા નથી, તેમની શું હાલત થશે ? તેઓ એકલા રહી જશે અને ભયના ઓથારમાં જ મરી જશે, પછી જેઓ આ વસ્તીમાં બીમાર છે, તેમની ખૈર-ખબર કોણ રાખશે ? મૃત્યુ પામશે તો કફન-દફનની વ્યવસ્થા કોણ કરશે ?

બીજી હિકમત એ છે કે, જે લોકો આ સ્થળે મૌજૂદ છે તો શક્ય છે કે, તેમને આ બીમારીના જંતુઓ અસર કરી ચૂક્યા હોય, આવી હાલતમાં તેઓ મુસાફરી કરશે તો વધારે મુસીબતો અને તકલીફોનો શિકાર થવાની શક્યતા છે. મુસાફરીની હાલતમાં જો તેઓ બીમાર થયા તો તેમની હાલત શું થશે ?

ઈબ્નુલ મદીનીએ ઉલમાનું આ નિવેદન વર્ણન કર્યું છે,

مَا فَرَّ اَحَدٌ مِّنَ الْوَبَاءِ فَسَلِمَ، (قُرْطَبِی)

"જે વ્યક્તિ મહામારી (ચેપી રોગ)થી ભાગે છે તે ક્યાંય સહી-સલામત નથી રહેતો." *(કુર્તુબી)*

ત્રીજી હિકમત એ છે કે, જો તેમનામાં બીમારીના જંતુ અસર કરી ચૂક્યા છે અને તે વિવિધ વસ્તીઓમાં પહોંચશે, તો ત્યાં બીમારીના જંતુઓ ફેલાવાનો ભય છે અને જો પોતાની જગ્યાએ જ સબ્ર કરી, અલ્લાહ ઉપર ભરોસો રાખી થોભી જાય તો શક્ય છે કે, બીમારીથી છૂટકારો પ્રાપ્ત થઈ જાય અને કલ્પના કરો કે, જો આ બીમારીથી મૌત પણ નસીબમાં હતી તો તેને પોતાના સબ્ર અને અલ્લાહ ઉપરના ભરોસાના કારણે શહાદતનો દરજ્જો મળશે. જેમકે હદીષ શરીફમાં ઈરશાદ છે,

رَوٰی الْبُخَارِیُّ عَنْ یَحْیٰ بِنِ یَعْمَرَ عَنْ عَائِشَةَ اَنَّهَا اَخْبَرَتْهُ اَنَّهَا سَأَلَتْ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهِ عَلَیْهِ وَسَلَّمَ عَنِ الطَّاعُوْنِ فَاَخْبَرَهَا النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اَنَّهٗ کَانَ

عَذَابًا يَبْعَثُهُ اللّٰهُ عَلٰى مَن يَّشَاءُ فَجَعَلَهُ اللّٰهُ رَحْمَةً لِّلْمُؤْمِنِيْنَ فَلَيْسَ مِنْ عَبْدٍ يَّقَعُ الطَّاعُوْنُ فَيَمْكُثُ فِيْ بَلَدِهٖ صَابِرًا يَّعْلَمُ اَنَّهٗ لَن يُّصِيْبَهٗ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَهٗ اِلَّا كَانَ لَهٗ مِثْلُ اَجْرِ شَهِيْدٍ وَهٰذَا تَفْسِيْرٌ لِّقَوْلِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الطَّاعُوْنُ شَهَادَةٌ وَالْمَطْعُوْنَ شَهِيْدٌ، (قُرْطَبِى ص ۲۳۵، ج۳)

"ઈમામ બુખારી (રહ.)એ યહ્યા બિન યઅ્મરથી રિવાયત નકલ કરી છે કે, હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ તેમને ખબર આપી કે, તેમણે રસૂલુલ્લાહ ﷺને પ્લેગ વિશે પ્રશ્ન કર્યો હતો, તો આપ ﷺએ બતાવ્યું કે, આ બીમારી વાસ્તવમાં અઝાબ સ્વરૂપે નાઝિલ થઈ હતી અને જે કૌમને અઝાબ આપવાનું મંજૂર હતું તેમના ઉપર તે મોકલી દેવામાં આવતી હતી. પછી અલ્લાહ તઆલાએ તેને મો'મિનો માટે રહમત બનાવી દીધી તો જે અલ્લાહનો બંદો પ્લેગ ફેલાયા પછી પોતાની વસ્તીમાં સબ્ર અને શાંતિથી થોભેલો રહે અને એવો ભરોસો રાખે કે, તેને ફક્ત તે જ મુસીબત પહોંચી શકે છે, જે અલ્લાહ તઆલાએ તેના માટે લખી દીધી છે, તો એવા વ્યક્તિને શહીદ સમાન સવાબ મળશે."

અને આ હદીષની એ જ સ્પષ્ટતા છે, જેમાં ઈરશાદ છે કે, પ્લેગ શહાદત છે અને પ્લેગથી મૃત્યુ પામનાર વ્યક્તિ શહીદ છે.

અમુક ખાસ પરિસ્થિતિઓના અપવાદો :

હદીષના શબ્દોમાં فَلَا تَخْرُجُوْا فِرَارًا مِّنْهُ (તમારે તેનાથી ભાગવું ન જોઈએ) આવ્યું છે, એનાથી સ્પષ્ટ થાય છે કે, જો કોઈ વ્યક્તિ મૌતના ભયે ફરાર થવા માટે નહિ બલકે, પોતાની કોઈ અન્ય જરૂરિયાતના કારણે બીજા સ્થળે ચાલ્યો જાય તો તે આ પ્રતિબંધમાં સામેલ નથી. એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિની માન્યતા પોતાના સ્થળે પાકી છે કે, અહીંયાંથી બીજા સ્થળે ચાલ્યા જવાથી મને મૌતથી છુટકારો નહિ મળી શકે. જો મારો સમય આવી ગયો છે તો મારું મૌત નક્કી જ છે અને જો સમય નથી આવ્યો તો અહીંયાં રહેવાથી પણ મૌત આવવાનું નથી. આ પાકો અકીદહ (માન્યતા) રાખીને ફક્ત આબોહવાના પરિવર્તન માટે આ સ્થળેથી ચાલ્યો જાય, તો તે પણ આ પ્રતિબંધમાં સામેલ નથી.

એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિ પોતાની કોઈ જરૂરિયાતથી આવા સ્થળે પ્રવેશ કરે કે, જે વસ્તીમાં બીમારી ફેલાયેલી છે અને તેનો અકીદહ પાકો હોય કે, અહીંયાં અલ્લાહની મરજી સિવાય મૌત આવવાનું નથી તો આવી પરિસ્થિતિમાં તેના માટે ત્યાં જવું જાઇઝ છે.

ત્રીજો મસ્અલો આ આયતથી એ સ્પષ્ટ થાય છે કે, મૌતના ભયથી જિહાદથી ભાગવું પણ હરામ છે. કુર્આન શરીફમાં આ મસ્અલો અન્ય સ્થળે વધારે ખુલાસાવાર સ્પષ્ટતાથી આવ્યો છે, જેમાં અમુક ખાસ પરિસ્થિતિઓને અપવાદ સ્વરૂપે વર્ણન કરવામાં આવી છે.

આ આયતનો જે વિષય છે, લગભગ એવા જ વિષયની બીજી આયત જિહાદથી નાસનારાઓ અથવા તેમાં સામેલ ન થનારાઓના સંદર્ભમાં આવી છે. ઈરશાદ છે,

اَلَّذِيْنَ قَالُوْ الِاِخْوَانِهِمْ وَ قَعَدُوْالَوْ اَطَاعُوْنَا مَا قُتِلُوْا قُلْ فَادْرَاُوْا عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ٥

"અમુક લોકોએ પોતે પણ જિહાદમાં ભાગ ન લીધો અને જિહાદમાં ભાગ લઈ શહીદ થઈ જનારા વિશે લોકોને કહે છે કે, તે લોકોએ અમારી વાત ન સાંભળી એટલા માટે માર્યા ગયા. જો તેઓએ અમારી વાત માની હોત તો માર્યા ન ગયા હોત; (આપ ﷺને હુકમ થયો કે) આપ તેમને કહી આપો કે, જો મૌતથી બચવું તમારા અધિકારમાં છે તો બીજાઓની ચિંતા શું કામ કરો છો ? તમે તમારી ચિંતા કરો અને પોતાની જાતને મૌતથી બચાવી લો. (એટલે કે મૃત્યુ જિહાદમાં જવા-ન જવા ઉપર અવલંબિત નથી, તમને ઘેર બેઠાં-બેઠાં પણ મૌત આવશે.)"

કુદરતના આશ્ચર્યોમાંથી એ પણ છે કે, સહાબએ કિરામ (રદિ.)માંથી મહાન યોદ્ધા અને સેનાપતિ "સયફુલ્લાહ" (અલ્લાહની તલવાર) હઝરત ખાલિદ બિન વલીદ (રદિ.) જેમની ઈસ્લામ સ્વીકાર પછીની આખી જિંદગી જિહાદમાં પસાર થઈ છે, તેઓ કોઈ જિહાદમાં શહીદ ન થયા, બીમાર થઈને તેમનું મૃત્યુ ઘરમાં થયું. મૃત્યુ સમયે પોતાની પથારી ઉપર પોતાના મૌતનો અફસોસ કરતા હતા અને ઘરવાળાઓને સંબોધીને કહેતા હતા કે, "હું ફલાણી-ફલાણી

મોટી–મોટી લડાઈઓમાં સામેલ થયો અને મારા શરીરનું કોઈ અવયવ એવું બાકી નથી કે જ્યાં મને તીર અથવા ભાલાના ઘા વાગવાથી હું ઘાયલ ન થયો હોય અને મારા શરીર ઉપર તેના નિશાન ન હોય ! પરંતુ અફસોસ છે કે, હું હવે ગધેડાની જેમ પથારી ઉપર મરી રહ્યો છું. અલ્લાહ તઆલા બુઝદીલો (કાયરો)ને આરામ ન આપે, એમને મારી શિખામણ પહોંચાડી દો !"

આ આયતમાં બની ઈસ્રાઈલની એક ઘટનાને પ્રસ્તાવના સ્વરૂપે લખવામાં આવી હતી. આગલી આયતમાં જિહાદ અને યુદ્ધનો હુકમ આપવામાં આવ્યો હતો, આ ઘટનાના વર્ણન કરવાનો અસલ મકસદ એ જ હતો કે, જિહાદમાં જવાથી કે મૃત્યુથી ભાગવાથી છૂટકારો મળી ગયો એમ ન સમજો, બલકે અલ્લાહ તઆલાના હુકમોને પૂરા કરીને બંને દુનિયાની સફળતા પ્રાપ્ત કરો. અલ્લાહ તઆલા તમારી બધી વાતો સાંભળનારો અને જાણનારો છે.

ત્રીજી આયતમાં અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાની ફઝીલતનું વર્ણન છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. : ૨૪૫)

مَنْ ذَا الَّذِىْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗۤ اَضْعَافًا كَثِيْرَةً ؕ

وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ ۠ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۲۴۵﴾

તરજુમો :

કોણ છે (એવો) જે અલ્લાહને કરજ આપે ?! સારૂં કરજ; પછી તે તેના માટે કેટલાય ઘણું વધારી દે, અલ્લાહ તંગી (પણ) આપે છે અને (આર્થિક) છૂટછાટ પણ આપે છે અને તેના તરફ જ તમને પાછા વાળવામાં આવશે. (૨૪૫)

તફસીર :

જિહાદ વગેરે સારા કામોમાં ખર્ચ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન :

કોણ (એવો) વ્યક્તિ છે જે અલ્લાહને સારી રીતે કરજ આપે ?! (એટલે કે નિખાલસ રીતે) પછી અલ્લાહ તઆલા આ (કરજના સવાબ)ને તેના માટે

અનેકઘણું વધારી દે. (એવી શંકા ન કરો કે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાથી માલ ઓછો થઈ જશે. કારણ કે એ તો) અલ્લાહ(ના જ કબજામાં છે અને તે જ) કમી કરે છે અને (તે જ) છૂટછાટ આપે છે. (માલ ખર્ચ કરવા ન કરવા ઉપર તેનો કોઈ આધાર નથી) અને તમે તેના જ તરફ (મૃત્યુ પછી) લઈ જવામાં આવશો. (બસ તે સમયે નેક કાર્યોમાં ખર્ચ કરનારાઓને સારો બદલો અને જરૂરતના સમયે ખર્ચ ન કરનારાઓને સજા અવશ્ય મળશે.)

મસ્અલા અને બોધપાઠ :

يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا (કોણ છે જે અલ્લાહને સારું કરજ આપે ?)નો ભાવાર્થ નેક અમલ કરવા અને અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવો થાય છે, તેમાં "કરજ" શબ્દનો રૂઢિપ્રયોગ તરીકે ઉલ્લેખ થયો છે. નહિતર બધી અલ્લાહ તઆલાની જ મિલકત છે. મતલબ એ છે કે, જેવી રીતે કરજનો બદલો આપવામાં આવે છે એવી જ રીતે તમારા સારા કૃત્યોનો બદલો ચોક્કસ મળશે અને તેને વધારવાનો અર્થ એક હદીષમાં એવો આવ્યો છે કે, એક "ખુરમા" (ખારેક) અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે તો અલ્લાહ તઆલા તેને ઉહદ પહાડ જેટલું વધારી આપે છે.

અલ્લાહ તઆલાને કરજ દેવાનો એ પણ ભાવાર્થ થાય છે કે, તેના બંદાઓને કરજ આપવામાં આવે અને તેમની જરૂરિયાતોને પૂરી કરવામાં આવે. કારણ કે, હદીષ શરીફમાં કરજ આપવાની ઘણી ફઝીલતો આવેલી છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَا مِنْ مُّسْلِمٍ يُقْرِضُ مُسْلِمًا قَرْضًا مَرَّةً اِلَّا كَانَ كَصَدَقَتِهٖ مَرَّتَيْنِ،

(مَظْهَرِی بِحَوَالَهٗ اِبْنِ مَاجَهْ)

"જે મુસલમાન બીજા મુસલમાનને કરજ આપે છે તે કરજ આપવું અલ્લાહના રસ્તામાં તે માલ બે વખતે સદકહ કરવા સમાન છે."

ઈબ્ને અરબી (રહ.) ફરમાવે છે કે, આ આયત સાંભળીને લોકોના ત્રણ સમૂહો પડી ગયા. પ્રથમ સમૂહ તે બદનસીબ લોકોનો છે જેમણે આ આયતને સાંભળીને કહ્યું કે, (નઊઝુબિલ્લાહ) "મુહમ્મદ (ﷺ)નો અલ્લાહ અમારી જેમ મોહતાઝ છે અને અમે માલદાર છે." તેનો જવાબ કુર્આન શરીફે એક અન્ય આયત لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّ نَحْنُ اَغْنِيَآءُ "ખરેખર અલ્લાહે

સાંભળી લીધું જેમણે કહ્યું કે, અલ્લાહ ગરીબ છે અને અમે માલદાર.'' (સૂ. ૩ : આ. ૨૮૧)થી આપ્યો. બીજો સમૂહ તે લોકોનો છે જેમણે આ આયત સાંભળીને તેનાથી ઊલટું કર્યું અને કંજૂસી અપનાવી. માલ સાથે વધારે મહોબ્બત અને તેની લાલચે તેમને એવી રીતે બાંધી દીધા કે, તેમને અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવાની તૌફીક જ ન થઈ અને ત્રીજો સમૂહ એવા નિખાલસ મુસલમાનોનો હતો જેમણે તરત જ આ આયત ઉપર અમલ કર્યો અને પોતાના પ્રિય માલને અલ્લાહના રસ્તામાં આપી દીધો. જેમકે, અબૂદ્દહદાહ (રદિ.) વગેરે. જ્યારે આ આયત નાઝિલ થઈ તો હઝરત અબૂદ્દહદાહ (રદિ.) નબીએ કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને આપ ﷺને પૂછ્યું, હે અલ્લાહના રસૂલ ﷺ ! ''મારા માતા–પિતા આપ ﷺ ઉપર કુરબાન થાય, શું અલ્લાહ તઆલા અમારી પાસેથી કરજ માંગે છે ?'' જ્યારે કે તે(ને) કરજ(ની શું જરૂર ? તે તો તેના)થી બેનિયાઝ છે. આપ ﷺએ ફરમાવ્યું, ''હા ! અલ્લાહ તઆલા એવું ઇચ્છે છે કે, તેના દ્વારા તમે જન્નતમાં પ્રવેશ પામો.'' અબૂદ્દહદાહ (રદિ.)એ આવું સાંભળીને કહ્યું, ''હે અલ્લાહના રસૂલ (ﷺ) ! હાથ લાંબો કરો,'' આપ ﷺએ પોતાનો હાથ લાંબો કર્યો. અબૂદ્દહદાહ રદિ.એ કહેવાનું શરૂ કર્યું.

''હું ખજૂરોના બે બગીચાઓનો માલિક છું, તેના સિવાય મારી પાસે કોઈ મિલકત નથી. હું પોતાના બંને બગીચાઓ અલ્લાહને કરજ આપું છું.''

આપ ﷺ તેમને ફરમાવ્યું, ''એક અલ્લાહના રસ્તામાં વક્ફ કરી આપો અને બીજો પોતાના બાળ–બચ્ચાંઓની આર્થિક જરૂરિયાતો માટે બાકી રાખો.'' અબૂદ્દહદાહ (રદિ.)એ કહ્યું, ''તમે સાક્ષી રહો, આ બંનેમાંથી મારો ઉત્તમ બગીચો જેમાં ખજૂરોના છસો ઝાડ છે તેને હું અલ્લાહના રસ્તામાં ખર્ચ કરું છું.'' આપ ﷺએ ફરમાવ્યું, ''અલ્લાહ તમને તેના બદલામાં જન્નત આપશે.''

અબૂદ્દહદાહ (રદિ.) પોતાના ઘેર આવ્યા અને પોતાની પત્નીને આ બાબતની જાણ કરી તો તેઓ પણ અબૂદ્દહદાહના આ ઉત્તમ સોદાથી ઘણા ખુશ થયા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

كَمْ مِّنْ عِذْقٍ رَدَاحٍ وَدَارٍ فَيَاحٍ لِأَبِى الدَّحْدَاحِ، (قُرْطُبِى)

''ખજૂરોથી લદાયેલા અસંખ્ય ઝાડો અને પહોળા મહોલ્લાઓ કેટલા મોટા પ્રમાણમાં હઝરત અબૂદ્દહદાહ માટે (જન્નતમાં) તૈયાર છે !''

કરજને પાછું લેવાના સમયે જો કરજ કરતા કંઈક વધારે લેવાની શરત ન લગાવવામાં આવી હોય અને પોતાના તરફથી ખુશીથી કરજથી કંઈક વધારે અદા કરી દીધું, તો તે ઘણી પ્રિય બાબત છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اِنَّ خِيَارَكُمْ اَحْسَنُكُمْ قَضَاءً،

"તમારામાં શ્રેષ્ઠ વ્યક્તિ તે છે, જે પોતાના હક (કરજ)ને સારી પદ્ધતિથી અદા કરે."

પરંતુ જો વધારે લેવાની શરત લગાવવામાં આવે તો તે હરામ છે, બલકે વ્યાજ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૪૬ થી ૨૫૧)

اَلَمْ تَرَ اِلَى الْمَلَاِ مِنْۢ بَنِیْۤ اِسْرَآءِیْلَ مِنْۢ بَعْدِ مُوْسٰی ۘ اِذْ قَالُوْا لِنَبِیٍّ لَّهُمُ ابْعَثْ
لَنَا مَلِكًا نُّقَاتِلْ فِیْ سَبِیْلِ اللّٰهِ ؕ قَالَ هَلْ عَسَیْتُمْ اِنْ كُتِبَ عَلَیْكُمُ الْقِتَالُ اَلَّا
تُقَاتِلُوْا ؕ قَالُوْا وَمَا لَنَاۤ اَلَّا نُقَاتِلَ فِیْ سَبِیْلِ اللّٰهِ وَقَدْ اُخْرِجْنَا مِنْ دِیَارِنَا وَ
اَبْنَآىٕنَا ؕ فَلَمَّا كُتِبَ عَلَیْهِمُ الْقِتَالُ تَوَلَّوْا اِلَّا قَلِیْلًا مِّنْهُمْ ؕ وَ اللّٰهُ عَلِیْمٌۢ
بِالظّٰلِمِیْنَ ﴿۲۴۶﴾ وَقَالَ لَهُمْ نَبِیُّهُمْ اِنَّ اللّٰهَ قَدْ بَعَثَ لَكُمْ طَالُوْتَ مَلِكًا ؕ قَالُوْۤا اَنّٰی
یَكُوْنُ لَهُ الْمُلْكُ عَلَیْنَا وَنَحْنُ اَحَقُّ بِالْمُلْكِ مِنْهُ وَلَمْ یُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ؕ
قَالَ اِنَّ اللّٰهَ اصْطَفٰىهُ عَلَیْكُمْ وَزَادَهٗ بَسْطَةً فِی الْعِلْمِ وَالْجِسْمِ ؕ وَاللّٰهُ یُؤْتِیْ
مُلْكَهٗ مَنْ یَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِیْمٌ ﴿۲۴۷﴾ وَقَالَ لَهُمْ نَبِیُّهُمْ اِنَّ اٰیَةَ مُلْكِهٖۤ اَنْ یَّاْتِیَكُمُ
التَّابُوْتُ فِیْهِ سَكِیْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِیَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰی وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ
الْمَلٰٓىٕكَةُ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِیْنَ ﴿۲۴۸﴾ ع فَلَمَّا فَصَلَ طَالُوْتُ بِالْجُنُوْدِ ۙ
قَالَ اِنَّ اللّٰهَ مُبْتَلِیْكُمْ بِنَهَرٍ ۚ فَمَنْ شَرِبَ مِنْهُ فَلَیْسَ مِنِّیْ ۚ وَمَنْ لَّمْ یَطْعَمْهُ فَاِنَّهٗ

مِنِّيْٓ اِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةًۢ بِيَدِهٖ ۚ فَشَرِبُوْا مِنْهُ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ۭ فَلَمَّا جَاوَزَهٗ هُوَ وَ
الَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۙ قَالُوْا لَا طَاقَةَ لَنَا الْيَوْمَ بِجَالُوْتَ وَجُنُوْدِهٖ ۭ قَالَ الَّذِيْنَ
يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوا اللّٰهِ ۙ كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ غَلَبَتْ فِئَةً كَثِيْرَةًۢ بِاِذْنِ اللّٰهِ ۭ وَ
اللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٢٤٩﴾ وَلَمَّا بَرَزُوْا لِجَالُوْتَ وَجُنُوْدِهٖ قَالُوْا رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا
وَّثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَي الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٥٠﴾ فَهَزَمُوْهُمْ بِاِذْنِ اللّٰهِ ۣ
وَقَتَلَ دَاوٗدُ جَالُوْتَ وَاٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ وَالْحِكْمَةَ وَعَلَّمَهٗ مِمَّا يَشَاۗءُ ۭ وَلَوْلَا دَفْعُ
اللّٰهِ النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ ۙ لَّفَسَدَتِ الْاَرْضُ وَلٰكِنَّ اللّٰهَ ذُوْ فَضْلٍ عَلَي
الْعٰلَمِيْنَ ﴿٢٥١﴾

તરજુમો :

શું તમે બની ઈસ્રાઈલના એક ટોળાને નથી જોયું ? મૂસા (અલૈ.) પછી જ્યારે તેમણે પોતાના નબીને કહ્યું, અમારા માટે એક બાદશાહ નક્કી કરી આપો, જેથી અમે અલ્લાહના રસ્તામાં લડીએ; તેણે કહ્યું, એ શક્ય છે કે જો તમને લડાઈનો હુકમ થઈ જાય તે સમયે તમે ન લડો; તેઓ કહેવા લાગ્યા, અમને શું થયું છે કે અમે અલ્લાહના રસ્તામાં ન લડીએ !? અને (જ્યારે કે) અમને અમારા ઘરોમાંથી અને પોતાના બાલ-બચ્ચાંઓથી કાઢી મૂકવામાં આવ્યા છે, પછી જ્યારે તેમને લડાઈનો હુકમ થયો તો એમનામાંથી અમુકના સિવાય બધા ફરી ગયા; અને અલ્લાહ પાપી (અત્યાચારી)ઓને સારી પેઠે જાણે છે. (૨૪૬) અને તેમને તેમના નબીએ કહ્યું, બેશક ! અલ્લાહે તમારા માટે તાલૂતને બાદશાહ નક્કી કરી દીધો છે; તેઓ કહેવા લાગ્યા, તે અમારી ઉપર કઈ રીતે બાદશાહત ભોગવી શકે છે ? અને અમે તેનાથી વધારે બાદશાહતના હકદાર છે અને તેને આર્થિક સદ્ધરતા પણ નથી મળી; તેણે (નબીએ) કહ્યું, બેશક ! અલ્લાહે તેને તમારા ઉપર નક્કી કરી દીધો છે અને તેને જ્ઞાન અને શરીર સૌષ્ઠવમાં તમારા ઉપર સરસાઈ આપી છે; અને

અલ્લાહ જેને ઈચ્છે છે પોતાનો પ્રદેશ આપે છે, અને અલ્લાહ ઘણો ઉદાર, સઘળું જાણનાર છે. (૨૪૭) અને તેમને તેમના નબીએ કહ્યું, બેશક ! તેના શાસનની નિશાની એ હશે કે તમારી પાસે એક પેટી આવશે તેમાં તમારા પરવરદિગાર તરફથી તમને સંતોષ થાય તેવો સામાન હશે, અને તેમાં મૂસા અને હારૂનના વંશજો જે (વસ્તુઓ) વારસામાં છોડી ગયા હતા તેને ફરિશ્તાઓ ઉપાડી લાવશે; બેશક ! તેમાં તમારા માટે (પૂરતી) નિશાની છે, જો તમે વિશ્વાસ ધરાવતા હોય. (૨૪૮) પછી જ્યારે તાલૂત લશ્કર સાથે બહાર નીકળ્યો, તેણે કહ્યું, બેશક ! અલ્લાહ તમારી એક નહેર વડે કસોટી કરનારો છે, બસ જેણે તેનું (પાણી) પી લીધું તે અમારામાંથી નથી અને જેણે તેને ન ચાખ્યું બેશક ! તે અમારામાંથી છે; હા ! અલબત્ત, જો કોઈ પોતાના હાથથી એક ખોબો ભરે તો વાંધો નથી; પછી તેમનામાંથી અમુક સિવાય બધાએ પાણી પી લીધું; પછી જ્યારે તેણે (તાલૂતે) અને જે એની સાથે ઈમાન લાવ્યા હતા તેમણે (નહેર) પાર કરી; તો કહેવા લાગ્યા, આજે અમારામાં જાલૂત અને તેના લશ્કરો સામે (ઓછી સંખ્યાના કારણે મુકાબલો કરવાની) શક્તિ નથી; જે લોકો એવો વિશ્વાસ રાખતા હતા કે તેઓ અલ્લાહથી મળવાના છે તેમણે કહ્યું, ઘણીવાર થોડા લોકો અલ્લાહના હુકમથી મોટા(-મોટા) લશ્કરો ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, અને અલ્લાહ સબ્ર (ધીરજ) કરનારાઓની સાથે છે. (૨૪૯) અને જ્યારે તેઓ જાલૂત અને તેના લશ્કરની સામે થયા (યુદ્ધમાં ઊતર્યા) તો બોલ્યા, હે અમારા પરવરદિગાર ! અમારા (દિલો)માં સબ્ર આપ અને અમારા કદમ જમાવી દે અને કાફિર કૌમ ઉપર અમારી મદદ કર. (૨૫૦) પછી જ્યારે તેમણે અલ્લાહના હુકમથી (જાલૂતના લશ્કરને) હરાવ્યું અને દાવુદે જાલૂતને કતલ કર્યો અને અલ્લાહે તેમને (દાવુદ અલૈ.ને) રાજ્ય અને હિકમત અર્પણ કરી અને જે ઈચ્છયું તેમને શીખવ્યું, અને જો અલ્લાહ તઆલા અમુક (સારા) લોકો દ્વારા અમુક (ખરાબ) લોકોને ન હટાવે તો પૃથ્વી (દેશ) ઉપર ચોક્કસ અરાજકતા ફેલાઈ જાય, અને પરંતુ અલ્લાહ તઆલા સમગ્ર દુનિયાઓ (વિશ્વ) ઉપર ઘણો મહેરબાન છે. (૨૫૧)

તફસીર :

આયતોની ગોઠવણી :

આ સ્થળે લડાઈની તાકીદનો હેતુ તેની પ્રેરણા અને પ્રોત્સાહન આપવાનો છે, ઉપરોક્ત કિસ્સા અગાઉ એની પ્રસ્તાવના આવી ચૂકી છે. અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાનો વિષય અને તાકીદ પણ આવી ચૂકી છે. આગળ હવે તાલૂત અને જાલૂતના કિસ્સાને એ જ અનુસંધાને વર્ણન કરેલ છે. વળી, અલ્લાહ તઆલાએ આ કિસ્સામાં કોઈપણ વ્યક્તિને રાજા અને રંક બનાવવો તેની જ કુદરતમાં છે; તેનો દાખલો આપ્યો છે, જેનું વર્ણન ઉપરની وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُطُ આયતમાં આવ્યું છે. ફકીરને બાદશાહ બનાવવો અને કોઈની પાસેથી બાદશાહત છીનવી લેવી બધું જ તેના અધિકારમાં છે.

તાલૂત અને જાલૂતનો કિસ્સો :

(હે શ્રોતાગણ !) શું તમને બની ઈસ્રાઈલના તે સમૂહનો કિસ્સો જે મૂસા (અલૈ.) પછી થયો છે, યાદ નથી ? (જેમના પર પ્રથમ કાફિર જાલૂતે કબજો કરી તેમના કેટલાય પ્રદેશો પર શાસન સ્થાપ્યું હતું.) જ્યારે તેમણે પોતાના એક પયગમ્બરને કહ્યું કે, અમારા માટે એક બાદશાહ નક્કી કરો કે અમે તેમની સાથે થઈ અલ્લાહના રસ્તામાં (જાલૂતથી) યુદ્ધ કરીએ. આ પયગમ્બરે ફરમાવ્યું કે, શક્ય છે, કદાચ તમને જિહાદનો હુકમ આપવામાં આવે અને તમે (તે સમયે) જિહાદ ન કરો ? તે લોકો કહેવા લાગ્યા કે, અમારા માટે એવું શું કારણ હશે કે અમે અલ્લાહના રસ્તામાં જિહાદ ન કરીએ ? જ્યારે કે, (જિહાદ માટે એક સબળ કારણ પણ છે અને તે એ કે) અમારે (તે કાફિરોના હાથે) પોતાની વસ્તીઓ અને પોતાના સંતાનોથી પણ જુદા થઈ જવું પડ્યું છે. (કારણ કે તેમની અમુક વસ્તીઓ ઉપર પણ કાફિરોએ કબજો કરી લીધો હતો અને તેમના સંતાનોને પણ કેદ કરી લીધા હતા.) પછી જ્યારે આ લોકોને જિહાદનો હુકમ થયો તો અમુક થોડા લોકો સિવાય (બાકીના) બધા ફરી ગયા (જેમકે આગળ જિહાદના હેતુસર બાદશાહ નક્કી કરવાનું અને લોકોના ફરી જવાનું ખુલાસાવાર વર્ણન આવેલ છે.) અને અલ્લાહ તઆલા જાલિમોને (એટલે કે અલ્લાહના હુકમ વિરૂદ્ધ કામ કરનારાઓને) સારી રીતે જાણે છે. (બધાને યોગ્ય સજા આપવામાં આવશે) અને

આ લોકોને તેમના પયગમ્બરે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ તમારા ઉપર તાલૂતને બાદશાહ નક્કી કર્યો છે, તો કહેવા લાગ્યા તેને અમારી ઉપર સત્તા કરવાનો અધિકાર કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે ? જ્યારે કે, અમે સત્તા મેળવવાના વધારે હકદાર છે, તેની આર્થિક પરિસ્થિતિ પણ સારી નથી (કારણ કે, તાલૂત ગરીબ માણસ હતા) તે પયગમ્બરે (જવાબમાં) ફરમાવ્યું કે, (પ્રથમ તો) અલ્લાહ તઆલાએ તમારા મુકાબલામાં તેમને ચૂંટી કાઢયા છે (અને ચૂંટી કાઢવાના હિતોને અલ્લાહ સારી પેઠે જાણે છે) અને (બીજું) જ્ઞાન (રાજકરણ અને શાસનકળામાં પ્રવીણ છે) અને શરીર સૌષ્ઠવનો (પણ) તે ધની છે (અને બાદશાહત માટે જ્ઞાનની વધારે આવશ્યકતા છે જેથી રાજ્યના વહીવટ ઉપર કાબૂ મેળવી શકાય તથા શરીર સૌષ્ઠવ એટલા માટે જરૂરી છે કે લોકો અને વિરોધીઓ ઉપર તેનો રુઆબ છવાય જાય) અને (ત્રીજું) અલ્લાહ તઆલા (બાદશાહોનો બાદશાહ છે) પોતાનું રાજ્ય જેને ઈચ્છે અર્પણ કરે છે (તેનાથી કોઈને પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી) અને (ચોથું) અલ્લાહ તઆલા (આર્થિક) છૂટછાટ આપનારો છે (અલ્લાહ માટે કોઈને માલ આપી દેવો કોઈ મુશ્કેલ કાર્ય નથી. આ બાબતે તમે શંકા ન કરો અને અલ્લાહ સઘળું) જાણનારો છે (કે કોણ બાદશાહત માટે લાયક છે) અને (જ્યારે તે લોકોએ પયગમ્બરને એવી દરખાસ્ત કરી કે જો તેમના બાદશાહ નક્કી થવાની કોઈ જાહેર દલીલ પણ અલ્લાહ તરફથી અમને મળી જાય તો અમને સંતોષ થઈ જાય. તે સમયે) તેમને તેમના પયગમ્બરે ફરમાવ્યું કે તેમના (અલ્લાહના તરફથી) બાદશાહ હોવાની નિશાની એ છે કે તમારી પાસે તે પેટી (તમારા લાવ્યા વિના) આવી જશે, જેમાં તમારા પવરદિગાર તરફથી સંતોષ (અને બરકત)ની વસ્તુઓ છે (એટલે કે તવરાતનું અલ્લાહ તરફથી હોવું જાહેર છે) અને અમુક બચેલી ચીજવસ્તુઓ છે, જેને (હઝરત) મૂસા અને (હઝરત) હારૂન (અલૈ.) છોડી ગયા છે. (એટલે કે આ બંને નબીઓની અમુક વારસાગત વસ્તુઓ વગેરે. મતલબ કે,) આ પેટીને ફરિશ્તાઓ લઈ આવશે, તે (પેટી આવી જવા)માં તમારા લોકો માટે સંપૂર્ણ નિશાની છે, જો તમે વિશ્વાસ ધરાવતા હોય ! પછી જ્યારે (બની ઈસ્રાઈલે તાલૂતને બાદશાહ માની લીધો અને જાલૂતના મુકાબલા માટે લોકો ભેગા થયા અને) તાલૂતે લશ્કર લઈને (પોતાના સ્થળ એટલે કે બયતુલ મુકદસથી અમાલકા તરફ) કૂચ કરી તો તેમણે (પોતાના સાથી

પયગમ્બર પાસેથી વહી દ્વારા જાણી લઈને સાથીઓને) કહ્યું કે, હવે અલ્લાહ તઆલા તમારી એક નહેર દ્વારા કસોટી કરશે. (જે રસ્તામાં આવશે અને તે સમયે તમને ખૂબ તરસ લાગી હશે અને ત્યાંથી તમે પસાર થશો.) બસ, જે વ્યક્તિ તેમાંથી (ધરાઈને) પાણી પીશે તો તે મારા સાથીઓમાંથી નથી અને જે તેને પોતાના મોઢામાં પણ ન રાખે તે મારા સાથીઓમાંથી છે. પરંતુ જે વ્યક્તિ પોતાના હાથથી એક ખોબા જેટલું પાણી ભરી લે, (તો એની છૂટ છે મતલબ કે તે નહેર રસ્તામાં આવી અને લશ્કર તરસ્યું હતું) બસ બધાએ તેમાંથી (ધરાઈને પાણી) પીવાનું શરૂ કર્યું, પરંતુ તેમનામાંથી અમુક વ્યક્તિઓએ (કાળજી લીધી કે કોઈએ બિલકુલ પાણી ન પીધું અને કોઈએ ખોબા જેટલું પાણી પીધું); બસ, જ્યારે તાલૂત અને જે ઈમાનવાળાઓ તેમની સાથે હતા નહેરની સામે પાર ઊતરી ગયા (અને તેમણે પોતાના લશ્કરને જોયું કે, થોડાક જ સાથીઓ રહી ગયા છે તે સમયે અમુક લોકો અંદર-અંદર) કહેવા લાગ્યા કે આજે તો (આપણી સંખ્યા આટલી ઓછી છે, આવી પરિસ્થિતિમાં) આપણે જાલૂત અને તેના લશ્કરનો મુકાબલો કરવાની શક્તિ ધરાવતા હોય એવું નથી લાગતું (આ સાંભળીને) એવા લોકો જેમનો વિચાર હતો કે તેઓ અલ્લાહ તઆલાની રૂબરૂ હાજર થવાના છે, કહેવા લાગ્યા કે, અનેકવાર (એવી ઘટનાઓ બની ચૂકી છે કે) ઘણા ઓછી સંખ્યાવાળા લોકો મોટી સંખ્યા ધરાવતા લોકો ઉપર અલ્લાહના હુકમથી વિજયી થયા છે. (મૂળ વસ્તુ મક્કમ ઈરાદો છે) અને અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓની સાથે છે અને જ્યારે (અમાલિકાના પ્રદેશમાં પહોંચ્યા) જાલૂત અને તેમના લશ્કરો સામે મેદાનમાં આવી ગયા તો (દુઆમાં અલ્લાહ તઆલાથી) કહેવા લાગ્યા કે, હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર (એટલે કે અમારા દિલોમાં) સબ્ર નાઝિલ ફરમાવ અને (મુકાબલાના સમયે) અમારા કદમ જમાવી દે અને અમને કાફિર કૌમો ઉપર વિજયી બનાવ. પછી તાલૂતના લશ્કરે જાલૂતના લશ્કરને અલ્લાહના હુકમથી હરાવી દીધું અને દાવુદ (અલૈ.)એ (તે વખતે તેઓ તાલૂતના લશ્કરમાં હતા અને તે વખતે હજુ તેમને નુબુવ્વત મળી ન હતી) જાલૂતને કતલ કરી નાંખ્યો (અને સહીસલામત પાછા આવ્યા) અને (ત્યારબાદ) તેમને (એટલે કે દાવુદ અલૈ.ને) બાદશાહત અને હિકમત (અહીંયાં હિકમતનો મતલબ નુબુવ્વત છે) અર્પણ કરી અને જે કંઈ પણ મંજૂર હતું તેનું શિક્ષણ આપ્યું (જેમકે બખ્તર

બનાવવું, પ્રાણીઓની ભાષા સમજવી વગેરે. આગળ આ બાબતની સામાન્ય જનહિતાર્થે મસ્લિહત વર્ણન કરે છે.) અને જો એવું ન થતું હોત કે અલ્લાહ તઆલા અમુક વ્યક્તિઓને (કે જેઓ ફસાદખોર છે) અમુક લોકો દ્વારા (કે જેઓ ભલા માણસો છે ક્યારેક) હટાવ્યા ન કરે તો પૃથ્વી ઉપર ફસાદ ફેલાઈ જાય (અને પૃથ્વી બરબાદ થઈ જાય) પરંતુ અલ્લાહ તઆલા દુનિયાવાળાઓ ઉપર મહેરબાન છે (અને સમયે-સમયે તેમની સુધારણા કર્યા કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

إِذْ قَالُوا لِنَبِيٍّ لَّهُمُ ابْعَثْ لَنَا مَلِكًا نُّقَاتِلْ فِي سَبِيلِ اللَّهِ ("જ્યારે તેમણે તેમના પયગમ્બને કહ્યું, અમારા માટે એક બાદશાહ નક્કી કરી આપો, જેથી અમે અલ્લાહના માર્ગમાં લડીએ")બની ઈસ્રાઈલે અલ્લાહ તઆલાનો હુકમ છોડી દીધો હતો. જ્યારે અમાલિકાના કાફિરો તેમના ઉપર સત્તાધીશ હતા તે સમયે આ લોકોને પોતાની પરિસ્થિતિ સુધારવાની ચિંતા થઈ અને જે નબીનું અહીંયાં વર્ણન છે તેમનું નામ "શમુઈલ" (સેમ્યુઅલ)થી મશહૂર છે.

أَن يَأْتِيَكُمُ التَّابُوتُ બની ઈસ્રાઈલમાં એક પેટી (Arc of covenant) વંશ દર વંશ ચાલી આવતી હતી, તેમાં હઝરત મૂસા (અલૈ.) વગેરે નબીઓની છોડેલી ચીજ-વસ્તુઓ હતી. બની ઈસ્રાઈલ યુદ્ધ સમયે આ પેટીને આગળ રાખતા હતા અને અલ્લાહ તઆલા તેની બરકતથી તેમને વિજય આપતા હતા. જ્યારે જાલૂતે બની ઈસ્રાઈલ ઉપર કબજો કર્યો તો આ પેટી પણ તે સાથે લઈ ગયો હતો. જ્યારે અલ્લાહ તઆલાને આ પેટી પાછી પહોંચાડવું મંજૂર થયું તો એવું કર્યું કે, તે કાફિરો જ્યાં પણ પેટીને મૂકતા હતા ત્યાં બીમારી અને વબા ફેલાઈ જતી. આ રીતે તેમના પાંચ શહેરો ઉજ્જડ અને બરબાદ થઈ ગયા. લાચાર થઈને બે બળદોના ગાડામાં પેટી મૂકી બળદો હાંકી મૂક્યા. ફરિશ્તાઓએ બળદોને હાંકીને તાલૂતના દરવાજાએ પહોંચાડી દીધા. બની ઈસ્રાઈલે આ નિશાની જોઈને તાલૂતને બાદશાહ નક્કી કરવા માટે વિશ્વાસ કરી લીધો અને તાલૂતે જાલૂત ઉપર લશ્કર લઈ ચઢાઈ કરી, તે ઋતુ સખત ગરમીની હતી.

قَالَ إِنَّ اللَّهَ مُبْتَلِيكُم بِنَهَرٍ ("તેણે કહ્યું, અલ્લાહ એક નદી દ્વારા તમારી પરીક્ષા કરનાર છે.") આ પરીક્ષાની હિકમત વિશે એવું લાગે છે કે, ઘણા સમયે જોશમાં આવી મોટી ભીડ એકઠી થઈ જાય છે, પરંતુ જ્યારે ખરેખર મુકાબલાનો

સમય આવે છે, ત્યારે આવી ભીડમાં જોશમાં આવી સામેલ થયેલ લોકો હિંમત હારી જાય છે અને ભાગવા લાગે છે, જેના કારણે તેઓ અન્યોની પણ હિંમત તોડી નાંખે છે. અલ્લાહ તઆલાએ એવા લોકોને અલગ કરવા માટે આ એક કસોટી નક્કી કરી, જે ખૂબ જ યોગ્ય છે. કારણ કે, યુદ્ધમાં ધીરજ અને મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય છે. બસ, સખત તરસ લાગી હોય એ સમયે પાણી મળવા છતાં જે સબ્ર કરી જાણે, તે સબ્ર અને ધીરજની દલીલ છે અને આંધળા ઉતાવળિયાની જેમ પાણી જોઈને દોડી જવું અને ધરાઈને પીવા માંડવું સબ્ર-ધીરજ ન હોવાની દલીલ છે. આગળ ઉપર સ્વભાવ પ્રમાણે વધારે પાણી પીનારા ગૈબી રીતે બેકાર થઈને લશ્કરથી અલગ થઈ ગયા, જેમકે રૂહુલ મઆનીમાં ઈબ્ને અબી હાતિમ અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની સનદથી રિવાયત થઈ છે અને આ કિસ્સામાં જે અહેવાલ અને નિવદનો પ્રસ્તુત છે, તેનાથી જાણ થાય છે કે તેમાં ત્રણ પ્રકારના લોકો હતા. એક કાચા ઈમાનવાળા, જેઓ કસોટીમાં પૂરા ન ઊતર્યા, બીજા પાકા ઈમાનવાળા, જેઓ કસોટીમાં પાસ થયા પરંતુ પોતાની ઓછી સંખ્યાની ચિંતામાં હતા અને ત્રીજા સંપૂર્ણ ઈમાનવાળા, જેમને ઓછી સંખ્યાની પણ ચિંતા ન હતી.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૨)

تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ؕ وَاِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿۲۵۲﴾

તરજુમો :

આ અલ્લાહની આયતો છે અમે તે તમને યોગ્ય (અને) બરાબર રીતે સંભળાવીએ છીએ અને બેશક ! તમે (ચોક્કસ) અમારા રસૂલોમાંથી જ છો. (૨૫૨)

તફસીર :

કુર્આન શરીફનો એક મોટો હેતુ નબીએ કરીમ ﷺની નુબુવ્વતની સાબિતી આપવી પણ છે. એટલા માટે જે સ્થળે વિષયના સંદર્ભમાં યોગ્ય હોય છે ત્યાં આવી સાબિતીઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ સ્થળે આ કિસ્સાની

સાચી-સાચી ખબર આપવી, જ્યારે કે આપ ﷺએ ન તો આ કિસ્સો કોઈનાથી પઢ્યા હતા, ન સાંભળ્યો હતો કે, ન જ જોયો હતો, તે છતાં આ ઘટનાની આખી વિગત કુર્આન દ્વારા બતાવવી એક મો'અજિઝો છે, જે આપ ﷺની નુબુવ્વતની સાચી દલીલ છે. એટલા માટે આ આયત આપ ﷺની નુબુવ્વતની દલીલ છે.

આ (આયતો જેમાં કિસ્સો વર્ણવવામાં આવ્યો) અલ્લાહ તઆલાની નિશાનીઓ છે, જે સાચી સાચી રીતે અમે તમને પઢી-પઢીને સંભળાવીએ છીએ અને (એનાથી સાબિત થાય છે કે,) તમે નિઃશંક ! પયગમ્બરોમાંથી છો.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૩)

પારહ (૩)

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ
دَرَجٰتٍ ؕ وَاٰتَيْنَا عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ؕ وَلَوْ شَآءَ
اللّٰهُ مَا اقْتَتَلَ الَّذِيْنَ مِنْ بَعْدِهِمْ مِّنْ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ اخْتَلَفُوْا
فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْا ۗ وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ﴿۲۵۳﴾

તરજુમો :

આ રસૂલો (છે), અમે તેમનામાંથી અમુકને અમુક ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી, તેમાં અમુકથી અલ્લાહે વાત કરી અને તેમનામાંથી અમુકના દરજ્જાઓ ઊંચા કર્યા, અને અમે મરયમના બેટા ઈસાને સ્પષ્ટ (મોઅજિઝા સ્વરૂપે) નિશાનીઓ આપી અને અમે રૂહૂલ કુદૂસ (જિબ્રઈલ અલૈ.) દ્વારા તેમને સહાયતા (મદદ-શક્તિ) આપી; અને જો અલ્લાહે ઈચ્છયું હોત તો તે પયગમ્બરો પછી થનાર લોકો પરસ્પર ન લડયા હોત; એ પછી કે જ્યારે તેમની પાસે ખુલ્લી નિશાનીઓ પહોંચી ચૂકી, અને પરંતુ તેમણે વિરોધ કર્યો, પછી તેમનામાંથી અમુક ઈમાન લાવ્યા, અને તેમનામાંથી કેટલાકે કુફ્ર કર્યું; અને જો અલ્લાહે ચાહ્યું હોત તો તેઓ પરસ્પર ન લડયા હોત, પરંતુ અલ્લાહ જે ઈચ્છે છે તે કરે છે. (૨૫૩)

તફસીર :

અમુક અંબિયા (અલૈહિમુસ્સલામ) અને ઉમ્મતોના અમુક અહેવાલઃ

આ રસૂલો (જેમનું વર્ણન હમણાં إِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ "બેશક ! તમે રસૂલોમાંથી જ છો"માં આવ્યું છે) એવા છે કે અમે તેમનામાંથી અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતા અર્પી છે (જેમકે) તેમનામાંથી અમુક એવા છે જેમની સાથે અલ્લાહ તઆલાએ (ફરિશ્તાઓના માધ્યમ વિના સીધે-સીધી) વાતચીત કરી છે (જેમકે મૂસા અલૈ.) અને તેમાંથી અમુકને ઘણા ઊંચા દરજ્જાઓથી નવાજ્યા અને અમે (હઝરત) ઈસા ઈબ્ને મરયમને સ્પષ્ટ (મો'જિઝાઓ સ્વરૂપે) નિશાનીઓ અર્પણ કરી અને અમે તેમનું સમર્થન રૂહૂલ કુદૂસ (હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ) દ્વારા કર્યું. (દરેક સમયે યહૂદીઓથી તેમનું રક્ષણ કરવા માટે હઝરત જિબ્રઈલ અલૈ. તેમની સાથે રહેતા હતા) અને જો અલ્લાહ તઆલાને મંજૂર હોત તો (ઉમ્મતના) જે લોકો તેમના (પયગમ્બરો) પછી થયા છે તેમણે (ક્યારેય પણ દીનમાં મતભેદ કરીને) પરસ્પર ખૂનામરકી ન કરી હોત. એ પછી કે અમુક પાસે (હકની) દલીલો (પયગમ્બરો મારફતે) પહોંચી ચૂકી, (જેનો તકાદો એ હતો કે દીને હકને કબૂલ કરીને તેમણે તેના ઉપર સહમતિ સાધી લેવી જોઈએ.) પરંતુ (કારણ કે અલ્લાહ તઆલાને અમુક હિકમતો મંજૂર હતી. એટલા માટે તેઓ સહમતિ ન સાધી શક્યા) તે લોકો પરસ્પર (દીન વિશે માંહોમાહે) વિરોધ કરવા લાગ્યા. બસ, તેમનામાંથી કોઈ ઈમાન લાવ્યું અને કોઈ કાફિર રહી ગયા. (પછી તેમના મતભેદોનું પરિણામ લડાઈ-ઝઘડા સુધી પણ પહોંચ્યું) અને જો અલ્લાહ તઆલાને મંજૂર હોત તો તે લોકોએ પરસ્પર ખૂનામરકી ન કરી હોત ! પરંતુ અલ્લાહ તઆલા (પોતાની હિકમતથી) જે ઇચ્છે છે (પોતાની કુદરતથી) તે જ કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

تِلْكَ الرُّسُلُ..... "આ રસૂલો છે...." આ વિષયમાં નબીએ કરીમ ﷺને એક પ્રકારે આશ્વાસન આપવામાં આવે છે, કારણ કે અત્રે આપ ﷺના રસૂલ હોવાની દલીલ આપી એ સાબિત કરવામાં આવ્યું હતું, જેનો إِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ "બેશક ! તમે રસૂલોમાંથી જ છો"માં ઉલ્લેખ કર્યો છે, તો પણ ઈન્કારીઓ માનતા ન હતા. આ બાબતે આપ ﷺને અફસોસ અને ગમ થવાની

સંભાવના હતી. એટલા માટે અલ્લાહ તઆલાએ આવી વાત સંભળાવી કે, અન્ય પયગમ્બરો (અલૈહિસ્સલામ) વિવિધ દરજ્જાઓના ગુજરી ચૂક્યા છે, પરંતુ કોઈની પણ ઉમ્મતમાં ઈમાન બાબતે સર્વસહમતિ ક્યારેય થઈ નથી. કોઈએ સમર્થન કર્યું, તો કોઈએ વિરોધ કર્યો અને તેમાં પણ અલ્લાહ તઆલાની હિકમત હોય છે, દરેક વ્યક્તિ ઉપર આ હિકમતો જાહેર નથી થતી, પરંતુ સામાન્ય રીતે એવો અકીદહ રાખવો જરૂરી છે કે, આ બાબતમાં અલ્લાહની કોઈ હિકમત જરૂર છુપાયેલી છે.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ "આ રસૂલો છે, અમે તેમનામાંથી અમુકને અમુક ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી." અત્રે એવી શંકા પૈદા થઈ શકે છે કે, આ આયત ખુલ્લમ-ખુલ્લી એ બાબતની દલીલ કરી રહી છે કે, અમુક નબીઓને અમુક કરતાં શ્રેષ્ઠ દરજ્જાઓ અર્પણ કરવામાં આવ્યા છે. જ્યારે કે હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

لَا تُفَضِّلُوْا بَيْنَ اَنْبِيَاءِ اللّٰهِ،

"અંબિયા (અલૈહિમુસ્સલામ) વચ્ચે "તફઝીલ" (નાના-મોટા દરજ્જાઓની સરખામણી) ન કર્યા કરો."

لَا تُخَيِّرُ وْنِىْ عَلٰى مُوْسٰى،

"મને મૂસા (અલૈ.) ઉપર શ્રેષ્ઠતા ન આપો."

અને ફરમાવ્યું,

لَا اَقُوْلُ اِنَّ اَحَدًا اَفْضَلُ مِنْ يُّوْنَسَ بْنِ مَتّٰى،

"હું નથી કહી શકતો કે કોઈ યૂનુસ બિન મતાથી અફઝલ (શ્રેષ્ઠ) છે."

આ હદીષોમાં અમુક અંબિયા (અલૈહિમુસ્સલામ) ઉપર અમુકને શ્રેષ્ઠતા (સરસાઈ) આપવાની મનાઈ કરવામાં આવી છે. ખુલાસો એ છે કે, હદીષનો અર્થ એવો છે કે, દલીલ વિના પોતાના અનુમાનથી અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતા ન આપી દો અને એટલા માટે કે કોઈ નબી અન્ય નબી (અલૈહિસ્સલામ) કરતાં શ્રેષ્ઠ હોવાનો અર્થ એ છે કે, અલ્લાહના ત્યાં તેમનો મરતબો ઘણો ઊંચો છે અને દેખીતું છે કે, અમુક નબીઓની અમુક નબીઓ ઉપર શ્રેષ્ઠતાની જાણ થઈ જાય તો એ પ્રમાણે અકીદો રાખવામાં આવશે.

રહી આ ઈરશાદ لَا اَقُوْلُ اِنَّ اَحَدًا اَفْضَلُ مِنْ يُّوْنُسَ بْنِ مَتّٰى અને لَا تُخَيِّرُوْنِىْ عَلٰى مُوْسٰى ની વાત, તો આવું તે સમયકાળના સંદર્ભમાં કહેવામાં આવ્યું છે. જ્યારે કે આપ ﷺને એ જ્ઞાન આપવામાં આવ્યું ન હતું કે, આપ ﷺ અન્ય બધા જ નબીઓથી શ્રેષ્ઠ છે. પાછળથી વહી દ્વારા આપ ﷺને આ વાત બતાવી દેવામાં આવી અને સહાબએ કિરામ (રદિ.) સમક્ષ આપ ﷺએ તેને જાહેર પણ કરી દીધું. *(મઝહરી)*

مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ "તેમનાથી કેટલાક તે છે જેમની સાથે અલ્લાહે વાતચીત કરી." હઝરત મૂસા (અલૈહિસ્સલામ) સાથે અલ્લાહની વાતચીત ફરિશ્તાના માધ્યમ સિવાય પણ થઈ છે, પરંતુ તે પણ એક પરદાની આડમાં થઈ છે. સૂરએ શૂરાની આયત ....مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ "કોઈ મનુષ્ય માટે એ તક નથી કે અલ્લાહ તેનાથી વાતચીત કરે." (સૂ. ૪૨ : આ. ૫૧) જેમાં પરદા વિના વાત થઈ હોવાનો રદિયો આપવામાં આવ્યો છે. એટલે આ બાબતે કોઈ શંકા બાકી રહેતી નથી અને મૃત્યુ પછી વિના પરદે વાતચીત થવી શરઈ રીતે શક્ય છે. એટલા માટે સૂરએ શૂરાની આ આયત દુનિયામાં વાતચીત કરવાના અનુસંધાનમાં આવી છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૪)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِىَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ
وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ ؕ وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٢٥٤﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! અમે જે કંઈ તમને રોજી આપી છે તેમાંથી (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરો, તે દિવસ આવતાં પહેલાં કે જેમાં ન ખરીદ-વેચાણ થશે અને ન જ મિત્રતા કે ભલામણ ! (કામ લાગશે) અને જે કાફિરો છે તે જ જાલિમો છે. (૨૫૪)

તફસીર :

અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવામાં ઉતાવળ કરવી :

હે ઈમાનવાળાઓ ! તે વસ્તુઓમાંથી (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરો જે અમે તમને આપી છે, એ પહેલાં કે તે દિવસ આવી જાય (એટલે કે કયામતનો દિવસ) જેમાં (કોઈ વસ્તુ કામ નહિ લાગે. કારણ કે તેમાં) ન તો ખરીદ–વેચાણ થશે (કે કોઈ વસ્તુ આપીને સારો અમલ ખરીદી શકો) અને ન જ (એવી) દોસ્તી થશે (કે જેને તમે પોતાના અમલોથી ખરીદી શકો) અને ન જ (અલ્લાહના હુકમ સિવાય) કોઈની કોઈ સિફારસ થશે (જેનાથી તમને નેક અમલોની જરૂરત જ ન રહે) અને કાફિર લોકો જ જુલમ કરે છે (કે કર્મો અને માલ–દૌલતનો અસ્થાને ઉપયોગ કરે છે, તેઓ અલ્લાહના હુકમોને છોડીને ગુનાહો અને શયતાનના રસ્તાને અપનાવે છે. તમે તો એવા ન બનો !)

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતમાં ઈબાદતોના અને વ્યવહારુ સંબંધોના મોટા ભાગના હુકમો વર્ણન કરવામાં આવ્યા છે, જેના ઉપર અમલ કરવો માનવ સ્વભાવ માટે અઘરું અને વજન પડે એવી બાબત છે અને બધા અમલોમાં સૌથી વધારે અઘરો અમલ મનુષ્ય માટે જીવ અને માલ–દૌલત ખર્ચ કરવાનો છે. અલ્લાહના હુકમો જે મોટે ભાગે જોવામાં આવે છે, તે યા તો જીવ આપવા સંબંધિત છે અથવા તો માલ બાબતે છે અને બંદાને જાન અને માલની મહોબ્બત અને તેનાથી લગાવ જ મોટે ભાગે ગુનાહમાં સપડાવે છે. મતલબ કે, આ બંનેની મહોબ્બત ગુનાહોની જડ છે અને તેનાથી છૂટકારો મેળવીને અલ્લાહના હુકમોની ફરમાંબરદારી અને ઈતાઅતની અપેક્ષા રાખવામાં આવે છે. એટલા માટે આ હુકમો વર્ણન કરીને અલ્લાહના રસ્તામાં યુદ્ધ કરવાનો અને માલ ખર્ચ કરવાનો ઉલ્લેખ કરવો યોગ્ય જણાય છે. ...وَقَاتِلُوا فِي سَبِيلِ اللّٰهِ "અને અલ્લાહના માર્ગમાં લડો..." પ્રથમ બાબત (એટલે જીવન ખર્ચ કરવા બાબતનું) વર્ણન છે અને مَنْ ذَا الَّذِي يُقْرِضُ اللّٰهَ "કોણ છે જે અલ્લાહને સારું કરજ આપે ?" બીજું (માલ ખર્ચ કરવા બાબતનું) વર્ણન છે, ત્યાર પછી તાલૂતના કિસ્સા દ્વારા પ્રથમ બાબતની તાકીદ થઈ તો હવે ....أَنْفِقُوا مِمَّا رَزَقْنٰكُمْ "ખર્ચ કરો તેમાંથી જે અમે તમને અર્પણ કર્યું" દ્વારા

બીજી બાબતની તાકીદ કરવા ઇચ્છે છે. માલ ખર્ચ કરવા ઉપર ઘણી બધી ઇબાદતો અને વ્યવહારો અવલંબિત છે, તો તેનું વર્ણન વધારે ખુલાસાવાર અને તાકીદથી કરવામાં આવ્યું છે. એટલા માટે હવે જે રુકૂઅ્ આવે છે તેમાં ઘણે ખરે અંશે બીજી બાબત એટલે કે, અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવા વિશેનું વર્ણન છે. ખુલાસો એ થયો કે દુનિયાનું જીવન અમલનો સમય છે, આખિરતમાં ન તો અમલ કરવાનો સમય મળશે, ન કોઈની દોસ્તી કામ લાગશે, ન જ કોઈની સિફારસ છોડાવી શકશે. જ્યાં સુધી કે પકડ કરનાર અલ્લાહ પોતે જ બખ્શીશ નહિ કરે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૫)

[આયતુલ કુરસી]

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا
فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ
مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ
وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ وَلَا يَـُٔوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ ﴿٢٥٥﴾

તરજુમો :

અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ (ઇબાદતપાત્ર) નથી, જીવંત (છે), સૌની હિફાઝત (સુરક્ષા) કરનાર, ન તેને ઊંઘ(નું ઝોકું) આવે છે, ન જ તે સૂઈ જાય છે, આસમાનો અને જમીનમાં જે કંઈ છે સઘળું તેનું જ છે, કોણ છે જે તેની પાસે તેની રજા સિવાય સિફારસ કરે ? તે જાણે છે જે કંઈ તેમની (લોકો) સમક્ષ (હાજર) છે, અને જે કંઈ તેમની સામે નથી, અને તેઓ તેના જ્ઞાનમાંથી કોઈ બાબત આંબી શકતા નથી પરંતુ જેટલું તે (અલ્લાહ) ઇચ્છે (એટલું જાણી શકે છે); તેની ખુરશી આસમાનો અને જમીનની ગુંજાઈશ ધરાવે છે, અને આ બંનેનું રક્ષણ કરવાથી તે થાકતો નથી, અને તે જ સર્વોચ્ચ (અને) સૌથી મહાન છે. (૨૫૫)

તફસીર :

અલ્લાહ તઆલા (એવો છે); તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, જીવંત છે (તેને ક્યારેય મૌત નહિ આવે. સમગ્ર વિશ્વને) સંભાળનાર છે, ન તેને ઊંઘ(નું ઝોકું) આવે છે, ન તે સૂઈ જાય છે, જે કંઈ પણ આસમાનો અને જમીનમાં છે તે બધું તેનું જ છે. એવો કોણ વ્યક્તિ છે જે તેની પાસે તેની પરવાનગી વિના (કોઈની) સિફારસ કરી શકે. દરેક ઉપસ્થિત વસ્તુઓની આગળ–પાછળની પરિસ્થિતિઓથી ખૂબ વાકેફ છે અને કોઈપણ તેના ઈલ્મના આંબી શકવા માટે સમર્થ નથી. હા ! તે (અલ્લાહ) જેટલું ઈચ્છે (એટલું કોઈ જાણી શકે છે); તેની ખુરશીએ (એટલી વિશાળ છે કે તેણે) બધા જ આકાશો અને પૃથ્વીને પોતાનામાં સમાવી રાખ્યા છે અને અલ્લાહ તઆલા માટે આ બંનેનું રક્ષણ કરવું કોઈ મુશ્કેલ કાર્ય નથી, તે સર્વોચ્ચ અને મહાન છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતુલ કુરસીની ખાસ ફઝીલતો (બરકતો) :

આ આયત કુર્આન શરીફની મહાનતમ્ આયતોમાંથી છે, હદીષોમાં એની ઘણી ફઝીલતો અને બરકતો વર્ણવવામાં આવી છે. મુસ્નદે અહમદની રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ઉબય બિન કા'બ (રદિ.)ને પૂછ્યું કે, કુર્આન શરીફમાં કઈ આયત સર્વોત્તમ છે ? ઉબય બિન કા'બ (રદિ.)એ કહ્યું, "આયતુલ કુરશી" ! રસૂલુલ્લાહ ﷺએ એનું સમર્થન કરીને કહ્યું, "હે અબૂલ મુંજિર તમને જ્ઞાન (ઈલ્મ) મુબારક થાય !"

હઝરત અબૂઝર (રદિ.)એ રસૂલે કરીમ ﷺને પૂછ્યું, "યા રસૂલુલ્લાહ (ﷺ) ! કુર્આનમાં મહાનતમ્ આયત કઈ છે ? ફરમાવ્યું, "આયતુલ કુરશી" !"

(ઈબ્ને કષીર)

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "સૂરએ બકરહમાં એક આયત છે જે કુર્આનની બધી આયતોની સરદાર છે, તે આયત જે ઘરમાં પણ પઢવામાં આવશે, શયતાન ત્યાંથી નીકળી (નાસી) જાય છે."

નસાઈની એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "જે વ્યક્તિ દરેક ફરજ નમાઝ પછી "આયતુલ કુરશી" પઢયા કરશે તો તેને જન્નત પ્રવેશ

માટે મૌત સિવાય કોઈ રુકાવટ (બાધ) નથી.'' એટલે કે મૌત પછી તરત જ જન્નતની નિશાની સ્વરૂપે રાહત તથા આરામ મળવાનું શરૂ થઈ જશે.

આ આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહુની વહદાનિયત (એકમાત્ર હોવું), તેની પાક જાત અને તેની સિફતો (ખાસિયતો-ગુણ-લક્ષણો)નું વર્ણન અત્યંત રસપ્રદ શૈલીમાં કરવામાં આવ્યું છે, જેમાં અલ્લાહ જલ્લ શા'નુહુનું જીવંત હોવું, તેનું સર્વ વસ્તુઓ ઉપર છવાયેલું હોવું, તે સર્વોચ્ચ જ્ઞાની અને સાંભળનાર હોવું, તેનું સંબોધન કરનાર હોવું, તેનું હરપળે દરેક સ્થળે દરેક પરિસ્થિતિમાં હાજર હોવું, તેનું આદિકાળથી અનંતકાળ સુધી બાકી રહેવું (તે એવી શક્તિ છે જેની કોઈ શરૂઆત પણ નથી અને કોઈ અંત પણ નથી), બ્રહ્માંડના પ્રત્યેક કણનો સર્જક અને પાલનહાર હોવું, બદલાતી પરિસ્થિતિઓના કોઈપણ પ્રભાવથી અલિપ્ત હોવું, સમગ્ર સૃષ્ટિના માલિક હોવું, સર્વોચ્ચ અને મહાન હોવું અને તેની સામે તેની પરવાનગી વિના કોઈનું બોલી ન શકવું, એવી સંપૂર્ણ શક્તિનો માલિક હોવું કે, સમગ્ર વિશ્વ અને તેના પ્રત્યેક અંશને પૈદા કરી તેને ટકાવી રાખવું અને તેના માટેની એક સુગ્રથિત વ્યવસ્થા ઊભી કરવી અને આ બધું કરવામાં તેને કોઈ થાક ન લાગવો, એવો મહાન અને સર્વોચ્ચ ઇલ્મવાળો (સર્વજ્ઞ) કે, સૃષ્ટિના કણે-કણની આગળની-પાછળની, જાહેર-ગુપ્ત બાબતોથી જ્ઞાત હોવું, અલ્લાહની આ સિફતો અને ખાસિયતોનો આ આયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હવે, થોડી સ્પષ્ટતા સાથે આ આયતના શબ્દોનો અર્થ સમજીએ.

આ આયતમાં દશ વાક્યો છે. اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ''અલ્લાહ, નથી કોઈ ઈબાદતના પાત્ર પરંતુ તે'' આ શબ્દમાં "અલ્લાહ" اللّٰه નામ છે, જેનો અર્થ છે ''તે જાત ઠોસ સ્વરૂપે બધી જ ખૂબીઓની માલિક છે અને બધી જ ખામીઓ અને ઊણપોથી પવિત્ર છે.'' لَاۤ اِلٰهَ اِلَّا هُوَ માં તે જ જાતનો ઉલ્લેખ છે કે, ઈબાદત કરવાપાત્ર માત્ર આ જ જાત છે, તેના સિવાય કોઈ વસ્તુ ઈબાદતના લાયક નથી. આ આયતના ત્રીજા વાક્ય اَلْحَيُّ الْقَيُّوْمُ ''સજીવન, સૌનો રક્ષક''માં શબ્દ حَيٌّનો અર્થ અરબી ભાષામાં "જીવંત" (અસ્માએ ઈલાહીય્યહ) છે. આ શબ્દ લાવીને એવું બતાવવામાં આવ્યું છે કે, તે હંમેશાથી જ જીવંત છે, જેનો કોઈ પ્રારંભ કે શરૂઆત નથી અને હંમેશા બાકી રહેશે, તેનો કોઈ અંત નથી; મૃત્યુ વગેરે જેવી બાબતોથી તેની જાત પવિત્ર છે. શબ્દ قَيُّوْمٌ "કય્યૂમ" એ "કિયામ"قِيَام થી

નીકળ્યો છે. "કયામ"નો અર્થ થાય છે ઊભા થવું. "કાઈમ" قَـائِـمٌ ઊભા થનારને કહેવામાં આવે છે. કય્યૂમ قَيُّوْمٌ અને કય્યામ قَيَّامٌ અતિશયોક્તિ અલંકાર છે, તેનો અર્થ છે, પોતે કાઈમ રહીને બીજાઓને કાઈમ રાખે છે (ટકાવી રાખે છે) અને સંભાળી રાખે છે. કય્યૂમ قَيُّــــوْمٌ અલ્લાહ તઆલાની એક ખાસ સિફત છે, જેમાં કોઈ મખ્લૂક સામેલ નથી થઈ શકતી. કારણ કે જે વસ્તુઓ પોતે પોતાના અસ્તિત્વ માટે અને તેને ટકાવી રાખવા માટે કોઈ અન્યની મોહતાઝ હોય, તે કેવી રીતે બીજી વસ્તુઓને સંભાળી શકે છે. એટલા માટે કોઈપણ વ્યક્તિને કય્યૂમ قَيُّوْمٌ કહેવું જાઇઝ નથી. અબ્દુલ કય્યૂમ નામ બગાડીને ફક્ત "કય્યૂમ" બોલવાથી ગુનોહ થાય છે.

અલ્લાહ જલ્લ શા'નુહુના નામો અને સિફતોમાં "હય્યુ" અને "કય્યૂમ" حَـــيٌّ و قَيُّــوْمٌ નું સંયુક્ત મિશ્રણ ઘણા લોકો નજીક "ઈસ્મે આ'ઝમ" છે. હઝરત અલી મુર્તુઝા (રદિ.) ફરમાવે છે કે ગઝ્વએ બદ્રમાં મેં એક સમયે એવું ઈચ્છ્યું કે, રસૂલુલ્લાહ ﷺને જોઈ લઉં કે તેઓ શું કરી રહ્યા છે ? પહોંચીને જોયું, તો આપ ﷺ સિજદહમાં હતા અને વારંવાર "યા હય્યુ યા કય્યૂમ, યા હય્યુ યા કય્યામ" يَاحَيُّ يَا قَيُّوْمُ يَا حَيُّ يَا قَيَّامُ કહી રહ્યા છે.

ત્રીજું વાક્ય لَا تَـاْخُـذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ "ન તેને (ઊંઘનું) ઝોકું આવે છે, ન જ તે સૂઈ જાય છે." તેમાં શબ્દ سِـــنَةٌ, س એ زيـــر ઝૅર સાથે "ઊંઘ"ને કહે છે, જે ઊંઘની શરૂઆતમાં તંદ્રાવસ્થાને હોય છે (જેમાં ઝોકા આવે છે અને જેને આપણે ઊંઘ-જાગની પરિસ્થિતિ કહીએ છીએ) نَـــــوْمٌ સંપૂર્ણ ઊંઘને કહીએ છીએ. આ વાક્યનો અર્થ એ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુ ઊંઘ આવવાથી (તંદ્રાવસ્થાથી કે ઝોકું ખાવાથી) અથવા સૂઈ જવાથી પાક છે. પાછળના વાક્યમાં શબ્દ قَيُّـــــوْمٌ (કય્યૂમ)એ જ્યારે મનુષ્યને એ બતાવ્યું કે, અલ્લાહ જલ્લ શા'નુહુ સમગ્ર આસમાનો, જમીનો અને તેમાં સમાવિષ્ટ બધી જ સૃષ્ટિને થામી રાખનાર અને સંભાળનાર છે અને આ સમગ્ર સૃષ્ટિ તેના આધારથી જ કાયમ છે અને ટકી રહી છે. એક મનુષ્યને પોતાની માનવસ્વભાવગત્ પ્રકૃતિ અનુસાર એવો વિચાર આવવો શક્ય છે કે, આટલી મોટી હસ્તી કે, જે આવા અકલ્પનીય કામ કરી રહી છે, તેને કોઈ વખતે થાક પણ લાગતો હોવો જોઈએ. કોઈ સમય આરામ અને ઊંઘનો પણ હોવો જોઈએ, પરંતુ બીજા વાક્યમાં મર્યાદિત ઈલ્મ અને મર્યાદિત

શક્તિ ધરાવનાર મનુષ્યને આ બાબતે ચેતવણી આપવામાં આવી છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુને પોતાના ઉપર અથવા સૃષ્ટિના અન્ય તત્ત્વો કે મખ્લૂક ઉપર અનુમાનિત ન કરો, અલ્લાહને પોતાના જેવો ન સમજો, તે દાખલા અને ઉદાહરણો જેવી બાબતોથી ઉપરવટ છે, તેની સંપૂર્ણ કુદરત સામે આ બધા કાર્યો કોઈ મુશ્કેલ નથી, ન જ આ બાબતો તેના માટે થાકનું કારણ બની શકે છે, તેની પાક જાત તમામ પ્રભાવો અને થાક વગેરે ઊણપો તથા ક્ષતિઓથી પાક છે, ન તેને ઊંઘ આવે છે અને ન જ તે સૂઈ જાય છે !

ચોથું વાક્ય છે કે لَهٗ مَافِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ "સઘળું તેનું જ છે, જે કંઈ આસમાનોમાં, (અને) જે કંઈ જમીનમાં છે." તેમાં શરૂઆતમાં શબ્દ "લહુ" لَهٗ આવ્યો છે, જેનો ل (લામ) મિલકત અથવા તો માલિકી બતાવવા માટે આવ્યો છે, જેનો અર્થ થાય છે, પૃથ્વી અને આકાશોમાં જે કંઈ પણ છે તે બધું જ અલ્લાહ તઆલાની મિલકત છે, તે તેનો એકમાત્ર માલિક અને મુખત્યાર છે. જેવી રીતે ઈચ્છે તે તેને ખર્ચ કરી શકે છે.

પાંચમું વાક્ય છે, مَنْ ذَاالَّذِىْ يَشْفَعُ عِنْدَهٗٓ اِلَّا بِاِذْنِهٖ એટલે કે "એવો કોણ હોઈ શકે છે, જે તેની પરવાનગી વિના તેની પાસે કોઈની સિફારસ કરી શકે ?!" તેમાં અમુક મસ્અલા વર્ણન કરવામાં આવ્યા છે.

પ્રથમ એ કે, જ્યારે અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિનો માલિક છે, કોઈ તેનાથી મોટો અથવા તેના ઉપર હુકમ ચલાવનાર નથી, કોઈને તેના કોઈ કાર્ય ઉપર પ્રશ્ન કરવાનો કોઈ અધિકાર નથી. તે જે પણ હુકમ કરે છે તેમાં કોઈને "જો......તો....કેમ ?–શું ?..." કરવાની કોઈ મજાલ નથી. હા ! એવું થઈ શકે છે કે, કોઈ વ્યક્તિ કોઈની સિફારસ અથવા ભલામણ કરે ! બસ, એ માટે પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહ અને તેના જલાલ સામે કોઈની મજાલ કે તાકાત નથી કે, તે અન્ય કોઈની સિફારસ કે ભલામણ કરે. હા ! તે મકબૂલ બંદાઓ કે, જેમને અલ્લાહ તઆલા ખાસ વિશેષ સ્વરૂપે સિફારસ કરવાની પરવાનગી આપશે, તો તેઓ અન્યો માટે સિફારસ કે ભલામણ કરી શકે છે, પરંતુ પરવાનગી વિના કોઈ પણ વ્યક્તિ અન્ય માટે સિફારસ કે ભલામણ નહિ કરી શકે. હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "મહશરમાં સૌથી પહેલાં હું બધી ઉમ્મતોની સિફારસ કરીશ" અને તેનું જ નામ "મકામે મહમૂદ"

છે, જે રસૂલે કરીમ ﷺની આગવી વિશેષતા છે.

છઠ્ઠું વાક્ય છે, يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ જેનો અર્થ છે કે, અલ્લાહ તઆલા તે લોકોની આગલી-પાછલી બધી જ વિગતો અને પરિસ્થિતિઓથી વાકેફ અને જ્ઞાત છે. આગલા અને પાછલાનો અર્થ એ પણ હોઈ શકે છે કે, તેમના પૈદા થતા પહેલાં અને પૈદા થયા પછીની બધી જ પરિસ્થિતિઓ અને ઘટનાઓ અલ્લાહ તઆલાની જાણમાં છે. અને એ પણ અર્થ હોઈ શકે છે કે, તેમની ગુપ્ત બાબતો અને હાલતોથી પણ વાકેફ છે, માટે અર્થ એ થશે કે, મનુષ્યનું જ્ઞાન તો અધૂરું છે, તે ઘણી બાબતો જાણે છે અને ઘણી બાબતો નથી જાણતો. અમુક બાબતો તેની નજર સમક્ષ સ્પષ્ટ અને ખુલ્લી થઈ ગઈ છે અને અમુક વસ્તુઓ ગુપ્ત છે, પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહુ માટે આ બધી વસ્તુઓ એકસમાન છે, તેના જ્ઞાનમાં આ બધી જ વસ્તુઓ સરખી રીતે સમાયેલી છે અને તે બંને અર્થોમાં કોઈ વિરોધાભાસ નથી. આયતની વિશાળતામાં આ બધી જ વસ્તુઓ સામેલ છે.

સાતમું વાક્ય وَلَا يُحِيْطُوْنَ بِشَىْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَا شَآءَ છે, એટલે કે મનુષ્યો અને બધી જ મખ્લૂકો અલ્લાહના જ્ઞાનના કોઈ એક ભાગને પણ પામી નથી શકતા. હા ! અલ્લાહ તઆલા જ પોતે જેને જેટલા ભાગનું ઈલ્મ (જ્ઞાન) અર્પણ કરવા ઈચ્છે તે એટલું જ ઈલ્મ જાણી શકે છે, તેમાં બતાવવામાં આવ્યું કે, સમગ્ર સૃષ્ટિના અણુએ અણુનું જ્ઞાન ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહુની જ ખાસ સિફત છે. મનુષ્ય અથવા કોઈપણ મખ્લૂક તેમાં ભાગીદાર થઈ નથી શકતી.

આઠમું વાક્ય وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ છે, એટલે કે તેની ખુરશી જેની વિશાળતામાં સાત આસમાનો અને જમીનો સમાયેલા છે. અલ્લાહ જલ્લ શા'નુહુની બેઠક કોઈ મકાન અથવા કોઈ મર્યાદિત સ્થળ સુધી સીમિત હોવાની કલ્પના કરવી અશક્ય છે. મનુષ્ય માટે આ બાબત સમજવી અશક્ય છે. એટલા માટે આ પ્રકારની આયતોને પોતાની માનવીય મર્યાદાઓમાં સીમિત બુદ્ધિ વડે અનુમાનિત કરવામાં ન આવે, તેની સાચી પરિસ્થિતિ અને વાસ્તવિકતા મનુષ્યની બુદ્ધિ બહારની બાબત છે. અલબત્ત ! અમુક પ્રમાણભૂત હદીષની રિવાયતોથી એટલી જાણ થાય છે કે "અર્શ" અને "ખુરશી" એક વિશાળ વસ્તુ છે, જે બધા જ આસમાનો અને જમીનો કરતાં કોઈ અલગ પ્રકારનો શ્રેષ્ઠતમ્ પદાર્થ છે.

ઈબ્ને કથીર (રહ.)એ હઝરત અબૂઝર ગિફારી (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, તેમણે રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે, "ખુરશી શું છે અને કેવી છે ?" આપ ﷺએ ફરમાવ્યું, "કસમ છે તે પાક જાતની કે, જેના કબજામાં મારો જીવ છે ! કે સાતે આસમાનો અને જમીનોનું ઉદાહરણ ખુરશીના મુકાબલામાં એવું છે, જાણે કોઈ એક મોટા વિશાળ મેદાનમાં કોઈ ગોળ વીંટી નાંખી દેવામાં આવે."

અને અમુક બીજી રિવાયતોમાં છે કે, "અર્શ સામે ખુરશીનો દાખલો પણ એવો જ છે, જેમકે એક મોટા મેદાનમાં ગોળ વીંટીનું વર્તુળ !"

નવમું વાક્ય وَلَا يَـئُوْدُهٗ حِفْظُهُمَا છે, જેનો અર્થ છે, અલ્લાહ તઆલા માટે આ આકાશો અને પૃથ્વીની મખ્લૂકોનું રક્ષણ કરવું કોઈ મુશ્કેલ કાર્ય નથી. કારણ કે, તે સર્વશક્તિમાન છે, તેની સંપૂર્ણ કુદરત સામે આ બધી વસ્તુઓ તેના માટે ઘણી જ સરળ અને સહેલી છે.

છેલ્લું અને અંતિમ વાક્ય وَهُـوَ الْـعَلِـىُّ الْـعَظِـيْـمُ છે. એટલે કે તે મહાન મરતબાવાળો અતિઉચ્ચ (અઝીમુશ્શાન) છે. પાછળના નવ વાક્યોમાં અલ્લાહ તઆલાની પવિત્ર ઝાત અને તેની સિફતો તથા ખાસિયતોનું વર્ણન થયું, પ્રત્યેક બુદ્ધિશાળી તથા જાણનાર અને સમજનાર વ્યક્તિ એવું કહેવા મજબૂર થશે કે, દરેક પ્રકારની ઈજ્જત, શ્રેષ્ઠતા, ઉચ્ચતા અને મહાનતાની માલિક અને તેના યોગ્ય તે જ પવિત્ર ઝાત છે. આ દશ વાક્યોમાં અલ્લાહ જલ્લ શા'નુહુની સંપૂર્ણ સિફતો (લક્ષણો) અને તેની "તૌહીદ"નો વિષય પૂરી સ્પષ્ટતા સાથે અને વિગતવાર સામે આવી ગયો.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૬)

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ بِالطَّاغُوْتِ وَيُؤْمِنْۢ بِاللّٰهِ

فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۗ لَا انْفِصَامَ لَهَا ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٥٦﴾

તરજુમો :

દીનમાં બળજબરી નથી; બેશક ! હિદાયતથી ગુમરાહી અલગ થઈ ચૂકી છે; બસ, (હવે) જે કોઈ ગુમરાહ કરનારને ન માને અને અલ્લાહ ઉપર ઈમાન

લાવે તો તેણે મજબૂત (સાંકળના) કડાંને પકડી લીધું છે, જે તૂટવાનું નથી અને અલ્લાહ સઘળું સાંભળે-જાણે છે. (૨૫૬)

તફસીર :

દીન (ઈસ્લામ સ્વીકાર કરવા)માં બળજબરી (કરવાની કોઈ સંભાવના) નથી, (કારણ કે) હિદાયત ચોક્કસ ગુમરાહીથી અલગ થઈ ચૂકી છે. (એટલે કે ઈસ્લામના સત્ય હોવાની દલીલો સ્પષ્ટ થઈ ચૂકી છે, તો એમાં બળજબરી કરવાની વાત જ ક્યાં છે ? જબરદસ્તી તો કોઈ અપ્રિય બાબતનો સ્વીકાર કરાવવા માટે કરાતી હોય છે અને જ્યારે ઈસ્લામની સચ્ચાઈ તો ખરેખર સાબિત થઈ ચૂકી છે) તો જે વ્યક્તિ શયતાન ઉપર વિશ્વાસ ન કરે અને અલ્લાહ ઉપર ઈમાન લાવે (એટલે કે ઈસ્લામ સ્વીકાર કરે) તો તેણે મજબૂત કડું પકડી લીધું, જે કદી પણ તૂટી શકવાનું નથી અને અલ્લાહ તઆલા સઘળું સાંભળનારો (અને જાહેર તથા) ગુપ્ત વાતોને સારી પેઠે) જાણનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

ઈસ્લામને મજબૂતીથી પકડનારા વિનાશ અને વંચિતતાની દશાથી સુરક્ષિત રહે છે, એટલા માટે તેને ઉદાહરણ આપી સમજાવવામાં આવ્યું છે, જેમકે કોઈ વ્યક્તિ કોઈ કડાંને હાથમાં મજબૂતીથી પકડી રાખે અને પડવાથી બચી જાય, આ મજબૂત કડાંને તૂટવાનો કોઈ ભય હોતો નથી. હા ! કોઈ જાણીબૂઝીને પોતાના હાથમાંથી કડું છોડી દે, તો તે બીજી વાત છે. એ જ પ્રમાણે ઈસ્લામમાં કોઈપણ પ્રકારની હલાકત અથવા નુકસાન નથી, પરંતુ જો કોઈ પોતે જ ઈસ્લામને છોડી દે તો તે અલગ બાબત છે. *(બયાનુલ કુર્આન)*

આ આયતનો હવાલો આપી અમુક લોકો વાંધો ઉઠાવે છે કે, "આ આયતથી જાણ થાય છે કે, દીનમાં જબરદસ્તી નથી, જ્યારે કે ઈસ્લામમાં જિહાદ અને યુદ્ધની તા'લીમ તેનાથી વિપરીત માન્યતા છે."

જો થોડોક જ વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જાય છે કે, આ વાંધો ઉઠાવવો સાચું નથી. એટલા માટે કે ઈસ્લામમાં જિહાદ અને યુદ્ધની તા'લીમ લોકોને ઈમાન સ્વીકાર કરવા મજબૂર કરવા માટે નથી, નહિતર જિઝિયાવેરો લઈને કાફિરોની જવાબદારી લેવાના તથા તેમના જાન-માલ અને ઈજ્જત-આબરૂની સુરક્ષા કરવાના હુકમો ઈસ્લામમાં કઈ રીતે હોત ? બલકે, ફિત્ના-

ફસાદને દૂર કરવા માટે આ હુકમો છે. કારણ કે અલ્લાહ તઆલા ફસાદને નાપસંદ કરે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે,

وَيَسْعَوْنَ فِي الْاَرْضِ فَسَادًاوَّاللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ،

"આ લોકો પૃથ્વી ઉપર ફસાદ કરતા ફરે છે અને અલ્લાહ તઆલા ફસાદ કરનારાઓને પસંદ કરતો નથી."

એટલા માટે અલ્લાહ તઆલાએ જિહાદ અને યુદ્ધ દ્વારા જે કાફિરો ફસાદ અને ફિત્નો ફેલાવતા હોય છે, તેને દૂર કરવાનો હુકમ આપ્યો છે. આથી આવા ફસાદખોર અત્યાચારી લોકોને કતલ કરવા એવી બાબત છે, જેમકે સાપ, વીંછી અને અન્ય ઝેરી જાનવરોને મારવા !

ઈસ્લામમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, અપંગો વગેરે ઉપર યુદ્ધના મેદાનમાં જિહાદના સમયે પણ કડકાઈ કરવાની મનાઈ છે. કારણ કે, તે લોકો ફસાદ કરવા શક્તિમાન નથી હોતા. એ જ પ્રમાણે એ લોકોને પણ કતલ કરવાની મનાઈ કરી છે, જે લોકો જિઝિયાવેરો આપવાનો વાયદો કરીને કાયદાના પાબંદ થઈ ગયા હોય.

ઈસ્લામની આ કાર્યપ્રણાલીથી સ્પષ્ટ થઈ જાય છે કે, ઈસ્લામ જિહાદ અને યુદ્ધ દ્વારા લોકોને ઈમાન સ્વીકાર કરવા માટે મજબૂર નથી કરતો બલકે, તેનાથી તે દુનિયામાં જુલમ અને અત્યાચારને ખતમ કરીને ન્યાય, શાંતિ અને સલામતી કાયમ કરવા ઈચ્છે છે. ઉમર (રદિ.)એ એક ઈસાઈ વૃદ્ધાને ઈસ્લામનું આમંત્રણ આપ્યું તો તેણે જવાબમાં કહ્યું, اَنَا عَجُوْزٌ كَبِيْرَةٌ وَالْمَوْتُ اِلَيَّ قَرِيْبٌ એટલે કે, "હું એક મૃત્યુના આરે ઊભેલી ઘરડી સ્ત્રી છું, અંતિમ સમયમાં હું મારો ધર્મ શા માટે છોડું ?" હઝરત ઉમર (રદિ.) આ સાંભળી તે વૃદ્ધાને ઈમાન માટે મજબૂર નથી કર્યા, બલકે આ જ આયત તિલાવત કરી, لَا اِكْرَاهَ فِي الدِّيْنِ એટલે કે, "ધર્મ (ઈમાન)માં જબરદસ્તી નથી."

વાસ્તવમાં ઈમાનનો સ્વીકાર કરવા માટે બળજબરી કરવી શક્ય પણ નથી. એટલા માટે કે ઈમાનનો સંબંધ બાહ્ય અવયવોથી નથી બલકે, દિલ સાથે છે અને બળજબરીનો સંબંધ ફક્ત માનવીના બાહ્ય અવયવો સાથે હોય છે. જિહાદ

અને યુદ્ધમાં ફક્ત બાહ્ય અવયવો જ પ્રભાવિત થઈ શકે છે. એટલા માટે જોર જુલમ કરી ઈમાન સ્વીકાર કરાવવા જબરદસ્તી કરવી શક્ય જ નથી, તેનાથી સાબિત થયું કે જિહાદની આયતો અને પવિત્ર યુદ્ધ સંબંધિત આયતોથી لَاۤ اِكْرَاهَ فِی الدِّیْنِ વિરોધાભાસી આયત નથી. *(મઝહરી અને કુર્તુબી)*

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૭)

اَللّٰهُ وَلِیُّ الَّذِیْنَ اٰمَنُوْا ۙ یُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ؕ۬ وَالَّذِیْنَ كَفَرُوْۤا اَوْلِیٰٓـُٔهُمُ الطَّاغُوْتُ ۙ
یُخْرِجُوْنَهُمْ مِّنَ النُّوْرِ اِلَى الظُّلُمٰتِ ؕ اُولٰٓىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِیْهَا خٰلِدُوْنَ ﴿۲۵۷﴾ ع

તરજુમો :

. જે ઈમાનવાળા છે અલ્લાહ તેમનો મદદગાર છે, તે તેમને અંધારાઓમાંથી કાઢી પ્રકાશ તરફ લઈ જાય છે, અને જે લોકો કાફિર થયા શયતાન તેમનો મિત્ર છે; તે તેમને પ્રકાશમાંથી અંધારાઓ તરફ લઈ જાય છે, આ જ લોકો જહન્નમી છે, તેઓ તેમાં હંમેશા રહેશે. (૨૫૭)

તફસીર :

અલ્લાહ તઆલા એવા લોકોનો મિત્ર છે જેઓ ઈમાન લાવ્યા; એમને (કુફ્રના) અંધકારોમાંથી કાઢીને (બચાવીને ઈસ્લામના) પ્રકાશ તરફ લાવે છે અને જે લોકો કાફિર છે તેમના મિત્ર શયતાનો છે (માણસોમાંથી અથવા જિન્નાતોમાંથી) તે તેમને (ઈસ્લામના) પ્રકાશમાંથી કાઢીને (કુફ્રના) અંધકારો તરફ લઈ જાય છે, આવા લોકો જ (જેઓ ઈસ્લામને છોડીને કુફ્ર અપનાવે છે તેઓ) દોઝખના નિવાસીઓ છે (અને) આ લોકો તેમાં હંમેશા-હંમેશા રહેશે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતથી ઈમાન સૌથી મોટી નેઅ્મત અને કુફ્ર સૌથી મોટી મુસીબત હોવાની સ્પષ્ટતા થઈ ગઈ અને એ પણ જાણ થઈ ગઈ કે, કાફિરોની દોસ્તી પણ અંધકારનો માર્ગ છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૮)

اَلَمْ تَرَ اِلَى الَّذِىْ حَآجَّ اِبْرٰهٖمَ فِىْ رَبِّهٖٓ اَنْ اٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ ۘ اِذْ قَالَ
اِبْرٰهٖمُ رَبِّىَ الَّذِىْ يُحْىٖ وَيُمِيْتُ ۙ قَالَ اَنَا اُحْىٖ وَاُمِيْتُ ۭ قَالَ اِبْرٰهٖمُ
فَاِنَّ اللّٰهَ يَاْتِىْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَاْتِ بِهَا مِنَ الْمَغْرِبِ فَبُهِتَ الَّذِىْ كَفَرَ ۭ
وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝٢٥٨

તરજુમો :

શું તમે તે વ્યક્તિને નથી જોયો જેણે ઈબ્રાહીમ (અલૈ.) સાથે તેના પરવરદિગાર વિશે વાદ-વિવાદ કર્યો એ કારણે કે અલ્લાહે તેને બાદશાહત આપી હતી ? જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, મારો પરવરદિગાર તે છે જે જીવન આપે છે અને મૌત આપે છે; તેણે કહ્યું, હું (પણ) જીવિત કરૂં છું અને મૌત આપું છું; ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, બેશક ! અલ્લાહ સૂર્યને પૂર્વમાંથી કાઢે છે, બસ, હવે તું એને (સૂર્યને) પશ્ચિમમાંથી લઈ આવ ! તો તે કાફિર અવાચક્ બની ગયો (આશ્ચર્યમાં પડી ગયો), અને અલ્લાહ અન્યાયી લોકોને (સીધા માર્ગની) હિદાયત નથી આપતો. (૨૫૮)

તફસીર :

(હે સાંભળનાર !) શું તને એ ઘટનાની જાણ નથી થઈ ? (એટલે કે નમરૂદની) જેણે ઈબ્રાહીમ (અલૈ.) સાથે પોતાના પરવરદિગાર વિશે વાદ-વિવાદ કર્યો હતો (એટલે કે તે અલ્લાહના અસ્તિત્વનો જ ઈન્કારી હતો) એ કારણથી કે અલ્લાહ તઆલાએ તેને બાદશાહત આપી હતી (એટલે કે તેણે બાદશાહતની નેઅ્મતનો શુક્રિયહ અદા કરી ઈમાન લઈ આવવું જોઈતું હતું, પરંતુ તેનાથી વિપરીત તેણે ઈન્કાર કરી કુફ્ર કરવાનું શરૂ કરી દીધું અને આ વાદ-વિવાદ એ સમયે શરૂ થયો હતો) જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ (તેના પૂછવાથી કે અલ્લાહ કેવો છે ? જવાબમાં) ફરમાવ્યું કે, મારો પરવરદિગાર એવો છે કે જે જીવાડે છે અને મારે છે (એટલે કે જીવિત કરવું અને મૃત્યુ આપવું તેની કુદરતમાં છે, તે મગરૂર-અભિમાની વ્યક્તિ જીવિત કરવાનો કે મૃત્યુ આપવાની

વાતનો કોઈ અર્થ સમજી ન શક્યો) કહેવા લાગ્યો કે, (આ કામ તો હું પણ કરી શકું છું) હું પણ જીવાડું અને મારું છું. (એટલા માટે જો હું કોઈને કતલ કરું તો તેને મેં મારી નાંખ્યો અને જેને કતલ કરવાથી મા'ફ કરું તેને મેં જીવાડ્યો.) ઈબ્રાહીમ (અલૈ.)એ (જ્યારે જોયું કે આ તો જાડી બુદ્ધિનો માણસ છે, જીવાડવા–મારવાનો અર્થ પણ સમજતો નથી કે, જીવન આપવાનો અર્થ એ છે કે, કોઈ નિર્જીવ વસ્તુમાં રૂહ નાંખવી પરંતુ આ વ્યક્તિ જીવાડવા તથા મૃત્યુ આપવાની હકીકત સમજશે નહિ. એટલા માટે તેને બીજા સવાલ તરફ કેન્દ્રિત કર્યો અને) ફરમાવ્યું કે, (સારું) અલ્લાહ તઆલા સૂર્યને (દરરોજ) પૂર્વ (દિશાએ)થી ઉગાડે છે, તું (માત્ર એક દિવસ માટે) તેને પશ્ચિમ (દિશાએ)થી કાઢ (અને બતાવ) ! આથી (તે સવાલથી) તે કાફિર આશ્ચર્યથી અવાચક્ બની ગયો, (અને જ્યારે તેનાથી કોઈ જવાબ ન બની શક્યો તો બુદ્ધિનો તકાદો એવો હોવો જોઈતો હતો કે તે હિદાયતને સ્વીકારી લે, પરંતુ તે પોતાની ગુમરાહી ઉપર કાયમ રહ્યો. એટલા માટે તેને હિદાયત ન મળી.) અને અલ્લાહ તઆલા(ની આદત છે કે) આવા પથભ્રષ્ટ (ગુમરાહ) લોંકોની હિદાયત નથી કરતો.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતથી સ્પષ્ટ થયું કે, જ્યારે અલ્લાહ તઆલા કોઈ કાફિરને દુનિયાની ઈજ્જત, પ્રતિષ્ઠા, પ્રદેશ અને બાદશાહત અર્પણ કરે છે, તો તેને તે નામથી ઓળખવો જાઇઝ છે. વળી, તેનાથી એ પણ સ્પષ્ટ થયું કે, આવશ્યકતા અનુસાર મુનાઝરો (સામ–સામે દલીલો કરી સત્ય સમજાવવું) અને દલીલો દ્વારા વાત સમજાવવી પણ જાઇઝ છે, જેથી સત્ય અને અસત્ય, હક અને બાતિલમાં તફાવત સ્પષ્ટ થઈ જાય. *(કુર્તુબી)*

અમુક લોકોને એવી શંકા છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કિસ્સામાં નમરૂદ માટે એવું કહેવાની ગુંજાઈશ હતી કે, જો અલ્લાહ મૌજૂદ છે, તો તે જ સૂર્યને પશ્ચિમમાંથી કાઢે ! આ શંકાનું નિવારણ એ છે કે, તેના દિલમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દલીલથી એ બાબત જાહેર થઈ ગઈ હતી કે, ચોક્કસ અલ્લાહનું અસ્તિત્વ છે જ અને સૂર્યને પૂર્વ તરફથી કાઢવો તેનું જ કાર્ય છે, તે સૂર્ય પશ્ચિમમાંથી પણ કાઢી શકે છે અને આ વ્યક્તિ પયગમ્બર છે, તેના કહેવાથી જરૂર આવું થશે. પછી આવું થવાથી વિશ્વમાં ઘણી મોટી ક્રાંતિ આવી જશે. ક્યાંક

એવું ન થાય કે, ભોંય ભારે પડી જાય. દાખલા તરીકે, લોકો આ મોઅ્જિઝાને જોઈને મારાથી અળગા થઈ તેના રસ્તા ઉપર ચાલી નીકળે, અને રખે સામાન્ય દલીલબાજીથી આખી બાદશાહત જતી રહે. એટલા માટે તેણે એવો જવાબ ન આપ્યો અને તેની પાસે બીજો કોઈ જવાબ હતો જ નહિ, અંતે તે દંગ થઈ અવાચક્ બની ગયો.

(બયાનુલ કુર્આન)

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫૯)

اَوْ كَالَّذِىْ مَرَّ عَلٰى قَرْيَةٍ وَّهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوْشِهَا ۚ قَالَ اَنّٰى يُحْىٖ هٰذِهِ اللّٰهُ بَعْدَ
مَوْتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ قَالَ كَمْ لَبِثْتَ ؕ قَالَ لَبِثْتُ يَوْمًا
اَوْ بَعْضَ يَوْمٍ ؕ قَالَ بَلْ لَّبِثْتَ مِائَةَ عَامٍ فَانْظُرْ اِلٰى طَعَامِكَ وَشَرَابِكَ
لَمْ يَتَسَنَّهْ ۚ وَانْظُرْ اِلٰى حِمَارِكَ وَلِنَجْعَلَكَ اٰيَةً لِّلنَّاسِ وَانْظُرْ اِلَى
الْعِظَامِ كَيْفَ نُنْشِزُهَا ثُمَّ نَكْسُوْهَا لَحْمًا ؕ فَلَمَّا تَبَيَّنَ لَهٗ ۙ قَالَ اَعْلَمُ
اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿٢٥٩﴾

તરજુમો :

શું તેં તે વ્યક્તિની હાલત નથી જોઈ ? જે એક વસ્તી પાસેથી પસાર થયો અને તે (વસ્તીના ઘરો) પોતાના છાપરાંઓ ઉપર પડી ગયા હતા; તે બોલ્યો, અલ્લાહ તેને તેમના (આ વસ્તીના લોકોને) મૃત્યુ પછી કેવી રીતે સજીવન કરશે ? તો અલ્લાહે તેને એક સો વર્ષ મૃત રાખ્યો (મૃત્યુ પામેલી હાલતમાં રાખ્યો) પછી તેને ઉઠાડયો (સજીવન કર્યો); તને પૂછ્યું, તું કેટલા સમય સુધી (આવી હાલતમાં) રહ્યો ? તેણે કહ્યું, હું એક દિવસ અથવા એક દિવસથી થોડા ઓછા સમય માટે (આવી હાલતમાં) રહ્યો (હોઈશ) ! તેણે (અલ્લાહે) કહ્યું, (નહીં) બલકે, તું સો વર્ષ સુધી (આવી હાલતમાં) રહ્યો ! બસ, (હવે) તું તારા ખાવા-પીવાની વસ્તુઓ તરફ જો, તે સડી નથી ગઈ ! અને પોતાના ગધેડા તરફ જો, અને અમે તને લોકો માટે એક નિશાની

બનાવીશું, અને (ગધેડાના) હાડકાં તરફ જો અમે તેને કેવી રીતે (સાજા–સમા કરી) જોડીએ છીએ ? પછી તેના ઉપર માંસ ચઢાવીએ છીએ ! પછી જ્યારે તેના ઉપર જાહેર થઈ ગયું તો બોલી ઉઠયો, હું જાણું છું કે અલ્લાહ દરેક વસ્તુ ઉપર કુદરત (શક્તિ) ધરાવનાર છે. (૨૫૯)

તફસીર :

શું તમે તે ઘટના જાણી નથી ? એક વ્યક્તિ હતો, તે (ચાલતાં ચાલતાં) એક વસ્તી પાસેથી એવી હાલતમાં પસાર થયો કે તેના મકાન પોતાના છાપરાંઓ ઉપર પડી ગયા હતા (એટલે કે પ્રથમ છાપરાં પડી ગયા પછી તેના ઉપર દિવાલો પડી ગઈ, તેનો અર્થ એ છે કે આ વસ્તી કોઈ દુર્ઘટનાના કારણે વેરાન થઈ ગઈ હતી અને બધા નિવાસીઓ મૃત્યુ પામ્યા હતા. આ વ્યક્તિ આવી પરિસ્થિતિ જોઈને આશ્ચર્યથી) કહેવા લાગ્યો કે, (ખબર નહિ) અલ્લાહ તઆલા આ વસ્તી (એટલે કે તેના મૃત્યુ પામેલા લોકોને) તેમના મર્યા પછી કેવી હાલતમાં (કયામતમાં) સજીવન કરશે ? (એ તો વિશ્વાસ હતો કે અલ્લાહ તઆલા કયામતમાં મુરદાઓને સજીવન કરશે પરંતુ તે સમયે જીવાડવાનો જે વિચાર મનમાં આવ્યો તો એનાથી વિસ્મયકારી હોવાની એક કૈફિયત દિલ ઉપર છવાઈ ગઈ અને કારણ કે અલ્લાહ તઆલા એક કામને અનેક પ્રકારે કરી શકે છે. એટલા માટે તેમને એવો વિચાર આવ્યો કે, અલ્લાહ તઆલા આ સજીવન કરવાનું કાર્ય કયા સ્વરૂપે કરશે ? અલ્લાહ તઆલાને મંજૂર હતું કે, આ ઘટના દુનિયામાં જ બતાવી દેવામાં આવે, જેથી એક દાખલો પણ થઈ જાય અને લોકો તેના દ્વારા વધુ હિદાયત પ્રાપ્ત કરે) બસ, (એટલા માટે) અલ્લાહ તઆલાએ તે વ્યક્તિ(નો જીવ કબજે કરી તેને) સો વર્ષ સુધી મરેલી હાલતમાં રાખ્યો, પછી (સો વર્ષ પછી) તેને સજીવન કર્યો ! (અને ત્યારબાદ તેને) પૂછ્યું, તું કેટલી મુદત આવી હાલતમાં રહ્યો? તે વ્યક્તિએ જવાબ આપ્યો, એક દિવસ રહ્યો હોઈશ અથવા એક દિવસથી પણ ઓછું ! (કહેવાનો અર્થ હતો કે ખૂબ ઓછા સમય માટે આવી હાલતમાં રહ્યો હોઈશ.) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, નહીં ! બલકે તું (આવી હાલતમાં) સો વર્ષ સુધી રહ્યો (અને જો પોતાના શરીરમાં કોઈ ફેરફાર ન થવાથી કોઈ આશ્ચર્ય થતું હોય તો) તું પોતાના ખાવા–પીવાની ચીજ–વસ્તુઓ તરફ જોઈ લે કે (લેશમાત્ર) સડી નથી (એક કુદરત તો અમારી આ પ્રકારની છે) અને (બીજી

કુદરત જોવા માટે) પોતાના (સવારીના) ગધેડા તરફ નજર કર (કે સડી-ગળીને કેવી હાલત થઈ ગઈ છે ! અમે ઘણાં જ જલદી તેને તારી સામે સજીવન કરી આપીએ છીએ) અને (અમે તને એટલા માટે મારીને જીવતો કર્યો છે) જેથી અમે તને લોકો માટે (પોતાની કુદરતની) એક નિશાની બનાવી આપીએ (કે આ દાખલાથી પણ કયામતના દિવસે જીવંત થવાની દલીલ કરી શકાય) અને (હવે આ ગધેડાના) હાડકાંઓ તરફ નજર કર કે અમે તેને કેવી રીતે જોડીએ છીએ, પછી તેના ઉપર માંસ ચઢાવીએ છીએ ? (પછી અમે તેમાં જીવ નાંખીએ છીએ, મતલબ કે આ બધા કાર્યો એ જ પ્રમાણે કરવામાં આવ્યા) પછી જ્યારે આ બધી ઘટના આ વ્યક્તિ ઉપર જાહેર થઈ ગઈ તો (ઉત્સાહમાં આવી) કહેવા લાગ્યો કે હું (દિલથી) યકીન રાખું છું કે, નિઃશંક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૬૦)

وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِىْ كَيْفَ تُحْىِ الْمَوْتٰى ؕ قَالَ اَوَلَمْ تُؤْمِنْ ؕ قَالَ بَلٰى
وَلٰكِنْ لِّيَطْمَئِنَّ قَلْبِىْ ؕ قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ الطَّيْرِ فَصُرْهُنَّ اِلَيْكَ ثُمَّ اجْعَلْ
عَلٰى كُلِّ جَبَلٍ مِّنْهُنَّ جُزْءًا ثُمَّ ادْعُهُنَّ يَاْتِيْنَكَ سَعْيًا ؕ وَاعْلَمْ اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٦٠﴾ ع

તરજુમો :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, હે મારા પરવરદિગાર ! મને બતાવ, તું મૃત્યું પામેલાને કઈ રીતે સજીવન કરે છે ? (અલ્લાહે) કહ્યું, શું તને વિશ્વાસ નથી ? તેણે કહ્યું, કેમ નહીં ! અને પરંતુ હું ઈચ્છું છું કે જેથી મારા દિલને સંતોષ થઈ જાય ! અલ્લાહે કહ્યું, બસ તું ચાર પક્ષીઓ પકડી લે, પછી તેમને પોતાના (હળીમળી જાય એવા) પરિચિત બનાવી લે, પછી (ઝબહ કરીને) દરેક પર્વત ઉપર તેમનો (એક-)એક ટૂકડો મૂકી દે, પછી તેમને બોલાવ! તે તારા તરફ દોડતાં આવશે, અને જાણી લે કે બેશક ! અલ્લાહ મહાશક્તિશાળી (અને) મહાન હિકમતવાળો છે. (૨૬૦)

તફસીર :

અને તે સમય(ની ઘટનાને) યાદ કરો ! જ્યારે કે ઈબ્રાહીમ (અલૈ.)એ (અલ્લાહ તઆલાને) વિનંતી કરી કે, હે મારા પરવરદિગાર ! મને બતાવી આપો કે, તમે મરેલાને કેવી રીતે (કયામતમાં) સજીવન કરશો ? (એટલે કે સજીવન કરવાનું યકીન તો છે, પરંતુ સજીવન કરવાના વિવિધ સ્વરૂપો અને પ્રકારો હોઈ શકે છે, તેની ખબર નથી. એટલા માટે તે જાણવા માટે દિલ ઈચ્છા કરે છે. આ સવાલથી કોઈ નાસમજ વ્યક્તિ એવી શંકા કરી શકે છે કે, નઊઝુબિલ્લાહ ! ઈબ્રાહીમ અલૈ.ને મૃત્યુ પછી સજીવન થવા ઉપર ઈમાન નથી. પરંતુ અલ્લાહ તઆલાએ સામેથી આ પ્રશ્ન કરીને વાતને સ્પષ્ટ કરી દીધી અને ઈબ્રાહીમ અલૈ.ને આ સવાલના જવાબમાં) ઈરશાદ ફરમાવ્યો, શું તમને (તેના ઉપર) યકીન નથી ? (જવાબમાં ઈબ્રાહીમ અલૈ.એ) વિનંતી કરી, યકીન કેમ ન કરું ?! પરંતુ એ કારણથી આવી દરખાસ્ત કરું છું, જેથી મારા દિલને સંતોષ થઈ જાય (દિમાગ વિચારો અને અન્ય ખોટી ભ્રમણાઓમાં ન પડે) ઈરશાદ થયો કે, સારું તમે ચાર પક્ષીઓ લઈ લો પછી તેમની સાથે (પાળીને) ઘરોબો કેળવી લો (જેથી તેમની ઓળખ પ્રસ્થાપિત થઈ જાય અને તમારા બોલાવવાથી તમારી પાસે આવી જાય) પછી (બધાને ઝબહ કરીને તેના હાડકાંઓ અને પાંખો સહિત તેના ટૂકડા કરી પોતાની મરજીથી કોઈ પહાડો નક્કી કરી) દરેક પહાડ ઉપર તેમાંથી એક-એક ટૂકડો મૂકી દો (અને) પછી તે સૌને બોલાવો, (જુઓ) તમારી પાસે (જીવતા થઈને) દોડતાં ચાલ્યા આવશે અને એ બાબતનો ખૂબ વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલા જબરદસ્ત શક્તિવાળો છે (બધું જ કરી શકે છે તો પણ અમુક બાબતો નથી કરતો, કારણ કે તે) હિકમતવાળો (પણ) છે. (દરેક કાર્ય હિકમત પ્રમાણે કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની દરખાસ્ત મુજબ તેમણે કરેલું મૃત્યુ પછી સજીવન થવાની ઘટનાનું અવલોકન અને તેના વિશે ઉપસ્થિત થતી કેટલીક શંકાઓનું નિવારણ :

આ ત્રીજી ઘટના છે, જે પ્રસ્તુત આયતોમાં વર્ણન કરવામાં આવી છે, જેનો

ખુલાસો એ છે કે ખલીલુલ્લાહ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહ તઆલાને એવી દરખાસ્ત કરી કે, મને એ બાબતનું અવલોકન કરાવો કે તમે મૃત શરીરને કેવી રીતે સજીવન કરો છો ? અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે, આ દરખાસ્ત કરવાનું શું કારણ છે ? શું તમને મારી સંપૂર્ણ શક્તિ ઉપર વિશ્વાસ નથી કે, હું તે દરેક વસ્તુઓ ઉપર આધિપત્ય ભોગવું છું ? ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના દિલની અસલી પરિસ્થિતિ બતાવીને વર્ણન કર્યું, યકીન કઈ રીતે ન કરું ! કારણ કે, તમારી સંપૂર્ણ શક્તિનો સૃષ્ટિના પ્રત્યેક અણુ ઉપર વારે-ઘડીએ સાક્ષાત્કાર થતો રહે છે, પરંતુ માનવ પ્રકૃતિ છે કે, જે બાબતને નજરે જોઈને અવલોકન ન કરે, ભલે તે ગમે એટલું ચોક્કસ કાર્ય હોય તેને સંતોષ થતો નથી. એટલા માટે આ બાબત નજરે જોવાની દરખાસ્ત કરી છે કે, મૃત્યુ પછી સજીવન કરવાના વિવિધ સ્વરૂપો અને પરિસ્થિતિઓમાં દિમાગ અટવાઈ ન જાય અને મારા મનને શાંતિ તથા સંતોષ પ્રાપ્ત થઈ જાય.

અલ્લાહ તઆલાએ તેમની દરખાસ્ત કબૂલ કરીને તેમને મૃત શરીર સજીવન થવાનો સાક્ષાત્કાર કરવાનું એક હેરતઅંગેજ સ્વરૂપ બતાવ્યું, જેમાં ઈન્કાર કરનારાઓની તમામ શંકાઓ અને વાંધાઓનો રદિયો પણ થઈ ગયો. તે સ્વરૂપ એવું હતું કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને હુકમ આપવામાં આવ્યો, ચાર પક્ષીઓને પોતાની પાસે ભેગા કરો, પછી તેમને પોતાની પાસે રાખીને પોતાના પાલતું બનાવી લેવામાં આવે અને તેમને એવા પાલતું બનાવવામાં આવે કે તમારા બોલાવવાથી તરત જ આવી જાય અને તેમની સંપૂર્ણ રીતે ઓળખ પ્રસ્થાપિત થઈ જાય અને શંકા ન રહે કે, કદાચ કોઈ અન્ય પક્ષી આવી ગયું હશે. ત્યારબાદ તે ચારે પક્ષીઓને ઝબહ કરીને તેમના હાડકાંઓ અને પાંખોનો ખીમો બનાવી ઘણા બધા ભાગ કરી નાંખો અને પોતાની રીતે અલગ-અલગ પહાડો ઉપર આ ખીમાના એક-એક ભાગને મૂકી દો, પછી તેમને બોલાવો તો તે અલ્લાહની સંપૂર્ણ કુદરત વડે સજીવન થઈને દોડતાં-દોડતાં તમારી પાસે આવી જશે.

તફસીરે રુહૂલ મઆનીમાં આ ઘટના ઈબ્નુલ મુંજિર હઝરત હસન (રદિ.)થી રિવાયત છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ એવું જ કર્યું પછી તે પક્ષીઓને બોલાવ્યા તો તરત હાડકાં સાથે હાડકાં, પાંખો સાથે પાંખો, લોહીથી લોહી અને માંસથી માંસ ભેગા થઈને બધા પોત-પોતાના અસલી સ્વરૂપમાં

સજીવન થઈને દોડતાં-દોડતાં ઈબ્રાહીમ (અલૈ.) પાસે આવી ગયા. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, "હે ઈબ્રાહીમ ! કયામતના દિવસે આવી જ રીતે બધા અવયવોને અને શરીરના અંશોને ભેગા કરીને તેમાં જીવ નાંખીશ."

કુર્આનમાં يَأْتِينَكَ سَعْيًا શબ્દો આવ્યા છે કે, આ પક્ષીઓ દોડતાં-દોડતાં આવશે, એનાથી જાણી શકાય છે કે, તે ઉડીને નહિ આવે. કારણ કે, આસમાનમાં ઉડીને આવવાથી નજરોથી ઓજલ થવાની અને પક્ષીઓ બદલાય જવાની શંકા થઈ શકે છે. જમીન ઉપર ચાલીને આવવામાં તે બિલકુલ સામે રહેશે. આ ઘટનામાં અલ્લાહ તઆલાએ કયામતમાં મૃત્યુ પછી સજીવન થવાના આવા નમૂનાનો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અવલોકન કરાવ્યું, જેમાં મુશ્રિકો અને ઈન્કારીઓની બધી શંકાઓનો રદિયો થઈ ગયો.

મૃત્યુ પછી સજીવન થવા વિશે અને આખિરતના જીવન ઉપર સૌથી મોટી શંકા ઈન્કારીઓને એવી હોય છે કે, મૃત્યુ પછી માણસ માટી બની જાય છે. પછી આ માટી ક્યાં તો હવા સાથે ઉડી જાય છે, ક્યાં તો પાણી સાથે વહી જાય છે અને ક્યાંક ઝાડો અને ખેતીઓના સ્વરૂપમાં બદલાય જાય છે. પછી તેના અણુએ અણુ સમગ્ર દુનિયામાં દૂર-સુદૂર ફેલાય જાય છે, તો આવી રીતે ક્ષત-વિક્ષત થયેલા અને વિખરાયેલા માનવઅંશોને ભેગા કરી તેમાં રૂહ (જીવ) નાંખવી ઉપરછલ્લી નજરે જોનાર વ્યક્તિની સમજમાં નથી આવી શકતું, કારણ કે, તે આ પરિસ્થિતિમાં ઘટનાની મૂલવણી કરવા પોતાની બુદ્ધિમર્યાદા પ્રમાણે અનુમાન લગાવે છે. પરંતુ તે વ્યક્તિ પોતાની સમજશક્તિથી વિશાળ અને કલ્પનામાં ન સમાઈ શકે એવી શક્તિના અસ્તિત્વમાં વિચાર કરતો નથી !

અલબત્ત, જો તે જરા સરખું પોતાના અસ્તિત્વમાં ચિંતન કરે, તો તેને દેખાશે કે, આજે પણ તેનું અસ્તિત્વ સમગ્ર દુનિયામાં વિખરાયેલા અંશો અને અણુઓનો જ એક સમૂહ છે. મનુષ્યનો જન્મ જે માં-બાપના માધ્યમ વડે થાય છે, જે ખોરાક વડે તેનું લોહી અને શરીર બને છે, તે પોતે દુનિયાના વિવિધ ક્ષેત્રોમાં વિખરાયેલા અણુઓ જ છે. જન્મ પછી મનુષ્ય જે ખોરાક દ્વારા ભરણ-પોષણ પામે છે, જેનાથી તેનું લોહી અને માંસ બને છે, તેમાં વિચાર કરે તો આ ખોરાકમાં એક-એક વસ્તુ એવી છે, જે સમગ્ર દુનિયામાં વિખરાયેલા અણુ-પરમાણુની બનેલી છે. મનુષ્ય જે દૂધ પીએ છે, તે કોઈ ગાય, બકરી,

ભેંસના શરીરનો કોઈ ભાગ છે અને આ પ્રાણીઓમાં દૂધના અંશો ઘાસ ખાવાથી ઉત્પન્ન થાય છે, આ ઘાસ અથવા દાણા ખબર નહીં કે, દુનિયાના અને જમીનના કયા કયા ખૂણામાંથી આવે છે ? અને સમગ્ર પૃથ્વી ઉપર ફૂંકાતી હવાઓએ ક્યાં ક્યાંથી ધૂળના રજકણો અને વાદળ-વરસાદ લાવી આ ઘાસને ઉછેર્યું છે ? એ જ પ્રમાણે જગતનો દાણે-દાણો, ફળો, લીલોતરી, બલકે મનુષ્યનો બધો જ ખોરાક તથા દવાઓ વગેરે જે તેના શરીરનો એક ભાગ બને છે, તે બધું દુનિયાના કયા કયા ખૂણામાંથી, કેવી કેવી રીતે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને તેના અકલ્પનીય સુગ્રથિત વ્યવસ્થા તંત્રએ એક મનુષ્યના શરીરમાં ભેગું કરી દીધું છે?! જો બેદરકાર અને વાંકદેખા કમજોર મનુષ્યની આંખો દુનિયાને છોડીને પોતાના જ શરીરમાં સંશોધન કરવા બેસી જાય તો તેને નજરે પડશે કે, તેનું પોતાનું અસ્તિત્વ પોતે જ અસંખ્ય વિભાગોનું અને તત્ત્વોનું સંયોજન છે, એક કોઈ પૂર્વનો અંશ છે, તો કોઈ પશ્ચિમનો, કોઈ અંશ ઉત્તરનો છે તો કોઈ દક્ષિણનો ! આજે પણ સમગ્ર વિશ્વમાં વિખરાયેલા અંશોને કુદરતના મજબૂત વ્યવસ્થાતંત્રએ તેના શરીરમાં ભેગા કરી દીધા છે અને મૃત્યુ પછી આ અંશો અને તત્ત્વો ફરી એ જ પ્રમાણે વિખરાય જશે, માટે હવે બીજી વખતે આ અંશોને ભેગા કરવા અલ્લાહની સંપૂર્ણ કુદરત માટે કશું મુશ્કેલ નથી, જેણે પ્રથમ વખતે મનુષ્યના અસ્તિત્વ માટે આ વિખરાયેલા અંશોને ભેગા કર્યા હતા, તે ફરીવાર પણ કરી શકે છે.

પ્રસ્તુત ઘટના સંદર્ભે અમુક પ્રશ્નો અને તેના ઉત્તરો :

પ્રસ્તુત આયતના વિષયમાં અમુક પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

પ્રથમ એ કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને આ પ્રશ્ન જ કેમ ઉપસ્થિત થયો, જ્યારે કે તેઓ અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતમાં તે સમયે દુનિયામાં વસતા બધા જ મનુષ્યો કરતાં સૌથી વધુ ઈમાન ધરાવનાર અને વિશ્વાસ કરનારા હતા ?

તેનો જવાબ આ ચર્ચામાં આવી ચૂક્યો છે. વાસ્તવમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો પ્રશ્ન કોઈ શંકાના કારણે ન હતો બલકે, સવાલનો હેતુ ફક્ત એ હતો કે, અલ્લાહ તઆલા કયામતમાં મુરદાઓને સજીવન કરશે તે અલ્લાહની સંપૂર્ણ કુદરત માટે કોઈ આશ્ચર્યની વાત નથી. બલકે, ચોક્કસ અલ્લાહ તઆલા તે મૃત્યુ પામેલાને સજીવન કરશે, પરંતુ મૃત શરીરને જીવંત કરવાનું કામ મનુષ્યની શક્તિ

બહારની વાત છે, એટલા માટે માણસે ક્યારેય કોઈ મૃત શરીરને સજીવન થતું જોયું નથી. ઉપરાંત મૃત શરીર સજીવન થવાના સ્વરૂપો અને પદ્ધતિઓ જુદી-જુદી હોય શકે છે અને મનુષ્યનો સ્વભાવ છે કે, જ્યાં સુધી તે કોઈ વસ્તુને નજરે ન જુએ, તે તેની વિવિધ પરિસ્થિતિઓ અને સ્વરૂપોનું સંશોધન કરતો રહે છે. તેમાં તેના વિચારો અનેક રસ્તે ચાલ્યા જાય છે, જેમાં વ્યક્તિ માનસિક બેચેનીનો પણ અનુભવ કરતો રહે છે. એટલા માટે આ માનસિક બેચેનીને દૂર કરવા અને મનની શાંતિ અને સંતોષ માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આવી દરખાસ્ત અલ્લાહના દરબારમાં રજૂ કરી હતી.

તેનાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, ઈમાન અને સંતોષમાં શું તફાવત છે ? ઈમાન એ સ્વૈચ્છિક આસ્થા, યકીન અને શ્રદ્ધાનું નામ છે, જે મનુષ્યએ રસૂલો ઉપર ભરોસો રાખી તેમના દ્વારા જ્ઞાત થયેલ અદશ્ય બાબતો ઉપર રાખ્યું હોય છે અને સંતોષ તથા શાંતિ દિલ સાથે સંબંધ રાખે છે. અમુક સમયે નજરોથી અદશ્ય કોઈ બાબત ઉપર સંપૂર્ણ વિશ્વાસ તો હોય છે, પરંતુ મનને સંતોષ થવામાં કચવાટ રહે છે અથવા તેના સ્વરૂપોનું જ્ઞાન હોતું નથી. આવી પરમ શાંતિ ફક્ત તે અદશ્ય બાબતનો સાક્ષાત્કાર કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પણ મૃત્યુ પછી સજીવન થવાનું સંપૂર્ણ ઈમાન અને વિશ્વાસ તો હતો જ, પરંતુ તેમનો પ્રશ્ન આ રીતે મૃત શરીર સજીવન થવાની પરિસ્થિતિઓ અને તેના વિવિધ સ્વરૂપો વિશે જાણવાનો હતો.

બીજો સવાલ એ છે કે, જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો સવાલ મૃત શરીર સજીવન કરવાના સ્વરૂપ વિશે હતો અને વાસ્તવમાં મૌત પછી સજીવન થવામાં કોઈ શંકા-કુશંકા ન હતી, તો પછી અલ્લાહ તઆલાનો ઈરશાદ اَوَلَمْ تُؤْمِنْ એટલે "શું તમને વિશ્વાસ નથી ?" કહેવાનું કોઈ કારણ જણાતું નથી. તેનો જવાબ એ છે કે, જે સવાલ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ રજૂ કર્યો કે, વાસ્તવિક ઘટનામાં કોઈ શંકા નથી, પરંતુ આ પ્રશ્નનો એક અર્થ એ જ છે કે, તેમને મૃત શરીરના સજીવન થવાના વિવિધ સ્વરૂપો વિશે જાણવું હતું.

આ જ સવાલના શબ્દોમાં એક બીજો અર્થ એ પણ હોઈ શકે છે કે, જે પ્રશ્ન કુદરતમાં શંકા અથવા ઈન્કારના કારણે પૈદા થતો હોય છે, જેમકે તમે કોઈ વજન વિશે એ વિશ્વાસ રાખો કે ફલાણો વ્યક્તિ તે નહિ ઉઠાવી શકે અને તમે તેને તે વજન ઉઠાવવાથી લાચાર થતો જોવા માટે કહો કે, વારૂં જોઊં તો, કઈ રીતે તે

આ વજન ઉઠાવે છે !? એ જ પ્રમાણે ઈબ્રાહીમ (અલૈ.)ના પ્રશ્નનો કોઈ આવી રીતે ખોટો અર્થ પણ લઈ શકે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ (અલૈ.) આ ખોટી વાતથી મુક્ત હોવાનું સાબિત કરવા માટે ઈરશાદ ફરમાવ્યો, أَوَلَمْ تُؤْمِنْ જેથી ઈબ્રાહીમ (અલૈ.) તેના જવાબમાં بَلٰی ફરમાવીને ખોટું અર્થઘટન કરી અતિશયોક્તિ કરનારાઓની ટીકા-ટિપ્પણીથી બચી ગયા.

ત્રીજો પ્રશ્ન અને શંકા એ ઉપસ્થિત થઈ શકે છે કે, ઈબ્રાહીમ (અલૈ.)ના આ પ્રશ્નથી ઓછામાં ઓછી એટલી તો જાણ થઈ કે તેમને મૌત પછીના જીવન ઉપર સંતોષ ન હતો ! જ્યારે કે, હઝરત અલી (રદિ.)ની રિવાયત છે કે, તેમણે ફરમાવ્યું કે, “જો "આલમે ગયબ" (અદશ્ય દુનિયા) ઉપરથી પરદો ઉઠાવી દેવામાં આવે તો મારા યકીન અને સંતોષમાં કોઈ વધારો નહિ થાય. કારણ કે, મને "ઈમાન બિલ ગયબ" (અદશ્ય બાબતો ઉપર આસ્થા) સંપૂર્ણ રીતે પ્રાપ્ત થયેલ છે,” તો જ્યારે અમુક ઉમ્મતીઓના સંતોષનો દરજ્જો આટલો ઊંચો છે, તો એવું કઈ રીતે બની શકે છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને એ પ્રમાણે સંતોષનો દરજ્જો પ્રાપ્ત ન થાય ?

આ વિશે એટલું જાણી લેવું જોઈએ કે સંતોષ અને મનની શાંતિના ઘણા બધા દરજ્જાઓ છે. એક તે સંતોષ છે કે, જે અલ્લાહના વલીઓ અને સિદ્દીકોને પ્રાપ્ત થાય છે અને એક તે દરજ્જો છે જે અંબિયા (અલૈ.)ને પ્રાપ્ત થાય છે અને તેનાથી વિશેષ સંતોષ અને મનની શાંતિનો તે શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાનો દરજ્જો છે, જે અદશ્ય બાબતના સાક્ષાત્કાર થવાથી પ્રાપ્ત થાય છે.

હઝરત અલી (રદિ.)ને શાંતિ અને મનના સંતોષનો જે દરજ્જો પ્રાપ્ત થયો હતો તે નિઃશંક ! હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પણ પ્રાપ્ત થયો હતો બલકે, તેનાથી ઉચ્ચ કક્ષાનો દરજ્જો નુબુવ્વતના ખાસ હોદ્દા સાથે પ્રાપ્ત થયો હતો. આ સંતોષના દરજ્જામાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) બધા ઉમ્મતીઓ કરતા શ્રેષ્ઠ, ઉત્તમ અને ચઢિયાતા હતા, પરંતુ જે સંતોષના દરજ્જાને તેઓ પ્રાપ્ત કરવાની તમન્ના રાખતા હતા તે માત્ર અમુક ખાસ-ખાસ નબીઓને અર્પણ કરવામાં આવે છે. જેમકે, સરવરે કાઇનાત સય્યિદુલ અંબિયા ﷺને જન્નત અને દોઝખનો અવલોકન કરાવીને એક ખાસ પ્રકારની મનની શાંતિ અને સંતોષ અર્પણ કરવામાં આવ્યો હતો.

મતલબ કે, આ પ્રશ્નના કારણે એવું કહેવું પણ યોગ્ય નથી કે, હઝરત

ઈબ્રાહીમ (અલૈ.)ને સંતોષ ન હતો. અત્રે એવું કહી શકાય છે કે, તેમને સંપૂર્ણ સંતોષ કે જે કોઈ અદશ્ય બાબતને નજરે જોવાથી પ્રાપ્ત થાય છે, તે મેળવવો હતો. એટલા માટે તેમણે આ દરખાસ્ત કરી.

આયતના અંતમાં ફરમાવ્યું, اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ એટલે કે, "અલ્લાહ તઆલા મહાબળવાન છે અને હિકમતવાળો છે." મહાબળવાન અને પોતે જોરાવર હોવાનું વર્ણન કરી અલ્લાહે પોતાની સંપૂર્ણ કુદરતનો ઉલ્લેખ કર્યો અને હિકમતવાળો કહીને એ બાબત તરફ ઈશારો કર્યો કે, હિકમતના તકાદાના કારણે મૃત્યુ પછી સજીવન થવાનું અવલોકન દરેકને કરાવવામાં નથી આવતું. નહિતર અલ્લાહ તઆલા માટે એ કોઈ મુશ્કેલ કામ નથી કે, દરેક મનુષ્યને તેનો સાક્ષાત્કાર કરાવે, પરંતુ આવું કરાવવાથી અદશ્ય બાબતો ઉપર ઈમાનની જે શ્રેષ્ઠતા છે તે બાકી નહીં રહે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૬૧ થી ૨૬૬)

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ

سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ

عَلِيْمٌ ﴿۲۶۱﴾ اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَاۤ اَنْفَقُوْا

مَنًّا وَّلَاۤ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۶۲﴾

قَوْلٌ مَّعْرُوْفٌ وَّمَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَاۤ اَذًى ؕ وَاللّٰهُ غَنِيٌّ حَلِيْمٌ ﴿۲۶۳﴾

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ۙ كَالَّذِيْ يُنْفِقُ مَالَهٗ

رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ

فَاَصَابَهٗ وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًا ؕ لَا يَقْدِرُوْنَ عَلٰى شَيْءٍ مِّمَّا كَسَبُوْا ؕ وَاللّٰهُ لَا

يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۲۶۴﴾ وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ

مَرْضَاتِ اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۢ بِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ

اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٢٦٥﴾ اَيَوَدُّ

اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ لَهٗ

فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَاۤ اِعْصَارٌ فِيْهِ

نَارٌ فَاحْتَرَقَتْ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿٢٦٦﴾ ع

તરજુમો :

જે લોકો અલ્લાહના રસ્તામાં પોતાનો માલ ખર્ચ કરે છે, તેમનું ઉદાહરણ એક દાણા જેવું છે જેમાંથી સાત ડૂંડીઓ ઊગે, અને દરેક ડૂંડીમાં સો(-સો) દાણા હોય ! અને અલ્લાહ જેમના માટે ઈચ્છે છે (તેનાથી પણ) વધારી આપે છે; અને અલ્લાહ તઆલા ઘણો વિસ્તારનાર (અને) સઘળું જાણનાર છે. (૨૬૧) જે લોકો પોતાના માલને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે, પછી ખર્ચ કરીને કોઈ અહેસાન જતાવતા નથી (અને જેને માલ આપ્યો છે તેને) કોઈ તકલીફ આપતા નથી તેમના જ માટે તેમના પરવરદિગાર પાસે (સારો) બદલો છે, તેમને ન કોઈ ભય હશે અને ન તેઓ ગમગીન થશે. (૨૬૨) વિનમ્રતાથી વાત કરવી (સારો વર્તાવ કરવો) અને દરગુજર (જતું) કરવું એવી ખયરાતથી ઉત્તમ છે કે, જેને આપ્યા પછી તકલીફ આપવામાં આવે; અને અલ્લાહ બેનિયાઝ (બેપરવા અને) ઘણો સહનશીલ છે. (૨૬૩) હે ઈમાનવાળાઓ ! તમારી ખયરાત અહેસાન જતાવીને તથા (જેને ખયરાત આપી છે તેને) ત્રાસ આપીને બરબાદ ન કરો; તે વ્યક્તિની જેમ, જે પોતાનો માલ (લોકોને) બતાવવા માટે ખર્ચ કરે છે, અને અલ્લાહ ઉપર તથા આખિરતના દિવસ ઉપર ઈમાન નથી રાખતો, બસ ! તેનું ઉદાહરણ એવા ચોખ્ખા (લીસા) પથ્થર જેવું છે જેના ઉપર માટી બાઝી હોય, પછી તેના ઉપર મુશળધાર વરસાદ પડે, તો તે માટી ધોવાઈને (તે પથ્થર) બિલકુલ ચોખ્ખો થઈ જાય, એવા લોકો પોતાની કમાણી ઉપર કોઈ લાભ મેળવવાના

નથી; અને અલ્લાહ કાફિરોને સીધો માર્ગ બતાવતો નથી. (૨૬૪) અને જે લોકો પોતાનો માલ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા અને પોતાના મનને (ઈમાન ઉપર) મક્કમ રાખવા ખર્ચ કરે છે, તેમનું ઉદાહરણ એવું છે જેમકે ઊંચાઈ પર એક બાગ હોય, તેના ઉપર મુશળધાર વરસાદ પડ્યો તો તેણે (તે બાગે) બમણા ફળો આપ્યા; પછી જો મુશળધાર વરસાદ ન પડ્યો તો (ફક્ત) ઝરમર-ઝરમર વરસાદ (પણ) પૂરતો છે; અને તમે જે કંઈ કરો છો અલ્લાહ બહું સારી રીતે જુએ છે. (૨૬૫) શું તમારામાંથી કોઈ પસંદ કરે છે કે, તેનો એક ખજૂર અને દ્રાક્ષનો બગીચો હોય ? તેની નીચે નહેરો વહેતી હોય ! તેમાં તેના માટે દરેક પ્રકારના ફળો હોય ! અને તેના ઉપર ઘડપણ આવી જાય, અને તેના બાળકો અશક્ત હોય, એવા સમયે તે (બગીચા) ઉપર એક ચક્રવાત (ગરમ લૂ નો વંટોળિયો) આવી ગયો, જેમાં એક આગ હતી તો તે (બગીચો) સળગી ગયો ! એ જ પ્રમાણે અલ્લાહ તમારા માટે નિશાનીઓ (સ્પષ્ટ) વર્ણન કરે છે જેથી તમે ચિંતન (અને મનન) કરો. (૨૬૬)

તફસીર :

જે લોકો અલ્લાહના રસ્તામાં (એટલે કે સારા કાર્યોમાં) પોતાનો માલ ખર્ચ કરે છે, તેમના ખર્ચ કરેલ માલની પરિસ્થિતિ (અલ્લાહ નજીક) એવી છે જેમકે એક દાણો, (કલ્પના કરો !) તેમાંથી સાત ડૂંડીઓ (તે દાણામાંથી) નીકળે, (અને) દરેક ડૂંડીમાં સો દાણા હોય (એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તેનો સવાબ સાતસો ઘણો વધારી દે છે) અને આ વધારો અલ્લાહ જેના માટે ચાહે છે (તેના ઈખ્લાસ અને તેની નિય્યત પ્રમાણે) કરે છે અને અલ્લાહ તઆલા ઘણો વિસ્તારનારો (ઉદાર) છે, (અલ્લાહ પાસે કોઈ વસ્તુની કમી નથી; તે સૌના માટે વધારો કરી શકે છે પરંતુ સાથે જ) જાણનારો (પણ) છે. (એટલા માટે નિય્યત અને ઈખ્લાસ વગેરે જોઈને અર્પણ કરે છે) જે લોકો પોતાનો માલ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે પછી ખર્ચ કર્યા બાદ ન તો (જેને આપ્યું છે તેને મૌખિક રીતે) અહેસાન જતાવે અને ન જ (પોતાની વર્તણૂક દ્વારા) તેને કોઈ તકલીફ પહોંચાડે એવા લોકોને તેમના (અમલનો) પરવરદિગાર તરફથી તેનો સવાબ મળશે અને (કયામતના દિવસે) તેમને ન કોઈ ભય હશે અને ન તેઓ ગમગીન થશે (તંગીના સમયે સવાલ કરનારને જવાબમાં યોગ્ય રીતે) નરમીથી વાત કરી દેવી અને (જો

માંગનાર બદ્તમીઝી કરે અથવા ગુસ્સો અપાવે અથવા જીદ કરીને તંગ કરે તો તેને) દરગુઝર કરવું (અનેક ઘણું) ઉત્તમ છે એવી ખૈરાતથી કે, જેને આપ્યા પછી તકલીફ પહોંચાડવામાં આવે અને અલ્લાહ તઆલા (પોતે) ગની છે (તેને કોઈના માલની કોઈ જરૂર નથી જે કંઈ ખર્ચ કરો છો, તે પોતાના માટે ખર્ચ કરો છો અને કોઈને તકલીફ પહોંચાડવા સબબ અલ્લાહ તરત જ સજા નથી આપતો, તેનું કારણ એ છે કે તે) ઉદાર છે; હે ઈમાનવાળાઓ ! તમે અહેસાન જતાવીને અથવા તકલીફ પહોંચાડીને પોતાની ખૈરાત(ના સવાબને) બરબાદ ન કરો, જે પ્રમાણે તે વ્યક્તિ પોતે (દાનનો મૂળ સવાબ જ બરબાદ કરી દે છે) જે પોતાનો માલ ખર્ચ કરે છે (ફક્ત) લોકોને બતાવવા માટે; અને અલ્લાહ તથા આખિરતના દિવસ ઉપર ઈમાન નથી રાખતો (મતલબ એ છે કે, તે ઈમાનનો મુન્કિર અને મુનાફિક છે) બસ, આવા વ્યક્તિની પરિસ્થિતિ એવી છે, જેમકે એક ચીકણો પથ્થર હોય, જેના ઉપર થોડી માટી લાગી હોય (અને માટી ઉપર થોડું ઘાસ ઊગી નીકળ્યું હોય) પછી તેના ઉપર મુશળધાર વરસાદ પડી જાય, બસ ! તે (પથ્થર વરસાદ પડવાથી) બિલકુલ ચોખ્ખો થઈ જાય (એ જ પ્રમાણે મુનાફિકોના હાથે અલ્લાહના રસ્તામાં કંઈ ખર્ચ પણ થઈ જાય તો તે જાહેરમાં સારો અમલ છે, જેમાં સવાબની આશા રાખવામાં આવતી હોય છે, પરંતુ તેમના નિફાક-દોગલાપણાના કારણે તે વ્યક્તિ સવાબથી કોરો રહી જાય છે. એટલા માટે કયામતમાં) આવા લોકોને પોતાની કમાણીનો જરાપણ લાભ નહિ મળે. (કારણ કે, કમાણી નેક અમલ છે અને આ દાન તો માત્ર દેખાડા માટે હતું, કારણ કે તે રિયાકાર પણ છે અને કાફિર પણ છે) અને અલ્લાહ તઆલા કાફિર લોકોને (કયામતના દિવસે સવાબનો એટલે કે જન્નતનો) સીધો માર્ગ નહિ બતાવે (કારણ કે કુફ્રના કારણે તેમનો કોઈ અમલ કબૂલ નથી થતો કે, જેનો સવાબ આખિરતમાં સંગ્રહિત થાય અને ત્યાં હાજર થઈ તેના બદલામાં જન્નતમાં પહોંચી જાય) અને તે લોકો કે જેઓ પોતાનો માલ અલ્લાહને રાજી રાખવા માટે તથા પોતાના યકીન (અને ઈમાન)ને મક્કમ બનાવવાના હેતુથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, તેમનું ઉદાહરણ એવું છે જાણે કે એક બાગ હોય, તે કોઈ ટેકરી ઉપર છે (એવી ખુશનૂમા જગ્યાએ છે કે જ્યાં બગીચાઓ માટે અનુકૂળ આબોહવા હોય છે અને) ત્યાં મૂશળધાર વરસાદ પડે, પછી તે (બગીચાની હરિયાળી અને ઉત્પાદનમાં તે વરસાદના કારણે વધારો થાય

અને) બમણા ફળો લાવે અને જો એવો મુશળધાર વરસાદ ન પણ પડે તો ઝરમર-ઝરમર (એટલે કે હળવો વરસાદ) પણ પૂરતો છે. (કારણ કે જમીન ફળદ્રુપ છે અને આબોહવા અનુકૂળ છે) અને અલ્લાહ તઆલા તમારા કાર્યોને ઘણી સારી રીતે જુએ છે (એટલા માટે જ્યારે તે બંદાની નિખાલસતાને જુએ છે ત્યારે તે તેનો સવાબ વધારી દે છે.) ભલા ! તમારામાંથી શું કોઈ એ બાબતને પસંદ કરશે કે તેનો ખજૂરો અને દ્રાક્ષનો બગીચો હોય (એટલે કે વધારે ઝાડો ખજૂરો અને દ્રાક્ષના હોય અને) તે (બાગ)ના (ઝાડો) નીચે નહેરો વહેતી હોય (જેનાથી તે બગીચો ખૂબ હરિયાળો અને ખુશનૂમા હોય) એ વ્યક્તિના તે બાગમાં (ખજૂરો અને દ્રાક્ષ સિવાય) અન્ય પણ દરેક પ્રકારના (કિંમતી) મેવાઓ હોય અને તે વ્યક્તિ ઉપર ઘડપણ આવી જાય (કારણ કે તે માનવ જીવનનો કુદરતી ક્રમ છે) અને તેના બાળ-બચ્ચાં પણ હોય, જેમનામાં (કમાવાની) શક્તિ નથી. (આવી પરિસ્થિતિમાં તેને બાળકોના ભરણ-પોષણની કોઈ અન્ય આશા પણ નથી, તેની આર્થિક જરૂરિયાતો માટે ફક્ત બગીચો જ છે.) પછી (આવી પરિસ્થિતિમાં એવી ઘટના બને કે) આ બાગ ઉપર એક ચક્રવાત આવી પડે, જેમાં આગ હોય પછી (તેનાથી) તે બગીચો સળગી જાય (તો દેખીતું છે કે કોઈપણ વ્યક્તિને આવી પરિસ્થિતિ પસંદ નહિ આવે ! પછી તેની સરખામણી એવી કરી શકાય છે કે, જાણે પ્રથમ સદકહ-ખૈરાત અથવા કોઈ નેક કામ કર્યું જે કયામતમાં કામ લાગવાની આશા હોય કે જ્યારે આવા નેક કાર્યોની સખત જરૂર પડવાની છે, એવા સમયે ખબર પડશે કે તમારા અહેસાન જતાવવાના કારણે અથવા ગરીબને તકલીફ પહોંચાડવાના કારણે તમારૂં સદકહ-ખૈરાત-દાન બધું વ્યર્થ અને બેબરકત થઈ ગયું, તે સમયે સખત પસ્તાવો થશે કે કેવી-કેવી તમન્નાઓ અને આશાઓ ઠગારી નિવડી. બસ, તમે આ ઉદાહરણથી આ ઘટનાને સમજી લો કે તમે આવી બાબત પસંદ નથી કરતા.) અલ્લાહ તઆલા આ જ પ્રમાણે દાખલાઓ તમારા માટે (તમને સમજાવવા) વર્ણન કરે છે. જેથી તમે ચિંતન-મનન કરો (અને ચિંતન-મનન કરી તેના પર અલ્લાહના હુકમ અનુસાર અમલ કરો).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ બકરહનો ૩૬મો રુકૂઅ્ છે, જે ૨૬૨ નંબરની આયતથી શરૂ

થાય છે. હવે, સૂરએ બકરહના પાંચ રૂકૂઅ્ બાકી રહે છે, જેમાં છેલ્લા રુકૂઅ્માં મહત્ત્વના હુકમો અને નિયમોનું વર્ણન છે. એનાથી પહેલાં ચાર રુકૂઅ્માં આયત નંબર ૨૬૨થી ૨૮૩ સુધી કુલ ૨૧ આયતો છે, જેમાં આર્થિક બાબતો સંબંધિત ખાસ સૂચનાઓ તથા હુકમો છે. આ હુકમો ઉપર જો દુનિયા આજે પણ સંપૂર્ણ રીતે અમલ કરે તો આર્થિક વ્યવસ્થાની બધા જ પ્રકારની સમસ્યાઓ આપો-આપ દૂર થઈ જાય, જેમાં આજે દુનિયા ચારેબાજુ દિશાવિહીન્ ભટકી રહી છે. ક્યાંક મૂડીવાદી અર્થવ્યવસ્થા છે તો કોઈ સ્થળે તેનાથી બિલકુલ વિપરિત સમાજવાદ અને સામ્યવાદી વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે અને આ વ્યવસ્થાઓના પરસ્પર ટકરાવથી થતી ખૂનામરકી અને યુદ્ધોએ દુનિયાને જહન્નમ બનાવી દીધી છે. આ આયતથી ઇસ્લામની આર્થિક વ્યવસ્થાનું એક અગત્યનું પાસુ વર્ણન કરવામાં આવ્યું છે. જેમકે,

(૧) પોતાની જરૂરિયાતથી વધારે માલને અલ્લાહને રાજી રાખવા માટે જરૂરતમંદ લોકો ઉપર ખર્ચ કરવાનું શિક્ષણ આપવામાં આવ્યું, જેને સદકહ, ખૈરાત (દાન) કહેવામાં આવે છે.

(૨) વ્યાજુ લેવડ-દેવડને હરામ ઠરાવવામાં આવી, તેનાથી બચવાની સૂચના આપવામાં આવી છે.

તેમાંથી પ્રથમ બે રૂકૂઅ્માં સદકહ અને ખૈરાતની ફઝીલતો અને તેના લાભોનો ઉલ્લેખ કરી તેના ઉપર અમલ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને તે સંદર્ભે હુકમો તથા સૂચનાઓનો ઉલ્લેખ થયો છે અને છેલ્લા બે રુકૂઅ્માં વ્યાજુ લેવડ-દેવડ તથા વ્યાજ આધારિત વેપાર-વાણિજ્યનો પ્રતિબંધ અને તેની મનાઈ કરવામાં આવી છે તથા કરજ તથા ઉધારની જાઇઝ પદ્ધતિનો ઉલ્લેખ થયો છે.

જે આયતો ઉપર લખાઈ ચૂકી છે તેમાં પ્રથમ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની ફઝીલતોનું વર્ણન કરવામાં આવ્યું છે અને ત્યારબાદ તેની એ શરતોનો પણ ઉલ્લેખ થયો છે કે, જેના દ્વારા સદકહ અને ખૈરાત (દાન) અલ્લાહ નજીક સ્વીકૃત અને સવાબનું કારણ બની જાય છે. પછી એવી બાબતોનો ઉલ્લેખ થયો છે જે મનુષ્યના સદકહ અને ખૈરાતની નેકીને બરબાદ કરી તેને ગુનાહોનો હકદાર બનાવે છે.

ત્યારબાદ બે ઉદાહરણો વર્ણન કરવામાં આવ્યા છે. એક એવા સદકહ અને ખૈરાતનું વર્ણન થયું કે, જે અલ્લાહ નજીક સ્વીકૃતિપ્રાપ્ત છે અને બીજા એવા સદકહ—ખૈરાતનું વર્ણન છે કે જે અલ્લાહ નજીક વ્યર્થ અને અસ્વીકૃત છે.

આ કુલ પાંચ વિષયો છે, જેનો આ રુકૂઅ્માં ઉલ્લેખ થયો.

અત્રે આ વિષયો પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે, કુર્આને કરીમે અલ્લાહના માર્ગમાં માલ ખર્ચ કરવા માટે ક્યાંક આ શબ્દ اِنْـفَـاقٌ (ખર્ચ કરવો) વર્ણન કર્યો છે, તો ક્યાંક શબ્દ اِطْـعَـامٌ (ખવડાવવું) કહ્યો છે, તો કોઈ સ્થળે આ શબ્દ صَدَقَةٌ (દાન) અને ક્યાંક اِيْتَاءُ الزَّكٰوةِ (ઝકાત આપવી) છે. કુર્આનના આ શબ્દો અને તેના વિવિધ સ્થળે થયેલા ઉપયોગ ઉપર નજર કરીશું તો જાણ થશે કે શબ્દ صَدَقَةٌ، اِطْعَامٌ، اِنْفَاقٌ સામાન્ય છે, જે દરેક પ્રકારના સદકહ અને ખૈરાત તથા અલ્લાહની ખુશનૂદી પ્રાપ્ત કરવા માટે દરેક પ્રકારના ખર્ચના અર્થમાં છે. ભલે તે ફરજ હોય કે વાજિબ હોય ! નફલ હોય કે મુસ્તહબ ! અને એક ફરજ ખર્ચ એટલે કે, "ઝકાત" માટે કુર્આન શરીફમાં એક ઉત્તમ શબ્દ اِيْتَـاءُ الـزَّكٰـوةِનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં એ બાબત તરફ ઈશારો છે કે, આ ખાસ પ્રકારનો સદકહ મેળવવા અને ખર્ચ કરવામાં વિશિષ્ટ પ્રકારનો સામાજિક અને આર્થિક સિદ્ધાંત છુપાયેલો છે અને તેના માટે આગવી શરતો પણ છે.

આ રુકૂઅ્માં મોટા ભાગના શબ્દો اِنْفَاقٌ થી આવ્યા છે અને અમુક ઠેકાણે તેને શબ્દ صَـدَقَـةٌ વડે દર્શાવવામાં આવ્યો છે, જેનો અર્થ એ છે કે, અત્રે સામાન્ય સદકાઓ અને દાનનું વર્ણન છે અને જે હુકમો અહીંયાં વર્ણન કરવામાં આવ્યા, તે દરેક પ્રકારના સદકહ અને અલ્લાહ તઆલા માટે ખર્ચ કરવાના બધા જ સ્વરૂપો માટે છે.

અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાનું એક ઉદાહરણ :

પ્રથમ આયતમાં કહેવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે એટલે કે હજ્જમાં, જિહાદમાં, ફકીરો અને મિસ્કીનો ઉપર તથા વિધવાઓ અથવા યતીમો ઉપર પોતાનો માલ ખર્ચ કરે અથવા પોતાના સગાં—વહાલાં અને દોસ્તો વગેરે ઉપર તેમની મદદ કરવાની નિય્યતથી ખર્ચ કરે, તેમનું ઉદાહરણ એવું છે કે, જેમકે કોઈ વ્યક્તિ ઘઉંનો એક દાણો ફળદ્રુપ જમીનમાં વાવે અને આ ઘઉંના દાણામાંથી એક છોડ નીકળે, આ છોડમાંથી ઘઉંની સાત ડૂંડીઓ નીકળે

અને દરેક ડૂંડીમાં ૧૦૦-૧૦૦ દાણા હોય, જેનું પરિણામ એ હશે કે, એક દાણાથી સાતસો દાણા પ્રાપ્ત થશે.

મતલબ એ થયો કે, અલ્લાહના રસ્તામાં ખર્ચ કરનારનો સારો બદલો અને સવાબ એકથી લઈને સાતસો સુધી પહોંચે છે. એક પૈસો ખર્ચ કરે તો સાતસો પૈસાનો સવાબ પ્રાપ્ત થઈ શકે છે.

સહીહ અને ભરોસાપાત્ર હદીષોમાં છે કે, એક નેકીનો સવાબ દશ ઘણો મળે છે અને સાતસો ઘણા સુધી પહોંચી શકે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે, "જિહાદ અને હજ્જમાં ૧ દિરહમ ખર્ચ કરવાનો સવાબ સાતસો દિરહમ બરાબર છે." આ રિવાયત ઈબ્ને કષીરે મુસ્નદે અહમદના હવાલાથી વર્ણન કરી છે.

મતલબ આ આયતમાં જાણ કરવામાં આવી છે કે, એક રૂપિયો ખર્ચ કરવાનો સવાબ સાતસો રૂપિયા ખર્ચ કરવા બરાબર મળે છે.

સદકહ કબૂલ થવાની યોગ્ય શરતો :

પરંતુ કુર્આને કરીમે આ વિષયને ટૂંકમાં અને સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવા માટે ઘઉંના દાણાના દાખલા સ્વરૂપે ઉલ્લેખ કર્યો, જેનાથી એ બાબત તરફ ઈશારો છે કે, જે પ્રમાણે ખેડૂત એક ઘઉંના દાણામાંથી સાતસો દાણા એવા સમયે જ પ્રાપ્ત કરી શકે છે જ્યારે કે તે દાણો ઉત્તમ કક્ષાનો હોય, ખરાબ ન હોય અને દાણા વાવનાર ખેડૂત પણ ખેતી કરવાનો નિષ્ણાત હોય અને જે જમીનમાં દાણો નાંખવામાં આવે છે તે પણ ઉત્તમ અને ફળદ્રુપ જમીન હોય. કારણ કે આ બધી બાબતોમાંથી જો કોઈ એકમાં પણ ઊણપ રહી જશે તો આ દાણો બેકાર જશે. એક પણ દાણો નહિ મળે અને એક દાણાના બદલામાં સાતસો દાણા નહિ મળી શકે.

એ જ પ્રમાણે સામાન્ય નેક અમલો અને ખાસ કરીને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની સ્વીકૃતિ માટે તથા તેનો વધારે સવાબ મેળવવા માટે પણ આ ત્રણ શરતો છે કે, જે માલ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે તે પાક અને હલાલ હોય. કારણ કે, હદીષમાં છે કે, અલ્લાહ તઆલા પાક અને હલાલ માલ સિવાય કોઈ વસ્તુ સ્વીકારતો નથી.

બીજું એ કે, ખર્ચ કરનાર પણ નેક નિય્યત અને સજ્જન હોય. ખોટા ઈરાદે અથવા નામના કે પ્રતિષ્ઠા મેળવવા માટે ખર્ચ કરનાર વ્યક્તિ તે અજ્ઞાની

ખેડૂત જેવો છે, જે દાણો કોઈ એવી જગ્યાએ વાવી દે કે, બધા જ દાણા બેકાર અને વ્યર્થ થઈ જાય.

ત્રીજું એ કે, જેના ઉપર ખર્ચ કરે તે પણ સદકાનો હકદાર હોવો જોઈએ. કોઈ અયોગ્ય વ્યક્તિ ઉપર ખર્ચ કરી માલ બરબાદ ન કરે. આ ઉદાહરણથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની ઘણી બધી ફઝીલતોની જાણ થઈ ચૂકી અને સાથે-સાથે આ ત્રણ શરતો પણ સ્પષ્ટ થઈ ગઈ કે, અલ્લાહના રસ્તામાં હલાલ માલ ખર્ચ કરે, ખર્ચ કરવાની પદ્ધતિ પણ સુન્નત પ્રમાણે હોય અને હકદારોને શોધીને તેમના ઉપર ખર્ચ કરવામાં આવે, ફક્ત ખિસ્સામાંથી કાઢી ખર્ચ કરવાથી આ ફઝીલત પ્રાપ્ત થતી નથી.

બીજી આયતમાં સદકહ કરવાના સાચા સુન્નત તરીકાનો ઉલ્લેખ થયો છે. કહેવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે અને ખર્ચ કર્યા પછી અહેસાન નથી જતાવતા તથા જેમના ઉપર ખર્ચ કરે છે, તેમને કોઈ તકલીફ પંહોંચાડતા નથી, તેમનો સવાબ તેમના પરવરદિગાર પાસે સુરક્ષિત છે, તેઓ કોઈ આવનાર ખતરામાં સપડાશે નહીં અને તેમને ભૂતકાળનો કોઈ રંજ-ગમ પણ નહીં રહે.

સદકહની કબૂલિયત (સ્વીકૃતિ)ની મહત્ત્વની શરતો :

આ આયતમાં સદકહ કબૂલ થવાની બે મહત્ત્વની શરતોનો ઉલ્લેખ થયો છે. એક સદકહ આપીને અહેસાન ન જતાવે અને બીજું જેને આપે તેમને તુચ્છ અને નીચા ન સમજે અને કોઈ એવો વર્તાવ ન કરે જેનાથી તેઓને પોતે તુચ્છ અને ઝલીલ હોવાનો અહેસાસ થાય, અથવા જેનાથી તેમને કોઈ તકલીફ પહોંચે.

ત્રીજી આયત قَوْلٌ مَّعْرُوْفٌ (યોગ્ય જવાબ આપવો)માં પણ સદકહ અને ખૈરાત અલ્લાહ નજીક સ્વીકાર્ય થવાની બે શરતોની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે, જેનું વર્ણન અગાઉની આયતમાં આવી ચૂક્યું છે. એક અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કર્યા પછી કોઈના પર અહેસાન ન જતાવે અને બીજું જેને આપ્યું છે તેની સાથે એવો વર્તાવ ન કરે કે, જેનાથી તે પોતે તુચ્છ હોવાનો અહેસાસ કરે અથવા જેનાથી તેને કોઈ તકલીફ પહોંચે.

સ્પષ્ટતા એ રીતે થઈ ગઈ કે, તંગી, આર્થિક ભીંસ અથવા લાચારીની પરિસ્થિતિમાં સવાલ કરનારના જવાબમાં વિનમ્રતાથી યોગ્ય ઉઝર (કારણ) રજૂ

કરે અને જો સવાલ કરનાર બદતમીઝ (અસભ્ય) હોય અને તમને ગુસ્સો અપાવે તો દરગુજર કરવું એવી ખૈરાત (દાન) આપવા કરતાં અનેક ઘણું બહેતર છે કે, તે દાન આપ્યા પછી જેને આપ્યું છે, તેને કોઈ તકલીફ પહોંચાડવામાં આવે અને અલ્લાહ તઆલા પોતે ગની (બેનિયાઝ-બેપરવા) અને અત્યંત સહનશીલ છે. તેને માલ-દૌલતની કોઈ જરૂરત નથી, જે કોઈપણ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે, તે પોતાના લાભ માટે કરે છે. એક બુદ્ધિશાળી વ્યક્તિએ ખર્ચ કરતી વખતે એટલો ખ્યાલ રાખવો જોઈએ કે હું કોઈના ઉપર અહેસાન કરતો નથી બલકે, હું પોતાના લાભ માટે જ ખર્ચ કરી રહ્યો છું, અગર જેના ઉપર ખર્ચ કરવામાં આવ્યો છે તેના તરફથી કોઈ નાશુક્રી થતી અનુભવે, તો પણ અલ્લાહ ખાતર ક્ષમા અને દરગુજરથી કામ લે.

ચોથી આયતમાં આ વિષયને બીજા વિષયો કરતાં વધારે તાકીદ સાથે એ રીતે વર્ણન કર્યો કે, પોતાના સદકાઓને જીભથી અહેસાન જતાવીને અથવા તકલીફ વગેરે પહોંચાડીને અથવા ખરાબ વર્તાવ દ્વારા બરબાદ ન કરો.

સ્પષ્ટ થઈ ગયું કે, જે સદકહ અને ખૈરાત કર્યા પછી અહેસાન જતાવવામાં આવે અથવા તો હકદારોને તકલીફ પહોંચાડવામાં આવે, તો તે સદકહ બેકાર અને અસ્વીકાર્ય છે. આવા સદકહનો કોઈ સવાબ નહિ મળે. આ આયતમાં સદકહ કબૂલ થવાની એક શરત એવી રીતે વર્ણન કરવામાં આવી છે કે, જે વ્યક્તિ દેખાડા માટે તથા નામના અને પ્રતિષ્ઠા મેળવવા માટે ખર્ચ કરે છે અને જો તે અલ્લાહ અને કયામત ઉપર ઈમાન નથી ધરાવતો, તો તેનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ ચોખ્ખા પથ્થર ઉપર થોડી માટી બાઝી જાય અને તેમાં કોઈ દાણો વાવે, પછી તેના ઉપર મૂશળધાર વરસાદ પડે અને તેનાથી તે પથ્થર બિલકુલ ચોખ્ખો થઈ જાય. આવા લોકોને પોતાની કમાણીમાંથી કંઈપણ લાભ નહિ થાય અને અલ્લાહ તઆલા કાફિર લોકોને સીધો રસ્તો નહિ બતાવે, આ ઉલ્લેખથી સદકહ અને ખૈરાતની સ્વીકૃતિ માટે એવી શરત છે કે, સદકહ-ખૈરાત માત્ર અલ્લાહને રાજી રાખવા માટે અને આખિરતમાં સવાબ મેળવવાની નિય્યતથી ખર્ચ કરવામાં આવે, તેમાં કોઈ નામના, પ્રતિષ્ઠા અથવા દેખાડાની નિય્યત ન હોય. નામના અને પ્રતિષ્ઠાની નિય્યતથી માલ ખર્ચ કરવો પોતાના માલને બરબાદ કરવા બરાબર છે અને આખિરત ઉપર ઈમાન રાખનારા મો'મિનો પણ

ફક્ત નામના અને પ્રતિષ્ઠા માટે કોઈ ખૈરાત કરે તો તેનો પણ એ જ હાલ છે, તેને તે ખૈરાતનો કોઈ સવાબ નહિ મળે. પછી આ સ્થળે لَا يُؤْمِنُ بِاللّٰهِ (અલ્લાહમાં ઈમાન ધરાવતા નથી)ના વધારાથી કદાચ એ તરફ ઈશારો થયો છે કે, "રિયાકારી", નામના અને પ્રતિષ્ઠા માટે કોઈ કાર્ય કરવાની મો'મિનો માટે કલ્પના પણ ન કરી શકાય. કારણ કે તેઓ અલ્લાહ અને આખિરત ઉપર ઈમાન રાખે છે અને રિયાકારી ઈમાનમાં ઊણપ (ખામી) હોવાની નિશાની છે.

આ આયતના અંતે કહેવામાં આવ્યું છે કે, "અલ્લાહ તઆલા કાફિર લોકોને રસ્તો નહિ બતાવે," એનો મતલબ એ છે કે, અલ્લાહ તઆલાની મોકલેલી હિદાયતો અને આયતો જે બધા વ્યક્તિઓ માટે સર્વસામાન્ય છે. અને કાફિરો આ માર્ગદર્શન તરફ દષ્ટિપાત પણ કરતા નથી બલ્કે, મજાક અને ઠઠ્ઠો-મશ્કરી કરે છે, પરિણામે અલ્લાહ તઆલા તેમને તૌફીકથી (સદ્કૃત્યો કરવાની પ્રેરણાથી) મહરૂમ (વંચિત) કરી દે છે, જેની અસર એવી હોય છે કે, તેઓ કોઈપણ પ્રકારના સીધા માર્ગના માર્ગદર્શનનો સ્વીકાર કરતા નથી.

પાંચમી આયતમાં સદકહ કબૂલ થવાના અને અલ્લાહના માર્ગમાં સ્વીકૃતિ પામેલ માલના એક ઉદાહરણનો ઉલ્લેખ થયો છે કે, જે લોકો પોતાનો માલ ફક્ત અને ફક્ત અલ્લાહને રાજી રાખવાની નિય્યતથી ખર્ચ કરે છે કે, જેથી પોતાની ઈચ્છાઓ અને ઈરાદાઓ પરિપક્વ અને મજબૂત બને, તેમનું ઉદાહરણ એવું છે જેમકે, કોઈ ઊંચી ટેકરી ઉપર કોઈ બાગ હોય અને તેના ઉપર મૂશળધાર વરસાદ પડે, પછી તે બગીચો બમણા ફળોનું ઉત્પાદન આપે. જો આવો મૂશળધાર વરસાદ ન પણ પડે, તો ભલે ઝરમર-ઝરમર હળવો વરસાદ પડે, તો તે પણ આ બગીચા માટે પૂરતો છે અને અલ્લાહ તઆલા તમારા કાર્યોને સારી પેઠે જુએ છે.

આ વર્ણનમાં ઈખ્લાસ પ્રસ્તુત શરતો સાથે અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાની ઘણી ફઝીલતો પ્રસ્તુત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી કે, નેક ઈરાદે ઈખ્લાસથી થોડો પણ માલ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે તો તે પૂરતો છે અને આખિરતમાં મોટા સવાબનું કારણ છે.

છઠ્ઠી આયતમાં સદકહ અને ખૈરાતની પ્રસ્તુત શરતોથી વિપરીત અને ઊલટો અમલ કરવાથી સદકહ બાતિલ અને વ્યર્થ થઈ જવાનું વર્ણન પણ એક ઉદાહરણ દ્વારા આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું કે, "શું તમારામાંથી કોઈ એ

વાતને પસંદ કરે છે કે, એક ખજૂરો અને દ્રાક્ષનો બગીચો હોય અને તેની નીચેથી નહેરો વહેતી હોય અને તે વ્યક્તિના બગીચામાં દરેક પ્રકારની ફળફળાદિ હોય અને તે વ્યક્તિ ઉપર ઘડપણ છવાય જાય, તેના બાળ–બચ્ચાં પણ હોય, જેઓ કમજોર છે. આવી પરિસ્થિતિમાં આ બગીચા ઉપર એક વાવાઝોડું આવે, જેમાં આગ હોય, તેનાથી આ બાગ સળગી જાય. અલ્લાહ તઆલા આ જ પ્રમાણે તમારા માટે તથ્યોને સ્પષ્ટ કરે છે, જેથી તમે ચિંતન–મનન કરો.''

મતલબ એ છે કે, શરતો વિરૂદ્ધ સદકહ કરવાનું ઉદાહરણ એવું છે કે બાહ્ય દેખાવથી તો તે સદકહ કરીને આખિરત માટે ઘણો મોટો સવાબ કમાઈ રહ્યો છે, પરંતુ અલ્લાહ પાસે આ સદકહ (દાન) કંઈપણ કામ લાગશે નહિ.

અને આ ઉદાહરણમાં જે અમુક બાબતો વધારવામાં આવી છે, જેમકે તેના ઉપર ઘડપણ આવી જાય, તેને ઔલાદ પણ હોય, જેઓ નાના બાળકો છે અને કમજોર હોય. આ બાબતોનો મકસદ એ છે કે, યુવાનીની હાલતમાં કોઈનો બાગ અથવા ખેતી સળગી જાય તો આશા રાખી શકાય છે કે, તે આ બગીચો ફરી લગાવી શકશે અને જે વ્યક્તિને ઔલાદ ન હોય અને તેને ફરીવાર બાગ લગાવવાની આશા પણ ન હોય તો તેને પણ બાગ સળગી ગયા પછી રોઝી–રોટીની કોઈ ચિંતા નહિ રહે. એકલો માણસ ગમે તે રીતે તંગી બરદાસ્ત કરીને ગુજારો કરી શકે છે અને જો ઔલાદ પણ હોય, પરંતુ તે યુવાન, સશક્ત તથા નેક હોય તો આશા છે કે, તેઓ પિતાને મદદ કરશે અને તેના કામમાં સહકાર આપશે. આવી પરિસ્થિતિમાં પણ વ્યક્તિને બાગ સળગી જવા અથવા લૂંટાઈ જવાનો કોઈ ભારે આઘાત નહિ લાગે. કારણ કે, તેને ઔલાદની કોઈ ફિકર–ચિંતા હોતી નથી. બલકે, ઔલાદ પોતે તે વ્યક્તિનો ભાર ઉઠાવી શકે છે. મતલબ કે આ ત્રણે બાબતો વસ્તુ–સ્થિતિની ગંભીરતા વર્ણન કરવા માટે લાવવામાં આવી છે કે, એવો વ્યક્તિ જે પોતાનો માલ અને મહેનત ખર્ચ કરીને એક બગીચો લગાવે અને તે બાગ તૈયાર થઈને ફળો પણ આપવા લાગે અને એવી હાલતમાં તે ઘરડો અને અશક્ત થઈ જાય અને આ વ્યક્તિ બાળ–બચ્ચાંવાળો પણ હોય, બાળ–બચ્ચાં નાના–નાના અને અશક્ત હોય, જો આવી પરિસ્થિતિમાં તે બાગ સળગી જાય તો તેનો આઘાત અને રંજ–ગમ ખૂબ વધારે હશે અને તેનાથી એને બેહદ તકલીફ થશે.

એ જ પ્રમાણે જે વ્યક્તિએ રિયાકારીથી સદકહ અને ખૈરાત કરી તેણે જાણે તે બગીચો લગાવ્યો, ત્યારબાદ મૃત્યુ પછી તે વ્યક્તિની હાલત તે વૃદ્ધ જેથી થઈ ગઈ જેનામાં કમાવાની અથવા તે બગીચો ફરી લગાવવાની શક્તિ નથી. કારણ કે મૃત્યુ પછી વ્યક્તિ કોઈ અમલ જ નહિ કરી શકે, જેવી રીતે બાળ-બચ્ચાંવાળો ઘરડો માણસ આવકનો ખૂબ મોહતાઝ હોય છે અને વિચારે છે કે, જો પાછળની કમાણી સુરક્ષિત રાખી હોત તો ચોક્કસ વૃદ્ધાવસ્થામાં તે કમાણી કામ લાગી શકી હોત ! અને હવે જ્યારે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે, આ બાગ સળગી ગયો, બધી મૂડી ખતમ થઈ ગઈ તો તેના દુઃખ-દર્દનો કોઈ પાર નથી. બસ, એ જ પ્રમાણે જે સદકહ અને ખૈરાત ફક્ત રિયાકારી, નામના અને શોહરત માટે કરવામાં આવ્યો છે તે આ જ પ્રમાણે તેના હાથમાંથી એવા સમયે જતો રહેશે જ્યારે તે તેના સવાબનો ખૂબ મોહતાઝ હશે, (કયામતના દિવસે તે તેને કંઈ જ કામ નહિ લાગે).

આ આખી આયતનો ખુલાસો એ થયો કે, સદકહ અને ખૈરાત અલ્લાહ નજીક સ્વીકાર્ય થવાની એક મોટી શરત ઈખ્લાસ છે. ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે ખર્ચ કરવામાં આવે. કોઈ નામના અને પ્રતિષ્ઠાની તેમાં કોઈ દખલગીરી ન હોય.

હવે, આ રુકૂઅની બધી આયતો પર નજર નાંખીએ તો એમાં અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવતા સદકહ અને ખૈરાત કબૂલ થવાની છ શરતોની જાણ થાય છે.

(૧) અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવતો માલ હલાલ કમાણીથી આવેલો હોવો જોઈએ.

(૨) અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવતો માલ સુન્નત પ્રમાણે ખર્ચ થવો જોઈએ.

(૩) સાચા માર્ગે ખર્ચ થવો જોઈએ.

(૪) ખૈરાત આપનારે અહેસાન ન જતાવવું જોઈએ.

(૫) ખૈરાત આપનારે કોઈ એવો વર્તાવ ન કરવો જોઈએ, જેનાથી ખૈરાત લેનાર વ્યક્તિ પોતાને તુચ્છ અને ઝલીલ સમજવા લાગે.

(૬) જે કંઈપણ ખર્ચ કરવામાં આવે ઈખ્લાસની નિય્યત સાથે ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે ખર્ચ કરવામાં આવે. તેમાં નામના, શોહરત કે પ્રતિષ્ઠાની નિય્યત ન હોય.

બીજી શરત એટલે કે અલ્લાહના રસ્તામાં સુન્નત પ્રમાણે માલ ખર્ચ કરવામાં આવે તેનો અર્થ એ છે કે, અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવામાં આવે કે કોઈ હકદારનો હક ન માર્યો જાય, પોતાના બાળ–બચ્ચાં માટે જરૂરી ખર્ચ તેમની પરવાનગી વિના કાપકૂપ કરીને કે, આવો ખર્ચ સદંતર બંધ કરીને ખૈરાત આપવી કોઈ સવાબનું કામ નથી. જરૂરતમંદ વારસદારોને વંચિત કરીને બધો જ માલ સદકહ–ખૈરાત અથવા વક્ફ કરી દેવો સુન્નત વિરૂદ્ધ છે. પછી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાના હજારો સ્વરૂપ છે.

સુન્નત તરીકો એ છે કે, જેને માલ આપવાનો ઈરાદો કરે તેની જરૂરિયાત અને તેની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માલ આપવામાં આવે. મોટે ભાગે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરનાર આ બાબતનું ધ્યાન રાખતા નથી.

ત્રીજી શરતનો હેતુ એ છે કે, સવાબ મળવા માટે ફક્ત એટલી વાત પૂરતી નથી કે, પોતાની બુદ્ધિ પ્રમાણે ગમે તેને આપવાને નેક કામ સમજે. ભલે, આવો માલ ખર્ચ કરવામાં નેક નિય્યત કેમ ન હોય ! બલકે એ પણ જરૂરી છે શરીઅત પ્રમાણે માલ ખર્ચ કરવો જોઈએ. કોઈ વ્યક્તિ નાજાઇઝ ખેલ–તમાશા માટે અથવા અન્ય નાજાઇઝ કાર્યો માટે પોતાનો માલ વક્ફ કરે છે તો તે સવાબના બદલે અઝાબનો હકદાર થશે અને આ હુકમ શરીઅતના તે બધા જ કામો માટે લાગુ પડે છે, જે શરીઅત પ્રમાણે જાઇઝ નથી. (એટલા માટે અલ્લાહના રસ્તામાં પોતાનો માલ ખર્ચ કરતી વખતે પોતાનો માલ ક્યાં ખર્ચ થઈ રહ્યો છે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે.)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૬૭ થી ૨૭૪)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ
الْاَرْضِ ۠ وَلَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّآ اَنْ تُغْمِضُوْا
فِيْهِ ۭ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿٢٦٧﴾ اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ

بِالْفَحْشَآءِ ۚ وَاللّٰهُ يَعِدُكُمْ مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ۗ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۚ ﴿٢٦٨﴾ يُّؤْتِي
الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ۗ وَمَا يَذَّكَّرُ اِلَّآ
اُولُوا الْاَلْبَابِ ﴿٢٦٩﴾ وَمَآ اَنْفَقْتُمْ مِّنْ نَّفَقَةٍ اَوْ نَذَرْتُمْ مِّنْ نَّذْرٍ فَاِنَّ اللّٰهَ
يَعْلَمُهٗ ۗ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿٢٧٠﴾ اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ ۚ وَاِنْ
تُخْفُوْهَا وَتُؤْتُوْهَا الْفُقَرَآءَ فَهُوَ خَيْرٌ لَّكُمْ ۗ وَيُكَفِّرُ عَنْكُمْ مِّنْ سَيِّاٰتِكُمْ ۗ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿٢٧١﴾ لَيْسَ عَلَيْكَ هُدٰىهُمْ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِيْ مَنْ يَّشَآءُ ۗ وَمَا تُنْفِقُوْا
مِنْ خَيْرٍ فَلِاَنْفُسِكُمْ ۗ وَمَا تُنْفِقُوْنَ اِلَّا ابْتِغَآءَ وَجْهِ اللّٰهِ ۗ وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ
يُّوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ﴿٢٧٢﴾ لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا
يَسْتَطِيْعُوْنَ ضَرْبًا فِي الْاَرْضِ ۡ يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَآءَ مِنَ التَّعَفُّفِ ۚ تَعْرِفُهُمْ
بِسِيْمٰهُمْ ۚ لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا ۗ وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿٢٧٣﴾ ع
اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا وَّعَلَانِيَةً فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا
خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٤﴾

وقف منزل

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમારી કમાણીમાંથી અને તમારા માટે જમીનમાંથી જે કંઈ અમે કાઢયું છે (તેમાંથી) અલ્લાહના રસ્તામાં પવિત્ર (સ્વચ્છ) વસ્તુઓ ખર્ચ કરો; અને તેમાંથી ખરાબ વસ્તુઓ ખર્ચ કરવાનો ઈરાદો (પણ) ન કરો; જ્યારે કે તમે પોતે પણ તેનો સ્વીકાર નહિ કરો, પરંતુ એ કે તમે જતું (આંખ આડા કાન) કરી લો; અને જાણી લો કે અલ્લાહ બેનિયાઝ (ગની અને) ખૂબ ખૂબીઓ ધરાવનાર છે. (૨૬૭) શયતાન તમને તંગીથી બિવડાવે (વાયદો

કરે) છે અને તમને બેહયાઈનો હુકમ આપે છે; અને અલ્લાહ તમને પોતાની બખ્શીશનો તથા ફઝ્લ (વધારે આપવા)નો વાયદો કરે છે અને અલ્લાહ બહું ઉદાર (અને) સઘળું જાણનાર છે. (૨૬૮) તે (અલ્લાહ) જેને ઈચ્છે છે તેને હિકમત (સમજદારી-સદ્‌બુદ્ધિ) અર્પણ કરે છે અને જેને હિકમત મળી (જાણી લો કે) તેને ઘણી ખૂબીઓ મળી, અને બુદ્ધિશાળીઓ સિવાય કોઈ બોધ (શિખામણ) સ્વીકારતા નથી. (૨૬૯) અને જે કંઈ તમે ખર્ચ કરશો કોઈ ખયરાત અથવા કોઈ નઝર (મન્નત) માનશો તો બેશક ! અલ્લાહ તે સઘળું જાણે છે; અને જાલિમોનો કોઈ મદદગાર નથી. (૨૭૦) જો તમે ખયરાત (દાન) જાહેર કરીને આપો તો તે સારી વાત છે અને જો તેને ગુપ્ત રાખો અને ગરીબો (તંગદસ્તો)ને પહોંચાડો તો તે તમારા માટે (વધારે) ઉત્તમ છે; અને તે (અલ્લાહ) તમારા અમુક ગુનાહ દૂર કરશે અને તમે જે કંઈ પણ કરો છો તે બધાની અલ્લાહને સારી પેઠે ખબર છે. (૨૭૧) (હે રસૂલ ﷺ !) તેમની હિદાયત તમારી જવાબદારી નથી, અને પરંતુ અલ્લાહ જેને ઈચ્છે હિદાયત આપે છે; અને તમે જે કંઈ માલ ખર્ચ કરશો તે પોતાના જ માટે છે; અને ખર્ચ ન કરો પરંતુ માત્ર અલ્લાહને રાજી રાખવા માટે જ (ખર્ચ કરો); અને તમે જે માલ ખર્ચ કરશો તમને પૂરેપૂરો મળશે અને તમારા ઉપર અતિરેક (જુલમ) કરવામાં નહિ આવે (તમારો હક દબાવવામાં નહિ આવે). (૨૭૨) ખયરાત (દાન) એવા તંગદસ્તો માટે છે જેઓ અલ્લાહના રસ્તામાં રોકાયેલા છે (અને) પ્રદેશમાં ચાલવા-ફરવાની (પણ) શક્તિ નથી ધરાવતા, નાવાકેફ લોકો તેમની સવાલ ન કરવાની વૃત્તિના કારણે (તેમને) માલદાર સમજી બેસે છે, તમે તેમને તેમના ચહેરાથી ઓળખી શકો છો, તેઓ લોકોને વીંટળાઈને (ભિખારીઓ જેમ વળગીને) માંગતા નથી, અને તમે જે પણ સારો માલ ખર્ચ કરશો તો બેશક ! અલ્લાહ તેને સારી પેઠે જાણે છે. (૨૭૩) જે લોકો પોતાનો માલ (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરે છે દિવસે અને રાત્રે, ગુપ્ત રીતે અને જાહેરમાં; બસ, તેમના માટે તેમનો બદલો (સવાબ) તેમના પરવરદિગાર પાસે છે; અને ન તેમને કોઈ ભય હશે અને ન જ તેઓ ગમગીન (દિલગીર) થશે. (૨૭૪)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (નેક કામમાં) તમારી કમાણીમાંથી અને તેમાંથી પણ જે તમારા (જરૂરિયાત પૂરી કરવા) માટે અલ્લાહે જમીનમાંથી પૈદા કરી છે તેમાંથી સારી વસ્તુઓ ખર્ચ કરો અને રદી (ખરાબ) વસ્તુઓની નિય્યત ન કરો કે તેમાંથી કંઈક ખર્ચ કરો. જ્યારે કે, (આવી જ વસ્તુ જો કોઈ તમને તમારો વાજિબ હક પૂરો કરવા આપે તો) તમે પોતે પણ તેને ક્યારેય સ્વીકારવાના નથી હા ! પરંતુ એ કે આંખ આડા કાન કરી લો (તો બીજી વાત છે) અને એ વિશ્વાસ રાખો કે, અલ્લાહ તઆલા કોઈનો મોહતાજ નથી (કે આવી ચીજવસ્તુઓથી ખુશ થઈ જાય.) તે સઘળા વખાણને પાત્ર છે (એટલે કે તે પોતાની ઝાત અને સિફતોમાં સંપૂર્ણ છે તો પછી તેના દરબારમાં શ્રેષ્ઠ અને ઉત્તમ વસ્તુઓ તથા વખાણવા લાયક વસ્તુઓ જ રજૂ કરવી જોઈએ.) શયતાન તમને તંગદસ્તી (ગરીબી)થી ડરાવે છે (કે જો સારો માલ ખર્ચ કરશો તો પરવશ થઈ જશો) અને તમને બેશરમીની વાતો (એટલે કે બખીલાઈ કંજૂસાઈ વગેરે)નો સલાહ-મશ્વરો આપે છે અને અલ્લાહ તઆલા તમને વાયદો કરે છે (કે સારી વસ્તુઓ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરશો તો હું) પોતાના તરફથી ગુનાહો મા'ફ કરી આપીશ અને વધારે આપીશ, (એટલે કે નેક અને સારી જગ્યાએ ખર્ચ કરવું આજ્ઞાપાલન છે અને આજ્ઞાપાલનથી ગુનાહોનો કફ્ફારો થઈ જાય છે, એટલા માટે ગુનાહો મા'ફ થઈ જાય છે અને અલ્લાહ તઆલા પોતે દરેકને દુનિયામાં પણ અને આખિરતમાં પણ અલ્લાહના માર્ગમાં ખર્ચના બદલે વધારે અર્પણ કરે છે.) અને અલ્લાહ તઆલા ઉદાર છે (તે સઘળું જુએ છે અને), ખૂબ જાણનાર છે (નિય્યતો પ્રમાણે બદલો આપે છે અને આ બધા વિષયો ખૂબ જ સ્પષ્ટ છે, પરંતુ એને એ જ સમજી શકે છે, જેનામાં દીનની સમજ છે અને અલ્લાહ તઆલા) દીનની સમજ જેને ઈચ્છે છે તેને અર્પણ કરે છે અને (સચ્ચાઈ તો એ છે કે) જેને દીનની સમજ મળી જાય તેને ભલાઈની ઘણી મોટી વસ્તુ મળી ગઈ. (કારણ કે દુનિયાની કોઈ નેઅ્મત તેની સમકક્ષ નફાકારક નથી.) અને શિખામણ તે જ લોકો સ્વીકારે છે જેઓ બુદ્ધિશાળી છે (એટલે કે સાચી બુદ્ધિ ધરાવે છે) અને તમે લોકો જે પણ ખર્ચ કરો છો અથવા કોઈ પ્રકારની મન્નત માનો છો, બસ અલ્લાહ તઆલાને સૌની ચોક્કસ ખબર છે અને (વ્યર્થ કામ કરનારા) જાલિમોનો (કયામતના દિવસે) કોઈ

સાથી (અને મદદગાર) નહિ હોય. જો તમે સદકહ જાહેર રીતે આપો તો પણ સારી બાબત છે અને જો તેને ગુપ્ત રીતે (છુપાવીને) ગરીબો (નાદારો)ને આપો તો તે તમારા માટે વધારે બહેતર છે અને અલ્લાહ તઆલા (આ બરકત વડે) તમારા અમુક ગુનાહો પણ દૂર કરશે અને અલ્લાહ તઆલા તમારા કરેલા કાર્યોની ઘણી સારી રીતે ખબર રાખે છે. (એટલા માટે ઘણા સહાબા રદિ. કાફિરોને મસ્લિહતના કારણે ખૈરાત ન આપતા હતા કે કદાચ આ જ યુક્તિ વડે તે લોકો મુસલમાન થઈ જાય અને રસૂલ ﷺએ પણ એવું જ કરવાની સલાહ આપી હતી. એટલા માટે આ આયતમાં બંને પ્રકારનું સંબોધન કરી ફરમાવ્યું છે કે, હે મુહમ્મદ ﷺ !) તેઓને (કાફિરોને) હિદાયત ઉપર લઈ આવવું તમારી જવાબદારી (ફરજ અથવા વાજિબ) નથી (કે જેથી તમે આટલી બધી ચિંતા કરો છો) અને પરંતુ (એ તો) અલ્લાહ તઆલા(નું જ કામ છે,) જેને ચાહે છે હિદાયત પર લઈ આવે છે (તમારું કામ તો ફક્ત હિદાયતનું આમંત્રણ પહોંચાડી આપવાનું છે, ભલે કોઈ હિદાયત ઉપર આવે અથવા ન આવે! અને હિદાયત પહોંચાડી દેવી આ પ્રતિબંધ ઉપર અવલંબિત નથી) અને (હે મુસલમાનો !) જે કંઈ તમે ખર્ચ કરો છો, પોતાના ફાયદા માટે કરો છો અને (આ ફાયદાનું વર્ણન એ છે કે) તમે અન્ય કોઈ હેતુથી ખર્ચ નથી કરતા, ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે (સવાબ મેળવવા માટે અને મોહતાજોની જરૂરત પૂરી કરવાથી પ્રાપ્ત થતી રહેમતો માટે ખર્ચ કરો છો તો પછી કાફિર અને મુસલમાન ફકીરોમાં તફાવત કેમ કરો છો ?) અને (વળી) જે કંઈ માલ ખર્ચ કરી રહ્યા છો તે બધાનો બદલો (અને સવાબ) પૂરેપૂરો તમને (આખિરતમાં) મળી જશે અને તમારા માટે તેમાં જરા પણ ઓછું કરવામાં નહિ આવે. (બસ, તમે પોતાના વળતરથી મતલબ રાખો અને પોતાના અલ્લાહના રસ્તામાં ખર્ચ કરેલ માલનું વળતર પૂરેપૂરું મળવાનું છે તો પછી તમે એવી બહસમાં શા માટે પડો છો કે અમારો સદકહ ફક્ત મુસલમાનને જ મળવો જોઈએ, કાફિરને ન મળવો જોઈએ? અને સદકહ તો) વાસ્તવમાં તે જરૂરિયાતમંદોનો હક છે જેઓ અલ્લાહના રસ્તામાં (એટલે કે દીની સેવાઓમાં લાગેલા છે અને આ સેવાઓમાં મશગૂલ રહેવાના કારણે રોજી-રોટી મેળવવા માટે) આ લોકો ક્યાંય પ્રદેશમાં ચાલી-ફરી શકતા નથી (અને) નાવાકેફ લોકો તેમને પોતાની સવાલ ન કરવા(ની આદત)ના કારણે માલદાર સમજે છે

(અલબત્ત,) તમે તે લોકોને તેમની રહેણી-કહેણીથી ઓળખી શકો છો (કારણ કે ભૂખ અને ગરીબીના કારણે તેમના ચહેરાઓ ઉપર તેની અસર ચોક્કસ આવી જાય છે) અને તેઓ લોકો પાસે (ભિખારીઓની જેમ) વળગી-વળગીને માંગતા નથી (જેથી તેમને કોઈ જરૂરિયાતમંદ પણ નથી સમજતું, એટલે કે તેઓ માંગતા જ નથી કારણ કે જેઓ ભિખારીઓ છે તેઓ જ વીંટળાઈ-વીંટળાઈને માંગે છે) અને (તે લોકોની સેવા કરવામાં) જે માલ ખર્ચ કરશો બેશક અલ્લાહ તઆલાને તેની ખૂબ જાણ છે (અને લોકો ઉપર માલ ખર્ચ કરવાની તેમની સેવાનો મોટો લાભ અને સવાબ તેમને આપવામાં આવશે.) જે લોકો પોતાનો માલ રાત્રે અને દિવસે (કોઈ સમય નક્કી કર્યા વિના) ગુપ્ત રીતે અને જાહેરમાં (એટલે કે સ્થળની પસંદગી કર્યા વિના) ખર્ચ કરે છે તો તે લોકોને તેમનો સવાબ (કયામતના દિવસે) તેમના પરવરદિગાર પાસે (જઈને) મળશે અને ન તો (તે દિવસે) તેમના ઉપર કોઈ ભય હશે અને ન જ તેઓ દિલગીર થશે.

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉના રુકૂઅ્માં અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાનું વર્ણન હતું. હવે, એ સંદર્ભે અમુક હુકમો વધુ સ્પષ્ટતતાથી વર્ણન કરવામાં આવ્યા છે. આ રુકુઅ્માં સાત આયતો છે, જેની વિગત નીચે પ્રમાણે છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْ اَنْفِقُوْا (الٰى قوله)، غَنِىٌّ حَمِيْدٌ , "હે ઈમાનવાળાઓ ! ખર્ચ કરો...." શા'ને નુઝૂલથી "તય્યિબ" طَيِّـــبٌ અને ઉત્તમ માલની વ્યાખ્યા કરવામાં આવી છે. કારણ કે, અમુક લોકો ખરાબ ચીજ-વસ્તુઓ લઈ આવતા હતા, એટલા માટે આ આયત નાઝિલ થઈ હતી અને અમુકે "તય્યિબ" طَيِّـــبٌ શબ્દની તફસીર હલાલ માલથી કરી છે. કારણ કે, સંપૂર્ણ ઉત્તમ વસ્તુ ત્યારે જ કહેવાય છે જ્યારે કે તે હલાલ પણ હોય. બસ, આ બીના પર આયતમાં તેની પણ તાકીદ કરવામાં આવી. ઉપરોક્ત પ્રમાણેની તફસીરમાં પ્રથમ પ્રકારની દલીલો કરવામાં આવી છે અને બીજા પ્રકારની દલીલો હલાલની તાકીદને સાબિત કરે છે અને યાદ રાખો કે, જે વ્યક્તિ પાસે શ્રેષ્ઠ વસ્તુ ઉપલબ્ધ હોય અને છતાં તે ખરાબ અને બેકાર વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે, જેમકે શબ્દ مَـــــا كَسَبْتُـــمْ "જે તમે કમાયા" અને اَخْرَجْنَا "જે અમે કાઢયું" દ્વારા અને لَاتَيَـمَّمُواالْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ ખરાબ અને ક્ષતિગ્રસ્ત વસ્તુ ખર્ચ ન કરવાની દલીલ થઈ રહી છે, હા ! જેની પાસે

સારી વસ્તુઓ ઉપલબ્ધ જ ન હોય તો તે આ પ્રતિબંધમાં શામિલ નથી. તેની ખરાબ વસ્તુ પણ સ્વીકાર્ય છે.

શબ્દ مَـا كَسَبْتُـمْ "જે તમે કમાયા"થી અમુક ઉલમાએ મસ્અલો વર્ણન કર્યો છે કે, પિતા માટે પોતાના પુત્રની કમાણીમાંથી ખાવું જાઇઝ છે.

اَوْ لَادُكُم مِنْ طَيِّبِ اَكْسَابِكُمْ فَكُلُوْا مِنْ اَمْوَالِ اَوْلَادِ كُمْ هَنِيْئًا، (قُرْطَبِى)

"તમારી ઔલાદ તમારી કમાઈનો એક પવિત્ર ભાગ છે, બસ તમે પોતાની ઔલાદની કમાઈમાંથી મજેથી ખાઓ." *(કુર્તુબી)*

"ઉશ્ર" અને "આરાઝી"ના હુકમો :

مِـمَّـا اَخْـرَجْـنَـا لَـكُـمْ مِنَ الْاَرْضِ "જે અમે જમીનમાંથી તમારા માટે કાઢ્યું"માં શબ્દ اَخْـرَجْـنَـا (અખ્રજના) "જે અમે કાઢ્યું"થી એ બાબત તરફ ઈશારો છે કે "ઉશ્રી" જમીનમાં "ઉશ્ર" વાજિબ છે. આ આયત વડે ઈમામ અબૂ હનીફા (રહ.)એ દલીલ કરી છે કે, "ઉશ્રી" જમીનની પ્રત્યેક ઓછી અથવા વધતી ઉપજ પર "ઉશ્ર" વાજિબ છે. સૂરએ અન્આમની આયત وَاٰتُـوْا حَـقَّـهٗ يَوْمَ حَصَادِهٖ "અને તેથી પાક લણતી સમયે તેનો હક આપો." (સૂ. ૬ : આ. ૧૪૧) "ઉશ્ર" વાજિબ હોવાની સ્પષ્ટ અને ખુલ્લી દલીલ છે. "ઉશ્ર" અને "ખિરાજ" ઈસ્લામી શરીઅતમાં બે પારિભાષિક શબ્દો છે. આ બંનેમાં એક બાબત સમાન છે કે, ઈસ્લામી રાજ્યસત્તા તરફથી જમીનો ઉપર લગાવવામાં આવતા ટેક્ષનું સ્વરૂપ આ બંનેમાં છે. ફરક ફક્ત એટલો છે કે "ઉશ્ર" ફક્ત ટેક્ષ નથી બલકે તેમાં ટેક્ષ કરતાં ઝકાત જેવું આર્થિક ઈબાદતનું પાસું સમાયેલું છે. એટલા માટે તેને જમીનની ઝકાત પણ કહેવામાં આવે છે અને ખિરાજ ફક્ત ટેક્ષ છે, જેમાં ઈબાદતનું કોઈ સ્વરૂપ નથી. જે મુસલમાનોને "ઉશ્ર"ની ઈબાદતની પાબંદી કરવાની હોય છે તેમની પાસેથી જે જમીનની ઉપજનો નક્કી ભાગ લેવાનો હોય છે, તેને "ઉશ્ર" કહેવામાં આવે છે. ગૈરમુસ્લિમો માટે ઈબાદતનો કોઈ અર્થ નથી, માટે તેમની જમીનો ઉપર જે કંઈપણ ટેક્ષ લગાવવામાં આવે તેને ટેક્ષ કહેવામાં આવે છે અને તેનું નામ "ખિરાજ" છે. ઝકાત અને "ઉશ્ર"માં એક ફરક એ પણ છે કે, સોના-ચાંદી અને માલની ઝકાત એક વર્ષ પૂરું થયા પછી ફરજ થાય છે અને "ઉશ્ર" જમીનમાંથી ઉત્પાદન લેતાંની સાથે જ વાજિબ થઈ જાય છે.

બીજો તફાવત એ પણ છે કે, જો જમીનમાંથી કોઈ ઉપજ ન થાય તો "ઉશ્ર" મુલતવી થઈ જાય છે, પરંતુ વેપારના માલ અને સોના–ચાંદી ઉપર જો કોઈ નફો ન થયો હોય તે છતાં એક વર્ષ પૂરું થવાથી તેના ઉપર ઝકાત ફરજ થઈ જશે. "ઉશ્ર" અને "ખિરાજ"ના મસ્અલાની વિગતોમાં અત્રે જવાનો મૌકો નથી. ફિક્હની કિતાબોમાં વિસ્તારપૂર્વક આ મસ્અલાઓનું વર્ણન થયેલ છે અને મુજ નાચીઝે મારી કિતાબ "નિઝામુલ આરાઝી"માં વિગતપૂર્વક બધા મસ્અલાઓ લખી દીધા છે, તેમાં પાકિસ્તાન અને હિન્દુસ્તાનની જમીનો વિશે ખાસ હુકમો પણ લખવામાં આવ્યા છે.

اَلشَّيۡطٰنُ يَعِدُكُمُ الۡفَقۡرَ "શયતાન તમને તંગીથી બિવડાવે છે" અને وَمَا يَذَّكَّرُ اِلَّاۤ اُولُوا الۡاَلۡبَابِ "અને બુદ્ધિશાળીઓ સિવાય કોઈ બોધ ગ્રહણ કરતા નથી." જ્યારે કોઈના દિલમાં એવો વિચાર આવે કે, જો ખૈરાત કરીશ તો ગરીબ બની જઈશ અને અલ્લાહ તઆલાની તાકીદ સાંભળીને પણ તેની હિંમત ન થાય અને તેનું દિલ એવું ઇચ્છે કે, પોતાનો માલ ખર્ચ ન કરે અને અલ્લાહ તઆલાના વાયદાથી મોઢું ફેરવી શયતાનના વાયદાઓ તરફ વલણ અપનાવે અને તેને એ બાબત ઉપર પાકો ભરોસો હોય તો વિશ્વાસ રાખો કે, આ બાબત સંપૂર્ણપણે શયતાન તરફથી છે. એવું ન કહે કે, શયતાનની તો અમે ક્યારેય શકલ પણ જોઈ નથી, તે અમને શું હુકમ કરવાનો હતો ? અને જો એવો વિચાર આવે કે, સદકહ અને ખૈરાતથી ગુનાહોની બક્ષિશ થઈ જશે અને માલની પ્રગતિ અને બરકત પણ થશે તો જાણી લો કે, આ વિચાર અલ્લાહ તરફથી આવ્યો છે અને તે વ્યક્તિ અલ્લાહનો શુક્ર અદા કરે. અલ્લાહના ખજાનામાં કોઈ કમી નથી, તે દરેકની જાહેર અને ગુપ્ત નિય્યતો અને કર્મોને ખૂબ સારી રીતે જાણે છે.

"હિકમત"નો અર્થ અને તેની તફસીર :

يُؤۡتِى الۡحِكۡمَةَ مَنۡ يَّشَآءُ "તે હિકમત (વિવેકબુદ્ધિ) અર્પણ કરે છે."

"હિકમત" શબ્દ કુર્આન શરીફમાં વારંવાર આવે છે અને દરેક સ્થળે તેની તફસીરમાં વિવિધ અર્થો વર્ણવવામાં આવ્યા છે. તફસીરે બહરે મુહીતમાં આ સ્થળે બધા જ મુફસ્સિરોના અભિપ્રાયોને એકત્ર કરવામાં આવ્યા છે, તે લગભગ ૩૦ જેટલા છે, પરંતુ છેવટે કહેવામાં આવ્યું કે, વાસ્તવમાં આ બધા જ અભિપ્રાયો યોગ્ય અને સાચા છે, તેમાં પરસ્પર કોઈ વિરોધાભાસ નથી. ફક્ત અર્થનો તફાવત

હોય શકે છે, કારણ કે, "હિકમત" શબ્દ اِحْكَام "ઈહકામ" (પ્રથમ અક્ષર "હમઝહ" એ "કસરહ" સાથે) છે, જેનો અર્થ છે કોઈ અમલ અથવા આચરણને તેની સંપૂર્ણ સિફતો (ગુણ-લક્ષણો-ખાસિયતો) સહિત પૂર્ણ કરવું.

એ જ પ્રમાણે બહરે મુહીતમાં આયત وَاٰتٰـهُ اللّٰهُ الْمُلْكَ وَالْحِكْمَةَ "અને અલ્લાહે તેમને રાજ્ય અને હિકમત આપી" જે હઝરત દાવૂદ (અલૈ.) વિશે છે, તેની તફસીરમાં ફરમાવ્યું,

والْحِكْمَةُ وَضْعُ الْاُمُوْرِ فِیْ مَحَلِّهَا عَلَى الصَّوَابِ وَ كَمَالُ ذٰلِكَ اِنَّمَا يَحْصُلُ بِالنُّبُوَّةِ،

"<u>હિકમત</u>નો અસલી અર્થ દરેક વસ્તુને તેની યોગ્ય મર્યાદામાં રાખવી; અને તેના ગુણો ફક્ત નુબુવ્વતથી પૂર્ણ થઈ શકે છે. એટલા માટે અહીંયાં હિકમતની તફસીર નુબુવ્વત કરવામાં આવી છે."

ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ "મુફરદાતુલ કુર્આન"માં ફરમાવ્યું છે કે, હિકમત શબ્દ જ્યારે અલ્લાહ તઆલા માટે ઉપયોગ કરવામાં આવે, તો તેનો અર્થ પ્રત્યેક પદાર્થના સંપૂર્ણ રહસ્યો અને તેના અસ્તિત્વના પ્રત્યેક સ્વરૂપો હોય છે અને જ્યારે અલ્લાહ સિવાય અન્ય તરફ તેનો સંબંધ જોડવામાં આવે, તો ઉપસ્થિત વસ્તુની સાચી હકીકત જાણી તે પ્રમાણે અમલ કરવાના અર્થમાં હોય છે.

ઉપરોક્ત પ્રમાણે હિકમતના અર્થના ખુલાસાઓ એકસમાન જ છે, ફક્ત શબ્દોનો ફેરફાર છે. કોઈ સ્થળે તેનો અર્થ કુર્આન છે, તો કોઈ સ્થળે હદીષ, કોઈ જગ્યાએ સાચું જ્ઞાન, તો કોઈ જગ્યાએ નેક કાર્ય, ક્યારેક સાચા નિવેદનો, ક્યારેક અકલે સલીમ (કોઠાસૂઝ-વિવેકબુદ્ધિ), ક્યારેક દીનના કાયદા કાનૂન, ક્યારેક સાચો અભિપ્રાય, તો ક્યારેક અલ્લાહનો ડર અને સમજશક્તિ અને એક છેલ્લો અર્થ એ છે કે જેનો હદીષમાં પણ ઉલ્લેખ થયો છે. رَأْسُ الْحِكْمَةِ خَشْيَةُ اللّٰهِ "અસલ હિકમત અલ્લાહ તઆલાથી ડરવું છે." આ આયત يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ "તેમને કિતાબ (કુર્આન) અને હિકમત શિખવાડે છે." (સૂ.: ૩, આ.: ૧૬૪)માં હિકમતની તફસીર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી "હદીષ અને સુન્નત" હોવાનું નકલ થયું છે અને અમુક લોકોએ એવું કહ્યું છે કે, يُؤْتِ الْحِكْمَةَ આયતમાં આ બધી જ બાબતો તરફ ઈશારો છે.

(બહરે મુહીત, પેજ : ૩૨૦, જિલ્દ : ૨)

દેખીતું છે કે, આ જ સાચું નિવેદન છે તથા કુર્આન શરીફના ફરમાન

وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًاથી પણ તે તરફ જ ઈશારો થાય છે, તેનો ભાવાર્થ એ છે કે, જે વ્યક્તિને હિકમત આપવામાં આવી, તેને ઘણી બધી ભલાઈઓ આપવામાં આવી. (ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.)

وَمَا اَنْفَقْتُمْ مِنْ نَفَقَةٍ (الٰی قوله) ، وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ "અને તમે જે કંઈ ખર્ચ કરો છો.... , (થી)......અને જાલિમોનો કોઈ સહાયક નથી." માં કોઈપણ પ્રકારના ખર્ચ કરવામાં બધા જ ખર્ચ આવી ગયા, જેમાં ઉપરોક્ત પ્રમાણેની બધી જ શરતો પાળવામાં આવી હોય અને તે ખર્ચાઓ પણ જેમાં શરતો પૂર્ણ ન પણ થતી હોય, જેમકે ખર્ચેલો માલ અલ્લાહના રસ્તામાં ન હોય, બલકે, વેપાર-ધંધા માટે હોય, અથવા અલ્લાહના માર્ગમાં ફક્ત રિયાકારી (દેખાવ) માટે આપ્યો હોય, અથવા તો સદકહ-ખૈરાત કરીને અહેસાન જતાવવામાં આવ્યું હોય, અથવા માલ હલાલ અને સારો ન હોય. તે જ પ્રમાણે મન્નતના વિષયમાં બધા જ પ્રકારની મન્નતો આવી ગઈ. દાખલા તરીકે, અલ્લાહની ઈબાદત કરવાની મન્નત માને, અહીંયાં એ જ આધારે સદકહ-ખૈરાત સાથે મન્નતને લાવવામાં આવી છે, અથવા તો શારીરિક ઈબાદતોની મન્નત હોય અને તે કોઈ શરત ઉપર અવલંબિત ન હોય, પછી એ કે, મન્નત પૂરી કરવામાં આવી હોય કે, ન આવી હોય. કહેવાનો મતલબ એ છે કે, "અલ્લાહ તઆલાને આ બધી જ બાબતોનું જ્ઞાન છે," તે તેનો બદલો આપશે. આ એટલા માટે સંભળાવ્યું કે, જેથી શરતો અને મર્યાદાઓનું પાલન કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન તથા પાલન ન કરવા સબબ ચેતવણીઓ આપવામાં આવે, અત્રે "વ્યર્થ (નકામા) કામ કરનારાઓ"થી તે લોકોનો ઉલ્લેખ છે કે જેઓ જરૂરી શરતો પાળતા નથી, તેમને ખુલ્લમ-ખુલ્લી વઈદો (ચેતવણીઓ-ધમકીઓ) સંભાળાવવામાં આવી.

اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ (الٰی قوله) وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ "જો તમે સદકહ જાહેરમાં આપો તો સારું છે..... , (થી).....અને જે કંઈ તમે કરી રહ્યા છો તેને અલ્લાહ સારી પેઠે જાણનારો છે." દેખીતી રીતે આ આયતમાં ફરજ અને નફલ બધા જ પ્રકારના સદકાઓ શામિલ છે અને આ બધામાં ગુપ્ત રીતે સદકહ આપવો ઉત્તમ છે, તેમાં દીની મસ્લિહતો પણ છે કે, રિયાકારી (ખોટા દેખાડા)થી બચી જવાય છે અને લેનાર પણ શરમાતો નથી તથા દુનિયવી મસ્લિહત પણ છે કે, પોતાના માલનું પ્રમાણ લોકો પર જાહેર નહિ થાય, આમ ગુપ્ત રીતે સદકહ

આપવો ઉત્તમ હોવાની ફઝીલત આ આયતમાં વર્ણવવામાં આવી છે. બસ, જો કોઈ સ્થળે કોઈ દલીલ કરનાર દા.ત. કોઈ આક્ષેપના રદિયા માટે અથવા તો અન્યોને પ્રેરણા આપવા માટે દાન-ખૈરાત જાહેર કરવામાં આવે તો તેનાથી ફઝીલતમાં કમી નહિ રહે. يُكَفِّرُ عَنكُم مِّن سَيِّـَٔاتِكُمْ "તે તમારા ગુનાહોને દૂર કરશે." કફ્ફારાને ગુપ્ત રીતે જ કરવામાં આવે એવું જરૂરી નથી. ફક્ત એ વાતની તાકીદ કરવા માટે કે, ગુપ્ત રાખવાથી જો તેને કોઈ દેખીતો લાભ ન દેખાતો હોય તો તેણે દુઃખી થવાની જરૂર નથી. એટલા માટે કે તમારા ગુનાહ અલ્લાહ તઆલા મા'ફ કરે છે અને તમારા માટે એ જ સૌથી મોટો લાભ છે.

لَيْسَ عَلَيْكَ هُدَاهُمْ (الیٰ قوله)، وَأَنتُمْ لَا تُظْلَمُونَ "તેમની હિદાયત તમારી જવાબદારી નથી...., (થી).....અને તમારા ઉપર કોઈ જુલમ કરવામાં નહીં આવે." આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, વાસ્તવમાં તમારી નિય્યત પણ પોતાનો લાભ પ્રાપ્ત કરવાની હોય અને હકીકતમાં પણ તમને જ વધારે લાભ થવાનો હોય તો પછી શા માટે તે ચોક્કસ પદ્ધતિ ઉપર વધારે ભાર મૂકવામાં આવે કે, આ લાભ ફક્ત એ જ પદ્ધતિથી થવો જોઈએ કે હું દાન ફક્ત મુસલમાનોને જ આપીશ અને ગરીબ, લાચાર, મોહતાઝ, દુઃખી ગૈરમુસ્લિમોને નહિ આપું ?

અત્રે એ બાબત પણ સમજી લઈએ કે આ ખૈરાત-સદકહનો અર્થ અત્રે ફક્ત નફલ સદકહ (દાન) છે, જેને ગૈરમુસ્લિમ "ઝિમ્મી"ને પણ આપવો જાઈઝ છે. અત્રે વાજિબ સદકહ વિશે કહેવામાં નથી આવ્યું, કારણ કે વાજિબ સદકહ ફક્ત મુસલમાનને જ આપવામાં આવશે અને મુસલમાન સિવાય અન્યને આપવો જાઈઝ નથી. *(મઝહરી)*

મસ્અલો :

"હરબી કાફિર" (મુસલમાનો સાથે યુદ્ધમાં પ્રવૃત્ત)ને કોઈપણ પ્રકારનો સદકહ આપવો જાઈઝ નથી.

મસ્અલો :

ઝિમ્મી કાફિર (મુસ્લિમ રાજ્યસત્તાના રક્ષણ હેઠળ ટેક્ષ અદા કરી રહેતા કાફિર) એટલે કે "ગૈરહરબી કાફિર"ને ફક્ત ઝકાત અને ઉશ્ર આપવું જાઈઝ નથી અને બીજા વાજિબ સદકાઓ તથા નફલ સદકહ (દાન) જાઈઝ છે. આ આયતમાં ઝકાત શામિલ નથી.

لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ (الٰى قوله) فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ "ખેરાત એવા તંગદસ્તો માટે છે જેઓ અલ્લાહના રસ્તામાં રોકાયેલા છે..... (થી) .....અલ્લાહ તઆલા તેને સારી પેઠે જાણે છે." અત્રે "ફુકરા"નો અર્થ તે તમામ લોકો છે, જેઓ દીનના કાર્યમાં રચ્યા–પચ્યા રહેવાના કારણે બીજા કોઈ કામ કરી શકતા નથી.

يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَاءَ مِنَ التَّعَفُّفِ "નાવાકેફ લોકો તેમને તેમની સવાલ ન કરવાની વૃત્તિના કારણે માલદાર સમજી બેસે છે." આ આયતથી જાણ થઈ કે, જો કોઈ ફકીરે કિંમતી કપડાં પહેર્યાં હોય તો એ કારણે તેને માલદાર સમજી લેવો જોઈએ નહિ, બલકે, તેને ફકીર જ કહેવામાં આવશે અને એવા વ્યક્તિને ઝકાત આપવી જાઇઝ છે. (કુર્તુબી)

تَعْرِفُهُمْ بِسِيْمَاهُمْ "તમે તેમના દેખાવથી ઓળખી શકો છો"થી જાણ થઈ કે નિશાનીઓ કે અનુમાન લગાવીને હુકમ લગાવવો બરાબર છે. એટલા માટે જો કોઈ અજાણી બિનવારસી લાશ એ પ્રકારની મળે કે, તેના શરીર ઉપર જનોઈ બાંધેલી હોય અને તેની ખત્ના પણ ન થઈ હોય તો તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવામાં નહિ આવે.

لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا "તેઓ લોકો પાસે વીંટળાઈ(–વીંટળાઈ)ને નથી માંગતા." આ આયતનો દેખીતો ભાવાર્થ એ છે કે, તેઓ વીંટળાઈ–વીંટળાઈને નથી માંગતા, પરંતુ તેમાં વીંટળાયા વિના માંગવાનો નકાર કરવામાં આવ્યો નથી. એટલા માટે અમુક લોકોનો અભિપ્રાય એવો જ છે, પરંતુ જમહૂર નજીક તેનો ભાવાર્થ એ છે કે, "તે બિલકુલ જ સવાલ નથી કરતો." لِاَنَّهُمْ مُتَعَفِّفُوْنَ عَنِ الْمَسْاَ لَةِ عِفَّةً تَامَّةً (قُرْطَبِى) (કુર્તુબી)

સાતમી આયત اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ "જેઓ પોતાનો માલ રાત્રે અને દિવસે ખર્ચ કરે છે."માં આ લોકો માટે મોટો સવાબ અને ફઝીલતનું વર્ણન થયું છે, જે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની ટેવ ધરાવે છે. બધી જ પરિસ્થિતિઓ અને મૌકાઓમાં, રાતમાં, દિવસમાં, ગુપ્ત રીતે, જાહેર રીતે દરેક રીતે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતા રહે છે, તેમના સંદર્ભમાં એ પણ બતાવવામાં આવ્યું કે, સદકહ અને ખેરાત માટે કોઈ સમય નક્કી નથી. ન રાત, ન દિવસ, કોઈ વખત નક્કી નથી. એ જ પ્રમાણે જાહેરમાં અથવા ગુપ્ત બંને રીતે અલ્લાહના

રસ્તામાં ખર્ચ કરવો સવાબ છે. શરત એટલી છે કે, ઈખ્લાસ સાથે ખર્ચ કરવામાં આવે, કોઈ નામના અને દેખાડો કરવાનો હેતુ ન હોય. ગુપ્ત રીતે ખર્ચ કરવાની ફઝીલત પણ એટલે સુધી છે કે, ખર્ચ જાહેર કરવા માટે કોઈ આવશ્યકતા ન જણાતી હોય, પરંતુ જ્યાં ખર્ચ જાહેર કરવાની જરૂરત જણાય ત્યાં અલ્લાહના રસ્તામાં જાહેરમાં ખર્ચ કરવો ઉત્તમ છે.

રૂહુલ મઆનીમાં ઈબ્ને અસાકિરના હવાલાથી નકલ થયું છે કે, હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ ૪૦ હજાર દીનાર અલ્લાહના રસ્તામાં એવી રીતે ખર્ચ કર્યા કે, ૧૦ હજાર દિવસે, ૧૦ હજાર રાત્રે, ૧૦ હજાર ગુપ્ત રીતે અને ૧૦ હજાર જાહેરમાં. અમુક મુફસ્સિરોએ આ આયતનો શા'ને નુઝૂલ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ની આ ઘટના હોવાનું લખ્યું છે. આ આયતના શા'ને નુઝૂલ વિશે બીજી પણ વિવિધ રિવાયતો આવેલ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૭૫ થી ૨૮૧)

الَّذِينَ يَأْكُلُونَ الرِّبٰوا لَا يَقُومُونَ إِلَّا كَمَا يَقُومُ الَّذِي يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ ۚ

ذٰلِكَ بِأَنَّهُمْ قَالُوا إِنَّمَا الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَأَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا ۚ وقف لازم

فَمَنْ جَاءَهُ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهِ فَانْتَهٰى فَلَهُ مَا سَلَفَ ۚ وَأَمْرُهُ إِلَى اللّٰهِ ۚ

وَمَنْ عَادَ فَأُولٰئِكَ أَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيهَا خٰلِدُونَ ﴿٢٧٥﴾ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا

وَيُرْبِي الصَّدَقٰتِ ۚ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ أَثِيمٍ ﴿٢٧٦﴾ إِنَّ الَّذِينَ اٰمَنُوا

وَعَمِلُوا الصّٰلِحٰتِ وَأَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ لَهُمْ أَجْرُهُمْ عِنْدَ

رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٢٧٧﴾ يٰأَيُّهَا الَّذِينَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ

وَذَرُوا مَا بَقِيَ مِنَ الرِّبٰوا إِنْ كُنْتُمْ مُّؤْمِنِينَ ﴿٢٧٨﴾ فَإِنْ لَّمْ تَفْعَلُوا فَأْذَنُوا بِحَرْبٍ

مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ لَا تَظْلِمُوْنَ وَلَا
تُظْلَمُوْنَ ﴿۲۷۹﴾ وَاِنْ كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ۭ وَاَنْ تَصَدَّقُوْا
خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۸۰﴾ وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِ ۣ ثُمَّ تُوَفّٰى كُلُّ
۳۸ ع ۸ ۲ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۲۸۱﴾ ع

તરજુમો :

જે લોકો વ્યાજ ખાય છે તેઓ (કયામતના દિવસે) ઊભા નહીં થાય, પરંતુ એવી રીતે જેમકે તે વ્યક્તિ ઊભો થાય છે કે શયતાને (જિન્નાતે) વળગીને જેનો હોશ ઉડાવી (ચિત્તભ્રમ કરી) દીધો હોય ! એવું એટલા માટે કે તેઓ કહેતા હતા કે વેપાર પણ વ્યાજ જેવો જ છે; જ્યારે કે, અલ્લાહે વેપારને હલાલ કર્યો છે અને વ્યાજને હરામ કર્યું છે; પછી જેને પણ તેના પરવરદિગારનો આ ઉપદેશ પ્રાપ્ત થાય તો તે (વ્યાજુ લેવડ–દેવડ કરવાથી) અટકી જાય, તો જે કંઈ (આ હુકમ આવતાં પહેલાં લેવડ–દેવડ) થઈ ચૂક્યું તો તે તેનું છે; અને તેનો મા'મલો અલ્લાહના હવાલે છે, અને જે કોઈ (આ હુકમ મળી ગયા છતાં) ફરી આવું (વ્યાજુ લેન–દેન) કરે તો તેઓ જ જહન્નમીઓ છે, તેઓ તેમાં હંમેશા રહેશે. (૨૭૫) અલ્લાહ વ્યાજને નાબૂદ કરે છે અને ખયરાત (દાન)ને વધારે છે અને અલ્લાહ દરેક ગુનેહગાર, નાશુક્રી કરનાર (નગુણા)ને પસંદ કરતો નથી. (૨૭૬) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે સારા કૃત્યો કર્યા અને નમાઝ કાયમ કરી અને ઝકાત આપી, એમના માટે તેમના પરવરદિગાર પાસે તેનો સારો બદલો છે, અને ન તેમને કોઈ ભય હશે અને ન જ તેઓ દિલગીર થશે. (૨૭૭) હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહથી ડરો અને જે વ્યાજ બાકી રહ્યું છે તેને છોડી દો, જો તમે ઈમાનવાળા છો. (૨૭૮) પછી જો તમે (વ્યાજ) છોડશો નહીં તો અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) સામે યુદ્ધનું એ'લાન સાંભળી લો ! અને જો તમે તવબહ કરી લીધી તો એ મૂળ (મુદ્દલ) મૂડી તમારી છે, તમે (કોઈના ઉપર) જુલમ ન કરો અને તમારા ઉપર જુલમ કરવામાં નહિ આવે. (૨૭૯)

અને જો (દેણદાર) તંગદસ્ત હોય તો છૂટછાટ થતાં સુધી મોહલત આપવામાં આવે, અને જો (કરજ) મા'ફ કરી દો તો તમારા માટે એ વધારે સારૂં છે; જો તમને ખબર હોય ! (૨૮૦) અને તે દિવસથી ડરતા રહો (જે દિવસે) તમે અલ્લાહ તરફ પાછા વાળવામાં આવશો, પછી દરેક વ્યક્તિને જે તેણે કમાણી કરી (તેનું) પૂરેપૂરું વળતર આપવામાં આવશે અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૨૮૧)

તફસીર :

જે લોકો વ્યાજ ખાય છે (એટલે કે વ્યાજ લે છે) તે (કયામતના દિવસે પોતાની કબરોમાંથી) ઊભા નહિ થાય, પરંતુ એવી રીતે કે જેવી રીતે શયતાન (જિન્નાત) કોઈને વળગી તેને ગાંડો બનાવી દે. આ સજા એટલા માટે થશે કે તે (વ્યાજખોર) લોકો (વ્યાજ હલાલ હોવાની દલીલો કરવા માટે) કહેતા હતા કે વેપાર પણ વ્યાજ જેવો જ છે. (કારણ કે તેમાં પણ ઈચ્છિત નફો પ્રાપ્ત કરવામાં આવે છે અને જે રીતે ખરીદ-વેચાણ જાઈઝ છે એ રીતે વ્યાજ પણ જાઈઝ હોવું જોઈએ.) જ્યારે કે, (એ બંને વચ્ચે ઉઘાડો તફાવત છે) અલ્લાહ તઆલાએ વેપારને હલાલ કર્યો છે અને વ્યાજને હરામ કર્યું છે (એનાથી મોટો બીજો શું તફાવત હોઈ શકે છે ?) પછી જે વ્યક્તિને તેના પરવરદિગાર તરફથી આ નસીહત મળે તો તે (આ વ્યાજના કૃત્યથી અને કુફ્રિયા નિવેદનોથી એટલે કે વ્યાજને હલાલ કહેવાથી) અટકી જાય (એટલે કે વ્યાજને હરામ સમજવા માંડે, અને વ્યાજ લેવાનું છોડી દે) તો જે કંઈ (આ હુકમ આવતાં પહેલાં તેણે વ્યાજ) લીધું હોય તો તે તેનું થયું, તેનો મા'મલો અલ્લાહના હવાલે છે અને જે વ્યક્તિ (ઉપરોક્ત નસીહત સાંભળ્યા પછી પણ આ પ્રમાણે વ્યાજ લેતો રહ્યો અને પોતાના અભિપ્રાય ઉપર) કાયમ રહ્યો તો (વ્યાજ લેવાના કૃત્ય બદલ તે ગુનાહે કબીરામાં સપડાય ગયો અને) આ લોકો જહન્નમમાં જશે (અને પોતાના વ્યાજને વેપારની જેમ હલાલ કહેવાના કુફ્રના કારણે) તે (જહન્નમ)માં હંમેશા રહેશે. (અને વ્યાજ લેવું જાહેરમાં તો માલ વધવાનું કારણ નજરે પડે છે પરંતુ અંતે) અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે (ક્યારેક તો દુનિયામાં જ બધું બરબાદ થઈ જાય છે અને આખિરતમાં તો બરબાદ થવું નક્કી જ છે. કારણ કે ત્યાં વ્યાજના કારણે અઝાબ થવાનો છે) અને (તેનાથી વિપરીત સદકહ આપવામાં

માલ ઓછો લાગે છે, પરંતુ અલ્લાહના રસ્તામાં આપેલા માલને એટલે કે, અલ્લાહ તઆલા) સદકહને વધારી આપે છે (ક્યારેક તો દુનિયામાં જ, નહિતર આખિરતમાં તો ચોક્કસ વધવાનો જ છે. કારણ કે ત્યાં સદકહ પર ઘણો મોટો સવાબ મળવાનો છે જેમકે, ઉપરની આયતોમાં આવી ચૂક્યું છે.) અને અલ્લાહ તઆલા કુફ્ર કરનારને પસંદ નથી કરતો (અને) કોઈ ગુનાહના કામ કરનારને (એટલે કે ઉપરોક્ત પ્રમાણે કુફ્રિયા નિવેદનો મોઢેથી બકવાને પસંદ નથી કરતો કે વ્યાજ તો વેપાર જેવું છે) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને જેણે સારા કામો કર્યા અને નમાઝ કાયમ કરી તથા ઝકાત આપી તેમના માટે તેનું વળતર તેમના પરવરદિગાર પાસે છે અને (આખિરતમાં) તેમના ઉપર કોઈ ભય નહિ હોય અને ન જ તેઓ દિલગીર થશે.

હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને જે કંઈ વ્યાજ બાકી રહ્યું છે તેને છોડી દો, જો તમે ઈમાનવાળા છો. (કારણ કે, ઈમાનનો તકાદો એ જ છે કે અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન કરવામાં આવે) પછી જો તમે (તેના ઉપર અમલ) નહિ કરો તો અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) સાથે યુદ્ધનું એ'લાન સાંભળી લો ! (એટલે કે તમારા વિરૂદ્ધ જિહાદ કરવામાં આવશે) અને જો તમે તવબહ કરી લેશો તો તમારી મૂળ મૂડી મળી જશે (અને આ કાયદા પછી) ન તો તમે કોઈની ઉપર જુલમ કરી શકશો (કે મૂળ મૂડી કરતાં વધારે લેવા માંડો) અને ન જ તમારા ઉપર કોઈ જુલમ કરવામાં આવશે (કે તમને મૂળ મૂડી પણ પાછી આપવામાં ન આવે) અને જો (કરજદાર) તંગદસ્ત (ગરીબ વ્યક્તિ મુદ્દત પૂરી થયે રકમ પાછી ન આપી શકે) છે તો તેને (આર્થિક નાણાભીડમાં) છૂટછાટ થતાં સુધીની મોહલત આપવાનો હુકમ છે (એટલે કે જ્યાં સુધી તેની પાસે કરજ અદા કરવાની મૂડી આવી ન જાય ત્યાં સુધી મોહલત આપો) અને જો બિલકુલ (જ) મા'ફ કરી આપો તો તે તમારા માટે વધુ સારું છે જો તમને (તેના સવાબની) ખબર હોય !

અને (હે મુસલમાનો !) તે દિવસથી ડરો જેમાં તમે (બધા) અલ્લાહ તઆલા સમક્ષ રજૂ કરવામાં આવશો, પછી દરેક વ્યક્તિને તેની કમાણી પૂરેપૂરી મળશે (પૂરેપૂરું વળતર મળશે) અને કોઈના ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર કરવામાં નહિ આવે (તો તમે અલ્લહ સમક્ષ હાજર થવા માટે પોતાના અમલોની

દુરુસ્તી કરી લો અને અલ્લાહના હુકમો વિરૂદ્ધ કર્મો ન કરો).

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતોમાં "રિબા" એટલે કે વ્યાજ હરામ હોવાનો અને તેના હુકમોનો ઉલ્લેખ શરૂ થયો છે. આ મસ્અલાના ઘણા બધા અગત્યના પાસાંઓ છે, એક બાજુ વ્યાજ–રિબા વિશે કુર્આન અને સુન્નતમાં સખત ચેતવણીઓ (વઈદો) આપવામાં આવી છે, તો બીજી બાજુ જે રીતે દુનિયાની આર્થિક પદ્ધતિઓ (ઈકોનોમી)માં વ્યાજ એક અભિન્ન અંગ બની ગયું છે અને તેનાથી છૂટકારો મેળવવાની મુશ્કેલીઓ અને સમસ્યાઓની બહું લાંબી દલીલો–પ્રતિદલીલોયુક્ત ચર્ચા છે. અહીંયાં તેના દરેક સ્વરૂપો ઉપર વિચાર કરવો જોઈએ.

પ્રથમ આ બાબત વિશે કુર્આન શરીફની એ આયતોની સહીહ તફસીર અને સહીહ હદીષોના હુકમો અને ફરમાનો ઉપર વિચાર કરીને નક્કી કરવું જોઈએ કે, કુર્આન અને સુન્નતની પરિભાષામાં "રિબા" શું વસ્તુ છે અને કયા કયા આર્થિક વહેવારો રિબામાં શામિલ છે ? અને તેના હરામ હોવા પાછળ શું હિકમત અને મસ્લિહત રહેલી છે ? તેમાં કયા કયા નુકસાન છે ? વગેરે..

બીજું સ્વરૂપ તેનું તાર્કિક સ્વરૂપ છે જે અર્થવ્યવસ્થાને લગતી બાબત છે કે, શું વાસ્તવમાં વ્યાજ (રિબા) એવી વસ્તુ છે જે દુનિયાની આર્થિક પ્રગતિની જામીનગીરી લઈ શકે છે ? અને જેને ઉપેક્ષિત કરવાનું પરિણામ એવું ચોક્કસ આવી શકે છે કે, વેપાર અને સામાન્ય આર્થિક વહેવારો તબાહ–બરબાદ થઈ જાય ? બલકે, આ બધા જ વિષચક્રો અંતે તો અલ્લાહ અને આખિરતથી ગાફિલ દિમાગોની ઊપજ છે, નહિતર તેના વિના પણ જગતની પ્રત્યેક આર્થિક સમસ્યાઓ દૂર થઈ શકે છે અને ન જ ફક્ત મુશ્કેલીઓનો હલ, બલકે, દુનિયામાં આર્થિક બાબતોનો ન્યાય, ઈન્સાફ, શાંતિ બધું જ વ્યાજયુક્ત અર્થવ્યવસ્થા છોડી દેવા ઉપર અવલંબિત છે. આજે દુનિયાની આર્થિક ગુનાખોરીનું સૌથી મોટું કારણ વ્યાજ–રિબા છે.

આ ચર્ચા આર્થિક અને સામાજિક સમસ્યા વિશે છે, જેના આધારે ઘણી બધી સૈદ્ધાંતિક બાબતો ઉપર ખૂબ લાંબી ચર્ચાઓ થઈ શકે છે, જેનો સંબંધ કુર્આનની તફસીર સાથે નથી. એટલા માટે અત્રે થોડી ઉપરછલ્લી ચર્ચાને પૂરતી સમજવામાં આવે છે અને તે પણ ખૂબ વિસ્તારપૂર્વકની ચર્ચા છે.

ઉપરોક્ત છ આયતો જેમાં વ્યાજ હરામ હોવાના હુકમો વર્ણવવામાં આવ્યા છે, તેમાં પ્રથમ આયતના પ્રથમ વાક્યમાં વ્યાજખોરોનું ખરાબ પરિણામ, તથા મહશરમાં તેમના અપમાનિત થવાનો અને તેમની ગુમરાહીનો ઉલ્લેખ છે. વર્ણન થયું છે કે, "જે લોકો વ્યાજ ખાય છે તેઓ ઊભા નથી થયા, પરંતુ જેવી રીતે કે તે માણસ ઊભો થાય છે જેને કોઈ શયતાને વળગીને ગાંડો બનાવી દીધો હોય." હદીષમાં ઊભા થવાનો અર્થ મહશરમાં કબ્રથી ઊભા થવાનો છે, એટલે કે વ્યાજખોરો જ્યારે કબરમાંથી ઊભા થશે ત્યારે તેઓ ગાંડા અને પાગલ લોકોની જેમ ઊભા થશે. જેમકે કોઈ શયતાન જિન્નાતે વળગીને તેમને પાગલ બનાવી દીધા હોય !

આ વાક્યમાં એક વાત તો એ સાબિત થાય છે કે, જિન્નાત અને શયતાનના પ્રભાવથી મનુષ્ય બેહોશ અને ગાંડો થઈ શકે છે. અનુભવી લોકોના અસંખ્ય જાત-અનુભવો આ બાબતે સાક્ષી છે. હાફિઝ ઈબ્ને કય્યિમે જવઝિયા (રહ.)થી વર્ણન કર્યું છે કે, ડૉક્ટરી વિદ્યા અને ફિલોસોફરોએ પણ એનો સ્વીકાર કર્યો છે કે ગાંડપણ, બેહોશી અથવા પાગલપણાના વિવિધ કારણો હોઈ શકે છે. એમાંથી અમુક કિસ્સાઓમાં શયતાન અથવા જિન્નાતોનો પ્રભાવ પણ એનું કારણ હોય છે. જે લોકોએ એનો ઈન્કાર કર્યો છે તેમની પાસે દેખીતા ભૌતિક (Physical Science)કારણો સિવાય અન્ય કોઈ દલીલો નથી.

બીજી વાત વિચારવા યોગ્ય એ છે કે, કુર્આને એમ નથી ફરમાવ્યું કે, વ્યાજખોર મહશરમાં પાગલ અથવા મજનૂન બનીને ઊભો થશે. બલકે, પાગલપણા અથવા બેહોશીના એક ખાસ સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે કે, જેવી રીતે કોઈ શયતાન વળગીને ઇન્સાનને બદ્હવાસ (ચિત્તભ્રમ) બનાવી દે છે, એનાથી કદાચ એ ઈશારો છે કે, બેહોશ અથવા પાગલ તો અમુક સમયે ચૂપચાપ પડ્યો પણ રહે છે, પરંતુ તેમની એવી હાલત નહિ થાય. બલકે, એવી હાલત હશે કે શયતાન વળગીને જે રીતે વ્યક્તિને "ખુબ્તી" બનાવે છે અને જે પ્રમાણે બકવાસ અને લવારો કરનાર પાગલોને અન્ય ગાંડાઓ કરતાં અલગ તારવીને પણ ઓળખી શકાય છે. આ વ્યક્તિ એવો હશે.

અને કદાચ એ તરફ પણ ઈશારો છે કે, બીમારીથી બેહોશ અથવા પાગલ થઈ ગયા પછી બુદ્ધિ અને સમજ જતી રહેવાના કારણે, તેને તકલીફ અને

અઝાબનો પણ અહેસાસ નથી રહેતો, માટે અત્રે આ આયતથી તેમની હાલત આવી થવાનો ભાવાર્થ નથી. બલકે, જે રીતે કોઈને વળગણ થવાથી તે જેવી તકલીફ અનુભવે છે, તે પ્રમાણે તે વ્યાજખોર વ્યક્તિ પણ અઝાબને સંપૂર્ણપણે અનુભવશે.

અત્રે એ જોવાનું છે કે, ગુનાહ અને સજામાં કોઈ બંધ બેસતું જોડાણ હોવું જોઈએ. અલ્લાહ તઆલા તરફથી જે સજા કોઈ વ્યક્તિ અથવા સમૂદાયને કોઈ ગુનાહના બદલામાં આપવામાં આવે છે, તે ચોક્કસ તે ગુનાહના પ્રમાણમાં યોગ્ય જ હોય છે. એટલા માટે વ્યાજખોરોને ખુબ્તી (લવારો કરનાર પાગલ) બનાવીને મહશરમાં ઉઠાડવાથી કદાચ એ બાબત જાહેર કરવાનો હેતુ છે કે, વ્યાજખોર રૂપિયા અને પૈસાની લાલચમાં એટલો બધો મદ્હોશ અને રચ્યો-પચ્યો બની જાય છે કે, તેને કોઈ ગરીબ ઉપર રહમ પણ આવતી નથી અને કોઈની બે આંખોની શરમ પણ નડતી નથી, તે પોતાની જિંદગી એક રીતે વાસ્તવિક રૂહાની બેહોશીમાં જ પસાર કરી રહ્યો હતો, એટલા માટે મહશરમાં પણ તેને એવી જ હાલતમાં ઉઠાવવામાં આવ્યો, અથવા આ સજા એટલા માટે આપવામાં આવી કે, દુનિયામાં તેણે બુદ્ધિનું દેવાળું ફૂંકી પોતાની મૂર્ખામી જાહેર કરી કે, વેપારને પણ વ્યાજની જેમ જ ઠરાવ્યું. એટલા માટે તેને બુદ્ધિહીન બનાવીને ઉઠાડવામાં આવ્યો.

અત્રે એ બાબત પણ વર્ણન કરવા યોગ્ય છે કે, આયતમાં વ્યાજ ખાવાનું વર્ણન છે, તેનો ભાવાર્થ વ્યાજ લેવું અને તેનો ઉપયોગ કરવો થાય છે. ભલે, તે વ્યાજનો ઉપયોગ ખાવા માટે કરે અથવા કપડાં-લત્તા, મકાત, ફર્નિચર વગેરેમાં કરે. પરંતુ તેને "ખાવા"ના શબ્દથી એટલા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જે વસ્તુ ખાવામાં આવે છે, તેને પાછું મેળવવાની કોઈ શક્યતા રહેતી નથી. તેનાથી વિપરીત બીજી જરૂરિયાતોમાં ઉપયોગ કરવામાં આવેલી વસ્તુઓ પાછી મેળવી શકાય છે. એટલા માટે સંપૂર્ણ કબજા અને ઉપયોગ કરવાને "ખાઈ જવા"ના શબ્દ વડે અત્રે દર્શાવવામાં આવ્યો છે અને આવા કિસ્સામાં ન જ ફક્ત અરબી ભાષામાં બલકે ઊર્દૂ, ફારસી વગેરે મોટા ભાગની ભાષાઓમાં "ખાઈ જવું" રૂઢિપ્રયોગનો જ ઉપયોગ થાય છે.

ત્યારબાદ બીજા વાક્યમાં વ્યાજખોરોની એવી સજા વર્ણન કરી કે, તે લોકોએ બે ગુનાહો કર્યા, એક તો વ્યાજ દ્વારા હરામ માલ ખાઈ ગયા અને બીજું

તેને હલાલ સમજ્યું. અને વ્યાજ હરામ કહેનારાઓના જવાબમાં કહ્યું કે, "વ્યાજ પણ વેપારની જેમ જ છે. જે પ્રમાણે રિબા-વ્યાજ દ્વારા નફો મેળવવામાં આવે છે તે જ પ્રમાણે વેપારમાં પણ નફો મેળવવામાં આવે છે. જો વ્યાજ હરામ હોય તો વેપાર પણ હરામ હોવો જોઈએ." હાલાં કે, વેપાર હરામ હોવાની માન્યતા કોઈ જ ધરાવતું નથી.

આ સ્થળે દેખીતી રીતે તકાદો એ હતો કે, લોકોએ એવું કહ્યું હોત કે, "રિબા પણ વેપાર જેવું જ છે. જો વેપાર હલાલ છે તો રિબા પણ હલાલ હોવું જોઈએ" પરંતુ તેમણે પોતાની કહેવાની પદ્ધતિ બદલીને એક પ્રકારે હરામ કહેનારાઓની હાંસી ઉડાવવા માટે કહ્યું કે, "જો તમે રિબાને હરામ કહો છો તો વેપારને પણ હરામ કહો!"

ત્રીજા વાક્યમાં આ લોકોના એવા નિવેદનોનો જવાબ અલ્લાહ તઆલાએ એવો આપ્યો કે, આ લોકો વેપારને રિબાની જેવું જ કહે છે. જ્યારે કે, અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે આ બંનેમાં જમીન-આસમાનનો ફરક છે કે, અલ્લાહ તઆલાએ એકને હલાલ ઠરાવ્યું છે અને બીજાને હરામ ! તો પછી બંને બરાબર કઈ રીતે થઈ શકે છે ?

એના જવાબમાં એ બાબત વિચાર કરવા યોગ્ય છે કે, આ લોકોના વાંધાઓ બૌદ્ધિક રીતે તર્ક આધારિત હતા. તેમના મતે જો બંને બાબતો એટલે કે વ્યાજ અને વેપાર બંનેનો હેતુ નફો કમાવવાનો છે, તો બંનેનો હુકમ પણ એકસમાન હોવો જોઈએ. અલ્લાહ તબારક વ તઆલાએ તેમની બૌદ્ધિક અને તાર્કિક દલીલનો જવાબ તાર્કિક રીતે તફાવત વર્ણન કરીને નથી આપ્યો, બલકે, હિકમતસભર શૈલીમાં એ જવાબ આપ્યો કે, "માલિકુલ મુલ્ક વલ મલકૂત" (સમગ્ર વિશ્વનો માલિક અને પૈદા કરનાર) માત્ર અલ્લાહ જલ્લ શા'નુહુ છે, તે જ દરેક વસ્તુમાં નફો અથવા નુકસાન તથા દરેક વસ્તુની ભલાઈ અને બુરાઈને સારી પેઠે જાણે છે. જ્યારે તેણે એકને હલાલ અને બીજાને હરામ ઠરાવ્યું, તો સમજી લો કે, જે બાબતને હરામ કહી છે તેમાં ચોક્કસ કોઈ નુકસાન, ગેરલાભ તથા નાપાકી હશે. ભલે સામાન્ય લોકો તેનો અનુભવ કરે અથવા ન કરે. કારણ કે, સમગ્ર દુનિયાની સામૂહિક વ્યવસ્થાઓની સંપૂર્ણ હકીકત અને તેના નફા-નુકસાનને જાણનારો ફક્ત તે જ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન અલ્લાહ છે. એક રજકણ પણ

તેના જ્ઞાન બહાર નથી. દુનિયામાં વસતા મનુષ્યો અથવા સમુદાયો પોત-પોતાના વ્યક્તિગત લાભો અને ગેરલાભોને ઓળખી શકે છે, પરંતુ સમગ્ર વિશ્વના લાભ અને ગેરલાભ, નફા અને નુકસાનને જાણી નથી શકતા. અમુક બાબતો એવી હોય છે કે, તે કોઈ એક વ્યક્તિ અથવા સમુદાય માટે દેખીતી રીતે ફાયદાકારક લાગતી હોય, પરંતુ સમગ્ર માનવજાત અથવા તો જે-તે દેશ માટે નુકસાનકારક હોઈ શકે છે.

ત્યારબાદ ત્રણ વાક્યોમાં એ હુકમ કર્યો છે કે, વ્યાજ હરામ થવાના હુકમ પહેલાં જે વ્યક્તિએ કોઈ રકમ ભેગી કરી લીધી હતી, પરંતુ હવે જ્યારે વ્યાજને હરામ કરવામાં આવ્યું, તો હવે આગળ ઉપર તેને ન લેવામાં આવે અને તેની તવબહ કરી લે અને વ્યાજ લેવાથી અટકી જાય, અને જે અત્યાર સુધી વ્યાજ લીધું છે તો તે રકમ તેની થઈ ગઈ, પરંતુ તે આ કૃત્યથી દિલથી તવબહ કરીને અટકી જાય અને ઉપરછલ્લી મુનાફિકો જેવી તવબહ ન કરે, તો હવે પછી તેનો મા'મલો અલ્લાહના હવાલે છે.

જો દિલથી તવબહ કરી છે તો અલ્લાહ નજીક માન્ય અને તેના માટે લાભકારક હશે, નહિતર તે અમાન્ય છે. સામાન્ય લોકોને બદ્ગુમાની કરવાનો અધિકાર નથી અને જે વ્યક્તિ નસીહત સાંભળીને પણ પોતાના ખોટા કૃત્યો અને અભિપ્રાયો પર વળગી રહે છે અને વ્યાજના ગુનાહમાં સપડાયેલો રહે છે તો એવા લોકો જહન્નમમાં જશે અને તેઓની એવી માન્યતા હોવાના કારણે કે, "વ્યાજ પણ એક પ્રકારનો વેપાર જ છે," તેઓ કુફ્ર કરી રહ્યા છે અને કુફ્રના આ ગુનાંહ સબબ તેઓ જહન્નમમાં હંમેશા રહેશે.

બીજી આયતમાં જે ઈરશાદ થયો છે કે, અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે અને સદકહ (દાન)ને વધારે છે. અત્રે સદકહનું વર્ણન એક ખાસ જોડાણ સાથે લાવવામાં આવ્યું છે કે, વ્યાજ અને સદકહ બંને વાસ્તવમાં પણ એકબીજાના વિરોધી છે અને તેના પરિણામો પણ એકબીજાથી વિપરીત છે અને સામાન્ય રીતે તે બંને કાર્યો કરનારની નિય્યત અને હેતુ પણ ભિન્ન-ભિન્ન હોય છે.

હકીકતમાં આ વિરોધાભાસ એ છે કે, સદકહમાં તો કોઈપણ પ્રકારનું વળતર મેળવ્યા વિના પોતાનો માલ બીજાને આપી દેવામાં આવે છે અને વ્યાજમાં કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વિના બીજાનો માલ લઈ લેવામાં આવે છે. બંને

કામો કરનારની નિય્યત અને ગરજ એટલા માટે એકબીજાથી વિપરીત છે કે, સદકહ કરનાર ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે અને આખિરતના સવાબ માટે પોતાના માલને ઓછો અથવા તો સંપૂર્ણ રીતે ખતમ કરવાનો ફેંસલો કરે છે અને વ્યાજ લેનારો પોતાની પાસે ઉપલબ્ધ માલને નાજાઇઝ રીતે વધારવાનો ઈચ્છુક હોય છે. આ બંનેના પરિણામ એકબીજાના વિપરીત હોવાનું વર્ણન કુર્આન શરીફની આ આયતથી સ્પષ્ટ થઈ ગયું કે, અલ્લાહ તઆલા વ્યાજ દ્વારા પ્રાપ્ત કરેલ માલમાંથી બરકત ઉઠાવી લે છે અને સદકહનો માલ અથવા તેની બરકતને વધારી દે છે, જેનો ખુલાસો એ થયો કે, માલની હવસ-લાલસા ધરાવનારનો હેતુ પૂર્ણ થતો નથી અને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરનાર જે પોતાનો માલ ઓછો થઈ જવા છતાં રાજી રહ્યો હતો, તેના માલમાં બરકત થવાના કારણે તેનો માલ અથવા તેના ફાયદાઓ વધી જાય છે.

અત્રે એ બાબત વિચારવા યોગ્ય છે કે, આયતમાં વ્યાજને નાબૂદ કરવાથી અને સદકાને વધારવાથી શું મતલબ છે ? કુર્આનના અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, અહીંયાં વ્યાજને નાબૂદ કરવાનો અને સદકહને વધારવાનો અર્થ આખિરતના સંદર્ભમાં છે કે, વ્યાજખોરને તેનો માલ આખિરતમાં કંઈ જ કામ નહિ લાગે. બલકે, તે તેના માટે વબાલ બની જશે અને સદકહ-ખૈરાત કરનારાનો માલ આખિરતમાં તેના માટે હંમેશા-હંમેશની નેઅ્મતો અને રાહતનું માધ્યમ બનશે અને એ બિલકુલ સત્ય છે, એમાં શંકાને કોઈ સ્થાન જ નથી. બધા જ મુફસ્સિરોએ કહ્યું છે કે, વ્યાજનું નાબૂદ થવું અને સદકહનું વધવું આખિરત માટે તો છે જ, પરંતુ તેના અમુક ચિહ્નોનો દુનિયામાં પણ સાક્ષાત્કાર કરી શકાય છે.

વ્યાજ જે માલમાં શામિલ થઈ જાય છે, અમુક સમયે તે માલ પોતે નેસ્ત-નાબૂદ થઈ જાય છે અને મૂડીને પણ સાથે લઈ જાય છે. જેમકે, વ્યાજયુક્ત આર્થિક વ્યવહારો અને સટ્ટા બજારોમાં આ બાબતે જાત અનુભવ કરી ચૂકેલા અસંખ્ય લોકોના દાખલાઓ જોવા મળશે. સટ્ટા માર્કેટમાં મોટા-મોટા કરોડપતિઓ અને મૂડી ધરાવતા લોકો જોત-જોતામાં દેવાળિયા અને ફકીર બની જાય છે. જો કે, બિનવ્યાજુ વેપારોમાં પણ નફો અને નુકસાનની ભિતી તો રહે જ છે અને ઘણા વેપારીઓને કોઈ વેપારમાં નુકસાન પણ થઈ જાય છે, પરંતુ આવા નુકસાનોમાં જે કાલે કરોડપતિ હતો તે આજે અચાનક એક રાતમાં એક-એક

પૈસાનો મોહતાજ અને ભિખારી નથી બની જતો. આવું થવું ફક્ત વ્યાજ અને સટ્ટા બજારોમાં જ શક્ય બને છે. જ્યારે કે વેપારીઓના અસંખ્ય નિવેદનો એ વિશે પ્રખ્યાત છે કે, વ્યાજનો માલ તાત્કાલિક ગમે તેટલો વધી જાય, પરંતુ તે કાયમી અને મજબૂત પાયા પર બાકી નથી રહેતો કે, જેથી તેનો ફાયદો ઔલાદ અને આવનારી પેઢીઓ સુધી ચાલતો રહે. મોટે ભાગે કોઈને કોઈ આફત આવીને માલને બરબાદ કરી નાંખે છે. હઝરત મુઅમ્મર (રહ.)એ ફરમાવ્યું કે, "અમે બુઝુર્ગો પાસેથી સાંભળ્યું છે કે વ્યાજખોર ઉપર ચાલીસ વર્ષો વીતવા નથી પામતા કે, તેના પર નુકસાન આવી જાય છે."

અને જો જાહેરમાં માલ બરબાદ થતો ન પણ દેખાતો હોય, પરંતુ તેના ફાયદાઓ અને બરકતોથી વંચિત રહેવું તો ચોક્કસ વિશ્વાસપૂર્વક સાબિત થયેલ બાબત છે. કારણ કે, એ બાબત કોઈનાથી છુપી નથી કે સોનું-ચાંદી પોતે એક ધાતુના ટૂકડા સિવાય કંઈ જ નથી, તેને ખાઈ પણ શકાતું નથી અને ન જ સોના-ચાંદીથી તરસ છીપાવી શકાય છે, અને ન તો ઠંડી-ગરમીથી બચવા માટે તેને ઓઢી કે પાથરી શકાય છે, ન જ તે કપડાં અને વાસણોનું કામ આપી શકે છે ! પછી તેને પ્રાપ્ત કરી તેને સુરક્ષિત રાખવા માટે હજારો પ્રકારની તકલીફો ઉઠાવવાનું કારણ એક બુદ્ધિશાળી વ્યક્તિ પાસે તેનાથી વિશેષ બીજું કંઈ જ હોઈ શકતું નથી કે, સોના-ચાંદી દ્વારા તે આ બધી વસ્તુઓ પ્રાપ્ત કરી પોતાની જિંદગી આનંદમય બનાવી શકે છે અને બધા જ પ્રકારની ભૌતિક રાહતો અને સહૂલતો મેળવી ઈજ્જતથી જિંદગી ગુજારી શકે છે. માણસની સ્વાભાવગત ઈચ્છા હોય છે કે, રાહત અને ઈજ્જત જે પણ પ્રકારે પ્રાપ્ત થઈ હોય, તે પોતાની ઔલાદ અને સગાં-સંબંધીઓને પણ પ્રાપ્ત થાય.

આ જ તે બાબતો છે કે, જેને માલ-દૌલતના ફાયદાઓ અને તેના લાભો કહી શકાય છે. આ પરિણામો આધારે એવું કહેવું બિલકુલ વ્યાજબી નથી કે, જે વ્યક્તિને આવા લાભો અને ફાયદાઓ પ્રાપ્ત થયા હોય તેનો માલ એક પ્રકારે વધી ગયેલો ગણાય. બલકે, જોવામાં તે ભલે માલ વધારે લાગે પરંતુ જેને આ લાભો અને આ સહૂલતો વધારે પ્રાપ્ત થઈ છે, તેનો માલ એક પ્રકારે ઘટી ગયો છે. ભલે, જાહેરમાં તે વધારે લાગતો હોય.

આ બાબતને સમજવા માટે વ્યાજયુક્ત લેવડ-દેવડ તથા સદકહ અને

ખૈરાતના અમલોની સમીક્ષા કરીએ, તો એ વાતનો અનુભવ થશે કે, વ્યાજખોરનો માલ ભલે વધતો લાગે છે પરંતુ તેનું વધવું એવું છે કે, જાણે કોઈ વ્યક્તિનું શરીર સોજા ચઢવાથી ફૂલી જાય. આમ, સોજા ચઢવા એક પ્રકારે માણસના શરીરને વધારે છે, પરંતુ કોઈ સમજદાર વ્યક્તિ આવા વધારાને પસંદ નથી કરતો કારણ કે, તે જાણે છે કે, શરીરનો આ ફૂલાવો મૌતનો સંદેશ છે. એ જ પ્રમાણે વ્યાજખોરનો માલ ગમે એટલો વધી જાય પરંતુ માલના ફાયદાઓ, તેની સહૂલતો અને તેની ઈજ્જતથી તે હંમેશા વંચિત થઈ જાય છે.

અત્રે કદાચ કોઈને એવી શંકા થઈ શકે છે કે, આજે તો વ્યાજખોરોને ઘણી મોટી-મોટી સહૂલતો પ્રાપ્ત છે, તેઓ ગાડીઓ, બંગલાઓના માલિક છે, અય્યાશીઓ અને આરામના બધા જ પ્રકારના સામાન ધરાવે છે. ખાવા-પીવા, રહેવા-સહેવાની બધા જ પ્રકારની જરૂરિયાતો ઉપલબ્ધ છે બલકે, તેઓ ફુઝૂલ ખર્ચાઓ પણ મોટા પ્રમાણમાં કરે છે, તેમની પાસે નોકર-ચાકર અને શા'ન-શૌકતના સામાન મૌજૂદ છે. પરંતુ વિચાર કરવામાં આવે તો દરેક વ્યક્તિ સમજી જશે કે, રાહતનો સામાન અને વાસ્તવિક રાહત બંનેમાં ઘણો મોટો તફાવત છે. રાહતનો સામાન તો ફેક્ટરીઓ અને કારખાનાઓમાં તૈયાર થાય છે અને માર્કેટોમાં વેચાય છે, તે સોના-ચાંદીના બદલામાં પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ જેનું નામ "રાહત" (સંતોષ) છે, તે ન તો કોઈ ફેક્ટરીમાં બને છે, ન જ કોઈ બજારમાં વેચાય છે, તે અલ્લાહની એક એવી રહમત છે જે સીધે-સીધી અલ્લાહ તઆલા તરફથી બંદાને આપવામાં આવે છે, તે અમુક સમયે હજારો પ્રકારના સામાન હોવા છતાં કોઈને પ્રાપ્ત થઈ શકતી નથી. દા.ત. એક ઊંઘની રાહતનો જ દાખલો લઈ લો કે, તેને પ્રાપ્ત કરવા માટે એવું તો કરી શકાય છે કે, સૂવા માટે ઉત્તમ મકાન બનાવવામાં આવે, તેમાં પ્રકાશની સારી વ્યવસ્થા હોય, મકાનનું ફર્નિચર તથા તેની ઝૈબો-ઝિનત (એટલે કે તેનું રાચરચીલું ડૅકોરેશન) દિલને ખુશ કરી મૂકે એવું હોય, પલંગના ગાદલાઓ અને તકિયા ઈચ્છા અનુસારના હોય, પરંતુ શું આ સામાન વસાવી લેવાથી ઊંઘ આવી જવી જરૂરી છે ? જો આપ આ બાબતે સર્વે કરો તો હજારો વ્યક્તિનો જવાબ નકારમાં હશે ! હવે, અમેરિકા જેવા માલદાર અને વિકસિત દેશો વિશે અમુક રિપોર્ટોથી જાણ થાય છે કે ત્યાં મોટા પ્રમાણમાં લોકો ઊંઘની ગોળીઓ ખાધા વિના સૂઈ શકતા નથી અને અમુક સમયે ઘેનની

ગોળીઓ પણ અસર કરતી નથી. ઊંઘનો સામાન તો તમે બજારમાંથી ખરીદી લાવ્યા, પરંતુ ઊંઘને શું કોઈ બજારમાંથી કિંમત આપીને ખરીદી શકાય છે ? એ જ પ્રમાણે બીજી રાહતો અને સંતોષ પણ રૂપિયા-પૈસા ખર્ચીને બજારમાંથી મળી નથી શકતી.

આ વાત સમજી લીધા પછી વ્યાજખોરોની પરિસ્થિતિની સમીક્ષા કરો તો તેમની પાસે તમને બધું જ મળશે, પરંતુ સંતોષ નામની કોઈ ચીઝ તેમની પાસે નહિ હોય, તે પોતાના કરોડને દોઢ કરોડ, દોઢ કરોડને બે કરોડ અને બે કરોડને ચાર કરોડ બનાવવાની ફિરાકમાં જ રાચેલા હોય છે અને હંમેશા એની જ ચિંતામાં લાગેલા રહે છે, આ ચિંતામાં તેઓ એટલા મસ્ત બની જાય છે કે, ન તેમને ખાવાનું ભાન રહે છે, ન પીવાનું, ન પોતાની પત્નીનું, ન બાળકોનું, ન તો તેમને પોતાના કુટુંબીજનોની કોઈ ફિકર હોય છે, બસ ! ફિકર છે તો ફલાણું જહાઝ ફલાણી જગ્યાએ સાંજ સુધીમાં આવી જવું જોઈએ અને સવાર સુધીમાં ફલાણી જગ્યાએ રવાના થઈ જવું જોઈએ. અફસોસ છે કે, આ દીવાનાઓએ રાહતના સામાનનું નામ જ સંતોષ સમજી લીધું છે, જ્યારે કે હકીકતમાં સંતોષ તેમનાથી હજારો માઈલ દૂર છે. આ પરિસ્થિતિ તો તે રાહત અને સંતોષની છે જે પૈસા ખર્ચીને પણ મેળવી શકાતી નથી. હવે, ઈજ્જત પણ જોઈ લો ! આ લોકો ઘણા સખત દિલના અને નિર્દયી હોય છે, તેમનો ધંધો જ એ છે કે, ગરીબોનું લોહી ચૂંસીને પોતાની મૂડી વધારવી અને તેમના લોહીથી પોતાના બદનની પૉલીસ કરવી, એટલા માટે શક્ય જ નથી કે, તેમના દિલમાં ગરીબોની કોઈ ઈજ્જત અથવા માન હોય. આપણા દેશના ઘણા શાહૂકાર વ્યાજખોરો અને સીરિયાના વ્યાજખોર યહૂદીઓનો ઈતિહાસ વાંચશો તો આ બાબતનો જાતઅનુભવ કરી લેશો. તેમની પરિસ્થિતિ જોશો તો ખ્યાલ આવશે કે, તેમની તિજોરીઓ વિવિધ પ્રકારના સોના-ચાંદી અને ઝવેરાતોથી ભરેલી છે, પરંતુ દુનિયાના કોઈપણ ખૂણામાં, કોઈપણ વર્ગમાં તેમની કોઈ ઈજ્જત નથી. બલકે, તેમના આવા નિર્દયી વ્યાજખોર આચરણના કારણે તેઓ પ્રત્યે ગરીબ અને નાદાર લોકોના દિલોમાં એક પ્રકારની નફરત અને સૂગ હોય છે. આજકાલ દુનિયામાં મોટાભાગના યુદ્ધોનું આજ સૂગ એક મોટું કારણ છે, આજે મૂડીવાદ અને સામ્યવાદના ઝઘડાઓનું મોટું કારણ આ જ આર્થિક અસમાનતાઓ અને તેના કારણે ઊભી થતી નફરત અને સૂગની દિવાલો છે, જેણે

સમસ્ત દુનિયાને યુદ્ધ અને ખૂનામરકીનું નર્કાગાર બનાવી દીધું છે. આ હાલત તો કહેવાતી રાહત અને ઈજ્જતની છે ! અનુભવો સાક્ષી છે કે, વ્યાજનો માલ વ્યાજખોરની આવનારી પેઢીઓને પણ તબાહ-બરબાદ કરી નાંખે છે અથવા તો તેઓ તેની નહૂસતથી માલ-દૌલતનો સારો લાભ ઉઠાવી શકતા નથી તથા અપમાનિત થાય છે. સામાન્ય લોકો યુરોપના વ્યાજખોરોના દાખલાથી કદાચ ધોકામાં આવી જાય છે કે, તે લોકો તો બધા જ સારૂં જીવન જીવે છે, તેમની નસ્લો (જનરેશન) પણ પ્રગતિ અને વિકાસ કરી રહી છે, પરંતુ તેમની પ્રગતિ અને વિકાસ આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે ફક્ત "ડુંગરા દૂરથી રળિયામણા" લાગે તે પ્રમાણે છે !

બીજો દાખલો એવો છે કે, જેમકે કોઈ માણસખાઉં વ્યક્તિ બીજા માણસનું લોહી ચૂસીને પોતાનું શરીર પાળે-પોષે છે, કલ્પના કરો, એવા જ અમુક માણસોનો સમૂહ જો કોઈ એક મહોલ્લામાં વસી જાય તો તમે કોઈને તે મહોલ્લામાં લઈ જઈને અનુભવ કરાવી શકો છો કે, આ બધા ઘણા તંદુરસ્ત અને હટ્ટા-કટ્ટા છે, પરંતુ કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ અને માનવતાની પ્રગતિનો ઈચ્છુક વ્યક્તિ ફક્ત આ મહોલ્લાને નહિ જુએ, બલકે તે વસ્તીઓને પણ જોશે, જે બિચારા લોકોનું લોહી ચૂસીને આ નરાધમો હટ્ટા-કટ્ટા બન્યા છે. હવે, આ માણસખાઉં નરરાક્ષસોના મહોલ્લાઓ અને જેમનું લોહી ચૂસવામાં આવ્યું છે તે અધમૂઆ થયેલા લોકો ઉપર સામૂહિક દૃષ્ટિપાત કરવામાં આવે તો કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ તેમની ખુશહાલી જોઈને ખુશ નથી થઈ શકતો અને સામૂહિક રીતે માણસખાઉં વ્યક્તિઓના લોહી ચૂસવાની આદતને પ્રગતિનું માપદંડ નથી માની શકતો બલકે, તેને માનવતાનો વિનાશ અને બરબાદી કહેવા માટે મજબૂર થઈ જશે.

આથી ઊલટું સદકહ અને ખૈરાત કરનારા લોકોને જુઓ કે, તેઓ માલ-દૌલત પાછળ ક્યારેય ગાંડાતૂર થઈને દોડશે નહીં, ભલે તેમની પાસે રાહતનો સરસામાન થોડો ઓછો હોય પરંતુ તેમને ઉપરોક્ત પ્રમાણેના દુનિયાપરસ્ત રઈશો (માલેતુજારો) કરતાં વધારે સંતોષ અને દિલની શાંતિ હશે અને તે જ રાહતનું અસલી સ્વરૂપ છે, જે તેમને પ્રાપ્ત થયું છે, તથા દુનિયાનો પ્રત્યેક વ્યક્તિ તેમને ઈજ્જતની નજરથી જુએ છે.

يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِى الصَّدَقَاتِ

આ આયતમાં ઈરશાદ છે કે, "અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે અને સદકહને વધારે છે." આ વિષય આખિરતના અનુસંધાને તો બિલકુલ સ્પષ્ટ છે જ, પરંતુ દુનિયાના સંદર્ભમાં પણ જો થોડીક વાસ્તવિકતા સમજવાની કોશીશ કરવામાં આવે તો બિલકુલ ચોખ્ખી રીતે આ બાબત દેખાશે, આ જ રસૂલે કરીમ ﷺ હદીષનો પણ અર્થ છે જેમાં આપ ﷺએ ફરમાવ્યું,

اِنَّ الرِّبٰوا وَاِنْ كَثُرَ فَاِنَّ عَاقِبَتَهُ تَصِيْرُ اِلٰى قُلٍّ،

"વ્યાજ ગમે તેટલું વધારે થઈ જાય, પરંતુ અંતે તેનું પરિણામ ઘટાડો જ છે."

(મુસ્નદે અહમદ અને ઈબ્ને માજહ)

આ રિવાયત મુસ્નદે અહમદમાં આવેલી છે.

આયતના છેવટે ઈરશાદ છે وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ એટલે કે "અલ્લાહ તઆલા કોઈ કુફ્ર કરનારને અને કોઈ ગુનાહનું કામ કરનારને પસંદ નથી કરતો." તેમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે કે, જે લોકો વ્યાજને હરામ નથી સમજતા તેઓ કુફ્ર કરી રહ્યા છે અને જેઓ હરામ સમજવા છતાં તે અમલ કરી રહ્યા છે, તો તેઓ ગુનેહગાર અને ફાસિક છે.

ત્રીજી આયતમાં મો'મિનો અને નેક લોકો કે જેઓ નમાઝ અને ઝકાતના પાબંદ છે તેમના માટે સારો બદલો તથા આખિરતની રાહતનું વર્ણન છે. જેમકે, આ અગાઉની પહેલી આયતમાં વ્યાજખોરો માટે જહન્નમનો અઝાબ અને બેઈજ્જતી તથા રૂશ્વાઈનું વર્ણન હતું. કુર્આને કરીમની સામાન્ય શૈલી પ્રમાણે ઈમાન અને નેક કાર્યોની પાબંદી તથા નમાઝ અને ઝકાત અદા કરનારાઓ માટે સવાબ અને તેમના આખિરતના દરજ્જાઓને પણ વર્ણન કરવામાં આવ્યા છે.

ચોથી આયત يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِىَ مِنَ الرِّبٰوا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને જે વ્યાજ બાકી રહ્યું છે તેને છોડી દો, જો તમે ઈમાનવાળા છો."માં ખુલાસો છે કે, વ્યાજ હરામ થયા પછી જે વ્યાજની બાકી રકમ હતી, તેનું લેવું-દેવું પણ હરામ કરવામાં આવ્યું છે.

સ્પષ્ટતા (ખુલાસો) :

વ્યાજને હરામ કરવાનો હુકમ નાઝિલ થતાં પહેલાં અરબમાં વ્યાજનો રિવાજ ખૂબ પ્રચલિત હતો. આ આયતની શરૂઆતની આયતોમાં એની મનાઈ કરવામાં આવી તો નિયમ પ્રમાણે બધા જ મુસલમાનોએ વ્યાજુ લેવડ-દેવડ છોડી દીધી, પરંતુ અમુક લોકોની વ્યાજની રકમ ઘણા લોકો પાસે લેવાની બાકી નીકળતી હતી. તેમાં એક ઘટના એવી બની કે, બની ષકીફ અને બની મખઝૂમ કબીલાઓ પરસ્પર વ્યાજુ લેવડ-દેવડ કરતા હતા અને બનુ ષકીફના અમુક લોકોની વ્યાજની રકમ લેણી નીકળતી હતી. બની મખઝૂમ મુસલમાન બની ગયા અને ઈસ્લામ લાવ્યા પછી તેમણે વ્યાજની રકમ આપવી જાઈઝ ન સમજ્યું, આ બાજુ બની ષકીફના લોકોએ માંગણી શરૂ કરી કારણ કે તે લોકો મુસલમાન ન થયા હતા, પરંતુ મુસલમાનોએ મશ્વરો કરી લીધો હતો, તેમણે બની મખઝૂમના લોકોને કહ્યું કે, ઈસ્લામમમાં દાખલ થયા પછી અમે ઈસ્લામી કમાઈને વ્યાજનું કંરજ ભરપાઈ કરવા માટે અદા નહિ કરીએ.

આ ઝઘડો મક્કા મુકર્રમહમાં સામે આવ્યો. તે વખતે મક્કા જીતી લેવાયું હતું. રસૂલ ﷺ તરફથી મક્કાના અમીર (ગવર્નર) હઝરત મઆઝ (રદિ.) અને બીજી રિવાયત પ્રમાણે હઝરત ઈતાબ બિન ઉસૈદ (રદિ.) હતા, તેમણે આ ઝઘડાનો કિસ્સો રસૂલે કરીમ ﷺની સેવામાં તેમનો શું હુકમ છે તે જાણવા લખી મોકલ્યો. તેના વિશે કુર્આનની આ આયત નાઝિલ થઈ, જેમાં ખુલાસો એ છે કે, ઈસ્લામમમાં પ્રવેશ પામ્યા પછી વ્યાજની પાછલી બધી જ લેવડ-દેવડ ખતમ કરી દેવામાં આવે, પાછલું વ્યાજ પણ લેવામાં ન આવે, ફક્ત તમારું મૂળ મુદલ કરજદાર પાસેથી પાછું લઈ શકો છો.

આ ઈસ્લામી કાયદો અમલમાં આવ્યો તો મુસલમાનો તો તેના પાબંદ હતા, જે ગૈરમુસ્લિમ કબીલાઓ સુલેહ અને કરાર કરીને ઈસ્લામી કાયદાઓ કબૂલ કરી ચૂક્યા હતા તેઓ પણ આ હુકમના પાબંદ થઈ ચૂક્યા હતા, પરંતુ તે છતાં જ્યારે હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં રસૂલે કરીમ ﷺએ આ કાનૂનનું એ'લાન કર્યું તો એવી જાહેરાત કરી કે, આ કાયદો કોઈ ખાસ વ્યક્તિ અથવા કોઈ કૌમના વ્યક્તિગત ફાયદા માટે નથી, બલકે સમસ્ત માનવજાતની પ્રગતિ અને વિકાસ માટે લાગુ પાડવામાં આવે છે. એટલા માટે અમે સૌ પ્રથમ જે

મુસલમાનોની મોટી-મોટી રકમો વ્યાજ સ્વરૂપે ગૈરમુસ્લિમ કરજદારો પાસેથી લેણા સ્વરૂપે લેવાની બાકી હતી તેને છોડી દઈએ છીએ, તો હવે તેમણે પણ પોતાની બાકી નીકળતી રકમો જે વ્યાજ સ્વરૂપે છે, તેને છોડી દેવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ. એટલા માટે આ ખુત્બામાં ઈરશાદ ફરમાવ્યું,

اَلَااِنَّ کُلَّ رِبَا کَانَ فِی الْجَاھِلِیَّةِ مَوْضُوْعٌ عَنْکُمْ کُلُّهٗ ط لَکُمْ رُؤُسُ اَمْوَالِکُمْ ط لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ط وَاَوَّلُ رِبَا مَوْضُوْعٌ رِبَا الْعَبَّاسِ ابْنِ عَبْدُ الْمُطَّلِبِ کُلُّهٗ ○

(اِبْنِ کَثِیْرِ بِحَوَالَهٗ اِبْنِ اَبِیْ حَاتِمْ)

"અજ્ઞાનતાના સમયમાં જે વ્યાજુ લેવડ-દેવડ કરવામાં આવી તે બધાનું વ્યાજ છોડી દેવામાં આવ્યું, હવે દરેક લેણદારને મૂળ મુદ્દલ રકમ જ મળશે. વ્યાજની વધારાની રકમ તેને નહિ મળે, અને ન જ તે જબરદસ્તી કરી કોઈના ઉપર જુલમ કરી શકશે, અને ન જ કોઈ મૂળ મુદ્દલમાં કમી કરીને તમારા ઉપર જુલમ કરી શકશે, અને સૌ પ્રથમ જે વ્યાજ છોડવામાં આવ્યું, તે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબનું વ્યાજ છે."

હઝરત અબ્બાસ (રદિ.)ની ઘણી મોટી વ્યાજની રકમો ગેરમુસ્લિમો પાસેથી લેવાની બાકી નીકળતી હતી. કુર્આન મજીદની પ્રસ્તુત આયતમાં આ ઘટના તરફ ઈશારો કરીને બાકીનું વ્યાજ છોડી દેવાનો હુકમ કરવામાં આવ્યો.

પ્રસ્તુત આયતની શરૂઆત જ એવી રીતે કરવામાં આવી છે કે, મુસલમાનોને પ્રથમ સંબોધન કરી, اِتَّقُوا اللّٰهَ "અલ્લાહના ડર"નો હુકમ આપવામાં આવ્યો કે, અલ્લાહ તઆલાથી ડરો, ત્યાર પછી અસલ હુકમ વર્ણન કરવામાં આવ્યો. આ કુર્આન શરીફની તે ખાસ વર્ણનશૈલી છે, જેમાં તે સમગ્ર દુનિયાના કાનૂનના પુસ્તકો કરતાં એક આગવી હૈસિયત ધરાવે છે કે, જ્યારે કોઈ એવો કાયદો બનાવવામાં આવે કે જેના ઉપર લોકોને અમલ કરવો થોડો મુશ્કેલ હોય તો તેની આગળ-પાછળ અલ્લાહ તઆલા સામે હાજર થવાની, તથા અમલોના હિસાબ-કિતાબ થવાની, તથા આખિરતમાં અઝાબ અને સવાબ થવાની બાબતોનું વર્ણન કરીને મુસલમાનોના દિલ અને દિમાગને તે અમલ કરવા માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવે છે, ત્યાર પછી હુકમ સંભળાવવામાં આવે છે. અહીંયાં પણ પાછલા વ્યાજની રકમ છોડી દેવાના હુકમ ઉપર અમલ કરવાથી

માનવસ્વભાવ પ્રમાણે થોડું અઘરું લાગી શકે છે. એટલા માટે પ્રથમ اِتَّقُوا اللّٰهَ "અલ્લાહનો ડર" ફરમાવ્યું, ત્યાર પછી હુકમ આપ્યો ذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوا "તમારા બાકી નીકળતા વ્યાજના લેણાને છોડી દો," અંતમાં اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ કહીને યાદ અપાવ્યું કે, જો તમે ઈમાનવાળા છો. એમાં ઈશારો કર્યો કે, ઈમાનનો તકાદો એ છે કે, અલ્લાહના હુકમની ઈતાઅત કરવામાં આવે, અલ્લાહના હુકમ વિરૂદ્ધ અમલ કરવો ઈમાનના તકાદાથી વિપરીત બાબત છે અને આ હુકમ કારણ કે, તબિયત પર ભારે લાગે છે. એટલા માટે હુકમ પહેલાં اِتَّقُوا اللّٰهَ "અલ્લાહના ડર" કહીને પછી اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "જો તમે મો'મિન છો"નો ઈરશાદ પણ કરવામાં આવ્યો, ત્યારબાદ પાંચમી આયતમાં આ હુકમનો વિરોધ કરનારને સખત ચેતવણી સંભળાવવામાં આવી, જેનો વિષય એ છે કે, જો તમે વ્યાજને ન છોડ્યું તો અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ તરફથી યુદ્ધનું એ'લાન સાંભળી લો. આ ચેતવણી એટલી સખત અને કઠોર છે કે, કુફ્ર સિવાય અન્ય કોઈ મોટામાં મોટા ગુનાહ વિશે કુર્આન શરીફમાં આવી ચેતવણી અને ધમકી આવી નથી અને આ આયતની છેવટમાં ફરમાવવામાં આવ્યું કે, وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ "જો તમે તૌબહ કરી લો અને હવેથી વ્યાજની બાકી નીકળતી રકમને છોડવાનો ઈરાદો કરી લો તો તમને તમારૂં અસલ મુદ્દલ મળી જશે, ન તો તમે અસલ મુદલથી વધારે પ્રાપ્ત કરવા જુલમ કરવા પામશો અને ન જ કોઈ અસલ મુદલમાં ઓછું અથવા મોડું કરી તમારા ઉપર જુલમ કરી શકશે!" તેમાં અસલ મુદલ આપવાની શરત એ કરવામાં આવી કે, તમે તૌબહ કરી લો અને હવે પછી વ્યાજુ લેવડ-દેવડ કરવાનો ઈરાદો છોડી દો તો જ અસલ મુદલ મળશે.

તેનાથી ખુલ્લો ઈશારો એ છે કે, જો વ્યાજ છોડવાનો ઈરાદો કરીને તૌબહ ન કરી તો અસલ મુદલ પણ નહીં મળે. તેની સ્પષ્ટતા એ છે કે, જો મુસલમાન બની જવા છતાં વ્યાજને મૂળેથી હરામ જ નથી સમજતો અને વ્યાજ છોડવા માટે તૌબહ જ નથી કરતો તો આવો શખ્શ (વ્યક્તિ) ઈસ્લામથી ખારિજ અને મુર્તદ (ઈસ્લામ લાવ્યા પછી ફરી જનાર) ગણાશે, જેનો હુકમ એ છે કે, મુર્તદનો માલ તેની મિલકતમાંથી નીકળી જાય છે, પછી તેણે જે ઈસ્લામ ઉપર હોવાની હાલતમાં કમાણી કરી હતી તે બધી તેના મુસલમાન વારસોને મળી જશે અને પછી જે કુફ્ર

પછીની કમાણી હતી તેને બયતુલ માલ (ઈસ્લામિક રાજ્યની સરકારી તિજોરી)માં જમા કરાવવામાં આવશે. એટલા માટે વ્યાજથી તૌબહ ન કરવી જો તેના હલાલ સમજવાના કારણે હોય તો તેને અસલ મુદ્દલ પણ મળશે નહીં.

અને જો વ્યાજને હલાલ તો નથી સમજતો, પરંતુ વ્યાજ ખાવાની આદત છોડતો પણ નથી તો તે ઈસ્લામી હુકૂમત વિરૂદ્ધ બગાવત કરે છે, અને તેની સાથે ઈસ્લામી હુકૂમતે યુદ્ધ કરવું જરૂરી છે. તેનો બધો જ માલ જપ્ત કરીને બયતુલ માલમાં અમાનત રાખવામાં આવશે ત્યાં સુધી કે, જ્યારે તે તૌબહ કરી લે તો તેનો માલ પાછો આપવામાં આવશે. કદાચ આ બાબત તરફ જ ઈશારો કરવા માટે શરત સ્વરૂપે ફરમાવવામાં આવ્યું فَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُؤُسُ اَمْوَالِكُمْ એટલે કે, "જો તમે તૌબહ નહીં કરો તો તમારું મુદ્દલ પણ જપ્ત થઈ જશે."

ત્યાર પછી છટ્ઠી આયતમાં વ્યાજખોરીની માનવતા વિરોધી અત્યંત ઘાતક પ્રવૃત્તિના મુકાબલામાં પવિત્ર અને ઉચ્ચ અખ્લાક તથા ગરીબો અને નાદારો સાથે પ્રેમ-મહોબ્બત અને હમદર્દીની વર્તણૂક કરવાનું શિક્ષણ આપવામાં આવ્યું. ફરમાવવામાં આવ્યું, وَاِنْ كَانَ ذُوْعُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ وَاَنْ تَصَدَّقُوْا خَيْرٌ لَّكُمْ જો તમારા કરજદારો ગરીબ અને મોહતાજ છે, તમારું કરજ અદા કરવાની શક્તિ ધરાવતા નથી તો શરીઅતનો હુકમ છે કે, તેની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય ત્યાં સુધી તેને મોહલત આપવામાં આવે અને જો તમે પોતાનું કરજ મા'ફ કરી આપો તો તે તમારા માટે વધારે સારું છે.

વ્યાજખોરોની આદત તો એવી હોય છે કે, જો કોઈ કરજદારે જે મુદત નક્કી કરી હોય છે અને તે મુદ્દત ઉપર કરજદાર કરજ અદા ન કરી શકે તો વ્યાજની રકમને પણ મુદલમાં ઉમેરી આપે છે અને આ રીતે ચક્રવૃદ્ધિ વ્યાજનો ક્રમ ચલાવે છે, એ જ પ્રમાણે વ્યાજની ટકાવારી પણ વધારી દે છે.

અહીંયાં અહકમુલ હાકિમીન અલ્લાહ રબ્બુલ ઈજ્જતે પોતે એ કાયદો બનાવી દીધો છે કે, જો કોઈ કરજદાર કરજ અદા કરવા માટે શક્તિ નથી ધરાવતો તો તેને ત્રાસ આપવો જાઈઝ નથી, બલકે તેને તે સમય સુધી મોહલત આપવી જોઈએ કે, જ્યાં સુધી તે કરજ આપવા માટેની આર્થિક સદ્ધરતા અને છૂટછાટ પ્રાપ્ત કરી લે. સાથે સાથે એ પણ સૂચના આપવામાં આવી કે, જો તમે આ ગરીબને તમારું કરજ મા'ફ કરી આપો તો તે તમારા માટે ઘણું સારું છે.

અહીંયાં મા'ફ કરવાને કુર્આન શરીફે "સદકહ"ના શબ્દથી દર્શાવ્યું છે, જેમાં ઈરશાદ છે કે આ મા'ફી તમારા માટે સદકહના હુકમમાં શામિલ થઈને તમારા માટે મોટા સવાબનું કારણ બનશે. વળી, એ પણ ફરમાવ્યું કે મા'ફ કરી દેવું તમારા માટે વધારે સારું છે. જો કે, દેખીતી રીતે મા'ફ કરી દેવાથી જાહેરમાં તો નુકસાન થતું નજરે પડે છે કે, વ્યાજ તો છોડી દીધું હતું અને હવે તો મુદ્દલ પણ છોડવાની વાત છે ! પરંતુ કુર્આન શરીફે તેને સારો અમલ ગણાવ્યો છે. તેના બે કારણો છે, પ્રથમ એ કે, આ અમલની ભલાઈ દુનિયાની થોડા દિવસની જિંદગી પછી આખિરતમાં સામે આવી જશે, જ્યારે આ તુચ્છ માલના બદલામાં જન્નતની હંમેશા-હંમેશની નેઅ્મતો મળશે.

બીજું કદાચ એમાં એ તરફ પણ ઈશારો છે કે, દુનિયામાં પણ તમને આ ભલાઈના સારા બદલાનો જાતઅનુભવ થઈ શકે છે કે, તમારા માલમાં બરકત થશે અને બરકતની હકીકત તો એ છે કે, થોડા માલથી પણ ઘણા બધા કામો નીકળી શકે છે. એવું જરૂરી નથી કે માલનું પ્રમાણ અથવા તેની સંખ્યા વધી જશે. બસ, એ અનુભવથી સિદ્ધ થયેલ બાબત છે કે, સદકહ-ખૈરાત કરનારના માલમાં અનેક ઘણી બરકતો જોવા મળે છે કે, થોડા માલમાં એવા-એવા કામો નીકળી જાય છે કે, જે હરામ માલ કમાનારની મોટી-મોટી રકમોથી પણ થતા નથી.

જે માલમાં બેબરકતી હોય છે તેની હાલત એવી હોય છે કે, જે મકસદથી ખર્ચ કરવામાં આવે છે, તે મકસદ પ્રાપ્ત નથી થતો અથવા તો વગર મકસદની વસ્તુઓમાં દાખલા તરીકે- દવા, ઈલાજ, ડૉક્ટર, વકીલ, સાચા-જૂઠા કેસો વગેરેમાં આવા માલદારોની મોટી-મોટી રકમો ખર્ચાઈ જાય છે અને જે ગરીબો ઉપર અલ્લાહ મહેરબાન હોય તેવા ગરીબોને ક્યારેય આવો અનુભવ નથી થતો. પ્રથમ તો અલ્લાહ તઆલાએ તેમને એવી તંદુરસ્તીની નેઅ્મત અદા કરે છે કે તેમને ઈલાજ કરવાના ખર્ચની જરૂર જ નથી પડતી અને જો કોઈ નાની-મોટી બીમારી આવી જાય છે તો નાના ખર્ચામાં થોડી-ઘણી દવાથી સારું થઈ જાય છે. કોઈ ગરીબ-લાચારને તેનું કરજ મા'ફ કરી દેવું જાહેરમાં તો પોતાનું આર્થિક નુકસાન થતું નજરે પડે છે, પરંતુ કુર્આનના શિક્ષણ પ્રમાણે તે એક ઘણી જ લાભદાયક બાબત છે કે તેના કારણે માલમાં બરકત પૈદા થશે.

કરજદાર ગરીબની સાથે વિનમ્રતા અને સારા અખ્લાકથી વર્તણૂક કરવાની

શિખામણ આપવા માટે સહીહ હદીષોમાં જે હુકમો થયા છે તેમાંથી અમુક વાક્યો સાંભળો. તબરાનીની એક હદીષમાં છે કે, "જે વ્યક્તિ એવું ઈચ્છતો હોય કે, તેના માથા પર તે દિવસે અલ્લાહની રહમતનો છાંયડો હોય કે, જે દિવસે અલ્લાહની રહમતના છાંયડા સિવાય કોઈ છાંયડો ઉપલબ્ધ નહિ હોય, તો તેણે ગરીબ અને કરજદાર તથા આર્થિક રીતે બેહાલ થયેલા લોકો સાથે વિનમ્રતાનું અને કરજ મા'ફ કરવાનું વલણ અપનાવવું જોઈએ."

આ વિષયની સહીહ હદીષ સહીહ મુસ્લિમમાં પણ છે અને મુસ્નદે અહમદની એક હદીષમાં છે કે, "જે વ્યક્તિ કોઈ મુફલિસ, લાચાર કરજદારને મોહલત આપે છે તો તેને દરરોજ એટલી જ રકમ "સદકહ"નો સવાબ મળે છે." એટલે કે તે કરજદારના માથે જેટલી રકમ આપવાની બાકી હોય એટલી રકમ દરરોજ સદકહ કરવાનો સવાબ મળશે અને આ હિસાબ તો કરજદારને કરજ પરત કરવાની મોહલત આપવા અનુસંધાને છે અને જ્યારે કરજદારને આપેલી મોહલત પૂરી થઈ જાય અને હજુપણ તે કરજદાર કરજ અદા કરવા માટે શક્તિ ન ધરાવતો હોય, એવા સમયે જો મોહલત આપશે તો તેને બેઘણી મોહલત આપવાના સદકહનો સવાબ મળે છે. ત્યારબાદ છેલ્લી આયતમાં કયામતના દિવસનો ભય અને મહશરના હિસાબ-કિતાબ અને સવાબ-અઝાબના વર્ણન ઉપર વ્યાજના હુકમની આયત પૂર્ણ કરી ફરમાવવામાં આવ્યું, وَاتَّقُوا يَوْمًا تُرْجَعُونَ فِيهِ إِلَى اللَّهِ ثُمَّ تُوَفَّى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُونَ એટલે કે, "ડરો તે દિવસથી જેમાં તમને બધાને અલ્લાહ તઆલા સામે હાજર કરવામાં આવશે, પછી દરેક વ્યક્તિને પોત-પોતાના અમલનો પૂરે-પૂરો બદલો મળશે."

હઝરત બ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. ફરમાવે છે કે, "આ આયત, વહી નાઝિલ થવાના ક્રમમાં સૌથી છેલ્લી આયત છે. ત્યાર પછી કોઈ આયત નાઝિલ થઈ નથી, તેના ૩૧ દિવસ પછી રસૂલે કરીમ ﷺની વફાત થઈ ગઈ." અને અમુક રિવાયતોમાં ફક્ત ૯ દિવસ બાદ વફાત થયાનો ઉલ્લેખ છે.

અહીંયાં સુધી રિબા (વ્યાજ)ના હુકમો વિશે સૂરએ બકરહની અયતોની તફસીર આવી છે. રિબાના હરામ અને પ્રતિબંધિત હોવા વિશે કુર્આને કરીમમાં સૂરએ બકરહની પ્રસ્તુત ૭ આયત, સૂરએ આલિ-ઈમ્રાનમાં એક આયત, તથા સૂરએ નિસાઅ્માં બે આયતો આવી છે. ઉપરાંત એક આયત સૂરએ રૂમમાં પણ

છે, જેની તફસીરમાં વિવિધ મતભેદો છે. અમુક લોકોએ તેને પણ વ્યાજનો અર્થ સમજ્યું છે, અમુક લોકોએ તેની બીજા પ્રકારની તફસીર વર્ણન કરી છે. એ રીતે કુર્આન શરીફમાં કુલ ૧૦ આયતો છે, જેમાં વ્યાજ (રિબા)ના હુકમો વર્ણવવામાં આવ્યા છે.

વ્યાજની સંપૂર્ણ હકીકત બતાવતાં પહેલાં એવું યોગ્ય લાગે છે કે, તે બાકી આયતોનો તરજુમો અને તફસીર પણ અત્રે લખવામાં આવે, જે સૂરએ આલિ-ઈમ્રાન, સૂરએ નિસાઅ્ અને સૂરએ રૂમમાં આવેલી છે. જેથી બધી જ આયતો અત્રે એક જગ્યાએ એકત્રિત થવાથી રિબાની હકીકત સમજવામાં સરળતા થાય.

સૂરએ આલિ-ઈમ્રાનની ૧૩માં રુકૂઅ્ની ૧૩૦મી આયતમાં છે,

يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَأْكُلُوا۟ ٱلرِّبَوٰٓا۟ أَضْعَـٰفًا مُّضَـٰعَفَةً ۖ وَٱتَّقُوا۟ ٱللَّهَ لَعَلَّكُمْ تُفْلِحُونَ ○

"હે ઈમાનવાળાઓ વ્યાજ ન ખાઓ; મુદ્દલથી વધારે (ન લો) ! અને અલ્લાહ તઆલાથી ડરો, આશા છે કે તમે સફળ થાઓ."

આ આયત નાઝિલ થવાની એક ખાસ ઘટના છે કે, અજ્ઞાનતાના યુગમાં અરબોની વ્યાજખોરીની એક પદ્ધતિ એ હતી કે, એક ખાસ નક્કી કરેલ મુદત સુધી ઉધાર નાણા કે વસ્તુઓ વ્યાજ પર આપવામાં આવતી હતી અને જ્યારે તે ચોક્કસ સમય આવી જાય અને કરજદાર વ્યાજ અદા કરવા માટે શક્તિ ન ધરાવતો હોય તો તેને વધારાની મુદત એવી શરતે આપવામાં આવતી હતી કે, લેણદાર કરજદાર ઉપર વ્યાજની ટકાવારીનું પ્રમાણ વધારી આપતો હતો. એ રીતે બીજી મુદત ઉપર પણ જો કરજ અદા ન કરી શકે તો વ્યાજની ટકાવારી હજુપણ વધારી દેતા હતા. આ પ્રસંગો તફસીરની ઘણી કિતાબોમાં આવેલ છે, ખાસ કરીને "લુબાબુન્નુકૂલ"માં મુજાહિદની રિવાયત આવેલ છે.

અજ્ઞાનતાના યુગમાં અરબોનો આ અતિક્રૂર અને ઘાતકી વ્યાજખોરીનો રિવાજ નાબૂદ કરવા માટે આ આયત નાઝિલ થઈ. એટલા માટે આયતમાં أَضْعَـٰفًا مُّضَـٰعَفَةً (એટલે કે મુદ્દલથી વધારે) ફરમાવીને તે ક્રૂર વ્યાજખોરીની પ્રથાની ટીકા કરવામાં આવી અને આ ભયાનક સામાજિક બુરાઈ અને સ્વાર્થી આર્થિક પદ્ધતિ ઉપર ચેતવણી આપીને તેને હરામ ઠરાવ્યું, એટલે કે મુદ્દલથી વધારે

કંઈપણ દેવું ચોખ્ખું હરામ છે. કારણ કે સૂરએ બકરહ અને સૂરએ નિસાઅ્માં વ્યાજ સ્પષ્ટ રીતે હરામ હોવાનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે. વ્યાજની રકમ અનેકઘણી હોય કે ન હોય, નજીવી રકમ હોય કે મોટી રકમ, વ્યાજ સદંતર હરામ છે. તેનો દાખલો એવો છે કે, જેમકે કુર્આન શરીફમાં અનેક ઠેકાણે ફરમાવવામાં આવ્યું છે, لَا تَشْتَرُوْا بِاٰيٰتِىْ ثَمَنًا قَلِيْلًا ط એટલે કે "મારી આયતોના બદલામાં 'નજીવી કિંમત' ન લો," તેમાં "નજીવી કિંમત" એટલા માટે કહ્યું કે, અલ્લાહની આયતોના બદલામાં જો સાત ખંડોની સલ્તનતો પણ મળી જાય તો પણ તે નજીવી કિંમત જ કહેવાશે. એનો અર્થ એવો પણ નથી કે, કુર્આન શરીફની આયતોના બદલામાં માત્ર નજીવી રકમ લેવી જ હરામ છે, નહિતર વધારે કિંમત લેવી જાઈઝ છે. એટલા માટે આ આયતમાં اَضْعَافًا مُّضٰعَفَةً નો શબ્દ આ શરમજનક પદ્ધતિ માટે ચિંતન કરવા માટે લાવવામાં આવ્યો છે, એમાં હરામની શરત શામિલ છે.

અને જો વ્યાજની પ્રચલિત પદ્ધતિઓ ઉપર વિચાર કરવામાં આવે તો એવું પણ કહેવામાં આવે છે કે, જો વ્યાજ ખાવાની આદત પડી જાય છે તો વ્યાજ ફક્ત વ્યાજ જ નથી રહેતું બલકે, તે વ્યાજ મુદલ બની અનેકઘણું વધતું ચાલે છે. કારણ કે, જે રકમ વ્યાજથી પ્રાપ્ત કરી છે તે વ્યાજખોરના માલમાં શામિલ થઈ ગઈ, તો હવે તે વ્યાજની વધારાની રકમનો પણ મુદલ તરીકે ઉપયોગ કરશે. આ રીતે વ્યાજનું વિષચક્ર આ રીતે વધતું ચાલે છે અને આગળ આ સિલસિલો اَضْعَافًا مُّضٰعَفَةً ચાલ્યા કરે છે અને એવી રીતે દરેક વ્યાજ ચક્રવૃદ્ધિ બની જાય છે.

સૂરએ નિસાઅ્માં વ્યાજ અનુસંધાને બે આયતો આ પ્રમાણે છે.

فَبِظُلْمٍ مِّنَ الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا عَلَيْهِمْ طَيِّبٰتٍ اُحِلَّتْ لَهُمْ وَبِصَدِّهِمْ عَنْ سَبِيْلِ اللّٰهِ
كَثِيْرًا وَّاَخْذِهِمُ الرِّبٰوا وَقَدْ نُهُوْا عَنْهُ وَاَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَ اَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ○

"યહૂદીઓને પોતાના મોટા-મોટા ગુનાહોના કારણે ઘણી બધી પવિત્ર વસ્તુઓ જે તેમના માટે હલાલ હતી, અમે તેમના ઉપર હરામ કરી દીધી; અને એટલા માટે કે તેઓ ઘણા લોકોના (જીવન જરૂરિયાતની વસ્તુઓના) પૂરવઠાના માર્ગમાં અવરોધ બની જતા હતા; અને એટલા માટે કે, તેઓ વ્યાજ લેતા હતા; જો કે, તેમને તેની મનાઈ કરવામાં આવી હતી; અને એટલા માટે કે, તેઓ

લોકોનો માલ અન્યાયી રીતે ખાઈ જતા હતા; અને તેમનામાં જે લોકો કાફિર છે, અમે તેમના માટે દર્દનાક સજાનો સામાન નક્કી કરી રાખ્યો છે."

આ બંને આયતોથી ખબર પડી કે મૂસા (અલૈ.)ની શરીઅતમાં પણ વ્યાજ હરામ હતું અને યહૂદીઓએ જ્યારે તેનો વિરોધ કર્યો તો દુનિયામાં પણ તેમને યોગ્ય સજા કરવામાં આવી. કારણ કે, તેમણે દુનિયાની લાલચમાં હરામ વસ્તુ ખાવાની શરૂઆત કરી દીધી તો અલ્લાહ તઆલાએ તેમના માટે અમુક હલાલ વસ્તુઓ પણ હરામ ઠરાવી દીધી.

અને સૂરએ રૂમના ચોથા રુકૂઅ્ની ૩૯મી આયતમાં છે,

وَمَا اٰتَيْتُم مِّنْ رِّبًا لِّيَرْبُوَا فِيْٓ اَمْوَالِ النَّاسِ فَلَا يَرْبُوْ عِنْدَ اللّٰهِ وَمَا اٰتَيْتُم مِّنْ زَكٰوةٍ تُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الْمُضْعِفُوْنَ ٥

"જે વસ્તુ તમે એટલા માટે આપો છો કે, તે લોકોના માલમાં ભળી જઈને તે વધારે થઈ જાય, તે અલ્લાહ તઆલા નજીક નથી વધતું; અને જો ઝકાત આપશો જેનાથી અલ્લાહ તઆલાને રાજી રાખવાનો હેતુ હોય, (તો) એવા લોકો અલ્લાહ પાસે (પોતાનો માલ) વધારતા રહે છે." (સૂ. ૩૦ : આ. ૩૯)

અમુક મુફસ્સિરોએ "રિબા" અને "વધારો" થવાના શબ્દના કારણે આ આયતને પણ વ્યાજના સંદર્ભમાં જ નાઝિલ થઈ હોવાનું સમજ્યું છે અને એવી તફસીર કરી છે કે, વ્યાજ લેવામાં જો કે દેખીતી રીતે માલ વધતો હોય એવું નજરે પડે છે, પરંતુ તે વાસ્તવમાં વધતો નથી, જેવી રીતે કોઈ વ્યક્તિના શરીર ઉપર સોજા ચઢી જાય તો દેખાવમાં તો તેનું શરીર વધતું હોય એવું લાગે છે, પરંતુ કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ શરીરના આ ફૂલાવાના કારણે શરીર વધેલું જોઈને ખુશ નહીં થાય, પરંતુ તેને મૌતનો પૈગામ સમજશે. તેનાથી વિપરીત ઝકાત અને સદકહ આપનારો જો કે, દેખીતી રીતે પોતાના માલમાં ઘટાડો કરી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં તે ઘટાડો નથી, બલકે હજારો પ્રકારના વધારાનું કારણ બને છે. જેવી રીતે કે કોઈ વ્યક્તિ પેટ સાફ કરવા માટે જુલાબ લે છે, અથવા તો ગંદુ લોહી શરીરમાંથી બહાર કઢાવે છે, તો દેખીતી રીતે તો તે અશક્ત થતો લાગે છે અને તેના શરીરમાંથી એટલું લોહી ઓછું થતું લાગે છે, પરંતુ જાણકારોને ખબર છે કે, આ ઘટાડો એ હકીકતમાં તેની શક્તિ અને તંદુરસ્તીને વધારવાનું કારણ બનશે.

અમુક તફસીર કરનાર ઉલમાએ આ આયતને વ્યાજના સંદર્ભમાં હોવાનું

નથી માન્યું, તેઓ કહે છે કે, આ આયત જે વ્યક્તિ કોઈને પોતાનો માલ ઈખ્લાસ અને સારી નિય્યતથી નહીં પરંતુ એવી નિય્યતથી આપે છે કે, તેને આ વસ્તુ આપીશ તો એ મને તેના બદલામાં એનાથી વધારે આપશે. જેમકે, ઘણા કુટુંબોમાં અને કૌમોમાં એવો રિવાજ છે કે, તેઓ ભેટ સ્વરૂપે કોઈ વસ્તુ આપે છે, પરંતુ તેનો વધારે બદલો મેળવવાની નિય્યત હોય છે, તો આવી ભેટ-સોગાત આપવી અલ્લાહને રાજી કરવા માટે ન હોવાથી અને પોતાના સ્વાર્થ માટે હોવાથી આ આયતમાં ફરમાવવામાં આવ્યું કે, એવી રીતે જો કે દેખીતી રીતે માલ વધી જાય છે, પરંતુ તે અલ્લાહ પાસે નથી વધતો, હા ! જેઓ ઝકાત અને સદકહ ફક્ત અલ્લાહને રાજી રાખવા માટે આપે છે તેમના માલમાં દેખીતી રીતે તો ઘટાડો થતો લાગે છે, પરંતુ અલ્લાહ પાસે તે અનેકઘણો થઈ જાય છે.

આ તફસીર ઉપર પ્રસ્તુત આયતનો તે વિષય પૂર્ણ થશે જે બીજી એક આયતમાં રસૂલુલ્લાહ ﷺએ સંબોધન કરીને ફરમાવ્યું, وَلَا تَمْنُنْ تَسْتَكْثِرُ એટલે કે આપ ﷺ કોઈના ઉપર અહેસાન એ નિય્યતથી ન કરો કે બદલામાં કંઈક માલનો વધારો આપ ﷺને મળી જાય. *(સૂ. ૭૪ : આ. ૬)*

સૂરએ રૂમની આ આયતમાં દેખીતી રીતે બીજી તફસીર વધારે યોગ્ય લાગે છે, પ્રથમ તો એટલા માટે કે સૂરએ રૂમ મક્કી સૂરત છે, જો કે જરૂરી નથી કે, તેની દરેક આયત મક્કી હોય, પરંતુ મોટા ભાગે અનુમાન તો એ જ છે કે, તે મક્કી આયત છે, જ્યાં સુધી તેના વિરૂદ્ધ કોઈ સાબિતી ન મળે. આ આયત મક્કી હોવાના સ્વરૂપમાં તેને વ્યાજને પ્રતિબંધિત કરવાના અર્થમાં એટલા માટે ન લઈ શકાય કે, વ્યાજ હરામ હોવાનો હુકમ મદીનામાં નાઝિલ થયો હતો. તે સિવાય આ આયત અગાઉ જે વિષય આવ્યો છે, તે પણ બીજા પ્રકારની તફસીર જ વધારે યોગ્ય હોવાનો ઈશારો કરે છે, કારણ કે, તેના પહેલાં ફરમાવવામાં આવ્યું છે,

فَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ ذٰلِكَ خَيْرٌ لِّلَّذِيْنَ يُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ

"સગાં-વહાલાંઓને તેમનો હક આપ્યા કરો તથા મિસ્કિન (ગરીબ-લાચાર) અને મુસાફરોને પણ ! આ તે લોકો માટે બહેતર છે, જેઓ અલ્લાહની ખુશીના ઈચ્છુક હોય !"

આ આયતમાં સગાં-વહાલાંઓ અને મિસ્કિનો (ગરીબો) તથા મુસાફરો ઉપર ખર્ચ કરવો સવાબ હોવાની એ શરત લગાવવામાં આવી કે, તેમાં નિય્યત

અલ્લાહને રાજી રાખવાની હોવી જોઈએ, ત્યાર પછીની પ્રસ્તુત આયતમાં તેનો ખુલાસો એવી રીતે કરવામાં આવ્યો કે, જો માલ કોઈને એ નિય્યતે આપવામાં આવે કે, તેનો બદલો વધારે મળશે, તો તે અલ્લાહ તઆલાની ખુશી માટે ખર્ચ કર્યો નહીં કહેવાય અને એટલા માટે તેનો સવાબ પણ નહિ મળે.

અલબત્ત, વ્યાજના પ્રતિબંધના મસ્અલામાં આ આયતને છોડી દઈએ તો પણ ઉપરોક્ત પ્રમાણે આ વિષયના સંદર્ભમાં ઘણી બધી આયતો આવી છે, જેમકે સૂરએ આલિ-ઈમ્રાનની એક આયતમાં أَضْعَافًا مُّضَاعَفَةً ના શબ્દોમાં વર્ણન થયું છે અને બાકી બધી આયતોમાં કાયમી ધોરણે વ્યાજ હરામ હોવાનો ઉલ્લેખ છે. આ સ્પષ્ટતાથી એ જાહેર થઈ ગયું કે, વ્યાજ ભલે ચક્રવૃદ્ધિ હોય કે, સાદું હોય, પછી વ્યાજનું વ્યાજ હોય અથવા કોઈ અન્ય સ્વરૂપે હોય, દરેક પરિસ્થિતિમાં તે હરામ છે અને હરામ પણ એટલું સખત કે, "આ હુકમનો વિરોધ કરનારને અલ્લાહ અને રસૂલે કરીમ ﷺ તરફથી યુદ્ધનું એ'લાન કરવામાં આવ્યું છે."

વ્યાજ (રિબા)ના મસ્અલાઓની વધારે સ્પષ્ટતા અને ખુલાસોઃ

આજકાલ વેપારની પ્રચલિત પદ્ધતિ એવી બની ગઈ છે કે, જ્યારે કુર્આન અને સુન્નતની આયતોમાં વ્યાજની મનાઈ સામે આવે છે, તો સામાન્ય રીતે તેની વાસ્તવિકતા સમજવા અને સમજાવવાના સમયે તેના હરામ હોવાથી માણસસ્વભાવ પ્રમાણે અમલ કરવામાં બળ પડે છે અને કચવાટ અનુભવાય છે, તથા કેટલાક લોકો હિલા-હવાલા શોધવામાં લાગી જાય છે. હું એ વિનંતી કરું છું કે, આ ચર્ચાની સમીક્ષા કરી તેના દરેક પાસાંઓનું ઊંડાણપૂર્વક ચિંતન કરવું જોઈએ. હરામ-હલાલને સાબિત કરવા ખોટી-ખોટી દલીલો કરી પરસ્પર અનેક બાબતોને ભેળસેળ કરવાનું પરિણામ ચર્ચામાં સમય બરબાદ કરવા સિવાય કંઈ જ નથી. અહીંયાં ચર્ચાના ત્રણ વિભાગો છે.

(૧) કુર્આન અને સુન્નતમાં રિબા (વ્યાજ)ની શું વાસ્તવિકતા છે અને તે કયા કયા સ્વરૂપે છે ?

(૨) રિબાની મનાઈ અને તેના હરામ હોવાની શું હિકમત અને મસ્લિહત છે?

(૩) વ્યાજ (રિબા) ગમે એટલું ખરાબ ભલે હોય, પરંતુ આજકાલ દુનિયાના બધા જ આર્થિક વહેવારો તથા વેપાર-ધંધાઓનું તે એક અભિન્ન અંગ બની

ગયું છે, જો કુર્આનના હુકમો પ્રમાણે તેને છોડી દેવામાં આવે તો બેન્કિંગ, વેપાર વાણિજ્ય, ઉદ્યોગ વગેરે સમગ્ર આર્થિક વ્યવહારો કેવી રીતે ચાલશે ?

રિબાની વ્યાખ્યામાં ક્યારેય કોઈ શંકા નથી. એક ગલતફહમી (ગૈરસમજ)નો જવાબ :

હવે સાંભળો કે, શબ્દ "રિબા" رِبَـــــــو અરબી ભાષાનો પ્રચલિત અને પ્રખ્યાત શબ્દ છે. રસૂલે કરીમ ﷺની બઅષત અને કુર્આન શરીફના નાઝિલ થતાં પહેલાં જાહિલ અરબોમાં આ શબ્દ ખૂબ પ્રચલિત હતો. ન જ ફક્ત પ્રચલિત હતો બલકે, રિબાની લેવડ-દેવડ સામાન્ય રીતે ચાલુ હતી. બલકે, સૂરએ નિસાઅ્ની આયતથી એ પણ જાણ થાય છે કે, રિબાનો શબ્દ અને તે આધારિત લેવડ-દેવડ તવરાતના સમયે પણ પ્રચલિત હતી અને તવરાતમાં પણ તે હરામ હોવાનો ઉલ્લેખ હતો.

દેખીતું છે કે, આવો શબ્દ જે પ્રાચીન સમયથી જ અરબો અને તેના આસપાસના પ્રદેશોમાં પ્રખ્યાત અને પ્રચલિત રહ્યો હતો અને તેના આધારે લેવડ-દેવડનો રિવાજ ચાલ્યો આવતો હતો, કુર્આને તેને હરામ કરીને તેના પ્રતિબંધિત કરવાના ઉલ્લેખ સાથે એ પણ ખબર આપી છે કે, હઝરત મૂસા (અલૈ.)ની ઉમ્મત ઉપર પણ વ્યાજ (રિબા) હરામ કરવામાં આવ્યું હતું. હવે એ આધારે જોઈએ તો આ શબ્દની વાસ્તવિકતા કોઈ એવી શંકાસ્પદ બાબત નથી હોઈ શકતી કે, જેને સમજવા અથવા સમજાવવા માટે કોઈ મુશ્કેલી પડે !

એ જ કારણથી જ્યારે હિજરી સન ૮માં સૂરએ બકરહની વ્યાજ હરામ હોવા વિશેની આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.) દ્વારા ક્યાંય કોઈ નિવેદન થયું હોવાનું નોંધાયું નથી કે, તેમને "રિબા" શબ્દનો અર્થ સમજવામાં કોઈ શંકા થઈ હોય અને રસૂલુલ્લાહ ﷺ પાસેથી બીજી બાબતોની જેમ તેની તહકીક કરવાની નોબત આવી હોય. બલકે, જે પ્રમાણે દારૂ હરામ હોવા વિશે આયત નાઝિલ થઈ હતી અને સહાબએ કિરામ (રદિ.)એ તરત જ તેના ઉપર અમલ કર્યો, એ જ પ્રમાણે રિબા હરામ હોવાનો હુકમ થતાં જ રિબા આધારિત બધી જ લેવડ-દેવડ છોડી દીધી. પાછલા સમયનું (રિબા હરામ થતાં પહેલાં) જે કંઈ મુસલમાનોનું રિબા (વ્યાજ) ગેરમુસ્લિમો પાસેથી લેવાનું બાકી હતું, તે પણ મુસલમાનોએ છોડી દીધું અને જે ગૈરમુસ્લિમોને મુસલમાનોના માથે આપવું

બાકી હતું તે મુસલમાનો વ્યાજ હરામ થયાનો હુકમ મળતાં આપવા ઈચ્છતા ન હતા. આ ઝઘડો મક્કાના ગવર્નરની અદાલતમાં રજૂ થયો, તેમણે રસૂલે કરીમ ﷺને પૂછ્યું તો તેનો ફેંસલો સૂરએ બકરહની આયતોમાં અલ્લાહે નાઝિલ કર્યો કે, "પાછલા સમયમાં થયેલ વ્યાજની બાકી પડતી રકમ લેવી-દેવી હવે જાઈઝ નથી." (હા ! ફક્ત મુદ્દલ પાછું મળશે વ્યાજની રકમ નહીં મળે.)

આ બાબતમાં ગૈરમુસ્લિમોને એવી શિકાયત કરવાનો મૌકો મળી શકતો હતો કે, ઈસ્લામી હુકમની રૂએ અમારા રૂપિયા ખાઈ જવામાં આવ્યા, તો તે શંકાને દૂર કરવા માટે રસૂલે કરીમ ﷺએ હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં સ્પષ્ટ કરી દીધું કે, શરીઅતનો આ હુકમ ફક્ત ગૈરમુસ્લિમોને નથી લાગુ પડતો, બલકે, મુસલમાનો પણ આ હુકમમાં સરખા છે અને સૌ પ્રથમ જે વ્યાજની રકમ છોડવામાં આવી છે તે આપ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.)ની વ્યાજની મોટી રકમો છોડવામાં આવી છે.

મતલબ કે, "રિબા" હરામ થવાના સમયે રિબાનો અર્થ કોઈ ગુપ્ત બાબત ન હતી. બલકે, તે અત્યંત પ્રચલિત અને મશહૂર શબ્દ હતો. એ જ રિબા જેને અરબ લોકો "રિબા" કહેતા હતા અને તે પ્રમાણે લેવડ-દેવડ કરતા હતા, (આજે જેને વ્યાજ-interest કહેવામાં આવે છે.) કુર્આન શરીફે તેને હરામ કર્યું અને રસૂલુલ્લાહ ﷺએ ફક્ત માનવતાના ધોરણે જ નહીં, પરંતુ દેશના કાયદા સ્વરૂપે વ્યાજને હરામ ઠરાવ્યું. અલબત્ત, અમુક એવા સ્વરૂપોને પણ રિબામાં શામિલ કરવામાં આવ્યા, જેને સામાન્ય રીતે રિબા સમજવામાં આવતું નથી. લેવડ-દેવડના આ સ્વરૂપો નક્કી કરવામાં હઝરત ઉમર (રદિ.)ને શંકા ગઈ અને તેમાં જ મુજતહીદ ઈમામોના દષ્ટિકોણમાં મતભેદો થયા, નહિતર અસલ "રિબા" શબ્દ કે જેને અરબો "રિબા" કહેતા હતા તે "વ્યાજુ લેવડ-દેવડ" જ હતી અને તેમાં શંકાને કોઈ સ્થાન જ નથી અને તેના અર્થઘટનમાં કોઈને પણ કોઈ પ્રકારનો મતભેદ નથી.

હવે સાંભળો ! અરબમાં રિબાની પ્રચલિત પદ્ધતિ શું હતી ? તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.) અને હઝરત મુજાહિદ (રહ.)એ નકલ કર્યું છે કે, "રિબાની પ્રથા જે અજ્ઞાનતાના કાળમાં પ્રચલિત હતી અને કુર્આને તેને પ્રતિબંધિત કરી તે એ હતીઢ કે, કોઈ એક વ્યક્તિને અમુક નક્કી સમય મર્યાદા

સુધી કરજ આપી મૂળ મુદ્દલ રકમ ઉપર અમુક વધારાની રકમ નક્કી કરી લેવામાં આવતી હતી અને જો કરજદાર વ્યક્તિ નક્કી કરેલ સમય મર્યાદામાં કરજ ન આપી શકે તો વધારે મુદ્દત એ શરતે વધારવામાં આવતી હતી કે, વ્યાજની રકમમાં વધારો કરવામાં આવે.'' આ જ વિષય હઝરત કતાદહ (રદિ.) અને બીજા તફસીરના ઈમામોએ નકલ કર્યો છે. *(તફસીર ઈબ્ને જરીર, પેજ : ૬૨, જિલ્દ : ૩)*

સ્પેનના મશહૂર તફસીરના ઈમામ અબૂ હય્યાન ગરનાતી (રહ.)ની તફસીર બહરે મુહીતમાં છે કે, અજ્ઞાનતાના કાળમાં રિબાનું સ્વરૂપ એવું હતું કે, ઉધાર ઉછીની રકમ આપીને તેના ઉપર વ્યાજ સ્વરૂપે નફો લેવામાં આવતો હતો અને જેટલી મુદ્દત ઉધારની વધારતા એટલું જ વ્યાજ તેના ઉપર વધારે લેતા હતા અને તેનું જ નામ "રિબા" હતું. જહાલતકાળના અરબ લોકો એવું કહેતા હતા કે, જે પ્રમાણે વેપારી લેવડ-દેવડ વડે નફો લેવો જાઈઝ છે, એ જ પ્રમાણે પોતાના રોકડા રૂપિયા ઉધાર-ઉછીના આપીને તેના ઉપર વધારે રકમ નફો (વ્યાજ સ્વરૂપે) લેવો જાઈઝ હોવો જોઈએ. કુર્આન શરીફે તેને હરામ ઠરાવ્યું અને વેપાર તથા રિબા (વ્યાજ)ના હુકમોમાં તફાવત હોવાની સ્પષ્ટતા કરી આપી.

આ જ બાબત બધી જ પ્રમાણભૂત તફસીરની કિતાબો દાખલા તરીકે, તફસીરે ઈબ્ને કષીર, તફસીરે કબીર અને રૂહુલ મઆની વગેરેમાં પ્રમાણભૂત રિવાયતો દ્વારા નકલ થઈ છે.

ઈબ્ને અરબી (રહ.)ના "અહકામુલ કુર્આનમાં" ઉલ્લેખ છે,

اَلرِّبٰو فِی اللُّغَةِ الرِّبَا وَةُ وَالْمُرَادُ بِهٖ فِی الْاٰیَةِ كُلُّ زِیَادَةٍ لَایُقَابِلُهَا عِوَضٌ (ص ۱۰۱ ج ۲)

એટલે કે, "રિબાનો અર્થ વાસ્તવમાં શબ્દકોષ પ્રમાણે "વધારો" છે અને આયતમાં તેનો અર્થ એ વધારો સૂચવવામાં આવ્યો છે કે, જેના આધાર સ્વરૂપે કોઈ માલ કે વસ્તુ ઉપસ્થિત નથી. બલકે, ફક્ત ઉધાર-ઉછીની રકમ છે અને તે પરત આપવાનો સમય છે." ઈમામ રાઝી (રહ.)એ પોતાની તફસીરમાં ફરમાવ્યું છે, રિબાના બે પ્રકાર છે. એક વેપારી લેવડ-દેવડ સ્વરૂપે અને બીજી ઉધાર-ઉછીની રકમ ઉપર વ્યાજયુક્ત લેવડ-દેવડ કરવી અને જહાલતકાળના અરબોમાં આ બીજા પ્રકારની પદ્ધતિ જ એટલે કે ઉધાર-ઉછીની રકમ અમુક નક્કી મુદ્દત સુધી આપી વ્યાજ લેવાની પ્રથા પ્રચલિત હતી. તેઓ પોતાની રકમ કોઈને ચોક્કસ સમય સુધી ઉધાર આપતા હતા અને દર મહિને તેનો નફો વ્યાજ

સ્વરૂપે લેતા હતા અને જો નક્કી સમયમર્યાદામાં કરજદાર રકમ પરત આપી ન શકે તો મુદ્દત એ શરતે વધારવામાં આવતી હતી કે, વ્યાજની રકમ વધારવામાં આવે. આ જ જહાલતકાળની રિબાની પ્રચલિત પદ્ધતિ હતી, જેને કુર્આને હરામ કરી.

هُوَ الْقَرْضُ الْمَشْرُوْطُ فِيْهِ الْاَجَلُ وَزِيَادَةُ مَالٍ عَلَى الْمُسْتَقْرِضِ،

"તે કરજ છે, જે કોઈ મુદ્દત માટે એ શરતે આપવામાં આવે કે, કરજદાર તેના મૂળ માલથી (મુદ્દલથી) વધારે કંઈક રકમ અદા કરશે."

હદીષમાં રસૂલ ﷺએ રિબાની વ્યાખ્યા કરતાં ફરમાવ્યું છે,

كُلُّ قَرْضٍ جَرَّ نَفْعًا فَهُوَ رِبَا، *"જે કરજ નફો પ્રાપ્ત કરે તે રિબા છે."*

આ હદીષ જામિઉસ્સગીરમાં છે અને અઝીઝીએ આ હદીષને "હસન" કહી છે.

ખુલાસો એ છે કે, ઉધાર આપીને તેના ઉપર નફો લેવાનું નામ "રિબા" છે, આ પ્રથા જહાલતકાળના અરબોના સમયમાં પ્રચલિત હતી. જેને કુર્આન શરીફે પ્રસ્તુત આયતથી ખુલ્લા અને સ્પષ્ટ શબ્દોમાં હરામ ઠરાવી દીધી અને આ આયત નાઝિલ થતાંની સાથે જ સહાબએ કિરામ (રદિ.)એ તેને છોડી દીધું. રસૂલે કરીમ ﷺએ તેને કાયદા સ્વરૂપે લાગુ પાડ્યું અને તેના હરામ હોવામાં ન તો કોઈ શંકા હતી, ન જ કોઈ શંકાની સંભાવના હતી અને ન જ તેના માટે કોઈ હિલા-હવાલા કરવાની ગુંજાઈશ હતી.

જો કે નબી ﷺએ રિબાના અર્થમાં વેપારી લેવડ-દેવડના અમુક સ્વરૂપોને પણ દાખલ કર્યા, જેને અરબો "રિબા" સમજતા ન હતા. દાખલા તરીકે, છ વસ્તુઓની વેપારી લેવડ-દેવડમાં પણ એવો હુકમ આપ્યો કે, જો આ પ્રમાણે લેવડ-દેવડ કરવામાં આવે તો બરાબર-સરાબર થવું જોઈએ અને રોકડા હાથો-હાથ થવા જોઈએ, તેમાં ઓછું-વધતું કરવામાં આવે અથવા ઉધાર કરવામાં આવે તો પણ તે રિબા છે. આ છ વસ્તુઓ આ પ્રમાણે છે. સોનાના બદલે સોનું, ચાંદીના બદલે ચાંદી, ઘઉંના બદલે ઘઉં, જવના બદલે જવ, ખજૂરના બદલે ખજૂર અને દ્રાક્ષના બદલે દ્રાક્ષ.

આ સિદ્ધાંત હેઠળ અરબમાં પ્રચલિત વિનિમય પદ્ધતિના અમુક સ્વરૂપો જેને "મુજાનિબા" અને "મુહાકિલા" કહેવામાં આવતા હતા, તેને પણ રિબાની આયત નાઝિલ થયા પછી રસૂલે કરીમ ﷺએ રિબામાં શામિલ કરી આવી લેવડ–દેવડ કરવાની મનાઈ કરી.

(તફસીરે ઈબ્ને કષીર, બ હવાલા મુસ્તદરક હાકિમ, પેજ : ૩૨૭, જિલ્દ : ૧)

નોંધ : <u>મુજાનિબા</u> એ છે કે, "કોઈ ઝાડ ઉપર લાગેલા ફળોને ઝાડ ઉપરથી ઉતારેલા ફળોના બદલામાં અનુમાન લગાવીને વેચવામાં આવે" અને <u>મુહાકિલા</u> એને કહેવાય છે કે, "ઊભા પાકના દાણા જેવી રીતે કે ઘઉં, ચણા, ચોખા વગેરેને ચોખ્ખા અને સાફ કરેલા ઘઉં અને ચણાના બદલામાં અંદાજો લગાવીને વેચવામાં આવે." અંદાજામાં કારણ કે, ઓછું–વધતું થવાની સંભાવના રહેલી છે, એટલા માટે તેને પ્રતિબંધિત કરવામાં આવ્યું. *(૧૨ મિના)*

અત્રે એ વાત વિચાર કરવા યોગ્ય હતી કે શું આ હુકમ આ છ વસ્તુઓ માટે જ ખાસ છે અને તેના સિવાયની અન્ય વસ્તુઓ ઉપર આ હુકમ લાગુ પડે છે કે કેમ ? અને જો લાગુ પડે છે તો તેની શરતો શું છે ? અને લેવડ–દેવડ તથા વેપાર–વાણિજ્યના કયા કયા સ્વરૂપો રિબા સમજવામાં આવશે ? આ શંકા હઝરત ફારૂકે આઝમ (રદિ.)ને પણ થઈ, એટલા માટે તેમણે ફરમાવ્યું,

اِنَّ اٰيَةَ الرِّبٰو مِنْ اٰخِرِمَا نُزِّلَ مِنَ الْقُرْاٰنِ وَاِنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قُبِضَ قَبْلَ اَنْ يُّبَيِّنَهُ لَنَا فَدَعُوا الرِّبٰو وَالرِّيْبَةَ،

(اَحْكَامُ الْقُرْاٰنْ، جَصَّاصْ، ص ۵۵۱، وَتَفْسِيْرُ ابْنِ كَثِيْرُ بَحَوَالَةْ اِبْنِ مَاجَهْ، ص۳۲۸، ج ۱)

"રિબાની આયત કુર્આનની અંતિમ આયતોમાંથી છે, તેની સંપૂર્ણ સ્પષ્ટતા કરતાં પહેલાં જ રસૂલે પાક ﷺનો ઈન્તેકાલ થઈ ગયો. એટલા માટે હવે કાળજી લેવી જરૂરી છે. રિબાને તો છોડવાનું જ છે (આર્થિક વહેવારના) જે સ્વરૂપમાં રિબાની શંકા પણ હોય તેને છોડી દેવું જોઈએ."

ફારૂકે આઝમ (રદિ.)નો આર્થિક વહેવારો અને વેપારી લેવડ–દેવડના તે સ્વરૂપોનો ઉલ્લેખ કરવાનો હેતુ એ હતો કે, જેની સ્પષ્ટતા અગાઉ થઈ ચૂકી છે. એટલે કે, જહાલતકાળના અરબોમાં જે બાબતોને રિબા સમજવામાં આવતી ન

હતી તેને રસૂલે કરીમ ﷺએ રિબામાં શામિલ કરીને હરામ ઠરાવી દીધી. અને તે અસલ સ્વરૂપનું રિબા કે, જે સમગ્ર અરબોમાં પ્રચલિત અને મશ્હૂર હતું તેને સહાબએ કિરામ (રદિ.)એ છોડી દીધું, રસૂલે કરીમ ﷺએ તેનો કાયદો લાગુ પાડ્યો અને હજ્જતુલ વદાઅ્ના ખુત્બામાં તેનું એ'લાન કર્યું, રિબાના આ સ્વરૂપમાં હઝરત ફારૂકે આઝમ (રદિ.)ને કોઈપણ પ્રકારની શંકા કે ગુંચવાડો ઊભો થવાની શક્યતા નથી. પછી જ્યારે ફારૂકે આ'ઝમ (રદિ.)ને રિબાના અમુક ખાસ સ્વરૂપોમાં ગુંચવાડો ઊભો થયો તો તેનો હલ એવો કાઢ્યો કે, જે સ્વરૂપોમાં રિબા (વ્યાજ)ની શંકા પણ થઈ જાય તો તે આર્થિક વહેવાર છોડી દેવામાં આવે એવું નક્કી કર્યું.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, અમુક કહેવાતા આધુનિક અર્થશાસ્ત્રીઓએ કે, જેઓ યુરોપના દેખાદેખી તેમની આર્થિક સદ્ધરતા જોઈને તથા તેમની અર્થવ્યવસ્થામાં વ્યાજ એક અભિન્ન અંગ બની જવાથી પ્રભાવિત થઈને ફારૂકે આઝમ (રદિ.)ના આ ઈરશાદનું ખોટું અર્થઘટન કર્યું કે, "રિબાની વ્યાખ્યા કરવામાં અસ્પષ્ટતા રહી ગઈ હતી. એટલા માટે તેમાં સંશોધન કરી પોતાનો અભિપ્રાય આપવાની શક્યતા છે." પરંતુ તેમનો આ મત ખોટો હોવાની સ્પષ્ટતા આગળ આવી ચૂકી છે. અહકામુલ કુર્આનમાં ઈબ્ને અરબીએ એવા લોકોના અભિપ્રાયનો સખત ઈન્કાર કર્યો છે, જેમણે ફારૂકે આઝમ (રદિ.)ના ઈરશાદના કારણે રિબાની આયત અસ્પષ્ટ હોવાનું માન્યું છે.

اِنَّ مَنْ زَعَمَ اَنَّ هٰذِهِ الْاٰيَةَ مُجْمَلَةٌ فَلَمْ يَفْهَمْ مَقَاطِعَ الشَّرِيْعَةِ فَاِنَّ اللّٰهَ تَعَالٰى اَرْسَلَ رَسُوْلَهٗ اِلٰى قَوْمٍ هُوَ مِنْهُمْ بِلُغَتِهِمْ وَاَنْزَلَ عَلَيْهِ كِتَابَهٗ تَيْسِيْرًا مِّنْهُ بِلِسَانِهٖ وَلِسَانِهِمْ وَالرِّبَافِى اللُّغَةِ الرِّبَاوَةُ وَالْمُرَادُ بِهٖ فِى الْاٰيَةِ كُلُّ زِيَادَةٍ لَا يُقَابِلُهَا عِوَضٌ،

"જેણે એવું કહ્યું કે આ આયત(નો અર્થ) અસ્પષ્ટ છે તેણે શરીઅતની સ્પષ્ટતાઓને સમજી નથી, કારણ કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺને એવી કૌમમાં મોકલ્યા હતા જેઓ પોતે તે જ કૌમમાંથી હતા, એમની જ ભાષામાં મોકલ્યા, તેમના ઉપર પોતાની કિતાબ સરળતા સાથે એમની જ ભાષામાં નાઝિલ કરી અને રિબાના શબ્દનો અર્થ તેમની જ ભાષા પ્રમાણે

"વધારો" (મુદ્દલ ઉપર વ્યાજ) કરવાનો છે, અને આ આયતના અર્થમાં પણ તે જ વધારો સૂચવવાનો હેતુ છે."

ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં ફરમાવ્યું કે, રિબાના બે પ્રકારો છે. એક ઉધાર-ઉછીની લેવડ-દેવડમાં લેવામાં આવતું વ્યાજ અને બીજું રોકડા નાણાની લેવડ-દેવડમાં લેવામાં આવતું વ્યાજ.

પ્રથમ પ્રકાર એ છે કે, જે જહાલતકાળમાં મશ્હૂર અને પ્રચલિત હતો અને જહાલતકાળમાં તે પ્રમાણે લેવડ-દેવડ થતી હતી અને બીજો પ્રકાર એ છે, જેનો હદીષમાં ઉલ્લેખ છે કે, ફલાણી-ફલાણી વસ્તુઓની લેવડ-દેવડમાં કોઈપણ પ્રકારનો વધારો રિબામાં શામિલ છે.

અહકામુલ કુર્આન તથા જસ્સાસમાં છે કે, રિબાના બે પ્રકારો છે. "એક વેપારની લેવડ-દેવડના સ્વરૂપમાં અને બીજું વેપારી લેવડ-દેવડ ઉપરાંત જહાલતકાળની રિબા (વ્યાજુ લેન-દેન)માં," આ બીજો પ્રકાર જ વધુ પ્રચલિત હતો કે કોઈને અમુક ચોક્કસ મુદ્દત સુધી કરજ આપીને તેના ઉપર અમુક ટકા વધારે નાણા લેવામાં આવે અને આ જ વિષય ઈબ્ને રશદે "હિદાયતુલ મુજતહિદ"માં લખ્યો છે. કરજ તથા ઉધાર ઉપર નફો લેવાના સ્વરૂપનું રિબા હરામ હોવું કુર્આન અને સુન્નત તથા ઉમ્મતના ઈજમાઅ્થી સાબિત થયું છે.

ઈમામ તહાવી (રહ.)એ "શરહે મઆનિયુલ આષાર"માં આ વિષય ઉપર ખૂબ સ્પષ્ટ રીતે નિવેદન કરીને બતાવ્યું છે કે, "કુર્આનમાં જે રિબાનો ઉલ્લેખ થયો છે એમાં ચોખ્ખી અને સ્પષ્ટ રીતે તેને રિબા સમજવામાં આવે છે, જે કરજ અને ઉધાર નાણા ઉપર લેવા અથવા દેવામાં આવતું હતું અને જહાલતકાળમાં તેને જ રિબા કહેવામાં આવતું હતું." ત્યાર પછી નબીએ કરીમ ﷺનું વર્ણન અને આપ ﷺની સુન્નતથી બીજા પ્રકારના રિબાનું જ્ઞાન મળ્યું, જે વેપાર અને લેવડ-દેવડના ખાસ-ખાસ સ્વરૂપો છે, જેમાં વસ્તુવિનિમયમાં વધારે લઈ નફો મેળવવાનું નામ રિબા છે અને આ રિબા પણ હરામ હોવાની રસૂલે કરીમ ﷺની મુતવાતિર (ઉચ્ચ પ્રકારની સહીહ) હદીષો આવેલી છે. પરંતુ આ પ્રકારના રિબાની સ્પષ્ટતા ખૂબ જાહેર ન હોવાના કારણે એમાં અમુક સહાબા (રદિ.)ને શંકા ગઈ અને એ બાબતે ફુકહામાં મતભેદો થયા.

(મઆનિયુલ આષાર, પેજ : ૨૩૨, જિલ્દ : ૨)

હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ "હુજ્જતુલ્લાહુલ બાલિગહ"માં ફરમાવ્યું છે કે, "એક ખુલ્લમ ખુલ્લું અને સ્પષ્ટ રિબાનું સ્વરૂપ છે અને એક તે જે રિબાના હુકમમાં છે. સ્પષ્ટ સ્વરૂપનું રિબા એ છે, જેમાં કોઈને કરજ અથવા ઉધાર નાણા આપીને તેની પાસેથી મુદ્દલ કરતાં વધારાના નાણા વસૂલ કરવા, એનું નામ રિબા અથવા વ્યાજ છે. અને બીજું એ કે, જે વ્યાજના હુકમમાં છે તેનું વર્ણન હદીષોમાં આવ્યું છે. (رَوَاهُ الْبُخَارِیُ) لَا رِبَا اِلَّا فِی النَّسِیَۃِ એટલે કે "રિબા ફક્ત ઉધારમાં છે," તેનો એ જ મતલબ છે કે વાસ્તવિક અને અસલી રિબા જેને સામાન્ય રીતે રિબા સમજવામાં અથવા કહેવામાં આવે છે, તે ઉધાર ઉપર નફો લેવાનું નામ છે. તેના સિવાય જેટલા પણ પ્રકારો તેની સાથે સંલગ્ન છે તે બધા જ રિબાના હુકમમાં શામિલ છે."

આ ખુલાસાથી અમુક બાબતો સ્પષ્ટ થઈ ગઈ :

પ્રથમ એ કે કુર્આનમાં રિબા હરામ હોવાનો હુકમ નાઝિલ થતા પહેલાં રિબા એક પ્રચલિત બાબત હતી. "કરજ અને ઉધાર નાણા અમુક ચોક્કસ સમય માટે આપીને તેના ઉપર ચોક્કસ ટકાવારી પ્રમાણે વધારે નાણા લેવામાં આવતા હતા, જેને રિબા કહેવામાં આવતું હતું."

બીજું એ કે, કુર્આનમાં રિબા હરામ હોવાનો હુકમ આવતાંની સાથે જ બધા જ સહાબએ કિરામ (રદિ.)એ તે રિબા (વ્યાજ)ને છોડી દીધું, તેનો અર્થ સમજવા અથવા સમજાવવામાં કોઈપણ પ્રકારની શંકા ઉપસ્થિત ન થઈ.

ત્રીજું એ કે, રસૂલુલ્લાહ ﷺએ છ વસ્તુઓ વિશે એ હુકમ આપ્યો કે, તેમની પરસ્પરની લેવડ-દેવડ અને વેપારમાં બરાબરી રાખવી શરત છે. તેમાં વધારો-ઘટાડો કરવો રિબા-વ્યાજમાં શામિલ છે અને તેમાં ઉધાર-ઉછીના કરી નફો લેવો પણ રિબામાં શામિલ છે. (દા.ત. એક કિલો ઘઉંના બદલામાં એક કિલો ઘઉં જ લઈ શકાય ભલે ઘઉંનો પ્રકાર ગમે તે હોય ! એટલે કે, એક કિલો સારા ઘઉંના બદલામાં બે કિલો ખરાબ અને કાંકરીવાળા ઘઉં લેવા જાઈઝ નથી અને જો આવું કરવામાં આવશે તો વધારાના લીધેલા ઘઉં રિબા-વ્યાજમાં શામિલ છે.) આ છ વસ્તુઓ સોનું, ચાંદી, ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ છે અને આ જ કાયદા હેઠળ અરબમાં પ્રચલિત વેપારની "મુઝાબિના" અને "મુહાકિલા"ની પદ્ધતિને હરામ ઠરાવવામાં આવી, જેનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. રસૂલે કરીમ ﷺના

ઈરશાદમાં છ વસ્તુઓની વેપારી લેવડ-દેવડમાં વધારો-ઘટાડો અથવા ઉધારને ખુલ્લમ-ખુલ્લું રિબામાં શામિલ કરીને હરામ ઠરાવવામાં આવ્યું છે, પરંતુ તેમાં એ બાબત સંશોધન અને ઈજ્તિહાદ માટે ખુલ્લી હતી કે, આ હુકમ ફક્ત તે છ વસ્તુઓ સાથે જ ખાસ છે અથવા બીજી ચીજવસ્તુઓમાં પણ આ હુકમ લાગુ પડી શકે છે ? તેનું સ્વરૂપ અને નિયમ શું હોવો જોઈએ ? આ બાબતે ફુકહાએ પોત-પોતાની રીતે મનન અને ચિંતન કરી ઈજ્તિહાદ દ્વારા વિવિધ સ્વરૂપો બતાવ્યા છે અને આ સ્વરૂપો રસૂલે કરીમ ﷺના બતાવેલા ન હોવાના કારણે તેમાં હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને શંકા ગઈ અને તે કારણે તેમણે અફસોસ કર્યો કે, કાશ ! રસૂલ ﷺએ પોતે જ રિબાના તે સ્વરૂપનો ઉલ્લેખ કરી સ્પષ્ટતા કરી દીધી હોત તો શંકાસ્પદ પરિસ્થિતિમાં સંતોષ થઈ જાત અને પછી આ ઈરશાદ ફરમાવ્યો કે, "જે પણ બાબતમાં રિબા હોવાની શંકા જાય તેવી લેવડ-દેવડથી પણ બચવું જોઈએ."

ચોથું એ જાણ થાય છે કે, વાસ્તવિક અને અસલી રિબા જેને ફુકહાએ "રિબવુલ કુર્આન" અથવા "રિબવુલ કર્જ"ના નામથી ઓળખ્યું છે, તે એ જ રિબા છે કે, જે રિબાનો પ્રકાર અરબસ્તાનમાં પ્રચલિત હતો, એટલે કે, ઉધાર-ઉછીની રકમ ચોક્કસ સમય મર્યાદા સુધી આપીને તેના ઉપર વધારાનું વ્યાજ લેવામાં આવતું હતું. રિબાનો બીજો પ્રકાર જે હદીષમાં બતાવવામાં આવ્યો છે, તે આ જ બધા રિબા સાથે સંલગ્ન છે અને તેના ઉપર પણ એ જ હુકમ લાગુ પડે છે અને ઉમ્મતમાં એના વિશે જે કંઈ પણ મતભેદો અથવા વિરોધાભાસો છે, તે બધા આ બીજા પ્રકારની વ્યાજયુક્ત લેવડ-દેવડમાં જ છે. પ્રથમ પ્રકારના રિબાને "રિબવુલ કુર્આન" કહેવામાં આવે છે અને તેના હરામ હોવા બાબતે સમગ્ર ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺમાં ક્યારેય કોઈપણ પ્રકારનો મતભેદ ઉપસ્થિત થયો નથી.

આજકાલ જે રિબા (વ્યાજ)નું સ્વરૂપ અર્થવ્યવસ્થાનો આધાર સમજવામાં આવે છે અને વ્યાજના મસ્અલામાં જેની ચર્ચા કરવામાં આવે છે, તેના હરામ હોવા બાબતે કુર્આન શરીફની સાત આયતો અને ચાલીસથી વધારે હદીષો મૌજૂદ છે, ઉપરાંત સમગ્ર ઉમ્મતના ઈજમાઅ્ દ્વારા પણ તે હરામ સાબિત થયેલ છે.

રિબાના બીજા પ્રકારો જે વેપારી લેવડ-દેવડના સંદર્ભમાં છે, તેની કોઈ પ્રચલિત પ્રથા આધુનિક યુગમાં ઉપસ્થિત નથી અને ન જ તેની ચર્ચા કરવાની અત્રે કોઈ આવશ્યકતા છે.

અત્રે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે કુર્આન અને સુન્નતમાં રિબાની વાસ્તવિકતા શું છે અને વ્યાજના શું હુકમો છે ?

હવે, બીજી ચર્ચા એ બાબતની છે કે રિબા પ્રતિબંધિત અને હરામ હોવા બાબતે શું મસ્લિહત છે ? અને તેમાં કયા કયા પ્રકારના સામાજિક અને આધ્યાત્મિક નુકસાનો રહેલા છે જેના કારણે ઈસ્લામે તેને આટલો ભયંકર ગુનો ઠરાવ્યો છે ?

આ સ્થળે પ્રથમ એ સમજી લેવું જરૂરી છે કે, દુનિયાની બધી જ મખ્લૂકો અને તેમના વહેવારોમાં એવી કોઈ વસ્તુ નથી જેમાં કોઈ ભલાઈ અથવા ફાયદો ન હોય ! સાપ, વીંછી, ઘેટાં-બકરાં, વાઘ, સિંહ વગેરે જેવા પ્રાણીઓ અને પશુઓમાં બલકે, કાતિલ ઝેરમાં પણ મનુષ્ય માટે હજારો લાભો છે. "કોઈ બુરા નહીં કુદરત કે કારખાને મેં" کوئی برا نہیں قدرت کے کارخانے میں અને ચોરી, લૂંટફાટ, વ્યભિચાર, લાંચ વગેરે બાબતોમાં પણ કોઈ લાભ અવશ્ય હોય છે, પરંતુ દરેક ધર્મ અને સભ્ય સમાજ તથા પ્રત્યેક વિચારશીલ સમજુ લોકોમાં જે વસ્તુઓના લાભ વધારે હોય અને નુકસાન નહિવત્ હોય તો એવી વસ્તુઓ લાભકારી સમજવામાં આવે છે અને જે વસ્તુઓમાં નુકસાનો વધારે હોય અને લાભ નહિવત્ હોય તેવી વસ્તુઓને નુકસાનકર્તા અને બેકાર સમજવામાં આવે છે. કુર્આને કરીમમાં પણ દારૂ અને જુગારને હરામ ઠરાવતી વખતે એ બાબતની જાહેરાત કરવામાં આવી કે, તેમાં ઘણો મોટો ગુનોહ પણ છે અને લોકો માટે અમુક ફાયદાઓ પણ છે. પરંતુ તેના લાભો કરતાં તેના નુકસાનો ઘણા વધારે છે, એટલા માટે આ વસ્તુઓને સારી અથવા લાભકારી કહી શકાય નહીં. બલકે, તેને અત્યંત નુકસાનકર્તા અને તબાહ-બરબાદ કરનારી વસ્તુ સમજીને તેનાથી બચવું જરૂરી છે.

રિબા એટલે કે વ્યાજની પણ એ જ હાલત છે, તેમાં વ્યાજખોર માટે કામચલાઉ ધોરણે નફો જરૂર દેખાય છે, પરંતુ તેનો દુનિયવી અને આખિરતની વબાલ આ નફાના મુકાબલામાં અત્યંત કઠોર છે.

દરેક વસ્તુના લાભ અને નુકસાન અથવા ફાયદો અને વિનાશની સરખામણી કરવા માટે એ વાત પણ પ્રત્યેક બુદ્ધિશાળી સમીપ સમીક્ષાનું માપદંડ રહી છે કે, જે વસ્તુમાં ફક્ત કામચલાઉ ધોરણે કંઈક નુકસાન હોય, પરંતુ લાંબા ગાળે તેનો કાયમી ફાયદો થવાનો હોય તો કોઈપણ બુદ્ધિશાળી તેને લાભકારી

વસ્તુઓની યાદીમાં શામિલ કરશે. અને જો કોઈ વસ્તુનો લાભ કામચલાઉ ધોરણે હોય અને તેનું નુકસાન કાયમી તથા લાંબાગાળાનું હોય તો કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ તેને લાભકારી વસ્તુઓની યાદીમાં શામિલ નહિ કરે. જો કોઈ વસ્તુનો નફો વ્યક્તિગત રીતે હોય, પરંતુ તેનું નુકસાન સમગ્ર કૌમ અને મિલ્લત (સમાજ) તથા આખા સમુદાયને થવાનું હોય તો કોઈપણ સમજદાર વ્યક્તિ તેને લાભકારી વસ્તુ નહિ કહી શકે. ચોરી અને લૂંટફાટમાં ચોર અને ડાકૂને ઉઘાડો નફો થાય છે, પરંતુ તે સમગ્ર કૌમ માટે નુકશાનકર્તા અને શાંતિ તથા સલામતીને બરબાદ કરનારી વસ્તુ છે. એટલા માટે કોઈ વ્યક્તિ ચોરી અને લૂંટફાટને સારી બાબત કહી શકે નહીં.

આ પ્રસ્તાવના પછી વ્યાજના મસ્અલામાં દષ્ટિપાત કરીએ તો એમાં થોડોક વિચાર કરવાથી સ્પષ્ટ થશે કે, એમાં વ્યાજખોરને હંગામી ધોરણે નફો મળે છે, પરંતુ તેના મુકાબલામાં તેની આધ્યાત્મિકતા (રૂહાનિયત–નૈતિકતા) મરી પરવાંરે છે અને માનવતા પ્રતિ તેની નિષ્ઠાને એટલું સખત નુકસાન પહોંચે છે કે, તે પોતાના જીવનમાંથી માનવતા નામનો શબ્દ કાઢી નાંખે છે. તેને જે કામચલાઉં ધોરણે વ્યાજનો નફો થાય છે તે તેનો ફક્ત વ્યક્તિગત નફો છે, પરંતુ તેના મુકાબલામાં આખી કૌમ અને માનવતાનું ભરપાઈ ન કરી શકાય એવું નુકસાન થાય છે તથા સમગ્ર રાષ્ટ્રની અર્થવ્યવસ્થા એક પ્રકારની કટોકટીમાં મૂકાઈ જાય છે. પરંતુ દુનિયાની હાલત એવી છે કે, જ્યારે તેમાં કોઈ વસ્તુનો રિવાજ પડી જાય છે તો તેની બુરાઈઓ અને નુકસાનોથી આંખ આડા કાન કરવામાં આવે છે અને ફક્ત તેના ફાયદાઓને જ નજર સમક્ષ રાખવામાં આવે છે. ભલે તે ફાયદા ગમે એટલા તુચ્છ, અમાનવીય અને કામચલાઉ કેમ ન હોય ! આ નુકસાન તરફ કોઈનું ધ્યાન જ નથી જતું કે પછી જાણી જોઈ ધ્યાન આપવામાં નથી આવતું. જ્યારે કે તે નુકસાનો ખુલ્લા અને સ્પષ્ટ રીતે જોઈ પણ શકાય છે.

રિવાજ અને રીત–રસમો માનવસ્વભાવ માટે ક્લૉરોફોર્મ જેવી બાબતો છે, જે વ્યક્તિને બેહોશ કરી દે છે. ઘણા ઓછા લોકો એવા હોય છે, જેઓ પ્રચલિત રસમો–રિવાજ ઉપર સંશોધનયુક્ત સમીક્ષા કરી તેને સમજવાનો પ્રયત્ન કરે છે કે, તેમાં ફાયદા કેટલા છે અને નુકસાન કેટલું છે ? બલકે, કોઈના દ્વારા ચેતવણી આપવાથી કોઈ રિવાજનું નુકસાન સમજમાં આવી જાય તો પણ

રસમો-રિવાજની પાબંદી મનેચ્છાના ગુલામ આજના મનુષ્યને સીધા માર્ગ ઉપર આવવા દેતી નથી.

વ્યાજ સમગ્ર દુનિયામાં એક ચેપી રોગનું સ્વરૂપ અપનાવી ચૂક્યું છે અને તેનો રિવાજ સમગ્ર દુનિયાને પોતાના ભરડામાં લઈ ચૂક્યો છે, તેણે વ્યક્તિના માનવસ્વભાવની ગુણવત્તાને બદલી નાંખી છે. મનેચ્છાના ગુલામ કહેવાતા આધુનિકતાવાદીઓ કડવાને મીઠું સમજવા લાગ્યા છે અને જે સમગ્ર માનવતા માટે આર્થિક બરબાદીનું કારણ છે, તેને આર્થિક સમસ્યાનું નિરાકરણ સમજવા લાગ્યા છે. આજે જો કોઈ ચિંતક સંશોધનકાર આ વ્યાજની પ્રથા વિરૂદ્ધ અવાજ ઉઠાવે છે તો તેને પાગલ અને ગાંડો સમજવામાં આવે છે.

આ સર્વ કંઈ છે, પરંતુ તે ડૉક્ટર, ડૉક્ટર નથી બલકે, માનવતાનો ડાકૂ છે, જેણે દેશમાં જીવલેણ બીમારી ફેલાઈ ગયા પછી ઈલાજની કોઈ અસર ન થવાનો જાતઅનુભવ કરવાની બિના પર એવું નક્કી કરી લીધું કે, લોકોને સમજાવવામાં આવે કે આ બીમારી તો બીમારી છે જ નથી બલકે, આ બીમારી તો ખૂબ સારી તંદુરસ્તી અને રાહત છે, પરંતુ નિષ્ણાત ડૉક્ટરોનું કામ પણ આવા સમયે તો એ જ હશે કે, તેઓ લોકોને આ બીમારી અને તેના નુકસાનથી ચેતવણી આપતા રહે અને ઈલાજની સાચી પદ્ધતિઓ બતાવતા રહે.

અંબિયા (અલૈ.) દુનિયાની મખ્લૂકની સુધારણાની જવાબદારી લઈને આવે છે, તે ક્યારેય એવી પરવા નથી કરતા કે કોઈ તેમની વાત સાંભળશે કે નહિ સાંભળે ! જો તેઓએ લોકોના સાંભળવાની અને તેમની સ્વીકાર કરવાની રાહ જોઈ હોત તો આખી દુનિયા કુફ્ર અને શિર્કથી જ ભરાયેલી હોત ! "લાઈલાહા ઈલ્લલ્લાહ" કલિમો કહેનારા તે વખતે કોઈ હતા નહિ જ્યારે ખાતમુન્નબિય્યિન ﷺને તેની તબ્લીગ અને તેના શિક્ષણનો પ્રચાર કરવાનો અલ્લાહ તબારક વ તઆલા તરફથી હુકમ મળ્યો હતો !

વ્યાજ (રિબા) જો કે, આજે પણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમજવામાં આવે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે, આજે કેટલાય યુરોપના સત્તાધીશો એવું સ્વીકારે છે કે, અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ વ્યાજ નથી બલકે, અર્થવ્યવસ્થાની કરોડરજ્જુમાં પૈદા થનારો એક જીવલેણ જીવાણું (વાયરસ) છે, જે અર્થવ્યવસ્થાની કરોડરજ્જુને ખાઈ રહ્યો છે.

પરંતુ અફસોસ છે કે, આજે કહેવાતા બૌદ્ધિકો અને સમજદાર લોકો પણ ક્યારેય પ્રચલિત સીસ્ટમ અને રિવાજોના વર્તુળથી સ્વતંત્ર થઈને એ દિશામાં વિચારતા નથી અને સેંકડો વર્ષોના અનુભવો પણ તેમને એ બાજુ ધ્યાન કેન્દ્રિત કરવા મજબૂર કરતા નથી કે, વ્યાજયુક્ત લેવડ-દેવડનું અંતિમ પરિણામ એ છે કે, અલ્લાહની સમગ્ર મખ્લૂક તથા સમગ્ર માનવસમાજ ભૂખમરો અને આર્થિક અસમાનતાનો શિકાર બને છે. ગરીબ વધારે ગરીબ બનતો જાય છે અને અમુક મૂડીવાદીઓ સમગ્ર મિલ્લતનો માલ પોતાના ખજાનાઓમાં સમેટી તેનો લાભ ઉઠાવે છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો અમુક મૂડીવાદીઓ આખા સમાજનું લોહી ચૂંસીને પોતાનું શરીર તાજું-માજું રાખે છે અને આશ્ચર્ય તો એ વાતનું છે કે, જ્યારે કોઈ વ્યક્તિ તેમની સામે આ વાસ્તવિકતાનું વર્ણન કરે છે તો તેને જૂઠાડવા માટે આપણને અમેરિકા, ઈંગ્લેન્ડના બજારોમાં લઈ જઈ વ્યાજના ફાયદાઓનો અનુભવ કરાવવા ચાહે છે અને એવું બતાવવા માંગે છે કે, આ દેશોની અર્થવ્યવસ્થાઓ વ્યાજયુક્ત કારોબારના કારણે જ વિકાસ પામી છે, પરંતુ તેનો દાખલો તો એવો છે જેમકે કોઈ માણસખાઉં કૌમ પોતાની માણસ ખાવાની ટેવના ફાયદાઓ અને લાભોનો અનુભવ કરાવવા માટે તમને માણસખાઉં લોકોના મહોલ્લામાં લઈ જઈને એવું બતાવે કે, જુઓ આ કેટલા તાજા-માજા અને તંદુરસ્ત છે. તો શું આવું કરવાથી માણસખાઉં નરભક્ષી રાક્ષસોની ટેવ સારું કૃત્ય હોઈ શકે છે ?

પરંતુ જો તેને કોઈ સમજદાર વ્યક્તિથી વાસ્તો પડે તો તે કહેશે કે, તમે માણસખાઉં નરભક્ષી લોકોના કૃત્યોના લાભો માણસખાઉં નરભક્ષી લોકોના મહોલ્લાઓમાં જઈને નહીં, પરંતુ તેમનો ભોગ બનેલા અન્ય મહોલ્લાઓમાં જઈને જુઓ કે ત્યાં સેંકડો, હજારો લાશો પડી છે, જેમના લોહી અને માંસ ખાઈને આ વહસી દરિન્દાઓ, જંગલી રાક્ષસો તાજા-માજા થયા છે. ઈસ્લામ અને ઈસ્લામી શરીઅત ક્યારેય આવા કૃત્યને યોગ્ય અને લાભદાયક નથી માની શકતી, જેના પરિણામે સમગ્ર માનવતા અને મિલ્લત તબાહી તથા બરબાદીનો શિકાર બની જાય અને અમુક મુઠ્ઠીભર લોકો જ અને તેમના સમુદાયો જ વિકાસ અને પ્રગતિ પામે.

વ્યાજ (રિબા)ના આર્થિક નુકસાનો :

વ્યાજ (રિબા)માં જો કોઈ બીજું નુકસાન ન પણ હોય, પરંતુ આ કારણ તેના પ્રતિબંધિત અને ધિક્કારપાત્ર હોવા માટે પૂરતું છે કે, તેના કારણે અમુક લોકોને નફો અને સમગ્ર માનવતાને નુકસાન થાય છે. જ્યારે કે, વ્યાજમાં આ સિવાય પણ ઘણા બધા આર્થિક નુકસાનો અને આધ્યાત્મિક રીતે તબાહ-બરબાદ કરનારી બાબતો જોવા મળે છે.

પ્રથમ એવું સમજી લો કે, વ્યાજના માધ્યમથી કૌમ-સમાજની તબાહી અને મુઠ્ઠીભર ગણ્યાં-ગાંઠયાં વ્યક્તિઓનો જ ફાયદો કેમ છે ! વ્યાજ (રિબા)ની શાહૂકાર પદ્ધતિ તો એટલી ધિક્કારપાત્ર અને ભૂંડી છે કે, સામાન્ય પ્રજાને તેનું નુકસાન અને અમુક ખાસ વ્યક્તિને તેનો નફો કોઈ જાડી બુદ્ધિના માણસને પણ સમજમાં આવી જતો હતો, પરંતુ આજકાલની આધુનિકતા અથવા નવો પ્રકાશ કે જેને નવું અંધારું કહેવું જ વધારે યોગ્ય છે, જે રીતે શરાબને મશીનોથી સાફ કરીં-કરીને, ચોરી-લૂંટફાટના નવા-નવા સ્વરૂપો અપનાવીને, વ્યભિચાર અને બેશરમીના નવા-નવા અડ્ડાઓ શરૂ કરીને બધાને એવો રૂપાળો વાઘો પહેરાવી દીધો છે કે ઉપરછલ્લી નજરથી જોનાર વ્યક્તિને તેના દૂરગામી દુષ્પ્રભાવો અને નુકસાનો નજરે ચઢતા નથી. બસ, એ જ પ્રમાણે વ્યાજ માટે વ્યક્તિગત દુકાનોના બદલે હવે સંગઠિત કંપનીઓ બનાવવામાં આવી છે, જેને બૅન્કિંગ કહેવામાં આવે છે. અને હવે દુનિયાની આંખોમાં ધૂળ નાંખવા માટે સગવડીયા આર્થિક પંડિતો દ્વારા કહેવામાં આવે છે કે, રિબાના આ નવા સ્વરૂપથી સમગ્ર કૌમ અને મિલ્લતને લાભ મળે છે. કારણ કે, જે લોકો પોતાના પૈસાથી વેપાર કરવાની આવડત ધરાવતા નથી અથવા જેમની પાસે વેપાર કરવા જેટલી મૂડી ઉપલબ્ધ નથી, તે બધાના રૂપિયા-પૈસા બૅન્કોમાં જમા કરીને તેમાંથી દરેકને ભલે થોડો તો થોડો નફો વ્યાજ સ્વરૂપે પહોંચાડવામાં આવે છે અને મોટા વેપારીઓને એ તક મળે છે કે, બૅન્કોમાંથી કરજ લઈને મોટો વેપાર કરી લાભ ઉઠાવી શકે. એ જ પ્રમાણે પ્રચાર માધ્યમો દ્વારા વ્યાજ એવી પવિત્ર વસ્તુ બનાવી દેવામાં આવી છે કે, જાણે સમગ્ર કૌમ અને મિલ્લતના એક-એક વ્યક્તિને તેનાથી લાભ પહોંચી રહ્યો છે !

પરંતુ જરા ન્યાયની દષ્ટિથી જોવામાં આવે તો આ છળકપટ વ્યાજની એક છેતરામણી માયાજાળ નજરે પડશે, જે રીતે દારૂને ગંદી ભઠ્ઠીઓમાંથી સાફ કરી

ચોખ્ખી હોટલોમાં, વ્યભિચારના અડ્ડાઓમાં, સિનેમાઓના હૉલમાં, જુગારની ક્લબોમાં પીરસવામાં આવે છે તથા આ કાતિલ ઝેરને ઝેરનું મારણ તથા એ નુકસાન કરનાર વસ્તુને ફાયદાકારક વસ્તુ તરીકે ખપાવવામાં આવી રહી છે, પરંતુ સમજદાર લોકો સૂર્યપ્રકાશની જેમ ચોક્કસ રીતે જાણે છે કે, આ માનવતા વિરોધી ગુનાહિત કૃત્યોને આધુનિકતાના ગિલાફ ઓઢાડી રજૂ કરવાનું પરિણામ એના સિવાય કંઈજ નથી કે, ગુનાહોનું પ્રમાણ પહેલાં કરતાં ઔર વધી જશે અને તેના નુકસાનકારક પ્રભાવો સમાજને છિન્ન-ભિન્ન કરી નાંખશે. એ જ પ્રમાણે વ્યાજયુક્ત લેવડ-દેવડના નવા સ્વરૂપોમાં અમુક ટકાવારીના આંકડાઓ લોકોના મોઢે ચઢાવીને તેમને આ ગુનાહોના ભાગીદાર બનાવી લેવામાં આવ્યા છે અને આ રીતે ગુનાહોના એક વિશાળ નેટવર્કનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કોઈ નથી જાણતું કે, આ વ્યાજની વિવિધ પદ્ધતિઓ દ્વારા નજીવું વ્યાજ આપનાર સૅવિંગ્સ બૅન્કો, પોષ્ટ ઑફિસો વગેરે વ્યક્તિની આર્થિક જરૂરિયાતો પૂરી કરી શકે છે કે કેમ ? એટલા માટે સામાન્ય માનવીએ આ લોભામણી જાહેરાતોમાં પડવાના બદલે પોતાનું પેટ ભરવા માટે મજૂરી અથવા નોકરીની શોધખોળ કરવી જોઈએ. વેપાર તરફ તો પ્રથમ લોકોની નજર જ જતી નથી અને જો કોઈ તે તરફ ધ્યાન પણ અપાવે છે તો પરિસ્થિતિનું નિર્માણ એવું કરવામાં આવ્યું છે કે, સમગ્ર મિલ્લતની મૂડી બૅન્કોમાં જમા થઈને વેપારનું એક નવું જ સ્વરૂપ બની ગયું છે, તેમાં નાના વેપારી માટે પોતાની થોડી મૂડીથી શામિલ થવું પોતાના મૌતને આમંત્રણ આપવા જેવું કામ છે. કારણ કે, બૅન્કો કોઈ મોટા વેપારીને કરજ પણ ફક્ત ત્યારે જ આપે છે, જ્યારે કે બજારમાં તેની શાખ હોય, તેનો મોટો વેપાર-ધંધો હોય, જેમકે દશ લાખનો માલિક હોય તો એક કરોડ લોન મળી શકે છે અને તે પોતાના દશ લાખ રૂપિયાને આધારે તેનાથી દશઘણો વધારે વેપાર ચલાવી શકે છે અને થોડી મૂડી ધરાવનાર નાના વેપારીઓની કોઈ શાખ હોતી નથી. બૅન્કો પણ તેમના ઉપર ભરોસો કરતી નથી કે, તેમની મૂડીથી દશઘણું વધારે કરજ આપે. એક હજાર રૂપિયાની માલિકી ધરાવનાર વ્યક્તિને દશ હજાર તો શું પણ એક હજાર રૂપિયા પણ નહિ મળી શકે. જ્યારે કોઈ એક લાખનો માલિક બૅન્ક પાસેથી દશ લાખનું કરજ લઈ પોતાનો વેપાર કરે છે, તો કલ્પના કરો કે, એક ટકા લેખે તેને નફો થાય તો જેમકે તેને એક લાખ પર દશ ટકા નફો

થયો, તેનાથી વિપરીત જો કોઈ ફક્ત પોતાની માલિકીના એક લાખ રૂપિયાથી વેપાર કરે છે તો તેને ફક્ત એક ટકા લેખે નફો થાય છે, જે તેના આવશ્યક ખર્ચાઓ પૂરા કરવા માટે પણ પૂરતા નથી. આ બાજુ માર્કેટમાં મોટા વેપારીઓને કરજ પણ અમુક હળવા વ્યાજે મળે છે અને આવું કરજ બીચારા નાના વેપારીઓને મળતું નથી. એટલા માટે નાના વેપારીઓ હંમેશા પોતાની મૂડી વેપારમાં મોટે ભાગે ગુમાવતા હોય છે અને જો તેણે ભૂલે-ચૂકે કોઈ જોખમી વેપારમાં હાથ નાંખી દીધો તો તેની બધી મૂડી ખતમ થઈને મોટા વેપારીઓના ખાતામાં ચાલી જાય છે. ક્યારેક મોટા વેપારીઓ નાના વેપારીઓને ખતમ કરવા માટે થોડું નુકસાન ઉઠાવીને પણ બજાર ભાવ ઘટાડી દે છે, જેથી નાના વેપારીઓ પોતાનો નફો તો શું, મૂળ મૂડીથી પણ હાથ ધોઈ બેસે છે. તેનું પરિણામ એ આવે છે કે, વેપાર અને માર્કેટ અમુક મૂડીપતિઓની કઠપૂતળી બનીને રહી જાય છે.

સમાજ પર આ કેટલો મોટો અત્યાચાર છે કે, તે વેપારની સાચી ઈસ્લામી પદ્ધતિથી વંચિત થઈને ફક્ત મોટા મૂડીવાદીઓની કઠપૂતળી બની ગયો છે, તેઓ જેટલો નફો નાના વેપારીઓને આપવા ઈચ્છે છે તે તો જાણે બખ્શિષ તરીકે આપે છે અને બાકીની અર્થવ્યવસ્થા ફક્ત તેમના હાથની કઠપૂતળી હોય છે.

અને બીજું સૌથી મોટું નુકસાન જેના ચક્રવ્યુહમાં આખો સમાજ ફસાઈ ગયો છે, તે એ છે કે માર્કેટમાં સમગ્ર વસ્તુઓના ભાવ-તાલ ઉપર મૂડીપતિઓનો કબજો થઈ ગયો છે, તે ભાવ ઘટાડીને માર્કેટનો બધો માલ ખરીદી લે છે અને તેનો સંગ્રહ કરી માલની અછત ઊભી કરે છે અને જ્યારે કિંમતો ભડકે બળવા લાગે છે ત્યારે પોતાનો માલ વેચીને પ્રજાનું લોહી ચૂંસે છે. આ રીતે કિંમતો (ભાવ) વધારવા માટે જ્યારે ઈચ્છે માલ ખરીદી લે છે અને કિંમત ઘટાડવા ચાહે ત્યારે માલની છૂટછાટ કરે છે. જો સમગ્ર કૌમની મૂડી બૅન્કો દ્વારા સમેટીને આ સ્વાર્થી મૂડીવાદીઓને આપવામાં ન આવે તો તેઓ મજબૂર થઈ જશે કે, પોતાની માલિકીની મૂડીથી વેપાર કરે તો તેમાં નાના વેપારીઓને કોઈ મુસીબત નહિ પડે અને આ રીતે આ સ્વાર્થી લોહી ચૂંસનાર વહસી દરિન્દાઓ (નરભક્ષો) વેપાર અને અર્થવ્યવસ્થાના માલિક નહિ બની શકે. જો નાના વેપારીઓને વેપારનો નફો સામે આવે તો તેમનો ઉત્સાહ વધે અને વેપારનો રિવાજ પ્રચલિત બને, જેનાથી નોકરીઓની તકો વધે અને હજારો જરૂરતમંદ લોકોની જરૂરિયાતો પૂરી થાય,

રોઝી-રોટીની તકો વધે અને વેપારનો નફો પણ સામાન્ય લોકો સુધી પહોંચે અને વસ્તુની કૃત્રિમ અછત પણ ઊભી ન થાય તથા પરસ્પર હરિફાઈના કારણે વસ્તુઓની કિંમતો પણ નિયંત્રિત રહે. આ રીતે બજાર અને અર્થવ્યવસ્થામાં એક પ્રકારનું સમતોલપણું જળવાઈ રહે.

બૅન્કોના વ્યાજથી કૌમનું એક આર્થિક નુકસાન એ પણ જોવા મળે છે કે, તેણે લોકોની માનસિકતા ખરાબ કરી નાંખી છે, તેઓ બીમારીને તંદુરસ્તી અને તંદુરસ્તીને બીમારી સમજવા લાગ્યા છે, જે વ્યક્તિની મૂડી દશ હજાર રૂપિયા છે અને બૅન્ક પાસેથી કરજ લઈને એક લાખનો વેપાર કરે છે, હવે જો કદાચ તેની મૂડી ડૂબી જાય અને તેને વેપારમાં ખોટ જાય તો તે દેવાળિયો બની જશે. હવે, વિચાર કરો ! જેણે બૅન્કમાંથી કરજ લઈને વેપાર કર્યો હશે અને જો બૅન્ક આવા દેવાળું ફૂંકી બેસેલા વેપારીઓની ખોટ પોતે ભોગવતી રહેશે તો દેખીતું છે કે, તેનું પરિણામ બૅન્કમાં પોતાના નાણા જમા કરાવતા બધા જ સભ્યોને ભોગવવું પડશે. એનો અર્થ તો એ થયો કે, જ્યાં સુધી નફો મેળવવાની વાત હતી અમુક મૂડીપતિઓ એ નફો પોતે વ્યક્તિગત મેળવતા રહ્યા અને જ્યારે ખોટ ભોગવવાની આવી તો પ્રજાના બધા સભ્યોને સરખી ભોગવવી પડે છે.

વ્યાજનું એક આર્થિક નુકસાન એ પણ છે કે, વ્યાજે કરજ લઈ વેપાર કરનાર જ્યારે નુકસાન ઉઠાવે છે તો તે ફરી બેઠો થવાની શક્તિ પાછી મેળવે એવી સ્થિતિમાં રહેતો નથી. કારણ કે, તેની પાસે એટલી મૂડી તો હતી નહિ કે, જેથી તે આટલો મોટો કારોબાર કરજ લીધા વિના ચલાવી શકે. આ વેપારમાં તેની પોતાની મૂડી તો હતી નહિ. હવે જ્યારે ખોટનો વારો આવ્યો તો તેના ઉપર બે પ્રકારની મુસીબતો આવી છે, એક તો પોતાનો નફો અને મૂડી ગઈ અને ઉપરથી બૅન્કના કરજમાં ડૂબી ગયો, જેને ભરપાઈ કરવા માટે તેની પાસે કોઈ સ્ત્રોત નથી. એનાથી વિપરીત બિનવ્યાજુ વેપારમાં ખુદાનાખ્વાસ્તા સમગ્ર મૂડી કોઈ વખતે ધોવાઈ પણ જાય તો ભલે ગરીબ થઈ જશે, પરંતુ કરજદાર તો નહિ રહે ! ઇ.સ. ૧૯૫૪માં પાકિસ્તાનમાં કપાસના વેપાર ઉપર કુર્આનના ઈરશાદ પ્રમાણે "મુહાક"ની આફત આવી અને સરકારે કરોડો રૂપિયાનું નુકસાન ઉઠાવીને વેપારીઓને બચાવી લીધા, પરંતુ કોઈએ એ બાબતનો વિચાર ન કર્યો કે આ બધી વ્યાજની નહૂસત હતી ! કારણ કે કૉટનના વેપારીઓનો મોટા ભાગનો કારોબાર

બૅન્કોના નાણાથી થતો હોય છે. પોતાની મૂડી તેમાં નામની જ હોય છે, જો કપાસની માર્કેટ એટલી ડાઉન થઈ ગઈ કે, તેના ભાવ ૧૨૫ થી ઘટીને ૧૦ ઉપર આવી ગયા તો હવે વેપારીઓ એવી પરિસ્થિતિમાં ન રહ્યા કે, બૅન્કોનું માર્જિન પૂરું કરવા માટે પૈસા પરત કરે. મજબૂર થઈને માર્કેટ બંધ કરવી પડી અને સરકારને ફરિયાદ કરી, સરકારે દશનો માલ ૯૦માં પોતે ખરીદ્યો અને કરોડો રૂપિયાનું નુકસાન પોતે ઉઠાવીને તે વેપારીઓને દેવાળિયા બનવાથી બચાવી લીધા. હવે, વિચાર કરો, તે સરકારનો પૈસો કોનો હતો ? આ જ બીચારી ગરીબ પ્રજાનો ! મલતબ કે, બૅન્કોના વ્યાજયુક્ત લેવડ–દેવડ અને વેપારના નુકસાનનું પરિણામ સમગ્ર કૌમને ભોગવવાનું; અને જો નફો લેવાનો હોય તો બે–ચાર મોટા વેપારીઓ અને મૂડીપતિઓને ! આ કયા પ્રકારની અર્થવ્યવસ્થા છે !?

શયતાની શક્તિઓને મજબૂત કરી પ્રજાના સામૂહિક નિકંદનની એક ચાલ (ષડયંત્ર) :

વ્યાજયુક્ત અર્થવ્યવસ્થા એટલે સામૂહિક હિતોના નુકસાનના ભોગે અમુક ખાસ લોકોનો ફાયદો ! આ ચિતાર આપની સામે આવી ચૂક્યો છે, તેની સાથે સાથે એક બીજી હોશિયારી અને ચાલાકી એ જોવા મળે છે કે, વ્યાજખોરોએ જ્યારે પોતાના અનુભવોથી એ બાબત અનુભવી કે કુર્આન શરીફમાં જે ઈરશાદ છે وَيَمْحَقُ اللّٰهُ الرِّبٰوا એટલે કે, "વ્યાજથી માલમાં મુહાકના (નુકસાન અને) આફતો આવવી જરૂરી છે." એટલા માટે ક્યારેક દેવાળિયા પણ બની જવાય છે તો આ આફતોથી બચવા માટે બે કાયદેસરની સંસ્થાઓ બનાવી, એક ઈન્સ્યોરન્સ એટલે કે "વીમા કંપનીઓ" અને બીજું "સટ્ટા બજાર." કારણ કે વેપારમાં નુકસાન થવાના બે–ચાર કારણો હોઈ શકે છે. એક કુદરતી આફત દાખલા તરીકે, કોઈ માલનું જહાઝ ડૂબી ગયું, અથવા સળગી ગયું, અથવા તો કોઈ એવી આફત આવી ગઈ કે, બધા માલ–સામાનની મૂળ કિંમત કરતાં કિંમત ખૂબ ઘટી ગઈ. આ બધા જ સ્વરૂપોમાં વેપારમાં લગાવેલી બધી જ મૂડી વેપારીઓની પોતાની હોતી નથી, તેમાં સમગ્ર પ્રજાનો પૈસો લાગેલો હોય છે, એટલા માટે આ નુકસાન વેપારીનું ઓછું અને પ્રજાનું વધારે હોય છે, પરંતુ તેમણે આ થોડા નુકસાનને પણ પ્રજાના માથે નાંખવા માટે એક બાજુ વીમા કંપનીઓ શરૂ કરી જેમાં બૅન્કોની જેમ જ સમગ્ર પ્રજાની મૂડી લાગે છે અને જ્યારે કોઈ કુદરતી આફતના કારણે અથવા

કૃત્રિમ રીતે આ વ્યાજખોરોને કોઈ નુકસાન થાય છે તો વીમા દ્વારા તેનું પૂરું નુકસાન પ્રજાની સામૂહિક મૂડીમાંથી વસૂલ કરી લે છે.

લોકો સમજે છે કે, વીમા કંપની અલ્લાહની રહમત છે, ડૂબનારનો તે જ આધાર છે, પરંતુ એની વાસ્તવિકતાને જુએ અને સમજે તો તેમાં પણ એક પ્રકારની છેતરપિંડી છે કે, અચાનક આવનારી દુર્ઘટનાના સમયે નુકસાન ભરપાઈ કરવાની લાલચ આપીને કૌમની મૂડી એકત્ર કરવામાં આવી હતી, પરંતુ આ મોટી-મોટી રકમોનો ફાયદો તો માત્ર અમુક મૂડીવાદીઓને જ થાય છે, જે અમુક સમયે પોતે જ પોતાનો માલ સળગાવીને કે વાહનોનું ખોટું એક્સિડન્ટનું તરકટ રચીને વીમા કંપનીઓ પાસેથી રકમ લઈને નવી-નવી કારો ખરીદે છે અથવા લાભ ઉઠાવે છે. સોમાંથી ભાગ્યે જ એકાદ-બે ગરીબ લોકો એવા હશે જેઓ અચાનક આવેલ દુર્ઘટનાના કારણે વીમાની રકમ મેળવતા હોય !

અને બીજો પ્રકાર એ છે કે, આ પ્રકારના નુકસાનોથી બચવા માટે મૂડીવાદીઓએ સટ્ટાબજારનો કારોબાર ચાલુ કર્યો છે. આ સટ્ટાએ સમગ્ર કૌમને પ્રભાવિત કરી છે, જેથી જે નુકસાન તેમની કિંમત ઘટી જવાના કારણે થાય છે તેઓ તેને પ્રજાના માથે નાંખી દે છે.

આ ટૂંકા વર્ણનથી તમે એટલું તો સમજી જ લીધું હશે કે, બૅન્કોનું વ્યાજ અને વ્યાજયુક્ત વેપાર સમગ્ર માનવતા માટે ગરીબાઈ તથા આર્થિક બેહાલીનું કારણ બને છે. અમુક માલદારો પોતાના માલમાં ચોક્કસ વધારો કરે છે, એના કારણે કૌમની આર્થિક પરિસ્થિતિ વધુ વણસે છે અને અમુક લોકો તાજા-માજા થાય છે. સમગ્ર દેશની મૂડી સમેટાઈને આવા લોકોના હાથમાં આવી જાય છે અને તેઓના હાથમાં દેશની અર્થવ્યવસ્થાની લગામ આવી જતી હોય છે. સરકારોને મૂડીવાદના આ ભયંકર દૂષણની જાણ તો છે, પરંતુ તેના ઈલાજ સ્વરૂપે તેમણે જે પદ્ધતિ અપનાવી છે તે એવી છે કે, તેમણે ઈન્કમટેક્ષની ટકાવારી વધારી દીધી, જેથી મૂડીવાદીઓની મૂડી દેશની તિજોરીમાં જમા થઈ જાય, પરંતુ બધાને ખબર છે કે, આ કાયદાના પરિણામે સામાન્ય રીતે કારખાનાઓ અને ઉદ્યોગોના હિસાબો બનાવટી બનવા લાગ્યા. ઈન્કમટેક્ષથી બચવા માટે હવે સરકારના કાયદાઓની પકડથી દૂર રહેવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિઓ કરવામાં આવે છે, જેનાથી કોઈ અજાણ નથી.

ખુલાસો એ છે કે, દૌલત સમેટીને કૌમના અમુક લોકો તેનો સંગ્રહ કરી લે છે તથા દેશના આર્થિક ઢાંચાને પોતાના હાથની કઠપૂતળી બનાવી લે છે. સરકાર ઇન્કમટેક્ષની ટકાવારી વધારીને તેમને નાથવાનો પ્રયત્ન પણ કરે છે, પરંતુ અનુભવોથી સિદ્ધ થયું છે કે સરકારની આવી કોશીશો પણ આ બીમારીનો ઈલાજ સાબિત નથી થઈ. જેનું મુખ્ય કારણ એ છે કે, બીમારીના અસલી કારણનું નિદાન જ કરવામાં નથી આવ્યું. એટલા માટે ઈલાજની પરિસ્થિતિ એવી થઈ ગઈ જેમકે,

"દ્વાર તો બંધ કરી દીધા, પરંતુ દુશ્મન તો અંદર જ છે." در بست ودشمن اندر خانه بود

દૌલત મોટા-મોટા મૂડીવાદીઓ પાસે સમેટાઈ જવાનું મૂળ કારણ ફક્ત વ્યાજયુક્ત અર્થવ્યવસ્થા તથા રાષ્ટ્રીય મૂડીમાં અમુક ખાસ-ખાસ લોકોની ગેરકાયદેસર નફાખોરી જ છે. જ્યાં સુધી ઈસ્લામના શિક્ષણ અને અલ્લાહના હુકમ અનુસાર તેને બંધ કરવામાં નહિ આવે અને એવો રિવાજ પ્રચલિત કરવામાં નહિ આવે કે દરેક વ્યક્તિ ફક્ત પોતાની જ મૂડીથી વેપાર કરી શકે છે, ત્યાં સુધી આં બીમારીનો કોઈ ઈલાજ થઈ શકતો નથી.

એક શંકા અને તેનો જવાબ :

અત્રે એક સવાલ પૈદા થઈ શકે છે કે, બૅન્કો દ્વારા સમગ્ર દેશના નાગરિકોના પૈસા જમા થઈને કંઈને કંઈ ફાયદો સામાન્ય જનતાને પણ મળે છે. ભલે તે થોડો તો થોડો ! પણ ફાયદો ચોક્કસ મળે છે અને મોટા-મોટા મૂડીપતિઓએ તેના દ્વારા વધારે લાભ પ્રાપ્ત કરી લીધો હોય તો પણ શું ? જો બૅન્કોની વિવિધ યોજનાઓમાં નાણા જમા કરવાની સિસ્ટમ જ ન હોત તો પ્રાચીન સમય જેવી પરિસ્થિતિ હોત કે, લોકોના નાણા અને ખજાનાઓ ગુપ્ત ભંડારો સ્વરૂપે જમીનમાં દટાયેલા પડ્યા હોત અથવા તો તિજોરીઓની શોભા બન્યા હોત, જેનો કોઈ પણ લાભ કોઈ અન્ય વ્યક્તિને ન મળ્યો હોત !

એનો જવાબ એ છે કે, ઈસ્લામે જે પ્રમાણે વ્યાજને હરામ ઠરાવીને એ દરવાજો બંધ કરી દીધો કે, સમગ્ર કૌમની દૌલત સમેટાઈને ખાસ-ખાસ મૂડીવાદીઓ સુધી સીમિત ન થઈ જાય. એ જ પ્રમાણે ઝકાતને ફરજ ટેક્ષ સ્વરૂપે લાગુ પાડી દરેક માલદારને મજબૂર કરવામાં આવ્યો કે, તે પોતાની મૂડીને સ્થિતિપ્રજ્ઞ અને સ્થગિત થયેલ ન રહેવા દે. બલકે, વેપાર અને ઉદ્યોગમાં લગાવે કારણ કે, ઝકાત મૂડીના ટેક્ષ સ્વરૂપે હોવાની બીના પર જો કોઈ વ્યક્તિ પોતાની

રોકડ રકમ, સોનું, ચાંદી વગેરે ખજાનો જમીનમાં દફન કરી દે અથવા તિજોરીઓમાં સંગ્રહ કરી મૂકી દે તો દર વર્ષે તેનો ચાલીસમો ભાગ ઝકાત સ્વરૂપે તેમાંથી ઓછો થતાં થતાં સમગ્ર મૂડી ખતમ થઈ જશે. એટલા માટે દરેક સમજદાર વ્યક્તિ એ બાબત ઉપર મજબૂર છે કે, પોતાની મૂડીને વેપાર-ધંધામાં કામે લગાડી તેનાથી લાભ ઉઠાવે અને બીજાઓને પણ લાભ પહોંચાડે અને એ જ નફામાંથી ઝકાત પણ અદા કરે.

ઝકાતનો ફરજ એક રીતે વેપારની પ્રગતિ અને વિકાસનો જામીનદાર છે

ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયું કે, ઝકાતનો ફરજ અદા કરવામાં તે મહત્વપૂર્ણ લાભ છુપાયેલો છે કે, તેમાં સમગ્ર કૌમના ગરીબ, મિસ્કીન લોકોની મદદ થાય છે, સાથે સાથે મુસલમાનોની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે આ ફરજ વેપારની પ્રગતિ અને વિકાસની એક ઉમદા તક પણ પૂરી પાડે છે. કારણ કે, દરેક વ્યક્તિ એવું અનુભવે છે કે, રોકડ મૂડીને સ્થગિત રાખવાથી પરિણામ એવું આવે છે કે, નફો તો કંઈ થતો નથી અને દર વર્ષે ચાલીસમો ભાગ ઝકાત સ્વરૂપે ઓછો થતો જાય છે તો ચોક્કસ એ બાબત તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે કે, આ માલને કોઈ વેપારમાં લગાવીએ ! હવે બીજી બાજુ વ્યાજ છે અને વ્યાજની લેવડ-દેવડમાં રૂપિયા લગાવવા હરામ ઠરાવવામાં આવ્યા છે, તો વેપારનું એ સ્વરૂપ સ્વીકાર્ય નથી. હવે, લાખો વ્યક્તિઓની જમા પૂંજી ફક્ત એક વ્યક્તિના વેપારમાં નહીં લાગે બલકે, દરેક માલદાર પોતે વેપાર કરવાની ચિંતા કરશે અને જ્યારે મોટામાં મોટો મૂડીપતિ પણ ફક્ત પોતાની જ મૂડીથી વેપાર કરશે તો નાના મૂડીપતિઓને વેપારમાં તે મુશ્કેલીઓ નહીં પડે જે બૅન્કોમાંથી વ્યાજે રૂપિયા લઈ વેપાર કરતી વખતે પડે છે. એ જ પ્રમાણે સમગ્ર દેશમાં વેપાર અને તેના ફાયદાઓ સર્વવ્યાપી હશે અને તેના પરિણામે દેશના ગરીબો, ફકીરો અને આર્થિક રીતે બેહાલ લોકોને ઘણો લાભ પહોંચશે.

વ્યાજની આધ્યાત્મિક (રૂહાની) બીમારીઓ :

અહીંયાં સુધી વ્યાજની આર્થિક અને સામાજિક તબાહી અને બરબાદીનો ઉલ્લેખ થયો. હવે, સાંભળો કે વ્યાજયુક્ત લેવડ-દેવડ મનુષ્યના અખ્લાક (વર્તણૂક), નીતિમત્તા અને ચારિત્ર્ય તથા તેની માનસિક સ્થિતિ ઉપર કેટલો મોટો દુષ્પ્રભાવ પાડે છે !

(૧) મનુષ્યના અખ્લાકનું સૌથી શ્રેષ્ઠ પાસું "સખાવત" અને "દાનપૂણ્ય" છે. માણસ પોતે તકલીફ વેઠી બીજાઓને મદદ અને રાહત પહોંચાડવાની ભાવના ધરાવે છે, પરંતુ વ્યાજયુક્ત લેવડ-દેવડનો એક આવશ્યક દુષ્પ્રભાવ એ થાય છે કે, આ પરદુઃખભંજન ભાવના નષ્ટ પામે છે. વ્યાજખોર પોતાની પાસેથી કોઈને નફો પહોંચાડવાની વાત તો બાજુએ રહી, માલદારીમાં બીજાઓને પોતાના સમકક્ષ માલદાર બનતો પણ સાંખી શકતો નથી.

(ર) વ્યાજખોર મુસીબતમાં સપડાયેલ લોકો ઉપર દયા ખાવાને બદલે તેની મુસીબત અને મજબૂરીનો નાજાઈઝ લાભ ઉઠાવવાની ચિંતામાં રહે છે.

(૩) વ્યાજખોરીના પરિણામે માલની લાલચ એટલી વધી જાય છે કે, તે એમાં જ મદ્હોશ રહે છે અને પોતાના માટે સારા-નરસાનો ભેદ પણ ભૂલી જાય છે અને પરિણામોથી બિલકુલ ગાફેલ રહે છે.

શું વ્યાજ વિના કોઈ વેપાર શક્ય નથી ?

(વ્યાજ) રિબાની વાસ્તવિકતા અને તેની દીની-દુનિયવી ખરાબીઓનું વર્ણન અમુક હદ સુધી વિગતવાર આવી ચૂક્યું છે. હવે, એક ચર્ચા બાકી છે કે, રિબાના સામાજિક અને માનસિક દુષ્પ્રભાવો તથા કુર્આન અને સુન્નતમાં તેનો સખત પ્રતિબંધ અને હરામ હોવાને સ્પષ્ટ કરવામાં આવ્યું, પરંતુ આધુનિક યુગમાં જ્યારે કે, રિબા (વ્યાજ) અર્થવ્યવસ્થાનું એક અભિન્ન અંગ બની ગયું છે, તેના જ આધારે સમગ્ર વિશ્વનું વેપાર-વાણિજ્યનું તંત્ર ચાલી રહ્યું છે તો તેનાથી છૂટકારો મેળવવાની યુક્તિ શું હશે ? બૅન્કિંગ સિસ્ટમને છોડી દેવી એટલે જાણે કે આજના યુગમાં વેપારને બંધ કરી દેવો પડશે.

તેનો જવાબ એ છે કે, જ્યારે કોઈ બીમારી ખૂબ ફેલાઈને મહામારીનું સ્વરૂપ ધારણ કરે તો તેનો ઈલાજ કરવો મુશ્કેલ જરૂર હોય છે, પરંતુ ઈલાજ બિલકુલ અકારત (નિષ્ફળ) જતો નથી. વસ્તુસ્થિતિની સુધારણા કરવાના પ્રયત્નો અંતે સફળ થાય છે. અલબત્ત, ધીરજ અને શાંતચિત્તે હિંમતથી કામ લેવાની જરૂર હોય છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનો પણ એ જ ઈરશાદ છે.

وَمَا جَعَلَ عَلَيْكُمْ فِى الدِّيْنِ مِنْ حَرَجٍ ؕ

"(અલ્લાહ તઆલાએ) દીનના મા'મલામાં તમારા ઉપર કોઈ તંગી કરી નથી." *(સૂ. રર : આ. ૭૮)*

એટલા માટે રિબા (વ્યાજ)થી બચવાનો કોઈ માર્ગ ચોક્કસ અસ્તિત્વમાં છે, જેમાં આર્થિક અને સામાજિક નુકસાન પણ નથી તથા આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારના દરવાજા પણ બંધ નથી થતા અને રિબાથી પણ છૂટકારો મળી જાય છે.

તેમાં પ્રથમ બાબત તો એ જ છે કે, ઉપરછલ્લી દષ્ટિએ બૅન્કિંગના વર્તમાન સ્વરૂપને જોઈને મોટેભાગે એવું સમજવામાં આવે છે કે, બૅન્ક સિસ્ટમનો આધાર વ્યાજ ઉપર છે, તેના વિના બૅન્કનો કારોબાર ચાલી જ નથી શકતો, પરંતુ આ ધારણા સદંતર ખોટી છે. વ્યાજ વિના પણ બૅન્કિંગ સિસ્ટમ એ જ પ્રમાણે કાયમ રહી શકે છે, બલકે તેનાથી પણ વધારે લાભકારક બની શકે છે. અલબત્ત, તેના માટે જરૂરત છે કે, અમુક શરીઅતના નિષ્ણાત લોકો અને બૅન્કિંગના નિષ્ણાત લોકો પરસ્પર સલાહ-મશ્વરાથી અને એકબીજાની મદદથી અમુક સિદ્ધાંતો અને નિયમો બનાવે તો સફળતા મળવી કોઈ મોટી બાબત નથી અને જે દિવસે બૅન્ક સિસ્ટમ શરીઅતના કાનૂન પ્રમાણે ચાલવા લાગશે તો ઈન્શાઅલ્લાહ? દુનિયા જોઈ લેશે કે, તેમાં જ સમગ્ર કૌમ અને મિલ્લતની સફળતા છુપાયેલી છે, તે નિયમો કેવા હોવા જોઈએ ? તેની વિગતનો અત્યારે મૌકો નથી કે, જે બીના પર બૅન્ક સિસ્ટમ રિબા વિના ચલાવી શકાય છે. (મુજ નાચીઝે અમુક ઉલમાઓના મશ્વરાથી વ્યાજવિહીન બૅન્કિંગનો મુસદ્દો તૈયાર પણ કર્યો હતો અને બૅન્કિંગના અમુક નિષ્ણાતોએ આધુનિક યુગમાં તેનું અમલીકરણ શક્ય હોવાનો સ્વીકાર પણ કર્યો હતો, અમુક લોકોએ તે પ્રમાણે કામ કરવાની ઈચ્છા પણ દર્શાવી, પરંતુ હજુ મોટા ભાગના વેપારીઓનું ધ્યાન તે તરફ ન હોવાના કારણે અને સરકાર તરફથી તેને મંજૂરી ન મળવાના કારણે આ સિસ્ટમ ચાલી ન શકી).

રિબા (વ્યાજ)ની એક આવશ્યકતા અમુક વેપારી હેતુ માટે હોય છે, તેની વ્યવસ્થા તો બૅન્કની આધુનિક સિસ્ટમમાં અમુક ફેરફાર કરીને થઈ જશે અને અન્ય જરૂરતો વ્યાજયુક્ત લેવડ-દેવડ કરતા કેટલાક ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની કામચલાઉ જરૂરતો હોય છે, તેનો શ્રેષ્ઠ ઉપાય ઈસ્લામમાં પ્રથમથી જ ઝકાત અને વાજિબ સદકાઓના સ્વરૂપમાં મૌજૂદ છે, પરંતુ દીન અને દીનના શિક્ષણથી લાપરવાહી અને બેદરકારીના પરિણામે જ આજે વ્યાજયુક્ત આર્થિક વ્યવસ્થા અસ્તિત્વમાં આવી અને તેમાં અસંખ્ય મુસલમાનો કે, જેઓ નમાઝની જેમ ઝકાતની પરવા નથી કરતા અને જે લોકો ઝકાત કાઢે છે તેમાં મોટા ભાગના

માલદારો હિસાબ કરીને સંપૂર્ણ પ્રમાણસરના હિસાબ પ્રમાણે ઝકાત નથી કાઢતા અને જે લોકો પૂરી ઝકાત કાઢે પણ છે તો બસ ઝકાતને કાઢવી જ જાણે છે, તેઓ બસ, તેને પોતાના ખિસ્સામાંથી કાઢી નાંખે છે. અલ્લાહનો હુકમ ફક્ત ઝકાત ખિસ્સામાંથી કાઢવાનો નથી, બલકે તેને અદા કરવાનો છે અને ઝકાત ત્યારે જ અદા કરવી જાઈઝ થશે કે, જ્યારે તે તેના કાયદેસરના હકદારો પાસે પહોંચીને તે માલના તેમને સંપૂર્ણ કબજેદાર અને માલિક બનાવી દેવામાં આવે. હવે, વિચાર કરો ! એવા મુસલમાન કેટલા છે, જે હકદારોને શોધવાની ફિકર કરે છે ? પછી તેમને ઓળખવાની કાળજી લે છે ? મુસલમાન કૌમ ભલે નજીવી ઝકાત પણ કેમ ન હોય ! જો બધા જ મુસલમાન (જેમના ઉપર ઝકાત ફરજ થઈ છે તે) ઝકાત સંપૂર્ણ અદા કરે અને ઝકાત અદા કરવાની સાચી પદ્ધતિ અપનાવે તથા સાચા હકદારો સુધી પહોંચાડવાની કાળજી રાખે તો વિશ્વાસપૂર્વક કહી શકાય છે કે, કોઈપણ મુસલમાન કરજનો મોહતાજ બાકી નહીં રહે એવી પરિસ્થિતિનું નિર્માણ થશે. અને જો શરીઅતના કાયદા પ્રમાણે ઈસ્લામી હુકૂમત સંપૂર્ણ ન્યાયના સિદ્ધાંત ઉપર અમલ કરે અને તેના આ અમલ હેઠળ જ શરઈ બયતુલ માલ (રાષ્ટ્રીય તિજોરી) સ્થાપિત થઈ જાય અને સમગ્ર મુસ્લિમ કૌમના માલની ઝકાત તેમાં જમા થવા લાગે તો આવા બયતુલ માલથી પ્રત્યેક જરૂરતમંદની જરૂરત પૂરી થઈ શકે છે અને ક્યારેક કોઈ મોટી રકમની જરૂરત ઊભી થઈ જાય તો બિનવ્યાજુ કરજ આપી શકાય છે અને એ પ્રમાણે બેકાર ફરનારાઓ નાની દુકાનો લગાવીને અથવા નાનો ઉદ્યોગ-ધંધો શરૂ કરીને કામે લાગી શકે છે. કોઈ યુરોપીયન નિષ્ણાતે સાચું કહ્યું છે કે, મુસલમાનોમાં ઝકાતની વ્યવસ્થા એવી છે કે, જો મુસલમાન તેનો પાબંદ થઈ જાય તો આ કૌમમાં કોઈ ગરીબ અને મુફલિસ વ્યક્તિ શોધ્યો પણ જડશે નહીં.

મતલબ કે, આ યુગમાં વ્યાજયુક્ત આર્થિક વહેવારો કોઈ ભયંકર ચેપી બીમારીની જેમ સમાજમાં ફેલાઈ ચૂક્યા છે અને તેના કારણે એવું સમજી લેવું યોગ્ય નથી કે, પ્રવર્તમાન પરિસ્થિતિમાં વ્યાજયુક્ત આર્થિક વહેવારો છોડી દેવાથી દેશની અર્થવ્યવસ્થા આત્મહત્યા કરશે અથવા એવું સમજી લેવું પણ બરાબર નથી કે, આધુનિક યુગમાં વ્યાજયુક્ત વેપાર-ધંધો દરેક કારોબાર અને વેપારની મજબૂરી છે.

હા ! એવું ચોક્કસ કહી શકાય કે, જ્યાં સુધી સમગ્ર કૌમ અથવા કોઈ

મોટા પાયા ઉપર કોઈ પ્રદેશ અથવા સમુદાય અથવા કોઈ ઈસ્લામી હુકૂમત જ્યાં સુધી આ બાબત ઉપર પોતાનું ધ્યાન સંપૂર્ણ રીતે કેન્દ્રિત નહીં કરે અને પાકો નિર્ણય નહીં કરે, ત્યાં સુધી વ્યક્તિગત રીતે વ્યાજયુક્ત લેવડ-દેવડ વિના વેપાર-ઉદ્યોગ કરવો ચોક્કસ મુશ્કેલ છે, પરંતુ તેને લાચારી કે મજબૂરી ન કહી શકાય.

અત્રે અમારા આ વર્ણનના બે હેતુઓ છે. પ્રથમ એ કે મુસલમાનોના સમુદાયો અને સરકારો જે આ કામને ઉપાડી શકે છે તેઓ આ બાબતે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે અને માત્ર મુસલમાનો જ નહીં સમગ્ર દુનિયાને વ્યાજની નહૂસતના દુષ્પ્રભાવથી છૂટકારો અપાવે.

બીજું એ કે, ઓછામાં ઓછું દરેકને સાચું જ્ઞાન થઈ જાય, બીમારીને બીમારી સમજવા લાગે, હરામને હલાલ સમજવાનો બીજો ગુનાહ પહેલા ગુનાહ કરતા પણ વધારે ખતરનાક છે, ઓછામાં ઓછું એ ગુનોહ તો ન કરે ! અમલના ગુનાહમાં તો પોતાને કંઈને કંઈ લાભ હોય છે એટલે માણસ તે ગુનોહ કરે છે, પરંતુ જ્યારે માન્યતા અને અકીદહની વાત આવશે અને હલાલને હરામ અને હરામને હલાલ સાબિત કરવાની કોશીશ કરવામાં આવશે તો આ ગુનોહ અત્યંત ખતરનાક પણ છે તથા વાહિયાત અને હાસ્યાસ્પદ પણ છે. કારણ કે વ્યાજને હરામ સમજવામાં અને પોતાના ગુનાહનો સ્વીકાર કરવામાં તો કોઈ આર્થિક નુકસાન પણ નથી થતું, કોઈ વેપાર પણ બંધ નથી થઈ જતો. હા ! ગુનાહનો સ્વીકાર કરવાથી એક પરિણામ ચોક્કસ એ આવે છે કે, કોઈ સમયે તૌબહની તૌફીક થઈ જાય તો તે ગુનાહથી બચવાની કોશીશ મુસલમાન ચોક્કસ કરશે.

અત્રે આ મકસદ નજર સમક્ષ રાખી છેવટે અમુક રિવાયતો તથા હદીષના ઈરશાદો રજૂ કરવામાં આવે છે, જે આ જ કુર્આનની આયતોનો ખુલાસો છે. જેમાં વ્યાજ અને રિબાનો સખત પ્રતિબંધ લાદીને તેના ઉપર સખત અઝાબની ચેતવણીઓ આપવામાં આવી છે. જેથી ગુનાહ હોવાનો અહેસાસ જાગૃત થઈ શકે અને તેનાથી બચવાની ચિંતા કરવામાં આવે. ઓછામાં ઓછું એ પરિસ્થિતિ તો બાકી ન રહે કે, હરામને હલાલ બનાવીને એક ગુનાહના બે ગુનાહ બનાવી લેવામાં આવે અને મોટા-મોટા નેક દીનદાર મુસલમાનો કે જેઓ રાત્રે તહજ્જુદ અને અલ્લાહના ઝિક્રમાં લાગેલા રહે છે તે જ્યારે સવારમાં દુકાને અથવા

કારખાનામાં પહોંચે તો તેને એ ખ્યાલ પણ ન આવે કે, અમે વ્યાજ અને કિમાર (જુગાર)ના મા'મલામાં સપડાઈને કોઈ ગુનોહ કરી રહ્યા છે.

વ્યાજ વિશે રસૂલે કરીમ ﷺના ફરમાનો :

(૧) રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "નુકસાન પહોંચાડનાર સાત વસ્તુઓથી બચો. સહાબએ કિરામ (રદિ.)એ પૂછ્યું કે, યા રસૂલુલ્લાહ ﷺ ! તે શું છે ? આપ ﷺએ ફરમાવ્યું, એક અલ્લાહ તઆલા સાથે (ઈબાદતમાં અથવા તેની કોઈ ખાસ સિફતમાં) કોઈ ગયરૂલ્લાહને ભાગીદાર ઠરાવવો. બીજું જાદૂ કરવું, ત્રીજું કોઈ વ્યક્તિની અન્યાયી હત્યા કરવી, ચોથું વ્યાજ ખાવું, પાંચમું યતીમનો માલ ખાઈ જવો, છઠ્ઠું જિહાદ સમયે મૈદાનમાંથી નાસી છૂટવું, સાતમું કોઈ પાક દામન સ્ત્રી પર તોહમત (બદફેલીનો આક્ષેપ) લગાવવી."

(આ હદીષ સહીહ બુખારી અને મુસ્લિમમાં છે)

(૨) રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "મેં આજે રાત્રે બે વ્યક્તિઓને જોયા, તેઓ મારી પાસે આવ્યા અને મને બયતુલ મુકદ્દસ સુધી લઈ ગયા, પછી અમે આગળ ચાલ્યા તો એક લોહીની નહેર જોઈ, જેમાં એક વ્યક્તિ ઊભો છે અને બીજો વ્યક્તિ તે (નહેર)ના કિનારે ઊભો છે. જ્યારે નહેરમાં ઊભેલો વ્યક્તિ બહાર આવવાની કોશીશ કરે છે તો કિનારે ઊભેલો વ્યક્તિ તેના મોઢા ઉપર પથ્થર મારે છે, તેના ઘાથી તે વ્યક્તિ ત્યાં જ પાછો ચાલ્યો જાય છે કે જ્યાં તે ઊભો હતો, પછી ફરી તે નીકળવાનો ઈરાદો કરે છે તો ફરીવાર કિનારે ઊભેલો વ્યક્તિ આવું જ કરે છે. રસૂલે કરીમ ﷺ ફરમાવે છે કે, મેં પોતાના તે બંને સાથીઓને પૂછ્યું કે, આ શું ઘટના છે જે હું જોઈ રહ્યો છું ? તેમણે બતાવ્યું કે, લોહીની નહેરમાં કેદ કરવામાં આવેલ વ્યક્તિ વ્યાજખોર છે." (જે પોતાના અમલની સજા ભોગવી રહ્યો છે.) *(આ હદીષ બુખારી કિતાબુલ બુયૂઅમાં છે.)*

(૩) રસૂલે કરીમ ﷺએ વ્યાજ લેનાર ઉપર પણ લા'નત કરી અને વ્યાજ આપનાર ઉપર પણ ! અને અમુક રિવાયતોમાં વ્યાજયુક્ત લેવડ-દેવડ ઉપર ગવાહી આપનારા તથા તેનું લખાણ લખનારા ઉપર પણ લા'નત કરી છે.

સહીહ મુસ્લિમની એક રિવાયતમાં ફરમાવ્યું, "તે બધા જ વ્યક્તિઓ ગુનાહમાં સરખા છે." અને અમુક રિવાયતોમાં ગવાહ અને વ્યાજયુક્ત

લેવડ-દેવડનો હિસાબ લખનાર ઉપર લા'નત એવા સ્વરૂપમાં છે જ્યારે કે, તેને એવી ખબર હોય કે આ વ્યાજુ લેવડ-દેવડ છે.

(૪) રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "ચાર વ્યક્તિઓ એવા છે કે, તેમના વિશે અલ્લાહ તઆલાએ પોતાના માટે જરૂરી કરી લીધું છે કે, તેમને જન્નતમાં પ્રવેશ નહીં આપે અને જન્નતની નેઅ્મતો ચાખવા (પણ) નહીં આપે. તે ચાર આ પ્રમાણે છે. શરાબ પીવાની લત ધરાવનાર, વ્યાજ ખાનારો, યતીમનો માલ અન્યાયી રીતે ખાઈ જનાર અને પોતાના માં-બાપની નાફરમાની કરનારો !" *(આ રિવાયત મુસ્તદ્રક હાકિમમાં છે.)*

(૫) નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે, "વ્યક્તિ જે સૂદનો (વ્યાજનો) એક દિરહમ ખાય છે તે છત્રીસ વખતે વ્યભિચાર કરવા કરતાં વધારે સખત (કઠોર) ગુનોહ છે અને અમુક રિવાયતોમાં છે કે, (શરીરનો) જે માંસ હરામના માલથી બન્યો હોય તેના માટે આગ જ વધારે હકદાર છે."

આ ઉપરાંત અમુક રિવાયતોમાં છે કે, "કોઈ મુસલમાનની આબરૂ લેવી (બેઈજ્જત કરવો) વ્યાજથી પણ વધુ સખત ગુનોહ છે."

(આ રિવાયત મુસ્નદે અહમદ, તબરાની વગેરેમાં છે.)

(૬) એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ તે બાબતની મનાઈ કરી કે, ફળો ઉપયોગના યોગ્ય બનતાં પહેલાં વેચવામાં આવે અને ફરમાવ્યું, "જ્યારે કોઈ વસ્તીમાં વ્યભિચાર અને વ્યાજયુક્ત કારોબાર ફેલાઈ જાય તો તેણે અલ્લાહ તઆલાના અઝાબને પોતાના ઉપર આમંત્રણ આપી દીધું."

(આ રિવાયત મુસ્તદ્રક હાકિમમાં છે.)

(૭) રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જ્યારે કોઈ કૌમમાં લેવડ-દેવડમાં વ્યાજનો રિવાજ પડી જાય તો અલ્લાહ તઆલા તેમના ઉપર તીવ્ર તંગી (અછત) પૈદા કરી દે છે અને જ્યારે કોઈ કૌમમાં લાંચ પ્રચલિત થઈ જાય તો દુશ્મનોનો રોફ (રુઆબ) અને પ્રભાવ તેમના ઉપર છવાય જાય છે." *(મુસ્નદે અહમદમાંથી)*

(૮) રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "શબે મેઅ્રાજમાં જ્યારે અમે સાતમા આસમાન ઉપર પહોંચ્યા તો મેં પોતાના ઉપર ગર્જના અને ચમકતી વીજળી જોઈ, ત્યાર પછી અમે એવી કૌમ પાસેથી પસાર થયા જેમના પેટ રહેણાંક

મકાનોની જેમ ફૂલેલા અને ફેલાયેલા હતા, જેમાં સાપ ભરેલા હોય છે, જે બહારથી નજરે પડે છે. મેં જિબ્રઈલ (અલૈ.)ને પૂછ્યું, આ કોણ લોકો છે ? તેમણે ફરમાવ્યું, આ વ્યાજખોરો છે.'' *(મુસ્નદે અહમદમાંથી)*

(૯) રસૂલે કરીમ ﷺએ ઔફ બિન માલિક (રદિ.)ને ફરમાવ્યું કે, ''એવા ગુનાહોથી બચો જે મા'ફ કરવામાં આવતા નથી. એમાંથી એક માલે ગનીમતમાં ચોરી છે અને બીજો વ્યાજ ખાવું છે.'' *(તબરાની)*

(૧૦) રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, ''જે વ્યક્તિને તમે કરજ આપ્યું હોય તેનો હદિયો સ્વીકાર ન કરો.'' (એવું ન થાય કે આ હદિયો કરજના બદલા સ્વરૂપે આપ્યો હોય જે વ્યાજ છે. એટલા માટે તેનો હદિયો સ્વીકાર ન કરવાની કાળજી રાખવી જોઈએ.)

રિબાની વ્યાખ્યા અને તેની વાસ્તવિકતા તથા તેના દુનિયવી તબાહ-બરબાદ કરનાર દુષ્પ્રભાવો વિશે કુર્આન મજીદની સાત આયતો અને રસૂલે કરીમ ﷺની દશ હદીષો અત્રે વર્ણન કરવામાં આવી ચૂકી છે. વિચારનાર, સમજનાર મુસલમાન માટે આટલું પૂરતું છે અને આ વિષય સંદર્ભે સંપૂર્ણ ચર્ચા અને તેના પ્રત્યેક પાસાં ઉપર પાડવામાં આવેલા પ્રકાશ વિશે મુજ નાચીઝની એક આગવી કિતાબ ''મસ્અલએ સૂદ'' નામની પ્રકાશિત થઈ ચૂકી છે, વાંચવા વિનંતી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૮૨-૨૮૩)

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ إِلَىٰ أَجَلٍ مُسَمًّى فَاكْتُبُوهُ ۚ

وَلْيَكْتُبْ بَيْنَكُمْ كَاتِبٌ بِالْعَدْلِ ۚ وَلَا يَأْبَ كَاتِبٌ أَنْ يَكْتُبَ كَمَا عَلَّمَهُ اللَّهُ

فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ الَّذِي عَلَيْهِ الْحَقُّ وَلْيَتَّقِ اللَّهَ رَبَّهُ وَلَا يَبْخَسْ مِنْهُ شَيْئًا ۚ

فَإِنْ كَانَ الَّذِي عَلَيْهِ الْحَقُّ سَفِيهًا أَوْ ضَعِيفًا أَوْ لَا يَسْتَطِيعُ أَنْ يُمِلَّ هُوَ فَلْيُمْلِلْ

وَلِيُّهُ بِالْعَدْلِ ۚ وَاسْتَشْهِدُوا شَهِيدَيْنِ مِنْ رِجَالِكُمْ ۖ فَإِنْ لَمْ يَكُونَا رَجُلَيْنِ

فَرَجُلٌ وَامْرَأَتَانِ مِمَّنْ تَرْضَوْنَ مِنَ الشُّهَدَاءِ أَنْ تَضِلَّ إِحْدَاهُمَا

فَتُذَكِّرَ إِحْدَاهُمَا الْأُخْرَىٰ ۚ وَلَا يَأْبَ الشُّهَدَاءُ إِذَا مَا دُعُوا ۚ وَلَا تَسْأَمُوا أَنْ
تَكْتُبُوهُ صَغِيرًا أَوْ كَبِيرًا إِلَىٰ أَجَلِهِ ۚ ذَٰلِكُمْ أَقْسَطُ عِنْدَ اللَّهِ وَأَقْوَمُ لِلشَّهَا
دَةِ وَأَدْنَىٰ أَلَّا تَرْتَابُوا ۖ إِلَّا أَنْ تَكُونَ تِجَارَةً حَاضِرَةً تُدِيرُونَهَا بَيْنَكُمْ فَلَيْسَ
عَلَيْكُمْ جُنَاحٌ أَلَّا تَكْتُبُوهَا ۗ وَأَشْهِدُوا إِذَا تَبَايَعْتُمْ ۚ وَلَا يُضَارَّ كَاتِبٌ وَلَا
شَهِيدٌ ۚ وَإِنْ تَفْعَلُوا فَإِنَّهُ فُسُوقٌ بِكُمْ ۗ وَاتَّقُوا اللَّهَ ۖ وَيُعَلِّمُكُمُ اللَّهُ ۗ وَاللَّهُ بِكُلِّ
شَيْءٍ عَلِيمٌ ﴿٢٨٢﴾ وَإِنْ كُنْتُمْ عَلَىٰ سَفَرٍ وَلَمْ تَجِدُوا كَاتِبًا فَرِهَانٌ مَقْبُوضَةٌ ۖ فَإِنْ أَمِنَ
بَعْضُكُمْ بَعْضًا فَلْيُؤَدِّ الَّذِي اؤْتُمِنَ أَمَانَتَهُ وَلْيَتَّقِ اللَّهَ رَبَّهُ ۗ وَلَا تَكْتُمُوا
ع ٣٩ ٨ الشَّهَادَةَ ۚ وَمَنْ يَكْتُمْهَا فَإِنَّهُ آثِمٌ قَلْبُهُ ۗ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ عَلِيمٌ ﴿٢٨٣﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે એક નક્કી સમય સુધી પરસ્પર ઉધારનો વહેવાર કરો તો તેને લખી લો; અને કોઈ લખનારે તમારી વચ્ચે (થયેલ વહેવારને) ઈન્સાફથી લખી દેવો જોઈએ, અને લખનારો લખવાથી ઈન્કાર કરે નહીં, જેમકે તેને અલ્લાહે (લખવાનું) શીખવ્યું છે, તો તેણે લખી આપવું જોઈએ ! અને જેના ઉપર કોઈ હક (કરજ) છે તે લખાવી આપે; અને પોતાના પરવરદિગાર અલ્લાહથી ડરે અને તેમાંથી લેશમાત્ર ઓછું ન કરે, પછી જો તે જેના ઉપર હક (કરજ) છે તે અબુધ અને કમજોર હોય અથવા તે લખાવવાની શક્તિ નથી ધરાવતો તો તેના વલી (મુખત્યાર)એ ઈન્સાફથી તે લખાવી આપવું જોઈએ અને પોતાના પુરૂષોમાંથી બે ગવાહ બનાવી લો, પછી જો બે પુરૂષો ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ તે લોકોમાંથી જેમને તમે ગવાહ તરીકે પસંદ કરો છો, જેથી જો તેમનામાંથી કોઈ એક ભૂલી જાય તો એમનામાંની (એક) બીજી યાદ અપાવે, અને ગવાહ જ્યારે (ગવાહી માટે) બોલાવવામાં આવે તો ઈન્કાર ન કરે, અને તમે લખવામાં આળસ ન કરો (ભલે વહેવાર) એક ચોક્કસ મુદ્દત સુધી નાનો હોય કે મોટો !

આ અલ્લાહ નજીક સંપૂર્ણ (સારો) ન્યાય છે તથા ગવાહી માટે વધારે મજબૂત (પૂરાવો) છે, અને તમે (વહેવાર બાબતે) શંકામાં ન પડો (તે માટે મદદરૂપ છે)! આ સિવાય (જ્યારે) સોદો હાથો-હાથ (રોકડાનો) હોય જેને તમે પરસ્પર કરતા રહો છો, તો જો તમે (આ રોકડો સોદો) ન લખો તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી, અને જ્યારે તમે સોદો કરો તો ગવાહ (અવશ્ય) રાખો, અને લખનારને નુકસાન ન કરે; અને ન જ ગવાહને! અને જો તમે એવું કરશો તો બેશક! તમારા ઉપર ગુનોહ છે, અને તમે અલ્લાહથી ડરતા રહો; અને અલ્લાહ તમને શીખવાડે છે; અને અલ્લાહ દરેક બાબતોને સારી પેઠે જાણનારો છે. (૨૮૨) અને જો તમે મુસાફરીમાં હોય અને કોઈ લખનારો ન મળે તો (કોઈ વસ્તુ) ગીરો કબજામાં રાખવી જોઈએ પછી તમારામાંથી જો કોઈ પરસ્પર વિશ્વાસ કરે તો જેને અમાનત સોંપવામાં આવી છે તેણે અમાનત પરત કરવી જોઈએ, અને પોતાના પરવરદિગાર અલ્લાહથી ડરતા રહે; અને ગવાહી ન છુપાવો, અને જે વ્યક્તિ તેને છુપાવશે તો બેશક! તેનું દિલ ગુનેહગાર છે અને અલ્લાહ તમારા કર્મોને સારી પેઠે જાણે છે. (૨૮૩)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જ્યારે ઉધારની એક ચોક્કસ સમય મર્યાદા સુધી લેવડ-દેવડ કરવા લાગો (ભલે તે ઉધાર-ઉછીની રોકડ રકમ હોય કે પછી કોઈ વસ્તુ ઉધાર ખરીદતા હોય અથવા તે ઉધાર જેને "બયએ સલમ" કહેવામાં આવે છે) તો તેને લખી લો અને એ જરૂરી છે કે તમારા અંદરો-અંદર (જો) કોઈ લખનારો (હોય તો) ન્યાયપૂર્ણ રીતે લખી આપે, (એટલે કે કોઈની તરફદારી કરીને લેવડ-દેવડના મામલામાં વધારો-ઘટાડો ન કરે) અને લખનારો ઈનકાર પણ ન કરે, જેમકે અલ્લાહે તેને (લખવાનું) શીખવ્યું છે તેણે લખી આપવું જોઈએ અને જેના માથે જવાબદારી (હક) વાજિબ છે તે વ્યક્તિ (લખનારને બતાવી આપે અને) લખાવે, (કારણ કે દસ્તાવેજનો મૂળ હેતુ બીજાના અધિકારનો સ્વીકાર અને ઈકરાર હોય છે, તો જેના માથે હક છે તેણે ઈકરારનામું લખી આપવું જરૂરી છે.) અને (લખાવતી વખતે) અલ્લાહ તઆલાથી જે તેનો પરવરદિગાર છે ડરતા રહે અને આ (હક જાહેર કરવા)માં લેશમાત્ર ઓછું ન કરે, પછી જ્યારે જે વ્યક્તિના

માથે હક વાજિબ હોય અને તે અશક્ત અથવા અબુધ (એટલે કે અતિશય વૃદ્ધ, નાબાલિગ, બીમાર કે ગાંડો) હોય અથવા (કોઈ કારણસર) પોતે (વર્ણન કરવાની અને) લખાવવાની શક્તિ ન ધરાવતો હોય (દાખલા તરીકે, મૂંગો છે અને લખનાર તેનો ઈશારો નથી સમજી શકતો અથવા અન્ય દેશનો છે અને તેની ભાષા દસ્તાવેજ કે કરારનામું લખનારને સમજમાં નથી આવતી વગેરે) તો (આવી પરિસ્થિતિમાં) તેના કારકૂનો (વાલીઓ) સારી રીતે લખાવી આપે અને બે વ્યક્તિઓને પોતાના પુરૂષોમાંથી ગવાહ (પણ) રાખી લે (અને શરીઅતનો અસલ આધાર અને સાબિતી આ જ ગવાહો છે. ભલે કરાર લખ્યો ન હોય અને ફક્ત લખેલો દસ્તાવેજ કરાર ગવાહો વિના આવી લેવડ–દેવડમાં હુજ્જત અને ભરોસાપાત્ર નથી. દસ્તાવેજ લખવો ફક્ત યાદશક્તિની સરળતા માટે રહે છે કે, તે લેવડ–દેવડનો વિષય સાંભળીને સ્વાભાવિક રીતે સમગ્ર ઘટનાક્રમ યાદ આવી જાય છે, જેમકે આગળ ઉપર નિકટમાં જ કુર્આન મજીદમાં પણ આ બાબત આવી રહી છે.) પછી જો તે બંને ગવાહો પુરુષ ન હોય તો એક પુરુષ અને બે સ્ત્રીઓ (ગવાહ બનાવી લેવામાં આવે) એવા ગવાહોમાંથી (કે) જેને તમે (ભરોસાપાત્ર હોવાના કારણે) પસંદ કરો છો (અને એક પુરુષની જગ્યાએ બે સ્ત્રીઓ એટલા માટે નક્કી કરવામાં આવી,) જેથી તે બંને સ્ત્રીઓમાંથી કોઈ એક પણ (ગવાહીના કોઈ હિસ્સાને ગવાહી વર્ણન કરતી વખતે) ભૂલી જાય તો બીજી તેને યાદ અપાવી દે (અને યાદ અપાવ્યા પછી ગવાહીનો વિષય સંપૂર્ણ થઈ જાય) અને ગવાહ પણ ઈન્કાર ન કરે જ્યારે (ગવાહ બનવા માટે) બોલાવવામાં આવે (કે તેમાં પોતાના ભાઈની મદદ પણ થાય છે) અને તમે તેના તે (વહેવાર)ને (વારંવાર) લખવાથી કંટાળી ન જાઓ, ભલે તે (લેવડ–દેવડનો મામલો) નાનો હોય અથવા મોટો; આ લખી લેવું અલ્લાહ સમીપ ન્યાયને વધારે કાયમ રાખનારું છે અને એ બાબતમાં મદદરૂપ છે કે (લેવડ–દેવડ બાબતે તમે) કોઈ શંકામાં ન પડો. (એટલા માટે લખી લેવું જ સારું છે.) પરંતુ કોઈ સોદો હાથોહાથ (રોકડા)નો હોય જેને તમે પરસ્પર કર્યા કરો છો, તો તેને ન લખવામાં તમારા ઉપર કોઈ ગુનોહ નથી અને (આવા સોદામાં પણ એટલું જરૂર કર્યા કરો કે આવી) ખરીદ–વેચાણ કરતી વખતે ગવાહ બનાવી લો (કદાચ કાલે ઊઠીને કોઈ વિવાદી બાબત નીકળી આવે ! દાખલા તરીકે, વેચનારો કહેવા લાગે, મને પૈસા મળ્યા નથી અથવા મેં આ વસ્તુ

વેચી જ નથી અથવા ખરીદનારો કહેવા લાગે કે મને તે વસ્તુને પાછી આપવાનો અધિકાર આપવામાં આવ્યો હતો અથવા વેચાણનો માલ મને સંપૂર્ણ મળ્યો જ નથી વગેરે.) અને (જેવી રીતે અમે ઉપર બતાવ્યા પ્રમાણે લખનાર તથા ગવાહોને હુકમ આપ્યો છે કે, લખવાથી અને ગવાહી આપવાથી ઈન્કાર ન કરે. એવી જ રીતે અમે પણ તમને તાકીદ કરીએ છીએ કે તમારા તરફથી) લખનારને કોઈ તકલીફ ન આપવામાં આવે અને ન જ કોઈ ગવાહને (દાખલા તરીકે, પોતાની મસ્લિહત માટે તેની કોઈ બાબતમાં દખલગીરી કરી હેરાનગતી કરવામાં આવે) અને જો તમે એવું કરશો તો એમાં તમને ગુનોહ થશે અને અલ્લાહ તઆલાથી ડરો (અને જે કામોથી તેણે તમને રોક્યા છે તે ન કરો) અને અલ્લાહ તઆલાએ (તમારા ઉપર અહેસાન કર્યું છે કે,) તમને (હુકમોના લાભા-લાભનું) શિક્ષણ આપ્યું છે અને અલ્લાહ તઆલા બધી જ બાબતોને સારી પેઠે જાણે છે (તો તે ભલી અને બુરી બધી જ બાબતોને જાણે છે અને દરેકને યોગ્ય બદલો આપે છે) અને જો તમે (લેવડ-દેવડ કરતી વખતે) કોઈ સફરમાં હોય અને (કરાર લખવા માટે ત્યાં) કોઈ કાતિબ (લખનાર લહિયો મૌજૂદ) ન હોય તો (એવી પરિસ્થિતિમાં સંતોષ ખાતર) વસ્તુ ગીરો મૂકવી, જે (હક ધરાવનાર વ્યક્તિને) કબજામાં આપવામાં આવે અને જો (આવા સમયમાં પણ) એકબીજાનો વિશ્વાસ કરતા હોય (અને આ ગીરો વસ્તુ મૂકવાની જરૂરત ન સમજતા હોય) તો જે વ્યક્તિનો ભરોસો કરવામાં આવ્યો છે (એટલે કે જેના માથે હક આપવો વાજિબ છે) તે બીજાનો હક (પૂરેપૂરો) અદા કરી આપે અને અલ્લાહ તેનો પરવરદિગાર છે તેનાથી ડરે ! (અને તેનો હક ન મારે) અને ગવાહીને છુપાવ્યા ન કરો અને જે વ્યક્તિ તેને છુપાવશે તેનું દિલ ગુનેહગાર થશે અને અલ્લાહ તઆલા તમારા કરેલા કામોને ખૂબ સારી રીતે જાણે છે. (બસ, તે છુપાવશે તો અલ્લાહ તઆલાને તેની ખબર છે અને તે તેની સજા ચોક્કસ આપશે.)

મસ્અલા અને બોધપાઠ :

કરજ અને ઉધાર વિશે કબૂલાતનામા લખવાની સૂચના અને તે વિશેના હુકમો :

પ્રસ્તુત આયતોમાં દરેક પ્રકારના વહેવારો જેને અત્યારના કાયદાઓમાં

કરાર કહેવામાં આવે છે, તેના અગત્યના સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેની અમુક શરતો અને નિયમોના વિષયનો વિશેષ સ્વરૂપે ઉલ્લેખ થયો છે.

આજકાલનો યુગ તો ભણેલો–ગણેલો છે અને લખાણોએ વ્યક્તિની સ્મૃતિ (યાદશક્તિ)ની જગ્યા લઈ લીધી છે, પરંતુ આજથી ચૌદસો વર્ષ પહેલાંના યુગ તરફ નજર ઉઠાવીને જોશો તો તે સમયે દુનિયાનો બધો જ વહેવાર ફક્ત મૌખિક રીતે થતો હતો. લખવા–લખાવવાનો તથા દસ્તાવેજ કરાર વગેરે કરવાનો રિવાજ પ્રચલિત ન હતો. સૌ પ્રથમ કુર્આન શરીફે એ બાજુ ધ્યાન કેન્દ્રિત કરાવ્યું,

ઈરશાદ થયો, اِذَا تَدَایَنْتُمْ بِدَیْنٍ اِلٰی اَجَلٍ مُّسَمًّی فَاكْتُبُوْهُ "જ્યારે તમે પરસ્પર ઉધારની લેવડ–દેવડ કોઈ ખાસ ચોક્કસ મુદત સુધી કર્યા કરો તો તેને લખ્યા કરો !"

આ આયતમાં એક સિદ્ધાંત એ બતાવવામાં આવ્યો કે ઉધાર વહેવારનો દસ્તાવેજ લખવો જોઈએ, જેથી ભૂલચૂક અથવા તો વાદ–વિવાદ થવાનાના સમયે તે કામ લાગે.

બીજો મસ્અલો એ વર્ણન કર્યો કે, જ્યારે ઉધારનો વહેવાર કરવામાં આવે તો તેની સમયસીમા ચોક્કસ નક્કી કરવામાં આવે, બેમુદ્દતી (અચોક્કસ) સમયસીમા માટે ઉધારનો વહેવાર કરવો જાઇઝ નથી. કારણ કે, તેનાથી ઝઘડા અને ફસાદનો દરવાજો ખુલી જાય છે. ફુક્હાએ ફરમાવ્યું છે કે, સમયસીમા પણ એવી નક્કી કરવામાં આવે જેમાં કોઈ શંકા ન હોય ! મહિના અને તારીખ સાથે નક્કી કરવામાં આવે, કોઈ મોઘમ મુદત નક્કી ન કરવી જોઈએ. જેમકે, "પાક લણતી વખતે" આપીશ વગેરે. કારણ કે ઋતુના હિસાબે તેમાં એ નક્કી સમયે પાક ન પણ લણી શકાય અને કારણ કે લખવાનો રિવાજ તે સમયે પ્રચલિત ન હતો, બલકે આજે લખવા વાંચવાના આધુનિક યુગમાં પણ મોટા ભાગની વસ્તી નિરક્ષર જ છે, જેમને લખતાં નથી આવડતું તો એવું શક્ય હતું કે, લખનારો કંઈ બીજું જ લખી આપે જેનાથી એકનું નુકસાન થઈ જાય અને બીજાને ફાયદો થઈ જાય. એટલા માટે ત્યાર બાદ ઈરશાદ ફરમાવ્યો,

وَلْیَكْتُبْ بَّیْنَكُمْ كَاتِبٌۢ بِالْعَدْلِ "એ બાબત જરૂરી છે કે, તમારા દરમિયાન કોઈ લખનારો ન્યાયપૂર્ણ રીતે લખી આપે."

તેમાં એક બાજુ, માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, લહિયો (કાતિબ)

પક્ષપાત ન કરે, બલકે તે તટસ્થ રહે, જેથી કોઈ શંકા કે અવિશ્વાસ ઊભો ન થાય. બીજું, કાતિબને સૂચના આપવામાં આવી કે તે ઇન્સાફથી લખે, અન્ય વ્યક્તિના આ ફના થનાર દુનિયાના નફા માટે પોતાની આખિરતની કાયમી જિંદગીનું નુકસાન ન કરે. પછી કાતિબને એવી સૂચના પણ આપવામાં આવી કે, અલ્લાહ તઆલાએ તેને આ લખવાની કળા આપેલી છે, જેથી તે લખી શકે છે અને તેનો શુક્રિયા એ જ છે કે, તે કરાર લખી આપવાનો ઇન્કાર ન કરે.

ત્યારબાદ બતાવવામાં આવ્યું કે, કરારનું લખાણ કોણ લખાવી આપે ? એ વિશે ઇરશાદ છે, وَلْيُمْلِلِ الَّذِىْ عَلَيْهِ الْحَقُّ "તે વ્યક્તિ લખાવી આપે જેના માથે જવાબદારી છે." દા.ત. કોઈ સોદો ખરીદ્યો અને કિંમત ઉધાર રાખી, તો જે વ્યક્તિના માથે ઉધાર છે તે દસ્તાવેજ લખાવી આપશે. કારણ કે, તે તેનું ઇકરારનામું હશે અને લખાવવામાં પણ એ સંભાવના હતી કે લખવામાં કોઈ ભૂલ વગેરે થઈ જાય. એટલા માટે ફરમાવ્યું, وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبْخَسْ مِنْهُ شَيْئًا "અલ્લાહ તઆલા કે જે તેનો પરવરદિગાર છે (તેનાથી) ડરતો રહે અને હક (સાચું) લખવામાં લેશમાત્ર ઓછું ન કરે." વહેવારમાં ક્યારેક એવું થાય છે કે, જે વ્યક્તિના માથે જવાબદારી હોય છે તે અબૂધ અથવા માનસિક રીતે અસ્થિર અથવા અતિશય વૃદ્ધ કે નાબાલિગ બાળક કે પછી મૂંગો અથવા અન્ય ભાષા બોલનારો કે, પરદેશનો નાગરિક હોય તો તે કાતિબનું લખેલું સમજી નહીં શકે, અથવા તો દસ્તાવેજ લખાવવા માટે શક્તિશાળી નહિ હોય તો એ સંદર્ભે ફરમાવવામાં આવ્યું કે, જો આવી પરિસ્થિતિ ઊભી થાય તો આવા કિસ્સાઓમાં લખાવનારના વાલી લખાવી આપશે અને ગાંડા તથા નાબાલિગ વ્યક્તિના કોઈને કોઈ વલી (વાલી) તો હોય જ છે. કારણ કે, તેમના બધા જ વહેવારો તેમના વાલી દ્વારા જ કરવામાં આવે છે અને જો મૂંગો અથવા બીજી ભાષા બોલનારો વ્યક્તિ હોય તો પણ તેમના વાલી આ કામ કરાવી શકે છે અને જો તે કોઈને પોતાનો વકીલ બનાવી લે તો એવું પણ થઈ શકે છે. કુર્આનમાં આ જગ્યાએ "વલી" શબ્દ આ બંને અર્થમાં સમજી શકાય છે.

ગવાહી આપવાના અમુક મહત્વના સિદ્ધાંતો :

અહીંયાં સુધી વહેવારમાં દસ્તાવેજ (કરાર) લખવા અને લખાવવાના અગત્યના સિદ્ધાંતોનું વર્ણન હતું. આગળ એવું બતાવવામાં આવ્યું કે દસ્તાવેજ

ફક્ત લેખિત સ્વરૂપે લખવાને પૂરતું સમજવામાં ન આવે. બલકે, આ વહેવારના બે ગવાહ બનાવી લે કે, જો ક્યારેક કોઈ વાદ-વિવાદ ઊભો થાય તો અદાલતમાં આ ગવાહોની ગવાહીથી ફેંસલો થઈ શકે. એ જ કારણે ફુક્હાએ લખ્યું છે કે, શરઈ રૂએ ફક્ત લખાણ માન્ય નથી, પરંતુ જ્યાં સુધી તેની શરઈ ગવાહી મૌજૂદ ન હોય ફક્ત લેખિત કરારના આધારે ફેંસલો કરી શકાય નહિ. અત્યારની અદાલતોમાં પણ એ જ નિયમ છે કે, લેખિત ગવાહી ઉપરાંત મૌખિક ગવાહી વિના કોઈ ફેંસલો આપવામાં આવતો નથી.

ગવાહી માટે બે પુરુષો અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓ હોવી જરૂરી છે

ત્યારબાદ ગવાહીના સિદ્ધાંતોના અમુક અગત્યના નિયમો બતાવ્યા છે. દાખલા તરીકે,

(૧) ગવાહી માટે બે (આકીલ, બાલિગ, મુસલમાન) પુરુષ, અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓ હોવી જરૂરી છે. ફક્ત એક પુરુષ, અથવા ફક્ત બે સ્ત્રીઓ, કોઈપણ પ્રકારની લેવડ-દેવડની ગવાહી માટે પૂરતા નથી.

(૨) ગવાહીની શરતો – કે ગવાહ મુસલમાન હોવો જોઈએ, શબ્દ مِنْ رِّجَالِكُمْ "તમારામાંથી પુરુષો"માં એવી જ સૂચના આપવામાં આવી છે.

(૩) ગવાહ સાચો, ન્યાયપ્રિય હોવો જોઈએ કે જેના નિવેદન ઉપર ભરોસો કરી શકાય. પાપી અને દુરાચારી ગવાહ ન હોવો જોઈએ. مِمَّنْ تَرْضَوْنَ مِنَ الشُّهَدَآءِ "તે ગવાહોમાંથી જેનાથી તમે રાજી હોવ" શબ્દોમાં આ હુકમ આપવામાં આવ્યો છે.

ગવાહી આપવાની કોઈ કારણ વિના ના પાડવી શરઈ રૂએ ગુનોહ છે:

ત્યારબાદ લોકોને એવી સૂચના આપવામાં આવી કે, તેમને કોઈની લેવડ-દેવડના મામલામાં ગવાહ બનાવવા માટે બોલાવવામાં આવે તો તે આવવાથી ઈનકાર ન કરે. કારણ કે ગવાહી આપવાની પ્રથા જ હક સ્થાપિત કરવાનું માધ્યમ અને વાદ-વિવાદ ટાળવાની રીત છે. એટલા માટે તેણે મહત્ત્વની સામાજિક સેવા સમજીને તકલીફ વેઠીને પણ ગવાહી માટે હા પાડવી જોઈએ. ત્યારબાદ આ લેવડ-દેવડના કરાર લખવાની તાકીદ કરવામાં આવી. ફરમાવવામાં આવ્યું કે, લેવડ-દેવડ નાની હોય કે મોટી બધું લખી લેવું જોઈએ,

તેમાં આળસ ન કરવી જોઈએ. કારણ કે કોઈપણ લેવડ-દેવડને લખી લેવાથી તે ન્યાય સ્થાપિત કરવા માટે અને સાચી ગવાહી માટે મદદરૂપ બને છે તથા શંકા-કુશંકાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એટલા માટે તેમાં પણ એવું કરી લેવામાં આવે કે બે ગવાહો બનાવી લે કે ક્યારેક કોઈ સમયે બંને પક્ષોમાં પરસ્પર કોઈ વાદ-વિવાદ ઊભો થાય, દાખલા તરીકે, વેચનાર કહે કે મને પૂરી કિંમત નથી મળી અથવા તો ખરીદનાર કહે કે મને પૂરો માલ નથી મળ્યો તો એવા ઝઘડાના સમયે આવી ગવાહી કામ લાગી શકે છે.

ઇસ્લામમાં ન્યાય કાયમ કરવાના અગત્યના સિદ્ધાંતો - ગવાહોને કોઈ નુકસાન અથવા તકલીફ પહોંચાડવામાં ન આવે :

આયતની શરૂઆતમાં લખનારાઓને એવી સૂચના આપવામાં આવી હતી કે, લખવા માટે અથવા ગવાહ તરીકે રહેવાનો ઇનકાર ન કરે, તો અહીંયાં એવી સંભાવના હતી કે, લોકો તેમને હેરાન-પરેશાન પણ કરે એટલા માટે અંતિમ આયતમાં ફરમાવવામાં આવ્યું, وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ એટલે કે "કોઈ લખનાર અથવા ગવાહી આપનારને કોઈ નુકસાન ન પહોંચાડે, એવું ન કરે કે પોતાના હિત અને ફાયદા માટે ગવાહોને નુકસાનમાં નાંખવા તેમના કાર્યોમાં દખલગીરી કરે" પછી ઈરશાદ ફરમાવ્યો, وَاِنْ تَفْعَلُوْا فَاِنَّهٗ فُسُوْقٌۢ بِكُمْ "જો તમે લખનાર અથવા ગવાહને નુકસાન પહોંચાડશો તો એમાં તમે ગુનેહગાર થશો."

એનાથી સ્પષ્ટ થાય છે કે, લખનારને અથવા ગવાહને નુકસાન પહોંચાડવું હરામ છે. એટલા માટે ફુકહાએ ફરમાવ્યું, "જો લખનારો પોતાના લખવાનું મહેનતાણું માંગે અથવા ગવાહ પોતાના આવવા-જવાનો જરૂરી ખર્ચ માંગે તો એ તેનો અધિકાર છે અને તે ખર્ચ કે મહેનતાણું ન અદા કરવું પણ એક પ્રકારના નુકસાન પહોંચાડવા બરાબર છે અને તે નાજાઇઝ છે." ઈસ્લામે પોતાની ન્યાય વ્યવસ્થામાં જે પ્રમાણે ગવાહને ગવાહી આપવા માટે મજબૂર કર્યો છે અને ગવાહી છુપાવવાને પણ સખત ગુનોહ ઠરાવ્યો છે, તે જ પ્રમાણે એવી પણ વ્યવસ્થા કરી છે કે, લોકો ગવાહીથી બચવા માટે મજબૂર ન થઈ જાય. આવી બંને તરફથી કાળજી રાખવાનો એ પ્રભાવ પડયો કે, નબવી દૌરમાં દરેક મામલામાં સાચા અને નિઃસ્વાર્થ ગવાહો મળી જતા હતા અને ફેંસલાઓ ઘણા જ જલદી અને સરળતાથી ન્યાય પ્રમાણે થઈ જતા હતા. આજે દુનિયામાં કુર્આનના આ સિદ્ધાંતને

ઉપેક્ષિત કરવામાં આવ્યો છે, એટલા માટે સમગ્ર ન્યાય વ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે. કોઈપણ ઘટનાના અસલી અને સાચા ગવાહો મળવા લગભગ અશક્ય બની ગયું છે. દરેક વ્યક્તિ ગવાહીથી જીવ બચાવવા મજબૂર થઈ ગયો છે, કારણ એ છે કે, જેનું પણ નામ ગવાહ તરીકે આવી ગયું, જો ઘટના પોલીસ અને ફોજદારી કેસની હોય તો દરરોજ સમયે-કસમયે ફોજદાર સાહેબ તેમને થાણામાં બોલાવે છે અને અમુક સમયે તો કલાકો સુધી બેસાડી રાખે છે. દીવાની ન્યાયપાલિકાઓમાં પણ ગવાહો સાથે એવી જ વર્તણૂક કરવામાં આવે છે જેમકે, તે કોઈ ગવાહ નહિ પણ અપરાધી છે. પછી રોજ-રોજ મુકદમા માટે હાજર થવું પડતું હોય છે, તારીખો પડે છે, ગવાહ બીચારો પોતાનો કામ-ધંધો, મજૂરી અને જરૂરિયાતો છોડીને અદાલતમાં જવા મજબૂર થઈ જાય છે. જો તે અદાલતમાં ન પહોંચે તો પકડ વૉરંટ દ્વારા ધરપકડ કરવામાં આવે છે. એટલા માટે કોઈપણ સીધો સાદો ધંધાદારી માણસ ક્યારેય કોઈ કિસ્સામાં ગવાહ બનવાને પોતાના માટે એક અઝાબ સમજે છે અને પોતાની સમગ્ર કોશીશો વડે આવી ગવાહીઓથી બચવા મજબૂર થઈ ગયો છે. હા ! ફક્ત ધંધાદારી ગવાહો મળશે, જેમની પાસે સાચ-જૂઠનો કોઈ તફાવત નથી. કુર્આન શરીફમાં આ પાયાની જરૂરિયાતના મહત્ત્વને બતાવી તેની બધી જ બુરાઈઓ અને શંકાઓનું નિરાકરણ કર્યું અને આયતના અંતમાં ફરમાવ્યું, وَاتَّقُوا اللّٰهَ وَيُعَلِّمُكُمُ اللّٰهُ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ એટલે કે "અલ્લાહથી ડરો અને અલ્લાહ તઆલા તમને સાચા સિદ્ધાંતો (નિયમો)નું શિક્ષણ આપે છે અને તે તેનું અહેસાન છે તથા અલ્લાહ તઆલા દરેક બાબતને સારી પેઠે જાણે છે." કારણ કે આ આયતમાં ઘણા બધા હુકમો આવ્યા છે, અમુક ફુકહાએ મહત્ત્વના ૨૦ મસ્અલાઓ આ આયતમાંથી કાઢયા છે, કુર્આને કરીમની આગવી શૈલી પ્રમાણે કોઈપણ નિયમને વર્ણન કરવાના સમયે આગળ અને પાછળ અલ્લાહનો ખૌફ તથા કયામતનો ડર બતાવીને લોકોને માનસિક રીતે હુકમના અમલીકરણની પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવે છે, એ જ પદ્ધતિ પ્રમાણે આ આયતનો અંત પણ અલ્લાહનો ડર બતાવીને કરવામાં આવ્યો અને જાહેર કરવામાં આવ્યું કે, અલ્લાહના જ્ઞાનથી કોઈ વસ્તુ છુપી નથી. જો તમે કોઈ નાજાઇઝ હિલો (યુક્તિ) કરશો અથવા અલ્લાહના હુકમ વિરૂદ્ધ કૃત્ય કરશો તો તમે અલ્લાહને ધોકો આપી શકવાના નથી.

બીજી આયતમાં બે અગત્યના વિષયો વર્ણન કરવામાં આવ્યા, એક એ કે, ઉધારના મા'મલામાં જો કોઈ એવું ઈચ્છે છે કે, ભરોસા માટે કોઈ વસ્તુ ગીરો રાખી લે તો તેની પરવાનગી છે, પરંતુ તેમાં પણ શબ્દ مَقْبُوضَةٌ થી એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, ગીરો વસ્તુથી લાભ ઉઠાવવો એટલા માટે જાઈઝ નથી કે, ગીરો રાખનારને ફક્ત એટલો જ અધિકાર છે કે, તે પોતાનું કરજ વસૂલ કરતાં સુધી તે વસ્તુ પોતાના કબજામાં રાખી શકે છે અને વસ્તુનો અસલ ફાયદો તો તેના મૂળ માલિકનો જ હક છે.

બીજો વિષય આ અનુસંધાનમાં ફરમાવ્યો કે, જે વ્યક્તિ કોઈ વિવાદી મા'મલાને સારી રીતે જાણતો હોય તો પોતાની ગવાહી ન છુપાવે અને જો તે છુપાવશે તો તેનું દિલ ગુનેહગાર છે. દિલને એટલા માટે ગુનેહગાર કહેવામાં આવ્યું કે કોઈ વ્યક્તિ ફક્ત ઝુબાનથી કોઈ વસ્તુ કહેવાને ગુનોહ ન સમજે, કારણ કે, પ્રથમ ઈરાદો તો દિલ જ કરે છે, એટલા માટે પ્રથમ ગુનોહ દિલ કરે છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૮૪)

لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَاِنْ تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ
بِهِ اللّٰهُ ۭ فَيَغْفِرُ لِمَنْ يَّشَاۗءُ وَيُعَذِّبُ مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٨٤﴾

તરજુમો :

જમીનો અને આસમાનોમાં જે કંઈ છે તે બધું અલ્લાહનું જ છે અને જો તમે તમારા દિલોમાં જે છે તેને જાહેર કરો અથવા છુપાવો, અલ્લાહ તમારી પાસેથી તેનો હિસાબ લેશે; પછી જેને ચાહે મા'ફ કરી દેશે; અને જેને તે ચાહે અઝાબ આપશે; અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે. (૨૮૪)

તફસીર :

અલ્લાહની જ મિલકત છે સર્વ કંઈ (મખ્લૂકો) જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (જેમકે પોતે જમીન અને આસમાન તેની મિલકતમાં જ છે અને જ્યારે તે માલિક છે તો તેને પોતાના કબજા હેઠળની દરેક વસ્તુઓમાં દરેક

પ્રકારનો કાયદો બનાવવાનો અધિકાર છે, તેમાં કોઈને કોઈ પ્રકારનો ચંચૂપાત કરવાનો કોઈ હક નથી. જેમકે, એક કાયદો એ પણ છે) જે બાબતો (ખોટી માન્યતાઓ અને ધિક્કારપાત્ર કૃત્યો અથવા ગુનાહોનો પાકો ઈરાદો કરનાર) તમારા દિલોમાં છે તેને તમે જો (જીભથી અથવા અન્ય કોઈ રીતે) જાહેર કરી દો (દાખલા તરીકે જીભથી કુફિયા વાક્યો કહી આપો અથવા પોતાનો ઘમંડ, અદેખાઈ વગેરેને મૌખિક રીતે જાહેર કરો અથવા તો કોઈ ગુનાહનો પાકો ઈરાદો કરી લીધાની જાહેરાત કરો) અથવા તો (દિલમાં જ) ગુપ્ત રાખો (બંને પરિસ્થિતિમાં) અલ્લાહ તઆલા તમારી પાસેથી (બીજા ગુનાહોની જેમ તેનો પણ) હિસાબ લેશે, પછી (હિસાબ લીધા બાદ કુફ્ર અને શિર્ક સિવાય) જેના માટે (મા'ફ કરવાનું) મંજૂર હશે બખ્શી આપશે અને જેને (સજા આપવી) મંજૂર હશે (તેને) સજા આપશે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં ગવાહીને જાહેર કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો તથા તેને છુપાવવાની મનાઈ કરવામાં આવી હતી. આ આયત તે જ વિષયના સંદર્ભની અંતિમ કડી છે, તેમાં ઈન્સાનને ચેતવણી આપવામાં આવી છે કે, ગવાહી છુપાવવી હરામ છે અને જો તમે કોઈ ઘટનાને સારી રીતે જાણો છો અને છતાં છુપાવો છો તો સર્વજ્ઞ અલ્લાહને બધી જ ખબર છે અને તે તેનો હિસાબ લેશે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), ઈકરમા (રદિ.), શોઅ્બી (રદિ.) અને મુજાહિદ (રહ.) દ્વારા પણ આ જ પ્રમાણેની તફસીર નકલ થઈ છે. *(કુર્તુબી)*

શબ્દોના આધારે એનો અર્થ ઉપરોક્ત પ્રમાણે જ પ્રચલિત છે તથા બધા જ અકીદાઓ, ઈબાદતો અને વહેવારો પણ તેમાં શામિલ છે તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની તફસીર પણ આ આયત અનુસંધાને આ જ પ્રમાણે છે. આયતનો અર્થ એ છે કે, અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકના બધા જ અમલોનો હિસાબ જરૂર લેશે, તે અમલ કે, જેને તે કરે છે, અથવા એવા અમલો પણ, જેને કરવાનો તે પાકો ઈરાદો ધરાવે છે અને તેને દિલમાં છુપાવી રાખે છે, પરંતુ અમલ કરવાનો મૌકો નથી મળતો. જેમકે, બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી નકલ થયું છે કે, "મેં રસૂલે કરીમ ﷺથી સાંભળ્યું કે મો'મિન કયામતના દિવસે પોતાના પરવરદિગારની સામે ઊભો કરવામાં આવશે.

એટલે સુધી કે અલ્લાહ તઆલા તેના એક-એક ગુનાહને યાદ અપાવશે અને સવાલ કરશે. તું જાણે છે કે, તેં આ ગુનોહ કર્યો હતો ? મો'મિન બંદો ઈકરાર કરશે, અલ્લાહ તઆલા ફરમાવશે કે મેં દુનિયામાં પણ તારી પરદાપોશી કરી હતી અને તારા ગુનાહને લોકો સામે જાહેર થવા દીધો ન હતો અને હું આજે તેને મા'ફ કરું છું ત્યારબાદ નેક અમલોનું આ'માલનામું તેને આપવામાં આવશે, પરંતુ કાફિરો અને મુનાફિકોના ગુનાહોને બધા લોકો સામે જાહેર કરવામાં આવશે."

એક અન્ય હદીષમાં છે કે, "અલ્લાહ તઆલા કયામતના દિવસે ફરમાવશે કે, "આ એવો દિવસ છે, જેમાં ગુપ્ત વસ્તુઓનો હિસાબ લેવામાં આવશે અને દિલોમાં છુપાયેલા રહસ્યો ખુલી જશે અને મારા અમલ લખનારા ફરિશ્તાઓએ તો ફક્ત તમારા તે અમલો લખ્યા છે, જે જાહેર હતા અને હું તે વસ્તુઓને પણ જાણું છું જેની ફરિશ્તાઓને પણ જાણ નથી અને તેમણે તે વસ્તુઓ તમારા નામાએ આ'માલમાં લખી પણ નથી. અને હવે તે બધું હું તમને બતાવું છું અને તેનો હિસાબ લઉં છું. પછી જેને ચાહીશ મા'ફ કરી આપીશ અને જેને ચાહીશ સજા આપીશ" પછી મો'મિનોને મા'ફ કરવામાં આવશે અને કાફિરોને અઝાબ આપવામાં આવશે." *(કુર્તુબી)*

અત્રે એક શંકા થઈ શકે છે કે, હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે

اِنَّ اللّٰهَ تَجَاوَزَعَنْ اُمَّتِىْ عَمَّا حَدَثَتْ اَنْفُسُهَا مَالَمْ يَتَكَلَّمُوْا اَوْيَعْمَلُوْا بِهٖ، (قُرطَبِى)

"અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતને તે મા'ફ કરી દીધું છે જે તેમના દિલમાં આવ્યું, (પણ) જ્યાં સુધી તેને ઝબાનથી ન કહ્યું અથવા તેના ઉપર અમલ ન કર્યો."

આ બાબતથી સ્પષ્ટ થાય છે કે, દિલના ઈરાદા ઉપર અઝાબ અથવા પકડ નથી. ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું છે કે આ હદીષ દુનિયાના હુકમો અનુસંધાને છે. જેમકે, તલાક, ઈતાક (ગુલામને આઝાદ કરવો), ખરીદ-વેચાણ, હિબાઅ્ (ભેટ-સોગાત) વગેરે, ફક્ત દિલમાં ઈરાદો કરી લેવાથી અમલ પૂર્ણ થતો નથી, જ્યાં સુધી કે તેનો જીભથી મૌખિક રીતે હુકમ કરવામાં ન આવે અને અન્ય ઉલમાએ આ શંકાનો જવાબ એવો આપ્યો છે કે, જે હદીષમાં દિલની ગુપ્ત બાબતોની મા'ફી આપવાનો ઉલ્લેખ થયો છે તેનો અર્થ તે વસવસાઓ અને

અનિચ્છાવર્તી વિચારો છે, જે વ્યક્તિના દિલમાં કોઈપણ પ્રકારના ઈરાદા વિના આવતા રહે છે. બલકે, આવા વિચારો ન કરવાનો પાકો નિર્ધાર કર્યા પછી પણ આવા વિચારો આવતા રહે છે, આવા અનિચ્છાવર્તી (બિનઈરાદે આવતા) વિચારો અને ભ્રમણાઓને આ ઉમ્મત માટે અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધા છે. પ્રસ્તુત આયતમાં જે હિસાબનું વર્ણન છે તેનો અર્થ તે ઈરાદાઓ અને નિય્યતો છે, જેને વ્યક્તિ પોતાના પાકા નિર્ધાર વડે નક્કી કરી લે છે અને પોતાના દિલમાં છુપાવી રાખે છે અને તેના ઉપર અમલ કરવાની કોશીશ પણ કરે છે પછી સંજોગોવસાત્ કોઈ પરિસ્થિતિના કારણે તેના ઉપર અમલ નથી કરી શકતો, કયામતના દિવસે તેનો હિસાબ થશે, પછી અલ્લાહ તઆલા જેને ચાહશે પોતાની દયા અને કૃપાથી મા'ફ કરી આપશે અને જેને ચાહશે અઝાબ આપશે. પ્રસ્તુત હદીષ બુખારી અને મુસ્લિમમાં આવી ચૂકી છે અને જેમકે પ્રસ્તુત આયતમાં જાહેર શબ્દોમાં બંને પ્રકારના વિચારો શામિલ છે. ભલે તે ઈચ્છાવર્તી હોય કે અનિચ્છાવર્તી હોય ! એટલા માટે જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબએ કિરામ (રદિ.) ખૂબ ચિંતામાં પડી જઈ ગમગીન થઈ ગયા કે, જો અનિચ્છાવર્તી વિચારો અને ભ્રમ (વસવાસા) ઉપર પણ હિસાબ થશે તો કોનો છૂટકારો થશે ? સહાબએ કિરામ (રદિ.)એ પોતાની ચિંતા રસૂલે કરીમ ﷺ સામે વર્ણવી તો આપ ﷺએ તાકીદ કરી કે, જે કંઈ અલ્લાહ તઆલાનો હુકમ નાઝિલ થયો તેના ઉપર અમલ કરો અને તેની તા'બેદારી કરવાનો પાકો નિર્ધાર કરો અને કહો, سَمِعْنَا وَاَطَعْنَا "અમે સાંભળી લીધું અને અમલ કર્યો." સહાબએ કિરામ (રદિ.)એ તે પ્રમાણે કર્યું, એના વિશે કુર્આન શરીફમાં આ આયત નાઝિલ થઈ. لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا "અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને તેની શક્તિથી વધારે (ગજા બહારની) તકલીફ નથી આપતો."

ખુલાસો એ છે કે, અનિચ્છાવર્તી ભ્રમણા અને વિચારોની પકડ નહિ થાય, આ બાબત ઉપર સહાબા (રદિ.)ને સંતોષ થઈ ગયો. આ હદીષ સહીહ મુસ્લિમમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કરવામાં આવી છે. *(કુર્તુબી)*

આ આખી આયત આગળ આવી રહી છે.

તફસીરે મઝહરીમાં છે કે, ઈન્સાન પર જે અમલો અલ્લાહ તઆલા તરફથી ફરજ કરવામાં આવ્યા છે અથવા હરામ કરવામાં આવ્યા છે, તે અમુક તો

જાહેર શારીરિક અવયવો અને જાહેર જીવન સાથે સંબંધ ધરાવે છે, જેમકે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ અને તમામ પ્રકારની સામાજિક, આર્થિક લેવડ-દેવડ વગેરે. અને અમુક અમલો અને હુકમ એ પણ છે કે, જે ઈન્સાનના દિલ અને તેની આંતરિક મનોસ્થિતિ સાથે સંબંધ ધરાવે છે. જેમકે, ઈમાન, અલ્લાહ ઉપર ભરોસો અને અકીદહ સંબંધિત બધા જ મસ્અલાઓ તેમાં શામિલ છે, તથા કુફ્ર અને શિર્ક જે સૌથી મોટી બુરાઈ તથા હરામ અને નાજાઈઝ છે, તેનો સંબંધ પણ વ્યક્તિના હૃદય સાથે છે. એ જ પ્રમાણે સારા અખ્લાક, વિનમ્રતા, ધીરજ (સબ્ર), કરકસર, સખાવત (પરોપકાર) વગેરે પણ. એ જ પ્રમાણે તે અખ્લાકો જે ધિક્કારપાત્ર છે જેમકે ઘમંડ, અદેખાઈ, અદાવત, વૈમનસ્ય, દુનિયાની મહોબ્બત, લોભ-લાલચ વગેરે. આ બધી વસ્તુઓ એક દરજ્જામાં કતઈ (સદંતર) હરામ છે. આ બધાનો સંબંધ પણ વ્યક્તિના બાહ્ય અવયવો સાથે હોવાનું જણાતું નથી અથવા જાહેરમાં દેખાતું નથી. બલકે, તેનો સંબંધ તો દિલ અને માણસની માનસિકતા અને મનોસ્થિતિ ઉપર આધાર રાખે છે.

આ આયતમાં સૂચના આપવામાં આવી છે કે, જે રીતે જાહેર અમલો (આચરણો)નો હિસાબ કયામતમાં લેવામાં આવશે એવી જ રીતે ગુપ્ત અમલોનો હિસાબ પણ થશે અને ભૂલોની પકડ થશે. આ આયત સૂરએ બકરહના અંતે લાવવામાં આવી એમાં ઘણી મોટી હિકમત છે. કારણ કે, સૂરએ બકરહ કુર્આન શરીફની એવી સૌથી મોટી અને અગત્યની સૂરત છે, જેમાં અલ્લાહે મોટા-ભાગના હુકમોનો ઉલ્લેખ કર્યો છે. આ સૂરત સૈદ્ધાંતિક, સામાજિક, આર્થિક અને વ્યક્તિના અંગત અને સામૂહિક જીવન સંદર્ભે અગત્યની સૂચનાઓ તથા નમાઝ, રોઝા, ઝકાત, કિસાસ (હત્યાનો બદલો), હજ્જ, જિહાદ, પાકી-નાપાકી, તલાક, ઈદ્દત, ખુલાઅ્, શિશુને દૂધ પીવાડવા સંબંધિત હુકમો, દારૂનું હરામ થવું, રિબા (વ્યાજ), કરજ, લેવડ-દેવડની જાઈઝ-નાજાઈઝ પદ્ધતિ વગેરેનું ખુલાસાવાર વર્ણન થયું છે અને આ જ કારણથી હદીષમાં આ સૂરતનું નામ ''સન્નામુલ કુર્આન'' પણ આવ્યું છે. એટલે કે “કુર્આનનો સૌથી ઉચ્ચ વિભાગ” અને આ બધા હુકમોના અમલની રૂહ (આત્મા) ઈખ્લાસ (નિખાલસતા) છે. એટલે કોઈ કામ કરવું અથવા તેનાથી બચવું ફક્ત અને ફક્ત અલ્લાહની રજામંદી અને તેની ખુશી પ્રાપ્ત કરવા માટે હોય ! તેમાં નામના અથવા

બીજી કોઈ મહેચ્છા કે સ્વાર્થ શામિલ ન હોય તો તે ઈખ્લાસ છે અને દેખીતું છે કે, ઈખ્લાસનો સંબંધ વ્યક્તિની માનસિકતા તથા તેના દિલ સાથે છે. બધા જ કૃત્યોનો આધાર એના જ ઉપર અવલંબિત છે. એટલા માટે સૂરતના અંતમાં આ આયત દ્વારા મનુષ્યને ચેતવણી આપવામાં આવી કે, ફરજો અદા કરવામાં અથવા હરામ બાબતોથી બચવાના મા'મલામાં મખ્લૂક સામે હિલા-હવાલા (યુક્તિ-પ્રયુક્તિ) દ્વારા પલાયન અપનાવી શકાય છે, પરંતુ અલ્લાહ તઆલા સર્વજ્ઞાની છે. તેની જાણ બહાર કોઈ વસ્તુ નથી. એટલા માટે જે કંઈ પણ કરો તે એવું સમજીને કરો કે, મારો પરવરદિગાર મારા જાહેર અને બાતિન (મનોસ્થિતિ)ની હાલતને લખી રહ્યો છે અને મારે તે સૌનો હિસાબ કયામતના દિવસે આપવાનો છે. આ જ તે પ્રેરણાની રૂહ છે, જે કુર્આન શરીફ ઈન્સાનોમાં પૈદા કરે છે કે, પ્રત્યેક કાનૂન કાયદાની શરૂઆત અને અંતમાં અલ્લાહનો ડર અને આખિરતની ચિંતાનો એવો સિક્કો દિલ ઉપર લગાવવામાં આવે છે કે, રાતના અંધારાઓમાં અને એકાંતમાં પણ મો'મિન બંદો અલ્લાહ તઆલાના કોઈ હુકમને તોડવાની હિંમત કરતો નથી અને અલ્લાહથી ડરે છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૮૫-૨૮૬)

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ۭ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰۗىِٕكَتِهٖ		
وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۣ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ ۣ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ڭ		
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ۝٢٨٥ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ۭ لَهَا مَا		
كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ۭ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا وَلَا		
تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَي الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا		
طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا ۪ وَاغْفِرْ لَنَا ۪ وَارْحَمْنَا ۪ اَنْتَ مَوْلٰىنَا		
	فَانْصُرْنَا عَلَي الْقَوْمِ الْكٰفِرِيْنَ ۝٢٨٦ ع	

ع ٨

તરજુમો :

રસૂલે જે કંઈ તેના ઉપર તેના પરવરદિગાર તરફથી ઊતર્યું તેને માની લીધું અને મો'મિનોએ (પણ); બધા ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર, અને તેના ફરિશ્તાઓ અને તેની કિતાબો અને તેના રસૂલો (ઉપર), અમે તે રસૂલોમાંથી કોઈની વચ્ચે (પરસ્પર) ભેદભાવ કરતા નથી, અને તેમણે કહ્યું અમે સાંભળ્યું અને અમે કબૂલ કર્યું, હે અમારા પરવરદિગાર ! અમે તારી બખ્શિશના ઈચ્છુક છીએ અને (અમારે) તારા જ તરફ પાછા વળીને આવવાનું છે. (૨૮૫) અલ્લાહ કોઈને તેની શક્તિ બહારની (ગજા ઉપરાંતની) તકલીફ નથી આપતો; (એટલા માટે સવાબ) તેના માટે છે જે તેણે કમાયું અને તેના ઉપર (અઝાબ) પડે છે જે તેણે કમાયું, હે અમારા પરવરદિગાર ! અમારી પકડ કરીશ નહીં, જો અમે ભૂલી જઈએ અથવા ચૂકી જઈએ; હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર ભાર મૂકીશ નહીં જેવી રીતે કે તેં અમારાથી આગળના લોકો ઉપર મૂક્યો હતો, હે અમારા પરવરદિગાર ! અમારી પાસે એવો ભાર ન ઊંચકાવ જેની અમારામાં (ઊંચકવાની) તાકાત નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને મા'ફ કર, અને અમારા ઉપર દયા કર, તું જ અમારો માલિક (પરવરદિગાર) છે, (બસ) અને કાફિર કૌમ સામે અમારી મદદ કર ! (૨૮૬)

આમીન.

તફસીર :

રસૂલ (ﷺ) વિશ્વાસ (ઈમાન) રાખે છે જે વસ્તુ તેમના પરવરદિગાર તરફથી નાઝિલ કરવામાં આવી (એટલે કે કુર્આન) અને (અન્ય) મો'મિનો પણ (તેનો વિશ્વાસ રાખે છે. આગળ ઉપર કુર્આન ઉપર ભરોસો રાખવાનો ખુલાસો છે કે કઈ કઈ વસ્તુનો અકીદહ રાખવો કુર્આન ઉપર ઈમાન રાખવું કહેવામાં આવશે.) બધા જ (રસૂલો અલૈ. પણ અને અન્ય મો'મિનો પણ) અકીદહ રાખે છે અલ્લાહ ઉપર (કે તે મૌજૂદ છે, એકલો-અજોડ છે અને પોતાની જાત અને ગુણ-લક્ષણોમાં સંપૂર્ણ છે) અને તેના ફરિશ્તાઓ, અને કિતાબો, અને રસૂલો ઉપર અને અમે પયગમ્બરોમાંથી કોઈનામાં (અકીદહ રાખવામાં) ભેદભાવ કરતા નથી (કે પયગમ્બરો અલૈ. સાચા છે) અને એ બધાએ એવું જ કહ્યું કે અમે

(તમારું ફરમાન) સાંભળ્યું અને (તેને) ખુશીથી માન્યું, અમે તારાથી મા'ફી ઈચ્છીએ છીએ હે અમારા પરવરદિગાર ! અમે તારા જ તરફ પાછા ફરવાના છે (એટલે અમે જે અગાઉની આયતમાં કહ્યું છે કે, દિલોની ગુપ્ત વાતો ઉપર પણ હિસાબ થશે તેનો અર્થ અનિચ્છાવર્તી બિનઈરાદાપૂર્વકના વિચારો નથી બલકે, ફક્ત ઈચ્છાવર્તી ઈરાદાઓ છે. કારણ કે,) અલ્લાહ તઆલા કોઈને (શરીઅતના હુકમોમાં) તકલીફ નથી આપતો (એટલે કે તે વાજિબ અથવા હરામ નથી કરતો) પરંતુ (માત્ર) તે જ વસ્તુઓ કે જેની તે શક્તિ (અને અધિકાર) ધરાવતો હોય, તેનો સવાબ પણ થાય છે જે (નેક) ઈરાદાથી કરે અને તેનો અઝાબ પણ જે (ખરાબ) ઈરાદાથી કરે. (અને જે માણસના ગજા બહારની બાબત છે તેની તેને તકલીફ આપવામાં આવતી નથી કે જેની સાથે કોઈ ઈરાદો કરવાનો સંબંધ ન હોય, તેનો ન તો સવાબ છે, ન જ અઝાબ અને ભ્રમ તથા વસવસાઓ વ્યક્તિના અધિકારની બાબત નથી માટે એવા વિચારો આવવા ન તો હરામ છે અને ન જ તેની પકડ કરવામાં આવશે અને ન જ તેના ઉપર અઝાબ થશે.) હે અમારા પરવરદિગાર ! અમારી પકડ ન કર, જો અમે કંઈ ભૂલી જઈએ અથવા ચૂકી જઈએ; હે અમારા પરવરદિગાર ! (અમારી એ પણ દરખાસ્ત છે કે,) અમારા ઉપર કોઈ કઠોર હુકમ ન મોકલ જેવી રીતે કે તેં અગાઉના લોકો ઉપર મોકલ્યો હતો; હે અમારા પરવરદિગાર ! અને (અમે એવી પણ દરખાસ્ત કરીએ છીએ કે,) અમારા ઉપર કોઈ એવો ભાર (દુનિયા અને આખિરતની તકલીફનો) ન મૂક કે જે અમે વેઠી ન શકીએ અને અમારાથી દરગુજર કર અને અમને મા'ફી કરી દે અને અમારા ઉપર રહમ (દયા) કર અને અમારી કાફિરોના મુકાબલામાં મદદ કર. (આમીન)

મસ્અલા અને બોધપાઠ :

આ બે આયતોની મુખ્ય ફઝીલતો :

આ સૂરએ બકરહની છેલ્લી બે આયતો છે. સહીહ અને ભરોસાપાત્ર હદીષોમાં આ બંને આયતોની મોટી-મોટી ફઝીલતો વર્ણન થઈ છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, “જે વ્યક્તિએ રાત્રે આ બે આયતો પઢી લીધી તો તે તેના માટે પૂરતી છે.”

ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતમાં છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ બે આયતો જન્નતના ખઝાનાઓમાંથી નાઝિલ ફરમાવી છે, જેને બધી જ મખ્લૂકની પૈદાઈશના બે હજાર વર્ષ પહેલાં પોતે મહાકૃપાળુ અલ્લાહે પોતાના હાથે લખી આપી હતી. જે વ્યક્તિ તેને ઈશાંની નમાઝ પછી પઢી લે, તો તે તેના માટે મોડી રાત્રે પઢવામાં આવતી નમાઝ તહજ્જુદ સુધી જામીન બની જાય છે" અને મુસ્તદ્રક હાકિમ તથા બયહકીની રિવાયતમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહે સૂરએ બકરહને આ બે આયતો ઉપર પૂર્ણ કરી છે, જે મને તે ખાસ ખઝાનામાંથી અર્પણ કરવામાં આવી છે જે અર્શની નીચે છે. એટલા માટે તમે ખાસ આ આયતોને શીખી લો અને પોતાની સ્ત્રીઓ તથા બાળકોને શીખવાડો." એટલા માટે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) અને હઝરત અલી મુર્તુઝા (રદિ.)એ ફરમાવ્યું કે, "અમારી માન્યતા એવી છે કે, દરેક વ્યક્તિ જેનામાં થોડી-ઘણી પણ બુદ્ધિ હોય તે સૂરએ બકરહની આ બે આયતોને પઢયા વિના સૂઈ ન જાય." આ બંને આયતોની રૂહાની ખાસિયતો ઘણી છે, પરંતુ એક વિશિષ્ટ ખાસિયત એ છે કે, સૂરએ બકરહમાં મોટા ભાગના શરીઅતના હુકમો સંક્ષિપ્તમાં પણ અને વિસ્તારપૂર્વક પણ વર્ણન કરવામાં આવ્યા છે તેમાં અકીદાઓ (માન્યતાઓ), ઈબાદતો (બંદગી), મા'મલાત (વહેવાર), વર્તણૂક, સામાજિકતા વગેરે પણ શામિલ છે. બે આયતોમાંથી પ્રથમ આયત ફરમાંબરદાર મો'મિનોના સંદર્ભમાં છે, જેમણે અલ્લાહ જલ્લ શા'નુહુના બધા જ હુકમો પર "લબ્બયક" (હાજર છું) કહ્યું અને તેના ઉપર અમલ કરવા માટે તૈયાર થઈ ગયા અને બીજી આયતમાં એ શંકાનો જવાબ આપવામાં આવ્યો, જે શંકા આ બંને આયતોના નાઝિલ થતાં પહેલાં સહાબએ કિરામ (રદિ.)ને પૈદા થઈ હતી અને સાથે જ પોતાની કૃપાદષ્ટિ અને બેહિસાબ રહમતોને વર્ણન કરવામાં આવી હતી, તે એ હતું કે, કુર્આન શરીફની આયત નાઝિલ થઈ اِنْ تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ، "જે કંઈ તમારા દિલોમાં છે તમે એને જાહેર કરો અથવા છુપાવો, દરેક પરિસ્થિતિમાં અલ્લાહ તઆલા તમારી પાસેથી તેનો હિસાબ લેશે."

આ આયતનો મુખ્ય હેતુ એ હતો કે, પોતાના અધિકાર અને ઈરાદાથી જો

કોઈ અમલ કરવાનો દિલમાં પાકો નિર્ધાર કરે, તો તેનો હિસાબ થશે. અનિચ્છાવર્તી અને જેના પર અધિકાર નથી એવા વસવસા, ભ્રમ અને ભૂલચૂક તેમાં શામિલ નથી. પરંતુ કુર્આનના શબ્દો દેખીતી રીતે સામાન્યતઃ બધી જ બાબતોને આવરી લેનાર હતા તેથી એવું સમજવામાં આવ્યું હતું કે, વ્યક્તિના દિલમાં અનિચ્છાએ પણ જે વિચારો આવે છે, તેનો પણ હિસાબ થશે. સહાબએ કિરામ (રદિ.) આવું સાંભળીને ગભરાઈ ગયા અને રસૂલે કરીમ ﷺને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ! અત્યાર સુધી તો અમે એવું સમજતા હતા કે, અમે જે કામ અમારા ઈરાદા અને અધિકારથી કરીએ છીએ તેનો હિસાબ થશે, અનિચ્છાએ દિલમાં આવેલા વિચારો ઉપર હિસાબ નહિ થાય, પરંતુ આ આયતથી સ્પષ્ટ થાય છે કે, દિલમાં ઉત્પન્ન થનાર દરેક વિચારનો હિસાબ થશે, એ કારણે અઝાબથી બચવું અત્યંત મુશ્કેલ છે." રસૂલે કરીમ ﷺને આ આયતનો સાચો ભાવાર્થ ખબર હતો, પરંતુ શબ્દોના જાહેર અર્થના કારણે તેના ઉપર કોઈ ટિપ્પણી કરવાનું પસંદ ન કર્યું, વહીનો ઈન્તેજાર કર્યો અને સહાબએ કિરામ (રદિ.)ને તાકીદ કરી કે, અલ્લાહ તઆલા તરફથી જે હુકમ આવે, ભલે તે સરળ હોય અથવા મુશ્કેલ ! મો'મિનોનું કામ એ નથી કે, તેને માનવામાં થોડી પણ શંકા કરે. તમારે અલ્લાહના પ્રત્યેક હુકમને સાંભળીને કહેવું જોઈએ سَمِعْنَا وَاَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ "હે અમારા પરવરદિગાર ! અમે તારો હુકમ સાંભળ્યો અને તેના પર અમલ કર્યો, હે અમારા પરવરદિગાર ! જો હુકમના અમલમાં અમારાથી કોઈ ભૂલચૂક થઈ હોય અથવા ઉણપ બાકી રહી હોય તો તું અમને મા'ફ ફરમાવ. કારણ કે, અમે બધા તારા જ તરફ પાછા વળવાના છે."

સહાબએ કિરામ (રદિ.)એ આપ ﷺના આ હુકમ પ્રમાણે એવું જ કર્યું. જો કે, તેમના મનમાં એવો વિચાર ખટકી રહ્યો હતો કે, અનિચ્છાએ દિલમાં આવનાર વિચાર અને વસવસાઓથી બચવું તો ખૂબ જ મુશ્કેલ છે, આ બાબત ઉપર અલ્લાહ તઆલાએ સૂરએ બકરહની આ છેલ્લી બે આયતો નાઝિલ ફરમાવી, જેમાં પ્રથમ આયતમાં મુસલમાનોના વખાણ અને બીજી આયતની અસલી તફસીર બતાવવામાં આવી, જેમાં સહાબએ કિરામ (રદિ.)ને શંકા ગઈ હતી. હવે, પ્રથમ આયતના શબ્દો જુઓ.

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ وَقَالُوْا سَمِعْنَا وَ اَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ○

"રસૂલે જે કંઈ તેના ઉપર તેના પરવરદિગાર તરફથી ઊતર્યું તેને માની લીધું; અને મો'મિનોએ (પણ); બધા ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર, અને તેના ફરિશ્તાઓ ઉપર, અને તેની કિતાબો અને તેના રસૂલો ઉપર, અમે તે રસૂલોમાંથી કોઈની વચ્ચે (પરસ્પર) ભેદભાવ કરતા નથી, અને તેમણે કહ્યું; અમે સાંભળ્યું અને અમે કબૂલ કર્યું, હે અમારા પરવરદિગાર ! અમે તારી મા'ફીના ઈચ્છુક છીએ અને (અમારે) તારા જ તરફ પાછા વળીને આવવાનું છે."

આ આયતમાં રસૂલે કરીમ ﷺના વખાણ કરવામાં આવ્યા છે અને તેમાં આપ ﷺનું મુબારક નામ લેવાના બદલે "રસૂલ" કહીને આપ ﷺના સન્માન અને મરતબાને સ્પષ્ટ કરવામાં આવ્યો અને ત્યારબાદ ફરમાવ્યું, وَالْمُؤْمِنُوْنَ એટલે કે જે પ્રમાણે આપ ﷺ મારી વહી ઉપર ઈમાન અને ભરોસો રાખે છે, એવી જ રીતે બધા જ મો'મિનો પણ વિશ્વાસ (ઈમાન) રાખે છે. અત્રે જે વર્ણનશૈલી આ વાક્યમાં અપનાવવામાં આવી છે કે, પ્રથમ વાક્યમાં આપ ﷺના ઈમાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો, ત્યારબાદ મો'મિનોના ઈમાનનો અલગથી ઉલ્લેખ કર્યો, એમાં ઈશારો એ છે કે, જો કે, ઈમાનના અકીદહમાં રસૂલે કરીમ ﷺ અને બધા જ મો'મિનો સમાન છે, પરંતુ ઈમાનના દરજ્જાઓના આધારે એ બંનેમાં મોટો તફાવત છે. રસૂલે કરીમ ﷺનું ઈમાન સાક્ષાત્કાર (પ્રત્યક્ષ દર્શન) અને જોવા-સાંભળવાના આધાર ઉપર છે અને અન્ય મુસલમાનોનું ઈમાન "ઈલ્મ બિલ ગયબ" (અદષ્ય બાબતોનું જ્ઞાન) રસૂલુલ્લાહ ﷺના ખબર આપવાના આધાર ઉપર અવલંબિત છે.

ત્યારબાદ ઈમાનની વિસ્તારપૂર્વક સ્પષ્ટતા બતાવી, જેમાં આપ ﷺ અને બધા જ મુસલમાનો સમાન છે, તે વસ્તુ ઈમાન છે અલ્લાહ તઆલાના મૌજૂદ હોવા અને એકમાત્ર હોવા ઉપર અને બધી જ સંપૂર્ણ સિફતો અને ગુણ-લક્ષણો

સાથે હયાત હોવા ઉપર, ફરિશ્તાઓના મૌજૂદ હોવા ઉપર અને અલ્લાહ તઆલાની કિતાબો તથા બધા જ રસૂલોના સત્ય હોવા ઉપર.

ત્યારબાદ એ સ્પષ્ટતા કરવામાં આવી કે, આ ઉમ્મતના મો'મિનો પાછલી ઉમ્મતો જેવું ન કરે કે, અલ્લાહના રસૂલોમાં પરસ્પર ભેદભાવ કરે કે, અમુકને તો નબી માને અને અમુકને ન માને. જેમકે, યહૂદીઓએ હઝરત મૂસા (અલૈ.)ને અને નસારાએ હઝરત ઈસા (અલૈ.)ને નબી માન્યા પરંતુ ખાતમુલ અમ્બિયા ﷺને નબી ન માન્યા. આ ઉમ્મતની એવી તા'રીફ (વખાણ) કરવામાં આવી કે, એમણે રસૂલે કરીમ ﷺના ઈરશાદ પ્રમાણે મૌખિક કહ્યું હતું. سَمِعْنَا وَاَطَعْنَا غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ "અમે સાંભળ્યું અને અમે સ્વીકાર્યું, હે અમારા પરવરદિગાર ! અમે તારી મા'ફીના અભિલાષી છીએ."

ત્યારબાદ બીજી આયતમાં એક ખાસ અંદાજમાં એ શંકા દૂર કરવામાં આવી જે પાછલી આયતમાં અમુક વાક્યોથી પૈદા થઈ શકતી હતી કે, દિલમાં છુપાયેલા વિચારો ઉપર હિસાબ થશે તો અઝાબથી કેવી રીતે બચીશું ? ઈરશાદ ફરમાવવામાં આવ્યો, لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا "અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને તેની શક્તિથી વધારે કાર્ય કરવાનો હુકમ નથી આપતો." એટલા માટે અનિચ્છાએ આવતા વિચારો અને વસવસાઓ કે, જેના પર અમલ કરવામાં ન આવે, તેની કોઈ પકડ નહિ થાય. બધા જ વિચારો અલ્લાહે મા'ફ કરી દીધા છે, હિસાબ અને પકડ ફક્ત તે જ કૃત્યોની અને ઈચ્છાઓની થશે જેના ઉપર અમલ કરવામાં આવતો હોય અથવા તો અમલ કરવાનો પાકો નિર્ધાર કર્યો હોય.

આ બાબતની સ્પષ્ટતા એ છે કે, જેવી રીતે મનુષ્યના અમલો અને કૃત્યો જે હાથ, પગ, આંખો અને જીભ વગેરે સાથે સંબંધ ધરાવે છે, જે વિચારો (એટલે કે નિય્યત)ને જાહેર અમલો કહેવામાં આવે છે, તેના બે પ્રકારો છે. એક ઈચ્છાવર્તી છે કે, જેને પોતે તે કૃત્ય કરવાના ઈરાદે કરવામાં આવે છે. જેમકે, કોઈ ઈરાદો કરીને કોઈને મારવું, વગેરે. બીજા અનિચ્છાએ આવતા વિચારો છે કે, જે ઈરાદો કર્યા વિના જ આવી જતા હોય છે. જેમકે જીભથી કહેવા ગયો કંઈક બીજું, અને નીકળી ગયું બીજું, અથવા હાથથી કોઈ અજાણતામાં ગલત હરકત થઈ ગઈ કે, જેનાથી કોઈને કંઈ તકલીફ પહોંચી ગઈ, એ બધામાં બધાને ખબર છે કે, હિસાબ-કિતાબ તથા સજા અથવા ઈના'મનો મા'મલો ફક્ત ઈરાદાથી કરવામાં

આવેલા અમલ સાથે ખાસ છે અને અજાણતામાં વિના ઈરાદે કરવામાં આવેલ અમલની કોઈ સજા-ઈના'મ અથવા પકડ થશે નહિ.

એ જ પ્રમાણે એ કૃત્યો જેનો સંબંધ માણસની માનસિકતા અને દિલ સાથે છે તેના પણ બે પ્રકારો છે. એક ઈરાદો પાકા નિર્ધારથી કરવામાં આવે જેમકે, કુફ્ર-શિર્કની માન્યતા અને વિચારસરણી, જેનો ઈરાદો વ્યક્તિ પાકા નિર્ધાર સાથે દિલમાં જમાવી લે છે, અથવા સોચી-સમજીને ઈરાદાપૂર્વક પોતાને મોટો સમજે, જેને તકબ્બુર અથવા મિથ્યાભિમાન કહેવામાં આવે છે, અથવા કોઈ એવો પાકો ઈરાદો કરે કે, હું શરાબ પીવાનો છું, અને બીજો પ્રકાર અનિચ્છાએ પૈદા થતા વિચારો છે જેમકે, ઈરાદો કર્યા વગર દિલમાં કોઈ ખરાબ વિચાર આવી જાય અને તેના પર અમલ કરવાની કોઈ નિય્યત કે ઈરાદો ન હોય, તેમાં પણ હિસાબ-કિતાબ અને પકડ ફક્ત ઈરાદાપૂર્વક કરેલ કૃત્યો ઉપર જ થશે અને અનિચ્છાએ આવેલ વિચારોની કોઈ પકડ નથી.

આ તફસીરથી કે, જેને પોતે કુર્આન શરીફે વર્ણન કરી છે, સહાબએ કિરામ (રદિ.)ને સંતોષ થઈ ગયો કે, અનિચ્છાવર્તી વિચારો અને ભ્રમ (વસવસા)નો હિસાબ-કિતાબ તથા અઝાબ કે સવાબ નહિ થાય. આ વિષયના અંતમાં વધારે સ્પષ્ટતા કરવા માટે ફરમાવ્યું, لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ એટલે કે વ્યક્તિનો સવાબ પણ તે જ કૃત્યનો થાય છે જેનો તે ઈરાદો કરે અને અઝાબ પણ તે જ કૃત્યનો થાય છે જેને કરવાનો તે પાકો ઈરાદો અને નિર્ધાર કરે.

ભાવાર્થ એ છે કે, શરૂઆતના ઈરાદા ઉપર અઝાબ અથવા સવાબ મળવાનું શરૂ થશે, પરંતુ તે ઈરાદો જે તે કૃત્ય કરવા માટેનો પાકો નિર્ધાર હોય અથવા તેના પર અમલ કરવા માટે કોશીશ કરે તો આવા ઈરાદાઓ પર સવાબ મળવાનું શરૂ થઈ જાય છે. એનાથી એ શંકાનો જવાબ થઈ ગયો કે અમુક સમયે વ્યક્તિને ઈરાદો કર્યા વિના જ સવાબ અને અઝાબ થાય છે, જેમકે કુર્આન શરીફની બીજી ઘણી આયતો અને હદીષની ઘણી રિવાયતોથી સાબિત છે કે, કોઈ વ્યક્તિ એવું નેક કામ કરે, જેનાથી બીજા લોકોને પણ તે નેકીનું કામ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન મળે તો જ્યાં સુધી લોકો તે નેક કામ ઉપર અમલ કરતા રહેશે, ત્યાં સુધી પ્રથમ વ્યક્તિને તે અમલનો સવાબ મળતો રહેશે. એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિ કોઈ ગુનોહ કરે અને આગળ ચાલીને લોકો તે ગુનાહમાં

સપડાયેલા રહે તો તેનો વબાલ તે વ્યક્તિને પહોંચતો રહેશે કે જેણે પ્રથમ તે ગુનાહનો રિવાજ પાડી ગુનાહની શરૂઆત કરી હશે. એવી જ રીતે હદીષની રિવાયતોથી સાબિત છે કે, કોઈ વ્યક્તિ પોતાના અમલનો સવાબ બીજા વ્યક્તિને આપવા ઈચ્છે તો તે વ્યક્તિને તે સવાબ પહોંચે છે. આ બધા સ્વરૂપોમાં વ્યક્તિને કોઈપણ પ્રકારનો ઈરાદો કર્યા વગર સવાબ અને અઝાબ મળે છે.

આ શંકાનો જવાબ એ છે કે, દેખીતું છે કે, આ સવાબ અને અઝાબ માધ્યમ વિના તેને નથી મળ્યો બલકે, અન્યના માધ્યમ દ્વારા પહોંચ્યો છે. ઉપરાંત જે વ્યક્તિ આ સવાબ અને અઝાબનું માધ્યમ બન્યો છે, તેમાં તેના પોતાના અમલ અને ઈરાદાની દખલગીરી જરૂર છે, પરંતુ જે વ્યક્તિએ કોઈ વસ્તુનો રિવાજ પ્રચલિત કર્યો, ભલે તે સારો હોય અથવા ખરાબ ! એમાં પ્રથમ વ્યક્તિનો અમલ કે જે તેણે તેના અધિકારથી કર્યો હતો, તેની દખલગીરી ચોક્કસ છે. જો કે, તેણે પોતાના સારા–નરસા અમલની આ ખાસ અસરનો ઈરાદો કર્યો ન હતો. એવી જ રીતે મોટા ભાગે કોઈ વ્યક્તિ ઈસાલે સવાબ ત્યારે જ કરે છે, જ્યારે કે, તે વ્યક્તિએ ઈસાલે સવાબ કરનાર વ્યક્તિ ઉપર કોઈ અહેસાન કર્યું હોય. આ પ્રમાણે બીજાના અમલનો સવાબ અને અઝાબ વાસ્તવમાં પોતાના જ અમલનો સવાબ અને અઝાબ છે.

અંતે કુર્આન શરીફે મુસલમાનોને એક ખાસ દુઆની તાકીદ કરી, જેમાં ભૂલચૂક અને અનિચ્છાએ કરેલ કોઈ કૃત્યની મા'ફી માંગવામાં આવી. દાખલા તરીકે, رَبَّنَا لَاتُؤَاخِذْنَا اِنْ نَّسِيْنَا اَوْاَخْطَأْنَا "હે અમારા પરવરદિગાર ! ભૂલચૂક અને ખતાઓ ઉપર અમારી પકડ ન કર." પછી ફરમાવ્યું, رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَا اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَارَبَّنَا وَلَاتُحَمِّلْنَا مَالَا طَاقَةَ لَنَابِهٖ "હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર ભારે અને કઠોર અમલનો ભાર ન મૂક, જેમકે અમારાથી અગાઉના લોકો (બની ઈસ્રાઈલ) ઉપર મૂકવામાં આવ્યો હતો અને અમારા ઉપર એવી ફરજો ન મૂક, કે જેની અમારામાં શક્તિ ન હોય."

એનો ભાવાર્થ તે સખત અમલો છે જે બની ઈસ્રાઈલ ઉપર ફરજ કરવામાં આવ્યા હતા કે, કપડું પાણીથી પાક નહિ થાય બલકે, કાપવું અથવા સળગાવવું પડશે અને કતલ કર્યા વગર તવબહ કબૂલ નહિ થાય, અથવા તેનાથી ભાવાર્થ એ છે કે, દુનિયામાં અમારા ઉપર અઝાબ નાઝિલ કરવામાં ન આવે, જેમકે બની

ઈસ્રાઈલના દુષ્કૃત્યોના કારણે તેમના ઉપર અઝાબ કરવામાં આવ્યો હતો. આ બધી દુઆઓ અલ્લાહ તઆલાએ કબૂલ કરવાની જાહેરાત પણ રસૂલે કરીમ ﷺ દ્વારા આપી દીધી.

સૂરએ બકરહ પૂર્ણ થઈ, અલહમ્દુલિલ્લાહ !

وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَآخِرَهٗ وَظَاهِرَهٗ وَبَاطِنَهٗ وَهُوَا لْمُسْتَعَانُ

❑❑❑❑❑❑❑❑❑❑❑

મૂળ તફસીરકાર : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)

તારીખ : ૨૫ જિલ્કદ હિ.સ. ૧૩૮૮

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ ખાનપુરી

તારીખ : ૧૩ રમઝાન હિ.સ. ૧૪૨૯ –ઈ.સ. ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૮

———————————


——————

પ્રકરણ : ૩

સૂરએ આલિ ઇમ્રાન

સૂરએ આલિ ઈમ્રાન મદીનામાં નાઝિલ થઈ હતી, તેમાં ૨૦૦ આયતો તથા ૨૦ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧ થી ૬)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરૂં કરું છું, જે મહાકૃપાળુ અને ઘણો જ દયાળુ છે.

અલિફ–લા'મ–મીમ. (૧) અલ્લાહ; તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી; હંમેશા હયાત છે, સૌને સંભાળનાર છે. (૨) (હે મુહમ્મદ ﷺ !) તેણે તમારા ઉપર સાચી કિતાબ ઉતારી, જે તેનાથી અગાઉની કિતાબોની ખરાઈ

(સમર્થન) કરે છે; અને તવરાત અને ઈન્જીલ (પણ) ઉતારી. (૩) આ અગાઉ લોકોની હિદાયત માટે; તેણે (હકને બાતિલથી અલગ તારવનાર) ફુરકાન (ફેંસલો કરનાર પણ) ઉતાર્યું; બેશક ! જેમણે અલ્લાહની આયતોનો ઈન્કાર કર્યો તેમના માટે કઠોર અઝાબ છે; અને અલ્લાહ જબરદસ્ત બદલો લેનાર છે. (૪) બેશક ! અલ્લાહ માટે કોઈ વસ્તુ જમીન અને આસમાનમાં ગુપ્ત (છૂપી) નથી. (૫) તે જ છે જે તમારું માતાના ઉદર (ગર્ભ)માં જેવું ઈચ્છે (છે તેવું) સ્વરૂપ (માનવ શરીરનો ઢાંચો) બનાવે છે; તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી; (તે) જબરદસ્ત (અને) હિકમતવાળો છે. (૬)

આયતોની ગોઠવણી :

કુર્આને કરીમની આ ત્રીજી સૂરત આલિ ઈમ્રાનનો પ્રથમ રુકૂઅ્ છે. પ્રથમ સૂરત એટલે કે સૂરએ ફાતિહા જે સમગ્ર કુર્આનનો ખુલાસો છે, તેના અંતે સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ની હિદાયત માંગવામાં આવી હતી ત્યારબાદ સૂરએ બકરહને الٓمٓ، ذٰلِکَ الْکِتٰبُ "અલિફ્ લા'મ મીમ આ કિતાબ છે...." થી શરૂ કરીને જાણે એ તરફ ઈશારો કરવામાં આવ્યો હતો કે, સૂરએ ફાતિહામાં જે સીધા રસ્તાની દુઆ કરવામાં આવી છે, તે અલ્લાહ તઆલાએ કબૂલ કરી અને આ કુર્આન મોકલ્યું, જે સીધા માર્ગની હિદાયત છે. પછી સૂરએ બકરહમાં મોટા ભાગના શરીઅતના હુકમોનો ટૂંકમાં અને લંબાણપૂર્વક ઉલ્લેખ થયો, જેના અનુસંધાને અનેક ઠેકાણે કાફિરોના વિરોધ-વંટોળ અને તેમના મુકાબલાનું વર્ણન થયું હતું. છેવટે દુઆના આ શબ્દો وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِيْنَ "અને કાફિર કૌમ સામે અમારી મદદ કર..." વડે સૂરએ બકરહ પૂર્ણ થઈ હતી, જેનો હેતુ એવો હતો કે કાફિરો ઉપર વિજય પ્રાપ્ત કરવાની દુઆ કરવામાં આવે, તે અનુસંધાને સૂરએ આલિ ઈમ્રાનમાં મોટે ભાગે કાફિરો સાથે ઘટેલી ઘટનાઓ તથા હાથ અને જીભથી તેમના મુકાબલામાં જિહાદનું વર્ણન છે. જે એક રીતે وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِيْنَ "અને કાફિર કૌમ સામે અમારી મદદ કર"નું વિવરણ અને ખુલાસો છે.

તફસીર :

સૂરએ આલિ ઈમ્રાનની શરૂઆતની પાંચ આયતોમાં એ મહાન હેતુનું વર્ણન છે, જેના કારણે કુફ્ર અને ઈસ્લામ તથા કાફિર અને મો'મિનની ઓળખ

પ્રસ્થાપિત થાય છે અને તેમની વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય છે, તે તફાવત અલ્લાહ તબારક વ તઆલાની "તવહીદ" છે. તવહીદ અને રિસાલતને માનનારા મો'મિન તથા તેને ન માનનારા કાફિર અને ગૈરમુસ્લિમ કહેવાય છે. આ રુકૂઅ્‌ની પ્રથમ આયતમાં તવહીદની બૌદ્ધિક (અને તાર્કિક) દલીલ પ્રસ્તુત છે અને તે પછીની આયતમાં તેની વર્ણન આધારિત સાંયોગિક દલીલ છે, ત્યાર પછીની આયતમાં કાફિરોની શંકાનો જવાબ છે.

પ્રથમ આયતમાં ઈરશાદ છે الٓمّٓ، اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ "અલિફ્ લા'મ મીમ, અલ્લાહ; તેના સિવાય કોઈ મઅ્‌બૂદ (ઈબાદતપાત્ર) નથી, હંમેશા હયાત છે સૌને સંભાળનાર છે." તેમાં શબ્દ الٓمّٓ તો કુર્આનના 'મુતશાબિહાત'માંથી છે, જેનો અર્થ અલ્લાહ અને તેના રસૂલ ﷺ દરમિયાન એક રહસ્ય છે. જેની સ્પષ્ટતા આ રુકૂઅ્‌ની અંતિમ આયતમાં આવી છે. ત્યારબાદ اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ "અલ્લાહ; તેના સિવાય કોઈ મઅ્‌બૂદ નથી"માં તવહીદના વિષયને એક દા'વા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે. ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલા એવો છે કે, તેના સિવાય કોઈ ઈબાદતની પાત્રતા ધરાવતો જ નથી.

ત્યારબાદ اَلْحَیُّ الْقَیُّوْمُ "હંમેશા હયાત સૌને સંભાળનાર" દ્વારા તવહીદની બૌદ્ધિક દલીલ વર્ણન કરી છે, જેની સ્પષ્ટતા એ છે કે, ઈબાદતની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય કે, 'પોતાની જાતને કોઈની સામે અંતિમ કક્ષાની લાચારી અને અશક્તિ દર્શાવી તેના વખાણ અને સ્તુતિ કરવામાં આવે.' એટલા માટે તકાદો એ છે કે, જેની ઈબાદત કરવામાં આવે તે સૌથી ઉચ્ચ કક્ષાની પ્રતિષ્ઠા ધરાવનાર, શ્રેષ્ઠતમ્, અતિઉચ્ચ સ્થાનનો માલિક હોય અને સર્વશક્તિમાન હોવાના પ્રત્યેક માપદંડમાં સંપૂર્ણ હોય. દેખીતું છે કે, જે વસ્તુ પોતે પોતાના અસ્તિત્વને આપમેળે ટકાવી ન શકે તથા પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે અન્યનો મોહતાજ હોય, તેની ઈજ્જત, પ્રતિષ્ઠા તથા માન-સન્માનનો એવો મરતબો હોઈ જ નથી શકતો કે, તેની ઈબાદત કરવામાં આવે. એટલા માટે બિલકુલ સ્પષ્ટ થઈ ગયું કે, દુનિયાની જેટલી પણ ચીજ-વસ્તુઓ છે, તે ન તો પોતે પોતાના અસ્તિત્વની માલિક છે અને ન જ પોતાના અસ્તિત્વને ટકાવી રાખી શકે છે. ભલે પથ્થરની કંડારેલી મૂર્તિ હોય અથવા પાણી, ઝાડ, ફરિશ્તા કે પયગમ્બર હોય ! આ બધામાંથી કોઈપણ ઈબાદતની પાત્રતા ધરાવતા નથી.

ઈબાદતને પાત્ર તો તે જ જાત હોઈ શકે છે, જે હંમેશાથી મૌજૂદ છે અને હંમેશા–હંમેશ જીવંત અને બાકી રહેશે અને તે માત્ર અલ્લાહ જલ્લ શા'નુહુની જ જાત છે, તેના સિવાય કોઈ ઈબાદતના પાત્ર છે જ નથી !

ત્યારબાદ બીજી આયતમાં તવહીદની વર્ણનો આધારે સાંયોગિક દલીલ રજૂ કરવામાં આવી. ઈરશાદ છે,

نَزَّلَ عَلَيۡکَ الۡكِتٰبَ بِالۡحَقِّ مُصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَيۡهِ وَاَنۡزَلَ التَّوۡرٰةَ وَ الۡاِنۡجِيۡلَ مِنۡ قَبۡلُ
هُدًى لِّلنَّاسِ وَاَنۡزَلَ الۡفُرۡقَانَ

"તેણે આપ (ﷺ) પર સાચી કિતાબ ઉતારી, જે તેનાથી અગાઉની (કિતાબોની) ખરાઈ (સમર્થન) કરે છે; અને તેણે તવરાત અને ઈન્જીલ (પણ) ઉતારી. આ અગાઉ લોકોની હિદાયત માટે; તેણે (હકને બાતિલથી અલગ તારવનાર) ફુરકાન (ફેંસલો કરનાર કુર્આન પણ) ઉતાર્યું."

જેનો ખુલાસો એ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુની તવહીદનો વિષય જે કુર્આને વર્ણન કર્યો છે તે પોતે કુર્આનની અથવા પયગમ્બરે ઈસ્લામ ﷺની પોતાની વિશેષતા નથી. બલકે, આ અગાઉ પણ તવરાત અને ઈન્જિલ વગેરે કિતાબો અને અંબિયા (અલૈ.) મોકલવામાં આવ્યા છે, તે બધાનો આ જ પ્રમાણેનો દા'વો અને આ જ પ્રમાણેનો કલિમો હતો. કુર્આન મજીદે આવીને તે બધાની ખરાઈ અને સમર્થન કર્યું છે. (તવહીદ વિશે) કોઈ નવો દા'વો રજૂ કર્યો નથી કે, જેને સમજવા અથવા માનવાથી લોકોના દિલોમાં ઊલઝન પૈદા થાય !

ત્રીજી અને ચોથી આયતમાં તવહીદની દલીલના સમર્થનમાં અલ્લાહ તઆલાની સિફતો, જ્ઞાન અને તેની કુદરત સંપૂર્ણ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેની જાત હિકમતવાળી અને કાયમી છે, સમગ્ર સૃષ્ટિની માલિક છે તથા સમગ્ર સૃષ્ટિ તેની શક્તિ અને કાબૂ હેઠળ છે. એકમાત્ર તે જ એ બાબતનો હકદાર છે કે, ઈબાદત માત્ર તેની જ કરવામાં આવે. અધૂરું જ્ઞાન ધરાવનાર અથવા મર્યાદિત શક્તિ ધરાવનારને આવો હક પ્રાપ્ત થઈ શકતો નથી.

પ્રસ્તુત ચાર આયતોની ટૂંકમાં તફસીર આ પ્રમાણે છે કે,

અલ્લાહ તઆલા એવો છે કે, તેના સિવાય કોઈ જ ઈબાદતપાત્ર નથી અને તે હંમેશા જીવંત છે, બધી વસ્તુઓને સંભાળનાર છે, અલ્લાહ તઆલાએ

આપ (ﷺ) ઉપર કુર્આન ઉતાર્યું છે, જે અગાઉ નાઝિલ થયેલ (આસમાની) કિતાબોનું સમર્થન (ખરાઈ) કરે છે અને (એ જ પ્રમાણે) તવરાત અને ઈન્જીલ નાઝિલ કરવામાં આવી હતી અગાઉના લોકોની હિદાયત માટે (અને એ જ પ્રમાણે કુર્આન પણ હિદાયત હોવું સાબિત થઈ ગયું છે કારણ કે, હિદાયતનું સમર્થન અને ખરાઈ કરનાર પોતે પણ હિદાયત જ હોય છે.) અને અલ્લાહ તઆલાએ (અંબિયા અલૈ.ના સમર્થન માટે) મોઅ્જિઝાઓ મોકલ્યા, બેશક ! જે લોકો અલ્લાહ તઆલાની આયતો (કે જે આયતો તવહીદની સ્પષ્ટતા કરે છે તે)ના ઈન્કારી થયા છે તેમના માટે કઠોર સજા છે અને અલ્લાહ તઆલા સંપૂર્ણ કાબૂ (અને શક્તિ) ધરાવે છે (કે બદલો લઈ શકે છે અને) બદલો લેનારો (પણ) છે. બેશક ! અલ્લાહ તઆલાથી કોઈ વસ્તુ છુપી નથી. ન (તો) જમીનમાં અને ન (જ) આસમાનમાં ! (તેનું જ્ઞાન સંપૂર્ણ છે) તે એવી (પવિત્ર) જાત છે કે તમારું માતાના ઉદરમાં (ગર્ભાશયમાં) સ્વરૂપ (માનવ ઢાંચો) બનાવે છે; જેવો ઈચ્છે છે. (દરેકનો અલગ-અલગ ચહેરો-મહોરો હોય છે. બસ, તેની કુદરત પણ સંપૂર્ણ છે એ જ પ્રમાણે અલ્લાહ પોતાની હયાતીમાં, હંમેશા કાયમ રહેવામાં, જ્ઞાનમાં, શક્તિમાં કોઈપણ પ્રકારની ભાગીદારી વિના મૌજૂદ છે, જેનાથી સાબિત થયું કે) અલ્લાહ તઆલાની (પવિત્ર) જાત સિવાય (અન્ય) કોઈ જ ઈબાદતપાત્ર નથી, તે સંપૂર્ણ કાબૂ ધરાવનાર અને હિકમતવાળો છે (કે તવહીદના ઈન્કારીઓ પાસેથી બદલો લઈ શકે છે, પરંતુ મસ્લિહતના કારણે દુનિયામાં ઢીલ આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

તવહીદનું આમંત્રણ આપવું બધા જ અંબિયા (અલૈ.)નું મુખ્ય કાર્ય છે:

ઉપર ત્રીજી આયતમાં જે રિવાયતો આધારિત તવહીદની દલીલ રજૂ કરવામાં આવી છે, તેની સ્પષ્ટતા એ છે કે, સામાન્ય રીતે કોઈ બાબત કે ઘટનાથી ઘણા બધા માણસો સહમત થાય ખાસ કરીને જ્યારે તે વિવિધ દેશોના નાગરિકોમાં અને વિવિધ ભાષાઓમાં જુદા-જુદા સમયકાળમાં અસ્તિત્વમાં આવતી હોય અને તેમના દરમિયાન સેંકડો-હજારો વર્ષોનું અંતર હોય તથા એકની વાત બીજા સુધી પહોંચવાનું કોઈ માધ્યમ પણ ન હોય, તે છતાં જે વ્યક્તિ (નબી-રસૂલ અલૈ.) ઊભો થાય છે, તે એવું કહે છે કે, "આ જ વાત અગાઉના નબીઓ-રસૂલો (અલૈહિસ્સલામ)એ કરી હતી અને બધા જ એક જ વાત અને એક જ અકીદહ

(માન્યતા)ના પાબંદ હતા" તો માનવ સ્વભાવ આવી બાબત સ્વીકારવા મજબૂર થઈ જાય છે. દા.ત. અલ્લાહ તઆલાના અસ્તિત્વ તથા તેની તવહીદ વિશેનું આમંત્રણ મનુષ્યોમાં સૌ પ્રથમ હઝરત આદમ (અલૈ.)એ શરૂ કર્યું, ત્યારબાદ તેમની ઔલાદમાં સતત આ વાત પ્રચલિત રહી હતી, પરંતુ લાંબો સમયગાળો પસાર થયા પછી હઝરત આદમ (અલૈ.)ની ઔલાદમાં તે બધી જ માન્યતાઓ બદલાઈ ગઈ અને હઝરત નૂહ (અલૈ.) આવ્યા. તેમણે પણ એ જ બાબતનું આમંત્રણ આપ્યું કે, જે તવહીદનું આમંત્રણ હઝરત આદમ (અલૈ.) પોતાની ઔલાદને આપતા હતા. તેમના લાંબા સમયકાળ પછી હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, હઝરત ઈસ્હાક અને હઝરત યાકૂબ (અલૈ.) ઈરાક અને સીરિયાના પ્રદેશોમાં પૈદા થાય છે અને બરાબર એ જ બાબતનું આમંત્રણ લોકોને આપે છે, ત્યારબાદ હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.) તેમના જ ક્રમને આગળ ધપાવે છે. ત્યારબાદ આ જ ક્રમમાં અનેક અંબિયા (અલૈ.) આવે છે અને બધા જ એક જ "કલિમએ તવહીદ"નું આમંત્રણ આપે છે. આ બાબતે લાંબો સમયગાળો પસાર થયા પછી હઝરત ઈસા (અલૈ.) પણ આ જ દા'વત (આમંત્રણ) લઈને આવે છે અને અંતે સય્યિદુલ અંબિયા સય્યિદના મુહમ્મદ મુસ્તફા ﷺ પણ આ જ દા'વત લઈને દુનિયામાં તશરીફ લાવે છે.

હવે, જો કોઈ તટસ્થ વ્યક્તિ જેને ઈસ્લામ અને તવહીદની દા'વતથી કોઈ અદાવત અને વેર ન હોય, જો તે સાદગી, સંયમ અને તટસ્થતાથી થોડીવાર માટે આ અંબિયા (અલૈ.)ના સિલસિલા ઉપર દૃષ્ટિપાત કરે કે, હઝરત આદમ (અલૈ.)થી લઈને ખાતમુલ અંબિયા ﷺના યુગ સુધી એક લાખ ચોવીસ હજાર જેટલા નબીઓ (અલૈ.) જુદા-જુદા યુગમાં, વિવિધ ભાષાઓમાં, વિવિધ પ્રદેશોમાં પૈદા થયા અને તે બધાએ આ જ તવહીદનું આમંત્રણ આપ્યું. મોટે ભાગે એકને બીજા સાથે મુલાકાતનો પણ સંયોગ પણ નથી થયો. પ્રકાશન અને છાપખાના તથા લખવા-લખાવવાનો યુગ પણ ન હતો કે એક પયગમ્બરને બીજા પયગમ્બરની કિતાબો અને લખાણો મળી જાય કે, તેને જોઈને તેમની દા'વતને અપનાવી લેવામાં આવે. બલકે, એમનામાં ઘણા તો એકબીજાના સેંકડો વર્ષો પછી પૈદા થયા છે, તેમના જીવન નિર્વાહની જરૂરિયાતોના કારણે મોટે ભાગે અંબિયા (અલૈ.)ને તેમના અગાઉ થઈ ગયેલા અંબિયા (અલૈ.)ની ખબર પણ ન થતી

હતી. અલબત્ત, અલ્લાહ તબારક વ તઆલા દ્વારા અગાઉના અંબિયા (અલૈ.)ની પરિસ્થિતિ અને તેમની હાલતની જેટલી જાણ કરવામાં આવતી હતી તેનાથી તેઓ વાકેફ થતા હતા અને અલ્લાહ તઆલા તરફથી જ તેમને પણ આ દા'વત લઈને ઊભા કરવામાં આવ્યા હતા.

હવે, કોઈ વ્યક્તિ થોડોક ન્યાયપૂર્વક વિચાર કરે કે, જો એક લાખ ચોવીસ હજાર વ્યક્તિઓ વિવિધ યુગો, વિવિધ દેશો, વિવિધ ભાષાઓમાં એક જ વાતનો ઉલ્લેખ કરે અને એ બાબતનું આમંત્રણ આપનારા લોકો સાચા અને ભરોસાપાત્ર હતા તો આવી વાત એક તટસ્થ અને ન્યાય તોલનાર વ્યક્તિ માટે માની લેવા માટે પૂરતી થઈ જાય છે અને જ્યારે કે અંબિયા (અલૈ.) પોતાની વ્યક્તિગત ખાસિયતોમાં તથા તેમના આચાર-વિચાર, સચ્ચાઈ અને ન્યાયપૂર્ણ જીવનમાં અને ન્યાયપૂર્ણ અખ્લાકમાં માનવજીવનની ઉચ્ચતાના શિખરે બિરાજતા હોય છે અને તેઓ ઉચ્ચ અખ્લાકના પ્રત્યેક માપદંડોમાં પૂર્ણ હોય છે, માટે કોઈ તટસ્થ વ્યક્તિ ચોક્કસ એવો વિશ્વાસ કર્યા વિના નથી રહી શકતો કે, તેમની વાત સાચી છે અને તેમની દા'વત (આમંત્રણ) તદ્દન સત્ય છે તથા દુનિયા અને આખિરતની સફળતા છે.

શરૂઆતની બીજી અને ત્રીજી આયતોમાં તવહીદનો જે વિષય રજૂ કરવામાં આવ્યો તેના સંદર્ભે હદીષની રિવાયતોમાં છે કે, અમુક નસારા આપ ﷺની સેવામાં હાજર થયા અને તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ શરૂ કર્યો. રસૂલુલ્લાહ ﷺએ અલ્લાહ જલ્લ શા'નુહુની તવહીદની સાબિતી માટે આ બે દલીલો અલ્લાહ તઆલાના હુકમથી રજૂ કરી, જેનો ઈસાઈઓ જવાબ આપી ન શક્યા. ત્યારબાદ ચોથી અને પાંચમી આયતમાં પણ આ જ તવહીદની પૂર્ણતા છે. પાંચમી આયતમાં અલ્લાહ તઆલાએ સૃષ્ટિના કણે-કણ ઉપર છવાયેલા પોતાના વિશાળ ઈલ્મનો ઉલ્લેખ કર્યો છે. છઠ્ઠી આયતમાં તેની સંપૂર્ણ કુદરત અને તેના સર્વશક્તિમાન અને માલિક હોવાનો ઉલ્લેખ છે કે, તેણે મનુષ્યને માં ના ગર્ભમાં ત્રણ અંધારાના પડદામાં પોતાની ઉચ્ચ હિકમત અને કુદરતથી બનાવ્યો અને તેના સ્વરૂપ તથા રંગ-રૂપની તે કારીગીરી કરી કે અબજો મનુષ્યોમાં એકપણ વ્યક્તિ બીજાને સંપૂર્ણ મળતો આવતો સમાન ચહેરો-મહોરો ધરાવતો નથી (એટલે સુધી કે જગતમાં હઝરત આદમ અલૈ.થી લઈને આજદિન સુધી પૈદા થનાર કોઈ બે

મનુષ્યના અંગૂઠાની છાપ સુદ્ધાં પણ એકસરખી નથી અને આ બાબત આધુનિક વિજ્ઞાનના પ્રયોગોથી સિદ્ધ થઈ ચૂકી છે. –અનુવાદક) એટલા માટે અલ્લાહના છવાયેલા ઈલ્મ અને સંપૂર્ણ કુદરતનો બૌદ્ધિક તકાદો એ છે કે, ઈબાદત ફક્ત તેની જ કરવામાં આવે. તેના સિવાય કોઈપણ સજીવ–નિર્જીવ જ્ઞાન અને શક્તિનું તેના જેવું સ્થાન ધરાવતા નથી. એટલા માટે ઈબાદતને પાત્ર માત્ર તે જ પવિત્ર જાત છે. અન્ય કોઈ ઈબાદતના પાત્ર હોવાની કલ્પના સુદ્ધાં કરી શકાય નહીં.

એ જ પ્રમાણે તવહીદના ખુલાસા સ્વરૂપે અલ્લાહ તઆલાની જાત વિશે અગત્યની સિફતો આ ચાર આયતોમાં આવી ગઈ. બીજી આયતમાં તેના હંમેશા જીવંત હોવાની અને દરેકને સંભાળવાની સિફત, ચોથી આયતમાં તેનું ઈલ્મ છવાયેલું અને પ્રત્યેક વસ્તુ ઉપર ગાલિબ છે તે સિફત અને પાંચમી આયતમાં તેની સંપૂર્ણ ઈલ્મ અને કુદરતની સિફત. આ પ્રમાણે આવી ઠોસ સિફતો (ગુણ–લક્ષણો) જેનામાં છે દેખીતું છે કે, તે જ ઈબાદતના પાત્ર છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૭)

هُوَ الَّذِيْٓ اَنْزَلَ عَلَيْكَ الْكِتٰبَ مِنْهُ اٰيٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ اُمُّ الْكِتٰبِ
وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ۭ فَاَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ زَيْغٌ فَيَتَّبِعُوْنَ مَا تَشَابَهَ
مِنْهُ ابْتِغَاۗءَ الْفِتْنَةِ وَابْتِغَاۗءَ تَاْوِيْلِهٖ ۚ وَمَا يَعْلَمُ تَاْوِيْلَهٗٓ اِلَّا اللّٰهُ ۘ وَالرّٰ
سِخُوْنَ فِي الْعِلْمِ يَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ۷

તરજુમો :

(હે મુહમ્મદ ﷺ !) તે જ છે જેણે તમારા ઉપર કિતાબ નાઝિલ કરી, તેમાં અમુક મુહકમાત (સ્પષ્ટ, નિશ્ચિત અને ચોખ્ખા અર્થવાળી) આયતો છે, તે કિતાબનો પાયો (મૂળ અને આધાર) છે; અને બીજી મુતશાબિહાત (ગૂઢ–ગુપ્ત અથવા અનેક અર્થોવાળી) છે, બસ ! જે લોકોના દિલોમાં વક્રતા (ખોટ અને કપટ) છે તેઓ ફસાદ (ગુમરાહી) ફેલાવવાના હેતુથી અને તેનું (ખોટું) અર્થઘટન કરવાના હેતુથી મુતશાબિહાતની પાછળ પડયા રહે છે;

અને તેનો (સાચો) અર્થ અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી, અને મજબૂત (સાચા–પ્રખર) ઈલ્મવાળા (જ્ઞાનીઓ) કહે છે અમે તેના ઉપર ઈમાન લાવ્યા, બધું જ અમારા પરવરદિગાર તરફથી છે અને બુદ્ધિશાળીઓ સિવાય કોઈ સમજતું નથી (બોધ ગ્રહણ કરતું નથી). (૭)

આયતોની ગોઠવણી :

પાછલી ચાર આયતોમાં અલ્લાહ તઆલાની તવહીદનો ઉલ્લેખ હતો, આ આયતોમાં તવહીદ વિરૂદ્ધ ઉપસ્થિત થતી અમુક શંકાઓનો જવાબ છે. ઘટના એમ છે કે, એક વખતે નજરાનના અમુક ઈસાઈઓ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને ધાર્મિક વાર્તાલાપ શરૂ કર્યો. આપ ﷺએ ઈસાઈઓના ત્રિનીટી–ત્રણ ખુદા અકીદહ (૧. ખુદા કે બાપ, ૨. હૉલી સ્પીરીટ કે મરીયમ, ૩. બેટા ઈસાની રોશની)નો રદિયો ખૂબ સ્પષ્ટ રીતે વિગતવાર છણાવટ કરીને આપ્યો અને અલ્લાહ તઆલાની તવહીદ સાબિત કરી. રસૂલે કરીમ ﷺએ પોતાના દા'વા માટે અલ્લાહ તઆલાની કાયમી જીવંત રહેવાની દલીલ અને તેની સંપૂર્ણ કુદરત તથા સર્વત્ર છવાયેલા ઈલ્મ અને સૃષ્ટિનું સર્જન એકમાત્ર અલ્લાહે જ કર્યું છે; તેમાં કોઈ ભાગીદાર ન હોવાની દલીલો કરી. આ બધી દલીલો ઈસાઈઓને સ્વીકારવી પડી, જ્યારે અલ્લાહની તવહીદ (અલ્લાહનું એકમાત્ર હોવું) સાબિત થઈ ગયું તો તેમની ત્રિનીટીની માન્યતા ખોટી હોવાનું પણ સાબિત થઈ ગયું. ત્યારબાદ એ લોકોએ કુર્આનના અમુક શબ્દો ઉપર શંકાઓ રજૂ કરી, જેમાં હઝરત ઈસા (અલૈ.)ની રૂહ અલ્લાહ તઆલા તરફથી સીધે–સીધી હોવાનું વર્ણન છે કે, આ શબ્દોમાં હઝરત ઈસા (અલૈ.) ખુદાઈમાં સામેલ હોવું સાબિત થાય છે.

અલ્લાહ તઆલાએ આ આયતમાં તે બધી શંકાઓને સમાપ્ત કરી દીધી કે, આ વાક્યો "મુતશાબિહાત" (ગૂઢ અર્થોવાળા) છે, તેનો મનમાન્યો અર્થ કોઈએ કરવાનો નથી. બલકે, તેનો અર્થ તો અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺ વચ્ચે એક રહસ્ય છે, એના ઉપર એ જ પ્રમાણે ઈમાન લાવવું જરૂરી છે કે, અલ્લાહ તઆલાને તેનો જેવો પણ અર્થ મંજૂર છે, બિલકુલ સત્ય છે. આવી આયતોમાં વધારે પિષ્ટપેષ્ણ કે ખણખોદ કરવાની પરવાનગી નથી.

તફસીર :

તે (અલ્લાહ તઆલા) એવો છે જેણે તમારા ઉપર કિતાબ નાઝિલ કરી જેનો એક વિભાગ એ આયતો છે જે સ્પષ્ટ (સાફ-સાફ અર્થોવાળી મુહકમાત) છે, (એટલે કે તેનો મતલબ "સ્પષ્ટ" છે) અને આ જ આયતો અસલી આધાર છે (આ) કિતાબ (એટલે કે કુર્આન)નો. (એટલે કે તેના અર્થ પણ બિલકુલ સ્પષ્ટ અને ચોખ્ખે-ચોખ્ખા જાહેર કરવામાં આવે છે.) અને બીજી આયતો એવી છે જે મુતશાબિહાત છે (એટલે જે ગૂઢાર્થોવાળી છે) બસ, જે લોકોના દિલોમાં ખોટ છે તો તેઓ તેના એ વિભાગ પાછળ પડી જાય છે, જે મુતશાબિહાત છે (જેથી તેઓ દીનમાં) ફસાદ ફેલાવવાના હેતુથી અને (ખોટું) અર્થઘટન કરવાના ઈરાદાથી (પોતાની ખોટી માન્યતા પ્રમાણે તેનો અર્થ પ્રાપ્ત કરે) જ્યારે કે, તેનો (સાચો) અર્થ અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું (અથવા જો અલ્લાહ પોતે કુર્આન અથવા હદીષ દ્વારા તેનો અર્થ ખુલ્લમ-ખુલ્લો ઈશારાથી બતાવી આપે, જેમકે શબ્દ "સલાહ"નો અર્થ સ્પષ્ટ રીતે જાણ થઈ ગઈ અને "ઉસ્તવા અલલ્ અર્શ" વગેરેના અર્થઘટનની અમુક કાયદાઓ આધારે જાણ થઈ તો એ જ પ્રમાણે બીજી બાબતોની પણ જાણ થઈ શકે છે એનાથી વિશેષ જાણ થઈ શકતી નથી, જેમકે કુર્આનના "હુરૂફે મુકત્તઆત્" અલિફ, લા'મ, મીમ વગેરેનો અર્થ કોઈને ખબર નથી અને અમુક વિદ્વાનોની માન્યતા પ્રમાણે "ઉસ્તવા અલલ્ અર્શ"નો અર્થ પણ કોઈને ખબર નથી.) અને (એ જ કારણે) જે લોકો (દીનના) જ્ઞાનમાં પાકા (અને સમજદાર) છે તેઓ (આવી આયતો વિશે) એવું કહે છે કે અમે તે (બાબતો)ના ઉપર (એ જેવી છે એવી) યકીન રાખીએ છીએ, બધી (આયતો જાહેર અર્થવાળી અને ગૂઢાર્થોવાળી પણ) અમારા પરવરદિગાર તરફથી છે (બસ, એનો જે કંઈ પણ અર્થ થતો હોય તે સત્ય છે) અને શિખામણ(ની વાતને) તે લોકો જ સ્વીકારે છે જેઓ બુદ્ધિશાળી છે. (એટલે કે બુદ્ધિનો તકાદો પણ એ જ છે કે લાભકારક અને જરૂરી વાતોમાં મશગૂલ રહે તથા નુકસાનકારક અને વ્યર્થ વાતો અને કિસ્સાઓમાં સમય બરબાદ ન કરે.)

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાએ "મુહકમાત" અને "મુતશાબિહાત" આયતોનું વર્ણન ફરમાવીને એક સર્વસામાન્ય સિદ્ધાંત અને કાયદો બતાવ્યો, જેને

સમજી લેવાથી ઘણી બધી શંકાઓ અને વસવસાઓ સમાપ્ત થઈ શકે છે, જેની સ્પષ્ટતા એ છે કે, કુર્આન શરીફમાં બે પ્રકારની આયતો જોવા મળે છે. એક પ્રકાર "મુહકમાત" કહેવાય છે અને બીજો પ્રકાર "મુતશાબિહાત" છે.

"મુહકમાત" તે આયતોને કહે છે જેનો અર્થ એવા વ્યક્તિ પર બિલકુલ સ્પષ્ટ અને જાહેર થઈ જાય કે, જે અરબી ભાષાના કાયદાઓ સારી રીતે જાણે છે એ જ પ્રમાણે જે આયતોની તફસીર તથા અર્થ આ વ્યક્તિને ન સમજાય તેને "મુતશાબિહાત" કહે છે. *(મઝહરી, ભાગ : ૬)*

પ્રથમ પ્રકારની આયતોને અલ્લાહ તઆલાએ "ઉમ્મુલ કિતાબ" (કુર્આનનું મૂળ-પાયો-આધાર) કહી છે, જેનો ભાવાર્થ એ છે કે કુર્આનના સમગ્ર શિક્ષણ અને કાયદાઓનો મૂળ આધાર આ જ આયતો છે. જેનો ભાવાર્થ અને મફહૂમ (સમજવામાં આવતો ભાવાર્થ) કોઈપણ પ્રકારની શંકા અને ગૂંચવાડાથી પાક હોય છે.

બીજા પ્રકારની આયતોમાં સંબોધન કરનારનો ભાવાર્થ વિશાળ હોઈ શકે છે તથા ચોક્કસ કોઈ એક નિશ્ચિત બાબત પર કેન્દ્રિત હોતો નથી. આવી આયતોને મુતશાબિહાત કહે છે. એટલા માટે એવી આયતો સમજવા વિશેની સાચી રીત એ છે કે, તેની "મુહકમાત" પ્રકારની આયતો દ્વારા ચકાસણી કરવી જોઈએ. જો ભાવાર્થ તેના વિરૂદ્ધ જાય તો તેવા અર્થનો સદંતર નકાર કરવામાં આવે અને જે કંઈ આયતમાં સંબોધન થયું હોય તેનો અર્થ એવો જ સમજવામાં આવશે કે જે "મુહકમાત" આયતોના વિરૂદ્ધ ન થતો હોય અને તેમાં કોઈ એવી તા'વીલ (કે જેમાં અર્થને તોડવો-મરોડવો પડે) અથવા એવો ખુલાસો સત્ય સમજવામાં નહિ આવે જે મૂળ આધાર અને "મુહકમાત" આયતો વિરૂદ્ધ હોય. દાખલા તરીકે, કુર્આન શરીફમાં હઝરત ઈસા (અલૈ.) વિશે સ્પષ્ટતા કરવામાં આવી કે, "اِنْ هُــوَ اِلَّاعَبْدٌ اَنْعَمْنَا عَلَيْهِ" "તે કંઈ નથી પરંતુ અમારો બંદો છે જેના ઉપર અમારું ઈનામ થયું." (સૂ. ૪૩ : આ. ૫૯) એ જ પ્રમાણે બંને સ્થળે ફરમાવ્યું,

"اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَاللّٰهِ كَمَثَلِ اٰدَمَ خَلَقَهٗ مِنْ تُرَابٍ"

"અલ્લાહ પાસે (હઝરત) ઈસા (અલૈ.)નું ઉદાહરણ (હઝરત) આદમ (અલૈ.) જેવું છે, જેમને માટી(ના ગાળા)માંથી પૈદા કરવામાં આવ્યા."

(સૂ. ૩ : આ. ૫૯)

આ આયતો અને એના જેવી બીજી ઘણી આયતોથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે, હઝરત ઈસા (અલૈ.) અલ્લાહ તઆલાના નેક બંદા, નબી અને તેમની મખ્લૂક છે. એટલા માટે ઈસાઈઓનો તેમના વિશે અલ્લાહના પુત્ર હોવાનો દા'વો કરવો સદંતર ખોટી બાબત છે.

હવે, જો કોઈ વ્યક્તિ આ બધી "મુહકમાત" (સ્પષ્ટ અર્થવાળી) આયતોથી આંખો મીંચીને ફક્ત كَلِمَةُ اللّٰهِ (અલ્લાહના શબ્દો) અને "رُوْحٌ مِّنْهُ" (તેની રૂહોમાંથી) વગેરે "મુતશાબિહાત"ને લઈને દોડવા માંડે અને તેનો એવો અર્થ સમજવા લાગે જે કુર્આનની અનેક "મુહકમાત" આયતો વિરૂદ્ધ જતો હોય તો આ બાબત તેના દિલની ખોટ છે અને એ તેની હઠધર્મીને સ્પષ્ટપણે સાબિત કરે છે.

મુતશાબિહાતનો સાચો અર્થ ફક્ત અલ્લાહ તઆલાને જ ખબર છે. એટલા માટે તે પોતાની કૃપા અને અહેસાન વડે જેને પણ જેટલા પ્રમાણમાં તેની જાણ કરવા ઈચ્છે છે; કરી આપે છે, માટે આવી "મુતશાબિહાત" આયતોને પોતાના વ્યક્તિગત અભિપ્રાય પ્રમાણે દલીલ બનાવવા ખેંચી લાવવી સહીહ નથી.

فَاَمَّا الَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ زَيْغٌ "હવે જેમના દિલોમાં ખોટ છે." આ આયતથી અલ્લાહ તઆલાએ ઉલ્લેખ કર્યો છે કે, જે લોકો સાચા, વિવેકબુદ્ધિ ધરાવનાર અને સમજદાર હોય છે, તેઓ "મુતશાબિહાત" વિશે ઊંડા સંશોધન અને ખણખોદમાં પડતા નથી. બલકે, સામૂહિક રીતે આ આયત ઉપર આ પ્રમાણે ઈમાન લાવે છે કે, એ પણ અલ્લાહ તઆલાનું જ કલામ છે. જો કે, તેણે કોઈ મસ્લિહતના કારણે અમને તેના અર્થની વિસ્તારપૂર્વક જાણ નથી કરી. વાસ્તવમાં આ જ રીત સલામતી અને કાળજીની છે. તેનાથી વિપરીત અમુક એવા લોકો પણ છે જેમના દિલોમાં ખોટ છે, તેઓ "મુહકમાત"થી આંખો બંધ કરીને "મુતશાબિહાત"ના સંશોધન પાછળ પડી જાય છે અને તેનો પોતાની મનેચ્છા પ્રમાણે અર્થ કાઢીને લોકોને માર્ગ ભટકાવી ગુમરાહ કરવાનો પ્રયત્ન કરતા રહે છે. આવા લોકો વિશે કુર્આન અને હદીષમાં સખત ચેતવણી આવી છે.

હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે તમે એવા લોકોને જુઓ જે 'મુતશાબિહાત'ની ખણખોદમાં લાગેલા છે તો તમે એમનાથી દૂર ભાગો. કારણ કે, તેઓ એ જ લોકો છે, જેમનું વર્ણન અલ્લાહ તઆલાએ કુર્આનમાં કર્યું છે." *(બુખારી, જિલ્દ : ૨)*

એક બીજી હદીષમાં ઇરશાદ ફરમાવ્યો, “મને મારી ઉમ્મત માટે ત્રણ વાતોનો ભય છે. પ્રથમ એ કે, અતિશય માલ મળી જાય જેના કારણે પરસ્પર અદેખાઈ (ઈર્ષ્યા)માં સપડાઈ જાય અને માર–ધાડ (ખૂનામરકી) કરવા લાગે, બીજું એ કે, અલ્લાહની કિતાબ સામે ખૂલી જાય (એટલે કે તરજુમો કરીને દરેક સામાન્ય અને જાહિલ–અજ્ઞાની પણ તેને સમજવાનો દા'વેદાર બની જાય) અને તેમાં જે વાતો (તેમને) સમજવાની નથી, એટલે કે ''મુતશાબિહાત''નો અર્થ સમજવાનો પ્રયત્ન કરશે. જ્યારે કે, તેનો અર્થ ફક્ત અલ્લાહ જ જાણે છે. ત્રીજું એ કે, તેમનું જ્ઞાન વધી જાય તો તેને વેડફી નાંખે (વ્યર્થ–બરબાદ કરી દે) અને જ્ઞાન વધારવા સંશોધન કરવાનું છોડી દે.” *(ઇબ્ને કષીર, બહવાલએ તબરાની)*

وَالرَّاسِخُونَ فِى الْعِلْمِ يَقُولُونَ اٰمَنَّا بِهٖ ''રાસિખૂન ફિલ ઇલ્મિ'' કયા લોકો છે ? તેમાં ઉલમાના વિવિધ અભિપ્રાયો છે. પ્રચલિત અભિપ્રાય એ છે કે, તે લોકો ''અહલે સુન્નત વલ જમાઅત'' છે, જેઓ કુર્આન અને સુન્નતના તે જ અર્થઘટનો અને સ્પષ્ટતાને સાચી સમજે છે, જે સહાબએ કિરામ (રદિ.) અને સલફે સાલિહીન તથા ઇજ્માએ ઉમ્મત દ્વારા વર્ણન થયું હોય છે અને કુર્આનના શિક્ષણને પ્રાધાન્ય આપી ''મુહકમાત''ને તેનું કેન્દ્ર સમજે છે તથા મુતશાબિહાતનો અર્થ જે તેમની સમજ અને બુદ્ધિ–મર્યાદાથી બહાર હોય તેના વિશે પોતાની ટૂંકી દૃષ્ટિ અને અધૂરા ઇલ્મનો સ્વીકાર કરી તેને અલ્લાહને સોંપે છે અને પોતાના જ્ઞાન તથા ઈમાનની શક્તિ ઉપર ઘમંડ કરતા નથી. બલકે, અલ્લાહ તઆલા પાસે ઈમાનમાં મજબૂતી પ્રદાન કરવા તેની કૃપાદૃષ્ટિ અને રહમો કરમના હંમેશા તલબગાર (યાચક) રહે છે, તેમના સ્વભાવમાં ફિત્ના–ફસાદ માટે અણગમો હોય છે કે, તેઓ ''મુતશાબિહાત'' પાછળ લાગેલા નથી રહેતા તથા ''મુહકમાત'' અને ''મુતશાબિહાત'' બંનેને સત્ય સમજે છે. કારણ કે, તેમને વિશ્વાસ છે કે, આ બંને પ્રકારની આયતો એક જ સ્ત્રોત અને માધ્યમથી આવેલ છે. અલબત્ત, એક પ્રકાર એટલે કે, ''મુહકમાત''નો અર્થ અમારા માટે જાણવો લાભકારક અને જરૂરી હતો એટલા માટે અલ્લાહે તેને અમારાથી છુપાવેલો ન રાખ્યો બલકે, સ્પષ્ટ રીતે ચોખ્ખે–ચોખ્ખો વર્ણન કરી દીધો અને બીજો પ્રકાર એટલે કે, ''મુતશાબિહાત''નો અર્થ અલ્લાહ તઆલાએ પોતાની મસ્લિહતથી વર્ણન ન કર્યો એટલા માટે તેને જાણવું અમારા માટે જરૂરી નથી. આવી આયતો ઉપર સામૂહિક રીતે ઈમાન લાવવું પૂરતું છે. *(મઝહરી)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૮ - ૯)

رَبَّنَا لَا تُزِغْ قُلُوبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِن لَّدُنكَ رَحْمَةً ۚ إِنَّكَ أَنتَ الْوَهَّابُ ﴿٨﴾

رَبَّنَا إِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيهِ ۚ إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ ﴿٩﴾ ع

તરજુમો :

હે અમારા પરવરદિગાર ! અમારા દિલોને ફેરવીશ નહીં (સીધા માર્ગથી ભટકાવીશ નહીં), જ્યારે કે તેં અમને હિદાયત (સીધી રાહ) આપી દીધી; અને અમને તારી પાસેથી રહમત (કૃપા) એનાયત કર, બેશક ! તું જ સઘળું કંઈ આપનાર છે. (૮) હે અમારા પરવરદિગાર ! બેશક, તું એક દિવસે લોકોને ભેગા કરવાનો છે, જે (દિવસ આવવા)માં કોઈ શંકા નથી, બેશક ! અલ્લાહ પોતાના વાયદાનો ભંગ કરતો નથી. (૯)

આયતોની ગોઠવણી :

પાછલી આયતોમાં સચ્ચાઈના સમર્થકોના એક વિશેષ ગુણનો ઉલ્લેખ થયો હતો કે, જ્ઞાન અને ગુણોના માલિક હોવા છતાં તેઓ અભિમાની ન હતા. બલકે, અલ્લાહ તઆલા પાસે આ ગુણો અને નેકીઓ ઉપર ટકી રહેવાની દુઆ કરતા હતા. હવે, આગળની આયતમાં અલ્લાહ તઆલા તેમના અન્ય ગુણો અને ખાસિયતોનો ઉલ્લેખ કરે છે.

તફસીર :

હે અમારા પરવરદિગાર ! અમારા દિલોને માર્ગ ન ભટકાવ, ત્યાર પછી કે, તેં અમને (સચ્ચાઈ અને સીધા માર્ગનું) માર્ગદર્શન આપી દીધું છે અને અમને તારી પાસેથી (તારી ખાસ) કૃપા અર્પણ કર (તે કૃપા એ છે કે, તું અમને "સિરાતે મુસ્તકીમ" સત્ય અને સીધા માર્ગ પર કાયમ રાખ). બેશક ! તું ઘણો મહાન અતા (એનાયત) કરનારો છે. હે અમારા પરવરદિગાર ! (અમે માર્ગ ભટકવાથી બચવા માટે અને સચ્ચાઈ ઉપર કાયમ રહેવા માટે આ દુઆ માંગીએ છીએ, દુનિયાના કોઈ સ્વાર્થ માટે નથી માંગતા. બલકે, ફક્ત આખિરતના છુટકારા માટે માંગીએ છીએ. કારણ કે, અમારો અકીદહ છે કે) તું બેશક ! બધા જ લોકોને (મેદાને મહશરમાં) ભેગા કરનારો છે, તે દિવસે જેના (આવવામાં) કોઈ શંકા નથી

(એટલે કે કયામતનો દિવસ આવવામાં કોઈ શંકા નથી કે, તે દિવસ આવવાનો અલ્લાહે વાયદો કર્યો છે અને) બેશક ! અલ્લાહ તઆલા પોતાના વાયદાનો ભંગ નથી કરતો, (એટલા માટે કયામત ચોક્કસ આવશે તેથી જ અમને એની ફિકર-ચિંતા છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતથી ખબર થાય છે કે, હિદાયત અને ગુમરાહી અલ્લાહ તરફથી છે, અલ્લાહ તઆલા જ્યારે હિદાયત આપવા ઈચ્છે છે તો વ્યક્તિના દિલને નેકી (ભલાઈ) તરફ લઈ જાય છે અને જેને ગુમરાહ કરવા ઈચ્છે છે તેના દિલને સીધા માર્ગથી ભટકાવી દે છે.

એટલા માટે એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે, "કોઈ દિલ એવું નથી જે અલ્લાહ તઆલાની આંગળીઓમાં બે આંગળીઓની વચ્ચે ન હોય ! અને તે જ્યાં સુધી ઈચ્છે છે ત્યાં સુધી સચ્ચાઈ પર કાયમ રાખે છે અને જ્યારે ઈચ્છે છે સચ્ચાઈથી ભટકાવી દે છે."

તે "કાદિરે મુતલક" (સર્વ શક્તિમાન) છે, જે ઈચ્છે છે તે કરે છે. એટલા માટે જે લોકોને દીન પર કાયમ રહેવાની ચિંતા છે તે હંમેશા પોતાના અલ્લાહ પાસે "ઈસ્તિકામત" (સચ્ચાઈ પર કાયમ ટકી રહેવાની) દુઆ માંગે છે. રસૂલે કરીમ ﷺ હંમેશા "ઈસ્તિકામત"ની દુઆ માંગ્યા કરતા હતા, એટલા માટે એક હદીષમાં છે કે يَامُقَلِّبَ الْقُلُوْبِ ثَبِّتْ قُلُوْبَنَا عَلٰى دِيْنِكَ "હે દિલોના ફેરવનાર! અમારા દિલોને પોતાના દીન પર કાયમ રાખ." *(મઝહરી, જિલ્દ : ૨)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૦-૧૧-૧૨)

إِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَآ أَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ط
وَأُولٰٓئِكَ هُمْ وَقُوْدُ النَّارِ ۝١٠ كَدَأْبِ اٰلِ فِرْعَوْنَ لا وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ط
كَذَّبُوْا بِاٰيٰتِنَا ج فَأَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ط وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ۝١١
قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَتُحْشَرُوْنَ إِلٰى جَهَنَّمَ ط وَبِئْسَ الْمِهَادُ ۝١٢

તરજુમો :

બેશક ! જે લોકો કાફિર છે, તેમનો માલ અને તેમના સંતાનો કદાપિ અલ્લાહ સામે કંઈ જ તેમના કામ નહિ લાગે; અને તેઓ જ તે દોઝખનું બળતણ (ઈંધણ) છે. (૧૦) જેમકે ફિરઔનની કૌમ સાથે બન્યું, અને તેઓ સાથે (પણ) જે તેમનાથી પહેલાં હતા; તેમણે અમારી આયતોને જૂઠાડી તો અલ્લાહે તેમની તેમના ગુનાહો ઉપર પકડ કરી, અને અલ્લાહનો અઝાબ ઘણો કઠોર છે. (૧૧) જે લોકોએ કુફ્ર કર્યું તેમને કહી આપો ! તમે ઘણા જ જલદી પરાજિત થશો, અને જહન્નમ તરફ હાંકવામાં આવશો; અને તે કેવું ખરાબ ઠેકાણું છે ! (૧૨)

તફસીર :

જે લોકો કુફ્ર કરે છે, ચોક્કસ તેમનો માલ (દૌલત) અને તેમની ઔલાદ અલ્લાહ તઆલાના મુકાબલામાં તેમને કદાપિ લેશમાત્ર કામ નહીં લાગી શકે, એવા લોકો જહન્નમનું ઈંધણ હશે (તે લોકો એવા છે) જેમકે ફિરઔનની કૌમ અને તેના અગાઉ થઈ ગયેલા કાફિર લોકો (હતા) કે તેમણે અમારી આયતોને જૂઠાડી (એટલે કે અમારા હુકમોને જૂઠાડ્યા) તેથી અલ્લાહ તઆલાએ તેમની તેમના ગુનાહોના કારણે પકડ કરી, (અલ્લાહની પકડ ઘણી કઠોર છે કારણ કે, તે તેની શા'ન પ્રમાણે છે) અને તે કઠોર સજા આપનારો છે (એવી જ રીતે આ લોકોએ પણ અમારા હુકમોને જૂઠાડ્યા છે તો એમને પણ તેવી જ સજા થશે અને) તે કુફ્ર કરનાર લોકોને કહી આપો (તમે એવું ન સમજો કે પકડ ફક્ત આખિરતમાં થશે. બલકે, અહીંયાં અને ત્યાં બંને જગ્યાએ થશે. એટલા માટે દુનિયામાં) ઘણા જ જલદી તમે (મુસલમાનોના હાથે) પરાજિત થશો અને (આખિરતમાં) જહન્નમ તરફ હાંકીને લઈ જવામાં આવશો અને તે (જહન્નમ) ઘણું જ ખરાબ ઠેકાણું છે.

(બયાનુલ કુર્આન)

મસ્અલા અને બોધપાઠ :

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ શક્ય છે કે કોઈ આ આયત ઉપર શંકા કરે કે, આ આયતથી તો એવી જાણ થાય છે કે, કાફિરો પરાજિત થશે, જ્યારે કે કાફિરો દુનિયામાં પરાજિત નથી ! પરંતુ એમાં કોઈ શંકા નથી કે અહીંયાં આ આયતમાં

કાફિરોનો ભાવાર્થ આખી દુનિયાના કાફિરો નથી. બલકે, રસૂલે કરીમ ﷺના સમયના મુશ્રિકો અને યહૂદીઓ માટે આ સંબોધન છે. એટલા માટે મુશ્રિકોને કત્લ અને કૈદ વડે તથા યહૂદીઓને પણ કત્લ અને કૈદ તથા જજિયાવેરા તથા દેશનિકાલની સજા વડે પરાજિત કરવામાં આવ્યા હતા.

આયત (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૩)

قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ فِيْ فِئَتَيْنِ الْتَقَتَا ۭ فِئَةٌ تُقَاتِلُ فِيْ سَبِيْلِ اللّٰهِ وَاُخْرٰى كَافِرَةٌ يَّرَوْنَهُمْ مِّثْلَيْهِمْ رَاْيَ الْعَيْنِ ۭ وَاللّٰهُ يُؤَيِّدُ بِنَصْرِهٖ مَنْ يَّشَاۗءُ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَعِبْرَةً لِّاُولِي الْاَبْصَارِ ⑬

તરજુમો :

અલબત્ત, તે બંને સૈન્યો જેઓ પરસ્પર (બદ્રના યુદ્ધમાં) સામ-સામે થયા, તેમાં તમારા માટે એક નિશાની હતી; એક સૈન્ય અલ્લાહના માર્ગમાં લડે છે, અને બીજા કાફિરો છે; જેઓ નરી આંખે એમને પોતાના કરતાં બમણા જૂએ છે, અને અલ્લાહ પોતાની મદદ વડે જેને ચાહે બળ (શક્તિ) આપે છે; બેશક! એમાં જોનારાઓ (બુદ્ધિશાળીઓ) માટે એક બોધપાઠ છે. (૧૩)

આયતોની ગોઠવણી :

પાછળની આયતોમાં કાફિરો પરાજિત થવાની ખબર આપવામાં આવી હતી. હવે, આ આયતથી તેનું એક ઉદાહરણ દલીલ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે.

તફસીર :

બેશક ! તમારા માટે (દલીલ સ્વરૂપે) બે સૈન્યો જેઓ (બદ્રની લડાઈ વખતે) એકબીજાના મુકાબલામાં સામ-સામે હતા, તેમાં તમારા માટે મોટી નિશાની છે; એક સૈન્ય (એટલે કે મુસલમાનોનું) તો અલ્લાહના રસ્તામાં લડતું હતું અને બીજું સૈન્ય કાફિર લોકોનું છે (અને કાફિરો એટલા વધારે હતા કે) આ કાફિરો પોતાને (સૈન્યને) જોઈ રહ્યા હતા કે તેઓ મુસલમાનોથી ઘણા (વધારે) છે (અને આવું જોવું પણ કોઈ ભ્રમ કે કલ્પના ન હતી બલકે) તે નરી આંખોથી;

(જેમાં કોઈપણ પ્રકારની શંકા ન હતી, પરંતુ કાફિરો આટલી મોટી સંખ્યામાં હોવા છતાં પણ અલ્લાહ તઆલાએ મુસલમાનોને વિજય આપ્યો) અને (વિજય આપવો કે પરાજિત કરવું ફક્ત અલ્લાહ તઆલાની કુદરતમાં છે) અલ્લાહ તઆલા પોતાની મદદ વડે જેને ચાહે છે તેને બળ (શક્તિ) આપે છે. (બસ) બેશક! આ (ઘટના)માં એક ઘણો મોટો બોધપાઠ (અને નમૂનો) છે, જોનારાઓ (બુદ્ધિશાળીઓ) માટે !

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં જંગે બદ્રની ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં કાફિરો લગભગ ૧૦૦૦ જેટલા હતા, જેમની પાસે ૭૦૦ ઊંટો અને ૧૦૦ ઘોડા હતા. બીજી બાજુ મુસલમાન મુજાહિદો ૩૦૦થી થોડા વધારે હતા, જેમની પાસે કુલ ૭૦ ઊંટો, બે ઘોડા, છ બખ્તર અને આઠ તલવારો હતી અને મજાની વાત તો એ હતી કે, બંને સૈન્યને સામેનું સૈન્ય પોતાના કરતાં બમણું દેખાતું હતું, જેનું એ પરિણામ આવ્યું કે, કાફિરોના દિલો મુસલમાનોની સંખ્યા વધારે હોવાની કલ્પનાથી પ્રભાવિત થઈ ગયા હતા અને મુસલમાન પોતાની બમણી સંખ્યા જોઈને વધારેને વધારે અલ્લાહ તરફ કેન્દ્રિત થતા હતા. અને અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો અને સંપૂર્ણ ધીરજથી અલ્લાહના વાયદા اِنْ يَّكُنْ مِّنْكُمْ مِائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ "જો તમારામાં અડગ રહેનારા એકસો હશે તો તેઓ બસો ઉપર વિજયી બનશે." (સૂ. : ૮, આ. : ૬૬) ઉપર સંપૂર્ણ વિશ્વાસ કરી વિજય અને મદદની આશા રાખતા હતા. જો કાફિરોની કુલ સંખ્યા મુસલમાનોની સંખ્યા કરતા ત્રણ ઘણી હતી, તે સાબિત થઈ જાય તો શક્ય હતું કે, તેમના દિલોમાં ડર છવાઈ ગયો હોત. આ બંને સૈન્યોનું સામેના સૈન્યની બે ઘણી સંખ્યા જોવું અમુક હવાલાઓમાં આવ્યું છે. નહિતર અમુક હવાલાઓ એવા પણ હતા જેમાં દરેકને બીજાનું સૈન્ય ઓછું દેખાતું હતું, જેમકે સૂરએ અનફાલમાં આવશે.

અલબત્ત, એક નાનું સૈન્ય જે ખૂબ ઓછી સંખ્યામાં તથા ખૂબ ઓછી યુદ્ધ સામગ્રીથી સજ્જ હતું, તે એક ખૂબ જ મજબૂત અને યુદ્ધ સામગ્રીથી સંપૂર્ણ સજ્જ એવા સૈન્યના મુકાબલામાં ઊભું હતું. મક્કામાં કરવામાં આવેલ આગાહીઓ અને ખુશખબરીઓ પ્રમાણે આ સૈન્યને સફળતા મળવી દીર્ઘદષ્ટિ ધરાવનાર બુદ્ધિશાળી લોકો માટે ઘણો જ મોટો બોધપાઠ આપતી ઘટના છે. *(ફવાઈદે અલ્લામહ ઉસ્માની)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૪ થી ૧૭)

زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ مِنَ
الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ الْمُسَوَّمَةِ وَالْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ﴿۱۴﴾ قُلْ اَؤُنَبِّئُكُمْ بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِيْنَ
اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَاَزْوَاجٌ
مُّطَهَّرَةٌ وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿۱۵﴾ اَلَّذِيْنَ يَقُوْلُوْنَ
رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۶﴾ ۚ اَلصّٰبِرِيْنَ وَالصّٰدِقِيْنَ
وَالْقٰنِتِيْنَ وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ بِالْاَسْحَارِ ﴿۱۷﴾

તરજુમો :

મોહક વસ્તુઓની મહોબ્બતે લોકોને મુગ્ધ કરી દીધા (મોહપાશમાં જકડી લીધા) છે, જેમકે સ્ત્રીઓ, અને પુત્રો, અને સોના-ચાંદીના ભેગા કરેલા ઢગલા (ખજાના), અને નિશાનીવાળા ઘોડાઓ, અને ઢોર-ઢાંખર અને ખેતી; આ (બધો) દુનિયાની જિંદગીનો (ફાયદો ઉઠાવવા માટે) સર-સામાન છે અને અલ્લાહ પાસે જ સારું ઠેકાણું છે. (૧૪) કહી આપો ! શું હું તમને એનાથી ઉત્તમ (વસ્તુ) બતાવું ? જે લોકો અલ્લાહથી ડરે છે (પરહેઝગાર છે) તેમના માટે તેમના પરવરદિગાર પાસે બગીચાઓ છે, જેની નીચે નહેરો વહે છે અને તેઓ તેમાં હંમેશાં રહેશે; અને પવિત્ર (સ્વચ્છ) પત્નીઓ તથા અલ્લાહની પ્રસન્નતા; અને અલ્લાહ બંદાઓને ઘણી જ સારી રીતે જોનારો છે. (૧૫) તે લોકો જેઓ કહે છે, હે અમારા પરવરદિગાર ! બેશક ! અમે ઈમાન લાવ્યા, બસ ! અમારા ગુનાહ બખ્શી દે (મા'ફ કરી દે) અને અમને દોઝખના અઝાબથી બચાવ. (૧૬) જેઓ સબ્ર કરનારા (સહનશીલ), અને સાચા, અને હુકમ પૂરો કરનારા, અને (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરનારા, અને મોડી રાત્રે (ગુનાહોની) મા'ફી માંગનારાઓ છે. (૧૭)

આયતોની ગોઠવણી :

અગાઉની આયતોમાં કાફિરો અને મુશ્રિકો દ્વારા ઈસ્લામનો વિરોધ તથા તેમના મુકાબલામાં જિહાદ કરવાનો ઉલ્લેખ હતો અને આ આયતોમાં ઈસ્લામ અને ઈમાનનો વિરોધ તથા બધા જ ખરાબ કૃત્યોના મુખ્ય આશય અને હેતુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, વાસ્તવમાં તે દુનિયાની મહોબ્બત જ છે જેમકે, કોઈ હોદ્દાની કે માલ–દૌલતની લાલચમાં સચ્ચાઈનો વિરોધ કરે છે, અથવા કોઈ મનેચ્છાઓ પૂર્ણ કરવા માટે, તો કોઈ પોતાના પૂર્વજોના રિવાજોની મહોબ્બતના કારણે સચ્ચાઈના મુકાબલામાં ઊભા થઈ જાય છે અને આ બધી વસ્તુઓના મૂળમાં દુનિયાનો પ્રેમ જ હોય છે.

તફસીર :

મનમોહક લાગે છે (મોટા ભાગના) લોકોને પ્રિય વસ્તુઓની મહોબ્બત (દાખલા તરીકે) સ્ત્રીઓ, પુત્રો, સોના–ચાંદીના ખજાનાઓ, નિશાનીવાળા ઘોડાઓ, ઢોર–ઢાંખર, ખેતીવાડી (વગેરે); આ બધી દુનિયવી જીવનમાં ઉપયોગની વસ્તુઓ છે અને અંતે ઉત્તમ (વસ્તુઓ) તો અલ્લાહ પાસે જ છે (જે મૌત પછી કામ આવશે, જેનો ખુલાસો આગળની આયતમાં આવ્યો છે) તમે (તે લોકોને એવું) કહી આપો કે, શું હું તમને એવી વસ્તુ બતાવી આપું જે આ (ઉપરોક્ત) વસ્તુઓથી (અનેકઘણી) ઉત્તમ છે ? (તો સાંભળો !) તો એવા લોકો માટે જેઓ (અલ્લાહ તઆલાથી) ડરે છે તેમના (સાચા) માલિક પાસે એવા બાગ છે (એટલે કે જન્નત) જેની નીચે નહેરો વહે છે અને તેઓ તેમાં (જન્નતમાં) હંમેશાં–હંમેશાં રહેશે. (અને તેમાં) એવી પત્નીઓ છે જેઓ (દરેક રીતે) સ્વચ્છ, પવિત્ર છે અને (તેમના માટે) અલ્લાહની પ્રસન્નતા છે અને અલ્લાહ તઆલા બંદાઓ(ની હાલત)ને ખૂબ સારી રીતે જોનારો છે. (એટલા માટે અલ્લાહથી ડરનારાઓને આ નેઅમતો મળશે, આગળ આ પરહેઝગારોના ગુણોનો ખુલાસો કરવામાં આવ્યો છે કે તેઓ) એવા લોકો (છે) જેઓ કહે છે, હે અમારા પરવરદિગાર ! અમે ઈમાન લઈ આવ્યા, તો બસ તું અમારા ગુનાહોને મા'ફ કરી દે અને અમને દોઝખના અઝાબથી બચાવી લે. (અને તે લોકો) સબ્ર કરનારા છે, અને સાચા છે, અને (અલ્લાહ તઆલાના) હુકમો પૂરા કરનાર છે, અને (નેક

કામોમાં પોતાનો માલ) ખર્ચ કરનારા છે, અને રાતના અંતિમ પહોરમાં (ઊઠી-ઊઠીને) ગુનાહોની મા'ફી માંગનારા છે !

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાનો પ્રેમ સ્વભાવગત બાબત છે પરંતુ તેમાં અતિશયોક્તિ કરવાના પરિણામો અત્યંત ખતરનાક છે :

હદીષમાં ઈરશાદ છે حُبُّ الدُّنْيَا رَأسُ كُلِّ خَطِيْئَةٍ "દુનિયાનો પ્રેમ દરેક ખરાબીનો મુખ્ય સ્ત્રોત છે." પ્રથમ આયતમાં દુનિયાની અમુક મહત્ત્વની મનમોહક વસ્તુઓના નામોનો ઉલ્લેખ કરીને બતાવવામાં આવ્યું કે, લોકોની નજરોમાં તેની મહોબ્બતની ચમક આવી ગઈ છે. એટલા માટે ઘણા લોકો તેની બાહ્ય રોનક ઉપર મોહી પડી આખિરતને ભૂલાવી બેસે છે. જે વસ્તુઓના નામો આ સ્થળે લેવામાં આવ્યા છે, તે મોટા ભાગે દરેક મનુષ્યના આકર્ષણ અને લગાવનું કેન્દ્ર છે, જેમાં સૌ પ્રથમ સ્ત્રી અને ત્યારબાદ ઔલાદ (સંતાનો)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કારણ કે, દુનિયામાં મનુષ્ય જેટલી પણ વસ્તુઓ પ્રાપ્ત કરવાની ચિંતામાં લાગેલો રહે છે તે સૌનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રી અથવા સંતાનોની જરૂરિયાતો પૂરી કરવાનો હોય છે, ત્યાર પછી સોનું-ચાંદી, ઢોર-ઢાંખર અને ખેતીવાડીનો ઉલ્લેખ છે. આ વસ્તુઓ બીજા નંબરે ઈન્સાનની મોહમાયા અને પ્રેમનું કેન્દ્ર છે.

આ આયતનો ખુલાસો અને ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ આ વસ્તુઓની મહોબ્બત સ્વભાવિક રીતે મનુષ્યના દિલોમાં નાંખી દીધી છે, જેમાં હજારો હિકમતો રહેલી છે. તેમાંથી એક હિકમત એ છે કે, જો માનવ પ્રકૃતિ પ્રમાણે આ વસ્તુઓ તરફ વ્યક્તિ કેન્દ્રિત ન થાય અને તેનો પ્રેમ દિલમાં ન હોય તો દુનિયાની સમગ્ર વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય ! કોઈને શું જરૂર છે ખેતી કરવાની તકલીફ બરદાસ્ત કરવાની અથવા મજૂરી કે કલાકારીગીરીની મહેનત કરવાની અથવા વેપારમાં પોતાના રૂપિયા અને મહેનત કામે લગાડવાની !? દુનિયાનો વિકાસ અને તેનું અસ્તિત્વ એના ઉપર જ નિર્ભર છે કે, લોકોના સ્વભાવમાં જ આ વસ્તુઓનો પ્રેમ પૈદા કરવામાં આવે, જેથી તેઓ પોતે જ આ વસ્તુઓ પ્રાપ્ત કરવા અને તેને પોતાની પાસે ભેગી કરવાની ફિકર-ચિંતામાં લાગી જાય. સવારમાં ઉઠીને મજૂર એવી ફિકર લઈને ઘરેથી નીકળે છે કે, થોડા

પૈસા કમાઈ લઉં, માલદાર ઘરેથી એવી ફિકર લઈને નીકળે છે કે, પૈસા ખર્ચ કરી મજૂર લાવું જેનાથી હું મારું કામ પૂરું કરું, વેપારી સારામાં સારો માલ ખરીદી દુકાનમાં સજાવી ગ્રાહકની રાહ જોઈને બેઠો છે કે, તેનાથી કંઈક નફો પ્રાપ્ત કરે, ગ્રાહક અનેક પ્રયત્નો દ્વારા ભેગા કરેલા પૈસા લઈ બજારમાં પહોંચે છે કે, તેનાથી પોતાની જરૂરિયાત પ્રમાણે સામાન ખરીદે. વિચાર કરવામાં આવે તો બધાને દુનિયાની મોહમાયા અને તેના પ્રેમના મોહપાશે જકડી રાખ્યા છે અને તેના માટે જ તેઓ ઘરેથી નીકળે છે અને આ જ કારણે દુનિયાની પ્રગતિ અને વિકાસની વ્યવસ્થા અત્યંત મજબૂત અને સ્થાયી સિદ્ધાંતો પર કાયમ થઈ ચૂકી છે.

બીજી હિકમત એ પણ છે કે, જો દુનિયાની નેઅ્મતોનો લગાવ અને પ્રેમ મનુષ્યના દિલમાં ન હોય તો તેને આખિરતની નેઅ્મતોના સ્વાદ અને આનંદની જાણ ન થાત અને ન જ તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાએ મનુષ્યના મનમાં જન્મ લીધો હોત ! જો નેઅ્મતોનો મોહ અને તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા જ મનમાં બાકી ન હોત તો શું જરૂર હતી નેક અમલોનો પ્રયત્ન કરીને જન્નત પ્રાપ્ત કરવાની અને ખરાબ અમલોથી બચીને દોઝખથી બચવાની !?

ત્રીજી હિકમત જે આ સ્થળે સૌથી વધારે ધ્યાન ખેંચે એવી એ છે કે, આ વસ્તુઓની મહોબ્બત સ્વાભાવિક રીતે મનુષ્યના દિલમાં પૈદા કરીને તેની પરીક્ષા લેવામાં આવે કે, કોણ આ વસ્તુઓના પ્રેમમાં, મોહપાશમાં જકડાઈને આખિરતને ભૂલાવી બેસે છે ? અને કોણ એવો છે જે આ વસ્તુઓની સાચી વાસ્તવિકતા અને તેના નષ્ટ થનારા અંજામથી વાકેફ થઈ તેની ફિકર માત્ર આવશ્યકતા અનુસાર જ કરે છે અને તેનો આખિરત સુધારવા માટે ઉપયોગ કરે છે ? કુર્આન શરીફમાં એક બીજા સ્થળે આ દીર્ઘદષ્ટિની હિકમત બતાવી છે, ઈરશાદ છે

إِنَّا جَعَلْنَا مَا عَلَى الْأَرْضِ زِينَةً لَّهَا لِنَبْلُوَهُمْ أَيُّهُمْ أَحْسَنُ عَمَلًا ط

"અમે જે કંઈ પૃથ્વી ઉપર છે તેને પૃથ્વીનો શણગાર બનાવ્યો, જેથી અમે લોકોને અજમાવીએ કે તેમાંથી કોણ સારા અમલો (આચરણ) કરે છે ?"

(સૂરહ : ૧૮, આયત : ૭)

આ આયતથી સ્પષ્ટ થઈ ગયું કે, દુનિયાની આ શણગારેલી અને મનમોહક વસ્તુઓ મનુષ્યના ઉપયોગ માટે પૈદા કરવી એક માત્ર અલ્લાહનું જ

કાર્ય છે, જે ઘણી બધી હિકમતો ઉપર આધારિત છે અને અમુક આયતોમાં જેમાં આ પ્રકારની પ્રકૃતિને શયતાન સાથે પણ જોડવામાં આવી છે. જેમકે, زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ "શયતાને તેમના કૃત્યો તેમને શણગારીને બતાવ્યા છે." [(૧) સૂ. : ૮, આ. : ૪૮ (૨) સૂ. : ૧૬, આ. : ૬૩ (૩) સૂ. : ૨૭, આ. : ૨૪ (૪) સૂ. : ૨૯, આ. : ૨૮)] તેમાં એવી વસ્તુઓના શણગારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે શરઈ રીતે અને બૌદ્ધિક કે તાર્કિક રીતે પણ ખરાબ છે, અથવા તેની મોહમાયામાં જકડાવામાં અતિશયોક્તિ કરવાનો ભાવાર્થ એ છે કે, જે હદો અને મર્યાદાઓ અલ્લાહ તબારક વ તઆલાએ નક્કી કરી છે તેનું ઉલ્લંઘન કરી આગળ વધી જવામાં આવે છે, નહિતર જાઈઝ અને મબાહ નેઅ્મતો અને દુનિયાની ચીજવસ્તુઓ આપમેળે કોઈ ખરાબ બાબત નથી. બલકે, તેના ઘણા બધા ફાયદાઓ પણ છે. એટલા માટે અમુક આયતોમાં આવા શણગારની અને દુનિયાની ચીજવસ્તુઓના ફાયદાઓ અલ્લાહ સાથે જોડવામાં આવે છે, જેમકે હમણા ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો.

ખુલાસો એ છે કે, આ બાબતની સ્પષ્ટતા એ થઈ કે, દુનિયાની આકર્ષક અને મનમોહક વસ્તુઓ અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લ અને રહમતથી મનુષ્યના ઉપયોગ માટે નક્કી કરી તેની મહોબ્બત તેના દિલમાં નાંખી દીધી, જેમાંની ઘણી બધી હિકમતોમાંથી એક એ પણ છે કે, માણસની પરીક્ષા કરવામાં આવે કે, તે આ પદાર્થોની મોહમાયામાં તથા દુનિયાની થોડા દિવસની લિજ્જતોમાં જકડાઈને પોતાના અને આ બધી ચીજવસ્તુઓના માલિક અને સર્જનહાર પરવરદિગારને યાદ રાખે છે કે કેમ ? આ વસ્તુઓને અલ્લાહની કુદરતના રહસ્યો અને તેની મહોબ્બતનું માધ્યમ બનાવે છે કે કેમ ? અથવા આ ચીજવસ્તુઓના મોહમાં જકડાઈને તેના અસલી માલિક અને સર્જનહાર પરવરદિગારથી ગાફિલ થઈ આખિરતમાં તે પરવરદિગાર સામે હિસાબ-કિતાબ માટે રજૂ થવાનું છે તેને ભૂલાવી બેસે છે !? સફળ વ્યક્તિ તે છે જેણે દુનિયાથી લાભ ઉઠાવ્યો અને આખિરતમાં પણ સફળ થયો. દુનિયાની આકર્ષક ચીજ-વસ્તુઓ તેના માટે માર્ગનો અવરોધ બનવાને બદલે મંઝિલ સુધી પહોંચવાનું એક માધ્યમ બન્યું અને તેને આખિરતની સફળતા પ્રાપ્ત કરાવી અને નિષ્ફળ વ્યક્તિ તે છે, જેના માટે આ જ વસ્તુઓ આખિરતની જિંદગીની બરબાદી

અને કાયમી અઝાબનું કારણ બની ગઈ. જો ઊંડી નજરથી જોવામાં આવે તો આ વસ્તુઓ દુનિયામાં પણ આ બીજા પ્રકારના વ્યક્તિ માટે અઝાબ જ બની જાય છે. કુર્આન શરીફમાં આવા જ લોકો માટે કહેવામાં આવ્યું છે,

فَلا تُعۡجِبۡكَ اَمۡوَالُهُمۡ وَلَا اَوۡلَادُهُمۡ اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ لِيُعَذِّبَهُمۡ بِهَا فِى الۡحَيٰوةِ الدُّنۡيَا،

"તમે તે કાફિરોના માલ અને ઔલાદથી આશ્ચર્ય ન પામો, (કારણ કે નાફરમાનોને માલ અને ઔલાદ આપવાથી તેમનું ભલું નથી થયું. બલકે, આ માલ અને ઔલાદ આખિરતમાં તો એમના માટે અઝાબ બનશે જ,) અલ્લાહ ઈચ્છે છે કે, દુનિયામાં પણ (રાત-દિવસની ફિકર-ચિંતા અને વ્યસ્તતાના કારણે) તે તેમના માટે અઝાબ જ બની જાય." (સૂ. : ૯, આ. : ૫૫)

મતલબ કે, દુનિયાની જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ મનુષ્ય માટે શણગારી અને તેનો લગાવ અને આકર્ષણ મનુષ્યના દિલમાં નાંખી દીધું છે, તે વસ્તુઓને શરીઅત પ્રમાણે મધ્યમ માર્ગ અપનાવી એઅ્તિદાલ સાથે પ્રાપ્ત કરવી અને જરૂરિયાત પ્રમાણે ભેગી કરવી દુનિયા અને આખિરતની સફળતા છે. અને નાજાઇઝ પદ્ધતિથી તેનો ઉપયોગ કરવો અથવા જાઇઝ પદ્ધતિમાં એટલી બધી અતિશયોક્તિ કરવી કે, જેના કારણે અલ્લાહની મર્યાદાઓનું ઉલ્લંઘન થાય અને આખિરતથી નિષ્કાળજી પૈદા થઈ જાય તો આ માલ-દૌલત અને દુનિયાની મનમોહક વસ્તુઓ તે વ્યક્તિ માટે વિનાશ અને બરબાદીનું કારણ બને છે. મવલાના રૂમી (રહ.)એ એને ઘણું સારું ઉદાહરણ આપીને સમજાવ્યું છે,

آب در کشتی ہلاکِ کشتی است : آب اندر زیرِ کشتی پشتی است

દુનિયાનો સરસામાન પાણી જેવો છે અને તેમાં માણસનું દિલ એક નાવ સમાન છે, પાણી જ્યાં સુધી નાવની નીચે અને તેની આજુબાજુ રહે છે ત્યાં સુધી નાવ ચાલે છે અને લાભ આપે છે તથા નિશ્ચિત મંઝિલ સુધી પહોંચાડે છે. પરંતુ જો પાણી નાવમાં પ્રવેશ પામી જાય તો આ જ નાવ ડૂબવાનું અને વિનાશનું કારણ બની જાય છે. એ જ પ્રમાણે દુનિયાની માલ-દૌલત જ્યાં સુધી મનુષ્યના દિલ ઉપર કબજો ન જમાવે ત્યાં સુધી તે તેના માટે માર્ગદર્શક અને મદદગાર દોસ્ત છે, પરંતુ જે સમયે તેના દિલ ઉપર તે કબજો જમાવી લે અને દુનિયા જ દુનિયા

મનુષ્યના દિલ ઉપર છવાઈ જાય તો એ તેના માટે સર્વનાશ છે. એટલા માટે પ્રસ્તુત આયતમાં દુનિયાના અમુક ખાસ આકર્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ذٰلِکَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ "આ બધો દુનિયવી જિંદગીનો (ફાયદો ઉઠાવવા માટે) સરસામાન છે અને અલ્લાહ પાસે સારું ઠેકાણું છે." (સૂ:૩, આ:૧૪) આ બધી વસ્તુઓ દુનિયવી જિંદગીમાં ફક્ત ઉપયોગ અને કામ કાઢવા માટેનો સરસામાન છે, તેની સાથે દિલ લગાવવાનું નથી અને અલ્લાહ પાસે શ્રેષ્ઠ ઠેકાણું છે, એટલે કે એવું ઠેકાણું જ્યાં કાયમી ધોરણે રહેવાનું છે અને ત્યાંની નેઅ્મતો અને લિજ્જતો (રસાસ્વાદ) ક્યારેય સમાપ્ત થનાર નથી, ન જ ઓછી થનાર છે કે, ન જ તેની અસરકારકતા ઘટવાની છે.

બીજી આયતમાં આ જ વિષય ઉપર વધારે સ્પષ્ટીકરણ કરવા માટે કહેવામાં આવ્યું,

قُلْ اَؤُنَبِّئُكُمْ بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ لِلَّذِيْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَاَزْوَاجٌ مُّطَهَّرَةٌ وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ، وَاللّٰهُ بَصِيْرٌ بِالْعِبَادِ ۝

તેમાં આપ ﷺને સંબોધીને ઇરશાદ થયો છે કે, આપ ﷺ તે લોકોને જેઓ દુનિયાની અધૂરી અને નષ્ટ થનારી નેઅ્મતોમાં મસ્ત થઈ ગયા છે, ફરમાવી આપો કે, તમને તેમાંની ઘણી નેઅ્મતોનું સરનામું બતાવું છું, જેઓ અલ્લાહ તઆલાથી ડરનારા અને તેના આજ્ઞાપાલક લોકોને મળશે તે નેઅ્મતો હરિયાળા, ભર્યા-ભાદર્યા બગીચા છે, જેની નીચે નહેરો વહે છે, જે પ્રત્યેક પ્રકારની ગંદકી અને નાપાકીથી પવિત્ર અને સ્વચ્છ છે, જ્યાં પવિત્ર પત્નીઓ છે, અલ્લાહ તઆલાની પ્રસન્નતા છે.

પાછળની આયતમાં દુનિયાની છ મોટી નેઅ્મતોનું વર્ણન કરવામાં આવ્યું હતું કે, લોકો તેના મોહપાશમાં જકડાઈ ગયા છે. ૧. સ્ત્રીઓ, ૨. સંતાનો, ૩. સોના-ચાંદીના ખજાનાઓ, ૪. ઉત્તમ કક્ષાના ઘોડાઓ, ૫. ઢોર-ઢાંખર અને ૬. ખેતીવાડી. એના મુકાબલામાં આખિરતની નેઅ્મતોમાં ત્રણ વસ્તુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ૧. હરિયાળા બગીચાઓ, ૨. પવિત્ર અને સ્વચ્છ પત્નીઓ તથા ૩. અલ્લાહની પ્રસન્નતા. બાકી વસ્તુઓમાંથી અત્રે સંતાનોનું વર્ણન એટલા માટે કરવામાં નથી આવ્યું કે, દુનિયામાં તો મનુષ્યને સંતાનોનો પ્રેમ ઘણા બધા

કારણોસર હોય છે. દાખલા તરીકે, તેની નસ્લ (વંશ)નો ક્રમ જાળવી રાખે છે, તેના ઘડપણમાં કામ આવે છે વગેરે. પરંતુ આખિરતમાં ન તો સંતાનોની મદદની કોઈ જરૂરત છે, ન જ તે પોતે મૃત્યુ પામશે કે ફના થશે અથવા પોતાના પછી તેનું નામ ચાલતું રહે તેથી તેને પોતાના વાલી-વારસની જરૂર હોય. તદુપરાંત દુનિયામાં જે તેની ઔલાદ છે તે તેને જન્નતમાં મળી જશે અને જેની ઔલાદ દુનિયામાં નથી, પ્રથમ તો આખિરતમાં તેને ઔલાદની ઇચ્છા જ નહિ થાય અને કદાચ કોઈને ઇચ્છા થશે તો અલ્લાહ તઆલા તેને ઔલાદ પણ આપી દેશે. જામેઅ્ તિરમીઝીની એક હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જો કોઈ જન્નતીને બાળકની ઇચ્છા હશે તો બાળકનો ગર્ભ, તેનો જન્મ અને તેનું મોટા થવું થોડા સમયમાં જ પૂર્ણ થઈ જશે અને એ રીતે તેનો મકસદ પૂર્ણ કરવામાં આવશે."

આ રીતે જન્નતમાં સોના-ચાંદીનો ઉલ્લેખ એટલા માટે નથી કર્યો કે, દુનિયામાં તો સોનું-ચાંદી એટલા માટે ભેગું કરવામાં આવે છે કે તેના બદલામાં દુનિયાનો સરસામાન ખરીદવામાં આવે છે અને તેની જરૂરિયાતની પ્રત્યેક વસ્તુ તેના દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. આખિરતમાં ન તો કોઈ લેવડ-દેવડની જરૂર રહે છે, ન જ કોઈ વસ્તુનું વળતર આપવાની જરૂરિયાત છે. બલકે, જે વસ્તુ માટે જન્નતીનું દિલ ઇચ્છશે તે તરત જ તેને અર્પણ કરવામાં આવશે. એટલા માટે કે જન્નતમાં સોના-ચાંદીની કોઈ અછત નથી. રિવાયતોથી સાબિત છે કે, જન્નતના અમુક મહેલો એવા હશે, જેની એક ઈંટ સોનાની અને એક ઈંટ ચાંદીની હશે. જો કે, આખિરતના હિસાબથી આ બધી વસ્તુઓ વર્ણન કરવા પાત્ર બાબતો નથી અને દુનિયાની સોના ચાંદીની તેની સામે કોઈ વિસાત પણ નથી.

એ જ પ્રમાણે ઘોડાઓનું કામ દુનિયામાં એ હોય છે કે, તેના ઉપર સવારી કરીને મુસાફરીનું અંતર કાપવામાં આવે છે જ્યારે કે, જન્નતમાં ન તો મુસાફરીની જરૂર છે અને ન જ કોઈ મુસાફરીના સાધનની ! સહીહ હદીષોથી એ સાબિત થયું છે કે, જન્નતના નિવાસીઓને જુમ્આના દિવસે ઉચ્ચ કક્ષાના ઘોડાઓ સવારી માટે આપવામાં આવશે, જેના ઉપર સવાર થઈને જન્નતના નિવાસીઓ પોતાના સગાં-વહાલા અને રિશ્તેદારોની મુલાકાત માટે જશે.

ખુલાસો એ છે કે, ત્યાં ઘોડાઓનું એવું ખાસ મહત્ત્વ નથી જે વર્ણનપાત્ર

બાબત ગણી શકાય. એ જ પ્રમાણે ઢોર-ઢાંખરનું કામ દૂધ આપવું અથવા ખેતી વગેરેમાં કામ લાગવું છે. અલ્લાહ તઆલા જન્નતમાં આ બધી વસ્તુઓ ઢોર-ઢાંખર વિના પણ એનાયત કરશે.

એવી જ હાલત ખેતીવાડીની છે કે, દુનિયામાં ખેતીમાં મહેનત અને તકલીફ અનાજ પૈદા કરવા માટે કરવામાં આવે છે. જન્નતમાં આ બધી ખેતપેદાશો આપમેળે મળી જશે, ત્યાં ખેતી કરવાની આવશ્યકતા જ નહીં હોય અને કોઈ શા માટે ખેતીની મહોબ્બત રાખે, જ્યારે કે, બધી જ ઈચ્છિત વસ્તુઓ આરામથી મળતી હોય ! પરંતુ જેમકે તબરાનીમાં અમુક રિવાયતોમાં છે કે, જન્નતના લોકોમાંથી એક વ્યક્તિ ખેતીની ઇચ્છા દર્શાવશે તો ખેતી માટેનો બધો જ સરસામાન ભેગો કરી આપવામાં આવશે, પછી ખેતી ખેડવી, બીજ વાવવું, ખેતીનું પાકવું અને લણવું બધું જ થોડા સમયમાં પતી જશે. એટલા માટે આ આયતમાં આખિરતની નેઅ્‌મતોમાંથી ફક્ત જન્નત અને જન્નતની હૂરો (પવિત્ર પત્નિઓ)નું વર્ણન કરવાને પૂરતું સમજવામાં આવ્યું છે. કારણ કે, જન્નતના નિવાસીઓને એવો વાયદો પણ કરવામાં આવ્યો છે કે, وَلَهُم مَّا يَشْتَهُونَ એટલે કે, "તેમને દરેક તે વસ્તુ મળશે જેની તેઓ ઇચ્છા કરશે." આ જાહેરાત પછી કોઈને ખાસ વિશેષ પ્રકારની નેઅમતનું વર્ણન કરવાની આવશ્યકતા જ નથી રહેતી, પરંતુ તેમાંથી અમુક વિશેષ નેઅ્‌મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો, જે દરેક જન્નતીને ઇચ્છા કર્યા વિના પણ મળી જશે. એટલે કે, જન્નતના હર્યા-ભર્યા બગીચાઓ અને સ્વરૂપવાન પવિત્ર પત્નીઓ તથા આ અજોડ નેઅ્‌મતો ઉપરાંત એક સૌથી મોટી નેઅ્‌મતનો ઉલ્લેખ કરવામાં આવ્યો, જેની મનુષ્યએ ક્યારેય કલ્પના પણ નહિ કરી હોય, અને તે છે "અલ્લાહ તઆલાની કાયમી પ્રસન્નતા !" ત્યારબાદ અલ્લાહ નારાજ થવાનો કોઈ ભય રહેશે નહિ. એટલા માટે હદીષમાં છે કે, "જ્યારે બધા જન્નતવાસીઓ જન્નતમાં પહોંચીને પ્રસન્ન થઈ સંતોષ પામી લેશે અને તેમની કોઈ ઇચ્છા, મહત્ત્વકાંક્ષા બાકી નહીં રહે તેવા સમયે અલ્લાહ તઆલા પોતે તે જન્નતવાસીઓને સંબોધન કરશે કે હવે તમે ખુશ છો ? તમને સંતોષ છે ?! કોઈ વસ્તુની આવશ્યકતા તો નથી ?! તેઓ વિનંતી કરશે, હે અમારા પરવરદિગાર ! તેં તારી નેઅ્‌મતો અમારા ઉપર પૂરી કરી, હવે અમને કોઈ વસ્તુની શું આવશ્યકતા હોઈ શકે છે ?! અલ્લાહ તઆલા ફરમાવશે કે, હવે તમને એ બધી નેઅ્‌મતોથી

શ્રેષ્ઠ અને ઉત્તમ નેઅ્મત આપું છું અને તે એ છે કે, તમને બધાને મારી પ્રસન્નતા તથા મારી નિકટતા કાયમી રીતે એનાયત થશે. હવે, તમને મારી નારાજગીનો કોઈ ભય નથી. એટલા માટે હવે તમને જન્નતની નેઅ્મતો છીનવાય જવાનો કે ઓછી થઈ જવાનો કોઈ ભય કે ડર નથી.''

આ બે આયતોનો ખુલાસો રસૂલે કરીમ ﷺએ કર્યો.

اَلدُّنْیَا مَلْعُوْنَةٌ وَّمَلْعُوْنٌ مَّا فِیْهَا اِلَّا مَا ابْتُغِیَ بِهٖ وَجْهُ اللّٰهِ (وَفِیْ رِوَایَةٍ) اِلَّا ذِکْرُ اللّٰهِ وَمَا وَالَاهُ اَوْ عَالِمًا اَوْ مُتَعَلِّمًا،

''દુનિયા ધિક્કારપાત્ર છે અને તેમાં જે કંઈ છે બધું ધિક્કારપાત્ર છે, ફક્ત તે વસ્તુઓ સિવાય કે, જેને અલ્લાહ તઆલાની પ્રસન્નતાનું માધ્યમ બનાવી લેવામાં આવે; (અને એક રિવાયતમાં છે કે) અલ્લાહના ઝિક્ર અને તે વસ્તુ જે અલ્લાહ તઆલાને પસંદ છે અને આલિમ તથા તાલિબે ઇલ્મ સિવાય.''

આ હદીષ ઇબ્ને માજહ અને તબરાનીએ હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી નકલ ફરમાવી છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૮-૧૯)

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ
لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۱۸﴾ اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ ۗ وَمَا (النصف)
اخْتَلَفَ الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْیًۢا بَیْنَهُمْ ؕ
وَمَنْ یَّكْفُرْ بِاٰیٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِیْعُ الْحِسَابِ ﴿۱۹﴾

તરજુમો :

અલ્લાહે ગવાહી આપી કે તેના સિવાય કોઈ ઇબાદતપાત્ર (મઅબૂદ) નથી અને ફરિશ્તાઓએ અને જ્ઞાનીઓ (વિદ્વાનો)એ પણ (આવી જ ગવાહી આપી); તે જ ન્યાયની વ્યવસ્થાનો હાકિમ (સર્વાધિકારી) છે, તેના સિવાય

કોઈ મઅબૂદ (ઈબાદતપાત્ર) નથી, જબરદસ્ત હિકમતવાળો છે. (૧૮) બેશક ! દીન (ધર્મ) અલ્લાહ નજીક ઈસ્લામ જ છે અને જેમને કિતાબ આપવામાં આવી (અહલે કિતાબ) તેમણે વિરોધ નથી કર્યો પરંતુ પરસ્પર હઠધર્મી (જીદ અને ઈર્ષ્યા)ના કારણે એ છતાં કે જ્યારે તેમની પાસે જ્ઞાન આવી ગયું (કે ઈસ્લામ જ સાચો ધર્મ છે); અને જેઓ અલ્લાહના હુકમોનો ઈન્કાર કરે તો બેશક ! અલ્લાહ જલદી જ હિસાબ લેનારો છે ! (૧૯)

આયતોની ગોઠવણી :

પાછલી આયતોમાં તૌહીદનો ઉલ્લેખ થયો છે, પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં પણ અલ્લાહની તૌહીદની એક વિશેષ શૈલીમાં રજૂઆત થઈ છે અને તેના ઉપર ત્રણ ગવાહીઓનું વર્ણન છે. એક પોતે અલ્લાહ જલ્લ શા'નુહુની ગવાહી, બીજી ફરિશ્તાઓની ગવાહી અને ત્રીજી વિદ્વાન (ઉલમા)ની ગવાહી. અલ્લાહ જલ્લ શા'નુહુની ગવાહીનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુની પવિત્ર જાત પોતાની સંપૂર્ણ સિફતો સાથે અજોડ ગુણ-લક્ષણો અને ખુલ્લી નિશાનીઓ દ્વારા તૌહીદની ગવાહી આપે છે.

ہر گیاہے کہ از زمیں روید :: وحدہٗ لاشریک لہ گوید

ત્યારબાદ તેના તરફથી મોકલેલા રસૂલો અને કિતાબો પણ તેની તૌહીદની સાક્ષી છે. આ બધી વસ્તુઓ અલ્લાહ તઆલા તરફથી છે તો હવે એનો ભાવાર્થ એ થયો કે, અલ્લાહ પોતે એ બાબતની ગવાહી આપે છે કે, તેના સિવાય કોઈ ઈબાદતના પાત્ર નથી.

બીજી ફરિશ્તાઓની ગવાહીનું વર્ણન કર્યું છે, જેઓ અલ્લાહ તઆલાના આજ્ઞાપાલક છે, એમનામાં ફક્ત ભલાઈના જ ગુણો છે, ગુનાહોથી માસૂમ (નિર્દોષ) છે. તેઓ બધા અલ્લાહની કુદરતને પ્રત્યક્ષ જોઈને અને જાણીને ગવાહી આપે છે કે, ઈબાદતના લાયક એકમાત્ર અલ્લાહ જલ્લ શા'નુહુ જ છે.

ત્રીજી ગવાહી વિદ્વાન લોકોની છે. વિદ્વાન લોકોનો ભાવાર્થ અહીંયાં અંબિયા (અલૈ.) અને ઈસ્લામના ઉલમા છે. એટલા માટે ઈમામ ગઝાલી (રહ.) અને ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું છે કે, આ આયતમાં ઉલમાની શ્રેષ્ઠતાનું વર્ણન કરવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલાએ તેમની ગવાહીનો પોતાની અને ફરિશ્તાઓની ગવાહી સાથે ઉલ્લેખ કર્યો અને એવું પણ થઈ શકે છે કે, ઉલમાનો

ભાવાર્થ તે લોકો હોય જેઓ જ્ઞાનના સિદ્ધાંતોના આધારે ચિંતન કરીને અથવા સૃષ્ટિના સર્જનમાં વિચાર કરીને અલ્લાહ જલ્લ શા'નુહુની તૌહીદનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. જો કે, તેઓ કોઈ આલિમની કાયદેસરની ડિગ્રી ધરાવતા ન પણ હોય અને બીજી આયતમાં અલ્લાહ તઆલા નજીક ફક્ત ઈસ્લામ ધર્મ જ સ્વીકાર્ય હોવું અને તેના સિવાય અન્ય કોઈ ધર્મ સ્વીકાર્ય ન હોવાનું વર્ણન કરીને તૌહીદના વિષયને પૂર્ણ કર્યો અને તેનો વિરોધ કરનારાઓને વિનાશ અને બરબાદીની ચેતવણી આપી. આ બંને આયતોની ટૂંકી તફસીર આ પ્રમાણે છે.

તફસીર :

ગવાહી આપે છે અલ્લાહ (આકાશી કિતાબોમાં) એ (બાબત)ની કે તે (પવિત્ર) જાત સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને ફરિશ્તાઓએ પણ (પોતાના ઝિક્ર અને અલ્લાહના વખાણની સ્તુતિમાં એની ગવાહી આપી છે, કારણ કે તેમનો ઝિક્ર અલ્લાહની તૌહીદથી ભરપૂર હોય છે.) અને (બીજા) વિદ્વાનો (ઉલમા)એ પણ (પોતાની તકરીરો અને લખાણોમાં એની ગવાહી આપી છે જેમકે, દેખીતું છે) અને તેના ઈબાદતપાત્ર હોવાની શા'ન પણ એવી છે કે, (તે દરેક વસ્તુની) એઅ્તિદાલથી (ન્યાયપૂર્ણ રીતે) વ્યવસ્થા કરનાર છે (અને પછી કહેવામાં આવે છે કે) તેના સિવાય કોઈ મઅબૂદ હોવા પાત્ર જ નથી, તે જબરદસ્ત છે, હિકમતવાળો છે, બેશક ! દીન (સાચો અને સ્વીકાર્ય) અલ્લાહ નજીક દીન ફક્ત ઈસ્લામ જ છે અને (તેને સત્ય માનવામાં મુસલમાનો સાથે) અહલે કિતાબે વિરોધ કર્યો (અને ઈસ્લામને તેમણે બાતિલ કહી જૂઠાડયો) જ્યારે કે એવી પરિસ્થિતિ પછી કે તેમને (ઈસ્લામ સત્ય હોવાની) દલીલ મળી ચૂકી હતી; ફક્ત એકબીજાની અદેખાઈ (અને હઠધર્મી)ના કારણે. (એટલે કે ઈસ્લામ સત્ય હોવામાં તેમને કોઈ શંકા તો નથી જ પરંતુ એમાં અન્યો તેમના કરતા મોટા બની જશે અને ઈસ્લામ લાવવાથી જે સરદારી તેઓ લોકો ઉપર ભોગવે છે તે ખતમ થઈ જશે એ ભયે ઈસ્લામનો સ્વીકાર ન કર્યો બલકે, તેને જૂઠાડવા લાગ્યા.) અને જે વ્યક્તિ અલ્લાહ તઆલાના હુકમોનો ઈન્કાર કરશે (જેમકે તે લોકોએ કર્યો) તો બેશક ! અલ્લાહ ઘણો જ જલદી હિસાબ લેનારો છે (અને દેખીતું છે કે આવા વ્યક્તિના હિસાબનું પરિણામ અઝાબ જ હશે).

મસ્અલા અને બોધપાઠ :

આયત شَهِدَاللّٰهُ (શહિદલ્લાહુ)ની ફઝીલત :

આ "આયતે શહાદત" એક વિશેષ પ્રકારનો દરજ્જો ધરાવે છે, તફસીરના ઈમામ બગવી (રહ.)એ નકલ કર્યું છે કે, યહૂદીઓના બે મોટા આલિમો સિરીયાથી મદીના તય્યિબહ આવ્યા. મદીનાની વસ્તી જોઈને પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે, આ વસ્તી એવી છે જેના માટે તવરાતમાં આગાહી કરવામાં આવી છે કે, તેમાં અંતિમ યુગના નબી (અલૈ.) સ્થાયી થશે. ત્યારબાદ તેમને ખબર મળી કે અહીંયાં કોઈ બુઝૂર્ગ છે જેને લોકો નબી કહે છે. તેઓ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા, આપ ﷺ પર નજર પડતાં જ તેમની સામે તે બધા જ લક્ષણો અને નિશાનીઓ આવી ગઈ જે તવરાતમાં રસૂલે કરીમ ﷺ માટે બતાવવામાં આવી હતી. રસૂલે કરીમ ﷺની સેવામાં તેમણે વિનમ્રતાથી પૂછ્યું કે, શું તમે મુહમ્મદ (ﷺ) છો ? આપ ﷺએ ફરમાવ્યું, હા ! પછી તેમણે પૂછ્યું, શું તમે અહમદ છો ? આપ ﷺએ ફરમાવ્યું, હા ! હું મુહમ્મદ છું અને અહમદ છું. પછી તેમણે વિનંતી કરી કે, અમે આપ ﷺને એક સવાલ કરીએ છીએ જો આપ ﷺ તેનો સાચો ઉત્તર આપો તો અમે ઈમાન લઈ આવીશું. આપ ﷺએ કહ્યું, પૂછો ! તેમણે સવાલ કર્યો કે, અલ્લાહ તઆલાની કિતાબમાં સૌથી મોટી ગવાહી કઈ છે ? આ સવાલના જવાબમાં પ્રસ્તુત "આયતે શહાદત" નાઝિલ થઈ, આપ ﷺએ તેમને તે પઢી સંભળાવી. તે બંને તે જ સમયે મુસલમાન થઈ ગયા.

મુસ્નદે અહમદની હદીષમાં છે કે અરફાતમાં રસૂલે કરીમ ﷺએ આ આયત પઢી અને પછી ફરમાવ્યું,

وَاَنَا عَلٰى ذٰلِكَ مِنَ الشّٰهِدِيْنَ يَارَبِّ، (اِبْنُ كَثِيْرٍ)

"હે પરવરદિગાર ! હું પણ તેનો ગવાહ છું."

ઈમામ અઅ્મશની એક રિવાયતથી જાણ થાય છે કે, જે વ્યક્તિ આ આયતની તિલાવત પછી એવું કહેશે اَنَا عَلٰى ذٰلِكَ مِنَ الشّٰهِدِيْنَ يَارَبِّ તો અલ્લાહ તઆલા કયામતના દિવસે ફરિશ્તાઓને કહેશે કે, "મારા બંદાએ એક કરાર કર્યો છે અને હું કરાર પૂરા કરનારાઓમાં સૌથી વધારે છું, એટલા માટે મારા બંદાને જન્નતમાં દાખલ કરી આપો." *(ઇબ્ને કષીર)*

હઝરત અબૂ અય્યૂબ અન્સારી (રદિ.)ની હદીષમાં છે કે, રસૂલે અકરમ ﷺએ ફરમાવ્યું કે, જે વ્યક્તિ દરેક ફરજ નમાઝ પછી આયતુલ કુરશી અને આયત شَهِدَ اللّٰهُ (શહિદલ્લાહુ. સૂ:૩, આ:૧૮) અને આયત قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ (થી) بِغَيْرِ حِسَابٍ (સૂ:૩, આ:૨૬-૨૭) સુધી પઢશે તો અલ્લાહ તઆલા તેના બધા ગુનાહો મા'ફ કરશે અને જન્નતમાં જગ્યા આપશે અને તેની સિત્તેર જરૂરિયાતો પૂરી કરશે, જેમાં ઓછામાં ઓછી જરૂરિયાત તેની બખ્શીશ (મગફિરત) છે. *(રૂહુલ મઆની બ હવાલાએ વયલમી)*

"દીન" અને "ઇસ્લામ" શબ્દની સ્પષ્ટતા :

અરબી ભાષામાં શબ્દ دِيْنٌ "દીન"ના અમુક અર્થો છે, જેનો એક અર્થ છે "તરીકો", "પદ્ધતિ". કુર્આનની વ્યાખ્યામાં દીન શબ્દ તે સિદ્ધાંતો અને હુકમો માટે કહેવામાં આવે છે જે હઝરત આદમ (અલૈ.)થી લઈ અંતિમ નબી ﷺ સુધી બધા જ નબીઓમાં એકસમાન છે. તે શબ્દ "શરીઅત" અથવા "મિનહાજ" અથવા અમુક વ્યાખ્યાઓમાં શબ્દ "મઝહબ" (ધર્મ) હુકમોના આધારે કહેવામાં આવે છે, જેને વિવિધ ભાષાઓમાં અને વિવિધ ઉમ્મતોમાં અનેક રીતે કહેવામાં આવે છે. કુર્આન શરીફનો ઈરશાદ છે,

شَرَعَ لَكُمْ مِنَ الدِّيْنِ مَا وَصّٰى بِهٖ نُوْحًا ط

"અલ્લાહ તઆલાએ તમારા માટે તે જ "દીન" નક્કી (જારી) કર્યો, જેની વસિય્યત તમારી અગાઉ નૂહ (અલૈ.) અને બીજા અંબિયા (અલૈ.)ને કરવામાં આવી હતી." *(સૂ:૪૨, આ:૧૩)*

ખબર પડે છે કે, બધા અંબિયા (અલૈ.)નો "દીન" એક જ હતો, એટલે કે અલ્લાહ તઆલાની અજોડ પવિત્ર જાત તેની સંપૂર્ણ સિફતો, ગુણ-લક્ષણો અને ખાસિયતો સાથે હયાત હોવાનું તથા તમામ પ્રકારની ઉણપો અને ક્ષતિઓથી પાક, પવિત્ર હોવાનું અને તેના સિવાય કોઈ ઈબાદતના પાત્ર ન હોવાનું દિલથી ઈમાન (દઢ વિશ્વાસ-આસ્થા-શ્રદ્ધા) અને મૌખિક રીતે જીભથી તેનો ઈકરાર, કયામતના દિવસનો અને તેમાં હિસાબ-કિતાબ થવાનો અને સારો બદલો મળવાનો કે સજા થવાનો તથા પોત-પોતાના કાર્યો પ્રમાણે જન્નત અથવા દોઝખ મળવા ઉપર દિલથી ઈમાન અને મૌખિક ઈકરાર કરવો, તેના મોકલેલા દરેક

નબી અને રસૂલ (અલૈ.) અને તેના હુકમો ઉપર આ જ પ્રમાણે ઈમાન લાવવું, એ "દીન"ની વ્યાખ્યા છે.

અને "ઈસ્લામ" اِسۡلَامۡ નો વાસ્તવિક અર્થ "પોતાની જાતને અલ્લાહ તઆલાને સોંપી દેવી અને તેના સંપૂર્ણ તાબેદાર થવું" થાય છે. આ અર્થ આધારે દરેક નબી અને રસૂલના સમયકાળમાં જે લોકો તેમના ઉપર ઈમાન લાવ્યા અને તેમના લાવેલા હુકમોનું પાલન કર્યું, તે બધા મુસલમાન અથવા મુસ્લિમ તરીકે ઓળખાવવાના હકદાર છે અને તેમનો દીન "દીને ઈસ્લામ" હતો. આ જ અર્થના આધારે હઝરત નૂહ (અલૈ.)એ કહ્યું, وَاُمِرۡتُ اَنۡ اَكُوۡنَ مِنَ الۡمُسۡلِمِيۡنَ "મને હુકમ આપીને મોકલવામાં આવ્યો છે કે, હું મુસલમાનો (ઈસ્લામ લાવનારાઓ)માં સામેલ રહું." (સૂરએ યુનૂસ ૧૦, આયત : ૭૨) અને એવી જ રીતે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાને અને પોતાની ઉમ્મતને "ઉમ્મતે મુસ્લિમહ" કહ્યું, رَبَّنَا وَاجۡعَلۡنَا مُسۡلِمَيۡنِ لَكَ وَمِنۡ ذُرِّيَّتِنَاۤ اُمَّةً مُّسۡلِمَةً لَّكَ ص "અમારા પરવરદિગાર! અમને બંનેને તારા તાબે'દાર (મુસલમાન) બનાવ, અમારા વંશજોમાંથી પણ એક એવો વર્ગ પૈદા કર, જે તારો તાબે'દાર (મુસ્લિમ) હોય." *(સૂ:૨, આ:૧૨૮)*

અને હઝરત ઈસા (અલૈ.)ના હવારીઓ (સાથીઓ)એ પણ આ જ અર્થના આધારે કહ્યું હતું وَاشۡهَدۡ بِاَنَّا مُسۡلِمُوۡنَ ط (آل عمران، ۵۲) "અને સાક્ષી રહો અમે મુસ્લિમો છીએ." *(સૂ:૩, આ:૫૨)*

અને અમુક મોકા પર આ શબ્દ વિશિષ્ટ રીતે તે "દીન" અને "શરીઅત" માટે બોલવામાં આવે છે જેને છેવટે "ખાતમુન્નબીય્યિન ﷺ" લઈને આવ્યા હતા. અને જેણે અગાઉ આવી ચૂકેલી બધી જ શરીઅતોને રદ કરી દીધી હવે આ શરીઅત કયામત સુધી બાકી રહેશે. આ અર્થના આધારે આ શબ્દ ફક્ત "દીને મુહમ્મદી" (ﷺ) અને "ઉમ્મતે મુહમ્મદિય્યહ" (ﷺ) માટે વિશેષરૂપે વાપરવામાં આવે છે. હઝરત જિબ્રઈલ (અલૈ.)ની એક હદીષ જે બધી જ હદીષની કિતાબોમાં મશહૂર છે તેમાં રસૂલે કરીમ ﷺએ ઈસ્લામની આ જ ખાસિયતની તફસીર વર્ણન કરી છે. પ્રસ્તુત આયતમાં "ઈસ્લામ" શબ્દમાં પણ બંને પ્રકારનો અર્થ હોવાની સંભાવના છે. જો પ્રથમ અર્થ લેવામાં આવે તો મતલબ એ થશે કે, અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય દીન ફક્ત "દીને ઈસ્લામ" છે. એટલે કે, પોતાને અલ્લાહ તઆલાના તાબામાં સોંપીને દરેક યુગમાં જે રસૂલો

આવ્યા અને તેઓ જે કંઈપણ અલ્લાહના હુકમો લાવ્યા તેના ઉપર ઈમાન લાવે અને તેના ઉપર અમલ કરે. જો કે, તેમાં "દીને મુહમ્મદી" (ﷺ)ની આગવી ઓળખ છતી થતી નથી, પરંતુ સામાન્ય નિયમ આધારે હઝરત સય્યિદુલ અંબિયા ﷺ આવ્યા પછી તેમના ઉપર ઈમાન લાવવું અને તેમના લાવેલા બધા જ હુકમો પર ઈમાન લાવવું અને તે હુકમો ઉપર અનુસરણ કરવું તેમાં શામિલ છે. જેનો ખુલાસો એ છે કે, નૂહ (અલૈ.)ના સમયમાં સ્વીકાર્ય દીન તે હતો જે નૂહ (અલૈ.) લાવ્યા હતા અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના યુગમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો લાવેલ દીન અલ્લાહને સ્વીકાર્ય હતો, એ જ રીતે હઝરત મૂસા (અલૈ.)ના જમાનામાં ઈસ્લામ તે હતો, જે તવરાત અને મૂસા (અલૈ.)ના શિક્ષણ સ્વરૂપે દુનિયા સમક્ષ આવ્યો અને ઈસા (અલૈ.)ના સમયકાળમાં ઈસ્લામ તે હતો, જે ઈસા (અલૈ.)ના ફરમાનો અને ઈન્જીલ સ્વરૂપે નાઝિલ થયો અને અંતે ખાતમુલ અંબિયા ﷺના યુગમાં ઈસ્લામ તે જ છે, જે કુર્આન અને સુન્નતના બતાવેલા નકશા અને માપદંડો ઉપર આધારિત છે.

ખુલાસો એ થયો કે દરેક નબી (અલૈ.)ના સમયકાળમાં તેમનો લાવેલો દીન "દીને ઈસ્લામ" છે અને તે જ અલ્લાહ નજીક સ્વીકાર્ય હતો. જે પાછળથી એક પછી એક મન્સૂખ (રદ) થતો ચાલ્યો, અંતે ખાતમુલ અંબિયા ﷺનો લાવેલ "દીને ઈસ્લામ" કયામત સુધી બાકી રહેશે. જો ઈસ્લામનો બીજો અર્થ લેવામાં આવે, એટલે કે, તે શરીઅત જે ખાતમુલ અંબિયા ﷺ લઈને આવ્યા હતા, તો આ આયતનો ભાવાર્થ એ થાય છે કે, હવે કયામત સુધી ફક્ત "દીને ઈસ્લામ" તે જ છે, જે નબીએ કરીમ ﷺના શિક્ષણ પ્રમાણે છે અને અગાઉ થઈ ચૂકેલા દીન ભલે તેમના સમયમાં ઈસ્લામ કહેવામાં આવતા હતા અને અલ્લાહ નજીક સ્વીકાર્ય હતા પરંતુ તે બધા હવે મનસૂખ (રદ) થઈ ચૂક્યા છે. આ બંને સ્વરૂપોમાં કહેવાનો ભાવાર્થ એક જ છે કે દરેક પયગમ્બર (અલૈ.)ના સમયકાળમાં અલ્લાહ નજીક સ્વીકાર્ય (મકબૂલ) દીન તે જ ઈસ્લામ છે, જે જુદા-જુદા સમયકાળના જે તે પયગમ્બર ઉપર વહી અને ખુદાઈ તા'લીમ પ્રમાણે નાઝિલ કરવામાં આવ્યા હતા અને તેના સિવાય કોઈ અન્ય દીન (ધર્મ) સ્વીકાર્ય નથી. ભલે તે પાછલી રદ થયેલ શરીઅત પણ કેમ ન હોય ! ત્યાર પછીના યુગમાં તે રદ થયેલ દીન હવે ઈસ્લામ કહેવાનો હકદાર નથી. ઈબ્રાહીમ (અલૈ.)ની શરીઅત તેમના સમયમાં

ઈસ્લામ હતો, મૂસા (અલૈ.)ની શરીઅત તેમના સમયકાળમાં. મૂસા (અલૈ.)ની શરીઅતમાં ઈબ્રાહીમ (અલૈ.)ની શરીઅતના જે હુકમો મનસૂખ થઈ ગયા તો હવે તે ઈસ્લામ નથી. બસ, એ જ પ્રમાણે ખાતમુલ અંબિયા ﷺના ઝમાનામાં પાછલી શરીઅતોના જે હુકમો રદ થઈ ચૂક્યા હવે તે ઈસ્લામ નથી. એટલા માટે જે ઉમ્મતોને કુર્આન સંબોધન કરે છે તેમના માટે ઈસ્લામનો અર્થ ઉપરોક્ત બંને પ્રકારે લેવામાં આવે તો તેનો ખુલાસો એક જ છે કે, રસૂલે કરીમ ﷺના આગમન પછી દીને ઈસ્લામ ફક્ત તે જ કહેવાશે જે કુર્આન અને આપ ﷺના શિક્ષણ પ્રમાણે હોય અને તે જ અલ્લાહ નજીક સ્વીકાર્ય દીન છે, તેના સિવાય કોઈ દીન સ્વીકૃતિ પ્રાપ્ત અને છૂટકારાનું માધ્યમ બની શકે નહીં. આ વિષય કુર્આન શરીફની અસંખ્ય આયતોમાં વિવિધ વિષયો હેઠળ આવ્યો છે. એક આયતના શબ્દોમાં આ પ્રમાણે આવેલ છે. وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ "જે વ્યક્તિ ઈસ્લામ સિવાય કોઈ (અન્ય) દીન અપનાવશે તો તેને કબૂલ કરવામાં નહીં આવે, તે પોતાના દીન પ્રમાણે જે અમલ કરશે તે વ્યર્થ જશે."

વર્તમાન યુગમાં છૂટકારો ફક્ત ઇસ્લામ ઉપર અવલંબિત છે, ગૈરમુસ્લિમોના નેક કાર્યો અને સદ્વર્તાવ પણ આખિરતના છૂટકારા માટે સ્વીકાર્ય અને પૂરતા નથી :

આ આયતે સ્પષ્ટ રીતે તમામ પ્રકારના ઈલહાદ (નાસ્તિકતા અને ઈસ્લામ સિવાયની બધી જ વિચારસરણીઓ)નો ખાતમો કરી દીધો, આજે બિનસાંપ્રદાયિકતાના નામે કુફ્ર અને ઈસ્લામને ભેગા કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તે પણ સ્વીકાર્ય નથી બલકે, એવું નક્કી કરવામાં આવ્યું છે કે, દુનિયાનો દરેક ધર્મ ભલે તે યહૂદીયત કે ઇસાઇયત હોય અથવા મૂર્તિપૂંજા (કે બૌદ્ધિઝમ, જૈનીઝમ, શીખીઝમ, પરનામી, સત્નામી, કબીરપંથી, સાંઈબાબા, સિંતોઇઝમ, તાઓઇઝમ, કન્ફ્યુશિયસ, હિન્દુઈઝમ, નેચરી વગેરે વગેરે) આખિરતમાં છૂટકારાનું માધ્યમ નથી બની શકતા. ભલે તેઓ નેક અમલો કે સદ્વર્તાવની ટેવ ધરાવતા હોય. વાસ્તવમાં ઈસ્લામના સિદ્ધાંતોને આ બધી વિચારસરણીઓ દ્વારા ખતમ કરવામાં આવે છે, જેનો મૂળ હેતુ એ હોય છે કે જાણે ઈસ્લામની કોઈ વાસ્તવિકતા જ નથી. તે ફક્ત એક કાલ્પનિક વસ્તુ છે, જે કુફ્રના દરેક પ્રકારના લિબાસમાં ખપી શકે છે. કુર્આને કરીમની આ આયત અને તેના

જેવી અનેક આયતો ખુલી-ખુલીને બતાવે છે કે, જેવી રીતે પ્રકાશ અને અંધારૂ ભેગું નથી થઈ શકતું એ જ પ્રમાણે એ બાબત તદ્દન ખોટી અને અસંભવ છે કે, અલ્લાહ તઆલાની નાફરમાની અને બગાવત એટલે કે કુફ્ર અને શિર્ક પણ એવી રીતે પસંદગી પામે જેમકે ફરમાંબરદારી, ઇતાઅત અને ઈમાન. જે વ્યક્તિ ઈસ્લામના સિદ્ધાંતોમાંથી કોઈ એક બાબતનો પણ ઇનકારી હશે તો બેશક ! તે અલ્લાહનો બાગી અને તેના રસૂલોનો દુશ્મન છે. ભલે, તેના સામાજિક કે સેવાકીય અન્ય અમલો ગમે એટલા સારા દેખાતા હોય ! આખિરતના છૂટકારાનો આધાર સૌ પ્રથમ અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના આજ્ઞાપાલન ઉપર છે. જે લોકો તેનાથી મહરૂમ (વંચિત) છે આખિરતમાં છૂટકારા માટે તેમના અન્ય કોઈ અમલોનો ભરોસો કરવામાં નહિ આવે. કુર્આન મજીદમાં આવા લોકોના અમલો વિશે ઈરશાદ છે,

فَلَا نُقِيْمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا ط

"અમે કયામતના દિવસે તેમના અમલોનું કોઈ વજન સ્થાપિત નહીં કરીએ."

(સૂરહ : ૧૮, આયત : ૧૦૫)

આ આયતમાં અને તે અગાઉની આયતમાં સંબોધન અહલે કિતાબને કરવામાં આવ્યું છે. એટલા માટે અંતે તેમની મૂર્ખાઈ અને ખોટી માન્યતાઓનું આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًا بَيْنَهُمْ તે લોકોએ જેમણે ખાતમુન્નબિય્યિન ﷺની નુબુવ્વત અને ઈસ્લામનો વિરોધ કર્યો અને ઝઘડો (વિવાદ) ઊભો કર્યો તો એ કારણે નહિ કે, તેમને ઈસ્લામ સત્ય હોવા બાબતે કોઈ શંકા બાકી રહી હતી. બલકે, તેમને પોતાની કિતાબ તવરાત અને ઇન્જીલથી અને અન્ય માધ્યમો દ્વારા સારી રીતે ઈસ્લામ અને ઈસ્લામના પયગમ્બર ﷺની સચ્ચાઈનું જ્ઞાન થઈ ગયું હતું, પરંતુ મુસલમાનોની ઈર્ષ્યાના કારણે અને દુનિયવી હોદ્દાની મહોબ્બતે તથા માલની લાલચે તેમને ઈસ્લામનો વિરોધ કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

અંતે ફરમાવ્યું, وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ "જે વ્યક્તિ અલ્લાહ તઆલાની આયતોનો ઇન્કાર કરે છે તો અલ્લાહ તઆલા નિકટમાં જ તેનો હિસાબ લેનારો છે." પ્રથમ તો મૃત્યુ પછી તરત કબરમાં જ આ હિસાબ શરૂ

થઈ જશે, જેને બરઝખ કહેવામાં આવે છે અને પછી વિસ્તારપૂર્વકનો હિસાબ કયામતમાં થશે અને ત્યારે હિસાબ-કિતાબના સમયે આ બધા જ લડાઈ-ઝઘડાઓ તથા વાસ્તવિકતા અને તેનો ભેદ તેમની આંખો સમક્ષ ખૂલી જશે. ખોટા માર્ગે ચાલનારા બાતિલ પરસ્તોની હકીકત સ્પષ્ટ થઈ જશે અને પછી તેની શિક્ષા (સજા) પણ સામે આવી જશે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૦)

فَاِنْ حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِيَ لِلّٰهِ وَ مَنِ اتَّبَعَنِ ؕ وَقُلْ لِّلَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ وَالْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ؕ فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا
عَلَيْكَ الْبَلٰغُ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿٢٠﴾ ع

તરજુમો :

ત્યારબાદ પણ જો (તેઓ) તમારી સાથે વાદ-વિવાદ કરે તો (હે નબી ﷺ!) કહી આપો, મેં મારું મોઢું અલ્લાહના હુકમના તાબે કર્યું (મારું મસ્તક અલ્લાહ સમક્ષ ઝૂકાવી દીધું) અને તેઓએ પણ જેઓએ મારી પૈરવી કરી; અને તે અહલે કિતાબ (યહૂદીઓ અને નસારા) અને તે ઉમ્મીઓ (અભણો)ને કહી આપો ! શું તમે ઈસ્લામ લાવો છો ? પછી જો તેઓ ઈસ્લામ લઈ આવે તો તેમણે સીધો માર્ગ પામી લીધો અને જો તેઓ મોઢું ફેરવી લે તો તમારી ફક્ત (ઈસ્લામ) પહોંચાડવાની જવાબદારી છે; અને અલ્લાહ પોતાના બંદાઓને સારી પેઠે જોનારો છે. (૨૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

શરૂની સૂરતમાં તવહીદની સ્પષ્ટતા અને ઈસાઈઓના ત્રિનીટી (ત્રણ ખુદા)ના અકીદહનો રદિયો આપવામાં આવ્યો હતો, આ આયતોમાં મુશ્રિકો અને અહલે કિતાબના ઈન્કારીઓની દલીલોનો જવાબ આપવામાં આવ્યો છે.

તફસીર :

(ઈસ્લામની સત્ય હોવાની દલીલ કાયમ થઈ ગઈ) તે છતાં તે લોકો

તમારી સાથે (વ્યર્થ) દલીલબાજીઓ કરે તો તમે (જવાબમાં) કહી આપો કે, (તમે માનો કે ન માનો) મેં તો મારું ધ્યાન ફક્ત અલ્લાહ તરફ કરી દીધું અને જેઓ મારું અનુસરણ કરે છે તેઓએ પણ (પોતાનું ધ્યાન ખાસ અલ્લાહ તરફ કરી દીધું અને ટૂંકમાં અમે બધા ઈસ્લામ અપનાવી ચૂક્યા જેમાં અલ્લાહના એક હોવાની માન્યતાના આધારે દિલનું વલણ ખાસ અલ્લાહ તરફ જ થઈ ગયું છે. જ્યારે કે, અન્ય ધર્મોમાં ઘણી બધી શિર્કની માન્યતાઓ ભેળસેળ થઈ ગઈ હતી.) અને (તેમના જવાબમાં સામેથી પ્રશ્ન પૂછો તે,) અહલે કિતાબને અને અરબ(ના મુશ્રિકો)ને, કે શું તમે પણ ઈસ્લામ લાવો છો ? બસ, જે લોકો ઈસ્લામ લઈ આવ્યા તો તે લોકો પણ (સાચા) સીધા માર્ગ ઉપર આવી ગયા અને જે લોકો (કાયદેસર રીતે) તેનાથી મોઢું ફેરવી લે (તો તમે તેનાથી દિલગીર ન થાઓ કારણ કે,) તમારા માથે ફક્ત (અલ્લાહના હુકમોને) પહોંચાડવાની જવાબદારી છે અને (આગળ) અલ્લાહ તઆલા પોતે (પોતાના) બંદાઓને જોઈ (અને સમજી) લેશે. (તમને તેના વિશે કંઈ પૂછવામાં નહિ આવે.)

આયતો (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૧-૨૨)

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ حَقٍّ ۙ وَّ يَقْتُلُوْنَ
الَّذِيْنَ يَاْمُرُوْنَ بِالْقِسْطِ مِنَ النَّاسِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿۲۱﴾ اُولٰٓئِكَ
الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۡ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿۲۲﴾

તરજુમો :

બેશક ! જે લોકો અલ્લાહના હુકમોનો ઈન્કાર કરે છે અને નબીઓને નાહક (અન્યાયી રીતે) કતલ કરે છે અને લોકોમાંથી જેઓ ન્યાયનો આદેશ આપે છે તેમને (પણ) કતલ કરે છે; બસ, તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો ! (૨૧) આ જ તે લોકો છે, જેમના અમલો દુનિયા અને આખિરતમાં બરબાદ થઈ ગયા અને કોઈ તેમનો મદદગાર નથી. (૨૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

શરૂ સૂરતમાં વાતચીતના કેન્દ્રમાં ઈસાઈઓ હતા, પછી ઉપરોક્ત આયતમાં اَلَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَનો વિષય ઈસાઈઓ અને યહૂદીઓ બંને માટે સંયુક્ત રીતે છે. હવે, આ આયતોમાં યહૂદીઓની અમુક ખાસ પરિસ્થિતિઓનો ઉલ્લેખ છે. રૂહુલ મઆનીમાં ઇબ્ને અબી હાતિમની રિવાયતથી આ આયતની તફસીરમાં પોતે રસૂલે કરીમ ﷺથી રિવાયત છે કે, "બની ઈસ્રાઈલે ૪૩ નબીઓની એક સમયે હત્યા કરી, તેમને શિખામણ આપવા માટે ૧૭૦ જેટલા સારા માણસો ઊભા થયા તો તેમણે તેમનું કામ પણ તમામ કરી નાખ્યું." *(બયાનુલ કુર્આન)*

તફસીર :

બેશક ! જે લોકો અલ્લાહ તઆલાની આયતોનો ઇન્કાર કરે છે (જેમકે યહૂદીઓ ઇન્જીલ અને કુર્આનને માનતા ન હતા) અને પયગમ્બરોને અન્યાયી રીતે કતલ કરે છે (અને આ હત્યા કરવી તેમના મતે પણ અન્યાયી) અને એવા લોકોને પણ કતલ કરે છે જેઓ નેક કામોની શિખામણ આપે છે, બસ, એવા લોકોને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો (અને) આ તે લોકો છે (જેઓના પોતાના દુષ્કૃત્યોના કારણે) જેમના (સારા) અમલો (પણ) દુનિયા અને આખિરતમાં બરબાદ થઈ ગયા અને આવા લોકોનો કોઈ મદદગાર નહીં હોય. (જ્યારે કે તેમને સજા આપવામાં આવશે).

આયતો (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૩-૨૪-૨૫)

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ اِلٰى كِتٰبِ اللّٰهِ لِيَحْكُمَ بَيْنَهُمْ
ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ مُّعْرِضُوْنَ ﴿٢٣﴾ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ
اِلَّآ اَيَّامًا مَّعْدُوْدٰتٍ ۠ وَغَرَّهُمْ فِيْ دِيْنِهِمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾ فَكَيْفَ اِذَا جَمَعْنٰهُمْ
لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۠ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٥﴾

તરજુમો :

(હે નબી ﷺ !) શું તમે તે લોકોને જોયા નથી જેમને કિતાબનો એક ભાગ

આપવામાં આવ્યો હતો ? તેમને અલ્લાહની કિતાબ તરફ બોલાવવામાં આવે છે; જેથી તે કિતાબ તેમના દરમિયાન ફેંસલો કરે પછી તેમાંનો એક સમૂહ ફરી જાય છે; અને તેઓ મુખ ફેરવી લેનારા જ છે. (૨૩) આ એટલા માટે કે તેઓ કહે છે કે અમને (દોઝખની) આગ કદાપિ સ્પર્શ કરશે નહિ પરંતુ અમુક ગણતરીના દિવસો; અને તેઓ પોતાના દીનમાં પોતે ઘડેલી વાતો ઉપર બહેકી ગયા છે ! (૨૪) બસ, કેવી (હાલત થશે) જ્યારે અમે તેમને તે દિવસે ભેગા કરીશું ? જે (કયામત આવવા)માં કોઈ શંકા નથી; અને દરેક વ્યક્તિ પોતે જે કંઈ કમાયો છે પૂરે-પૂરું પામશે; અને કોઈનો હક મારવામાં નહીં આવે. (૨૫)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) શું આપે એવા લોકો નથી જોયા જેમને (આકાશી) કિતાબ (તવરાત)નો એક ભાગ આપવામાં આવ્યો (કે જો તેઓ હિદાયત પ્રાપ્ત કરવા ઇચ્છે તો તે ભાગ તેમના માટે પૂરતો હતો) અને તે જ કિતાબ અલ્લાહ તરફ એ હેતુથી તેમને બોલાવે (પણ) છે કે, તે તેમના દરમિયાન (ધાર્મિક વાદ-વિવાદોમાં) ફેંસલો કરી આપે તો (પણ) તેમનામાંથી અમુક લોકો ગફલત ભરી રીતે મોઢું ફેરવી લે છે (અને આ ગફલત-નિષ્કાળજી) એટલા માટે કે તે લોકો એવું કહે છે (અને એવો અકીદહ પણ રાખે છે) કે અમને ફક્ત ગણતરીના અમુક દિવસો દોઝખની આગ સ્પર્શ કરશે (પછી મગફિરત થઈ જશે) અને તેમને દીનમાં તેમની ઘડેલી વાતોએ ધોકામાં નાંખ્યા છે (જેમકે તેમને પોતાના ઘડેલા અકીદાઓએ ધોકામાં નાંખ્યા છે કે, અમે નબીઓની ઔલાદ છે અને અમારી ખાનદાની મોટાઈના કારણે અમારો ચોક્કસ છૂટકારો થઈ જશે. એટલા માટે તેઓ અલ્લાહની કિતાબથી બેરૂખી અપનાવે છે.) બસ, (તેમના દુષ્કૃત્યો અને કુફ્રિય્યહ અકીદાઓના કારણે) તેમનો કેવો (કરુણ) અંજામ થશે જ્યારે કે અમે તેમને તે દિવસે (કયામતમાં) ભેગા કરીશું જેના (આવવામાં) કોઈ શંકા નથી અને તે દિવસે દરેકને પૂરેપૂરો બદલો મળી જશે અને કોઈનો હક મારવામાં નહીં આવે. (એટલે કે નેકીઓ ઉપર ઇનામ અને કુફ્ર-શિર્ક ઉપર સજા અવશ્ય થશે.)

આયતો (સુરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૬-૨૭)

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ۡ
وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ الْخَيْرُ ؕ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾
تُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَ تُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ۡ وَ تُخْرِجُ الْحَيَّ مِنَ
الْمَيِّتِ وَ تُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ ۡ وَتَرْزُقُ مَنْ تَشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢٧﴾

તરજુમો :

(હે નબી ﷺ !) કહો ! યા અલ્લાહ, બાદશાહતના માલિક; તું જેને ચાહે બાદશાહત આપે અને જેની પાસેથી ચાહે બાદશાહત છીનવી લે; અને જેને ચાહે તું ઈજ્જત આપે અને જેને ચાહે અપમાનિત (ઝલીલ) કરે; તારા જ હાથમાં બધી ભલાઈઓ છે, બેશક ! તું દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૨૬) તું રાતને દિવસમાં દાખલ કરે છે અને દાખલ કરે છે દિવસને રાતમાં; અને તું નિર્જીવમાંથી સજીવ કાઢે છે અને સજીવમાંથી નિર્જીવ કાઢે છે; અને તું જેને ચાહે અઢળક (બેહિસાબ) રોજી આપે છે. (૨૭)

તફસીર :

આ આયતોમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને દુઆ અને અલ્લાહની સ્તુતિ કરવાની તાકીદ એક ખાસ શૈલીમાં કરવામાં આવી છે, તેના ઉલ્લેખથી ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺનો કાફિરો ઉપર વિજય પ્રાપ્ત કરવાનો ઈશારો પણ છે. જેમકે, તેના શા'ને નુઝૂલથી સાબિત છે કે, રસૂલુલ્લાહ ﷺએ રૉમ અને ફારસ (ઈરાન) ઉપર વિજય પ્રાપ્ત થવાનો વાયદો કર્યો હતો, તે વિશે મુનાફિકો અને યહૂદીઓ ઠઠ્ઠો-મશ્કરી કરતા હતા. તેના સંદર્ભમાં આ આયત નાઝિલ થઈ.

(કમા ફી રૂહૂલ મઆની અનલ વાહિદી અન ઈબ્ને અબ્બાસ વ અનસ રદિ.)

આયતોની ટૂંકમાં તફસીર આ પ્રમાણે છે.

(હે મુહમ્મદ ﷺ !) તમે (અલ્લાહ તઆલાને) એવું કહો કે, યા અલ્લાહ! હે બધી જ બાદશાહતના માલિક ! તું જેને ચાહે (જેટલો ચાહે) પ્રદેશ આપે છે અને જેનાથી ચાહે (તેના કબજામાંથી) બાદશાહત (અથવા પ્રદેશનો કોઈ ભાગ) લઈ લે છે, જેને ચાહે વર્ચસ્વ આપે છે અને જેને ચાહે નીચો પાડે છે; તારા

જ અધિકારમાં બધી ભલાઈઓ છે, નિઃશંક ! તું દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. તું રાતને દિવસમાં દાખલ કરે છે અને (જેનાથી દિવસ વધવા લાગે છે અને અમુક ઋતુઓમાં) દિવસને રાતમાં દાખલ કરે છે (જેનાથી રાત વધવા લાગે છે) અને તું સજીવને નિર્જીવમાંથી કાઢે છે (જેમકે, ઈંડામાંથી બચ્ચું) અને નિર્જીવને સજીવમાંથી કાઢે છે (જેમકે પક્ષીમાંથી ઈંડું) અને તું જેને ઇચ્છે છે, બેશુમાર રોજી અર્પણ કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) અને 'ગઝવએ ખન્દક (અહઝાબ)' (જે યુદ્ધમાં મદીનાની ચારે તરફ ખાઈ ખોદવામાં આવી હતી)ની ઘટના :

"બદ્ર" અને "ઉહદ"ની લડાઈઓમાં મક્કાના મુશ્રિકોની સતત હાર અને મુસલમાનો વિરૂદ્ધ તેમનો દરેક પ્રકારનો સંઘર્ષ નિષ્ફળ થવાથી અને મુસલમાનોની સતત પ્રગતિ અને ઈસ્લામની દરરોજ વધતી જતી શક્તિ અને તેના પ્રચાર-પ્રસારે મક્કાના કુરૈશના લોકોને તથા બધા જ ગૈરમુસ્લિમોને અવાચક બનાવી દીધા હતા. તેઓ આવી પરિસ્થિતિથી પોતાને અપમાનિત સમજી ભોંઠપ અનુભવતા હતા, જેથી તેઓ ઈસ્લામ વિરૂદ્ધ પોતાના સર્વસ્વનું બલિદાન આપવા તૈયાર રહેતા હતા, જેનું પરિણામ એક ષડયંત્ર સ્વરૂપે એ સામે આવ્યું કે, અરબના મુશ્રિકો, યહૂદીઓ અને નસારાનું મુસલમાનો વિરૂદ્ધ એક સંયુક્ત સંગઠન બની ગયું અને બધાએ ભેગા મળી મદીના પર એકીસાથે આક્રમણ કરી નિર્ણાયક યુદ્ધ લડવાનું નક્કી કર્યું. તેઓએ એક વિશાળ સેના સાથે ઈસ્લામ અને મુસલમાનોને દુનિયામાંથી નષ્ટ કરી દેવા માટે મદીના પર ચઢાઈ કરી, જેનું નામ કુર્આનમાં "ગઝવએ અહઝાબ" છે અને ઈતિહાસમાં તે "ગઝવએ ખન્દક"થી ઓળખાય છે. આ યુદ્ધમાં રસૂલુલ્લાહ ﷺએ સહાબએ કિરામ (રદિ.) સાથે મશ્વરો કરી એવું નક્કી કર્યું હતું કે, આ સેનાને રોકવા માટે મદીના શહેર ફરતે ખન્દક (ખાઈ) ખોદવામાં આવે !

બયહકી, અબૂ નઈમ તથા ઇબ્ને ખુઝયમાની રિવાયતમાં છે કે, ખન્દક ખોદવાનું કામ ઈસ્લામના મુજાહિદો સહાબએ કિરામ (રદિ.)ને સોંપવામાં આવ્યું.

૪૦-૪૦ હાથ લાંબી ખન્દક દશ માણસોને સોંપવામાં આવી. સ્વાભાવિક છે કે, દુશ્મનોનું આક્રમણ ખાળવા માટે આ ખન્દક કેટલાય કિલોમીટર લાંબી અને ખૂબ ઊંડી તથા પહોળી હોવી જોઈએ જેથી દુશ્મનોનું લશ્કર તેને પસાર ન કરી શકે. વળી, આ ખન્દક વહેલી પૂરી કરવી પણ જરૂરી હતી. એટલા માટે રસૂલે કરીમ ﷺના જાંનિસાર સહાબએ કિરામ (રદિ.) સખત મહેનત સાથે આ કામમાં મંડી પડયા. એટલે સુધી કે, કુદરતી હાજતોના સમયે તથા ખાવા-પીવાની જરૂરિયાતના સમયે ત્યાંથી હટવું મુશ્કેલ થઈ ગયું હતું. સતત ભૂખ્યા-તરસ્યા રહીને આ કામ પૂર્ણ કરવામાં આવી રહ્યું હતું અને ખરેખર આ કામ પણ એવું જ હતું કે, જો આજના આધુનિક યંત્રો ધરાવતી પલટણ પર કદાચ હોત તો થોડા સમયમાં આવી વિશાળ ખન્દક ખોદવી શકય ન બન્યું હોત. પરંતુ આ લોકો તો ઈમાનની તાકાતથી કામ કરી રહ્યા હતા અને એ જ ઈમાનની શક્તિએ તેમને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડયું આમ તેમણે ખન્દકનું કામ પૂર્ણ કર્યું.

સય્યિદુલ અંબિયા ﷺએ એક સિપાહીની હૈસિયતથી આ ખન્દક ખોદવાના કામમાં ભાગ લીધો હતો. અચાનક ખન્દકના એક ભાગમાં પથ્થરની એક ઘણી મોટી શીલા નીકળી આવી, જે લોકોના ભાગમાં ખન્દકનો આ હિસ્સો ખોદવાની જવાબદારી હતી તેઓ પોતાની બધી જ શક્તિ કામે લગાડવા છતાં આ શીલા હટાવી શકવાથી લાચાર થઈ ગયા. તેમણે હઝરત સલમાન ફારસી (રદિ.)ને રસૂલે કરીમ ﷺ પાસે મોકલ્યા કે હવે આપ ﷺનો શું હુકમ છે ? આપ ﷺ તે જ સમયે સ્થળ પર આવ્યા અને લોખંડની કોદાળી પોતાના હાથમાં લઈને એક જોરથી ફટકો માર્યો તો પથ્થરની તે શીલાના ટુકડે-ટુકડા થઈ ગયા અને તેમાંથી એક આગની જ્વાળા નીકળી જેનાથી દૂર સુધી તેનું અજવાળું પથરાઈ ગયું. આપ ﷺએ ફરમાવ્યું કે, "મને આ પ્રકાશમાં "હીરા" ઈરાન દેશના મહેલો અને ઈમારતો દેખાઈ," પછી બીજો ફટકો માર્યો, ફરી એક પ્રકાશની જ્વાળા નીકળી તો આપ ﷺએ ફરમાવ્યું, "મને આ પ્રકાશમાં "રોમ"ના લાલ-લાલ મહેલો અને ઈમારતો દેખાઈ," પછી ત્રીજો ફટકો લગાવ્યો અને રોશની ફેલાઈ, તો ફરમાવ્યું કે, મને આ પ્રકાશમાં "સનઆએ યમન"ના અતિસુંદર મહેલો દેખાયા અને તમને હું ખુશખબરી આપું છું કે, મને જિબ્રઈલ અમીન (અલૈ.)એ ખબર આપી છે કે, મારી ઉમ્મત આ બધા જ દેશો ઉપર વિજય પ્રાપ્ત કરશે."

મદીનાના મુનાફિકોએ આ સાંભળ્યું તો ઠઠ્ઠો-મશ્કરી કરી મજાક કરવા લાગ્યા કે જુઓ આ લોકો, જેઓ દુશ્મનોના ડરથી ખન્દક ખોદવામાં એવી રીતે મશગૂલ છે કે, પોતાની જરૂરિયાતોનું પણ ભાન નથી રહ્યું, પોતાના જીવનું રક્ષણ કરવાનું પણ મુશ્કેલ થઈ રહ્યું છે અને ઈરાન, રોમ અને યમનના વિજયના સપનાઓ સેવે છે ! અલ્લાહ તઆલાએ આ બેખબર જાલિમોના જવાબમાં આ આયત નાઝિલ ફરમાવી.

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِى الْمُلْكَ مَنْ تَشَآءُ وَ تَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ وَ تُعِزُّ مَنْ تَشَآءُ وَ تُذِلُّ مَنْ تَشَآءُ بِيَدِكَ الْخَيْرُ ط اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ○

"તમે કહો ! યા અલ્લાહ ! બાદશાહતના માલિક; તું જેને ચાહે બાદશાહત આપે અને જેની પાસેથી ચાહે બાદશાહત છીનવી લે; અને જેને તું ચાહે ઈજ્જત આપે અને જેને ચાહે અપમાનિત (ઝલીલ) કરે; તારા હાથમાં બધી જ ભલાઈઓ છે, બેશક ! તું દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે." (સૂ. : ૩, આ. : ૨૬)

જેમાં દુઆ અને અલ્લાહની સ્તુતિના સ્વરૂપમાં કૌમોની ચડતી અને પડતી તથા દેશોમાં આવતી ક્રાંતિ અને અલ્લાહ જલ્લ શા'નુહુની સંપૂર્ણ કુદરતનો ઉલ્લેખ એક અત્યંત શ્રેષ્ઠ અને ઉત્તમ શૈલીમાં કરવામાં આવ્યો છે. આ આયતમાં ઈરાન અને રૉમના વિજયો વિશે રસૂલે કરીમ ﷺની આગાહીઓ પૂરી થવાનો ઈશારો આપવામાં આવ્યો છે. તેમાં દુનિયાની ક્રાંતિથી બેખબર, કૌમોની ચડતી અને પડતીના ઈતિહાસથી નાવાકેફ, કૌમે નૂહ અને આદ-ષમૂદની ઘટનાઓથી અજ્ઞાન, જાહિલ ઈસ્લામ દુશ્મનોને ચેતવણી આપવામાં આવી છે કે, તમે બાહ્ય જાહોજલાલીના પૂંજારીઓ એવું નથી જાણી શકતા કે, દુનિયાની સમગ્ર લગામ અને હુકૂમતો વગેરે બધાનો એકમાત્ર માલિક અલ્લાહ છે, જેની કુદરતમાં ઈજ્જત, ઝિલ્લત બધું જ છે. એમાં કોઈ શંકા નથી કે, તે ગરીબોને અને ફકીરોને તખ્તો-તાજના માલિક બનાવવા શક્તિમાન છે અને મોટા-મોટા બાદશાહોની હુકૂમત અને દૌલત છીનવી લેવી તેના માટે કોઈ મુશ્કેલ કામ નથી. આજે ખન્દક ખોદનારા ફકીરો કાલે સિરીયા, ઈરાક અને યમનની હુકૂમતો કરતા નજરે પડે તેમાં કોઈ શંકા નથી.

ઝર્રહ ઝર્રહ દહ્રકા વાબસ્તએ તકદીર હે,
જિન્દગી કે ખ્વાબ કી જામી યહી તા'બીર હે !

જે વસ્તુઓ સ્વાભાવિક રીતે ખરાબ સમજવામાં આવે છે પરિણામના આધારે તે બુરી ન પણ હોઈ શકે :

આયતના છેવટમાં بِيَدِكَ الْخَيْرُ કહ્યું, એટલે કે, ''અલ્લાહના હાથમાં બધી જ શક્તિ છે.'' આયતની શરૂઆતમાં બધી જ ભલાઈ અને હુકૂમત આપવાની તથા હુકૂમત પાછી લઈ લેવાની, એ જ રીતે માન-સન્માન અને ઈજ્જત-આબરૂ આપવી તથા અપમાન અને ઝિલ્લત આપવી, બંનેનું વર્ણન હતું. એટલા માટે દેખીતી રીતે આ સ્થળે بِيَدِكَ الْخَيْرُ وَا لشَّرُّ કહેવું જોઈતું હતું એટલે કે, 'દરેક ભલાઈ અને બુરાઈ અલ્લાહના હાથમાં છે' પરંતુ આ આયતમાં આ સ્થળે ફક્ત શબ્દ خَيْرٌ (ખયર) લાવીને એક મહત્ત્વની વાસ્તવિકતા તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, જે વસ્તુઓને કોઈ વ્યક્તિ અથવા કોઈ સમાજ બુરાઈ અને મુસીબત સમજે છે અને તે ખાસ કૌમ કે સમાજ માટે દેખીતી રીતે તકલીફ અને મુસીબત હોય છે, પરંતુ જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો સામૂહિક રીતે આખી દુનિયાના સંદર્ભમાં તે બાબત તેમના માટે ખરાબ નથી હોતી. કૌમો અને સમાજોની ચડતી-પડતી, તેમની તકલીફો, આપત્તિઓ અને પ્રગતિના લાભા-લાભના ઈતિહાસ પર નજર નાંખવામાં આવે તો અરબીના મશહૂર શાયર "મુતનબ્બી"ની આ શે'ર હકીકત બનીને સામે આવે છે.

مَصَائِبُ قَوْمٍ عِنْدَ قَوْمٍ فَوَائِدُ

''એક પ્રજાની તકલીફ અને નુકસાન બીજી પ્રજાનો ફાયદો હોય છે.''

સમગ્ર દુનિયાની પ્રગતિ અને વિકાસ ઉપર નજર રાખનાર કોઈને કોઈ રીતે આ વાસ્તવિકતાને પામી શકે છે કે, દુનિયામાં જેટલી વસ્તુઓ ખરાબ અને બુરી સમજવામાં આવે છે, તે પોતાના અસ્તિત્વના ગુણ-લક્ષણો આધારે ભલે બુરી સમજવામાં આવે, પરંતુ જો સમગ્ર વિશ્વને એક શરીર સમજી લેવામાં આવે તો આ બધી બાબતો તેના ચહેરાની ચામડી અને બાલની મિસાલ છે. ચામડી અને બાલ જો શરીરથી અલગ કરીને જોવામાં આવે તો ચામડી અને બાલ વિહોણા શરીરથી વધારે ખરાબ કોઈ વસ્તુ નથી અને જો આ બાલ અને ચામડીને ખૂબસૂરત ચહેરાના એક અંગ તરીકે યોગ્ય સ્થળે જોવામાં આવે, તો આ જ વસ્તુઓ એક હસીન-રૂપાળા ચહેરાની રૌનક હોય છે.

ખુલાસો એ છે કે, જે વસ્તુઓને આપણે બુરી કહીએ છીએ કે સમજીએ છીએ તેની બુરાઈ કામચલાઉ હોય છે અને સમગ્ર સૃષ્ટિના સર્જક રબ્બુલ આલમીનની નિસ્બતથી અને સમગ્ર વિશ્વના હિત અને હિકમતોના આધારે કોઈ વસ્તુ બુરી અથવા ખરાબ નથી. કોઈએ સાચું જ કહ્યું છે,

નહીં હે ચીઝ નિકમ્મી ઝમાનેમેં, કોઈ બુરા નહીં કુદરત કે કારખાનેમેં !

એટલા માટે આ આયતના અંતમાં શબ્દ "ખયૂર" ઉપર બસ કરવામાં આવ્યું અને ફરમાવ્યું, بِيَدِكَ الْخَيْرُ કારણ કે, સૃષ્ટિના સર્જકની હિકમત અને બાદશાહત સમગ્ર વિશ્વના હિત આધારે દરેક વસ્તુ માટે લાભ જ લાભ છે. અહીં સુધી પ્રથમ આયતનો વિષય પૂર્ણ થયો, જેમાં સમગ્ર વિશ્વના બધા જ તત્ત્વોની શક્તિઓ અને દુનિયાની બધી જ હુકૂમતો અલ્લાહના કબજા અને કાબૂમાં છે; એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બીજી આયતમાં આસમાની તાકાતો અને અવકાશી પદાર્થો ઉપર અલ્લાહ તબારક વ તઆલાની મહાન જાતની સંપૂર્ણ કુદરતનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું કે, تُوْلِجُ اللَّيْلَ فِى النَّهَارِ وَتُوْلِجُ النَّهَارَ فِى الَّيْلِ એટલે કે "અલ્લાહ જ્યારે ચાહે છે રાતના હિસ્સાને દિવસમાં દાખલ કરીને દિવસને મોટો કરે છે અને જ્યારે ઇચ્છે છે દિવસના હિસ્સાને રાતમાં દાખલ કરી રાતને મોટી કરે છે."

દેખીતું છે કે, રાત અને દિવસ નાના-મોટા થવાનો આધાર સૂર્ય અને પૃથ્વીની ગતિઓ પર છે. એટલા માટે તેનો અર્થ એ થયો કે, આકાશ અને બધા જ અવકાશી પદાર્થો, ગ્રહો, તારાઓ, નક્ષત્રો, નિહારીકાઓ, સૂર્ય, ચંદ્ર, આકાશગંગાઓ બધું જ અલ્લાહની કુદરત અને કાબૂમાં છે, તો પછી દુનિયાની અન્ય શક્તિઓ અલ્લાહના કાબૂ અને કબજામાં હોવામાં શંકાની કોઈ ગુંજાઇશ કે સંભાવના બાકી નથી રહી શકતી.

ત્યાર પછી રૂહો (આત્માઓ)ની દુનિયા પર અલ્લાહની કુદરત અને કાબૂ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો تُخْرِجُ الْحَىَّ مِنَ الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ અલ્લાહ જીવતાને મૃત વસ્તુમાંથી કાઢે છે જેમકે, ઈંડામાંથી બચ્ચું અથવા નુતફામાંથી મનુષ્ય અથવા દાણામાંથી ઝાડ કાઢે છે. એ જ પ્રમાણે મૃત વસ્તુને જીવંત વસ્તુમાંથી કાઢે છે, જેમકે પક્ષીઓમાંથી ઈંડા, ઝાડમાંથી ફળ અને સુકા દાણા !

અને જો સજીવ-નિર્જીવનો વિશાળ અર્થ લેવામાં આવે તો વિદ્વાન અને જાહિલ, સંપૂર્ણ અને અધૂરો, મો'મિન અને કાફિર બધા જ તેમાં સામેલ થઈ જાય છે, જેનાથી અલ્લાહ જલ્લ શા'નુહુની સંપૂર્ણ કુદરત અને તેની અપાર શક્તિ સમગ્ર દુનિયાની બધી જ રૂહો અને સજીવ-નિર્જીવ વસ્તુઓ પર હોવાનું જાહેર થઈ જાય છે કે, તે જ્યારે ચાહે કાફિરના ત્યાં મો'મિન અને જ્યારે ચાહે કાફિરના ત્યાં આલિમ પૈદા કરી આપે અને જ્યારે ચાહે મો'મિનના ત્યાં કાફિર અથવા મો'મિનના ત્યાં જાહિલ પૈદા કરી આપે. આ'ઝરના ઘરમાં ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.) પૈદા કરે, નૂહ (અલૈ.)ના ઘરમાં કાફિર પૂત્ર પૈદા કરે, આલિમની ઔલાદ જાહિલ રહી જાય અને જાહિલની ઔલાદ આલિમ બની જાય.

આ ખુલાસાથી જાણ થઈ કે, આ આયતમાં કેટલી ઉચ્ચ કક્ષાની ક્રમબદ્ધ ગોઠવણી સાથે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત સમગ્ર સૃષ્ટિ ઉપર છવાયેલ હોવાનો ઉલ્લેખ થયો છે કે, પ્રથમ જગતમાં અસ્તિત્વ ધરાવતી કૌમો, તેમની શક્તિઓ તથા હુકૂમતોનું વર્ણન થયું, પછી આકાશ અને તેની શક્તિઓનું અને ત્યારબાદ "રૂહ" એટલે કે આત્માઓનું વર્ણન થયું, જે વાસ્તવમાં સમગ્ર દુનિયાની બધી જ શક્તિઓથી સૌથી ઉચ્ચ કક્ષાની શક્તિ છે. છેવટની આયતમાં ઈરશાદ થયો وَتَرْزُقُ مَنْ تَشَآءُ بِغَيْرِ حِسَابٍ તું જેને ઈચ્છે બેશુમાર (બેહિસાબ) રોજી અર્પણ કરે છે જેને કોઈ મખ્લૂક ભલે જાણી ન શકે, પરંતુ સર્જનહાર અલ્લાહ સૃષ્ટિના અણુએ અણુનું જ્ઞાન ધરાવે છે.

ઈમામ બગવી (રહ.)એ પોતાની સનદ સાથે આ સ્થળે એક હદીષ નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાનું ફરમાન છે કે, જે વ્યક્તિ દરેક નમાઝ પછી સૂરએ ફાતિહા તથા આયતુલ કુરશી તથા સૂરએ આલિ ઈમ્રાનની બે આયતો شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ છેવટ સુધી અને બીજી આ આયત قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ થી بِغَيْرِ حِسَابٍ સુધી પઢયા કરે તો હું તેનું ઠેકાણું જન્નત બનાવી આપીશ અને તેને પોતાના "હઝીરતુલ કુદ્દસ" (Sacred Enclosure -પવિત્ર સ્થળ)માં જગ્યા આપીશ અને દરરોજ તેના તરફ સિત્તેર વખતે રહમતની નજર કરીશ અને તેની સિત્તેર જરૂરિયાતો પૂરી કરીશ અને દરેક ઈર્ષ્યાળુ તથા દુશ્મનથી સુરક્ષિત રાખીશ અને તેના ઈર્ષ્યાળુઓ અને દુશ્મનો ઉપર વિજયી બનાવીશ."

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૮-૨૯-૩૦)

لَا يَتَّخِذِ الْمُؤْمِنُونَ الْكٰفِرِينَ أَوْلِيَاءَ مِن دُونِ الْمُؤْمِنِينَ ۖ وَمَن يَفْعَلْ ذٰلِكَ
فَلَيْسَ مِنَ اللّٰهِ فِي شَيْءٍ إِلَّا أَن تَتَّقُوا مِنْهُمْ تُقٰىةً ۗ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهُ ۗ
وَإِلَى اللّٰهِ الْمَصِيرُ ﴿٢٨﴾ قُلْ إِن تُخْفُوا مَا فِي صُدُورِكُمْ أَوْ تُبْدُوهُ يَعْلَمْهُ اللّٰهُ ۗ وَيَعْلَمُ
مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْأَرْضِ ۗ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٩﴾ يَوْمَ تَجِدُ كُلُّ
نَفْسٍ مَّا عَمِلَتْ مِنْ خَيْرٍ مُّحْضَرًا ۛ وَمَا عَمِلَتْ مِن سُوءٍ ۛ تَوَدُّ لَوْ أَنَّ بَيْنَهَا
وَبَيْنَهُ أَمَدًا بَعِيدًا ۗ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهُ ۗ وَاللّٰهُ رَءُوفٌ بِالْعِبَادِ ﴿٣٠﴾

તરજુમો :

મો'મિનોને છોડીને કાફિરોને (ગાઢ) મિત્ર ન બનાવો અને જો કોઈ એવું કામ કરે તો તેનો અલ્લાહ સાથે કોઈ તા'લ્લુક (સંબંધ) નથી, એ સિવાય કે તમે તેમનાથી (થતી હેરાનગતીથી) બચવા (મિત્રતા) કરો; અને અલ્લાહ તમને પોતાની જાતથી ડરાવે છે; અને (બધાને) અલ્લાહ તરફ જ પાછા ફરીને જવાનું છે. (૨૮) કહી આપો ! જે કંઈ તમારા દિલોમાં છે, જો તમે તેને ગુપ્ત રાખશો અથવા જાહેર કરશો અલ્લાહ તેને જાણે છે; અને તે જાણે છે જે કંઈ આસમાનોમાં અને જે કંઈ જમીનમાં છે; અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે. (૨૯) જે દિવસે દરેક વ્યક્તિ જે કંઈ તેણે નેકી કરી પોતાની સામે ઉપસ્થિત પામશે અને જે તેણે બુરાઈ કરી (તેને પણ); તે તમન્ના કરશે, કાશ ! મારા અને તે (બુરાઈ)ના વચ્ચે એક લાંબુ અંતર હોત ! અને અલ્લાહ તમને પોતાની જાતથી ડરાવે છે; અને અલ્લાહ પોતાના બંદાઓ ઉપર (ખૂબ) અમીદષ્ટિ (શફકત) રાખે છે. (૩૦)

આયતોનો ક્રમ ગોઠવણી :

ઉપરોક્ત આયતોમાં મુસલમાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, કાફિરોને મિત્ર ન બનાવો અને આ સૂચનાનો વિરોધ કરનારા લોકો માટે સખત ચેતવણી અપવામાં આવી છે કે, જેઓ તેમને મિત્ર બનાવશે અલ્લાહ તઆલાથી

તેમની દોસ્તી અને મહોબ્બતનો સંબંધ કપાઈ જશે. કાફિરો સાથે દિલના ઊંડાણથી ગાઢ મૈત્રી રાખવી સદંતર હરામ છે અને દેખીતું છે કે, વહેવાર પૂરતી દોસ્તી રાખવી જાઇઝ છે. પરંતુ જરૂરિયાત વિના આવી દોસ્તીને પણ પસંદ કરવામાં આવી નથી.

તફસીર :

મુસલમાનોએ (જાહેર અથવા ગુપ્ત રીતે) કાફિરોને (ગાઢ) મિત્ર ન બનાવવા જોઈએ મુસલમાનોની (દોસ્તી) ઉપર અગ્રિમતા આપીને ! (આવી અગ્રિમતા બે પ્રકારે હોય છે. એક એ કે, મુસલમાનો સાથે બિલકુલ દોસ્તી ન રાખે અને બીજું એ કે, મુસલમાનો સાથે પણ દોસ્તી હોય અને કાફિરો સાથે પણ દોસ્તી હોય. બંને પ્રકારો આ પ્રતિબંધમાં સામેલ છે) અને જે વ્યક્તિ આવું (કામ) કરશે તો બસ તેનો અલ્લાહ સાથે કોઈ સંબંધ નથી (કારણ કે, જે બે વ્યક્તિઓમાં પરસ્પર દુશ્મની હોય એકથી દોસ્તી રાખી તેના દુશ્મન સાથે દોસ્તીનો દાવો કરવો ભરોસાપાત્ર હોઈ શકતો નથી) પરંતુ એવી પરિસ્થિતિમાં (ઉપરછલ્લી દોસ્તીની પરવાનગી છે) કે તમને તેમનાથી કોઈ રીતે (હેરાનગતીનો ભય હોય અને તેનાથી) બચાવ માટે છૂટ છે; અને અલ્લાહ તઆલા તમને પોતાની (મહાનતમ્) જાતથી ડરાવે છે (કે તેની જાતથી ભય પામી તેના હુકમોનો વિરોધ ન કરો) અને અલ્લાહ તરફ જ (બધાને) પાછા વળીને જવાનું છે (તે વખતે સજાનો ભય કરવો જરૂરી છે) આપ (ﷺ) કહી આપો કે જો તમે (દિલમાં જ) જે કંઈ છે તેને ગુપ્ત રાખશો અથવા તેને (જીભથી અથવા પોતાના કાર્યથી) જાહેર કરશો (દરેક પરિસ્થિતિમાં) અલ્લાહ તેને જાણે છે અને અલ્લાહ સઘળું જાણનાર છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (કોઈ વસ્તુ તેનાથી છૂપી નથી) અને (આ જ્ઞાનની સાથે-સાથે) અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે (બસ, જો તમે કોઈ દુષ્કૃત્ય આચરશો ભલે તે જાહેર હોય કે ગુપ્ત તે તમને સજા આપી શકે છે) જે દિવસે (એવું થશે) કે દરેક વ્યક્તિ પોતાના કરેલા નેક કામો પોતાની સામે જોઈ લેશે અને પોતાના બુરા કામોને (પણ પોતાની નજરો સમક્ષ નિહાળશે ત્યારે) તે તમન્ના કરશે કે, કેટલું સારું થયું હોત, જો તે વ્યક્તિ અને તે બુરાઈ વચ્ચે લાંબુ અંતર થઈ (વિસ્તરી) ગયું હોત (જેથી પોતાના ખરાબ

અમલો જોવા ન પડે) અને (તમને ફરી કહેવામાં આવે છે કે) અલ્લાહ તઆલા તમને પોતાની (મહાનતમ્) જાતથી ડરાવે છે અને (આ એટલા માટે ડરાવે છે કે,) અલ્લાહ તઆલા પોતાના બંદાઓ ઉપર ખૂબ જ અમીદૃષ્ટિ રાખે છે (અને આ કૃપાદૃષ્ટિથી તે એવું ઇચ્છે છે કે આખિરતની સજાથી મારો બંદો સુરક્ષિત રહે અને આ સુરક્ષિત રહેવાની રીત એ છે કે, ખરાબ અમલો છોડી દેવામાં આવે. ખરાબ આદતો ડર અથવા ભય વિના છૂટતી નથી, એટલા માટે અલ્લાહ પોતાની જાતથી બંદાઓને ડરાવે છે તો આ ડરાવવું અને ધાક બતાવવી પણ અલ્લાહની એક પ્રકારની કૃપા અને મહેરબાની છે).

મસ્અલા અને બોધપાઠ :

આ વિષયની આયતો કુર્આન શરીફમાં અનેક ઠેકાણે વિવિધ સંદર્ભો સાથે મોટા પ્રમાણમાં આવી છે. "સૂરએ મુમ્તહિના"માં ઇરશાદ છે,

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّىْ وَعَدُوَّكُمْ اَوْلِيَآءَ تُلْقُوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ،

"હે ઇમાનવાળાઓ ! મારા દુશ્મન અને પોતાના દુશ્મન એટલે કાફિરોને મિત્ર ન બનાવો કે તમે તેમને દોસ્તીનો સંદેશો મોકલો." *(સૂ:૬૦, આ:૧)*

પછી તેના અંતે ફરમાવ્યું,

وَمَنْ يَّفْعَلْهُ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ،

"જે લોકોએ તેમનાથી દોસ્તી કરી તો તેઓ સીધા માર્ગથી ભટકી ગયા."

(સૂ:૬૦, આ:૧)

અને એક અન્ય સ્થળે ઇરશાદ છે,

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَالنَّصٰرٰى اَوْلِيَآءَ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ وَمَنْ يَّتَوَلَّهُمْ مِنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ،

"હે ઇમાનવાળાઓ ! યહૂદી અને નસારાને મિત્ર ન બનાવો કારણ કે તેઓ પરસ્પર એકબીજાના મિત્રો છે (મુસલમાનો સાથે તેમને કોઈ દોસ્તી કે હમદર્દી નથી) તો જેઓ તેમને મિત્ર બનાવશે તો તેઓ તેમનામાંથી જ ગણવામાં આવશે." *(સૂ:૫, આ:૫૧)*

સૂરએ મુજાદલામાં છે,

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا

اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ

"તમે કોઈ કૌમને એવી ક્યારેય નહિ જુઓ કે, તેઓ અલ્લાહ ઉપર વિશ્વાસ (પણ) રાખતા હોય અને આખિરતના દિવસ ઉપર (પણ) અને (તે છતાં તેઓ) એવા લોકો સાથે દોસ્તી કરે કે, જે લોકો અલ્લાહ અને તેના રસૂલના વિરોધીઓ છે, ભલે તે પોતાના બાપ-દાદા જ (કેમ) ન હોય ? અથવા પોતાની ઔલાદ અને ભાઈ અથવા પોતાના કુટુંબીજનો !" (સૂ:૫૮, આ:૨૨)

કાફિરો સાથે મુસલમાનોના સંબંધો કેવા હોવા જોઈએ ? :

આ વિષયનો કુર્આનની ઘણી બધી આયતોમાં ટૂંકમાં અને વિસ્તારપૂર્વક ઉલ્લેખ થયો છે, જેમાં મુસલમાનોને ગૈરમુસ્લિમો સાથે મેળ-મિલાપ, દોસ્તી અને મહોબ્બત રાખવાની સખત મનાઈ કરવામાં આવી છે. આ ખુલાસાઓ જોઈને વાસ્તવિકતાથી અજાણ કેટલાક નાવાકેફ ગૈરમુસ્લિમોને એવી શંકા થઈ જાય છે કે, મુસલમાનોના ધર્મમાં ગૈરમુસ્લિમો સાથે કોઈપણ પ્રકારની સદ્‌વર્તણુક અને સંબંધ રાખવાની કોઈ સંભાવના જ નથી. બીજી બાજુ જ્યારે કુર્આનની ઘણી બધી આયતો દ્વારા, રસૂલે કરીમ ﷺના ફરમાનો અને અમલો દ્વારા તથા ખુલફાએ રાશિદીન (રદિ.) અને અન્ય સહાબાએ કિરામ (રદિ.)ના ગૈરમુસ્લિમો સાથેના વર્તાવમાં અહેસાન, હમદર્દી અને ગમખ્વારીના એવા એવા કિસ્સાઓ જોવા મળે છે કે, જેનું ઉદાહરણ દુનિયાની અન્ય પ્રજા કે સમાજોમાં મળવું મુશ્કેલ છે. આવું હોવાથી ક્યારેક ઉપરછલ્લી નજર ધરાવનાર મુસલમાનને પણ એવી અનુભૂતિ થવા લાગે છે કે, કુર્આન અને સુન્નતના હુકમોમાં આ બાબતે પરસ્પર વિરોધાભાસ છે. પરંતુ આ બંને અભિપ્રાયો કુર્આન અને સુન્નતના વાસ્તવિક શિક્ષણ ઉપર ઉપરછલ્લી નજર, અધૂરા સંશોધન અને અભ્યાસનું પરિણામ હોય છે. જો આ વિષય બાબતે કુર્આન શરીફમાં વિવિધ સ્થળે આવેલ આયતોને ભેગી કરીને તેના ઉપર વિચાર કરવામાં આવે તો ન તો ગૈરમુસ્લિમોને કોઈ ફરિયાદ કરવાનું કારણ રહે છે અને ન જ આ આયતો અને રિવાયતોમાં કોઈ પ્રકારનો

વિરોધાભાસ બાકી રહે છે. એટલા માટે તે બધા જ હુકમોનો પૂરેપૂરો ખુલાસો અત્રે કરવામાં આવે છે, જેના દ્વારા મેળ-મિલાપ, સદ્‌વર્તાવ, હમદર્દી, દિલસોજીમાં પરસ્પર તફાવત સ્પષ્ટ થઈ જાય અને દરેકની વાસ્તવિકતાની પણ જાણ થઈ જાય ! બલકે આ વિવરણથી ખબર પડશે કે તેમાંથી દોસ્તીનો કયો દરજ્જો જાઇઝ છે અને કયો નાજાઇઝ છે !? અને જે નાજાઇઝ છે તેના કારણો શું છે ? વગેરે.

વાત એમ છે કે, બે વ્યક્તિ અથવા બે સમુદાયોમાં સંબંધોના વિવિધ દરજ્જાઓ હોય છે. સંબંધનો એક દરજ્જો દિલની ઊંડી ભાવનાઓનો સંબંધ અથવા ખૂબ જ મીઠાશ અને ઓળઘોળ થઈ જાય એવી મહોબ્બત છે. આવો દરજ્જો ફક્ત મો'મિનોનો મો'મિનો માટે જ વિશિષ્ટ અને ખાસ છે. ગૈરમુસ્લિમો સાથે મુસલમાનોનો આવો સંબંધ કોઈપણ પરિસ્થિતિમાં સદંતર જાઇઝ નથી.

સંબંધનો બીજો દરજ્જો માનવતાનો છે, જેમાં હમદર્દી, ભલાઈ, લાભ પહોંચાડવો વગેરે સામેલ છે. આ દરજ્જો જે કાફિરો "અહલે હર્બ" એટલે કે, જે કાફિરો મુસલમાનો સામે યુદ્ધ અને આક્રમણ કરી રહ્યા છે તેમના સિવાય બાકી બધા જ ગૈરમુસ્લિમો સાથે બલકે, દરેક મનુષ્ય સાથે રાખવો જાઇઝ છે. સૂરએ મુમ્તહિનાની આઠમી આયતમાં તેનું વિસ્તારપૂર્વક વર્ણન થયું છે, જે આ પ્રમાણે છે.

لَا يَنْهٰكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِي الدِّيْنِ وَلَمْ يُخْرِجُوْكُمْ مِّنْ دِيَارِكُمْ اَنْ
تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْٓا اِلَيْهِمْ

"અલ્લાહ તઆલા તમને તેમનાથી (તેમની સાથે સંબંધ રાખવાથી) નથી રોકતો જે તમારી સાથે દીન (ધર્મ) વિશે નથી લડતા અને તમને તમારા ઘરોમાંથી નથી કાઢતા, તેમની સાથે અહેસાન (અને) ન્યાયની વર્તણૂક કરો."

(સૂરએ મુમ્તહિના : ૮)

સંબંધનો ત્રીજો દરજ્જો મૈત્રીપૂર્ણ વહેવારનો છે, જેનો અર્થ છે જાહેર વર્તણૂક મૈત્રીપૂર્ણ રીતે કરવામાં આવે, જેમાં દુશ્મની કે અણગમાની કોઈ ઝલક જોવા મળતી ન હોય. આવો વર્તાવ પણ બધા જ ગૈરમુસ્લિમો સાથે જાઇઝ છે, જો તેનો હેતુ દીનને લાભ પહોંચાડવાનો હોય, તેઓ પોતાના મહેમાન હોય અથવા

તેમની હેરાનગતી અને ત્રાસથી બચવા માટે હોય વગેરે. સૂરએ આલિ ઈમ્રાનની اِلَّآ اَنۡ تَتَّقُوۡا مِنۡهُمۡ تُقٰىةً "એ સિવાય કે, તમે તેમની હેરાનગતિથી બચવા" આયતમાં આ જ દરજ્જાનો ઉલ્લેખ છે. એટલે કે, કાફિરો સાથે મેળ-મિલાપ અને મૈત્રી સામાન્ય રીતે તો જાઇઝ નથી, પરંતુ એવી પરિસ્થિતિમાં જ્યારે કે, તમે તેમના ત્રાસ અને હેરાનગતીથી પોતાનું રક્ષણ કરવા ઈચ્છતા હોય તો તેવા સમયે તેમની સાથે સદ્‌વર્તણૂક અને મૈત્રીનો સંબંધ રાખવો જો કે, એક રીતે ગાઢ મિત્રતા જ ગણાશે પરંતુ તેને હૃદયના ભાવનાત્મક સંબંધો કરતાં અલગ પ્રકારનો સંબંધ ઠરાવવામાં આવ્યો છે. *(બયાનુલ કુર્આન)*

સંબંધોનો ચોથો પ્રકાર વહેવારનો છે, જેમાં વેપાર, મજૂરી, નોકરી, ઉદ્યોગ અને કારીગીરીના વહેવારો કરવામાં આવે છે. આ બધા સંબંધો પણ ગૈરમુસ્લિમો સાથે જાઇઝ છે, પરંતુ તેમાં પણ એક શરત એ છે કે, આ વહેવારોથી મુસલમાનોને કોઈ નુકસાન પહોંચતું ન હોય. રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ રાશીદીન તથા સહાબા (રદિ.)ના આચરણો આ બાબતે સાક્ષી છે. ફુક્હાએ એટલા માટે જ મુસલમાનો સાથે યુદ્ધ કરી રહેલા કાફિરોને હથિયારો વેચવાની મનાઈ કરી છે, તે સિવાય અન્ય વેપાર વગેરેની છૂટ છે. ઉપરાંત ગૈરમુસ્લિમોને પોતાના નોકર રાખવા, તેમના કારખાનાઓ- સંસ્થાઓ વગેરેમાં નોકરી કરવી બધું જાઇઝ છે.

આ સ્પષ્ટતાથી આપને જાણ થઈ હશે કે હૃદયના ઊંડાણથી ભાવનાત્મક સંબંધો, ગાઢમૈત્રી તથા વાસ્તવિક મહોબ્બત તો કોઈપણ કાફિર સાથે કોઈપણ પરિસ્થિતિમાં જાઇઝ નથી. જો કે અહેસાન, હમદર્દી, સદ્‌વર્તણૂક, લાભ પહોંચાડવો વગેરે સંબંધો મુસલમાનો સાથે યુદ્ધ ન કરી રહ્યા હોય એવા બધા જ ગૈરમુસ્લિમો સાથે જાઇઝ છે. એ જ પ્રમાણે જાહેરમાં સદ્‌વર્તણૂક અને મૈત્રીપૂર્ણ વહેવાર સૌની સાથે જાઇઝ છે, જ્યારે કે તેનો હેતુ ગૈરમુસ્લિમ મહેમાનોની મહેમાનનવાઝી કરવાનો અથવા તેમને ઈસ્લામથી વાકેફ કરવા દીની લાભ પહોંચાડવો અથવા તેમના કોઈ ત્રાસ અને હેરાનગતીથી બચવાનો હોય.

રસૂલે કરીમ ﷺ આ જગતમાં રહમતુલ્લિલ આલમીન "સમગ્ર વિશ્વ માટે કૃપા" બનીને આવ્યા. આપ ﷺએ ગૈરમુસ્લિમો સાથે જે અહેસાનો, હમદર્દી તથા સદ્‌વર્તણૂકના વહેવારો કર્યા છે, તેનું ઉદાહરણ જગતમાં ક્યાંય

મળવું મુશ્કેલ છે. મક્કામાં દુકાળ પડ્યો તો જે દુશ્મનોએ આપ ﷺને પોતાના વતનમાંથી કાઢી મૂક્યા હતા તેમની પોતે મદદ કરી. પછી જ્યારે મક્કા મુકર્રમહ પર વિજય પ્રાપ્ત થયો અને બધા દુશ્મનો આપ ﷺના કાબૂમાં આવી ગયા તો તે બધાને એવું કહી આઝાદ કરી દીધા કે, لَا تَثْرِيبَ عَلَيْكُمُ الْيَوْمَ "આજે તમને ફક્ત મા'ફી જ નથી આપવામાં આવતી બલકે, તમારા અત્યાચારો અને તમે પહોંચાડેલી તકલીફો વિશે તમને બુરું-ભલું પણ કહેતા નથી." ગેરમુસ્લિમોના યુદ્ધકેદીઓ સાથે એવી વર્તણૂક કરી કે, કોઈ પોતાના સંતાનો સાથે પણ એવો વર્તાવ નથી કરતું ! કાફિરોએ રસૂલે કરીમ ﷺને જાત-જાતની અને ભાત-ભાતની તકલીફો પહોંચાડી, પરંતુ ક્યારેય રસૂલે કરીમ ﷺનો હાથ બદલો લેવા માટે નથી ઊઠ્યો, જીભ મુબારકથી ક્યારેય બદ્દુઆ નથી કરી, બનૂષકીફ જેઓ હજુ મુસલમાન થયા ન હતા ત્યારે તેમનું એક પ્રતિનિધિમંડળ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયું તો તેમને મસ્જિદે નબવીમાં ઉતારો આપ્યો, જે મુસલમાનો માટે સૌથી પવિત્ર અને ઇજ્જતવાળું સ્થળ હતું.

ફારૂકે આઝમ (રદિ.)એ ગૈરમુસ્લિમ, મોહતાજ અને લાચાર ઝિમ્મીઓને મુસલમાનોની જેમ જ રાજ્યની તિજોરીમાંથી વઝીફા (પેન્શન) આપ્યા. ખુલફાએ રાશીદીન અને સહાબએ કિરામ (રદિ.)ના ગૈરમુસ્લિમો સાથેના વહેવારો આ પ્રકારની ઘટનાઓથી ભરેલા પડ્યા છે. આ બધી જ સદ્‌વર્તણૂક, હમદર્દી એ જાહેર મિત્રતાનું સ્વરૂપ હતું, ઇસ્લામમાં ગૈરમુસ્લિમો સાથે જે મેળ-મિલાપ અને હૃદયના ઊંડાણથી ભાવનાત્મક સંબંધો રાખવાથી મનાઈ કરવામાં આવી હતી તે ન હતા. આ સ્પષ્ટતા અને ખુલાસાથી આપને એકબાજુ જાણ થઈ ગઈ કે ગૈરમુસ્લિમો માટે ઇસ્લામમાં કેટલી બધી રવાદારી અને સદ્‌વર્તણૂકનું શિક્ષણ આપવામાં આવ્યું છે અને બીજી બાજુ ગાઢ મિત્રતા, દિલી મહોબ્બત અને ઊંડા ભાવનાત્મક સંબંધો રાખવાની મનાઈ કરવામાં આવી છે, ઉપરોક્ત ખુલાસાથી આ બાબતે ઉપસ્થિત થતી શંકા અને વાંધાઓ પણ દૂર થઈ જાય છે.

હવે, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, કુર્આને કરીમે કાફિરો સાથે દિલી ભાવનાત્મક સંબંધો, દિલની ગાઢ મિત્રતા તથા હૃદયપૂર્વકની મહોબ્બત કરવાથી આટલી સખત રીતે કેમ રોક્યા છે કે, કોઈપણ પરિસ્થિતિમાં ગૈરમુસ્લિમો સાથે આવા સંબંધો જાઇઝ રાખવામાં આવ્યા નથી ? તેની શું હિકમત છે ? તેનું એક

ખાસ કારણ એ છે કે, ઈસ્લામની દૃષ્ટિમાં દુનિયાના બધા જ મનુષ્યોનું અસ્તિત્વ કોઈ જાનવરો કે જંગલના ઝાડો કે ઘાસ-ચારા જેવું નથી, પૈદા થયા, વૃદ્ધિ પામી, અંતે મૃત્યુ પામી નાશ પામ્યા. બલકે, માણસનું જીવન આ દુનિયામાં ખાસ એક હેતુ માટે છે. તેના જીવનની બધી જ પ્રવૃત્તિઓ તેનું ખાવું-પીવું, ઊઠવું-બેસવું, સૂવું-જાગવું અહીંયાં સુધી કે જીવવું અને મરવું એક ખાસ મકસદની આસપાસ ઘૂમે છે. જ્યાં સુધી આ મકસદ અને હેતુ પ્રમાણે માણસની બધી પ્રવૃત્તિઓ છે, તે બધા જ કાર્યો વ્યવસ્થિત અને બરાબર છે અને જો માનવી તેનાથી ઊલટું કરે છે, તો આ બધા જ કાર્યો ખોટા છે.

زندگی از بہر ذکر و بندگی ست بے عبادت زندگی شرمندگی ست

જે વ્યક્તિ પોતાની જિંદગીના મકસદથી હટી જાય તે "દાનએ રૂમ"ના વાસ્તવિક આકલન પ્રમાણે મનુષ્ય જ નથી.

آنچہ می بینی خلافِ آدم اند نیستند آدم غلافِ آدم اند

કુર્આન શરીફે માનવજીવનના હેતુને આ શબ્દોમાં વર્ણન કર્યો છે.

قُلْ اِنَّ صَلَاتِیْ وَنُسُکِیْ وَ مَحْيَایَ وَمَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ط

"તમે કહો ! કે મારી નમાઝ, અને મારી કુરબાની, અને મારું મૌત, બધું જ અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે." (સૂ:૬, આ:૧૬૨)

જ્યારે મનુષ્યની જિંદગીનો હેતુ જ અલ્લાહ રબ્બુલ આલમીનનું આજ્ઞાપાલન અને બંદગી નક્કી કરવામાં આવ્યો તો દુનિયાના બધા જ કારોબાર રાજકરણ અને સત્તા, સામાજિક અને આર્થિક બધા જ પ્રકારના વહેવારો અને સંબંધો તેના તાબામાં જ ગણાશે માટે જે વ્યક્તિ આ હેતુનો જ વિરોધી છે તો પછી તો તે મનુષ્યજાતિનો સૌથી મોટો દુશ્મન છે અને આ દુશ્મનીમાં શયતાન સૌથી આગલી હરોળમાં છે. એટલા માટે કુર્આન શરીફે ફરમાવ્યું,

اِنَّ الشَّيْطٰنَ لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوْهُ عَدُوًّا ،

"શયતાન તમારો દુશ્મન છે, તેને દુશ્મન બનાવો." (સૂ:૩૫, આ:૬)

એ જ પ્રમાણે જે લોકો શયતાનના વસવસાઓનું અનુસરણ કરનાર છે,

અંબિયા (અલૈ.) દ્વારા આવેલ અલ્લાહના હુકમોનો વિરોધી છે, તેમની સાથે દિલની ઊંડાઈઓથી ભાવનાત્મક સંબંધો અને મહોબ્બત એવો વ્યક્તિ ક્યારેય નથી રાખી શકતો જેની પોતાની જિંદગીનો એક મકસદ છે, કે જેની દોસ્તી, દુશ્મની, જીવન, મૃત્યુ બધું જ આ મકસદના આધીન છે. આ વિષયને સહીહૈનની એક હદીષમાં આ રીતે વર્ણન કરવામાં આવ્યો છે.

مَنْ اَحَبَّ لِلّٰهِ وَاَبْغَضَ لِلّٰهِ فَقَدِ اسْتَكْمَلَ اِيْمَانَهٗ

"જે વ્યક્તિએ દોસ્તી અને દુશ્મનીને અલ્લાહ માટે વક્ફ કરી દીધી તેણે પોતાનું ઈમાન સંપૂર્ણ કરી લીધું." *(બુખારી, મુસ્લિમ)*

ઈમાન ત્યારે જ સંપૂર્ણ થઈ શકે છે જ્યારે કે મનુષ્ય પોતાની મહોબ્બત, દોસ્તી, દુશ્મની, ધિક્કાર બધું જ અલ્લાહના હુકમોનો આધીન બનાવી લે. એટલા માટે મો'મિનની દિલી દોસ્તી અને ભાવનાત્મક સંબંધ ફક્ત તે વ્યક્તિ માટે જ હોઈ શકે છે, જે તેના હેતુમાં તેનો સાથી અને મદદગાર તથા અલ્લાહ જલ્લ શા'નુહુના હુકમોનો આજ્ઞાપાલક હોય છે. એટલા માટે જ કુર્આન શરીફની પ્રસ્તુત આયતમાં કાફિરો સાથે હૃદયના ઊંડાણથી ભાવનાત્મક સંબંધો રાખનાર અને ગાઢ મૈત્રી કેળવનાર લોકો વિશે કહેવામાં આવ્યું છે કે, તેઓ તેમનામાંના જ છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, અલ્લાહ તઆલા તમને તેની મહાન જાતથી ડરાવે છે, એવું ન થાય કે અમુક દિવસના સ્વાર્થ અને હેતુની પૂર્તતા માટે કાફિરો સાથે ગાઢ મૈત્રી રાખી અલ્લાહ જલ્લ શા'નુહુને નારાજ કરી બેસો અને ભાવનાત્મક સંબંધોનો તા'લ્લુક (સંબંધ) દિલ સાથે છે અને દિલોની હાલત અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી. એટલા માટે એવું પણ થઈ શકે છે કે વાસ્તવમાં કોઈ વ્યક્તિ કાફિર સાથે હૃદયના ઊંડાણથી ગાઢ મૈત્રી રાખે અને મૌખિક રીતે તેનો ઈન્કાર કરે, એટલા માટે બીજી આયતમાં ફરમાવ્યું કે, તમારા દિલોમાં જે કંઈ પણ છે અલ્લાહ તઆલા તેનાથી સારી પેઠે વાકેફ છે અને તેને જાણે છે. આવા ઈન્કાર કે હિલા-હવાલા તેની સામે નહીં ચાલે.

کارہا باخلق آری جملہ راست　　　باخدا تزویر وحیلہ کے رواست

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૩૧-૩૨)

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝ (٣١) قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ۝ (٣٢)

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! જો તમે અલ્લાહથી મહોબ્બત રાખતા હોય તો મારું (અલ્લાહના હબીબ ﷺનું) અનુસરણ (પૈરવી) કરો, અલ્લાહ તમારાથી મહોબ્બત કરશે અને તમારા ગુનાહોને બખ્શી દેશે (મા'ફ કરી દેશે) અને અલ્લાહ બખ્શનારો મહેરબાન (દયાળુ) છે. (૩૧) તમે કહી આપો ! તમે અલ્લાહની અને રસૂલ (ﷺ)ની ઈતાઅત કરો (હુકમ માનો), પછી જો તેઓ ફરી જાય તો બેશક ! અલ્લાહ કાફિરોને પસંદ કરતો નથી. (૩૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતોમાં તવહીદ (Monotheism)ના અકીદાના સિદ્ધાંતો વર્ણવવામાં આવ્યા હતા અને કાફિરોની ટીકા કરવામાં આવી. હવે "રિસાલત" (પયગમ્બરો અલ્લાહના સંદેશાવાહકો હોય છે, એવી માન્યતા) અને રસૂલે કરીમ ﷺની તાબે'દારી ફરજ હોવાનું વર્ણન કર્યું છે. જેથી જાણ થઈ જાય કે, જે પ્રમાણે તૌહીદનો ઈન્કાર કરવો કુફ્ર છે, એ જ પ્રમાણે "રિસાલત"નો ઈન્કાર કરવો પણ કુફ્ર છે.

તફસીર :

(હે નબી ﷺ !) તમે (લોકોને) કહી આપો કે, જો તમે (દિલો-જાનથી) અલ્લાહ સાથે મહોબ્બત રાખો છો (અને આ મહોબ્બત રાખવાના બદલામાં એવું ઈચ્છો છો કે અલ્લાહ તઆલા પણ તમારી સાથે મહોબ્બત કરે) તો તમે લોકો (આ હેતુ પ્રાપ્ત કરવાની પદ્ધતિઓમાં) મારું અનુસરણ (તાબે'દારી) કરો (કારણ કે હું વિશેષરૂપે આ જ શિક્ષણ આપવા માટે મોકલવામાં આવ્યો છું, જો એવું કરશો તો) અલ્લાહ તઆલા તમારી સાથે મહોબ્બત કરવા લાગશે અને તમારા બધા ગુનાહો મા'ફ કરી દેશે. (જેમકે હું મા'ફીના તરીકાનું શિક્ષણ પણ આપું છું,

જો તેના ઉપર અમલ કરશો તો નિઃશંક ! વાયદા પ્રમાણે તમારા ગુનાહો મા'ફ થઈ જશે. દાખલા તરીકે, ગુનાહોની તૌબા કરવાથી અલ્લાહના હકોમાં જે ક્ષતિ અને ઉણપ રહી ગઈ હતી તે મા'ફ કરી આપશે અને હુકૂકુલ ઈબાદ-બંદાના હકો અદા કરવાથી તે પણ મા'ફ થઈ જશે.) અને અલ્લાહ ઘણો જ મા'ફ કરનારો અને ખૂબ મહેરબાન છે (અને) તમે કહી આપો ! તાબે'દારી કરો અલ્લાહની (અને અસલ હેતુ તો અલ્લાહના હુકમોને પૂરા કરવાનો જ છે) અને (તાબે'દારી કરો) રસૂલ (ﷺ)ની (એટલે કે મારી તાબે'દારી એ સ્વરૂપે કરવી જરૂરી છે કે, હું અલ્લાહ તઆલાનો રસૂલ છું અને મારા દ્વારા મારી તાબે'દારી કરવાની રીત બતાવવામાં આવી ચૂકી છે.) પછી (તે છતાં પણ) જો તે લોકો (તમારી તાબે'દારી કરવાથી અથવા તમને રસૂલ માનવાથી) વાંધો ઉઠાવે તો (તે લોકો સાંભળી લે કે) અલ્લાહ તઆલા કાફિરો સાથે મહોબ્બત નથી કરતો (અને આવી પરિસ્થિતિમાં તે લોકો કાફિર ઠરશે. બસ, તેમનો અલ્લાહ તઆલા સાથે મહોબ્બતનો દા'વો કરવો અથવા તો અલ્લાહની મહોબ્બતની તમન્ના કરવી તદ્દન અવાસ્તવિક બાબત છે).

મસ્અલા અને બોધપાઠ :

મહોબ્બત એક ગુપ્ત વસ્તુ છે, કોઈને કોઈનાથી મહોબ્બત છે કે નહિ, અથવા થોડી છે કે વધારે, તેનું માપદંડ એના સિવાય કશું નથી કે, પરિસ્થિતિઓ અને પરસ્પરના સંબંધોનું આકલન અને સમીક્ષા કરવામાં આવે ! મહોબ્બત (પ્રેમ)ની અમુક નિશાનીઓ હોય છે. જેના દ્વારા મહોબ્બત છે કે કેમ, તે જાણી શકાય છે. આ લોકો જેઓ અલ્લાહ તઆલા સાથે મહોબ્બતનો દા'વો કરતા હતા અને પોતે અલ્લાહ તઆલાની મહોબ્બતના અભિલાષી હતા, અલ્લાહ તઆલાએ તેમને આ આયતમાં પોતાની મહોબ્બતનું માપદંડ બતાવી દીધું છે. એટલે જો દુનિયામાં આજે પોતાના અસલી માલિક એટલે કે અલ્લાહ તઆલા સાથે મહોબ્બતનો દા'વો હોય તો તેના માટે એ જરૂરી છે કે, તેને રસૂલે કરીમ ﷺની તાબે'દારીના કસોટીના એરણ પર અજમાવીને જોઈ લે. બધું જ સાચું-ખોટું ખબર પડી જશે. જે વ્યક્તિ પોતાના મહોબ્બતના દા'વામાં જેટલો સાચો હશે એટલો જ રસૂલે કરીમ ﷺની તાબે'દારી, અનુસરણ અને આજ્ઞાઓ વધારે પાલન કરશે અને રસૂલે કરીમ ﷺના લાવેલા દિવ્યપ્રકાશને પોતાની મંઝિલ બનાવશે અને જેટલો પોતાના મહોબ્બતના દા'વામાં કમજોર અને ખોખરો હશે

એટલી જ આપ ﷺની તાબે'દારી અને અનુસરણમાં સુસ્તી અને આળસ કરતો જોવા મળશે.

એક હદીષમાં આપ ﷺએ ઈરશાદ ફરમાવ્યો, "જેણે મુહમ્મદ (ﷺ)ની તાબે'દારી કરી તેણે વાસ્તવમાં અલ્લાહની તાબે'દારી કરી અને જેણે મુહમ્મદ (ﷺ)ની નાફરમાની કરી તેણે અલ્લાહની નાફરમાની કરી." *(મઝહરી, જિલ્દ : ૨)*

આયતો : (સૂરએ આલે ઇમ્રાન : આયત નં. 33-34)

إِنَّ اللَّهَ اصْطَفَىٰ آدَمَ وَنُوحًا وَآلَ إِبْرَاهِيمَ وَآلَ عِمْرَانَ عَلَى
الْعَالَمِينَ ﴿٣٣﴾ ذُرِّيَّةً بَعْضُهَا مِن بَعْضٍ ۗ وَاللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٣٤﴾

તરજુમો :

બેશક ! અલ્લાહે આદમ (અલૈ.) અને નૂહ (અલૈ.) અને ઈબ્રાહીમ (અલૈ.)ના કુટુંબને અને ઈમ્રાનના કુટુંબને આખી દુનિયાના લોકો ઉપર ચૂંટી લીધા (નુબુવ્વત માટે પસંદ કર્યા). (૩૩) તેઓ એકબીજાની ઔલાદ (સંતાનો) હતી અને અલ્લાહ સાંભળનારો, સઘળું જાણનારો છે. (૩૪)

અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈહિમુસ્સલામ)નો ઉલ્લેખ રસૂલે કરીમ ﷺ માટે આશ્વાસન અને સંતોષ આપવા સ્વરૂપે હતો :

જે લોકો રસૂલે કરીમ ﷺની તાબે'દારી કરવાથી એટલા માટે દૂર ભાગતા હતા કે તેમને રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત (રસૂલ હોવા)માં શંકા હતી. તેમના માર્ગદર્શન માટે આ આયતોમાં અગાઉના અંબિયા (અલૈ.)નો અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેથી તેમની બધી શંકાઓ દૂર થઈ જાય. આ નબીઓમાં હઝરત આદમ, હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું ખાનદાન અને હઝરત ઈમ્રાન (અલૈ.)ના ખાનદાનનું વર્ણન તો સામૂહિક રીતે ટૂંકમાં કરવામાં આવ્યું છે. ત્યાર પછી અસલ ઉલ્લેખ હઝરત ઈસા (અલૈ.)નો કરવાનો છે, તે પહેલાં તેમની નાની અને માતાનું પણ ખુલાસાવાર વર્ણન થયું છે અને હઝરત ઈસા (અલૈ.) વિશે પણ ખૂબ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

જેની હિકમત અને મસ્લિહતનું વર્ણન હઝરત ઈસા (અલૈ.)ની જિંદગીના પ્રસંગોની છણાવટ અનુસંધાને આગળ આવશે.

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલાએ (નુબુવ્વત માટે) ચૂંટી લીધા છે (હઝરત) આદમ (અલૈ.) અને (હઝરત) નૂહ (અલૈ.) ને અને (હઝરત) ઈબ્રાહીમ (અલૈ.)ની ઔલાદ(માંથી અમુક)ને (જેમકે હઝરત ઈસ્માઈલ અલૈ., હઝરત ઈશ્હાક અલૈ., હઝરત યાકૂબ અલૈ. અને બધા જ બની ઈસ્રાઈલના અંબિયા અલૈ. કે જેઓ યાકૂબ અલૈ.ની ઔલાદમાંથી છે અને આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ ﷺ હઝરત ઈસ્માઈલ અલૈ.ની ઔલાદમાંથી છે.) અને ઈમ્રાનની ઔલાદ(માંથી અમુક)ને (જો આ ઈમ્રાન હઝરત મૂસા અલૈ.ના પિતા છે તો તેમની ઔલાદથી અત્રે હઝરત મૂસા અલૈ. અને હઝરત હારૂન અલૈ.ના ભાવાર્થ સ્વરૂપે સમજી શકાય છે અને જો આ ઈમ્રાન હઝરત મરિયમના પિતા છે તો તેમની ઔલાદ હઝરત ઈસા અલૈ. તરફ અત્રે ઈશારો છે. મતલબ કે આ લોકોને નુબુવ્વત માટે) સમગ્ર દુનિયા(ની મખ્લૂક) ઉપર (ચૂંટી લીધા છે); અમુક તેમાંથી અમુકની ઔલાદ છે (જેમકે આ બધા જ નબીઓ હઝરત આદમ અલૈ.ની ઔલાદ છે. એવી જ રીતે હઝરત નૂહ અલૈ.ની ઔલાદ પણ બધા જ અંબિયા અલૈ. છે અને હઝરત ઈબ્રાહીમ અલૈ.ની ઔલાદમાં ઈમ્રાનની ઔલાદ પણ છે.) અને અલ્લાહ ખૂબ સાંભળનાર (અને) સઘળું જાણનાર છે (કે બધા જ લોકોની વાતો સાંભળે છે અને તેમની પરિસ્થિતિઓથી વાકેફ છે. બસ, અલ્લાહ તઆલા જેને ઈચ્છે તેને પોતાની નુબુવ્વતની ફરજ માટે ચૂંટી કાઢીને નબી બનાવી દે છે).

આયતો : (સૂરએ આલિ-ઇમ્રાન : આયત નં. ૩૫-૩૬)

إِذْ قَالَتِ امْرَاَتُ عِمْرٰنَ رَبِّ إِنِّيْ نَذَرْتُ لَكَ مَا فِيْ بَطْنِيْ مُحَرَّرًا فَتَقَبَّلْ
مِنِّيْ ۚ إِنَّكَ أَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٣٥﴾ فَلَمَّا وَضَعَتْهَا قَالَتْ رَبِّ إِنِّيْ
وَضَعْتُهَآ أُنْثٰى ؕ وَاللّٰهُ أَعْلَمُ بِمَا وَضَعَتْ ؕ وَلَيْسَ الذَّكَرُ كَالْأُنْثٰى ۚ وَإِنِّيْ
سَمَّيْتُهَا مَرْيَمَ وَإِنِّيْٓ أُعِيْذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ﴿٣٦﴾

તરજુમો :

જ્યારે ઈમ્રાનની પત્નીએ કહ્યું; હે મારા પરવરદિગાર ! જે મારા પેટ (ગર્ભ)માં છે તેને (બધાથી) આઝાદ કરીને તારી નઝર કર્યું (મન્નત માની); બસ, તું તેને મારા તરફથી કબૂલ કરી લે; બેશક ! તું જ સાંભળનારો (અને) સઘળું જાણનારો છે. (૩૫) પછી, જ્યારે તેણે તેને (મરિયમ અલૈ.ને) જન્મ આપ્યો તો તેણે (અફસોસ સાથે) કહ્યું, હે મારા પરવરદિગાર ! મેં (તો) આ પુત્રીનો જન્મ આપ્યો છે; અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે તેણે જન્મ આપ્યો છે; પુત્ર પુત્રીના જેવો નથી હોતો; અને મેં તેનું નામ મરિયમ રાખ્યું; અને હું તેને અને તેની ઔલાદને શયતાન મરદૂદથી તારા શરણમાં સોંપું છું. (૩૬)

તફસીર :

(તે સમય પણ યાદ કરવા યોગ્ય છે) જ્યારે (કે) ઈમ્રાન (મરિયમ અલૈ.ના પિતા)ની પત્નીએ (ગર્ભાવસ્થામાં અલ્લાહ તઆલાને) વિનંતી કરી કે હે મારા પરવરદિગાર ! મેં નજર (મન્નત) માની છે તારી (ઈબાદત) માટે આ બાળકને જે મારા પેટ (ગર્ભ)માં છે કે તે (અલ્લાહ તઆલાના ઘરની સેવા માટે) સ્વતંત્ર (આઝાદ) રાખીશ (અને તેને મારા પોતાના કામમાં નહિ લગાવું); બસ, તું (તેને) મારા તરફથી સ્વીકારી લે, બેશક ! તું ખૂબ સાંભળનારો (અને) સઘળું જાણનારો છે. (અને મારી વિનંતીને સાંભળી રહ્યો છે અને મારી નિય્યતને પણ જાણે છે) પછી જ્યારે (તે ઈમ્રાનની પત્નીએ) પુત્રીનો જન્મ આપ્યો (તો તેને દુઃખ થયું કે, આ તો બયતુલ મુકદ્દસની સેવા કરવાના લાયક નથી એ કામ તો પુરૂષોનું હોય છે એટલા માટે અફસોસથી) કહેવા લાગી કે હે મારા પરવરદિગાર ! મેં (તો) બાળકીને જન્મ આપ્યો છે (અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તે પોતાના વિચારથી અફસોસ કરી રહી હતી પરંતુ) અલ્લાહ તઆલા તે (ગુણવાન છોકરીને) સારી રીતે જાણે છે જેને તેણે જન્મ આપ્યો અને (કોઈપણ રીતે તે) છોકરો (જેની તેણે ઇચ્છા કરી હતી તે) આ પુત્રીના સમકક્ષ નથી (થઈ શકતો બલકે, આ છોકરી જ વધારે સારી છે કારણ કે, તેના ગુણો અને બરકતો આશ્ચર્યજનક રીતે આગળ જતાં પ્રગટ થશે. અલ્લાહનો આ ઈરશાદ એક પ્રકારના આશ્વાસન સ્વરૂપે હતો, પછી તે ઈમ્રાનની પત્નીનું નિવેદન છે કે,) અને મેં આ

છોકરીનું નામ મરિયમ (અલૈ.) રાખ્યું અને મેં તેને અને તેની ઔલાદને (જો તેને ઔલાદ થાય તો) તારા શરણ (અને રક્ષણ)માં સોંપ્યું છે, શયતાન મરદૂદથી !

મસ્અલા અને બોધપાઠ :

અગાઉ થઈ ગયેલા અંબિયા (અલૈ.)ની શરીઅતમાં ઈબાદતની એક રીત એ પણ હતી કે પોતાના સંતાનોમાંથી કોઈને અલ્લાહ માટે નક્કી કરી દેતા હતા અને સંતાન પાસેથી દુનિયાની કોઈ સેવા લેતા ન હતા. હઝરત મરિયમ (અલૈ.)ની માતાએ આ જ કાયદા હેઠળ પોતાના ગર્ભમાં રહેલ સંતાન વિશે એવી મન્નત માની હતી કે, તેને હું ખાસ બયતુલ મુકદ્દસની સેવા માટે રાખી લઈશ અને દુનિયાનું કોઈ કામ તેની પાસે નહિ કરાવું, પરંતુ જ્યારે તેમણે બાળકીને જન્મ આપ્યો તો એવું વિચારીને અફસોસ કરવા લાગ્યાં કે, પુત્રી તો બયતુલ મુકદ્દસની સેવાનું કામ કરી શકતી નથી, પરંતુ અલ્લાહ તઆલાએ તેમની નિખાલસતાની બરકતથી તે છોકરીને સેવા માટે સ્વીકારી લીધી અને તેના મરતબાને સમગ્ર દુનિયાની પુત્રીઓ કરતાં ઉચ્ચ કક્ષાનો બનાવી દીધો.

આથી સ્પષ્ટ થાય છે કે, માતાને પોતાના સંતાનોના શિક્ષણ અને કેળવણી બાબતે એક પ્રકારે વાલીપણાનો હક વધારે પ્રાપ્ત છે. કારણ કે, જો માતાને વાલીપણાનો અધિકાર ન મળ્યો હોત તો તેઓએ હઝરત મરિયમ (અલૈ.)ની મન્નત માની ન હોત ! અને એ જ પ્રમાણે એ પણ સાબિત થયું કે, માતાને પોતાના બાળકનું નામ રાખવાનો અધિકાર પણ મળેલ છે. *(જસ્સાસ)*

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૩૭)

فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُوْلٍ حَسَنٍ وَّ اَنْۢبَتَهَا نَبَاتًا حَسَنًا ۙ وَّكَفَّلَهَا زَكَرِيَّا ۚ كُلَّمَا
دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ ۙ وَجَدَ عِنْدَهَا رِزْقًا ۚ قَالَ يٰمَرْيَمُ اَنّٰى لَكِ هٰذَا ؕ
قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ۝٣٧

તરજુમો :

પછી તેનો (મરિયમ અલૈ.નો) તેના પરવરદિગારે સારી રીતે સ્વીકાર કર્યો

અને તેનો ઉછેર સારી રીતે કરી ઉછેરી; અને તેને ઝકરિય્યા (અલૈ.)ને સોંપી, જ્યારે પણ ઝકરિય્યા (અલૈ.) તેમના મિહરાબ (રૂમ)માં તેમની પાસે આવતા, તેની (મરિયમ અલૈ.) પાસે કંઈક ખાવા (પીવાની વસ્તુઓ) જોતા; તેણે (ઝકરિય્યા અલૈ.એ) પૂછ્યું, હે મરિયમ ! તારી પાસે આ ક્યાંથી આવ્યું? તેણે (મરિયમ અલૈ.એ) કહ્યું, આ અલ્લાહ પાસેથી આવે છે; બેશક ! અલ્લાહ જેને ચાહે બેહિસાબ રોજી આપે છે. (૩૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

હઝરત મરિયમ (અલૈ.)ની વાલિદહ તેમને લઈને મસ્જિદે બયતુલ મુકદસમાં પહોંચ્યા અને ત્યાંના મુજાવરો (વ્યવસ્થાપકો) અને બંદગી કરનારાઓમાંથી હઝરત ઝકરિય્યા (અલૈ.) પણ હતા. હઝરત મરિયમ (અલૈ.)ની વાલિદહએ હઝરત ઝકરિય્યા (અલૈ.)ને કહ્યું કે, આ છોકરીને મેં ખાસ અલ્લાહ તઆલા માટે મન્નત માની છે. એટલા માટે હું તેને મારી પાસે નથી રાખી શકતી. બસ, હું તેને અહીંયાં લાવી છું તમે લોકો તેને તમારી પાસે રાખો !

હઝરત ઈમ્રાન (અલૈ.) આ મસ્જિદના ઈમામ હતા અને પત્નીના ગર્ભાવસ્થાના સમયગાળામાં જ તેમનો ઈન્તેકાલ થઈ ગયો હતો, નહિતર સૌથી વધારે આ પુત્રીને લેવાનો તેમને હક હતો. કારણ કે. તેઓ આ પુત્રીના પિતા પણ હતા અને મસ્જિદે બયતુલ મુકદ્દસના ઈમામ પણ હતા. એટલા માટે બયતુલ મુકદ્દસના મુજાવરો અને આબિદોમાંથી દરેક વ્યક્તિ તેને લેવાની અને મેળવવાની ઈચ્છા રાખતા હતા. હઝરત ઝકરિય્યા (અલૈ.)એ પોતાના દાવાને અગ્રિમતા આપવાનું કારણ એ વર્ણન કર્યું કે, મારા ઘરમાં તેમની માસી છે અને તે માતા જેમ જ હોય છે. એટલા માટે માતા પછી તેને જ રાખવાનો વધારે અધિકાર છે. પરંતુ અન્ય લોકો આ દલીલ ઉપર રાજી થઈ સહમત ન થયા. અંતે ચિઠ્ઠીઓ નાંખવામાં આવી અને ચિઠ્ઠીઓ નાંખવાની ઘટના પણ આશ્ચર્યજનક રીતે અસ્વાભાવિક બની, જેનું વર્ણન આગળ આવશે. તેમાં પણ હઝરત ઝકરિય્યા (અલૈ.) સફળ થયા.

એટલા માટે હઝરત મરિયમ (અલૈ.) તેમને સોંપવામાં આવ્યા અને તેમણે અમુક રિવાયતો પ્રમાણે એક આયાને રાખી દૂધ પીવડાવ્યું અને અમુક રિવાયતોમાં છે કે, હઝરત મરિયમ (અલૈ.)ને દૂધ પીવાની જરૂરત જ ઉપસ્થિત ન

થઈ. મતલબ કે, તેઓ પોતે ઊઠવા-બેસવા લાગ્યા અને તેમને મસ્જિદની સાથે જ એક ઉત્તમ કક્ષાના મકાનમાં લાવીને રાખવામાં આવ્યા. હઝરત ઝકરિય્યા (અલૈ.) જ્યાં પણ જતા તાળું મારીને જતા અને આવીને જ્યારે તાળું ખોલતા અને જે જોતા તે જ કિસ્સો અહીંયાં ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યો છે.

તફસીર :

બસ, તે (મરિયમ અલૈ.)ને તેના પરવરદિગારે ભેટ તરીકે સ્વીકારીને તેનો સારી રીતે ઉછેર કર્યો અને (હઝરત) ઝકરિય્યા (અલૈ.)ને તેમના સરપરસ્ત બનાવ્યા. જ્યારે (હઝરત) ઝકરિય્યા (અલૈ.) તેમની પાસે (તે જ) ઉત્તમ કક્ષાના મકાન (મિહરાબ)માં (જેમાં હઝરત મરિયમ અલૈ.ને રાખવામાં આવ્યા હતા) તશરીફ લાવતા તો તેમની પાસે અમુક ખાવા-પીવાની વસ્તુઓ જોતા (અને) એવું પૂછતા કે, હે મરિયમ ! આ વસ્તુઓ તમારા માટે ક્યાંથી આવી ? (જ્યારે કે મકાનને તો તાળું માર્યું હતું કે જેથી બહારથી કોઈ વસ્તુ અંદર આવવાની શક્યતા ન હતી.) તે કહેતાં કે, અલ્લાહ તઆલાના (ગૈબના ખજાનાઓ છે) ત્યાંથી આવ્યું; બેશક ! અલ્લાહ તઆલા જેને ચાહે છે બેહિસાબ રોજી અર્પણ કરે છે (જેમકે, આ સ્થળે ફક્ત પોતાના ફઝલથી કોઈપણ પ્રકારની મહેનત વિના રોજી અર્પણ કરવામાં આવી).

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૩૮)

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ
اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿۳۸﴾

તરજુમો :

ત્યાં જ ઝકરિય્યા (અલૈ.)એ પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગી, કહ્યું; હે મારા પરવરદિગાર ! તારી પાસેથી મને પવિત્ર ઔલાદ આપ; બેશક ! તું દુઆ સાંભળનારો છે. (૩૮)

તફસીર :

(હઝરત ઝકરિય્યા અલૈ.એ હઝરત મરિયમ અલૈ.ની કેળવણી કરતી

વખતે કુદરતની અકલ્પનીય નિશાનીઓ નિહાળીને પોતાના માટે પણ સંતાન પ્રાપ્તિની દુઆ કરી તેનો અત્રે ઉલ્લેખ છે.)

આ સ્થળે (હઝરત) ઝકરિય્યા (અલૈ.)એ પોતાના પરવરદિગારને વિનંતી કરી, હે મારા પરવરદિગાર ! મને પણ ખાસ તારી પાસેથી કોઈ નેક ઔલાદ એનાયત કર, બેશક ! તું દુઆને ઘણો જ સાંભળનાર છે.

મસ્અલા અને બોધપાઠ :

هُنَالِكَ دَعَا زَكَرِيَّا (એટલા માટે ઝકરિય્યા અલૈ.એ પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગી) હઝરત ઝકરિય્યા (અલૈ.)ને તે સમય સુધી ઔલાદ ન હતી અને તેઓ ઘરડા થઈ ચૂક્યા હતા. વૃદ્ધાવસ્થામાં સ્વાભાવિક રીતે ઔલાદ થતી નથી. જો કે, તેમને અલ્લાહ તબારક વ તઆલાની કુદરત ઉપર સંપૂર્ણ ભરોસો હતો કે તે આ વૃદ્ધાવસ્થામાં પણ ઔલાદ આપી શકે છે. પરંતુ તેમણે ક્યારેય અલ્લાહ તઆલાની એવી આદતનો જાત અનુભવ કર્યો ન હતો કે, તે વિના કારણે, વિના મોસમે કોઈ વસ્તુ અર્પણ કરે છે. એટલા માટે તેઓ પોતાના માટે ઔલાદ પ્રાપ્તિની દુઆ કરવાની હિંમત કરી શકતા ન હતા. પરંતુ હવે જ્યારે તેમણે પોતે નજરે જોઈ લીધું કે અલ્લાહ તઆલાએ હઝરત મરિયમ (અલૈ.)ને ઋતુ વિના ફળો આપ્યા છે તો પોતાના માટે પણ સવાલ કરવાની હિંમત થઈ કે, જે સર્વશક્તિમાન અલ્લાહ વિના ઋતુઓ ફળો આપી શકે છે તે અલ્લાહ વૃદ્ધાવસ્થામાં ઔલાદ પણ આપી શકે છે !

قَالَ رَبِّ هَبْ لِي مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً (તેણે કહ્યું, હે મારા પરવરદિગાર ! તારી પાસેથી મને પવિત્ર ઔલાદ અર્પણ કર) આ આયતથી સ્પષ્ટ થાય છે કે, ઔલાદ માટે દુઆ કરવી અંબિયા (અલૈ.) અને નેક લોકોની સુન્નત છે.

એક બીજી આયતમાં અલ્લાહ તઆલાનો ઇરશાદ છે, وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ وَجَعَلْنَا لَهُمْ اَزْوَاجًا وَّذُرِّيَّةً (સૂ:૧૩, આ:૩૮) "જેવી રીતે રસૂલે કરીમ ﷺને પત્નીઓ અને ઔલાદ આપવામાં આવી એવી જ રીતે આ નેઅ્મત અગાઉના અંબિયા (અલૈ.)ને પણ આપવામાં આવી હતી." હવે જો કોઈ વ્યક્તિ કોઈ માધ્યમ દ્વારા ઔલાદ પૈદા થવાથી રોકવાનો પ્રયત્ન કરે તો તે કુદરત વિરૂદ્ધ બગાવતનો ઝંડો ઊંચો કરી બળવો પોકારી રહ્યો છે અને અંબિયા (અલૈ.)ની સર્વસહમતિ પ્રાપ્ત સુન્નતથી પણ વંચિત થઈ રહ્યો છે. રસૂલે કરીમ ﷺએ નિકાહ

અને ઔલાદના પ્રશ્નને એટલું મહત્ત્વ આપ્યું છે કે, આપ ﷺએ તે વ્યક્તિને પોતાની જમાઅતમાં સામેલ થવાની પરવાનગી ન આપી કે, જે શક્તિ હોવા છતાં શાદી ન કરતો હોય અને ઔલાદ વગેરેને ઝંઝટ સમજતો હોય !

اَلنِّكَاحُ مِنْ سُنَّتِىْ فَمَنْ رَغِبَ عَنْ سُنَّتِىْ فَلَيْسَ مِنِّىْ وَتَزَوَّجُوا الْوَدُوْدَ الْوَلُوْدَ فَاِنِّىْ مُكَاثِرٌ بِكُمُ الْاُمَمَ

"નિકાહ મારી સુન્નત છે, જે આ સુન્નતથી દૂર ભાગે છે તે મારામાંથી નથી, એટલા માટે તમે નિકાહ કરો જેથી હું તમારી બહુમતીના કારણે અન્ય ઉમ્મતો ઉપર ગર્વ કરીશ."

એક બીજી આયતમાં અલ્લાહ તઆલાએ એવા લોકોના વખાણ કર્યા છે, જેઓ ઔલાદ અને પત્નીની પ્રાપ્તિ માટે અને તેમના નેક અને સાલેહ તથા ગુણવાન બનવા માટે અલ્લાહ પાસે દુઆ કરે છે. ઈરશાદ છે,

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ

"અલ્લાહના આજ્ઞાપાલક લોકો એવા છે જેઓ એવી દુઆ કરે છે કે, તેમને પત્ની, બાળકો એવા એનાયત કર કે, જેમને જોઈને આંખોમાં ઠંડક અને દિલમાં ખુશી ઉત્પન્ન થાય." *(સૂ:૨૫, આ:૭૪)*

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે, "અહીંયાં આંખોની ઠંડકનો ભાવાર્થ એ છે કે પોતાની પત્ની અને બાળકોને અલ્લાહની તાબે'દારીમાં હંમેશા મશગૂલ જૂએ."

એક હદીષમાં આવે છે કે, રસૂલે અકરમ ﷺને ઉમ્મે સુલૈમ (રદિ.)એ દરખાસ્ત કરી કે, "તમે મારા સેવક અનસ માટે કોઈ દુઆ કરો," તો આપ ﷺએ તેના માટે આ દુઆ કરી,

اَللّٰهُمَّ اَكْثِرْ مَالَهٗ وَوَلَدَهٗ وَبَارِكْ لَهٗ فِيْمَا اَعْطَيْتَهٗ

"હે અલ્લાહ ! તેના (અનસના) માલ અને ઔલાદમાં વધારો કર અને તે વસ્તુમાં બરકત અતા કર જે તેં તેને અર્પણ કરી છે."

આ દુઆની અસર એવી થઈ કે, હઝરત અનસ રદિ.ની ઔલાદ સો સુધી પહોંચી હતી અને અલ્લાહ તઆલાએ તેમને આર્થિક સદ્ધરતા પણ એનાયત કરી.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૩૯)

فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَآئِمٌ يُّصَلِّيْ فِي الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى
مُصَدِّقًا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّحَصُوْرًا وَّنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿٣٩﴾

તરજુમો :

પછી તેમને ફરિશ્તાઓએ પોકાર કર્યો જ્યારે કે તેઓ (ઝકરિય્યા અલૈ.) મિહરાબ (હુજરા)માં નમાઝ માટે ઊભા થયા કે, અલ્લાહ તમને યહ્યા (અલૈ.)ની ખુશખબરી આપે છે જે અલ્લાહના હુકમનું સમર્થન કરનાર (ગવાહી આપનાર), અને સરદાર, અને નફસ (મનેચ્છા)ને (સ્ત્રીસંગથી) કાબૂમાં રાખનાર (સંયમી), અને નબી હશે ભલાઈ કરનારાઓમાંથી ! (૩૯)

તફસીર :

બસ, પછી જ્યારે તેઓ (હઝરત ઝકરિય્યા અલૈ.) નમાઝ માટે મિહરાબમાં ઊભા થયા તો તેમને ફરિશ્તાઓએ પોકારીને કહ્યું, અલ્લાહ તઆલા આપને યહ્યા (અલૈ. નામના પુત્ર)ની ખુશખબરી આપે છે, જેઓ અલ્લાહના કલિમહનું સમર્થન કરશે (એટલે કે હઝરત ઈસા અલૈ.ની નુબુવ્વતનું સમર્થન કરશે) અને સરદાર હશે, અને પોતાની મનેચ્છાઓને (સ્ત્રીસંગથી) કાબૂમાં રાખનાર (સંયમી) હશે, અને નબી હશે, અને ઉચ્ચ કક્ષાના ભલા (નેક) માણસોમાંથી હશે!

મસ્અલા અને બોધપાઠ :

كَلِمَةُ اللّٰهِ (અલ્લાહનો શબ્દ) "કલિમતુલ્લાહ" હઝરત ઈસા (અલૈ.)ને "કલિમતુલ્લાહ" એટલા માટે કહેવામાં આવે છે કે, તેઓ ફક્ત અલ્લાહ તઆલાના હુકમથી માનવપ્રકૃતિ વિરૂદ્ધ પિતાના માધ્યમ વિના પૈદા થયા હતા.

حَصُوْرًا "હસૂરા" હઝરત યહ્યા (અલૈ.)ની ખાસિયત વર્ણન કરવામાં આવી છે કે, તેઓ પોતાના નફસ (મનેચ્છાઓ)ને રોકનારા (કાબૂમાં રાખનાર સંયમી) હતા અને મનેચ્છાઓ રોકવામાં જાઇઝ મુબાહ ખ્વાહિશોથી બચવું પણ સામેલ છે. દાખલા તરીકે સારું-સારું ખાવું, સારું-સારું પહેરવું, નિકાહ વગેરે. આ

ખાસિયતને વખાણ કરવાના સ્વરૂપે ઉલ્લેખ કરવાથી એવી જાણ થાય છે કે, આ જ ઉત્તમ રીત છે, પરંતુ હદીષોમાં નિકાહની ઘણી બધી ફઝીલતો અને મહત્ત્વ વર્ણવવામાં આવ્યું છે. ખુલાસો એ છે કે, જે વ્યક્તિની પરિસ્થિતિ હઝરત યહ્યા (અલૈ.) જેવી થઈ જાય કે આખિરતનો વિચાર તેના ઉપર એવો છવાય જાય કે, જેના કારણે ન તો પત્નીની આવશ્યકતા મહેસૂસ કરે, ન બાળકો અને ન જ દુનિયવી ચીજ-વસ્તુઓની ફુરસદ રહે તો એવા વ્યક્તિ માટે આ બધી મનેચ્છાઓથી રોકાઈ જવું વધારે સારી બાબત છે. એટલા માટે જે હદીષોમાં નિકાહ વગેરેની ફઝીલત અને મહત્ત્વ સાબિત થયું છે, તેમાં એક શરત આ પણ જોવા મળે છે. مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَاءَةَ "જે વ્યક્તિ નિકાહ કરવાની શક્તિ ધરાવતો હોય" – જેનો અર્થ એ થયો કે, તે વ્યક્તિ લગ્ન સંબંધોમાં પત્ની અને સંતાનોના હકો અદા કરી શકવા માટે સમર્થ હોવો જોઈએ તો જ નિકાહ કરવા ઉત્તમ છે, નહિતર નિકાહ ન કરવા જોઈએ. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૦-૪૧)

قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِىَ الْكِبَرُ وَامْرَاَتِىْ عَاقِرٌ ؕ قَالَ كَذٰلِكَ
اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿٤٠﴾ قَالَ رَبِّ اجْعَلْ لِّىْۤ اٰيَةً ؕ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ
ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا ؕ وَاذْكُرْ رَّبَّكَ كَثِيْرًا وَّسَبِّحْ بِالْعَشِىِّ وَالْاِبْكَارِ ﴿٤١﴾ ع

તરજુમો :

તેણે (ઝકરિય્યા અલૈ.એ) કહ્યું, હે મારા પવરદિગાર ! મને પુત્ર કેવી રીતે થશે ? જ્યારે કે મારા ઉપર (તો) વૃદ્ધાવસ્થા પહોંચી ચૂકી છે અને મારી સ્ત્રી (પત્ની પણ) વાંઝણી છે; તેણે કહ્યું, એ જ પ્રમાણે અલ્લાહ જે ચાહે છે તે કરે છે ! (૪૦) તેણે (ઝકરિય્યા અલૈ.એ) કહ્યું (વિનંતી કરી), હે મારા પરવરદિગાર ! મારા માટે કોઈ નિશાની નક્કી કરી આપ; તેણે કહ્યું, તારી નિશાની એ છે કે તું લોકોથી ત્રણ દિવસ સુધી વાત નહિ કરી શકે, પણ માત્ર ઈશારાથી; અને તું પોતાના પરવરદિગારને ઘણો જ યાદ કર, સવાર અને સાંજ (તેની) તસ્બીહ (અલ્લાહના વખાણનો ઝિક્ર) કર્યા કર. (૪૧)

તફસીર :

તેણે (હઝરત ઝકરિય્યા અલૈ.એ અલ્લાહને) વિનંતી કરી, હે મારા પરવરદિગાર ! મને સંતાન કેવી રીતે થશે ? જ્યારે કે મારા ઉપર વૃદ્ધાવસ્થા પહોંચી ચૂકી છે અને મારી પત્ની પણ (વૃદ્ધાવસ્થાના કારણે) સંતાન પૈદા કરવાના કાબિલ (યોગ્ય) નથી. અલ્લાહ તઆલાએ (જવાબમાં) ફરમાવ્યું કે, આવી પરિસ્થિતિમાં જ પુત્ર થશે, કારણ કે અલ્લાહ જે ઇરાદો કરે છે તે થઈને જ રહે છે. તેમણે વિનંતી કરી કે, હે મારા પરવરદિગાર ! (તો પછી) મારા માટે કોઈ નિશાની નક્કી કરી આપ ! (જેથી મને ખબર પડી જાય), અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, તમે ત્રણ દિવસ લોકો સાથે વાતો કરી શકશો નહિ, ફક્ત (હાથ અથવા માથા વગેરેથી) ઇશારાથી (વાત કરી શકશો અને જ્યારે આ નિશાની જુઓ તો સમજી લેજો કે હવે ઘરમાં સંતાન પ્રાપ્તિની આશા છે) અને (જ્યારે લોકો સાથે વાતો કરવાની શક્તિ ન રહે ત્યારે અલ્લાહનો ઝિક્ર કરવાની શક્તિ ચોક્કસ બાકી રહેશે તો તમે) પોતાના પરવરદિગારને (દિલથી પણ) વધારે યાદ કરજો અને (જીભથી પણ) તસ્બીહ (અને અલ્લાહના વખાણ અને તેના ઝિક્ર)માં મશગૂલ રહેજો, સાંજે અને સવારે પણ. (કારણ કે, અલ્લાહનો ઝિક્ર કરવાની શક્તિ અને તાકાત તમારામાં તે સમયે પણ સંપૂર્ણ રીતે બાકી રહેશે.)

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ઝકરિય્યા (અલૈ.)ની દુઆ અને તેની હિકમત :

أَنَّىٰ يَكُونُ لِي غُلَامٌ અલ્લાહ તબારક વ તઆલા "કુદરતે કામિલા" (સંપૂર્ણ કુદરત-શક્તિ) ધરાવનાર છે, હઝરત ઝકરિય્યા (અલૈ.) એવો અકીદો રાખતા હતા અને તેઓ તેનું અવલોકન પણ પોતાની સગી આંખોએ કરી ચૂક્યા હતા, અને પોતે જ સંતાન માટે દરખાસ્ત કરી હતી અને તેનો સ્વીકાર થવાની જાણ પણ થઈ ગઈ હતી, તે છતાં એવું કહેવાનો શું અર્થ છે કે, "મને પુત્ર કેવી રીતે થશે ?" વાસ્તવમાં વાત એમ છે કે, હઝરત ઝકરિય્યા (અલૈ.)નો આવો સવાલ કરવો અલ્લાહ તબારક વ તઆલાની કુદરતમાં શંકા કરવાને કારણે ન હતો, પરંતુ સવાલનો હેતુ એ પરિસ્થિતિ જાણવાનો હતો કે, જ્યારે અમે બંને પતિ-પત્ની વૃદ્ધાવસ્થાની પરિસ્થિતિમાં પહોંચી ચૂક્યા છે તો શું સંતાનપ્રાપ્તિ માટે આવી જ

હાલત રહેશે કે પછી તેમાં કોઈ ફેરફાર થશે ? અલ્લાહ તઆલાએ જવાબમાં ફરમાવ્યું, નહીં ! તમે ઘરડા જ રહેશો અને આવી જ હાલતમાં તમને ઔલાદ થશે. તો હવે તેમાં શંકાને કોઈ સ્થાન ન રહ્યું. *(બયાનુલ કુર્આન)*

قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا હઝરત ઝકરિય્યા (અલૈ.)નો નિશાની જાણવાનો હેતુ એ હતો કે, અમને જલદી ખુશી પ્રાપ્ત થાય અને બાળક પેદા થતાં પહેલાં જ અલ્લાહના શુક્રમાં પ્રવૃત્ત થઈ જઈએ. એટલા માટે અલ્લાહ તઆલાએ એમને તે નિશાની પણ બતાવી દીધી કે, તેઓ ત્રણ દિવસ સુધી લોકો સાથે વાત નહિ કરી શકે, માત્ર ઈશારાથી જ કામ ચલાવી શકશે.

આ નિશાનીમાં રસપ્રદ વાત એ છે કે, નિશાનીની દરખાસ્ત કરવાનો એમનો હેતુ એ હતો કે, અલ્લાહનો શુક્ર અદા કરે, એટલા માટે નિશાની એવી ઠરાવવામાં આવી કે તેઓ એ દિવસોમાં તેમના હેતુ સિવાય (એટલે કે અલ્લાહના ઝિક્ર સિવાય) અન્ય કોઈ કામના જ રહેશે નહીં. સો નિશાનીઓની એક નિશાની થઈ ગઈ ! અને તેમનો પોતાના શુક્ર કરવાનો હેતુ પણ પ્રાપ્ત થઈ ગયો.

(બયાનુલ કુર્આન)

اِلَّا رَمْزًا આ આયતથી જાણ થઈ કે, જ્યારે કોઈની સાથે વાત કરવાની શક્તિ ન રહે તો ઈશારાથી વાત કરવી તેના સ્થાને સમજવામાં આવશે. રસૂલે કરીમ ﷺની એક હદીષમાં આવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ એક બાંદીને સવાલ કર્યો કે, اَيْنَ اللّٰهُ 'અલ્લાહ ક્યાં છે ?' તો એ બાંદીએ આસમાન તરફ ઈશારો કર્યો, આથી રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે આ બાંદી મુસલમાન છે." *(કુર્તુબી)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૨-૪૩)

وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰكِ وَطَهَّرَكِ وَاصْطَفٰكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ ﴿٤٢﴾ يٰمَرْيَمُ اقْنُتِىْ لِرَبِّكِ وَاسْجُدِىْ وَارْكَعِىْ مَعَ الرّٰكِعِيْنَ ﴿٤٣﴾

તરજુમો :

અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું, હે મરિયમ (અલૈ.) ! બેશક ! અલ્લાહે તમને

ચૂંટી કાઢયા; અને તમને પવિત્ર કર્યા અને તમને દુનિયાની બધી જ સ્ત્રીઓમાં (શ્રેષ્ઠતા આપી) પસંદ કર્યાં. (૪૨) હે મરિયમ (અલૈ.)! તમે તમારા પરવરદિગારની બંદગી કરો; અને સિજદો કરો, અને રુકૂઅ્ કરનારાઓ સાથે રુકૂઅ્ કરો. (૪૩)

તફસીર :

(અને તે સમય પણ યાદ કરવા યોગ્ય છે) જ્યારે ફરિશ્તાઓએ (હઝરત મરિયમ અલૈ.ને) કહ્યું, હે મરિયમ (અલૈ.) ! બેશક ! અલ્લાહ તઆલાએ તમને નક્કી કરી (સ્વીકાર કર્યો) અને (બધા જ પ્રકારની બુરાઈઓથી અને બુરા અખ્લાકથી) પવિત્ર બનાવ્યાં છે (અને આ રીતે સ્વીકાર કરવો ફક્ત અમુક ઔરતો ઉપર શ્રેષ્ઠતા અર્પીને નહિ, પરંતુ) સમગ્ર દુનિયાની સ્ત્રીઓના મુકાબલામાં પસંદ ફરમાવ્યા છે. (અને ફરિશ્તાઓએ એવું પણ કહ્યું,) હે મરિયમ (અલૈ.) ! તમારા પરવરદિગારની ફરમાંબરદારી કરતા રહો અને સિજ્દહ (એટલે કે નમાઝ અદા) કર્યા કરો, અને (નમાઝમાં) તે લોકો સાથે રુકૂઅ્ કર્યા કરો જેઓ રુકૂઅ્ કરનારા છે.

મસ્અલા અને બોધપાઠ :

وَاصْطَفٰكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ નો અર્થ 'તે સમયકાળની દુનિયામાં ઉપસ્થિત બધી જ સ્ત્રીઓ છે.' એટલા માટે હદીષમાં فَاطِمَةُ سَيِّدَةُ نِسَآءِ اَهْلِ الْجَنَّةِ (હઝરત ફાતિમા રદિ. જન્નતની બધી સ્ત્રીઓની સય્યિદહ-સરદાર છે)નું ફરમાન આ આયતનું વિરોધાભાસી નથી. وَارْكَعِىْ مَعَ الرّٰكِعِيْنَ "રુકૂઅ્ કરનારાઓ સાથે રુકૂઅ્ કરો." અહીંયાં اِرْكَعِىْ (ઈરકિઈ)ની સાથે مَعَ الرّٰكِعِيْنَ (મઅર્રાકિઈન)ની શરત થઈ હોવાનું વર્ણન છે, પરંતુ وَاسْجُدِىْ (વસ્જુદી)ની સાથે مَعَ السّٰجِدِيْنَ (મઅસ્સાજિદીન) લગાવવામાં આવ્યું નથી, આથી સ્પષ્ટ થાય છે કે, તે એ બાબત તરફ ઈશારો છે કે, રુકૂઅ્ કરતી વખતે અમુક લોકો મોટે-ભાગે કાળજી રાખતા નથી. સામાન્ય કમર ઝૂકાવી, ન ઝૂકાવી કે ઊભા થઈ જાય છે ! આ પ્રકારનો રુકૂઅ્ "કયામ"થી વધારે નજીક હોય છે. એટલા માટે દેખીતી રીતે એવી જાણ થાય છે કે, અલ્લાહ તઆલાએ رَاكِعِيْنَ (રાકિઈન) શબ્દ વાપરીને લોકોને એક નમૂનો બતાવ્યો કે, સંપૂર્ણ રીતે રુકૂઅ્ કરનારાઓ જેવો રુકૂઅ્ કરવો જોઈએ.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૪)

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ ۭ وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ يُلْقُوْنَ اَقْلَا
مَهُمْ اَيُّهُمْ يَكْفُلُ مَرْيَمَ ۠ وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ يَخْتَصِمُوْنَ ۝

તરજુમો :

આ ગૈબની ખબરો છે, જે અમે આપ (ﷺ) પર મોકલીએ છીએ અને તમે તેમની પાસે (હાજર) ન હતા, જ્યારે તેઓ (કુર્રા અંદાજી માટે) પોતાની કલમ (પાણીમાં) નાંખી રહ્યા હતા કે, તેમનામાંથી મરિયમ (અલૈ.)ની પરવરિશ (પાલન-પોષણ) કોણ કરશે ? અને તમે તેમની પાસે (હાજર) ન હતા જ્યારે તેઓ (મરિયમ અલૈ.ની પરવરિશ બાબતે આપસમાં) વાદ-વિવાદ કરતા હતા. (૪૪)

તફસીર :

આ ઘટના (જે ઉપર પ્રસ્તુત થઈ છે તેને જાણવા માટેનું રસૂલુલ્લાહ ﷺ પાસે કોઈ દેખીતું માધ્યમ હતું નહિ, તે અલ્લાહ તરફથી) ગૈબની ખબરોમાંથી છે, જેની વહી તમારી પાસે મોકલીએ છીએ (જેના દ્વારા તમે આ ખબરો જાણીને લોકોને બતાવો છો) અને (દેખીતું છે કે, જે લોકો મરિયમ અલૈ.ને પરવરિશ માટે રાખવા પરસ્પર વાદ-વિવાદ કરી રહ્યા હતા, જેનો ફેંસલો છેવટે "કુર્રા અંદાજી-ચિઠ્ઠીઓ નાંખી" કરવાનું નક્કી થયું તે સમયે) તમે તે લોકો પાસે હાજર ન હતા, જ્યારે તેઓ (કુર્રા અંદાજી માટે) પોત-પોતાની કલમો (પાણીમાં) નાંખી રહ્યા હતા (અને કુર્રા અંદાજી કરવાનું સ્વરૂપ એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, જેની કલમ પાણીના વહેણથી ઊલટી દિશામાં વહી જાય તેને હઝરત મરિયમ અલૈ.ના ભરણ-પોષણનો અધિકાર મળશે. બસ, કુર્રા માટે આ જ પદ્ધતિ અપનાવવામાં આવી હતી.) કે તે બધામાંથી (હઝરત) મરિયમ (અલૈ.)ની પરવરિશ કોણ કરશે? અને તે સમયે તમે તે સ્થળે તેમની પાસે હાજર ન હતા, જ્યારે તે લોકો (કુર્રા અંદાજી કરતી વખતે) પરસ્પર વાદ-વિવાદ કરી રહ્યા હતા. (તે વાદ-વિવાદનો ફેંસલો કરવા માટે આ કુર્રા અંદાજી કરવાનું નક્કી કરવામાં

આવ્યું અને આ ઘટના બાબતે જાણવા માટેનું બીજું કોઈ માધ્યમ પણ તમારી પાસે મૌજૂદ નથી, આ ગુપ્ત ખબરો ચોક્કસ વહીના માધ્યમથી તમારા સુધી પહોંચી રહી છે, જે આપ ﷺની નુબુવ્વતની સ્પષ્ટ દલીલ છે).

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

શરીઅતે મુહમ્મદિય્યહ ﷺમાં હનફી મસ્લકમાં કુર્રા અંદાજીનો એ હુકમ છે કે, જે અધિકારો અને હકો નિર્ધારિત અને ચોક્કસ રીતે શરીઅત પ્રમાણે પ્રથમથી જ ખબર છે, તેવી બાબતોમાં કુર્રા અંદાજી કરવી નાજાઈઝ છે અને તે "કિમાર" ગણવામાં આવશે. દાખલા તરીકે, કોઈ સામૂહિક અને સંયુક્ત માલિકીની વસ્તુમાં ચિટ્ઠી નાંખી કોઈ એકનું નામ નીકળે અને તે જ આ બધી સામૂહિક અને સંયુક્ત મિલ્કતનો માલિક બની જાય અને તે જ બધું લઈ લે, તો આ "કિમાર" (જુગાર) છે અને આવી રીતે ચિટ્ઠીઓ નાંખવી નાજાઈઝ છે. એ જ પ્રમાણે એ પણ નાજાઈઝ છે કે, જે બાળકની નસ્લ વિવાદાસ્પદ હોય તેમાં ચિટ્ઠીઓ નાંખી જેનું નામ નીકળે તેને જ બાપ સમજવામાં આવે. એ જ રીતે જે હકો પ્રથમથી જ ઈસ્લામે નક્કી કરી રાખ્યા છે તેમાં પણ ચિટ્ઠીઓ નાંખી કુર્રા અંદાજી કરી હક નક્કી કરવા જાઈઝ નથી, પરંતુ વારસદારોના સંયુક્ત માલિકીના મકાનની વહેંચણી બાબતે ચિટ્ઠીઓ નાંખી મકાનના વિભાગો વારસદારોની સંપૂર્ણ સહમતિથી વહેંચવા જાઈઝ છે. દાખલા તરીકે, ચિટ્ઠીઓ નાંખી ઝૈદને પશ્ચિમનો ભાગ, અમરુને પૂર્વનો ભાગ, આ રીતે સંયુક્ત માલિકીના મકાનના વિવિધ ભાગો, ઓરડાઓ બધાની સહમતિથી વહેંચવા જાઈઝ છે.

(બયાનુલ કુર્આન)

અથવા એવું કહો કે જ્યાં બધા ભાગીદારોના અધિકારો સરખા હોય ત્યાં સરખે ભાગે વહેંચવા માટે અને જે તે ભાગનો માલિકી નક્કી કરવા માટે બધાની સહમતિથી ચિટ્ઠીઓ નાંખવી જાઈઝ છે.

આયતો : (સુરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૫-૪૬)

إِذْ قَالَتِ الْمَلَٰٓئِكَةُ يَٰمَرْيَمُ إِنَّ اللَّهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنْهُ اسْمُهُ الْمَسِيحُ

عِيسَى ابْنُ مَرْيَمَ وَجِيهًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَمِنَ الْمُقَرَّبِينَ ﴿٤٥﴾

وَيُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا وَمِنَ الصَّٰلِحِينَ ﴿٤٦﴾

તરજુમો :

અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું, હે મરિયમ (અલૈ.) ! બેશક, અલ્લાહ તમને ખુશખબરી આપે છે પોતાના એક કલિમહ (હુકમ)ની; તેમનું નામ મસીહ મરિયમ (અલૈ.)ના બેટા ઈસા (અલૈ.) છે; દુનિયા અને આખિરતમાં મરતબાવાળા અને અલ્લાહના ખાસ (નિકટવર્તી) બંદાઓમાંથી (હશે). (૪૫) અને તેઓ (ઈસા મસીહ અલૈ.) લોકો સાથે વાતો કરશે જ્યારે તેઓ (માતાના) ખોળામાં હશે, અને જ્યારે તેઓ પુખ્ત વયના થશે, અને (તેઓ) નેક લોકોમાંથી છે. (૪૬)

તફસીર :

(તે સમયને યાદ કરો) જ્યારે ફરિશ્તાઓએ (હઝરત મરિયમ અલૈ.ને એવું પણ) કહ્યું, હે મરિયમ (અલૈ.) ! અલ્લાહ તઆલા તમને ખુશખબરી આપે છે એક કલિમહ (નિશાની)ની જે અલ્લાહ તરફથી હશે (એટલે આપને એક બાળક પૈદા થશે જે પિતાના માધ્યમ વિના પૈદા થશે, એટલા માટે તે "કલિમતુલ્લાહ" "અલ્લાહનો હુકમ-નિશાની" કહેવાશે) તેનું નામ (અને લકબ) મસીહ ઈસા ઇબ્ને મરિયમ હશે. (તેમનો એવો મરતબો હશે કે,) તેઓ (અલ્લાહ સમીપ) ખૂબ ઇજ્જતવાળા હશે, દુનિયામાં (પણ તેમને નુબુવ્વત આપવામાં આવશે) અને આખિરતમાં (પણ પોતાની ઉમ્મતના મો'મિનો માટે તેમની સિફારસ કબૂલ કરવામાં આવશે.) અને (જે પ્રમાણે તેમની નુબુવ્વત અને સિફારસ અન્યો માટે છે એ જ પ્રમાણે પોતે પણ વ્યક્તિગત શ્રેષ્ઠતા અને ઉચ્ચ કક્ષાના મરતબાવાળા હશે.) તેઓ અલ્લાહના મકબૂલ બંદાઓમાંથી હશે (અને એ મોઅ્જિઝો પણ તેમની સાથે હશે કે તેઓ માંના) ખોળામાં પણ લોકો સાથે

વાતચીત કરશે (એટલે કે બિલકુલ બાળપણની હાલતમાં પણ) અને પુખ્ત વયમાં! (પણ લોકો સાથે વાતચીત કરશે અને બંને પરિસ્થિતિમાં તેમની વાતચીતમાં કોઈ તફાવત નહિ હોય) અને (તેઓ ઉચ્ચ કક્ષાના અલ્લાહના) નિકટતવર્તી (મુકર્રબ) બંદાઓમાંથી હશે.

મસ્અલા અને બોધપાઠ :

ઈસા (અલૈ.)ના નાઝિલ થવાની એક દલીલ : પુખ્ત વયની ઉંમરમાં પણ હઝરત ઈસા (અલૈ.)નું કલામ (વાણી-વાતચીત) મોઅ્જિઝો જ હશે !

આ આયતમાં હઝરત ઈસા (અલૈ.)ની એક ખાસિયતનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેઓ બાળપણમાં પારણામાં કે જે ઉંમરમાં બાળકો વાતચીત કરવાની ક્ષમતા ધરાવતા નથી હોતા, એવા સમયે પણ વાતચીત કરશે. જેમકે બીજી આયતમાં ઉલ્લેખ થયો છે. અમુક લોકોએ શરૂઆતમાં હઝરત ઈસા (અલૈ.)ના જન્મ પછી હઝરત મરિયમ (અલૈ.) ઉપર તોહમત લગાવીને તેમને મહેણાં-ટોણાં મારવા લાગ્યા, તે સમયે જન્મજાત શીશુ હઝરત ઈસા (અલૈ.) બોલી ઊઠ્યા, اِنِّىْ عَبْدُ اللّٰهِ ("હું અલ્લાહનો બંદો છું") અને સાથે-સાથે આ આયતમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, તેઓ જ્યારે આધેડ ઉંમરના થશે તો પણ લોકો સાથે વાતચીત કરશે. અત્રે એ વાત વિચારવા યોગ્ય છે કે, બાળપણની હાલતમાં વાતચીત કરવી એક મોઅ્જિઝો અને નિશાની હતી એનું વર્ણન કરવું અત્રે યોગ્ય જણાય છે, પરંતુ આધેડ ઉંમરમાં લોકો સાથે વાતચીત કરવી તો સામાન્ય બાબત છે. તે દરેક વ્યક્તિ મો'મિન, કાફિર, આલિમ, જાહિલ બધા જ કરી શકે છે, તો પછી આ આયતમાં તેને હઝરત ઈસા (અલૈ.)નો એક ખાસ ગુણ અને વિશેષ ખાસિયત બતાવવાનો શું અર્થ છે !?

આ સવાલનો એક જવાબ એ છે જે બયાનુલ કુર્આનની તફસીરથી સમજમાં આવે છે કે, અસલ હેતુ બાળપણમાં વાતચીત કરશે એવું જાહેર કરવાનો જ છે. એની સાથે સાથે આ આયતમાં મોટી ઉંમરમાં વાતચીત કરવાનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો કે, તેમની બાળપણની વાતચીત એવી નહિ હોય જેમકે, સામાન્ય રીતે નાના બાળકો વાતચીત કરતા હોય છે. બલકે, અત્યંત

બુદ્ધિપૂર્વકની જ્ઞાનસભર, સૂઝબૂઝયુક્ત ઉચ્ચ કક્ષાની વાતચીત હશે. જેમકે કોઈ પુખ્ત વયનો વ્યક્તિ વાતચીત કરે છે અને જો હઝરત ઈસા (અલૈ.)ની ઘટના અને તેમના ઈતિહાસ પર વિચાર કરવામાં આવે તો આ સ્થળે પુખ્ત વયમાં વાતચીત કરવાનો ઉલ્લેખ કરવામાં એક આગવું આશ્ચર્યજનક રહસ્ય છે અને તે આ છે કે, ઈસ્લામ અને કુર્આની અકીદહ (માન્યતા) પ્રમાણે હઝરત ઈસા (અલૈ.)ને સદેહે જીવતા જ આસમાન પર ઉઠાવી લેવામાં આવ્યા છે. રિવાયતોથી એવું સાબિત થાય છે કે, હઝરત ઈસા (અલૈ.)ને આસમાન પર ઉઠાવી લેવામાં આવ્યા ત્યારે તેમની ઉંમર ૩૦-૩૫ વર્ષની હતી, જે ભરપૂર યુવાનીનો સમયકાળ હોય છે. "આધેડ ઉંમર" જેને અરબીમાં كَهْلًا "કહલન" કહેવામાં આવે છે. તે ઉંમર તો આ દુનિયામાં તેમની થઈ જ ન હતી. માટે આધેડ ઉંમરમાં લોકો સાથે વાતચીત ત્યારે જ થઈ શકે છે જ્યારે કે તેઓ આ દુનિયામાં પાછા આવવાના હોય ! એટલા માટે જેવી રીતે તેમની શીશું અવસ્થા (બાળપણ)ની વાતચીત એક મોઅ્જિઝો હતો, એ જ પ્રમાણે તેમની આધેડ ઉંમરની વાતચીત પણ એક મોઅ્જિઝો જ હશે!

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૭)

قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِىْ بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ
يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰۤى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۴۷﴾

તરજુમો :

તેઓ (મરિયમ અલૈ.) બોલ્યાં, હે મારા પરવરદિગાર ! મને કેવી રીતે પુત્ર થશે ? મને કોઈ માનવીએ હાથ પણ લગાવ્યો નથી; તેણે કહ્યું, એ જ પ્રમાણે અલ્લાહ જેને ચાહે છે પૈદા કરે છે, જ્યારે તે કોઈ કામનો ઈરાદો કરે છે તો તે તેને કહે છે "થઈ જા" બસ તે થઈ જાય છે. (૪૭)

તફસીર :

તેઓ (હઝરત મરિયમ અલૈ.) બોલ્યાં, હે મારા પરવરદિગાર ! મને કેવી રીતે બાળક પૈદા થશે ? જ્યારે કે, મને કોઈ પુરૂષે (સહશયન સ્વરૂપે) હાથ પણ

લગાવ્યો નથી; (અને કોઈ બાળક જાઇઝ પદ્ધતિથી સ્વાભાવિક રીતે પુરૂષ વિના જન્મ નથી લઈ શકતું, તો ખબર નથી આમ જ ફક્ત અલ્લાહ તઆલાના હુકમથી બાળક પૈદા થશે અથવા તો મને નિકાહ કરવાનો હુકમ કરવામાં આવશે ?) અલ્લાહ તઆલાએ (જવાબમાં ફરિશ્તા દ્વારા) ફરમાવ્યું, આવી જ રીતે (વિના પુરૂષે બાળક) થશે, (કારણ કે) અલ્લાહ તઆલા જે ઇચ્છે છે પૈદા કરી દે છે (એટલે કે કોઈ વસ્તુને પૈદા થવા માટે ફક્ત અલ્લાહનો ઈરાદો કરવો પૂરતો છે, કોઈ માધ્યમ અથવા ખાસ કારણની તેને આવશ્યકતા નથી અને તેના ઈરાદો કરવાની રીત એ છે કે,) જ્યારે કોઈ વસ્તુ પૂરી કરવા ઇચ્છે છે તો તેને કહી આપે છે કે, (હાજર) થઈ જા ! બસ, તે વસ્તુ (હાજર) થઈ જાય છે. (બસ, જે વસ્તુને માધ્યમ વિના અને કોઈ સ્ત્રોત વિના હાજર થવાનું કહી આપે છે તો એ એમ જ હાજર થઈ જાય છે.)

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૪૮ થી ૫૧)

وَيُعَلِّمُهُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿٤٨﴾ وَرَسُوْلًا اِلٰى بَنِيْٓ
اِسْرَآءِيْلَ ۙ اَنِّيْ قَدْ جِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّيْٓ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْــَٔةِ
الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًا بِاِذْنِ اللّٰهِ ۚ وَاُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ وَاُحْيِ
الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ ۚ وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ ۙ فِيْ بُيُوْتِكُمْ ۭ اِنَّ فِيْ ذٰلِكَ
لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٤٩﴾ وَمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرٰىةِ وَلِاُحِلَّ
لَكُمْ بَعْضَ الَّذِيْ حُرِّمَ عَلَيْكُمْ وَجِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۣ فَاتَّقُوا اللّٰهَ
وَاَطِيْعُوْنِ ﴿٥٠﴾ اِنَّ اللّٰهَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ۭ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٥١﴾

તરજુમો :

અને તે (તેમને) તેની કિતાબ અને બુદ્ધિ (વિવેક)ની વાતો તથા તવરાત અને ઇન્જીલ શિખવાડશે. (૪૮) અને (તેમને) બની ઈસ્રાઈલ તરફ એક રસૂલ બનાવશે (તેઓ કહેશે) કે બેશક ! હું તમારી પાસે તમારા પરવરદિગાર

પાસેથી નિશાની લઈને આવ્યો છું; હું તમારા માટે (માટીના) ગારામાંથી એક પક્ષીના આકાર જેવું બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે અલ્લાહના હુકમથી પક્ષી બની જાય છે; અને હું જન્મજાત આંધળા અને કોઢવાળાઓને સાજા કરું છું; અને અલ્લાહના હુકમથી મૃત્યુ પામી ચૂકેલાને સજીવન કરું છું; અને બતાવું છું તમે જે કંઈ ખાઓ છો અને જે તમે પોતાના ઘરોમાં રાખી મૂકો છો; બેશક ! તેમાં તમારા માટે પૂરતી નિશાની છે જો તમે ઈમાનવાળા (વિશ્વાસ ધરાવનાર) છો. (૪૯) અને હું મારાથી અગાઉની (કિતાબ) તવરાતનું સમર્થન (ખરાઈ) કરનારો છું અને જેથી તમારા માટે અમુક તે વસ્તુઓ (અલ્લાહના હુકમથી) હલાલ કરું જે તમારા ઉપર હરામ કરવામાં આવી હતી; અને તમારી પાસે તમારા પરવરદિગાર પાસેથી એક નિશાની સાથે આવ્યો છું; બસ, અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૫૦) બેશક ! અલ્લાહ મારો અને તમારો પરવરદિગાર છે; બસ, તમે તેની ઈબાદત કરો, આ જ સીધો (સત્ય) માર્ગ છે. (૫૧)

તફસીર :

(અને હે મરિયમ ! આ નવજાત શીશુની એ ફઝીલતો હશે કે,) અલ્લાહ તઆલા તેને (આસમાની) કિતાબો અને સમજણની વાતો શીખવાડશે અને ખાસ કરી તવરાત અને ઈન્જીલનું શિક્ષણ આપશે. બધા જ બની ઈસ્રાઈલ માટે (પયગમ્બર બનાવીને નિશાનીઓ આપીને) મોકલશે કે (اِنِّى قَدْ جِئْتُكُمْ (تا) مُّسْتَقِيْمٌ એટલે) હું તમારી પાસે (મારી નુબુવ્વત વિશે) જે દલીલો લઈને આવ્યો છું તે એ છે કે, હું તમારા (વિશ્વાસ) માટે (માટીના) ગારામાંથી એક એવો આકાર બનાવું છું, જેમકે પક્ષીનો આકાર હોય છે પછી તેમાં ફૂંક મારું છું જેનાથી તે અલ્લાહના હુકમથી (સજીવ) પક્ષી બની જાય છે (એક મોઅ્જિઝો તો આ થયો) અને હું જન્મજાત આંધળાઓ અને કોઢ (સફેદ ડાઘ)ની બીમારીવાળાઓને સાજા કરી આપું છું અને મરેલાને અલ્લાહના હુકમથી જીવતા કરી આપું છું (આ બીજો અને ત્રીજો મોઅ્જિઝો થયો) અને હું તમને (તે બધું) બતાવી આપું છું કે, તમે જે કંઈ તમારા ઘરોમાં ખાઓ છો અને જે (ઘરોમાં) સંગ્રહો છો (આ ચોથો મોઅ્જિઝો થયો), નિઃશંક આ (પ્રસ્તુત મોઅ્જિઝાઓ)માં (મારા નબી હોવાની) પૂરતી દલીલો છે, જો તમે લોકો ઈમાન લાવવા ઇચ્છો તો ! અને હું એવી રીતે

આવ્યો છું કે, મારાથી અગાઉની કિતાબ (જે નાઝિલ થઈ હતી, એટલે કે) તવરાતનું સમર્થન કરું છું અને એટલા માટે આવ્યો છું કે તમારા માટે અમુક એવી વસ્તુઓ (અલ્લાહના હુકમથી) હલાલ કરી આપું જે તમારા ઉપર (મૂસા અલૈ.ની શરીઅતમાં) હરામ કરવામાં આવી હતી. બસ, (તેનો પ્રતિબંધ મારી શરીઅતમાં રદ થશે) અને (મારો આ રદ કરવાનો દા'વો દલીલ વિના નથી બલકે, હું સાબિત કરી ચૂક્યો છું કે) હું તમારી પાસે (નુબુવ્વતની) દલીલો લઈને આવ્યો છું (અને નબીનો કૌલ અને દા'વો અગાઉના હુકમો રદ કરવા માટે દલીલ છે) મતલબ એ કે, (જ્યારે મારું નબી હોવું દલીલોથી સાબિત થઈ ચૂક્યું તો મારા શિક્ષણ પ્રમાણે) તમે લોકો અલ્લાહ તઆલા(ના હુકમ વિરૂદ્ધ જવા)થી ડરો અને (દીન વિશે) મારું કહ્યું માનો (અને મારા દીની શિક્ષણનો ખુલાસો એ છે કે,) બેશક! અલ્લાહ તઆલા મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ ! બસ તમે તેની બંદગી કરો અને આ જ સીધો માર્ગ છે (એટલે કે આ જ તે સાચો દીન છે, જેમાં અકીદહ અને અમલો બંને સંપૂર્ણ છે તથા આ જ છૂટકારાનો એકમાત્ર અલ્લાહ તરફથી આવેલ માર્ગ છે).

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

પક્ષીઓની શકલ બનાવવી એક ચિત્ર (મોડલ) હતું, તે તેમની શરીઅતમાં જાઇઝ હતું. આપણી શરીઅતમાં તે જાઇઝ હોવું મન્સૂખ (રદ) થઈ ગયું.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૫૨-૫૩)

فَلَمَّآ اَحَسَّ عِيْسٰى مِنْهُمُ الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ قَالَ
الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا مُسْلِمُوْنَ ﴿٥٢﴾
رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ ﴿٥٣﴾

તરજુમો :

પછી જ્યારે ઈસા (અલૈ.)ને તેમનું કુફ્ર મહેસૂસ થયું (ત્યારે તેમણે) કહ્યું,

અલ્લાહના રસ્તામાં કોણ છે મારો મદદગાર !? હવારીઓ (ઈસા અલૈ.ના સાથીદારો)એ કહ્યું, અલ્લાહના (માર્ગમાં) અમે (તમારા) મદદગાર છીએ; અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા અને તમે ગવાહ રહો કે અમે હુકમ કબૂલ કર્યો (અમે મુસલમાન છીએ). (૫૨) હે અમારા પરવરદિગાર ! અમે તેના ઉપર ઈમાન લાવ્યા જે તેં નાઝિલ કર્યું, અને અમે રસૂલની તા'બેદારી કરી, બસ તું અમને ગવાહી આપનારાઓ સાથે લખી લે. (૫૩)

તફસીર :

(મતલબ કે, ખુશખબરી પ્રમાણે હઝરત ઈસા અલૈ. એ જ રીતે ઉચ્ચ કક્ષાના મરતબા સાથે પૈદા થયા અને બની ઈસ્રાઈલ સાથે ઉપરોક્ત પ્રમાણે વાતચીત થઈ તથા તેમને મોઅ્જિઝાઓ બતાવ્યા, પરંતુ બની ઈસ્રાઈલે હઝરત ઈસા અલૈ.ની નુબુવ્વતનો ઈન્કાર કર્યો.)

બસ, જ્યારે હઝરત ઈસા (અલૈ.)એ તેમનો નકાર જોયો (અને ઈન્કારની સાથે સાથે ત્રાસ આપવા માટે તૈયાર થઈ ગયા તો સંજોગોવસાત્ અમુક લોકો તેમને એવા મળ્યા જે હવારિય્યિન કહેવાતા હતા) તો (તે હવારિય્યિનને) તેમણે કહ્યું, કોઈ એવો વ્યક્તિ પણ છે જે (અલ્લાહના દીનમાં વિરોધીઓ અને ઈન્કારીઓના મુકાબલામાં) અલ્લાહ માટે મારા મદદગાર બને !? (જેના કારણે દીનની દા'વતમાં મને કોઈ ત્રાસ ન પહોંચાડે) હવારિય્યિન બોલી ઉઠયા કે, અલ્લાહના (દીનના) અમે મદદગાર છીએ. અમે અલ્લાહ તઆલા ઉપર (તમારી દા'વત પ્રમાણે) ઈમાન લાવ્યા અને તમે આ (વાત)ના ગવાહ રહેજો કે અમે (અલ્લાહ તઆલાના અને તમારા) ફરમાંબરદાર છે (પછી અલ્લાહનો શુક્ર અદા કરવા માટે અલ્લાહ પાસે દુઆ કરી કે) હે અમારા પરવરદિગાર ! અમે ઈમાન લાવ્યા તે વસ્તુઓ (અને હુકમો) ઉપર જે તેં નાઝિલ ફરમાવ્યું અને અમે તા'બેદારી (પૈરવી) કરીએ છીએ (તે) રસૂલની. બસ, (અમારું ઈમાન સ્વીકારીને) અમને તે લોકો સાથે લખી લે જેઓ (પ્રસ્તુત વિષયનું) સમર્થન કરે છે (એટલે કે, સંપૂર્ણ મો'મિનોના જૂથમાં અમારું નામ લખી લે).

મસ્અલા અને બોધપાઠ :

قَالَ الْحَوَارِيُّوْنَ શબ્દ "હવારી" حَوَرَ "હવૂર" થી નીકળ્યો છે, જેનો અર્થ શાબ્દિક ભાષામાં "સફેદી" (Whiteness) થાય છે. આ વ્યાખ્યા પ્રમાણે હઝરત

ઈસા અલૈ.ના નિખાલસ સાથીદારોને તેમના ઈખ્લાસ તથા તેમના હૃદયની શુદ્ધ ભાવનાના કારણે અથવા તો તેમના સફેદ પહેરવેશના કારણે "હવારી"નો લકબ આપવામાં આવ્યો છે. જેમકે રસૂલુલ્લાહ ﷺના સાથીદારોને صَحَابِی "સહાબી"નો લકબ આપવામાં આવ્યો છે.

અમુક મુફસ્સિરોએ હવારિય્યીનની સંખ્યા ૧૨ બતાવી છે. ક્યારેક શબ્દ "હવારી" ફક્ત "મદદગાર"ના અર્થમાં પણ બોલવામાં આવે છે. એ જ આધારે એક હદીષમાં ઈરશાદ છે કે, "દરેક નબીનો કોઈ હવારી (એટલે કે નિખાલસ સાથીદાર) હોય છે." મારો હવારી ઝૂબૈર છે." *(તફસીરે કુર્તુબી)*

બોધપાઠ :

આ આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, ઈસા (અલૈ.)ને જ્યારે લોકોના (એટલે કે બની ઈસ્રાઈલના) કુફ્ર અને તેમના વિરોધનો અનુભવ થયો ત્યારે તેઓ પોતાના મદદગારોને શોધવા લાગ્યા અને તેમણે ફરમાવ્યું, مَنْ اَنْصَارِیْ શરૂઆતમાં નુબુવ્વતના હોદ્દાની રૂએ દા'વતના કામમાં દા'વત શરૂ કરતી વખતે અલ્લાહના હુકમને પૂરો કરવા માટે એકલા જ ઊભા થઈ ગયા હતા. પ્રથમ કોઈ ગ્રુપ અથવા પાર્ટી બનાવવાની ફિકર કરી ન હતી. જ્યારે આવશ્યકતા જણાઈ તો એક ગ્રુપ બની ગયું. વિચાર કરવામાં આવે તો દરેક કામ માટે જીવનમાં આવી જ હિંમત અને પુખ્ત ઈરાદાઓની આવશ્યકતા હોય છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૫૪-૫૫)

وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ ۭ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ۝۵۴ اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰٓى اِنِّىْ مُتَوَفِّيْكَ ع
وَرَافِعُكَ اِلَيَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا وَجَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ فَوْقَ
الَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ ثُمَّ اِلَيَّ مَرْجِعُكُمْ فَاَحْكُمُ بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ
فِيْهِ تَخْتَلِفُوْنَ ۝۵۵

તરજુમો :

અને તેમણે ષડયંત્ર કર્યું અને અલ્લાહે (પણ) ગુપ્ત તદ્બીરો (યુક્તિઓ)

કરી ! અને અલ્લાહ બહેતર તદ્બીરો (દાવપેચ) કરનારો છે. (૫૪) જ્યારે અલ્લાહે કહ્યું, હે ઈસા (અલૈ.) ! હું તને (સંપૂર્ણ) લઈ લઈશ, અને તને મારા તરફ ઉઠાવી લઈશ, અને જે લોકોએ કુફ્ર કર્યું તેમનાથી તને પવિત્ર કરી આપીશ, અને જેમણે તારી તા'બેદારી કરી તેમને કાફિરો ઉપર કયામતના દિવસ સુધી ઉપરવટ રાખીશ; પછી તમારે (બધાએ) મારા તરફ જ પાછા ફરીને આવવાનું છે, પછી હું તમારા દરમિયાન ફૈસલો કરી આપીશ જેના વિશે તમે પરસ્પર મતભેદ કરતા હતા. (૫૫)

તફસીર :

અને તે લોકો (જેઓ બની ઈસ્રાઈલમાંથી આપની નુબુવ્વતના ઈન્કારી હતા, આપને હલાક કરવા અને આપને ત્રાસ આપવા માટે) ગુપ્ત ષડયંત્રો રચે છે (એટલા માટે દગાબાજી અને ષડયંત્રોથી આપને કેદ કરીને સૂળી પર ચઢાવવા માટે તૈયાર થયા છે) અને અલ્લાહ તઆલાએ (આપને સુરક્ષિત રાખવા માટે) ગુપ્ત તદ્બીરો (યુક્તિઓ) કરી છે (જેની વાસ્તવિકતાની તે લોકોને જરા પણ ગંધ સુદ્ધાં ન આવી શકી, કારણ કે તે જ વિરોધીઓમાંથી એક વ્યક્તિનો અલ્લાહ તઆલાએ હઝરત ઈસા અલૈ. જેવો ચહેરો-મહોરો બનાવી દીધો અને હઝરત ઈસા અલૈ.ને આસમાન ઉપર ઉઠાવી લીધા, જેનાથી તેઓ સુરક્ષિત રહ્યા અને તે હમશકલ સૂળી પર ચઢાવી દેવામાં આવ્યો. તે લોકોને અલ્લાહની આ તદ્બીરની જાણ ન થઈ શકી તો તે તદ્બીરથી બચવાની તેમનામાં શક્તિ જ ક્યાંથી હોય ?!) અને અલ્લાહ તઆલા બધી તદ્બીરો કરવામાં શ્રેષ્ઠ છે. (કારણ કે, અન્યોની યુક્તિઓ કમજોર હોય છે અને ક્યારેક ધૃણાસ્પદ અને અસ્થાને પણ હોય છે. જ્યારે કે અલ્લાહ તઆલાની તદ્બીરો મજબૂત હોય છે અને હંમેશા ભલાઈ માટે જ અને ઉચ્ચ કક્ષાની હિકમત અનુસાર જ હોય છે અને આ તદ્બીર અલ્લાહ તઆલાએ એવા સમયે કરી) જ્યારે કે (હઝરત ઈસા અલૈ.ને કૈદ કરવામાં આવ્યા ત્યારે તેઓ વિચલિત અને પરેશાન થયા) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, હે ઈસા (અલૈ.) ! બેશક ! (કોઈ ગમ ન કરો) હું તમને (નક્કી સમયે જ કુદરતી) વફાત આપનારો છું (બસ, જ્યારે તમારા માટે એ કુદરતી મૌત નક્કી છે તો દેખીતું છે કે, આ દુશ્મનોના હાથે તમારી હત્યા થવાથી તમે સુરક્ષિત રહેશો) અને (અત્યારે તો) હું તમને પોતાના (આસમાનોની દુનિયા) તરફ ઉઠાવી લઉં છું અને તમને તે

લોકો(ના આક્ષેપ)થી પવિત્ર કરનારો છું જે (તમારા) ઈન્કારી છે અને જે લોકો તમારા અનુયાયી છે તેમને કયામત સુધી ઉપરવટ રાખીશ તે લોકો ઉપર કે જેઓ (તમારા) ઈન્કારી છે, (ભલે હાલમાં આ મુન્કિરોનો હાથ ઉપર લાગતો હોય) પછી (જ્યારે કયામત આવી જશે ત્યારે) મારા તરફ જ બધા પાછા ફરવાના છો. બસ, (તે સમયે) તમારા (બધાના) વચ્ચે ફૈસલો કરી આપીશ (એ બાબતો વિશે કે) જે બાબતોમાં તમે પરસ્પર મતભેદ કરતા હતા, (એટલે કે ઈસા અલૈ. વિશે મતભેદ કરતા હતા).

ઉપરોક્ત આયતના મહત્ત્વના શબ્દો અને તેની સ્પષ્ટતા :

આ આયતના શબ્દો અને અર્થોમાં અમુક ફિરકાઓએ જાત-જાતની તહરીફ (તા'વીલો અને ખોટા અર્થઘટનો)નો દરવાજો ખોલી નાંખ્યો છે, જે બધી જ ઉમ્મતથી વિરૂદ્ધ મત ધરાવી હઝરત ઈસા (અલૈ.)ની જિંદગી અને અંતિમ યુગમાં તેમના ફરીવાર આ દુનિયામાં નાઝિલ થવાના ઈન્કારી છે. એટલા માટે યોગ્ય એ જ જણાય છે કે, આ શબ્દોની સ્પષ્ટતા ખૂબ ખુલાસાવાર અત્રે કરવામાં આવે.

وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ શબ્દ "મક્ર" مَكْرَ અરબી ભાષામાં ઉચ્ચ કક્ષાની ગુપ્ત યુક્તિઓને કહેવામાં આવે છે. જો તે સારા હેતુ માટે હોય તો સારી છે અને ખરાબ હેતુ માટે હોય તો ખરાબ છે. એટલા માટે وَلَا يَحِيْقُ الْمَكْرُ السَّيِّئُ اِلَّا માં "મકર"ની સાથે سَيِّئُ "સય્યી"ની શરત લગાવી અને ઉર્દૂ ભાષાના મહાવરા (રૂઢિપ્રયોગો)માં "મકર" ફક્ત સાજિસો (ષડયંત્રો) અને ખરાબ યુક્તિઓ તથા હીલા માટે કહેવામાં આવે છે. એટલા માટે અરબી ભાષાના મહાવરા (રૂઢિપ્રયોગો) ઉપર શંકા કરવામાં ન આવે. અહીંયાં એટલા માટે અરબી ભાષાના આધારે જ અલ્લાહ માટે خَيْرُ الْمَاكِرِيْنَ (ખયરુલ માકિરીન) કહેવામાં આવ્યું છે. મતલબ એ છે કે, યહૂદીઓએ હઝરત ઈસા અલૈ. વિરૂદ્ધ જાત-જાતના ષડયંત્રો અને ગુપ્ત યુક્તિઓ શરૂ કરી હતી. એટલે સુધી કે, તેમણે રાજાની કાનભંભેરણી કરી હતી કે આ વ્યક્તિ નઊઝુબિલ્લાહ ! મુલ્હિદ (નાસ્તિક) છે, તવરાતને બદલવા ઈચ્છે છે, બધાને બદ્દીન બનાવવા ચાહે છે. એટલા માટે રાજાએ હઝરત ઈસા (અલૈ.)ની ધરપકડનો હુકમ આપ્યો. એક તરફ હઝરત ઈસા (અલૈ.) વિરુદ્ધ આ ષડયંત્રો અને કાવત્રાં થઈ રહ્યા હતાં, જ્યારે બીજી બાજુ અલ્લાહ

તબારક વ તઆલાની પોતાની ઉચ્ચ કક્ષાની અત્યંત લાભદાયક ગુપ્ત યુક્તિઓ પોતાનું કામ કરી રહી હતી, જેનું વર્ણન આગલી આયતમાં આવે છે.

(તફસીરે ઉસ્માની)

اِنِّیْ مُتَوَفِّیْکَ શબ્દ "મુતવફ્ફી" مُتَوَفِّی નું ક્રિયાપદ "તવફ્ફા" تَوَفّٰی અને કર્મ "વફયુન્" وَفُیٌّ છે. તેનો અસલ અર્થ અરબી શબ્દકોષ પ્રમાણે "પૂરે પૂરું લઈ લેવું" થાય છે. "વફા", "ઈફા", "ઈસ્તિફા" وَفَا، اِیْفَاءٌ، اِسْتِیْفَاءٌ આ જ અર્થમાં બોલવામાં આવે છે. "તવફ્ફા" تَـــوَفّٰـــی નો પણ અસલ અર્થ "પૂરે-પૂરું લઈ લેવાનો" થાય છે. બધી જ અરબી ભાષાના શબ્દકોષ (લુગત) આ બાબતની સાક્ષી છે. મૌત સમયે વ્યક્તિ પોતાની નિર્ધારિત દુનિયવી જિંદગી પૂરી કરી લેતો હોય છે અને અલ્લાહે આપેલી રૂહ પૂરે-પૂરી લઈ લેવામાં આવે છે, એટલા માટે આ શબ્દનો એ આધારે ઉદાહરણ તરીકે મૌત માટે પણ ઉપયોગ થાય છે. મૌતનો એક સામાન્ય નમૂનો દરેક વ્યક્તિ ઊંઘ સ્વરૂપે પણ અનુભવે છે, એટલા માટે કુર્આનમાં આ શબ્દનો ઉપયોગ એના માટે પણ થયો છે.

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا

"અલ્લાહ લઈ લે છે, જાનવરોને તેમની મૌતના સમયે, અને જેમને મૌત નથી આવતી તેમને ઊંઘના સમયે." *(સૂ:૩૯, આ:૪૨)*

હાફિઝ ઈબ્ને તયમિયહ (રહ.)એ "અલ જવાબુસ્સહીહ" પેજ ૮૩, ભાગ – ૨ માં ફરમાવ્યું,

اَلتَّوَفِّىْ فِىْ لُغَةِ الْعَرَبِ مَعْنَاهَا اَلْقَبْضُ وَالْاِسْتِيْفَاءُ وَذٰلِكَ ثَلَاثَةُ اَنْوَاعٍ، اَحَدُ هَا التَّوَفِّىْ فِى النَّوْمِ وَ الثَّانِىْ تَوَفِّى الْمَوْتِ وَالثَّالِثُ تَوَفِّى الرُّوْحِ وَالْبَدَنِ جَمِيْعًا،

"અલ-તવફ્ફીનો અરબી શબ્દકોષમાં અર્થ છે "સંપૂર્ણ લઈ લેવું" અથવા "પૂરે-પૂરું લઈ લેવું" તેના ત્રણ પ્રકાર છે. પ્રથમ ઊંઘમાં લઈ લેવું, બીજું મૃત્યુ આપી લઈ લેવું અને ત્રીજું શરીર અને રૂહ બંને એકસાથે લઈ લેવું."

અને કુલ્લિયાત અબૂલ બકાઅમાં છે કે,

اَلتَّوَفِّى الْاِمَاتَةُ وَقَبْضُ الرُّوْحِ وَعَلَيْهِ اِسْتِعْمَالُ الْعَامَّةِ اَوِ الْاِسْتِيْفَاءُ وَاَخْذُ الْحَقِّ وَعَلَيْهِ اِسْتِعْمَالُ الْبُلَغَاءِ،

એટલા માટે પ્રસ્તુત આયતમાં શબ્દ "મુતવફફીક" مُتَوَفِّيکَ નો તરજુમો મોટા ભાગના લોકોએ "પૂરે-પૂરું લઈ લેવું"થી કર્યો છે. જેમકે, શયખુલ હિન્દ (રહ.)ના તરજુમામાં પણ આવું જ આવ્યું છે. આ તરજુમાના આધારે તેનો અર્થ સ્પષ્ટ છે કે, અમે તમને (હઝરત ઈસા અલૈ.ને) યહૂદીઓના હાથોમાં નહિ છોડીએ બલકે, પોતે તમને લઈ લઈશું. જેનું સ્વરૂપ એવું હશે કે પોતાના (અલ્લાહના) તરફ આસમાન ઉપર ઉઠાવી લઈશું.

અને અમુક લોકોએ તેનો તરજુમો મૌત આપવાનો કર્યો છે, જેમકે બયાનુલ કુર્આનનો ઉપર પ્રમાણે ખુલાસો પ્રસ્તુત છે અને આ જ તરજુમો કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)નો સહીહ સનદો સાથે નકલ થયો છે પરંતુ તેની સાથે જ એ પણ નકલ થયું છે કે, આયતનો અર્થ એ છે કે અલ્લાહ તઆલા તે સમયે જ્યારે કે યહૂદીઓ આપ (હઝરત ઈસા અલૈ.)ને કતલ કરવા તૈયાર હતા, ત્યારે આપને આશ્વાસન અને હૈયાધારણા માટે આ બે શબ્દો ઇરશાદ ફરમાવવામાં આવ્યા, હઝરત ઈસા અલૈ.ને સાંત્વના એ આપવામાં આવી કે, આપની મૌત તેમના હાથે કતલ થવાના સ્વરૂપમાં નથી. બલકે, સ્વાભાવિક કુદરતી મૌત સ્વરૂપે આપના (દુનિયવી) જીવનનો અંત આવશે. બીજું, તે સમયે તે લોકોના ઘેરામાંથી છૂટકારો આપવાની અમે એ રીત અપનાવીશું કે, આપને પોતાની તરફ (આસમાન ઉપર) ઉઠાવી લઈશું. આ જ તફસીર હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થઈ છે.

તફસીરે દુર્રે મન્સૂરમાં હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી આ રિવાયત આ રીતે નકલ થઈ છે.

اَخْرَجَ اِسْحٰقُ بْنُ بِشْرٍ وَابْنُ عَسَاكِرٍ مِنْ طَرِيْقِ جَوْهَرٍ عَنِ الضَّحَّاكِ عَنِ ابْنِ عَبَّاسٍؓ فِىْ قَوْلِهٖ تَعَالٰى اِنِّىْ مُتَوَفِّيْكَ وَ رَافِعُكَ اِلَىَّ يَعْنِىْ رَافِعُكَ ثُمَّ مُتَوَفِّيْكَ فِىْ اٰخِرِ الزَّمَانِ، (دُرِّ مَنْثُوْر ص ٣٦ ج ٢)

"ઇસ્હાક બિન બશર અને ઇબ્ને અસાકીરે જોહર અનલ ઝુહ્હાકની રિવાયતથી હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા આયત اِنِّىْ مُتَوَفِّيْكَ وَ رَافِعُكَ اِلَىَّ ની તફસીરમાં આ શબ્દો નકલ કર્યા છે કે, "હું આપને પોતાના તરફ ઉઠાવી લઈશ." પછી જ્યારે અંતિમ યુગ આવશે ત્યારે આપને નૈસર્ગિક રીતે મૌત આપીશ."

આ તફસીરનો ખુલાસો એ છે કે, تَوَفِّى "તવફ્ફી"નો અર્થ "મૌત"નો જ થાય છે પરંતુ આ શબ્દો આગળ-પાછળ ક્રમ પ્રમાણે ગોઠવાયેલ છે. "રાફિઉક" رَافِعُكَ (ઉઠાવી લેવું)ની ઘટના પહેલાં અને "મુતવફફીક" مُتَوَفِّيكَ આપવાની (મૃત્યુ)ની ઘટના પાછળથી બનવાની છે, પરંતુ આ સ્થળે "મુતવફફીક"ને પ્રથમ ઉલ્લેખ કરવાની હિકમત અને મસ્લિહત આ આખી ઘટનામાં એ તરફ ઈશારો કરે છે કે, આ ઘટના હવે પછી બનવાની છે, એટલે કે હું મારા તરફ તમને જે બોલાવી લેવાનો છું તે હંમેશાના માટે નથી, બલકે આવું બોલાવવું થોડાક જ દિવસો માટે થશે, પછી જ્યારે તમે આ દુનિયામાં પાછા આવશો અને દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત કરી લેશો ત્યારબાદ આપને હું નૈસર્ગિક (કુદરતી) મૌત આપીશ. આ રીતે ફરીવાર આસમાનથી નાઝિલ થવાની (ઊતરવાની) અને દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઘટના એક મોઅ્જિઝો પણ છે અને હઝરત ઈસા (અલૈ.)ના સન્માન તથા તેમની પ્રતિષ્ઠાની પૂર્ણતા પણ છે. એટલા માટે તેમાં ઈસાઈઓના હઝરત ઈસા (અલૈ.)ને શૂળીએ ચઢાવવાની (Crucification) માન્યતા (અકીદહ)નો રદિયો પણ આપવામાં આવ્યો છે. કારણ કે, જો ફક્ત હઝરત ઈસા (અલૈ.) આસમાન પર જીવતા સદેહે ચાલ્યા જવાનો જ ઉલ્લેખ હોત તો ઈસાઈઓનો તે અકીદહ કે જેમાં તેઓ હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહની જેમ ચિરકાળ (અબદો-અબદ-કાયમ) સુધી જીવંત રહેવાની માન્યતા ધરાવે છે, તેને બળ મળ્યું હોત, પરંતુ પ્રથમ "મુતવફફીક" مُتَوَفِّيكَ (મૃત્યુ આપીશ) શબ્દનો ઉલ્લેખ કરીને આ બધી જ વિચારસરણીઓ અને ભ્રામક અકીદાઓનો રદિયો આપી દેવામાં આવ્યો ત્યાર પછી તેમને પોતાના તરફ બોલાવી લેવાનું વર્ણન થયું છે.

અને વાસ્તવિકતા પણ એ જ છે કે, કાફિરો અને મુશ્રિકોનો વિરોધ અને દુશ્મનાવટ તો અંબિયા (અલૈ.) સાથે હંમેશાથી જ રહી છે અને અલ્લાહની સુન્નત (ટેવ) પણ એ જ છે કે, જ્યારે કોઈ નબીની કૌમ પોતાના જૂઠા, બાતિલ અકીદહ અને હઠધર્મી ઉપર મજબૂતીથી વળગી રહે અને પયગમ્બર (અલૈ.)ની વાત ન માને અને જો તેમના મોઅ્જિઝા નજરે નિહાળ્યા પછી પણ ઈમાન ન લાવે, તો બે સ્વરૂપોમાંથી એક સ્વરૂપની પરિસ્થિતિ તેમના ઉપર આવી પડે છે. યા તો તે કૌમ ઉપર આસમાની અઝાબ મોકલીને બધાનો નાશ કરવામાં આવે છે જેમકે, આદ,

ષમૂદ, કૌમે લૂત, કૌમે સાલિહ વગેરે સાથે આ પ્રકારની ઘટનાઓ ઘટી, અથવા તો અલ્લાહ તરફથી એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે, પોતાના પયગમ્બરને તે "દારૂલ કુફ્ર" (કુફ્રિસ્તાન-અલ્લાહના ઈન્કારીઓની ભૂમિ)થી હિજરત કરીને કોઈ અન્ય સ્થળે વસવાટ કરવાનો હુકમ કરે છે. રસૂલે કરીમ ﷺને એ પ્રમાણેનું સન્માન અને પ્રતિષ્ઠા આપવામાં આવી કે, હિજરત પછી ફરી તેમણે પોતાની કૌમ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ઈરાકથી હિજરત કરી સિરીયામાં શરણ લીધું, એ જ પ્રમાણે હઝરત મૂસા (અલૈ) મિસ્ર (ઈજિપ્ત)થી હિજરત કરીને સિરીયા આવ્યા અને છેવટે ખાતમુન્નબિય્યિન ﷺ મક્કાથી હિજરત કરીને મદીના ગયા, પછી મદીનાના વસવાટ દરમિયાન જ મક્કા ઉપર વિજય પ્રાપ્ત થયો.

હઝરત ઈસા (અલૈ.)ને યહૂદીઓના ઘેરામાંથી આસમાન ઉપર બોલાવી (ઉઠાવી) લેવા પણ વાસ્તવમાં એક પ્રકારની હિજરત જ હતી. આ હિજરત પછી તેઓ દુનિયામાં પાછા આવીને યહૂદીઓ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી લેશે. હવે, રહી વાત એ કે હઝરત ઈસા (અલૈ.)ની હિજરતનું સ્વરૂપ તદન અલગ પ્રકારનું અને આસમાન પર બોલાવી લેવા જેવું કેમ છે? તો અલ્લાહ તઆલાએ તેના વિશે પોતે ફરમાવ્યું છે કે, તેમનું ઉદાહરણ હઝરત આદમ (અલૈ.) જેવું છે. જે રીતે હઝરત આદમ (અલૈ.)ને દુનિયાની બધી મખ્લૂકોથી તદન અલગ રીતે માતા-પિતા વિના પૈદા કર્યા હતા એ જ પ્રમાણે હઝરત ઈસા (અલૈ.)ને પિતા વિના પૈદા કરવામાં આવ્યા હતા અને તેમનું પાલણ-પોષણ પણ અન્ય મખ્લૂકોથી અલગ સ્વરૂપે થયું હતું અને તેમનું મૌત પણ આશ્ચર્યજનક રીતે સેંકડો વર્ષો પછી દુનિયામાં આવીને થશે તો તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે, તેમની હિજરત પણ અન્યોથી તદન અલગ પ્રકારની હોય ! અહીંયાં કુદરતની અજાયબીઓને જાહિલ નસારા સમજી ન શકવાથી એવા અકીદહમાં ફસાઈ ગયા કે તેઓ હઝરત ઈસા (અલૈ.)ને ખુદા કહેવા લાગ્યા. જ્યારે કે, આ બધા ચમત્કારો અને અજાયબીઓમાં જો મનન અને ચિંતન કરવામાં આવે તો હઝરત ઈસા (અલૈ.)ની જિંદગીની પ્રત્યેક પળ અલ્લાહના ફરમાનના તાબે હોવાની, અલ્લાહના બંદા હોવાની તથા તેમના માનવ પ્રજાતિના લક્ષણોની સાબિતી આપે છે અને એ જ રીતે પ્રત્યેક પ્રસંગે કુર્આને હકીમમાં તેઓ ખુદા કે ખુદાના બેટા

હોવાના અકીદહનો રદિયો આપવામાં આવ્યો છે. આસમાન ઉપર ઉઠાવી લેવાની ઘટનાના કારણે હઝરત ઈસા (અલૈ.) ખુદા અથવા ખુદાના બેટા હોવાની શંકા મજબૂત ન થાય એટલા માટે "મુતવફ્ફીક" مُتَوَفِّيْكَ (મૃત્યુ આપીશ)નો ઉલ્લેખ પહેલાં કરવામાં આવ્યો કે જેથી આ પ્રકારની કોઈ શંકાનું કોઈ સ્થાન જ ન રહે અને તેને મૂળમાંથી જ રદ કરવામાં આવે. એટલા માટે હવે, આ આયતથી સ્પષ્ટ થઈ ગયું કે, તેનાથી યહૂદીઓના હઝરત ઈસા (અલૈ.)ને કતલ કરવાના અને શૂળી પર ચઢાવવાના હેતુને ધૂળમાં મેળવવાનો હતો અને અલ્લાહ તઆલાએ યહૂદીઓના ઈરાદાઓને માટીમાં ભેળવી દીધા. આ શબ્દોનો ક્રમ આગળ-પાછળ કરવાની વર્ણનશૈલીથી નસારાની એ માન્યતાનો પણ રદિયો થઈ ગયો કે જેમાં તેઓ હઝરત ઈસા (અલૈ.)ને ખુદાના બેટા સમજે છે કે, વાસ્તવમાં તે ખુદા કે તેના બેટા ન હતા. બલકે, તેમના માટે પણ મૌતનો એક નિશ્ચિત સમય છે, તેમને પણ કુદરતી અને નૈસર્ગિક મૌત આવવાનું જ છે.

ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં ફરમાવ્યું છે કે, "કુર્આનમાં આ રીતે ક્રમની આગળ-પાછળની ગોઠવણી કુર્આનમાં ઘણી જગ્યાએ આવી છે. મસ્લિહતના કારણે જે ઘટના પાછળ બનવાની હોય છે તેને પ્રથમ વર્ણન કરવામાં આવે છે અને જે ઘટના અગાઉ બની ગઈ હોય અથવા બનવાની હોય છે, તેને પાછળથી વર્ણન કરવામાં આવે છે." *(તફસીરે કબીર, પેજ : ૪૮૧, ભાગ : ૨)*

وَرَافِعُكَ اِلَيَّ "વરા ફિઉક ઈલય્ય" (અને હું તમને મારા તરફ ઉઠાવી લઈશ) દેખીતું છે કે આ શબ્દો હઝરત ઈસા (અલૈ.)ને સંબોધીને કહેવામાં આવ્યા છે કે, "તમને મારા તરફ ઉઠાવી લઈશ" અને બધા જ જાણે છે કે હઝરત ઈસા (અલૈ.) ફક્ત કોઈ રૂહ (આત્મા)નું નામ નથી. બલકે, શરીર અને તે શરીરમાં રહેલ રૂહ બંને ઈસા તરીકે ઓળખાય છે. તો હઝરત ઈસા (અલૈ.)ને ઉઠાવી લેવાનો અર્થ ફક્ત એવો સમજવો કે તેમની રૂહને ઉઠાવી લેવામાં આવી હતી અને તેમના શરીરને ઉઠાવી લેવામાં આવ્યું ન હતું, આ અર્થ લેવો તદ્દન ખોટો છે અને તે ખોટી માન્યતા છે. હવે, શબ્દ "રફઅ" رَفَعَ કોઈ ઊંચા હોદ્દા માટે પણ વાપરવામાં આવે છે. જેમકે, કુર્આન શરીફમાં છે رَفَعَ بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ دَرَجَاتٍ، "અને અમુકના દરજ્જાઓ (કક્ષાઓ) અન્યો ઉપર વધાર્યા છે." (સૂ:૬, આ:૧૬૫) અને يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ "અને અલ્લાહ

તમારામાંથી તેમના દરજ્જાઓ બુલંદ કરશે જેઓ ઈમાન ધરાવે છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે.'' (સૂ:૫૮, આ:૧૧) વગેરે આયતોમાં ઉલ્લેખ થયો છે.

માટે દેખીતું છે કે, "ર-ફ-અ" رَفَعَ (ઉઠાવવું) શબ્દને દરજ્જાઓ અથવા હોદ્દાની બુલંદી માટે પણ ઉપયોગ કરવાનો એક રિવાજ છે, આ શબ્દ કુર્આનમાં પ્રસ્તુત આયતમાં પણ આવ્યો છે. પરંતુ અહીંયાં વાસ્તવિક અર્થને છોડીને રિવાજ પડી ગયેલા અર્થને લેવાનું કોઈ કારણ નથી. ઉપરાંત આ સ્થળે "રફઅ" શબ્દની સાથે "ઈલા" اِلٰـــى (તરફ) શબ્દ વાપરવામાં આવ્યો છે, તેના દ્વારા આ રિવાજ પ્રમાણે હોદ્દાને ઊંચા કરવાનો અર્થ લેવાની સંભાવના બિલકુલ ખતમ થઈ જાય છે. આ આયતમાં "રાફિઉક ઈલય્ય" رَافِـعُكَ اِلَـىَّ (હું તમને મારા તરફ ઉઠાવી લઈશ) કહ્યું અને સૂરએ નિસાઅ્ની આયતમાં પણ જ્યાં યહૂદીઓના અકીદાઓનો રદિયો આપવામાં આવ્યો છે, ત્યાં પણ ફરમાવવામાં આવ્યું છે وَمَـاقَتَـلُـوْهُ يَقِيْـنًـا بَـلْ رَفَـعَهُ اللّٰهُ اِلَيْهِ એટલે કે, ''યહૂદીઓએ ખરેખર હઝરત ઈસા (અલૈ.)ને કતલ નથી કર્યા બલકે, તેમને તો અલ્લાહ તઆલાએ પોતાના તરફ ઉઠાવી લીધા.'' પોતાના તરફ ઉઠાવી લેવું રૂહ સાથે સદેહે (દુનિયવી ફીઝીકલ શરીર સાથે) જીવતા ઉઠાવી લેવા માટે કહેવામાં આવ્યું છે.

અહીંયાં સુધી આયતના શબ્દોની સ્પષ્ટતા થઈ ગઈ.

પ્રસ્તુત આયતમાં હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહ તઆલાના પાંચ વાયદાઓ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ યહૂદીઓના મુકાબલામાં હઝરત ઈસા (અલૈ.)ને પાંચ વાયદાઓ કર્યા છે.

પ્રથમ વાયદો એ હતો કે, તેમની મૌત યહૂદીઓના હાથે કતલ થવા સ્વરૂપે નહીં થાય, તેઓને નૈસર્ગિક રીતે સ્વાભાવિક અને નિશ્ચિત સમયે મૌત આવશે અને તે સમય કયામત નજીક આવશે. જ્યારે ઈસા (અલૈ.) આસમાનથી પૃથ્વી ઉપર નાઝિલ થશે જેમકે, ઘણી મુતવાતિર (અનેક) સહીહ હદીષોમાં આ બાબત વિસ્તારપૂર્વક મૌજૂદ છે અને તેનો અમુક ભાગ આગળ ઉપર વર્ણન થશે.

બીજો વાયદો આસમાની દુનિયા તરફ ઉઠાવી લેવાનો હતો. આ વાયદો પૂરો કરવામાં આવ્યો. જેના પૂરા કરવાની ખબર સૂરએ નિસાઅ્ની આ આયતમાં

આપવામાં આવી. وَمَا قَتَلُوْهُ يَقِيْنًا بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ "ખરેખર, તેમને યહૂદીઓએ કતલ નથી કર્યા બલકે, અલ્લાહ તઆલાએ તેમને પોતાના તરફ ઉઠાવી લીધા."

ત્રીજો વાયદો તેમના દુશ્મનોની તહોમતો (આક્ષેપો)થી પવિત્ર કરવાનો હતો. وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا માં આ એવી રીતે પૂરો થયો કે, ખાતમુલ અંબિયા ﷺ તશરીફ લાવ્યા અને યહૂદીઓના બધા ખોટા આક્ષેપોથી તેમને પવિત્ર જાહેર કર્યા. દાખલા તરીકે, યહૂદીઓ હઝરત ઈસા (અલૈ.) વિના બાપે પૈદા થયા હોવાથી તેમની નસ્લ વિશે મહેણાં-ટોણાં મારતા હતા. કુર્આન શરીફે આ આક્ષેપને એવું ફરમાવીને રદ કર્યો કે, તેઓ ફક્ત અલ્લાહ તઆલાની કુદરત અને તેના હુકમથી વિના બાપે પૈદા થયા હતા અને આ કોઈ આશ્ચર્યની બાબત નથી. હઝરત આદમ (અલૈ.)ની પૈદાઇશ તેનાથી વધારે તાજ્જુબની વાત છે કે, તેઓ માતા અને પિતા બંને વિના પૈદા કરવામાં આવ્યા હતા.

યહૂદીઓ હઝરત ઈસા (અલૈ.) ઉપર ખુદાઈનો દા'વો કરતા હોવાનો આક્ષેપ મૂકતા હતા. કુર્આન શરીફની ઘણી આયતોમાં હઝરત ઈસા (અલૈ.) વિશે તેમના આ દા'વાના વિરોધમાં પોતે અલ્લાહના બંદા હોવાનો અને પોતે અલ્લાહની બંદગી કરતા હોવાનો તથા પોતાના મનુષ્ય હોવાનો એકરાર ઘણી જગ્યાએ વર્ણન થયો છે.

ચોથો વાયદો وَجَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ "જેમણે તમારું અનુસરણ કર્યું તેમને..."માં હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયીઓને કયામત સુધી તેમના ઈન્કારીઓ ઉપર વિજયી રાખવામાં આવશેનો વાયદો થયો છે. અહીંયાં હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયી હોવાનો મતલબ ફક્ત તેમની નુબુવ્વતને માનવાનો છે, તેમના બધા હુકમો ઉપર ઈમાન અને આસ્થા રાખવાની શરત નથી, એટલા માટે તેમાં નસારા અને અહલે ઈસ્લામ બંને સામેલ થઈ ગયા કે, તેઓ હઝરત ઈસા (અલૈ.)ની રિસાલતનો એકરાર કરે છે, એ બીજી વાત છે કે, ફક્ત આટલો અકીદહ રાખવો આખિરતમાં છૂટકારો મેળવવા માટે પૂરતું નથી. બલકે, આખિરતનો છૂટકારો એ બાબત ઉપર અવલંબિત છે કે હઝરત ઈસા (અલૈ.)ના બધા જ હુકમો ઉપર અકીદહ ધરાવી ઈમાન રાખે અને હઝરત ઈસા (અલૈ.)ના કતઈ (ઠોસ) અને જરૂરી હુકમોમાંથી એક એ પણ હતો કે તેમના પછી ખાતમુલ અંબિયા ﷺ ઉપર ઈમાન લાવવામાં આવે. નસારા તેમના આ અકીદહ ઉપર

ઈમાન લાવ્યા નહિ, એટલા માટે આખિરતના છૂટકારાથી મહરૂમ (વંચિત) રહી ગયા. મુસલમાનોએ તેના ઉપર પણ અમલ કર્યો એટલા માટે તેઓ આખિરતના છૂટકારાના હકદાર બની ગયા. પરંતુ દુનિયામાં યહૂદીઓ ઉપર વિજયી રહેવાનો વાયદો ફક્ત હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વતના સ્વીકાર ઉપર નિર્ભર હતો, એટલા માટે દુનિયામાં નસારા અને મુસલમાનોને યહૂદીઓ ઉપર હંમેશા વિજય પ્રાપ્ત રહ્યો છે અને ચોક્કસ કયામત સુધી રહેશે.

જ્યારે અલ્લાહ તઆલાએ આ વાયદો કર્યો હતો તે સમયથી આજ સુધી હંમેશા એ બાબતની સાબિતી ચાલી આવે છે કે, યહૂદીઓના મુકાબલામાં ઈસાઈઓ અને મુસલમાનો હંમેશા વિજયી રહ્યા છે. તેમની જ હુકૂમતો દુનિયામાં સ્થાયી થઈ, અને કાયમ રહી છે.

ઇઝરાઈલની પ્રવર્તમાન સરકારના અસ્તિત્વથી ઉપરોક્ત માન્યતામાં કોઈ શંકા ઊભી કરી શકાતી નથી :

ઈઝરાઈલની પ્રવર્તમાન સરકારની વાસ્તવિકતા રશીયા, યુરોપ અને (અમેરિકા)ના ઈસાઈઓની સંયુક્ત લશ્કરી છાવણીથી વિશેષ કશું નથી, જે એમણે મુસલમાનો વિરુદ્ધ મધ્યપૂર્વમાં બનાવી રાખી છે. એક દિવસ માટે પણ જો રશીયા, અમેરિકા અથવા યુરોપના બીજા દેશો પોતાનો હાથ ઈઝરાઈલના માથા ઉપરથી હટાવી લે, તો ઈઝરાઈલ દુનિયાના નકશામાંથી ભૂંસાઈ જતું આખી દુનિયા પોતાની નજરે જોઈ શકે છે. એટલા માટે ઈઝરાઈલની સરકાર અને તેની સત્તાની વાસ્તવિકતા જાણનારા લોકોની નજરમાં ઈઝરાઈલનું સ્વરૂપ એક લશ્કરી છાવણીથી વિશેષ નથી અને માની લો કે, કદાચ તેને યહૂદીઓની પોતાની એક આગવી સરકાર સમજી લેવામાં આવે તો પણ ઈસાઈઓ અને મુસલમાનોના મુકાબલામાં તેઓ હંમેશા દબાયેલા અને પરાજિત સ્થિતિમાં હોવાનો કયો સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિ ઈન્કાર કરી શકે છે !? ચાલો, તેનાથી પણ આંખ આડા કાન કરો ! કયામત નજીક આવશે ત્યારે અમુક દિવસો માટે યહૂદીઓના વિજયની અને તેમના છવાય જવાની ખબર તો પોતે ઈસ્લામની અસંખ્ય રિવાયતોમાં મૌજૂદ છે. જો આ દુનિયાને હવે વધારે બાકી રહેવાનું ન હોય અને કયામત નજીક આવી ચૂકી છે તો ઈસ્લામની રિવાયતો અનુસાર આવું થવું ઈસ્લામની માન્યતા (અકીદા)ઓ વિરૂદ્ધની બાબત નથી અને આવા થોડા દિવસના શોર-બકોર અને

હો..હા..ને કોઈ કાયમી સરકાર, કે સત્તા, કે રાષ્ટ્ર કહી ન શકાય.

પાંચમો વાયદો કયામતના દિવસે તેમના ધાર્મિક વિરોધનો ફૈસલો કરવાનો છે, તો આ વાયદો પણ પોતાના નિશ્ચિત સમયે જરૂર પૂરો થશે. જેમકે આયતમાં ઈરશાદ થયો છે, ثُمَّ اِلَىَّ مَرْجِعُكُمْ فَاَحْكُمُ بَيْنَكُمْ "ત્યારબાદ તમારે મારા તરફ જ પાછા આવવાનું છે. બસ, હું તમારા દરમિયાન ફૈસલો કરી આપીશ."

(સૂ.: ૩, આ.: ૫૫)

હઝરત ઈસા (અલૈ.)ની જિંદગી અને હઝરત ઈસા (અલૈ.) ફરીવાર નાઝિલ થવાનો મસ્અલો :

દુનિયામાં ફક્ત યહૂદીઓનું કહેવું એવું છે કે, ઈસા (અલૈ.)ની હત્યા થઈ અને તેમની લાશને દફન કરવામાં આવી અને હવે તેઓ ફરી જીવતા થશે નહીં. તેમની આ વિચારસરણીની વાસ્તવિકતા કુર્આન શરીફે સૂરએ નિસાઅ્ની આયતમાં સ્પષ્ટ કરી દીધી છે અને આ આયત وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ વડે એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ના દુશ્મનોના ષડયંત્રો અને યુક્તિ-પ્રયુક્તિઓને તેમના પોતાના તરફ જ ઊલટાવી દીધી અને જે યહૂદીઓ હઝરત ઈસા (અલૈ.)ની હત્યા કરવા મકાનમાં ગયા હતા, અલ્લાહ તઆલાએ તેમનામાંથી જ એક વ્યક્તિનો ચહેરો-મહોરો (શકલ-સૂરત) હઝરત ઈસા (અલૈ.) જેવી બનાવી દીધી અને હઝરત ઈસા (અલૈ.)ને સદેહે જીવતા જ આસમાન ઉપર ઉઠાવી લીધા. આયત આ પ્રમાણે છે,

وَمَا قَتَلُوْهُ وَمَا صَلَبُوْهُ وَلٰكِنْ شُبِّهَ لَهُمْ

"ન તેમણે ઈસા (અલૈ.)ને કતલ કર્યા, ન જ શૂળી પર ચઢાવ્યા, પરંતુ અલ્લાહ તઆલાની તદ્બીરે તેમને (યહૂદીઓને) શંકામાં નાંખી દીધા!" (એટલે કે તેઓ પોતાના જ માણસને કતલ કરી ખુશ થઈ ગયા). (સૂ:૪, આ:૧૫૭)

આ વિષયનો વિસ્તૃત ખુલાસો સૂરએ નિસાઅ્માં આવશે.

નસારાનું કહેવું એવું હતું કે, હઝરત ઈસા (અલૈ.) કતલ થઈને મૃત્યુ તો પામ્યા, પરંતુ તેમને ફરી સજીવન કરીને આસમાન પર ઉઠાવી લેવામાં આવ્યા. પ્રસ્તુત આયતમાં તેમના આ ખોટા અકીદહનો પણ રદિયો આપવામાં આવ્યો છે અને બતાવવામાં આવ્યું કે જેવી રીતે યહુદીઓ પોતાના જ માણસને કતલ કરીને

ખુશીઓ મનાવી રહ્યા હતા, એવી જ રીતે ઈસાઈઓ પણ એવા જ ધોકામાં રહી ગયા કે, જેમની હત્યા કરવામાં આવી તે હઝરત ઈસા (અલૈ.) જ હતા. شُبِّهَ لَهُمْ (મળતાપણાના કારણે તેઓ શંકામાં પડી ગયા) "યહૂદીઓ અને ઈસાઈઓ બંનેને આ શબ્દો લાગુ પડે છે."

આ બંને સમુદાયોથી બિલકુલ વિરૂદ્ધ પ્રકારની ઈસ્લામની માન્યતા (અકીદહ) છે, જેને આ આયતમાં અને બીજી અનેક આયતોમાં ખૂબ સ્પષ્ટતાથી વિસ્તૃત રીતે વર્ણન કરવામાં આવી છે કે અલ્લાહ તઆલાએ યહૂદીઓના હાથથી છૂટકારો અપાવવા માટે હઝરત ઈસા (અલૈ.)ને આસમાન ઉપર જીવતા જ સદેહે ઉઠાવી લીધા. ન તો તેમને કતલ કરી શકાયા, ન જ તેમને શૂળી પર ચઢાવી શકાયા ! તેઓ સદેહે જીવતા જ આસમાન ઉપર છે અને કયામત નજીક આસમાનથી નાઝિલ થઈને યહૂદીઓ ઉપર વિજય પ્રાપ્ત કરશે અને છેવટે પોતાના સ્વાભાવિક મૌતથી આ દુનિયામાંથી વિદાય લેશે.

આ જ અકીદહ ઉપર સમગ્ર મુસ્લિમ ઉમ્મતનો ઈજ્માઅ અને સર્વસહમતિ છે. હાફિઝ ઈબ્ને હજરે "તલખીસુલ હબીર", પેજ : ૩૧૯ ઉપર આ ઈજ્માઅ નકલ કર્યો છે. કુર્આન મજીદની અસંખ્ય આયતો અને મુતવાતિર (સહીહ) હદીષો દ્વારા આ અકીદહ પર ઉમ્મતનો ઈજ્માઅ સાબિત થયેલ છે. અત્રે એની સંપૂર્ણ વિગતનો મૌકો નથી અને તેની જરૂરત પણ નથી. કારણ કે, ઉલમા એ ઉમ્મતે આ વિષય ઉપર અલગથી ઘણી બધી કિતાબો અને ચોપાનીયાઓ લખીને આ વિષયની સ્પષ્ટ અને વિસ્તૃત છણાવટ કરી જ દીધી છે અને ઈન્કાર કરનારાઓના જવાબો વિગતવાર આપ્યા છે. તેનો અભ્યાસ કરવો પૂરતો છે. દાખલા તરીકે, હઝરત હુજ્જતુલ ઈસ્લામ મવલાના સય્યિદ મુહમ્મદ અનવરશાહ કશ્મિરી (રહ.)ની અરબી ભાષામાં લખેલી "અકીદતુલ ઈસ્લામ ફી હયાતી ઈસા (અલૈ.)." હઝરત મવલાના બદરે આલમ મુહાજિર મદની સાહબ (રહ.)ની ઉર્દૂ ભાષામાં લખેલી કિતાબ "હયાતે ઈસા અલૈહિસ્સલામ" અને મવલાના સૈયદ ઈદ્રીસ સાહબ (રહ.)ની કિતાબ તથા બીજી અસંખ્ય નાની-મોટી પુસ્તિકાઓ અને અંકો આ વિષય પર સંપાદિત થઈ પ્રકાશિત થઈ ચૂક્યા છે. મુજ નાચિઝે મારા ઉસ્તાદ હઝરત મવલાના મુહતરમ સય્યિદ મુહમ્મદ અનવરશાહ (રહ.)ની સો (૧૦૦)થી વધારે હદીષો કે જેનાથી હઝરત ઈસા (અલૈ.)ને સદેહે

જીવતા આસમાન ઉપર ઉઠાવી લેવાની અને કયામત નજીકના સમયે તેમના ફરી પાછા આ દુનિયામાં નાઝિલ થવાની તવાતુરથી સાબિત થયેલ હદીસોને એક આગવી કિતાબ "અત્તસ્રીહુ બિમા તવાતુર ફી નુઝૂલિલ્ મસીહ"માં ભેગી કરી દીધી છે, જેને વિવરણ સાથે હલબ (Allepo) સિરીયાના એક બુઝૂર્ગ અલ્લામહ અબ્દુલ ફત્તાહ અબૂ ગુદહે બૈરૂતમાં છપાવીને પ્રકાશિત કરી છે.

અને હાફિઝ ઇબ્ને કષીર (રહ.)એ સુરએ અહઝાબની આયત وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ ની તફસીરમાં લખ્યું છે,

وَقَد تَوَاتَرَتِ الْاَحَادِيْثُ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّهٗ اَخْبَرَ بِنُزُوْلِ عِيْسٰى عَلَيْهِ السَّلَامُ قَبْلَ يَوْمِ الْقِيَامَةِ اِمَامًا عَادِلًا (الخ)

"રસૂલે કરીમ ﷺની હદીસો આ વિષયમાં મુતવાતિર છે કે આપ ﷺએ હઝરત ઈસા (અલૈ.) વિશે તેમના કયામત પહેલાં ન્યાય પસંદ હાકિમ તરીકે નાઝિલ થવાની ખબર આપી છે."

હઝરત ઈસા (અલૈ.)ને જીવતા સદેહે આસમાન ઉપર ઉઠાવી લેવાનો અને તેમના જીવતા રહેવાનો અને પછી કયામત અગાઉ પૃથ્વી પર ઊતરવાનો અકીદહ કુર્આને કરીમની "નુસૂસે કતઈ" (કોઈ રીતે રદ ન કરી શકાય અથવા શંકા ન કરી શકાય એવા સ્પષ્ટ અને ચોખ્ખા કુર્આનના હુકમ) દ્વારા અને મુતવાતિર હદીસો દ્વારા સાબિત થયેલ છે, જેની નિશાનીઓ આગવી કિતાબો અને પુસ્તિકાઓ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી છે, જેમાંથી અમુકના નામ ઉપર દર્શાવવામાં આવ્યા છે. આ વિષયની સંપૂર્ણ વિગત અને તહકીક માટે આ કિતાબો અને પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ.

અહીંયાં ફક્ત એક વાત તરફ ધ્યાન અપાવું છું, જેના પર નજર કરવાથી થોડી પણ બુદ્ધિ ધરાવતી ન્યાયપ્રિય વ્યક્તિને આ વિષયમાં કોઈ શંકાની સંભાવના બાકી રહેશે નહીં. સૂરએ આલિ ઈમ્રાનના અગિયારમાં રુકૂઅ્માં અલ્લાહ તઆલાએ પાછલા નબીઓનું વર્ણન ફરમાવ્યું તેમાં હઝરત આદમ, નૂહ, આલિ ઈબ્રાહીમ, આલિ ઈમ્રાન (અલૈ.) વગેરેનું વર્ણન એક જ આયતમાં સંયુક્ત રીતે કરવાને પૂરતું સમજ્યું. ત્યાર પછી લગભગ ૩ રુકૂઅ્ અને ૨૨ આયતોમાં હઝરત ઈસા (અલૈ.) અને તેમના કુટુંબનું વર્ણન વિસ્તારપૂર્વક અને છણાવટથી કરવામાં

આવ્યું, પોતે ખાતમુન્નબીય્યિન ﷺ કે જેમના ઉપર આ કુર્આન નાઝિલ થયું છે, ખુદ તેમનું વર્ણન પણ આટલું વિગતવાર કુર્આનમાં આવ્યું નથી. હઝરત ઈસા (અલૈ.)ના નાનીમાંનું વર્ણન, તેમની મન્નતનો ઉલ્લેખ, તેમના વાલિદહની પૈદાઈશ, તેમનું નામ, તેમના પાલણ-પોષણના ખુલાસાનું વિગતવાર વર્ણન, પછી હઝરત ઈસા (અલૈ.)નું માતાના ગર્ભમાં આવવું, પછી તેમના જન્મનો વિસ્તૃત અહેવાલ, જન્મ પછી માતાના ખાવા-પીવા વગેરેનું વર્ણન, પોતાના કુટુંબમાં બાળકને લઈને આવવું, પછી આ બાબતે લોકોના મહેણાં-ટોણાં, જન્મ સમયે હઝરત ઈસા (અલૈ.)ને મોઅ્જિઝા સ્વરૂપે વાતચીત કરવાની શક્તિ આપવી, પછી તેમનું યુવાન થવું અને યુવાન થઈને કૌમને ઈસ્લામની દા'વત આપવી, કૌમનો વિરોધ-વંટોળ, હવારિય્યીનની મદદ, યહૂદીઓનો ઘેરો, હઝરત ઈસા (અલૈ.)ને જીવતા આકાશ ઉપર ઉઠાવી લેવાનું વર્ણન વગેરે પછી મુતવાતિર હદીષોમાં તેમની વિશેષ લાયકાત અને સિફતો, તેમની શકલ-સૂરત, તેમના વ્યક્તિત્ત્વનો પ્રભાવ, પહેરવેશ, ખાન-પાન વગેરેની સંપૂર્ણ વિગતવાર છણાવટ, આ એવી પરિસ્થિતિ છે કે, કુર્આન અને હદીષમાં કોઈ નબી અને રસૂલની હાલતનું આટલું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું નથી. આ બાબત દરેક વ્યક્તિને વિચારવાનું આમંત્રણ આપે છે કે, આટલું લાંબું વર્ણન કેમ થયું ? અને કઈ હિકમતના કારણે થયું ?

જરા વિચાર કરો ! તો વાત સ્પષ્ટ થશે કે હઝરત ખાતમુન્નબિય્યિન ﷺ અંતિમ નબી છે, આપ ﷺ પછી કોઈ બીજા નબી આવનાર નથી. એટલા માટે આપ ﷺએ પોતાની તા'લીમમાં એ બાબતની ખૂબ કાળજી રાખી છે કે, કયામત સુધી જે-જે તબક્કામાંથી અને પરિસ્થિતિઓમાંથી ઉમ્મત પસાર થવાની છે તેના વિશે તેમને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવે. એટલા માટે આપ ﷺએ એ બાબતની કાળજી રાખી કે, આપ ﷺ પછી જેમનું અનુસરણ કરવામાં આવશે તે લોકો કેવા હશે ? તે ખૂબ જ વિસ્તારપૂર્વક સૈદ્ધાંતિક રીતે ઉલ્લેખ કરીને સ્પષ્ટ રીતે બતાવી દીધું અને અમુક લોકોના નામો પણ નક્કી કરીને ઉમ્મતને તેમનું અનુસરણ કરવાની તાકીદ પણ કરી. તેનાથી વિપરીત તે ગુમરાહ (સીધો માર્ગ ભટકેલા) લોકોની પણ જાણ કરી જેમનાથી દીન અને ઉમ્મતને ભય હતો.

પાછળથી આવનાર ગુમરાહ લોકોમાં સૌથી મોટો વ્યક્તિ મસીહ દજ્જાલ

હશે, જેનો ફિત્નો ખૂબ સખત અને ગુમરાહ કરનારો હશે. એટલા માટે તેની હાલત અને લક્ષણોનું વર્ણન કર્યું કે તેના આવવાના સમયે ઉમ્મતને તેના ગુમરાહ હોવામાં શંકાની કોઈ સંભાવના બાકી ન રહે એટલા માટે જાહેર કરવામાં આવે કે, પાછળથી આવનારા સુધારકો અને અનુસરણ કરવા યોગ્ય બુઝૂર્ગોમાં સૌથી શ્રેષ્ઠ હઝરત ઈસા (અલૈ.) છે, જેમને અલ્લાહ તઆલાએ નુબુવ્વત અને રિસાલતથી નવાજ્યા અને તેઓને દજ્જાલના ફિત્નાથી મુસલમાનોને બચાવવા આસમાન ઉપર જીવંત રાખ્યા અને કયામત અગાઉ તેઓને દજ્જાલને કતલ કરવા માટે નિયુક્ત કરવામાં આવશે. એટલા માટે એ બાબતની આવશ્યકતા હતી કે હઝરત ઈસા (અલૈ.)ની હાલત, સિફતો અથવા તેમની ખાસિયતો અને ગુણ-લક્ષણોથી ઉમ્મતને એટલી હદે માહિતગાર કરવામાં આવે કે હઝરત ઈસા (અલૈ.)ના પૃથ્વી ઉપર નાઝિલ થવાના સમયે કોઈ વ્યક્તિ તેમને ઓળખવામાં શંકા ન કરે.

હઝરત ઈસા (અલૈ.)ના વિગતવાર ખુલાસામાં ઘણી બધી હિકમતો અને મસ્લિહતો રહેલી છે. દાખલા તરીકે ઉમ્મત તેમને ઓળખવામાં શંકા કરે તો તેમના નાઝિલ થવાનો હેતુ જ માર્યો જાય અને ઉમ્મતે મુસ્લિમહ તેમનો સાથ ન આપે તો પછી તેઓ ઉમ્મતની મદદ અને સહકાર કેવી રીતે કરે !?

બીજું, હઝરત ઈસા (અલૈ.) જો કે, તે સમયે નુબુવ્વત અને રિસાલતની ફરજ સાથે આ દુનિયામાં નહિ આવે બલકે, હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મતની આગેવાની અને તેમની ઈમામત માટે ખલીફએ રસૂલ ﷺ સ્વરૂપે આ પૃથ્વી ઉપર નાઝિલ થશે, પરંતુ વ્યક્તિગત રીતે તેમને નુબુવ્વતનો હોદ્દો અને રિસાલત પ્રાપ્ત થયેલ છે, તો તે હોદ્દા પરથી તેઓને બરતરફ પણ કરવામાં નહિ આવે બલકે, તે સમયે તેમનું ઉદાહરણ એક એવા ગવર્નર જેવું હશે જે પોતાના રાજ્યનો ગવર્નર છે પરંતુ કોઈ કારણસર બીજા રાજ્યમાં ચાલ્યો ગયો છે, તો એ જે રાજ્યમાં ગયો છે ત્યાં તે ગવર્નરના હોદ્દા પર નથી, પરંતુ પોતાના રાજ્યના ગવર્નરના હોદ્દાથી બરતરફ પણ નથી થયો. ખુલાસો એ છે કે, હઝરત ઈસા (અલૈ.) તે સમયે પણ નુબુવ્વત અને રિસાલતની પોતાની આગવી વિશેષતાથી અલગ નહીં થાય અને જેવી રીતે તેમની નુબુવ્વતનો ઈન્કાર કરવો તેમના સમયમાં કુફ્ર હતું, એ જ રીતે તેમના નાઝિલ થવાના સમયે તેમની નુબુવ્વતનો ઈન્કાર કુફ્ર કહેવાશે. એટલા માટે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને જેઓ પ્રથમથી જ હઝરત

ઈસા (અલૈ.)ની નુબુવ્વત ઉપર કુર્આનના હુકમો અને હદીષોની ખબરના આધારે ઈમાન લાવ્યા છે તેઓ તેમના નાઝિલ થવાના સમયે તેમને ઓળખવાથી ઈન્કાર ન કરી બેસે, એટલા માટે તેમની સિફતો, નિશાનીઓ, ગુણ-લક્ષણો અને ખાસિયતોનો સ્પષ્ટ અને વિગતવાર ઉલ્લેખ કરવો જરૂરી હતો.

ત્રીજું, હઝરત ઈસા (અલૈ.) નાઝિલ થવાની ઘટના દુનિયાના અંતના નિકટ સમયે બનશે. જો તેમની નિશાનીઓ અને હાલત મોઘમ હોત તો શક્ય છે કે, કોઈ બીજો વ્યક્તિ મસીહ ઈસા ઇબ્ને મરિયમ (અલૈ.) હોવાનો જૂઠો દાવો કરી બેઠો હોત ! પરંતુ કુર્આન-હદીષમાં વર્ણન થયેલ તેમની નિશાનીઓ અને સિફતો દ્વારા આવા જૂઠા દા'વાને રદ કરી શકાય છે. જેમકે, હિન્દુસ્તાનમાં મિરઝા કાદિયાનીએ દા'વો કર્યો હતો કે હું મસીહ મવઊદ છું અને ઉમ્મતના ઉલમાએ તે મરદૂદના દા'વાને આ જ નિશાનીઓ આધારે રદ કર્યો હતો.

ખુલાસો એ છે કે, આ જગ્યાએ અને અન્ય પ્રસંગે હઝરત ઈસા (અલૈ.)ની હાલત અને સિફતો એટલી વિસ્તારપૂર્વક વર્ણન થઈ છે કે, કયામતના નિકટ સમયે તેમના પૃથ્વી ઉપર નાઝિલ થવાની અને દુનિયામાં ફરીવાર આવવાની ખબર આ વર્ણનો દ્વારા મળે છે. મુજ નાચીઝે પણ આ વિષયને પૂરી સ્પષ્ટતા સાથે મારી પુસ્તિકા "મસીહ મવઊદ"માં વર્ણન કરી દીધો છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૫૬-૫૭-૫૮)

فَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَاُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۡ وَمَا
لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٥٦﴾ وَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْ ؕ
وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿٥٧﴾ ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ مِنَ الْاٰيٰتِ وَالذِّكْرِ الْحَكِيْمِ ﴿٥٨﴾

તરજુમો :

બસ, જે લોકોએ કુફ્ર કર્યું તેમને અઝાબ આપીશ દુનિયા અને આખિરતમાં સખત અઝાબ; અને તેમનો કોઈ મદદગાર નહીં હોય. (૫૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે નેક કામ કર્યા તો (અલ્લાહ) તેમને તેનો પૂરે-પૂરો

(સારો) બદલો આપશે; અને અલ્લાહ (અન્યાયી) જાલિમોને પસંદ કરતો નથી. (૫૭) અમે આપ (ﷺ)ને આ આયતો અને સંદેશ પઢી સંભળાવીએ છીએ જે હિકમતપૂર્ણ છે. (૫૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરની આયતોમાં વર્ણન હતું, "હું તે મતભેદ કરનારાઓ દરમિયાન કયામતના દિવસે ફેંસલો કરી આપીશ." આ આયતમાં તે ફેંસલાનો ઉલ્લેખ છે.

તફસીર :

ખુલાસો એ છે કે, જે લોકો (આ મતભેદો કરનારાઓમાં) કાફિર હતા, બસ, તેમને (તેમના કુફ્રના કારણે) સખત સજા આપીશ, દુનિયામાં (પણ) અને આખિરતમાં (પણ) અને તે લોકોનો કોઈ મદદગાર (સહાયક) ન હશે અને જે લોકો ઈમાનવાળા હતા અને તેમણે નેક કામો કર્યા હતા, બસ અલ્લાહ તઆલા તેમને (ઈમાન અને નેક કામોના કારણે) સવાબ (સારો બદલો) આપશે (અને કાફિરોને સજા મળવાનું કારણ એ છે કે,) અલ્લાહ તઆલા જાલિમો સાથે મહોબ્બત નથી કરતો (જે અલ્લાહ તઆલા અને પયગમ્બરોના ઈન્કારી છે તેઓ ઈન્કાર કરવાનો જઘન્ય અપરાધ કરી રહ્યા છે અને આ અપરાધ મા'ફીપાત્ર નથી. એટલા માટે તિરસ્કૃત થઈને સજામાં સપડાશે.) આ (પ્રસ્તુત કિસ્સો) અમે તમને (વહી દ્વારા) પઢી-પઢીને સંભળાવીએ છીએ કે જે (તમારી નુબુવ્વતની) દલીલો (સ્વરૂપે) છે અને હિકમતપૂર્ણ વિષયો પણ.

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાની મુસીબતો કાફિરો માટે ગુનાહોનો કફ્ફારો નથી હોતો, જ્યારે મો'મિન માટે કફ્ફારો અને આખિરત માટે લાભદાયક છે :

فَأُعَذِّبُهُمْ عَذَابًا شَدِيدًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ આ આયતના વિષય ઉપર થોડી શંકા થવાની સંભાવના છે કે, કયામતમાં ફેંસલાના વર્ણનમાં એવું કહેવાનો શું અર્થ કે, દુનિયા અને આખિરતમાં સજા આપીશ ? કારણ કે, આખિરતમાં દુનિયાની સજાનો કોઈ અવકાશ નહિ હોય.

તેનો જવાબ એ છે કે, આવું ઉદાહરણ આપવાનો હેતુ એ છે કે, જે રીતે કોઈ બાદશાહ અપરાધીને એવું કહે કે, અત્યારે તો તને એક વર્ષની કેદની સજા

કરૂં છું, જો જેલખાનામાં કોઈ શરારત કરી તો બે વર્ષની સજા કરીશ. તેનો મતલબ ફક્ત એવો હોય છે કે, આ બે વર્ષ આજની તારીખથી જ શરૂ થયા છે. આવી પરિસ્થિતિમાં એ ચોક્કસ છે કે, જો તે કોઈ શરારત કરશે કે તરત જ તેને એકના બદલે બે વર્ષની સજાનો હુકમ લાગુ પડી જશે. મતલબ એ થયો કે, શરારતના કારણે તેની એક વર્ષની સજા વધી જશે.

આ પ્રમાણે અહીંયાં એવું સમજવું જોઈએ કે, દુનિયામાં તો સજા થઈ ચૂકી અને તેની સાથે આખિરતની સજા જોડાઈને કયામતના દિવસે તે દુનિયાની સજા પૂર્ણ કરવામાં આવશે પરંતુ આ દુનિયાની સજા આખિરતની સજાનો કફ્ફારો (બદલો) બનશે નહીં અને હવે તેને દુનિયામાં સજા મળી ચૂક્યા પછી આખિરતની સજાનું પણ એ'લાન કરવામાં આવશે. તેનાથી વિપરીત ઈમાનવાળાઓને જો દુનિયામાં કોઈ મુસીબત વગેરે આવે છે તો તેના બદલામાં તેમના ગુનાહો મા'ફ થાય છે અને આખિરતની સજામાં ઘટાડો થવાનું અથવા છૂટકારાનું કારણ બને છે. અહીંયાં لَا يُحِبُّ الظّٰلِمِيْنَ "અલ્લાહ જાલિમોને પસંદ કરતો નથી." ઈરશાદ ફરમાવીને કહેવામાં આવ્યું કે, અલ્લાહ અત્યાચારીઓને પસંદ કરતો નથી, એનો મતલબ તો એ થયો કે, ઈમાનવાળા અલ્લાહને પ્યારા છે અને કાફિરો તેમના કુફ્રના કારણે અલ્લાહ સમક્ષ ધિક્કારપાત્ર છે. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૫૯ થી ૬૩)

اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ
فَيَكُوْنُ ﴿٥٩﴾ اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ الْمُمْتَرِيْنَ ﴿٦٠﴾ فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْ
بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ وَنِسَآءَنَا
وَنِسَآءَكُمْ وَاَنْفُسَنَا وَاَنْفُسَكُمْ ۟ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾ اِنَّ
هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ اِلٰهٍ اِلَّا اللّٰهُ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦٢﴾
فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِالْمُفْسِدِيْنَ ﴿٦٣﴾ ع

તરજુમો :

બેશક ! ઈસા (અલૈ.)ની મિસાલ (ઉદાહરણ) અલ્લાહ પાસે આદમ (અલૈ.) જેવી છે; તેમને (આદમ અલૈ.ને) માટીથી પૈદા કર્યા પછી તેને કહ્યું, "થઈ જા" તો તે થઈ ગયા. (૫૯) સચ્ચાઈ તે જ છે જે તારા પરવરદિગાર તરફથી (કહેવામાં આવે) છે; બસ, (તમે) શંકા કરનારાઓમાંથી ન થશો. (૬૦) પછી જો કોઈ આ વિશે વિવાદ કરે ત્યારબાદ કે જ્યારે તમારી પાસે ખબર આવી ચૂકી તો કહી આપો, આવો ! બોલાવીએ અમારા દિકરાઓ અને તમારા દિકરાઓને, અમારી સ્ત્રીઓ અને તમારી સ્ત્રીઓને, અને અમે પોતે અને તમે પોતે પછી આપણે બધા ભેગા થઈ કરગરીને દુઆ માંગીએ (કે) બસ, જૂઠાઓ ઉપર અલ્લાહની લા'નત (ફિટકાર) કરીએ. (૬૧) બેશક ! આ જ સાચું વર્ણન છે અને અલ્લાહ સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી અને બેશક ! અલ્લાહ જ મહાબળવાન, (ભારે) હિકમતવાળો છે. (૬૨) પછી જો (તેઓ) સ્વીકાર ન કરે તો નિઃશંક ! અલ્લાહને ફસાદ કરનારાઓની સારી પેઠે ખબર છે. (૬૩)

તફસીર :

બેશક ! (હઝરત) ઈસા (અલૈ.)ની (આશ્ચર્યજનક) હાલત અલ્લાહ પાસે (એટલે કે અલ્લાહની કુદરતની યોજનાઓમાં હઝરત) આદમ (અલૈ.) જેવી મિસાલ ધરાવે છે કે, તેમને (એટલે કે આદમ અલૈ.ના પૂતળાને) માટીથી બનાવ્યા, પછી તેને (પૂતળાને) હુકમ આપ્યો કે (સજીવન) "થઈ જા !" બસ, તે (સજીવન) થઈ ગયા અને આ ઘટના (જે ઉપર વર્ણન કરવામાં આવી) તદ્દન સાચી છે, જે તમારા પરવરદિગાર તરફથી (બતાવવામાં આવી) છે. બસ, તમે શંકા કરનારાઓમાંથી ન થશો; બસ, જો તમારી સાથે આ લોકો (ઈસા અલૈ.) વિશે તમારી પાસે (સાચું) જ્ઞાન આવી ગયા પછી (હજુ પણ) વાદ-વિવાદ કરે તો તમે (જવાબમાં એવું) કહી આપો કે, (જો તમે આ દલીલને નથી માનતા તો પછી) આવી જાઓ ! આપણે (અને તમે) બોલાવી(ને ભેગા કરી) લો અમારા દિકરાઓને અને તમારા દિકરાઓને, અને અમારી ઔરતોને અને તમારી ઔરતોને, ખુદ અમારી જાતને અને તમારી જાતને, પછી આપણે (બધા મળીને)

ખૂબ દિલથી અલ્લાહ પાસે કરગરીને દુઆ કરીએ અને લા'નત મોકલીએ તેમના ઉપર જેઓ (આ બહસમાં) જૂઠા છે. બેશક ! આ (જે કંઈ) વર્ણન થયું તે જ સાચી વાત છે અને અલ્લાહ સિવાય કોઈ બંદગીના લાયક નથી અને નિઃશંક અલ્લાહ તઆલા જ ગાલિબ હિકમતવાળો છે. (આ બધી દલીલબાજીઓ પછી પણ) જો (સચ્ચાઈ કબૂલ કરવાથી) ઈન્કાર કરે તો (તમારા મા'મલાને અલ્લાહના હવાલે કરો, કારણ કે) નિઃશંક ! અલ્લાહ તઆલા ફસાદખોરોને સારી પેઠે જાણે છે.

મસ્અલા અને બોધપાઠ :

અનુમાન (કયાસ -ઉદાહરણો અને દાખલા-દલીલો દ્વારા વાતને સ્પષ્ટ) કરવાની દલીલ :

اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ આ આયતથી જાણ થાય છે કે કયાસ પણ શરીઅતમાં હુજ્જત (દલીલ)નો દરજ્જો ધરાવે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, ઈસા (અલૈ.)ની પૈદાઈશ એવી છે જેમકે, આદમ (અલૈ.)ની પૈદાઈશ ! એટલે કે જેવી રીતે હઝરત આદમ (અલૈ.)ને વિના પિતાએ (અને માતાએ) પૈદા કરવામાં આવ્યા, એવી જ રીતે હઝરત ઈસા (અલૈ.)ને પણ અલ્લાહે બાપ વિના પૈદા કર્યા. તો અહીંયાં અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ની પૈદાઈશને હઝરત આદમ (અલૈ.)ની પૈદાઈશ ઉપર કયાસ કરવા (અનુમાનિત કરવા) તરફ ઈશારો કર્યો છે. *(મઝહરી)*

"મુબાહલા" શું છે ?

فَقُلْ تَعَالَوْا نَدْعُ..... આ આયતથી અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને મુબાહલા કરવાનો હુકમ આપ્યો છે, મુબાહલાની વ્યાખ્યા એવી છે કે, "જો કોઈ બાબતમાં સાચ અને જૂઠનો પરસ્પર બંને પક્ષે કોઈ વિવાદ ઊભો થઈ જાય, અને દલીલોથી વિવાદ ખતમ ન થાય, તો તેમણે એ પદ્ધતિ અપનાવવી જોઈએ કે, બધા મળીને અલ્લાહ તઆલાથી દુઆ કરે કે, "જે આ બાબતમાં જૂઠો છે તેના ઉપર અલ્લાહ તઆલા તરફથી વબાલ અને ફિટકાર વરસે." કારણ કે, લા'નત (ફિટકાર)નો અર્થ "અલ્લાહ તઆલાની રહમત અને કૃપાથી દૂર થવું" થાય છે અને અલ્લાહ તઆલાની રહમતથી દૂર થવાનો અર્થ તેના ગુસ્સાનો ભોગ બનવું. બસ, તેનો મતલબ એ થયો કે, જે જૂઠો છે તેના ઉપર અલ્લાહનો ગુસ્સો ઉતરે, તો

જે વ્યક્તિ જૂઠો હશે તે તેનું પરિણામ ભોગવશે, તે સમયે સચ્ચાઈ અને જૂઠનો ફેંસલો બંને પક્ષો સામે સ્પષ્ટ રીતે સામે આવી જશે. આ રીતે આવી દુઆ કરવાને "મુબાહલા" કહે છે. જો કે, મુબાહલા કરવામાં વિવાદ કરનારાઓએ પોતે ભેગા થઈ આવી દુઆ કરવાની હોય છે. પોતાના સગાં-વહાલાઓને ભેગા કરવાની આવશ્યકતા નથી, પરંતુ જો તેમને પણ ભેગા કરવામાં આવે તો અમલનો અહેતિમામ (કાળજી) વધી જશે.

"મુબાહલા"ની ઘટના અને "રવાફિઝ"નો રદિયો :

આ ઘટનાની પૂર્વભૂમિકા એવી છે કે, નજરાનના ઈસાઈઓને રસૂલે કરીમ ﷺએ એક ફરમાન મોકલ્યું, જેમાં ત્રણ વસ્તુઓ ક્રમવાર વર્ણવવામાં આવી હતી.

(૧) ઈસ્લામ કબૂલ કરો, (૨) અથવા જઝિયાવેરો અદા કરો, (૩) અથવા તો યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ.

ઈસાઈઓએ પરસ્પર મશવરો કરીને શરજીલ, અબ્દુલ્લાહ બિન શરજીલ અને જબ્બાર બિન ફૈઝને રસૂલે કરીમ ﷺની સેવામાં મોકલ્યા. આ લોકોએ મદીના આવીને ધાર્મિક બાબતો ઉપર વાર્તાલાપ શરૂ કર્યો, એટલે સુધી કે હઝરત ઈસા (અલૈ.)ની ખુદાઈ સાબિત કરવા માટે આ લોકોએ ખૂબ વિસ્તૃત ચર્ચા-બહસ અને દલીલોથી કામ લીધું. એટલામાં આ "આયતે મુબાહલા" નાઝિલ થઈ, આ આયત ઊતરતાં જ રસૂલે કરીમ ﷺએ ઈસાઈઓને મુબાહલા કરવાનું આમંત્રણ આપ્યું અને પોતે પણ હઝરત ફાતિમા (રદિ.), હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ, ઈમામ હસન અને ઈમામ હુસૈન (રદિ.)ને સાથે લઈ મુબાહલા માટે તૈયાર થઈને આવ્યા. શરજીલે આવું જોઈને પોતાના બંને સાથીઓને કહ્યું કે, તમને ખબર છે ? આ અલ્લાહના નબી છે ! નબી સાથે મુબાહલો કરવામાં આપણો વિનાશ અને બરબાદી નિશ્ચિત છે, એટલા માટે છૂટકારો મેળવવાનો કોઈ બીજો માર્ગ શોધો. તેના સાથીઓએ કહ્યું કે, તમારા મતે છૂટકારાનું બીજું સ્વરૂપ શું હોઈ શકે છે ? તેણે કહ્યું, મારા મતે શ્રેષ્ઠ સ્વરૂપ એ છે કે, નબી (ﷺ)ના અભિપ્રાય પ્રમાણે સુલેહ કરી લેવામાં આવે, જેથી તે બધા આ બાબતે સહમત થઈ ગયા અને નબી ﷺએ તેમના પર જઝિયો નક્કી કરી સુલેહ કરી લીધી, જેને તેમણે પણ મંજૂર કરી લીધું. *(તફસીરે ઈબ્ને કષીર, ભાગ : ૧)*

આ આયતમાં "અબ્ના અના" اَبۡنَآءَنَا નો અર્થ ફક્ત પોતાની ઔલાદ નથી બલકે, પોતાની ઔલાદની ઔલાદ પણ તેમાં સામેલ છે. કારણ કે, સામાન્ય રીતે પોતાની ઔલાદની ઔલાદ પણ ઔલાદમાં જ સામેલ છે. એટલા માટે "અબ્ના અના" اَبۡنَآءَنَا માં રસૂલે કરીમ ﷺના નવાસા હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન (રદિ.) અને આપ ﷺના જમાઈ હઝરત અલી (રદિ.) સામેલ છે. ખાસ કરીને હઝરત અલી (રદિ.)ને "અબ્ના અના" اَبۡنَآءَنَا માં સામેલ કરવા એટલા માટે પણ બરાબર છે કે હઝરત અલી (રદિ.)નું પાલણ-પોષણ પણ રસૂલે કરીમ ﷺના હાથ નીચે જ થયું હતું. આપ ﷺએ તેમનો પોતાના બાળકની જેમ ઊછેર કર્યો અને હઝરત અલી (રદિ.)ની કેળવણીનો પણ પૂરેપૂરો ખ્યાલ રાખ્યો અને આવા પોતાના હાથ નીચે લાલન-પાલન પામેલું બાળક મોટેભાગે પોતાના દિકરા સ્વરૂપે જ સમજવામાં આવે છે.

આ વર્ણનથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે, હઝરત અલી કર્રમલ્લાહુ વજહહૂ ઔલાદમાં (અહલે બયતમાં) સામેલ છે. એટલા માટે "રવાફિઝ" ફિરકાના લોકો આપને "અબ્ના અના" اَبۡنَآءَنَا (અહલે બયત) માંથી ખારિજ કરીને "અન ફુસના" اَنۡفُسَنَا માં સામેલ કરીને હઝરત (રદિ.)ની "ખિલાફતે બિલા ફસ્લ" માટે દલીલ કરે છે, તે બરાબર નથી.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૬૪)

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ تَعَالَوۡا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيۡنَنَا وَبَيۡنَكُمۡ اَلَّا نَعۡبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشۡرِكَ

بِهٖ شَيۡـــًٔا وَّلَا يَتَّخِذَ بَعۡضُنَا بَعۡضًا اَرۡبَابًا مِّنۡ دُوۡنِ اللّٰهِ ؕ فَاِنۡ تَوَلَّوۡا فَقُوۡلُوا

اشۡهَدُوۡا بِاَنَّا مُسۡلِمُوۡنَ ﴿۶۴﴾

તરજુમો :

(હે નબી ﷺ!) તમે કહી આપો, હે અહલે કિતાબ ! આવો, તે તરફ કે જે અમારા અને તમારા (બંને) દરમિયાન એકસમાન છે કે અલ્લાહ સિવાય અન્યની બંદગી નહીં કરીએ અને તેની સાથે કોઈને ભાગીદાર નહીં ઠરાવીએ અને (આપણામાંથી) કોઈ અન્ય કોઈને અલ્લાહ સિવાય પરવરદિગાર ન બનાવે; પછી (પણ) જો તેઓ સ્વીકાર ન કરે તો કહી આપો, ગવાહ રહો કે અમે તો (અલ્લાહના) હુકમના તા'બેદાર (મુસલમાન) છીએ. (૬૪)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ) તમે કહી આપો કે, હે અહલે કિતાબ ! આવો એક એવી વાત તરફ જે અમારા અને તમારા દરમિયાન એકસમાન છે (તે) આ (છે) કે, અલ્લાહ તઆલા સિવાય આપણે કોઈની ઈબાદત નહીં કરીએ અને અલ્લાહ તઆલા સાથે કોઈને ભાગીદાર નહીં ઠરાવીએ અને આપણામાંથી કોઈ (પણ) બીજા કોઈને અલ્લાહ તઆલા સિવાય પરવરદિગાર ન બનાવે, પછી (પણ) જો તે લોકો (સાચી વાત) ન સ્વીકારે તો તમે (મુસલમાન) લોકો કહી આપો કે, તમે (અમારા) આ (ઈકરાર)ના ગવાહ રહો કે, અમે તો (અલ્લાહના આ હુકમને) માનનારા (મુસલમાન) છે (જો તમે ન માનો તો તમે જાણો).

મસ્અલા અને બોધપાઠ :

દા'વતો-તબ્લીગ (ઇસ્લામના પ્રચાર-પ્રસાર)ના મહત્ત્વના સિદ્ધાંતો :

تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ આ આયતથી દા'વતો-તબ્લીગ (ઈસ્લામના આમંત્રણ-પ્રચાર, પ્રસાર)નો એક મહત્ત્વનો સિદ્ધાંત જાણી શકાય છે કે, જો કોઈ વ્યક્તિ કોઈ એવા સમુદાય કે જૂથને દા'વત આપવાનો ઈચ્છુક હોય કે, જેઓ અકીદાઓ અને વિચારસરણીમાં તેમનાથી ભિન્ન પ્રકારની વિચારસરણી અને માન્યતા ધરાવે છે તો તેની પદ્ધતિ એ છે કે, જે ગૃપ અથવા સમુદાય જે તમારા કરતા ભિન્ન પ્રકારના અકીદાઓ અને વિચારસરણી ધરાવતા હોય, તેમને ફક્ત એ બાબત ઉપર ભેગા થવાનું આમંત્રણ આપવામાં આવે, જેના ઉપર બંને ગૃપો કે સમુદાયો વચ્ચે સહમતિ થઈ શકે છે. જેમકે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે રૉમના રાજા હરકિલ (હરક્યુલસ)ને ઈસ્લામનું આમંત્રણ આપ્યું તો તેને એવી બાબત તરફ આમંત્રણ આપ્યું કે જેમાં બંને પક્ષો સહમત હતા. એટલે કે, અલ્લાહ તઆલાની તવહીદ ઉપર બંને વચ્ચે સહમતિ હતી, તે આમંત્રણ પત્રિકા (દા'વતનામું) નીચે પ્રમાણે લખવામાં આવ્યું હતું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ، مِنْ مُحَمَّدٍ عَبْدِاللّٰهِ وَرَسُوْلِهٖ اِلٰى هِرَقْلَ عَظِيْمِ الرُّوْمِ، سَلَامٌ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى، اَمَّا بَعْدُ فَاِنِّىْ اَدْعُوْكَ بِدِعَايَةِ الْاِسْلَامِ اَسْلِمْ تَسْلَمْ يُؤْتِكَ اللّٰهُ اَجْرَكَ مَرَّتَيْنِ فَاِنْ تَوَلَّيْتَ فَاِنَّ عَلَيْكَ اِثْمَ الْيرِيْسِيِّيْنَ، يٰۤاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ اَنْ لَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشْرِكَ بِهٖ شَيْئًا وَّلَا يَتَّخِذَ

بَعْضُنَا بَعْضًا اَرْبَابًا مِنْ دُوْنِ اللّٰهِ (بُخَارِی)

"હું શરૂ કરું છું અલ્લાહના નામથી, જે ઘણો જ કૃપાળું અને મહા દયાળુ છે. આ પત્ર મુહમ્મદ (ﷺ) અલ્લાહના બંદા અને તેના રસૂલ (ﷺ) તરફથી રૉમના બાદશાહ હરકિલ તરફ છે. સલામતી થાય તે વ્યક્તિ માટે જે હિદાયતના રસ્તા (સીધા માર્ગ)નું અનુસરણ કરે, ત્યારબાદ હું તમને ઈસ્લામના આમંત્રણ પ્રતિ દા'વત આપું છું, ઈસ્લામ લાવશો તો સલામત રહેશો અને અલ્લાહ તઆલા તમને બે ઘણો સારો બદલો આપશે અને જો તમે અસ્વીકાર કરશો તો તમારા ઉપર તે બધા ખેડૂતોનો વબાલ આવશે જે તમારી રય્યત છે. હે અહલે કિતાબ ! આવો ! ભેગા થઈ જાઓ, એક એવી વાત ઉપર, જે અમારા અને તમારા બંનેમાં એકસમાન છે, તે એ કે આપણે અલ્લાહ તઆલા સિવાય કોઈની ઈબાદત નહીં કરીએ; અને ન જ તેની સાથે કોઈને ભાગીદાર બનાવીએ; અને ન જ આપણે અલ્લાહને છોડીને અંદર-અંદર (કોઈને) પોતાનામાંથી રબ બનાવીએ !"

فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ આ આયતમાં એવું કહેવામાં આવ્યું છે કે, "તમે ગવાહ રહો" તેનાથી એવું શિક્ષણ મળે છે કે દલીલો સ્પષ્ટ થયા પછી પણ જો કોઈ સત્ય વાતનો સ્વીકાર ન કરે તો હુજ્જત પૂરી કરવા માટે પોતાનો અકીદહ જાહેર કરીને વાત પૂર્ણ કરી દેવી જોઈએ, વધારે બહસ અને હુજ્જતબાજી (દલીલબાજી) કરવી યોગ્ય નથી.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૬૫ થી ૬૮)

يَٰٓاَهْلَ الْكِتٰبِ لِمَ تُحَآجُّوْنَ فِيْٓ اِبْرٰهِيْمَ وَمَآ اُنْزِلَتِ التَّوْرٰىةُ وَالْاِنْجِيْلُ اِلَّا
مِنْۢ بَعْدِهٖ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ۝ هٰٓاَنْتُمْ هٰٓؤُلَاۗءِ حَاجَجْتُمْ فِيْمَا لَكُمْ بِهٖ عِلْمٌ فَلِمَ
تُحَآجُّوْنَ فِيْمَا لَيْسَ لَكُمْ بِهٖ عِلْمٌ ۭ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝ مَا كَانَ اِبْرٰهِيْمُ
يَهُوْدِيًّا وَّلَا نَصْرَانِيًّا وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ۭ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ۝
اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِيْمَ لَلَّذِيْنَ اتَّبَعُوْهُ وَھٰذَا النَّبِيُّ وَالَّذِيْنَ اٰمَنُوْا ۭ وَاللّٰهُ وَلِيُّ
الْمُؤْمِنِيْنَ ۝

તરજુમો :

હે અહલે કિતાબ ! તમે ઈબ્રાહીમ (અલૈ.) વિશે કેમ વાદ-વિવાદ કરો છો ? અને તવરાત અને ઈન્જીલ તો તેમના (સમયકાળ) પછી ઊતારવામાં આવી છે, તો શું તમે બુદ્ધિ નથી ધરાવતા !? (૬૫) હા ! તમે જ તે લોકો છો, તમે તે (બાબત)માં વાદ-વિવાદ કરી ચૂક્યા જેનું તમને કંઈક જ્ઞાન હતું; તો હવે શા માટે તે (બાબત)માં વાદ-વિવાદ કરો છો જેનું તમને કંઈ જ જ્ઞાન નથી ? અને અલ્લાહ સઘળું જાણે છે અને તમે નથી જાણતા. (૬૬) ઈબ્રાહીમ (અલૈ.) ન તો યહૂદી હતા અને ન જ નસરાની (ખ્રિસ્તી) ! પરંતુ તેઓ હનીફ (બધા જૂઠા ધર્મો અને માન્યતાઓથી મોઢું ફેરવીને એક અલ્લાહના થઈ જનારા) મુસ્લિમ (ફરમાંબરદાર) હતા અને તેઓ મુશ્રિકોમાંથી (પણ) ન હતા. (૬૭) બેશક ! બધા લોકોની સરખામણીમાં ઈબ્રાહીમ (અલૈ.) સાથે તેમની તા'બેદારી (પૈરવી) કરનાર લોકોનો સંબંધ વધારે હતો; અને આ નબી (હઝરત મુહમ્મદ ﷺ)ને અને જે ઈમાન લાવ્યા તે નબી (હઝરત મુહમ્મદ ﷺ) ઉપર તેમને (તેમની સાથે વધારે મુનાસિબત છે); અને અલ્લાહ મુસલમાનોનો વાલી (કારસાજ-સહાયક) છે. (૬૮)

તફસીર :

હે અહલે કિતાબ ! શા માટે હુજ્જત કરો છો ? (હઝરત) ઈબ્રાહીમ (અલૈ.) વિશે (કે તેઓ યહૂદી હતા અથવા નસરાની) બલકે, તવરાત અને ઈન્જીલ પરંતુ તેમના (સમયકાળથી ઘણી) પાછળ નાઝિલ કરવામાં આવી (અને આ બંને તવરાત અને ઈન્જીલ હઝરત ઈબ્રાહીમ અલૈ. પછીના સમયકાળમાં નાઝિલ થઈ હતી અને હઝરત ઈબ્રાહીમ અલૈ.ના સમયમાં તેનું અસ્તિત્વ જ ન હતું, પછી તેઓ કઈ રીતે યહૂદી કે ખ્રિસ્તી હતા ?) શું (આવી અક્કલ વગરની વાતો મોઢાથી કાઢો છો અને) પછી સમજતા પણ નથી ? હા ! તમે એવા છો કે એવી બાબતમાં વાદ-વિવાદ કરી ચૂક્યા છો કે જેનું તમને થોડું ઘણું જ્ઞાન હતું (બસ તેમાં એક ખોટો વિવાદ ઊભો કરી ખોટું પરિણામ કાઢી લેતા હતા દાખલા તરીકે તેનાથી એવો અર્થ કાઢી લેતા હતા કે હઝરત ઈસા અલૈ.ના ખોરાક વિશે કે આવો ખોરાક ખાનારો ખુદા અથવા ખુદાનો પુત્ર હશે, પરંતુ આ વિવાદ તદ્દન

ખોટો હતો, એટલા માટે તેને અજ્ઞાનતા જ કહેવામાં આવશે જ્યારે તેમાં પણ તમારી ભૂલ સાબિત થઈ ગઈ.) તો એવી વાતમાં (ફરી) શા માટે વિવાદ કરો છો, જેનું તમને કંઈ જ્ઞાન જ નથી ? (કારણ કે, આ દા'વા માટે તો તમારી પાસે કોઈ દાખલો કે દલીલ પણ નથી અને તેમની અને ઈબ્રાહીમ અલૈ.ની શરીઅતમાં કોઈ સંબંધ પણ ન હતો) અને અલ્લાહ તઆલા (ઈબ્રાહીમ અલૈ.ના દીનને) ઘણી સારી રીતે જાણે છે અને તમે નથી જાણતા. (જ્યારે તમે આવા મોં–માથા વિનાના દા'વા કરો છો જેનું જ્ઞાન પણ તમને નથી ! તો હવે અલ્લાહ તઆલાથી ઈબ્રાહીમ અલૈ.ના દીન વિશે જાણો કે) ઈબ્રાહીમ (અલૈ.) ન તો યહૂદી હતા અને ન જ નસારા હતા બલકે, તેઓ (સીધા માર્ગ પર ચાલનારા) મુસ્લિમ હતા અને તેઓ મુશ્રિકોમાંથી પણ ન હતા (બસ, તો યહૂદી અને નસારાનો ધાર્મિક રીતે તેમની સાથે કોઈ સંબંધ નથી.) હા ! નિઃશંક બધા લોકોમાં વધારે વિશેષતા ધરાવનાર (હઝરત) ઈબ્રાહીમ (અલૈ.) સાથે અલબત્ત તે લોકો વધારે નિકટ હતા જેમણે (તેમના સમયમાં) તેમનું અનુસરણ કર્યું હતું અને આ નબી (મુહમ્મદ ﷺ) છે અને આ ઈમાનવાળા (જે નબી ﷺની ઉમ્મત છે) અને અલ્લાહ તઆલા ઈમાનવાળાઓનો મદદગાર છે (કે તેમને તેમના ઈમાનનું સારો બદલો આપશે).

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૬૯–૭૦–૭૧)

وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ۭ وَمَا يُضِلُّوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا
يَشْعُرُوْنَ ﴿٦٩﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ لِمَ تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿٧٠﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ
لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَ تَكْتُمُوْنَ الْحَقَّ وَ اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٧١﴾ ع

તરજુમો :

અને અહલે કિતાબમાંથી એક જૂથ એવું ઇચ્છે છે, કાશ ! તેઓ તમને કોઈ (પણ) રીતે ગુમરાહ કરી દે (માર્ગ ભટકાવી દે) અને તેઓ કોઈને ગુમરાહ નથી કરતા પરંતુ પોતાની જાતને ! અને તેઓ (એ) સમજતા નથી. (૬૯) હે અહલે કિતાબ ! તમે કેમ અલ્લાહની આયતોનો ઈન્કાર કરો છો ? અને તમે

(જ્યારે કે તેના) ગવાહ (પણ) છો. (૭૦) હે અહલે કિતાબ ! કેમ સાચને જૂઠ સાથે ભેળવો છો અને સચ્ચાઈને જાણતા હોવા છતાં છુપાવો છો ? (૭૧)

તફસીર :

અમુક લોકોનું અહલે કિતાબમાંથી દિલ ઇચ્છે છે કે, આ બાબતમાં તમને (સાચા દીનથી) ગુમરાહ કરી (માર્ગ ભટકાવી) દે પરંતુ માત્ર તેઓ પોતાની જાતને ગુમરાહ કરે છે (અને પોતાની જાતને અપમાનિત દશામાં કેદ કરી રહ્યા છે) અને તેનું તેમને ભાન પણ નથી. હે અહલે કિતાબ ! શા માટે કુફ્ર કરો છો અલ્લાહ તઆલાની (તે) આયતો સાથે ? (જે તવરાત અને ઇન્જીલમાં હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વતની સાબિતી સ્વરૂપે છે કારણ કે, રસૂલે કરીમ ﷺની નુબુવ્વતનો ઇન્કાર તવરાત અને ઇન્જીલના ઇન્કાર કરવા સમાન છે, જે કુફ્ર છે) જ્યારે કે, તમે (પોતાની જીભથી) ઇકરાર કરો છો (કે આ આયતો સાચી છે, આ તો એક પ્રકારે આ આયતોને વખોડેલી કહેવાય તો તમે ઝલીલ થઈને અલ્લાહની આયતો ઉપર આ રીતે ઇન્કાર કરીને એક પ્રકારે નિંદા કરો છો ?) હે અહલે કિતાબ ! શા માટે ભેળસેળ કરો છો સાચા (વિષય એટલે કે હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વત)ને ખોટા (એટલે કે ભેળસેળ કરેલી આયતો અને ખોટા અર્થઘટનો) સાથે અને (શા માટે) છુપાવો છો સાચી વાત ? જેમકે તમે જાણો (પણ) છો (તે છતાં સાચી વાત છુપાવી રાખો છો ?)

મસ્અલા અને બોધપાઠ :

اَنْتُمْ تَشْهَدُوْنَ અને اَنْتُمْ تَعْلَمُوْنَ ના શબ્દોથી એવું ન સમજવામાં આવે કે જો સચ્ચાઈનો સ્વીકાર ન કરે અથવા તેમને સચ્ચાઈનું જ્ઞાન જ ન હોય તો તેમના માટે કુફ્ર જાઇઝ થશે. તેનું કારણ એ છે કે, કુફ્ર આપમેળે જ એક અત્યંત ધૃણાસ્પદ કૃત્ય છે અને દરેક પરિસ્થિતિમાં નાજાઇઝ છે અને જ્ઞાન મેળવ્યા પછી તથા ઇસ્લામ સ્વીકાર કરી લીધા પછી કુફ્ર અપનાવવું એક જઘન્ય અપરાધ અને અત્યંત વખોડવા લાયક ધૃણાસ્પદ કૃત્ય છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૭૨-૭૩-૭૪)

وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ أَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِيْٓ أُنْزِلَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَجْهَ
النَّهَارِ وَاكْفُرُوْٓا اٰخِرَهٗ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿۷۲﴾ وَلَا تُؤْمِنُوْٓا إِلَّا لِمَنْ تَبِعَ دِيْنَكُمْ ۗ قُلْ إِنَّ
الْهُدٰى هُدَى اللّٰهِ ۙ أَنْ يُّؤْتٰٓى أَحَدٌ مِّثْلَ مَآ أُوْتِيْتُمْ أَوْ يُحَآجُّوْكُمْ عِنْدَ رَبِّكُمْ ۗ
قُلْ إِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ۗ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۷۳﴾ يَّخْتَصُّ
بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ۗ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿۷۴﴾

તરજુમો :

અને અહલે કિતાબમાંથી એક જૂથે કહ્યું કે, જે કંઈ મુસલમાનો ઉપર નાઝિલ કરવામાં આવ્યું છે તેને દિવસના શરૂઆતના ભાગમાં (સવારમાં) માની લો અને દિવસના અંત ભાગમાં (સાંજે) ઈન્કાર કરો; (જેથી) કદાચ તેઓ (પણ) ફરી જાય. (૭૨) અને (કોઈની વાત) ન માનો, સિવાય કે જે તમારા દીનની તા'બેદારી (પૈરવી) કરે; (હે નબી ﷺ!) તમે કહી આપો ! બેશક, હિદાયત (સીધો માર્ગ) અલ્લાહની જ હિદાયત છે, (આ બધું એટલા માટે છે) કે કોઈને કેમ મળી ગયું જેવું અમને (અહલે કિતાબને) મળ્યું હતું ? અથવા તેઓ તમારા પરવરદિગાર સામે તમારા ઉપર કેમ છવાય ગયા ? (તો) તમે કહી આપો ! બેશક, શ્રેષ્ઠતા આપવી (ફઝ્લ આપવો) અલ્લાહના હાથમાં છે, તે જેને ચાહે છે આપે છે, અને અલ્લાહ ઘણો જ ઉદાર (અને) સઘળું જાણનાર છે. (૭૩) જેને ચાહે પોતાની મહેરબાની (કૃપા)થી વિશિષ્ટ (ઉચ્ચ કક્ષાનો ખાસ) બનાવે છે, અને અલ્લાહની કૃપા ઘણી મોટી છે. (૭૪)

તફસીર :

અને અહલે કિતાબમાંથી અમુક લોકોએ (પરસ્પર મશવરા સ્વરૂપે) કહ્યું કે, (મુસલમાનોને ગુમરાહ કરવાની એક યુક્તિ એ છે કે જાહેરમાં) ઈમાન લઈ આવો તે (કિતાબ)ના ઉપર જે નાઝિલ કરવામાં આવી છે (રસૂલે કરીમ ﷺ દ્વારા) મુસલમાનો ઉપર (ભાવાર્થ એ છે કે, કુર્આન ઉપર ઈમાન લઈ આવો)

દિવસની શરૂઆતમાં (એટલે કે સવારના સમયે) અને (પછી) ઈન્કાર કરો દિવસના અંત ભાગમાં (એટલે કે સાંજે); કદાચ (આ યુક્તિઓથી મુસલમાનો પણ કુર્આન અને ઈસ્લામ વિશે શંકામાં પડી જાય અને) તેઓ (પોતાના દીનથી) ફરી જાય (અને એવો વિચાર કરે કે આ લોકો જ્ઞાની છે અને પૂર્વગ્રહરહિત પણ છે કે ઈસ્લામ કબૂલ કરી લીધો અને ત્યાર પછી તેઓ ફરી ગયા તો ચોક્કસ ઈસ્લામ ખોટો હોવાનું તેમના જ્ઞાન વડે સાબિત થઈ ગયું હશે અને ચોક્કસ તેમણે ઈસ્લામમાં કોઈ ક્ષતિ અને ઊણપ જોઈ હશે. એટલા માટે તો તેઓ ફરી ગયા ! આ રીતે તેઓ મુસલમાનોને છેતરવા માટે ફક્ત ઉપરછલ્લી રીતે ઈમાન લાવવાનો ઢોંગ કરતા હતા) અને (પોતાના લોકોને કહેતા હતા કે સાચા દિલથી) કોઈ કોઈની રૂબરૂ (દીનનો) સ્વીકાર ન કરશો પરંતુ એવા વ્યક્તિની રૂબરૂ કે, જે તમારા દીનનો અનુયાયી હોય (તેની રૂબરૂ તમે પોતાના જૂના ધર્મનો ઈકરાર નિખાલસતાથી કરજો, બાકી અન્ય ધર્મોના લોકો સામે એટલે કે, મુસલમાનો રૂબરૂ એ રીતે જ ઉપરોક્ત મસ્લિહત પ્રમાણે ફક્ત મૌખિક રીતે ઈસ્લામનો સ્વીકાર કરી લેજો ! અલ્લાહ તઆલા તેમની આવી યુક્તિ-પ્રયુક્તિઓના સંદર્ભમાં કહે છે કે, હે મુહમ્મદ ﷺ !) તમે કહી આપો કે (આવી ચાલાકીઓથી કંઈ વળવાનું નથી કારણ કે) ચોક્કસ (કે જે બંદાઓને મળે છે તે) હિદાયત અલ્લાહ તરફથી (હોય) છે. (બસ, જ્યારે હિદાયત અલ્લાહ તબારક વ તઆલાના કબજામાં છે તો તે જેને હિદાયત ઉપર કાયમ રાખવા ચાહે તેને અન્ય કોઈ વ્યક્તિ પોતાની યુક્તિ-પ્રયુક્તિઓથી સીધા માર્ગ ઉપરથી ભટકાવી શકતો નથી. તેમના આવા મશવરાઓ અને યુક્તિઓ વિશે કહેવામાં આવ્યું કે, હે અહલે કિતાબ ! તમે) એવી વાતો એટલા માટે કરો છો કે, કોઈ અન્યને પણ એવી વસ્તુ મળી રહી છે જેવી તમને મળી હતી. (એટલે કે કિતાબ અને આસમાની દીન) અથવા તે બીજા લોકો તમારા પરવરદિગાર નજીક તમારા ઉપર ગાલિબ આવી જાય (આ દીને હકને નક્કી કરવા માટે; મતલબ કે, આવી યુક્તિ-પ્રયુક્તિ મુસલમાનોની ઈર્ષ્યાના કારણે કરો છો કે, તેમને આસમાની કિતાબ કેમ મળી ગઈ! આ લોકો ધાર્મિક મુનાજરામાં અમારી ઉપર કેમ ગાલિબ આવી જાય છે ?! આ અદેખાઈના કારણે ઈસ્લામ અને મુસલમાનોને હંમેશા બરબાદ કરવાના પ્રયત્નો કરતા રહે છે. આગળ તેમની અદેખાઈનો રદિયો આપવામાં આવ્યો છે

કે, હે મુહમ્મદ ﷺ !) તમે કહી આપો કે બેશક ! ફઝ્લ (કૃપા) તો અલ્લાહ તબારક વ તઆલાના જ કબજામાં છે, તે તેમાંથી જેને ચાહે અર્પણ કરે અને અલ્લાહ તબારક વ તઆલા ખૂબ વિશાળતા ધરાવનારો છે (તેના ત્યાં કૃપાની કોઈ ખોટ નથી અને અલ્લાહ) સઘળું જાણનારો છે (કે કયા સમયે કોને શું આપવું યોગ્ય છે ? એટલા માટે) પોતાની રહમતથી જેને ચાહે ખાસ બનાવી આપે અને અલ્લાહ તઆલા મહાકૃપાળુ છે (બસ અત્યારે હિકમતના કારણે મુસલમાનો પર ફઝ્લ અને રહમત ફરમાવી તો અહલે કિતાબ દ્વારા મુસલમાનોની ઈર્ષ્યા કરવી વાહિયાત અને અજ્ઞાનતાપૂર્ણ બાબત છે).

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૭૫)

وَمِنْ أَهْلِ الْكِتٰبِ مَنْ إِنْ تَأْمَنْهُ بِقِنْطَارٍ يُؤَدِّهٖٓ إِلَيْكَ ۚ وَمِنْهُمْ مَّنْ إِنْ تَأْمَنْهُ بِدِينَارٍ لَّا يُؤَدِّهٖٓ إِلَيْكَ إِلَّا مَا دُمْتَ عَلَيْهِ قَآئِمًا ۗ ذٰلِكَ بِأَنَّهُمْ قَالُوْا لَيْسَ عَلَيْنَا فِي الْأُمِّيّٖنَ سَبِيْلٌ ۚ وَيَقُوْلُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُمْ يَعْلَمُوْنَ ﴿٧٥﴾

તરજુમો :

અને અહલે કિતાબમાંથી કોઈ (એવા) છે કે જો તું તેમની પાસે માલનો ઢગલો અમાનત (સ્વરૂપે) મૂકે તો તને (સહી સલામત) પાછો આપી દે, અને તેમનામાંથી કોઈ (એવા) છે કે જો તું તેની પાસે એક દીનાર અમાનત રાખે તો તે (પણ) તને પાછો ન આપે, પરંતુ જ્યાં સુધી કે તું તેના (માથા) ઉપર ઊભો ન રહે ! અને આ એટલા માટે છે કે, તેમણે કહ્યું, અમારા ઉપર ઉમ્મીઓ (નિરક્ષર લોકો)ના (હક લઈ લેવા) વિશે (ગુનાહનો) કોઈ આક્ષેપ નથી; અને તેઓ અલ્લાહ ઉપર જૂઠું બોલે છે અને (અલબત્ત) તેઓ (તેને) જાણે (પણ) છે. (૭૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરની આયતોમાં અહલે કિતાબ દ્વારા દીનમાં ખયાનત કરવાનું વર્ણન હતું, એટલે કે તેમનું અલ્લાહની આયતો સાથે કુફ્ર કરવું અને આયતોમાં હેરાફેરી કરવી તથા સચ્ચાઈને જૂઠ સાથે ભેળવી દેવી અને સચ્ચાઈને છૂપાવવી તથા

યુક્તિ-પ્રયુક્તિઓ કરી મો'મિનોને ગુમરાહ કરવા માટે પ્રયત્નો કરવા વગેરેનું વર્ણન હતું. આ આયતમાં તેમનું અમાનતના માલમાં ખયાનત કરવાનું વર્ણન છે. અહલે કિતાબમાંથી અમુક લોકો અમાનતદાર પણ હતા એટલા માટે બંને પ્રકારના લોકોનું અત્રે વર્ણન કરવામાં આવ્યું છે.

તફસીર :

અને અહલે કિતાબમાંથી અમુક લોકો એવા છે કે, જો તમે તેમની પાસે માલના ઢગલે-ઢગલા અમાનત રાખી દો તો તેઓ (માંગતાની સાથે જ) તમારી પાસે લાવીને મૂકી દે અને તેમનામાંથી અમુક તે વ્યક્તિ છે કે, જો તમે તેની પાસે એક દીનાર પણ અમાનત મૂકો તો તે પણ તમને પાછો ન આપે (બલકે, અમાનત મૂકી છે એવો સ્વીકાર પણ ન કરે) ! પરંતુ જ્યાં સુધી કે, તું (અમાનત મૂકીને) તેના માથા પર (બરાબર) ઊભો રહે (તે સમયે તે ઈન્કાર ન કરે જેવો તેનાથી દૂર થયો કે તરત અમાનત પાછી આપવાની વાત તો દૂર રહી તે મૂળેથી તેની પાસે અમાનત મૂકી હતી એનો જ ઈન્કાર કરે) આ (અમાનત અદા ન કરવી) એટલા માટે છે કે, તે લોકો કહે છે કે અમારા ઉપર અહલે કિતાબ સિવાયના (લોકોના માલ) વિશે (જો ચોરી-છૂપીથી પણ લઈ લઈએ તો ધાર્મિક કે અન્ય) કોઈ રીતે આક્ષેપ નથી (એટલે અહલે કિતાબ સિવાયના લોકો દાખલા તરીકે કુરૈશનો માલ ચોરીને, લૂંટીને લઈ લઈએ તો તે અમારા માટે જાઇઝ છે. અલ્લાહ તઆલાએ આગળ તેમના આ દા'વાને જૂઠો ઠરાવ્યો છે.) અને તે લોકો અલ્લાહ ઉપર જૂઠું બોલે છે (કે આવા સદંતર હરામ કૃત્યોને હલાલ સમજે છે) અને દિલમાં તેઓ પણ તેને જાણે છે (અલ્લાહે ઉમ્મીઓનો માલ તેમના માટે હલાલ નથી કર્યો, બલકે આ તો ફક્ત તેમનો મનઘડત જૂઠો દા'વો છે).

મસ્અલા અને બોધપાઠ :

કોઈ ગૈરમુસ્લિમના સારા ગુણોના વખાણ કરવામાં વાંધો નથી :

وَمِنْ اَهْلِ الْكِتٰبِ مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ يُّؤَدِّهٖۤ اِلَيْكَ આ આયતમાં અમુક અમાનતદાર (પ્રામાણિક) લોકોના વખાણ કરવામાં આવ્યા છે અને તે અમુક લોકો અહલે કિતાબમાંથી હોવાનો ઉલ્લેખ છે, જો તેઓ ઈમાન લાવી ચૂક્યા હતા તો તેમના વખાણ કરવામાં કોઈ શંકા કે વાંધો નથી. પરંતુ જો આ કોઈ મો'મિન માટે સંબોધન થયું હોવાના અર્થમાં ન હોય બલકે, માત્ર અહલે કિતાબ માટે જ

સંબોધન જ છે તો તેમાં ગૈરમુસ્લિમો પણ સામેલ ગણાશે, તો આવી પરિસ્થિતિમાં એવો સવાલ પૈદા થાય છે કે, કાફિરનો તો કોઈ અમલ સ્વીકાર્ય નથી હોતો તો પછી તેના વખાણ કરવાનો શું ફાયદો ?

તેનો જવાબ એ છે કે, કોઈ વસ્તુનું સ્વીકાર્ય હોવું કે, ન હોવું, તે અલગ બાબત છે અને તેના વખાણ કરવા જુદી બાબત છે. વખાણ કરવાથી એ જરૂરી નથી કે, તે અલ્લાહના ત્યાં સ્વીકાર્ય પણ છે, તેનાથી એવું બતાવવાનો હેતુ છે કે, સારું કૃત્ય જો કોઈ કાફિર કરે છે તો તે એક દરજ્જે સારું જ કામ કહેવાશે, જેનો ફાયદો તેને આ દુનિયામાં "પ્રતિષ્ઠા" અને "નામના" સ્વરૂપે મળી જશે.

આ વર્ણનથી એ બાબત પણ સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામ પૂર્વગ્રહયુક્ત ટૂંકી દૃષ્ટિ રાખવામાં માનતો નથી. બલકે, તે ખુલ્લા મને પોતાના વિરોધીઓના સારા ગુણોની તેના દરજ્જા પ્રમાણે કદર કરે છે.

إِلَّا مَا دُمْتَ عَلَيْهِ قَآئِمًا "ત્યાં સુધી કે તું તેમના (માથા) ઉપર ઊભો ન રહે.". આ આયત દ્વારા ઈમામ અબૂ હનીફા (રહ.)એ એવી દલીલ કરી છે કે, દા'વેદારને એ હક છે કે, તે પોતાનો હક વસૂલ કરતાં સુધી તેનો પીછો કરતો રહે.

(કુર્તુબી, ભાગ : ૪)

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૭૬-૭૭)

بَلٰى مَنْ اَوْفٰى بِعَهْدِهٖ وَاتَّقٰى فَاِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ﴿٧٦﴾ اِنَّ الَّذِيْنَ
يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا اُولٰٓئِكَ لَا خَلَاقَ لَهُمْ فِى الْاٰخِرَةِ
وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ وَلَا يَنْظُرُ اِلَيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٧﴾

તરજુમો :

કેમ નહીં ! જે કોઈ પોતાનું વચન પૂરું કરે અને પરહેઝગાર (અલ્લાહથી ડરનાર) રહે તો બેશક ! અલ્લાહ પરહેઝગારોથી મહોબ્બત રાખે છે. (૭૬) બેશક ! જે લોકો અલ્લાહને આપેલા વચન અને પોતાની કસમો ઉપર થોડી કિંમત વસૂલી લે છે; આ જ તે લોકો છે જેમના માટે આખિરતમાં કોઈ હિસ્સો નથી અને ન જ અલ્લાહ તેમની સાથે વાત કરશે, અને ન તો તેમના તરફ કયામતના દિવસે નજર નાંખશે, અને ન જ તેમને પાક કરશે, અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૭૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપર وَيَقُولُونَ (વ-ય-કુલૂન)થી અહલે કિતાબનો દા'વો જૂઠો હોવાનું વર્ણન હતું. હવે, અહીંયાં આ આયતોમાં તેમના જૂઠા દા'વાઓનો રદિયો આપ્યો છે તથા તેમના વચન પાળવાની ફઝીલત અને તેમના વચનભંગ કરવાની ટીકાની વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે.

તફસીર :

(અપ્રામાણિક ઉપર) કેમ (આક્ષેપ) નહીં હોય ? (જરૂર થશે કારણ કે તેના વિશે અમારા બે કાનૂન છે, એક તો) જે વ્યક્તિ પોતાનું વચન (એ વચન ભલે અલ્લાહ તઆલા સાથે કર્યું હોય અથવા કોઈ મખ્લૂક સાથેનું જાઈઝ વચન હોય !) પૂરું કરે અને અલ્લાહ તઆલાથી ડરતો રહે તો બેશક ! અલ્લાહ તઆલા પરહેઝગારો સાથે મહોબ્બત કરે છે. (અને બીજો કાનૂન એ છે કે) ચોક્કસ જે લોકો પોતાના વચનના મુકાબલામાં, જે (તેમણે) અલ્લાહ તઆલા સાથે કર્યું છે (દાંખલા તરીકે અંબિયા અલૈ. ઉપર ઈમાન લાવવાનું વચન) અને (તેના બદલે) પોતાના સોગંદ (દાખલા તરીકે બંદાના હકો અને તેના અધિકારો વિશે સોગંદ ખાઈને તોડી નાંખે છે તે)નું વળતર (એટલે કે દુનિયવી નફો અને કિંમત) લઈ લે છે; તે લોકો માટે આખિરતમાં (તેમની નેઅ્મતોમાં) કોઈ હિસ્સો મળશે નહીં અને ન તો અલ્લાહ તઆલા તેમની સાથે વાતચીત કરશે અને ન જ તેમના તરફ (મહોબ્બતની દષ્ટિથી) કયામતના દિવસે નજર નાંખશે અને ન જ તેમને (ગુનાહોથી) પાક કરશે અને તેમના માટે કષ્ટદાયક (દર્દનાક) અઝાબ છે.

મસ્અલા અને બોધપાઠ :

કરારની વ્યાખ્યા અને કરારભંગ કરવા બાબતે અમુક ચેતવણીઓ :

કરાર તે વહેવારનું નામ હોય છે, જે બે પક્ષો વચ્ચે પરસ્પર વાતચીતથી નક્કી થાય છે, જેના ઉપર બંને પક્ષોએ કાયમ રહેવું જરૂરી હોય છે. જ્યારે કે વચન કોઈ એક વ્યક્તિ તરફથી આપવામાં આવે છે એટલે કે કરાર સંલગ્ન બધા પક્ષો માટે સર્વસામાન્ય છે અને વાયદો એક ખાસ વ્યક્તિ તરફથી બીજા પક્ષ માટે છે.

વચન પૂરું કરવાની કુર્આન અને સુન્નતમાં ઘણી તાકીદ આવી છે. એટલા માટે ઉપરની આયત નંબર ૭૭માં કરારભંગ કરવા બાબતે નીચે પ્રમાણે પાંચ ચેતવણીઓ આવી છે.

(૧) તેમને જન્નતમાં કોઈ હિસ્સો નહીં મળે. એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો છે કે, "જે વ્યક્તિએ જૂઠી કસમ દ્વારા મુસલમાનનો હક દબાવ્યો તો તેણે તેના માટે આગને વાજિબ કરી લીધી. રિવાયત કરનારે વિનંતી કરી કે, જો તે વસ્તુ મા'મૂલી હોય તો પણ તેના માટે આગ વાજિબ થઈ જશે ? આપ ﷺએ જવાબમાં ફરમાવ્યું, ભલે તે ઝાડની લીલી ડાળી પણ કેમ ન હોય !" *(રવાહુ મુસ્લિમ, બ હવાલા મઝહરી)*

(૨) અલ્લાહ તઆલા તેની સાથે સારી રીતે વાતચીત નહીં કરે.

(૩) અલ્લાહ તઆલા કયામતમાં તેના તરફ રહમતની નજરથી જોશે પણ નહીં.

(૪) અલ્લાહ તઆલા તેના ગુનાહોને મા'ફ નહીં કરે, કારણ કે તે લોકોએ પોતાના વચનનો ભંગ કર્યો છે અને જો તેણે બંદાનો હક દબાવ્યો હશે તો અલ્લાહ તઆલા તેને મા'ફ નહીં કરે.

(૫) તેને દર્દનાક અઝાબ થશે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૭૮-૭૯-૮૦)

وَإِنَّ مِنْهُمْ لَفَرِيقًا يَلْوُونَ أَلْسِنَتَهُمْ بِالْكِتَابِ لِتَحْسَبُوهُ مِنَ الْكِتَابِ وَمَا هُوَ مِنَ
الْكِتَابِ ۚ وَيَقُولُونَ هُوَ مِنْ عِنْدِ اللَّهِ وَمَا هُوَ مِنْ عِنْدِ اللَّهِ ۚ وَيَقُولُونَ عَلَى اللَّهِ
الْكَذِبَ وَهُمْ يَعْلَمُونَ ﴿٧٨﴾ مَا كَانَ لِبَشَرٍ أَنْ يُؤْتِيَهُ اللَّهُ الْكِتَابَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ
ثُمَّ يَقُولَ لِلنَّاسِ كُونُوا عِبَادًا لِي مِنْ دُونِ اللَّهِ وَلَٰكِنْ كُونُوا رَبَّانِيِّينَ بِمَا كُنْتُمْ
تُعَلِّمُونَ الْكِتَابَ وَبِمَا كُنْتُمْ تَدْرُسُونَ ﴿٧٩﴾ وَلَا يَأْمُرَكُمْ أَنْ تَتَّخِذُوا الْمَلَائِكَةَ
ع وَالنَّبِيِّينَ أَرْبَابًا ۗ أَيَأْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ إِذْ أَنْتُمْ مُسْلِمُونَ ﴿٨٠﴾

તરજુમો :

અને બેશક ! તેમાં એક સમૂહ (વર્ગ) એવો છે જે કિતાબમાં (પઢતી વખતે)

પોતાની જીભને વાંકી વાળે છે, જેથી તમે (એવું) સમજો કે તે (જે પઢી રહ્યા છે તે) આ કિતાબમાંથી છે; અને (જ્યારે કે) તે કિતાબમાંથી નથી (હોતું); અને તેઓ કહે છે કે તે અલ્લાહ તરફથી છે; અને (જ્યારે કે) તે અલ્લાહ તરફથી નથી, અને અલ્લાહ ઉપર જૂઠું બોલે છે, અને તેઓ (તેને) જાણે (પણ) છે. (૭૮) કોઈ માનવીનું એ કામ (જ) નથી કે અલ્લાહ તેને કિતાબ અને હિકમત અને નુબુવ્વત અર્પણ કરે, પછી તે લોકોને કહે કે તમે અલ્લાહને છોડીને મારા (પૂજારી) બંદા થઈ જાઓ; પરંતુ તે (તો) એવું (જ) કહેશે કે તમે અલ્લાહવાળા થઈ જાઓ; જેમકે તમે કિતાબ શિખવાડતા હતા અને જેમકે તમે પોતે પણ તેને પઢતા હતા. (૭૯) અને તે (પયગમ્બર) હુકમ નહીં આપે કે તમે ફરિશ્તાઓ અને નબીઓને પરવરદિગાર ઠરાવી લો; શું તે તમને કુફ્રનો હુકમ આપશે !? એના પછી કે તમે મુસલમાન બની ચૂક્યા છો !? (૮૦)

તફસીર :

અને બેશક ! તેમનામાં અમુક લોકો એવા છે કે, પોતાની જીભને વાંકી વાળે છે કિતાબમાં (પઢતી વખતે, એટલે કે તેમાં કોઈ શબ્દ અથવા કોઈ તફસીર ખોટી રીતે ભેળવીને પઢવાને રૂઢિપ્રયોગમાં જીભ વાંકી વાળવું કહેવાય છે) જેથી તમે લોકો (એટલે કે, મુસલમાનો જ્યારે તેને સાંભળો તો) તે (ભેળસેળ કરેલી બાબત)ને (પણ) કિતાબનો જ એક ભાગ સમજો, જ્યારે કે તે કિતાબનો ભાગ નથી અને (તેઓ ફક્ત ધોકો આપવા માટે આ પદ્ધતિ ઉપર બસ નથી કરતા બલકે, જીભથી પણ) કહે છે કે આ (શબ્દ અથવા અર્થ) અલ્લાહ તઆલા પાસેથી (કાયદા સ્વરૂપે નાઝિલ થયો) છે, જ્યારે કે તે (કોઈ રીતે) અલ્લાહ તઆલા તરફથી નથી (બસ, તેમનું જૂઠા હોવું સાબિત થઈ ગયું, આગળ એની તાકીદ માટે વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે કે) અને અલ્લાહ તઆલા વિશે જૂઠું બોલે છે અને (પોતે જૂઠા છે એવું પોતે પણ દિલમાં) તેઓ જાણે છે. કોઈ માનવી માટે એ બાબત (શક્ય) થઈ નથી શકતી કે, અલ્લાહ તઆલા તેને કિતાબ અને (દીનની) સમજદારી અને નુબુવ્વત અર્પણ કરે (કે જેનો હેતુ જ કુફ્ર અને શિર્કને રદ કરવાનો હોય છે અને) પછી તે લોકોને (એવું) કહેવા લાગે કે (તમે) મારા બંદા (એટલે કે, મારી ઈબાદત કરનાર) બની જાઓ; અલ્લાહ તઆલા(ની

તૌહીદ)ને છોડીને ! (એટલે કે નુબુવ્વત અને શિર્ક આ બે બાબતો ક્યારેય ભેગી નથી થઈ શકતી) પરંતુ (તે નબી તો) એવું (જ) કહેશે કે, તમે અલ્લાહવાળા બની જાઓ (એટલે કે, ફક્ત અલ્લાહ તઆલાની ઈબાદત કરો) એ કારણથી કે તમે કિતાબ (અન્યોને પણ) શિખવાડો છો અને એ કારણે કે (પોતે પણ તે કિતાબને) પઢો છો (અને તે કિતાબમાં તૌહીદનું શિક્ષણ છે) અને તે (રસૂલ) તમને કેવી રીતે એવી વાત બતાવશે કે તમે ફરિશ્તાઓને અને (અન્ય) નબીઓને પરવરદિગાર ઠરાવી લો; શું તે તમને કુફ્રની વાત શિખવાડશે !? એ પછી કે તમે (તૌહીદના અકીદહમાં પાકા બની પોતે) મુસલમાન બની ગયા છો ?

મસ્અલા અને બોધપાઠ :

અંબિયા (અલૈ.)ની માન-મર્યાદા :

مَا كَانَ لِبَشَرٍ નજરાનના પ્રતિનિધિમંડળની હાજરીમાં અમુક યહૂદીઓ અને નસારાએ કહ્યું હતું કે, "હે મુહમ્મદ ﷺ ! શું તમે એવું ઈચ્છો છો કે, અમે તમારી ઈબાદત કરવા માંડીએ ? જેવી નસારા ઈસા ઈબ્ને મરિયમની ઈબાદત કરે છે ?" આપ ﷺએ ફરમાવ્યું, "નઊઝુબિલ્લાહ ! શું અમે અલ્લાહને છોડીને અન્યની ઈબાદત કરીશું ? અથવા તો બીજાઓને તેનું આમંત્રણ આપીશું ? અલ્લાહે અમને એ કામ માટે નથી મોકલ્યા !" એટલે કે, જે વ્યક્તિને અલ્લાહ તઆલા કિતાબ, હિકમત અને ફેંસલો કરવાની શક્તિ આપે છે તથા પયગમ્બરીના હોદ્દા ઉપર બેસાડે છે કે, તેઓ બરાબર અને સાચે-સાચો અલ્લાહનો પયગામ પહોંચાડીને લોકોને અલ્લાહની બંદગી અને વફાદારી તરફ ધ્યાન અપાવે છે તેનું કામ ક્યારેય એવું નથી હોઈ શકતું કે, તે લોકોને માત્ર એક અલ્લાહની બંદગીથી દૂર કરીને પોતાની જ અથવા અલ્લાહની જ અન્ય કોઈ મખ્લૂકની બંદગી કરવાનો હુકમ આપે ! તેનો અર્થ તો એવો થશે કે, અલ્લાહ તઆલાએ જેને જે હોદ્દા અને મનસબ ઉપર બેસાડ્યો હતો તે એ હોદ્દાના લાયક ન જ હતો, નઊઝુબિલ્લાહ ! દુનિયાની કોઈ સરકાર પણ જો કોઈ વ્યક્તિને કોઈ મહત્ત્વના હોદ્દા ઉપર નિયુક્ત કરે છે તો પ્રથમ નીચે પ્રમાણેનું માપદંડ અપનાવે છે.

(૧) એ વ્યક્તિ હુકૂમતની પૉલિસીને સમજતો હોય અને પોતાની ફરજો પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવતો હોય.

(૨) હુકૂમતના હુકમોનો અમલ કરવાની અને રય્યતને વફાદારી ઉપર કાયમ રાખવા માટેની તેની પાસે ક્ષમતા હોવાની અપેક્ષા રાખવામાં આવે છે. કોઈ રાજા અથવા પાર્લામેન્ટ એવા વ્યક્તિને સરકારનો પ્રતિનિધિ અથવા ઍમ્બેસેડર નક્કી નથી કરતા, જેના માટે હુકૂમત વિરૂદ્ધ બળવો પોકારવાની અથવા તેની પૉલિસીઓ અને હુકમોમાં હેર-ફેર કરવાની નાની સરખી પણ શંકા હોય ! નિઃશંક ! એવું શક્ય છે કે, કોઈ વ્યક્તિની ક્ષમતા અને તેની યોગ્ય લાયકાત અથવા કામ કરવાની ભાવનાનો અંદાજો હુકૂમતને સાચી રીતે ન મળી શક્યો હોય, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાના ત્યાં એવી પણ કોઈ સંભાવના નથી કે, કોઈ વ્યક્તિ વિશે એવી શંકા ઉપજે કે આ વ્યક્તિ વફાદારી અને આજ્ઞાપાલનમાં એક વાળ બરાબર પણ ગદ્દારી કરશે, અથવા આગળ ઉપર તે પોતાના હોદ્દા વિરૂદ્ધ કાર્ય કરતો સાબિત થશે. અલ્લાહ તબારક વ તઆલાના ત્યાં નઊઝુબિલ્લાહ ! આવી કોઈ શક્યતા કે સંભાવના કોઈ નબી વિશે શક્ય જ નથી. અંબિયા (અલૈ.)ની માન-મર્યાદા તેમના જીવનચરિત્રથી સ્પષ્ટ થઈ જાય છે કે, અંબિયા (અલૈ.) નાના સરખા ગુનાહથી પણ પાક અને પવિત્ર છે, તો પછી નઊઝુબિલ્લાહ ! શિર્ક અને અલ્લાહના મુકાબલામાં બગાવત કરવાની શક્યતા ક્યાંથી બાકી રહે છે?! તેમાં નસારાનો એ દા'વો પણ રદ થઈ ગયો કે તેઓ જે એવું કહેતા હતા કે, "મસીહ (અલૈ.) અલ્લાહના બેટા હોવાની માન્યતા ખુદ અમોને મસીહ (અલૈ.) શિખવાડી છે." આ બાબતમાં તે મુસલમાનોને પણ બોધપાઠ આપવામાં આવ્યો છે જેમણે રસૂલે કરીમ ﷺને એવી દરખાસ્ત કરી હતી કે, "અમે સલામના બદલે તમને સિજદહ કરીએ તો શું વાંધો છે ?" અને આ આયતથી અહલે કિતાબના તે અકીદહનો પણ રદિયો થઈ ગયો, જેમાં અમુક લોકોએ યહૂદીઓ અને ઈસાઈઓના ધાર્મિક નેતાઓને "ખુદા"નો દરજ્જો આપી દીધો હતો. મઆઝલ્લાહ !

(ફવાઈદે ઉસ્માની)

આયતો : (સુરએ આલિ ઇમ્રાન : આયત નં. ૮૧ થી ૮૪)

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآ اٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّحِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ
رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ ؕ قَالَ ءَاَقْرَرْتُمْ
وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِيْ ؕ قَالُوْٓا اَقْرَرْنَا ؕ قَالَ فَاشْهَدُوْا وَاَنَا مَعَكُمْ
مِّنَ الشّٰهِدِيْنَ ﴿۸۱﴾ فَمَنْ تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۸۲﴾ اَفَغَيْرَ دِيْنِ
اللّٰهِ يَبْغُوْنَ وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ طَوْعًا وَّكَرْهًا وَّاِلَيْهِ
يُرْجَعُوْنَ ﴿۸۳﴾ قُلْ اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ عَلَيْنَا وَمَآ اُنْزِلَ عَلٰٓى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَالنَّبِيُّوْنَ مِنْ
رَّبِّهِمْ ۠ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۡ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿۸۴﴾

તરજુમો :

અને જ્યારે અલ્લાહે નબીઓથી વચન લીધું કે, જે કંઈ હું તમને કિતાબ અને હિકમત આપું, પછી તમારી પાસે કોઈ રસૂલ આવે જે તમારી પાસે જે (કિતાબ) છે તેનું સમર્થન (ખરાઈ) કરે તો તમે તેના ઉપર જરૂર ઈમાન લાવજો અને જરૂર તેની મદદ કરજો; કહ્યું, શું તમે ઇકરાર કર્યો ? અને આ શરત ઉપર મારા વચનનો સ્વીકાર કર્યો ? તેમણે કહ્યું કે, અમે ઇકરાર કર્યો, તેણે કહ્યું, બસ (હવે) તમે ગવાહ રહો અને હું પણ તમારી સાથે ગવાહ છું. (૮૧) પછી જો કોઈ ત્યારબાદ ફરી જાય તો તેઓ જ નાફરમાન છે. (૮૨) શું તેઓ અલ્લાહના દીન સિવાય કોઈ અન્ય દીન (ધર્મ) શોધી રહ્યા છે ? અને જે કંઈ આસમાનો અને જમીનમાં છે બધું ખુશીથી અથવા નાખુશીથી તે (અલ્લાહ)ના જ હુકમને આધીન છે, અને તેના જ તરફ તેઓ બધા પાછા વાળવામાં આવશે. (૮૩) કહી આપો ! અમે ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર અને જે કંઈ નાઝિલ થયું અમારા ઉપર, અને જે કંઈ નાઝિલ કરવામાં આવ્યું

ઈબ્રાહીમ, અને ઈસ્માઈલ, અને ઈસ્હાક, અને યાકૂબ (અલૈ.), અને તેમની ઔલાદ ઉપર, અને જે આપવામાં આવ્યું મૂસા અને ઈસા અને અંબિયા (અલૈ.)ને પોતાના પરવરદિગાર તરફથી, અમે તેમના દરમિયાન કોઈ એકમાં પણ તફાવત (ભેદભાવ) નથી કરતા અને અમે તે (અલ્લાહ)ના જ ફરમાંબરદાર (મુસ્લિમ) છે. (૮૪)

તફસીર :

અને (તે સમય પણ યાદ કરવા યોગ્ય છે જ્યારે) અલ્લાહ તઆલાએ વચન લીધું અંબિયા (અલૈ.) પાસેથી કે જે કંઈ તમને કિતાબ અને જ્ઞાન (શરીઅત) આપું (અને) પછી તમારી પાસે કોઈ (અન્ય) પયગમ્બર આવે જે સમર્થન (ખરાઈ) કરે તેનું, જે તમારી પાસે (કિતાબ અને શરીઅતમાં) છે (એટલે કે તેમની નુબુવ્વતની દલીલો શરીઅતના માપદંડ પ્રમાણે ભરોસાપાત્ર હોય અને તમારી પાસે નાઝિલ થયેલી કિતાબથી નુબુવ્વત સાબિત થતી હોય) તો તમે જરૂર તે રસૂલ(ની નુબુવ્વત) ઉપર (દિલથી) ઈમાન (પણ) લાવજો અને (દરેક પ્રકારની) તેની મદદ (પણ) કરજો (પછી આ વચનનું વર્ણન કરીને અલ્લાહ તઆલાએ) કહ્યું કે, શું તમે વચન લીધું ? અને તે (મારા હુકમ)નો સ્વીકાર કર્યો ? તેઓ બોલ્યા કે, અમે ઈકરાર કર્યો; તો (અલ્લાહે) કહ્યું કે, (ફક્ત ઈકરાર જ નહીં) તેના ઉપર મજબૂતીથી ગવાહ તરીકે કાયમ પણ રહેવાનું છે અને હું (પણ) આ (બાબત) ઉપર તમારી સાથે ગવાહોમાંથી (એટલે કે આ બાબતની ખબર અને જ્ઞાન રાખનારો) છું. બસ, (ઉમ્મતોમાંથી) જે વ્યક્તિ (તે વચનથી) મોઢું ફેરવી લેશે એ પછી (કે અંબિયા અલૈ. પાસેથી પણ આ વચન લેવામાં આવ્યું હતું, તો પછી ઉમ્મતોની શું વિસાત ?) તો એવા જ લોકો (સંપૂર્ણ) નાફરમાની કરનારા (એટલે કે કાફિર) છે. શું (દીને ઈસ્લામથી કે જેનું તેમની પાસેથી વચન લેવામાં આવ્યું છે મોઢું ફેરવીને) પછી (આ) અલ્લાહના દીન સિવાય તેઓ અન્ય ધર્મ ઈચ્છે છે ? જ્યારે કે અલ્લાહ તઆલા(ની શા'ન એ છે કે તે)ના (હુકમના) આધીન બધું જ છે, જે કંઈ આસમાનોમાં અને જે કંઈ જમીનોમાં છે (અમુક) ખુશી દ્વારા (અને સ્વેચ્છાએ) અને (અમુક) મજબૂરીથી અને (પ્રથમ તો તેની શ્રેષ્ઠતાનો તકાદો જ એ હતો કે, કોઈ તેના વચનનો ભંગ ન કરે, ખાસ કરીને જ્યારે વચનભંગ ઉપર સજાનો ડર હોય. અંતે) બધા અલ્લાહ તરફ જ

(કયામતના દિવસે) પાછા વાળવામાં (પણ) આવશે (અને તે સમયે વિરોધીઓને સજા થશે, હે મુહમ્મદ ﷺ !) તમે (દીને ઈસ્લામને જાહેર કરવાના ખુલાસા સ્વરૂપે એવું) ફરમાવી આપો કે, અમે અલ્લાહ ઉપર ઈમાન રાખીએ છીએ અને તેના (હુકમ) ઉપર જે અમારી પાસે મોકલવામાં આવ્યો અને તે (હુકમ)ના ઉપર જે (હઝરત) ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને યાકૂબ (અલૈ.) અને યાકૂબ (અલૈ.)ની ઔલાદ(માં જે નબી થયા છે તેમના)માંથી જે મોકલવામાં આવ્યા અને તે (હુકમો અને મોઅ્જિઝા)ના ઉપર પણ જે (હઝરત) મૂસા અને ઈસા (અલૈ.) અને અન્ય નબીઓને આપવામાં આવ્યું તેમના પરવરદિગાર તરફથી (બસ અમે તે બધા ઉપર ઈમાન રાખીએ છીએ અને ઈમાન પણ) એ પ્રકારનું કે અમે તેમનામાંથી કોઈ એકમાં પણ (ઈમાન લાવવા બાબતે) ભેદભાવ કરતા નથી (કે એક ઉપર ઈમાન લાવીએ અને બીજા ઉપર ન લાવીએ) અને અમે તો અલ્લાહના જ તા'બેદાર છીએ (તેણે જ અમને સાચો દીન બતાવ્યો છે, અને તેને અમે અપનાવી લીધો છે).

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલાના ત્રણ વચનો :

અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ પાસેથી ત્રણ પ્રકારના વચનો લીધા છે. એકનું વર્ણન સૂરએ અઅ્રાફમાં أَلَسْتُ بِرَبِّكُمْ હેઠળ કરવામાં આવ્યું છે. આ વચનનો હેતુ એ હતો કે તમામ માનવજાત અલ્લાહની પવિત્ર જાત અને તેના પરવરદિગાર અને સમગ્ર કાઈનાતના માલિક હોવાનો અકીદહ રાખે. કારણ કે, દીનની આખી ઈમારત આ જ પાયા ઉપર ઊભેલી છે. જ્યાં સુધી આવો અકીદહ નહીં હોય, દીનના મૈદાનમાં બુદ્ધિ અને ચિંતનના માર્ગદર્શનથી કોઈ લાભ પ્રાપ્ત નહીં થઈ શકે. તેની સંપૂર્ણ વિગત વિસ્તૃત છણાવટ સાથે ઈન્શાઅલ્લાહ યોગ્ય સ્થળે આવશે.

બીજું વર્ણન وَإِذْ أَخَذَ اللَّهُ مِيثَاقَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ لَتُبَيِّنُنَّهُ لِلنَّاسِ وَلَا تَكْتُمُونَهُ.... (અને જ્યારે અલ્લાહે વચન લીધું, જેમને કિતાબ આપવામાં આવી છે, તમે લોકોને તેની જાણકારી આપશો અને તેને છુપાવશો નહીં....) આયતમાં કરવામાં આવ્યું, આ વચન ફક્ત અહલે કિતાબના ઉલમા પાસેથી લેવામાં આવ્યું હતું કે તેઓ સત્ય વાત ન છુપાવે બલકે, સ્પષ્ટ અને

ખુલ્લમ-ખુલ્લી રીતે તેને જાહેર કરે.

ત્રીજા વચનનું વર્ણન (અને જ્યારે અલ્લાહે નબીઓ પાસેથી વચન લીધું કે, જે હું તમને કિતાબ અને હિકમત આપું...) وَاِذْاَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآاٰتَيْتُكُمْ مِّنْ كِتٰبٍ وَّ حِكْمَةٍ થી કરવામાં આવ્યું છે, તેનો ખુલાસો આગળ આવશે. *(અહમદી)*

"મીષાક" مِيْثَاقْ (વચન-કરાર)નો શું અર્થ છે ? અને તે ક્યાં થયો?

'મીષાક' ક્યાં થયો ? યા તો "આલમે અરવાહ" (રૂહોની દુનિયા)માં થયો અથવા તો દુનિયામાં વહી દ્વારા થયો. બંને શક્યતાઓ રહેલી છે. *(બયાનુલ કુર્આન)*

"મીષાક" શું છે ? તેની સ્પષ્ટતા કુર્આને કરી છે, પરંતુ એ "મીષાક" શું વસ્તુ છે અને શા માટે કરવામાં આવ્યો છે ? તેના વિશે વિવિધ નિવેદનો અને મત પ્રવર્તે છે. હઝરત અલી (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, તેનો અર્થ અંબિયા (અલૈ.) છે. એટલે કે અલ્લાહ તઆલાએ આ વચન તમામ અંબિયા (અલૈ.) પાસેથી ફક્ત રસૂલે કરીમ ﷺ વિશે લીધું હતું કે જો રસૂલે કરીમ ﷺ તેમના સમયમાં આવે તો તેમના ઉપર ઈમાન લાવજો અને તેમનું સમર્થન કરજો તથા તેમની દરેક પ્રકારની મદદ કરજો અને પોત-પોતાની ઉમ્મતોને પણ તેની સૂચના અને માર્ગદર્શન આપજો.

હઝરત તા'ઉસ, હઝરત હસન બસરી અને કતાદહ (રહ.) ફરમાવે છે કે, "આ "મીષાક" અંબિયા (અલૈ.) પાસેથી એટલા માટે લેવામાં આવ્યો હતો કે, તેઓ પરસ્પર એકબીજાનું સમર્થન અને સહાયતા કરે."

આ બીજા નિવેદનનું સમર્થન અલ્લાહ તઆલાના ફરમાન وَاِذْاَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ وَمُوْسٰى وَعِيْسَى ابْنِ مَرْيَمَ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا (احزاب) "અને અમે જ્યારે બધા જ નબીઓથી વચન લીધું અને તમારી પાસેથી પણ અને નૂહ અને ઈબ્રાહીમ અને મૂસા અને ઈસા (અલૈ.) જેઓ મરયમના પુત્ર હતા સૌ પાસેથી પાકું વચન લીધું." (સૂ:૩૩, આ:૭)થી પણ કરી શકાય છે. કારણ કે આ વચન એકબીજાનું સમર્થન અને ખરાઈ કરવા માટે લેવામાં આવ્યું હતું. *(તફસીરે અહમદી)*

વાસ્તવમાં પ્રસ્તુત બંને તફસીરોમાંથી કોઈ એકમાં પણ વાંધાજનક બાબત નથી. એટલા માટે બંને અર્થ લઈ શકાય છે. *(તફસીરે ઈબ્ને કષીર)*

બધા જ અંબિયા (અલૈ.)ને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાનો હુકમ કરવાનો ખુલાસો :

દેખીતી રીતે અહીંયાં એવી શંકા થઈ શકે છે કે, અલ્લાહ તઆલા તો સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. તેને તો સારી રીતે ખબર છે કે, હઝરત મુહમ્મદ ﷺ ક્યા નબીની ઉપસ્થિતિમાં દુનિયામાં આવશે ? તો પછી અન્ય અંબિયા (અલૈ.) પાસેથી આ વચન લેવાનો શું લાભ ?

થોડો વિચાર કરો, તો લાભ સ્પષ્ટ થઈ જશે કે, જ્યારે અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની પવિત્ર જાત અને તેમની મહાનતા ઉપર ઈમાન લાવવાનો પાકો ઈરાદો કરશે તો તે જ સમયે તેઓ સવાબના હકદાર બની જશે. *(શામી, બ હવાલા જલાલૈન)*

રસૂલે અકરમ ﷺની સર્વસામાન્ય નુબુવ્વત :

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ... (અને જ્યારે અલ્લાહે નબીઓથી વચન લીધું....) આ આયતથી તે બાબત સ્પષ્ટ રીતે સામે આવી ગઈ કે, અલ્લાહ તઆલાએ અંબિયા (અલૈ.) પાસેથી આ પાકું વચન લીધું હતું કે, જ્યારે તમારામાંથી કોઈ નબી પછી બીજો નબી આવે, જે ચોક્કસ રીતે અગાઉના અંબિયા (અલૈ.) અને તેમના ઉપર નાઝિલ કરવામાં આવેલી કિતાબોનું સમર્થન કરનારો હોય, તો તે નબી માટે જરૂરી બની જાય છે કે, આવનાર નબીની સચ્ચાઈ અને નુબુવ્વત ઉપર પોતે પણ ઈમાન લાવે અને અન્યોને પણ તેનું માર્ગદર્શન આપે. કુર્આનમાં આ સર્વસામાન્ય કાયદાના વર્ણનથી આ વાત દીવા જેવી સ્પષ્ટ થઈ જાય છે કે, અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ ﷺ વિશે પણ ઉપરોક્ત સિદ્ધાંત મુજબ બધા જ અંબિયા (અલૈ.) પાસેથી વચન લીધું હશે. જેમકે, અલ્લામહ સુબકી (રહ.) પોતાની પુસ્તિકા اَلتَّعْظِيْمُ وَالْمِنَّةُ فِىْ لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗમાં ફરમાવે છે لـهٗ (લહુ) એટલે કે, આ આયતમાં રસૂલથી ઈશારો હઝરત મુહમ્મદ ﷺ તરફ છે અને કોઈ નબી એવા નથી પસાર થઈ ચૂક્યા કે, જેમની પાસેથી અલ્લાહ તઆલાએ પોતાની પવિત્ર જાત અને સિફતો ઉપર ઈમાન લાવવાનું તથા રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવી તેમનું સમર્થન અને મદદ કરવાનું વચન ન લીધું હોય અને કોઈપણ એવા નબી (અલૈ.) નથી થયા જેમણે પોતાની ઉમ્મતને રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાની, તેમનું

સમર્થન કરવાની અને તેમની મદદ કરવાની વસિયત ન કરી હોય ! અને જો રસૂલે કરીમ ﷺની પૈદાઈશ કોઈ અંબિયા (અલૈ.)ના સમયકાળમાં તેમની હયાતીમાં થઈ હોત તો તે બધા જ નબીઓ રસૂલે કરીમ ﷺની ઉમ્મતમાં ગણવામાં આવ્યા હોત. તેનાથી સ્પષ્ટ થાય છે કે, રસૂલે કરીમ ﷺની ઉચ્ચતમ્ શ્રેષ્ઠતા ફક્ત ઉમ્મત ઉપર જ નથી. બલકે, બધા જ અંબિયા (અલૈ.) ઉપર પણ છે. એટલા માટે એક હદીષમાં રસૂલે કરીમ ﷺ પોતે ઈરશાદ ફરમાવે છે કે, "જો આજે હઝરત મૂસા (અલૈ.) જીવતા હોત તો તેમને પણ મારું અનુસરણ કર્યા વિના છૂટકો ન હોત." અને અન્ય એક સ્થળે ઈરશાદ ફરમાવ્યું છે, "જ્યારે હઝરત ઈસા (અલૈ.) નાઝિલ થશે તો તે પણ કુર્આને કરીમ અને તમારા નબી ﷺના હુકમો ઉપર અમલ કરશે." *(તફસીરે ઈબ્ને કષીર)*

ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટ થાય છે કે રસૂલે કરીમ ﷺની નુબુવ્વત સર્વસામાન્ય અને બધા માટે છે, અને રસૂલે કરીમ ﷺની શરીઅતમાં પાછલી બધી જ શરીઅતના અંશો સામેલ છે. આ વર્ણનથી રસૂલે કરીમ ﷺનો ઈરશાદ بُعِثْتُ اِلَى النَّاسِ كَآفَّةً ("મને સમગ્ર માનવજાત માટે મોકલવામાં આવ્યો છે.")નો સાચો અર્થ પણ સામે આવી જાય છે કે, આ હદીષનો અર્થ એવો સમજવો કે, રસૂલે કરીમ ﷺની નુબુવ્વત રસૂલે કરીમ ﷺના સમયકાળથી કયામત સુધી જ છે એવું સમજવું યોગ્ય નથી. બલકે, રસૂલે કરીમ ﷺની નુબુવ્વતનો સમય એટલો વિશાળ છે કે, હઝરત આદમ (અલૈ.)ની નુબુવ્વતથી પહેલાં શરૂ થાય છે. એક હદીષમાં આપ ﷺ ફરમાવે છે, كُنْتُ نَبِيًّا وَّاٰدَمُ بَيْنَ الرُّوْحِ وَالْجَسَدِ ("હું ત્યારથી નબી છું, એટલે સુધી કે આદમ અલૈ. રૂહ અને શરીર વચ્ચેના સ્વરૂપમાં હતા.") મહશરમાં અલ્લાહની શફાઅત (સિફારશ) માટે આગળ વધવા માટે સમગ્ર માનવ જાતનું રસૂલે કરીમ ﷺના ઝંડા હેઠળ ભેગા થવું અને શબે મેઅ્‌રાજ બયતુલ મુકદસમાં બધા જ અંબિયા (અલૈ.)ની ઈમામત કરાવવી એ રસૂલે કરીમ ﷺની ઉચ્ચતમ્ શ્રેષ્ઠતા અને મહાનતાની નિશાનીઓ છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૮૫)

وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ۚ وَهُوَ فِي الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ﴿٨٥﴾

તરજુમો :

અને જેઓ ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનની ઈચ્છા કરશે તો તેનો ક્યારેય સ્વીકાર કરવામાં નહીં આવે અને તેઓ આખિરતમાં નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે. (૮૫)

તફસીર :

અને જે વ્યક્તિ ઈસ્લામ સિવાય કોઈ અન્ય ધર્મની ઈચ્છા કરશે તો આવો (ધર્મ) તે (વ્યક્તિ) પાસેથી (અલ્લાહ તઆલા) સ્વીકારશે નહીં અને (તે વ્યક્તિ) આખિરતમાં તબાહ થનારાઓમાંથી હશે. (એટલે કે, તેને છુટકારો નહીં મળે.)

મસ્અલા અને બોધપાઠ :

"ઇસ્લામ"ની વ્યાખ્યા અને તે જ આખિરતના છુટકારાનો આધાર છે :

"ઈસ્લામ"નો શાબ્દિક અર્થ "ઈતાઅત" અને "આજ્ઞાપાલન" છે અને શરીઅતની પરિભાષામાં ખાસ તે દીન અને ઈતાઅતનું નામ "ઈસ્લામ" છે, જે અલ્લાહ તઆલાએ પયગમ્બરોના માધ્યમથી મનુષ્યની હિદાયત માટે મોકલ્યો છે. કારણ કે, દીનના પાયાના સિદ્ધાંતો બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં એકસમાન જ છે.

પછી શબ્દ "ઈસ્લામ" ક્યારેક તો સામાન્ય અર્થમાં બધી જ ઉમ્મતોના દીન વિશે ઉપયોગ કરવામાં આવે છે અને ક્યારેક ફક્ત તેને અંતિમ શરીઅત માટે પણ બોલવામાં આવે છે. જે ખાતમુન્નબીય્યિન ﷺ ઉપર નાઝિલ થઈ. કુર્આને કરીમમાં આ બંને પ્રકારની ઈસ્લામની વ્યાખ્યા આવેલ છે. પાછલા અંબિયા (અલૈ.)એ પોતાને મુસ્લિમ અને પોતાની ઉમ્મતને ઉમ્મતે મુસ્લિમહ કહી છે તેવું કુર્આનના "નુસૂસ"થી સાબિત થયેલ છે અને આ નામ ખાતમુન્નબીય્યિન ﷺની ઉમ્મત સાથે ખાસ રીતે જોડાયેલ હોવાનું પણ સાબિત થયેલ છે.

هُوَ سَمَّاكُمُ الْمُسْلِمِيْنَ مِنْ قَبْلُ وَفِي هٰذَا "તેણે (અલ્લાહે) તમારું નામ મુસ્લિમ (આજ્ઞાપાલક) રાખ્યું આ પહેલાં...." (સૂ:૨૨, આ:૭૮)નો ખુલાસો એ છે કે, પ્રત્યેક દીને ઈલાહી જે કોઈ નબી અથવા રસૂલ (અલૈ.) દ્વારા દુનિયામાં આવ્યો તે પણ "ઈસ્લામ" કહેવામાં આવે છે અને ઉમ્મતે મુહમ્મદીયહ ﷺ માટે આ શબ્દ ખાસ "લકબ" તરીકે પણ ઉપયોગ થાય છે. હવે, સવાલ એ છે કે કુર્આને કરીમમાં આ સ્થળે "ઈસ્લામ" શબ્દ કયા અર્થમાં છે ?

સાચી વાત તો એ છે કે, બંનેમાંથી જે કંઈપણ અર્થ લેવામાં આવે પરિણામના હિસાબે કોઈ ફરક નથી પડતો. કારણ કે, પાછલા અંબિયા (અલૈ.)ના દીનને જે "ઈસ્લામ" નામ આપવામાં આવ્યું છે, તે એક મર્યાદિત તબક્કા અને ખાસ ચોક્કસ સમયકાળ માટે હતું. તે સમયનો ઈસ્લામ તે જ હતો, તે ઉમ્મત સિવાય અન્યો માટે તે સમયે પણ તે "ઈસ્લામ" શરીઅત તરીકે માન્ય ન હતો અને જ્યારે તે નબી પછી અન્ય કોઈ નબી મોકલવામાં આવ્યા તો હવે તે સમયનો ઈસ્લામ બાકી પણ ન રહ્યો. હવે, ઈસ્લામ તે જ સમજવામા આવશે જે નવા નબી (અલૈ.) રજૂ કરશે, તેમાં એ વાત સ્પષ્ટ છે કે બંને નબીઓની શરીઅતમાં મૂળભૂત બાબતોમાં કોઈ સૈદ્ધાંતિક વિરોધાભાસ નથી, પરંતુ સમયકાળને અનુલક્ષીને અમુક હુકમો અગાઉના નબી કરતાં નવા આવનાર નબીના અલગ પ્રકારના હોઈ શકે છે અને ખાતમુન્નબીય્યિન ﷺને જે ઈસ્લામ આપવામાં આવ્યો તે રદ ન થઈ શકે તેવો કાયમી અને કયામત સુધીના સમયકાળ માટે છે અને કાયદા પ્રમાણે રસૂલે કરીમ ﷺની નુબુવ્વત પછી અગાઉ થઈ ચૂકેલા તમામ દીન મન્સૂખ (રદ) થઈ ગયા. હવે, તે ઈસ્લામ નથી બલકે, હવે ઈસ્લામ ફક્ત તે જ દીન છે જે રસૂલે કરીમ ﷺના માધ્યમથી આવ્યો છે. એટલા માટે સહીહ ભરોસાપાત્ર હદીષોમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, “આજે જો હઝરત મૂસા (અલૈ.) જીવતા હોત તો તેમને પણ મારું અનુસરણ કરવું પડ્યું હોત.” અને એક હદીષમાં ઈરશાદ છે કે, “કયામત નજીક હઝરત ઈસા (અલૈ.) નાઝિલ થશે તો પોતાની નુબુવ્વતની સિફત હોવા છતાં અને પોતાના નબી તરીકેના હોદ્દા ઉપર કાયમ હોવા છતાં તે સમયે તેઓ પણ રસૂલે કરીમ ﷺની જ શરીઅતની પૈરવી કરશે.”

એટલા માટે આ સ્થળે ઈસ્લામનો બધી જ ઉમ્મતના દીન તરીકેનો સામાન્ય અર્થ લઈએ અથવા ખાસ વિશેષરૂપે રસૂલે કરીમ ﷺની ઉમ્મતના દીનનો અર્થ લઈએ; પરિણામ બંનેનું એકસમાન જ છે કે, ખાતમુલ અંબિયા ﷺની નુબુવ્વત પછી ફક્ત તે જ ઈસ્લામ દીને ઈસ્લામ કહેવાશે જે આપ ﷺના માધ્યમથી દુનિયામાં આવ્યો છે. હવે, તે જ ઈસ્લામ સમગ્ર માનવજાતિ માટે છુટકારાનો આધાર છે. પ્રસ્તુત આયતમાં એના જ વિશે ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે “જો કોઈ વ્યક્તિ ઈસ્લામ સિવાય કોઈપણ બીજો ધર્મ અપનાવશે તો તે

અલ્લાહ પાસે સ્વીકાર્ય નથી. આ વિષયની વધારે સ્પષ્ટતા આ જ સૂરતમાં આયત إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ "બેશક ! અલ્લાહ પાસે એકમાત્ર દીન ઈસ્લામ છે." (સૂ:૩, આ:૧૯) હેઠળ આવી છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૮૬ થી ૯૧)

كَيْفَ يَهْدِي اللَّهُ قَوْمًا كَفَرُوا بَعْدَ إِيمَانِهِمْ وَشَهِدُوا أَنَّ الرَّسُولَ حَقٌّ وَجَاءَهُمُ
الْبَيِّنَاتُ ۚ وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ﴿٨٦﴾ أُولَٰئِكَ جَزَاؤُهُمْ أَنَّ عَلَيْهِمْ لَعْنَةَ اللَّهِ
وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ ﴿٨٧﴾ خَالِدِينَ فِيهَا لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ
يُنظَرُونَ ﴿٨٨﴾ إِلَّا الَّذِينَ تَابُوا مِن بَعْدِ ذَٰلِكَ وَأَصْلَحُوا فَإِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿٨٩﴾ إِنَّ
الَّذِينَ كَفَرُوا بَعْدَ إِيمَانِهِمْ ثُمَّ ازْدَادُوا كُفْرًا لَّن تُقْبَلَ تَوْبَتُهُمْ وَأُولَٰئِكَ
هُمُ الضَّالُّونَ ﴿٩٠﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا وَمَاتُوا وَهُمْ كُفَّارٌ فَلَن يُقْبَلَ مِنْ أَحَدِهِم
ع ٩/١٤ مِّلْءُ الْأَرْضِ ذَهَبًا وَلَوِ افْتَدَىٰ بِهِ ۗ أُولَٰئِكَ لَهُمْ عَذَابٌ أَلِيمٌ وَمَا لَهُم مِّن نَّاصِرِينَ ﴿٩١﴾

તરજુમો :

અલ્લાહ એવા લોકોને કેવી રીતે હિદાયત (સીધો માર્ગ) આપશે ? જેઓ કાફિર થઈ ગયા ઈમાન લાવ્યા અને ગવાહી આપ્યા પછી કે, બેશક ! આ રસૂલ સાચા છે અને તેમની પાસે ખુલ્લી નિશાનીઓ આવી છે; અને અલ્લાહ અન્યાયી (અત્યાચારી) લોકોને હિદાયત નથી આપતો. (૮૬) એવા લોકોની સજા એ જ છે કે તેમના ઉપર અલ્લાહની, અને ફરિશ્તાઓની, અને લોકોની, બધાની જ લા'નત (ધિક્કાર) છે. (૮૭) તેઓ તે (લા'નત)માં હંમેશા રહેશે, ન તેમના ઉપર અઝાબ હળવો કરવામાં આવશે, અને ન જ તેમને મહોલત આપવામાં આવશે. (૮૮) પરંતુ જે લોકોએ ત્યાર પછી તવબહ કરી અને (પોતાની) સુધારણા કરી તો બેશક ! અલ્લાહ મહાન બખ્શનારો (અને) ખૂબ રહમ કરનારો છે. (૮૯) (બેશક !) જે લોકો પોતાના ઈમાન (લાવ્યા) પછી કાફિર થઈ ગયા; પછી કુફ્રમાં વધતા ચાલ્યા, તેમની તવબહ કદાપિ

સ્વીકારવામાં નહીં આવે, અને તે જ લોકો માર્ગ ભટકેલા છે. (૯૦) (બેશક!) જે લોકોએ કુફ્ર કર્યું અને તેઓ કુફ્રની હાલતમાં જ મૃત્યુ પામ્યા તો તેમની પાસેથી બદલામાં કદાપિ સ્વીકારવામાં નહીં આવે ભલે તેઓ પૃથ્વી ભરીને સોનું (છુટકારા માટે) આપી દે ! આ જ તે લોકો છે જેમના માટે દર્દનાક અઝાબ છે અને તેમનો કોઈ મદદગાર નથી. (૯૧)

તફસીર :

(પ્રથમ તે મુર્તદોનું વર્ણન છે, જેઓ કુફ્ર પર કાયમ રહીને તેને હિદાયત સમજતા રહ્યા, કારણ કે તેમનો અકીદહ અને દા'વો એવો હતો કે અલ્લાહ તઆલાએ અમને હવે હિદાયત આપી છે. એટલા માટે તેમને વખોડવા અને તેમની વાતનો નકાર કરવા માટે ફરમાવવામાં આવે છે કે,) અલ્લાહ તઆલા એવા લોકોને કેવી રીતે હિદાયત આપશે ? જેઓ કાફિર થઈ ગયા (દિલથી) ઈમાન લાવ્યા બાદ અને તેનો (મૌખિક) ઇકરાર કરીને કે રસૂલ (ﷺ નુબુવ્વતના દા'વામાં) સાચા છે અને ત્યારબાદ કે તેમને (ઈસ્લામની સચ્ચાઈની) દલીલો પહોંચી ચૂકી હતી અને અલ્લાહ તઆલા એવા બેઢંગા (જાલિમ) લોકોની હિદાયત કરતો નથી. (એનો મતલબ એ નથી કે એવા લોકોને ક્યારેય ઈસ્લામની તૌફીક જ નથી આપતો, બલકે ઉપરોક્ત પ્રમાણેના તેમના દા'વાને રદ કરવાનો મકસદ છે કે, તેઓ કહેતા હતા કે અમે ઈસ્લામ છોડીને આ તરીકો અપનાવ્યો છે અને અમને અલ્લાહે હિદાયત આપી છે. આમ, રદિયો આપવાનો ખુલાસો એ થયો કે જે વ્યક્તિ કુફ્રનો ઢંગઢડા વિનાનો માર્ગ અપનાવશે તે અલ્લાહની હિદાયત ઉપર નથી અને એવા લોકો માટે કહેવામાં આવ્યું કે, તે એવું નથી કહી શકતો કે, મને અલ્લાહે હિદાયત આપી છે. કારણ કે, એ હિદાયતનો રસ્તો નથી જે તેણે અપનાવ્યો છે બલકે, આવા લોકો ચોક્કસ માર્ગ ભટકેલા લોકો છે અને) એવા લોકોની સજા એ છે કે તેમના ઉપર અલ્લાહ તઆલા પણ લા'નત (ધિક્કાર) કરે છે, અને ફરિશ્તાઓ પણ, અને (ઘણા) લોકો પણ (મતલબ કે) બધાની; (લા'નત –ધિક્કાર તેમના ઉપર થાય છે અને પછી આ લા'નત પણ એવી રીતે થશે કે) તે હંમેશા–હંમેશા આ (લા'નત)માં જ રહેશે. (અને કારણ કે આ લા'નતની અસર જહન્નમ છે તો કહેવાનો હેતુ એ છે કે, તેઓ જહન્નમમાં હંમેશા–હંમેશા રહેશે અને) તેમના ઉપર અઝાબ હળવો પણ નહીં થવા પામે અને ન જ (જહન્નમમાં

પ્રવેશ પામતા પહેલાં) તેમને (કોઈ મુદ્દત સુધી) મહોલત આપવામાં આવશે. (આગળ પણ તેમનો જ ઉલ્લેખ છે કે, તેમનામાંથી જે લોકો ફરી પાછા મુસલમાન થઈ જાય તો તેઓ આ હુકમમાં સામેલ નથી. એટલે કે) હા ! પરંતુ જે લોકો તવબહ કરી લે (કુફ્ર) પછી (એટલે કે ફરી મુસલમાન થઈ જાય) અને પોતાના (દિલ)ને (પણ) શણગારી લે (એટલે કે ફક્ત મૌખિક રીતે જીભથી તૌબા કરવી પૂરતું નથી) બસ, બેશક ! (એવા લોકો માટે) અલ્લાહ બખ્શનારો, રહમ કરનારો છે. બેશક ! જે લોકો પોતાનું ઈમાન લાવ્યા પછી કાફિર થઈ ગયા પછી કુફ્રમાં વધતા ચાલ્યા ગયા (એટલે કે કુફ્રને વધારે સંગીન બનાવ્યું અને ઈમાન ન લાવ્યા) તેમની તવબહ (કારણ કે અન્ય ગુનાહો પણ કરે છે) ક્યારેય સ્વીકારવામાં નહીં આવે (કારણ કે ગુનાહોની તૌબા એક ગૌણ પ્રકારની તા'બેદારી છે, જેનો સ્વીકાર થવા માટેની મુખ્ય શરત ઈમાન છે.) અને એવા લોકો (આવી તૌબા પછી પણ કાયદેસર રીતે પાકા) ગુમરાહ છે. બેશક ! જે લોકો કાફિર થયા અને તેઓ કુફ્રની હાલતમાં જ મર્યા, બસ તેમનામાંથી કોઈની પાસેથી (કુફ્રના ગુનાહના કફ્ફારા સ્વરૂપે) પૃથ્વી ભરીને સોનું (બદલા સ્વરૂપે) પણ સ્વીકારવામાં નહીં આવે, ભલે તે વળતરમાં તેને આપવા ઈચ્છે (અને) તે લોકોને દર્દનાક સજા થશે અને તેમનો કોઈ મદદગાર (સહાયક) પણ હશે નહીં.

મસ્અલા અને બોધપાઠ :

એક શંકાનું નિવારણ :

كَيْفَ يَهْدِى اللّٰهُ.... (અલ્લાહ કેવી રીતે હિદાયત આપશે ?) આ આયતથી દેખીતી રીતે એ શંકા થઈ શકે છે કે, કોઈને મુર્તદ થયા પછી હિદાયત પ્રાપ્ત થતી નથી. બલકે, પરિસ્થિતિ તેનાથી ઊલટી છે કારણ કે ઘણા લોકો મુર્તદ થયા પછી પણ હિદાયત પામે છે.

જવાબ એ છે કે, અહીંયાં જે હિદાયતનો ઈન્કાર કરવામાં આવ્યો છે તેનું ઉદાહરણ બોલચાલના મહાવરા (રૂઢિપ્રયોગ)માં એવું છે, જેમકે કોઈ બદમાશને કોઈ સત્તાધીશ પોતાના હાથે સજા આપે અને તે બદમાશ ગર્વથી એવું કહે કે, મારા ઉપર તો સત્તાધીશે પોતાના હાથે વિશેષ સ્વરૂપે મહેરબાની કરી છે અને તેના આવા મિથ્યાભિમાનના જવાબમાં તેને એવું કહેવામાં આવે કે, આવા બદમાશોને અમે શા માટે મહત્ત્વ આપીએ ? એટલે કે, આ તો કોઈ વિશેષ

મહત્ત્વની બાબત જ નથી. આવી રીતે સજા આપવાનો એ અર્થ નથી થતો કે, આવો વ્યક્તિ મહત્ત્વનો બની ગયો છે, સજા તો આખરે સજા જ છે, જો તે સુધરી પણ જાય તો પણ તે કોઈ અહેસાન નથી કરતો, તેનું સુધરવું તેના માટે સારું છે, એનાથી તે બદમાશનું મહત્ત્વ વધી ગયું છે, એવું સમજી શકાય નહીં !

(બયાનુલ કુર્આન)

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૯૨)

પારહ (૪)

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ۗ وَمَا تُنْفِقُوْا مِنْ شَیْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِیْمٌ ﴿۹۲﴾ الجزء

તરજુમો :

તમે કદાપિ ભલાઈમાં (સંપૂર્ણ) ઉચ્ચતા સુધી નહીં પહોંચી શકો, જ્યાં સુધી તમે તમારી અતિપ્રિય વસ્તુમાંથી (અલ્લાહના રસ્તામાં) કંઈક ખર્ચ નહીં કરો; અને જે વસ્તુ ખર્ચ કરશો બેશક ! અલ્લાહને તેની ખબર છે. (૯૨)

આયતોની ગોઠવણી સ્પષ્ટતા સાથે :

આનાથી અગાઉની આયતોમાં કાફિરો અને ઈન્કારીઓના સદકહ અને ખયરાત (દાન-પૂણ્ય) અલ્લાહ પાસે અસ્વીકાર્ય હોવાનો ઉલ્લેખ થયો હતો. આ આયતમાં મો'મિનોના સદકહ અને ખયરાતનો સ્વીકાર થવાના કેટલાક શિષ્ટાચાર (અદબ) બતાવ્યા છે. આ આયતના શબ્દોમાં સૌ પ્રથમ શબ્દ بِـــرُ નો અર્થ અને તેની વાસ્તવિકતા સમજી લઈએ, જેથી આયતનો સંપૂર્ણ સાચો અર્થ સમજી શકાય.

بِـــــرٌّ "બિર" શબ્દનો શાબ્દિક અને વાસ્તવિક અર્થ એ છે કે, "કોઈ વ્યક્તિનો હક પૂરેપૂરો અદા કરવો" અને આ શબ્દ "સંપૂર્ણપણે કોઈની સાથે અહેસાનપૂર્વકના નેક તથા સારા વર્તાવના અર્થમાં પણ આવે છે." بَرٌّ بِالْفَتْحِ અને بَـــارٌّ તે વ્યક્તિ માટે ઉપયોગ થાય છે જે પોતાની જવાબદારીને અને અન્યોના હકોને સંપૂર્ણ રીતે અદા કરે છે. કુર્આન શરીફમાં بَرًّا بِوَالِدَتِیْ (મારી માં માટે સારું. ૧૯:૩૨) અને بَرًّا بِوَالِدَیْهِ (તેના માં-બાપ માટે સારું. ૧૯:૧૪)નો આ જ અર્થમાં

ઉપયોગ થયો છે, તે લોકો માટે આ શબ્દોનો ઉપયોગ થયો છે જેઓ પોતાના માં-બાપના હકોને સંપૂર્ણ રીતે અદા કરતા હતા.

આ શબ્દ بَرٌبِالْفَتْحِ (બર્ર બિલ ફતહ)નું બહુવચન ابرار (અબરાર) છે, જેનો કુર્આને કરીમમાં અનેકવાર ઉપયોગ થયો છે. ઈરશાદ છે, اِنَّ الْاَبْرَارَ يَشْرَبُوْنَ مِنْ كَاْسٍ كَانَ مِزَاجُهَا كَافُوْرًا (બેશક ! જન્નતમાં નેક આચરણ કરનારાઓ એવા પ્યાલા પીશે, જેમાં કાફૂરની સુગંધ મેળવેલી હશે. ૭૬:૫) અને બીજી જગ્યાએ ઈરશાદ છે, اِنَّ الْاَبْرَارَ لَفِىْ نَعِيْمٍ عَلَى الْاَرَائِكِ يَنْظُرُوْنَ (બેશક ! નેકી કરનારાઓ મોટી નેઅ્મતમાં હશે; તખતાઓ ઉપર બેસી મોહક દશ્યો જોઈ રહ્યા હશે. ૩:૨૨-૨૩) અને એક જગ્યાએ ઈરશાદ છે, اِنَّ الْاَبْرَارَ لَفِىْ نَعِيْمٍ وَّاِنَّ الْفُجَّارَ لَفِىْ جَحِيْمٍ (બેશક ! નેક લોકો ભરપૂર નેઅ્મતોમાં હશે અને દુષ્ટ લોકો આગના ઢગલાઓમાં હશે. ૮૨:૧૩-૧૪) આ છેલ્લી આયતથી એ પણ જાણ થાય છે કે بِرّ નો વિરૂદ્ધાર્થી فُجُوْرٌ છે.

ઈમામ બુખારીએ "અદબુલ મુફરદ"માં અને ઈબ્ને માજહ અને મુસ્નદે અહમદમાં હઝરત સિદ્દીકે અકબર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "સાચું બોલવાને (તમારા માટે) જરૂરી બનાવી લો, કારણ કે સાચો صِدْقٌ , بِرَّ "સિદ્ક" એ "બિર્ર"નો સાથી છે અને તે બંને જન્નતમાં છે અને જૂઠથી બચો કારણ કે, તે فُجُوْرٌ "ફુજૂર"નો સાથી છે અને તે બંને દોઝખમાં છે."

સૂરએ બકરહની આયતમાં પ્રસ્તુત છે કે, لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ...... (પૂર્વ અને પશ્ચિમ તરફ મોઢું કરવું એ જ માત્ર નેકી નથી, બલકે નેકી તો એ છે કે ઈમાન લાવે અલ્લાહ ઉપર અને આખિરત ઉપર..... ૨:૧૭૭) આ આયતથી નેક અમલોની એક યાદી આપીને તે બધાને بِرّ (બિર્ર) કહેવામાં આવ્યું. પ્રસ્તુત આયતથી જાણ થાય છે કે, اَعْمَالِ بِرّ (આ'માલે બિર્ર)માં શ્રેષ્ઠતમ્ બિર્ર بِرّ એ છે કે પોતાની સૌથી પ્યારી અને મનપસંદ વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે. પ્રસ્તુત આયતમાં ઈરશાદ છે કે, "તમે કદાપિ બિર્ર بِرّ પ્રાપ્ત નહીં કરી શકો, જ્યાં સુધી કે, તમે તમારી મનપસંદ અને પ્યારી વસ્તુને (અલ્લાહના રસ્તામાં) ખર્ચ ન કરો." તો હવે એનો અર્થ એ થયો કે, અલ્લાહ તઆલાના હકની સંપૂર્ણ અદાયગી અને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની જવાબદારી ત્યાં સુધી પૂરી નથી થઈ

શકતી જ્યાં સુધી કે પોતાની મનપસંદ અને પ્યારી વસ્તુને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં ન આવે ! "પોતાની જવાબદારીની સંપૂર્ણ અદાયગી"ને "સંપૂર્ણ ભલાઈ" અથવા "નેકીમાં ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરવી" અથવા "ઘણો મોટો સવાબ" તરજુમો કરવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાની ફરજનું اَبْـــــرَارْ (અબરાર)ની સિફતમાં સામેલ થવું એ બાબત ઉપર અવલંબિત છે કે, પોતાની અતિપ્રિય અને મનપસંદ વસ્તુ અલ્લાહના રસ્તામાં કુરબાન કરવામાં આવે !

તફસીર :

(હે મુસલમાનો !) તમે સંપૂર્ણ ભલાઈ (મોટો સવાબ) ક્યારેય પ્રાપ્ત નહીં કરી શકો જ્યાં સુધી કે તમે પોતાની અતિપ્રિય વસ્તુને (અલ્લાહના રસ્તામાં) ખર્ચ નહીં કરો અને (એ રીતે) જે કંઈ પણ ખર્ચ કરશો (ભલે તે અતિપ્રિય વસ્તુ ન પણ હોય) અલ્લાહ તઆલા તેને સારી પેઠે જાણે છે. (સવાબ તો તેના ઉપર પણ મળશે પરંતુ સંપૂર્ણ ઉચ્ચ કક્ષાનો સવાબ પ્રાપ્ત કરવાની આ જ રીત છે કે, અતિપ્રિય વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે.)

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં સહાબએ કિરામ (રદિ.)ની અલ્લાહના આ હુકમ ઉપર અમલની ભાવના :

સહાબએ કિરામ (રદિ.) જેમને કુર્આનના હુકમોનું સૌ પ્રથમ સંબોધન કરવામાં આવ્યું હતું અને જેઓ રસૂલે કરીમ ﷺના પ્રત્યક્ષ શાગિર્દ (વિદ્યાર્થી) હતા તથા જેઓ કુર્આનના હુકમોને પૂર્ણ કરવા માટે હંમેશા તત્પર રહેનારા હતા. આ આયત નાઝિલ થતાંની સાથે જ દરેક સહાબી (રદિ.)એ પોતાની અતિપ્રિય વસ્તુઓ ઉપર નજર નાંખી અને તેને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માટે રસૂલે કરીમ ﷺ પાસે લાવી ખર્ચ કરવાની દરખાસ્ત કરવા લાગ્યા. મદીનાના અન્સારોમાં સૌથી વધારે ધનવાન અબૂ તલહા (રદિ.) હતા. મસ્જિદે નબવી ﷺની બિલકુલ સામે તેમનો એક બાગ હતો, જેમાં એક કૂવો بِيْـــرُحَـــاءْ "બીરૂહાઅ"ના નામથી મશહૂર હતો. હવે આ બાગની જગ્યાએ તો એક ઈમારત ઊભી છે જેમાં મદીનાના ઝાઈરીન (યાત્રાળુઓ) થોભે છે પરંતુ તેના

ઉત્તર-પૂર્વના ખૂણામાં આ બીરૂહાઅ નામ આજદિન સુધી પ્રખ્યાત છે. રસૂલે કરીમ ﷺ અમુક સમયે આ બાગમાં જતા હતા અને બીરૂહાઅનું પાણી પીતા હતા. રસૂલે કરીમ ﷺને આ કૂવાનું પાણી પસંદ હતું. હઝરત તલહા (રદિ.)નો આ બાગ ઘણો જ કીંમતી અને ફળદ્રુપ હતો. આ બગીચો રસૂલે કરીમ ﷺને ખૂબ પસંદ હતો. આ આયત નાઝિલ થવાથી તેઓ રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી કે, "મારી મિલ્કતમાં મને બીરૂહાઅ સૌથી વધારે પસંદ છે, હું તેને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા ઇચ્છું છું. આપને જે કામમાં પણ યોગ્ય લાગે તેનો ઉપયોગ કરો." રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "આ તો ઘણો મોટો નફો આપનારો બાગ છે, મને એવું યોગ્ય લાગે છે કે, તેને તમે પોતાના સગાં-વહાલાઓમાં વહેંચી આપો." હઝરત અબૂ તલહા (રદિ.)એ રસૂલે કરીમ ﷺનો મશવરો સ્વીકારીને પોતાના સગાં-વહાલા તથા પિતળાઈ ભાઈઓમાં આ બાગ વહેંચી દીધો. આ હદીષ બુખારી અને મુસ્લિમની છે. આ હદીષથી એ જાણ થાય છે કે, ખયરાત ફક્ત તે નથી જે સામાન્ય રીતે ફકીરો અને મિસ્કીનો ઉપર ખર્ચ કરવામાં આવે છે. બલકે પોતાની ઔલાદ, પ્રિયજનો અને સગાં-વહાલાઓને આપવું પણ મોટી ખયરાત અને સવાબનું કારણ છે.

હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.) પોતાનો એક ઘોડો લઈને આવ્યા અને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને વિનંતી કરી કે, "મને પોતાની મિલ્કતમાં અતિપ્રિય આ (ઘોડો) છે, હું તેને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા ઇચ્છું છું, તમે તેનો સ્વીકાર કરો." પરંતુ રસૂલુલ્લાહ ﷺએ તેને લઈને તેમના પુત્ર ઉસામા (રદિ.)ને આપી દીધો. ઝૈદ ઇબ્ને હારિષા (રદિ.)ને તેનાથી થોડી દિલગીરી (મનદુઃખ) થયું કે, મારો સદકહ મારા જ ઘરમાં પાછો આવ્યો પરંતુ રસૂલે કરીમ ﷺએ તેમને આશ્વાસન (તસલ્લી-દિલાસો) આપીને ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાએ તમારો સદકહ સ્વીકારી લીધો છે."

(તફસીરે મઝહરી, ઇબ્ને જરીર અને તબરીના હવાલાથી વગેરે)

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) પાસે એક લોંડી (કનીઝ) હતી, જે તેમને ખૂબ વહાલી હતી તેમણે તેને આઝાદ કરી દીધી.

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) પાસે પણ એક લોંડી (કનીઝ) હતી, જેનાથી તેઓ ખૂબ મહોબ્બત કરતા હતા. તેમણે પણ તેને અલ્લાહ ખાતર આઝાદ કરી દીધી.

મતલબ કે, ઉપરોક્ત આયતનો હેતુ એ છે કે, અલ્લાહના હકની સંપૂર્ણ અદાયગી માટે તથા ઉચ્ચ કક્ષાની ભલાઈ અને નેકીની સંપૂર્ણતા માટે જ્યારે પણ શક્ય હોય પોતાની અતિપ્રિય વસ્તુઓમાંથી કોઈ વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે. ઉપરોક્ત આયત અનુસંધાને અમુક મસ્અલાઓ ધ્યાન આપવા યોગ્ય છે અને તેને યાદ રાખવા જેવા છે.

આ આયતમાં શબ્દ "બિર્ર" بِـرّ માં બધા જ વાજિબ સદકાઓ અને નફલ સદકાઓમાં શામિલ છે :

પ્રથમ એ કે, આ આયતમાં અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની તાકીદ કરવામાં આવી છે અને તેનો અર્થ અમુક મુફસ્સિરોના મતે વાજિબ સદકહ, ઝકાત વગેરે છે અને અમુકના મતે નફલ સદકહ છે. પરંતુ જમહૂર (ઉલમા) વિદ્વાન સંશોધનકારોએ તેનો અર્થ વાજિબ અને નફલ બંને પ્રકારના સદકાઓ હોવાનો અભિપ્રાય આપ્યો છે અને સહાબએ કિરામ (રદિ.)ની ઉપરોક્ત વર્ણવેલ ઘટનાઓ પણ એની જ સાક્ષી આપે છે કે, તેમના આ સદકાઓ નફલ સદકાઓ હતા.

એટલા માટે આ આયતનો અર્થ એ થશે કે, અલ્લાહના રસ્તામાં જે કંઈ પણ સદકહ અદા કરો, ભલે ફરજ ઝકાત હોય અથવા કોઈ નફલ સદકહ કે ખયરાત ! તે બધામાં સંપૂર્ણ ફઝીલત અને સવાબ ત્યારે જ થાય છે જ્યારે કે, પોતાની અતિપ્રિય મનપસંદ વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે. એવું કરવામાં ન આવે કે, સદકહને કોઈ દંડ સમાન સમજી માથેથી ભાર ઉતારવા માટે ફાલતુ, બેકાર તથા ખરાબ વસ્તુઓ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માટે નક્કી કરે. કુર્આને કરીમમાં બીજી એક આયતમાં આ વિષયને વધારે સ્પષ્ટતા સાથે આ રીતે વર્ણન કરવામાં આવ્યો છે.

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ
وَلَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّآ اَنْ تُغْمِضُوْا فِيْهِ،

"હે ઈમાનવાળાઓ ! પોતાની કમાણીમાંથી અને જે કંઈ અમે તમારા માટે જમીનમાંથી કાઢયું છે, તેમાંથી ઉમદા વસ્તુઓ પસંદ કરી (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરો અને રદ્દી વસ્તુઓની નિય્યત ન કરો કે, તેમાંથી ખર્ચ કરીશું

અને જ્યારે કે, તે (રદ્દી) વસ્તુઓ જો તમને પણ તમારો કોઈ હક અદા કરવાના બદલામાં આપવામાં આવે તો તમે પણ તેનો કદાપિ સ્વીકાર કરવાના નથી; બસ, એ સિવાય કે તમે આંખ આડા કાન કરી લો." (સૂઃ૨, આઃ૨૬૭)

તેનો અર્થ એ થયો કે ખરાબ અને બેકાર વસ્તુઓ જ સદકહ માટે પસંદ કરવાની ટેવ બનાવી તેનો સદકહ કરવો સ્વીકાર્ય નથી. બલકે, સ્વીકૃત સદકહ કે જેમાં સંપૂર્ણ સવાબ મળે છે તે એ જ છે કે, પોતાની અતિપ્રિય વસ્તુને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે.

સદકહ કરવામાં મધ્યમ માર્ગ (એઅ્તિદાલ) અપનાવવો જોઈએ :

બીજો મસ્અલો એ છે કે, આ આયતમાં શબ્દ "મિમ્મા" مِـــمَّـا થી એવો ઈશારો કરવામાં આવ્યો છે કે, તેનો હેતુ એ નથી કે જેટલી પણ વસ્તુઓ તમને અતિપ્રિય અને મનપસંદ છે તે બધી જ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી નાંખો. બલકે, હેતુ એ છે કે, જેટલો પણ ખર્ચ કરવાનો છે તેમાંથી સારી અને મનપસંદ વસ્તુંઓ જોઈને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરશો તો સંપૂર્ણ સવાબના હકદાર બનશો.

ત્રીજો મસ્અલો એ છે કે, પ્રિય વસ્તુઓ ખર્ચ કરવાનું નામ એ નથી કે, કોઈ મોટી કીંમતની મોંઘી વસ્તુ જ ખર્ચ કરવામાં આવે ! બલકે, જે વસ્તુ કોઈને વધારે પ્યારી અને પસંદ છે ભલે તે નાની હોય અથવા ઓછી કીંમતની જ કેમ ન હોય, તેને ખર્ચ કરવાથી પણ તે બિર્ર بِــــرّ નો હકદાર બની જશે. હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ ઈખ્લાસ સાથે ફક્ત અલ્લાહને રાજી રાખવાના ઈરાદે ખર્ચ કરે, તો ભલે તે ખજૂરની એક પેશી હોય ! તેમાં પણ વ્યકિતને મોટો સવાબ મળે છે" અને તે "બિર્રે કામિલ" بِــرّ كَـــامِـل (સંપૂર્ણ ભલાઈ)નો હકદાર બને છે, જેનો આ આયતમાં વાયદો કરવામાં આવ્યો છે.

ચોથો મસ્અલો એ છે કે, આ આયતથી દેખીતી રીતે એવું લાગે છે કે, તેમાં જે મોટા સવાબ અને બિર્રનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનાથી તે ગરીબ લોકો મહરૂમ (વંચિત) રહેશે જેમની પાસે ખર્ચ કરવા માટે કશું નથી. કારણ કે, આયતમાં એવું ફરમાવવામાં આવ્યું છે કે, "આ મોટો સવાબ પોતાના માલમાંથી અતિપ્રિય વસ્તુ (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કર્યા વિના પ્રાપ્ત થઈ શકતો નથી." અને ફકીરો તથા મિસ્કીનો પાસે તો માલ–મિલ્કત જ નથી, જેથી તેઓ આ રીતે

ખર્ચ કરી સવાબ મેળવી શકતા નથી તો તેઓ શું કરે ? પરંતુ વિચાર કરવામાં આવે તો આયતનો અર્થ એવો નથી કે, મોટો સવાબ પ્રાપ્ત કરવા માટે અથવા સંપૂર્ણ ભલાઈ મેળવવા માટે અતિપ્રિય માલ ખર્ચ કર્યા સિવાય આ હેતુ પ્રાપ્ત નથી થઈ શકતો. બલકે, વાત એમ છે કે આ મોટો સવાબ કોઈ અન્ય રીતે દાખલા તરીકે ઈબાદત, ઝિક્રુલ્લાહ, કુર્આનની તિલાવત, વધારે પ્રમાણમાં નફલો પઢવી વગેરે દ્વારા પણ મેળવી શકાય છે. એટલા માટે ફકીરો અને ગરીબો પણ આ મોટો સવાબ અન્ય માધ્યમો દ્વારા પ્રાપ્ત કરી શકે છે. જેમકે હદીષની અમુક રિવાયતોમાં ખુલાસાવાર આ વિષયનો ઉલ્લેખ થયો છે.

"માલે મહબૂબ" (મનપસંદ વસ્તુ)નો શું અર્થ છે ?

પાંચમો મસ્અલો એ છે કે, માલે મહબૂબ (મનપસંદ વસ્તુ)નો શું અર્થ છે? કુર્આનની બીજી આયતથી જાણ થાય છે કે તેનો અર્થ એ છે કે, "જે વસ્તુ તેના કામ આવી રહી છે અને જે વસ્તુથી તેની જરૂરિયાત પૂરી થઈ રહી છે, ફાલતુ અને બેકાર વસ્તુ નથી." કુર્આન શરીફમાં ઈરશાદ છે,

وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا

"અલ્લાહના સ્વીકૃત (મકબૂલ) બંદાઓ તે છે જેઓ હાજતમંદોને ખાવું ખવડાવે, એ છતાં કે તે ખાવાની તેમને (પોતે) પણ જરૂરત હોય !"

(સૂ:૭૬, આ:૮)

એ જ પ્રમાણે બીજી આયતમાં આ વિષયને વધારે સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યો છે.

وَيُؤْثِرُوْنَ عَلٰى اَنْفُسِهِمْ وَ لَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ،

"અલ્લાહના મકબૂલ (સ્વીકૃત)બંદાઓ પોતાની ઉપર અન્યોને અગ્રિમતા આપે છે, જો કે પોતે પણ હાજતમંદ (જરૂરિયાતવાળા) છે." (સૂ:૫૯, આ:૯)

ફાલતુ વસ્તુઓ અને પોતાની પાસેની જરૂરિયાત કરતાં વધારે હોય એવી વસ્તુઓમાંથી કોઈ વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાથી પણ સવાબ પ્રાપ્ત થાય છે :

છઠ્ઠો મસ્અલો એ છે કે, આયતમાં બતાવવામાં આવ્યું છે કે સંપૂર્ણ ભલાઈ

અને મોટો સવાબ તથા صَفِّ اَبْــــرَارْ (સફ્ફે અબરાર) "ઉચ્ચ પ્રકારની ફઝીલત (શ્રેષ્ઠતા)" એ બાબત ઉપર અવલંબિત છે કે, પોતાની અતિપ્રિય વસ્તુને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે, પરંતુ તેનાથી એવું જરૂરી નથી કે, જરૂરિયાત કરતાં વધારે ફાલતુ માલ-સામાન ખર્ચ કરનારને કોઈ સવાબ જ નથી મળતો. બલકે, આયતના અંતમાં જે ઈરશાદ થયો છે وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فَاِنَّ اللّٰهَ بِـــهٖ عَلِيْمٌ ۞ "તમે (તમારા) માલમાંથી જે કંઈ પણ (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરશો અલ્લાહ તેને સારી પેઠે જાણે છે." આ આયતના આ વાક્યનો અર્થ એ છે કે, જો કે, સંપૂર્ણ ભલાઈ અને ઉચ્ચ કક્ષાની ફઝીલત તો પોતાની અતિપ્રિય વસ્તુ ખર્ચ કરવા ઉપર જ અવલંબિત છે, પરંતુ કોઈપણ સદકહ સવાબથી ખાલી નથી. ભલે અતિપ્રિય વસ્તુ ખર્ચ કરે અથવા જરૂરિયાત કરતાં વધારાની વસ્તુ અથવા તો ફાલતુ વસ્તુ ખર્ચ કરે ! પરંતુ હા ! એ બાબતની મનાઈ છે કે, કોઈ વ્યક્તિ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માટે માત્ર રદ્દી અને બેકાર વસ્તુઓ આપવાની જ રીત અપનાવે અને તેને ટેવ બનાવી લે કે, જ્યારે પણ ખર્ચ કરે ફાલતું અને ખરાબ વસ્તુ જ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માટે કાઢે ! પરંતુ જે વ્યક્તિ સદકહ અને ખયરાતમાં પોતાની અતિપ્રિય અને ઉમદહ વસ્તુઓને પણ ખર્ચ કરતો રહે છે અને પોતાની જરૂરિયાતથી વધારાની વસ્તુઓ જેમકે વધેલી ખાવાની વસ્તુઓ (ભોજન), જૂના કપડાં, જૂના વાસણો અથવા અન્ય ઉપયોગની વસ્તુઓ ખયરાતમાં આપી દે છે, તો એવો સદકહ કરનારને કોઈ ગુનોહ નહીં થાય, બલકે તેને ચોક્કસ સવાબ મળશે સાથે-સાથે મનપસંદ વસ્તુઓના ખર્ચ કરવાથી તેને સંપૂર્ણ ભલાઈ પણ પ્રાપ્ત થશે અને તે "સફ્ફે અબરાર" صَفِّ اَبْــــرَارْ (ઉત્તમ શ્રેણી)માં પણ પ્રવેશ પામશે.

આયતના અંતિમ વાક્યમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે, વ્યક્તિ જે કંઈ પણ ખર્ચ કરે છે તેની અસલી હકીકત અલ્લાહ જ જાણે છે કે, આ વસ્તુ તેની ડમનપસંદ હતી કે નહિ ? અને તે વ્યક્તિ આ વસ્તુ ઈખ્લાસ સાથે અલ્લાહને રાજી રાખવા ખર્ચ કરી રહ્યો છે કે, માત્ર નામના માટે ખર્ચ કરે છે ? ફક્ત કોઈના મૌખિક દા'વા આ બાબતે પૂરતા નથી કે, હું મારી અતિપ્રિય વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી રહ્યો છું બલકે, સર્વજ્ઞ અને સર્વવ્યાપી અલ્લાહ કે જે દિલોના ભેદ પણ જાણે છે, તે જોઈ રહ્યો છે કે વાસ્તવમાં તે કઈ વસ્તુ ખર્ચ કરી રહ્યો છે ?

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૯૩-૯૪-૯૫)

كُلُّ الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيٓ اِسْرَآءِيْلَ اِلَّا مَا حَرَّمَ اِسْرَآءِيْلُ عَلٰى نَفْسِهٖ مِنْ قَبْلِ
اَنْ تُنَزَّلَ التَّوْرٰىةُ ۭ قُلْ فَاْتُوْا بِالتَّوْرٰىةِ فَاتْلُوْھَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۹۳﴾ فَمَنِ
افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ مِنْۢ بَعْدِ ذٰلِكَ فَاُولٰۗىِٕكَ ھُمُ الظّٰلِمُوْنَ ﴿۹۴﴾ قُلْ صَدَقَ
اللّٰهُ ۣ فَاتَّبِعُوْا مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ۭ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۹۵﴾

તરજુમો :

બધું જ ખાવું-પીવું બની ઈસ્રાઈલ માટે હલાલ હતું પરંતુ એના સિવાય કે ઈસ્રાઈલે જે તવરાત નાઝિલ થતાં પહેલાં પોતાના માટે હરામ કરી લીધું હતું, તમે કહી આપો કે તવરાત લાવો અને પઢો જો તમે (તમારા દા'વામાં) સાચા છો ! (૯૩) પછી જો કોઈ ત્યારબાદ અલ્લાહ સાથે જૂઠનો સંબંધ જોડે તો તે લોકો જ અન્યાયી (અત્યાચારી) છે. (૯૪) તમે કહી આપો ! અલ્લાહે સાચું કહ્યું હવે તમે ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતના દીને હનીફ (એકમાત્ર અલ્લાહને બંદગીના પાત્ર ઠરાવનાર)ના તા'બે થઈ જાઓ અને તેઓ (ઈબ્રાહીમ અલૈ.) મુશ્રિકોમાંથી ન હતા. (૯૫)

તફસીર :

(જે ખાવાની વસ્તુઓની તમે ચર્ચા કરી રહ્યા છો કે) બધી ખાવાની વસ્તુઓ (હઝરત ઈબ્રાહીમ અલૈ.ના સમય સુધી હરામ ન હતી પરંતુ આ વસ્તુઓ) તવરાત નાઝિલ થતા પહેલાં અમુક વસ્તુઓ સિવાય (જેમકે ઊંટણીનું દૂધ અને માંસ) જેને (હઝરત) યાકૂબ (અલૈ.)એ (એક ખાસ કારણથી) પોતાના ઉપર હરામ કરી લીધું હતું (અને પછી તે એમની ઔલાદમાં પણ હરામ હોવાનો રિવાજ ચાલ્યો આવ્યો, બાકી બધી વસ્તુઓ પોતે) બની ઈસ્રાઈલ (સુધી તેમના) માટે (પણ) હલાલ હતી (તો ઈબ્રાહીમ અલૈ.ના સમયથી તે હરામ હોવાનો દા'વો ક્યાં સુધી સાચો કહી શકાય છે ? અને તે પણ તવરાતના નાઝિલ થતા પહેલાં. એટલા માટે ફરમાવ્યું કે, તવરાત નાઝિલ થયા પછી આ હલાલ વસ્તુઓમાંથી પણ અમુક જ વસ્તુઓ હરામ થઈ હતી, જેની અમુક વિગત સૂરએ અન્આમની

આયત وَعَلَى الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِىْ ظُفُرٍ اِلٰى اٰخِرِهَا માં આવશે અને જો હજુપણ યહૂદીઓ તે વસ્તુઓ હરામ હોવાની જૂની માન્યતાનો દા'વો કરે છે તો હે મુહમ્મદ ﷺ ! તેમને) કહી આપો કે (વારૂં) પછી તવરાત લાવો પછી તેને (લાવીને) પઢો જો તમે તમે (મજકૂર દા'વામાં) સાચા છો (તો તેમાંથી કોઈ આયત વગેરે આ વિશે કાઢી આપો કારણ કે, પ્રસ્તુત હુકમમાં અલ્લાહના હુકમની નુસૂસ આવશ્યક છે અને તે સિવાયના બીજા પૂરાવાઓ અને લોકવાયકાઓની મનાઈ છે. ફક્ત તવરાત બાકી છે તો લાવો તેમાંથી બતાવી આપો; બસ તો તેઓ તે બતાવી ન શક્યા, અને તેઓ પોતાના દા'વામાં જૂઠા ઠર્યા. આગળ આ જ બાબતને કહેવામાં આવ્યું કે,) બસ જે વ્યક્તિ(ના આ દા'વાઓ અને દલીલો જૂઠી સાબિત થયા) પછી (પણ) અલ્લાહ તઆલા સાથે જૂઠનો સંબંધ જોડે (કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ અલૈ.ના સમયથી જ ઊંટનો ગોસ્ત અને દૂધ હરામ કર્યું છે,) તો એવા લોકો સૌથી મોટા અન્યાયી છે. તમે કહી આપો કે અલ્લાહ તઆલાએ સાચું કહ્યું, બસ (હવે) તમે (આ બધી કુર્આનની સચ્ચાઈની સાબિતીઓ મળ્યા પછી) ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતની (એટલે કે ઈસ્લામની) તા'બેદારી (પૈરવી) કરો, જેમાં લેશમાત્ર વકતા નથી અને તે (ઈબ્રાહીમ અલૈ.) મુશ્રિકોમાંથી ન હતા.

મસ્અલા અને બોધપાઠ :

ઉપરની આયતોમાં અહલે કિતાબની ચર્ચા ચાલી આવે છે, ક્યાંક યહૂદીઓ તો ક્યાંક નસારા; અથવા તો તે બંને ધર્મના લોકો સાથે; એક ચર્ચાનું આગળ વર્ણન આવે છે, જેનો કિસ્સો રૂહુલ મઆનીમાં વાહિદી અને કલબીની રિવાયતથી નકલ થયેલ છે કે, ‘‘જ્યારે રસૂલે કરીમ ﷺએ પોતે મિલ્લતે ઈબ્રાહીમ (અલૈ.) પર હોવાની શરીઅતના મૂળભૂત સિદ્ધાંતોના આધારે જાહેરાત કરી, તો યહૂદીઓ વાંધા ઉઠાવી કહેતા હતા કે, રસૂલે કરીમ ﷺ ઊંટનું માંસ અને દૂધ ખાય છે જ્યારે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ઉપર તો તે હરામ હતું. રસૂલે કરીમ ﷺએ જવાબ આપ્યો કે, બિલકુલ નહીં ! આ વસ્તુઓ તેમના માટે હલાલ હતી. યહૂદીઓએ કહ્યું કે, જેટલી વસ્તુઓ અમે હરામ સમજીએ છીએ તે બધી હઝરત નૂહ અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના સમયથી હરામ ચાલી આવે છે. એટલે સુધી કે, અમારા સમય સુધી તેના હરામ હોવાનો હુકમ ચાલુ છે, તો

અલ્લાહ તઆલાએ પ્રસ્તુત આયત ....كُلُّ الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيٓ إِسْرَآئِيلَ (બધું જ ખાવું-પીવું બની ઈસ્રાઈલ માટે હલાલ હતું....)માં તે યહૂદીઓ જૂઠા હોવાની જાહેરાત કરી, જેમાં ફરમાવવામાં આવ્યું કે તવરાત નાઝિલ થતા પહેલાં અમુક વસ્તુઓ સિવાય જેમકે, ઊંટનો ગોસ્ત કે, જેને હઝરત યાકૂબ (અલૈ.)એ એક ખાસ કારણથી પોતાની જાત ઉપર વ્યક્તિગત રીતે હરામ ઠરાવી લીધું હતું અને પછી તે તેમની ઔલાદમાં પણ હરામ હોવાનું ચાલ્યું આવ્યું. બાકી બધી વસ્તુઓ બની ઈસ્રાઈલ માટે પણ હલાલ હતી."

વાસ્તવમાં આ ઘટના એમ છે કે, હઝરત ઈબ્ને અબ્બાસની સહીહ રિવાયત પ્રમાણે હઝરત યાકૂબ (અલૈ.)ને "ઈરકૂન્નિસાઅ્" (Sciatica-રાંઝણી-સાથળના કે કેડના વા'ના દર્દ)ની બીમારી હતી. તેમણે મન્નત માની હતી કે, જો અલ્લાહ તઆલા તેમને તંદુરસ્તી આપશે તો પોતાને જે સૌથી વધારે પ્રિય ભોજન છે તેને છોડી દઈશ. જ્યારે તેમને તંદુરસ્તી મળી ગઈ તો હવે તેમનું સૌથી વધુ પ્રિય ભોજન ઊંટનું માંસ હતું તો તેમણે તેને છોડી દીધું. *(અખરજલ હાકિમ વગેરે બ સનદ સહીહ અન ઈબ્ને અબ્બાસ કઝાફિર્રૂહૂલ મઆની વ અખરજલ્ તિરમિઝી ફી સૂરતુ ર્રઅ્દ મરફુઅન્)* પછી આ જ હરામ વસ્તુ જેને મન્નતના કારણે હઝરત યાકૂબ (અલૈ.)એ પોતાના ઉપર હરામ કરી લીધી હતી, બની ઈસ્રાઈલમાં પણ આ વસ્તુઓ હરામ હોવાનો હુકમ વહી દ્વારા બાકી રહી ગયો, તેનાથી જાણ થાય છે કે, તેમની શરીઅતમાં કોઈ વસ્તુ મન્નત માની લેવાથી પણ હરામ થઈ જતી હશે, પરંતુ કોઈ હલાલ વસ્તુને હરામ કરવાની મન્નત માનવી આપણી શરીઅતમાં જાઇઝ નથી બલકે, તેમાં સોગંદ લીધા (કસમ ખાધી) હશે તો તોડવા પડશે અને પછી તેનો કફ્ફારો પણ આપવો પડશે. كَمَا قَالَ اللّٰهُ تَعَالٰى لِمَ تُحَرِّمُ مَآ اَحَلَّ اللّٰهُ لَكَ... الاٰية (....તમે શા માટે હરામ કરો છો જ્યારે કે તમારા માટે અલ્લાહે હલાલ કર્યું છે ? ૬૬:૧) આ જ પ્રમાણે તફસીરે કબીરમાં પણ આવેલ છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૯૬)

إِنَّ أَوَّلَ بَيْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِى بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلْعٰلَمِينَ ﴿٩٦﴾

તરજુમો :

બેશક ! સૌ પ્રથમ ઘર જે લોકો માટે નક્કી કરવામાં આવ્યું એ જ છે જે મક્કામાં છે, બરકતવાળું, અને બધી જ દુનિયાઓ માટે હિદાયત (માર્ગદર્શક). (૯૬)

તફસીર :

ચોક્કસ તે મકાન જે સૌ પ્રથમ (ઈબાદત કરવાના મકાન તરીકે) લોકો માટે (અલ્લાહ તરફથી) નક્કી કરવામાં આવ્યું, તે મકાન મક્કા શહેરમાં છે (એટલે કે ખાનાએ કા'બા) જે બરકતવાળું છે (કારણ કે તેમાં દીની લાભ અને સવાબ છે) અને (ખાસ ઈબાદતો દાખલા તરીકે નમાઝ પઢવા માટેની દિશા પણ તેના દ્વારા નક્કી કરવામાં આવી છે અને) સમગ્ર વિશ્વના લોકો માટે માર્ગદર્શક છે (મતલબ એ કે ત્યાં હજ્જ થાય છે અને હદીષના વર્ણનો આધારે ત્યાં નમાઝ પઢવાનો સવાબ અન્ય મસ્જિદોમાં નમાઝ પઢવા કરતાં વધારે મળે છે અને દીની બરકતો પણ ઘણી છે અને જે ત્યાં હાજર નથી તેમને પણ આ ખાનાએ કા'બા તરફ જ મોઢું કરી નમાઝ પઢવાની હોય છે. આમ, તે દિશા બતાવવામાં લોકોનું માર્ગદર્શન પણ કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં સમગ્ર વિશ્વના મકાનોમાં એટલે સુધી કે, સમગ્ર વિશ્વની બધી જ મસ્જિદોમાં બયતુલ્લાહ એટલે કે ખાનાએ કા'બાને પ્રતિષ્ઠા અને વિશેષ સન્માન મળ્યું હોવાનું વર્ણન છે અને આ પ્રતિષ્ઠા અને ફઝીલતના ઘણા બધા કારણો છે.

બયતુલ્લાહની ફઝીલત (શ્રેષ્ઠતા) અને તેના બાંધકામનો ઇતિહાસઃ

(૧) બયતુલ્લાહ દુનિયાની સાચી ઈબાદતગાહોમાંથી સૌથી પહેલી ઈબાદતગાહ છે.

(૨) તે બરકતવાળું છે.

(૩) તે સમગ્ર વિશ્વ માટે હિદાયત અને માર્ગદર્શક છે.

આયતના શબ્દોનો ખુલાસો એ છે કે, "સૌ પ્રથમ ઘર જે અલ્લાહ તરફથી લોકો માટે નક્કી કરવામાં આવ્યું છે તે મક્કામાં છે." તેનો અર્થ એ છે કે,

દુનિયામાં સૌ પ્રથમ ઈબાદતનું સ્થળ ખાનાએ કા'બા છે, તેનું સ્વરૂપ એવું પણ હોઈ શકે છે કે, દુનિયામાં જેટલા પણ ઘરો બન્યા તેમાં સૌથી પ્રથમ ઘર અલ્લાહની ઈબાદત માટે બનાવવામાં આવ્યું હતું, તેનાથી પહેલાં ન તો કોઈ ઈબાદતખાનું હતું અને ન જ કોઈનું વ્યક્તિગત મકાન અસ્તિત્વમાં આવ્યું હતું. હઝરત આદમ (અલૈ.) અલ્લાહના નબી છે, તેમની શા'ન પ્રમાણે એ બાબત કોઈ મુશ્કેલ ન હતી કે તેઓ પૃથ્વી પર આવ્યા પછી પોતાનું ઘર બનાવતા પહેલાં અલ્લાહનું ઘર એટલે કે ઈબાદતની જગ્યા બનાવી લે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, મુજાહિદ, કતાદહ, સુદ્દી વગેરે સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) એવો જ મત ધરાવે છે કે, કા'બા જગતનું સર્વપ્રથમ મકાન છે અને એવું પણ શક્ય છે કે, લોકોના રહેઠાણ તરીકે બનાવવામાં આવતા મકાનો તેના બાંધકામ પહેલાં કદાચ બની ચૂક્યા હોય, પરંતુ આ ખાનાએ કા'બા ઈબાદત માટેનું પ્રથમ મકાન બન્યું છે. હઝરત અલી (રદિ.)થી પણ આ જ પ્રમાણે નકલ થયું છે.

બયહકી (રહ.)એ પોતાની કિતાબ "દલાઈલુન્નુબુવ્વહ"માં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ (રદિ.)થી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "હઝરત આદમ (અલૈ.) અને હવ્વા (અલૈ.)ના દુનિયામાં આવ્યા પછી અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) દ્વારા તેમને એ હુકમ મોકલ્યો કે, તેઓ બયતુલ્લાહ (કા'બા) બનાવે. તેમણે હુકમ પૂરો કર્યો, તો તેમને હુકમ આપવામાં આવ્યો કે, તેનો તવાફ (પ્રદક્ષિણા) કરે અને તેમને કહેવામાં આવ્યું કે, તમે "અવ્વલુન્નાસ" એટલે કે 'સૌ પ્રથમ મનુષ્ય' છો અને આ મકાન اَوَّلُ بَيْتٍ وُّضِعَ لِلنَّاسِ છે. (એટલે કે સૌથી પ્રથમ ઘર જે લોકો માટે નક્કી કરવામાં આવ્યું છે.)"

(ઈબ્ને કસીર, ضَعَّفَهُ ابْنُ كَثِيرٍ بِابْنِ لَهِيعَةَ وَلَايَخْفٰى اِنَّهُ لَيْسَ بِمَتْرُوْكِ الْحَدِيْثِ مُطْلَقًا وَلَاسِيَّمَافِىْ هٰذَاالْمَقَامِ فَاِنَّ الرِّوَايَةَ قَدْتَاَيَّدَتْ بِاِشَارَاتِ الْكِتَابِ،)

અમુક રિવાયતોમાં છે કે, હઝરત આદમ (અલૈ.)નું આ ખાનાએ કા'બાનું બાંધકામ હઝરત નૂહ (અલૈ.)ના સમયકાળ સુધી બાકી હતું. હઝરત નૂહ (અલૈ.)ના જળપ્રલય વખતે તે જમીનદોસ્ત થઈ ગયું અને તેની નિશાનીઓ પણ નષ્ટ પામી. ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તે જ બુનિયાદો (પાયાઓ)

પર ફરીવાર ખાનાએ કા'બા બાંધ્યું, પછી એ સમયે કોઈ દૂર્ઘટનામાં તે મકાન જમીનદોસ્ત થઈ ગયું, તો "કબીલએ જરહમ"ના એક સમૂહે તેને ફરી બાંધ્યું. પછી એક સમયે ફરી પાછું જમીનદોસ્ત થયું તો "અમાલિકા"ના લોકોએ તેને બાંધ્યું. ફરી જ્યારે જમીનદોસ્ત થઈ ગયું તો કુરૈશે રસૂલુલ્લાહ ﷺની યુવાવસ્થા દરમિયાન તેને ફરી બાંધ્યું, જેમાં રસૂલે કરીમ ﷺએ પોતે પણ ભાગ લીધો અને "હજ્રે અસ્વદ"ને પોતાના મુબારક હાથોથી યોગ્ય સ્થળે સ્થાપિત કર્યો, પરંતુ કુરૈશે આ બાંધકામ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણીથી વિપરીત અલગ પ્રકારનું બાંધકામ કર્યું હતું કે, બયતુલ્લાહનો એક ભાગ બયતુલ્લાહથી અલગ કરી દીધો, જેને "હતીમ" કહેવામાં આવે છે. ખલીલુલ્લાહ (અલૈ.)ના બાંધકામમાં કા'બાના બે દરવાજા હતા. એક પ્રવેશ માટે અને બીજો પાછળના ભાગે બહાર નીકળવા માટે, કુરૈશે ફક્ત પૂર્વ તરફનો દરવાજો યથાવત્ રાખ્યો અને ત્રીજું પરિવર્તન એ કર્યું કે, બયતુલ્લાહનો દરવાજો જમીનની સપાટીથી ઘણો ઊંચો કરી દીધો, જેથી દરેક વ્યક્તિ સરળતાથી તેમાં દાખલ ન થઈ શકે. બલકે, જેને તેઓ પરવાનગી આપે તે જ અંદર જઈ શકે. રસૂલુલ્લાહ ﷺએ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને ફરમાવ્યું કે, "મારું દિલ ઈચ્છે છે કે, હાલના બાંધકામને જમીનદોસ્ત કરીને તેના ઉપર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી પ્રમાણે ખાનાએ કા'બા બનાવી આપું અને કુરૈશે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી વિરૂદ્ધ જે ફેરફારો કર્યા છે તેને સુધારી આપું, પરંતુ નવા મુસલમાનો અને અભણ મુસલમાનોમાં ગૈરસમજ પૈદા થવાનો ભય છે. એટલા માટે તેને એ જ હાલત પર છોડી દઉં છું." આ ઈરશાદ પછી રસૂલે કરીમ ﷺ દુનિયામાં લાંબો સમય હયાત ન રહ્યા.

પરંતુ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ના ભાણા અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)એ રસૂલે કરીમ ﷺનું આ ફરમાન સાંભળ્યું હતું. ખુલફાએ રાશિદીનના સમય પછી જ્યારે મક્કા મુકર્રમહ ઉપર તેમની હુકૂમત હતી તો તેમણે બયતુલ્લાહને જમીનદોસ્ત કરીને રસૂલે કરીમ ﷺના ઈરશાદ પ્રમાણે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બાંધકામ પ્રમાણે બનાવી દીધું. પરંતુ અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરની હુકૂમત મક્કા મુકર્રમહમાં થોડાક જ દિવસ રહી હતી. જાલિમ હજ્જાજ બિન યુસૂફે મક્કા ઉપર આક્રમણ કરીને તેમને શહીદ કરી દીધા અને હુકૂમત પર

કબજો કરી લીધો. તેને એ વાત પસંદ ન હતી કે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)નું ખાનાએ કા'બાનું બાંધકામ તેમની પ્રતિષ્ઠા અને સન્માનનું માધ્યમ બની આવનારા સમયમાં પણ બાકી રહે, એટલે લોકોમાં એવું મશહૂર કરી દીધું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)નું આ (ખાનાએ કા'બાના બાંધકામનું) કાર્ય ખોટું હતું. રસૂલુલ્લાહ ﷺએ તેને જે હાલતમાં છોડયું હતું અમે તેને એ જ પરિસ્થિતિમાં રાખવા ઈચ્છીએ છીએ. આવા બહાનાથી તેણે બયતુલ્લાહને ફરી જમીનદોસ્ત કરી તેના ઉપર બાંધકામ કર્યું અને જે પ્રમાણે જાહિલિયત (અજ્ઞાનતા)ના સમયમાં કુરૈશે બાંધકામ કર્યું હતું. હજ્જાજ બિન યુસૂફે તે જ પ્રમાણે તેનું બાંધકામ કર્યું. હજ્જાજ બિન યુસૂફ પછી આવનારા અમુક મુસ્લિમ બાદશાહોએ પણ રસૂલે કરીમ ﷺની ઉપરોક્ત હદીષના આધારે એવો ઈરાદો કર્યો કે, બયતુલ્લાહને નવેસરથી રસૂલે કરીમ ﷺની હદીષ પ્રમાણે બનાવી આપીએ. પરંતુ તે સમયના ઈમામ હઝરત ઈમામ માલિક બિન અનસ (રહ.)એ એવો ફતવો આપ્યો કે "વારેઘડીએ બયતુલ્લાહને જમીનદોસ્ત કરવાની અને નવેસરથી બનાવવાની પ્રથાના કારણે હવે પછી આવનારા બાદશાહો બયતુલ્લાહને એક રમકડું બનાવી દેશે. દરેક આવનારો બાદશાહ પોતાની પ્રતિષ્ઠા માટે આવું જ કામ કરશે. એટલા માટે હવે તે જે હાલતમાં છે તેને એવી જ હાલતમાં છોડી દેવું યોગ્ય છે." તમામ ઉમ્મતે તેનો સ્વીકાર કરી લીધો એ કારણથી આજ સુધી તે જ હજ્જાજ બિન યુસૂફનું બાંધકામ બાકી છે. જો કે, રિપેરીંગ કામનો ક્રમ હંમેશા ચાલુ રહ્યો છે.

આ રિવાયતોથી એક બાબતની જાણ થાય છે કે, કા'બા દુનિયાનું સૌ પ્રથમ ઘર છે અથવા તો સૌ પ્રથમ ઈબાદત માટે બાંધવામાં આવેલું મકાન છે. કુર્આને કરીમમાં જ્યાં એવો ઉલ્લેખ છે કે, કા'બાનું બાંધકામ અલ્લાહ તઆલાના હુકમથી હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ કર્યું છે ત્યાં એ પણ ઈશારો મૌજૂદ છે કે, આ નબીઓએ તેનું શરૂઆતનું બાંધકામ નથી કર્યું, બલકે, પાછળના બાંધકામના પાયાઓ ઉપર પુનઃનિર્માણ કર્યું છે અને કા'બાની અસલ બુનિયાદ (પાયો) તો પહેલેથી જ અસ્તિત્વમાં હતો. કુર્આને કરીમમાં ઈરશાદ છે, وَاِذْ یَرْفَعُ اِبْرٰهٖمُ الْقَوَاعِدَ مِنَ الْبَیْتِ وَاِسْمٰعِیْلُ "અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.) ઘર (કા'બા)ના પાયાઓ ઈસ્માઈલ (અલૈ.) સાથે મળીને ઉઠાવતા હતા."

(સૂ:૨, આ:૧૨૭)નો આ જ અર્થ થાય છે કે, 'કવાઇદે બયતુલ્લાહ' એટલે કે તેની બુનિયાદો (પાયાઓ) પ્રથમથી જ મૌજૂદ હતી. સૂરએ હજ્જની આયતમાં છે,

وَاِذْ بَوَّأْنَا لِاِبْرٰهِيْمَ مَكَانَ الْبَيْتِ

"જ્યારે અમે ઠીક કરી દીધું ઈબ્રાહીમ (અલૈ.) માટે તેના ઘરનું ઠેકાણું."

(સૂ: ૨૨, આ:૨૬)

તેનાથી પણ એ જ જાણ થાય છે કે બયતુલ્લાહની જગ્યા પ્રથમથી જ નક્કી થયેલી હતી અને અગાઉની આયતથી પણ તેની બુનિયાદો (પાયાઓ) અસ્તિત્વમાં હોવાનો અર્થ સમજી શકાય છે.

અમુક રિવાયતોમાં છે કે, જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને બયતુલ્લાહના બાંધકામનો હુકમ આપવામાં આવ્યો તો ફરિશ્તાઓ દ્વારા તેમને બયતુલ્લાહના સ્થળે અગાઉના પાયાઓની નિશાનીઓ પણ બતાવવામાં આવી જે રેતીના ઢગલા નીચે દબાયેલી હતી.

ઉપરોક્ત આયતથી કા'બાની એક ફઝીલત એ સાબિત થાય છે કે, તે દુનિયાનું સૌ પ્રથમ ઘર અથવા સૌ પ્રથમ ઈબાદતનું મકાન છે. "સહીહૈન"ની એક હદીષમાં છે કે હઝરત અબૂઝર (રદિ.)એ રસૂલે કરીમ ﷺને પૂછ્યું કે, "દુનિયાની સૌ પ્રથમ મસ્જિદ કઈ છે ?" આપ ﷺએ ફરમાવ્યું, "મસ્જિદે હરામ !" તેમણે વિનંતી કરી, "ત્યાર પછી કઈ મસ્જિદ છે ?" આપ ﷺએ ફરમાવ્યું, "મસ્જિદે બયતુલ મુકદ્દસ !" પછી તેમણે પૂછ્યું કે "તે બંનેના બાંધકામ દરમિયાન કેટલા સમયનું અંતર છે ?" આપ ﷺએ ફરમાવ્યું, "૪૦ વર્ષનું !"

આ હદીષમાં બયતુલ્લાહનું પુનઃનિર્માણ (નવેસરનું બાંધકામ) જે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના હાથોથી થયું હતું તેના આધારે કા'બા શરીફ તથા બયતુલ મુકદ્દસના બાંધકામ વચ્ચેનો સમયગાળો ૪૦ વર્ષ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે. કારણ કે, રિવાયતોથી એવું પણ સાબિત થાય છે કે, બયતુલ મુકદ્દસનું શરૂઆતનું બાંધકામ પણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) દ્વારા બયતુલ્લાહના ૪૦ વર્ષો પછી થયું હતું અને હઝરત સુલૈમાન (અલૈ.)એ બયતુલ મુકદ્દસનું જે બાંધકામ કર્યું હતું તે બયતુલ્લાહના હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કા'બાના

બાંધકામ જેવું નવું અથવા શરૂઆતનું બાંધકામ ન હતું બલકે, હઝરત સુલૈમાન (અલૈ.)એ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બયતુલ મુકદસના બાંધકામનું નવીનીકરણ કર્યું હતું. એટલા માટે આ રિવાયતોમાં પરસ્પર કોઈ વિરોધાભાસ નથી.

ખુલાસો એ નીકળે છે કે, હંમેશાથી દુનિયામાં કા'બતુલ્લાહનું સન્માન થઈ રહ્યું છે. શબ્દ وُضِعَ لِلنَّاسِ (લોકો માટે નક્કી કર્યું)માં તે તરફ પણ ઈશારો છે કે, આ ઘરનું સન્માન અને પ્રતિષ્ઠા કોઈ એક ખાસ સમુદાય અથવા સમૂહ સાથે સંલગ્ન નથી. બલકે, સમગ્ર મખ્લૂક અને બધા જ મનુષ્યો તેની ઈજ્જત કરશે. કા'બામાં અલ્લાહ તઆલાએ એક પ્રકારનું આકર્ષણ અને પ્રભાવ સ્થાપિત કર્યો છે કે, લોકોના હૃદયો (દિલો) આપોઆપ તેના તરફ આકર્ષિત થાય છે. તેમાં શબ્દ "બક્કા" بَكَّة નો અર્થ મક્કએ મુઅઝ્ઝમહ છે, ભલે "મીમ" میم ને "બાઅ્" باء શબ્દથી બદલવામાં આવ્યો હોય ! અરબના કલામ (વાતચીતની ભાષા)માં આવા ઉદાહરણો મોટાભાગે જોવા મળશે જેમાં "મીમ" میم ના બદલે "બાઅ્" باء બોલવામાં આવે છે દાખલા તરીકે "મક્કા"નું બીજું નામ "બક્કા" પણ છે.

બયતુલ્લાહની બરકતો :

આ આયતમાં બયતુલ્લાહની અન્ય ફઝીલતોનું વર્ણન કરવામાં આવ્યું છે કે, "મુબારક" مُبَارَكٌ, શબ્દ "બરકત" بَرَكَتٌ સાથે સંબંધ ધરાવે છે. "બરકત" શબ્દનો અર્થ "વૃદ્ધિ" અથવા "કાયમ રહેવું" થાય છે. કોઈ વસ્તુની વૃદ્ધિ એવી રીતે થઈ શકે છે કે, તેનું કદ, દળ (દ્રવ્યમાન) અથવા જે–તે પદાર્થનું સંખ્યાબળ વધી જાય. એ જ પ્રમાણે એવું પણ થઈ શકે છે કે, પદાર્થના કદ, દળ અથવા સંખ્યાબળમાં કોઈ વૃદ્ધિ થતી નથી, પરંતુ તેનાથી એટલા બધા કાર્યો થતા ચાલે કે, જેટલા કાર્યો સ્વાભાવિકપણે પૂર્ણ કરવા માટે તેનાથી વધારે પદાર્થની આવશ્યકતા હોય છે, આ બાબતને ભૌતિક સિદ્ધાંતો આધારે પણ "વૃદ્ધિ" કહી શકાય છે.

બયતુલ્લાહ બરકતવાળુ હોવું તો જગજાહેર છે. ભૌતિક રીતે તેની બરકતોની સાબિતી એ છે કે, મક્કા અને તેની આસપાસનું પર્યાવરણ એક સૂકું રણ છે અને બંજર જમીન હોવા છતાં તેમાં હંમેશા દરેક ઋતુમાં દરેક પ્રકારના ફળો, શાકભાજી તથા જીવનજરૂરિયાતની દરેક વસ્તુ ઉપલબ્ધ રહે છે, આવી નેઅ્મતો ફક્ત મક્કાના નિવાસીઓ માટે જ નહીં બલકે, વિશ્વભરમાંથી

આવનારા યાત્રાળુઓ માટે પણ પૂરતી હોય છે, અને આવનારા યાત્રાળુઓની પરિસ્થિતિ તો જગજાહેર છે કે ખાસ હજ્જ સમયે વિશ્વભરમાંથી લાખો માણસો ચારે તરફથી ભેગા થાય છે. જેની સંખ્યા મક્કાના નિવાસીઓ કરતાં ૪-૫ ઘણી હોય છે. આટલી મોટી સંખ્યા ફક્ત બે-ચાર દિવસ માટે જ નહીં, પરંતુ મહિનાઓ સુધી ત્યાં રહે છે. હજ્જના સમય સિવાય પણ કોઈ સમય એવો નથી હોતો જેમાં બહારથી હજારો વ્યક્તિઓનું ત્યાં આવાગમન ચાલું રહેતું ન હોય ! પછી ખાસ હજ્જની ઋતુમાં જ્યારે કે ત્યાં લાખોની સંખ્યામાં માણસો ભેગા થયા હોય છે, ક્યારેય એવું સાંભળવા નથી મળ્યું કે મક્કાની માર્કેટમાં કોઈ સમયે પણ જીવન જરૂરી ચીજવસ્તુઓની અછત ઊભી થઈ હોય ! અથવા તો મળતી જ ન હોય ! એટલે સુધી કે કુર્બાનીના જાનવરોની જ વાત કરીએ તો ઘણા લોકો ત્યાં પહોંચીને એકથી વધારે કુર્બાનીઓ કરતા હોય છે અને સરેરાશ દરેક વ્યક્તિ એક કુર્બાની તો ચોક્કસ કરતો જ હોય છે, આટલી મોટી કુર્બાનીના જાનવરોની માંગ હોવા છતાં ત્યાં આ કુર્બાનીના જાનવરો હંમેશા ઉપલબ્ધ રહે છે, એવું પણ નથી સાંભળ્યું કે આ જાનવરો અન્ય દેશોમાંથી આયાત કરવાનો કોઈ બંદોબસ્ત કરવામાં આવતો હોય ! કુર્આને કરીમમાં يُجْبٰٓى اِلَيْهِ ثَمَرٰتُ كُلِّ شَيْءٍ એટલે કે "તેમાં દરેક પ્રકારના ફળો બહારથી લાવવામાં આવે છે." આ શબ્દોમાં પણ તે તરફ સ્પષ્ટ ઈશારો મૌજૂદ છે.

આ તો જાહેર આંખે ઊડીને દેખાય તેવી બરકતો છે, જે ઈસ્લામના મૂળ હેતુ માટે જરૂરી પણ નથી બલકે, મનુષ્યની ભૌતિક જરૂરિયાતની વસ્તુઓ છે, ઉપરાંત અહીંયાં આધ્યાત્મિક અને અદશ્ય બરકતો તો એટલી બધી છે કે તેને ગણી પણ ન શકાય ! અમુક મહત્ત્વની ઈબાદતો તો બયતુલ્લાહની સાથે વિશેષરૂપે સંબંધ ધરાવે છે, તેમાં જે મહાન સવાબ અને રૂહાની બરકતો છે એ બધાનો જ આધાર બયતુલ્લાહ ઉપર છે. દાખલા તરીકે હજ્જ અને ઉમરહ. અને અમુક બીજી ઈબાદતોનો સવાબ પણ મસ્જિદે હરામમાં અનેકઘણો વધી જાય છે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "કોઈ વ્યક્તિ ઘરમાં નમાઝ પઢે તેને એક નમાઝનો સવાબ મળશે અને જો પોતાના મહોલ્લાની મસ્જિદમાં (નમાઝ) અદા કરે તેને પચ્ચીસ (૨૫) નમાઝોનો સવાબ મળશે અને જે જામેઅ્ મસ્જિદમાં અદા કરે તો પાંચસો (૫૦૦) નમાઝોનો સવાબ મેળવશે, અને જો મસ્જિદે અકસામાં

અદા કરે તો એક હજાર (૧૦૦૦) નમાઝોનો સવાબ મળશે અને મારી મસ્જિદ (મસ્જિદે નબવી ﷺ)માં નમાઝ અદા કરે તો પચાસ હજાર (૫૦,૦૦૦) નમાઝોનો સવાબ મળે છે અને મસ્જિદે હરામમાં એક લાખ (૧,૦૦,૦૦૦) નમાઝોનો !'' આ રિવાયત ઇબ્ને માજહ અને તહાવી વગેરેએ નકલ કરી છે. હજ્જની ફઝીલતમાં આ હદીષ બધા જ મુસલમાનો જાણે છે કે, હજ્જ સાચા તરીકાથી અદા કરનારો મુસલમાન પાછલા ગુનાહોથી એવો પવિત્ર થઈ જાય છે જેમકે આજે જ માં ના પેટથી પાક–સાફ પૈદા થયો છે ! દેખીતું છે કે, આ બધી બયતુલ્લાહની ભૌતિક અને રૂહાની બરકતો જ છે. આ જ બરકતોને આયતના અંતમાં هُدًى (હુદન) શબ્દથી ઓળખાવવામાં આવી છે. مُبَارَكًا وَّهُدًى لِّلْعَالَمِينَ

આયત : (સૂરએ આલે ઇમ્રાન : આયત નં. ૯૭)

فِيهِ آيَاتٌ بَيِّنَاتٌ مَّقَامُ إِبْرَاهِيمَ ۖ وَمَن دَخَلَهُ كَانَ آمِنًا ۗ وَلِلَّهِ عَلَى النَّاسِ حِجُّ
الْبَيْتِ مَنِ اسْتَطَاعَ إِلَيْهِ سَبِيلًا ۚ وَمَن كَفَرَ فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنِ الْعَالَمِينَ ﴿٩٧﴾

તરજુમો :

તેમાં ખુલ્લી નિશાનીઓ છે જેમકે મકામે ઈબ્રાહીમ (અલૈ.), અને જે તેમાં પ્રવેશ્યો તેને સલામતી મળી; અને અલ્લાહનો લોકો ઉપર હક છે કે કા'બાની હજ્જ કરે, જે તેના તરફ માર્ગે ચાલવાની શક્તિ ધરાવતો હોય; અને જો ઈન્કાર કરે તો બેશક ! અલ્લાહ બધી દુનિયાઓથી બેનિયાઝ (બેપરવા) છે! (૯૭)

તફસીર :

તેમાં (અમુક સ્પષ્ટ અને અમુક અદૃશ્ય) ખુલ્લી નિશાનીઓ (તેની ફઝીલતની મૌજૂદ) છે (એટલે સ્પષ્ટ નિશાનીઓમાં તે મુબારક અને માર્ગદર્શક હોવાનું પ્રસ્તુત તફસીરમાં વર્ણન થઈ ચૂક્યું છે અને અમુક મકામે ઈબ્રાહીમ સ્વરૂપે પણ મૌજૂદ છે અને કા'બામાં પ્રવેશ પામનાર સલામતીનો હકદાર બની જાય છે) મજકૂર આ (નિશાનીઓ)માંથી એક મકામે ઈબ્રાહીમ(ની નિશાની પણ)

છે અને (એક સ્પષ્ટ નિશાની એ છે કે) જે વ્યક્તિ તે (હદો)માં દાખલ થઈ જાય તે (શરીઅતની રૂએ) સલામતીનો હકદાર બની જાય છે અને એક બીજી નિશાની એ છે કે) અલ્લાહને (ખુશ કરવા) માટે લોકોના માથે આ મકાનની હજ્જ કરવી (ફરજ) છે (પરંતુ બધાની જવાબદારી નથી બલકે, ખાસ-ખાસ લોકો માટે એટલે કે) જે વ્યક્તિ ત્યાં સુધી (પ્રવાસ કરી) પહોંચવાની શક્તિ ધરાવતો હોય અને જે વ્યક્તિ અલ્લાહના હુકમોનો ઈન્કારી થયો તો (અલ્લાહ તઆલાને શું જરૂર ?! કારણ કે) અલ્લાહ તઆલા સમગ્ર દુનિયા(વાળા)ઓથી ગની છે (કોઈના માનવા અથવા કોઈના ઈન્કાર કરવાથી તેનું કંઈ નુકસાન થતું નથી બલકે, ઈન્કાર કરનાર ખુદ પોતાનું જ નુકસાન કરી રહ્યો છે).

મસ્અલા અને બોધપાઠ :

બયતુલ્લાહની ત્રણ વિશેષતાઓ :

આ આયતમાં બયતુલ્લાહ એટલે કે ખાનાએ કા'બાની ત્રણ મહત્ત્વની વિશેષતાઓ વર્ણન કરવામાં આવી છે. તેમાં અલ્લાહની કુદરતની ઘણી નિશાનીઓ છે, તેમાંથી એક મકામે ઇબ્રાહીમ (અલૈ.) છે, બીજી એ કે, જે વ્યક્તિ કા'બામાં પ્રવેશ પામે છે તે સુરક્ષિત થઈ જાય છે. કોઈ તેને કતલ કરશે નહીં. ત્રીજું એ કે સમગ્ર દુનિયાના મુસલમાનો ઉપર આ બયતુલ્લાહની હજ્જ ફરજ છે, જો તે ત્યાં સુધી પહોંચવાની શક્તિ ધરાવતો હોય અને પ્રવાસ ખેડી શકવા માટે આર્થિક અને શારીરિક રીતે સક્ષમ હોય !

પ્રથમ બાબત કે તેમાં અલ્લાહ જલ્લ શા'નુહુની મોટી નિશાનીઓ છે, તેનો ખુલાસો એ છે કે, જ્યારથી બયતુલ્લાહ સ્થાપિત થયું છે તેની બરકતથી અલ્લાહ તઆલાએ મક્કા શહેરને વિરોધીઓના આક્રમણોથી સુરક્ષિત રાખ્યું છે. અબરહાએ હાથીઓનું લશ્કર લઈ ચઢાઈ કરી હતી તો અલ્લાહ જલ્લ શા'નુહુએ પોતાની સંપૂર્ણ કુદરત વડે તેને પક્ષીઓ દ્વારા તબાહ અને હલાક કરી નાંખ્યો. મક્કાના હરમમાં દાખલ થનાર વ્યક્તિ બલકે જાનવર પણ સુરક્ષિત થઈ જાય છે. જાનવરોમાં પણ તેની કુદરતી અનુભૂતિ જોવા મળે છે. હરમની હદોની અંદર જાનવરો પણ પોતાને સુરક્ષિત સમજે છે, ત્યાં જંગલી શિકારી જાનવરો પણ મનુષ્યથી દૂર ભાગતા નથી. સામાન્ય રીતે એવું પણ જોવા મળ્યું છે કે, બયતુલ્લાહની જે દિશાએ વરસાદ થાય છે દુનિયાના તે દિશાના પ્રદેશો ભરપૂર

વરસાદથી તરબોળ થાય છે. એક આશ્ચર્યજનક નિશાની એ પણ છે કે "જમરાત" જેના પર દરેક વર્ષે એક હાજી સાત-સાત કાંકરીઓ દરરોજ ત્રણ દિવસ સુધી ફેંકે છે અને દર વર્ષે લાખો હાજીઓ ત્યાં ભેગા થાય છે, આ બધી ભેગી થયેલી કાંકરીઓ જો ત્યાં પડેલી જ રહેવા દેવામાં આવે તો એક જ વર્ષમાં આ જમરાત કાંકરીઓના ઢગલા હેઠળ દબાઈ જાય અને અમુક જ વર્ષોમાં ત્યાં એક ટેકરો બની જાય ! જ્યારે કે, એ બાબત પણ સાબિત થયેલ છે કે, હજ્જના ત્રણ દિવસો પસાર થયા પછી ત્યાં કાંકરીઓનો એટલો મોટો ઢગલો ભેગો થતો નથી. અમુક જ કાંકરીઓ વેરાયેલી નજરે પડે છે, જેનું કારણ હદીષમાં આપ ﷺએ વર્ણન કર્યું છે કે, "આ કાંકરીઓ ફરિશ્તાઓ ઉઠાવી લે છે અને ફક્ત એવા લોકોની કાંકરીઓ જ ત્યાં બાકી રહી જાય છે જેમની હજ્જ કોઈ કારણથી કબૂલ ન થઈ હોય." અને આ જ કારણથી જમરાત પાસેથી કાંકરીઓ ઉઠાવીને "રમી" કરવાની મનાઈ કરવામાં આવી છે. કારણ કે, તે ગૈરમકબૂલ (અસ્વીકૃત) કાંકરીઓ છે ! રસૂલે કરીમ ﷺના આ ઇરશાદની સાબિતીનો દરેક જોનારો પોતાની આંખોથી અનુભવ કરી શકે છે કે, જમરાતની આજુ-બાજુ ઘણી થોડી કાંકરીઓ નજરે પડે છે. જ્યારે કે, ત્યાંથી આ કાંકરીઓ ઉઠાવવાનો અથવા તો આ જગ્યાએ કાંકરીઓને સાફ કરવાનો કોઈ બંદોબસ્ત ન તો સરકાર તરફથી થાય છે, ન જ લોકો તરફથી થાય છે.

આ જ કારણે શૈખ જલાલુદ્દીન સુયૂતિ (રહ.)એ "ખસાઈસે કુબ્રા"માં ફરમાવ્યું કે, "રસૂલુલ્લાહ ﷺના અમુક મોઅ્જિઝાઓ એવા પણ છે જે આપ ﷺની વફાત પછી પણ મૌજૂદ અને કાયમ છે અને કયામત સુધી બાકી રહેશે અને દરેક વ્યક્તિ તેનો અનુભવ કરી શકે છે. તેમાંથી એક તો કુર્આનનું એક અજોડ નમૂના સ્વરૂપે હોવું છે કે, આખી દુનિયા તેની મિસાલ (ઉદાહરણ) બનાવી લાવવા લાચાર છે. આ પ્રતિષ્ઠા જેવી રીતે નબી ﷺના સમયકાળમાં હતી, આજે પણ જેમની તેમ એ જ પ્રમાણે મૌજૂદ છે અને કયામત સુધી રહેશે. દરેક યુગના મુસલમાનો આખી દુનિયાને ચૅલેન્જ કરી શકે છે કે, فَأْتُوا بِسُورَةٍ مِّن مِّثْلِهِ "તો એના જેવી એક સૂરત બનાવી લાવો." (સૂ:૧૦, આ:૩૮) એવી જ રીતે જમરાત વિશે પણ રસૂલે કરીમ ﷺએ જે ઇરશાદ ફરમાવ્યો છે કે, તેના પર ફેંકેલી કાંકરીઓ અદશ્ય રીતે ફરિશ્તાઓ ઉઠાવી લે છે. ફક્ત તે બદ્નસીબ લોકોની

કાંકરીઓ જ બાકી રહી જાય છે જેમની હજ્જ કબૂલ નથી થતી. રસૂલે કરીમ ﷺના આ ઈરશાદની ખરાઈ પ્રત્યેક યુગમાં દરેક સદીમાં થઈ રહી છે અને કયામત સુધી થતી રહેશે. આ રસૂલુલ્લાહ ﷺનો હંમેશા બાકી રહેનારો મોઅ્જિઝો અને બયતુલ્લાહના સંદર્ભમાં અલ્લાહ તઆલાની એક મોટી નિશાની છે."

મકામે ઇબ્રાહીમ :

આ નિશાનીઓમાંથી એક મોટી નિશાની "મકામે ઈબ્રાહીમ" છે. એટલા માટે કુર્આને કરીમમાં તેના વિશે આગવી રીતે ઉલ્લેખ થયો છે. મકામે ઈબ્રાહીમ તે પથ્થર છે જેના ઉપર ઊભા રહીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ બયતુલ્લાહનું બાંધકામ કર્યું હતું અને અમુક રિવાયતોમાં છે કે, બયતુલ્લાહનું બાંધકામ જેમ-જેમ ઊંચું થતું જતું હતું તેમ-તેમ આપમેળે આ પથ્થર ઊંચો થતો હતો અને નીચે ઊતરતી વખતે નીચો થઈ જતો હતો. આ પથ્થર ઉપર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના મુબારક પગલાંના ઊંડા નિશાન આજ સુધી મૌજૂદ છે. દેખીતું છે કે, એક નિર્જીવ અને અમૂર્ત પથ્થરમાં આ વિશેષ લક્ષણ કે, તે જરૂરિયાત પ્રમાણે ઊંચો થઈ જતો હતો અથવા નીચો થઈ જતો હતો અને તેમાં એવી અસર ઉદ્‌ભવી કે, મીણ જેવો નરમ થઈને પગલાંના સંપૂર્ણ નિશાન પોતાનામાં ઉપસાવી લીધા, આ બધી અલ્લાહની કુદરત અને તેની નિશાનીઓ છે, જે બયતુલ્લાહની શ્રેષ્ઠતા અને ફઝીલતોના સંદર્ભમાં છે. આ પથ્થર બયતુલ્લાહની નીચે દરવાજા પાસે હતો. જ્યારે કુર્આનનો આ હુકમ નાઝિલ થયો કે મકામે ઈબ્રાહીમના સ્થળે નમાઝ પઢો وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرٰهِيْمَ مُصَلًّى ط "અને મકામે ઈબ્રાહીમને નમાઝની જગ્યા બનાવો." (સૂ:૨, આ:૧૨૫) તે સમયે તવાફ કરનારાઓની મસ્લિહતથી તેને ઉઠાવીને બયતુલ્લાહની સામે થોડાક અંતરે "મતાફ"થી બહાર "ઝમઝમ"ના કૂવા પાસે મૂકવામાં આવ્યો અને આજે પણ તે જ જગ્યાએ એક સુરક્ષિત ઓરડામાં તાળું લગાવી રાખવામાં આવે છે. તવાફ પછીની બે રકા'તો આ ઓરડાની પાછળ પઢવામાં આવે છે. હાલમાં એવો સુધારો થયો છે કે, આ ઓરડો તો હટાવી લેવામાં આવ્યો છે અને મકામે ઈબ્રાહીમને એક કાચના આવરણમાં સુરક્ષિત કરવામાં આવ્યું છે. (આ પરિસ્થિતિ ૪૦ વર્ષ અગાઉની છે. -અનુવાદક) મકામે ઈબ્રાહીમ ખાસ એક પથ્થરનું નામ છે અને તવાફ પછીની બે રકા'તો તેની ઉપર

અથવા તેની આસપાસ પઢવી ઉત્તમ છે પરંતુ "મકામે ઈબ્રાહીમ" શાબ્દિક અર્થના આધારે સમગ્ર "મસ્જિદે હરામ" સમજી શકાય છે. એટલા માટે ફુક્હાએ ફરમાવ્યું છે કે, "મસ્જિદે હરામ"ની અંદર જે સ્થળે પણ તવાફની નમાઝ પઢી લેવામાં આવશે તો વાજિબ અદા થઈ જશે.

બયતુલ્લાહમાં પ્રવેશ પામનાર સુરક્ષિત થઈ જાય છે :

પ્રસ્તુત આયતમાં બયતુલ્લાહની બીજી વિશેષતા એ બતાવવામાં આવી છે કે, જે કોઈ વ્યક્તિ તેમાં પ્રવેશ પામે છે તે સુરક્ષિત થઈ જાય છે. તેમાં પ્રવેશ પામનારનું સુરક્ષિત થઈ જવું એક તો શરીઅતની રૂએ છે, એટલે કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી લોકોને એ હુકમ છે કે, જે વ્યક્તિ બયતુલ્લાહમાં દાખલ થઈ જાય તો તેને સતાવવામાં ન આવે કે, તેને કતલ કરવામાં ન આવે અને જો કોઈ વ્યક્તિ કોઈની હત્યા કરીને અથવા કોઈ ગુનોહ કરીને ત્યાં ચાલ્યો જાય તો તેને પણ આ સ્થળે સજા આપવામાં ન આવે. બલકે, તેને મજબૂર કરવામાં આવે કે, તે હરમની બહાર નીકળે અને હરમની બહાર આવ્યા પછી જ તેને સજા આપવામાં આવે. આ રીતે હરમમાં પ્રવેશ પામનારો વ્યક્તિ શરઈ રીતે સુરક્ષિત થઈ જાય છે.

બીજું હરમમાં પ્રવેશ પામનારો એ રીતે પણ સુરક્ષિત થઈ જાય છે કે, અલ્લાહ તઆલા કુદરતી રીતે દરેક કૌમ અને સમાજના લોકોના દિલોમાં બયતુલ્લાહની માન-મર્યાદા અને ઈજ્જત પૈદા કરી આપે છે. અને ઘણી બાબતોમાં અન્નેક મતભેદો હોવા છતાં આ અકીદહ ઉપર બધા જ સહમત છે કે, તેમાં પ્રવેશ પામનારો ભલે તે ગુનેહગાર હોય કે પોતાનો દુશ્મન હોય, હરમના સન્માનનો તકાદો એ જ છે કે, ત્યાં તેને કંઈ જ કહેવામાં ન આવે. હરમને સામાન્ય લડાઈ-ઝઘડાઓથી પણ સુરક્ષિત રાખવામાં આવે. અરબના અજ્ઞાનતાકાળમાં તેમના વિવિધ કબીલાઓના લોકોમાં ભલે ગમે એટલી બુરાઈઓ અને ખરાબીઓ મૌજૂદ હતી, પરંતુ બયતુલ્લાહ અને કા'બાનું સન્માન જાળવવા માટે તેઓ પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેતા હતા એટલે સુધી કે, જો પોતાના પિતાનો હત્યારો પણ હરમમાં પોતાની સામે આવી જાય તો તે વ્યક્તિ પોતાના બાપના હત્યારાનો લોહીનો તરસ્યો હોવા છતાં પોતાની આંખો નીચી કરીને ત્યાંથી પસાર થઈ જતો હતો અને તે હત્યારાને કંઈ જ કહેતો ન હતો.

"ફત્હે મક્કા" (મક્કા વિજય)ના સમયે રસૂલે કરીમ ﷺ માટે દીનની મહત્ત્વના હિત માટે અને બયતુલ્લાહની પવિત્રતા જાળવવા માટે જ ફક્ત અમુક કલાકો માટે હરમમાં કિતાલ (ઈસ્લામના કટ્ટર દુશ્મનોને મારવા)ની પરવાનગી અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થઈ હતી. અને ફત્હે મક્કા પછી રસૂલે કરીમ ﷺએ ખૂબ જ તાકીદ સાથે એવી જાહેરાત કરી હતી કે, આ પરવાનગી ફક્ત રસૂલે કરીમ ﷺ માટે અલ્લાહ તઆલા તરફથી બયતુલ્લાહની પવિત્રતા જાળવવાના હેતુથી જ હતી અને તે પણ અમુક કલાકો માટે જ હતી. ત્યાર પછી હંમેશાના માટે ફરી એકવાર ત્યાં લડાઈ-ઝઘડા અથવા કોઈને કતલ કરવા વગેરેનું હરામ હોવું અગાઉ પ્રમાણે જ કાયમ છે અને ફરમાવ્યું કે, "હરમની અંદર યુદ્ધ કરવું ન તો મારાથી અગાઉ હલાલ હતું, ન જ મારા પછી કોઈના માટે હલાલ છે અને મારા માટે અમુક સમય માટે હલાલ થયું હતું ફરી તેને હરામ કરવામાં આવ્યું છે."

હવે રહી વાત એ કે, રસૂલુલ્લાહ ﷺ પછી હજ્જાજ બિન યુસૂફે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) વિરૂદ્ધ મક્કા ઉપર આક્રમણ કરી અને મારા-મારી, કાપા-કાપી કરી બયતુલ્લાહમાં પણ લોહી વહાવ્યું. તેનું આ કૃત્ય સમગ્ર ઉમ્મતના ઈજ્માઅથી સખત હરામ અને ગુનાહનું કામ હતું અને સમગ્ર ઉમ્મત તેના આ કૃત્યને ધિક્કારે છે. ખુદ હજ્જાજ બિન યુસૂફ પણ પોતાના આ કૃત્યને હલાલ સમજતો ન હતો, એટલા માટે તે પણ જાણતો હતો કે, આ એક સંગીન ગુનોહ કરી રહ્યો છે, પરંતુ રાજકરણ અને હુકૂમતની પૉલીસીઓએ તેને આંધળો કરી નાંખ્યો હતો.

સમગ્ર મખ્લૂક બયતુલ્લાહ અને હરમનું સન્માન જરૂરી સમજે છે, ત્યાં લડાઈ-ઝઘડો કરવો બદ્તરીન ગુનોહ સમજવામાં આવે છે. આખી દુનિયામાં એકમાત્ર બયતુલ્લાહ અને સન્માનનીય હરમની જ આ વિશેષતા છે.

બયતુલ્લાહની હજ્જ :

આ આયતમાં બયતુલ્લાહની ત્રીજી વિશેષતા એ વર્ણન કરવામાં આવી છે કે, અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂક ઉપર બયતુલ્લાહની હજ્જ કરવી જરૂરી અને વાજિબ ઠરાવ્યું છે. શરત એટલી જ છે કે, તે બયતુલ્લાહ સુધી પહોંચવાની શક્તિ અને આર્થિક છૂટછાટ ધરાવતો હોય. હજ્જના પ્રવાસ માટે શક્તિ ધરાવતો

હોય ! હવે તેની સ્પષ્ટતા એ છે કે, તેની પાસે પોતાની જીવન-જરૂરિયાતથી વધારાની એટલી માલ-મિલકત હોય કે, જેનાથી તે બયતુલ્લાહ સુધી આવવા-જવાનો તથા ત્યાં થોભવાનો ખર્ચ ઉઠાવી શકતો હોય અને પાછા આવતા સુધી જેમના ભરણ-પોષણની જવાબદારી તેના માથે છે, તેવા પોતાના કુટુંબીજનોના ભરણ-પોષણની પણ વ્યવસ્થા કરી શકતો હોય. ઉપરાંત તેઓ હાથ-પગ અથવા આંખો વગેરેથી અપંગ પણ ન હોય કારણ કે, આવા અપંગોને તો પોતાના વતનમાં પણ ચાલવું-ફરવું મુશ્કેલ હોય છે. ત્યાં જવા અને હજ્જના અરકાન અદા કરવા માટે તેઓ કેવી રીતે સક્ષમ થઈ શકે છે ?

એ જ પ્રમાણે સ્ત્રી માટે "મહરમ" (જેની સાથે નિકાહ કરવા કોઈપણ પરિસ્થિતિમાં સદંતર હરામ છે, જેમકે સગા ભાઈ, કાકા, મામા, નાના, દાદા વગેરે) વિના હજ્જનો પ્રવાસ કરવો શરઈ રૂએ જાઇઝ નથી. એટલા માટે તે હજ્જ માટે ત્યાં સુધી શક્તિ ધરાવતી સમજવામાં આવશે નહિ જ્યાં સુધી કે, તેની સાથે કોઈ મહરમ હજ્જ કરનારો ન હોય. ભલે, મહરમ પોતાના ખર્ચે હજ્જ અદા કરી રહ્યો હોય અથવા આ સ્ત્રી તેનો ખર્ચ ઉઠાવી રહી હોય ! એવી જ રીતે ત્યાં પહોંચવાના માર્ગમાં પણ તે સુરક્ષિત હોય. જો માર્ગમાં અશાંતિ અને જાન-માલનો સખત ભય હોય તો તે હજ્જ માટે શક્તિશાળી સમજવામાં આવશે નહીં.

હજ્જ શબ્દનો શાબ્દિક અર્થ "ઈરાદો કરવો" થાય છે અને શરઈ રૂએ તેના અર્થની જરૂરી સ્પષ્ટતા પોતે કુર્આન શરીફે વર્ણન કરી છે કે, કા'બાનો તવાફ, અરફાત અને મુજદલિફા વગેરે સ્થળોએ થોભવું અને અન્ય વિગતો રસૂલે કરીમ ﷺએ પોતાના મુબારક ફરમાનો તથા અમલો દ્વારા સ્પષ્ટ કરી દીધી છે. આ આયતમાં બયતુલ્લાહનો હજ્જ ફરજ થવાનું એ'લાન ફરમાવ્યા પછી અંતે ફરમાવ્યું, فَإِنَّ اللّٰهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ એટલે કે, "જો કોઈ વ્યક્તિ તેને ન માને તો અલ્લાહ તઆલા તમામ દુનિયા(વાળા)ઓથી બેનિયાઝ (બેપરવા) છે."

તેમાં તે વ્યક્તિ તો સામેલ છે જ, જે ખુલ્લમ-ખુલ્લો હજ્જના ફરજનો ઈન્કાર કરે છે, હજ્જને ફરજ નથી સમજતો, તેનું ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જવું અને કાફિર હોવું તો જાહેર જ છે. એટલા માટે وَمَنْ كَفَرَ નો શબ્દ તે બાબતે ખુલ્લમ-ખુલ્લી સાબિતી છે અને જે વ્યક્તિ અકીદહ તરીકે હજ્જને ફરજ તો

સમજે છે, પરંતુ પોતાની હજ્જ માટેની બધા જ પ્રકારની શક્તિ હોવા છતાં હજ્જ નથી કરતો તો તે પણ એક પ્રકારે તેનો ઇન્કાર કરે છે. એટલા માટે આ શબ્દ "વમન કફર" وَمَنْ كَفَرَ તેને પણ તાકીદ અને ચેતવણી સ્વરૂપે લાગુ પડે છે કે, આ વ્યક્તિ કાફિરો જેવો અમલ કરી રહ્યો છે, જેવી રીતે કાફિર અને હજ્જનો ઇન્કાર કરનાર હજ્જ નથી કરતો, આ વ્યક્તિ પણ એમના જેવો જ છે. એટલા માટે ફુકૂહાએ ફરમાવ્યું કે, આયતના આ વાક્યમાં તે લોકો માટે સખત ચેતવણી છે જેઓ શક્તિ અને વ્યવસ્થા હોવા છતાં હજ્જ કરતા નથી. કારણ કે તેમનો હજ્જ ન કરવાનો અમલ કાફિરો જેવો છે. મઆઝલ્લાહ !

આયતો :(સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૯૮ થી ૧૦૧)

قُلْ يَٰٓأَهْلَ ٱلْكِتَٰبِ لِمَ تَكْفُرُونَ بِـَٔايَٰتِ ٱللَّهِ وَٱللَّهُ شَهِيدٌ عَلَىٰ مَا تَعْمَلُونَ ﴿٩٨﴾
قُلْ يَٰٓأَهْلَ ٱلْكِتَٰبِ لِمَ تَصُدُّونَ عَن سَبِيلِ ٱللَّهِ مَنْ ءَامَنَ تَبْغُونَهَا عِوَجًا وَأَنتُمْ
شُهَدَآءُ وَمَا ٱللَّهُ بِغَٰفِلٍ عَمَّا تَعْمَلُونَ ﴿٩٩﴾ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ إِن تُطِيعُوا۟
فَرِيقًا مِّنَ ٱلَّذِينَ أُوتُوا۟ ٱلْكِتَٰبَ يَرُدُّوكُم بَعْدَ إِيمَٰنِكُمْ كَٰفِرِينَ ﴿١٠٠﴾ وَكَيْفَ
تَكْفُرُونَ وَأَنتُمْ تُتْلَىٰ عَلَيْكُمْ ءَايَٰتُ ٱللَّهِ وَفِيكُمْ رَسُولُهُۥ وَمَن يَعْتَصِم بِٱللَّهِ فَقَدْ
هُدِىَ إِلَىٰ صِرَٰطٍ مُّسْتَقِيمٍ ﴿١٠١﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો, હે અહલે કિતાબ ! શા માટે અલ્લાહની આયતોના ઇન્કારી થયા છો ? અને અલ્લાહ તેના ઉપર ગવાહ છે જે તમે કરી રહ્યા છો. (૯૮) તમે કહી આપો, હે અહલે કિતાબ ! તમે અલ્લાહના રસ્તાથી કેમ રોકો છો અલ્લાહ ઉપર ઈમાન લાવનારાઓને કે એમાં ખામી શોધો છો ? અને તમે પોતે જાણો છો; અને તમે જે કંઈ કરો છો અલ્લાહ તેનાથી બેખબર નથી. (૯૯) હે ઈમાનવાળાઓ ! જો તમે તે લોકોના એક પક્ષનું કહ્યું માનશો જેમને કિતાબ આપવામાં આવી (અહલે કિતાબ), તો

તમારા ઈમાન લાવ્યા પછી તમને કુફ્ર(ની હાલત)માં ફેરવી દેશે. (૧૦૦) અને તમે કેવી રીતે કુફ્ર કરો જ્યારે કે, તમારી સામે અલ્લાહની આયતો પઢવામાં આવે છે ? અને અલ્લાહનો રસૂલ (ﷺ) તમારા દરમિયાન મૌજૂદ છે ? અને જે કોઈ અલ્લાહ(ના દીન)ને મજબૂતીથી પકડે તેને સીધા રસ્તા (સિરાતે મુસ્તકીમ)ની હિદાયત થઈ. (૧૦૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉની આયતોમાં અહલે કિતાબની ખોટી માન્યતાઓ (અકીદાઓ) અને તેમની ખોટી શંકાઓ ઉપર વાતચીત ચાલી રહી હતી. વચ્ચે બયતુલ્લાહ અને હજ્જનો ઉલ્લેખ થયો, હવે ફરીવાર અહલે કિતાબને સંબોધન કરવામાં આવી રહ્યું છે જેનો સંબંધ એક ખાસ ઘટના સાથે છે. એક યહૂદી સમ્માસ બિન કૈસ મુસલમાનો સાથે ખૂબ કપટ રાખતો હતો, તેણે એક મજલિસમાં અન્સારના બે કુટુંબો ઔસ અને ખઝરજને એક સાથે એક જગ્યાએ ભેગા બેઠેલા જોયા તો ઈર્ષ્યાથી બળી ઉઠયો અને તેમનામાં વિખવાદ ઊભો કરવાની ચિંતા કરવા લાગ્યો. અંતે તેણે એવું નક્કી કર્યું કે, એક વ્યક્તિ દ્વારા આ બંને કુટુંબોમાં ઈસ્લામ આવ્યા પહેલાંના લડાઈ-ઝઘડાઓ કે, જે લાંબા સમય સુધી થતા રહ્યા હતા તેના વિશે બંને કુટુંબોના આ યુદ્ધો વિશેના ગર્વયુક્ત કાવ્યો તેમની મજલિસમાં રજૂ કરાવવામાં આવે. જેથી આ કાવ્યો રજૂ કરતાની સાથે જ બંને કબીલાના લોકોના દિલોમાં રુઝાયેલા ઘા તાજા થયા અને વેરની અગ્નિ પ્રજવલ્લિત થવા લાગી, પરસ્પર ચૂં...ચા.. થવા લાગી. આ કારણે ફરી તેમની વચ્ચે લડાઈ-ઝઘડા ઊભા થવાની સંભાવના વધવા લાગી. રસૂલે કરીમ ﷺને આ બાબતની જાણ થઈ તો રસૂલે કરીમ ﷺ તેમની પાસે ગયા અને ફરમાવ્યું, "કેવું અંધેર છે ? મારા હોવા છતાં અને તમે મુસલમાન બન્યા છતાં પરસ્પર એકતા સ્થાપ્યા પછી અને એકબીજામાં લાગણીની ભાવના પૈદા થયા પછી, આ કેવી જહાલત છે? શું તમે આવી પરિસ્થિતિમાં કુફ્ર તરફ જવા ઈચ્છો છો ?" રસૂલે કરીમ ﷺના આવા સંબોધનથી બધા આ બાબતથી સચેત થઈ ગયા અને સમજી ગયા કે, આ વિરોધીઓના શયતાની પ્રપંચો હતા અને બંને કબીલાના લોકો એકબીજાને ગળે ભેટીને ખૂબ રડયા અને તૌબા કરી, ત્યારબાદ આ ઘટના સંદર્ભે આ આયત નાઝિલ થઈ.

આ ઘટનાને રૂહૂલ મઆનીમાં ઈબ્ને ઈસ્હાક અને એક જમાઅતે ઝૈદ બિન અસ્લમ (રદિ.)થી રિવાયત કરી છે. આ વિષય કેટલીય આયતો સુધી ચાલ્યો છે, જેમાં પ્રથમ તે અહલે કિતાબને ધિક્કારવામાં આવે છે જેમણે આવા કૃત્યો કર્યા હતા અને આ ધિક્કાર અને ફિટકાર ખૂબ જ કઠોર શબ્દોમાં કરવામાં આવી છે. તેમના આ કૃત્યને ધિક્કારતા પહેલાં તેમના કુફ્રને પણ વખોડવામાં આવ્યું હતું, જેનો અર્થ એ છે કે, તેઓએ પોતે મુસલમાન બની જવું જોઈએ ન કે અન્યોને ગુમરાહ કરવાની ચિંતામાં પડવું જોઈએ ! ત્યાર પછીનું સંબોધન મુસલમાનોને કરવામાં આવ્યું છે.

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) તમે (આ અહલે કિતાબને) કહી આપો કે હે અહલે કિતાબ ! તમે (ઈસ્લામ જાહેર થવાની સાચી દલીલોનો) કેમ ઈન્કાર કરો છો ? અલ્લાહ તઆલાના હુકમોનો ! (સૈદ્ધાંતિક અને સામાન્ય બધા જ પ્રકારના હુકમોનો શા માટે ઈન્કાર કરો છો ?) જ્યારે કે, અલ્લાહ તઆલા તમારા બધા જ કામોની ખબર રાખે છે (તમને એનો પણ ડર નથી લાગતો ? હે મુહમ્મદ ﷺ ! તેમને પણ) કહી આપો કે, હે અહલે કિતાબ ! શા માટે અટકાવો (છો અને હટાવવાની કોશિષ કરો) છો ? (એટલે કે દીને હક્કના) અલ્લાહના માર્ગથી એવા વ્યક્તિને કે જે (એ દીને હક્ક ઉપર) ઈમાન લાવી ચૂક્યા (શા માટે) તે માર્ગમાં ક્ષતિ (અને ઊણપ) શોધો છો ? (જેમકે ઉપરોક્ત કિસ્સામાં પણ પ્રયત્ન કર્યો હતો અને પોતાની કાર્યવાહી દ્વારા દીનમાં વિના કારણે વિખવાદ ઊભો કરવાનો ગુનોહ કરી રહ્યા છો અને પોતાની સામૂહિક શક્તિને પણ નષ્ટ કરી રહ્યા છો અને આવા બખેડાઓમાં પડીને દીને હક્કથી વધુને વધુ દૂર થતા ચાલ્યા જાઓ છો !) જ્યારે કે, તમને પોતે પણ (આ ધિક્કારપાત્ર પ્રવૃત્તિ હોવાની) જાણ છે અને અલ્લાહ તઆલા તમારા કામોથી બેખબર નથી. (ચોક્કસ સમયે તમને તેની સજા જરૂર મળશે.) હે ઈમાનવાળાઓ ! જો તમે કોઈ ફિરકાનું કહ્યું માનશો તે લોકોમાંથી જેમને કિતાબ આપવામાં આવી છે. (એટલે કે અહલે કિતાબમાંથી યહૂદીઓ અને ક્રિશ્ચિયનો !) તો તે લોકો તમને તમારા ઈમાન લાવ્યા પછી (માન્યતાઓ અને અમલો બંનેમાં) કાફિર બનાવી દેશે અને તમે કુફ્ર કઈ રીતે કરી શકો છો ? (એટલે કે તમારા માટે કુફ્ર કરવું કઈ રીતે યોગ્ય હોઈ શકે છે ?) જ્યારે કે, (એટલે

કે કુફ્રની રોકથામ કરવાના બધા જ માધ્યમો તમારી પાસે મૌજૂદ છે. કારણ કે) તમને અલ્લાહ તબારક વ તઆલાના અહકામ (કુર્આનમાં) પઢીને સંભળાવવામાં આવે છે અને (પછી) અલ્લાહના રસૂલ (ﷺ) તમારી વચ્ચે મૌજૂદ છે (અને બંને ઈમાન ઉપર કાયમ રહેવાના મજબૂત માધ્યમો છે. બસ, તમારે આ બંને માધ્યમોની તા'લીમ અને તેમની સૂચના પ્રમાણે ઈમાન અને ઈસ્લામ ઉપર કાયમ રહેવું જોઈએ.) અને (યાદ રાખો કે) જે વ્યક્તિ અલ્લાહ તઆલાને મજબૂતીથી પકડે છે (એટલે કે ઈમાન ઉપર મજબૂતીથી કાયમ રહે છે અને તેની પવિત્ર જાત તથા તેની સિફતોનું સમર્થન કરે છે તથા તેના હુકમોને મજબૂતીથી પકડી કોઈ અન્ય વિરોધીની તા'બેદારી નથી કરતો) તો એવા (વ્યક્તિ)ને ચોક્કસ સત્ય માર્ગની હિદાયત આપવામાં આવે છે. (એટલે કે તે સત્ય માર્ગ પર હોય છે અને વાસ્તવમાં સત્ય માર્ગ પર કાયમ રહેવું જ સાચી હિદાયત છે તથા સત્ય માર્ગ પર કાયમ રહેનાર વ્યક્તિ જ સફળતાની મંઝિલો પ્રાપ્ત કરે છે. બસ, આવા વ્યક્તિને દરેક પ્રકારની સફળતાના વાયદાની ખુશખબરી આપવામાં આવે છે).

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૦૨-૧૦૩)

يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٠٢﴾
وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا ۠ وَاذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ
اِذْ كُنْتُمْ اَعْدَآءً فَاَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖٓ اِخْوَانًا ۚ وَكُنْتُمْ عَلٰى شَفَا
حُفْرَةٍ مِّنَ النَّارِ فَاَنْقَذَكُمْ مِّنْهَا ۭ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٠٣﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો જેમકે તેનાથી ડરવાનો હક છે અને કદાપિ મૃત્યુ ન પામો, પરંતુ તમે મુસલમાન (હોવાની હાલતમાં) હોવ ! (૧૦૨) અને બધા મળીને અલ્લાહના દોરડાને મજબૂતીથી પકડો અને (અંદર-અંદર) ફૂટ ન નાંખો, અને પોતાના ઉપર અલ્લાહની નેઅ્મતને યાદ

કરો જ્યારે કે તમે (પરસ્પર એકબીજાના) દુશ્મન હતા, પછી તમારા દિલોમાં (અલ્લાહે) ઉલફત (મહોબ્બત) નાંખી દીધી તો તમે તેની કૃપાથી ભાઈ-ભાઈ બની ગયા, અને તમે એક આગના ખાડાના કિનારા ઉપર હતા, પછી તેણે તમને તેનાથી બચાવી લીધા; એ જ રીતે અલ્લાહ તમારા ઉપર પોતાની આયતો સ્પષ્ટ કરે છે (ખોલે છે), જેથી તમે હિદાયત (સીધો માર્ગ) પ્રાપ્ત કરો. (૧૦૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં મુસલમાનોને ચેતવણી આપવામાં આવી હતી કે, અહલે કિતાબ અને અન્ય લોકો જે તમને ગુમરાહીમાં ધકેલવાની ઈચ્છા ધરાવે છે, તેમની ગુમરાહીથી જાણકાર રહી તેનાથી બચવાની કાળજી રાખવી જોઈએ. પ્રસ્તુત બે આયતોમાં મુસલમાનોની સામૂહિક શક્તિને મજબૂત રાખવાનો તથા તેમાં કોઈપણ પ્રકારની બાહ્ય ષડયંત્રકારી યોજનાઓની અસર હેઠળ મતભેદ ઊભા કરી વેર-વિખેર ન થવાનો મહત્ત્વનો સિદ્ધાંત હુકમ સ્વરૂપે વર્ણવવામાં આવ્યો છે.

પ્રથમ તકવો ધારણ કરવાની, બીજું પરસ્પર એકતા અને સંવાદિતાનો પાલવ મજબૂતીથી પકડી વેર-વિખેર ન થવાની સૂચના આપવામાં આવી છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાથી (એવા) ડરતા રહો જેવો ડરવાનો હક છે (સંપૂર્ણ ડરવાનો અર્થ એ છે કે જેવી રીતે શિર્ક અને કુફ્રથી બચો છો એવી જ રીતે બધા જ ગુનાહોથી બચીને ચાલો અને શરઈ કારણ વિના લડવું-ઝઘડવું ગુનોહ છે, તો તેનાથી પણ બચવું ફરજ છે.) અને ઈસ્લામ સિવાય અન્ય કોઈ હાલતમાં મૃત્યુ ન પામશો (એટલે કે સંપૂર્ણ ઈસ્લામ ઉપર તકવા સહિત જીવન વ્યતિત કરી મૃત્યુ સુધી તેના ઉપર કાયમ રહેજો) અને મજબૂતીથી અલ્લાહના દોરડાને પકડી રાખો (એટલે કે અલ્લાહના દીન અને તેના સિદ્ધાંતો અને હુકમો તથા દરેક પ્રકારનું માર્ગદર્શન મૌજૂદ છે તેને મજબૂતીથી પકડો.) અને પરસ્પર મતભેદ ઊભા ન કરો (જેની મનાઈ દીનમાં કરવામાં આવી છે) અને તમારા ઉપર જે અલ્લાહ તઆલાનું ઈના'મ (થયું) છે તેને યાદ કરો, જેમકે તમે (પરસ્પર એકબીજાના) દુશ્મન હતા (એટલે કે ઈસ્લામ લાવતા પહેલાં, દાખલા તરીકે ઔસ

અને ખઝરજ આ બે કુટુંબોમાં એક લાંબા સમય સુધી યુદ્ધ થતું રહ્યું હતું અને સામાન્ય રીતે બધા જ અરબ કબીલાઓની એ જ પરિસ્થિતિ હતી.) બસ, અલ્લાહ તઆલાએ (હવે) તમારા દિલોમાં (એકબીજાની) મહોબ્બત નાંખી દીધી, બસ તમે અલ્લાહ તઆલાના (આ) ઈના'મ (દિલોને જોડાઈ જવાની નેઅ્મત)થી (હવે) પરસ્પર ભાઈ–ભાઈ(ની જેમ) થઈ ગયા અને (એક અન્ય ઈના'મ જે આ ઈના'મથી પણ વધારે મજબૂત અને સાચું છે કે) તમે લોકો જહન્નમના ખાડાના કિનારા ઉપર ઊભા હતા (એટલે કે કાફિર હોવાના કારણે દોઝખની એટલા નજીક હતા કે બસ ફક્ત હવે મૃત્યુની જ વાર હતી.) બસ, આ (ખાડા)થી અલ્લાહ તઆલાએ તમારો જીવ બચાવી લીધો (એટલે કે ઈસ્લામનું ઈના'મ આપ્યું જેથી તમને જહન્નમથી છુટકારો મળ્યો તો હવે તમે આ ઈના'મોની કદર જાણો અને પરસ્પર લડાઈ–ઝઘડો કરવાથી અને ગુનાહોથી બચેલા રહો અને અલ્લાહ તઆલાની તે નેઅ્મતોને બરબાદ ન કરો જે તેણે તમને અર્પણ કરી છે. કારણ કે પરસ્પર લડાઈ અને ઝઘડાથી તમને મળેલું ઈના'મ એટલે કે આપસમાં એકબીજાના દિલોમાં લાગણી–અને હૂંફ તથા મહોબ્બતની જે ભાવના પૈદા થઈ છે તે બરબાદ થઈ જશે અને બીજું ઈના'મ એટલે કે દીને ઈસ્લામ પણ તેનાથી કમજોર થઈ જશે અને જેવી રીતે અલ્લાહ તઆલા આ હુકમ સ્પષ્ટ રીતે વર્ણન કરે છે) એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તમને પોતાના (અન્ય) હુકમો (પણ) વર્ણન કરી બતાવે છે જેથી તમે (સીધા) માર્ગ ઉપર કાયમ રહો.

મસ્અલા અને બોધપાઠ :

મુસલમાનોની સામૂહિક શક્તિના બે સિદ્ધાંતો :

(૧) તકવા (અલ્લાહનો ડર) અને (૨) પરસ્પર એકતા

ઉપરોક્ત બે આયતોમાં પ્રથમ સિદ્ધાંત અને પછીની આયતમાં બીજો સિદ્ધાંત બતાવવામાં આવ્યો છે. પ્રથમ સિદ્ધાંત જે પ્રસ્તુત આયતમાં બતાવવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલાથી ડરતા રહો એટલે કે અલ્લાહને નાપસંદ હોય એવી બાબતોથી બચવાની સંપૂર્ણ કાળજી રાખો, જે અલ્લાહ તઆલાના હક અનુસાર છે.

શબ્દ "તકવા" અરબી ભાષામાં "કોઈ બાબતથી બચવા"ને કહે છે અને

તેનો તરજુમો "કોઈ બાબતથી ડરવું" પણ થાય છે અને કોઈ ડરના કારણે કોઈ વસ્તુથી બચવું તકવાનો અસલ અર્થ છે. એટલે કે અલ્લાહના અઝાબનો ભય અને ડર રાખી ગુનાહોથી બચવાને "તકવા" કહેવાય છે. તકવાના ઘણા દરજ્જાઓ છે, સામાન્ય દરજ્જો કુફ્ર અને શિર્કથી બચવાનો છે. આ અર્થ આધારે દરેક મુસલમાન "મુત્તકી" કહી શકાય છે ભલે, તે ગુનાહોમાં રાચેલો હોય, આ અર્થ માટે પણ કુર્આનમાં ઘણે ઠેકાણે "મુત્તકીન" અથવા "તકવા" શબ્દનો ઉપયોગ થયો છે. બીજો દરજ્જો જે વાસ્તવમાં ઈચ્છિત બાબત છે તે એવી વસ્તુઓથી બચવું કે, જે અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺને પસંદ ન હોય ! કુર્આન અને હદીષમાં તકવાના આ જ દરજ્જા માટે ઘણી ફઝીલતો અને બરકતોનું વર્ણન થયું છે.

ત્રીજા દરજ્જાનો તકવો તે ઉચ્ચ કક્ષાનો દરજ્જો છે જે અંબિયા (અલૈ.) અને તેમના ખાસ નાયબોને પ્રાપ્ત થાય છે. તેઓ પોતાના દિલને પ્રત્યેક ગયરૂલ્લાહથી બચાવે છે અને અલ્લાહની યાદ અને તેની ખુશી માટે હરપળે તત્પર રહે છે. પ્રસ્તુત આયતમાં اِتَّقُوا اللّٰهَ (ઈત્તકુલ્લાહ) "અલ્લાહનો તકવો (ડર)" પછી حَقَّ تُقَاتِهٖ (હક્ક તુકાતિહિ) "તકવાનો હક"–"અલ્લાહના ડરનો હક" શબ્દ ઉમેરીને કહેવામાં આવ્યું છે કે, તકવાનો તે દરજ્જો પ્રાપ્ત કરો જે તકવાનો હક્ક છે.

"તકવા"નો હક્ક શું છે ?

એની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ, રબીઅ્, કતાદહ (રદિ.) અને હસન બસરી (રહ.)એ ફરમાવ્યું છે અને જે રસૂલે ﷺ દ્વારા પણ નકલ થયેલ છે.

حَقَّ تُقَاتِهٖ هُوَ اَن يُّطَاعَ فَلَا يُعْصٰى وَيُذْكَرَ فَلَا يُنْسٰى وَيُشْكَرَ فَلَا يُكْفَرَ (بَحْرُمُحِيْط)

"તકવાનો હક્ક એ છે કે, દરેક કામમાં અલ્લાહ તઆલાની ઈતાઅત (તા'બેદારી) કરવામાં આવે, કોઈ કામ ઈતાઅત વિરૂદ્ધ કરવામાં ન આવે અને તેને હંમેશા યાદ રાખે, ક્યારેય ન ભૂલે તથા તેનો હંમેશા શુક્ર અદા કરે (ઉપકાર માને), ક્યારેય નાશુક્રી ન કરે." (બહરે મુહીત)

આ જ અર્થ તફસીરના ઈમામોએ બીજા વિષયો હેઠળ વર્ણન કર્યો છે. દાખલા તરીકે અમુકે ફરમાવ્યું કે, તકવાનો હક્ક એ છે કે, અલ્લાહ તઆલા વિશે કોઈની ટીકા–ટિપ્પણી અને ધિક્કારની પરવા ન કરે અને હંમેશા ઈન્સાફ ઉપર

કાયમ રહે, ભલે ન્યાય કરવામાં પોતાનું અથવા પોતાની ઔલાદનું પોતાના માં-બાપનું જ નુકસાન કેમ ન થતું હોય ! અને અમુકે ફરમાવ્યું કે, કોઈ વ્યક્તિ તે સમય સુધી તકવાનો હક્ક અદા નથી કરી શકતો જ્યાં સુધી કે, તે પોતાની જીભ સુરક્ષિત ન રાખે !

કુર્આને કરીમની એક અન્ય આયતમાં اِتَّقُوا اللّٰهَ مَا اسْتَطَعْتُمْ "અલ્લાહથી ડરો એ પ્રમાણે કે જેટલી તમારી ક્ષમતા છે." (સૂ:૬૪, આ:૧૬) આવ્યું છે, એટલે કે "અલ્લાહથી ડરો જેટલું તમારી શક્તિમાં છે." હઝરત ઇબ્ને અબ્બાસ અને તા'ઉસ (રદિ.)એ ફરમાવ્યું કે, વાસ્તવમાં આ حَقَّ تُقَاتِهٖ (અલ્લાહના ડરનો હક)ની જ તફસીર અને સ્પષ્ટતા છે. તેનો મતલબ એ છે કે, ગુનાહોથી બચવામાં પોતાની સંપૂર્ણ શક્તિ અને સામર્થ્ય કામે લગાડે તો જ તકવાનો હક્ક અદા થશે. જો કોઈ વ્યક્તિ પોતાની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કર્યા પછી પણ કોઈ નાજાઇઝ કામમાં ખુદાનાખ્વાસ્તા (અલ્લાહ ન ચાહે) સપડાઈ ગયો અને તેણે તૌબા કરી તો તે તકવાના હક્ક વિરૂદ્ધનું કાર્ય નથી.

આગળના વાક્યોમાં ઈરશાદ થયો છે فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ (તમે કદાપિ મૃત્યુ ન પામજો પરંતુ એવી હાલતમાં કે તમે મુસલમાન હોવ) તેનાથી સ્પષ્ટ થાય છે કે, તકવા વાસ્તવમાં સંપૂર્ણ ઈસ્લામ છે. એટલે કે, અલ્લાહ તબારક વ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺની સંપૂર્ણ તા'બેદારી કરવી અને એમની નાફરમાનીથી સંપૂર્ણ રીતે બચવું, તે જ અસલ તકવો છે અને તેને જ અસલ ઈસ્લામ કહેવામાં આવે છે.

રહી વાત એ કે, આયતમાં એવો હુકમ છે કે, "તમારું મૌત ઈસ્લામ ઉપર જ આવવું જોઈએ. ઈસ્લામ સિવાય અન્ય કોઈ પરિસ્થિતિમાં મૃત્યુ ન થવું જોઈએ."

અહીંયાં એ શંકા કરવામાં ન આવે કે, મૌત તો મનુષ્યના અધિકારમાં નથી હોતું, કોઈપણ સમયે કોઈપણ પરિસ્થિતિમાં આવી શકે છે. કારણ કે હદીષમાં છે કે, كَمَا تَحْيُوْنَ تَمُوْتُوْنَ وَكَمَا تَمُوْتُوْنَ تُحْشَرُوْنَ "જે હાલતમાં તમે તમારું જીવન પસાર કરશો તેના ઉપર જ મૌત આવશે અને જે હાલતમાં મૌત આવશે તે જ હાલતમાં હશ્રમાં ઊભા કરવામાં આવશો." તો જે વ્યક્તિ પોતાની આખી જિંદગી ઈસ્લામ ઉપર પસાર કરવાનો પાકો ઈરાદો રાખે છે અને પોતાની ક્ષમતા અને

શક્તિ પ્રમાણે તેના ઉપર અમલ પણ કરે છે, ઇન્શાઅલ્લાહ તેનું મૌત પણ ઈસ્લામ ઉપર જ આવશે. અમુક હદીષની રિવાયતોમાં આવ્યું છે કે, અમુક લોકો એવા પણ હશે કે, જેઓ પોતાની આખી જિંદગી નેક કાર્યો કરીને જીવન પસાર કરે છે અને અંતે કોઈ એવું કામ કરી બેસે કે જેનાથી બધા જ અમલો વ્યર્થ અને બરબાદ થઈ જાય છે, તો આ ઘટના એવા લોકો સાથે જ બની શકે છે જેમના અમલમાં ઈખ્લાસ અને મજબૂતી ન હતી. વલ્લાહુ અઅ્લમુ ! અલ્લાહ બહેતર જાણનાર છે.

મુસલમાનોની સામૂહિક સંગઠન શક્તિનો બીજો સિદ્ધાંત :

"આપસમાં એકતા"

બીજી આયત وَاعْتَصِمُوا بِحَبْلِ اللّٰهِ جَمِيعًا (અને બધા ભેગા મળી અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખો)માં ખૂબ જ ઉચ્ચ કક્ષાની સાહિત્યિક શૈલીમાં હિકમતસભર હુકમ વર્ણન કર્યો છે. તેમાં સૌ પ્રથમ તે સિદ્ધાંતો અને ગુણ-લક્ષણો બતાવવામાં આવ્યા કે, જે પરસ્પર મનુષ્યને એકબીજા સાથે ભાવનાત્મક સંબંધોથી જોડી રાખે છે અને આ જ એકતાનો અકસીર નૂસ્ખો છે. ત્યારબાદ પરસ્પર એક થવા માટે હુકમ આપવામાં આવ્યો અને આપસમાં લડી-ઝઘડી વેર-વિખેર થવાની અને જૂથબાજી કરવાની મનાઈ કરવામાં આવી.

સ્પષ્ટતા એ છે કે, એકતા અને સૌહાર્દ એક એવી બાબત છે જે ઈચ્છિત અને આવકાર્ય હોવા વિશે દુનિયાના બધા જ મનુષ્યો ભલે તે કોઈપણ દેશનો વતની હોય, કોઈપણ સમયકાળમાં પૈદા થયો હોય, કોઈપણ ધર્મને માનનારો હોય, પૂર્વનો હોય કે પશ્ચિમનો હોય, મુસલમાન હોય કે કાફિર હોય ! બધા જ સહમત છે. એકતા બાબતે કોઈ વ્યક્તિ અપવાદ અથવા વિરોધાભાસી વલણ ધરાવતા હોવાની કોઈ શક્યતા જ નથી. દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો વ્યક્તિ હશે જે લડાઈ-ઝઘડા અને આપસની દુશ્મનીને લાભદાયક સમજતો હોય ! એટલા માટે દુનિયાના દરેક સમુદાયો, બધા જ પક્ષોના લોકો એકતાનું આમંત્રણ આપતા નજરે પડે છે. પરંતુ દુનિયાની પરિસ્થિતિનો અનુભવ આધારે ચિતાર જોયા પછી સમીક્ષા કરી શકાય છે કે, એકતાને લાભદાયક સમજવા છતાં અને બધા જ એકતાના ઈચ્છુક હોવા છતાં, સમગ્ર માનવજાત સમુદાયો, ગૃપો, પાર્ટીઓ, જાતીઓ, જ્ઞાતિઓ, ભાષા, પ્રદેશ, રંગ, વંશ વગેરે દરેક અલગ-અલગ

પ્રકારના ફિરકાઓમાં વહેંચાયેલી છે. વળી દરેક ફિરકા (જૂથ)માં પણ વિવિધ જૂથો અને પક્ષો હોય છે. આમ, ફિરકાબાજીનો અંતવિહીન્ ક્રમ એવો છે કે, સાચા અર્થમાં બે વ્યક્તિની પરસ્પર એકતા અને સહમતિ એક દીવાસ્વપ્ન બની ગયું છે. સ્વાર્થ અને સમાન હિતને અનુલક્ષી ક્યારેક અમુક વ્યક્તિઓ કોઈ એક વાત ઉપર સહમત થઈ એકતા સ્થાપે છે, પરંતુ સ્વાર્થ પૂરો થાય અથવા તેઓ નિષ્ફળ નિવડે તો ન જ ફક્ત આવી એકતા નષ્ટ પામે છે બલકે, પરસ્પર દુશ્મનાવટ અને વેર-ઝેરના બીજ પણ રોપાય છે.

વિચાર કરવામાં આવે તો તેનું કારણ એ ખબર પડશે કે પ્રત્યેક સમુદાય, દરેક ફિરકો અને દરેક વ્યક્તિ લોકોને પોતાના સ્વસ્થાપિત પ્રોગ્રામ (યોજના) ઉપર એકત્ર કરવા ઇચ્છે છે અને જ્યારે અન્ય લોકો પોતે બનાવેલ કોઈ વ્યવસ્થા અથવા યોજના લાગુ પાડવાની ઇચ્છા દર્શાવે છે તો તેઓ પરસ્પર એકતા સ્થાપિત કરવાના બદલે પરસ્પર એકબીજાને પોત-પોતાની યોજનાઓ ઉપર અમલ કરવાનું આમંત્રણ આપે છે, જેનું પરિણામ એ જ હોઈ શકે છે કે, ખુદ આ જ એકતાના આમંત્રણનું પરિણામ એક જ સમુદાય અથવા જૂથના લોકોમાં પણ પરસ્પર વૈમનસ્ય અને આપસી જૂથબાજીમાં પરિણામે છે અને વિરોધાભાસોના દલદલમાં માનવતા ફસાતી જ રહે છે, ઇન્સાનિયતના હાથમાં તેના દુષ્પરિણામો સિવાય કંઈ જ નથી આવતું.

"મર્ઝ બઢતા હી ગયા, જૂં જૂં દવા કી."
(બીમારી વધતી જ ચાલી, જેમ જેમ દવા કરી.)

એટલા માટે કુર્આને હકીમે ફક્ત એકતા, પરસ્પર સહમતિ કે સંગઠન અને સમુદાય બનાવવાની શિખામણ નથી આપી. બલકે, તેને પ્રાપ્ત કરવા અને એકતાને હંમેશા બાકી રાખવા એક એવી ન્યાયપૂર્ણ વ્યવસ્થાના સિદ્ધાંતો અને નિયમો પણ બતાવ્યા કે જેના ઉપર અમલ કરવાથી કોઈપણ સમુદાયોમાં પરસ્પર ક્યારેય મતભેદ ઊભા નથી થઈ શકતા. જેમકે કોઈ મનુષ્યના દિમાગ અથવા અમુક મનુષ્યોના દિમાગોએ બનાવેલ માનવસર્જિત વ્યવસ્થાઓ કે પ્રોગ્રામો અન્ય મનુષ્યો ઉપર થોપીને એવી આશા રાખવી કે, બધા જ તેના ઉપર સહમત અને એક થઈ જશે, બુદ્ધિ અને ન્યાયની દષ્ટિથી પણ આ બાબત પોતાની જાતને છેતરવા સિવાય અન્ય કંઈ જ નથી. અલબત્ત, અલ્લાહ તબારક વ

તઆલાએ સ્થાપિત કરેલી વ્યવસ્થા અને માનવજીવનનું બંધારણ એક એવી ચમત્કારિક બાબત છે કે, તેના ઉપર સમગ્ર માનવજાતે સહમત થવું જ જોઈએ. કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ સૈદ્ધાંતિક રીતે તેનો વિરોધ નથી કરી શકતો. હવે, જો કોઈ વિરોધનો માર્ગ બાકી રહે છે તો ફક્ત એ બાબતને ઓળખવામાં થઈ શકે છે કે, અહકમુલ હાકિમીન રબ્બુલ આલમીનની મોકલેલી વ્યવસ્થા કેવી અને કઈ છે ? યહૂદી તવરાતની વ્યવસ્થાને અને નસારા બાઈબલની વ્યવસ્થાને સંપૂર્ણ માને છે અને તેના ઉપર અમલ કરવાને ફરજ સમજે છે. એટલે સુધી કે મુશ્રિકોની વિવિધ સમુદાયો પણ પોત-પોતાના ધાર્મિક રિવાજોનો અલ્લાહ તઆલા તરફ જ સંબંધ સ્થાપિત કરે છે.

પરંતુ પ્રથમ તો જો મનુષ્ય પોતાના સમુદાય વિશેના પૂર્વગ્રહ અને બાપ-દાદાનું અનુસરણ કરવાથી ઉપર ઊઠીને તટસ્થ થઈને પોતાની બુદ્ધિ અને અલ્લાહે આપેલ સમજથી કામ લે તો એ હકીકત સ્પષ્ટ થઈને સામે આવી જાય છે કે, ખાતમુલ અંબિયા ﷺ અલ્લાહ તઆલાનો અંતિમ સંદેશ કુર્આન સ્વરૂપે લાવ્યા છે. આજે તેના સિવાય કોઈ વ્યવસ્થા અલ્લાહ પાસે સ્વીકાર્ય નથી. ચાલો, તેની પણ ઉપેક્ષા કરો તો અત્યારે સંબોધન મુસલમાનોને કરવામાં આવી રહ્યું છે, જેમનું એ બાબત ઉપર ઈમાન છે કે, આજે કુર્આને કરીમ એકમાત્ર એવી જીવનવ્યવસ્થા છે જે નિઃશંક અલ્લાહ તઆલા તરફથી મોકલવામાં આવી છે અને અલ્લાહ તબારક વ તઆલાએ જ તેની સુરક્ષાની જવાબદારી લીધી છે, કયામત સુધી તેમાં કોઈ પણ પ્રકારની હેરાફેરી કે ફેરબદલીની શક્યતા જ નથી. એટલા માટે ગૈરમુસ્લિમ સમુદાયો સાથે ચર્ચા છોડીને કુર્આન ઉપર ઈમાન રાખનાર મુસલમાનોને જ હું કહું છું કે, મુસલમાનો માટે તો ફક્ત આ જ જીવનબંધારણ છે, જો મુસલમાનોના વિવિધ પક્ષો કુર્આને કરીમની (રાજકીય, આર્થિક, સામાજિક) વ્યવસ્થા ઉપર સહમત થઈ જાય તો હજારો પ્રકારના વિરોધાભાસો અને મતભેદો જેમકે રંગ, વંશ, પ્રદેશ, ભાષા, જ્ઞાતિ વગેરેના મતભેદો એક ઝાટકે સમાપ્ત થઈ શકે છે. આવા મતભેદો માનવતાના વિકાસના માર્ગમાં અવરોધરૂપ છે. હવે જો મુસલમાનોમાં જે કોઈ મતભેદ ઊભો થાય તો તે ફક્ત કુર્આનને સમજવામાં કે, તેના અર્થઘટનનો હોઈ શકે છે અને જો એવો મતભેદ શરીઅતની હદોની અંદર હોય તો તે વખોડવા પાત્ર નથી અને આવો મતભેદ સામૂહિક જિંદગીમાં

અંતરાયરૂપ કે નુકસાનરૂપ પણ નથી હોતો. બલકે, આવા અમુક મતભેદો અને કોઈ એક બાબત પ્રત્યે વિવિધ પ્રકારના અભિપ્રાયો ધરાવવા સ્વાભાવિક બાબત છે. બસ, એના ઉપર કાબૂ મેળવવો અને આવી બાબતોને મર્યાદામાં રાખવી કોઈ મુશ્કેલ કામ નથી. એનાથી વિપરીત કુર્આનની વ્યવસ્થાથી સ્વતંત્ર થઈને આપણી રાજકીય પાર્ટીઓ સમાજિક સંગઠનો વગેરે પરસ્પર લડતા-ઝઘડતા રહે તો આવા મતભેદોનો કોઈ ઈલાજ નથી અને આવા મતભેદો અને અરાજકતાની કુર્આન શરીફે ખૂબ સખત રીતે મનાઈ કરી છે. આજે તે જ કુર્આની સિદ્ધાંતોની ઉપેક્ષા કરવાના કારણે આપણો આખો સમાજ વેર-વિખેર થઈને જુદા-જુદા સમૂહોમાં, જૂથોમાં, ફિરકાઓમાં ફસાઈને બરબાદ થઈ રહ્યો છે. કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં આવી જ જૂથબાજીને સમાપ્ત કરવાનો અક્સીર નૂસ્ખો બતાવવામાં આવ્યો છે.

وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا،

"અલ્લાહની રસ્સી (દોરડા)ને બધા ભેગા મળી મજબૂતીથી પકડી રાખો."

અલ્લાહની રસ્સી (દોરડા)નો અર્થ "કુર્આન મજીદ" છે. અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) રિવાયત કરે છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, كِتَابُ اللّٰهِ هُوَ حَبْلُ اللّٰهِ الْمَمْدُوْدُ مِنَ السَّمَاءِ اِلَى الْاَرْضِ "અલ્લાહની કિતાબ અલ્લાહ તઆલાની રસ્સી છે, જે આસમાનથી જમીન સુધી લટકેલી છે." *(ઈબ્ને કષીર)*

ઝૈદ બિન અરકમ (રદિ.)ની રિવાયતમાં "હબ્લુલ્લાહિ હુવલ્ કુર્આન" حَبْلُ اللّٰهِ هُوَ الْقُرْآنَ (અલ્લાહની રસ્સી આ કુર્આન છે)ના શબ્દો આવ્યા છે.

(ઈબ્ને કષીર)

અરબીના મુહાવરામાં "હબ્લ" حَبْل નો અર્થ "વાયદો" પણ થાય છે અને દરેક તે વસ્તુ જેનો માધ્યમ અથવા સાધન તરીકે ઉપયોગ થતો હોય તે "હબ્લ" કહેવાય છે. કુર્આનને અથવા દીનને રસ્સી એટલા માટે કહેવામાં આવી છે કે, આ જ તે સંબંધ છે જે એક બાજુ ઈમાનવાળાઓનો સંબંધ અલ્લાહ તઆલા સાથે જોડે છે અને બીજી બાજુ બધા જ ઈમાનવાળાઓ મળીને પરસ્પર એક જમાઅત (સમુદાય) બનાવે છે.

મતલબ એ છે કે, કુર્આનના આ એક વાક્યમાં તે હિકમતસભર સિદ્ધાંત

બતાવવામાં આવ્યો કે જે પ્રત્યેક મનુષ્ય માટે જરૂરી છે કે, અલ્લાહ તબારક તઆલાની મોકલેલી જીવન-વ્યવસ્થાને એટલે કે કુર્આનને મજબૂતીથી વળગી રહે અને બીજું એ કે, બધા જ મુસલમાનો મળીને તેના ઉપર અમલ કરે. જેનું પરિણામ ચોક્કસ એ આવશે કે, બધા જ મુસલમાનો પરસ્પર એક અને સંગઠિત થઈ જશે. જેવી રીતે કોઈ એક જૂથ રસ્સીને મજબૂતીથી પકડી રાખે તો સમગ્ર જૂથ એક શરીર સમાન બની જાય છે. કુર્આને કરીમની એક બીજી આયતમાં આ જ વિષયને વધારે સ્પષ્ટ રીતે આ રીતે વર્ણન કર્યો છે.

اِنَّ الَّذِیۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَیَجۡعَلُ لَهُمُ الرَّحۡمٰنُ وُدًّا ۝

"જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા અલ્લાહ તઆલા તેમના દરમિયાન દોસ્તી અને મહોબ્બત પૈદા કરી આપે છે." (સૂ:૧૯, આ:૯૬)

પછી તેમાં એક રસપ્રદ ઉદાહરણ એ પણ છે કે, મુસલમાન જ્યારે અલ્લાહની કિતાબ (કુર્આન) સાથે મજબૂતીથી સંબંધ જોડે છે તો તેનું ઉદાહરણ એવી પરિસ્થિતિ જેવું છે જેમકે, કોઈ વ્યક્તિ કોઈ ઊંચાઈ ઉપર ચઢતી વખતે એક મજબૂત દોરડાને પકડી લે અને હલાક થવાથી સુરક્ષિત રહે છે. એટલા માટે ઈશારો કરવામાં આવ્યો છે કે, જો બધા મળીને અલ્લાહની રસ્સી (દોરડા)ને મજબૂતીથી પકડી રાખશે તો કોઈ શયતાન તેની શરારતમાં અને ષડયંત્રોમાં સફળ નહીં થઈ શકે. વ્યક્તિગત જીવનની જેમ સામૂહિક જીવન પણ ખૂબ મજબૂત અને ટક્કર ન લઈ શકાય એવું થઈ જશે. કુર્આને કરીમ તરફ વળવામાં એક ફાયદો એ છે કે, બધી વિખરાયેલી શક્તિઓ ભેગી થઈને એક મજબૂત અને શક્તિશાળી પ્રજા અસ્તિત્વમાં આવી જાય છે અને જો કુર્આને કરીમથી દૂર જવામાં આવશે અને તેને છોડી અન્ય વ્યવસ્થાઓ અપનાવવામાં આવશે, તો કૌમી અને સામૂહિક જિંદગી તો તબાહ-બરબાદ થશે જ પરંતુ વ્યક્તિગત જીવન પણ બરબાદ થઈ જશે.

મુસ્લિમ કૌમની સંપૂર્ણ એકતા ફક્ત ઇસ્લામના આધારે જ સ્થાપી શકાય છે; જ્ઞાતિવાદ, પ્રદેશવાદ કે રાષ્ટ્રવાદ દ્વારા આવી એકતા સ્થાપી શકાતી નથી :

અત્રે સૌ પ્રથમ એ જાણવું જરૂરી છે કે, એકતા અને સહમતિ માટે જરૂરી

છે કે, તેનું કોઈ એક ખાસ કેન્દ્ર હોય. હવે આ એકતાના કેન્દ્ર વિશે દુનિયાની કૌમોના રસ્તાઓ ભિન્ન-ભિન્ન છે, અમુક સ્થળે વંશ અને જ્ઞાતિને આવી એકતાનું કેન્દ્ર સમજવામાં અવો છે. જેમકે, અરબના કબીલાઓની એકતા વંશ આધારિત હતી. કુરૈશ એક કૌમ, બનુ તમીમ એક કૌમ વગેરે વગેરે... અમુક સ્થળે ચામડીના રંગને આવી એકતાનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું. કાળાઓની કૌમ, ગોરાઓની કૌમ વગેરે... તો ક્યાંક વતન અને ભાષાને આવી એકતાનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું કે હિન્દુસ્તાની એક કૌમ, અરબી બીજી કૌમ વગેરે... અમુક સ્થળે બાપ-દાદાના રસમો-રિવાજને આવી એકતાનું કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું કે, જે લોકો આ રિવાજોની પાબંદી કરે છે તે એક કૌમ અને જે આ રિવાજોની પાબંદી નથી કરતા તે બીજી કૌમ. જેમકે હિન્દુસ્તાનમાં હિન્દુઓ અને આર્ય સમાજ વગેરે...

કુર્આને કરીમે આ બધાને છોડીને એકતાનું કેન્દ્ર "હબ્લુલ્લાહ" حَبْـلُ اللّٰـهِ (અલ્લાહનું દોરડું) "કુર્આને કરીમ" એટલે કે, અલ્લાહ તઆલાએ મોકલેલ મજબૂત વ્યવસ્થાને ઠરાવ્યું છે અને નક્કર ફેંસલો આપી દીધો છે, મો'મિન (ઈમાનવાળા) એક કૌમ છે જેઓ અલ્લાહની રસ્સીથી જોડાયેલા છે અને કાફિર બીજી કૌમ છે જેઓ આ રસ્સીથી વિખૂટા છે. خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ (તેણે તમને પૈદા કર્યા તમારામાંના કેટલા કાફિર થયા અને કેટલાક મો'મિન)નો પણ આ જ ભાવાર્થ છે. ભૌગોલિક એકતા કદાપિ એ યોગ્ય નથી કે તેને એકતાનું કેન્દ્ર બનાવવામાં આવે, કારણ કે, આવી એકતાઓ મોટેભાગે અનિચ્છાવર્તી બાબત છે. જેને કોઈ વ્યક્તિ પોતાના પ્રયત્નો અથવા અમલો દ્વારા પ્રાપ્ત નથી કરી શકતો, જેમકે જે કાળો છે તે ગોરો નથી બની શકતો, જે કુરૈશી છે તે તમીમી નથી બની શકતો. એટલા માટે આવી એકતાઓ ઘણા જ મર્યાદિત વર્તુળમાં હોય છે, તેનું વર્તુળ ક્યારેય સમસ્ત માનવસમાજને એક વર્તુળમાં સમાવિષ્ટ કરીને પૂરી દુનિયાને એક કેન્દ્ર ઉપર ભેગા કરવાનો દા'વો કરી શકતું નથી. એટલા માટે અલ્લાહે એકતાનું મરકઝ (કેન્દ્ર) હબ્લુલ્લાહ حبل الله (કુર્આને કરીમ) એટલે કે, અલ્લાહની મોકલેલ જીવનવ્યવસ્થાને બનાવ્યું, જેને અપનાવવું ઇચ્છાવર્તી (ઇખ્તિયારી) બાબત છે. કોઈ પૂર્વનો રહેનારો અથવા પશ્ચિમમાં રહેનારો, ગોરો, કાળો, અરબી-હિન્દી કે અંગ્રેજી ભાષા બોલતો, કોઈપણ કુટુંબનો કે કોઈપણ

નસ્લ (વંશ)નો વ્યક્તિ આ એકતાના કેન્દ્રને અપનાવી હબ્લુલ્લાહના સમુદાયમાં સામેલ થઈ શકે છે. દુનિયાભરની સમગ્ર માનવજાત આ એકતાના કેન્દ્ર ઉપર ભેગી થઈ ભાઈ-ભાઈ બની શકે છે. જો તેઓ પૂર્વજોના રીત-રિવાજથી ઉપર ઊઠીને વિચાર કરે તો તેમને એના સિવાય બીજો કોઈ સાચો રસ્તો નજરે નહીં પડે. સમગ્ર માનવજાત માટે જરૂરી છે કે, અલ્લાહ તઆલાની મોકલેલી વ્યવસ્થાને ઓળખે અને તેનું અનુસરણ કરીને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી લે, જેનું પરિણામ એ આવશે કે સમગ્ર માનવજાત એક મજબૂત અને ટકાઉ એકતાનું કેન્દ્ર બની જશે.

બીજું એ કે, આવી એકતામાં સામેલ પ્રત્યેક સમુદાયનો દરેક વ્યક્તિ અલ્લાહ તઆલાની મોકલેલી વ્યવસ્થા પ્રમાણે પોતાના અમલો અને અખ્લાકની સુધારણા કરી પોતાની દુનિયવી અને દીની જિંદગીને પણ દુરુસ્ત કરી લેશે. આ તે હકીમાના (વિવેકબુદ્ધિ આધારિત) સિદ્ધાંત છે જેના કારણે એક મુસલમાન સમગ્ર દુનિયાની અન્ય કૌમોને લલકારી શકે છે કે, આ જ સાચો રસ્તો છે, આ તરફ આવો ! મુસલમાન એના ઉપર જેટલો પણ ગર્વ કરે તે યોગ્ય છે. પરંતુ અફસોસ ! આજે યુરોપના ઈસ્લામ વિરૂદ્ધ ચલાવવામાં આવતા ગુપ્ત ષડયંત્રો કે, જે સદીઓથી મુસલમાનોની એકતાને તોડવા માટે ચલાવવામાં આવી રહ્યા છે તે ષડયંત્રો ઈસ્લામના દા'વેદારોમાં સફળ થઈ ગયા. ઉમ્મતે ઈસ્લામિય્યહની એકતા અરબી, મિસ્રી, હિન્દી, સિન્ધીમાં વહેંચાઈને ટૂકડે-ટૂકડા થઈ ગઈ. કુર્આને કરીમની આયત દરેક સમયે અને દરેક સ્થળે તેમને બધાને મોટા અવાજે આમંત્રણ આપી રહી છે કે, આ અજ્ઞાનતાપૂર્ણ વિશેષતાઓ વાસ્તવમાં ક્ષુલ્લક બાબત છે અને ન તો તેનો કોઈ આધાર છે અને ન જ તેના આધારે સ્થાપિત કરવામાં આવેલી એકતા કોઈ ટકાઉ અને યોગ્ય એકતા છે. એટલા માટે અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડીને અપનાવવામાં આવેલી એકતા જ યોગ્ય એકતા છે. જેણે ઈસ્લામના શરૂઆતના સમયમાં પણ આખી દુનિયામાં છવાય જઈને ગર્વથી માથું ઊંચું કરી બતાવ્યું હતું અને જો ફરી એકવાર આવી એકતા સ્થાપિત કરવામાં આવે અને નસીબમાં હોય તો આવી સર બુલન્દી (ઉચ્ચ સ્થાન) આજે પણ પ્રાપ્ત થઈ શકે છે.

મતલબ કે, આ આયતમાં મુસલમાનોને બે પ્રકારની સૂચના આપવામાં

આવી છે. પ્રથમ દરેક મુસલમાન અલ્લાહ તઆલાની મોકલેલી જીવનવ્યવસ્થાના પાબંદ થઈ જાય અને બીજું એ કે, બધા મળીને મજબૂતીથી તેને પકડી લે, જેથી ઉમ્મતે ઈસ્લામિય્યહની એકતા અકબંધ રહે અને વ્યવસ્થિત વ્યવસ્થાતંત્ર મજબૂત બને, જેમકે ઈસ્લામના શરૂઆતના યુગમાં તેનો નમૂનો દુનિયા જોઈ ચૂકી છે.

મુસલમાનોમાં એકતા સ્થાપવા માટેના કેન્દ્રબિંદુ અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખવાના હુકમ સાથે ફરમાવ્યું, وَلَا تَفَرَّقُوْا "વેર-વિખેર ન થઈ જાઓ." કુર્આને હકીમનો વિવેકપૂર્ણ હુકમ એક તરફ એકતા સ્થાપવા માટેના કેન્દ્રની સ્પષ્ટતા કરે છે તો બીજી તરફ આવી એકતાના માર્ગમાં આવતા પ્રત્યેક અવરોધો અને અડચણો ઉપસ્થિત થાય એવી વાણી-વર્તનની મનાઈ ફરમાવે છે. એક બીજી આયતમાં ઈરશાદ છે, وَاَنَّ هٰذَا صِرَاطِیْ مُسْتَقِیْمًا فَاتَّبِعُوْهُ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِیْلِهٖ "આ જ સીધો માર્ગ છે, તેનું અનુસરણ કરો, અને અન્ય માર્ગોનું અનુસરણ ન કરો, તે તમને સીધા માર્ગથી ભટકાવી દેશે." (સૂ:૬, આ:૧૫૩) આ આયતમાં પણ "સિરાતે મુસ્તકીમ" ઉપર કાયમ રહેવાની તાકીદ છે અને પોતાની મનેચ્છાઓના પ્રભાવમાં અને તેની અસરથી પોતે નક્કી કરેલા માર્ગ ઉપર ચાલવાની મનાઈ કરી છે. કુસંપ અને વિસંવાદિતા કોઈપણ પ્રજાની બરબાદીનું સૌથી પહેલું અને છેલ્લું મહત્ત્વનું કારણ છે. એટલા માટે કુર્આને હકીમમાં વારંવાર અનેક ઠેકાણે કુસંપની મનાઈ ફરમાવી છે. એક આયતમાં છે,

اِنَّ الَّذِیْنَ فَرَّقُوْا دِیْنَهُمْ وَكَانُوْا شِیَعًا لَّسْتَ مِنْهُمْ فِیْ شَیْءٍ،

"જે લોકોએ પોતાના દીનમાં ફિરકા (ભાગલા) પાડયા અને વિવિધ પક્ષોમાં વહેંચાઈ ગયા, તમારો તેમની સાથે કોઈ સંબંધ નથી અને કોઈ લેવા-દેવા નથી." *(સૂ:૬, આ:૧૫૯)*

તદુપરાંત અંબિયા (અલૈ.)ની ઉમ્મતોની ઘટનાઓ નકલ કરીને કેવી રીતે તે ઉમ્મતો પરસ્પર કુસંપ અને મતભેદોના કારણે જિંદગીના મૂળ હેતુથી માર્ગ ભટકી પથભ્રષ્ટ થઈ ગઈ તથા દુનિયા અને આખિરતમાં અપમાનિત થઈ, તેનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે.

રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "અલ્લાહ તઆલાએ તમારા માટે ત્રણ વસ્તુઓ પસંદ કરી છે અને ત્રણ વસ્તુઓ નાપસંદ કરી છે. પસંદ કરેલ

ત્રણ વસ્તુઓ આ પ્રમાણે છે,

(૧) તમે માત્ર અલ્લાહ તઆલાની જ ઈબાદત કરો અને તેની સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો.

(૨) અલ્લાહ તઆલાની કિતાબ (કુર્આન)ને મજબૂતીથી પકડી રાખો અને પરસ્પર કુસંપથી બચો.

(૩) પોતાના શરઈ હુકૂમતના રાજસત્તાધીશો અને "ઊલૂલ્ અમ્ર" માટે હંમેશા ભલાઈની ભાવના રાખો અને તેમનું ભલું ઈચ્છો.

અને ત્રણ વસ્તુઓ જેને અલ્લાહ તઆલા નાપસંદ કરે છે અને જેનાથી નારાજ થાય છે, તે આ પ્રમાણે છે.

(૧) જરૂરિયાત વિના ક્ષુલ્લક બાબતોમાં ખણખોદ કર્યા કરવી અને વાદ-વિવાદ કર્યા કરવો.

(૨) વિના જરૂરતે કોઈને સવાલ કરવો (માંગણી કરવી).

(૩) માલને વ્યર્થ વેડફી નાંખવો."

(ઈબ્ને કષીર અન અબી હુરયરહ રદિ.)

હવે, સવાલ એ રહી જાય છે કે, શું દરેક પ્રકારનો મતભેદ વખોડવા પાત્ર છે ? અથવા કોઈ મતભેદ સારો પણ છે ? જવાબ એ છે કે, પ્રત્યેક મતભેદ અને વિરોધ વખોડવાપાત્ર નથી બલકે, ફક્ત તે જ મતભેદો વખોડવા લાયક છે જેમાં પોતાની મનેચ્છાઓ અને ખ્વાહિશોના આધારે કુર્આનથી દૂર રહીને વિચારવામાં આવે, પરંતુ જો કુર્આન ઉપર મજબૂતીથી વળગી રહી અને રસૂલે કરીમ ﷺની દીની અહકામ બાબતની સ્પષ્ટતા તથા તેમણે કરેલ ખુલાસાને સ્વીકારીને પોતાની સ્વાભાવગત સમજણ અને બૌદ્ધિક આવડતોનો ઉપયોગ કરી ગૌણ બાબતોમાં મતભેદ રાખવામાં આવે તો આવો મતભેદ સ્વાભાવિક બાબત છે અને ઈસ્લામ તેની મનાઈ નથી કરતો. સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને ફિક્હના ઈમામો વગેરેના મતભેદો આ જ પ્રકારના મતભેદો હતા અને આવા જ મતભેદોને રહમત ઠરાવવામાં આવ્યા છે, પરંતુ હા ! જો આ જ ગૌણ બાબતોને અને વાદ-વિવાદોને વાસ્તવિક દીન ઠરાવવામાં આવે અને તેનો વાદ-વિવાદ કરી યુદ્ધ અને લોહી વહેવડાવવા સુધી નો'બત આવે તથા તેને અન્યો ઉપર અત્યાચાર કરવાનું માધ્યમ

બનાવી લેવામાં આવે, તો તે પણ વખોડવા લાયક અને ધિક્કારને પાત્ર છે. પરસ્પરની એકતાના આ બંને પાસાઓને સ્પષ્ટ કર્યા પછી એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો જેમાં ઈસ્લામ અગાઉ અરબો સંડોવાયેલા હતા. કબીલાઓની પરસ્પરની વેરવૃત્તિ, નાની-નાની વાતો ઉપર તેમના લડાઈ-ઝઘડાઓ, રાત-દિવસ હિંસાના નગ્ન તાંડવો વગેરે બુરાઈઓના કારણે એવું લાગતું હતું કે, ખૂબ જ નિકટના ભવિષ્યમાં અરબ કૌમ નાશ પામશે, પરંતુ હિંસા અને વેરઝેરની આ ભભૂકતી અગ્નિમાંથી તેમને જે વસ્તુએ બચાવી લીધા તે ઈસ્લામ જ હતો. એટલા માટે જ ફરમાવવામાં આવ્યું,

وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَآءً فَاَلَّفَ بَيْنَ قُلُوْ بِكُمْ فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖ

اِخْوَانًا ۚ وَكُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ فَاَنْقَذَ كُمْ مِّنْهَا ۚ

"પોતાના ઉપર અલ્લાહના એ ઈનામને યાદ રાખો કે જ્યારે તમે પરસ્પર દુશ્મન હતા તો તેણે તમારા દિલોમાં મહોબ્બત નાંખી દીધી, બસ તમે તેના ઈનામોથી આપસમાં ભાઈ-ભાઈ બની ગયા અને તમે દોઝખના ખાડાના કિનારા ઉપર હતા; બસ, તેણે તમને તેનાથી બચાવી લીધા." (સૂ:૩, આ:૧૦૩)

સદીઓની અદાવતો અને દિલોને કીના-કપટથી સ્વચ્છ કરી અલ્લાહ તઆલાએ ઈસ્લામ અને નબીએ કરીમ ﷺની બરકતથી તમને પરસ્પર ભાઈ-ભાઈ બનાવી દીધા, જેથી તમારી દીન અને દુનિયા દુરુસ્ત થઈ ગઈ અને પરસ્પર એવી દોસ્તી કાયમ થઈ ગઈ, જેને જોઈને તમારા દુશ્મનો પણ પ્રભાવિત થઈ ગયા. આ ભાઈચારો અને એકતા અલ્લાહની એટલી મોટી નેઅ્મત છે જે પૃથ્વીપટ ઉપર ઉપસ્થિત બધા જ ખજાનાઓ ખર્ચીને પણ પ્રાપ્ત થઈ શકતી નથી.

આ આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) આગળ વર્ણન થઈ ચૂકી છે કે, અમુક શરારતી અને વિઘ્નસંતોષી તત્ત્વોએ ઔસ અને ખઝરજ કબીલાઓની ભૂતકાળની દુશ્મની અને યુદ્ધોની યાદ તાજી કરાવી પરસ્પર ફસાદ અને લડાઈ-ઝઘડો કરાવવાની પેંતરાબાજી આદરી હતી, પ્રસ્તુત આયતમાં તેનો સંપૂર્ણ ઈલાજ થઈ ગયો અને ઈસ્લામના માધ્યમથી તેમનો છુટકારો થયો હોવાનું વર્ણન થયું.

મુસલમાનોની પરસ્પર એકતા અલ્લાહ તઆલાની ફરમાંબરદારી (આજ્ઞાપાલન) ઉપર અવલંબિત છે :

કુર્આને હકીમનો આ ઈરશાદ એક એવી વાસ્તવિકતાની કબૂલાત સંદર્ભે છે કે, લોકોના દિલોનો માલિક તો એકમાત્ર અલ્લાહ જ છે. દિલોમાં મહોબ્બત અથવા ધિક્કાર પૈદા થવો તેની કુદરતનું કામ છે, કોઈ સમુદાયના દિલોમાં પરસ્પર મહોબ્બત અને લાગણી કે હૂંફ પૈદા કરવી ફક્ત અલ્લાહ તઆલાના ઈનામનું જ પરિણામ છે અને આ પણ સ્પષ્ટ છે કે, અલ્લાહ તઆલાનું ઈનામ ફક્ત તેની ફરમાંબરદારી અને ઈતાઅતથી જ પ્રાપ્ત થઈ શકે છે. નાફરમાની અને ગુનાહ કરવાથી આવું ઈનામ મળી શકતું નથી.

તેનું પરિણામ એ પણ છે કે, જો મુસલમાન નક્કર સંગઠન અને મજબૂત એકતાના ઈચ્છુક હોય તો તેનું માધ્યમ ફક્ત એ જ છે કે, તે અલ્લાહ તઆલાની ઈતાઅત, આજ્ઞાપાલનને પોતાના જીવનનો ધ્યેય બનાવે. તેના તરફ ઈશારો કરવા માટે આ આયતના અંતમાં ફરમાવવામાં આવ્યું, كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝ "એવી રીતે અલ્લાહ તઆલા તમો લોકો માટે વાસ્તવિકતાઓને સ્પષ્ટ કરીને (ખોલી-ખોલીને) વર્ણન કરે છે, જેથી તમો લોકો સત્ય (સીધા) માર્ગ ઉપર રહો." *(સૂ:૩, આ:૧૦૩)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૦૪-૧૦૫)

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ؕ
وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝١٠٤ وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ
مَا جَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَاُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ عَظِيْمٌ ۝١٠٥

તરજુમો :

અને તમારામાંથી એક જમાઅત એવી રહેવી જોઈએ જે ભલાઈ તરફ આમંત્રણ આપે, અને સારા કામોનો હુકમ આપે, અને બુરાઈથી રોકે, અને આ જ તે લોકો છે જેઓ સફળ થનારા છે. (૧૦૪) અને તે લોકો જેવા ન

થઈ જાઓ જેઓ વિખરાય ગયા (ફિરકાઓમાં વહેંચાઈ ગયા) અને પરસ્પર મતભેદ કરવા લાગ્યા, એ પછી કે તેમની પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા; અને આ જ તે લોકો છે જેમના માટે ઘણો મોટો અઝાબ છે. (૧૦૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી બે આયતોમાં મુસલમાનોની સામૂહિક સફળતા અને સુધારણા માટે બે સિદ્ધાંતો બતાવવામાં આવ્યા હતા, જેમાં દરેક વ્યક્તિને એક ખાસ શૈલીમાં પોતાની સુધારણા કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કે, દરેક વ્યક્તિ તકવા (અલ્લાહનો ડર) અપનાવે અને અલ્લાહ તઆલાના દીને ઈસ્લામ ઉપર મજબૂતીથી કાયમ રહે. આ રીતે વ્યક્તિગત સુધારણાની સાથે સાથે આપમેળે એક શક્તિશાળી સામૂહિક સંગઠન અસ્તિત્વમાં આવશે. પ્રસ્તુત બે આયતોમાં આ જ સુધારણા અને સફળતાની વ્યવસ્થાને એ રીતે સંપૂર્ણ કરવામાં આવી કે, મુસલમાન ફક્ત પોતાના અમલો, નૈતિકતા અને વર્તનને જ સમાજની સુધારણા માટે પૂરતું ન સમજે, બલકે, પોતાના અન્ય ભાઈઓની સુધારણાની ફિકર-ચિંતા પણ રાખે અને તો જ કૌમની સંપૂર્ણ સુધારણા શક્ય છે અને આ જ રીતે એકતા અને સંગઠન સ્થાપિત રહી શકશે.

તફસીર :

અને તમારામાંથી એક વર્ગ એવો હોવો જરૂરી છે કે, (અન્ય લોકોને પણ) ભલાઈ તરફ આમંત્રણ આપે અને નેક કામો કરવા માટેનો હુકમ કરે અને ખરાબ કામોથી રોકે અને આવા જ લોકો (આખિરતમાં સવાબના કારણે) સંપૂર્ણ સફળ થશે અને તમે લોકો તે લોકો જેવા ન થઈ જાઓ, જેમણે (દીનમાં) પરસ્પર ફિરકા બનાવી લીધા અને (મનેચ્છાઓના કારણે) પરસ્પર મતભેદ ઊભા કરી દીધા. ત્યારબાદ કે તેમની પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા અને તે લોકોને (કયામતના દિવસે) મોટી સજા થશે.

મસ્અલા અને બોધપાઠ :

મુસલમાનોની કૌમી અને સામૂહિક સફળતા બે બાબતો ઉપર અવલંબિત છે :

પ્રથમ બાબત તકવા અને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી તે દ્વારા

પોતાની સુધારણા કરવી તથા બીજી બાબત દા'વત અને તબ્લીગ (ઈસ્લામના પ્રચાર અને પ્રસાર) દ્વારા અન્યોની સુધારણા કરવી.

આયત وَلْتَكُنْ مِّنْكُمْ (સૂ:૩, આ:૧૦૪-૧૦૫)માં હિદાયતના આ બે પ્રકારના માધ્યમોનું વર્ણન છે. મતલબ કે, આ બે આયતોનો ખુલાસો એ થયો કે, પોતે પોતાના અમલો અને અખ્લાકને અલ્લાહે મોકલેલા કાયદા પ્રમાણે સુધારે અને પોતાના અન્ય ભાઈઓના અમલોને સુધારવાની પણ ફિકર-ચિંતા રાખે. આ જ વિષય સૂરએ અસ્રમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે.

اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ وَتَوَاصَوْا بِالصَّبْرِ ،

"આખિરતના નુકસાનથી ફક્ત તે જ લોકો સુરક્ષિત છે જેઓ પોતે પણ ઈમાન અને નેક અમલોના પાબંદ છે, અને અન્યોને પણ સાચા અકીદાઓ તથા નેક અમલોની હિદાયત (માર્ગદર્શન) કરતા રહે છે." *(સૂરહ : ૧૦૩, આયત : ૨-૩)*

કૌમી અને સામૂહિક જિંદગી માટે એ આવશ્યક હતું કે, તેનો કોઈ મજબૂત અને ટકાઉ એકતાનો સંબંધ હોવો જોઈએ. જેને પ્રથમ આયતમાં اِعْتِصَامُ بِحَبْلِ اللّٰهِ (અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડવા)ના શબ્દોથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે સંબંધ કાયમ કરી તેને ટકાવી રાખવા માટે અન્ય અમલો પણ જરૂરી છે, જે પ્રસ્તુત આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યા છે. એટલે કે, અન્ય ભાઈઓની કુર્આન અને સુન્નતના હુકમો પ્રમાણે સારા કાર્યોની હિદાયત (માર્ગદર્શન) અને ખરાબ કામોથી રોકવાને દરેક વ્યક્તિ પોતાનો ફરજ સમજે. જેથી આ "હબ્લુલ્લાહ" حَبْلُ اللّٰهِ "અલ્લાહની રસ્સી" હાથથી છૂટી ન જાય. કારણ કે મારા મર્હૂમ ઉસ્તાદ શૈખુલ ઈસ્લામ મવલાના શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)ના કહેવા પ્રમાણે "અલ્લાહ તઆલાની આ રસ્સી તૂટી તો શકતી નથી પરંતુ હા ! હાથમાંથી છૂટી શકે છે." એટલા માટે કુર્આને કરીમની આ રસ્સી (દોરડું) હાથમાંથી છૂટી જવાનો ભય હંમેશા રહે છે, તેને નજર સમક્ષ રાખી એવું માર્ગદર્શન આપવામાં આવયું કે, જેવી રીતે દરેક મુસલમાન પોતે નેક અમલ કરવાને અને ગુનાહોથી બચવાને પોતાની ફરજ સમજે છે એ જ પ્રમાણે તે વસ્તુને પણ જરૂરી સમજે છે કે, અન્ય લોકોને પણ નેક અમલ કરવાનું માર્ગદર્શન આપતા રહે અને ખરાબ અમલોથી રોકતા રહે, જેનું પરિણામ એ હશે કે આ

બધા મળીને મજબૂતીથી અલ્લાહની રસ્સીને પકડી રાખશે અને તેના પરિણામે દુનિયા તથા આખિરતની સફળતા તેમની સાથે હશે. પોતાની સુધારણાની સાથે સાથે અન્યોની સુધારણાની જવાબદારી મુસલમાનો ઉપર નાંખવા માટે કુર્આને કરીમમાં ઘણા જ સ્પષ્ટ હુકમો આવેલા છે. સૂરએ અસ્રનો આ વિષય પણ તમે હમણા જ જોઈ ચૂક્યા છો, એ જ પ્રમાણે સૂરએ આલિ ઈમ્રાનમાં પણ ઈરશાદ છે,

كُنتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ،

"તમે બહેતરીન (સર્વશ્રેષ્ઠ) ઉમ્મત છો જે લોકો માટે કાઢવામાં આવી છે કારણ કે, તમે લોકોને નેક કામોનો હુકમ કરો છો અને ખરાબ કામોથી રોકો છો."

(સૂ:૩, આ:૧૧૦)

તેમાં પણ સમગ્ર ઉમ્મત ઉપર "અમ્ર બિલ મઅરૂફ" અને "નહી અનિલ મુન્કર" امر بالمعروف اور نہی عن المنکر (ભલાઈનો હુકમ કરવો અને બૂરાઈથી રોકવા)નો ફરજ લાગુ પાડવામાં આવ્યો છે અને અન્ય ઉમ્મતો ઉપર તેની ફઝીલત (શ્રેષ્ઠતા)નું આ જ ખાસ મહત્ત્વનું કારણ છે. એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺના અનેક ફરમાનો પણ આ વિશે આવેલા છે. તિરમિઝી અને ઈબ્ને માજહ વગેરેની રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ لَتَاْمُرُنَّ بِالْمَعْرُوْفِ وَلَتَنْهَوُنَّ عَنِ الْمُنْكَرِ اَوْ لَيُوْشَكَنَّ اللّٰهُ اَنْ يَّبْعَثَ عَلَيْكُمْ عِقَابًا مِنْ عِنْدِهٖ ثُمَّ لَتَدْ عُنَّهٗ فَلَا يَسْتَجِيْبُ لَكُمْ،

"કસમ છે તે જાતની જેના કબજામાં મારો જીવ છે કે, તમે જરૂર અમ્ર બિલ મઅરૂફ (ભલાઈનો હુકમ) અને નહી અનિલ મુન્કર (બુરાઈથી રોક) કરતા રહો, નહિતર નિકટ છે કે, અલ્લાહ તઆલા ગુનેહગારોની સાથે-સાથે તમારા બધા ઉપર પણ પોતાનો અઝાબ મોકલે અને તે સમયે તમે અલ્લાહ તઆલાથી દુઆ માંગશો તો કબૂલ નહીં થાય !"

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

مَنْ رَاٰى مِنكُمْ مُنْكَرًا فَلْيُغَيِّرْهُ بِيَدِهٖ فَاِنْ لَّمْ يَسْتَطِعْ فَبِلِسَانِهٖ وَاِنْ لَّمْ يَسْتَطِعْ فَبِقَلْبِهٖ وَذٰلِكَ اَضْعَفُ الْاِيْمَانِ،

"તમારામાંથી જે વ્યક્તિ કોઈ ગુનોહ થતો જૂએ તો તેણે તેને પોતાના હાથ અને

શક્તિથી રોકી દેવો જોઈએ અને જો એ પણ ન કરી શકે તો જીભથી (મૌખિક સૂચનાથી) રોકે અને એ પણ ન કરી શકે તો ઓછામાં ઓછું દિલમાં આ કૃત્યને ખરાબ સમજે અને આ નિમ્નકક્ષા (દરજ્જા)નું ઈમાન છે."

આ બધી આયતો અને રિવાયતોથી એ જ સાબિત થાય છે કે, "અમ્ર બિલ મઅરૂફ" અને "નહી અનિલ મુન્કર" ઉમ્મતના દરેક વ્યક્તિ ઉપર જરૂરી છે. અલબત્ત, શરીઅતના તમામ હુકમોની જેમ તેમાં પણ દરેક વ્યક્તિની શક્તિ અને સામર્થ્ય અનુસાર હુકમ લાગુ પડશે, જેની જેટલી શક્તિ હશે એટલા જ પ્રમાણમાં અમ્ર બિલ મઅરૂફનો ફરજ તેના ઉપર લાગુ પડશે. હમણા જે હદીષ આપની નજરો હેઠળથી પસાર થઈ છે તેમાં આ ફરજનો વ્યક્તિની ક્ષમતા અને સામર્થ્ય ઉપર જ આધાર રાખવામાં આવ્યો છે.

કોઈપણ કાર્ય કરવા માટેનું સામર્થ્ય અને શક્તિ દરેક વ્યક્તિમાં અલગ-અલગ પ્રકારની હોય છે. અમ્ર બિલ મઅરૂફની શક્તિ એ બાબત ઉપર અવલંબિત છે કે, "મઅરૂફ" (સારા અને ભલાઈના હલાલ કામ) અને "મુન્કર" (હરામ કામ)ની તે વ્યક્તિને પૂરેપૂરા સાચી રીતે ખબર હોવી જોઈએ. જેમકે પોતે પણ "મઅરૂફ" અને "મુન્કર"થી અજ્ઞાન હોય અથવા તે બાબતના મસ્અલાઓનું પૂરેપૂરું જ્ઞાન ન હોય તેવો વ્યક્તિ જો બીજા લોકોને "અમ્ર બિલ મઅરૂફ" અને "નહી અનિલ મુન્કર" કરવા માંડે તો દેખીતું છે કે, સુધારણાના બદલે ફસાદ થશે અને શક્ય છે કે, તે પોતાની જહાલત અને અજ્ઞાનતાના કારણે કોઈ મઅરૂફ (ભલાઈ)ને પણ મુન્કર (બુરાઈ)માં ખપાવવા લાગે અને તેનાથી લોકોને રોકતો ફરે અથવા તો મુન્કરનો જ હુકમ કરવા માંડે. એટલા માટે જે વ્યક્તિ પોતે મઅરૂફ અને મુન્કરથી વાકેફ નથી તેના ઉપર અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરની ફરજ લાગુ તો પડી છે પરંતુ તેણે તેનાથી સંપૂર્ણ વાકેફ થવું પડશે અને શરીઅતના મઅરૂફ અને મુન્કર હુકમોનું જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે અને ત્યાર પછી જ તે પ્રમાણે અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરના સેવા કાર્યમાં ઝંપલાવવું પડશે.

પરંતુ જ્યાં સુધી તે વાકેફ નથી તેને આ સેવા માટે ઊભા થવું જાઇઝ નથી, જેમકે વર્તમાન યુગમાં ઘણા જાહિલો વઅઝ અને શિખામણ આપવા માટે મિમ્બરો ઉપર ઊભા થઈ જાય છે. ન તો તેમને કુર્આનનું જ્ઞાન છે, ન જ હદીષનું ઈલ્મ છે

અથવા ઘણી બધી સુની–સુનાઈ (અલલ્ ટપ્પુ) વાતો સંભળાવે છે અને તેના કારણે ક્યારેક લોકો સાથે લડાઈ–ઝઘડો પણ કરે છે. કહે છે કે, આવું કરો ! આવું ન કરો ! વગેરે..... સુધારણાની આવી પદ્ધતિ સમાજમાં સુધારણા લાવવાના બદલે અરાજકતા ફેલાવશે અને ક્યારેક તો આવી બાબતો લડાઈ–ઝઘડાનું કારણ પણ બનતી હોય છે.

એ જ પ્રમાણે અમ્ર બિલ મઅ્રૂફના વર્તુળમાં એ પણ સામેલ છે કે, પોતાની જાતને કોઈ ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન પહોંચવાનો ભય ન હોય. એટલા માટે હદીષમાં કહેવામાં આવ્યું છે કે, “ગુનાહને હાથ અને શક્તિથી ન રોકી શકે તો મૌખિક રીતે જીભથી રોકે અને જીભથી રોકવાની શક્તિ ન હોય તો ઓછામાં ઓછું દિલમાં ખરાબ સમજે.” દેખીતું છે કે, જીભથી ન રોકી શકવાની શક્તિનો અર્થ એવો નથી કે તેની જીભ હલી નથી શકતી બલકે, તેનો અર્થ એ છે કે, એ બાબતનો ગંભીર ખતરો છે કે, જો તે સત્ય વાતની તાકીદ કરશે તો કદાચ તેને પ્રાણ ખોવાનો વારો પણ આવી શકે છે અથવા તો બીજું કોઈ ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થવાનો ભય છે. આવી પરિસ્થિતિમાં આ માણસને શક્તિશાળી સમજવામાં નહીં આવે અને અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરને છોડવાથી તે ગુનેહગાર થશે નહીં, તે બીજી બાબત છે કે, તે અલ્લાહના માર્ગમાં પોતાના પ્રાણ અને માલની પરવા ન કરે અને નુકસાન વેઠીને પણ અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરની સેવા કરે, જેમકે ઘણા સહાબા (રદિ.), તાબિઈન (રહ.) તથા ઈસ્લામના ઈમામોના કિસ્સાઓ વર્ણન થયા છે કે, તે તેમના પરિપક્વ ઈરાદાઓ જ હતા કે જેના કારણે તેમની શ્રેષ્ઠતા અને વિજયગાથાઓ દુનિયા અને આખિરતમાં બુલંદ થઈ, પરંતુ આ જવાબદારી ન તો તેમના ઉપર ફરજ હતી અને ન જ વાજિબ હતી, તે છતાં તેમણે અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરનો ફરજ અદા કર્યો.

સૂરએ અસ્રની આયત અને كُنْتُمْ خَيْرَ أُمَّةٍ (તમે શ્રેષ્ઠ ઉમ્મત છો) વગેરે આયતોથી તથા હદીષોથી ઉમ્મતના દરેક વ્યક્તિ ઉપર તેની શક્તિ અનુસાર અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર વાજિબ કરવામાં આવી રહ્યું છે, પરંતુ તેના વાજિબ હોવાની સ્પષ્ટતા એ છે કે, વાજિબ હુકમોમાં મઅ્રૂફનો હુકમ તથા ખરાબ વાતોથી રોકવું વાજિબ છે અને મુસ્તહબ કાર્યોમાં મુસ્તહબ છે. દાખલા

તરીકે પાંચ વખતની નમાઝ ફરજ છે, તો દરેક વ્યક્તિ ઉપર તે વાજિબ છે કે, તે બેનમાઝીને તેની નસીહત કરે અને નફલ નમાઝ તથા મુસ્તહબ નમાઝ પણ છે, તો બેનમાઝીને આવી નમાઝોની નસીહત કરવી મુસ્તહબ થશે. આ ઉપરાંત એક જરૂરી સભ્યતાની વાત એ પણ નજર સમક્ષ રાખવી જોઈએ કે મુસ્તહબ બાબતોમાં વિનમ્રતા અને નરમીથી વર્તણૂક કરવામાં આવે અને વાજિબ તથા ફરજમાં પ્રથમ નરમીથી અને વિનમ્રતાથી સમજાવવામાં આવે અને જો આવું કરવાથી ન માને તો સખ્તી કરવાની પણ ગુંજાઈશ છે, પરંતુ આજકાલ લોકો મુસ્તહબમાં અથવા મબાહમાં સખ્તીથી રોક-ટોક કરે છે, પરંતુ વાજિબ અને ફરજો છોડનારને વખોડતા પણ નથી, આ સાચી રીત નથી.

વળી, દરેક વ્યક્તિ ઉપર "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર"નો ફરજ ત્યાં સુધી લાગુ નથી પડતો, જ્યાં સુધી કે તે પોતાની સામે ગુનાહના કોઈ કૃત્યને થતું ન જુએ ! દાખલા તરીકે કોઈ મુસલમાન વ્યક્તિ જોઈ રહ્યો છે કે, કોઈ મુસલમાન દારૂ પી રહ્યો છે, અથવા જુગાર રમી રહ્યો છે, અથવા કોઈ સ્ત્રી સાથે ગુનાહિત કૃત્ય કરી રહ્યો છે તો તે મુસલમાન વ્યક્તિ ઉપર ફરજ છે કે, તે પોતાની શક્તિ અનુસાર આ ગુનાહિત કૃત્યને રોકે અને જો આ બધું તેની સામે નથી થઈ રહ્યું તો તે તેની જવાબદારી નથી. બલકે, હવે આ ફરજ ઈસ્લામી સરકારની છે કે, ગુનેહગારના ગુનાહની તપાસ કરે અને ગુનેહગારને સજા કરે. નબીએ કરીમ ﷺના ઈરશાદ مَنْ رَأَى مِنْكُمْ માં એ તરફ ઈશારો છે કે, "જે વ્યક્તિ તમારામાંથી કોઈ ગુનાહિત કૃત્ય થતું જુએ."

અમ્ર બિલ મઅ્રૂફનો બીજો દરજ્જો એ છે કે, મુસલમાનોમાંથી એક જમાઅત ખાસ દા'વતો તબ્લીગના કામ ઉપર જ લાગેલી રહે, તેનો મુખ્ય હેતુ એ છે કે, તે પોતાના કૌલ (મૌખિક નિવેદનો) અને અમલથી લોકોને કુર્આન અને સુન્નત તરફ આમંત્રણ આપે અને જ્યારે લોકોને સારા કામોમાં આળસ કરતા જૂએ અથવા બુરાઈઓમાં રાચેલા જૂએ, તેવા સમયે તેમને ભલાઈ તરફ ધ્યાન અપાવે અને બુરાઈથી રોકવા માટે પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્ન કરે, ઈસ્લામનો મહત્ત્વનો ફરજ અમ્ર બિલ મઅ્રૂફ તથા નહી અનિલ મુન્કર સંપૂર્ણ રીતે ત્યારે જ અદા થઈ શકે છે જ્યારે કે, તેના માટે મુસલમાનોમાંથી એક ગૃપને ફક્ત આ કામ માટે જ નિયુક્ત કરવામાં આવે, જે દરેક બાજુ ભલાઈની દા'વત માટે તથા અમ્ર

બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર કરવા માટે યોગ્ય હોય. એટલા માટે આ આયતમાં આવા જ એક ગૃપની આવશ્યકતા અને મહત્ત્વ માટે ફરમાવવામાં આવ્યું,

وَلْتَكُنْ مِّنكُمْ أُمَّةٌ يَدْعُونَ إِلَى الْخَيْرِ وَيَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنكَرِ

"તમારામાંથી એક સમૂહ એવો હોવો જરૂરી છે જે ભલાઈનું આમંત્રણ આપે અને નેક કામોને કરવાનો હુકમ આપે તથા બુરા કામોથી રોક્યા કરે."

وَلْتَكُنْ مِّنكُمْ أُمَّةٌ માં ઈશારો છે કે, "આવી જમાઅત (ગૃપ)નું અસ્તિત્વ જરૂરી છે." જો કોઈ ઈસ્લામિક સરકાર આ ફરજ અદા કરતી નથી તો બધા જ મુસલમાનો ઉપર ફરજ થશે કે, કોઈ આવા ગૃપને સંગઠિત કરે. કારણ કે મુસલમાનોનું અસ્તિત્વ એવા સમયે જ કાયમ રહી શકશે જ્યાં સુધી કે આવું ગૃપ અસ્તિત્વમાં હશે. પછી આવા ગૃપના મહત્ત્વના લક્ષણો અને વિશેષતાઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે, يَدْعُونَ إِلَى الْخَيْرِ આ ગૃપની મહત્ત્વની વિશેષતા એ છે કે, "તે ભલાઈનું આમંત્રણ આપે છે," એટલે કે આ સંગઠનના અસ્તિત્વનો હેતુ જ એ હોય છે કે, તે લોકોને ભલાઈ તરફ બોલાવે છે. હવે, એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ભલાઈનો શું મતલબ છે ? રસૂલે કરીમ ﷺએ ભલાઈની તફસીરમાં ફરમાવ્યું છે,

اَلْخَيْرُ هُوَاتِّبَاعُ الْقُرْاٰنِ وَسُنَّتِىْ

"ખયર (ભલાઈ)નો અર્થ કુર્આન અને મારી સુન્નતની તા'બેદારી છે."

(ઇબ્ને કષીર)

"ખયર" (ભલાઈ)ની સર્વગ્રાહી અને સર્વમાન્ય વ્યાખ્યા આનાથી વધીને કોઈ નથી હોઈ શકતી. કારણ કે, સમગ્ર દીન અને શરીઅતનો આ વ્યાખ્યામાં સમાવેશ થઈ જાય છે. પછી يَدْعُونَ (યદ્ઊન) ના સર્વનામને આજ્ઞાર્થ સ્વરૂપમાં વર્ણન કરી બતાવવામાં આવ્યું કે, આ જમાઅતનો મૂળ મંત્ર જ ભલાઈનું આમંત્રણ હશે. એટલે કે લોકોને ભલાઈ તરફ સતત આમંત્રણ આપતા રહેવાની કોશીશ કરવી જ તેમનો ફરજ હશે.

અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરથી એ સમજી શકાતું હતું કે, તેની આવશ્યકતા અમુક વિશેષ પરિસ્થિતિઓમાં હશે જ્યારે કે તે ગુનાહિત કૃત્ય

થતું જુએ ! પરંતુ يَدْعُوْنَ اِلَى الْخَيْرِ કહીને બતાવવામાં આવ્યું કે, "આ જમાઅતનું કામ ભલાઈ તરફ આમંત્રણ આપવાનું હશે." ભલે, તે સમયે ગુનાહિત કૃત્ય ન થતા હોય અથવા કોઈ શરઈ ફરજ અદા કરવાનો સમય પણ ન હોય ! દાખલા તરીકે, સૂર્ય નીકળ્યા પછી ઝવાલ સુધી નમાઝનો કોઈ સમય નથી, પરંતુ આ જમાઅત તેવા સમયે પણ નમાઝ પઢવાની શિખામણ આપશે કે, નમાઝના સમયે નમાઝને અદા કરવી જરૂરી છે. એ જ પ્રમાણે ભલે, અત્યારે રોઝા રાખવાનો સમય નથી, હજુ રમઝાનનો મહિનો ઘણો દૂર છે, પરંતુ આ જમાઅત પોતાની ફરજથી ગાફેલ અને બેદરકાર નહીં રહે, બલકે તે પ્રથમથી જ લોકોને બતાવતા રહેશે કે, જ્યારે રમઝાનનો મહિનો આવે તો રોઝા રાખવા ફરજ થશે. મતલબ કે, આ જમાઅતની ફરજ સદાય ભલાઈ તરફ આમંત્રણ આપવાની હશે.

પછી આ ભલાઈના આમંત્રણના પણ બે દરજ્જા (કક્ષા) છે. પ્રથમ દરજ્જો એટલે કે, ગૈરમુસ્લિમોને ભલાઈનું આમંત્રણ એટલે કે, ઈસ્લામની દા'વત આપવાની છે. દરેક મુસલમાન ઉપર સામાન્ય રીતે અને આ જમાઅત ઉપર વિશેષરૂપે દુનિયાની બધી જ કૌમોની ભલાઈ એટલે કે, ઈસ્લામનું આમંત્રણ આપવું જીભથી એટલે કે મૌખિક રીતે અને અમલથી પણ જરૂરી છે ! એટલા માટે મુસલમાનોને જે આયતમાં જિહાદ અને કિતાલનો હુકમ આપવામાં આવ્યો છે ત્યાં જ સાચા મો'મિનોના આ રીતે વખાણ પણ કરવામાં આવ્યા છે.

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ وَاَمَرُوْا بِالْمَعْرُوْفِ

وَنَهَوْا عَنِ الْمُنْكَرِ،

"સાચા મુસલમાન તે છે કે જ્યારે અમે તેમને જમીનની હુકૂમત આપીએ છીએ તો તેમનું પહેલું કામ એ હોય છે કે, તેઓ અલ્લાહની પૃથ્વીમાં તેના આજ્ઞાપાલનની વ્યવસ્થા સ્થાપિત કરે છે અને નમાઝ કાયમ કરે છે તથા પોતાની આર્થિક વ્યવસ્થામાં ઝકાતના સિદ્ધાંતો પણ લાગુ પાડે છે, અને અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરને પોતાની જિંદગીનો મકસદ બનાવી લે છે." *(સૂ:૨૨, આ:૪૧)*

જો આજે મુસ્લિમ ઉમ્મત પોતાની જિંદગીનો મકસદ દુનિયાની અન્ય પ્રજાઓને ઈસ્લામની દા'વત આપવાનો બનાવી લે તો તે બધી જ બીમારીઓ

સમાપ્ત થઈ જાય જે અન્ય કૌમોની નકલ કરવાની વૃત્તિથી આપણામાં ફેલાયેલી છે. કારણ કે, જ્યારે કોઈ પ્રજા દા'વતના આ મહાન હેતુને સિદ્ધ કરવા ભેગી થઈ જાય અને એવું સમજી લે કે અમારે જ્ઞાન અને અમલમાં દુનિયાની પ્રજાઓ ઉપર છવાઈ જવું છે અને દુનિયાની સમગ્ર પ્રજાઓની કેળવણી તથા સભ્યતાનો પ્રચાર કરવાની જવાબદારી અમારી છે તો તેમના અંદર-અંદરના વાદ-વિવાદો એકદમ સમાપ્ત થઈ જશે અને સમગ્ર પ્રજા એક મહાન હેતુને પ્રાપ્ત કરવામાં લાગી જશે. રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની સફળતાનું રહસ્ય આવી એકતા ઉપર જ આધારિત હતું. હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ આ આયત وَلْتَكُن مِّنكُمْ પઢી અને પછી ફરમાવ્યું, "અમે ખાસતુલ અસ્હાબે રસૂલુલ્લાહ ﷺ છે" (ઇબ્ને જરીર) એટલે કે, "અમે રસૂલ ﷺના એવા ખાસ સહાબા (રદિ.)ની જમાઅત છે કે, જેનો પ્રત્યેક વ્યક્તિ ભલાઈ તરફ આમંત્રણ આપવાને પોતાની જવાબદારી સમજે છે."

ભલાઈનું આમંત્રણ આપવાનો બીજો દરજ્જો પોતે મુસલમાનોને ભલાઈનું આમંત્રણ આપવાનો છે કે, સામાન્ય રીતે બધા જ મુસલમાનો અને ખાસ વિશેષ સંગઠનો કે સમૂહો મુસલમાનોમાં તબ્લીગ કરે અને ભલાઈના આમંત્રણની ફરજ અદા કરે. ફરી તેમાં એક તો સમગ્ર ઉમ્મત માટે એક સામાન્ય અને જાહેર દા'વત હશે. એટલે કે, બધા જ મુસલમાનોને જરૂરી હુકમો અને ઈસ્લામી અખ્લાકથી વાકેફ કરવામાં આવે અને બીજા પ્રકારની ભલાઈનું આમંત્રણ એ હશે કે, ઉમ્મતે મુસ્લિમહમાં કુર્આન અને સુન્નતના નિષ્ણાતો પૈદા કરવામાં આવે. જેમકે એક અન્ય આયતમાં એ વિશેનું માર્ગદર્શન છે.

فَلَوْ لَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ
اِذَا رَجَعُوْٓا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ،

"બલકે, એવું કેમ ન કરવામાં આવે કે, દરેક વસ્તીમાંથી એક એક ટૂકડી દીનની સમજબૂઝ મેળવવા નીકળે અને જ્યારે પોતાની વસ્તીના લોકો તરફ પાછા વળે તો પોતાની કૌમને ચેતવી આપે." *(સૂ:૯, આ:૧૨૨)*

આગળ આ જ આમંત્રણ આપનાર સંગઠનના અમુક વિશેષ લક્ષણો બતાવ્યા يَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ એટલે કે, "તે લોકો ભલાઈનો હુકમ આપે છે અને બુરાઈઓથી રોકે છે."

"મઅ્રૂફ"માં તે બધી જ ભલાઈઓ અને નેકીઓ સામેલ છે, જેનો ઈસ્લામે હુકમ આપ્યો છે અને દરેક નબીએ પોતાના સમયમાં તેનું આમંત્રણ આપ્યું છે અને તેને લાગુ પાડવાની કોશીશ કરી છે અને આ બધા કાર્યો મોટેભાગે પ્રખ્યાત હોવાથી તેને "મઅ્રૂફ" કહેવામાં આવે છે.

એવી જ રીતે "મુન્કર"માં બધી જ તે બુરાઈઓ અને ફસાદો સામેલ છે, જેને રસૂલુલ્લાહ ﷺએ નાજાઈઝ ઠરાવી છે. આ સ્થળે વાજિબો અને ગુનાહોના બદલે "મઅ્રૂફ" તથા "મુન્કર"નો શબ્દ અપનાવવામાં કદાચ એ હિકમત પણ છે કે, રોકવા-ટોકવાની બાબત ફક્ત આ મસ્અલાઓમાં હશે, જે ઉમ્મતમાં મશહૂર અને મઅ્રૂફ છે અને સર્વસહમતિથી માન્ય છે. ઈજ્તિહાદી મસ્અલાઓ જેમાં શરીઅતના સિદ્ધાંતો હેઠળ વિવિધ અભિપ્રાયો હોઈ શકે છે તેમાં આવી રોક-ટોક ન હોવી જોઈએ. અફસોસ એ છે કે, મોટેભાગે આ હિકમતસભર શિક્ષણથી ગફલત વર્તવામાં આવે છે અને ઈજ્તિહાદી મસ્અલાઓમાં વાદ-વિવાદનું બજાર ગરમ કરીને તેને લડાઈનો અખાડો બનાવી દેવામાં આવ્યો છે અને મુસલમાનોના ટોળાંઓને પરસ્પર આવા મસ્અલાઓમાં એકબીજા સાથે લડાવવામાં આવે છે તથા તેને સૌથી મોટી ભલાઈ અને નેકી સમજવામાં આવે છે. તેનાથી વિપરીત જે બુરાઈઓ પ્રત્યે બધા જ સહમત છે કે તેને રોકવી જોઈએ તેના તરફ ઓછું ધ્યાન આપવામાં આવે છે. આયતના અંતે આ જમાઅતના સારા પરિણામોને આ શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યા, وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ એટલે કે, "વાસ્તવમાં આ જ લોકો સફળતા પ્રાપ્ત કરનાર છે" અને બંને દુનિયામાં તેમનો સારો હિસ્સો રહેલો છે.

આવી જમાઅત સૌ પ્રથમ સહાબએ કિરામ (રદિ.)ની જમાઅત છે, જેઓ ભલાઈ તરફ આમંત્રણ આપતા હતા તથા અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરના મહાન હેતુને લઈને ઊભા થયા અને થોડા જ સમયમાં આખી દુનિયા ઉપર છવાઈ ગયા. રૉમ, ઈરાન વગેરેની મોટી-મોટી પથભ્રષ્ટ અને અત્યાચારી હુકૂમતોને કચડી નાંખી અને દુનિયાને અખ્લાક તથા પવિત્રતાના પાઠો આપ્યા, નેકી-ભલાઈ અને તકવાનો દિવ્યપ્રકાશ રેલાવ્યો !

અલ્લાહ તઆલાએ ભલાઈ તરફ આમંત્રણ આપનાર જમાઅત

(સંગઠન)ની આવશ્યકતા અને તેના લક્ષણો વર્ણન કર્યા પછી પ્રસ્તુત બીજી આયતમાં મુસલમાનોને પરસ્પર મતભેદો ઊભા કરવાથી અને ફિરકા પાડવાથી તથા વાદ-વિવાદથી બચવાની સૂચના આપીને ઇરશાદ ફરમાવ્યો,

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْبَيِّنٰتُ،

"તે લોકો જેવા ન બની જાઓ જેમણે સ્પષ્ટ અને ખુલ્લી દલીલો આવ્યા પછી પણ વાદ-વિવાદ કર્યો." *(સૂ:૩, આ:૧૦૫)*

મતલબ કે, યહૂદીઓ અને નસારા જેવા ન બનો જેમણે અલ્લાહના સ્પષ્ટ હુકમો મળ્યા પછી ફક્ત ભ્રમ અને ખ્વાહિસાતની (મનેચ્છાઓની) પૈરવી કરીને શરીઅતના હુકમોમાં પરસ્પર વિરોધી બની ગયા તથા ફરી ગયા અને પરસ્પર યુદ્ધો કરી ખૂન વહાવી અલ્લાહના અઝાબમાં સપડાઈ ગયા. આ આયત વાસ્તવમાં وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا (અને બધા ભેગા મળી અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખો)ની પૂર્ણતા છે. આ આયતમાં એકતાનું કેન્દ્ર એટલે કે, "અલ્લાહની રસ્સી"ને મજબૂતીથી પકડવાની દા'વત આપવામાં આવી છે અને ઈશારો કરી બતાવવામાં આવ્યું છે કે, એકતા અને સંગઠનતા સમગ્ર ઉમ્મત અને કૌમને એક વ્યક્તિ, એક અવાજ અને એક શક્તિમાં પરિવર્તિત કરી દે છે. પછી ભલાઈ તરફ આમંત્રણ અને અમ્ર બિલ મઅ્રૂફ તથા નહી અનિલ મુન્કર આવી એકતા અને સંગઠન શક્તિને બળ પૂરું પાડે છે, અને ત્યાર પછી કહેવામાં આવ્યું وَلَا تَفَرَّقُوْا (અને વિખરાય ન જાઓ) આ આયત وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا (અને તેમના જેવા ન થાઓ જેઓ ફિરકાઓમાં વહેંચાઈ ગયા)થી એવી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, વાદ-વિવાદ અને વિરોધ-વંટોળ તથા મતભેદોએ પાછલી કૌમોનો સર્વનાશ કરી નાંખ્યો તેનાથી બોધપાઠ ગ્રહણ કરો અને પોતાનામાં આ બીમારી પૈદા ન થવા દો. પરસ્પર સંવાદિતા પ્રસ્થાપિત કરી સંગઠિત થઈ મજબૂત બનો.

આયતમાં જે મતભેદ અને વાદ-વિવાદને વખોડવામાં આવ્યો છે, તે વાદ-વિવાદ એ પ્રકારનો વાદ-વિવાદ છે કે, જે દીની સિદ્ધાંતોમાં અથવા કોઈ ગૌણ મસ્અલાઓમાં ફક્ત પોતાની મનેચ્છાઓના કારણે ઉપસ્થિત કરવામાં આવે. એટલા માટે આ આયતમાં આ શબ્દો મૂકવામાં આવ્યા કે, "સ્પષ્ટ હુકમો આવી ગયા પછી" આ શબ્દો જ બતાવે છે કે, દીનના મૂળભૂત સિદ્ધાંતો સ્પષ્ટ

અને ચોખ્ખા સમજી શકાય એવા હોય છે અને અમુક ગૌણ મસ્અલાઓ બાબતે પણ જો મનેચ્છાઓ વ્યક્તિત્વ પર સવાર ન થાય તો તે પણ સ્પષ્ટ અને જાહેર છે. જેથી તેમાં મતભેદની કોઈ સંભાવના નથી હોતી, પરંતુ જે મસ્અલાઓ સ્પષ્ટ નુસૂસ એટલે કે, જે બાબતો વિશે કુર્આનના સ્પષ્ટ અને ખુલ્લા હુકમો મૌજૂદ નથી તે ન હોવાના કારણે નુસૂસના અમુક જાહેરી અર્થોના અભિપ્રાયમાં ઈજતિહાદી ઈખ્તિલાફ થતા હોય છે તો તે આયતો આમાં સામેલ નથી અને તેના માટે સહીહ હદીષો પૂરતી છે. જે બુખારી અને મુસ્લિમમાં અમ્ર બિન આસ (રદિ.)થી રિવાયત થઈ છે કે, "જ્યારે કોઈ ઈજતિહાદ કરે અને તે હુકમ બરાબર હોય તો તેને બેઘણો સવાબ મળે છે અને ઈજતિહાદમાં ક્ષતિ રહી જાય તો તેને એકઘણો સવાબ મળે છે."

આથી સ્પષ્ટ થયું કે, જે ઈજતિહાદી ઈખ્તિલાફ (મતભેદો)માં ઉણપ હોવા છતાં એકઘણો સવાબ મળે છે માટે તે વખોડવાપાત્ર નથી હોઈ શકતું. એટલા માટે જે ઈજતિહાદી મતભેદો સહાબા (રદિ.) અને મુજ્તહીદીન ઈમામો (રહ.)માં પૈદા થયા છે તેને ઉપરોક્ત આયત સાથે કોઈ સંબંધ નથી. હઝરત કાસિમ બિન મુહમ્મદ (રદિ.) અને હઝરત અમ્ર બિન અઝીઝ (રદિ.)ના કથન મુજબ સહાબાના મતભેદો લોકો માટે રહમત અને છુટકારાનું કારણ છે.

(કઝા ફી રૂહૂલ મઆની નકલન અનલ બયહકી વલ મુદ્ખલ)

ઇજતિહાદી મતભેદોમાં કોઈપણ પક્ષે ગુનોહ નથી હોતો, ઇજતિહાદી મતભેદોને ગુનોહ સમજવો જાઇઝ નથી :

અત્રે એક ઘણી જ અગત્યની સૈદ્ધાંતિક બાબત સ્પષ્ટ થઈ ગઈ કે, જે ઈજતિહાદી મતભેદો શરઈ ઈજતિહાદની વ્યાખ્યામાં સામેલ છે તેમાં પોત-પોતાના ઈજતિહાદથી જે ઈમામોએ જે પણ અભિપ્રાય અપનાવી લીધો, હવે જો તેમાંથી કોઈ એક સાચું છે અને બીજું ક્ષતિયુક્ત છે પરંતુ વાસ્તવમાં આ સત્ય અને ક્ષતિનું પ્રમાણપત્ર ફક્ત અલ્લાહ તઆલાએ આપવાનું હોય છે, તે મહશરમાં ઈજતિહાદ દ્વારા સત્ય સુધી પહોંચનાર મુજ્તહિદને બેઘણો સવાબ આપશે અને જેના ઈજતિહાદમાં કોઈ ક્ષતિ રહી ગઈ તેને એકઘણો સવાબ આપશે. અલ્લાહ તબારક વ તઆલા સિવાય કોઈને ઈજતિહાદી મતભેદોમાં એવું કહેવાનો અધિકાર નથી કે, આ વિશ્વાસપૂર્વક ચોક્કસ રીતે સાચો છે અને બીજો

ખોટો છે. હા ! પોતાની સમજદારી અને દિર્ઘદષ્ટિથી જેને કુર્આન અને સુન્નતથી વધારે નજીક સમજે તેના વિશે એવું કહી શકાય છે કે, મારા નજીક આ સત્ય છે, પરંતુ તેમાં ક્ષતિની પણ સંભાવના રહેલી છે અને બીજી તરફ ક્ષતિ છે, પરંતુ સંભાવના તે પણ સત્ય હોવાની છે. આ તે વાતો છે જે બધા જ ઈમામો અને ફૂક્હાના અર્થઘટનોમાં જોવા મળે છે. એનાથી આ પણ સ્પષ્ટ થઈ ગયું કે, ઈજતિહાદી મતભેદોમાં કોઈપણ પક્ષે ગુનોહ નથી હોતો કે, તેને અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરના સિદ્ધાંત હેઠળ હુકમ લાગુ પાડી શકાય અને જ્યારે તે ગુનોહ નથી તો તેના ઉપર અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરના સિદ્ધાંત પ્રમાણે રોકટોક કરવી પોતે જ ગુનોહ બની જાય છે. એટલા માટે તેનાથી બચવું જરૂરી છે. આ તે બાબતો છે જેમાં વર્તમાન સમયમાં ઘણા જ વિદ્વાનો અને આલિમો પણ અજ્ઞાનતામાં રાચી રહ્યા છે અને પોતાનાથી વિરૂદ્ધ દષ્ટિકોણ રાખનારની ટીકા-ટિપ્પણી કરે છે અને અત્યાચાર પણ કરે છે. જેનું પરિણામ ક્યારેક મુસલમાનોમાં લડાઈ-ઝઘડા તથા પરસ્પર મતભેદો અને વાદ-વિવાદો, વેર-ઝેર સ્વરૂપે અનેક ઠેકાણે સામે આવે છે અને આ બાબત આજકાલ કોઈપણ સ્થળે અનુભવી શકાય છે.

ઈજતિહાદી મતભેદો જો ઈજતિહાદના સિદ્ધાંતો અને નિયમો પ્રમાણે હોય તો તે પ્રસ્તુત આયત وَلَا تَفَرَّقُوْا (ફિરકાઓમાં વહેંચાઈ ન જાઓ)ના વિરૂદ્ધ નથી અને વખોડવાપાત્ર પણ નથી. અલબત્ત, તે ઈજતિહાદી મતભેદોની સાથે આજના વર્તમાન યુગમાં જે વર્તણૂક કરવામાં આવી રહી છે કે, તેની જ ચર્ચા અને દલીલબાજીઓને દીનનો આધાર બનાવી લેવામાં આવ્યો છે અને તેના ઉપર જ લડાઈ-ઝઘડા તથા દુશ્મનાવટ સુધીની નો'બત પહોંચી ગઈ છે. આવી માનસિકતા ચોક્કસ وَلَا تَفَرَّقُوْا (વલા તફર્રકૂ)નો સ્પષ્ટ વિરોધ છે અને વખોડવાપાત્ર છે તથા સહાબા અને તાબિઈન તથા સલફ (પુરોગામી બુઝૂર્ગો)ની સુન્નતથી બિલકુલ વિપરીત છે. ઉમ્મતના અસ્લાફોમાં ક્યારેય ક્યાંય એવું સાંભળવામાં નથી આવ્યું કે, ઈજતિહાદના મતભેદોના કારણે પોતાનાથી અલગ પ્રકારનો મત ધરાવનાર લોકો ઉપર આ પ્રમાણે મુન્કર (ગુનાહ) લાગુ પાડવામાં આવ્યો હોય. દાખલા તરીકે, ઈમામ શા'ફઈ (રહ.) અને બીજા ઈમામોનો મસ્લક એ છે કે, જે નમાઝ જમાઅત સાથે ઈમામની પાછળ પઢવામાં આવે તેમાં પણ

મુક્તદીઓ સૂરએ ફાતિહા પઢવી ફરજ છે. જ્યારે કે ઈમામ અબૂ હનીફા (રહ.)ના મત પ્રમાણે મુક્તદીએ ઈમામ પાછળ સૂરએ ફાતિહા પઢવી જાઈઝ નથી. એટલા માટે હનફી મસ્લકના લોકો તેને પઢતા નથી, પરંતુ સમગ્ર ઉમ્મતના ઈતિહાસમાં ક્યારેય એવું સાંભળવામાં નથી આવ્યું કે, શા'ફઈ મસ્લકના લોકોએ હનફી મસ્લકના લોકોને નમાઝ છોડનારા કહ્યા હોય કે, તમારી તો નમાઝ જ નથી થતી એટલા માટે તમે બેનમાઝી છો અથવા તેમને કોઈપણ સ્વરૂપે ગુનાહમાં સપડાયેલા હોવાનું સર્ટિફિકેટ પણ નથી આપ્યું, જેમકે શરીઅતની પ્રતિબંધિત બાબતો ઉપર આપવામાં આવે છે.

ઈમામ ઈબ્ને અબ્દુલ્ બર્ર પોતાની કિતાબ "જામિઉલ ઈલ્મ"માં આ ઘટના સંદર્ભે સલફની સુન્નત વિશે આ પ્રમાણે વર્ણન કરે છે.

عَنْ يَحْيٰى بْنِ سَعِيْدٍ قَالَ مَا بَرِحَ اَهْلُ الْفَتْوٰى يُفْتُوْنَ فَيُحِلُّ هٰذَا وَيُحَرِّمُ هٰذَا فَلَا يَرَى الْمُحَرِّمُ اَنَّ الْمُحِلَّ هَلَكَ لِتَحْلِيْلِهٖ وَلَا يَرَى الْمُحِلُّ اَنَّ الْمُحَرِّمَ هَلَكَ لِتَحْرِيْمِهٖ، (جَامِعُ بَيَانِ الْعِلْمِ، ص ٨٠)

"યહ્યા બિન સઈદ ફરમાવે છે કે, હંમેશા ફતવા આપનારા ફતવો આપતા રહ્યા છે; એક વ્યક્તિ ગૌણ હુકમોમાં એક વસ્તુને પોતાના ઈજતિહાદથી હલાલ ઠરાવી આપે છે અને બીજા હરામ કહે છે, પરંતુ ન તો હરામ કહેનારો એવું સમજે છે કે, જેણે હલાલ હોવાનો ફતવો આપ્યો છે તે હલાક અને ગુમરાહ થઈ ગયો અને ન જ હલાલ કહેનારો એવું સમજે છે કે, હરામનો ફતવો આપનાર હલાક અને ગુમરાહ થઈ ગયો." *(જામિઉલ બયાનુલ ઈલ્મ, પેજ:૮૦)*

જરૂરી સૂચના અને તાકીદ :

ઉપરોક્ત તમામ ચર્ચા તે ઈજતિહાદ વિશે છે જે શરીઅતના સિદ્ધાંતો હેઠળ કરવામાં આવેલા ઈજતિહાદ પ્રમાણે હોય, જેની પ્રથમ શરત એ છે કે, ઈજતિહાદ ફક્ત એવા જ મસ્અલાઓમાં કરી શકાય છે જેના વિશે કુર્આન અને હદીષમાં કોઈ ફેંસલો મૌજૂદ નથી અથવા એવી સંદિગ્ધ અને ગૂંચવાડાવાળી સમસ્યા છે કે, તેની અલગ-અલગ વ્યાખ્યાઓ થઈ શકે છે. અથવા તો અમુક આયતો વગેરેથી તેમાં બે વિભિન્ન પ્રકારની વસ્તુઓ સમજી શકાતી હોય એવી પરિસ્થિતિમાં ફક્ત એવા લોકોને જ ઈજતિહાદ કરવાની પરવાનગી છે જેમનામાં

ઈજતિહાદ કરવાની શરતો મૌજૂદ છે. દાખલા તરીકે, કુર્આન અને હદીષ વિશે દરેક પ્રકારના જ્ઞાન અને કળાનો સંપૂર્ણ નિષ્ણાત હોય, અરબી ભાષા ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવતો હોય, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના નિવેદનો અને તેમના ફરમાનોની સંપૂર્ણ જાણકારી ધરાવતો હોય વગેરે. તો આવો વ્યક્તિ કોઈ એવા મસ્અલામાં પોતાનો ઈજતિહાદ રજૂ કરે જેમાં કુર્આન અને સુન્નતની કોઈ નુસૂસ વડે કોઈ ફેંસલો મૌજૂદ ન હોય તો તેનો ઈજતિહાદ બરાબર છે અને તે ઈજતિહાદમાં કોઈ અલગ મત ધરાવતા મુજતહિદ સાથે તેને મતભેદ છે એવું કહી શકાય નહીં.

એ જ પ્રમાણે જો ઈજતિહાદની શરઈ શરતો કોઈ વ્યક્તિમાં મૌજૂદ નથી તો તેના મતભેદ કે વિરોધને ઈજતિહાદી મતભેદ કહી શકાય નહીં. કોઈ સમસ્યા કે મસ્અલા ઉપર તેના નિવેદન વડે કોઈ પ્રભાવ પડશે નહીં, જેમકે આ:જકાલ ઘણા ભણેલા-ગણેલા લોકોએ એવું સાંભળી લીધું છે કે ઈસ્લામમાં ઈજતિહાદ પણ એક સિદ્ધાંત છે અને ફક્ત ઉપરછલ્લું જ્ઞાન ધરાવતી વ્યક્તિ પર નાજુક મસ્અલાઓમાં પોતાના અભિપ્રાયો આપતા થઈ ગયા છે અને એવા મસ્અલાઓમાં પણ કૂદી પડે છે કે, જેમાં કોઈ મુજતહિદ ઈમામને પણ બોલવાની ઈજાઝત નથી. આમ છતાં આવા લોકો દીનના જ્ઞાનની થોડી-ઘણી પણ સમજ ન ધરાવતા હોવા છતાં એવા મસ્અલાઓમાં પોતાની ચાંચ ડૂબાડવા લાગી ગયા છે. મઆઝલ્લાહ !

આયતોઃ (સૂરએ આલિ ઇમ્રાનઃ આયત નં. ૧૦૬ થી ૧૦૯)

يَّوْمَ تَبْيَضُّ وُجُوْهٌ وَّتَسْوَدُّ وُجُوْهٌ ۚ فَاَمَّا الَّذِيْنَ اسْوَدَّتْ وُجُوْهُهُمْ ۣ اَكَفَرْتُمْ
بَعْدَ اِيْمَانِكُمْ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿١٠٦﴾ وَاَمَّا الَّذِيْنَ ابْيَضَّتْ
وُجُوْهُهُمْ فَفِيْ رَحْمَةِ اللّٰهِ ۭ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿١٠٧﴾ تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا
عَلَيْكَ بِالْحَقِّ ۭ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ ﴿١٠٨﴾ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ
ع ٨/٢ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿١٠٩﴾ ع

તરજુમો :

જે દિવસે અમુક ચહેરાઓ સફેદ (નૂરાની) હશે, અને અમુક ચહેરાઓ કાળા (નહૂસતવાળા) હશે, બસ, જે લોકોના ચહેરાઓ કાળા થયા (તેમને) કહેવામાં આવશે, શું તમે ઈમાન લાવ્યા પછી કુફ્ર કર્યું !? તો હવે અઝાબ ચાખો, કારણ કે તમે કુફ્ર કરતા હતા. (૧૦૬) અને અલબત્ત જે લોકોના ચહેરા સફેદ (નૂરાની) હશે તેઓ અલ્લાહની રહમતમાં હશે, તેઓ તેમાં હંમેશા રહેશે. (૧૦૭) આ અલ્લાહની આયતો (હુકમો) છે, (હે નબી ﷺ!) અમે તમારા ઉપર ઠીક-ઠીક પઢી સંભળાવીએ છીએ અને અલ્લાહ દુનિયાવાળાઓ ઉપર કોઈ જુલમ નથી ઇચ્છતો. (૧૦૮) અને અલ્લાહના માટે જ છે જે કંઈ આસમાનોમાં અને જે કંઈ જમીનમાં છે અને અલ્લાહ તરફ જ સઘળા કામો પાછા વાળવામાં આવશે. (૧૦૯)

તફસીર :

તે દિવસે (એટલે કે કયામતના દિવસે) અમુક ચહેરા સફેદ (અને ચમકતા) થઈ જશે અને અમુક ચહેરા કાળા (અને નહૂસતના અંધારા જેવા) થશે. બસ, જેના ચહેરા (નહૂસતથી) કાળા થઈ જશે તેમને કહેવામાં આવશે કે, તમે (જ) લોકો કાફિર થયા હતા પોતાનું ઈમાન લાવ્યા પછી, તો (હવે) સજા ચાખો, પોતાના કુફ્રના કારણે; અને જેમના ચહેરા સફેદ (ચમકતા) થશે તેઓ અલ્લાહની રહમત (એટલે કે જન્નત)માં (દાખલ થયેલ) હશે (અને) તેઓ તેમાં હંમેશા -હંમેશા રહેશે. આ (જે ઉપર વર્ણન થયું) અલ્લાહ તઆલાની આયતો છે, જે સાચી-સાચી રીતે અમે તમને પઢીને સંભળાવીએ છીએ. (તેનાથી ઉપરોક્ત વિષય સાચો હોવાનું સાબિત થઈ ચૂક્યું) અને અલ્લાહ તઆલા મખ્લૂક ઉપર જુલમ કરવા નથી ઇચ્છતો. (બસ, જે કોઈના માટે સારો બદલો અથવા સજા નક્કી કરી છે તે બિલકુલ બરાબર અને યોગ્ય જ છે.) અને અલ્લાહની જ મિલકત છે જે કંઈ આસમાનોમાં અને જમીનોમાં છે. (બસ, જ્યારે બધી જ તેની મિલકત છે તો તે સૌની જવાબદારી એ હતી કે તેઓ અલ્લાહની ઇતાઅત કરે અને માલિકની તાબે'દારી કરવી પ્રત્યેક સેવકની ફરજ હોય છે.) અને તેના તરફ જ સઘળા કાર્યો પાછા ફેરવવામાં આવશે. (કયામતના દિવસે અલ્લાહ સિવાય કોઈ અન્ય સત્તાધીશ નહીં હોય.)

મસ્અલા અને બોધપાઠ :

ચહેરા ઉપરની સફેદી (ચળકાટ) અને (નહૂસતની) કાળાશનો શું અર્થ છે ?

ચહેરાની સફેદી અને કાળાશનું વર્ણન કુર્આન શરીફમાં ઘણી જગ્યાએ આવેલું છે.

દાખલા તરીકે,

وَيَوْمَ الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ وُجُوهُهُمْ مُّسْوَدَّةٌ - (زمر)

"કયામતના દિવસે જોશો કે, જેમણે અલ્લાહ ઉપર જૂઠું બોલ્યું હતું તેમનું મોઢું કાળું થઈ ચૂક્યું હશે." *(સૂ:૩૯, આ:૬૦)*

وُجُوْهٌ يَّوْمَئِذٍ مُّسْفِرَةٌ ضَاحِكَةٌ مُّسْتَبْشِرَةٌ وَّوُجُوْهٌ يَّوْمَئِذٍ عَلَيْهَا غَبَرَةٌ تَرْهَقُهَا قَتَرَةٌ (عبس)

"ઘણા ચહેરાઓ તે દિવસે ચળકી રહ્યા હશે, ખૂશખબરી મેળવીને મુસ્કુરાઈ રહ્યા હશે, અને કેટલાય ચહેરાઓ ઉપર તે દિવસે ધૂળ પડેલી હશે." *(સૂ:૮૦, આ:૩૮-૩૯-૪૦)*

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاظِرَةٌ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ (قيامه)

"તે દિવસે ઘણા ચહેરા નૂરાની (ચળકતા) હશે, પોતાના પરવરદિગાર તરફ જોઈ રહ્યા હશે." *(સૂ:૭૫, આ:૨૨-૨૩)*

આ આયતોમાં એક જ અર્થના સંદર્ભમાં અનેક શબ્દો વર્ણન કરવામાં આવ્યા છે. એટલે કે, بَيَاض અને قَتَرَة، غَبَرَة، سَوَاد અને نَضْرَة જમહૂર મુફસ્સિરોના મતે સફેદીનો અર્થ "ઈમાનના નૂર (ચળકાટ)ની સફેદી" છે. એટલે કે, મો'મિનોના ચહેરા ઈમાનના નૂરથી રોશન અને પ્રફુલ્લિત હશે તથા કાળાશનો અર્થ "કુફ્રની કાળાશ અને નહૂસત" છે. એટલે કે કાફિરોના ચહેરા ઉપર કુફ્રની નહૂસત છવાયેલી હશે અને ઉપરથી ફિસ્ક અને ફુજૂર (ગુનાહિત કૃત્યો)ની કાળાશ તેને વધારે કાળો બનાવી દેશે.

કાળા નહૂસતવાળા ચહેરાવાળા અને સફેદ નૂરાની અને રોશન ચહેરાવાળા લોકો કોણ છે ?

આ લોકોને ઓળખવા માટે મુફસ્સિરોના અનેક અભિપ્રાયો અને નિવેદનો

ઉપસ્થિત છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "અહલે સુન્નતના ચહેરા સફેદ (નૂરાની) હશે અને અહલે બિદ્અતના ચહેરા કાળા (નહૂસતવાળા) હશે." હઝરત અતાઅ્ (રદિ.) ફરમાવે છે કે, "મુહાજિરો અને અન્સારોના ચહેરા સફેદ હશે અને બની કુરયઝા તથા બનુ નઝીરના ચહેરા કાળા હશે." *(કુર્તુબી)*

ઈમામ તિરમિઝી (રહ.)એ હઝરત અબૂ ઉમામહ (રદિ.)ની એક હદીષ નકલ કરી છે કે, "તેનો ભાવાર્થ ખવારિજ છે. એટલે કે, ખવારિજના ચહેરાઓ કાળા હશે અને સફેદ ચહેરાઓ તે લોકોના હશે જેમને તેઓ કતલ કરશે." فَـقَـالَ اَبُـوْ اُمَـامَةَ كِلَابُ النَّارِشَرُّ قَتْلٰى تَحْتَ اَدِيْمِ السَّمَاءِ وَخَيْرُ قَتْلٰى مَنْ قَتَلُوْهُ، ثُمَّ قَرَأَ "يَوْمَ تَبْيَـضُّ وُجُـوْهٌ وَّتَسْـوَدُّ وُجُـوْهٌ" "જ્યારે અબૂ ઉમામહ (રદિ.)ને એવું પૂછવામાં આવ્યું કે, આ હદીષ તમે આપ ﷺ પાસેથી સાંભળી છે ?" તો તેમણે ગણતરી કરીને જવાબ આપ્યો કે, "જો આપ ﷺ પાસેથી મેં સાત વખતે આ હદીષ સાંભળી ન હોત તો મેં વર્ણન ન કરી હોત." *(તિરમિઝી)*

હઝરત ઈક્રિમહ (રદિ.) ફરમાવે છે કે, "કાળા ચહેરા અહલે કિતાબમાંથી તે લોકોના હશે જેઓ રસૂલે કરીમ ﷺની નુબુવ્વત પહેલાં રસૂલે કરીમ ﷺનું સમર્થન કરતા રહ્યા હતા, પરંતુ જ્યારે રસૂલે કરીમ ﷺનું આગમન થયું તો તેમનું સમર્થન અને મદદ કરવાને બદલે ઊલટાનું તેમને જૂઠાડવાનું શરૂ કરી દીધું." *(તફસીરે કુર્તુબી)*

પ્રસ્તુત નિવેદનો સિવાય અન્ય ઘણા કૌલ મૌજૂદ છે, પરંતુ તે સૌમાં કોઈ ખાસ વિરોધાભાસ નથી. સૌનો ભાવાર્થ એક જ નીકળે છે. ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં આયત يَـوْمَ تَبْيَـضُّ وُجُـوْهٌ وَّتَسْـوَدُّ وُجُوْهٌ વિશે ફરમાવ્યું કે, "મો'મિન મુખ્લિસ લોકોના ચહેરા સફેદ (નૂરાની) હશે પરંતુ તેઓના સિવાય તે સૌ લોકોના ચહેરા કાળા (નહૂસતવાળા) હશે જેમણે દીનમાં ફેરબદલ કર્યો છે, ભલે તે મુર્તદ અને કાફિર થઈ ગયો હોય અથવા પોતાના દિલમાં દોગલાપણા (નિફાક)ને છૂપાવતો હોય તે સૌની સાથે એ જ પ્રમાણે વર્તાવ કરવામાં આવશે." *(તફસીરે કુર્તુબી)*

અમુક મહત્ત્વની સ્પષ્ટતા :

અલ્લાહ તઆલા يَـوْمَ تَبْيَـضُّ وُجُـوْهٌ وَّتَسْـوَدُّ وُجُوْهٌ માં بَيَـاضٌ (નૂરાની)ને سَوَادٌ (કાળાશ)થી આગળના ક્રમમાં રાખ્યું છે પરંતુ فَـاَمَّـا الَّذِيْنَ اسْوَدَّتْ وُجُوْهُهُمْ

(અને તેઓ જેમના ચહેરા કાળા હશે)માં سَوَادٌ (કાળાશ)ને بَيَاضٌ (નૂરાની) કરતાં આગલા ક્રમે રાખ્યું. જ્યારે કે, ક્રમનો તકાદો એ હતો કે, بَيَاضٌ ને અહીંયાં પણ તેના ક્રમમાં આગળ રાખવામાં આવે પરંતુ ક્રમને ઉલટ-સૂલટ કરવાથી અલ્લાહ તઆલાએ પોતાના સર્જનના હેતુ તરફ ઈશારો કર્યો છે અને તે હેતુ પોતાની મખ્લૂક ઉપર રહમ કરવાનો છે, ન કે તેમને અઝાબ આપવાનો ! એટલા માટે સૌ પ્રથમ અલ્લાહ તઆલાએ اَهْلِ بَيَاضٌ (સફેદ નૂરાની ચહેરાવાળાઓ)નું વર્ણન કર્યું, જે અલ્લાહ તઆલાની રહમત અને સવાબના હકદાર છે અને ત્યાર પછી اَهْلِ سَوَادٌ (કાળા અને મનહૂસ ચહેરાવાળાઓ)નું વર્ણન કર્યું છે, જે અઝાબના હકદાર છે. ત્યારબાદ અલ્લાહ તઆલાએ આયતના અંતે فَفِىْ رَحْمَةِ اللّٰهِ (તેઓ અલ્લાહની રહમતમાં છે)થી પોતાની મહાન રહમત (કૃપા)ની પણ જાહેરાત કરી અને આયતની શરૂઆતમાં અને તેના અંતે બંને સ્થળે રહમત અને કૃપા પામવાનું વર્ણન કર્યું અને વચ્ચે اَهْلِ سَوَادٌ (કાળા ચહેરાવાળાઓ)નું; જેમાં પોતાની મહાન રહમત તરફ ઈશારો કરી દીધો કે, મનુષ્યજાતિને એટલા માટે પૈદા કરવામાં નથી આવી કે તે અઝાબમાં જ સપડાય બલકે, તેને એટલા માટે પૈદા કરવામાં આવી છે કે, તે મારી કૃપાથી લાભ ઉઠાવે.

બીજો લાભ એ છે કે, રોશન નૂરાની ચહેરાવાળા લોકો વિશે ઈરશાદ છે કે, તેઓ હંમેશા અલ્લાહની રહમતમાં રહેશે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "અલ્લાહની રહમતનો અર્થ અહીંયાં "જન્નત" છે." અહીંયાં પણ દેખીતી રીતે જન્નતને રહમત તરીકે ઓળખાવવાનો ભાવાર્થ એ છે કે, વ્યક્તિ ગમે એટલો ઈબાદત ગુઝાર અને અલ્લાહના માર્ગમાં સંઘર્ષ કરનાર કેમ ન હોય ! પરંતુ તે જન્નતમાં ફક્ત અલ્લાહ તઆલાની રહમતથી જ જશે કારણ કે, ઈબાદત કરવી પણ વ્યક્તિની પોતાની કોઈ વિશેષતા નથી. બલકે, તે ઈબાદત કરવાની શક્તિ પણ અલ્લાહ તઆલાએ જ અર્પણ કરેલ છે. એટલા માટે ઈબાદત કરવાથી જન્નતમાં પ્રવેશ મેળવવો જરૂરી નથી બની જતો બલકે, જન્નતમાં પ્રવેશ તો માત્ર અલ્લાહની રહમતથી જ મળશે. *(તફસીરે કબીર)*

ત્રીજો લાભ એ છે કે, અલ્લાહ તઆલાએ فَفِىْ رَحْمَةِ اللّٰهِ (તેઓ અલ્લાહની રહમતમાં હશે) પછી هُمْ فِيْهَا خٰلِدُوْنَ (સદા-સર્વદા) બતાવીને ફરમાવી દીધું કે, મો'મિનો અલ્લાહની જે પણ રહમતમાં હશે તે તેમના માટે

કામચલાઉ નહીં બલકે, હંમેશા-હંમેશ માટે કાયમી રહમત હશે. તેમની પાસેથી આ નેઅ્મત ક્યારેય છીનવી લેવામાં નહીં આવે અથવા તો ઓછી કરવામાં નહીં આવે. તેનાથી વિપરીત اهل سواد (ગુનાહોની નહૂસતથી કાળા થયેલા ચહેરાઓ) માટે એવો ખુલાસો કરવામાં નથી આવ્યો કે, તેઓ આ હાલતમાં હંમેશા રહેશે.

પોતાના ગુનાહોના કારણે જ વ્યક્તિને સજા મળે છે :

فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ માં ઈશારો ફરમાવ્યો છે કે, "આજે જે કંઈ અઝાબ મળી રહ્યો છે તે અમારા તરફથી નથી બલકે તે તમારી જ કમાણી છે, જે તમે દુનિયામાં કરતા રહ્યા છો." (સૂ:૩, આ:૧૦૬) કારણ કે વાસ્તવમાં જન્નત અને દોઝખની નેઅ્મતો અને તકલીફો ખરેખર આપણા જ અમલોના બદલાયેલા સ્વરૂપો છે. એ જ બાબતે ચેતવણી આપવા માટે છેવટે ફરમાવ્યું, وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા પોતાના બંદાઓ ઉપર જુલમ કરવાનો કોઈ ઈરાદો નથી રાખતો, અઝાબ-સવાબ જે કંઈ પણ છે તે ન્યાયી રીતે હિકમત અને રહમતના તકાદાને આધીન છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૧૦)

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ

بِاللّٰهِ ؕ وَلَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ ؕ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَاَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ ﴿۱۱۰﴾

તરજુમો :

તમે બહેતરીન (અતિઉત્તમ) ઉમ્મત છો જે લોકો માટે મોકલવામાં (પૈદા કરવામાં) આવી છે; તમે સારા કામોનો હુકમ કરો છો અને ખરાબ કામોથી રોકો છો અને અલ્લાહ ઉપર ઈમાન લાવો છો, અને જો અહલે કિતાબ ઈમાન લઈ આવ્યા હોત તો તેમના માટે ઉત્તમ હતું; તેમનામાં (અમુક તો) ઈમાનવાળા છે અને મોટાભાગના નાફરમાન છે. (૧૧૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં મુસલમાનોને ઈમાન ઉપર મજબૂતીથી ટકી રહેવા અને અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરની મહત્ત્વની ફરજને અદા

કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો. અહીંયાં એ બાબતનો તાકીદપૂર્વકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને અલ્લાહ તબારક વ તઆલાએ બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ અને "ખયરૂલ ઉમમ્" (બધી ઉમ્મતોમાં સારી ઉમ્મત) ઠરાવી છે, તેનું મોટું કારણ અને તેના લક્ષણો આ જ "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" છે.

તફસીર :

(હે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ !) તમે લોકો (સૌ ધર્મોના લોકો કરતાં) સારી જમાઅત છો કે (તમારી) તે જમાઅત (સૌ) લોકોને (લાભ અને હિદાયત પહોંચાડવા) માટે જાહેર (પૈદા) કરવામાં આવી છે. (અને અન્ય લોકોને લાભ પહોંચાડવો એ જ તમારી શ્રેષ્ઠતાનું કારણ છે અને તે એ રીતે કે,) તમે લોકો (શરીઅતના તકાદા પ્રમાણે વધારે કાળજીપૂર્વક) નેક કામોને બતાવો છો..... અને ખરાબ વાતોથી રોકો છો અને (પોતે પણ) અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવો છો. (એટલે કે ઈમાન ઉપર કાયમ રહો છો. અહીંયાં ઈમાનમાં તે બધા જ અકીદાઓ અને અમલો સામેલ છે જે અલ્લાહ તરફથી નાઝિલ થયા છે) અને જો અહલે કિતાબ (પણ જેઓ તમારો વિરોધ કરી રહ્યા છે, તમારી જેમ જ) ઈમાન લઈ આવ્યા હોત તો તેમના માટે વધારે સારું હતું (કે તેઓ પણ અહલે હક્કની આ શ્રેષ્ઠ જમાઅતમાં સામેલ થઈ ગયા હોત, પરંતુ અફસોસ કે, તે બધા મુસલમાન ન થયા બલકે,) તેમનામાંથી અમુક તો મુસલમાન છે (જેઓ રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન લાવીને ઈસ્લામમાં દાખલ થઈ ગયા) અને તેમનામાંના મોટા ભાગના લોકો કાફિર છે (કે તેઓ ખાતમુલ અંબિયા ﷺ ઉપર ઈમાન ન લાવ્યા અને તેમની સર્વશ્રેષ્ઠ ઉમ્મતમાં સામેલ ન થયા).

મસ્અલા અને બોધપાઠ :

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ સર્વશ્રેષ્ઠ ઉમ્મત હોવાના કેટલાક કારણો :

કુઆર્ને કરીમમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને "ખયરૂલ ઉમમ્" (સર્વશ્રેષ્ઠ ઉમ્મત) ઠરાવવાના કારણો અનેક આયતોમાં વર્ણન કરવામાં આવ્યા છે. આ બાબતની બધી જ મહત્ત્વની આયતો સૂરએ બકરહમાં આવી ચૂકી છે. وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا.... "અને એ જ પ્રમાણે અમે આપને મધ્યમમાર્ગી

(મોઅ્તદિલ) ઉમ્મત બનાવી.'' (સૂ:૨, આ:૧૪૩) ત્યાં આ આયતની તફસીર અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ''ખયરૂલ ઉમમ્'' હોવાનું મોટું કારણ તેનો એઅ્તિદાલ (મધ્યમ માર્ગ) છે. તદુપરાંત જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના એઅ્તિદાલની સ્પષ્ટતા વર્ણન થઈ છે.

(મઆરિફુલ કુર્આન –ગુજરાતી, જિલ્દ : ૧, પેજ : ૫૩૯ થી ૫૫૨)

આ આયતમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ''ખયરૂલ ઉમમ્'' હોવાના મહત્ત્વના કારણનો ઉલ્લેખ કર્યો છે કે, તે અલ્લાહની મખ્લૂકને લાભ પહોંચાડવા માટે જ અસ્તિત્વમાં આવી છે અને તેનો સૌથી મોટો લાભ એ છે કે, આ ઉમ્મત અલ્લાહની મખ્લૂકની આધ્યાત્મિકતા, વર્તણૂક અને નૈતિકતાની સુધારણાની ફિકર–ચિંતા કરે છે અને આ જ તેના ખયરૂલ ઉમમ્ના હોદ્દાની ફરજ છે. ભૂતકાળમાં પસાર થઈ ચૂકેલી ઉમ્મતો કરતાં સૌથી વધારે અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરની પૂર્ણતા..... આ ઉમ્મત દ્વારા થઈ છે. જો કે, અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરનો ફરજ અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતો ઉપર પણ મૂકવામાં આવ્યો હતો, જેની સ્પષ્ટતા સહીહ હદીષોમાં ઉપસ્થિત છે પરંતુ ભૂતકાળની ઘણી ઉમ્મતોમાં જિહાદનો હુકમ ન હતો. એટલા માટે તેમનો અમ્ર બિલ મઅ્રૂફ ફક્ત દિલથી અને મૌખિક જ હોઈ શકતો હતો. ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺમાં આ બાબતે એક દરજ્જો બાવડાંના બળથી અમ્ર બિલ મઅ્રૂફ કરવાનો પણ છે, જેમાં જિહાદના બધા જ પ્રકારો સામેલ છે અને હુકૂમતે ઈસ્લામના શરઈ કાનૂનોને લાગુ પાડવા પણ તેનો જ એક ભાગ છે. આ ઉપરાંત તે પાછલી ઉમ્મતોમાં જેવી રીતે દીનના અન્ય પ્રતીકો....થી ગફલત (ઉપેક્ષા) કરવામાં આવતી હતી એવી જ રીતે અમ્ર બિલ મઅ્રૂફના ફરજને પણ બિલકુલ ઉપેક્ષિત કરવામાં આવ્યો હતો અને આ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ વિશે એવી ભવિષ્યવાણી છે કે, ''આ ઉમ્મતમાં કયામત સુધી એક એવી જમાઅત કાયમ રહેશે જે અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરના ફરજ ઉપર કાયમ રહેશે.''

બીજી વિશેષતા એ છે કે, આ ઉમ્મત માટે تُؤْمِنُوْنَ بِاللّٰهِ વર્ણન કરવામાં આવ્યું. અહીંયાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, અલ્લાહ પર ઈમાન તો બધા જ પાછલા નબીઓ અને તેમની ઉમ્મતોનું સમાન લક્ષણ છે. પછી તેને વિશેષ પ્રકારનું લક્ષણ કેમ ઠરાવવામાં આવ્યું ?

તેનો જવાબ સ્પષ્ટ છે કે, અસલ ઈમાન તો બધી જ ઉમ્મતોમાં એકસમાન છે પરંતુ ઈમાનના ગુણધર્મો, લક્ષણો, ખાસિયતો અને દરજ્જાઓ વિવિધ પ્રકારના હોય છે. તેમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને જે દરજ્જો પ્રાપ્ત થયો છે તે પાછલી ઉમ્મતોના મુકાબલામાં એક વિશેષ પ્રકારનો દરજ્જો છે.

અંતિમ આયતમાં અહલે કિતાબ વિશે ફરમાવવામાં આવ્યું કે, તેમનામાંથી અમુક મુસલમાન છે. તેનો ભાવાર્થ એ છે કે, જે લોકો અહલે કિતાબમાંથી રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા હતા, તેઓ મુસલમાન છે. જેમકે, અબ્દુલ્લાહ બિન ઈબ્ને સલામ (રદિ.) વગેરે....

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૧૧)

لَنْ يَّضُرُّوْكُمْ اِلَّآ اَذًى ۭ وَاِنْ يُّقَاتِلُوْكُمْ يُوَلُّوْكُمُ الْاَدْبَارَ ۣ ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١١١﴾

તરજુમો :

તેઓ તમને (મૌખિક વેણ દ્વારા) પજવવા સિવાય તમારું કદાપિ કંઈ જ બગાડી શકશે નહીં, અને જો તેઓ તમારાથી લડશે તો તે તમને પીઠ બતાવશે (નાસી છૂટશે), પછી તેમની મદદ થશે નહીં. (૧૧૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતોમાં અહલે કિતાબ સાથે મુસલમાનોની દુશ્મની અને તેમની દીનને નુકસાન પહોંચાડવાની યુક્તિઓ અને ષડ્યંત્રોનું વર્ણન થયું હતું. આ આયતમાં મુસલમાનોને અહલે કિતાબ દ્વારા દુનિયવી નુકસાન પહોંચાડવાની યુક્તિઓ અને ષડ્યંત્રો કરવાનું વર્ણન છે.

તફસીર :

તેઓ (અહલે કિતાબ) તમને કદાપિ કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે પરંતુ થોડી તકલીફ (એટલે કે મૌખિક રીતે બુરું-ભલું કહીને દિલ દુઃખાવશે) અને જો તેઓ (એનાથી વધારે હિંમત કરે અને) તમારી સાથે મુકાબલો કરે તો તમને પીઠ બતાવીને નાસી છૂટશે પછી (તેનાથી વધીને એ થશે કે,) કોઈ તરફથી પણ તેમની મદદ નહીં થાય.

મસ્અલા અને બોધપાઠ :

આ કુર્આનની "પેશીનગોઈ" (ભવિષ્યવાણી) એવી રીતે પૂર્ણ થઈ કે, અહલે કિતાબ વિશેષ કરી યહૂદીઓ નુબુવ્વતના સમયકાળમાં સહાબએ કિરામ (રદિ.)ના હાથે પરાજિત થયા અને જે લોકો માટે આ વિષયનું ખાસ સંબોધન થયું તેઓ વિશિષ્ટ સ્વરૂપે યહૂદીઓ છે કે, જેમના કબીલાઓને આ સંબોધન થયું છે, તેમાં તેમના તે લોકો પણ સામેલ છે જેઓ સહાબએ કિરામ (રદિ.)માં પરસ્પર વાદ-વિવાદ અને લડાઈ-ઝઘડાઓ કરાવવાની યુક્તિઓ કર્યા કરતા હતા. પરિણામ એ આવ્યું કે, તેઓ ખૂબ અપમાનિત થયા. અમુક ઉપર તો જઝિયો લગાવવામાં આવ્યો અને અમુક માર્યા ગયા, અમુકને દેશનિકાલો આપવામાં આવ્યો. આવનારી આયતમાં આ જ વિષયની પૂર્ણતા થાય છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૧૨)

ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ اَيْنَ مَا ثُقِفُوْٓا اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ وَ
بَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَضُرِبَتْ عَلَيْهِمُ الْمَسْكَنَةُ ۭ ذٰلِكَ بِاَنَّھُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ
اللّٰهِ وَ يَقْتُلُوْنَ الْاَنْۢبِيَاۗءَ بِغَيْرِ حَقٍّ ۭ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿١١٢﴾

તરજુમો :

તેમના ઉપર ઝિલ્લત (અપમાન)ની છાપ મારવામાં આવી જ્યાં કંઈ પણ તેઓ જોવા મળે, બસ તે લોકો સિવાય કે જેઓ અલ્લાહના અને લોકોના (શાંતિ કરારની રૂએ) શરણમાં હોય; તેઓ અલ્લાહનો ગુસ્સો કમાયા અને તેમના ઉપર મોહતાજીનો સિક્કો મારવામાં આવ્યો; આ એટલા માટે કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા રહ્યા છે અને નબીઓને નાહક કતલ કરતા રહ્યા છે; આ એટલા માટે કે તેમણે નાફરમાની કરી અને તેઓ હદથી વધી ગયા (મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું). (૧૧૨)

તફસીર :

જ્યાં કંઈ પણ હશે તેમના ઉપર અપમાન છાપી દેવામાં આવ્યું, પરંતુ હા! (બે પ્રકારે તેઓ આ અપમાનમાંથી છુટકારો પામી શકે છે) એક તો એ રીતે કે, જે અલ્લાહ તરફથી સબબો છે (તેના દ્વારા) અને એક એવી રીતે કે જે મનુષ્યો તરફથી સબબ છે. (અલ્લાહ તરફથી સબબ એ છે કે, કોઈ અહલે કિતાબ, ગૈરમુસ્લિમ અલ્લાહ તઆલાની ઈબાદતમાં પોતાની ઈબાદત કરવાની રીત પ્રમાણે એવો મશગૂલ અને વ્યસ્ત થઈ જાય કે, મુસલમાનોથી લડતો-ઝઘડતો ન હોય તો તેને જિહાદમાં કતલ કરવામાં નહીં આવે. જો કે, તેના કુફ્ર અને શિર્કના કારણે તેની ઈબાદત આખિરતમાં કંઈ જ કામ નહીં આવે એ એક અલગ બાબત છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તરફથી સબબમાં એ પણ છે કે, અહલે કિતાબના નાબાલિગ બાળકો અને સ્ત્રીઓને શરીઅતની રૂએ જિહાદમાં કતલ કરવાની પરવાનગી નથી અને મનુષ્ય તરફથી સબબનો અર્થ એ છે કે, તેમનો કોઈ કૌમ સાથે કોઈ પ્રકારનો શાંતિકરાર કે સુલેહકરાર થઈ જાય તો પણ તેઓ સુરક્ષિત છે અને તેવા સમયે પણ તેમને કતલ કરવા જાઈઝ નથી) અને હકદાર બની ગયા (આ લોકો) અલ્લાહ તઆલાના ગુસ્સાના અને તેમના ઉપર નિમ્નતા જમાવી દેવામાં આવી (કે તેઓના સ્વભાવમાં ઈચ્છાશક્તિ બાકી ન રહી, ઉપરાંત જઝિયા અને ખિરાજ મુસલમાનોને ચૂકવીને રહેવું પણ એક પ્રકારની મોહતાઝી અને નિમ્તામાં જ સામેલ છે.) આ (અપમાન અને અલ્લાહનો ગુસ્સો) એટલા માટે છે કે, તે લોકો અલ્લાહ તઆલાના હુકમોના ઈન્કારી થયા અને પયગમ્બરોને નાહક કતલ કરી નાંખતા હતા (એ રીતે અંબિયા અલૈ.ને કતલ કરતા હતા કે તેઓ પોતે પણ જાણતા હતા કે આ હત્યાઓ નર્યો અત્યાચાર છે.) અને આ અપમાન અને ગુસ્સો એ કારણે થયો કે તેમણે ઈતાઅત (તા'બેદારી) ન કરી અને ઈતાઅતના વર્તુળ બહાર નીકળી જતા હતા.

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓ ઉપર અપમાન અને અલ્લાહના ગુસ્સાનો ભાવાર્થ તથા વર્તમાન ઇઝરાઈલની સરકાર વિશે શંકા અને તેનો જવાબ :

આ ચર્ચા સૂરએ બકરહની આયત નંબર ૬૧ (એકસઠ)માં વિસ્તાપૂર્વક

આવી ચૂકી છે. સૂરએ આલિ ઈમ્રાનમાં اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ માં પણ આ ચર્ચા થઈ ચૂકી છે, તેને મઆરિફુલ કુર્આનની પ્રથમ જિલ્દના પેજ નં. ૩૪૩ ઉપર જોઈ શકાય છે. પરંતુ વાચકો માટે એટલી વાતનું પુનરાવર્તન અહીંયાં કરવામાં આવે છે કે "કશ્શાફ"ની તફસીર પ્રમાણે "ઈસ્તિશ્નાએ મુત્તસિલ" ઠરાવીને આયતનો ભાવાર્થ એ છે કે, યહૂદીઓ ઉપર અપમાનિત થવાનું અને હડધૂત થવાનું લાંછન હંમેશા લાગેલું રહેશે પરંતુ ફક્ત બે પરિસ્થિતિઓમાં તેઓ અપમાનથી બચી શકે છે. એક તો અલ્લાહના વાયદા પ્રમાણે, દાખલા તરીકે નાબાલિગ બાળકો અથવા સ્ત્રીઓ અલ્લાહના હુકમના કારણે કતલ થવા વગેરેથી સુરક્ષિત રહે છે અને બીજું بِحَبْلٍ مِّنَ النَّاسِ (લોકો સાથે કરારની રૂએ) એટલે કે લોકોના શાંતિકરારો અને સુલેહના કારણે તેઓ અપમાન અને હડધૂત થવાથી બચી શકે છે. આ સ્થળે કુર્આનના શબ્દો بِحَبْلٍ مِّنَ النَّاسِ છે, જેમાં મો'મિન અને કાફિર બધી જ કૌમો સાથેના તેમના કરારો સામેલ છે. તેમાં આ સ્વરૂપ પણ શામિલ છે કે, આ લોકો મુસલમાનો સાથે સુલેહનો કરાર કરીને નચિંત થઈ જાય અને એવી પણ સંભાવના છે કે, અન્ય ગૈરમુસ્લિમ શક્તિઓ સાથે કરાર અને શાંતિ-મંત્રણા કરી પોતે સુરક્ષિત થઈ જાય. જેમકે ઈઝરાઈલની વર્તમાન સરકાર (આ સરકાર ઈ.સ. ૧૯૪૭થી અસ્તિત્વમાં આવી છે, જે આજે ૨૦૦૮ ઓક્ટોબરમાં આ ભાષાંતર થઈ રહ્યું છે ત્યારે પણ અસ્તિત્વમાં છે.) આ જ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે અને આ બાબત કોઈપણ વિવેકબુદ્ધિ ધરાવનાર વ્યક્તિથી છૂપી નથી કે ઈઝરાઈલની વર્તમાન સરકાર વાસ્તવમાં યુરોપના લોકોની એક સંયુક્ત લશ્કરી છાવણી છે, તેનાથી વિશેષ તે કંઈ જ નથી. આજે તેની જે શક્તિ નજરે પડે છે તે બધી અન્ય પ્રજાઓના કારણે છે. જો અમેરિકા, બ્રિટન અને અન્ય યુરોપીય શક્તિઓ તેના માથા ઉપરથી પોતાનો હાથ હટાવી લે તો ઈઝરાઈલની વર્તમાન સરકાર માત્ર એક દિવસ માટે પણ પોતાનું આગવું અસ્તિત્વ ટકાવી રાખી શકે નહીં ! ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન–આયત નં.: ૧૧૩ થી ૧૧૭)

لَيْسُوْا سَوَآءً ۭ مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾
يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ
وَيُسَارِعُوْنَ فِي الْخَيْرٰتِ ۭ وَاُولٰۤئِكَ مِنَ الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾ وَمَا يَفْعَلُوْا مِنْ خَيْرٍ فَلَنْ
يُّكْفَرُوْهُ ۭ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ
وَلَآ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْــًٔا ۭ وَاُولٰۤئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۱۱۶﴾ مَثَلُ
مَا يُنْفِقُوْنَ فِيْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ اَصَابَتْ حَرْثَ قَوْمٍ
ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ۭ وَمَا ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾

તરજુમો :

તેઓ બધા અહલે કિતાબમાં એકસરખા નથી, એક જમાઅત (સીધા રસ્તા ઉપર) કાયમ છે અને રાતના સમયમાં અલ્લાહની આયતો પઢે છે અને તેઓ સિજદહ કરે છે. (૧૧૩) તેઓ અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર ઈમાન રાખે છે, તેઓ સારી વાતોનો હુકમ કરે છે અને ખરાબ કામોથી રોકે છે અને તેઓ નેક કામોમાં દોડે છે અને આ જ લોકો (સાલિહીન) નેકી કરનારાઓમાંથી છે. (૧૧૪) અને તેઓ જે કંઈ નેકી કરશે તેની કદીપણ બેકદરી કરવામાં નહીં આવે, અને અલ્લાહ પરહેઝગારોને જાણે છે. (૧૧૫) બેશક ! તે લોકો જેમણે કુફ્ર કર્યું કદાપિ અલ્લાહ સમક્ષ તેમનો માલ અને તેમની ઔલાદ કંઈ કામ આવશે નહીં અને આ જ તે લોકો છે જેઓ (દોઝખની) આગવાળા છે, તેઓ તેમાં હંમેશા રહેશે. (૧૧૬) આ દુનિયામાં તેઓ જે ખર્ચ કરે છે તેનું ઉદાહરણ એવું છે જેમકે પવન હોય, તેમાં હિમ હોય અને તે (હિમવર્ષા) આ કૌમની ખેતીને લાગી જાય કે જેમણે પોતાની જાત પર અત્યાચાર કર્યો, પછી તે (હિમવર્ષાએ ખેતી)નો નાશ કરી નાંખ્યો, અલ્લાહે તેમના ઉપર જુલમ નથી કર્યો બલકે, તેઓ પોતાની જાત ઉપર (પોતે જ) જુલમ કરતા રહ્યા. (૧૧૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ અગાઉ અહલે કિતાબ વિશે વર્ણન થયું હતું તેમનામાંથી અમુક લોકો મુસલમાન પણ છે અને વધારે પડતા કાફિરો છે. અહીંયાં આ વિષય વધારે સ્પષ્ટતા સાથે આવેલો છે.

તફસીર :

આ (અહલે કિતાબ) બધા સરખા નથી (બલકે) તે (જ) અહલે કિતાબમાં એક જમાઅત તે પણ છે જેઓ (સાચા દીન ઉપર) કાયમ છે (અને) અલ્લાહની આયતો (એટલે કે કુર્આન) રાત્રીના સમયે પઢે છે અને તેઓ નમાઝ પણ પઢે છે (અને) અલ્લાહ અને કયામતના દિવસ ઉપર (સંપૂર્ણ) ઈમાન ધરાવે છે અને (અન્યોને) નેક કામો બતાવે છે અને ખરાબ બાબતોથી રોકે છે અને નેક કામોમાં દોડે છે. આ લોકો (અલ્લાહ સમીપ) નેકી કરનાર લોકોમાં (સામેલ કરવામાં આવે) છે, અને આ લોકો જે પણ નેક કામ કરશે તેના (સવાબ)થી વંચિત કરવામાં નહીં આવે અને અલ્લાહ તઆલા તકવાવાળાઓને સારી રીતે જાણે છે. (અને આ લોકો તકવાવાળા છે એટલે તેઓ અલ્લાહના વાયદા પ્રમાણે સારા બદલાના હકદાર છે.) બેશક ! જે લોકો કાફિર છે કદાપિ તેમનો માલ અને તેમની ઔલાદ અલ્લાહ તઆલાના (અઝાબના) મુકાબલામાં લેશમાત્ર કામ આવશે નહીં અને તે લોકો (જ) દોઝખવાળા છે (અને) તેઓ હંમેશા-હંમેશ તેમાં જ રહેશે (અને તેમને ક્યારેય છુટકારો નહીં મળે). તે (કાફિરો) જે કંઈપણ આ દુનિયાની જિંદગીમાં ખર્ચ કરે છે તેની પરિસ્થિતિ (બરબાદ વ્યર્થ જવામાં) એ પ્રકારનું ઉદાહરણ છે કે, એક પવન ફૂંકાય જેમાં હિમ (એટલે કે કરા) હોય (અને) તે આવા લોકોની ખેતીવાડીને લાગી જાય જેમણે (બેદીનીથી) પોતાનું નુકસાન કરેલ છે. બસ, એ (હવા) તે (ખેતી)ને બરબાદ કરી નાંખે (એવી જ રીતે આ લોકોનો ખર્ચ કરવો આખિરતમાં બરબાદ અને વ્યર્થ થનાર છે.) અને (એ વ્યર્થ કરવામાં) અલ્લાહ તઆલાએ તેમના ઉપર (કોઈ) જુલમ નથી કર્યો બલકે, તેઓ પોતે (કુફ્ર કરવાના કારણે અસ્વીકૃત બનીને) પોતાની જાતને નુકસાન પહોંચાડી રહ્યા હતા. (જો તેઓએ કુફ્ર ન કર્યું હોત તો તેમનું બધું દાન-પૂણ્ય વ્યર્થ ગયું ન હોત.)

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૧૮ થી ૧૨૦)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا ط وَدُّوْا
مَا عَنِتُّمْ ج قَدْ بَدَتِ الْبَغْضَآءُ مِنْ اَفْوَاهِهِمْ ۚ وَمَا تُخْفِيْ صُدُوْرُهُمْ اَكْبَرُ ط
قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿١١٨﴾ هٰاَنْتُمْ اُولَآءِ تُحِبُّوْنَهُمْ وَلَا
يُحِبُّوْنَكُمْ وَتُؤْمِنُوْنَ بِالْكِتٰبِ كُلِّهٖ ج وَاِذَا لَقُوْكُمْ قَالُوْٓا اٰمَنَّا ۚ وَاِذَا خَلَوْا
عَضُّوْا عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ط قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ ط اِنَّ اللّٰهَ عَلِيْمٌ بِذَاتِ
الصُّدُوْرِ ﴿١١٩﴾ اِنْ تَمْسَسْكُمْ حَسَنَةٌ تَسُؤْهُمْ ز وَاِنْ تُصِبْكُمْ سَيِّئَةٌ يَّفْرَحُوْا
بِهَا ط وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ شَيْئًا ط اِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ
مُحِيْطٌ ع ﴿١٢٠﴾ ع ١٢ ٢

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! પોતાનાઓ સિવાય કોઈ (કાફિર)ને રાઝદાર (ભેદી) ન બનાવો, તેઓ તમારા નુકસાનમાં કચાસ રાખતા નથી, તેઓ ઇચ્છે છે કે તમને તકલીફ પહોંચે, (તેમની) દુશ્મની તેમના મોઢા (મૌખિક વચનો)થી જાહેર થઈ ચૂકી છે અને જે તેમના દિલોમાં છુપાયેલું છે તે (તેનાથી પણ) મોટું છે; અમે તમારા માટે આયતો ખોલીને (સ્પષ્ટ રીતે) વર્ણન કરી દીધી છે, જો તમે બુદ્ધિશાળી છો. (૧૧૮) સાંભળી લો ! તમે તે લોકો છો જેઓ તેમને દોસ્ત બનાવો છો અને તેઓ તમને દોસ્ત બનાવતા નથી, અને તમે બધી કિતાબો ઉપર ઈમાન ધરાવો છો, અને જ્યારે (તેઓ) તમને મળે છે તો કહે છે, અમે ઈમાન લાવ્યા અને જ્યારે એકાંતમાં હોય છે તો તેઓ તમારા ઉપર ગુસ્સાથી (પોતાની) આંગળીઓ કરડી ખાય છે; કહી આપો ! પોતાના ગુસ્સાથી મરી જાઓ ! બેશક ! અલ્લાહ દિલની વાતોને સારી પેઠે જાણનારો છે. (૧૧૯) જો (તમને) કોઈ ભલાઈ (લાભ) પહોંચે તો તેમને ખરાબ લાગે

છે, અને જો તમને કોઈ બુરાઈ (નુકસાન) પહોંચે છે તો તેઓ તેનાથી ખુશ થાય છે; અને જો તમે સબ્ર કરો (ધીરજ ધરો) અને પરહેઝગારી કરો (અલ્લાહથી ડરો), તો તેમની ધોકાબાજી (ષડયંત્રો) તમારું કંઈ જ બગાડી શકશે નહીં; બેશક ! તેઓ જે કંઈ પણ કરે છે અલ્લાહે તેને ઘેરેલું છે (અલ્લાહના કાબૂમાં છે). (૧૨૦)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! પોતાના (લોકો) સિવાય (અન્ય ધર્મના લોકોમાંથી) કોઈને (મહોબ્બતના વર્તાવમાં) ખાસ ગાઢ (તમારો ભેદ જાણનાર) મિત્ર ન બનાવો (કારણ કે) તે લોકો તમારી સાથે ફસાદ કરવામાં કોઈ કચાસ બાકી નથી રાખતા (અને દિલથી પણ) તમારા (દીની અને દુનિયવી) નુકસાનની ઇચ્છા રાખે છે. (તેમના દિલોમાં તમારા માટે એટલું બધું કપટ ભર્યું છે કે) વાસ્તવમાં (તેઓનું આ) કપટ (અમુક સમયે) મૌખિક રીતે (અનાયાસે વાતચીતમાં) જાહેર થઈ જાય છે અને જે તેમના દિલોમાં છે તે તો ઘણું બધું છે, (એટલા માટે) અમે (તેમની દુશ્મનીની) નિશાની (અને પ્રતીકો) તમારી સામે જાહેર કરી ચૂક્યા, જો તમે બુદ્ધિ ધરાવતા હોય ! (તો તેમની આ ચોક્કસ પ્રકારની નિશાનીઓ જોઈ લો અને સમજી જાઓ.) હા ! (સમજી લો) તમે એવા છો (કે) તે લોકોથી મહોબ્બત(નો વર્તાવ) રાખો છો અને આ લોકો તમારાથી હકીકતમાં (દિલથી કે વર્તણૂકથી) મહોબ્બત નથી રાખતા, જ્યારે કે તમે બધી જ (આકાશી) કિતાબો ઉપર ઈમાન ધરાવો છો (તેમાં તેમની કિતાબો પણ સામેલ છે અને તેઓ તમારી કિતાબ એટલે કે કુર્આન ઉપર પણ ઈમાન નથી રાખતા પરંતુ તેઓ તમારી સાથે તમે ઈમાનવાળા હોવા છતાં મહોબ્બત નથી રાખતા અને તમે તેઓ ઈમાનવાળા ન હોવા છતાં તેમની સાથે મહોબ્બત રાખો છો) અને (તમે તેમના જાહેર ઈમાનનો દા'વો સાચો ન માનશો કે તેઓ પણ તમારી કિતાબ ઉપર ઈમાન રાખે છે. કારણ કે,) આ લોકો જ્યારે તમને મળે છે (ફક્ત તમને બતાવવા માટે મુનાફિકપણું બતાવીને) કહી આપે છે કે અમે ઈમાન લઈ આવ્યા અને જ્યારે (તમારાથી) અલગ થયા હોય છે તો તમારા ઉપર ગુસ્સાના કારણે પોતાની આંગળીઓ કરડી ખાય છે (જોઈ લો, તમારા ઉપરના ગુસ્સાની આટલી સખત પરિસ્થિતિ છે) તમે (તેમને) કહી આપો કે તમે તમારા ગુસ્સામાં મરી જાઓ (એટલે કે જો તમે

ગુસ્સાથી મરી પણ જશો તો પણ તમારા મનની મુરાદ પૂરી થવાની નથી). બેશક! અલ્લાહ તઆલા દિલોની વાતોને સારી પેઠે જાણે છે. (એટલા માટે તે લોકોના દિલોમાં જે કંઈ ઈર્ષ્યા અને તમારા પ્રત્યેનો વેરભાવ ભરેલો છે તે બધું તમને જણાવવામાં આવ્યું અને તેમની પરિસ્થિતિ એવી છે કે) જો તમને કોઈ ભલાઈ (લાભ) પહોંચે (દાખલા તરીકે તમારામાં પરસ્પર એકતા સ્થાપિત થાય અને તમે વિરોધીઓ ઉપર વિજય પ્રાપ્ત કરો વગેરે) તો તેમને તેનાથી રંજ (દુ:ખ) થાય છે (જેનું કારણ તમારા પ્રત્યે તેમની ઈર્ષ્યાની પરાકાષ્ઠા છે) અને જો તમે કોઈ અનિચ્છનીય (દુ:ખદાયક) પરિસ્થિતિમાં આવી જાઓ તો તેઓ તેનાથી (ઘણા) ખુશ થાય છે, (જેનાથી તેમની તમારા પ્રત્યેની દુશ્મની અને વૈમનસ્ય સાબિત થાય છે. બસ, જ્યારે તેમની હાલત આવી છે તો તેઓ કઈ રીતે દોસ્તી અથવા દોસ્તીની વર્તણૂક રાખવા યોગ્ય બની ગયા ?! તેમની આવી હાલત સાંભળ્યા પછી દિલોમાં એવો વિચાર પૈદા થઈ શકે છે કે આ લોકો મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં કોઈ કચાસ બાકી નહીં રાખે એટલા માટે મુસલમાનોની તસલ્લી માટે આગલી આયતમાં ફરમાવ્યું કે,) અને જો તમે સબ્ર અને તકવા સાથે રહો તો તે લોકોના ષડયંત્રો તમને લેશમાત્ર નુકસાન પહોંચાડી શકશે નહીં (તમે તેમનાથી નચિંત રહો તો દુનિયામાં તો તેમને નિષ્ફળતા પ્રાપ્ત થવાની જ છે અને આખિરતમાં દોઝખની સજા નક્કી જ છે કારણ કે,) નિ:શંક ! અલ્લાહ તઆલાએ તેમના કૃત્યોને (દરેક રીતે) ઘેરેલા છે. (કોઈ અમલ અમારાથી છૂપો નથી એટલા માટે આખિરતમાં સજાથી બચવા માટે તેમને કોઈ યુક્તિ-પ્રયુક્તિ કામ લાગશે નહીં અને તેની કોઈ સંભાવના પણ નથી.)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતનો શા'ને નુઝૂલ એ છે કે, મદીનાની આસપાસ જે યહૂદીઓ વસતા હતા તેમની સાથે ઔસ અને ખઝરજના લોકોની જૂના સમયથી મિત્રતા ચાલી આવી હતી. વ્યક્તિગત રીતે પણ આ કબીલાના લોકો તેમના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર અને સંબંધ રાખતા હતા અને કબાઈલી હેસિયતથી પણ આ લોકો અને યહૂદીઓ એકબીજાના પાડોશી અને મિત્ર હતા. જ્યારે ઔસ અને ખઝરઝના કબીલાઓ મુસલમાન થઈ ગયા, ત્યાર પછી પણ તેઓ યહૂદીઓ સાથે જૂના સંબંધો નિભાવતા રહ્યા અને તેમના લોકો પોતાના ઈસ્લામ લાવતા

પહેલાંના યહૂદી મિત્રો સાથે એ જ પ્રમાણે પ્રેમ અને નિખાલસતા સાથે મળતા રહ્યા, પરંતુ યહૂદીઓને હઝરત ખાતમુન્નબિય્યિન ﷺ સાથે અને તેમના લાવેલા દીન સાથે ખૂબ જ વેર હતું, એટલા માટે તેઓ કોઈ એવા વ્યક્તિ સાથે નિખાલસતાપૂર્ણ મહોબ્બત રાખવા માટે તૈયાર ન હતા જે આ દા'વતને સ્વીકારીને મુસલમાન થઈ ગયો હોય. તેમણે અન્સાર સાથે જાહેરમાં તો એવા જ મિત્રતાપૂર્ણ સંબંધો ચાલુ રાખ્યા જેવા પ્રથમથી હતા, પરંતુ હવે દિલથી તેઓ તેમના દુશ્મન બની ચૂક્યા હતા અને આ જાહેરી મિત્રતાથી ગૈરલાભ ઉઠાવીને દરેક સમયે એવા પ્રયત્નોમાં લાગેલા રહેતા હતા કે કોઈપણ રીતે મુસલમાનોની હરોળમાં પરસ્પર ફિત્ના-ફસાદ પૈદા કરી દે, અને તેમની ગુપ્ત વાતો જાણીને તેમના દુશ્મનો સુધી પહોંચાડી દે. અલ્લાહ તઆલા અહીંયાં તેમની આ ષડયંત્રકારી મુનાફિક નીતિરીતીથી મુસલમાનોને ચેતેલા રહેવાનું માર્ગદર્શન આપી રહ્યા છે અને એક ખૂબ જ મહત્ત્વના નિયમનું વર્ણન કરે છે.

يَآيُّهَاالَّذِيْنَ اٰمَنُوْ الاتَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ એટલે કે, "હે ઈમાનવાળાઓ! પોતાના (મુસલમાનો) સિવાય કોઈને ગાઢ મિત્ર (અને રાઝદાર) ન બનાવો." بِطَانَة (બિનાનહ)નો અર્થ "વાલી, દોસ્ત, રાઝદાર (મિત્રની ગુપ્ત વાતો જાણનાર ભેદીયો) અથવા કપડાંની નીચેનું અસ્તર જે શરીર સાથે અડેલું રહે છે." આ બધાને بطـانـه (બિતાનહ) કહેવાય છે. આ "બતન" بطن થી નીકળેલ શબ્દ છે. "બતન" بـطـن નો ઉપયોગ દરેક વસ્તુમાં ظَهْـر (ઝહ્‌ર) બાહ્ય દેખાવથી ઊલટા ભાગ માટે થાય છે એટલે કે, ઉપરના ભાગને ઝહ્‌ર અને તેની પાછળના ભાગને "બતન" કહેવામાં આવે છે. દાખલા તરીકે, કપડાંનો ઉપરનો ભાગ ظَهـــارہ (ઝહારહ) છે અને અંદરનો ભાગ જે શરીર સાથે અડેલો રહે છે જેમકે, અસ્તર વગેરે તેને بطانه (બિતાનહ) કહે છે.

જેવી રીતે આપણે આપણી ભાષામાં એક કહેવત બોલીએ છીએ કે "તે તેનું ઓઢવું-બિછાવવું છે" એટલે કે, તે તેને ખૂબ પ્રિય અને પસંદ છે. એ જ પ્રમાણે بِـطَـانَةُ الثَّوْب (બિતાનતુ ષ્ષવ્બ) શબ્દને ખૂબ ગાઢ મિત્ર અને એવા દોસ્ત માટે વાપરવામાં આવે છે કે, જે મિત્રની રહસ્યની ગુપ્ત અને ભેદની વાતો જાણતો હોય. એટલા માટે અહીંયાં بِـطَـانَةً શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અરબી શબ્દકોષની મશહૂર અને ભરોસાપાત્ર કિતાબ "લિસાનૂલ અરબ"માં બિતાનતુ

بِطَانَةٌ નો અર્થ આ પ્રમાણે કર્યો છે. بِطَانَةُ الرَّجُلِ صَاحِبُ سِرِّهٖ وَدَاخِلَةُ اَمْرِهِ الَّذِىْ يُشَاوِرُهٗ فِىْ اَحْوَالِهٖ એટલે કે بِطَانَةُ الرَّجُلِ "કોઈ વ્યક્તિનો ગાઢ મિત્ર અને ભેદી રાઝની વાતો જાણનાર દોસ્ત અથવા તો મિત્રના વહેવારમાં જેને દખલગીરી કરવાનો અધિકાર હોય તેને કહેવામાં આવે છે અને જેની પાસેથી પોતાના દરેક મહત્ત્વના વહેવારની સલાહ લેવામાં આવે છે." અસ્ફહાનીએ "મુફરદાતુલ કુર્આન"માં અને કુર્તુબીએ પોતાની તફસીરમાં પણ એનો આ જ અર્થ કર્યો છે, જેથી અર્થ એ થયો કે બિતાનહ بِطَانَةٌ એવા વ્યક્તિને કહેવામાં આવે છે જે રાઝદાર, ભેદી અને ગાઢ મિત્ર હોય અને તેને મિત્રના વહેવારોમાં દખલગીરી કરવાનો અથવા સલાહ-મશવરો આપવાનો અધિકાર ધરાવતો હોય.

તો આ આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો છે કે, પોતાની મિલ્લતને છોડીને કોઈને પોતાના વહેવારમાં દખલગીરી કરનાર કે ભેદી ન બનાવો કે, જેઓ પોતાની મિલ્લત અને હુકૂમતના રહસ્યો ખોલી નાંખે. ઈસ્લામે પોતાની આખી દુનિયા પર છવાયેલી દયા અને કૃપાના છાંયડામાં મુસલમાનો અને ગૈરમુસ્લિમો સાથે હમદર્દી, ભલાઈ અને લાભ પહોંચાડવાની તથા તેમની સાથે સારી વર્તણૂકની તાકીદપૂર્વક સૂચના આપી છે અને આ સૂચના પણ ન જ ફક્ત મૌખિક રીતે બલકે, રસૂલુલ્લાહ ﷺએ બધા જ વહેવારોમાં તેનો પ્રેક્ટિકલ, અમલી રીતે પણ નમૂનો રજૂ કર્યો છે. પરંતુ શરઈ હિકમત પ્રમાણે ઈસ્લામે મુસલમાનોને પોતાના સંગઠન અને તેમના ખાસ પ્રતીકોની સુરક્ષા માટે આ હુકમો પણ લાગુ પાડ્યા છે કે, ઈસ્લામના કાનૂનના ઈન્કારીઓ અને બળવાખોરો સાથે એક ખાસ મર્યાદામાં રહીને જ સંબંધ સ્થાપવામાં આવે. આ હદથી આગળ વધવાની પરવાનગી મુસલમાનોને આપવામાં આવી નથી શકતી. તેનાથી મિલ્લત અને વ્યક્તિ બંનેને નુકસાન થવાનો ભય રહે છે અને આ એવી સ્પષ્ટ યોગ્ય અને મહત્ત્વની જરૂરી વ્યવસ્થા છે કે, જેનાથી વ્યક્તિ અને મિલ્લત (પ્રજા) બંને સુરક્ષિત રહે છે. જો ગૈરમુસ્લિમ ઈસ્લામી પ્રદેશનો નિવાસી છે અથવા મુસલમાનો સાથે કોઈ કરાર કર્યા છે તો રસૂલુલ્લાહ ﷺની તા'લીમ પ્રમાણે તેમની સુરક્ષા માટે ખૂબ કાળજી લેવી ઈસ્લામી કાનૂનનો એક મહત્ત્વનો ભાગ છે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

مَنْ اٰذٰی ذِمِّیًّا فَاَنَا خَصْمُهٗ وَمَنْ كُنْتُ خَصْمَهٗ خَصَمْتُهٗ يَوْمَ الْقِيٰمَةِ، (عَنِ ابْنِ مَسْعُوْدٍ)

"જે વ્યક્તિએ કોઈ ઝિમ્મી (ઈસ્લામી શાસન હેઠળ જઝિયો આપીને રહેતા ગૈરમુસ્લિમ)ને સતાવ્યો તો કયામતના દિવસે તેમના તરફથી હું પક્ષકાર બનીશ અને જે મુકદમામાં હું પક્ષકાર છું તો હું જ ઉપરવટ રહીશ."

એક બીજી હદીષમાં ફરમાવ્યું,

مَنَعَنِیْ رَبِّیْ اَنْ اَظْلِمَ مُعَاهِدًا وَّلَا غَيْرَهٗ، (عَنْ عَلِیٍّ)

"મને મારા પરવરદિગારે મનાઈ કરી છે કે, હું કોઈ કરાર થયો હોય એવા વ્યક્તિ અથવા કોઈ અન્ય ઉપર અત્યાચાર કરું."

અન્ય એક હદીષમાં ફરમાવ્યું છે કે,

اَلَا مَنْ ظَلَمَ مُعَاهِدًا اَوِانْتَقَصَهٗ اَوْ كَلَّفَهٗ فَوْقَ طَاقَتِهٖ اَوْاَخَذَمِنْهُ شَيْئًا بِغَيْرِ طِيْبِ نَفْسٍ مِّنْهُ فَاَنَا حَجِيْجُهٗ يَوْمَ الْقِيٰمَةِ،

"ખબરદાર ! જો કોઈ ગૈરમુસ્લિમ મુઆહિદ (શાંતિકરાર કર્યો હોય એવો ગૈરમુસ્લિમ) ઉપર અત્યાચાર કરે અથવા તેના અધિકારમાં ઉણપ રાખે અથવા તેની શક્તિથી વધારે (તેના ઉપર) ભાર નાંખે અથવા તેમની કોઈ વસ્તુ તેમની દિલી રજામંદી વિના લઈ લે, તો કયામતના દિવસે હું તેનો વકીલ હોઈશ."

પરંતુ આ બધા જ હુકમો અને માર્ગદર્શન હોવા છતાં મુસલમાનોને પોતાના સંગઠન અને મિલ્લતની સુરક્ષા માટે એવી તાકીદપૂર્વકની સૂચના આપવામાં આવી કે, ઈસ્લામ અને મુસલમાનોના દુશ્મનોને પોતાના ગાઢ મિત્ર તથા ભેદી કે દિલી મિત્ર ન બનાવવામાં આવે.

ઈબ્ને અબી હાતિમથી નકલ થયું છે કે, ફારૂકે આઝમ (રદિ.)ને કહેવામાં આવ્યું કે, "અહીંયાં એક ગૈરમુસ્લિમ છોકરો છે જે ઘણો સારો લહિયો (કાતિબ) છે અને તેને આપ પોતાનો મીર મુન્શી (Chief Officer)બનાવી લો તો સારું છે." આવું સાંભળી હઝરત ફારૂકે આઝમ (રદિ.)એ ફરમાવ્યું,

قَدِاتَّخَذْتُ اِذًا بِطَانَةً مِّنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ،

તો હું એવું કરીને મુસલમાનોને છોડીને અન્ય મિલ્લતવાળાઓને રાઝદાર (ભેદીયો) બનાવી લઉં જે કુર્આનની નસ (સ્પષ્ટ હુકમ)ની બિલકુલ વિરૂદ્ધ છે?

ઈમામ કુર્તુબી (રહ.) જેઓ પાંચમી સદીના મશહૂર આલિમ અને મુફસ્સિર છે. ખૂબ હસરત (અફસોસ) અને દિલી દર્દ સાથે મુસલમાનો માટે આ દીની શિક્ષણના ઉલ્લંઘન કરવાના ખરાબ પરિણામોને આ પ્રમાણે વર્ણન કર્યા છે.

وَقَدِانْقَلَبَتِ الْاَ حْوَالُ فِیْ هٰذِهِ الْاَزْ مَانِ بِاتِّخَاذِاَهْلِ الْكِتٰبِ كَتَبَةً وَّاُمَنَآءَ

وَتَسَوَّدُوْ ابِذٰ لِکَ عِنْدَ جَهَلَةِ الْاَغْنِیَاءِ مِنَ الْوُلَاةِ وَالْاُمَرَ آءِ،

"આ યુગમાં પરિસ્થિતિમાં એવી ક્રાંતિ આવી છે કે, યહૂદી અને નસારાને રાઝદાર (ભેદીયા) તથા અમાનતદાર બનાવી લેવામાં આવ્યા અને તેના દ્વારા તેઓ જાહિલ માલદારો તથા અમીરો ઉપર મુસલ્લત થઈ ગયા (ચઢી બેઠા)."

આજે પણ કોઈ એક રાજ્યમાં કે જેની સ્થાપના કોઈ એક ખાસ વિચારસરણી ઉપર આધારિત હોય ત્યાં આ આધુનિક યુગમાં પણ કોઈ એવા વ્યક્તિને કે જે તે રાષ્ટ્રની વિચારસરણીનો સ્વીકાર નથી કરતો તો મોટેભાગે તેને રાજ્યનો ઉચ્ચ અધિકારી કે વહીવટી પ્રમુખ બનાવવામાં આવતો નથી.

રશિયા અને ચીનમાં કોઈ એવા વ્યક્તિને કે, જે કોમ્યુનિઝમમાં વિશ્વાસ નથી રાખતો, કોઈ જવાબદાર હોદ્દા ઉપર નિયુક્ત કરવામાં નથી આવતો અને ઈસ્લામી રાષ્ટ્રોની પડતીની કહાનીઓ વાચશો તો પડતીના અન્ય કારણોની સાથે મોટા ભાગે એ પણ જોવા મળશે કે, મુસલમાનોએ પોતાની રાજકીય અને વહીવટી વ્યવસ્થામાં ગૈરમુસ્લિમોને રાજ્યના મહત્ત્વના ચાવીરૂપ હોદ્દાઓ ઉપર બેસાડ્યા હતા અને તેમને ઉચ્ચ સ્થાનો ઉપર નિયુક્ત કર્યા હતા. ઉસ્માનીયા ખિલાફતની પડતીનું પણ આ જ એક મોટું કારણ હતું.

પ્રસ્તુત આયત ...لَا یَاْلُوْنَكُمْ خَبَالًا માં આ હુકમનું કારણ આ જ વર્ણન કરવામાં આવ્યું છે એટલે કે, "તે લોકો તમોને વબાલ અને ફસાદમાં સપડાવવા માટે કોઈ કચાસ બાકી નહીં રાખે અને તમને દુઃખ પહોંચવાની તમન્ના રાખે છે. અમુક (બાબતો) તો તેમની જીભથી જાહેર થઈ જાય છે અને જે કંઈ પણ તેઓ પોતાના દિલોમાં છુપાવે છે તે તો આનાથી પણ વધીને છે. અમે તો તમારા માટે નિશાનીઓ ખોલીને જાહેર કરી ચૂક્યા છે, જો તમે બુદ્ધિથી કામ લેનારા હોય !"

મતલબ એ છે કે, મુસલમાનોને ચેતવણી આપવામાં આવી રહી છે કે, મુસલમાન પોતાના ઈસ્લામી ભાઈઓ સિવાય કોઈને ભેદી અને પોતાનો

સલાહકાર ન બનાવે. કારણ કે, યહૂદ હોય કે નસારા, મુનાફિક હોય કે મુશ્રિક કોઈપણ સમુદાય તમારા સાચા હિતેચ્છુ નથી હોઈ શકતા. બલકે, આ લોકો હંમેશા એવા પ્રયત્નોમાં લાગેલા રહે છે કે, તમને બેવકૂફ બનાવીને નુકસાન પહોંચાડે અને દીની તથા દુનિયવી નુકસાનોમાં ફસાવી મારે. તેમની તમન્ના એ છે કે, તમે હંમેશા તકલીફમાં રહો અને તેઓ કોઈને કોઈ યુક્તિથી તમને દીની અથવા દુનિયવી નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરે છે અને જે દુશ્મની તથા વેરની આગ તેમના દિલોમાં સળગી રહી છે તે તો ખૂબ ભયાનક છે, પરંતુ અમુક સમયે તેમની આ વેરની આગ તથા તમારા પ્રત્યેનો ગુસ્સો અનાયાસે જાહેર થાય છે અને તેમના હૈયાની વાત હોઠે આવી જાય છે અને આ રીતે મૌખિક રીતે પણ ક્યારેક તમારા પ્રત્યે તેમના દિલોમાં દુશ્મનીની ભડકતી આગ જાહેર થઈ જાય છે. તેઓ દુશ્મની અને ઈર્ષ્યાના કારણે તેમની જીભ કાબૂમાં નથી રાખી શકતા. બસ, બુદ્ધિશાળી વ્યક્તિનું એ કામ નથી કે, આવા દુશ્મનોને પોતાનો રાઝદાર અને ભેદી બનાવે કે તેમને સલાહકારના હોદ્દા ઉપર નિયુક્ત કરે. અલ્લાહ તઆલાએ દોસ્ત અને દુશ્મનનું સરનામું અને તેમની નિશાનીઓ અને તેમના વિશેના પોતાના હુકમો ખોલી-ખોલીને સ્પષ્ટ રીતે વર્ણન કરી દીધા છે, જેનામાં બુદ્ધિ હશે તે બુદ્ધિથી કામ લેશે.

وَدُّوْا مَا عَنِتُّمْ "તેઓ ઈચ્છે છે કે, તમને તકલીફ પહોંચે." આ વર્ણન કાફિરોની માનસિકતા અને તેમની વિચારસરણીને તથા તમારા પ્રત્યે તેમના વલણને સ્પષ્ટ રીતે જાહેર કરે છે. તેમાં એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ખુદાઈ આદેશથી તા'લીમ મળી ગઈ કે, કોઈ ગૈરમુસ્લિમ કોઈપણ પરિસ્થિતિમાં મુસલાનોનો ગાઢમિત્ર કે ભલું ઈચ્છનાર નથી હોઈ શકતો.

ત્યારપછી ફરમાવવામાં આવ્યું, هَآ اَنْتُمْ اُولَآءِ تُحِبُّوْنَهُمْ એટલે કે, "તમે તો એવા છો કે તેમની સાથે મહોબ્બત રાખો છો અને તેઓ તમારી સાથે મહોબ્બત નથી રાખતા અને તમે બધી કિતાબોને માનો છો અને તેઓ જ્યારે તમને મળે છે તો કહે છે કે, અમે મુસલમાન છીએ અને જ્યારે એકલા હોય છે તો તમારા ઉપર ગુસ્સાના કારણે પોતાની આંગળીઓ કરડી ખાય છે. કહી આપો કે તમે ગુસ્સાથી મરી જાઓ, બેશક ! અલ્લાહ દિલોની વાતોને સારી પેઠે જાણે છે." એટલે આ કેવી અજૂગતી બાબત છે કે, તમે તેમની સાથે દોસ્તીની ફાંકો રાખો છો અને તેઓ

તમારા દોસ્ત નહીં બલકે તમારા મૂળિયા કાપનારા દુશ્મનો છે. આ કેટલી તાજ્જુબની વાત છે કે, તમે બધી જ આસમાની કિતાબોને માનો છો ભલે તે કોઈપણ હોય અને કોઈપણ યુગમાં કોઈપણ પયગમ્બર (અલૈ.) ઉપર નાઝિલ થઈ હોય ! એનાથી વિપરીત આ લોકો તમારી કિતાબ અને તમારા પયગમ્બરને નથી માનતા બલકે, પોતાની કિતાબો ઉપર પણ તેમનું ઈમાન નથી. હોવું તો એવું જોઈતું હતું કે, જો તેઓ તમારાથી મહોબ્બત કરે તો પણ તમને તેમનાથી નફરત થવી જોઈએ. કારણ કે, તેઓ કુર્આન અને ઈસ્લામના દુશ્મન છે, પરંતુ અહીંયાં તો પરિસ્થિતિ બિલકુલ ઊલટી દેખાઈ રહી છે.

આ કાફિર માનસિકતાની વધુ સ્પષ્ટતા આ પ્રમાણે છે اِنْ تَمْسَسْكُمْ حَسَنَةٌ એટલે કે, "આ લોકોની પરિસ્થિતિ એવી છે કે, જો તમને કોઈ સારો લાભ મળે તો તે લોકોને દુઃખ થાય છે અને જો તમારા ઉપર કોઈ ખરાબ પરિસ્થિતિ આવી પડે તો તેઓ તેનાથી ખુશ થાય છે."

પછી મુનાફિકોના ષડયંત્રો, તેમના સખત વિરોધ અને દુશ્મનીના ખરાબ પરિણામોથી સુરક્ષિત રહેવાનો સહેલો અને સરળ ઉપાય વર્ણન કરવામાં આવ્યો. وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ شَيْئًا ؕ اِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطٌ ؕ "જો તમે સબ્ર (ધૈર્ય) અને તકવા અપનાવી રાખશો તો તમને તેમના ષડયંત્રોથી લેશમાત્ર નુકસાન નહીં પહોંચે."

મુસલમાનોનો વિજય, સફળતા અને બધા જ પ્રકારની બાબતોમાં સફળતાનું રહસ્ય "સબ્ર" (ધૈર્ય) અને "તકવા" (અલ્લાહનો ડર) આ બે ખાસિયતો ઉપર અવલંબિત છે :

કુર્આને કરીમે મુસલમાનોને દરેક પ્રકારના દુઃખ-દર્દ અને પરેશાનીઓથી સુરક્ષિત રાખવા માટે સબ્ર અને તકવાને ફક્ત આ આયતમાં જ નહીં બલકે, બીજી ઘણી આયતોમાં પણ એક અસરકારક ઈલાજ સ્વરૂપે ઉલ્લેખ કર્યો છે. આ રુકૂઅ્ પછી બીજા રુકૂઅ્માં છે بَلٰٓى اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ ؕ "કેમ નહીં !? (અલબત્ત) જો તમે ધૈર્ય દાખવો, અને બચેલા રહો (અલ્લાહથી ડરો), અને તે (દુશ્મનો) તમારા ઉપર એકસામટા ચઢી આવે તો તમારો પરવરદિગાર નિશાન લગાવેલા (ઘોડાઓ ઉપર સવાર) પાંચ હજાર ફરિશ્તાઓ દ્વારા તમને મદદ મોકલે." (સૂ. ૩ : આ. ૧૨૫)

તેમાં ગૈબી મદદનો વાયદો તે જ શરતો એટલે કે સબ્ર અને તકવા ઉપર આધારિત છે. સૂરએ યૂસુફમાં ફરમાવ્યું, اِنَّهٗ مَنْ يَّتَّقِ وَيَصْبِرْ તેમાં પણ સફળતા અને ભલાઈ સબ્ર અને તકવા સાથે જોડાયેલું બતાવ્યું છે. આ સૂરતની પૂર્ણતા ઉપર સબ્રની તાકીદ આ શબ્દોમાં કરવામાં આવી રહી છે. يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ "હે ઈમાનવાળાઓ ! સબ્ર કરો, અને મુકાબલામાં અડગ રહો અને ડટેલા રહો, અને અલ્લાહથી ડરતા રહો જેથી તમે (તમારા મકસદમાં) સફળ થાઓ." (સૂ. ૩ : આ. ૨૦૦) તેમાં પણ સફળતા અને ભલાઈ સબ્ર અને તકવા ઉપર અવલંબિત હોવાનું બતાવવામાં આવ્યું છે.

સબ્ર અને તકવો ટૂંકા વિષય હેઠળ વ્યક્તિગત અને સામૂહિક જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જેમકે સામાન્ય જનજીવન, લશ્કરી વ્યવસ્થા અથવા અન્ય ક્ષેત્રમાં સફળતાનું રહસ્ય હોવાની ઘણી સ્પષ્ટતાઓ સાથે અને ખુલ્લી રીતે વર્ણન થયું છે. જેમકે, હઝરત ખાતમુલ અંબિયા ﷺનું ફરમાન છે,

عَنْ اَبِیْ ذَرٍّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِنِّیْ لَاَ عْلَمُ اٰيَةً لَوْ اَخَذَ النَّاسُ بِهَا لَكَفَتْهُمْ، وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا، (الاٰية) (رَوَاهُ اَحْمَدُ)

"રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, હું એક એવી આયત જાણું છું કે, જો લોકો તેના ઉપર અમલ કરવાનું અપનાવી લે તો તેમને દીન અને દુનિયા માટે ફક્ત તે જ પૂરતું છે, તે આયત આ છે. وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا જો વ્યક્તિ અલ્લાહ તઆલાથી ડરે અલ્લાહ તઆલા તેના માટે રસ્તો કાઢી આપે છે."

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૨૧ થી ૧૨૩)

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ
عَلِيْمٌ ﴿۱۲۱﴾ اِذْ هَمَّتْ طَّآئِفَتٰنِ مِنْكُمْ اَنْ تَفْشَلَا ۙ وَاللّٰهُ وَلِيُّهُمَا ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَ
كَّلِ الْمُؤْمِنُوْنَ ﴿۱۲۲﴾ وَلَقَدْ نَصَرَكُمُ اللّٰهُ بِبَدْرٍ وَّاَنْتُمْ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿۱۲۳﴾

તરજુમો :

(હે નબી ﷺ !) અને જ્યારે તમે સવાર(-સવાર)માં પોતાના ઘરેથી નીકળ્યા અને મો'મિનોને યુદ્ધના મોરચાઓ ઉપર ગોઠવવા લાગ્યા; અને અલ્લાહ સઘળું સાંભળનાર, જાણનાર છે. (૧૨૧) જ્યારે તમારામાંથી બે જૂથોએ ઈરાદો કર્યો કે હિંમત હારી જઈએ, અને અલ્લાહ તેમનો મદદગાર હતો અને અલ્લાહ ઉપર જ મો'મિનોએ ભરોસો કરવો જોઈએ. (૧૨૨) અને અલબત્ત અલ્લાહ તમારી બદ્ર(ના યુદ્ધ)માં મદદ કરી ચૂક્યો છે, જ્યારે કે તમે કમજોર (સમજવામાં આવતા) હતા; તો અલ્લાહથી ડરતા રહો જેથી તમે શુક્ર કરનારા બનો. (૧૨૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળ આવી ચૂકેલી આયતોમાં વર્ણન થયું હતું કે, જો મુસલમાનો સબ્ર અને તકવા ઉપર કાયમ રહ્યા તો કોઈ બાતિલ શક્તિ તેમને નુકસાન નથી પહોંચાડી શકતી અને આ ગઝ્વએ ઉહદના પ્રસંગે કે, જે અલ્પકાલીન હાર અને તકલીફ જેવી પરિસ્થિતિ મુસલમાનોને પહોંચી તે આ જ બે બાબતો એટલે કે સબ્ર અને તકવામાં અમુક લોકો તરફથી ઉણપના કારણે હતી. પ્રસ્તુત આયતોમાં આ જ ગઝ્વએ ઉહદની ઘટના વર્ણન કરવામાં આવી છે અને ગઝ્વએ બદ્રમાં વિજયની યાદ અપાવી છે.

તફ્સીર :

અને (તે સમય પણ યાદ કરવા યોગ્ય છે) જ્યારે કે તમે સવારના સમયે (ઉહદ્ના ઐતિહાસિક યુદ્ધ પહેલાં) પોતાના ઘરેથી (એક હેતુથી) નીકળ્યા (કે) મુસલમાનોને (કાફિરો સાથે) યુદ્ધ માટે (યોગ્ય) મોરચા ઉપર ગોઠવી રહ્યા હતા, (પછી એ જ વ્યુહ પ્રમાણે બધાને તેમના સ્થળ ઉપર જમાવી દીધા) અને અલ્લાહ તઆલા (તે સમયની વાતો) બધું સાંભળી રહ્યો હતો (અને તે સમયની પરિસ્થિતિઓ) બધું જ જાણતો હતો (ત્યાર પછી એક ઘટના એમ પણ બની કે) તમારા (મુસલમાનો)માંથી બે જૂથોએ (કે તેઓ બની સલમા અને બની હારિષ છે) દિલમાં વિચાર કર્યો કે હિંમત હારી જઈએ (અને અમે પણ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિકની જેમ પોતાના ઘરે ચાલ્યા જઈએ.) અને અલ્લાહ તઆલા આ

બંને જમાઅતોનો મદદગાર હતો. (અલ્લાહ તઆલા તેમને કેવી રીતે હિંમત હારવા દઈ શકે ?! એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને એ વિચાર ઉપર અમલ કરવાથી સુરક્ષિત રાખ્યા.) અને (અમે આવનારા સમય માટે આ જૂથો અને બધાને નસીહત કરીએ છીએ કે, જ્યારે તમે મુસલમાન હોય તો) બસ, મુસલમાનોએ તો ફક્ત અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ. (અને આવી કાયરતા વિશે ક્યારેય ન વિચારવું જોઈએ) અને આ વાત સત્ય છે કે અલ્લાહ તઆલાએ તમારી (ગઝ્વએ) બદ્રમાં મદદ કરી હતી. જ્યારે કે તમે કમજોર (ઓછી યુદ્ધ સામગ્રી ધરાવતા) હતા (કારણ કે તમારી સંખ્યા પણ કાફિરોના મુકાબલામાં ઓછી હતી. તેઓ એક હજાર જેટલા હતા અને મુસલમાનો ૩૧૩ જેટલા હતા અને હથિયારો પણ ઘણા ઓછા હતા.) બસ, (કારણ કે, આ મદદ તકવાના કારણે હતી જેમાં સબ્ર-ધીરજ પણ સામેલ છે માટે તમારા માટે જરૂરી છે કે, આવનારા સમયમાં પણ) અલ્લાહ તઆલાથી ડરતા રહો (એનું નામ જ તકવા છે) જેથી તમે (અલ્લાહની મદદની આ નેઅ્મતનો) શુક્ર અદા કરતા રહો. (કારણ કે શુક્રગુઝારી ફક્ત મૌખિક રીતે અદા કરવાનું નામ નથી બલકે, સંપૂર્ણ શુક્ર એટલે કે, અલ્લાહનો ઉપકાર માનવો જરૂરી છે, જીભથી અને દિલથી અલ્લાહના આજ્ઞાપાલનની પાબંદી કરવી અને ખાસ કરીને જ્યારે આવી ઈતાઅત-અનુસરણથી તેની નેઅ્મત મળ્યાનું સાબિત થઈ ચૂક્યું હોય ત્યારે શુક્ર અદા કરવો જોઈએ.)

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્વએ ઉહદ્ની પૂર્વભૂમિકા :

પ્રસ્તુત આયતની તફસીર પહેલાં જરૂરી છે કે, ગઝ્વએ ઉહદ્ની પૂર્વભૂમિકા સમજી લેવામાં આવે.

રમઝાનુલ મુબારક સન હિજરી ૦૨માં બદ્રના સ્થળે કુરૈશી લશ્કર અને મુસલમાન મુજાહિદો વચ્ચે યુદ્ધ થયું, જેમાં મક્કાના કાફિરોના ૭૦ (સિત્તેર) પ્રખ્યાત વ્યક્તિઓ માર્યા ગયા અને એટલી જ સંખ્યામાં કૈદ પકડાયા, તેમની આ અપમાનજનક હાર વાસ્તવમાં કાફિરો ઉપર અલ્લાહનો અઝાબ હતો, આ હારથી કુરૈશમાં બદલો લેવાની ભાવના ભડકી ઊઠી, જે સરદારો માર્યા ગયા હતા તેમના

સગાં-વહાલાઓએ બધા જ અરબોની ઉશ્કેરણી કરી અને તેમના આત્મસન્માનને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો અને એવો કરાર કર્યો કે, જ્યાં સુધી અમે મુસલમાનો પાસેથી આ હારનો બદલો નહીં લઈ લઈએ ત્યાં સુધી શાંતિથી બેસીશું નહીં અને મક્કાના નિવાસીઓને અપીલ કરી કે, તેમના વેપારના કાફલા જે શામથી લાવવામાં આવે છે તે બધા જ આ મિશન ઉપર ખર્ચ કરવામાં આવે, જેથી અમે મુહમ્મદ (ﷺ) અને તેમના સાથીઓ પાસેથી પોતાના માર્યા ગયેલા લોકોનો બદલો લઈ શકીએ. બધાએ આ બાબતનો સ્વીકાર કર્યો અને સન હિજરી ૦૩માં કુરૈશ સાથે ઘણા બધા કબીલાઓ પણ મદીના ઉપર આક્રમણ કરવાના ઈરાદે નીકળી પડ્યા, ત્યાં સુધી કે સ્ત્રીઓ પણ સાથે આવી જેથી સ્ત્રીઓ મૌકો મળે તો પુરુષોના સ્વાભિમાનને જગાડીને તેમને હારવાથી રોકી શકે. જે સમયે આ ત્રણ હજારનું લશ્કર યુદ્ધ સામગ્રીથી સજ્જ થઈ મદીનાથી ૩-૪ માઈલ ઉહદ્‌ના પહાડ પાસે પડાવ નાંખીને બેઠું તો નબીએ કરીમ ﷺએ મુસલમાનો સાથે મશ્વરો કર્યો કે મદીનાની અંદર રહીને દુશ્મનોનો મુકાબલો ઘણી સરળતા અને સફળતા સાથે કરી શકાય છે. આ પ્રથમ પ્રસંગ હતો કે, મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય જે જાહેરમાં મુસલમાનોમાં સામેલ હતો તેનાથી પણ મશ્વરો કરવામાં આવ્યો, જે રસૂલે કરીમ ﷺના મશ્વરા પ્રમાણે હતો. પરંતુ અમુક જોશીલા મુસલમાનો કે, જેમને બદ્રના ગઝ્વહમાં સામેલ થવાનો મૌકો મળ્યો ન હતો, તેમણે શહાદતના શોખથી બેચેન થઈ એવી સલાહ આપી કે આપણે મદીનાની બિલકુલ બહાર નીકળીને મુકાબલો કરવો જોઈએ, જેથી દુશ્મનો આપણા વિશે બુઝદીલી (કાયરતા) અને કમજોરીનું અનુમાન ન કરી બેસે, મોટા પ્રમાણમાં આ સલાહ અને અભિપ્રાય લોકો તરફથી આવવા લાગ્યો.

તે વખતે રસૂલે કરીમ ﷺ મકાનની અંદર ગયા અને બખ્તર (ઝિરહ) પહેરીને બહાર આવ્યા તો તે સમયે અમુક લોકોને વિચાર આવ્યો કે, અમે રસૂલે કરીમ ﷺને તેમના પોતાના અભિપ્રાય વિરૂદ્ધ મદીનાની બહાર નીકળી યુદ્ધ કરવા માટે મજબૂર કરી દીધા, આ ખોટું થયું. એટલા માટે વિનંતી કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ જો તમારી ઈચ્છા હોય તો તમે અહીંયાં જ રોકાઈ જાઓ." રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "એક પયગમ્બરને શોભા નથી આપતું કે જ્યારે તે બખ્તર પહેરી લે અને હથિયાર ઉઠાવી લે પછી યુદ્ધ કર્યા વિના તેને શરીરથી

ઉતારી નાંખે.'' આ વાક્યમાં નબી અને ગૈરનબી વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ જાય છે કે, નબીની જાતથી કમજોરી અને કાયરતાનો અણસાર પણ ન આવવો જોઈએ અને તેમાં ઉમ્મત માટે પણ એક ઘણી મોટી શિખામણ છે.

જ્યારે રસૂલે કરીમ ﷺ મદીનાની બહાર તશરીફ લઈ ગયા, લગભગ એક હજાર વ્યક્તિઓ રસૂલે કરીમ ﷺ સાથે હતા, પરંતુ મુનાફિક અબ્દુલ્લાહ બિન ઉબય લગભગ ૩૦૦ વ્યક્તિઓને સાથે લઈને રસ્તામાંથી જ એવું કહીને પાછો ચાલ્યો ગયો કે, ''જ્યારે મારો મશ્વરો માનવામાં ન આવ્યો અને અન્યોની સલાહ ઉપર અમલ કરવામાં આવ્યો તો હવે અમારે લડવાની કોઈ જરૂર નથી. કારણ કે, અમે જાણી-બૂઝીને અમારી જાતને હલાકતમાં શા માટે નાંખીએ ?'' તેમના સાથીઓમાં મોટાભાગે મુનાફિકો જ હતા, પરંતુ અમુક મુસલમાનો પણ તેમની આ ધોકાબાજીમાં આવીને તેમની સાથે લાગી ગયા હતા.

છેવટે રસૂલે કરીમ ﷺ કુલ ૭૦૦ સિપાહીઓને લઈને યુદ્ધના મેદાનમાં પહોંચી ગયા. રસૂલે કરીમ ﷺએ પોતાની જાતે લશ્કરી કાનૂન મુજબ મુજાહિદોની કતારને વ્યવસ્થિત કરવાનું શરૂ કર્યું. મોરચાબંધી એવી રીતે કરવામાં આવી કે, ઉહદ પહાડને લશ્કરની પીઠ પાછળ રાખ્યો અને અન્ય મોરચાબંધી એવી રીતે કરી કે, હઝરત મૂસ્અબ બિન ઉમૈર (રદિ.)ને ઝંડો આપ્યો, હઝરત ઝૂબૈર બિન અવામ (રદિ.)ને લશ્કરની એક ટૂકડીના કમાન્ડર તરીકે નિમણૂક કરી, હઝરત હમ્ઝા (રદિ.)ને તેમના ભાગે આવતી ફૌજના કમાન્ડર બનાવ્યા, જેમણે બખ્તર ન પહેર્યા હતા અને એવી સંભાવના હતી કે, દુશ્મનો પાછલી પૂંઠેથી આ બાજુ આવે એટલા માટે ૫૦ તિરંદાઝોની એક ટૂકડી નક્કી કરી અને તેમને હુકમ આપવામાં આવ્યો કે, પીઠ પાછળની ટેકરી ઉપર સુરક્ષાનું કામ કરતી રહે. લડનારાઓને વિજય પ્રાપ્ત થાય કે હાર ! તેઓ તેની સાથે કોઈ લેવા-દેવા ન રાખે, તેઓ ફક્ત પોતાના સ્થળની સુરક્ષા કરે અને અહીંયાંથી ન હટે. અબ્દુલ્લાહ બિન ઝૂબૈર (રદિ.) આ તિરંદાઝોના કમાન્ડર નક્કી થયા. કુરૈશને બદ્રના યુદ્ધમાં અનુભવ થઈ ચૂક્યો હતો એટલા માટે તેમણે પણ મોરચાબંધી ખૂબ વ્યવસ્થિત રીતે કરી હતી.

નબીએ કરીમ ﷺની યુદ્ધની મોરચાબંધી અન્યોની નજરમાં :

નબીએ કરીમ ﷺની આ સફબંધી અને લશ્કરી કાયદાઓ પ્રમાણેના

વ્યવસ્થિત મોરચાઓ જોઈને એ હકીકત સ્પષ્ટ થાય છે કે, નબીએ કરીમ ﷺ ઉમ્મતના સંપૂર્ણ માર્ગદર્શક અને પવિત્ર નબી હોવાની સાથે સાથે સેનાપતિ (કમાન્ડર ઈન ચીફ) પણ હતા અને સેનાપતિની રૂએ તેઓ એક ખૂબ અનુભવી અને નીવડેલ સેનાપતિ હોવાના નાતે દિર્ઘદષ્ટિયુક્ત વ્યૂહરચના પણ સારી પેઠે જાણતા હતા, એટલા માટે જ રસૂલે કરીમ ﷺએ જે પૂર્વધારણા બાંધીને મોરચો કાયમ કર્યો હતો અને લડાઈની જે મોરચાબંધી ગોઠવી હતી તેની વ્યૂહરચના તે સમયના લોકો માટે સમજવી ખૂબ કપરું કામ હતું અને આજે જ્યારે કે, યુદ્ધની અવનવી પદ્ધતિઓ અને હથિયારોનું એક આગવું વિજ્ઞાન વિકસિત થઈ ચૂક્યું છે, તે વિજ્ઞાન અને યુદ્ધકળાના નિષ્ણાતો પણ રસૂલે કરીમ ﷺની લશ્કરી વ્યૂહરચના અને મોરચાબંધીના કાયદાઓના ભરપેટ વખાણ કરે છે. આ વાસ્તવિકતા નિહાળીને એક ઈસાઈ ઈતિહાસકાર લખે છે,

"પોતાના વિરોધીઓથી વિપરીત કે જેઓ ફક્ત હિંમત અને બહાદુરીથી જ કામ લેતા હતા, (હઝરત) મુહમ્મદ (ﷺ) વિશે કહેવું જોઈએ કે, યુદ્ધકળામાં પણ તેમણે નવો માર્ગ અપનાવ્યો. મક્કાવાળાઓની બેધડક અને અંધાધૂંધ લડાઈઓના મુકાબલામાં ખૂબ જ દૂરંદેશીયુક્ત અને કડક પ્રકારની વ્યૂહરચના અને મોરચાબંધીથી કામ લીધું."

આ શબ્દો ૨૦મી સદીના એક ઈતિહાસકાર ટૉમ અન્ડરે કહ્યા છે, તેણે આ શબ્દો "લાઈફ ઑફ મુહમ્મદ" (The Life of Muhammed)નામના પુસ્તકમાં વર્ણન કર્યા છે.

યુદ્ધની શરૂઆત :

ત્યારપછી યુદ્ધ શરૂ થયું, શરૂઆતમાં મુસલમાનોનું પલ્લું ભારે રહ્યું, એટલે સુધી કે સામે પક્ષે લશ્કરમાં અફરા-તફરી ફેલાઈ ગઈ, મુસલમાનો સમજી બેઠા કે વિજય મળી ગયો અને તેઓનું ધ્યાન "માલે ગનીમત" તરફ ગયું. આ તરફ જે તિરંદાઝોને નબીએ કરીમ ﷺએ લશ્કરની પીઠ પાછળ ટેકરી ઉપર લશ્કરની સુરક્ષા માટે ગોઠવ્યા હતા તેમણે જ્યારે જોયું કે, દુશ્મનો નાસી રહ્યા છે તો તેઓ પણ પોતાની જગ્યા છોડીને પહાડની નીચે તળેટીના મૈદાનમાં આવવા લાગ્યા, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.)એ રસૂલે કરીમ ﷺનો તાકીદ

સાથે કરેલો હુકમ આ જગ્યા છોડનારાઓને યાદ અપાવીને તેમને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અમુક વ્યક્તિઓ સિવાય બીજા બધા જ લોકોએ કહ્યું કે, “રસૂલે કરીમ ﷺનો હુકમ તો એક ચોક્કસ સમય સુધી હતો, હવે આપણે તેમની સાથે ભળી જવું જોઈએ.” આ પ્રસંગે ખાલિદ બિન વલીદે જેઓ હજુ સુધી મુસલમાન થયા ન હતા અને તે સમયે દુશ્મનની લશ્કરની એક ટૂકડીના કમાન્ડર હતા, તકનો લાભ ઉઠાવીને પહાડનો ચક્કર લગાવી "ઉકૂબ"ના ઘાટ ઉપરથી આક્રમણ કરી દીધું, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) અને તેમના અમુક થોડા સાથીઓએ આ હુમલાને ખૂબ બહાદુરી અને હિંમતપૂર્વક રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ આ હુમલો ખાળી ન શક્યા અને આ ટૂકડી એકાએક મુસલમાનો ઉપર તૂટી પડી, બીજી બાજુ જે દુશ્મનો નાસી છૂટયા હતા તેઓ પણ પાછા ફરીને હુમલો કરવા લાગ્યા, આ રીતે લડાઈનું પાસું એકદમ પલટાઈ ગયું અને મુસલમાનોને અપેક્ષા ન હતી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. મુસલમાનોમાં એક પ્રકારની અફરા-તફરી ફેલાઈ ગઈ. હજુપણ કેટલાક સહાબા (રદિ.) મૈદાનમાં મજબૂતીથી ડટેલા હતા, એટલામાં ક્યાંકથી એવી અફવા ફેલાઈ કે, નબીએ કરીમ ﷺ શહીદ થઈ ગયા, આ અફવાએ સહાબા (રદિ.)ના રહ્યા-સહ્યા હોશ-કોશ પણ ઉડાવી દીધા અને બાકી રહેલા લોકો પણ હિંમત હારી બેઠા. તે સમયે નબીએ કરીમ ﷺની આસપાસ ફક્ત દશ-બાર પ્રાણ પ્યારા સહાબા (રદિ.) બાકી રહી ગયા હતા અને રસૂલે કરીમ ﷺ પોતે પણ ઘાયલ થયા હતા, યુદ્ધ હારવામાં કોઈ કચાસ બાકી ન રહી હતી કે, તે જ સમયે સહાબા (રદિ.)ને જાણ થઈ કે રસૂલે કરીમ ﷺ સહી સલામત છે. એટલા માટે તેઓ દરેક બાજુએથી ભેગા થઈને રસૂલે કરીમ ﷺની આસપાસ ભેગા થઈ ગયા અને તેમને સુરક્ષિત રીતે પહાડ તરફ લઈ ગયા. આ હાર જેવી પરિસ્થિતિ પછી મુસલમાનો બેહદ પરેશાન રહ્યા. આ થોડા સમયની હાર જેવી પરિસ્થિતિ માટેના અમુક કારણો હતા. કુર્આન મજીદે દરેક કારણોની પણ તાકીદપૂર્વકના શબ્દોમાં સમીક્ષા કરી છે અને આવનારા સમયમાં વધારે કાળજી લેવાની તાકીદ પણ કરી છે.

આ ઘટનાની વિગતમાં અમુક એવા પ્રસંગો છે જે મુસલમાનોને એક ઘણી મોટી શિખામણ આપે છે અને એમાં તમામ મુસલમાનો માટે નસીહત અને બોધપાઠ સમાયેલો છે.

ઉહદના પ્રસંગથી અમુક બોધપાઠ :

(૧) પ્રથમ બાબત જેમકે આપણે વર્ણન કરી ચૂકયા છે કે, કુરૈશના કાફિરો આ યુદ્ધમાં સ્ત્રીઓને પણ લાવ્યા હતા, જેથી તેઓ પુરૂષોને હારતી વખતે સ્વાભિમાન યાદ અપાવી તેમને રોકી રાખે. નબીએ કરીમ ﷺએ જોયું કે, સ્ત્રીઓ અબૂ સુફિયાનની પત્ની હિન્દહની આગેવાનીમાં યુદ્ધગીતો ગાઈ-ગાઈને પુરુષોને પાણી ચઢાવી રહી છે,

اِنْ تُقْبِلُوْا نُعَانِقْ ؛ وَنَفْرِشُ النَّمَارِقْ

اَوْتُدْبِرُوْا نُفَارِقْ ؛ فِـرَاقَ وَامِـقٍ

"જો મુકાબલામાં ડટેલા રહ્યા અને વિજયી થયા તો અમે તમને ગળે લગાવીશું અને તમારા માટે નરમ બિસ્તર બિછાવીશું અને જો તમે પીઠ ફેરવી તો અમે તમને બિલકુલ છોડી આપીશું."

ખાતમુલ અંબિયા ﷺની જીભ મુબારક ઉપર દુઆના આ શબ્દોનું સતત રટણ હતું,

اَللّٰهُمَّ بِکَ اَصُوْلُ وَبِکَ اُقَاتِلُ حَسْبِیَ اللّٰهُ وَنِعْمَ الْوَکِیْلُ

"હે અલ્લાહ ! હું તારાથી જ શક્તિ પ્રાપ્ત કરું છું અને તારા જ નામથી હુમલો કરું છું, અને તારા જ દીન માટે યુદ્ધ કરું છું, અલ્લાહ જ પૂરતો છે અને તે ખૂબ સારો કામ પૂરું કરનાર છે."

આ દુઆનો એક-એક શબ્દ અલ્લાહ સાથે તાકીદપૂર્વક મુસલમાનોના સંબંધને જોડે છે અને મુસલમાનોના પ્રત્યેક કૃત્યો એટલે સુધી કે, યુદ્ધ અને લડાઈને પણ અન્ય કૌમોના યુદ્ધ અને લડાઈઓ કરતાં એક આગવી વિશેષતા પ્રદાન કરે છે.

(૨) બીજી બાબત જે વિચારવા જેવી છે કે, આ યુદ્ધમાં અમુક સહાબા (રદિ.)એ બહાદુરી, શૌર્ય અને અલ્લાહના રસ્તામાં પ્રાણ ન્યોછાવર કરનારની ભાવનાની તે છાપ છોડી હતી કે ઈતિહાસ તેનું ઉદાહરણ રજૂ નથી કરી શકતું. હઝરત અબૂ દુજાના (રદિ.)એ પોતાના શરીરને રસૂલે કરીમ ﷺ માટે ઢાલ બનાવી લીધું હતું અને પ્રત્યેક આવનાર તીર પોતાની છાતી પર ખાતા હતા.

હઝરત તલહા (રદિ.)નું શરીર પણ એ જ પ્રમાણે ચારણી જેવું વિંધાઈ ગયું હતું પરંતુ રસૂલે કરીમ ﷺનો સાથ ન છોડ્યો, હઝરત અનસ બિન માલિક (રદિ.)ના કાકા હઝરત અનસ બિન નઝર (રદિ.) જંગે બદ્રમાં ભાગ ન લઈ શક્યા હતા, એટલા માટે તેમને એનો અફસોસ હતો, હંમેશા એવી તમન્ના કર્યા કરતા હતા કે નબી ﷺની આગેવાનીમાં કોઈ તક મળે તો દિલની હસરત પૂરી કરી લઉં.

જ્યારે અમુક દિવસો પછી જંગે ઉહદની ઘટના બની, તો હઝરત અનસ બિન નઝર (રદિ.) તેમાં સામેલ થયા. જ્યારે મુસલમાનો વિખરાઈ રહ્યા હતા અને કુરૈશના કાફિરોનો રેલો ચાલ્યો આવતો હતો તો તેઓ પોતાની તલવાર લઈને આગળ વધ્યા. અચાનક હઝરત સઅદ (રદિ.)થી મુલાકાત થઈ ગઈ, સઅદ (રદિ.) પણ વિખરાઈ રહેલા મુસલમાનો સાથે જઈ રહ્યા હતા, તેમને બૂમ પાડીને કહ્યું, "સઅદ ! ક્યાં ચાલ્યા ? મને તો ઉહદની તળેટીમાં જન્નતની સુગંધ આવી રહી છે!" આવું કહીને આગળ વધ્યા અને ખૂબ બહાદુરીથી લડ્યા, અંતે પોતાના પ્રાણ અલ્લાહના હવાલે કરી શહાદતનો જામ પી લીધો. *(ઇબ્ને કષીર)*

હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે, "જ્યારે મુસલમાનો વિખરાય ગયા તે સમયે રસૂલે કરીમ ﷺ સાથે ફક્ત ૧૧ (અગિયાર) સહાબા (રદિ.) રહી ગયા હતા, જેમાં હઝરત તલહા (રદિ.) પણ હતા. કુરૈશના કાફિરોનો એક રેલો આવી રહ્યો હતો, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "કોણ તેમની ખબર લેશે ?" હઝરત તલહા (રદિ.) બોલી ઉઠ્યા, "યા રસૂલુલ્લાહ (ﷺ) ! હું." એક બીજા અન્સારી સહાબી (રદિ.) કહ્યું, "હું હાજર છું." અન્સારી સહાબી (રદિ.)ને રસૂલે કરીમ ﷺએ જવાનો હુકમ આપ્યો, તેઓ સખત લડાઈ પછી શહીદ થઈ ગયા. ફરી પાછો એક રેલો આવ્યો, રસૂલે કરીમ ﷺએ ફરી એ જ સવાલ કર્યો, હઝરત તલહા (રદિ.)એ ફરી એ જ જવાબ આપ્યો. તેઓ અધીરા થઈ રહ્યા હતા કે, રસૂલે કરીમ ﷺ હુકમ આપે તો હું આગળ વધું. રસૂલે કરીમ ﷺએ ફરી કોઈ અન્સારી સહાબી (રદિ.)ને મોકલ્યા અને હઝરત તલહા (રદિ.)ની તમન્ના પૂરી ન થઈ. એવી રીતે સાત વખતે રસૂલે કરીમ ﷺએ કહ્યું, અને દરેક સમયે રસૂલે કરીમ ﷺએ તેમને પરવાનગી ન આપી અને બીજા સહાબીઓને રજા આપતા રહ્યા અને તેઓ શહીદ થતા રહ્યા.

જંગે બદ્રમાં થોડી સંખ્યામાં મુસલમાનો હોવા છતાં વિજય પ્રાપ્ત થયો

હતો અને ગઝ્વએ ઉહદમાં બદ્ર કરતાં મુસલમાનોની સંખ્યા વધારે હતી તો પણ હાર જેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ, તેમાં પણ મુસલમાનો માટે ઇબ્રત છે કે, મુસલમાનોએ ક્યારેય સાધન-સામગ્રી અને સંખ્યા વધતી-ઓછી હોવાના કારણો ઉપર ન જવું જોઈએ બલકે, વિજય તો હંમેશા અલ્લાહ તઆલા તરફથી જ છે, એવું સમજે અને મુસલમાનોએ અલ્લાહ તઆલા સાથે જ પોતાનો સંબંધ મજબૂત રાખવો જોઈએ.

જંગે યરમૂકના પ્રસંગે જ્યારે યુદ્ધના મોરચા ઉપરથી હઝરત ઉમર (રદિ.)ને વધારે ફૌજી કુમક મોકલવા માટે લખવામાં આવ્યું અને ઓછી સંખ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી તો તેમણે જવાબમાં લખ્યું,

قَدْ جَاءَ نِیْ کِتَابُکُمْ تَسْتَمِدُّوْ نَنِیْ وَاِنِّیْ اَدُلُّکُمْ عَلٰی مَنْ ھُوَ اَعَزُّ نَصْرًا وَّاَحْصَنُ جُنْدًا، اَللّٰہُ عَزَّوَجَلَّ، فَاسْتَنْصِرُوْہُ فَاِنَّ مُحَمَّدًا صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ قَدْ نُصِرَفِیْ یَوْمِ بَدْرٍ فِیْ اَقَلَّ مِنْ عِدَّتِکُمْ فَاِذَاجَاءَ کُمْ کِتَابِیْ ھٰذَا فَقَاتِلُوْھُمْ وَلَا تَرْجِعُوْنِیْ

(بَحوَالَهٔ مُسْنَدِاَحْمَدؒ، اِبْنِ کَثِیْر)

"મારી પાસે તમારો પત્ર આવ્યો, તેમાં તમે વધારે ફૌજી મદદ માંગી છે પરંતુ હું તમને એક એવી હસ્તીનું સરનામું આપું છું જે મદદના સંદર્ભમાં સૌથી વધુ છવાયેલ અને લશ્કરના સંદર્ભે સૌથી વધુ સુરક્ષિત છે અને તે અલ્લાહ રબ્બુલ આલમીનની જાત છે. એટલા માટે તમે તેનાથી મદદ માંગો. હઝરત મુહમ્મદ ﷺને બદ્રમાં થોડી સંખ્યા હોવા છતાં મદદ કરવામાં આવી હતી. જ્યારે મારો આ પત્ર તમને મળે તો તેમના ઉપર તૂટી પડો અને એના વિશે મારી પાસે મદદની કોઈ આશા ન રાખો. *(બ હવાલએ મુસ્નદે અહમદ, ઇબ્ને કસીર)*

આ ઘટનાના રાવી વર્ણન કરે છે કે જ્યારે અમને આ પત્ર મળ્યો અને અલ્લાહનું નામ લઈને કાફિરોના ખૂબ મોટા લશ્કર ઉપર એકી સાથે હુમલો કર્યો, જેમાં તેમને પરાજય મળ્યો. હઝરત ઉમર ફારૂક (રદિ.)ને ખબર હતી કે, મુસલમાનોનો વિજય અને પરાજય સેનાબળના વધતા-ઓછા હોવા ઉપર અવલંબિત નથી બલકે, અલ્લાહ ઉપર ભરોસો અને તેની મદદ ઉપર અવલંબિત છે. જેમકે કુર્આને કરીમમાં ગઝ્વએ હુનૈન વિશે આ વાસ્તવિકતા ખૂબ સ્પષ્ટ રીતે

વર્ણન કરવામાં આવી છે. ઈરશાદ છે,

يَوْمَ حُنَيْنٍ اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنْكُمْ شَيْئًا ط

"ગઝ્વએ હુનૈનને યાદ કરો, જ્યારે કે તમે પોતાની મોટી સંખ્યા ઉપર ગર્વ કરી રહ્યા હતા તો આ મોટી સંખ્યા તમને કંઈ જ લાભ ન પહોંચાડી શકી."

(સૂરહ : ૯, આયત : ૨૫)

હવે, આયતની તફસીર ઉપર વિચાર કરો,

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ "જ્યારે કે તમે સવારના સમયે પોતાના ઘરેથી નીકળ્યા; યુદ્ધ માટે વિવિધ મોરચાઓ ઉપર મુસલમાનોને ગોઠવી રહ્યા હતા."

કુર્આન મજીદની ઘટનાઓના વર્ણન સંદર્ભે એક વિશેષ પ્રકારની ચમત્કારિક શૈલી એ રહી છે કે, તેમાં સામાન્ય રીતે કોઈ ઘટનાની સંપૂર્ણ વિગત તેના બધા જ પ્રસંગોને એક સાથે રાખી વર્ણન નથી કરવામાં આવતા, પરંતુ જે ઘટના અને ઘટનાના કોઈ નાના પ્રસંગમાં કોઈ ખાસ હિદાયત અને માર્ગદર્શન આપવા જેવું હોય છે, તેને વર્ણન કરવામાં આવે છે. પ્રસ્તુત આયતમાં જે ખાસ પ્રસંગનો ખુલાસો છે તે દાખલા તરીકે, ઘરેથી નીકળવાનો સમય શું હતો ? તેને શબ્દ غَدَوْتَ (ગદવ્ત) દ્વારા વર્ણન કરી દીધો અને હદીષની રિવાયતોથી એ સાબિત છે કે, આ સવાર શવ્વાલની ૭મી તારીખ સન હિજરી ૦૩ની હતી.

ત્યાર પછી એ પણ બતાવ્યું કે, આ યુદ્ધ માટે નીકળવાની શરૂઆત કઈ જગ્યાએથી થઈ ? مِنْ اَهْلِكَ (મિન્ અહ્લિક)ના શબ્દ વડે ઈશારો થયો કે રસૂલે કરીમ ﷺ તે સમયે પોતાના ઘરવાળાઓ સાથે હતા, તેમને ત્યાં જ છોડીને નીકળી પડ્યા. જ્યારે કે, આ હુમલો મદીના ઉપર જ થવાનો હતો. ઘટનાના આ એક પ્રસંગને વર્ણન કરવામાં તે માર્ગદર્શન મળે છે કે, જ્યારે અલ્લાહનો હુકમ આવી જાય તો તેને પૂરો કરવા માટે બાળ-બચ્ચાંની મહોબ્બત રસ્તાની રુકાવટ ન બનવી જોઈએ, ત્યાર પછી ઘરેથી નીકળીને યુદ્ધના મોરચા સુધી પહોંચવાની ઘટનાને છોડીને યુદ્ધના મોરચા ઉપર સૌ પ્રથમ જે કામ કરવામાં આવ્યું તેને વર્ણન કર્યું છે. تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ એટલે કે "તમે મુસલમાનોને યુદ્ધ માટે યોગ્ય સ્થળે (મોરચે) ગોઠવી રહ્યા હતા."

ત્યારબાદ આ આયતને એવી રીતે પૂર્ણ કરવામાં આવી કે, وَاللّٰهُ سَمِيْعٌ

عَلِيْمٌ એટલે કે "અલ્લાહ (સારી પેઠે) સઘળું સાંભળનારો, બધું જ જાણનારો છે." સાંભળવા અને જાણવાના લક્ષણો યાદ અપાવીને એ બાજુ ઈશારો કર્યો કે, આ પ્રસંગે વિરોધીઓ અને તરફદારો બંને જે કંઈ પોત-પોતાની રીતે કહી-સાંભળી રહ્યા હતા, તે બધું જ અલ્લાહ તઆલાને ખબર છે. આ પ્રસંગે વિરોધીઓ અને તરફદારોની સાથે જે કંઈ બન્યું, તેમાંથી કોઈ બાબત અલ્લાહથી છાની નથી અને એ જ પ્રમાણે આ યુદ્ધનું પરિણામ પણ તેનાથી ગુપ્ત નથી.

ત્યારબાદ બીજી આયત છે اِذْ هَمَّتْ طَّآئِفَتٰنِ مِنْكُمْ اَنْ تَفْشَلَا એટલે કે "જ્યારે તમારામાંથી બે જૂથો એવો વિચાર કરતા હતા કે, હિંમત હારી જઈએ, જ્યારે કે, અલ્લાહ તઆલા બંનેનો મદદગાર હતો." આ બંને જૂથ ઔસ કબીલાના બની હારિષહ અને ખજરજ કબીલાના બની સલમા છે. આ બંને જૂથોએ અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકનો દાખલો નજર સમક્ષ રાખી પોતાનામાં કમજોરી અને ઓછી હિંમતની અનુભૂતિ કરી, પરંતુ અલ્લાહના ફઝ્લ અને કૃપાએ તેમની હિંમત વધારી, જેથી તેમનો આ વસવસો અને ભ્રમણા આગળ વધવા ન પામી જો કે, તેઓને પોતાની ઓછી સંખ્યા....., અને ઓછા ભૌતિક સર-સામાન અને યુદ્ધ સામગ્રી ઓછી હોવાના કારણે આવો વિચાર પૈદા થયો હતો. આવો વિચાર પૈદા થવો એમના ઈમાનની કોઈ કમજોરી ન હતી. યુદ્ધ ઈતિહાસના નિષ્ણાત મશ્હૂર ઈમામ ઈતિહાસકાર ઈબ્ને હિશામે તેને સ્પષ્ટ કરી દીધું છે અને وَاللّٰهُ وَلِيُّهُمَا નું વાક્ય પોતે તેમના સંપૂર્ણ ઈમાનની સાક્ષી આપી રહી છે. એટલા માટે આ બંને કબીલાના અમુક વડીલો કહ્યા કરતા હતા કે, "જો કે, આ આયતમાં અમારા ઉપર થોડો ગુસ્સો પણ છે પરંતુ وَاللّٰهُ وَلِيُّهُمَا ની ખુશખબરી પણ અમારા માટે આવી છે."

આ આયતના અંતે ફરમાવ્યું કે, "મુસલમાનોએ અલ્લાહ ઉપર જ ભરોસો રાખવો જોઈએ." તેમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, સંખ્યાના ઓછા-વધતા હોવા ઉપર કે, સર-સામાન કે યુદ્ધ સામગ્રી ઉપર મુસલમાનોએ ભરોસો ન કરવો જોઈએ, બલકે, જરૂરત પ્રમાણે અને યથાશક્તિ, ભૌતિક સામાન અને યુદ્ધ સામગ્રી ભેગી કર્યા પછી ભરોસો માત્ર અલ્લાહની પાક જાત ઉપર જ હોવો જોઈએ. બનૂ હારિષહ અને બનૂ સલમામાં કમજોરી અને કમહિંમતીનો જે વસવસો પૈદા થયો હતો તે ફક્ત આ ભૌતિક સાધનો ઓછા હોવાના કારણે થયો

હતો. એટલા માટે આવા વસવસાનો ઈલાજ અલ્લાહ ઉપર ભરોસો બતાવવામાં આવ્યો છે કે, અલ્લાહ ઉપર તવક્કુલ અને ભરોસો આવા વસવસાઓ દૂર કરવામાં અકસીર નૂસ્ખો છે.

"તવક્કુલ" (અલ્લાહ ઉપર ભરોસો) મનુષ્યની ઉચ્ચતમ્ સિફતોમાંથી છે. સંશોધનકાર સૂફીઓએ તેની વાસ્તવિકતા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચાઓ કરી છે. અત્રે તેનો અર્થ એવો સમજી લો કે, તવક્કુલનો અર્થ એ છે કે, બધા જ જાહેર સર-સામાનને પોતાની શક્તિ પ્રમાણે ભેગા કરી તેનો ઉપયોગ કરે અને પછી પરિણામ અલ્લાહ તઆલા ઉપર છોડે અને તે જાહેરી ભૌતિક સર-સામાન ઉપર અભિમાન કે ગર્વ ન કરે. બલકે, ભરોસો ફક્ત અલ્લાહ ઉપર જ રાખે. નબીએ કરીમ ﷺનું પવિત્ર જીવનચરિત્ર આપણી સામે છે, પોતે જ જિહાદમાં મુસલમાનોના લશ્કરને યુદ્ધ માટે મોરચાબંધ કરવું, પોતાની શક્તિ પ્રમાણે હથિયારો અને અન્ય સર-સામાન તથા યુદ્ધ સામગ્રી તૈયાર કરી યુદ્ધના મોરચા ઉપર પહોંચીને વસ્તુ-સ્થિતિ પ્રમાણે યુદ્ધનો નકશો અને પ્લાન તૈયાર કરવો, વિવિધ ટૂકડીઓની રચના કરીને તેમના ઉપર કમાન્ડરો નક્કી કરવા વગેરે, આ બધી ભૌતિક વ્યવસ્થાઓ તો છે, જેને સય્યિદુલ અંબિયા ﷺએ પોતાની જાતે ઉપયોગ કરીને બતાવી દીધું કે, ભૌતિક સર-સામાન તો અલ્લાહની નેઅ્મત છે, તેનાથી અલિપ્ત થઈ જઈ ભૌતિક સામગ્રીથી મોઢું ફેરવી લેવાનું નામ "તવક્કુલ" નથી. અહીંયાં મો'મિન અને ગૈરમો'મિનનો ફરક ફક્ત એટલો જ છે કે, મો'મિન બધા જ સામાન અને ભૌતિક શક્તિ ભેગી કર્યા પછી ભરોસો અને તવક્કુલ ફક્ત અલ્લાહ ઉપર જ કરે છે અને ગૈરમો'મિનને આ રૂહાનિયત (આધ્યાત્મિકતા) પ્રાપ્ત થતી નથી. તેઓ ફક્ત પોતાની ભૌતિક શક્તિ ઉપર જ ભરોસો રાખે છે અને આ જ તફાવતનું અવલોકન હંમેશા દરેક ઈસ્લામી ગઝ્વાત (યુદ્ધ)માં થતું રહ્યું છે.

હવે, ત્યાર પછી આ ગઝ્વહ (પવિત્ર યુદ્ધ) તરફ ધ્યાન કેન્દ્રિત કરાવવામાં આવી રહ્યું છે, જેમાં મુસલમાનોએ સંપૂર્ણ તવક્કુલનો પરિચય આપ્યો હતો અને અલ્લાહ તઆલાએ તેમની સફળતા અને મદદ કરી તેમને વિજયી બનાવ્યા હતા. ઈરશાદ છે, وَلَقَدْ نَصَرَ كُمُ اللّٰهُ بِبَدْرٍ وَّاَنْتُمْ اَذِلَّةٌ એટલે "તે સમયને યાદ કરો જ્યારે અલ્લાહ તઆલાએ બદ્રમાં તમારી મદદ કરી, જ્યારે કે તમે સંખ્યામાં ખૂબ ઓછા (ફક્ત ૩૧૩ જેટલા) હતા અને તે પણ ખૂબ ઓછા સર-સામાન સાથે."

બદ્રનું મહત્ત્વ અને આ સ્થળનો ટૂંક ચિતાર :

બદ્ર મદીનાના દક્ષિણ પશ્ચિમમાં ત્રણ માઈલના અંતર ઉપર એક પડાવ અને બજારનું નામ છે.

તે સમયે તેને એટલા માટે મહત્ત્વ પ્રાપ્ત હતું કે, ત્યાં પાણી છૂટથી મળતું હતું અને અરબના વેરાન રણમાં પાણી એક ખૂબ મોટી નેઅ્મત સમજવામાં આવતી હતી. તૌહીદ અને શિર્ક વચ્ચે આ જ સૌ પ્રથમ યુદ્ધ હતું, જે ૧૭ રમઝાનુલ મુબારક સન હિજરી ૦૨ અને જુમ્આના દિવસે તથા ઈ.સ. પ્રમાણે ૧૧ માર્ચ ઈ.સ. ૬૨૪ના દિવસે થયું હતું. આ ગઝ્વહ જાહેરમાં તો એક સ્થાનિક યુદ્ધ લાગે છે, પરંતુ વાસ્તવમાં આ એક એવું યુદ્ધ છે કે, જેણે દુનિયાના ઈતિહાસમાં એક મહાન ક્રાંતિ સર્જી દીધી. એટલા માટે કુર્આનની ભાષામાં તેને "યવમુલ ફુરકાન" કહેવામાં આવે છે. ફિરંગી ઈતિહાસકારોએ પણ તેના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે. અમેરિકી પ્રોફેસર ફિલીપ હિટ્ટી પોતાના પુસ્તક "ધ હિસ્ટ્રી ઓફ ધ આરબ્સ"માં લખે છે, "આ ઈસ્લામનો સૌથી પહેલો મહાન વિજય છે."

وَاَنْتُمْ اَذِلَّةٌ એટલે "તમે તે સમયે સંખ્યામાં ખૂબ થોડા હતા અને ખૂબ ઓછો સામાન ધરાવતા હતા." ખૂબ મજબૂત રિવાયતો દ્વારા મુસલમાનોની સંખ્યા વિશે જાણવા મળે છે કે, તેઓ ૩૧૩ હતા. આ લશ્કર પાસે ફક્ત બે ઘોડા હતા અને ૭૦ જેટલા ઊંટો હતો અને તેના ઉપર જ લોકો વારાફરતી સવાર થતા હતા.

છેવટની આયતમાં કહેવામાં આવ્યું, فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝ એટલે કે, "અલ્લાહથી ડરતા રહો જેથી તમે શુક્રગુઝાર રહો."

કુર્આનમાં સ્થળે-સ્થળે મુનાફિકોના ષડયંત્રો અને તેમના સખત વિરોધના ખરાબ પરિણામોથી સુરક્ષિત રહેવા માટે તકવા અને સબ્ર અપનાવવાને ઈલાજ તરીકે બતાવવામાં આવ્યું છે. આ જ બે બાબતોમાં સંપૂર્ણ સંગઠિત સંઘર્ષ દ્વારા વિજયનું રહસ્ય છુપાયેલું છે, જેમકે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે અને અત્રે સબ્ર અને તકવાના બદલે ફક્ત તકવા (અલ્લાહનો ડર-પરહેઝગારી)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કારણ કે, વાસ્તવમાં તકવા જ એવો સંપૂર્ણ ગુણ અને ખાસિયત છે જેમાં સબ્ર આપોઆપ સામેલ થઈ જાય છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાનઃ આયત નં. ૧૨૪ થી ૧૨૯)

اِذْ تَقُوْلُ لِلْمُؤْمِنِيْنَ اَلَنْ يَّكْفِيَكُمْ اَنْ يُّمِدَّكُمْ رَبُّكُمْ بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ
مُنْزَلِيْنَ ﴿١٢٤﴾ بَلٰٓى ۙ اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا يُمْدِدْكُمْ
رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ ﴿١٢٥﴾ وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ
وَلِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ بِهٖ ۗ وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١٢٦﴾ لِيَقْطَعَ طَرَفًا
مِّنَ الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا خَآئِبِيْنَ ﴿١٢٧﴾ لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَيْءٌ
اَوْ يَتُوْبَ عَلَيْهِمْ اَوْ يُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ ﴿١٢٨﴾ وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۗ
يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ۗ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٢٩﴾

તરજુમો :

(હે નબી ﷺ !) જ્યારે તમે મો'મિનોને કહેતા હતા, શું તમારા માટે આ પૂરતું નથી કે તમારો પરવરદિગાર તમારી મદદ માટે ત્રણ હજાર ફરિશ્તાઓ મોકલે ? (જેઓ) આસમાનથી ઊતરનારા છે. (૧૨૪) કેમ નહીં ? (અલબત્ત) જો તમે સબ્ર (ધીરજ) કરો, અને પરહેઝગારી કરો (અલ્લાહથી ડરો), અને તે (દુશ્મનો) તમારા ઉપર એકદમ ચઢી આવે તો તમારો પરવરદિગાર નિશાન લગાવેલા (ઘોડાઓ ઉપર સવાર) પાંચ હજાર ફરિશ્તાઓ દ્વારા તમને મદદ મોકલે. (૧૨૫) અને આ અલ્લાહે ફક્ત તમારી ખુશખબરી માટે કર્યું અને એટલા માટે કે તેનાથી તમારા દિલોને સંતોષ થઈ જાય; અને કોઈ મદદ નથી પરંતુ ફક્ત અલ્લાહ તરફથી છે જે મહાબળવાન, ભારે હિકમતવાળો છે. (૧૨૬) જેથી તે કાફિરોના એક જૂથને કાપી નાંખે અથવા તેમને અપમાનિત કરી નાંખે તો તેઓ નાસીપાસ (વંચિત) થઈ પાછા ફરે. (૧૨૭) (હે નબી ﷺ !) તમને તેમાં કંઈપણ અધિકાર નથી, એટલે સુધી કે (અલ્લાહ) તેમની તવબહ કબૂલ કરે અથવા તેમને અઝાબ આપે, કારણ કે તેઓ જાલિમો છે. (૧૨૮) અને (સઘળું) અલ્લાહનું જ છે જે

કંઈ આસમાનોમાં અને જે કંઈ જમીનમાં છે; અને (અલ્લાહ) જેને ચાહે બખ્શી (મા'ફ કરી) દે, અને જેને ચાહે અઝાબ આપે, અને અલ્લાહ મોટો મા'ફ કરનાર ઘણો મહેરબાન (કૃપાળુ) છે. (૧૨૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉ વર્ણન થઈ ચૂકેલ આયતોમાં ઉહદ અને બદ્રના યુદ્ધમાં અલ્લાહ તઆલાની મદદ સંદર્ભે અમુક બાબતોનો ઉલ્લેખ થયો હતો. પ્રસ્તુત આયતોમાં આ મદદની અમુક સ્પષ્ટતા અને ફરિશ્તાઓને મોકલવાની હિકમતનું વર્ણન છે.

તફસીર :

(ગઝ્વએ બદ્રમાં અલ્લાહ તઆલાની આ મદદ એવા સમયે થઈ હતી) જ્યારે કે તમે (હે મુહમ્મદ ﷺ !) મુસલમાનોને એવું કહી રહ્યા હતા કે, શું તમને (તમારા દિલની શાંતિ માટે) આ બાબત પૂરતી નહીં થાય કે તમારો પરવરદિગાર તમારી મદદ ત્રણ હજાર ફરિશ્તાઓ દ્વારા કરે (કે જેઓ આસમાનેથી આ જ કામ માટે) ઉતારવામાં આવે ? (જેનાથી ખબર પડે છે કે, તેઓ ઉચ્ચ દરજ્જાના ફરિશ્તાઓ હશે નહિતર જે ફરિશ્તાઓ પ્રથમથી જ પૃથ્વી ઉપર ઉપસ્થિત છે તેમનાથી પણ આ કામ લઈ શકાતું હતું, પછી આ હિકમતનો પોતે જવાબ આપીને ફરમાવ્યું,) હા ! કેમ નહીં ? (પૂરતા હશે, ત્યારબાદ આ મદદમાં વધારો કરવાનો વાયદો એવી રીતે કર્યો કે, મુકાબલાના સમયે) જો સબ્ર કરશો અને તકવા ઉપર કાયમ રહેશો (એટલે કે કોઈ કામ અલ્લાહની આજ્ઞા વિરૂદ્ધ નહીં કરો) અને તે લોકો તમારા ઉપર એકસામટો હુમલો કરી દે (જેમાં સ્વાભાવિક રીતે કોઈ મખ્લૂકની મદદ પહોંચવી મુશ્કેલ હોય છે) તો તમારો પરવરદિગાર તમારી મદદ પાંચ હજાર ફરિશ્તાઓ દ્વારા કરશે જે એક ખાસ પ્રકારની નિશાનીવાળા હશે (જેમકે સામાન્ય યુદ્ધોમાં પોત-પોતાના લશ્કરોની ઓળખ માટે કોઈ ખાસ પ્રકારનો યુનિફોર્મ હોય છે. આગળ પણ મદદની હિકમતનું વર્ણન છે કે, અલ્લાહ તઆલાની આ મદદ જે આ ફરિશ્તાઓ દ્વારા થઈ તે) ફક્ત એટલા માટે કે તમારા માટે (વિજયની) ખુશખબરી આપે અને તમારા દિલોને તેનાથી આશ્વાસન મળે અને મદદ (તથા વિજય) તો ફક્ત અલ્લાહ તરફથી જ છે, જે ખૂબ મોટો જોરાવર છે (કે એમ જ વિજયી બનાવી શકે છે પરંતુ) હિકમતવાળો (પણ) છે (તો જ્યારે હિકમતનો તકાદો એવો હોય છે કે, ભૌતિક સર-સામાન દ્વારા વિજય આપવામાં

આવે છે તો એ જ પ્રકારના કારણો અને સર-સામાન ઉપલબ્ધ કરાવી આપે છે. આ તો ફરિશ્તાઓની મદદ પાછળની હિકમત હતી, આગળ એ હિકમતનું પણ વર્ણન કરવામાં આવ્યું છે કે, આવો વિજય આપને શા માટે આપવામાં આવ્યો ? એના વિશે ઈરશાદ થયો છે,) જેથી કાફિરોના એક જૂથનો નાશ કરી નાંખે (આ યુદ્ધમાં કાફિરોના સિત્તેર મોટા-મોટા સરદારો માર્યા ગયા હતા.) અથવા તેઓ(માંથી અમુક)ને અપમાનિત કરવામાં આવે, પછી તેઓ નિષ્ફળ (નાસીપાસ) થઈ પાછા ફરે. (એટલે આ બેમાંથી કોઈને કોઈ વાત એવી જરૂર બને, અને જો આ બંને બાબતો બને તો તે પણ વધારે સારું ! એટલા માટે આ બંને બાબતો બની કે, બદ્રમાં કાફિરોના સિત્તેર મોટા-મોટા સરદારો માર્યા ગયા અને સિત્તેર જેટલા કેદ પકડાયા અને બાકીના અપમાનિત થઈ નાસી છૂટયા.)

મસ્અલા અને બોધપાઠ :

ફરિશ્તાઓની મદદ મોકલવાની હિકમતનો અસલ હેતુ તથા ફરિશ્તાઓની વિવિધ સંખ્યા બતાવવાનું વર્ણન અને તેની હિકમત :

અત્રે સ્વાભાવિક રીતે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓને એવી શક્તિઓ આપેલ છે કે, એક જ ફરિશ્તો સમગ્ર શહેરનો તખતો પલટાવી શકે છે. જેમકે, હઝરત લૂત (અલૈ.)ની કૌમની જમીનને એકલા હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ઊલટાવી નાંખી હતી, તો પછી ફરિશ્તાઓનું લશ્કર મોકલવાની શું જરૂર છે ?

વળી, જ્યારે ફરિશ્તાઓ મેદાનમાં આવ્યા હતા તો પછી એકપણ કાફિર બચીને પાછો ન જવો જોઈતો હતો. તેનો જવાબ પોતે કુર્આન શરીફે وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى "અલ્લાહે માત્ર ખુશખબરી માટે આ મદદ કરી." (સૂ.૮: આ.૧૦)માં આપી દીધો છે કે, ફરિશ્તાઓ મોકલવાનો હેતુ વાસ્તવમાં યુદ્ધના મૈદાનમાં વિજય અપાવવાનો ન હતો બલકે, મુસલમાન મુજાહિદોને સંતોષ, દિલની શાંતિ અને વિજયની ખુશખબરી આપવાનો હેતુ હતો. જેમકે આ આયતના શબ્દો اِلَّا بُشْرٰى (તે માત્ર સારા સમાચાર છે) અને لِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ (જેથી આપના હૃદય સંતોષિત થઈ જાય)થી સ્પષ્ટ થાય છે અને તેનાથી વધારે સ્પષ્ટતા સૂરએ અન્ફાલમાં આ જ ઘટનાના સંદર્ભમાં આ શબ્દોમાં છે فَثَبِّتُوا الَّذِيْنَ اٰمَنُوْا ("માટે તમે ઈમાનવાળાઓને મક્કમ રાખો." સૂ. ૮ : આ. ૧૨) જેમાં ફરિશ્તાઓને સંબોધીને

તેમને એ સેવા સોંપવામાં આવે છે કે, તેઓ મુસલમાનોના દિલોને જમાવી રાખે અને તેમને નાસીપાસ ન થવા દે. આ મનની સાંત્વનાના વિવિધ સ્વરૂપો હોઈ શકે છે. એક એ પણ છે કે, પોતાની ઉપસ્થિતિ દ્વારા તેમના દિલોને મજબૂત કરી આપે અને એક સ્વરૂપ એવું પણ હોઈ શકે છે કે, મુસલમાનોને વિવિધ રીતે એવું સ્પષ્ટ કરી આપવામાં આવે કે, અલ્લાહના ફરિશ્તાઓ તેમની મદદ માટે ખડે પગે તૈયાર છે. ક્યારેક સામે ઉપસ્થિત થઈને અને ક્યારેક પોકાર કરીને અને ક્યારેક કોઈ અન્ય સ્વરૂપે. જેમકે બદ્રના મૈદાનમાં આ બધી જ રીતો અપનાવવામાં આવી હતી. આયત فَاضْرِبُوْا فَوْقَ الْاَعْنَاقِ ("તેમની ગરદનો ઉપર મારો." સૂ. ૮ : આ. ૧૨)ની એક તફસીરમાં ફરિશ્તાઓને સંબોધન છે અને અમુક હદીષની રિવાયતોમાં છે કે, ફરિશ્તાઓએ જો કોઈ મુશ્રિક ઉપર હુમલો કરવાની ઈચ્છા કરી તો તે મુશ્રિકનું માથું આપો-આપ ધડથી છૂટું પડી ગયું.

(كَمَا رُوِىَ عَنْ سَهْلِ بْنِ حَنِيْفٍ بِرِوَايَةِ الْحَاكِمِ وَتَصْحِيْحِ الْبَيْهَقِىْ)

અને અમુક સહાબએ કિરામ (રદિ.)એ જિબ્રઈલ અમીન (અલૈ.)નો અવાજ પણ સાંભળ્યો કે, اَقْدِمْ حَيْزُوْمُ કહી રહ્યા છે અને અમુકે પોતે પણ ફરિશ્તાઓને જોયા હતા. *(રવાહુ મુસ્લિમ)*

આ બધા નજરે જોયેલા દશ્યો અને ફરિશ્તાઓ દ્વારા મદદનું પ્રત્યક્ષ દર્શન એ જ ક્રમની કડીઓ છે કે, ફરિશ્તાઓને અલ્લાહ તઆલાએ મુસલમાનોને પોતાની મદદનો વિશ્વાસ અપાવવા માટે મોકલ્યા હતા અને તેમના દ્વારા અમુક-અમુક કાર્યો એવા પણ કરાવ્યા છે જેમકે, યુદ્ધમાં તેઓ સામેલ થયા છે પરંતુ વાસ્તવમાં તેમનું કામ મુસલમાનોને આશ્વાસન અને મનની શાંતિ અપાવવાનું હતું. ફરિશ્તાઓ દ્વારા યુદ્ધના મૈદાનમાં વિજય અપાવવાનો હેતુ ન હતો, તેની સ્પષ્ટ દલીલ એ પણ છે કે, આ દુનિયામાં યુદ્ધ અને જિહાદનો ફરજ મનુષ્યો માટે લાગુ પાડવામાં આવ્યો છે અને એ જ કારણથી તેમની શ્રેષ્ઠતા અને દરજ્જાઓમાં વધ-ઘટ થાય છે. જો અલ્લાહ તઆલાની ઈચ્છા આવી ન હોત તો ફરિશ્તાઓ દ્વારા પ્રદેશો વિજય કરાવી લીધા હોત અને દુનિયામાં કુફ્ર કે કાફિરોનું નામો-નિશાન બાકી ન રહ્યું હોત અને તેમની હુકૂમત તથા સલ્તનતની કોઈ સંભાવના પણ બાકી ન રહી હોત, પરંતુ અલ્લાહના કુદરતના કારખાનામાં અલ્લાહ તઆલાની એવી ઈચ્છા નથી. અહીંયાં તો કુફ્ર અને ઈમાન, ભલાઈ અને

બુરાઈ સાથે–સાથે અસ્તિત્વ ધરાવે છે અને તેના માટે બદલાનો દિવસ હશ્ર (હિસાબ)નો દિવસ છે.

હવે, રહી વાત ગઝ્વએ બદ્રમાં ફરિશ્તાઓ દ્વારા અલ્લાહના મદદના વાયદાની, તો તેમાં સૂરએ અન્ફાલની આયતમાં એક હજાર ફરિશ્તાઓનો વાયદો છે અને આલિ ઈમ્રાનની પ્રસ્તુત આયતમાં ત્રણ હજાર અને પછી પાંચ હજારનો વાયદો છે, તો એની શું હિકમત છે ? વાત એમ છે કે, સૂરએ અન્ફાલમાં વર્ણન છે કે, જ્યારે બદ્રના મૈદાનમાં મુસલમાનોએ વિરોધીઓની સંખ્યા એક હજાર જોઈ અને પોતાની સંખ્યા ૩૧૩ હતી તો અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહમાં મદદની યાચના કરી, તેના સંદર્ભમાં એક હજાર ફરિશ્તાઓની મદદનો આ વાયદો કરવામાં આવ્યો કે, જે સંખ્યા તમારા દુશ્મનોની છે એટલી જ સંખ્યામાં ફરિશ્તાઓને મોકલવામાં આવશે. આયતના શબ્દો આ પ્રમાણે છે, اِذْ تَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ فَاسْتَجَابَ لَكُمْ اَنِّىْ مُمِدُّكُمْ بِاَلْفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُرْدِفِيْنَ ‘‘(તે સમયને યાદ કરો !) જ્યારે તમે અલ્લાહ પાસે મદદ માંગતા હતા અને અલ્લાહે તમારી મદદના જવાબમાં કહ્યું કે, હું તમારી એક હજાર ફરિશ્તાઓ વડે મદદ કરીશ, જે લગાતાર આવતા રહેશે.’’ (સૂ. ૮ : આ. ૯) અને આ આયત પછી પણ ફરિશ્તાઓની મદદ મોકલવાનો એ જ હેતુ જાહેર કરીને મુસલમાનોના દિલોને જમાવી રાખવાનો મકસદ છે અને તેમને વિજયની ખુશખબરી આપવાનો ઉદ્દેશ્ય છે. એટલા માટે આ આયત પછીની આયતમાં આ શબ્દોમાં وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى وَلِتَطْمَئِنَّ بِهٖ قُلُوْبُكُمْ ‘‘અલ્લાહે માત્ર ખુશખબરી માટે આ મદદ કરી હતી અને એટલા માટે કે, તમારા મનને સંતોષ થાય.’’ (સૂ.૮:આ.૧૦) વર્ણન થયું છે.

સૂરએ આલિ ઈમ્રાનની પ્રસ્તુત આયતમાં ત્રણ હજાર ફરિશ્તાઓનો વાયદો કદાચ એ બિના ઉપર કરવામાં આવ્યો છે કે, બદ્રના મૈદાનમાં મુસલમાનોને એ ખબર મળી કે, કર્ઝ બિન જાબિર મહારિબી પોતાના કબીલાનું લશ્કર લઈને મક્કાના મુશ્રિકોની મદદ માટે આવી રહ્યો છે. (કઝા ફીર્ રૂહ) અહીંયાં દુશ્મનોની સંખ્યા મુસલમાનોથી ત્રણ ઘણી વધારે પહેલેથી જ હતી અને આ ખબર મળવાથી તેઓ વધારે પરેશાન થયા, તો ત્રણ હજાર ફરિશ્તાઓનો વાયદો કરવામાં આવ્યો, જેથી પરિસ્થિતિ સાવ ઊલટી થઈ જાય અને મુસલમાનોની સંખ્યા કાફિરોની સંખ્યા કરતા ત્રણ ઘણી વધી જાય.

પછી આ આયતના અંતમાં આ જ સંખ્યાને અમુક શરતો સાથે વધારીને પાંચ હજાર કરવામાં આવી, જે વાયદો બે શરતો ઉપર આધારિત હતો. એક એ કે મુસલમાનો સબ્ર અને તકવાના ઉચ્ચ સ્થાન ઉપર કાયમ રહે અને બીજી શરત એ કે, દુશ્મનો ઉપર એકસામટું આક્રમણ કરે. પરંતુ આ બંને શરતોમાંથી બીજી શરત એકસામટો હુમલો કરવાની પૂરી ન થઈ શકી, એટલા માટે પાંચ હજાર ફરિશ્તાઓનો વાયદો કાયમ રહી ન શક્યો. આ બાબતમાં તફસીરના ઈમામો અને ઈતિહાસકારોના વિવિધ પ્રકારના નિવેદનો ઉપસ્થિત છે કે, વાયદાની આ શરત પૂરી ન થઈ શકી તો પણ આ પાંચ હજાર ફરિશ્તાઓનો વાયદો પૂરો થયો અને અમુકના મતે ત્રણ હજાર ફરિશ્તાઓના સ્વરૂપમાં પૂરો થયો. આ વિવિધ અભિપ્રાયો રૂહૂલ મઆનીમાં પ્રસ્તુત છે.

આયત لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَىْءٌ "તમને તેના ઉપર કંઈપણ અધિકાર નથી." અહીંયાંથી ફરી એકવાર અસલ ઉહદની ઘટના તરફ ધ્યાન કેન્દ્રિત કરાવવામાં આવે છે. વચ્ચે ગઝ્વએ બદ્રની ઘટનાનું વર્ણન આવી ગયું હતું અને આ આયતનો "સબબે નુઝૂલ" (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) એ છે કે, ગઝ્વએ ઉહદમાં રસૂલે કરીમ ﷺના દાંત મુબારક કે, જે આગળની બાજુ બે ઉપરના અને બે નીચેના દાંતોના પેઢાઓમાં ચાર દાંત હોય છે, બે ઉપર ડાબે-જમણે અને બે નીચે ડાબે-જમણે આ ચારેમાંથી નીચે જમણી તરફના દાંત શહીદ થઈ ગયા હતા અને રસૂલે કરીમ ﷺનો ચહેરો મુબારક ઘાયલ થઈ ગયો હતો ત્યારે તેમની જીભ મુબારક ઉપર આ શબ્દો આવી ગયા કે "આવી કૌમને કેવી રીતે સફળતા પ્રાપ્ત થશે, જેમણે પોતાના નબી સાથે આવો વર્તાવ કર્યો જ્યારે કે, તે નબી તેમને અલ્લાહ તરફ બોલાવી રહ્યો છે !" તે સમયે આ આયત નાઝિલ થઈ.

બુખારીમાં એક ઘટના આ રીતે પણ વર્ણન થઈ છે કે, રસૂલુલ્લાહ ﷺએ અમુક કાફિરો માટે બદ્દુઆ પણ કરી હતી. તેના સંદર્ભમાં આ આયત નાઝિલ થઈ, જેમાં રસૂલુલ્લાહ ﷺને સબ્ર અને ધીરજની તા'લીમ આપવામાં આવી છે.

(બયાનુલ કુર્આનમાંથી)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) તમારી (કોઈને મુસલમાન હોવા અથવા કાફિર

રહેવા વિશે) કોઈ દખલગીરી નથી (ભલે ઇલ્મની દખલગીરી હોય અથવા શક્તિની ! આ બધું અલ્લાહ તઆલાની જાણમાં અને કબજામાં છે, તમારે સબ્ર કરવી જોઈએ.) અહીંયાં સુધી કે અલ્લાહ તઆલા તેમના ઉપર યા તો (રહમતની દૃષ્ટિથી) ધ્યાન આપે (એટલે કે તેમને ઈસ્લામની તૌફીક આપી દે, તે સમયે આપની સબ્ર અને ધીરજ ખુશીમાં બદલાઈ જશે.) અથવા તો તેમને (દુનિયામાં જ) કોઈ સજા આપી દે (તો એવા સમયે આપની સબ્ર દિલના સંતોષમાં પરિવર્તિત થઈ જશે અને દુનિયાની સજા કંઈ અમસ્તી જ નહીં હોય !) કારણ કે તેઓ મોટો અત્યાચાર કરી રહ્યા છે (એટલે કે કુફ્ર અને શિર્ક કરી રહ્યા છે જેમકે, કુફ્ર અને શિર્કને સૌથી મોટો અત્યાચાર إِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيمٌ કહેવાયું છે.) અને અલ્લાહ તઆલાનું જ છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનોમાં છે અને તે જેને ચાહે બખ્શી દે (એટલે કે ઈસ્લામની દૌલતથી માલા-માલ કરે જેમાં મા'ફી પણ હોય છે) અને જેને ચાહે અઝાબ આપે (એટલે ઈસ્લામની દૌલત નસીબ ન થાય તે કારણે કાયમી અઝાબમાં સપડાય) અને અલ્લાહ તઆલા મોટો બખ્શનાર (અને) મોટી રહમતવાળો છે. (તો મા'ફ કરવામાં જરાપણ આશ્ચર્ય નથી કારણ કે, અલ્લાહ દયાળુ અને કૃપાળુ છે પરંતુ જાલિમો અને અત્યાચારીઓને અઝાબ પણ આપવામાં આવે છે, જેનું કારણ ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. فَإِنَّهُمْ ظَالِمُونَ)

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૩૦-૧૩૧)

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَأْكُلُوا الرِّبَا أَضْعَافًا مُضَاعَفَةً ۖ وَاتَّقُوا اللَّهَ
لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿١٣٠﴾ وَاتَّقُوا النَّارَ الَّتِي أُعِدَّتْ لِلْكَافِرِينَ ﴿١٣١﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! વ્યાજ ન ખાઓ, બે ઘણું - ચાર ઘણું ! અને અલ્લાહથી ડરો જેથી તમે સફળતા પામો. (૧૩૦) અને બચો તે આગથી જે કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે. (૧૩૧)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! વ્યાજ ન ખાઓ, (એટલે કે મૂળ રકમ-મુદ્દલથી વધારે રકમ ન લો) બે ઘણું – ચાર ઘણું (વધારે કરીને) અને અલ્લાહ તઆલાથી ડરો, આશા છે કે તમે સફળ થાઓ (એટલે કે જન્નત પ્રાપ્ત થાય અને દોઝખથી છુટકારો મળે.) અને આગથી બચો જે (વાસ્તવમાં) કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે (અને આગથી બચવાનું સ્વરૂપ એ છે કે, વ્યાજ વગેરે હરામ કામોથી બચો).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં વ્યાજ ખાવાને હરામ જાહેર કરી તેના પ્રતિબંધ સાથે – اَضۡعَافًا مُّضٰعَفَةً નું વર્ણન હરામ હોવાની શરત નથી બલકે, વ્યાજની નહૂસત અને તે ધિક્કારપાત્ર હોવાનું સ્પષ્ટ કરવા માટે છે. જો કે, બીજી આયતમાં વ્યાજ સદંતર સમૂળગુ હરામ હોવાનું વર્ણન ખૂબ જ સ્પષ્ટ રીતે અને તા'કીદપૂર્વક થયું છે, જેની વિગત સૂરએ બકરહમાં આવી ચૂકી છે અને اَضۡعَافًا مُّضٰعَفَةً ના વર્ણનમાં એ તરફ ઈશારો હોઈ શકે છે કે, જેણે વ્યાજ ખાવાની આદત બનાવી લીધી તો પછી તે ભલે ચક્રવૃદ્ધિ ન પણ ખાતો હોય ! પરંતુ વ્યાજ આખરે વ્યાજ જ છે, ભલે તે સાદું હોય કે ચક્રવૃદ્ધિ ! તે બધા જ પ્રકારના વ્યાજને اَضۡعَافِ مُضَاعَفۃ કહી શકાય છે. એટલે કે, વ્યાજખોરીની વ્યાખ્યામાં તેને વ્યાજનું વ્યાજ કહી શકાય, તેનો અર્થ એ છે કે, દરેક વ્યાજ છેવટે તો اَضۡعَافِ مُضَاعَفۃ ચક્રવૃદ્ધિ વ્યાજ જ હોય છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૩૨-૧૩૩)

وَاَطِيۡعُوا اللّٰهَ وَالرَّسُوۡلَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ ﴿۱۳۲﴾ وَسَارِعُوۡۤا اِلٰى
مَغۡفِرَةٍ مِّنۡ رَّبِّكُمۡ وَجَنَّةٍ عَرۡضُهَا السَّمٰوٰتُ وَالۡاَرۡضُۙ اُعِدَّتۡ لِلۡمُتَّقِيۡنَۙ ﴿۱۳۳﴾

તરજુમો :

અને અલ્લાહ અને રસૂલ (ﷺ)નો હુકમ માનો જેથી તમારા ઉપર રહમ (દયા) કરવામાં આવે. (૧૩૨) અને દોડો પોતાના પરવરદિગારની બખ્શીશ અને જન્નત તરફ, જેનો વિસ્તાર આસમાનો અને જમીન (જેટલો) છે જે પરહેઝગારો (મુત્તકીઓ) માટે તૈયાર કરવામાં આવી છે. (૧૩૩)

તફસીર :

અને અલ્લાહનું તથા (તેના) રસૂલ (ﷺ)નું કહ્યું ખુશીથી માનો, આશા છે કે તમારા ઉપર (કયામતમાં) રહમ કરવામાં આવે અને તમારા પરવરદિગારની મા'ફી તરફ દોડો અને (દોડો) જન્નત તરફ (એટલે કે એવા નેક કામો અપનાવો કે જેથી તમારો પરવરદિગાર તમને મા'ફ કરે અને જેથી તમને જન્નત મળે અને તે જન્નત પણ એવી છે) જેનો વિસ્તાર આસમાનો અને જમીન (જેટલો) છે (અને એનાથી પણ વધારે હોઈ શકે છે કારણ કે તે આસમાનો અને જમીનના વિસ્તારથી પણ મોટી હોઈ શકે છે.) તે અલ્લાહથી ડરનારાઓ માટે તૈયાર કરવામાં આવી છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં બે મસ્અલાઓ વધારે મહત્ત્વના છે. પ્રથમ આયતનો વિષય એ છે કે, અલ્લાહ તઆલાની તાબે'દારી સાથે રસૂલે કરીમ ﷺની તાબે'દારી (આજ્ઞાપાલન)નો પણ હુકમ આપવામાં આવ્યો છે, તેમાં એ બાબત વિચાર માંગી લે છે કે, જો રસૂલે કરીમ ﷺની તાબે'દારી અલ્લાહ તઆલાની અને તેની મોકલેલી કિતાબ કુર્આને કરીમની તાબે'દારીનું નામ છે તો પછી તેને આગવી રીતે વર્ણન કરવાની શું આવશ્યકતા છે ? જો બંનેમાં ફરક છે તો તે તફાવત શું છે ?

બીજી વાત જે હંમેશા યાદ રાખવા જેવી અને જિંદગીનો મૂળ હેતુ બનાવવા યોગ્ય છે તે એ ખાસિયતો અને ગુણ-લક્ષણો છે, જેને અલ્લાહ તઆલાએ પોતાના સ્વીકૃતિપ્રાપ્ત મકબૂલ અને પરહેઝગાર બંદાઓ માટે આ આયતોમાં બતાવીને સ્પષ્ટ ફરમાવી દીધું છે કે, અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની તાબે'દારી ફક્ત ઉપરછલ્લી વાતો જ નથી, પરંતુ તાબે'દારી કરનારાઓની અમુક ખાસિયતો અને લક્ષણો પણ હોય છે, જેના દ્વારા તેઓને ઓળખવામાં આવે છે.

રસૂલે કરીમ ﷺની તાબે'દારી (આજ્ઞાપાલન-ઇતાઅત)ને અલ્લાહ તઆલાની તાબે'દારીથી અલગ રીતે વર્ણન કરવાની હિકમત (વિવેક) :

મસ્અલો :

ઉપરોક્ત ટૂંકી આયતમાં આ રીતે ફરમાવવામાં આવ્યું, وَاَطِيْعُوا اللّٰهَ

وَالرَّسُوْلَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ؕ "અલ્લાહ અને રસૂલે કરીમ (ﷺ)ની ઈતાઅત કરો જેથી તમારા ઉપર રહમ કરવામાં આવે." તેમાં અલ્લાહની રહમત માટે જે પ્રમાણે અલ્લાહ તઆલાની ઈતાઅતને જરૂરી અને આવશ્યક ઠરાવવામાં આવ્યું છે, રસૂલુલ્લાહ ﷺની ઈતાઅતને પણ એ જ પ્રમાણે જરૂરી અને આવશ્યક ઠરાવાયું છે અને તે પણ ફક્ત આ આયતમાં જ નહીં બલકે, સમગ્ર કુર્આનમાં વારંવાર તેનું પુનરાવર્તન આ જ પ્રમાણે કરવામાં આવ્યું છે કે, જ્યાં અલ્લાહની ઈતાઅતનો હુકમ હોય છે ત્યાં રસૂલ ﷺની ઈતાઅતને પણ આગવી રીતે વર્ણન કરવામાં આવી છે. કુર્આને હકીમના આ પુનરાવર્તિત ફરમાનો એક વ્યક્તિને ઈસ્લામ અને ઈમાનના પાયાના સિદ્ધાંતો તરફ કેન્દ્રિત કરે છે કે, ઈમાનનો પ્રથમ અંશ અને વિભાગ અલ્લાહ તઆલાના અસ્તિત્વ, તેની વહ્‌દાનિયત (તેનું એકમાત્ર હોવું), તેની બંદગી અને તેની ઈતાઅતનો ઈકરાર છે, તો બીજો અંશ અને વિભાગ રસૂલે કરીમ ﷺનું સમર્થન અને તેમને સત્ય માનીને તેમનું આજ્ઞાપાલન છે.

હવે, અહીંયાં વિચાર માંગી લેતો મુદ્દો એ છે કે, કુર્આને કરીમના ફરમાનોમાં એ પણ સાબિત થયું છે કે, રસૂલે કરીમ ﷺ જે કંઈ પણ ફરમાવે છે તે બધું અલ્લાહ તઆલા તરફથી જ હોય છે, તેઓ પોતાના તરફથી કંઈ જ કહેતા નથી. કુર્આને કરીમનો ઈરશાદ છે, وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰىؕ اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى "રસૂલે કરીમ (ﷺ) જે કંઈ પણ બોલે છે તે કોઈ પોતાની ઈચ્છાથી નથી કહેતા બલકે, તે બધું અલ્લાહ તઆલા તરફથી "વહી" હોય છે." (સૂ. ૫૩ : આ. ૩) તેનો અર્થ એ થયો કે, રસૂલુલ્લાહ ﷺની ઈતાઅત અલ્લાહ તબારક વ તઆલાની જ ઈતાઅત (અનુસરણ) છે, તેનાથી ભિન્ન સ્વરૂપની કોઈ અન્ય બાબત નથી. સૂરએ નિસાઅ્‌ની આયત નંબર ૭૯માં પોતે કુર્આન મજીદે આ શબ્દોમાં તેની સ્પષ્ટતા કરી છે.

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ

"જેણે રસૂલની ઈતાઅત કરી, તેણે અલ્લાહની ઈતાઅત કરી." (સૂ. ૪:આ. ૮૦)

તો હવે, સવાલ એ પૈદા થાય છે કે, તે પછી આ બંને ઈતાઅતોને અલગ-અલગ વર્ણન કરવામાં શું લાભ છે ? ખાસ કરીને જ્યારે કે, સમગ્ર કુર્આન શરીફમાં આ જ બાબતને ખૂબ કાળજીપૂર્વક અનેક ઠેકાણે પુનરાર્તિત સ્વરૂપે વર્ણન

કરવામાં આવી છે અને આ બંને ઈતાઅતોનો હુકમ આ રીતે આપવામાં આવે છે?

– તેમાં પહેલું રહસ્ય એ છે કે, અલ્લાહ તઆલાએ દુનિયાની હિદાયત (માર્ગદર્શન) માટે એક કિતાબ મોકલી અને એક રસૂલ મોકલ્યા. રસૂલે કરીમ ﷺને એ જવાબદારી સોંપવામાં આવી કે, તેઓ કુર્આને કરીમની આયતોને બરાબર એ જ પ્રમાણે મૂળ સ્વરૂપે લોકો સુધી પહોંચાડી આપે કે, જે સ્વરૂપે તે નાઝિલ થઈ હતી.

– બીજું એ કે, તે આ લોકોને બાહ્ય અને આંતરિક ગંદકીઓથી પવિત્ર કરે.

– ત્રીજું એ કે, તેઓ આ કિતાબના વિષયોનું ઉમ્મતને તા'લીમ આપે અને તેના હેતુઓનો ઉલ્લેખ કરે.

– વળી, ચોથું એ કે તેઓ કિતાબની સાથે હિકમત (વિવેક અને સૂઝબૂઝ)નું પણ શિક્ષણ આપે. આ વિષયો કુર્આનની અનેક આયતોમાં લગભગ એક જ શૈલીમાં વર્ણન થયેલ છે. જેમકે, يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ، "અને તેમને આયતો પઢી સંભળાવે છે, અને તેમની શુદ્ધિ (તઝકીય્યહ) કરે છે, અને તેમને કિતાબ અને હિકમત શિખવાડે છે."

સ્પષ્ટ થાય છે કે, રસૂલે કરીમ ﷺના હોદ્દાની ફરજોમાં ફક્ત એટલું જ સામેલ નથી કે, તેઓ કુર્આનને લોકો સુધી પહોંચાડી આપે બલકે, કુર્આનની તા'લીમ અને લોકોની કેળવણી પણ રસૂલે કરીમ ﷺની જવાબદારી છે અને એ પણ દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺને અરબના ઉચ્ચ કોટિના સાહિત્યકારો, કવિઓ વગેરેને સંબોધન કરવાનું હતું. એટલા માટે કુર્આને કરીમની તા'લીમનો અર્થ એ નથી કે, માત્ર કુર્આનના શાબ્દિક અર્થો તેમને સમજાવવામાં આવે, કારણ કે તેઓ બધા આપમેળે તેને ખૂબ સારી રીતે સમજતા હતા. બલકે, તેના શિક્ષણ અને કેળવણીનો હેતુ જ એ હતો કે કુર્આને કરીમે એક હુકમ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કર્યો તો અમુક હુકમો સંદિગ્ધ અને બહુઅર્થી શબ્દોમાં પણ વર્ણન થયા, તો હવે આવા હુકમોની સ્પષ્ટતા, તેની છણાવટ અને તેનો ખુલાસો રસૂલે કરીમ ﷺને વહી મારફતે મોકલવામાં આવ્યો, જેને રસૂલે કરીમ ﷺએ લોકો સુધી પહોંચાડી દીધો અને રસૂલે કરીમ ﷺના દિલ મુબારકમાં પણ આવી વહી અલ્લાહ તબારક વ તઆલાએ ઉતારી જેને કુર્આન શરીફની આ આયત اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى "તે કંઈ નથી પરંતુ માત્ર વહી છે જે નાઝિલ કરવામાં આવી."માં ઈશારો કરીને

બતાવવામાં આવ્યું છે. દાખલા તરીકે, કુર્આનમાં અનેક ઠેકાણે أَقِيمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ "નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો." ફરમાવવામાં આવ્યું છે. ક્યાંય નમાઝ વિશે કયામ, રુકૂઅ્ અને સિજદહ વગેરેનું વર્ણન નથી આવ્યું, નમાઝ પઢવાના તરીકાની સ્થિતિનું વર્ણન નથી. આમ, આ બાબત અસ્પષ્ટ ગણાય. પરંતુ રસૂલે કરીમ ﷺને પોતે જિબ્રઈલ અમીન (અલૈ.)એ આવીને અલ્લાહના હુકમથી તે બધા જ અમલો અને અરકાનો તથા નમાઝની પદ્ધતિની વિગતો વિસ્તારપૂર્વક સમજાવી દીધી અને રસૂલે કરીમ ﷺએ એ જ પ્રમાણે નમાઝ પઢવાની રીત ઉમ્મત સુધી પહોંચાડી દીધી.

ઝકાતના વિવિધ પ્રમાણ (નિસાબ) નક્કી કરવાનું વર્ણન તથા કયા માલ ઉપર ઝકાત લાગે છે અને કયા માલ ઉપર ઝકાત નથી લાગતી ? અને કેટલા માલના પ્રમાણ ઉપર ઝકાત મા'ફ છે ? વગેરે... આ બધી વિગતો રસૂલે કરીમ ﷺએ વર્ણન ફરમાવી છે અને તેના ફરમાનો લખાવીને અનેક સહાબએ કિરામ (રદિ.)ને સોંપ્યા હતા.

કુર્આન શરીફમાં હુકમ આપવામાં આવ્યો છે કે,

لَا تَاْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ،

'પરસ્પર એકબીજાનો માલ ખોટી રીતે નાહક ખાઈ ન જાઓ.' (સૂ.૨ : આ.૧૮૮)

તેમાં વિગત એમ છે કે, પરસ્પરના આર્થિક વહેવારો, ખરીદ– વેચાણ, કોન્ટ્રાક્ટ વગેરે સ્વરૂપોમાં અન્યાયી રીતે કોઈનો માલ ખાઈ જવો ખોટું અને નાજાઇઝ છે. એ જ પ્રમાણે શરીઅતના દરેક હુકમોમાં આ સિદ્ધાંત લાગુ પડે છે.

આ બધી સ્પષ્ટતા જે રસૂલે કરીમ ﷺએ પોતાના નુબુવ્વતના હોદ્દાની ફરજોને અદા કરવા માટે અલ્લાહની વહી દ્વારા ઉમ્મતને પહોંચાડી છે, પરંતુ આ બધી વિગતો કુર્આન શરીફમાં ઉપસ્થિત નથી. એટલા માટે એવી સંભાવના હતી કે, કોઈ સમયે કોઈ અજ્ઞાની અને નાવાકિફ વ્યક્તિ એવો ધોકો ખાઈ શકે છે કે, અલ્લાહ તઆલાના હુકમોમાં આ બાબતોની કોઈ સ્પષ્ટતા નથી. એટલા માટે આ વહેવારોમાં અથવા બાબતોમાં અલ્લાહ તઆલાની ઈતાઅત અને તેની તાબે'દારી કરવાની કોઈ જરૂર નથી. એટલા માટે અલ્લાહ તઆલાએ આખા કુર્આન શરીફમાં પોતાની તાબે'દારી અને ઈતાઅતની સાથે-સાથે રસૂલે કરીમ ﷺની

ઈતાઅત અને તાબે'દારીને પણ જરૂરી અને આવશ્યક ઠરાવ્યું છે, જે વાસ્તવમાં અલ્લાહ તબારક વ તઆલાની ઈતાઅત અને તાબે'દારી જ છે, પરંતુ જાહેર સ્વરૂપમાં સ્પષ્ટ વર્ણનના આધારે તેનાથી કંઈ અંશે અલગ સ્વરૂપનો હુકમ પણ હોઈ શકે છે. એટલા માટે વારંવાર તાકીદ કરવામાં આવી છે કે, રસૂલે કરીમ ﷺ તમને જે હુકમ આપે તે લઈ લો અને તેને પણ અલ્લાહ તબારક વ તઆલાની ઈતાઅત સમજીને માની લો અને તેના ઉપર અમલ કરો. ભલે, તે હુકમ કુર્આન શરીફમાં સ્પષ્ટ શબ્દોમાં મૌજૂદ હોય કે ન હોય ! આ મસ્અલો ખૂબ જ અગત્યતા ધરાવતો હોવાથી અને કોઈ નાવાકિફ અને અજ્ઞાનીને ધોકો થઈ જવા ઉપરાંત ઈસ્લામના દુશ્મનો માટે ઈસ્લામના સિદ્ધાંતોમાં ગડબડ અને ભેળસેળ કરવા માટે તથા મુસલમાનોને ઈસ્લામના સીધા અને સત્ય માર્ગથી ભટકાવવા માટે પણ એક તક મળી જાય એમ હતું, એટલા માટે કુર્આન શરીફમાં આ વિષયને ફક્ત રસૂલે કરીમ ﷺની ઈતાઅત સાથે જ નહીં બલકે, વિવિધ વિષયોના અનુસંધાનમાં પણ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને આ બાબત બતાવી દેવામાં આવી છે. દાખલા તરીકે, રસૂલે કરીમ ﷺની નુબુવ્વતની ફરજોમાં કુર્આનની તા'લમની સાથે-સાથે હિકમતની તા'લીમનો વધારો કરીને એ તરફ ઈશારો કરી દીધો છે કે, કુર્આન સિવાય પણ અમુક તા'લીમ રસૂલે કરીમ ﷺની તા'લીમમાં સામેલ છે અને તેની ફરમાંબરદારી કરવી પણ મુસલમાનો માટે જરૂરી અને આવશ્યક છે, જેને "હિકમત" શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે. અલ્લાહનો ઈરશાદ છે, لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ "રસૂલ (ﷺ)ને મોકલવાનો હેતુ એ હતો કે, લોકો માટે તમે નાઝિલ કરવામાં આવેલી આયતોના અર્થો અને હેતુઓ અને તેની સ્પષ્ટતાને વર્ણન કરો." (સૂ. ૧૬ : આ. ૪૪)

એક જગ્યાએ ઈરશાદ છે, مَا اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا "રસૂલ (ﷺ) જે કંઈ પણ તમને આપે છે તેને લઈ લો અને જેનાથી રોકે છે તેનાથી રોકાઈ જાઓ." (સૂ. ૫૯ : આ. ૭) આ બધી વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી કે, કાલે ઉઠીને કોઈ વ્યક્તિ એવું કહેવા ન માંડે કે અમને તો ફક્ત એ જ હુકમો લાગુ પડે છે જે કુર્આનમાં આવ્યા છે અને જે હુકમો અમને કુર્આનમાં મળ્યા નથી તે અમારા ઉપર લાગુ પડતા નથી. રસૂલે કરીમ ﷺને અલ્લાહ દ્વારા ખબર આપવામાં આવી હતી કે, કોઈ યુગમાં આવા લોકો પણ પૈદા થશે. જે

રસૂલુલ્લાહ ﷺના તા'લીમ અને તેમની કુર્આનની સ્પષ્ટતાઓથી પીછો છોડાવવા માટે એવી દલીલો અને દા'વા કરશે કે, અમારા માટે અલ્લાહ તઆલાની કિતાબ પૂરતી છે. એટલા માટે એક હદીષમાં આ બાબત પણ ખુલ્લમ ખુલ્લી રીતે વર્ણન કરવામાં આવી છે, જેને તિરમિઝી, અબૂ દાવુદ, ઈબ્ને માજહ, બયહકી અને ઈમામ અહમદે પોતાની કિતાબોમાં આ શબ્દોમાં નકલ કર્યું છે.

لَا اَلْفِيَنَّ اَحَدَكُمْ مُتَّكِئًا عَلٰى اَرِيْكَتِهٖ يَاْتِيْهِ الْاَمْرُ مِنْ اَمْرِىْ مِمَّا اَمَرْتُ بِهٖ اَوْنَهَيْتُ عَنْهُ فَيَقُوْلُ لَا اَدْرِىْ مَاوَجَدْنَا فِىْ كِتَابَ اللّٰهِ اِتَّبَعْنَاهُ

"એવું ન થાય કે, હું તમારામાંથી કોઈને એવો જોઉં કે તે પોતાની ગાદી ઉપર તકિયો લગાવીને નચિંત થઈને બેઠો હોય, (અને) મારી આજ્ઞાઓ (હુકમો) અને પ્રતિબંધો (હરામ કામોની મનાઈ) વિશે એવું કહી દે કે, અમે એને જાણતા નથી. અમારા માટે તો અલ્લાહની કિતાબ પૂરતી છે, જે કંઈ એમાં અમને મળે છે તેની તાબે'દારી (અનુસરણ) કરી લઈએ છીએ."

ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાની ઈતાઅતની સાથે-સાથે અનેક ઠેકાણે રસૂલુલ્લાહ ﷺની ઈતાઅતનો ઉલ્લેખ વારંવાર પુનરાર્તિત સ્વરૂપે વર્ણન થયો છે અને વિવિધ વિષયોના સંદર્ભમાં રસૂલે કરીમ ﷺના આપેલા હુકમોને માનવાનું માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી છે. કુર્આનમાં અલ્લાહ તઆલાની સાથે-સાથે રસૂલુલ્લાહ ﷺના હુકમોની ઈતાઅત કરવાની વારંવાર તાકીદ એ હિકમતથી કરવામાં આવી છે કે, કોઈ વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની હદીષોમાં વર્ણન કરવામાં આવેલ હુકમો અને કુર્આનના હુકમો બાબતની સ્પષ્ટતાઓને કુર્આનથી અલગ બાબત સમજીને તેનો ઇન્કાર ન કરી બેસે, જ્યારે કે હદીષ પણ ઈસ્લામ અને ઈમાનનો જ એક અભિન્ન ભાગ છે.

گفتۂ او گفتۂ اللہ بود   گرچہ از حلقوم عبداللہ بود

"જે તેણે કહ્યું, અલ્લાહે કહ્યું હતું, જો કે અવાજ અલ્લાહના સેવકનો હતો."

બીજી આયતમાં મગફિરત (મા'ફી) અને જન્નતમાં પ્રવેશ પામવા માટે હરિફાઈ કરવાનો અને દોડવાનો હુકમ આપવામાં આવ્યો છે અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺની ઈતાઅત પછી આ બીજો હુકમ આપવામાં આવ્યો છે.

અહીંયાં મગફિરતનો અર્થ મગફિરતના માધ્યમો છે. એટલે કે, તે નેક અમલો કે જે અલ્લાહની મગફિરત માટે કારણરૂપ બને છે. સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) દ્વારા તેની તફસીર વિવિધ પ્રકારની થઈ છે, પરંતુ દરેકના અર્થો અને હેતુ તથા વિષય લગભગ એકસરખો જ છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ તેની તફસીરમાં "ફરજ અદા કરવી" ફરમાવ્યું છે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ "ઈસ્લામ" કહ્યું છે, અબૂલ આલિયા' (રદિ.)એ "હિજરત", હઝરત અનસ બિન માલિક (રદિ.)એ "તકબીરે ઊલા" (નમાઝ શરૂ કરતી વખતે નિય્યત બાંધવાના સમયે કહેવામાં આવતી તકબીર), સઈદ બિન ઝુબૈર (રદિ.)એ "ઈતાઅત"(અનુસરણ), હઝરત ઝહ્હાક (રદિ.)એ "જિહાદ", ઈક્રમા (રદિ.)એ "તવબહ" કહ્યું છે. આ બધી જ વ્યાખ્યાઓ અને વિવિધ નિવેદનોનો હેતુ એ જ છે કે, મગફિરતનો અર્થ તમામ પ્રકારના નેક અમલો છે, જે વ્યક્તિને અલ્લાહની મા'ફી અને બખ્શિશ મેળવવાના પાત્ર બનાવે છે.

આ સ્થળે બે બાબતો વિચાર કરવા યોગ્ય છે, પ્રથમ બાબત તો એ છે કે, આ આયતમાં મગફિરત અને જન્નતમાં પ્રવેશ પામવા માટે હરિફાઈ કરવાનો અને દોડવાનો હુકમ આપવામાં આવ્યો છે. જ્યારે કે બીજી આયતમાં لَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ "તે વસ્તુની તમન્ના કરો. જે વડે અલ્લાહે અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતા આપી છે." (સૂ. ૪ : આ. ૩૨) ફરમાવીને બીજી ફઝીલત (શ્રેષ્ઠતા) પ્રાપ્ત કરવાની તમન્ના કરવાથી પણ મનાઈ કરવામાં આવી છે.

તેનો જવાબ એ છે કે, ફઝીલત (શ્રેષ્ઠતા)ના બે પ્રકાર છે. એક ફઝીલત તો એ છે કે, જેને પ્રાપ્ત કરવી વ્યક્તિના અધિકારક્ષેત્ર અને તેની શક્તિ બહારની વાત હોય, જેને અનિચ્છાવર્તી ફઝીલત કહેવામાં આવે છે. જેમકે, કોઈ ગોરા રંગનો અથવા રૂપાળો બનવા ઈચ્છે અથવા કોઈ સન્માનનીય કુટુંબમાં પૈદા થવા ઈચ્છે વગેરે... તો વ્યક્તિ પોતાની મહેનત અને પ્રયત્નોથી આ બાબત પામી નહીં શકે, પરંતુ બીજા પ્રકારની ફઝીલત એવી છે જેને વ્યક્તિ પોતાની મહેનતો અને કોશિશોથી પ્રાપ્ત કરી શકે છે અને તે ફઝીલત વ્યક્તિના અધિકારક્ષેત્રમાં હોય છે. હવે, અત્રે અનિચ્છાવર્તી અને અશક્ય પ્રકારની ફઝીલત પ્રાપ્ત કરવાની તમન્ના અને આશા રાખવાની પણ મનાઈ કરવામાં આવી છે. કારણ કે, આ ફઝીલત અલ્લાહ તઆલાએ પોતાની હિકમત પ્રમાણે મખ્લૂકમાં વહેંચી દીધી છે. કોઈના

પ્રયત્નો અને મહેનતોની એમાં કોઈ દખલગીરી નથી. એટલા માટે આવી ફઝીલત જે કોઈની કોશિશ અથવા ઈચ્છાથી પ્રાપ્ત થતી નથી, તો હવે આવી તમન્ના કરવાથી દિલમાં ઈર્ષ્યા અને કીના-કપટની અગ્નિ પ્રજ્વલ્લિત થવા સિવાય બીજો કોઈ લાભ નથી. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ કાળો છે, હવે તે ગોરો થવાની ઈચ્છા કરે તો તેનું શું પરિણામ આવશે ? અલબત્ત જે ફઝીલત મહેનત અને પ્રયત્નોથી પ્રાપ્ત કરી શકાય છે તેમાં શરઈ પદ્ધતિથી હરિફાઈ કરવાની છૂટ છે. ફક્ત એક આયતમાં જ નહીં બલકે, અનેક આયતોમાં આ છૂટછાટનું વર્ણન છે. એક જગ્યાએ આવ્યું છે, فَاسْتَبِقُوا الْخَيْرَاتِ, "તમે ભલાઈના કામોમાં આગળ વધો." (સૂ. ૨ : આ. ૧૪૮ અને સૂ. ૫ : આ. ૪૮) બીજી જગ્યાએ આવ્યું છે, وَفِي ذٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُونَ "અને તેમાં પછી તમન્ના કરનારાઓ તમન્ના કરે છે." *(સૂ. ૮૩ : આ. ૨૬)*

એક બુઝૂર્ગે ફરમાવ્યું કે, જો કોઈ વ્યક્તિમાં પ્રાકૃતિક અને જન્મજાત ઉણપ હોય કે તેને દૂર કરવું તેની શક્તિ અને મર્યાદા બહારની બાબત હોય તો તેણે પોતાની આ ઉણપ અને ત્રૂટીને નજરઅંદાજ (ઉપેક્ષિત) કરીને અન્યોના વિશિષ્ટ લક્ષણો તરફ જોયા વિના પોતાનું કાર્ય કરતા રહેવું જોઈએ. કારણ કે, જો તે પોતાની ખામી તરફ જોતો રહેશે તો અન્યોની વિશેષતા અને ગુણ-લક્ષણો પ્રત્યે દિલમાં ઈર્ષ્યા કરતો રહેશે તો પોતે જેટલું કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે તેટલું પણ નહીં કરી શકે અને બિલકુલ નકામો બની જશે.

બીજી બાબત જે અત્રે વિચાર કરવા યોગ્ય છે તે એ છે કે, અલ્લાહ તબારક વ તઆલાએ અત્રે મગફિરતને જન્નત કરતાં અગ્રિમતા આપી છે, આવું કરવામાં શક્યતા તે બાબત તરફ ઈશારો હોય કે, અલ્લાહની મગફિરત (મા'ફી) વિના જન્નત પ્રાપ્ત કરી લેવી વ્યક્તિ માટે અશક્ય છે. કારણ કે, મનુષ્ય જો સમગ્ર જીવન દરમિયાન નેકીઓ કરતો રહે અને ગુનાહોથી બચતો રહે તો પણ તેના બધા અમલો જન્નતની કિંમત અદા નથી કરી શકતા. જન્નતમાં લઈ જવા માટે યોગ્ય બનાવનારી ફક્ત એક જ વસ્તુ છે અને તે અલ્લાહ તઆલાની મગફિરત (મા'ફી-બખ્શિસ) અને તેની દયા-કૃપા છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

سَدِّدُوا وَقَارِبُوا وَاَبْشِرُوا فَاِنَّهٗ لَنْ يُّدْخِلَ اَحَدًا الْجَنَّةَ عَمَلُهٗ قَالُوا وَلَا اَنْتَ يَارَسُوْلَ

اللّٰهِ ؕ قَالَ وَلَا اَنَا اِلَّا اَنْ يَّتَغَمَّدَ نِىَ اللّٰهُ بِرَحْمَتِهٖ، (تَرْغِيْب وَ تَرْهِيْب بَحَوَالَهٗ بُخَارِىْ وَ مُسْلِمْ)

"સચ્ચાઈ અને હક્કને અપનાવો, મધ્યમ માર્ગ અપનાવો અને (અલ્લાહના ફઝ્લની) ખુશખબરી પ્રાપ્ત કરો, કોઈ વ્યક્તિનો અમલ તેને જન્નતમાં પહોંચાડશે નહીં. લોકોએ કહ્યું, યા રસૂલુલ્લાહ ﷺ તમારો પણ નહીં? રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, મારો અમલ પણ જન્નતમાં પહોંચાડશે નહીં પરંતુ એ કે અલ્લાહ તઆલા મને પોતાની રહમતથી ઢાંકી લેશે."

તાત્પર્ય એ છે કે, આપણા અમલો જન્નતની કિંમત નથી બની શકતા પરંતુ સુન્નતુલ્લાહ (અલ્લાહની ટેવ) એ જ છે કે, અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી તે જ બંદાને નવાજે છે જે બંદો નેક અમલો કરતો હોય બલકે, જેને નેક અમલોની તૌફીક મળે છે તે એ બાબતની નિશાની છે કે, અલ્લાહ તઆલા તેનાથી રાજી છે. એટલા માટે અલ્લાહના હુકમો પૂર્ણ કરવામાં ક્યારેય પણ આળસ કરવી જોઈએ નહીં. આથી સ્પષ્ટ થયું કે, જન્નતમાં પ્રવેશ પામવાનું મૂળ કારણ અલ્લાહની મગફિરત (મા'ફી) છે. એટલા માટે મગફિરતનું મહત્ત્વ નજર સમક્ષ રાખી 'સંપૂર્ણ મગફિરત' કહેવામાં ન આવ્યું, બલકે مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ "તમારા પરવરદિગાર તરફથી મા'ફી" ફરમાવવામાં આવ્યું. આવા વર્ણનથી અલ્લાહની માલિકીપણાની સિફતની વર્ણનશૈલીને વધારે રસપ્રદ અને રોચક બનાવવાનો તથા અલ્લાહની વિશિષ્ટતાને જાહેર કરવાનો હેતુ છે.

બીજી બાબત જેના તરફ દોડવાનો હુકમ આપવામાં આવી રહ્યો છે, તે જન્નત છે અને જન્નત વિશે ફરમાવવામાં આવ્યું છે કે, તેની વિશાળતા એ પ્રમાણે છે જેમકે, આખું આસમાન તેનો વિસ્તાર છે. મનુષ્યની બુદ્ધિ આસમાન અને પૃથ્વીની વિશાળતાથી વધુ કોઈ વિશાળતાની કલ્પના કરી શકતી નથી. એટલા માટે વસ્તુસ્થિતિને સમજાવવા માટે જન્નતના વિસ્તારને તેની સાથે સરખાવીને બતાવી દીધું કે, જન્નત ખૂબ જ વિશાળ છે. તેની વિશાળતામાં બધા જ અવકાશી પદાર્થો બલકે, પૃથ્વી અને આસમાન પણ સમાઈ શકે છે. હવે જ્યારે તેના વિસ્તારની આ મર્યાદા છે તો તેના ક્ષેત્રફળની પરિસ્થિતિ તો અલ્લાહ જ જાણે કેવી હશે !!! જન્નતની વિશાળતા અકલ્પનીય છે અને જો આ વિસ્તારને કોઈ કિંમત સાથે સરખાવવામાં આવે તો એનો અર્થ એ થશે કે, જન્નત કોઈ મા'મૂલી વસ્તુ નથી. તેની કિંમત સમગ્ર પૃથ્વી અને આકાશ છે, એટલા માટે આવી કિંમતી અને

મૂલ્યવાન વસ્તુ માટે દોડો અને પ્રાપ્ત કરો. તફસીરે કબીરમાં છે,

قَالَ اَبُوْمُسْلِمٍ اِنَّ الْعَرْضَ هٰنَا مَا يُعْرَضُ مِنَ الثَّمَنِ فِىْ مُقَابَلَةِ الْمَبِيْعِ اَىْ ثَمَنُهَا لَوْبِيْعَتْ كَثَمَنِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَ الْمُرَادُ بِذٰلِكَ عَظْمُ مِقْدَارِهَا وَجَلَالَةُ خَطَرِهَا وَاِنَّهُ لَايُسَاوِيْهَا شَىْءٌ وَاِنْ عَظُمَ،

"અબૂ મુસ્લિમ કહે છે કે, "અર્જ"નો ભાવાર્થ આયતમાં તે વસ્તુ છે જે કોઈ વસ્તુ ખરીદવાના બદલામાં કિંમત તરીકે આપવામાં આવે. મતલબ એ કે, ધારી લો કે જો જન્નતની કિંમત લગાવવામાં આવે તો સમગ્ર આસમાન અને જમીન અને તેની મખ્લૂક, તેની કિંમત થશે. મતલબ એ કે, (અત્રે) જન્નતની શ્રેષ્ઠતા અને તેની મહાનતાનું વર્ણન કરવાનો હેતુ છે."

જન્નતની બીજી ખાસિયત બતાવી, اُعِدَّتْ لِلْمُتَّقِيْنَ એટલે કે, "જન્નત પરહેઝગારો માટે તૈયાર કરવામાં આવી છે," તેનાથી એ પણ જાણ થાય છે કે, જન્નત પૈદા કરવામાં આવી ચૂકી છે, કુર્આન અને હદીષમાં સ્પષ્ટ ઈશારાથી સાબિત થાય છે કે, જન્નત સાતમા આસમાન ઉપર છે. એવી જ રીતે સાતમું આસમાન જન્નતની જમીનનો વિસ્તાર છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૩૪ થી ૧૩૮)

الَّذِيْنَ يُنْفِقُوْنَ فِى السَّرَّآءِ وَالضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ؕ وَاللّٰهُ
يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣٤﴾ وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ ذَكَرُوا اللّٰهَ
فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ ۠ وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ ۠ۚ وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا
فَعَلُوْا وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٣٥﴾ اُولٰٓئِكَ جَزَآؤُهُمْ مَّغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ وَجَنّٰتٌ تَجْرِىْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿١٣٦﴾ قَدْ خَلَتْ مِنْ
قَبْلِكُمْ سُنَنٌ ۙ فَسِيْرُوْا فِى الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿١٣٧﴾
هٰذَا بَيَانٌ لِّلنَّاسِ وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿١٣٨﴾

તરજુમો :

જે લોકો (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરે છે ખુશી (સુખ)માં અથવા તકલીફમાં (દુ:ખમાં) અને ગુસ્સાને પી જાય છે અને લોકોને મા'ફ કરે છે અને અલ્લાહ ભલાઈ (ઉપકાર) કરનારાઓને પસંદ કરે છે. (૧૩૪) અને જે લોકો કોઈ બેહયાઈ (નિર્લજ્જ કૃત્ય) કરે અથવા પોતાના હકમાં બુરું કામ કરી બેસે તો અલ્લાહને યાદ કરે અને પોતાના ગુનાહોથી તેની મા'ફી માંગે; અને અલ્લાહના સિવાય કોણ છે ગુનાહ મા'ફ કરનારો?! અને પોતે જે કામો કર્યા તેના ઉપર અડી ન જાય (હઠાગ્રહ ન કરે) અને (જ્યારે કે) તેઓ જાણે છે. (૧૩૫) આવા જ લોકોનો (સારો) બદલો તેમના પરવરદિગાર તરફથી મા'ફી અને બગીચાઓ છે, જેની નીચે નહેરો વહે છે અને તેઓ તેમાં હંમેશા રહેશે, અને કેટલો સારો બદલો છે સારા કામો કરનારાઓનો ! (૧૩૬) તમારા પહેલાં ઘણી ઘટનાઓ બની ચૂકી છે, તો પૃથ્વી ઉપર હરો-ફરો પછી જુઓ જૂઠાડનારાઓનું શું પરિણામ આવ્યું !? (૧૩૭) આ વર્ણન છે લોકો માટે અને પરહેઝગારો (અલ્લાહથી ડરનારાઓ) માટે હિદાયત (અને) નસીહત છે. (૧૩૮)

તફસીર :

એવા લોકો જેઓ (નેક કામોમાં) ખર્ચ કરે છે (દરેક પરિસ્થિતિમાં) સુખમાં (પણ) અને તંગીમાં (પણ) અને ગુસ્સાને પી જનારા અને લોકોની (ભૂલોને) દરગુજર કરનારા છે અને અલ્લાહ તઆલા એવા નેક લોકોને (કે જેમનામાં આવી આદતો હોય છે, તેમની આ વિશિષ્ટતાના કારણે) પસંદ કરે છે અને (આ લોકો સિવાય અન્ય મુસલમાનો એવા પણ છે કે,) તે લોકો કે જ્યારે કોઈ એવું કામ કરી બેસે છે જેમાં (અન્યો પર) અતિક્રમણ કરી બેસે છે અથવા (કોઈ નિર્લજ્જતાનો ગુનોહ કરીને) પોતાની જાતનું નુકસાન કરી બેસે છે તો (તરત જ) અલ્લાહ તઆલા(ની મહાનતા અને તેના અઝાબ)ને યાદ કરી લે છે, પછી પોતાના ગુનાહોની મા'ફી માંગે છે (એટલે કે, મા'ફીની જે રીત શરીઅતમાં નક્કી કરવામાં આવી છે કે અન્યો પર અતિક્રમણ કરનારે હકદારનો હક્ક આપીને તેમનાથી મા'ફ કરાવી લેવી આવે અને ખાસ પોતાની જાત માટે કરેલ ગુનાહોમાં

તેની આવશ્યકતા નથી અને અલ્લાહ તઆલાથી મા'ફ કરાવવાની બાબત બંને પરિસ્થિતિમાં સરખી રીતે લાગુ પડે છે.) અને (વાસ્તવમાં) અલ્લાહ તઆલા સિવાય બીજો કોણ છે જે ગુ઼નાહોને મા'ફ કરે છે ?! (રહી વાત હકદારની હક્ક મા'ફ કરાવવાની તો બસ લોકોને તે અધિકાર તો નથી આપવામાં આવ્યો કે અલ્લાહના અઝાબથી બચાવી લે પરંતુ આ રીતે હક્ક મા'ફ કરવો જ સાચી મા'ફી છે.) અને તે લોકો પોતાના (ખરાબ) કૃત્યો ઉપર હઠાગ્રહ નથી કરતા અને તેઓ (આ વાતોને) જાણે પણ છે (કે ફલાણું કામ અમે ગુનાહનું કર્યું અને એ કે તવબહ જરૂર કરવી જોઈએ કે અલ્લાહ તઆલા મા'ફ કરનાર છે. મતલબ કે, પોતાના અમલોને પણ ઠીકઠાક કરી લે છે અને પોતાના અકીદાઓને પણ ઠીકઠાક કરી લે છે.) અને લોકોને સારો બદલો તેમના પરવરદિગાર તરફથી બખ્શિશ છે અને (જન્નતમાં) એવા બગીચાઓ છે કે તેના (ઝાડો અને મકાનો) નીચેથી નહેરો વહેતી હશે, તેઓ તેમાં હંમેશા-હંમેશ રહેનારા હશે (અને આ જ મગફિરત અને જન્નત પ્રાપ્ત કરવાનો શરૂઆતની આયતોમાં હુકમ આપવામાં આવ્યો હતો, વચ્ચે તેની રીત બતાવી અને અંતે તેનો વાયદો કર્યો.) અને (આ) સારો બદલો છે નેક કામ કરનારાઓ માટે. (આ નેક કામ એ ગુનાહોની મા'ફી અને અલ્લાહ ઉપર ભરોસો છે અને ગુનાહોની મા'ફીના પરિણામે હવે પછી આવનારા જીવનમાં અલ્લાહના હુકમોની ઇતાઅત અને તેની પાબંદી છે.) ખાસ કરીને તમારાથી અગાઉ(ના યુગોમાં) અનેક (પ્રકારના) લોકો (પ્રજા) ગુજરી ચૂક્યા છે (તેમાં મુસલમાનો પણ હતા અને કાફિરો પણ અને તેમનામાં મતભેદો અને વિવાદો પણ થયા તથા યુદ્ધો પણ થયા પરંતુ અંતે કાફિરો જ હલાક અને બરબાદ થયા. એટલા માટે જો આ નિશાનીઓનું અવલોકન અને પ્રત્યક્ષ દર્શન કરવા ઇચ્છો) તો તમે પૃથ્વી ઉપર હરો-ફરો અને જોઈ લો કે જૂઠાડનારાઓનો (એટલે કે કાફિરોનો) શું અંજામ આવ્યો ? (એટલે કે તેઓ હલાક અને બરબાદ થયા, એટલા માટે તેમના નષ્ટ થવાની નિશાનીઓ તે વખતે પણ બાકી હતી જેને બીજી આયતમાં ફરમાવ્યું છે (فَتِلْكَ بُيُوتُهُمْ خَاوِيَةً... فَتِلْكَ مَسَاكِنُهُمْ لَمْ تُسْكَنْ.... وَإِنَّهُمَا لَبِإِمَامٍ مُّبِينٍ... આ (પ્રસ્તુત વિષયનું) વર્ણન બધા લોકો માટે પૂરતું છે (કે જો તેના ઉપર વિચાર કરવામાં આવે તો તેનાથી તેઓ બોધપાઠ ગ્રહણ કરી શકે છે) અને તેમાં હિદાયત તથા નસીહત (માર્ગદર્શન અને શિખામણ) છે ખાસ અલ્લાહથી ડરનારાઓ માટે!

(એટલે કે હિદાયત અને નસીહત–બોધપાઠ પણ એ જ લોકો પ્રાપ્ત કરે છે. હિદાયત એ છે કે, તેઓ શરીઅતની પાબંદી કરે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ મો'મિન અને મુત્તકી લોકોની ખાસ ખાસિયતો અને નિશાનીઓ બતાવી છે, જેમાં ઘણા ફાયદાઓ છે. દાખલા તરીકે, કુર્આને હકીમમાં અનેક ઠેકાણે નેક લોકોની દોસ્તી અને તેમની તા'લીમથી ફાયદો ઊઠાવવાની તાકીદ કરવામાં આવી છે. ક્યાંક صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ "તે લોકોનો માર્ગ જેના ઉપર તારું ઈનામ થયું" (સૂ. ૧ : આ. ૬) ફરમાવીને દીનના સીધા અને સત્ય માર્ગ ઉપર તે જ મકબૂલ બંદાઓ પાસેથી શીખવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, તો ક્યાંક كُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ (સાચાઓ સાથે રહો. ૯:૧૧૯) કહીને તેમના સાન્નિધ્યમાં રહીને તેમની પાસેથી લાભ ઊઠાવવાની તાકીદ કરવામાં આવી છે અને દુનિયામાં દરેક સમૂહોમાં સારા–નરસા બંને પ્રકારના લોકો હોય છે. સારા લોકોના મુખૌટામાં ખરાબ લોકો પણ હોય છે. એટલા માટે એ જરૂરી હતું કે, અલ્લાહના મકબૂલ (સ્વીકૃતીપ્રાપ્ત) બંદાઓની ખાસ નિશાનીઓ અને ખાસિયતો બતાવીને સમજાવવામાં આવે કે, લોકો જૂઠા આગેવાનો અને માર્ગદર્શકોથી બચેલા રહે અને સાચાઓની નિશાનીઓ ઓળખીને તેમનું અનુસરણ કરે. મો'મિન અને મુત્તકી લોકોની ખાસિયતો અને નિશાનીઓ વર્ણન કરીને તેમની કાયમી સફળતા અને જન્નતના તેમના ઉચ્ચ હોદ્દાઓનો ઉલ્લેખ કરીને નેક બંદાઓને ખુશખબરી તથા ખરાબ માર્ગે ચાલનારાઓ માટે બોધપાઠ અને માર્ગદર્શનનો રસ્તો ખોલી નાંખવામાં આવ્યો છે. આ આયતોના અંતે هٰذَا بَيَانٌ لِّلنَّاسِ وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ "લોકો માટે આ વર્ણન છે અને પરહેઝગારો (અલ્લાહથી ડરનારાઓ) માટે નસીહત (અને હિદાયત) છે." (૩:૧૩૮)માં એ તરફ જ ઈશારો થયો છે કે, અલ્લાહના મકબૂલ (સ્વીકૃત) બંદાઓની જે ખાસિયતો અને નિશાનીઓ અહીંયાં વર્ણન કરવામાં આવી છે તેમાં શરૂઆતની આયતોમાં એ ખાસિયતોનું વર્ણન છે, જેનો સંબંધ અન્ય વ્યક્તિઓના હકો તથા સમાજ સાથે છે અને પછીની આયતોમાં તે ખાસિયતો છે જેનો સંબંધ અલ્લાહ તઆલાની ઈબાદત અને આજ્ઞાપાલન સાથે છે, બીજા શબ્દોમાં કહીએ તો આ બાબતને "હુકૂકુલ ઈબાદ" (બંદાના હકો) અને

"હુકૂકુલ્લાહ" (અલ્લાહના હકો) તરીકે ઓળખી શકાય છે.

ઉપરોક્ત આયતોમાં બંદાના હકોના સંદર્ભમાં જે ખાસિયતોનું વર્ણન થયું છે પ્રથમ તેનો ઉલ્લેખ થયો છે, ત્યારબાદ અલ્લાહના હકોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી એ બાબત તરફ ઈશારો થયો છે કે, જો કે વાસ્તવિક રીતે તો અલ્લાહના હકો જ બધા હકોથી ઉપરવટ છે પરંતુ બંનેમાં એક ખાસ તફાવત એ છે કે, અલ્લાહ તઆલાએ જે પોતાના હકોને બંદાઓ ઉપર જરૂરી ઠરાવ્યા છે તેમાં ન તો અલ્લાહ તઆલાનો પોતાનો કોઈ લાભ છે અને ન જ અલ્લાહ તઆલાને તેની આવશ્યકતા છે અને તેને અદા ન કરવાથી અલ્લાહ તઆલાનું કોઈ નુકસાન નથી, તેની જાત આ બધી બાબતોથી પવિત્ર અને બેનિયાઝ છે, તેની ઈબાદત કરવાથી ફાયદો ઈબાદત કરનારને છે, તે પોતાના બંદાઓ ઉપર રહમ કરનારો અને બખ્શિશ કરનારો પણ છે, તેના હકોમાં મોટામાં મોટી ભૂલો કરનારો કે આળસ કરનારો વ્યક્તિ પણ કોઈ વખતે પોતાના કૃત્યો ઉપર અફસોસ અને પસ્તાવો કરીને તેના તરફ કેન્દ્રિત થઈને સાચી તવબહ કરી લેશે તો તે રહમ કરનાર કરીમ તેના બધા ગુનાહો તરત જ મા'ફ કરી શકે છે, પરંતુ એનાથી ઊલટું બંદાના હકો વિશે એવું છે કે, વ્યક્તિ તેનો મોહતાજ છે અને જે વ્યક્તિનો હક કોઈના માથે જરૂરી છે જો તે તેને અદા ન કરે તો તેમાં હકદારનું નુકસાન થાય છે અને પોતાનું નુકસાન મા'ફ કરાવવું વ્યક્તિ માટે સહેલું નથી. એટલા માટે હુકૂકુલ ઈબાદ્‌ને એક ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત દુનિયાની વ્યવસ્થાને વ્યવસ્થિત કરવા માટે માનવ સમાજવ્યવસ્થાનો સૌથી મોટો આધાર પરસ્પરના હકો અને અધિકારોને પૂરા કરવા ઉપર અવલંબિત છે. તેમાં નાની સરખી ભૂલો પણ અથવા ઉણપો પણ ક્યારેક યુદ્ધ તથા અરાજકતાનો માર્ગ ખોલી નાંખી છે અને જો હકોની અદાયગી અને અધિકારોને સારી રીતે અદા કરવાની ટેવ બનાવી લેવામાં આવે તો દુશ્મન પણ દોસ્ત બની જાય છે. સદીઓની લડાઈઓ સુલેહ અને શાંતિમાં પરિવર્તિત થઈ જાય છે. એટલા માટે પણ આ નિશાનીઓને અને ખાસિયતોને અગ્રિમતા આપવામાં આવી છે, જેનો સંબંધ મનુષ્યના હકો (અધિકારો) "હુકૂકુલ ઈબાદ્" સાથે છે. આ ખાસિયતોમાં સૌ પ્રથમ ખાસિયત આ બતાવવામાં આવી છે.

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ فِى السَّرَّآءِ وَالضَّرَّآءِ "તે લોકો છે જેઓ અલ્લાહના રસ્તામાં

પોતાનો માલ ખર્ચ કરવાની એવી ટેવ ધરાવે છે કે, તેઓ સુખમાં હોય કે દુ:ખમાં પ્રત્યેક પરિસ્થિતિમાં સારો એવો ખર્ચ કરતા રહે છે; વધારેમાંથી વધારે અને ઓછામાંથી ઓછું....'' એક બાજુ તો આ હિદાયત (માર્ગદર્શન) છે કે, ગરીબ ફકીર આદમી પણ પોતાની જાતને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાથી બિલકુલ ખારિજ (બાકાત) ન સમજે અને તેના રસ્તામાં ખર્ચ કરવાની પ્રતિષ્ઠાથી વંચિત ન રહી જાય. કારણ કે હજાર રૂપિયામાંથી એક રૂપિયો ખર્ચ કરવાનો જે દરજ્જો અલ્લાહ નજીક છે, એ જ પ્રમાણે હજાર પૈસામાંથી એક પૈસો ખર્ચ કરવાનો દરજ્જો પણ એવો જ છે અને વ્યવહારું રીતે જેવી રીતે હજાર રૂપિયાના માલિકને તેમાંથી એક રૂપિયો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો કોઈ મુશ્કેલ કામ નથી. એ જ પ્રમાણે હજાર પૈસાના માલિકને તેમાંથી એક પૈસો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં કોઈ પરેશાની નથી.

બીજી બાજુ એ માર્ગદર્શન પણ છે કે, તંગીની હાલતમાં પણ પોતાની હૈસિયત પ્રમાણે ખર્ચ કરતા રહેવાથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની મુબારક ટેવ કદી છૂટશે નહીં અને શક્ય છે કે, કદાચ અલ્લાહ તઆલા તેની જ બરકતથી તંગી દૂર કરી સુખી પણ બનાવી આપે.

ત્રીજી મહત્ત્વની બાબત તેમાં એ છે કે, જે વ્યક્તિ આવી ટેવ ધરાવતો હોય તે અન્ય વ્યક્તિઓ ઉપર પોતાનો માલ ખર્ચ કરીને તેમને લાભ પહોંચાડી શકે છે, ગરીબો અને ફકીરોને મદદ કરે છે, તે વ્યક્તિ ક્યારેય અન્યોનો હક્ક મારશે નહીં અથવા તેમની મરજી વિરૂદ્ધ તેમનો માલ હજમ કરી જવાની કલ્પના સુદ્ધાં નહીં કરે. એટલા માટે આ પ્રથમ સિફતનો અર્થ એ થયો કે, મો'મિન, મુત્તકી અને અલ્લાહ તઆલાના પ્રિય બંદાઓ અન્ય મનુષ્યોને લાભ પહોંચાડવાની ફિકર–ચિંતામાં રહ્યા કરે છે, ભલે તેઓ સુખમાં હોય કે દુ:ખમાં ! હઝરત આયશા (રદિ.)એ એક વખતે ફક્ત એક દ્રાક્ષનો દાણો ખયરાતમાં આપ્યો, કારણ કે તે સમયે તેમની પાસે કંઈ પણ ન હતું. અમુક સલફથી નકલ થયું છે કે, કોઈ વખતે તેમણે ફક્ત એક પ્યાજ સદકહ કર્યો. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે,

اِتَّقُوا النَّارَ وَلَوْ بِشِقِّ تَمْرَةٍ وَرُدُّوا السَّائِلَ وَلَوْ بِظِلْفِ شَاةٍ،

"તમે પોતાની જાતને જહન્નમની આગથી બચાવો, ભલે એક ખજૂરનો ટૂકડો

સદકહમાં આપીને કેમ ન હોય ! અને સવાલ કરનારને ખાલી હાથે પાછો ન કાઢો, અને કંઈ ન હોય તો બકરીના પગની ખરી જ આપી દો."

તફસીરે કબીરમાં ઈમામ રાઝી (રહ.)એ આ હદીષ પણ નકલ કરી છે,

"એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ લોકોને સદકહ આપવાની પ્રેરણા આપી, તો જેમની પાસે સોના-ચાંદી હતું તેમણે તે સદકહમાં આપી દીધું. એક વ્યક્તિ ખજૂરની છાલ લઈ આવ્યો કે, મારી પાસે આના સિવાય કંઈ નથી, તે પણ સદકહ કરવામાં આવ્યું. એક બીજો વ્યક્તિ આવ્યો, તેણે વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ ﷺ ! મારી પાસે કોઈ વસ્તુ સદકહ કરવા માટે નથી! અલબત્ત હું મારી કૌમમાં ઈજ્જતદાર વ્યક્તિ ગણાઉ છું, હું મારી ઈજ્જત ખયરાત કરું છું કે, હવેથી કોઈ વ્યક્તિ મને ગમે તેટલું બુરું-ભલું કહે હું તેનાથી નારાજ નહીં થાઉં."

રસૂલે કરીમ ﷺની તા'લીમ અને સહાબએ કિરામ (રદિ.)ના જીવનચરિત્ર ઉપરથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે, અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો, ફક્ત માલદારો અને સુખી લોકોનો જ ઈજારો નથી. ગરીબ ફકીર પણ આ સિફત (લક્ષણ) અપનાવી શકે છે કે, પોત-પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે અલ્લાહના રસ્તામાં કંઈને કંઈ ખર્ચ કરીને ઉદારતાની આ સિફત પ્રાપ્ત કરી લે.

અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માટે જરૂરી નથી કે માલ જ ખર્ચ કરવામાં આવે :

અત્રે એક વાત પણ વિચાર માંગી લે છે કે, કુર્આને કરીમે આ જગ્યાએ يُنْفِقُوْنَ નું વર્ણન કરીને ફરમાવ્યું કે, "તે લોકો સુખ અને દુઃખ દરેક પરિસ્થિતિમાં અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે." એવું નક્કી નથી કર્યું કે, શું ખર્ચ કરવામાં આવે? આ સામાન્ય હુકમથી એ જાણ થાય છે કે, તેમાં ફક્ત માલ-દૌલત જ ખર્ચ કરવાની વાત નથી બલકે, તેમાં દરેક પ્રકારનો ખર્ચ કરવો સામેલ છે. દાખલા તરીકે, જે વ્યક્તિ પોતાનો સમય, પોતાની મહેનત અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે તે પણ આ اِنْفَاق(ઇન્ફાક)ની સિફતમાં સામેલ થઈ જશે, જે તફસીરે કબીરના ઉપરોક્ત હવાલાથી સાબિત થઈ ચૂક્યું છે. આ હદીષ તેની ગવાહી છે.

સુખ અને દુઃખનું વર્ણન કરવાની એક હિકમત :

સુખ અને દુઃખ, આ બે પરિસ્થિતિઓ એવી છે જેમાં મોટેભાગે વ્યક્તિ

અલ્લાહને ભૂલી જાય છે. જયારે માલ-દૌલતની રેલમછેલ હોય છે તો અય્યાશીમાં અલ્લાહને ભૂલી જવાય છે અને જયારે તંગી અને મુસીબત હોય છે ત્યારે કેટલીક વખતે અલ્લાહને ભૂલીને આર્થિક ચિંતાઓમાં પડી જાય છે. આ આયતમાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે, અલ્લાહના સ્વીકૃત બંદાઓ તે છે જેઓ ન તો સુખમાં અલ્લાહ તઆલાએ ભૂલે છે અને ન જ મુસીબતમાં ! ઝફરશાહ દહેલ્વી (રહ.)ની આ શે'ર તેનો અર્થ વધુ સ્પષ્ટ કરે છે.

ظفر آدمی اس کو نہ جانیے گا خواہ ہو کتنا ہی صاحبِ فہم و ذکا

جسے عیش میں یادِ خدا نہ رہی جسے طیش میں خوفِ خدا نہ رہا

"હે ઝફર તેને માનવી જ ન જાણીશ, ભલે તે કેટલોય બુદ્ધિશાળી કે વિવેકી હોય,
જેને રાહતમાં અલ્લાહની યાદ ન રહી અને ક્રોધમાં અલ્લાહનો ડર ન રહ્યો."

ત્યાર પછી તેમની એક ખાસ સિફત અને નિશાની એ બતાવવામાં આવી છે કે, જો તેમને કોઈ એવા વ્યક્તિ સાથે કામ પડે જે તેને દુઃખ અને તકલીફ પહોંચાડે તો તે ગુસ્સામાં ઉશ્કેરાઈને ભાન ભૂલી જશે નહીં અને ગુસ્સાનો ભોગ બની બદલો લેવા માટે તૈયાર નહીં થાય, પછી ફક્ત એટલું જ નહિ બલકે, તેને દિલથી મા'ફ કરી દે અને પછી તેને પૂરતું ન સમજે બલકે, તકલીફ આપનારની સાથે ઉપકારનો વહેવાર કરે. આ એક જ સિફતમાં ત્રણ પ્રકારની ખાસિયતો સામેલ છે. (૧) પોતાના ગુસ્સા ઉપર કાબૂ મેળવવો, (૨) તકલીફ આપનારને મા'ફ કરવું અને (૩) તેની સાથે ઉપકારભર્યો વ્યવહાર કરવો. આ ત્રણે બાબતો આ આયતમાં ફરમાવવામાં આવી,

وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ط "અને તે લોકો જેઓ પોતાના ગુસ્સાને પી જાય છે અને લોકોની ભૂલો મા'ફ કરી દે છે અને અલ્લાહ તઆલા અહેસાન કરનારાઓને પસંદ કરે છે."

ઈમામ બયહકી (રહ.)એ આ આયતની તફસીરમાં હઝરત સય્યિદના અલી ઈબ્ને હુસૈન (રદિ.)ની એક આશ્ચર્યજનક ઘટનાનું વર્ણન કર્યું છે કે, તેમની એક લોંડી હતી જે તેમને વુઝૂ કરાવી રહી હતી કે, અચાનક પાણીનું વાસણ છૂટીને હઝરત અલી ઈબ્ને હુસૈન (રદિ.) ઉપર પડ્યું અને બધા કપડાં પલળી ગયા, ગુસ્સો આવવો સ્વાભાવિક બાબત હતી. લોંડીને ડર લાગ્યો તો તેણે તરત જ આ

આયત પઢી وَالْكَاظِمِينَ الْغَيْظَ وَالْعَافِينَ عَنِ النَّاسِ "અને તે લોકો જેઓ પોતાના ગુસ્સાને પી જાય છે અને લોકોની ભૂલો મા'ફ કરી દે છે." આ સાંભળતાની સાથે જ તે નુબુવ્વતના કુટુંબી હઝરત અલી ઈબ્ને હુસૈન (રદિ.)નો બધો જ ગુસ્સો એકદમ ઠંડો થઈ ગયો, તેઓ બિલકુલ શાંત થઈ ગયા. ત્યાર પછી લોંડીએ આયતનો બીજો ટૂકડો وَالْعَافِينَ عَنِ النَّاسِ પઢયો, તો અલી ઈબ્ને હુસૈને ફરમાવ્યું, કે "હું તને દિલથી મા'ફ કરું છું." લોંડી પણ હોશિયાર હતી, ત્યાર પછી તેણે આયતનો ત્રીજો ટૂકડો સંભળાવ્યો, જેમાં અહેસાન અને સારી વર્તણૂકનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, અલી ઈબ્ને હુસૈન (રદિ.)એ આ સાંભળી ફરમાવ્યું, "જા મેં તને આઝાદ કરી દીધી." *(રૂહુલ મઆની, બહવાલાએ બયહકી)*

લોકોની ભૂલો અને ક્ષતિઓને મા'ફ કરવી માનવતાનો એક ઘણો મોટો દરજ્જો ધરાવે છે, તેમાં આખિરતનો અતિઉત્તમ સવાબ મળે છે. હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "કયામતના દિવસે અલ્લાહ તઆલા તરફથી એ'લાન થશે કે, જે વ્યક્તિનો અલ્લાહ તઆલા ઉપર કોઈ હક્ક હોય તે ઊભો થઈ જાય ! તો તે સમયે એવા લોકો ઊભા થશે જેમણે લોકોના જુલ્મ અને અત્યાચારને દુનિયામાં મા'ફ કરી દીધા હતા."

એક હદીષમાં ઈરશાદ છે,

مَنْ سَرَّهُ اَن يُّشْرَفَ لَهُ الْبُنْيَانُ وَتُرْفَعَ لَهُ الدَّرَجٰتُ فَلْيَعْفُ عَن مَّنْ ظَلَمَهُ وَيُعْطِ مَنْ حَرَمَهُ وَيَصِلُ مَنْ قَطَعَهُ،

"જે વ્યક્તિ એવું ઈચ્છે છે કે, તેના મહેલો જન્નતમાં ઊંચા હોય અને તેના દરજ્જાઓ ઉચ્ચ કક્ષાના હોય તો તે વ્યક્તિએ જેણે તેના ઉપર અત્યાચાર કર્યો છે તેને મા'ફ કરી દેવું જોઈએ અને જેણે તેને ક્યારેય કંઈ જ ન આપ્યું હોય તેને બખ્શિશ આપ્યા કરે અને જેણે તેની સાથે સંબંધો કાપી નાંખ્યા હોય તે તેને મળવાથી પરહેઝ ન કરે."

કુર્આને કરીમની એક આયતમાં આ બાબતની વધારે સ્પષ્ટતા આવી છે, જેમાં પોતાની સાથે બુરું વર્તન કરનારાઓ સાથે અહેસાન કરવાનો મહાન ગુણ શિખવાડવામાં આવ્યો છે અને એ બતાવ્યું છે કે, તેના દ્વારા દુશ્મન પણ દોસ્ત બની જાય છે. ઈરશાદ ફરમાવ્યો,

اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ،

"બુરાઈથી પોતાનું રક્ષણ ભલાઈ અને અહેસાનના વર્તાવ દ્વારા કરો, તો જેની સાથે દુશ્મની છે તે તમારો ગાઢ મિત્ર બની જશે." (સૂ. ૪૧ : આ. ૩૪)

અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને અખ્લાક (Manner)ની કેળવણી પણ ઉચ્ચ કક્ષાની આપી છે. રસૂલુલ્લાહ ﷺને સૂચના આપવામાં આવી હતી કે,

صِلْ مَنْ قَطَعَكَ وَاعْفُ عَمَّنْ ظَلَمَكَ وَاَحْسِنْ اِلٰى مَنْ اَسَاءَ اِلَيْكَ،

"જે વ્યક્તિ તમારી સાથે સંબંધ કાપી નાંખે તો તમે તેને મળો, અને જે તમારા ઉપર અત્યાચાર કરે, તમે તેને ક્ષમા કરો અને જે તમારી સાથે બુરાઈ કરે તેની સાથે અહેસાન (ભલાઈ) કરો."

રસૂલે કરીમ ﷺની મહાન શા'ન છે, રસૂલે કરીમ ﷺની તા'લીમની બરકતથી આ જ અખ્લાક અને વર્તન-વ્યવહારના ગુણો રસૂલે કરીમ ﷺના સેવકોમાં પણ અલ્લાહ તઆલાએ પૈદા કર્યા હતા, જે ઈસ્લામી સમાજ વ્યવસ્થાની એક આગવી વિશેષતા છે. સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) તથા ઉમ્મતના અસ્લાફ (પુરોગામી વડીલો)નો ઈતિહાસ આ પ્રકારના કિસ્સાઓથી ભર્યો પડ્યો છે.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)નો એક કિસ્સો છે કે, એક વ્યક્તિએ ભર બજારે ઈમામે આ'ઝમ (રહ.)નું અપમાન કર્યું અને ગાળો આપી. હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) ગુસ્સાને પી ગયા અને તેને કંઈ જ ન કહ્યું. ઘેર પાછા આવ્યા, એક થાળમાં અમુક દિરહમ અને દીનાર મૂકીને તે વ્યક્તિના ઘરે ગયા, દરવાજા ઉપર ટકોરા માર્યા, તે વ્યક્તિ બહાર આવ્યો તો અશરફીઓનો આ થાળ તેની સામે એવું કહીને રજૂ કર્યો કે, "આજે તમે મારા ઉપર ઘણું મોટું અહેસાન કર્યું છે, પોતાની નેકીઓ મને આપી દીધી છે, હું આ અહેસાનનો બદલો આપવા માટે તમને આ ભેટ આપી રહ્યો છું." ઈમામે આ'ઝમ (રહ.)ના આ વ્યવહારથી તેના દિલ ઉપર અસર થઈ અને તેણે પોતાની આ બદ્‌ઝુબાનીની ટેવથી કાયમ માટે તૌબા કરી લીધી અને ઈમામે આ'ઝમ (રહ.)ની મા'ફી માંગી

તથા તેમની સેવામાં અને સાંન્નિધ્યમાં રહી તેમની પાસેથી ઈલ્મ હાસિલ કરવા લાગ્યો. એટલે સુધી કે, તેણે ઈમામ સાહબના વિદ્યાર્થીઓમાં એક મોટા આલિમની પદ્વી ધારણ કરી લીધી.

અહીંયાં સુધી તે સિફતોનું વર્ણન હતું, જે વ્યક્તિના અધિકારોના સંદર્ભમાં હોય છે, ત્યાર પછી અલ્લાહના હુકમોથી સંબંધિત સિફતોનું વર્ણન એવી રીતે કરવામાં આવ્યું કે, આ લોકો અલ્લાહ તઆલાની નાફરમાની નથી કરતા અને ક્યારેક તેમનાથી માનવ સ્વાભાવગત કોઈ ગુનોહ થઈ જાય છે, તો તેઓ તરત જ અલ્લાહ તરફ કેન્દ્રિત થઈને તે ગુનાહની મા'ફી માંગે છે અને હવે પછી આવો ગુનોહ ન કરવાનો પાકો નિર્ધાર કરે છે. ઈરશાદ છે,

وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ ذَكَرُوا اللّٰهَ فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا وَهُمْ يَعْلَمُوْنَ "અને જે લોકો કોઈ બેહયાઈ (નિર્લજ્જ કૃત્ય) કરે અથવા પોતાના હકમાં બુરું કામ કરી બેશે, તો અલ્લાહને યાદ કરે, અને પોતાના ગુનાહોની મા'ફી માંગે, અને અલ્લાહ સિવાય કોણ છે ગુનાહ મા'ફ કરનારો ?" (સૂ. ૩ : આ. ૧૩૫) જેમાં એક તો એવું માર્ગદર્શન છે કે, ગુનાહોમાં રાચેલા રહેવું અલ્લાહ તઆલાની યાદ અને તેના ઝિક્રથી વ્યક્તિને ગાફેલ બનાવી દે છે. એટલા માટે જ્યારે કોઈ ગુનોહ થઈ જાય તો અલ્લાહ તઆલાને યાદ કરીને તરત જ તેના ઝિક્રમાં મશગૂલ થઈ જવું જોઈએ.

બીજી સૂચના એ છે કે, ગુનાહોની મા'ફી માટે બે વસ્તુઓ જરૂરી છે, એક તો પાછલા ગુનાહો ઉપર અફસોસ અને પસ્તાવો કરવો તથા તેનાથી મા'ફી માંગવી અને મગફિરતની દુઆ કરવી તથા બીજું, હવે પછી આવનારા જીવનમાં આવા ગુનાહો કરવાની વાત તો દૂર રહી પરંતુ તેની પાસે પણ ન ફરકવાનો પાકો નિર્ધાર કરી લેવો.

અલ્લાહ તઆલા આપણ સૌને કુર્આને કરીમના બતાવેલા સદ્વર્તાવ અને નેક અખ્લાક ઉપર અમલ કરવાની તૌફીક નસીબ ફરમાવે. આમીન.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાનઃ આયત નં.૧૩૯ થી ૧૪૩)

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾ اِنْ يَّمْسَسْكُمْ
قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ قَرْحٌ مِّثْلُهٗ ؕ وَتِلْكَ الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ ۚ وَلِيَعْلَمَ
اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ يَتَّخِذَ مِنْكُمْ شُهَدَآءَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿١٤٠﴾ۙ
وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَمْحَقَ الْكٰفِرِيْنَ ﴿١٤١﴾ اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا
الْجَنَّةَ وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ ﴿١٤٢﴾ وَلَقَدْ كُنْتُمْ
تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۠ فَقَدْ رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿١٤٣﴾ ع

તરજુમો :

અને આળસુ ન બનો તથા ગમગીન ન થાઓ, અને તમે જ ઉપરવટ (વર્ચસ્વવાળા) રહેશો; જો તમે ઈમાનવાળા છો. (૧૩૯) જો તમને ઈજા થઈ (આઘાત લાગ્યો) તો અલબત્ત તે કૌમને (પણ) તેના જેવી જ ઈજા થઈ અને આ દિવસો અમે લોકો વચ્ચે વારાફરતી બદલતા રહીએ છીએ; અને જેથી અલ્લાહ જાણી (ચકાસી) લે તે લોકોને જેઓ ઈમાન લાવ્યા, અને તમારામાંથી પણ (અમુકને) શહીદ બનાવે (શહાદતનો દરજ્જો આપે); અને અલ્લાહ જાલિમોને પસંદ નથી કરતો. (૧૪૦) અને જેથી અલ્લાહ પવિત્ર (પાક-સાફ) કરી આપે તે લોકોને જેઓ ઈમાન લાવ્યા, અને કાફિરોનો નાશ કરે. (૧૪૧) શું તમે એવું સમજો છો કે તમે જન્નતમાં (એમ જ) પ્રવેશ પામી લેશો ? અને હજુ અલ્લાહે ચકાસી (જાણી) નથી લીધું જે લોકો તમારામાંથી જિહાદ કરનારા છે, અને ચકાસી (જાણી) નથી લીધું જેઓ સબ્ર કરનારા છે. (૧૪૨) અને અલબત્ત તમે તેની મુલાકાત પહેલાં (અલ્લાહના રસ્તામાં) મૌતની તમન્ના કરતા હતા બસ હવે તમે તેને (મૌતને) પ્રત્યક્ષ જોઈ લીધું. (૧૪૩)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ આયતોમાં ફરી ઉહદની ઘટના બાબતે મુસલમાનોને આશ્વાસન

આપવાનો વિષય છે કે, હંમેશા અલ્લાહની નીતિ એવી જ ચાલી આવે છે કે, અંતે કાફિરો જ હાર, અપમાન તથા નુકસાન વેઠે છે. જો કે, તમે તે સમયે તમારી ખામીઓના કારણે પછડાટ ખાધી, પરંતુ પોતાના ઈમાનનો તકાદો એ જ છે કે, તકવા ઉપર કાયમ રહેશો તો ચોક્કસ અંતે કાફિરોનો જ પરાજય થવાનો છે.

તફસીર :

અને તમે (જો તે સમયે પછડાટ ખાધી તો શું થયું ?) હિંમત ન હારો અને ગમગીન ન થાઓ, અંતે તમે જ ઉપરવટ રહેશો જો તમે ઈમાનવાળા છો. (એટલે કે ઈમાનના તકાદાઓ ઉપર મજબૂતીથી વળગી રહો) જો તમને ઈજા થઈ (આઘાત પહોંચ્યો, જેમકે ઉહદમાં બન્યું) તો (કોઈ ગભરાવાની જરૂર નથી કારણ કે, અમુક હિકમતોના કારણે એક તો એ કે) તે કૌમને પણ (જે તમારા મુકાબલામાં હતી એટલે કે કાફિરોને) એવી જ ઈજા (પીડા) પહોંચી ચૂકી છે, (એટલા માટે અગાઉ થઈ ગયેલા બદ્રના યુદ્ધમાં તેઓ આવો આઘાત ઉઠાવી ચૂક્યા છે) અને (અમારો નિયમ છે કે) અમે દિવસોને (એટલે કે વિજય-પરાજયને દરેક યુગમાં) લોકો વચ્ચે અદલા-બદલી કરતા રહીએ છીએ (એટલે કે, ક્યારેક કોઈ એક પ્રજા વિજયી થાય છે, ક્યારેક તેનાથી ઊલટું પણ કરીએ છીએ. બસ, આ નિયમ પ્રમાણે પ્રજાઓ વિજયી અને પરાજિત કરવામાં આવતી હોય છે. હવે, તેમાં એક હિકમત આ થઈ) અને (બીજી હિકમત એ છે કે,) જેથી અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને (જાહેરી રીતે) જાણી લે (કારણ કે, મુસીબતના સમયે નિખાલસ અને નેક લોકોની પરીક્ષા થઈ જતી હોય છે) અને (ત્રીજી હિકમત એ છે કે) તમારામાંથી અમુકને શહીદ બનાવવા હતા (બીજી અન્ય હિકમતોનું વર્ણન આગળ આવે છે, વચ્ચે એક વાક્ય આ રીતે પણ કહેવામાં આવ્યું છે) અને અલ્લાહ તઆલા જુલમ (કુફ્ર-શિર્ક) કરનારાઓને પસંદ નથી કરતો. (બસ, એવી શંકા ન રાખે કે, કદાચ તેમને પસંદ કરવાના કારણે ઉહદમાં તેઓનો હાથ ઉપર રહ્યો. કદાપિ નહીં !) અને (ચોથી હિકમત એ છે કે) જેથી (ગુનાહોના) મેલથી ઈમાનવાળાઓને પાક-સાફ કરી દે (કારણ કે, મુસીબતથી અખ્લાક અને અમલોની સુધારણાની તક મળતી હોય છે) અને (પાંચમી હિકમત એ છે કે) કાફિરોનો નાશ કરવામાં આવે (આ એટલા માટે કે કાફિરોનો હાથ ઉપર રહેવાથી તેમની હિંમત વધી જશે, પછી મુકાબલામાં આવશે અને હલાક

થઈ જશે. બીજું એ કે, મુસલમાનો ઉપર જુલમ કરવાથી અલ્લાહના ગુસ્સાનો ભોગ બની નાશ પામશે.) હા ! અને સાંભળો ! શું તમે વિચાર કરો છો કે જન્નતમાં (વિશિષ્ટતા પૂર્વક) એમ જ દાખલ થઈ જશો ? જ્યારે કે હજુ અલ્લાહ તઆલાએ (જાહેરમાં) તે લોકોને ચકાસ્યા જ નથી જેમણે તમારામાં જિહાદ કર્યો હોય અને જેઓ (જિહાદમાં) ડટેલા રહ્યા હોય અને તમે તો (શહીદ થઈને) મરવાની (મોટી) તમન્ના કર્યા કરતા હતા, (મૌત) સામે આવતા પહેલાં તો બસ (તમારી તમન્ના પ્રમાણે) તે(ના સામાન)ને ખુલ્લી આંખોથી જોઈ લીધું, (તો પછી તેને જોઈને નાસવું જોઈએ નહીં અને તમે કરેલી તમન્નાને ભૂલવી પણ ન જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્વએ ઉહદની ઘટના પોતાની સંપૂર્ણ વિગત સાથે આ સૂરતમાં વર્ણન કરવામાં આવી ચૂકી છે, જેમાં એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે, તે જિહાદમાં મુસલમાનોની ત્રુટીઓ અને ખામીઓના કારણે શરૂઆતનો વિજય મુસલમાનો માટે મુશ્કેલીનો સમય સાબિત થયો, સિત્તેર સહાબએ કિરામ (રદિ.) શહીદ થયા, રસૂલે કરીમ ﷺ ઘાયલ થયા પરંતુ આ બધી બાબતો પછી પણ અલ્લાહ તઆલાએ યુદ્ધનું પાસું પલટી નાંખ્યું અને દુશ્મનોએ મોં ની ખાધી.

જિહાદના મૈદાનમાં આ થોડા સમય માટે ઊભી થયેલી મુશ્કેલીના ત્રણ કારણો હતા. પ્રથમ એ કે, રસૂલે કરીમ ﷺએ તિરંદાજોને જે હુકમ આપ્યો હતો, તેઓ અમુક કારણોથી તેના ઉપર કાયમ ન રહી શક્યા. કારણ કે તેમનામાં એવો મતભેદ થઈ ગયો કે, અમુક કહેતા હતા કે આપણે અહીંયાં જ ડટેલા રહેવું જોઈએ, પરંતુ ઘણા લોકોએ એવું કહ્યું કે, આપણે અહીંયાં થોભવાની કોઈ જરૂર નથી રહી. આપણે નીચે ઊતરીને બધાની સાથે ગનીમતનો માલ ભેગો કરવામાં લાગી જવું જોઈએ, માટે પ્રથમ કારણ આ પરસ્પરનો મતભેદ હતો. બીજું કારણ એ થયું કે, જ્યારે રસૂલે કરીમ ﷺ (નઊઝુબિલ્લાહ !) શહીદ થઈ જવાની અફવા ફેલાઈ ગઈ તો મુસલમાનોના દિલોમાં કમજોરી પૈદા થઈ ગઈ, જેનું પરિણામ હિંમત હારી જવાના સ્વરૂપમાં સામે આવ્યું. ત્રીજું કારણ જે આ બંને કારણોથી વધારે મહત્ત્વનું હતું, તે એ હતું કે, રસૂલુલ્લાહ ﷺના હુકમની તાબે'દારી કરવામાં મતભેદ થયો. આ ત્રણ ભૂલો મુસલમાનોથી થઈ ગઈ હતી, જે બિના પર તેમને થોડા સમય માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. જો કે, આ

થોડા સમય માટેની યુદ્ધના મૈદાનની મુશ્કેલી વિજયમાં તબદીલ થઈ ચૂકી હતી, પરંતુ મુસલમાન મુજાહિદો (યોદ્ધાઓ) મોટી સંખ્યામાં ઘાયલ થયા હતા, તેમના મોટા-મોટા બહાદુરોની લાશો તેમની આંખો સામે પડી હતી. પયગમ્બર ﷺને પણ ખૂબ સદમો પહોંચ્યો હતો. દરેકના મનમાં પોતાની ભૂલો ઉપર પસ્તાવાનો રંજ પણ હતો, હવે અહીંયાં બે વસ્તુઓ પૈદા થઈ ચૂકી હતી. એક તો પોતે કરેલ નાફરમાની અને ભૂલોનો રંજ અને ગમ અને બીજી વસ્તુ જેનો ભય હતો તે એ હતો કે, મુસલમાનો આવનારા સમયમાં ક્યાંક કમજોર ન થઈ જાય અને દુનિયાની પ્રજાઓની ઈમામત (આગેવાની)ની જે જવાબદારી તેમને સોંપવામાં આવી છે તેમાં કમજોરી પૈદા ન થઈ જાય ! એટલા માટે આ બંને ભયસ્થાનોને દૂર કરવા માટે કુર્આન શરીફે આ ઈરશાદ ફરમાવ્યો.

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ط એટલે કે, તમે આવનારા સમયમાં કમજોરી અને આળસને પોતાની પાસે પણ ન આવવા દો અને પાછલા કૃત્યો પર રંજ-ગમ (અફસોસ) ન કરો, અને છેવટે તો તમે ઉપરવટ થઈને જ રહેશો, શરત માત્ર એટલી છે કે ઈમાન અને તકવાના માર્ગ ઉપર ડટેલા રહો અને અલ્લાહ તઆલાના વાયદાઓ ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રસૂલે કરીમ ﷺની ઈતાઅતથી તથા જિહાદ ફી સબીલિલ્લાહથી પાછા ન હટો.

મતલબ એ હતો કે, પાછલી વાતો અને ભૂલો કે જે થઈ ચૂકી છે તેના ઉપર ગમગીન થઈ પોતાનો સમય અને શક્તિ વેડફવા કરતાં ભવિષ્યમાં પોતાના કાર્યોની સુધારણા માટેની ફિકર-ચિંતામાં લાગી જાઓ અને તેને સફળ બનાવો. ઈમાન, તકવા અને રસૂલે કરીમ ﷺનું આજ્ઞાપાલન ભવિષ્યમાં સફળતાની જામીનગીરી આપે છે, તેને હાથથી ન જવા દો, પરિણામે તમે જ વિજયી નિવડશો.

કુર્આનના આ પોકારે ભગ્ન હૃદયોને હૈયાધરપત આપી અને મૃત થઈ રહ્યા શરીરોમાં નવી રૂહની તાજગી ફૂંકી દીધી. વિચાર કરો કે, અલ્લાહ તઆલાએ આ લોકોની કેવી કેળવણી અને સુધારણા કરી અને કાયમી ધોરણે મુસલમાનોને એક નિયમ અને સિદ્ધાંત આપી દીધો કે, પાછળ થઈ ચૂકેલા નુકસાનો ઉપર ગમગીન કે દિલગીર થવામાં સમય બરબાદ કરવાના બદલે આવનારા સમયમાં

પોતાની ક્ષમતાઓ વધારી અને અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની સંપૂર્ણ તાબે'દારી કરી વધારે સંગઠિત થવું જોઈએ અને સાથે-સાથે એ પણ બતાવી દેવામાં આવ્યું કે, જો આવું કરશો તો અંતે તમારો જ વિજય થશે અને તમારો જ હાથ ઉપર રહેશે, આ સફળતા પ્રાપ્ત કરવામાં અસલ વસ્તુ ફક્ત ઈમાન અને ઈમાનના તકાદાઓ પૂરા કરવા છે. ઈમાનના તકાદાઓમાં તે તૈયારીઓ પણ સામેલ છે, જે યુદ્ધ માટે કરવામાં આવે છે એટલે કે, પોતાની લશ્કરી તાકાતને સંગઠિત કરવી, યુદ્ધની સાધન-સામગ્રી તૈયાર કરવી અને યુદ્ધ માટેની જરૂરી તા'લીમ, કેળવણી તથા સૈનિકોની ભરતી વગેરે દ્વારા સજ્જ થવું વગેરે પણ સામેલ છે. ગઝ્વએ ઉહદના કિસ્સામાં પ્રથમથી શરૂઆત સુધી આ બધા જ સિદ્ધાંતોનું શિક્ષણ મળે છે.

આ આયત પછી એક બીજી શૈલીમાં મુસલમાનોને દિલાસો આપવા માટે ઈરશાદ થયો કે, જો કે આ લડાઈમાં તમને આઘાત લાગ્યો અને તમારે તકલીફ ઉઠાવવી પડી, તો એવી જ રીતે સામે પક્ષે પણ દુશ્મનોને એ જ પ્રમાણેનો ઘા લાગી ચૂક્યો છે, તેઓ પણ નુકસાન ઊઠાવી ચૂક્યા છે. જો ઉહદમાં તમારા સિત્તેર મુસલમાનો શહીદ થઈ ચૂક્યા છે અને ઘણા બધા ઘાયલ થયા છે, તો એક વર્ષ પહેલાં તેમના સિત્તેર વ્યક્તિઓ બદ્રની લડાઈમાં જહન્નમમાં પહોંચી ચૂક્યા છે અને ખુદ આ લડાઈમાં પણ શરૂઆતમાં તેમના ઘણા વ્યક્તિઓ માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા છે. એટલા માટે ફરમાવવામાં આવ્યું,

اِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ قَرْحٌ مِّثْلُهٗ وَتِلْكَ الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ

એટલે કે, “જો તમને ઈજા થઈ તો તેમને પણ એવી ઈજા પહોંચી ચૂકી છે અને અમે આ દિવસોને વારાફરતી બદલતા રહીએ છીએ.” એમાં ઘણી બધી હિકમતો છુપાયેલી છે.

આ આયતમાં એક મહત્ત્વનો સિદ્ધાંત જાણવા મળે છે કે, અલ્લાહ તઆલાની સુન્નત આ દુનિયામાં એ જ છે કે, તે સખ્તી-નરમી, સુખ-દુઃખ, તકલીફ-રાહતના દિવસોને લોકોમાં અદલા-બદલી કરતો રહે છે. જો કોઈ કારણથી કોઈ બાતિલ શક્તિને કામચલાઉ ધોરણે વિજય અથવા સફળતા પ્રાપ્ત થઈ જાય તો સત્ય માર્ગ ઉપર ચાલતા જૂથે તેને દિલ ઉપર ન લેવું જોઈએ અને એવું ન સમજવું જોઈએ કે, અમારે હવે હંમેશા પરાજયનો જ સામનો કરવો

પડશે. બલકે, આ હારના કારણોને શોધીને તે કારણો દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. જો આવું કરવામાં આવશે તો છેવટે સત્ય ઉપર ચાલનારા જૂથનો વિજય નક્કી જ છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૪૪-૧૪૫)

وَمَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ أَفَإِنْ مَاتَ أَوْ قُتِلَ
انْقَلَبْتُمْ عَلَىٰ أَعْقَابِكُمْ وَمَنْ يَنْقَلِبْ عَلَىٰ عَقِبَيْهِ فَلَنْ يَضُرَّ اللَّهَ شَيْئًا وَسَيَجْزِي
اللَّهُ الشَّاكِرِينَ ﴿١٤٤﴾ وَمَا كَانَ لِنَفْسٍ أَنْ تَمُوتَ إِلَّا بِإِذْنِ اللَّهِ كِتَابًا مُؤَجَّلًا وَمَنْ
يُرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهِ مِنْهَا وَمَنْ يُرِدْ ثَوَابَ الْآخِرَةِ نُؤْتِهِ مِنْهَا وَسَنَجْزِي الشَّاكِرِينَ ﴿١٤٥﴾

તરજુમો :

અને મુહમ્મદ (ﷺ) તો માત્ર એક રસૂલ છે, અલબત્ત એમના પહેલાં ઘણા રસૂલો (અલૈ.) થઈ ચૂક્યા છે, પછી જો તેઓ મૃત્યુ પામે અથવા તેમની હત્યા (શહીદ) થઈ જાય, તો શું તમે તમારી એડીઓ ઉપર (ઊલટા પગે) પાછા વળી જશો ? અને જે કોઈ ઊલટા પગે પાછો ફરી જશે તો તે કદાપિ અલ્લાહનું કંઈ જ બગાડશે નહીં, અને અલ્લાહ શુક્ર કરનારાઓને ઘણો જ જલદી (સારો) બદલો આપશે. (૧૪૪) અને કોઈ સજીવ માટે (શક્ય) નથી કે તે અલ્લાહના હુકમ વિના મૃત્યુ પામે, એક નિશ્ચિત સમય લખેલો છે; અને જે દુનિયાનો બદલો ઇચ્છશે તેને અમે તેમાંથી આપી દઈશું અને જે આખિરતનો બદલો ઇચ્છશે અમે તેને તેમાંથી આપીશું; અને અમે શુક્ર કરનારાઓને ઘણો જ જલદી (સારો) બદલો આપીશું. (૧૪૫)

તફસીર :

અને મુહમ્મદ (ﷺ) માત્ર એક રસૂલ જ છે, (મુહમ્મદ અલ્લાહ નથી કે તેમની હત્યા થવી સંભવ ન હોય !) તેમનાથી પહેલાં ઘણાં રસૂલો (અલૈ.) ગુજરી ચૂક્યા છે (એ જ પ્રમાણે તેઓ પણ એક દિવસે ઇન્તેકાલ કરી જશે) બસ, જો તેમનો ઇન્તેકાલ થઈ જાય અથવા તેઓ શહીદ થઈ જાય, તો શું તમે લોકો

(જિહાદ અથવા ઈસ્લામથી) ઊલટા પગે પાછા ફરી જશો? (જેમકે આ ઘટનામાં અમુક મુસલમાનો યુદ્ધના મૈદાનમાંથી ભાગવા માંડ્યા હતા અને મુનાફિકો તેમને મુર્તદ થઈ જવાની પ્રેરણા આપી રહ્યા હતા.) અને જે વ્યક્તિ (જિહાદથી અથવા ઈસ્લામથી) ઊલટા પગે પાછો ફરી જશે તો અલ્લાહ તઆલાનું કોઈ નુકસાન કરશે નહીં (બલકે, પોતાનું જ નુકસાન કરી બેસશે) અને અલ્લાહ તઆલા ઘણો જ જલદી શુક્ર કરનાર લોકોને (સારો) બદલો આપશે. (જેઓ આવી પરિસ્થિતિમાં પણ અલ્લાહ તઆલાના ઈનામોને યાદ રાખીને તેના આજ્ઞાપાલન ઉપર કાયમ અને ડટેલા રહ્યા છે અને કયામત જલદી જ આવનારી છે, કારણ કે કયામત દરરોજ નજીક આવી રહી છે.) અને (વળી, કોઈના મૃત્યુ આવવાથી ગભરાઈ જવાની કોઈ જરૂર નથી, કારણ કે) કોઈ સજીવનું મૌત આવવું (દૃષ્ય-અદૃષ્ય રીતે એવી માન્યતા રાખવી) શક્ય જ નથી (કે) અલ્લાહ તઆલાના હુકમ સિવાય (મૌત આવી શકે છે માટે હવે જો મૌત આવવું અલ્લાહ તઆલાના હુકમથી જ છે તો તેના ઉપર રાજી રહેવું જરૂરી છે અને જેનું મૌત આવ્યું છે તે પણ) એ રીતે કે એક ચોક્કસ સમય (મૌતનો) લખેલો છે (જેમાં એક ક્ષણ માત્ર વહેલું કે મોડું નહીં થઈ શકે તો પછી દિલગીર અને ગમગીન થવું બેકાર છે, તે મૌત તો સમય ઉપર આવીને જ રહેવાનું છે અને સમય પહેલાં ક્યારેય મૌત આવી શકતું નથી.) અને (પછી આ કે જિહાદથી ભાગવાનું અંતિમ પરિણામ શું છે ? બસ, એટલું જ કે, દુનિયામાં અમુક દિવસો વધારે જીવતા રહેશો, તો હવે પોતાની યુક્તિ-પ્રયુક્તિઓનું પરિણામ જાણી લો કે) જે વ્યક્તિ (પોતાના અમલો અને યુક્તિઓનો) દુનિયવી લાભ ઈચ્છે છે તો અમે તેને દુનિયાનો હિસ્સો (પોતાની મહેનત અનુસાર) આપી દઈશું (અને આખિરતમાં તેના માટે કોઈ હિસ્સો નથી) અને જે વ્યક્તિ (પોતાના આ'માલ અને કૃત્યોનો) બદલો આખિરતમાં ઈચ્છે છે (દાખલા તરીકે, જિહાદમાં એટલા માટે ડટેલા રહ્યા કે તેનો સવાબ આખિરતમાં મળશે) તો અમે તેને આખિરતમાં (તેનો હિસ્સો તેને આપીશું અને) ઘણો જ જલદી સારો બદલો આવા શુક્રગુઝારોને આપીશું (કે જેઓ પોતાના અમલોથી આખિરતની નેઅ્મતો ઈચ્છે છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતો પણ ગઝ્વએ ઉહદની ઘટનાના સંદર્ભમાં છે, કારણ કે, તે

ઘટના અસ્તિત્વમાં આવવાનું એક ખાસ મહત્ત્વ છે. આ જ કારણ છે કે, કુર્આને કરીમે સૂરએ આલિ ઈમ્રાનના ચાર-પાંચ રુકૂઅ્ સુધી ગઝ્વએ ઉહદમાં ઘટનારી ઘટનાઓ અને હાર-જીતનું વર્ણન કર્યું છે તથા વિજય અને પરાજય બંનેમાં કુદરતના માર્ગદર્શનો અને હિદાયતોનો સતત ઉલ્લેખ કર્યો છે.

પ્રસ્તુત આયતોમાં પ્રથમ આયતમાં અમુક સહાબએ કિરામ (રદિ.)ને એક ભૂલ ઉપર તાકીદપૂર્વકની ચેતવણી આપીને એક એવા સિદ્ધાંતનું માર્ગદર્શન કરવામાં આવ્યું કે, વિચારનારાઓ માટે એનો પણ ખુલાસો મળી જાય છે કે, આ ગઝ્વએ ઉહદના સમયે યુદ્ધના મૈદાનમાં ઉપસ્થિત થયેલ હાર જેવી પરિસ્થિતિ અને તેમાં રસૂલે કરીમ ﷺનું ઘાયલ થવું તથા તેમની શહાદતની અફવા ફેલાઈ જવી અને તેનાથી અમુક સહાબા (રદિ.)નું હિંમત હારી જવું વગેરેમાં રહસ્ય એ હતું કે, મુસલમાનો આ મૂળ સૈદ્ધાંતિક નિયમમાં પાકા થઈ જાય અને તે સિદ્ધાંત એ હતો કે, ઈસ્લામના પાયાના સિદ્ધાંતોમાંના એક નિયમનું આગવું મહત્ત્વ એ પણ છે કે, રસૂલે કરીમ ﷺના માન-સન્માન અને મહોબ્બતને ઈમાનનો એક ભાગ ઠરાવવામાં આવ્યો છે, અને તેમાં નાની સરખી કમજોરી પણ કુફ્ર સમાન બતાવવામાં આવી છે. આ બાબત પણ એટલી જ મહત્ત્વની હતી કે, મુસલમાનોમાં આ બીમારી પૈદા ન થઈ જાય કે, જે બીમારીમાં નસારા (ઈસાઈ) સપડાઈ ગયા હતા અને હઝરત ઈસા (અલૈ.)ની મહોબ્બતમાં હદથી આગળ વધી ગયા અને તેમને અલ્લાહના દરજ્જે પહોંચાડી તેમની ઈબાદત કરવા લાગ્યા અને તેમને અલ્લાહ તઆલા સાથે ખુદાઈમાં શરીક કરવા લાગ્યા.

ગઝ્વએ ઉહદની થોડા સમય માટે હાર જેવી પરિસ્થિતિના સમયે જ્યારે કોઈએ એવી અફવા ફેલાવી દીધી કે, રસૂલે કરીમ ﷺનો ઈન્તેકાલ થઈ ગયો તો સહાબએ કિરામ (રદિ.) ઉપર જે ગુઝરી અને જે ગુઝરવી જોઈતી હતી તેનો નાનો સરખો અંદાઝો લગાવવો પણ દરેક વ્યક્તિ માટે સરળ નથી. તેનો અંદાઝો ફક્ત તે લોકો જ લગાવી શકે છે જેઓને સહાબએ કિરામ (રદિ.)ની કુર્બાનીની ભાવના અને રસૂલે કરીમ ﷺ સાથે તેમના ઈશ્કનો થોડું ઘણું અનુમાન હોય, જેને એ બાબત સારી રીતે ખબર હોય કે, તે લોકો એવા હતા કે, રસૂલે કરીમ ﷺની મહોબ્બતમાં પોતાનો માલ, ઔલાદ અને પોતાનો જીવ સઘળું ગુમાવી દેવામાં પોતાના માટે દુનિયાની સૌથી મોટી ઈજ્જત અને સફળતા સમજતા હતા અને આ

બાબતની વ્યવહારુ સાબિતીઓ પણ તેમણે આપી દીધી છે.

રસૂલુલ્લાહ ﷺના તે આશિકોના કાનોમાં જ્યારે એ ખબર પહોંચી તો તેમના હોશ-કોશની શું પરિસ્થિતિ હશે ? અને ખાસ એવા સમયે જ્યારે યુદ્ધના મૈદાનમાં લડાઈનો મોરચો ગરમ હતો તથા વિજય પછી પરાજયનો નકશો આંખો સામે ઘૂમી રહ્યો હતો, મુસલમાનોના પગો મોરચા ઉપરથી ઊખડી રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં તે વ્યક્તિ જ સમગ્ર કોશિશોનું કેન્દ્ર અને સમગ્ર આશાઓનું એકમાત્ર કિરણ હતું, એ પણ તેમનાથી વિદાય લઈ ચૂકી હોવાની ખોટી ખબર ફેલાઈ ગઈ હતી. તેનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું કે, સહાબએ કિરામ (રદિ.)ની એક મોટી સંખ્યા ભગ્ન હૃદયે જંગના મૈદાનમાંથી હટવા લાગી અને આ જિહાદના મૈદાનમાંથી હટી જવું જો કે, થોડીવાર માટે જ અને સંજોગોવસાત્ ઊભી થયેલી પરિસ્થિતિ અનુસાર જ હતું, એટલા માટે નઊઝુબિલ્લાહ ! તેમનું ઈસ્લામથી ફરી જવાની અથવા મુર્તદ થઈ જવાની કોઈ શંકા મનમાં લાવવાની કલ્પના સુદ્ધાં થઈ શકે નહીં, પરંતુ અલ્લાહ તબારક વ તઆલા તો રસૂલે કરીમ ﷺના સહાબા (રદિ.)ની એક એવી પવિત્ર અને ફરિશ્તાસિફત જમાઅત બનાવવા ઈચ્છતા હતા, જે દુનિયા માટે એક આદર્શ નમૂનો બની શકે, એટલા માટે તેમની નાની ભૂલોને પણ ઘણી ભારે ગણવામાં આવી.

نزدیکاں را بیش بود حیرانی،

તેમના માટે યુદ્ધનું મૈદાન છોડવા બાબતે એવું સંબોધન કરવામાં આવ્યું, જેવું કે ઈસ્લામ છોડવા ઉપર કરવામાં આવે છે અને સખત ચેતવણીની સાથે આ પાયાના મસ્અલા ઉપર તાકીદ કરવામાં આવી છે કે, દીન અને ઈબાદત માત્ર અલ્લાહ માટે જ હોવી જોઈએ. એ જ પ્રમાણે જિહાદ પણ એકમાત્ર તેના માટે જ હોવો જોઈએ કે, જે અલ્લાહ હંમેશા હયાત અને કાયમ છે. જો માની લો કે આ રસૂલે કરીમ ﷺ શહીદ થવાની ખબર સાચી પણ હોય, તો ભલે રસૂલે કરીમ ﷺનો ઈન્તેકાલ થઈ ગયો, દીને ઈસ્લામ તો એક દીન છે. એ ખબરથી હિંમત હારી જઈ દીનનું કામ છોડી દેવું એ તે લોકોના માન અને મર્યાદાને શોભા આપે તેમ ન હતું. એટલા માટે ફરમાવવામાં આવ્યું,

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ.... એટલે કે, "મુહમ્મદ (ﷺ) એક રસૂલ માત્ર

છે (અલ્લાહ નથી !) આપ (ﷺ)થી પહેલાં પણ ઘણા રસૂલો ગુજરી ચૂક્યા છે, જો તેમની વફાત થઈ જાય અથવા તેમને શહીદ કરી નાંખવામાં આવે અને શહાદત મળે તો શું તમે લોકો પાછા પગે ફરી જશો ? અને જે કોઈ પાછા પગે ફરી જશે તે અલ્લાહનું કંઈ જ બગાડશે નહીં અને અલ્લાહ તઆલા શુક્ર કરનારાઓને (સારો) બદલો આપશે.''

એમાં તાકીદ કરવામાં આવી કે, રસૂલુલ્લાહ ﷺ તો એક દિવસે અંતે આ ફાની જગતને અલવિદા કહી દેશે. રસૂલે કરીમ ﷺ પછી પણ મુસલમાનોએ દીન ઉપર ડટેલા રહેવાનું છે, તેનાથી એ પણ જાણ ગઈ કે, ઉહદની આ થોડા સમયની હાર જેવી પરિસ્થિતિના સમયે રસૂલે કરીમ ﷺ ઘાયલ થવાની અને તેમના શહીદ થવાની જે અફવા ફેલાઈ ગઈ હતી તે કુદરતનું એક રહસ્ય હતું કે, રસૂલે કરીમ ﷺ પછી જે પરિસ્થિતિઓ સહાબએ કિરામ (રદિ.) સામે આવવાની છે તેને તેમની દુનિયાની હયાતીમાં જ સહાબા (રદિ.)ને બતાવી દેવામાં આવે, જેથી તેઓ તેમાં જો કોઈ ભૂલ કરે તો રસૂલે કરીમ ﷺ દ્વારા જ તેની સુધારણા થઈ જાય અને જ્યારે આગળ ઉપર ખરેખર તેમના ઈન્તેકાલની ઘટના બને તો તેમના આ આશિકો હિંમત હારી ન બેસે અને પોતાના હોશ ન ખોઈ બેસે. એટલા માટે એવું જ થયું કે, જ્યારે રસૂલે કરીમ ﷺની વફાત થઈ તે સમયે મોટા-મોટા સહાબએ કિરામ (રદિ.) પોતાનું શાન-ભાન ગુમાવી બેઠા ન હતા. જો કે થોડી દિલગીરી વધારે પ્રમાણમાં થવાથી હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ જ્યારે આ જ પ્રકારની કુર્આનની સનદો દ્વારા તેમને સમજાવ્યા તો બધાએ જ પોતાની જાતને સંભાળી લીધી અને રસૂલે કરીમ ﷺની વફાતનો સદમો અને આઘાત વેઠવાની હિંમત કેળવી લીધી.

ત્યાર પછી બીજી આયતમાં પણ દુર્ઘટનાઓ અથવા તકલીફોના સમયે હિંમત ટકાવી રાખવાની તા'લીમ આપવા માટે એ ઈરશાદ ફરમાવ્યો કે, દરેક વ્યક્તિનું મૌત અલ્લાહ પાસે લખેલું છે, તેની તારીખ, દિવસ અને સમય નક્કી જ છે. ન તેનાથી પહેલાં મૌત આવી શકે છે અને ન જ તે પછી કોઈ જીવંત રહી શકે છે, તો આ મૌત માટે આટલા બધા બેબાકળા બની જવાની જરૂર નથી.

અંતે એ પણ તાકીદ ફરમાવી કે, ઉહદની ઘટનાના મુખ્ય કારણોમાંથી એક કારણ એ પણ હતું કે, જેમને રસૂલે કરીમ ﷺએ લશ્કરની પૂઠ પાછળ આવેલા

પહાડ ઉપર સુરક્ષા માટે મોરચે ગોઠવ્યા હતા, શરૂઆતના વિજય સમયે તેઓ અન્ય લશ્કરવાળાઓ સાથે મળી માલે ગનીમત ભેગો કરવામાં પ્રવૃત્ત થઈ ગયા અને તેઓએ એવું સમજી લીધું કે, આપણને વિજય મળી ચૂક્યો છે. હવે, આ મોરચા ઉપર ઊભા રહેવાની કોઈ આવશ્યકતા નથી અને તેઓ પોતાની જગ્યાએથી હટી ગયા. એટલા માટે ઈરશાદ ફરમાવ્યો,

وَمَنْ يُّرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا وَسَنَجْزِى الشّٰكِرِيْنَ "જે વ્યક્તિ પોતાના અમલથી દુનિયાનો બદલો ઇચ્છે છે, અમે તેને દુનિયામાં અમુક હિસ્સો આપી દઈએ છીએ અને જે આખિરતનો સવાબ ઇચ્છે છે તો તેને આખિરતનો સવાબ મળે છે અને અમે ઘણા જ જલદી શુક્ર કરનારાઓ (ઉપકાર માનનારાઓ)ને સારો બદલો આપીશું." *(સૂરહ : ૩, આયત : ૧૪૫)*

તેમાં કહેવામાં આવ્યું છે કે, માલે ગનીમત (યુદ્ધના મૈદાનમાં દુશ્મન સેનાનો શસ્ત્ર-સરંજામ અને પુરવઠો વગેરે ઝૂંટવી કબજે લઈ લેવાને માલે ગનીમત કહેવામાં આવે છે) ભેગો કરવાની ચિંતામાં રસૂલે કરીમ ﷺએ નક્કી કરેલ મોરચો છોડી બેઠા, તે તેમની ભૂલ હતી. હવે યાદ રાખો કે, વાસ્તવિક રીતે માલે ગનીમત ભેગો કરવો એ કોઈ નરી દુનિયાદારી નથી અને શરીઅતની રૂએ વખોડવાપાત્ર બાબત પણ નથી બલકે, દુશ્મનો પાસેથી તેમનો શસ્ત્ર-સરંજામ અને યુદ્ધનો પુરવઠો જપ્ત કરી તેને સુરક્ષિત કરવો અને પછી તેનાથી લાભ ઉઠાવવો પણ એક પ્રકારે જિહાદનો જ ભાગ છે અને એક મોટી ઈબાદત પણ છે. એટલે આ સહાબા (રદિ.)નો માલે ગનીમત ભેગો કરવામાં ભાગ લેવો કોઈ દુનિયવી લાલચના કારણે ન હતું કારણ કે, શરીઅતના નિયમો અનુસાર જો તેઓએ માલે ગનીમત ભેગો કરવામાં ભાગ ન પણ લીધો હોત તો પણ તેમને તેમાંથી તેમને ફાળે આવતો હિસ્સો ચોક્કસ મળ્યો હોત. એટલા માટે એવું ન કહી શકાય કે, આ લોકોએ દુનિયાની લાલચ માટે પોતાનો મોરચો છોડી દીધો બલકે, જેમકે પહેલી આયતની તફસીરમાં વર્ણન થઈ ચૂક્યું છે કે, મોટા લોકોની નાની ભૂલો પણ મોટી સમજવામાં આવે છે અને તેમનો મા'મૂલી ગુનોહ પણ ઘણો સખત ગુનોહ ઠરાવવામાં આવે છે અને તેના ઉપર ક્રોધપૂર્વક ચેતવણી આપવામાં આવે છે, તે જ અહીંયાં પણ છે કે માલે ગનીમત ભેગો કરવામાં અમુક અંશે દુનિયાનો નફો મેળવવાનો સંબંધ જરૂર હતો અને એ સંદર્ભે માનવ સ્વાભાવગત

દિલોમાં તેની ખુશીનો પ્રભાવ પડવો શક્ય હતો. એટલા માટે સહાબએ કિરામ (રદિ.)ના અખ્લાકના સ્તરને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવા માટે તેમના આ કૃત્યને પણ દુનિયા પ્રાપ્ત કરવાનો અમલ બતાવવામાં આવ્યો, જેથી આવનારા સમયમાં તેમના દિલોમાં દુનિયાની લાલચની હલકી ધૂળ પણ ન લાગવા પામે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૪૬ થી ૧૪૮)

وَكَاَيِّنْ مِّنْ نَّبِيٍّ قٰتَلَ ۙ مَعَهٗ رِبِّيُّوْنَ كَثِيْرٌ ۚ فَمَا وَهَنُوْا لِمَآ اَصَابَهُمْ فِيْ سَبِيْلِ
اللّٰهِ وَمَا ضَعُفُوْا وَمَا اسْتَكَانُوْا ۗ وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ ﴿١٤٦﴾ وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّآ
اَنْ قَالُوْا رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا
عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿١٤٧﴾ فَاٰتٰىهُمُ اللّٰهُ ثَوَابَ الدُّنْيَا وَحُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ ۗ
١٥ ع ٦ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٤٨﴾ ع

તરજુમો :

અને ઘણા નબીઓ (અલૈ. થયા) છે, તેમની સાથે રહીને ઘણા અલ્લાહવાળા લડયા; પછી તેઓએ તે (મુસીબતો)ના કારણે આળસ ન કરી (હિંમત ન હાર્યા) જે તેમને અલ્લાહના રસ્તામાં પડી; અને ન જ તેમણે કમજોરી બતાવી; અને ન જ તેઓ દબાઈ ગયા; અને અલ્લાહ સબ્ર કરનારાઓની પસંદ કરે છે. (૧૪૬) અને તેમનું કહેવું એના સિવાય ન હતું કે, તેમણે કહ્યું (દુઆ કરી); હે અમારા પરવરદિગાર ! અમારા ગુનાહ અને અમારાથી અમારા કામમાં જે અતિરેક થયો હોય તેને મા'ફ કરી દે, અને અમને અડીખમ રાખ અને કાફિર કૌમ ઉપર(ના મુકાબલામાં) અમારી મદદ કર. (૧૪૭) પછી અલ્લાહે તેમને દુનિયાનો સવાબ આપ્યો અને આખિરતનો ઘણો સારો સવાબ આપ્યો; અને અલ્લાહ ભલાઈ કરનારાઓને પસંદ કરે છે. (૧૪૮)

તફસીર :

અને ઘણા નબીઓ થઈ ચૂક્યા, જેમની સાથે રહીને ઘણા બધા અલ્લાહવાળાઓ (કાફિરોની સાથે) લડયા છે, ન તેમણે હિંમત હારી તે મુસીબતોના કારણે જે તેમને અલ્લાહના રસ્તામાં પડી અને ન જ તેમનું (દિલ અથવા શરીરનું) જોર ઘટયું અને ન જ તેઓ (દુશ્મન સામે) દબાઈ ગયા (કે તેમનાથી દબાઈને તેમની સાથે ખુશામતની વાતો કરવા લાગ્યા) અને અલ્લાહ તઆલા એવા અડગ રહેનાર લોકોને પસંદ કરે છે (અને તેમના કૃત્યોમાં તેમનાથી ભૂલ કેવી રીતે થઈ શકે છે?) તેમની જીભથી પણ તેના સિવાય કંઈ જ નથી નીકળતું કે તેમણે (અલ્લાહ તઆલાની બારગાહમાં) વિનંતી કરી, હે અમારા પરવરદિગાર ! અમારા ગુનાહોને અને અમારા કામોમાં મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાને મા'ફ કરી દે અને અમને (કાફિરોના મુકાબલામાં) અડગ રાખ અને અમને કાફિર લોકો ઉપર વિજય આપ, તો (આ અડગતા અને અલ્લાહ સામે કરવામાં આવેલ આજિઝી અને વિનંતીની બરકતથી) તેમને અલ્લાહ તઆલાએ દુનિયામાં પણ (સારો) બદલો આપ્યો (એટલે કે વિજય અને સફળતા આપી) અને આખિરતમાં પણ શ્રેષ્ઠ બદલો આપ્યો (એટલે કે અલ્લાહ તેમનાથી રાજી થયો અને તેમને જન્નત અર્પણ કરી) અને અલ્લાહ તઆલા આવા ભલાઈ કરનારઓને પસંદ કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં અગાઉના અંબિયા (અલૈ.) સાથે જિહાદમાં સામેલ થનાર લોકોની અલ્લાહના રસ્તામાં કરવામાં આવેલ યુદ્ધ સમયે અડીખમ રહેવાની તથા સખત મુસીબતોથી પણ ન ગભરાવાની કે કમજોર ન થવાની બાબત વર્ણન થઈ છે. ત્યાર પછી એમના એક શ્રેષ્ઠ ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેઓ પોતાની અજોડ કુર્બાનીઓ હોવા છતાં અલ્લાહના દરબારમાં અમુક દુઆઓ કરતા રહેતા હતા. જેમકે, અમારા પાછલા ગુનાહોને મા'ફ કરી દે, અમારા વર્તમાન જિહાદના અમલમાં અમારાથી જે ઉણપ રહી ગઈ હોય તેને મા'ફ કરી દે અને અમને હંમેશા અડગ અને અડીખમ રાખજે, અમને દુશ્મનો ઉપર વિજય આપજે વગેરે... આ દુઆઓમાં મુસલમાનો માટે અમુક મહત્ત્વનું માર્ગદર્શન છે.

પોતાના કોઈ સારા કૃત્યો ઉપર અભિમાન ન કરવું જોઈએ બલકે, દરેક પરિસ્થિતિમાં અલ્લાહ પાસે મગફિરત (મા'ફી)ની અને પોતાના નેક કૃત્યો ઉપર કાયમ ટકી રહેવાની દુઆ કરતા રહેવું જોઈએ :

વાસ્તવિકતા ઉપર ઊંડી નજર રાખનાર મો'મિનોનું કામ એ છે કે તેઓ ગમે એટલું મોટું કામ કરી લે અથવા કેટલોય મોટો સંઘર્ષ અલ્લાહના રસ્તામાં કરી રહ્યા હોય, એમનો એ અધિકાર જ નથી કે, તેઓ પોતાના આ કૃત્યો ઉપર અભિમાન અને ગર્વ કરે, કારણ કે વાસ્તવમાં આ અમલ પણ અલ્લાહ તઆલાના જ ફઝ્લ અને તેની મહેરબાનીના પરિણામે છે, તેની મદદ વિના કોઈ નેક અમલ થઈ જ નથી શકતો. હદીષમાં છે કે,

فَوَاللّٰهِ لَوْلَا اللّٰهُ مَا اهْتَدَيْنَا وَلَا تَصَدَّقْنَا وَلَا صَلَّيْنَا

"જો અલ્લાહનો ફઝ્લ (કૃપા) અને મહેરબાની ન હોત તો આપણને સીધા માર્ગની હિદાયત ન મળી હોત; અને ન જ આપણાથી ઝકાત અને નમાઝ અદા થઈ શકી હોત."

આ ઉપરાંત તે નેક અમલો જે મનુષ્ય કરે છે તે ભલે ગમે એટલા વ્યવસ્થિત અને બરાબર હોય પરંતુ ''માલિકુલ મુલ્ક વલ મલકૂત''ની શા'ને જલાલી પ્રમાણે તે કૃત્યને કરી લેવું તેની ક્ષમતા બહારની બાબત છે. એટલા માટે તે નેક કૃત્યનો હક્ક અદા કરવામાં ઉણપ રહી જવી સ્વાભાવિક બાબત છે. આવી પરિસ્થિતિમાં અમલની સાથે સાથે ઈસ્તિગફાર (મા'ફીની યાચના) પણ અત્યંત જરૂરી છે.

વળી, એ પણ નિશ્ચિત અને સંપૂર્ણ સંતોષ પામવા જેવી ખબર નથી કે, અત્યારે જે નેક કામો તે કરી રહ્યો છે આગળ ઉપર પણ તેને આવા નેક કામો કરવાની તૌફીક મળશે. એટલા માટે માનવી અત્યારે કરી રહેલા અમલની કોતાહી (ઉણપ) બાબતે અલ્લાહની મા'ફી માંગવી તથા આવનારા સમયમાં આ જ નેક કૃત્યો ઉપર અડીખમ અને મક્કમ રહેવાની દુઆ કરતા રહેવું દરેક મો'મિનનો નિત્યક્રમ હોવો જોઈએ.

પ્રસ્તુત દુઆઓમાં સૌ પ્રથમ પોતાના પાછલા ગુનાહોની મા'ફીની દરખાસ્ત કરવામાં એ તરફ ઈશારો છે કે, દુનિયામાં મનુષ્યને જે રંજ, ગમ,

તકલીફ અથવા કોઈ મુસીબત દુશ્મનના મુકાબલામાં પરાજય વગેરે સ્વરૂપે વેઠવી પડે છે, તે મોટે ભાગે પોતાના અગાઉના ગુનાહોની અસરના કારણે હોય છે, જેનો ઈલાજ ઈસ્તિગફાર અને તવબહ છે. મૌલાના રૂમી (રહ.) ફરમાવે છે,

غم چو بینی زود استغفار کن غم بامرِ خالق آمد کار کن

છેલ્લી આયતમાં અલ્લાહવાળાઓને દુનિયા અને આખિરત બંનેમાં સારો બદલો આપવાનું વર્ણન છે કે, દુનિયામાં પણ અલ્લાહ તઆલા છેવટે દુશ્મનો ઉપર ગાલિબ કરી તેમને પોતાના મકસદમાં સફળતા આપે છે, પછી આખિરતનો બદલો તો અસલ બદલો છે અને તે કાયમી રાહત સ્વરૂપે મળે છે, જે ક્યારેય સમાપ્ત નહીં થાય. એ તરફ ઈશારો કરવા માટે આખિરતના સવાબની સાથે શબ્દ حُسْن "હુસ્ન" એટલે કે 'સારો' શબ્દ વધારી દીધો અને وَحُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ (અને આખિરતનો સારો બદલો) ફરમાવ્યું.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૪૯-૧૫૦)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تُطِيْعُوا الَّذِيْنَ كَفَرُوْا يَرُدُّوْكُمْ عَلٰۤى اَعْقَابِكُمْ
فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ ﴿۱۴۹﴾ بَلِ اللّٰهُ مَوْلٰىكُمْ ۚ وَهُوَ خَيْرُ النّٰصِرِيْنَ ﴿۱۵۰﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોનું કહ્યું માનશો તો તેઓ તમને ઊલટા પગે પાછા ફેરવી દેશે, પછી તમે નુકસાનમાં પલટાઈ જશો. (૧૪૯) બલકે અલ્લાહ તઆલા તમારો બેલી છે અને તે સૌથી શ્રેષ્ઠ મદદગાર છે. (૧૫૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ગઝ્વએ ઉહદમાં મુસલમાનો માટે યુદ્ધના મૈદાનમાં થોડા સમય માટે હાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને રસૂલુલ્લાહ ﷺના ઈન્તેકાલની અફવા ફેલાઈ ગઈ હતી, તેના કારણે જ્યારે મુનાફિકોએ યુદ્ધનું પાસું પલટાતું જોયું તો પોતાની અસલિયત ઉપર ઊતરી આવ્યા અને મુસલમાનોને ફોસલાવવા લાગ્યા

કે, જ્યારે હવે નબી ﷺ જ નથી રહ્યા તો હવે આપણે પોતાનો મૂળ ધર્મ જ કેમ અપનાવી ન લઈએ ? જેનાથી બધા જ ઝઘડા ખતમ થઈ જાય ! આ બાબતથી મુનાફિકોના નાપાક ઈરાદાઓ જાહેર થાય છે કે, તેઓ મુસલમાનોના છુપા દુશ્મન અને તેમનું બુરું ઈચ્છનારા હતા. એટલા માટે પ્રસ્તુત આયતમાં મુસલમાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, આ દુશ્મનોની વાતો ઉપર ધ્યાન ન આપવામાં આવે. તેમને કોઈ પોતાના સલાહ-મશ્વરામાં સામેલ ન કરે અને કોઈ તેમની સલાહ ઉપર અમલ ન કરે. જે રીતે પાછળની આયતમાં અલ્લાહવાળાઓનું અનુસરણ કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, એ જ પ્રમાણે અહીંયાં મુનાફિકો અને ઈસ્લામના વિરોધીઓના સલાહ-મશ્વરા પર અમલ ન કરવાનું અને તેમના ષડયંત્રોથી બચતા રહેવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોનું કહ્યું માનશો તો તેઓ તમને (કુફ્ર તરફ) ઊલટા ફેરવી દેશે (ભાવાર્થ એ છે કે તે લોકોનો મૂળ હેતુ મુસલમાનોને તેમના દીનથી હટાવી તેમને ઈસ્લામથી બદગુમાન કરવાનો છે. એટલા માટે ક્યારેક ખુલ્લમ-ખુલ્લું કહી આપે છે અને ક્યારેક ખુલ્લું નથી કહેતા, પરંતુ વાતચીતનો અંદાઝ અને શૈલી એવી અપનાવે છે કે, ધીરે-ધીરે મુસલમાનોના દિલોમાં ઈસ્લામની મહોબ્બત અને તેની અઝમત-શ્રેષ્ઠતા નાશ પામે.) પછી તમે (દરેક રીતે) નિષ્ફળ થશો, (ખુલાસો એ છે કે તેઓ તમારા મિત્ર કદાપિ નથી ભલે તેઓ મિત્રતાનો દેખાડો કરતા હોય !) બલકે, અલ્લાહ તઆલા જ તમારો દોસ્ત છે અને તે જ સૌથી વધારે સારો મદદ કરનારો છે. (એટલા માટે મુસલમાનોએ ફક્ત અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ, દરેક તેની મદદ ઉપર જ ભરોસો કરે; વિરોધીઓ જો તમારી કોઈ મદદ અથવા સહાયતાની યુક્તિઓ બતાવે તો પણ અલ્લાહ અને તેના રસૂલ ﷺના હુકમો વિરૂદ્ધ તેના ઉપર અમલ ન કરે).

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન : આયતો : ૧૫૧-૧૫૨)

سَنُلْقِي فِي قُلُوبِ الَّذِينَ كَفَرُوا الرُّعْبَ بِمَا أَشْرَكُوا بِاللَّهِ مَا لَمْ يُنَزِّلْ بِهِ
سُلْطَانًا ۚ وَمَأْوَاهُمُ النَّارُ ۚ وَبِئْسَ مَثْوَى الظَّالِمِينَ ﴿١٥١﴾ وَلَقَدْ صَدَقَكُمُ اللَّهُ
وَعْدَهُ إِذْ تَحُسُّونَهُمْ بِإِذْنِهِ ۖ حَتَّىٰ إِذَا فَشِلْتُمْ وَتَنَازَعْتُمْ فِي الْأَمْرِ وَعَصَيْتُمْ
مِنْ بَعْدِ مَا أَرَاكُمْ مَا تُحِبُّونَ ۚ مِنْكُمْ مَنْ يُرِيدُ الدُّنْيَا وَمِنْكُمْ مَنْ
يُرِيدُ الْآخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ لِيَبْتَلِيَكُمْ ۖ وَلَقَدْ عَفَا عَنْكُمْ ۗ وَاللَّهُ
ذُو فَضْلٍ عَلَى الْمُؤْمِنِينَ ﴿١٥٢﴾

તરજુમો :

અમે ઘણા જ જલદી કાફિરોના દિલોમાં રુઆબ (ધાક) બેસાડી દઈશું, એટલા માટે કે તેમણે અલ્લાહનો ભાગીદાર ઠરાવ્યો, જેનું તેણે કોઈ પ્રમાણ નથી ઊતાર્યું અને તેમનું ઠેકાણું દોઝખ છે અને જાલિમોનું (ઘણું) ખરાબ ઠેકાણું છે. (૧૫૧) અને અલબત્ત અલ્લાહે તમારી સાથે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો, જ્યારે તમે તેમને તેના (અલ્લાહના) હુકમથી કતલ કરવા લાગ્યા; એટલે સુધી કે જ્યારે તમે ઢીલા પડી ગયા અને (નબી ﷺના) હુકમમાં વિવાદ કર્યો, ત્યાર પછી નાફરમાની કરી, જ્યારે કે તમારી (ઇચ્છિત) પ્રિય વસ્તુ (વિજય) બતાવી ચૂક્યા, તમારામાંથી કોઈ દુનિયા ઇચ્છતો હતો અને તમારામાંથી કોઈ આખિરત ઇચ્છતો હતો, પછી તેણે (અલ્લાહે) તમને તેનાથી ફેરવી દીધા, જેથી તમને અજમાવે; અને ખરેખર તેણે તમને મા'ફ કર્યા અને અલ્લાહ મો'મિનો ઉપર કૃપા કરનારો છે. (૧૫૨)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં અલ્લાહ તઆલા સહાયક અને મદદગાર હોવાનું વર્ણન થયેલ છે. આ આયતોમાં અલ્લાહ તઆલાની અમુક મદદોનો ઉલ્લેખ થયો છે.

તફસીર :

અમે હમણાં કાફિરોના દિલોમાં રુઆબ (ધાક) નાંખી દઈએ છીએ, એટલા માટે કે તેમણે અલ્લાહનો ભાગીદાર એક એવી વસ્તુને ઠરાવી જેના (ભાગીદાર હોવા) વિશે અલ્લાહ તઆલાએ કોઈ દલીલ ઊતારી નથી (ન તો ખુલ્લમ-ખુલ્લા શબ્દોમાં અને ન જ સંદિગ્ધ અર્થમાં, એટલે કે એવી દલીલ જે શરીઅતમાં કોઈ હેસિયત ધરાવતી હોય તથા તેમાં દરેક બૌદ્ધિક અને તાર્કિક દલીલો સામેલ હોય. મતલબ એ છે કે આમ તો કોઈપણ જાહિલ-અજ્ઞાની કોઈને કોઈ દલીલો રજૂ કર્યા જ કરે છે પરંતુ તેમની પાસે કોઈ ભરોસાપાત્ર દલીલ હોતી નથી) અને તેમની જગ્યા જહન્નમ છે અને તે જાલિમોનું બુરું ઠેકાણું છે. (આ આયતમાં કાફિરો ઉપર રુઆબ અને ધાક બેસાડવાનો વાયદો કરવામાં આવ્યો છે, તે એવી રીતે જાહેર થયું હતું કે, પ્રથમ તો અરબના મુશ્રિકો યુદ્ધમાં મુસલમાનો પરાજયના આરે હોવા છતાં, વિના કોઈ દેખીતા કારણે, યુદ્ધ અનિર્ણાયક છોડીને મક્કા તરફ પાછા ફરી ગયા. -બયઝાવી; પછી જ્યારે થોડો માર્ગ પસાર કરી ચૂક્યા તો પોતાની મૂર્ખાઈ ઉપર અફસોસ કરવા લાગ્યા કે, જ્યારે મુસલમાનો પરાજયના આરે હતા તો તેવા સમયે ત્યાંથી પાછા ફરી જવું અને યુદ્ધ અનિર્ણાયક છોડી દેવું કોઈ બુદ્ધિનું કામ ન હતું અને જ્યારે તેમણે મદીના ફરીવાર કૂચ કરવાનો ઈરાદો કર્યો તો અલ્લાહે તેમના દિલો ઉપર એવો રુઆબ અને ધાક જમાવી દીધી કે, મદીના તરફ આગળ વધવાની હિંમત ન કરી શક્યા.

તેમણે કોઈ રસ્તે ચાલતા વટેમાર્ગુઓને કહી આપ્યું કે, અમે તમને આટલો માલ આપીશું, તમે મદીના પહોંચીને મુસલમાનોને બીવડાવી દો કે, તેઓ પાછા હુમલો કરવા આવી રહ્યા છે. અહીંયાં આ સમગ્ર ઘટના રસૂલે કરીમ ﷺને વહી દ્વારા જાણ થઈ ગઈ તો તેઓ તેમનો પીછો કરવા માટે "હમ્રઉલ અસદ"ના સ્થળ સુધી પહોંચ્યા, પરંતુ તેઓ ભાગી ગયા હતા. આ આયત તે જ ઘટનાના સંદર્ભમાં ઊતરી હતી.

આગલી આયતોમાં ગઝ્વએ ઉહદમાં મુસલમાનોની થોડા સમય માટેની હાર જેવી પરિસ્થિતિના કારણોનું વર્ણન થયું છે. ઈરશાદ છે,)

"અને ખરેખર અલ્લાહ તઆલાએ તમારાથી પોતાનો (મદદનો) વાયદો

સાચો કરી બતાવ્યો, જે સમયે તમે (યુદ્ધની શરૂઆતમાં) અલ્લાહના હુકમથી કાફિરોને કતલ કરી રહ્યા હતા (અને તમારો આ વિજય ધીરે-ધીરે વધતો ચાલ્યો) એટલે સુધી કે, તમે પોતે જ (તમારા અભિપ્રાયમાં) કમજોર થઈ ગયા (એવી રીતે કે જે ઉકબના મોરચા ઉપર રસૂલે કરીમ ﷺએ પચાસ સૈનિકોને એક કમાન્ડરની આગેવાનીમાં બેસાડયા હતા, તેમાંથી અમુકને ગેરસમજ થઈ ગઈ કે મુસલમાનો વિજયી બની ચૂક્યા છે, હવે અમારે અહીંયાં બેસી રહેવાની કોઈ જરૂર નથી. એટલા માટે આપણે પણ દુશ્મનોના મુકાબલામાં શામિલ થઈ જવું જોઈએ.) અને પરસ્પર (રસૂલુલ્લાહ ﷺના) હુકમમાં વાદ-વિવાદ કરવા લાગ્યા (કે અમુક તો આ સ્થળે ડટેલા રહેવાની સૂચના ઉપર કાયમ રહ્યા, પરંતુ અમુકે બીજી યોજના બતાવી અને સ્થળ છોડી દીધું, તો આ બીજી યોજનાને જ અત્રે વખોડવામાં આવી રહી છે) અને તમે (રસૂલુલ્લાહ ﷺના) કહેવા ઉપર ન ચાલ્યા ત્યારબાદ કે તમને તમારી ઈચ્છા પ્રમાણેની વાત (આંખોથી) બતાવી હતી (એટલે કે મુસલમાનોનો વિજય થતો બતાવ્યો હતો અને તે સમયે તમારી એવી હાલત હતી કે,) તમારામાંથી અમુક તો એવા હતા જેઓ દુનિયા (લેવા) ઈચ્છતા હતા (એટલે કે કાફિરોનો પીછો કરીને ગનીમતનો માલ ભેગો કરવા ઈચ્છતા હતા) અને અમુક તમારામાંથી એ હતા જે (ફક્ત) આખિરતના ઈચ્છુક હતા (હવે અમુકની સલાહની કમજોરી તથા રસૂલુલ્લાહ ﷺના હુકમ વિરૂદ્ધ બીજી યોજના ઉપર અમલ કરવાથી અને રસૂલે કરીમ ﷺના કહ્યા ઉપર ન ચાલવાનો તથા દુનિયાની ઈચ્છા કરવાનો ખોટો અમલ થઈ ગયો તો અલ્લાહ તઆલાએ પણ પોતાની મદદ રોકી લીધી) અને પછી તમને તે કાફિરો (ઉપર વિજયી થવા)થી હટાવી લીધા, (તે છતાં કે આ હાર જેવી પરિસ્થિતિ તમારા જ કૃત્યોનું પરિણામ હતી, જો કે, અલ્લાહ તરફથી આ અમલ સજા સ્વરૂપે નહીં પરંતુ એક મસ્લિહત સ્વરૂપે હતો) જેથી અલ્લાહ તઆલા તમારી (ઈમાનની) કસોટી કરે (જેથી તે સમયે મુનાફિકોનો નિફાક ખુલ્લો થઈ જાય અને નિખાલસ લોકોનું સન્માન વધી જાય) અને વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલાએ તમને મા'ફ કરી દીધા (હવે આખિરતમાં તેની પૂછતાછ થશે નહીં) અને અલ્લાહ તઆલા મુસલમાનો(ની હાલત) ઉપર ઘણો મહેરબાન છે.

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલા સમક્ષ સહાબએ કિરામ (રદિ.)નું ઉચ્ચ સ્થાન અને તેની છૂટછાટો :

એ દેખીતું છે કે, ગઝ્વએ ઉહદમાં અમુક સહાબએ કિરામ (રદિ.)ના અભિપ્રાયમાં ભૂલ થઈ હતી, જેના વિશે પાછળ ઘણી આયતોમાં ચેતવણી અને હવેથી આવી બાબતની સુધારણા કરવાનું માર્ગદર્શન આપવાનો ક્રમ ચાલ્યો આવે છે, પરંતુ આ ચેતવણી અને તાકીદમાં પણ સહાબએ કિરામ (રદિ.) સાથે અલ્લાહ તઆલાએ ઈનામ અને તેમની પ્રતિષ્ઠા વધારી છે. પ્રથમ તો لِيَبْتَلِيَكُمْ (લિયબ્તલિયકુમ) "જેથી તે તમને અજમાવી લે." ફરમાવીને એવું જાહેર કરી દીધું કે, થોડા સમય માટેની હાર જેવી પરિસ્થિતિનું સ્વરૂપ સામે આવ્યું, તે શિક્ષા સ્વરૂપે ન હતું બલકે, તેમાં એક કસોટી હતી. પછી સ્પષ્ટ શબ્દોમાં આ ભૂલને મા'ફ કરવાની જાહેરાત કરવામાં આવી. وَلَقَدْ عَفَا عَنكُمْ "અને ખચીત અમે તમને મા'ફ કર્યા."

અમુક સહાબએ કિરામ (રદિ.)એ દુનિયાની ઇચ્છા કરી, તેનો શું અર્થ છે ? :

પ્રસ્તુત આયતોમાં ઈરશાદ થયો છે કે, તે સમયે સહાબએ કિરામ (રદિ.)ના બે જૂથો થઈ ગયા હતા, અમુક દુનિયા ઈચ્છતા હતા, અમુક ફક્ત આખિરતના ઈચ્છુક હતા.

અત્રે એ બાબત વિચાર કરવા યોગ્ય છે કે, જે લોકો વિશે દુનિયાના ઈચ્છુક હોવાનું વર્ણન થઈ રહ્યું છે આ તેમના તે કૃત્યોના કારણે છે કે, તેઓ ગનીમતનો માલ ભેગો કરવા માટે મોરચો છોડી પહાડની નીચે આવ્યા હતા. આ જ બાબતને "તેમણે દુનિયાની ઈચ્છા કરી," કહેવામાં આવ્યું છે. હવે, વિચાર કરો કે, જો તેઓ પોતાના મોરચા ઉપર ડટેલા રહ્યા હોત અને ગનીમતનો માલ ભેગો કરવામાં શામિલ ન થયા હોત તો શું તેમના હિસ્સામાં ગનીમતના માલનો ભાગ ઓછો આવ્યો હોત ? અને શું ગનીમતનો માલ ભેગો કરવામાં સામેલ થવાથી ગનીમતનો ભાગ વધી ગયો હોત ? કુર્આન અને હદીષથી સાબિત થયેલો કાયદો છે અને ગનીમતને જે વ્યક્તિ જાણે છે તેને કોઈ શંકા નથી થઈ શકતી કે, ગનીમતનો જે ભાગ તેમને મળવાનો છે તેમાં કોઈપણ પરિસ્થિતિમાં કોઈ વધારો-ઘટાડો થઈ

શકતો હતો. ગનીમતનો માલ ભેગો કરવામાં સામેલ થવા અથવા ન થવાના સ્વરૂપમાં પણ તેમને એટલો જ હિસ્સો મળવાનો હતો જેટલો તેમના માટે શરીઅતનના કાયદા અનુસાર નક્કી હતો.

તો હવે આ દેખીતું છે કે, તેમનો આ અમલ ફક્ત દુનિયાની ઇચ્છા તો નથી હોઈ શકતી બલકે, મુજાહિદીનના કામમાં સામેલ થઈ તેમની મદદ કરવાની ઇચ્છા હતી. હા ! માનવ સ્વભાવની પ્રકૃતિ પ્રમાણે તે સમયે ગનીમતના માલનો વિચાર દિલમાં આવી જવો કોઈ મોટી વાત નથી, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺના સાથીઓના દિલોને તેનાથી પણ પવિત્ર અને પાક-સાફ રાખવાની ઇચ્છા કરી કે, તે ગનીમતનો માલ જ કેમ ન હોય ? એટલા માટે આવા માલને પણ દુનિયા તરીકે ઓળખાવવામાં આવ્યો અને આ બાબતને પણ નાપસંદ કરવામાં આવી. ફક્ત અલ્લાહ વધું જાણે છે.

આયતો :(સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૫૩ થી ૧૫૫)

إِذْ تُصْعِدُونَ وَلَا تَلْوُونَ عَلَىٰ أَحَدٍ وَالرَّسُولُ يَدْعُوكُمْ فِي أُخْرَاكُمْ فَأَثَابَكُمْ غَمًّا بِغَمٍّ
لِكَيْلَا تَحْزَنُوا عَلَىٰ مَا فَاتَكُمْ وَلَا مَا أَصَابَكُمْ ۗ وَاللَّهُ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ ﴿١٥٣﴾ ثُمَّ أَنْزَلَ
عَلَيْكُمْ مِنْ بَعْدِ الْغَمِّ أَمَنَةً نُعَاسًا يَغْشَىٰ طَائِفَةً مِنْكُمْ ۖ وَطَائِفَةٌ قَدْ أَهَمَّتْهُمْ
أَنْفُسُهُمْ يَظُنُّونَ بِاللَّهِ غَيْرَ الْحَقِّ ظَنَّ الْجَاهِلِيَّةِ ۖ يَقُولُونَ هَلْ لَنَا مِنَ الْأَمْرِ
مِنْ شَيْءٍ ۗ قُلْ إِنَّ الْأَمْرَ كُلَّهُ لِلَّهِ ۗ يُخْفُونَ فِي أَنْفُسِهِمْ مَا لَا يُبْدُونَ لَكَ ۖ يَقُولُونَ
لَوْ كَانَ لَنَا مِنَ الْأَمْرِ شَيْءٌ مَا قُتِلْنَا هَاهُنَا ۗ قُلْ لَوْ كُنْتُمْ فِي بُيُوتِكُمْ لَبَرَزَ الَّذِينَ
كُتِبَ عَلَيْهِمُ الْقَتْلُ إِلَىٰ مَضَاجِعِهِمْ ۖ وَلِيَبْتَلِيَ اللَّهُ مَا فِي صُدُورِكُمْ وَلِيُمَحِّصَ
مَا فِي قُلُوبِكُمْ ۗ وَاللَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿١٥٤﴾ إِنَّ الَّذِينَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ
الْتَقَى الْجَمْعَانِ إِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطَانُ بِبَعْضِ مَا كَسَبُوا ۖ وَلَقَدْ عَفَا اللَّهُ عَنْهُمْ ۗ
١٧ ع ٨ إِنَّ اللَّهَ غَفُورٌ حَلِيمٌ ﴿١٥٥﴾

તરજુમો :

જ્યારે તમે (મોઢું ઊઠાવીને) ચઢતા જઈ રહ્યા હતા અને કોઈને પાછળ ફરીને જોતા ન હતા; અને રસૂલ (ﷺ) તમને તમારી પાછળથી પોકારી રહ્યા હતા, પછી તમને ગમના બદલામાં ગમ પહોંચ્યો, જેથી તમે ગમ કર્યા ન કરો, તેના ઉપર (કે) જે (તમારા હાથોમાંથી) નીકળી જાય અને ન એના ઉપર જે તમારી સામે આવે; અને અલ્લાહ તે સઘળું જાણે છે જે તમે કરી રહ્યા છો. (૧૫૩) પછી તેણે તમારા ઉપર ગમના બદલે (સલામતીવાળી) શાંતિની ઊંઘ ઉતારી (જેણે) તમારામાંથી એક જૂથને ઢાંકી લીધું અને એક જૂથને પોતાના પ્રાણની ચિંતા થઈ રહી હતી; તેઓ અલ્લાહ વિશે અવાસ્તવિક જાહિલો (નાદાનો) જેવી ધારણા કરતા હતા; કહેતા હતા શું અમારા માટે (અમારા અધિકારમાં) કોઈ કામ છે ? (હે નબી ﷺ !) તમે કહી આપો ! બધા જ કામો અલ્લાહના માટે (અલ્લાહના અધિકારમાં) છે; તેઓ પોતાના દિલોમાં છુપાવે છે જેને તમારી સમક્ષ જાહેર નથી કરતા; તેઓ કહે છે જો કોઈ કામ અમારા માટે (અમારા અધિકારમાં) હોત તો અમે અહીંયાં માર્યા ગયા ન હોત ! કહી આપો ! જો તમે પોતાના ઘરોમાં હોત તો જેના ઉપર (જેની કિસ્મતમાં) માર્યા જવાનું લખ્યું હતું તે જરૂર પોતાના (હત્યાના) સ્થળો તરફ નીકળી ગયા હોત; જેથી અલ્લાહ અજમાવે જે કંઈ તમારા સીનાઓ (દિલો)માં છે, અને જેથી તમને સ્વચ્છ કરી આપે જે તમારા દિલોમાં છે અને અલ્લાહ દિલોના ભેદને ખૂબ (સારી રીતે) જાણનારો છે. (૧૫૪) બેશક ! જે લોકો તમારામાંથી પીઠ ફેરવી ગયા, જે દિવસે બે જૂથો (લશ્કરો) સામ-સામે થયા અને વાસ્તવમાં તેમને શયતાને બહેકાવી (ફોસલાવી) દીધા તેમના અમુક કૃત્યો (ગુનાહ)ના કારણે; અને અલબત્ત અલ્લાહે તેમને મા'ફ કરી દીધું; બેશક ! અલ્લાહ (મોટો) બખ્શનારો અને (ઘણો) સહનશીલ છે. (૧૫૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આ આયતો પણ ગઝ્વએ ઉહદની ઘટનાના સંદર્ભમાં છે, પ્રથમ આયતમાં આ ઘટના ઉપર સહાબએ કિરામ (રદિ.)ના રંજ અને ગમનું વર્ણન છે

અને બીજી લાંબી આયતોમાં તેમના ગમને દૂર કરવા બાબતનો ઉલ્લેખ છે. ત્રીજી આયતમાં પુનરાવર્તિત સ્વરૂપે તેનું વર્ણન થયું છે કે, તેમાં જે હાર જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી તે પણ કોઈ શિક્ષા સ્વરૂપે ન હતી બલકે, મો'મિનો અને નિખાલસ લોકો તથા મુનાફિકો વચ્ચે તફાવત સ્પષ્ટ કરવા માટે એક કસોટી હતી અને ફરીવાર સહાબએ કિરામ (રદિ.)ની ભૂલોની મા'ફીની જાહેરાતનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે.

તફસીર :

તે સમયને યાદ કરો ! જ્યારે તમે (દોડીને જંગલ તરફ) ચઢી રહ્યા હતા અને કોઈને પણ પાછું વળીને જોતા ન હતા અને રસૂલ (ﷺ) તમારી પાછળની બાજુએથી તમને પોકારી રહ્યા હતા (કે આ તરફ આવો, પરંતુ તમે સાંભળ્યું જ નહીં !) તો બસ અલ્લાહ તઆલાએ તેના બદલામાં ગમ આપ્યો, (તમારા રસૂલ ﷺને) ગમ આપવાના બદલામાં જેથી (આ મુસીબત ઉપસ્થિત થવાના કારણે તમારામાં પરિપક્વતા આવી જાય, જેનાથી ફરી) તમને ગમ ન થાય અને અલ્લાહ તઆલા તમારા બધા કામોની બધી ખબર રાખે છે (એટલા માટે તમે જે કામો કરતા હોય છે તેના યોગ્ય પરિસ્થિતિ ઉપસ્થિત કરે છે, આ ગમને દૂર કરવાનો ઉલ્લેખ છે). પછી અલ્લાહ તઆલાએ તે ગમ પછી તમારા ઉપર ચૈન (અને રાહત) મોકલી દીધી, એટલે (કે) ઊંઘ (જ્યારે કે કાફિરો મૈદાનમાંથી પાછા ચાલ્યા ગયા તે સમયે મુસલમાનો ઉપર ગૈબથી ઊંઘ છવાઈ ગઈ, જેના કારણે બધો જ ગમ દૂર થઈ ગયો) કે તમારામાંથી એક સમૂહ (એટલે કે મુસલમાનો) ઉપર તો ઊંઘ છવાઈ રહી હતી અને એક સમૂહ તે હતો (એટલે કે મુનાફિકોનો) કે તેમને પોતાના પ્રાણની ચિંતા સતાવી રહી હતી (કે જુઓ, અહીંયાંથી સુરક્ષિત પાછા જઈએ છીએ ?) તે લોકો અલ્લાહ તઆલા સાથે અવાસ્તવિક ધારણા બાંધી રહ્યા હતા, જે ફક્ત મૂર્ખામીવાળી ધારણા હતી. (આ અવાસ્તવિક વિચાર તેમના નિવેદનથી જાહેર થાય છે અને એ પ્રમાણે તેમના જવાબથી તેમની મૂર્ખાઈ તથા અજ્ઞાનતા જાહેર થાય છે. તેમનું નિવેદન હતું કે,) તેઓ એવું કહી રહ્યા હતા, શું અમારો કોઈ અધિકાર ચાલે છે ? (મતલબ એવો હતો કે અમારી સલાહ કોઈએ ન સાંભળી, જે અમે યુદ્ધ પહેલાં આપી હતી અને અમારી સલાહ ન સાંભળવાથી બધા મુસીબતમાં ફસાઈ ગયા.) તમે કહી આપો કે સઘળો અધિકાર તો

અલ્લાહનો જ (ચાલે) છે, (મતલબ એ છે કે જો તમારી સલાહ ઉપર અમલ કર્યો હોત તો પણ અલ્લાહ તઆલાનો નિર્ણય અંતિમ નિર્ણય રહ્યો હોત અને જે પરિસ્થિતિ આવવાની હતી તે આવીને રહી હોત, એટલા માટે તેમના નિવેદનોનો જવાબ આગળ વિગતવાર આવે છે.) તે લોકો પોતાના દિલોમાં એવી વાત છુપાવી રાખે છે જેને આપની સામે (ખુલ્લમ-ખુલ્લા) જાહેર નથી કરતા (કારણ કે જાહેરમાં આ નિવેદન કે "અમારો શું અધિકાર છે ?"થી આ મતલબ સમજી શકાય છે કે અલ્લાહની તકદીર સામે બંદાની યુક્તિ-પ્રયુક્તિઓ ચાલતી નથી અને આવો વિશ્વાસ ધરાવવો જ ઈમાનની મુખ્ય શરત છે અને અલ્લાહ તઆલા તરફથી તેનો રસપ્રદ જવાબ આપવામાં આવ્યો, તેના અર્થનું સમર્થન પણ થઈ ગયું છે કે, ખરેખર સર્વત્ર અલ્લાહ તઆલાનો જ અધિકાર છવાયેલો છે, પરંતુ વાસ્તવમાં તેમનો હેતુ આ નિવેદનથી એ ન હતો બલકે તેઓ આ વાત એટલા માટે) કહે છે કે, જો અમારો અધિકાર ચાલ્યો હોત (એટલે કે અમારી સલાહ ઉપર અમલ થયો હોત) તો અમારા(માંથી જે લોકો અહીંયાં માર્યા ગયા તેઓ) અહીંયાં માર્યા ન જાત ! (જેનો અર્થ એ છે કે, તેઓના અભિપ્રાય પ્રમાણે જાણે તકદીર કોઈ વસ્તુ જ નથી. એટલા માટે તેમના આવા નિવેદનોનો રદિયો આ રીતે આપવામાં આવ્યો કે) તમે ફરમાવી આપો કે, જો તમે લોકો પોતાના ઘરોમાં પણ હોત તો પણ જે લોકો માટે માર્યા જવું લખાઈ ચૂક્યું હતું તે લોકો તે સ્થળો તરફ (આવવા માટે) નીકળી પડ્યા હોત, જ્યાં તેઓ (કતલ થઈને) પડ્યા છે (મતલબ એ છે કે આ જાહેર નુકસાન જે પ્રમાણે થયું તે કોઈ ટાળી શકાય એવી બાબત ન હતી) અને (તેના લાભો અને ફાયદાઓ પણ ઘણા મહાન હતા કારણ કે) જે કંઈ થયું એટલા માટે થયું જેથી અલ્લાહ તઆલા તમારી અંદરની વાતો (એટલે કે ઈમાન)ની કસોટી કરે (કારણ કે તે મુસીબતના સમયે મુનાફિકોનો "નિફાક" જાહેર થઈ ગયો હતો અને મો'મિનોનું ઈમાન વધારે મજબૂત અને દઢ થયું હતું) અને જેથી તમારા દિલોની વાત (એટલે કે આ જ ઈમાન)ને (ભ્રમણા અને વસવસાઓથી) સ્વચ્છ કરી આપે (કારણ કે મુસીબતથી મો'મિનનું ધ્યાન અન્યો તરફથી હટીને એકમાત્ર અલ્લાહ તઆલા તરફ કેન્દ્રિત થઈ જાય છે, જેનાથી ઈમાન વધારે મજબૂત અને શક્તિશાળી બને છે) અને અલ્લાહ તઆલા બધી ગુપ્ત વાતોને ખૂબ સારી રીતે જાણે છે (તેને કસોટી કરવાની કોઈ આવશ્યકતા જ

નથી પરંતુ એટલા માટે કે ન્યાયની પદ્ધતિ પ્રમાણે આરોપીનો ગુનોહ ખુલ્લમ-ખુલ્લો સ્પષ્ટ થઈને સામે આવે. એટલા માટે આવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં આવે છે.) ખરેખર, તમારામાંથી જે લોકોએ (યુદ્ધના મૈદાનમાંથી) પીઠ ફેરવી હતી જે દિવસે કે તેઓ બંને જમાઅતો (મુસલમાનો અને કાફિરોની) પરસ્પર સામ-સામે થઈ (એટલે કે ઉહદના દિવસે, તેનું કારણ) તેના સિવાય બીજું કંઈ જ ન હતું કે તેમને શયતાને થાપ આપી દીધી (અને) તેમના અમુક (પાછલા) અમલોના કારણે (એટલે તેમનાથી અમુક ભૂલો અને ત્રુટીઓ એવી થઈ ગઈ કે જેનાથી શયતાનના બહેકાવવાથી તેમને પણ ગુનોહ કરવાની ઇચ્છા થઈ ગઈ અને યોગાનુયોગ તે લાલચ પૂરી પણ થઈ ગઈ, પરંતુ) અને વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલાએ તેમને મા'ફ કરી દીધા. ખરેખર, અલ્લાહ તઆલા ઘણો મોટો મા'ફ કરનારો (અને) ઘણો સહનશીલ છે (કે બંદાઓની ખામીઓ અને ભૂલોને પણ મોટા ભાગે મા'ફ કરે છે અને કોઈ શિક્ષા આપતો નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત પ્રથમ આયતમાં અમુક સહાબએ કિરામ (રદિ.)નું યુદ્ધનું મૈદાન છોડીને ચાલ્યા જવાની તથા પોતે રસૂલુલ્લાહ ﷺ દ્વારા તેમને પોકારવાની તથા આ પોકારવા છતાં પણ તેમના પાછા ન આવવાની અને તેના ઉપર રસૂલુલ્લાહ ﷺને ગમ થવાની તથા આ ગમના બદલામાં સહાબએ કિરામ (રદિ.) પણ ગમગીન થવાની બાબતનું વર્ણન થયું છે અને હદીષની રિવાયતોમાં છે કે, હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)એ જ્યારે પોકાર કર્યો તો બધા મુસલમાન ભેગા થઈ ગયા.

આ બાબતની સ્પષ્ટતા અને વિવરણ રૂહુલ મઆનીના લેખકે આ પ્રમાણે કરી છે કે, "પ્રથમ રસૂલુલ્લાહ ﷺએ બધાને પોકાર્યા, આ પોકાર બધા સહાબએ કિરામ (રદિ.)એ સાંભળ્યો નહીં અને દૂર સુધી પહોંચી ગયા, તે સમયે હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)એ બૂમો પાડી તો તે બધાએ સાંભળી લીધી અને બધા ભેગા થઈ ગયા."

બયાનુલ કુર્આનમાં હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ ફરમાવ્યું છે કે, "ગભરામણનું મૂળ કારણ એ ખબર હતી કે, રસૂલુલ્લાહ ﷺ શહીદ થઈ ગયા,

રસૂલે કરીમ ﷺના પોકારવામાં આ ખબરનો કોઈ રદિયો તો હતો નહીં અને શક્ય છે કે, કદાચ તેમના સુધી અવાજ પહોંચ્યો પણ હોય પરંતુ તેઓ તે અવાજને કદાચ ઓળખી પણ ન શક્યા હોય, પછી જ્યારે હઝરત કઅ્બ બિન માલિક (રહ.)એ બૂમો પાડી તો એમાં આ ખબર (અફવા)નો રદિયો અને રસૂલુલ્લાહ ﷺ સહી સલામત હોવાની જાહેરાત હતી. આ સાંભળીને બધાને સંતોષ થઈ ગયો અને બધા ભેગા થઈ ગયા. બાકી રહ્યું એ કે, પછી તેના ઉપર અલ્લાહ તઆલા તરફથી ચેતવણી અને રસૂલે કરીમ ﷺને ગમ કેમ થયો? તેનું કારણ એ હોઈ શકે છે કે, જો તેઓએ સ્વતંત્ર રીતે વિચાર્યું હોત તો (રસૂલે કરીમ ﷺના) અવાજને ઓળખી શક્યા હોત !"

ઉહદની મુસીબત શિક્ષા ન હતી બલકે, કસોટી હતી અને અમુક સહાબા (રદિ.)થી જે ભૂલો થઈ હતી તેને મા'ફ કરવામાં આવી :

وَلِيَبْتَلِيَ اللّٰهُ مَا فِىْ صُدُوْرِكُمْ થી એ જાણ થાય છે કે, ગઝ્વએ ઉહદમાં જે મુસીબતો અને તકલીફો સહાબએ કિરામ (રદિ.)ને પડી તે શિક્ષા સ્વરૂપે ન હતી બલકે, કસોટી સ્વરૂપે હતી. આ પરીક્ષા દ્વારા મો'મિનો, મુખ્લિસો અને મુનાફિકોમાં ભેદ સ્પષ્ટ કરવાનો હેતુ હતો અને اَثَابَكُمْ غَمًّا "તેણે તમને ગમ પહોંચાડયો"ના શબ્દોથી જે તેમાં શિક્ષા હોવાનું જાહેર થાય છે, તેનો ખુલાસો એ છે કે, સ્વરૂપ તો શિક્ષાનું હતું, પરંતુ આ શિક્ષા જે રીતે ચેતવણી સ્વરૂપે એક બાપ પોતાના પુત્રને અથવા એક ઉસ્તાદ પોતાના શાગિર્દને આપે છે તે પ્રમાણે હતી, તેને શિક્ષા પણ કહી શકાય છે, પરંતુ વાસ્તવમાં તે કેળવણી અને સુધારણાનું એક સ્વરૂપ હોય છે અને તે કોઈ ગુનાહના બદલા સ્વરૂપે આપવામાં આવતી સજા કરતાં અલગ સ્વરૂપની સજા હોય છે.

ઉહદની ઘટનામાં મુસલમાનો ઉપર મુસીબતના કારણો શું હતા ? :

لِيَبْتَلِيَكُمْ "જેથી અલ્લાહ અજમાવે"થી આયતના અંત સુધી જે ઇરશાદ છે તેનાથી એ જાણ થાય છે કે, મુસીબત ઉપસ્થિત થવાનું કારણ અલ્લાહની હિકમતો જ હતી પરંતુ આગલી આયતમાં اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا (૩ : ૧૫૫)થી એ જાણ થાય છે કે, તે લોકોની કોઈ પાછલી ભૂલો આ શયતાની અસરનું કારણ છે.

તેનો જવાબ એ છે કે, જાહેર કારણ પણ તે ભૂલો જ છે કે જેના કારણે

શયતાને તેમને ગુનોહ કરવાની પ્રેરણા આપી અને યોગાનુયોગ તે ગુનોહ કરવાની લાલચ પૂર્ણ પણ થઈ ગઈ, પરંતુ આ ભૂલ અને તેના પછી આવનારા પરિણામોમાં અલ્લાહ તઆલાની એવી હિકમતો પણ હતી, જેને لِيَبْتَلِيَكُمْ માં વર્ણન કરી છે. રૂહુલ મઆનીમાં ઝજ્જાજથી નકલ કર્યું છે કે, શયતાને તેમને અમુક તે ગુનાહો યાદ અપાવ્યા જેના કારણે અલ્લાહ તઆલાને આ ગુનાહો સાથે મળવું તેમને સારું ન જણાયું. એટલા માટે તેઓ તે સમયે જિહાદથી હટી ગયા, જેથી તેઓ પોતની હાલત સુધારીને ફરીવાર યોગ્ય પરિસ્થિતિમાં જિહાદ કરે અને શહીદ થઈને અલ્લાહને મળે.

એક ગુનોહ બીજા ગુનાહનું કારણ બની શકે છે :

જેવી રીતે એક નેકી બીજી નેકીને ખેંચી લાવે છે, એટલે કે નેક અમલ અને ગુનાહોમાં આકર્ષણ શક્તિ છે. જ્યારે વ્યક્તિ કોઈ એક નેક કામ કરી લે છે તો અનુભવ એ બાબતનો સાક્ષી છે કે, તેના માટે બીજી નેકીઓ પણ સરળ થઈ જાય છે અને એના દિલમાં નેક અમલોનું આકર્ષણ વધી જાય છે. એવી જ રીતે મનુષ્ય જ્યારે કોઈ ગુનોહ કરે છે તો તેનાથી બીજા ગુનાહોનો માર્ગ મોકળો બની જાય છે. દિલમાં ગુનાહનું આકર્ષણ વધી જાય છે, એટલા માટે અમુક બુઝુર્ગોએ ફરમાવ્યું,

اِنَّ مِنْ جَزَاءِ الْحَسَنَةِ الْحَسَنَةَ بَعْدَهَا وَاِنَّ مِنْ جَزَاءِ السَّيِّئَةِ السَّيِّئَةَ بَعْدَهَا،

"નેક કામનો એક રોકડ બદલો બીજી નેકી છે, (નેકી કરનારને) એની તૌફીક થઈ જાય છે અને ખરાબ કૃત્યની એક સજા તે બીજો ગુનોહ છે જેના માટે પ્રથમ ગુનાહે માર્ગ મોકળો કરી દીધો છે."

હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ "મસાઈલુલ્ સુલૂક"માં ફરમાવ્યું, "હદીષના ખુલાસાનો મતલબ એ છે કે, ગુનાહથી દિલમાં એક અંધકાર અને કાળાશ પૈદા થઈ જાય છે અને જ્યારે દિલમાં અંધકાર છવાય જાય તો શયતાન કાબૂ મેળવી લે છે."

અલ્લાહ સમીપ સહાબએ કિરામ (રદિ.)નું ઉચ્ચ કક્ષાનું સ્થાન તથા તેમની ભૂલોને બખ્શવાનો અજોડ મા'મલો :

ઉહદની ઘટનામાં જે ભૂલો અને ત્રુટીઓ અમુક સહાબએ કિરામ (રદિ.)થી થઈ હતી તે એક ઘણી જ સખત ભૂલ હતી, જે મોરચા ઉપર પચાસ

સહાબા (રદિ.)ને એવો હુકમ આપીને ગોઠવ્યા હતા કે, અમારા ઉપર કોઈપણ પ્રકારની પરિસ્થિતિ આવી પડે, તમારે અહીંયાંથી હટવાનું નથી. પરંતુ આવા હુકમ છતાં તેઓ મોટી સંખ્યામાં ત્યાંથી હટી ગયા. જો કે, આ હટવાનું કારણ તેમની આ ઈજ્તેહાદી ભૂલ હતી કે હવે વિજય મળી ચૂક્યો છે, આ હુકમને અદા કરવાનો સમય પૂરો થઈ ચૂક્યો છે. એટલે આપણે અહીંયાંથી નીચે ઊતરીને બધા મુસલમાનો સાથે ભેગા થઈ જવું જોઈએ, પરંતુ વાસ્તવમાં તેમણે રસૂલે કરીમ ﷺની સ્પષ્ટ સૂચના અને હુકમનો અનાદર કર્યો હતો. આ ભૂલ અને આવા નિર્ણયના પરિણામે યુદ્ધના મૈદાનમાંથી પાછા હટવાની બીજી ભૂલ થઈ. ભલે, તેમાં પણ કોઈ તા'વીલનો સહારો લેવામાં આવ્યો હોય, જેમકે ઝજ્જાજ દ્વારા ઉપર વર્ણન કરવામાં આવી ચૂક્યું છે, પછી આ યુદ્ધના મૈદાનથી પાછા હટવાની એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ કે, રસૂલુલ્લાહ ﷺ તેમની સાથે છે અને તેઓ પાછળથી તેમને પોકારી રહ્યા છે. આ બાબતોને જો ઉપસ્થિત થયેલ પરિસ્થિતિઓ અને તે મહાનુભવોના વ્યક્તિત્વથી અલગ કરીને જોવામાં આવે તો નિઃશંક આ અતિભયંકર અને એવી સખત સંગીન ભૂલો હતી કે "મુશાજરાતે સહાબા" (સહાબા રદિ.ના ઈજ્તેહાદી મતભેદો)ના અનુસંધાને જેટલા આક્ષેપો અમુક સહાબા (રદિ.)ના વિરોધીઓ તરફથી તેમના ઉપર લગાવવામાં આવે છે, આ બાબત તે બધાથી વધારે સખત અપરાધીક હેસિયત ધરાવે છે.

પરંતુ વિચાર કરો કે, અલ્લાહ તઆલાએ તે બધી જ ભૂલો અને ત્રુટીઓ પછી પણ આ લોકો સાથે કેવો વ્યવહાર કર્યો તે પ્રસ્તુત આયતમાં ઘણી સ્પષ્ટતા સાથે આવી ગયું કે, પ્રથમ દેખીતી રીતે ઈનામ સ્વરૂપે આ લોકો ઉપર ઊંઘ સ્વરૂપે શાંતિ છવાઈ ગઈ અને તેમની તકલીફો તથા પરેશાનીઓ માનસિક રીતે દૂર થઈ ગઈ. પછી એ બતાવવામાં આવ્યું કે જે મુસીબતો અને રંજ-ગમ મુસલમાનોને તે સમયે પહોંચ્યો છે તે કોઈ શિક્ષા અથવા અલ્લાહના ગુસ્સાના કારણે નથી બલકે, તેમાં અલ્લાહની એક હિકમત અને ભેદ છુપાયેલો છે. પછી સ્પષ્ટ શબ્દોમાં મા'ફીનું એલાન કરવામાં આવ્યું, આ બધી બાબતો એક અન્ય સ્થળે આ અગાઉ પણ આવી ચૂકી છે. આ સ્થળે ફરીવાર તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે, આ પુનરાવર્તન કરવામાં એક હિકમત એ પણ છે કે, પ્રથમ વખતે તો પોતે સહાબએ કિરામ (રદિ.)ના આશ્વાસન અને હૈયાધરપત માટે આ ઈરશાદ ફરમાવવામાં

આવ્યો હતો અને આ સ્થળે મુનાફિકોના તે નિવેદનનો રદિયો આપવાનો પણ હેતુ હતો જે તેઓ મુસલમાનોને કહેતા હતા કે, તમે અમારી સલાહ ઉપર અમલ ન કર્યો અને આ મુસીબત તથા તકલીફમાં સપડાઈ ગયા.

અલબત્ત, આ બધી જ આયતોમાં આ બાબત ખૂબ સ્પષ્ટતા સાથે સામે આવી ગઈ કે, અલ્લાહ તઆલાના દરબારમાં પોતાના રસૂલ મુહમ્મદ મુસ્તફા ﷺના સાથીઓની મહોબ્બતનો શું દરજ્જો હતો કે, આટલી મોટી ભૂલો અને ખામીઓ હોવા છતાં તેમની સાથે મા'ફી અને દરગુજરનો વર્તાવ કરવામાં આવ્યો બલકે, તેમના ઉપર અલ્લાહે પોતાની રહમ અને કૃપાદષ્ટિ કરી ? આ ઘટના તો પોતે અલ્લાહ તબારક વ તઆલાનું કુર્આનની નુસૂસ આધારિત વર્ણન હતું. એ જ પ્રમાણેની એક ઘટના હઝરત હાતિબ ઈબ્ને અબી બલતઆ (રદિ.)ની આપ વાચકો સમક્ષ રજૂ કરવામાં આવી, તેમાં મક્કાના મુશ્રિકોને મુસલમાનોની પરિસ્થિતિ વિશે એક કાગળ લખવામાં આવ્યો હતો. જ્યારે રસૂલે કરીમ ﷺને વહી દ્વારા આ હકીકતની જાણ થઈ અને પત્ર પકડાઈ ગયો, તો સહાબએ કિરામ (રદિ.)માં હાતિબ બિન અબી બલતઆ વિરૂદ્ધ મુસલમાનોમાં ખૂબ ક્રોધ અને ઉશ્કેરાટ ફેલાઈ ગયો હતો. હઝરત ફારૂકે આઝમ (રદિ.)એ વિનંતી કરી કે, "મને પરવાનગી આપો કે, હું તે મુનાફિકનું માથું ધડથી છૂટું પાડી દઉં," પરંતુ રસૂલે કરીમ ﷺને ખબર હતી કે તે મુનાફિક ન હતા. મો'મિન અને મુખ્લિસ હતા પરંતુ ખરેખર આ ભૂલ તેમનાથી થઈ ગઈ હતી, એટલા માટે તેમની આ ભૂલ મા'ફ કરી અને ફરમાવ્યું કે, "તેઓ બદ્રના સાથીઓમાંથી છે અને કદાચ અલ્લાહ તઆલાએ બદ્રમાં ઉપસ્થિત રહેનાર બધાની જ મગફિરત અને મા'ફીનો હુકમ લાગુ પાડી દીધો છે." (આ હદીષ બધી જ ભરોસાપાત્ર કિતાબોમાં મૌજૂદ છે.)

સહાબએ કિરામ (રદિ.) વિશે સામાન્ય મુસલમાનોને એક શિખામણ :

અહીંયાંથી અહલે સુન્નત વલ જમાઅતના તે અકીદહ અને અમલનું સમર્થન થાય છે કે, સહાબએ કિરામ (રિદ્‌વાનુલ્લાહિ અલયહિમ અજ્મઈન) ભલે ગુનાહોથી માસૂમ નથી. તેમનાથી મોટા ગુનાહો પણ થઈ શકે છે અને થયા પણ છે, પરંતુ આ બધું હોવા છતાં ઉમ્મત માટે એ જાઇઝ નથી કે તેમના તરફ કોઈ બુરાઈ અથવા ઐબ (ખામી)નો અંગૂલીનિર્દેશ કરે. જ્યારે અલ્લાહ તઆલાએ અને તેના રસૂલે કરીમ ﷺએ તેમની આટલી મોટી-મોટી ભૂલો અને

ત્રુટીઓને મા'ફ કરી છે અને તેમની સાથે રહમ અને કૃપાનો વર્તાવ કર્યો છે અને તેમને "રદિયલ્લાહુ અન્હુમ વરદૂ અન્હૂ"નું સ્થાન આપ્યું છે તો પછી કોઈને શું અધિકાર છે કે, તેમના વિશે તેમની કોઈ બુરાઈ અને ભૂલની ચર્ચા કરે.

આ જ કારણ છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) સામે કોઈએ હઝરત ઉસ્માન ગની (રદિ.) અને અમુક બીજા સહાબએ કિરામ (રદિ.) ઉપર ગઝ્વએ ઉહદની આ જ ઘટનાનું વર્ણન કરી કટાક્ષ કર્યો કે તેઓ મૈદાન છોડીને નાસી છૂટ્યા હતા, આ બાબતે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, "જે ઘટનાની મા'ફીનું ઐલાન ખુદ અલ્લાહ તઆલાએ કર્યું, તેના ઉપર કટાક્ષ કરવાનો કોઈનો હક્ક નથી." *(સહીહ બુખારી)*

એટલા માટે અહલે સુન્નત વલ જમાઅતની અકીદહ (માન્યતા)ની કિતાબોમાં આ બાબત ઉપર બધા જ સહમત છે કે, બધા જ સહાબએ કિરામ (રદિ.)નું સન્માન અને ઇજ્જત કરવી વાજિબ છે તથા તેમના ઉપર કટાક્ષ કરવાથી અથવા વિરોધ કરવાથી બચવું પણ વાજિબ છે. અકાઇદે નસ્ફીય્યહમાં છે,

وَيُكَفُّ عَنْ ذِكْرِ الصَّحَابَةِ اِلَّا بِخَيْرٍ

"તમારા ઉપર વાજિબ છે કે, સહાબા (રદિ.)નું વર્ણન ભલાઈ અને ખૈર સિવાય ન કરો."

અને શરહે મુસામરહ ઇબ્ને હમામમાં છે,

اِعْتِقَادُاَهْلِ السُّنَّةِ تَزْكِيَةُ جَمِيْعِ الصَّحَابَةِ وَالثَّنَاءُ عَلَيْهِمْ،

"અહલે સુન્નત વલ જમાઅતનો અકીદહ એ છે કે, બધા જ સહાબએ કિરામ (રદિ.)ને પવિત્ર (ન્યાયપ્રિય) અને સાચા સમજે અને તેમનું વર્ણન તેમના વખાણ અને તા'રીફ સાથે કરે."

શરહે મુવાકિફ્માં છે,

يَجِبُ تَعْظِيْمُ الصَّحَابَةِ كُلِّهِمْ وَالْكَفُّ عَنِ الْقَدْحِ فِيْهِمْ،

"તમામ સહાબા (રદિ.)ની ઇજ્જત કરવી વાજિબ છે અને તેમને મહેણા મારવા અથવા તેમના ઉપર કટાક્ષ કરવાથી અથવા વાંધા ઉઠાવવાથી બચેલા રહેવું વાજિબ છે."

હાફિઝ ઇબ્ને તયમિય્યહ (રહ.)એ અકીદએ વાસિતિય્યહમાં ફરમાવ્યું છે કે,

"અહલે સુન્નત વલ જમાઅતનો અકીદહ એ છે કે, સહાબએ કિરામ (રદિ.)ના પરસ્પરના જે કોઈપણ મતભેદો અને લડાઈઓ થઈ હોય તેમાં કોઈના ઉપર આક્ષેપ અને વાંધા-વચકા ઉઠાવવાથી બચવું જોઈએ, તેનું કારણ એ છે કે, ઈતિહાસમાં જે રિવાયતો તેમની ખામીઓના સંદર્ભમાં આવી છે તેમાં મોટે ભાગે તો જૂઠી અને ખોટી રિવાયતો છે, જે દુશ્મનોએ જ ઉડાવેલી વાતો છે અને અમુક તે છે જેમાં વધ-ઘટ કરીને મૂળ વાસ્તવિકતાના તથ્યોને બદલી નાંખવામાં આવ્યા અને જે વાતો સાચી પણ છે તેમાં સહાબએ કિરામ (રદિ.) પોતાના ઈજ્તેહાદી અભિપ્રાયના કારણે મા'ઝૂર છે અને માની લો કે, જ્યાં તેઓ મા'ઝૂર ન પણ હોય તો પણ અલ્લાહનો કાયદો એ છે કે, اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ એટલે કે, નેક અમલોથી પણ બુરા અમલોનો કફ્ફારો થઈ જતો હોય છે અને એ દેખીતું છે કે, સહાબએ કિરામ (રદિ.)ના નેક અમલો બરાબર કોઈ અન્યના અમલો નથી હોઈ શકતા અને અલ્લાહ તઆલાની મહેરબાની તથા કૃપાના તેઓ જેટલા હકદાર છે કોઈ અન્ય નથી હોઈ શકતા. એટલા માટે કોઈને એ અધિકાર નથી કે, તેમના અમલોનો હિસાબ કરે અને તેમના ઉપર કોઈ પ્રકારનો આક્ષેપ અને વાંધા ઉઠાવવા માટે પોતાની જીભ ઉપાડે." (અકીદતુલ વાસિતિય્યહ)

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૫૬ થી ૧૫૮)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا وَقَالُوْا لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا
فِي الْاَرْضِ اَوْ كَانُوْا غُزًّى لَّوْ كَانُوْا عِنْدَنَا مَا مَاتُوْا وَمَا قُتِلُوْا ۚ لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ
حَسْرَةً فِيْ قُلُوْبِهِمْ ۗ وَاللّٰهُ يُحْيٖ وَيُمِيْتُ ۗ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١٥٦﴾ وَلَئِنْ
قُتِلْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ اَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَرَحْمَةٌ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿١٥٧﴾
وَلَئِنْ مُّتُّمْ اَوْ قُتِلْتُمْ لَاِلَى اللّٰهِ تُحْشَرُوْنَ ﴿١٥٨﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમે તે લોકો જેવા ન થઈ જાઓ જેઓ કાફિર થયા અને પોતાના ભાઈઓને કહે છે, જ્યારે તેઓ (મુસલમાનો) પૃથ્વી ઉપર સફર કરે છે અથવા જિહાદમાં હોય છે (કે) જો તેઓ અમારી પાસે રહ્યા હોત તો ન મર્યા હોત અને ન માર્યા ગયા હોત, જેથી અલ્લાહ તેમના દિલોમાં એ (વિચાર)ને હસરત (અફસોસ) બનાવી આપે, અને અલ્લાહ જ જિવાડે છે અને મારે છે અને તમે જે કંઈ કરી રહ્યા છો અલ્લાહ સઘળું જુએ છે. (૧૫૬) અને જો તમે અલ્લાહના રસ્તામાં માર્યા જાઓ અથવા મૃત્યુ પામો તો ચોક્કસ અલ્લાહ તરફથી બખ્શિશ અને રહમત છે; આ બહેતર છે તેનાથી જે (દૌલત) તેઓ ભેગી કરે છે. (૧૫૭) અને જો તમે મૃત્યુ પામ્યા અથવા માર્યા ગયા તો અલબત્ત અલ્લાહ પાસે જ ભેગા કરવામાં આવશો. (૧૫૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં મુનાફિકોના આ નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, لَوْ كَانَ لَنَا مِنَ الْاَمْرِ شَيْءٌ مَّا قُتِلْنَا هٰهُنَا એટલે કે, "જો અમારો કોઈ અધિકાર હોત અને અમારી સલાહ માની હોત તો અમે અહીંયાં કતલ ન થયા હોત," જેને અગાઉ પણ વર્ણન કરવામાં આવ્યું છે. આવી વાતો સાંભળવાથી એવી સંભાવના હતી કે, મુખ્લિસ મુસલમાનોના દિલોમાં કંઈક શંકા અને વસવસા (ભ્રમ) પૈદા થઈ જાય, એટલા માટે પ્રસ્તુત આયતોમાં મુસલમાનોને પોતાની આ બાબતે ટીકા-ટિપ્પણીથી બચવાનું અને મૌત અને જિંદગીને ફક્ત અલ્લાહના તાબે હોવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમે તે લોકો જેવા ન થઈ જાઓ, જેઓ (વાસ્તવમાં) કાફિર છે (ભલે દેખીતી રીતે ઈસ્લામનો દા'વો કરે છે) અને કહે છે પોતાના (કુટુંબીજનો અને સાથીઓને તથા) ભાઈઓને જ્યારે તે લોકો પૃથ્વી ઉપર કોઈ પ્રદેશમાં (અલ્લાહના રસ્તામાં) મુસાફરી કરે છે (અને ત્યાં અચાનક મૃત્યુ પામે છે) અથવા તે લોકો કોઈ જગ્યાએ ગાઝી (વિજેતા) બને છે (અને તેમાં પોતાની કિસ્મતમાં માર્યા જવાનું લખ્યું હોવાથી માર્યા જાય છે તો આ મુનાફિકો કહે છે) કે

જો આ લોકો અમારી પાસે રહ્યા હોત (મુસાફરીમાં અથવા યુદ્ધમાં ન ગયા હોત) તો ન મર્યા હોત અને ન માર્યા ગયા હોત. (આ વાત તેમના દિલ અને જીભ ઉપર એટલા માટે આવી છે) જેથી અલ્લાહ તઆલા આ વાતને તેમના દિલો માટે અફસોસનું કારણ બનાવી દે (એટલે કે આવી વાતોનું પરિણામ અફસોસ સિવાય કંઈ જ નથી) અને મારનારો તથા જીવાડનારો તો અલ્લાહ જ છે. (ભલે મુસાફરીમાં હોય અથવા સ્થાયી, યુદ્ધમાં હોય કે સલામતીમાં) અને અલ્લાહ તઆલા જે કંઈ તમે કરી રહ્યા છો તે બધું જ જોઈ રહ્યો છે (કે જો તમે પણ આવી વાતો કરશો અથવા આવા વિચારોમાં પડી જશો તો તે અલ્લાહ તઆલાથી છાનું રહેશે નહીં) અને જો તમે લોકો અલ્લાહના રસ્તામાં માર્યા જાઓ અથવા (અલ્લાહના રસ્તામાં) મૃત્યુ પામો (તો એ કોઈ નુકસાનની બાબત નથી, તેમાં લાભ જ લાભ છે કારણ કે) અલ્લાહ તઆલા ચોક્કસ તેના બદલામાં મગફિરત અને રહમત કરશે (જે દુનિયાની) તે એ વસ્તુઓથી (વધારે) બહેતર છે, જેને આ લોકો ભેગી કરી રહ્યા છે (અને તેની લાલચમાં જિંદગીથી મહોબ્બત કરે છે અને) જો તમે (એમ જ) મૃત્યુ પામ્યા અથવા માર્યા ગયા તો (પણ) ચોક્કસ અલ્લાહ તઆલા પાસે ભેગા કરવામાં આવશો. (બસ પ્રથમ તો મૌત ટાળી શકાય એવી બાબત નથી, બીજું અલ્લાહ પાસે જવાથી કોઈ હાલતમાં બચી શકવાના નથી અને દીનના માર્ગમાં મૃત્યુ પામવું અથવા માર્યા જવું મગફિરત અને રહમતનું કારણ બને છે તો પછી આવા સામાન્ય મૃત્યુ કરતાં દીનના માર્ગમાં પ્રાણ આપવા બહેતર છે. એટલા માટે આવી ટીકા-ટિપ્પણીઓ દુનિયામાં અફસોસ અને આખિરતમાં જહન્નમની આગનું કારણ બને છે, આથી તેનાથી બચવું જરૂરી છે).

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૫૯)

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ
حَوْلِكَ ۖ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِي الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ
فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ ۝١٥٩

તરજુમો :

બસ, અલ્લાહની રહમત જ છે કે (હે નબી ﷺ !) તમે તેમના માટે નરમદિલ મળ્યા છો અને જો તમે ઉગ્ર સ્વભાવના સખ્તદિલ હોત તો તેઓ તમારી પાસેથી વિખરાઈ ગયા હોત; બસ, તમે તેમને મા'ફ કરી દો અને તેમના માટે (અલ્લાહ પાસે) મા'ફી માંગો અને કામ અંગે તેમનાથી સલાહ-મશવરો કરો, પછી તમે (પાકો) ઈરાદો કરી લો તો અલ્લાહ ઉપર ભરોસો કરો, બેશક! અલ્લાહ ભરોસો કરનારાઓને પ્રિય રાખે છે. (૧૫૯)

આયતનો ક્રમ અને ગોઠવણી :

ગઝ્વએ ઉહદમાં અમુક મુસલમાનોની ભૂલો અને મૈદાન છોડવાનો જે આઘાત અને ગમ રસૂલે કરીમ ﷺને થયો હતો, જો કે, રસૂલે કરીમ ﷺના પોતાના સ્વાભાવિક અખ્લાક અને આદત મા'ફ કરવાની હોવાના કારણે તેમની કોઈ મલામત (ટીકા) કરી નહીં અને કોઈપણ બાબત વખોડી નહીં, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺના સાથીઓના આશ્વાસન અને દિલાસા ખાતર તેમના દિલોમાં આ ભૂલનો જે આઘાત લાગ્યો હતો અને તેઓ જે રીતે પોતાના કુસૂર ઉપર અફસોસ કરતા હતા તે બધાને દૂર કરવા માટે આ આયતમાં રસૂલે કરીમ ﷺને વધારે મહેરબાની અને કૃપાદષ્ટિથી વર્તવાની તથા સહાબએ કિરામ (રદિ.) સાથે દરેક વાતમાં સલાહ-મશવરો કરવાની સૂચના આપી.

તફસીર :

ત્યાર પછી (કે સહાબએ કિરામ રદિ.થી આવી ભૂલો થઈ જેના ઉપર રસૂલે કરીમ ﷺને વખોડવાનો અથવા તેનો હિસાબ માંગવાનો અધિકાર હતો પરંતુ) અલ્લાહની રહમતના કારણે (કે જે રસૂલે કરીમ ﷺ ઉપર છે) તેઓ તેમના સાથીઓ સાથે નરમીથી વર્ત્યા અને જો તમે (ખુદા ન ખ્વાસ્તા) ઉગ્ર સ્વભાવના અને સખ્ત મિઝાજના હોત તો આ (બીચારાઓ) તમારી પાસેથી બધા વિખરાઈ ગયા હોત (પછી તેમને આ રહમતો અને બરકતો ક્યાંથી નસીબ થઈ હોત !) બસ, (જ્યારે તમે પોતાના વર્તનમાં નરમી કરી તો તેમનાથી જે ભૂલ તમારો હુકમ પૂરો કરવામાં થઈ હતી તેને દિલથી પણ) તેમને મા'ફ કરી આપો

(અને તેમની જે ભૂલો અલ્લાહનો હુકમ પૂરો કરવામાં થઈ હતી તેના માટે) તમે તેમના માટે (અલ્લાહ પાસે) મા'ફી માંગો (જો કે અલ્લાહ તઆલાએ પોતે તેની ખામીઓ અને ભૂલોની મા'ફીની જાહેરાત પ્રથમથી જ કરી દીધી હતી, પરંતુ તમારી આ મગફિરતની દુઆ કરવી તેમના માટે વધારે લાભદાયક અને મનની શાંતિનું કારણ બનશે) અને તેમનો ખાસ-ખાસ વાતોમાં (રાબેતા મુજબ સલાહ-)મશવરો લેતા રહો (જેથી આ ખાસ મહત્ત્વ આપવાના કારણે તેમના દિલોનો રંજ અને ગમ ધોવાઈ જાય) પછી (સલાહ-મશવરો લીધા પછી) જ્યારે તમે (કોઈ એક બાબતનો) પાકો નિર્ણય કરી લો (ભલે તે તેમના સલાહ-મશવરા પ્રમાણે હોય કે તેનાથી વિરૂદ્ધ હોય) તો અલ્લાહ તઆલા ઉપર ભરોસો (કરીને તે કામને) કરો, બેશક ! અલ્લાહ તઆલા આવો ભરોસો કરનારાઓ સાથે મહોબ્બત કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

મુર્શીદોના ખાસ લક્ષણો :

સહાબએ કિરામ (રદિ.) કે, જેઓ રસૂલુલ્લાહ ﷺના આશિકો હતા અને તેમને પોતાના પ્રાણ અને માલ કરતા વધારે પ્રેમ કરતા હતા, તેમનાથી જ્યારે રસૂલે કરીમ ﷺના હુકમ વિરૂદ્ધ એક ભૂલ થઈ ગઈ તો અત્રે એકબાજુ તો એવો ભય હતો કે, તે લોકોને પોતાની ભૂલો અને હુકમનો અનાદર કરવાના કારણે જો ચેતવણી અને ધમકી આપવામાં આવશે તો તેનાથી તેમનો આઘાત હદથી વધી જશે અને શક્ય છે કે, તેમના મન અને મસ્તિષ્ક આ આઘાત જીરવી ન શકે અથવા તો અલ્લાહની રહમતથી નાઉમ્મીદ કરી નાસીપાસ બનાવી દે, તેનો ઈલાજ પાછલી આયતમાં બતાવવામાં આવ્યો, اَصَابَكُمْ غَمًّا بِغَمٍّ આ ભૂલની સજા દુનિયામાં આપવામાં આવી ચૂકી છે અને આ બાબતે આખિરતનું ખાતું બિલકુલ સ્વચ્છ થઈ ગયું છે.

બીજી બાજુ રસૂલે કરીમ ﷺ આ ભૂલ અને હુકમના અનાદરના કારણે ઘાયલ થયા, જેમાં તેમને શારીરિક ઈજા પણ થઈ અને રૂહાની તકલીફ તો પહેલેથી જ હતી, આ શારીરિક અને રૂહાની તકલીફમાં એ સંભાવના હતી કે, રસૂલે કરીમ ﷺના હૃદય મુબારકમાં સહાબએ કિરામ (રદિ.) તરફથી કોઈ અણગમો પૈદા થઈ જાય, જે તેમના માર્ગદર્શન અને સુધારણામાં અવરોધરૂપ

બની જાય. એટલા માટે રસૂલે કરીમ ﷺને એ તા'લીમ આપવામાં આવી કે, તમે તેમની ભૂલોને ક્ષમા કરો અને તેમના હુકમનો અનાદર કરવાની બાબતને દિલથી મા'ફ કરો અને હવે પછી તેમના ઉપર કૃપા અને મહેરબાનીનો વર્તાવ ચાલુ રાખો, બલકે, તેમની સાથે જરૂરી બાબતોમાં સલાહ-મશવરો પણ કરતા રહો.

આ વિષયમાં અલ્લાહ તઆલાએ એક રસપ્રદ સિદ્ધાંત વર્ણન કર્યો, જેમાં પરોક્ષ રીતે અમુક મહત્ત્વનો બોધપાઠ આવરી લેવામાં આવ્યો છે.

એક આ કે, રસૂલે કરીમ ﷺને તે વસ્તુઓનો હુકમ એવી શૈલીમાં આપવામાં આવ્યો છે કે, જેમાં તેમના વખાણ અને તા'રીફ તથા તેમના મહાન દરજ્જાની જાહેરાત પણ કરવામાં આવી છે કે, આ સિફતો, ખાસિયતો અને ગુણ તો રસૂલે કરીમ ﷺમાં પ્રથમથી જ મૌજૂદ છે અને બીજું તેમાં فَبِمَا رَحْمَةٍ "જેથી તે અલ્લાહની મહેરબાની વડે"નો શબ્દ વધારીને એ બતાવી દીધું કે, આ ગુણ અને ઉચ્ચ કક્ષાની સિફતો રસૂલે કરીમ ﷺમાં હોવી અમારી રહમતના કારણે જ છે, તે કોઈનું પણ કોઈ વ્યક્તિગત કૌશલ્ય નથી. પછી રહમતના શબ્દને نَـــكِـــرَہ (indefinite form)ના સ્વરૂપમાં લાવીને તેની મહાનતા અને વિશાળતા તરફ ઈશારો કરીને એ પણ સ્પષ્ટ કરી દીધું કે, આ રહમત ફક્ત સહાબએ કિરામ (રદિ.) ઉપર જ નથી બલકે, પોતે રસૂલે કરીમ ﷺ ઉપર પણ છે કે, તેમને આ મહાન સિફતો અર્પણ કરવામાં આવી છે.

ત્યારબાદ એક ત્રીજો મહત્ત્વનો લાભ અમુક શબ્દોથી જાહેર કર્યો કે, રસૂલે કરીમ ﷺની આ રહમદિલી, સારી વર્તણૂક, દરગુજર કરવાની વૃત્તિ તથા સદ્‌વર્તન કરવાની ટેવ જો તેમનામાં ન હોત તો મખ્લૂકની સુધારણાનું જે કામ તેમને સોંપવામાં આવ્યું છે, તેમાં ઈચ્છિત પરિણામો ન લાવી શકાયા હોત. લોકો રસૂલે કરીમ ﷺ દ્વારા પોતાની સુધારણા અને પોતાના અખ્લાકને પવિત્ર કરવાનો લાભ ઉઠાવવાને બદલે તેમની પાસેથી દૂર ભાગી ગયા હોત.

અને આ બધી બાબતોથી એક લાભ એ પ્રાપ્ત થયો કે, તેનાથી સુધારણા અને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર-પ્રસાર)ના સિદ્ધાંતોની જાણ થાય છે કે, જે વ્યક્તિ 'દા'વતે ઈલલ્લાહ' તથા મખ્લૂકની સુધારણાનું કાર્ય કરવાનો ઈરાદો કરે, તેના માટે જરૂરી છે કે, તે આ લક્ષણો પોતાનામાં પૈદા કરે. કારણ કે, જ્યારે અલ્લાહ તઆલાના મહબૂબ ﷺની સખ્તી બરદાસ્ત કરવામાં ન આવી, તો પછી

કોઈની શું મજાલ કે તે જબરદસ્તી અને ગૈરવર્તન કરીને અલ્લાહની મખ્લૂકને ભેગી કરી શકે અને તેમની સુધારણાનો ફરજ અદા કરી શકે ?

આ આયતમાં અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે, "જો તમે ઉગ્ર સ્વભાવના અને કઠોર હૃદયના હોત તો લોકો તમારી પાસેથી વિખરાઈ ગયા હોત." આનાથી ખબર પડે છે કે, જે પ્રચારક અને મુબલ્લિગ હોય તેનો ઉગ્ર સ્વભાવ અથવા કઠોર ભાષા વગેરે તેના કાર્યને બરબાદ કરનારી વસ્તુઓ છે.

ત્યાર પછી ફરમાવ્યું, فَاعْفُ عَنْهُمْ એટલે કે "એમની જે ભૂલો થઈ ગઈ છે તેને આપ (ﷺ) મા'ફ કરી આપે." તેનાથી જાણ થાય છે કે, સુધારકો માટે એ પણ જરૂરી છે કે, તેઓ સામાન્ય લોકોની નાની–મોટી ભૂલોનો બદલો ન લે બલકે, મા'ફ અને દરગુઝરથી કામ લે. ખરાબ અને બુરુ–ભલું કહેનારાઓ સાથે ઉશ્કેરાઈને ઉગ્ર ન બની જાય બલકે, તકલીફ પહોંચાડનાર સાથે વિનમ્રતાનો વ્યવહાર કરે.

ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો, وَاسْتَغْفِرْ لَهُمْ એટલે કે, "આપ (ﷺ) તેમના માટે અલ્લાહ તઆલા પાસે પણ મગફિરત (મા'ફી) માંગે." જેમાં એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ફક્ત એટલું જ નહીં કે, પોતે તેમની તકલીફો ઉપર સબ્ર કરે, ધૈર્ય દાખવે બલકે દિલથી તેમના માટે ભલાઈ ઈચ્છે અને કારણ કે, સૌથી મોટું ભલું ચાહવું તેમની આખિરતની દુરુસ્તી છે. એટલા માટે અલ્લાહ તઆલાના અઝાબથી બચાવવા માટે તેમની બખ્શિશની દુઆ કર્યા કરે.

ત્યાર પછી ઈરશાદ છે, وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ એટલે "અગાઉ પ્રમાણે પોતાના ફેંસલાઓ અને કામોમાં તે લોકોનો મશવરો પણ લેતા રહે, જેથી તેમને સંપૂર્ણ સંતોષ થઈ જાય." આમાં એ હિદાયત (માર્ગદર્શન–સૂચના) આપવામાં આવી છે કે, જો તેમના માટે તમારા દિલમાં ભલાઈનું વલણ છે તો અમલથી પણ એને જાહેર કરે કે, પોતાના સલાહ–મશવેરાઓમાં તેમને સામેલ કરે.

આ સંપૂર્ણ આયતમાં તબ્લીગ કરનારા મુબલ્લિગો અને સુધારકો માટે અમુક ગુણ–લક્ષણોનું હોવું જરૂરી ઠરાવવામાં આવ્યું છે. પ્રથમ એ કે, કઠોર ભાષા તથા સખત વર્તણૂકથી બચવું જોઈએ, બીજું તે લોકોથી કોઈ ભૂલ થઈ જાય અથવા તેમનાથી કોઈ તકલીફ પહોંચી જાય તો તેનો બદલો લેવા માટે તૈયાર ન થઈ જાય બલકે, મા'ફી અને દરગુઝરથી કામ લેવું જોઈએ. ત્રીજું એ કે તેમની

ભૂલો અને ત્રુટીઓના કારણે એમની ભલાઈ કરવાનું કામ ન છોડે અને તેમના માટે અલ્લાહ પાસે મા'ફીની યાચના કરતા રહેવું જોઈએ તથા જાહેર વ્યવહારમાં પણ તેમની સાથે સારો વર્તાવ કરવાનું છોડવું ન જોઈએ. રસૂલે કરીમ ﷺને સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશવરો કરીને કામ કરવાની સૂચના આપવામાં આવી છે. મશવરા વિશે કુર્આન શરીફમાં બે જગ્યાએ સ્પષ્ટ હુકમ આપવામાં આવ્યા છે. એક આ આયતમાં અને બીજો સૂરએ શૂરામાં, જેમાં સાચા મુસલમાનોની સિફતો વર્ણન કરવાની સાથે-સાથે એક સિફત એ પણ વર્ણન કરી છે, وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ એટલે કે, "તેમનું પ્રત્યેક કામ પરસ્પર સલાહ-મશવરાથી થાય છે." અને જે રીતે અમુક જગ્યાએ ઈશારાઓમાં મશવરો કરવાની સૂચના આપવામાં આવી છે જેમકે, રજાઅતના હુકમો વગેરેમાં ફરમાવ્યું, عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ એટલે કે, "બાળકનું દૂધ છોડાવવું માં અને બાપ બંનેની રાજી-ખુશી અને મશવરાથી થવું જોઈએ." સલાહ-મશવરા વિશે અમુક અગત્યના મસ્અલાઓ વિચાર કરવા યોગ્ય છે.

—પ્રથમ મસ્અલો : શબ્દ "અમ્ર" اَمْر અને "મશવરા" مَشُوْرَة નો અર્થ.

—બીજો મસ્અલો : મશવરાનું શરઈ સ્વરૂપ.

—ત્રીજો મસ્અલો : રસૂલે કરીમ ﷺનો સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશવરો કરવાનો દરજ્જો.

—ચોથો મસ્અલો: ઈસ્લામી હુકૂમતમાં મશવરાનો દરજ્જો.

—પાંચમો મસ્અલો : મશવરામાં વિવિધ પ્રકારની સલાહ-સૂચન અને અભિપ્રાયો હોય તો ફેંસલાનું સ્વરૂપ.

—છટ્ઠો મસ્અલો : પ્રત્યેક કાર્યમાં સંપૂર્ણ તદ્બીરો અને યોજનાઓ પૂર્ણ કરી તેની સફળતા માટે અલ્લાહ તઆલા ઉપર ભરોસો કરવો.

પ્રથમ મસ્અલો : શબ્દ "અમ્ર" اَمْر અને "શૂરા" شُوْرٰى ની હકીકત

શબ્દ અમ્ર اَمْر ના અરબી ભાષામાં કેટલાય અર્થો થાય છે, તેમાંનો એક પ્રચલિત અર્થ એ છે કે, જેમાં દરેક ઉચ્ચ પ્રતિષ્ઠાયુક્ત નિવેદન અને કૃત્ય સામેલ હોય છે. બીજો પ્રચલિત અર્થ હુકમ અને હુકૂમત છે, જેના ઉપર કુર્આન શરીફનો શબ્દ ઉલિલ અમ્ર اُولِى الْاَمْرِ આવેલો છે. ત્રીજો અર્થ અલ્લાહ તઆલાની એક ખાસ સિફત માટે છે, જેનું વર્ણન કુર્આન મજીદની ઘણી બધી આયતોમાં આવ્યું છે

દાખલા તરીકે, اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ، "યાદ રાખો ! પૈદા કરવું અને હુકમ કરવું માત્ર તેનું જ કામ છે." (સૂ. ૭ : આ. ૫૪) اِلَيْهِ يُرْجَعُ الْاَمْرُ كُلُّهُ، "બધા કર્મોનું પરિણામ એ જ પ્રમાણે સામે આવશે." (સૂ. ૧૧ : આ. ૧૨૩), اِنَّ الْاَمْرَ كُلَّهُ لِلّٰهِ، "બેશક ! સંપૂર્ણ અધિકાર અલ્લાહના માટે જ છે." (સૂ. ૩ : આ. ૧૫૪), اَمْرُهُ اِلَى اللّٰهِ، "તેનો મા'મલો અલ્લાહના હવાલે છે." (સૂ. ૨ : આ. ૨૭૫) અને સંશોધનકારો નજીક قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّىْ "કહી આપો ! રૂહ બધું જ અલ્લાહના હકમાંથી છે."(સૂ. ૧૭ : આ. ૮૫)માં પણ આ જ "અમ્ર" اَمْر અર્થ તરીકે લેવામાં આવે છે. કુર્આન શરીફમાં ઈરશાદ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ "અને કામ અંગે તેમની સલાહ લે." (સૂ. ૩ : આ. ૧૫૯) અને وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ "પોતાના પરસ્પરના કામ સલાહ-મશવરાથી કરે છે." (સૂ. ૪૨ : આ. ૩૮)માં બંને અર્થ હોવાની શક્યતા છે અને જો એવું કહેવામાં આવે કે, પ્રથમ પ્રકારનો જ અર્થ અત્રે લેવાનો છે તો બીજો અર્થ પણ તેમાં સામેલ થઈ જાય છે તો આ પણ કંઈ ખોટું નથી. કારણ કે, હુકમ حُكْم અને હુકૂમત حُكُوْمَتْ ના બધા જ વહેવારો ખાસ પ્રકારનું મહત્ત્વ ધરાવે છે. એટલા માટે અમ્ર اَمْر નો અર્થ આ આયતોમાં પ્રત્યેક તે કામ છે જે ખાસ પ્રકારનું મહત્ત્વ ધરાવે છે. ભલે તે કામ હુકૂમત (ઈસ્લામી સરકાર) સાથે સંબંધ ધરાવતું હોય અથવા વહેવારમાં હોય. શબ્દ "શૂરા" شُوْرٰى મશવરા અને મુશાવરતના અર્થમાં છે. કોઈ અગત્યના વિચાર માંગી લેતા મુદ્દા ઉપર લોકોનો અભિપ્રાય પ્રાપ્ત કરવો એટલા માટે وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ નો અર્થ એ થયો કે રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો કે, તમે વિચાર માંગી લેતા મુદ્દાઓ અને વહેવારમાં તથા જેમાં હુકૂમત વિશેના વહેવાર પણ સામેલ છે તેમાં સહાબએ કિરામ (રદિ.) સાથે મશવરો કરતા રહો. એટલે કે, આ બાબતોમાં તેમનો અભિપ્રાય જાણી લો.

એ જ રીતે સૂરએ શૂરાની આયત وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ નો અર્થ એ છે કે, દરેક વિચાર માંગી લેતા મુદ્દામાં જેમાં કોઈ મહત્ત્વની બાબત હોય ભલે, હુકમ અને હુકૂમત સંબંધિત હોય અથવા અન્ય વહેવારમાં હોય તેમાં સાચા મુસલમાનોની ટેવ એ છે કે, તેઓ પરસ્પર સલાહ-મશવરાથી કામ કર્યા કરે છે.

બીજો મસ્અલો : મશવરાનું શરઈ સ્વરૂપ :

આ વિશે કુર્આન શરીફના પ્રસ્તુત ઈરશાદ અને રસૂલે કરીમ ﷺની

હદીષોથી જાણ થાય છે કે, પ્રત્યેક એવા મા'મલામાં કે જેમાં વિવિધ પ્રકારના વિરોધાભાસી અભિપ્રાયો હોઈ શકે છે. ભલે તે હુકમ અથવા હુકૂમત સાથે સંબંધ ધરાવતી બાબત હોય અથવા કોઈ અન્ય બાબત. રસૂલે કરીમ ﷺનું સહાબએ કિરામ (રદિ.) સાથે આવી અગત્યની બાબત ઉપર સલાહ-મશવરો કરવું દુનિયા અને આખિરતમાં બરકતોનું નિમિત્ત છે. કુર્આન અને હદીષમાં તેની તાકીદ કરવામાં આવી છે અને જે બાબતોનો સંબંધ સામાન્ય જનસમૂહ સાથે હોય એવી બાબતોમાં હુકૂમતે સામાન્ય જનતાનો અભિપ્રાય જાણવો વાજિબ છે. *(ઇબ્ને કષીર)*

બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, “જે વ્યક્તિ કોઈ કામનો ઈરાદો કરે અને પરસ્પર મશવરો કર્યા પછી તેને કરવાનો અથવા ન કરવાનો ફેંસલો કરે તો અલ્લાહ તઆલા તરફથી તેના સાચા અને લાભદાયક સ્વરૂપ તરફ માર્ગદર્શન મળી જાય છે.”

અન્ય એક હદીષમાં છે કે, “જ્યારે તમારા હાકિમો (સત્તાધીશો) તમારામાંથી શ્રેષ્ઠ વ્યક્તિ હોય અને તમારા માલદારો સખી (ઉદાર) હોય અને તમારા વહેવારો પરસ્પર સલાહ-મશવરાથી નક્કી થતા હોય તો જમીન ઉપર રહેવું તમારા માટે બહેતર છે અને જ્યારે તમારા હાકિમો દુષ્ટ લોકો હોય અને તમારા માલદાર બખીલ (કંજૂસ) હોય અને તમારા વહેવારો સ્ત્રીઓના હવાલે હોય તો જમીનની અંદર દફન થઈ જવું તમારા જીવતા રહેવાથી બહેતર હશે.”

મતલબ એ છે કે, જ્યારે તમારા ઉપર મનેચ્છાઓ છવાઈ જશે અને ભલી-બુરી તથા લાભદાયક કે નુકસાનકર્તા બાબતોને ઉપેક્ષિત કરીને ફક્ત સ્ત્રીઓની ખુશી પ્રાપ્ત કરવા માટે પોતાના વહેવારો તેમના હવાલે કરી દેશો તો તે સમયે મૌત તમારા માટે જિંદગીથી બહેતર હશે, નહિતર સલાહ-મશવરામાં કોઈ સ્ત્રીનો અભિપ્રાય લેવાની મનાઈ નથી. રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ના અમલોથી એ સાબિત થયેલ બાબત છે અને કુર્આને કરીમની સૂરએ બકરહની આયત જે હમણા વર્ણન કરવામાં આવી છે તેમાં ઈરશાદ છે, عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ એટલે કે, “બાળકને દૂધ છોડાવવાનું બાપ અને માંના પરસ્પર મશવરાથી થવું જોઈએ.” તેમાં આ દૂધ પીવડાવવાની બાબત સ્ત્રી સાથે સંબંધ ધરાવે છે. એટલા માટે આ બાબતમાં ખાસ સ્ત્રીઓથી મશવરો લેવાના પાબંદ

બનાવવામાં આવ્યા.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનું ફરમાન છે,

اَلْمُسْتَشَارُ مُؤْتَمَنٌ اِذَااسْتُشِيْرَ فَلْيُشِرْهُ بِمَا هُوَصَانِعٌ لِنَفْسِهٖ،

"જે વ્યક્તિ પાસેથી મશવરો માંગવામાં આવે તે અમાનતદાર છે અને તેના માટે જરૂરી છે કે, આ મા'મલામાં જે કામ તે પોતાના માટે નક્કી કરે છે, તે જ અભિપ્રાય બીજાને આપે અને તેના વિરૂદ્ધ કરવું ખયાનત છે."

આ હદીષ તબરાનીએ હસન (ઉચ્ચ કક્ષાની) રિવાયત હઝરત અલી (રદિ.) દ્વારા વર્ણન કરી છે. *(મઝહરી)*

અલબત્ત, એ સમજી લેવું જરૂરી છે કે, સલાહ-મશવરો ફક્ત તે બાબતોમાં જ સુન્નત છે જેના વિશે કુર્આન અને હદીષમાં કોઈ સ્પષ્ટ અને ખુલ્લો હુકમ, મૌજૂદ ન હોય નહિતર જ્યાં કોઈ ખુલ્લો અને સ્પષ્ટ શરઈ હુકમ મૌજૂદ છે તેમાં કોઈની પાસેથી મશવરો લેવાની જરૂર નથી બલકે જાઇઝ પણ નથી. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ એવો સલાહ-મશવરો કરી રહ્યો છે કે, તે નમાઝ પઢે કે ન પઢે? ઝકાત આપે કે નહીં ? હજ્જ કરે અથવા ન કરે ? આ બધી બાબતો સલાહ-મશવરો કરવાની બાબતો નથી. શરઈ રીતે ખુલ્લમ-ખુલ્લી ફરજ છે. અલબત્ત, તેમાં એવો મશવરો કરી શકાય છે કે, હજ્જ આ વર્ષે કરે, કે આવતા વર્ષે? અથવા સમુદ્રી જહાઝથી જાય કે, હવાઈ જહાઝથી કે, પછી જમીન માર્ગે અથવા અન્ય કોઈ પદ્ધતિથી ?

આવી જ રીતે ઝકાત સંદર્ભે એવો મશવરો લઈ શકાય છે કે, તેને ક્યાં અને કેવા લોકો ઉપર ખર્ચ કરવામાં આવે ? કારણ કે, આ બધા કાર્યો શરીઅતમાં ઇચ્છાવર્તી (ઇખ્તિયારી) છે.

એક હદીષમાં પોતે તેનો ખુલાસો રસૂલે કરીમ ﷺ દ્વારા નકલ થયો છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુ ફરમાવે છે કે, "મેં રસૂલ ﷺને વિનંતી કરી કે, તમારા પછી અમારી સમક્ષ જો કોઈ એવી પરિસ્થિતિ ઊભી થાય જેનો હુકમ કુર્આનમાં સ્પષ્ટ રીતે નાઝિલ નથી થયો અને અમે તમારી પાસેથી પણ એના વિશે કોઈ હુકમ ન સાંભળ્યો હોય તો અમે શું કરીએ ? રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, એવા કામો માટે પોતાના લોકોમાંથી ઇબાદતગુઝાર ફુકૂહાને

ભેગા કરો અને તેમના મશવરાથી તેનો ફેંસલો કરો. કોઈના વ્યક્તિગત અભિપ્રાય પ્રમાણે ફેંસલો ન કરો."

આ હદીષ શરીફથી એક વાત તો એ સ્પષ્ટ થાય છે કે, સલાહ-મશવરો ફક્ત દુનિયાના કામોમાં લેવાનો નથી, બલકે જે શરીઅતના હુકમોમાં કુર્આન અને હદીષનો સ્પષ્ટ રીતે કોઈ હુકમ (નુસૂસ) ન હોય તેના હુકમમાં પણ પરસ્પર મશવરો કરવો સુન્નત છે અને બીજું એ પણ જાણ થાય છે કે, મશવરો એવા લોકો પાસેથી લેવો જોઈએ, જેઓ હાજરજનોમાં ઈબાદતગુઝાર અને ઈસ્લામી શરીઅતના જાણકાર પ્રખ્યાત વ્યક્તિઓ હોય. *(અખ્રજલ ખતીબ, કઝા ફિ રૂહ)*

વળી, ખતીબ બગદાદી (રહ.)એ હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો આ ઈરશાદ પણ નકલ કર્યો છે,

اِسْتَرْ شِدُوا الْعَاقِلَ وَلَا تَعْصُوْهُ فَتَنْدِمُوْا،

"બુદ્ધિશાળી વ્યક્તિ સાથે સલાહ-મશવરો કરો અને એનાથી વિરૂદ્ધ ન કરો નહિતર પસ્તાવું પડશે."

અને આ બંને હદીષોને મેળવવાથી સ્પષ્ટ થાય છે કે, "મજલિસે શૂરા" (Executive Committee - Advisory Board)ના સભ્યોમાં બે ખાસિયતો હોવી જરૂરી છે. એક, તો તેના સભ્યો બુદ્ધિશાળી અને દિર્ઘદષ્ટા હોય, બીજું, તેઓ ઈબાદતગુઝાર હોય જેનો મતલબ એ છે કે, કોઠાસૂઝ ધરાવનાર મુત્તકી અને નીતિવાન વ્યક્તિઓ હોય અને જો કોઈ શરીઅતના મસ્અલા વિશે મશવરો કરવાનો હોય તો તેમનું ફકીહ્ (ઈસ્લામિક શરીઅતના કાયદાના જાણકાર) હોવું પણ જરૂરી છે.

ત્રીજો મસ્અલો : રસૂલે કરીમ ﷺનો સહાબએ કિરામ (રદિ.) સાથે મશવરો કરવાનો દરજ્જો :

આયતમાં રસૂલે કરીમ ﷺને એ હુકમ આપવામાં આવ્યો છે કે, સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશવરો કરો. અત્રે એવી શંકા થઈ શકે છે કે, રસૂલે કરીમ ﷺ અલ્લાહ તઆલાના રસૂલ અને "સાહિબે વહી" (જેમના ઉપર વહી નાઝિલ થતી હતી તે) છે. તેમને કોઈની સાથે સલાહ-મશવરો કરવાની શું આવશ્યકતા છે? તેમને પ્રત્યેક બાબત અલ્લાહ તઆલા તરફથી

"વહી" દ્વારા જાણ થઈ શકે છે. એટલા માટે અમુક ઉલમાએ આ મશવરાના હુકમને એ બાબત ઉપર અવલંબિત કર્યો છે કે, તેમને ન તો સલાહ-મશવરાની જરૂર હતી અને ન જ રસૂલે કરીમ ﷺનું કોઈ કાર્ય તેમના મશવરા ઉપર અવલંબિત હતું. ફક્ત સહાબએ કિરામ (રદિ.)ની પ્રતિષ્ઠા અને તેમના મનના સંતોષ માટે રસૂલે કરીમ ﷺને તેમની સાથે સલાહ-મશવરો કરવાનો હુકમ આપવામાં આવ્યો, પરંતુ ઈમામ અબૂ બક્ર જસ્સાસે ફરમાવ્યું છે, "આ સાચું નથી કારણ કે, જો એવી જાણ હોય કે અમારા મશવરા ઉપર કોઈ અમલ થવાનો જ નથી અને અમારા મશવરાનો કોઈ કાર્ય પર કોઈ પ્રભાવ પડવાનો નથી કે અસર થવાની નથી તો પછી એ મશવરામાં કોઈ દિલી સંતોષ કે પ્રતિષ્ઠા બાકી નથી રહેતી બલકે, વાસ્તવિકતા એ છે કે, રસૂલે કરીમ ﷺને સામાન્ય કામોમાં તો અલ્લાહ તઆલા તરફથી સીધે-સીધું વહી દ્વારા એક માર્ગદર્શન આપી દેવામાં આવતું હતું પરંતુ હિકમત અને રહમતના તકાદાના કારણે અમુક કામોને રસૂલે કરીમ ﷺના અભિપ્રાય અને તેમની વિવેકબુદ્ધિ ઉપર છોડી દેવામાં આવ્યા. આવા જ કામોમાં સલાહ-મશવરાની જરૂર હોય છે અને આ પ્રકારના કામોમાં મશવરો લેવાનો રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો. રસૂલે કરીમ ﷺની "મજલિસે મુશાવરત" (સલાહકાર સભાની મિટીંગ)નો ઈતિહાસ પણ આની જ ગવાહી આપે છે.

રસૂલે કરીમ ﷺએ ગઝ્વએ બદ્ર માટે સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશવરો કર્યો ત્યારે સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી હતી કે, "જો તમે અમને નદીમાં કૂદી પડવાનો હુકમ આપે તો અમે કૂદી પડીશું અને જો તમે અમને "બરકુલ ગમ્માદ" જેવા દૂર-સુદૂરના પ્રદેશ તરફ કૂચ કરવાનો હુકમ આપશે તો અમે તમારી સાથે હોઈશું, અમે મૂસા (અલૈ.)ના સાથીઓની જેમ એવું નહીં કહીએ કે, તમે અને તમારો પરવરદિગાર કાફિરો સાથે મુકાબલો કરો બલકે, અમે એ વિનંતી કરીએ છીએ કે તમે કૂચ આદરો અમે તમારી સાથે રહીને આગળ અને પાછળ, જમણે અને ડાબે દુશ્મનો સાથે મુકાબલો કરીશું."

એ જ રીતે ગઝ્વએ ઉહદમાં એ બાબત વિશે સલાહ-મશવરો કર્યો કે, શું મદીના શહેરમાં રહીને હુમલો ખાળવામાં આવે અથવા શહેરથી બહાર નીકળીને પ્રતિકાર કરવામાં આવે ? મોટા ભાગે સહાબા (રદિ.)નો અભિપ્રાય બહાર

નીકળીને યુદ્ધ કરવાનો આવ્યો, તો રસૂલે કરીમ ﷺએ તેને જ કબૂલ-મંજૂર રાખ્યું. ગઝ્વએ ખંડકમાં એક ખાસ કરાર ઉપર સુલેહ કરવાની ઘટના સામે આવી તો સઅદ બિન મઆઝ (રદિ.) અને સઅદ બિન ઉબાદહ (રદિ.)એ આ સુલેહકરારને યોગ્ય ન સમજ્યો અને વિરોધ કર્યો. રસૂલે કરીમ ﷺએ તે બંનેની સલાહ કબૂલ કરી અને હુદૈબિય્યહની એક ઘટનામાં સલાહ-મશવરો કરવામાં આવ્યો તો સિદ્દીકે અકબર (રદિ.)ના અભિપ્રાય ઉપર ફૈસલો કરવામાં આવ્યો. "કિસ્સએ ઉફક"માં સહાબએ કિરામ (રદિ.) સાથે મશવરો કરવામાં આવ્યો. આ બધી ઘટનાઓ તે હતી જેમાં રસૂલે કરીમ ﷺ માટે વહી દ્વારા કોઈ ખાસ દિશાનિર્દેશ આપવામાં આવ્યો ન હતો.

ખુલાસો એ છે કે, નુબુવ્વત-રિસાલત અને સાહિબે વહી હોવું મશવરો કરવામાં બાધ્ય નથી અને એવું પણ નથી કે, મશવરો ફક્ત પ્રદર્શન કરવા માટે અથવા દિલ રાજી રાખવા માટે કરવામાં આવ્યો હોય અને તેનો પ્રભાવ કોઈ કાર્ય ઉપર ન પડ્યો હોય ! બલકે ઘણા વખતે મશવરો આપનારની સલાહ રસૂલે કરીમ ﷺની સલાહ કરતાં ભિન્ન હોય તો પણ રસૂલે કરીમ ﷺ તેને કબૂલ-મંજૂર રાખતા હતા, બલકે અમુક કામોમાં રસૂલે કરીમ ﷺ માટે વહી દ્વારા કોઈ ખાસ દિશાનિર્દેશ આપવામાં આવતો ન હતો. સલાહ-મશવરાથી કામ કરવામાં હિકમત અને મસ્લિહત એ પણ હતી કે, આવનારી ઉમ્મત માટે એક સુન્નત રસૂલે કરીમ ﷺના આ અમલ દ્વારા પ્રચલિત થઈ જાય કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ પણ મશવરો કરીને લાભ ઉઠાવ્યો છે તો પછી એવો કોણ છે જે સલાહ-મશવરાથી ઉપરવટ હોવાનો દા'વો કરી શકે છે ? એટલા માટે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)માં એવી સમસ્યાઓમાં અને બાબતોમાં સલાહ-મશવરાની આ પદ્ધતિ હંમેશા માટે પ્રચલિત રહી હતી, જેમાં કોઈ સ્પષ્ટ શરઈ હુકમ ન હતો અને રસૂલે કરીમ ﷺ પછી સહાબએ કિરામ (રદિ.)માં પણ આ જ રીત પ્રચલિત રહી. બલકે, અમુક બાબતોમાં તો એવા શરઈ હુકમો જાણવા માટે પણ સલાહ-મશવરાની પ્રથા હતી કે, જેમાં કોઈ કુર્આન અને હદીષનો સ્પષ્ટ ફૈસલો ન હતો. કારણ કે હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુના સવાલના જવાબમાં રસૂલે કરીમ ﷺએ આ જ રીત અપનાવવાનો હુકમ કર્યો હતો.

ચોથો મસ્અલો; ઇસ્લામી હુકૂમતમાં સલાહ-મશવરાનો દરજ્જો શું છે ?

જેમકે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે કે, કુર્આને કરીમે બે જગ્યાએ સલાહ-મશવરાનો સ્પષ્ટ હુકમ આપ્યો છે. એક પ્રસ્તુત આયતમાં અને બીજો સૂરએ શૂરાની આયત, જેમાં સાચા મુસલમાનોના લક્ષણો વર્ણન કરવાની સાથે-સાથે એક લક્ષણ એ પણ વર્ણન કરવામાં આવ્યું છે, اَمْـرُ هُـمْ شُـوْرٰى بَيْنَهُمْ એટલે કે, "તેઓના પોતાના કામ પરસ્પર સલાહ-મશવરાથી થાય છે." અને આ બંને સ્થળોએ મશવરાની સાથે શબ્દ "અમ્ર" اَمْـــر આવેલ છે અને "અમ્ર" શબ્દનો વિસ્તૃત અર્થ ઉપર વર્ણન થઈ ચૂક્યો છે કે, દરેક અતિમહત્ત્વના નિવેદન અથવા કૃત્યને પણ અમ્ર કહેવામાં આવે છે અને રાજ્ય તથા સરકાર (હુકમ અને હુકૂમત)ના માટે પણ કહેવામાં આવે છે. અમ્રનો ભલે પ્રથમ અર્થ લેવામાં આવે અથવા બીજો, હુકૂમતના મા'મલામાં સલાહ-મશવરો લેવો આ આયતો દ્વારા અત્યંત જરૂરી અને આવશ્યક હોવાનું સાબિત થાય છે. હુકમ અથવા હુકૂમત અર્થ લેવાના સ્વરૂપમાં તો દેખીતું છે જ; અને જો સામાન્ય અર્થ તરીકે લેવામાં આવે તો પણ હુકમ અને હુકૂમતના વહેવારોમાં અત્યંત મહત્ત્વની હેસિયતના કારણે ઘણી બાબતો સલાહ-મશવરા યોગ્ય ઠરાવવામાં આવી છે. એટલા માટે "અમીરે ઈસ્લામ" (ઈસ્લામી હુકૂમતના વડા)ની ફરજોમાંથી છે કે, મહત્ત્વની બાબતોમાં વિવેકબુદ્ધિ અને કોઠાસૂઝ ધરાવનાર બુદ્ધિશાળી મુસલમાનો સાથે સલાહ-મશવરો કર્યા કરે. કુર્આનની પ્રસ્તુત આયતો અને રસૂલે કરીમ ﷺ તથા ખુલફાએ રાશીદીનનો આ બાબતનો અમલ તેની સ્પષ્ટ દલીલ અને પ્રમાણ છે.

આ બંને આયતોમાં જેવી રીતે હુકૂમતની બાબતોમાં સલાહ-મશવરાની આવશ્યકતા સ્પષ્ટ થાય છે એવી રીતે ઈસ્લામી તરીકા ઉપર સ્થપાયેલી સરકારો અને બંધારણના અમુક પાયાના સિદ્ધાંતો પણ સમજી શકાય છે કે, ઈસ્લામી હુકૂમત એક "શૂરાઈ હુકૂમત" છે જેમાં અમીરની ચૂંટણી સલાહ-મશવરાથી થાય છે, ખાનદાની વારસાથી થતી નથી. આજે તો ઈસ્લામી શિક્ષણની બરકતથી આખી દુનિયામાં આ સિદ્ધાંત અપનાવવામાં આવે છે. વ્યક્તિગત બાદશાહત (રાજાશાહી) પણ ધીરે-ધીરે આ જ પદ્ધતિ તરફ આવી રહી છે, પરંતુ આજથી ૧૪૦૦ વર્ષ પહેલાંના યુગ તરફ નજર કરો કે, જ્યારે સમગ્ર દુનિયા ઉપર આજના જેમ જ દ્વિધ્રુવીય વર્લ્ડ ઑર્ડર અસ્તિત્વમાં હતો. એક "કિસ્રા"

(ઈરાનીઓ) અને બીજી "કયસર" (રૉમનો)ની મહાસત્તાઓ અસ્તિત્વ ધરાવતી હતી અને આ બંને સરકારોના બંધારણ પ્રમાણે બાદશાહત અને રાજાશાહી વારસાગત હોવાના રિવાજમાં સમાન હતી, જેમાં એક વ્યક્તિ એકલો લાખો-કરોડો મનુષ્યો ઉપર પોતાનું શાસન પોતાની યોગ્યતા અને ક્ષમતાના ધોરણે નહીં, પરંતુ વારસામાં મળેલ ગાદી દ્વારા અત્યાચારી સિદ્ધાંતોના આધારે ચલાવતો હતો અને માનવોને પાલતુ પશુઓનો દરજ્જો આપવાને પણ રાજાનું ઈનામ સમજવામાં આવતું હતું. હુકૂમત અને સત્તાપ્રાપ્તિ માટેનો આ જ દષ્ટિકોણ લગભગ સમગ્ર દુનિયા ઉપર છવાયેલો હતો. ફક્ત યૂનાન (ગ્રીસ)માં લોકશાહીના અમુક ધૂંધળા અને અધૂરા સ્વરૂપો જોવા મળતા હતા, પરંતુ તે પણ એટલા અધૂરા અને અસ્પષ્ટ હતા કે, તેના ઉપર કોઈ રાજ્યનો પાયો કે આધાર રાખવો મુશ્કેલ હતો. એટલા માટે લોકશાહી આધારિત તે યૂનાની સિદ્ધાંતો ઉપર ક્યારેય મજબૂત સરકારો ન બની શકી. બલકે, તે સિદ્ધાંતો "અરસ્તુ"ની ફિલોસોફીની એક શાખા બનીને રહી ગયા, તેનાથી વિપરીત ઈસ્લામી હુકૂમતમાં વારસાના અસ્વાભાવિક સિદ્ધાંતોને રદ કરીને "અમીરે મમ્લિકત" (રાજ્યના વડા)ના ઈન્તેખાબ (નિમણૂક)ને વંશ કે લોહીના સંબંધના બદલે સામાન્ય જનતાના અધિકારમાં સોંપી દીધો, જેનાથી તેઓ પોતાના પ્રતિનિધિને વિવેકબુદ્ધિ અને કોઠાસૂઝ ધરાવનાર પ્રમાણો અને માપદંડોના આધારે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને નક્કી કરી શકે. રાજાશાહીની પૂંજાના દલદલમાં ફસાયેલી દુનિયા ઈસ્લામી શિક્ષણ દ્વારા આ ન્યાયી અને પ્રાકૃતિક વ્યવસ્થાના ચાહક બની ગઈ અને સરકારની આ તે જ રૂહ છે, જેનું એક અપૂર્ણ સ્વરૂપ આજની લોકશાહી પણ છે.

પરંતુ વર્તમાન લોકશાહી સરકારો એ રાજાશાહીના અત્યાચારોના રદિયામાં અને તેના વિરોધ સ્વરૂપે અસ્તિત્વમાં આવી છે માટે તેમાં પણ બેએઅ્તેદાલી (અસમતુલા) અને અન્યાય ભારોભાર ભર્યા પડ્યા છે કે, સામાન્ય જનતાને સંપૂર્ણ આધિપત્ય આપીને સરકાર નિમવા માટે, બંધારણ નક્કી કરવા તથા રાજ્યના કાયદા-કાનૂનો બનાવવા માટે એવા સ્વતંત્ર માલિક બનાવ્યા કે, તેમના દિલો-દિમાગ, જમીન અને આસમાન તથા સમગ્ર સૃષ્ટિને પૈદા કરનાર અલ્લાહ અને તેની અસલી માલિકી તથા હુકૂમતની કલ્પનાથી પણ અલિપ્ત થઈ ગયા. હવે, તેમની લોકશાહી પદ્ધતિઓ અલ્લાહ તઆલાએ જ બખ્શેલ આમ

જનતાના અધિકાર ઉપર અલ્લાહ તઆલાની લાગુ કરેલ પાબંદીઓને પણ ગણકાર્યા વિના અન્યાયી પદ્ધતિ દ્વારા સરકારો ચલાવવા લાગી છે અને અલ્લાહના હુકમોના વિરૂદ્ધ કાનૂનો બનાવે છે.

ઈસ્લામી બંધારણે જેવી રીતે અલ્લાહની મખ્લૂકને કિસ્રા અને કયસર તથા અન્ય રાજાશાહી શાસનના અત્યાચાર અને ક્રૂર શાસનથી છૂટકારો અપાવ્યો, એ જ પ્રમાણે અલ્લાહથી અજાણ પશ્ચિમી લોકશાહી શાસન પ્રણાલીને પણ અલ્લાહને ઓળખવાનો અને અલ્લાહની બંદગી કરવાનો માર્ગ બતાવ્યો અને એવું બતાવ્યું કે, દેશનો સત્તાધીશ હોય કે, સામાન્ય નાગરિક, અલ્લાહના આપેલા કાનૂનના બધા જ પાબંદ છે, તેમણે સામાન્ય નાગરિકો અને ધારાગૃહો (એસૅમ્બલી)ના માધ્યમથી કાયદાઓ ઘડી અલ્લાહે નક્કી કરેલ હદો અને મર્યાદાઓ પ્રમાણે શાસન કરવું જોઈએ. તેમના માટે જરૂરી છે કે, દેશના વડાની ચૂંટણીમાં, ત્યારબાદ હોદ્દેદારો અને ખાતાઓની વહેંચણીમાં, એકબાજુ વ્યક્તિની લાયકાત અને ક્ષમતાને સંપૂર્ણ ધ્યાનમાં રાખે, તો બીજી બાજુ એનું માપદંડ તે વ્યક્તિની પ્રામાણિકતા, દીનદારી અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને પણ રાખવામાં આવે. પોતાના દેશનો વડો એવા વ્યક્તિને ચૂંટવામાં આવે જે તકવા, પ્રામાણિકતા, દીનદારી, કાબેલિયત, નિષ્ઠા અને રાજકીય આટાપાટાઓથી ખૂબ પરિચિત હોય અને બધામાં ઉત્તમ હોય, પછી આ સત્તાધીશ પણ ચૂંટાઈને સ્વતંત્ર અને સરમુખ્તિયાર ન હોવો જોઈએ. બલકે, તે પોતાની મજલિસે શૂરા (Advisory Board-Executive Committee) પાસે સલાહ–મશવરો લેવા માટે બંધાયેલ હોય. કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં અને રસૂલુલ્લાહ ﷺ તથા ખુલફાએ રાશીદીનની કાર્યપ્રણાલી એની ગવાહ છે. હઝરત ઉમર (રદિ.)નું ફરમાન છે,

لَا خِلَافَةَ اِلَّا عَنْ مَشُوْرَةٍ

"શૂરા (Advisory Board-Executive Committee) વિના ખિલાફત ન હોઈ શકે." *(કન્ઝૂલ ઉમ્માલ બ હવાલ–એ–ઈબ્ને અબી શયબહ)*

સલાહકાર સમિતિ (મજલિસે શૂરા) અને મશવરાને ઈસ્લામી હુકૂમત માટે પાયાની અગત્યની જરૂરિયાત સમજવામાં આવે છે. એટલે સુધી કે, જો રાષ્ટ્રનો વડો સલાહ–મશવરો લેવાથી સ્વતંત્ર થઈ જાય અથવા એવા લોકો

પાસેથી મશવરો લેવા માંડે જે શરઈ દૃષ્ટિકોણથી સલાહ-મશવરો લેવા માટે યોગ્ય નથી, તો તેને બરતરફ કરવો જરૂરી છે.

ذَكَرَابْنُ عَطِيَّةَ اَنَّ الشُّوْرٰى مِنْ قَوَاعِدِ الشَّرِيْعَةِوَعَزَائِمِ الْاَ حْكَامِ وَمَنْ لَّا يَسْتَشِيْرُ اَهْلَ الْعِلْمِ وَالدِّيْنِ فَعَزْ لُهٗ وَاجِبٌ، هٰذَا مَا لَا خِلَافَ لَهٗ،

"ઈબ્ને અતિય્યહ (રદિ.)એ ફરમાવ્યું કે, સલાહકાર સમિતિ શરીઅતના કાયદાઓ અને પાયાના સિદ્ધાંતોમાંથી છે, જે અમીર (સત્તાધીશ) વિદ્વાનો અને દીનદારો પાસેથી સલાહ-મશવરો ન લે તેને બરતરફ કરવો વાજિબ છે, અને આ એક એવો મસ્અલો છે જેમાં કોઈનો મતભેદ નથી." *(બ:હરે મુહીત)*

સલાહ-મશવરો જરૂરી હોવાથી ઈસ્લામી સરકાર અને તેના નાગરિકો ઉપર અલ્લાહની મહેરબાની અને બરકતો નાઝિલ થાય છે, તેનો અંદાજો એનાથી લગાવો કે રસૂલે કરીમ ﷺએ મશવરાને રહમત તરીકે ઓળખાવ્યો છે. ઈબ્ને અદી અને બયહકીએ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે, "જ્યારે આ આયત નાઝિલ થઈ તો રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺને આવા મશવરાની આવશ્યકતા નથી પરંતુ અલ્લાહ તઆલાએ તેને મારી ઉમ્મત માટે એક રહમત બનાવી છે." *(બયાનુલ કુર્આન)*

તેનો ભાવાર્થ એ છે કે, જો અલ્લાહ તઆલાએ ધાર્યું હોત તો પોતાના રસૂલે કરીમ ﷺને દરેક કાર્યની વહી દ્વારા જાણ કરી દીધી હોત, કોઈપણ કાર્યમાં સલાહ-મશવરો લેવાની આવશ્યકતા બાકી ન રહેવા દીધી હોત. પરંતુ ઉમ્મતની ભલાઈ એમાં જ હતી કે, રસૂલે કરીમ ﷺ દ્વારા સલાહ-મશવરાની સુન્નત પ્રચલિત કરાવવામાં આવે. એટલા માટે ઘણા બધા કાર્યો એવા છોડી દેવામાં આવ્યા જેમાં ખુલ્લમ-ખુલ્લી કોઈ વહી નાઝિલ નથી થઈ, તેમાં રસૂલે કરીમ ﷺને સલાહ-મશવરો લેવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

પાંચમો મસ્અલો; સલાહ-મશવરામાં વિવિધ વિરોધાભાસી અભિપ્રાયો થઈ જાય તો ફેંસલાનું સ્વરૂપ કેવું હશે ? :

મસ્અલામાં જો કોઈ વિરોધાભાસ ઊભો થઈ જાય તો શું વર્તમાન સમયની પાર્લામેન્ટરી પ્રથા આધારે બહુમતીથી ફેંસલો લાગુ પાડવા માટે મજબૂર થવું પડશે ? અથવા તો અધિકાર હશે કે, બહુમતી હોય કે લઘુમતી જેની દલીલો

વધારે શક્તિશાળી અને તથ્યવાળી તથા રાષ્ટ્રના હિતમાં વધારે લાભદાયક લાગે તેને અપનાવવામાં આવશે ? કુર્આન અને હદીષ તથા રસૂલે કરીમ ﷺ તથા સહાબએ કિરામ (રદિ.)થી આવો સિરસ્તો કે અમલ સાબિત નથી થયો કે, વિવિધ વિરોધાભાસી અભિપ્રાયોની પરિસ્થિતિમાં અમીર બહુમતી લોકોના અભિપ્રાય પ્રમાણે ફેંસલો કરવા મજબૂર બન્યા હોય. બલકે, કુર્આને કરીમના અમુક ઈશારાઓ, હદીષો તથા સહાબએ કિરામ (રદિ.) દ્વારા કરવામાં આવેલા તેના અર્થઘટનોથી એ સ્પષ્ટ થાય છે કે, વિવિધ વિરોધાભાસી અભિપ્રાયોની પરિસ્થિતિમાં પણ અમીર (વડો) પોતાની વિવેકબુદ્ધિ અને કોઠાસૂઝ પ્રમાણે કોઈ એક સ્વરૂપ અપનાવી શકે છે. ભલે, તે બહુમતી લોકોના અભિપ્રાય પ્રમાણે હોય અથવા લઘુમતી લોકોના અભિપ્રાય પ્રમાણે હોય. અલબત્ત, અમીર પોતાના આત્મસંતોષ ખાતર જે રીતે બંને બાજુની દલીલો પર ઊંડું ચિંતન-મનન કરે છે, એવી જ રીતે બહુમતીનું કોઈ એક બાબત ઉપર સહમત થઈ જવું પણ અમુક સમયે તેના માટે સંતોષનું કારણ બનતું હોય છે.

પ્રસ્તુત આયતમાં વિચાર કરો, તેમાં રસૂલે કરીમ ﷺને મશવરાનો હુકમ આપ્યા પછી ફરમાવવામાં આવ્યું فَإِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ એટલે કે, "મશવરા પછી તમે જે પક્ષે પણ ઈરાદો કરી લો (નિર્ણય કરી લો) તો પછી અલ્લાહ ઉપર ભરોસો કરો." તેમાં عَزَمْتَ (અઝમ્ત)ના શબ્દમાં ઈરાદો એટલે કે હુકમ લાગુ પાડવાનો પાકો ઈરાદો કરવો ફક્ત રસૂલે કરીમ ﷺના અધિકારમાં આપવામાં આવ્યું. عَزَمْتُمْ (અઝમ્તુમ) કહેવામાં નથી આવ્યું, જેનાથી હુકમ કરવામાં અને નિર્ણયને લાગુ પાડવામાં સહાબએ કિરામ (રદિ.)ની ભાગીદારી નક્કી કરવામાં આવી નથી, તેનાથી એ સાબિત થાય છે કે, સલાહ-મશવરો લીધા પછી નિર્ણય અને ઈરાદો ફક્ત અમીરનો જ ભરોસાપાત્ર છે. હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.) અમુક સમયે જો કે, દલીલોની દૃષ્ટિએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની સલાહ વધારે મજબૂત હોય તો તેમની સલાહ ઉપર હુકમ લાગુ પાડતા હતા. જ્યારે કે, મજલિસમાં બહુમતી એવા સહાબાઓ મૌજૂદ રહેતા હતા, જેઓ ઈબ્ને અબ્બાસ (રદિ.) કરતાં ઉંમર અને જ્ઞાનમાં તથા સંખ્યામાં પણ વધારે હતા. રસૂલે કરીમ ﷺએ ઘણા સમયે શયખૈન હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) અને ફારૂકે આઝમ (રદિ.)ની સલાહને બધા જ સહાબા (રદિ.)ના

મુકાબલામાં અગ્રિમતા આપી છે. એટલે સુધી કે, લોકો એવું માનવા લાગ્યા હતા કે, પ્રસ્તુત આયત ફક્ત આ બે વ્યક્તિઓ સાથે સલાહ-મશવરો લેવા માટે નાઝિલ થઈ છે. હાકિમે "મુસ્તદ્રક"માં પોતાની સનદ સાથે ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત નકલ કરી છે,

عَنْ اِبْنِ عَبَّاسٍ فِیْ قَوْلِہٖ تَعَالٰی (وَشَاوِرْھُمْ فِی الْاَمْرِ) قَالَ اَبُوْبَکْرٍ وَّعُمَرُ،

"ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, આ આયતમાં شَــاوِرْھُم ની ઝમીરથી ભાવાર્થ હઝરાતે શયખૈન (રદિ.) છે." *(ઇબ્ને કષીર)*

કલબીની રિવાયત આ બાબતે વધારે સ્પષ્ટ છે,

عَنْ اِبْنِ عَبَّاسٍ قَالَ نَزَلَتْ فِیْ اَبِیْ بَکْرٍ وَّعُمَرَوَّ کَانَا حَوَارِیَّیْ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَ سَلَّمَ وَوَزِیْرَیْہِ وَاَبَوَیِ الْمُسْلِمِیْنَ،

"ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે આ આયત હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર (રદિ.) પાસેથી મશવરો લેવા બાબતે નાઝિલ થઈ છે. આ બંને મહાનુભવો જનાબે રસૂલે કરીમ ﷺના ખાસ સહાબીઓ અને વઝીર હતા અને મુસલમાનોના આગેવાનો હતા." *(ઇબ્ને કષીર)*

રસૂલે કરીમ ﷺએ એક સમયે હઝરાતે શયખૈન (રદિ.)ને સંબોધીને ફરમાવ્યું હતું,

لَوِاجْتَمَعْتُمَا فِیْ مَشْوَرَۃٍ مَا خَلَفْتُکُمَا،

"જ્યારે તમે બંને કોઈ અભિપ્રાય ઉપર સહમત થઈ જાઓ તો હું તમારા બંનેથી વિરૂદ્ધ નથી કરતો." *(ઇબ્ને કષીર બ હવાલએ મુસ્નદે અહમદ)*

એક શંકા અને તેનો જવાબ :

અત્રે એક શંકા ઉપસ્થિત થઈ શકે છે કે, આ બાબત તો લોકશાહીની વિરોધી છે અને રાજાશાહી કે સરમુખ્તિયારશાહીની કાર્યપદ્ધતિ અનુસાર છે અને તેનાથી લોકશાહીને નુકસાન પહોંચવાનો ભય છે.

તેનો જવાબ એ છે કે, ઈસ્લામી બંધારણમાં આ બાબતની પ્રથમથી જ જોગવાઈ કરી લેવામાં આવી છે. કારણ કે, સામાન્ય નાગરિકોને એ અધિકાર જ નથી આપવામાં આવ્યો કે જેને ઇચ્છે તેને અમીર (શાસક) બનાવી લે, બલકે,

તેમના ઉપર જરૂરી ઠરાવવામાં આવ્યું છે કે, જ્ઞાન, અમલ, કાર્ય કરવાની નિષ્ઠા, ક્ષમતા, પ્રામાણિકતા તથા દીનદારીની હેસિયતથી જે વ્યક્તિ સૌથી શ્રેષ્ઠ સમજવામાં આવતો હોય ફક્ત તેને જ અમીર તરીકે ચૂંટી કાઢવામાં આવે, તો જે વ્યક્તિમાં આવા ઉચ્ચ કક્ષાના ગુણો અને શ્રેષ્ઠ લક્ષણો હશે અને કસોટીના એરણ પર ચકાસીને ચૂંટી કાઢવામાં આવ્યો હશે, તેના ઉપર એવી મર્યાદાઓ લગાવવી કે, જે અપ્રમાણિક અને ફાસિક-ફાજિર લોકો ઉપર મૂકવામાં આવે છે, તે બુદ્ધિ અને ન્યાયનું ખૂન કરવા બરાબર છે તથા કામ કરનારાઓની હિંમતને તોડીને મુલ્ક અને મિલ્લતના કામમાં રુકાવટ અને અડચણ ઊભી કરવા સમાન સમજવામાં આવશે.

છઠ્ઠો મસ્અલો; દરેક કામ સંપૂર્ણ વિચારી-સમજીને કર્યા પછી અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખવો :

મહત્ત્વના કામોમાં દરેક પ્રકારની ચીવટ અને કાળજીથી આયોજન અને સલાહ-મશવરો કર્યા પછી જ્યારે કાર્ય કરવાનો પાકો ઈરાદો કરવામાં આવે તો પોતાની બુદ્ધિ અને યોજનાઓ ઉપર ભરોસો ન કરે બલકે, ભરોસો ફક્ત અલ્લાહ તઆલા ઉપર કરવામાં આવે. કારણ કે, આ બધી યોજનાઓ સમગ્ર યોજનાઓના માલિક, સૃષ્ટિના કર્તાના કાબૂમાં છે. મનુષ્ય શું ? અને તેનો સલાહ-મશવરો શું ? કે, તેની યોજનાઓ શું ? દરેક વ્યક્તિ પોતાની જિંદગીમાં હજારો કિસ્સાઓમાં, આવી બાબતો અને યોજનાઓમાં નિષ્ફળતા અને અપમાનનો અનુભવ કરતો રહે છે. મૌલાના રૂમી (રહ.) તેને ઘણી સારી રીતે આ શબ્દોમાં વર્ણવે છે,

خویش را دیدیم و رسوائی خویش　　امتحانِ ما مکن اے شاہ بیش

આ વાક્ય فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ થી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, ભરોસો અને અલ્લાહ ઉપરનો તવક્કુલ એનું નામ નથી કે, સબબો અને યોજનાઓને છોડી દેવામાં આવે બલકે, યોગ્ય કારણો અને માધ્યમોને છોડીને માત્ર અલ્લાહ ઉપર તવક્કુલ કરવો અંબિયા (અલૈ.)ની સુન્નત અને કુર્આનની તા'લીમ વિરૂદ્ધ છે. હા ! ફક્ત માધ્યમો અને સબબો કે કાર્ય-કારણની ફિકર-ચિંતામાં લાગેલા રહેવું અથવા ફક્ત યોજનાઓને અસરકારક સમજીને "મુસબ્બબુલ અસ્બાબ" (કાર્ય-કારણના માલિક) અલ્લાહ તઆલાથી ગાફેલ થઈ જવું એ નિઃશંક ! તવક્કુલની વિરોધી બાબત છે.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૬૦ થી ૧૭૧)

اِنْ يَّنْصُرْكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمْ ۚ وَاِنْ يَّخْذُلْكُمْ فَمَنْ ذَا الَّذِيْ يَنْصُرُكُمْ
مِّنْۢ بَعْدِهٖ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿۱۶۰﴾ وَمَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّغُلَّ ؕ وَمَنْ
يَّغْلُلْ يَاْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ﴿۱۶۱﴾ اَفَمَنِ اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ
وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۶۲﴾ هُمْ دَرَجٰتٌ عِنْدَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۱۶۳﴾ لَقَدْ
مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ
النصف وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۚ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۱۶۴﴾
اَوَلَمَّآ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَدْ اَصَبْتُمْ مِّثْلَيْهَا ۙ قُلْتُمْ اَنّٰى هٰذَا ؕ قُلْ هُوَ مِنْ عِنْدِ
اَنْفُسِكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۶۵﴾ وَمَآ اَصَابَكُمْ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ فَبِاِذْنِ اللّٰهِ
وَلِيَعْلَمَ الْمُؤْمِنِيْنَ ﴿۱۶۶﴾ ۙ وَلِيَعْلَمَ الَّذِيْنَ نَافَقُوْا ۖۚ وَقِيْلَ لَهُمْ تَعَالَوْا قَاتِلُوْا فِيْ
سَبِيْلِ اللّٰهِ اَوِ ادْفَعُوْا ؕ قَالُوْا لَوْ نَعْلَمُ قِتَالًا لَّااتَّبَعْنٰكُمْ ؕ هُمْ لِلْكُفْرِ يَوْمَئِذٍ
اَقْرَبُ مِنْهُمْ لِلْاِيْمَانِ ۚ يَقُوْلُوْنَ بِاَفْوَاهِهِمْ مَّا لَيْسَ فِيْ قُلُوْبِهِمْ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِمَا
يَكْتُمُوْنَ ﴿۱۶۷﴾ ۚ اَلَّذِيْنَ قَالُوْا لِاِخْوَانِهِمْ وَقَعَدُوْا لَوْ اَطَاعُوْنَا مَا قُتِلُوْا ؕ قُلْ فَادْرَءُوْا
عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۶۸﴾ وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ
اَمْوَاتًا ؕ بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ ﴿۱۶۹﴾ ۙ فَرِحِيْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۙ وَ
يَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ خَلْفِهِمْ ۙ اَلَّا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ
وقف لازم يَحْزَنُوْنَ ﴿۱۷۰﴾ يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ ۙ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ
الْمُؤْمِنِيْنَ ﴿۱۷۱﴾ ع

તરજુમો :

જો અલ્લાહ તમારી મદદ કરે તો તમારા ઉપર કોઈ ગાલિબ નહીં થઈ શકે (વર્ચસ્વ સ્થાપી શકશે નહી); અને જો તે તમને છોડી દે તો કોણ છે જે તમારી ત્યારબાદ મદદ કરી શકે ? અને ઈમાનવાળાઓએ અલ્લાહ ઉપર જ ભરોસો રાખવો જોઈએ. (૧૬૦) અને નબીનું એ કામ નથી કે છુપાવી રાખે અને જે કોઈ છુપાવશે તે પોતાની છુપાવેલી વસ્તુ કયામતના દિવસે લાવશે, પછી દરેક વ્યક્તિ પૂરેપૂરું મેળવશે જે તે કમાયો; અને તેમના ઉપર જુલમ કરવામાં નહીં આવે. (૧૬૧) શું એક માણસ જેણે અલ્લાહની મરજી (ખુશી)ની પૈરવી કરી (અનુસરણ કર્યું) તે તેના જેવો થઈ શકે છે જે અલ્લાહનો ગુસ્સો કમાયો ? અને તેનું (અંતિમ) ઠેકાણું જહન્નમ છે અને તે કેવા અતિખરાબ સ્થળે પહોંચ્યો ! (૧૬૨) તેમના (લોકોના) અલ્લાહ પાસે વિવિધ દરજ્જાઓ છે અને તેઓ જે કંઈ કરે છે અલ્લાહ સઘળું જુએ છે. (૧૬૩) (બેશક !) ખરેખર, અલ્લાહે મો'મિનો ઉપર અહેસાન કર્યું જ્યારે તેમનામાં તેમનામાંનો જ એક રસૂલ મોકલ્યો; જે તેમને તેની (અલ્લાહની) આયતો પઢી સંભળાવે છે અને તેમને (કુફ્ર-શિર્ક વગેરેથી) પવિત્ર કરે છે, અને તેમને કિતાબ અને હિકમત શિખવાડે છે; અને બેશક ! તેઓ પહેલેથી જો કે ખુલ્લી ગુમરાહીમાં હતા. (૧૬૪) શું જ્યારે તમને એક મુસીબત (આઘાત) પહોંચી, અલબત્ત તમે તેમને (એવો જ) બમણો આઘાત પહોંચાડી ચૂક્યા હતા; તમે કહો છો આ (મુસીબત) ક્યાંથી આવી ? (હે નબી ﷺ !) તમે કહી આપો ! તે તમારી પોતાની જ પાસેથી (તમારા કરતૂતોથી આવી છે); બેશક ! અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૧૬૫) અને તમને જે (તકલીફ) પહોંચી, જે દિવસે બે જૂથો (ફોજો) વચ્ચે મૂઠભેડ થઈ તો તે અલ્લાહના હુકમથી (જ પહોંચી); અને જેથી તે (અલ્લાહ) ઈમાનવાળાઓને જાણી લે. (૧૬૬) અને જેથી જાણી લે તે લોકોને જેઓ મુનાફિક હતા; અને તેમને કહેવામાં આવ્યું, આવો ! અલ્લાહના માર્ગમાં લડો અથવા હુમલો ખાળો, તેઓ બોલ્યા, જો અમે યુદ્ધ જાણતા હોત તો જરૂર તમારો સાથ આપ્યો હોત; તે દિવસે તેઓ ઈમાન

કરતાં કુફ્રની વધારે નજીક હતા; તેઓ પોતાના મોઢાથી એવું કહે છે જે તેમના દિલોમાં નથી અને અલ્લાહ સારી પેઠે જાણનારો છે જે તેઓ છુપાવે છે. (૧૬૭) તે લોકો જેમણે પોતાના ભાઈઓ વિશે (વાતો બનાવી) કહ્યું અને પોતે (તો) બેસી રહ્યા કે, જો તેઓએ અમારી વાત માની હોત તો તેઓ માર્યા ન ગયા હોત; કહી આપો ! (હવે) તમે પોતાની જાત ઉપરથી મૌતને હટાવી દો, જો તમે સાચા છો ? (૧૬૮) જે લોકો અલ્લાહના રસ્તામાં માર્યા ગયા તેમને કદાપિ મૃત ન સમજો બલકે, તેઓ જીવંત છે પોતાના પરવરદિગાર પાસે; રોજી (પણ) મેળવે છે. (૧૬૯) એનાથી ખુશ છે જે તેમને અલ્લાહે પોતાના ફઝ્લ (કૃપા)થી આપ્યું; અને તેઓ તે લોકો તરફથી (પણ) ખુશ છે, જેઓ તેમની પાછળ છે (અને હજુ) તેમને આવીને મળ્યા નથી; (આવું એ કારણે કે) તેમના ઉપર ન કોઈ ભય છે અને ન કોઈ ગમ. (૧૭૦) અલ્લાહની નેઅ્મત અને ફઝ્લ (કૃપા)થી ખુશીઓ મનાવી રહ્યા છે અને એ વાતે કે અલ્લાહ ઈમાનવાળાઓની મજૂરીને બરબાદ કરતો નથી. (૧૭૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉહદના કિસ્સામાં થોડા સમય માટે હાર જેવી પરિસ્થિતિ અને મુસલમાનોની પરેશાની ઉપર સહાબએ કિરામ (રદિ.)ને આશ્વાસન આપવા માટે રસૂલે કરીમ ﷺને અમુક કામોના હુકમ આપવામાં આવ્યા હતા, જેથી રસૂલે કરીમ ﷺની નારાજગીનો ભય દૂર થઈ ગયો, પરંતુ તે સહાબા (રદિ.)ને આ હાર જેવી પરિસ્થિતિની ઘટનાથી અફસોસ પણ થયો હતો. એટલા માટે ઉપરોક્ત ૧૨ આયતોની પહેલી આયતમાં તે હાર જેવી પરિસ્થિતિના અફસોસથી દિલની ગમગીની દૂર કરવામાં આવી છે, વળી બદ્રના દિવસે ગનીમતના માલમાં એક ચાદર ગુમ થઈ ગઈ હતી. અમુક નાસમજ અથવા મુનાફિક લોકોએ કહ્યું કે, કદાચ રસૂલે કરીમ ﷺએ લઈ લીધી હશે અને આ ઘટના હકીકતમાં ઘટી હોય અથવા અજાણતામાં, એક ખયાનત જ કહેવાય; અને નબી ﷺની શાન અને દરજ્જો તેનાથી અત્યંત ઉચ્ચ કક્ષાનો છે, તેમનાથી આવી ભૂલ થવાની કોઈ શક્યતા જ નથી. એટલા માટે બીજી, ત્રીજી અને ચોથી આયતોમાં નબીએ કરીમ ﷺની અમાનતદારી (પ્રમાણિકતા)ની મહાનતમ્ સિફત અને લક્ષણનું વર્ણન કરીને આ ખોટા અભિપ્રાયનો રદિયો આપીને પાંચમી આયતમાં ખુદ નબીએ

કરીમ ﷺના અસ્તિત્વને મહાનતમ્ નેઅ્મત અને તેમની બઅ્ષત (આગમન)ને માનવતા માટે શ્રેષ્ઠ કક્ષાનો ઉપકાર હોવાનું સ્પષ્ટ કરી દેવામાં આવ્યું.

મો'મિનોને આ હાર જેવી પરિસ્થિતિથી ખૂબ દુઃખ થયું હતું કે, મુસલમાન હોવા છતાં આ મુસીબત કેમ અને ક્યાંથી આવી ? આ બાબત ઉપર સહાબએ કિરામ (રદિ.) આશ્ચર્ય અને અફસોસ કરતા હતા. વળી, મુનાફિકો કહ્યા કરતા હતા કે, જો આ લોકો ઘરોમાં બેસી રહ્યા હોત તો માર્યા ન ગયા હોત અને તે શહીદોની મૌતને બદ્નસીબી અને મહરૂમી (વંચિતતા) ઠરાવતા હતા. એટલા માટે છટ્ઠી, સાતમી અને આઠમી આયતોમાં બીજા વિષય સ્વરૂપે આ કામચલાઉ તકલીફ અને મુસીબતોનું કારણ અને તેના પાછળની હિકમત સ્પષ્ટ કરવામાં આવી અને તે અનુસંધાને મુનાફિકોના પ્રોપેગંડા (અપપ્રચાર)નો રદિયો પણ આપવામાં આવ્યો.

નવમી આયતમાં તે ખોટા અકીદહનો રદિયો આપવામાં આવ્યો કે, ઘરોમાં બેસી રહેવાથી મૃત્યુ પામવાથી છુટકારો મળી ગયો હોત અને દશમી, અગિયારમી અને બારમી આયતોમાં શહીદોને શ્રેષ્ઠ કક્ષાની સફળતા તથા વાસ્તવિક પ્રકારની જિંદગીનું એક સ્વરૂપ આપવાની તથા કાયમી નેઅ્મતોનું ઈનામ હોવાની બાબત વર્ણન કરવામાં આવી.

તફસીર :

જો અલ્લાહ તઆલા તમારો સાથ આપે તો તમારી સામે કોઈ જીતી નથી શકતું અને જો તમારો સાથ ન આપે તો ત્યાર પછી એવો કોણ છે જે તમારો સાથ આપી શકે છે ? (અને તમને વિજયી બનાવી શકે છે ?) અને ફક્ત અલ્લાહ તઆલા ઉપર જ ઈમાનવાળાઓએ ભરોસો રાખવો જોઈએ અને નબીની એ શાન નથી કે તે (નઊઝુબિલ્લાહ !) ખયાનત કરે. જ્યારે કે, (ખયાનત કરનાર તો કયામતના દિવસે અપમાનિત અને ઝલીલ થશે, કારણ કે) જે વ્યક્તિ ખયાનત કરશે તે વ્યક્તિ પોતાની આ ખયાનત કરેલી વસ્તુને કયામતના દિવસે (હશ્રના મૈદાનમાં) હાજર કરશે. (જેથી બધી જ મખ્લૂક જાણી જાય અને તેને સૌની રૂબરૂ અપમાન અને રુશ્વાઈ વેઠવી પડે.) પછી (કયામતના મૈદાન પછી) દરેક વ્યક્તિને (આ ખયાનત કરનારાઓમાંથી) તેમના કરેલા કૃત્યોનું (દોઝખમાં) સંપૂર્ણ વળતર મળી જશે અને તેમના ઉપર બિલકુલ અત્યાચાર નહીં થાય (કે

તેમના ગુનાહથી વધારે સજા આપવામાં નહીં આવે. મતલબ કે, ખયાનત કરનાર તો જહન્નમની આગનો અને અપમાન વેઠવાનો હકદાર બની જાય છે. જ્યારે અંબિયા અલૈ. અલ્લાહની ખુશ્નૂદી માટે કામ કરતા હોવાના લીધે કયામતમાં ઇજ્જતવાળા હશે. બસ, એટલે કે અપ્રામાણિકતા-ખયાનત અને અંબિયા અલૈ. ભેગા નથી થઈ શકતા જેમકે, ઇરશાદ છે) બસ, એવો વ્યક્તિ જે અલ્લાહની રજામંદીના તાબે થઈ ગયો (જેમકે નબી અલૈ.) શું તે એવા વ્યક્તિ જેવો થઈ શકે છે જે અલ્લાહના અઝાબનો હકદાર બન્યો હોય અને જેનું ઠેકાણું જહન્નમ હોય ? (જેમકે ખયાનત કરનાર અપ્રામાણિક લોકો) અને તેઓ બુરી જગ્યાએ જાય છે. (કદાપિ આ બંને એકસમાન ન હોઈ શકે બલકે,) આ ઉપરોક્ત (એટલે કે અલ્લાહની ખૂશ્નૂદીના હકદાર અને અલ્લાહના ક્રોધના હકદાર) અલ્લાહ તઆલા નજીક દરજ્જાઓમાં ભિન્ન હશે (એટલે કે અલ્લાહના તાબે'દારો અલ્લાહના મહબૂબ અને જન્નતી છે જ્યારે કે અલ્લાહનો ક્રોધનો ભોગ બનનાર લોકો અપમાનિત અને દોઝખી છે) અને અલ્લાહ તઆલા તેમના અમલોને સારી રીતે જોઈ રહ્યો છે (એટલા માટે દરેકની સાથે યોગ્ય વ્યવહાર કરશે). હકીકતમાં અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર (મોટું) અહેસાન કર્યું જ્યારે કે તેમનામાં તેમની જ કૌમમાંથી એક એવા (મહાન) પયગમ્બર મોકલ્યા કે તેઓ તે લોકોને અલ્લાહ તઆલાની આયતો (અને હુકમો) પઢી-પઢીને સંભળાવે છે અને (જાહેર તથા અંતરમનની-રૂહાની ગંદકીઓથી) તે લોકોની સફાઈ કરતા રહે છે અને તેમને (અલ્લાહની) કિતાબ તથા વિવેકની વાતો બતાવતા રહે છે અને આ લોકો ખરેખર (રસૂલે કરીમ ﷺની બઅ્ષત) પહેલાં સ્પષ્ટ ગલતી (એટલે કે કુફ્ર અને શિર્ક)માં (સપડાયેલા) હતા અને જ્યારે (ઉહદમાં) તમારી એવી હાર (જેવી પરિસ્થિતિ) થઈ જેનાથી બે ઘણી તમને (બદ્રમાં) જીત મળી ચૂકી હતી (કારણ કે ઉહદમાં સિત્તેર મુસલમાનો શહીદ થયા અને બદ્રમાં સિત્તેર કાફિરો કતલ થયા અને સિત્તેર કાફિરો કેદી તરીકે પકડાયા હતા) તો શું એવા સમયે તમે (વાંધો ઉઠાવવા તરીકે નહીં પરંતુ આશ્ચર્ય દર્શાવતા) એવું કહો છો કે, (અમે મુસલમાન હોવા છતાં) આ (હાર જેવી પરિસ્થિતિ) ક્યાંથી આવી ? (અને કેમ આવી ?) તમે ફરમાવી આપો કે આ હાર (જેવી પરિસ્થિતિ) તમારા તરફથી જ થઈ (જો રસૂલે કરીમ ﷺના હુકમ વિરૂદ્ધ કામ ન કર્યું હોત તો તેમને ઉહદમાં મુસીબત ન

વેઠવી પડી હોત, કારણ કે, એ જ હુકમની સાથે મદદનો વાયદો થઈ ચૂક્યો હતો) બેશક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે (જ્યારે તમે હુકમની ફરમાંબરદારી કરી તો પોતાની કુદરતથી તમને વિજય અપાવ્યો અને જ્યારે તમે હુકમનો અનાદર કર્યો તો પોતાની કુદરતથી તમારા ઉપર મુસીબત નાઝિલ કરી) અને જે મુસીબત તમને પડી છે જે દિવસે કે બે જૂથો (એક મુસલમાનોનું અને બીજું કાફિરોનું) પરસ્પર (યુદ્ધ માટે) સામ-સામે થયા (એટલે કે ઉહદના દિવસે) બસ, (તે મુસીબત) અલ્લાહ તઆલાના હુકમથી થઈ (કારણ કે, તેમાં અમુક હિકમતો હતી જેનું વર્ણન ઉપર થઈ ચૂક્યું છે) અને (તેમાંની એક હિકમત આ છે કે) જેથી અલ્લાહ તઆલા મો'મિનોને પણ જોઈ લે (કારણ કે, મુસીબતના સમયે ઈખ્લાસ વગેરે જાહેર થઈ જતું હોય છે. જેમકે, આવી પરિસ્થિતિ આવી પણ ચૂકી છે.) અને તે લોકોને પણ જોઈ લે જેમણે નિફાકનો વર્તાવ કર્યો અને તેમને (યુદ્ધની શરૂઆતના સમયે કે ત્રણસો માણસોએ મુસલમાનોનો સાથ છોડી દીધો હતો જેમકે, અગાઉ આવી ચૂક્યું છે) એવું કહેવામાં આવ્યું કે, (યુદ્ધના મૈદાનમાં) આવો (પછી હિંમત હોય તો) અલ્લાહના માર્ગમાં લડજો અથવા (હિંમત ન હોય તો સંખ્યા વધારીને) દુશ્મનોનું આક્રમણ ખાળો (કારણ કે, મોટી સંખ્યા જોઈને તેમનામાંથી અમુક ઉપર તો ભય છવાઈ ગયો હતો અને તેના કારણે તેઓ કદાચ હટી જાય); તેઓ બોલ્યા કે, જો અમે વ્યવસ્થિત યુદ્ધ જોયું હોત તો જરૂર તમારી સાથે થઈ ગયા હોત (પરંતુ આ કેવી લડાઈ છે કે, તે લોકો તો તમારાથી ત્રણ-ચાર ઘણા વધારે છે. વળી તેમની પાસે યુદ્ધ સરંજામ પણ તમારાથી વધારે છે, એવી પરિસ્થિતિમાં યુદ્ધ કરવું પોતાની જાતે આત્મહત્યા કરવા બરાબર છે. લડાઈ આને કહેવાતી નથી ! પરંતુ અલ્લાહ તઆલા આ બાબતે ઈરશાદ ફરમાવે છે કે,) આ મુનાફિકો તે દિવસે (જ્યારે કે આવો નફફટ જવાબ આપતા હતા) કુફ્રથી (જાહેરમાં પણ) ખૂબ નજીક થઈ ગયા, તે પરિસ્થિતિ કરતાં કે તેઓ (પ્રથમ જાહેરમાં) ઈમાનની (કોઈ રીતે) નજીક હતા (કારણ કે પહેલેથી જ તેઓ દિલથી મો'મિન ન હતા પરંતુ મુસલમાનો સામે ઈમાનવાળા હોવાનો ડોળદંભ કરી વાતો બનાવ્યા કરતા હતા. તે દિવસે આવી પોપટબોલી તેમના ઉપર છવાઈ ગઈ અને ખુલ્લમ-ખુલ્લી જાહેરમાં પોતાની મનમાં છુપાવેલી મેલી મુરાદો અને વિરોધની વાતો મોઢામાંથી

નીકળવા લાગી, એટલા માટે પ્રથમથી તેઓ જે રીતે ઈમાનથી જાહેરમાં કંઈક અંશે નજીક હતા તે કુફ્રની નજીક જવામાં પરિવર્તિત થઈ ગયું અને આ કુફ્રની નજીક જવું ઈમાનના નજીક હોવા કરતાં વધારે છે કે, તેમની ડોળદંભયુક્ત વાતો છતી થઈ ગઈ હતી. એટલા માટે તેઓ વિરોધની વાતો ખુલ્લમ-ખુલ્લી કરવા લાગ્યા હતા.) આ લોકો પોતાના મોઢાથી એવી વાતો કરે છે જે તેમના દિલોમાં નથી (એટલે કે દિલમાં તો એવું છે કે, તેઓ મુસલમાનોને ક્યારેય સાથ નહીં આપે ભલે યુદ્ધ બરાબરીનું પણ કેમ ન હોય ?) અને અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે જે કંઈ તેઓ પોતાના દિલોમાં રાખે છે (એટલા માટે તેમનું આ નિવેદન જૂઠું હોવું અલ્લાહ તઆલાને ખબર છે). આ એવા લોકો છે કે, (પોતે તો જિહાદમાં ભાગ ન લીધો અને) પોતાના (રિશ્તાના) ભાઈઓના સંદર્ભમાં (જેઓ શહીદ થઈ ગયા તેમના માટે ઘરોમાં) બેસીને વાતો બનાવે છે કે, જો તેઓએ અમારું કહ્યું માન્યું હોત (એટલે કે જ્યારે અમે તેમને રોક્યા ત્યારે રોકાઈ ગયા હોત) તો (કોઈ લાભ વિના) કતલ ન થઈ ગયા હોત. તમે ફરમાવી આપો કે, સારું ! તો હવે પોતાના ઉપરથી મૌતને હટાવી દો, જો તમે (આ વિચારસરણીમાં) સાચા છો (કે યુદ્ધના મૈદાનમાં જવાથી જ મૌત આવે છે કારણ કે, કતલ થવાથી બચવું તો મૌતથી બચવા માટેના હેતુ માટે જ હોય છે. પરંતુ જ્યારે નક્કી સમય હશે ત્યારે મૌત તો ઘરે બેઠાં પણ આવવાનું જ છે, આથી જો કતલ થવું પણ નક્કી સમયે હશે તો તેને ટાળી નહીં શકાય.) અને (હે સાંભળનારાઓ!) જે લોકો અલ્લાહ તઆલાના રસ્તામાં (તેના દીન ખાતર) માર્યા ગયા તેમને (તે મૃત લોકોની જેમ) મૃત ન સમજો બલકે, તે લોકો (એક વિશિષ્ટ પ્રકારની જિંદગી સાથે) હયાત છે (અને) પોતાના પરવરદિગારના સ્વીકૃત (એટલે કે અલ્લાહે તેમને સ્વીકારી લીધા) છે, તેમને રોજી પણ મળે છે (અને) તેઓ તે વસ્તુથી ખુશ છે જે તેમને અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લ(-કૃપા અને મહેરબાની)થી અર્પણ કરી છે. (દાખલા તરીકે, અલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવાનો દરજ્જો વગેરે... એટલે કે જાહેર રોઝી પણ મળે છે અને રૂહાની ખુશી પણ પ્રાપ્ત થાય છે) અને (જેવી રીતે તેઓ પોતાની હાલત ઉપર ખુશ છે એવી જ રીતે) જે લોકો (હજી દુનિયામાં જીવે છે અને) તેમની પાસે નથી પહોંચ્યા (બલકે) તેમની પાછળ રહી ગયા છે તેમની આ પરિસ્થિતિ ઉપર તે (શહીદો) ખુશ થાય છે કે, (જો તેઓ પણ

શહીદ થઈ જાય તો અમારી જેમ) તેમના ઉપર પણ કોઈ પ્રકારનો ભય ન હશે અને ન જ તેઓ (કોઈ રીતે) ગમગીન થશે. (મતલબ કે, તેમને બે પ્રકારની ખુશીઓ પ્રાપ્ત થઈ છે. એક પોતાની જાત વિશે અને બીજી પોતાના સગાં-સંબંધીઓ અને સ્વજનો વિશે, આગળ આ બંને ખુશીઓનું કારણ એ બતાવવામાં આવ્યું કે,) તેઓ (પોતાની પરિસ્થિતિ ઉપર) અલ્લાહના ફઝ્લ અને ઈનામોના કારણે ખુશ થાય છે. (જેનો તેમણે નજરે જોઈ લીધી છે) અને (અન્યોની પરિસ્થિતિ ઉપર પણ ખુશ થાય છે) એ કારણથી કે (તેમણે ત્યાં પહોંચીને નજરે જોઈ લીધી છે કે,) અલ્લાહ તઆલા ઈમાનવાળાઓ(ના અમલ)નો બદલો બરબાદ નથી કરતો (તો જે સ્વજનો પાછળ રહી ગયા છે અને નેક અમલો દાખલા તરીકે, જિહાદ વગેરેમાં લાગેલા છે, તેમને પણ આવા જ ઈનામો મળશે).

મસ્અલા અને બોધપાઠ :

ગનીમતના માલમાં ચોરી કરવી જઘન્ય અપરાધ છે; કોઈ નબી (અલૈ.)થી આવો ભયંકર ગુનોહ થવાની કોઈ શક્યતા જ નથી :

આયત مَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّغُلَّ، (૩ : ૧૬૧)એ ખાસ ઘટનાના સંદર્ભમાં આવી છે, તેમાં માલે ગનીમતની ચોરીનો મસ્અલો પણ સામે આવી ગયો છે.

તિરમિઝીની રિવાયતમાં આ ઘટના આ રીતે વર્ણવવામાં આવી છે કે, ગઝ્વએ બદ્રના માલે ગનીમતમાંથી એક ચાદર ગુમ થઈ ગઈ, અમુક લોકોએ કહ્યું કે કદાચ નબીએ કરીમ ﷺએ લઈ લીધી હશે. આવું કહેનારા જો મુનાફિકો હોય તો કોઈ આશ્ચર્યની વાત નથી અને શક્ય છે કે, અમુક નાદાન મુસલમાનોએ પણ આવું કહ્યું હોય તો તેમણે એવું સમજ્યું હશે કે રસૂલે કરીમ ﷺને આવું કરવાનો અધિકાર છે. આ બાબતે આ આયત નાઝિલ થઈ જેમાં માલે ગનીમતમાંથી કોઈ વસ્તુ ચોરી લેવાને મહાન અપરાધ બતાવવામાં આવ્યો અને કયામતના દિવસે તેની ભયંકર સજાનો પણ ઉલ્લેખ થયો છે અને એવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે, કોઈ નબી બાબતે આવી ચોરીની કલ્પના કરવી કે, તેમણે આવો ગુનોહ કર્યો હશે; અત્યંત વાહિયાત અને બેવકૂફીભરી વાતો છે. કારણ કે, અંબિયા (અલૈ.) દરેક ગુનાહથી માસૂમ હોય છે.

શબ્દ غُـلُوْل (ગુલૂલ)નો અર્થ ખયાનત માટે પણ ઉપયોગ કરવામાં આવે છે અને ખાસ કરીને ગનીમતના માલની ખયાનત માટે પણ વપરાય છે તથા માલે ગનીમતમાં ચોરી અને ખયાનતનો ગુનોહ સામાન્ય ચોરીઓ અને ખયાનત કરવાથી વધારે ભયંકર છે. કારણ કે, ગનીમતના માલમાં સંપૂર્ણ ઈસ્લામિક લશ્કરનો હક હોય છે, માટે જેણે તેમાં ચોરી કરી તેણે સેંકડો- હજારો વ્યક્તિઓના માલમાં ચોરી કરી. જો કોઈ સમયે તેની મા'ફી માંગવાનો કે ભરપાઈ કરવાનો વિચાર પણ આવશે તો તે અત્યંત મુશ્કેલ કામ છે, કારણ કે, બધાને કઈ રીતે તેમનો હક પહોંચાડી આપવામાં આવે અથવા તેમનાથી મા'ફ કરાવી લેવામાં આવે ? તેનાથી વિપરીત સામાન્ય ચોરીઓમાં માલનો માલિક કોઈ એક અથવા ચોક્કસ અને ઓળખીતા વ્યક્તિઓ હોય છે. કોઈપણ સમયે જો અલ્લાહ તવબહની તૌફીક આપે તો તેનો હક્ક મા'ફ કરાવીને તેનાથી છૂટકારો મેળવી શકે છે. આ જ કારણ હતું કે એક ગઝ્વહમાં એક વ્યક્તિએ ઊનનો અમુક ભાગ સંતાડીને પોતાની પાસે મૂકી રાખ્યો હતો. ગનીમતના માલની વહેંચણી પછી તેને વિચાર આવ્યો તો રસૂલુલ્લાહ ﷺની સેવામાં તે ઊન લઈને ઉપસ્થિત થયો, તો રસૂલે કરીમ ﷺ રહમતુલ્લિલ આલમીન હોવા છતાં અને ઉમ્મત ઉપર માં-બાપ જેવો મહેરબાનીનો વહેવાર કરતા હોવા છતાં તેને એવું કહીને પાછો આપી દીધો કે, હવે હું તેને કેવી રીતે આખા લશ્કરમાં વહેંચી શકીશ. હવે તો કયામતના દિવસે તમે એને લઈને હાજર રહેજો.

એવી રીતે غُلُوْل (ગુલૂલ)ની સજા પણ સામાન્ય ચોરો કરતાં વધારે સખત છે કે, હશ્રના મૈદાનમાં જ્યાં સમગ્ર મખ્લૂક ભેગી થઈ હશે સૌની સામે તેને એવી રીતે અપમાનિત કરવામાં આવશે કે તેણે જે માલ ચોરી કર્યો હતો તે તેની ગરદન ઉપર બાંધેલો હશે. સહીહેનમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જુઓ ! એવું ન થાય કે, હું કયામતમાં કોઈને એવી રીતે જોઉં કે, તેની ગરદન ઉપર એક ઊંટ લાદેલું છે (અને તે એ'લાન કરતો હોય કે તેણે ગનીમતના માલનું ઊંટ ચોર્યું હતું) તે વ્યક્તિ જો મારાથી સિફારસ કરાવવાનો ઇચ્છુક હશે તો હું તેને સ્પષ્ટ જવાબ આપી દઈશ કે મેં અલ્લાહનો હુકમ પહોંચાડી દીધો હતો, હવે હું કંઈ જ નથી કરી શકતો."

અલ્લાહ મૈદાને હશ્રના અપમાનથી બચાવે. મૈદાને હશ્રનું અપમાન અને

ઝિલ્લત વિશે અમુક રિવાયતો પ્રમાણે સાબિત છે કે, જેની સાથે આવો વ્યવહાર કરવામાં આવશે તે એવી તમન્ના કરશે કે, અમને જહન્નમમાં ફેંકી દેવામાં આવે પરંતુ આ ઝિલ્લત અને અપમાનથી બચી જઈએ.

વક્ફના માલ અને સરકારી ખજાનામાં ચોરી કરવી غُلُوْل(ગુલૂલ)ના હુકમમાં છે :

આ જ હુકમ મસ્જિદ, મદ્રસા, ખાનકાહો અને વક્ફના માલનો છે, જેમાં હજારો-લાખો મુસલમાનોના ચંદાની રકમ હોય છે. જો મા'ફ કરાવવા ઈચ્છે તો પણ કોના-કોનાથી મા'ફ કરાવશે ? એ જ રીતે સરકારી ખજાના (બયતુલ માલ)નો હુકમ છે. કારણ કે તેમાં આખા દેશના બધા જ નાગરિકોનો હક છે. જો તેમાં ચોરી કરી તો તેણે દરેક નાગરિકના માલમાં ચોરી કરી, આ માલ એવો હોય છે જેનો કોઈ એક વ્યક્તિ માલિક નથી હોતો, આ ખજાનાના ખજાનચી અને વહીવટદારો લાપરવાહી કરે છે જેના કારણે ચોરી- ભ્રષ્ટાચારના અસંખ્ય કિસ્સાઓ બનતા હોય છે. એટલા માટે આજકાલ દુનિયામાં સૌથી વધારે ચોરી, ઉચાપત અને ખયાનત આ જ માલમાં થઈ રહી છે અને લોકો તેના ખરાબ પરિણામો તથા ભયંકર નુકસાનથી ગાફેલ છે કે, આ ગુનાહની સજા જહન્નમના અઝાબ તથા હશ્રના મૈદાનની રુશ્વાઈ અને અપમાન સિવાય કંઈ જ નથી અને રસૂલે કરીમ ﷺની શફાઅત (સિફારસ)થી પણ વંચિત રહેવું પડશે. નઊઝુબિલ્લાહ !

રસૂલે કરીમ ﷺનું અસ્તિત્વ સમગ્ર માનવજાત ઉપર અહેસાન (ઉપકાર) છે :

આયત لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ (૩ : ૧૬૪) જેવી અને આ જ વિષયની લગભગ આ જ શબ્દો સાથેની એક આયત સૂરએ બકરહમાં આવી ચૂકી છે, જેની તફસીર અને સ્પષ્ટતા વિગતવાર મઆરિફુલ કુર્આનની પ્રથમ જિલ્દમાં આવી ચૂકી છે, ત્યાં જોઈ લેવામાં આવે. અત્રે આ આયતમાં એક શબ્દ વધારે છે لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ એટલે કે, "રસૂલુલ્લાહ ﷺને દુનિયામાં મબઊષ ફરમાવીને અલ્લાહ તઆલાએ મો'મિનો ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે."

આ અનુસંધાને એક વાત જે વિચાર કરવા યોગ્ય છે તે એ છે કે, કુર્આને કરીમની સ્પષ્ટતા પ્રમાણે રસૂલે કરીમ ﷺ રહમતુલ્લિલ આલમીન છે અને

સમગ્ર દુનિયા માટે તેમનું અસ્તિત્વ એક મહાન ઈનામ અને મોટો ઉપકાર છે. આ સ્થળે તે ફક્ત મો'મિનો માટે ખાસ હોવું એવું જ છે જે રીતે કે કુર્આને કરીમને هُدًى لِّلْمُتَّقِيْنَ ફરમાવીને કુર્આન સમગ્ર દુનિયા માટે હિદાયત હોવું બીજી આયતોથી સાબિત થયેલ છે, પરંતુ અમુક સ્થળોએ તેને મુત્તકીઓ સાથે વિશેષરૂપે જોડીને બતાવ્યું છે. તેનું કારણ બંને સ્થળે સમાન રીતે એક જ પ્રકારનું છે કે, જો કે રસૂલે કરીમ ﷺનું અસ્તિત્વ સમગ્ર દુનિયા માટે અને દરેક મો'મિન અથવા કાફિર માટે મહાન ઈનામ અને મોટો ઉપકાર છે, એવી જ રીતે કુર્આને કરીમ પણ સમગ્ર માનવતા માટે હિદાયતનું ઝરણું છે, પરંતુ કારણ કે, આ ઈનામ અને હિદાયતનો નફો માત્ર મો'મિનો અને મુત્તકીઓને જ પ્રાપ્ત થાય છે. એટલા માટે અમુક સ્થળે તેને તેમની સાથે વિશેષરૂપે જોડીને ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બીજી વાત, રસૂલે કરીમ ﷺને મો'મિનો માટે અથવા સમગ્ર દુનિયા માટે મહાન ઈનામ અને મોટો ઉપકાર હોવાની સ્પષ્ટતા એક વિગતવારના ખુલાસા સ્વરૂપે પણ હોઈ શકે છે.

આ બાબત એવી છે કે, જો વર્તમાન સમયમાં વ્યક્તિ આધ્યાત્મિકતાને ભૂલીને ભૌતિકતાનો પૂંજારી બન્યો ન હોત તો આ વિષયને સમજાવવા માટે કોઈ સ્પષ્ટતા કરવાની આવશ્યકતા ન હતી. બુદ્ધિથી કામ લેનારા મનુષ્યો આ મહાન ઉપકારની વાસ્તવિકતાથી પોતે વાકેફ થઈ ગયા હોત, તેને ઉપકાર અને ઈનામ ફક્ત તે જ ચીજ-વસ્તુઓમાં દેખાય છે, જેનાથી તેનું પેટ ભરાય છે અને જે વસ્તુઓ તેને મનેચ્છાઓ તથા ભૌતિક સુખ-સાહ્યબી પૂરી પાડે છે. તેના અસ્તિત્વની અસલ વાસ્તવિકતા અને તે જ એનો આત્મા પણ છે, તેની ખૂબીઓ અને ખરાબીઓથી મોટેભાગે આજનો મનુષ્ય ગાફેલ થઈ ગયો છે. એટલા માટે એ સ્પષ્ટતાની આવશ્યકતા જણાય છે કે, મનુષ્યને પ્રથમ તો એવું બતાવવામાં આવે કે, તેનું અસ્તિત્વ ફક્ત અમુક હાડકાં કે માંસ-લોહીનું મિશ્રણ નથી બલકે, મનુષ્યની વાસ્તવિકતા તેની તે રૂહ છે જે તેના બદન સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુધી આ રૂહ તેના બદનમાં છે તે સમય સુધી મનુષ્ય, મનુષ્ય છે અને તેના મનુષ્ય તરીકેના હકો સ્થાપિત છે. ભલે તે કેટલોય પણ કમજોર અને નિર્બળ કેમ ન હોય! કોઈની મજાલ નથી કે તેની માલ-મિલકત ઉપર કબજો કરી શકે અથવા તેના હકોને દબાવી શકે. પરંતુ જે સમયે આ રૂહ તેના બદનમાંથી નીકળી જાય છે તો ભલે તે ગમે એટલો શક્તિશાળી પહેલવાન હોય અને તેના બધા જ અવયવો

પોતાની અસલ પરિસ્થિતિમાં દેખાતા હોય, પરંતુ હવે તે મનુષ્ય તરીકે બાકી નથી રહ્યો, તે એક મડદું (લાશ) છે, તેનો હવે પોતાની મિલકત ઉપર કોઈ અધિકાર બાકી નથી રહ્યો.

અંબિયા (અલૈ.) દુનિયામાં આવે છે, તેમના માથે આ મનુષ્યની રૂહની સાચી કેળવણી કરીને મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવવાની જવાબદારી છે, જેથી તેના શરીર દ્વારા જે અમલો અને કાર્યો જાહેર થાય તે મનુષ્ય માટે લાભદાયક સાબિત થાય, તે હિંસક અને ઝેરીલા જાનવરોની જેમ અન્ય મનુષ્યોને ઈજા કે તકલીફ ન પહોંચાડે જેથી તે પોતે પણ પરિણામને સમજે અને આખિરતની કાયમી જિંદગીનો સામાન તૈયાર કરે. રસૂલે કરીમ ﷺને જેવી રીતે અંબિયા (અલૈ.)માં સર્વશ્રેષ્ઠ હોવાની તથા તેમના ઈમામ હોવાની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે, તે જ પ્રમાણે માનવીને સાચા અર્થમાં માનવી બનાવવા માટે પણ રસૂલે કરીમ ﷺની શાન અને મરતબો બધા જ અંબિયા (અલૈ.) કરતાં ઉચ્ચ કક્ષાનો છે. રસૂલે કરીમ ﷺએ પોતાની મક્કાની જિંદગીમાં ફક્ત આ જ કામ એટલે કે, મનુષ્યની કેળવણીનું જ કાર્ય પાર પાડ્યું અને માનવજાતનો એક એવો સમાજ તૈયાર કર્યો જેનો દરજ્જો ફરિશ્તાઓની સિફતો અને લક્ષણોથી પણ આગળ છે અને જમીન તથા આસમાને તેમના જેવા વ્યક્તિઓ જોયા નથી. તેમનામાંનો એક-એક વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺના જીવતા-જાગતા મોઅ્જિઝા સમાન ગણી શકાય છે. વર્તમાન સમયમાં તેમના પછી પણ રસૂલે કરીમ ﷺની જે તા'લીમ અને તેમની કેળવણીની જે પદ્ધતિ છોડવામાં આવી છે તેના ઉપર પૂરે-પૂરો અમલ કરનારા લોકો આવા દરજ્જાઓ આજે પણ પ્રાપ્ત કરી શકે છે કે, જે દરજ્જાઓ સહાબએ કિરામ (રદિ.)એ મેળવ્યા હતા. આ તા'લીમ અને કેળવણી સમગ્ર દુનિયા માટે છે, તેના માટે રસૂલે કરીમ ﷺનું અસ્તિત્વ સમગ્ર માનવજાત માટે એક મહાન નેઅ્મત અને મોટો ઉપકાર છે. જો કે, આ ઈનામ અને ઉપકારનો સંપૂર્ણ ફાયદો મો'મિનોએ જ ઉઠાવ્યો છે.

ઉહદની ઘટનામાં મુસલમાનોની હાર જેવી પરિસ્થિતિ અને ઇજાઓ તથા કતલ થવાની જે મુસીબત ઉપસ્થિત થઈ હતી તેના અમુક કારણો અને હિકમતો :

આયત أَوَلَمَّا أَصَابَتْكُم (૩ : ૧૬૫)નું પાછલી આયતોમાં એક સ્થળે આ

વિષયનું વર્ણન આવી ચૂક્યું છે. અત્રે ફરી તેની તાકીદ વધારે વિગતવાર વર્ણન કરવામાં આવી છે. કારણ કે, મુસલમાનોને આ ઘટનાથી સખત પરેશાની થઈ હતી બલકે, અમુક લોકોની જીભ ઉપર આવા શબ્દો પણ આવ્યા હતા, أَنَّىٰ هَٰذَا કે "આ મુસીબત અમારા ઉપર ક્યાંથી આવી પડી જ્યારે કે, અમે રસૂલુલ્લાહ ﷺ સાથે જિહાદમાં સામેલ છે ?"

પ્રસ્તુત આયતમાં પ્રથમ તો એ વાત યાદ અપાવવામાં આવી કે, આજે જેટલી મુસીબતો તમારા ઉપર પડી તમે તેનાથી બમણી મુસીબતો પોતાના દુશ્મનોને આનાથી પહેલાં ગઝ્વએ બદ્રમાં પહોંચાડી ચૂક્યા છો. કારણ કે, ગઝ્વએ ઉહદમાં સિત્તેર મુસલમાન શહીદ થયા હતા અને ગઝ્એ બદ્રમાં મુશ્રિકોના સિત્તેર સરદારો માર્યા ગયા હતા અને સિત્તેર કેદ પકડાઈને મુસલમાનોના કબજામાં આવ્યા હતા. આ વાતને યાદ અપાવવાથી એક તો એ હેતુ છે કે, મુસલમાનોને જે તકલીફ પડી રહી છે તેની પરેશાનીનો અહેસાસ ઘટી જાય કે, જે લોકોની બમણી જીત થઈ ચૂકી છે જો ક્યારેક એક સમયે તેનાથી અડધી હાર જેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જાય તો તેનો વધારે રંજ-ગમ અને આશ્ચર્ય ન કરવું જોઈએ.

બીજો આ આયતનો મૂળ હેતુ છેલ્લા વાક્ય قُلْ هُوَ مِنْ عِندِ أَنفُسِكُمْ માં બતાવ્યો કે, આ તકલીફ અને મુસીબત વાસ્તવમાં દુશ્મનોની શક્તિ અને તેમની વધારે સંખ્યા હોવાના કારણે નથી બલકે, તમારી પોતાની અમુક ભૂલોના કારણે છે કે રસૂલુલ્લાહ ﷺનો હુકમ પૂરો કરવામાં તમારાથી ઉણપ રહી ગઈ.

ત્યાર પછીની આયત فَبِإِذْنِ اللَّهِ માં એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, "જે કંઈ થયું અલ્લાહ તઆલાના ઈરાદા અને તેની ઇચ્છા પ્રમાણે જ થયું છે," જેમાં ઘણી બધી હિકમતો રહેલી છે, તેમાંથી અમુકનું વર્ણન આગળ આવી ચૂક્યું છે અને એક હિકમત એ પણ છે કે, અલ્લાહ તઆલા મો'મિનો અને મુખ્લિસોને ચકાસી લે અને મુનાફિકોને પણ ચકાસી લે. એટલે કે મો'મિનોનો ઈખ્લાસ અને મુનાફિકોની મુનાફિકત (દોગલાપણુ) સ્પષ્ટ થઈ જાય કે, પ્રત્યેક જોનારો તેને સ્પષ્ટપણે જોઈ શકે. અહીંયાં અલ્લાહ તઆલાના જોવાનો મતલબ એ નથી કે, દુનિયામાં જે રીતે કોઈ બાબત જોવાનું સ્વરૂપ હોય છે તે રીતે જોવું બલકે, અત્રે એ સ્વરૂપમાં જોવાનો ભાવાર્થ નથી. કારણ કે, અલ્લાહ તઆલા તો દરેક સમયે દરેક

વસ્તુને જોઈ રહ્યો છે, એટલા માટે આ હિકમત એવી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે, આવા કઠિન સમયે મુનાફિકો અલગ થઈને ઊભા થઈ ગયા અને મુખ્લિસ મો'મિનો યુદ્ધમાં ડટેલા અને અડીખમ રહ્યા.

અને આશ્વાસનનું એક કારણ એ પણ હતું કે, જે મુસલમાનો આ જિહાદમાં શહીદ થઈ ગયા છે તેમને અલ્લાહ તઆલાએ એવા-એવા ઈનામોથી નવાઝયા છે કે અન્યો તેના ઉપર નાઝ કરે છે. આના અનુસંધાનમાં ત્યારપછીની આયત وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا (૩ : ૧૬૯)માં શહીદો માટેના ખાસ દરજ્જાઓ અને વિશિષ્ટ ફઝીલતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

અલ્લાહના રસ્તામાં શહીદ થનારની વિશિષ્ટ ફઝીલતો અને દરજ્જાઓ:

આ આયતમાં શહીદોની વિશિષ્ટ પ્રકારની શ્રેષ્ઠતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તથા સહીહ હદીષોમાં તેની વિસ્તૃત વિગતોનો ઉલ્લેખ થયો છે. ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું છે કે, "શહીદોના પણ દરજ્જાઓ અને વિવિધ પરિસ્થિતિઓ હોય છે, એટલા માટે હદીષની રિવાયતોમાં જે વિવિધ સ્વરૂપો આવ્યા છે તે વિવિધ પરિસ્થિતિઓના આધારે છે."

અત્રે શહીદોની પ્રથમ ફઝીલત આ વર્ણન કરવામાં આવી કે, "તેઓ મૃત નથી બલકે, કાયમી જિંદગીના માલિક થઈ ગયા છે." અત્રે આ વાત વિચારવા યોગ્ય છે કે, દેખીતી રીતે મરવું અને કબ્રમાં દફન થઈ જવું તો સાબિત થયેલ અને અનુભવેલી બાબત છે તો પછી કુર્આન શરીફની વિવિધ આયતોમાં તેમને મૃત ન કહેવાની અને ન સમજવાની સૂચના આપવામાં આવી છે, તેનો શું અર્થ છે ? જો કહેવામાં આવે કે, તેનાથી બરઝખની જિંદગી ભાવાર્થ સ્વરૂપે છે તો તે દરેક વ્યક્તિ મો'મિન હોય કે કાફિર બરઝખની જિંદગી મેળવશે કે, મર્યા પછી તેની રૂહ (આત્મા) જીવંત રહે છે અને કબ્રમાં સવાલ-જવાબ પછી મો'મિનો અને નેક લોકો માટે રાહત અને સરળતા તથા કાફિરો તથા દુષ્ટ લોકો માટે કબ્રનો અઝાબ કુર્આન અને સુન્નતથી સાબિત થયેલ છે, માટે આ બરઝખનું જીવન જ્યારે દરેકના માટે એકસરખું છે તો શહીદોની શું વિશેષતા છે ?

જવાબ એ છે કે, કુર્આને કરીમની આ જ આયતમાં એવું બતાવવામાં આવ્યું છે કે, શહીદોને અલ્લાહ તરફથી જન્નતની રોજી મળે છે અને રોજી જીવંત વ્યક્તિને જ મળતી હોય છે. એટલા માટે જાણ થઈ કે, આ દુનિયાથી ઈન્તેકાલ

કરી ગયા પછી તરત જ શહીદ માટે જન્નતની રોજી ચાલુ થઈ જાય છે અને તેમને એક ખાસ પ્રકારની જિંદગી તે સમયે મળી જાય છે, જે સામાન્ય કક્ષાના મૃત લોકો કરતાં વિશિષ્ટ પ્રકારનું સ્વરૂપ ધરાવે છે. *(કુર્તુબી)*

હવે, શહીદોના મૌત પછીના જીવનની વિશિષ્ટતા કયા પ્રકારની છે ? અને તે જિંદગી કેવી છે ? તેની હકીકત અલ્લાહ સિવાય કોઈ જ જાણતું નથી અને ન તો કોઈ જાણી શકે છે અને ન જ તેને જાણવાની આવશ્યકતા છે. અલબત્ત, ઘણા સમયે તેમની જિંદગીના અમુક ખાસ પ્રભાવો અને અસરો આ દુનિયામાં પણ ક્યારેક જાહેર થતા રહે છે. તેમાંથી એક એ છે કે, શહીદોના શરીરને આ જમીન ખાઈ નથી શકતી, તેમનું શરીર સહી-સલામત બાકી રહે છે. આ બાબતના ઘણા કિસ્સાઓ અનુભવસિદ્ધ બાબત છે. *(કુર્તુબી)*

શહીદોની પ્રથમ ફઝીલત આ આયતમાં તેમના વિશિષ્ટ પ્રકારના ઉચ્ચ કક્ષાના જીવન વિશે છે. બીજું એ કે, તેમને અલ્લાહ તઆલા તરફથી રોજી મળે છે. ત્રીજી ફઝીલત فَرِحِيْنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ માં એ વર્ણન કરવામાં આવી છે કે, "તેઓ હંમેશા ખુશી અને આનંદમાં રહે છે, તે નેઅ્મતોમાં કે, જે તેમને અલ્લાહ તઆલા તરફથી અર્પણ કરવામાં આવી છે," ચોથી ફઝીલત આ છે وَيَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ એટલે કે, "તેઓ પોતાના સંબંધીઓ કે જેઓ દુનિયામાં છોડી ગયા હતા, તેમને તેમના વિશે પણ ખુશી પ્રાપ્ત થાય છે" કે, જો તેઓ દુનિયામાં રહીને નેક અમલો તથા જિહાદમાં લાગેલા રહેશે તો તેમને પણ અહીંયાં આવીને આ જ નેઅ્મતો અને ઉચ્ચ દરજ્જાઓ મળશે.

સુદ્દી (રહ.)એ વર્ણન કર્યું છે કે, "શહીદના જે કોઈ પણ સગાં-વહાલા અથવા મિત્રો મૃત્યુ પામવાના હોય છે શહીદને પ્રથમ તેની જાણ કરી દેવામાં આવે છે કે, ફલાણો વ્યક્તિ હવે તમારી પાસે આવી રહ્યો છે અને તેનાથી તે ઘણો ખુશ થાય છે. જે રીતે કે દુનિયામાં કોઈ દૂર-સુદૂરના પ્રદેશમાં રહેતો મિત્ર લાંબાં સમય પછી મુલાકાત કરે તો ખૂબ ખુશી પ્રાપ્ત થાય છે."

આ આયતનો શા'ને નુઝૂલ અબૂ દાવુદ (રહ.)એ સહીહ સનદોથી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યો છે કે, "રસૂલુલ્લાહ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને ફરમાવ્યું કે, જ્યારે ઉહદની ઘટનામાં તમારા ભાઈ શહીદ થયા તો અલ્લાહ તઆલાએ તેમની રૂહોને લીલા પક્ષીઓના શરીરમાં

રાખીને આઝાદ કરી દીધા કે, તેઓ જન્નતની નહેરો અને બાગોમાં ફળો દ્વારા પોતાની રોજી પ્રાપ્ત કરે છે અને પછી તે પીંજરાઓમાં આવી જાય છે જે એમના માટે અલ્લાહના અર્શની નીચે અધ્ધર લટકેલા છે. જ્યારે તે લોકોએ પોતાની રાહત અને આનંદની આ જિંદગી જોઈ તો કહેવા લાગ્યા કે (અમારા રિશ્તેદારો દુનિયામાં અમારા મર્યા પછી ગમગીન છે.) શું અમારી પરિસ્થિતિની જાણ તેમને થઈ શકે છે કે, તેઓ અમારા વિશે ગમ ન કરે અને તેઓ પણ જિહાદમાં પ્રયત્ન કરતા રહે ? અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, અમે તમારી આ ખબર પહોંચાડી આપીએ છીએ. એના ઉપર આ આયત નાઝિલ ફરમાવવામાં આવી." *(કુર્તુબી)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૭૨ થી ૧૭૫)

اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَالرَّسُوْلِ مِنْۢ بَعْدِ مَآ اَصَابَهُمُ الْقَرْحُ ۛؕ لِلَّذِيْنَ اَحْسَنُوْا
مِنْهُمْ وَاتَّقَوْا اَجْرٌ عَظِيْمٌ ۚ﴿١٧٢﴾ اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا
لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا ۖۗ وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ ﴿١٧٣﴾ فَانْقَلَبُوْا بِنِعْمَةٍ
مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ ۙ وَّاتَّبَعُوْا رِضْوَانَ اللّٰهِ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ
عَظِيْمٍ ﴿١٧٤﴾ اِنَّمَا ذٰلِكُمُ الشَّيْطٰنُ يُخَوِّفُ اَوْلِيَآءَهٗ ۠ فَلَا تَخَافُوْهُمْ وَخَافُوْنِ اِنْ
كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧٥﴾

તરજુમો :

જે લોકોએ અલ્લાહ અને તેના રસૂલના હુકમને કબૂલ કર્યો એ પછી કે તેમને ઈજા પહોંચી ચૂકી હતી; તેમનામાં જે લોકો નેક અને પરહેઝગાર છે તેમના માટે મોટો સવાબ (બદલો) છે. (૧૭૨) (આ તે લોકો છે) જેમને લોકોએ કહ્યું કે, લોકોએ તમારા (મુકાબલા) માટે (સામાન) ભેગો કરી લીધો છે, બસ તેમનાથી ડરો તો (આ વાતે) તેમનું ઈમાન (ઔર) વધી ગયું અને તેમણે કહ્યું, અમારા માટે અલ્લાહ કાફી (પૂરતો) છે અને તે કેવો સારો (શ્રેષ્ઠ) કાર્યસાધક છે ! (૧૭૩) પછી તેઓ અલ્લાહની નેઅ્મતો અને ફઝ્લ (કૃપા)

સાથે પાછા ફર્યા, તેમને કોઈ બુરાઈ (મુસીબત) ન પહોંચી અને તેમણે અલ્લાહની મરજીની તા'બેદારી કરી; અને અલ્લાહ મહાકૃપાળુ છે. (૧૭૪)
આ જે કંઈ છે બસ શયતાન છે, જે પોતાના સહાયકો દ્વારા ડરાવે છે; બસ, તમે તેમનાથી ન ડરો અને મારાથી ડરો જો તમે ઈમાનવાળા છો. (૧૭૫)

તફસીર :

જે લોકોએ અલ્લાહ અને રસૂલ (ﷺ)નું કહ્યું માન્યું (જ્યારે કે તેમને કાફિરોનો પીછો કરવા માટે બોલાવવામાં આવ્યા) તે છતાં કે તેમને (હમણા તાજા) ઘા (લડાઈમાં) વાગ્યા હતા, તે લોકોમાં જેઓ નેક અને મુત્તકી છે (અને ખરેખર બધા જ આવા છે) તેમના માટે (આખિરતમાં) મહાન બદલો (સવાબ) છે. આ એવા (નિખાલસ) લોકો છે કે (અમુક) લોકોએ (એટલે કે અબ્દુલ કૈસવાળાઓએ જે) તેમને (આવીને) કહ્યું કે આ લોકો (એટલે કે મક્કાવાળાઓ) તમારા (મુકાબલા) માટે (મોટો) સરંજામ એકઠો કરી રહ્યા છે માટે તમારે તેમનાથી ડરવું જોઈએ તો આ (ખબર)થી તેમનું ઈમાન (અલ્લાહ ઉપરનું યકીન ઔર) વધી ગયું અને (ખૂબ જ મજબૂતીથી તેના જવાબમાં) કહ્યું (અને વાત પૂરી કરી) કે અમારા માટે અલ્લાહ તઆલા (પ્રત્યેક મુસીબતોના સમયે) પૂરતો છે અને તે જ બધા કાર્યોને સોંપવા માટે સૌથી શ્રેષ્ઠ છે. (આ જ સોંપવાને "તવક્કુલ" કહેવામાં આવે છે) બસ, આ લોકો અલ્લાહની નેઅ્મત અને કૃપા (એટલે કે સવાબ અને વેપારનો નફો) મેળવીને પાછા આવ્યા અને તેમને કોઈ દુર્ઘટનાનો સામનો ન કરવો પડ્યો અને તે લોકો (આ ઘટનામાં) અલ્લાહ તઆલાની મરજીના તા'બે રહ્યા (તેના કારણે પોતાની દુનિયવી નેઅ્મતોથી પણ લાભમાં રહ્યા) અને અલ્લાહ તઆલા ઘણો કૃપાળુ છે (હે મુસલમાનો !) એનાથી વધીને કોઈ (ભયની) વાત નથી કે આ માત્ર શયતાન છે જે પોતાના સહાયકો દ્વારા તમને ડરાવવા ઈચ્છે છે. બસ, તમે તેનાથી ન ડરો અને મારાથી જ ડરો જો તમે ઈમાનવાળા છો.

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) :

ઉપર ગઝ્વએ ઉહદની ઘટનાનું વર્ણન હતું, પ્રસ્તુત આયતોમાં આ જ

યુદ્ધના સંદર્ભમાં અન્ય એક યુદ્ધનો ઉલ્લેખ છે, જે "ગઝ્વએ હમ્રા અલ અસદ"ના નામથી પ્રખ્યાત છે. હમ્રા અલ અસદ મદીનહ તય્યિબહથી આઠ માઈલના અંતરે આવેલા એક સ્થળનું નામ છે.

આ ગઝ્વહની ઘટના એમ બની કે, જયારે મક્કાના કાફિરો ઉહદના મેદાનેથી પાછા ફર્યા તો રસ્તામાં તેમને એવો અફસોસ થયો કે, આપણે વિજયની નજીક પહોંચ્યા હોવા છતાં ફોગટમાં મેદાનમાંથી પાછા ફર્યા, આપણે એકસામટું આક્રમણ કરીને બધા મુસલમાનોને ખતમ કરી દેવા જોઈતા હતા અને આ વિચારનો એવો પ્રભાવ પડ્યો કે, ફરી પાછા મદીના તરફ પાછા ફરવાનો ઈરાદો કરવા લાગ્યા પરંતુ અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં રુઆબ અને નાંખી દીધી જેથી તેઓ સીધા મક્કા મુકર્રમહ તરફ ચાલવા માંડ્યા. પરંતુ અમુક મુસાફરોને કે જેઓ મદીના તરફ જઈ રહ્યા હતા એવું કહેતા ગયા કે તમે જઈને કોઈપણ રીતે મુસલમાનોના દિલોમાં અમારી ધાક બેસાડી દો કે તેઓ પાછા વળીને આવી રહ્યા છે. રસૂલે કરીમ ﷺને વહી દ્વારા આ બાબતની જાણ થઈ ગઈ, એટલા માટે રસૂલે કરીમ ﷺ તેમનો પીછો કરતા-કરતા "હમ્રા અલ અસદ" સુધી પહોંચ્યા.

(ઈબ્ને જરીર, કઝા ફિ રૂહ)

તફસીરે કુર્તુબીમાં છે કે, ઉહદના બીજા દિવસે રસૂલુલ્લાહ ﷺએ પોતાના મુજાહિદોને એ'લાન કર્યું કે, "આપણે મુશ્રિકોનો પીછો કરવાનો છે, પરંતુ તેમાં તે જ લોકો જઈ શકે છે જેઓ ગઈ કાલે યુદ્ધમાં અમારી સાથે હતા." આ સાંભળીને ૨૦૦ મુજાહિદો (યોદ્ધાઓ) ઊભા થઈ ગયા.

અને સહીહ બુખારીમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ એ'લાન કર્યું કે "કોણ છે જે મુશ્રિકોનો પીછો કરે ?" તો ૭૦ માણસો ઊભા થઈ ગયા, જેમાં એવા માણસો પણ હતા જેઓ ગઈકાલના યુદ્ધમાં સખત ઘાયલ થઈ ચૂક્યા હતા અને અન્યનો સહારો લઈને ચાલતા હતા. આ લોકો રસૂલે કરીમ ﷺ સાથે મુશ્રિકોનો પીછો કરવા રવાના થયા. હમ્રા અલ અસદના સ્થળે પહોંચ્યા તો ત્યાં નુઐમ બિન મસ્ઊદ મળ્યા, તેમણે ખબર આપી કે અબૂ સુફિયાને પોતાની સાથે વધારે લશ્કર ભેગું કરી એવું નક્કી કર્યું છે કે, ફરીવાર એકવાર મદીના ઉપર ચઢાઈ કરીશું અને મદીનાના નિવાસીઓનો સત્યાનાશ કરી નાંખીશું. ઘાયલ થયેલા કમજોર સહાબા (રદિ.) આવી ખબર સાંભળીને એકસાદે બોલી ઊઠયા કે, "અમે તેમને નથી

ઓળખતા" حَسۡبُنَا اللّٰهُ وَنِعۡمَ الۡوَكِيۡلُ એટલે કે, "અલ્લાહ તઆલા અમારા માટે પૂરતો છે અને તે જ શ્રેષ્ઠ સહાયક છે."

આ બાજુ તો મુસલમાનોમાં ધાક બેસાડવા માટે એવી ખબર આપવામાં આવી અને મુસલમાનો તેનાથી પ્રભાવિત ન થયા. બીજી બાજુ મઅ્બદ ખુઝાઈ, બની ખુઝાઆનો એક માણસ મદીનાથી મક્કા તરફ જઈ રહ્યો હતો, જો કે, તે મુસલમાન ન હતો પરંતુ મુસલમાનોનો શુભેચ્છક હતો. તેનો કબીલો રસૂલુલ્લાહ ﷺનો સહયોગી હતો. એટલા માટે જ્યારે માર્ગમાં મદીનાથી પાછા ફરતા હતા ત્યારે અબૂ સુફિયાનને જોયો કે, તે પોતાના પાછા ફરવા ઉપર પસ્તાઈ રહ્યો છે અને ફરી પાછો આવવાની ચિંતા કરી રહ્યો છે તો તેણે અબૂ સુફિયાનને કહ્યું કે, "તમે ભૂલમાં છો કે મુસલમાનો કમજોર થઈ ગયા, હું તેમના એક મોટા લશ્કરને "હમ્રા અલ અસદ"માં જોઈને આવ્યો છું, જે સંપૂર્ણ શસ્ત્ર-સરંજામ સાથે તમારો પીછો કરવા નીકળ્યા છે." અબૂ સુફિયાન ઉપર આ ખબરની ધાક બેસી ગઈ.

આ ઘટનાનું વર્ણન પ્રસ્તુત ત્રણ આયતોમાં કરવામાં આવ્યું છે. પ્રથમ આયતમાં ઈરશાદ છે કે, ગઝ્વએ ઉહદમાં ઘાયલ થવા છતાં અને મુસીબતો વેઠવા છતાં જ્યારે તેમને બીજા યુદ્ધો માટે અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺએ આમંત્રણ આપ્યું, તો તેઓ એના માટે પણ તૈયાર થઈ ગયા. આ સ્થળે એક બાબત વિચાર કરવા યોગ્ય છે તે એ છે કે, અહીંયાં જે મુસલમાનોના વખાણનું વર્ણન કરવાનું ચાલું છે તેમાં તેમની બે ખાસિયતો વર્ણન કરવામાં આવી. એક તો مِنۡۢ بَعۡدِ مَاۤ اَصَابَهُمُ الۡقَرۡحُ એટલે કે, "અલ્લાહ અને તેના રસૂલ ﷺના આમંત્રણ ઉપર તૈયાર થનારા તે લોકો છે જેમને ઉહદમાં ઘા વાગી ચૂક્યા હતા" અને તેમાં ૭૦ પ્રખ્યાત બહાદૂર યોદ્ધાઓ શહીદ થઈ ચૂક્યા હતા અને તેમના શરીર પણ જખ્મોથી ચૂર-ચૂર હતા, પરંતુ જ્યારે તેમને બીજી વખતે યુદ્ધ માટે બોલાવવામાં આવ્યા તો તેઓ તરત જ જિહાદ માટે તૈયાર થઈ ગયા.

બીજી ખાસિયત (લક્ષણ) لِلَّذِيۡنَ اَحۡسَنُوۡا مِنۡهُمۡ وَاتَّقَوۡا "તેમના માટે જેમણે સદ્કાર્યો કર્યા અને અલ્લાહથી ડર્યા"માં આ વર્ણન કરવામાં આવ્યું કે, આ લોકો સંઘર્ષ કરવામાં તથા બહાદૂરીમાં મહાન કારનામાઓ કરવા છતાં ઉપકાર અને તકવાના લક્ષણોથી પણ પોતાની જાતને શણગારતા હતા અને આ બધી નેક સિફતોનું મિશ્રણ જ તેમના માટે મહાન સવાબનું કારણ છે.

આ આયતમાં શબ્દ مِنْهُمْ (તેમનામાંથી)માં આ શંકા ન થવી જોઈએ કે, આ બધા લોકો અહેસાન અને તકવામાં સંપૂર્ણ ન હતા, બલકે તેમાંથી અમુક જ લોકો એવા હતા. પરંતુ અત્રે શબ્દ مِنْ ("મિન" –તેમાંથી અમુક) એ تَبْعِيْض માટે નથી. બલકે, વર્ણન કરવા માટે છે જેના ઉપર પોતે આ આયતની શરૂઆતમાં શબ્દ اَلَّذِيْنَ اسْتَجَابُوْا (જે લોકોએ આમંત્રણ સ્વીકાર્યું) ગવાહી આપે છે. કારણ કે, આ તકવા અને ઇતાઅત (આજ્ઞાપાલન) વિના નેકી તથા અલ્લાહની ફરમાંબરદારી થઈ જ નથી શકતી. એટલા માટે ઘણા મુફસ્સિરોએ આ સ્થળે مِنْ ("મિન" –તેમનામાંથી અમુક)ના વર્ણનના સંદર્ભમાં આવ્યું હોવાનું ઠરાવ્યું છે, જેનો હેતુ એ છે કે, આ બધા લોકો જેઓ અહેસાન અને તકવાના લક્ષણોથી શણગારાયેલા હતા તેમના માટે મહાન બદલો છે.

કોઈ કામ માટે ફક્ત સંઘર્ષ અને કુર્બાની પૂરતી નથી, જ્યાં સુધી કે ઇખ્લાસ (નિખાલસતા) ન હોય !

જો કે આ ખાસ વિષયથી એક મહત્ત્વનો લાભ એ પ્રાપ્ત થયો કે, કોઈ કામ ગમે એટલું ભલાઈનું કેમ ન હોય અને તેના માટે કોઈ વ્યક્તિ ગમે તેટલી કુર્બાની કેમ ન આપે ? પરંતુ અલ્લાહ સમીપ તે સારો બદલો મેળવવાપાત્ર ત્યારે જ ઠરશે જ્યારે કે, આ કુર્બાની અને સંઘર્ષની સાથે-સાથે ઉપકાર અને તકવો (અલ્લાહનો ડર) પણ રાખતો હોય, જેનો ભાવાર્થ એ છે કે, તે આવું કૃત્ય ફક્ત અલ્લાહ માટે જ કરી રહ્યો હોય, નહીં તો ફક્ત કુર્બાની અને બહાદૂરીના પ્રસંગો તો કાફિરોમાં પણ કંઈ ઓછા જોવા મળતા નથી !

રસૂલુલ્લાહ ﷺનો હુકમ વાસ્તવમાં અલ્લાહનો જ હુકમ છે :

આ ઘટનામાં મુશ્રિકોમાં પીછો કરવા માટે જવાનો હુકમ રસૂલુલ્લાહ ﷺએ આપ્યો હતો. કુર્આનની કોઈ આયતમાં ઉલ્લેખ નથી, પરંતુ આ આયતમાં જ્યારે તે લોકોની ઈતાઅત અને આજ્ઞાપાલનની ભાવનાના વખાણ કરવામાં આવ્યા તો આ હુકમને અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺ બંને સાથે જોડીને કહેવામાં આવ્યું, اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَالرَّسُوْلِ "જેમણે અલ્લાહ અને રસૂલ (ﷺ)ના આમંત્રણનો સ્વીકાર કર્યો." (૩ : ૧૭૨) આથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, રસૂલુલ્લાહ ﷺ જે હુકમ આપે છે તે અલ્લાહનો પણ હુકમ હોય છે, ભલે અલ્લાહની કિતાબમાં તેનો ઉલ્લેખ ન થયો હોય !

જે બેદીન લોકો હદીષોનો ઇન્કાર કરે છે અને રસૂલુલ્લાહ ﷺની હેસિયત અને દરજ્જો ફક્ત એક સંદેશાવાહક હોવાનો બતાવે છે (નઊઝુબિલ્લાહ!), તેમણે સમજવા માટે આ વાક્ય પૂરતું છે કે, રસૂલુલ્લાહ ﷺનો હુકમ અલ્લાહ તઆલાએ પોતાનો જ હુકમ ઠરાવ્યો છે, જેનાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, રસૂલુલ્લાહ ﷺ પોતે પણ પોતાની દિર્ઘદષ્ટિ પ્રમાણે પરિસ્થિતિ અનુસાર કોઈપણ હુકમ આપી શકે છે અને તે હુકમનો તે જ દરજ્જો હોય છે જે પ્રમાણે કોઈ હુકમ અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યો હોય છે.

અહેસાન (ભલાઈ)ની વ્યાખ્યા :

અહેસાનની વ્યાખ્યા હઝરત જિબ્રઈલ (અલૈ.)ની હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ આ રીતે વર્ણન કરી છે,

اَنْ تَعْبُدَ اللّٰهَ كَاَنَّكَ تَرَاهُ فَاِنْ لَّمْ تَكُنْ تَرَاهُ فَاِنَّهٗ يَرٰيكَ

"તમે પોતાના પરવરદિગારની ઈબાદત એવી રીતે કરો જાણે કે અલ્લાહ તમને જોઈ રહ્યો છે અને જો આવી પરિસ્થિતિ પૈદા ન થાય તો ઓછામાં ઓછું એવી હાલત તો હોવી જ જોઈએ કે તે તમને જોઈ રહ્યો છે."

તકવાની વ્યાખ્યા :

તકવાની અનેકવિધ વ્યાખ્યાઓ આવી ચૂકી છે, પરંતુ સૌથી વધારે મજબૂત વ્યાખ્યા એ છે જે વ્યાખ્યા હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.) પાસેથી હઝરત ઉમર (રદિ.)એ સવાલના જવાબ સ્વરૂપે મેળવી હતી. હઝરત ઉમર (રદિ.)એ પૂછ્યું હતું કે, "તકવો શું છે ?" હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)એ ફરમાવ્યું કે, "અમીરુલ મુઅ્મિનીન ક્યારેક આપ એવા માર્ગ ઉપરથી પસાર થયા હશો જે કાંટાથી ભરેલો હોય !" હઝરત ઉમર (રદિ.)એ ફરમાવ્યું, "ઘણી વાર થયો છું !" હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)એ ફરમાવ્યું, "એવા પ્રસંગે આપે શું કર્યું ?" હઝરત ઉમર (રદિ.)એ જવાબ આપ્યો કે, "પાલવ સંકોરીને ખુબ કાળજી રાખી ચાલ્યો છું." હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)એ ફરમાવ્યું કે, "બસ, તકવો એનું જ નામ છે. આ દુનિયા એક કાંટાળી કેડી છે, ગુનાહોના કાંટાથી ભરેલી પડી છે. એટલા માટે દુનિયામાં એવી રીતે ચાલવું અને જિંદગી પસાર કરવી જોઈએ કે, પાલવ ગુનાહોના કાંટાઓમાં ભેળવાઈ ન જાય ! એનું

નામ તકવો છે અને બધાથી કિંમતી મૂડી આ જ છે." હઝરત અબૂ દરદાઅ્ (રદિ.) મોટે ભાગે આ શે'ર પઢ્યા કરતા હતા.

يَقُوْلُ الْمَرْءُ فَائِدَتِيْ وَمَالِيْ وَتَقْوَى اللّٰهِ اَفْضَلُ مَا اسْتَفَادَا

"લોકો પોતાના દુનિયાના માલ અને લાભ પાછળ પડ્યા રહે છે, જ્યારે કે તકવો સૌથી શ્રેષ્ઠ મૂડી છે."

બીજી આયતમાં આ જિહાદ માટે આગળ વધનારા સહાબા (રદિ.)ની વધારે તા'રીફ અને પ્રશસ્તિ એ રીતે કરવામાં આવી કે, اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا ط "તે લોકો એવા છે, જ્યારે કે તેમને લોકોએ કહ્યું કે તમારા વિરુદ્ધ દુશ્મનોએ ખૂબ સામાન (શસ્ત્ર-સરંજામ) એકઠો કરી રાખ્યો છે, તેમનાથી ડરો ! યુદ્ધનો ઈરાદો ન કરો ! તો આ ખબરે તેમના ઈમાનને ઔર વધારી દીધું." કારણ એ છે કે, અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની ઇતાઅત જ્યારે તેમણે કબૂલ કરી હતી તો પહેલા જ દિવસે તેમણે એવી અનુભૂતિ કરી લીધી હતી કે, અમે જે માર્ગ ઉપર મુસાફરી શરૂ કરી છે તે અનેક ભયસ્થાનોથી ભરેલો છે. ડગલે-ને-પગલે મુસીબતો અને મુશ્કેલીઓ આવશે, અમારો માર્ગ રોકવામાં આવશે અને અમારી ક્રાંતિકારી ચળવળને નષ્ટ કરવા માટે સશસ્ત્ર પ્રયત્નો પણ કરવામાં આવશે. એટલા માટે જ્યારે આ લોકો આ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરતા હતા તો તેમના ઈમાનની શક્તિ પહેલાં કરતા વધારે વધી જતી હતી અને પહેલાં કરતા વધારે કુર્બાનીની ભાવના જાગૃત કરી સર્વસ્વ કુર્બાન કરવાની તમન્ના સાથે બમણા વેગથી કામે લાગી જતા હતા.

દેખીતું છે કે, આ લોકોનું ઈમાન તો ઈસ્લામ લાવવાના પ્રથમ દિવસથી જ સંપૂર્ણ હતું. આ બંને આયતોમાં ઈમાનના વધારાથી ઈમાનના લક્ષણો અને ઈમાનના દરજ્જાઓમાં વધારો થવાનો ભાવાર્થ રહ્યો છે અને અલ્લાહ તઆલા તથા તેના રસૂલે કરીમ ﷺના આમંત્રણ ઉપર તૈયાર થઈ જનારા સહાબા (રદિ.)ની આ પરિસ્થિતિને પણ આ સ્થળે વિશેષરૂપે વર્ણન કરી કે, આ જિહાદના સફરમાં બધા માર્ગોએ તેમની જીભથી દઢ અને અડગ વિશ્વાસ સાથે આ વાક્ય حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ નીકળતું હતું. આ વાક્યનો અર્થ છે કે, "અલ્લાહ અમારા માટે પૂરતો છે અને તે જ શ્રેષ્ઠ કાર્યસાધક છે."

અત્રે આ વાત ખાસ વિચાર કરવા યોગ્ય છે કે, રસૂલે કરીમ ﷺ અને તેમના સહાબએ કિરામ (રદિ.)થી વધારે તો દુનિયામાં કોઈનો અલ્લાહ ઉપર ભરોસો નથી હોઈ શકતો, પરંતુ રસૂલે કરીમ ﷺના અલ્લાહ ઉપરના ભરોસા (તવક્કુલ)નું એ સ્વરૂપ ન હતું કે, દુનિયાના જાહેર સરસામાન અને માધ્યમોને છોડીને બેસી રહે અને કહે કે, અમારા માટે અલ્લાહ પૂરતો છે અને તે બેઠાં-બેઠાં જ વિજય ભેટ ધરશે ! નહીં! બલકે, રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને ભેગા કર્યા, ઘાયલ થયેલા લોકોના શરીરમાં હિંમતનો નવો પ્રાણ ફૂંક્યો અને જિહાદ માટે તેમને ફરી એકવાર તૈયાર કર્યા અને અલ્લાહના રસ્તામાં નીકળી પડ્યા. જેટલા પણ માધ્યમો અને સ્ત્રોતો પોતાના અધિકારમાં હતા તે બધા જ ભેગા કરી તેના ઉપયોગ કર્યા પછી જ ફરમાવ્યું, કે અલ્લાહ અમારા માટે પૂરતો છે. આ જ તવક્કુલની સાચી રીત છે, જેની તા'લીમ કુર્આનમાં આપવામાં આવી છે અને રસૂલે કરીમ ﷺએ તેના ઉપર જ અમલ કર્યો અને કરાવ્યો છે. જાહેર સરસામાન તથા દુનિયા પણ અલ્લાહ તઆલાનું ઇનામ જ છે, તેને છોડી દેવું તેની નાશુક્રી કરવા સમાન છે. જાહેર માધ્યમો અને સ્ત્રોતોને છોડીને તવક્કુલ કરવો રસૂલુલ્લાહ ﷺની સુન્નત નથી. જો કોઈ પરાજિત અને પરિસ્થિતિઓથી લાચાર હોય તો તેને મા'ઝૂર (લાચાર) સમજી શકાય છે, નહિતર સાચી વાત તો એ જ છે કે,

برتوکل زانوئے اُشتر بہ بند

"ભરોસો કરતા પહેલાં તમારા ઊંટો બાંધો"

રસૂલુલ્લાહ ﷺએ પોતે એક ઘટનામાં حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ (૩: ૧૭૩) આયત વિશે સ્પષ્ટ રીતે ઇરશાદ ફરમાવ્યો છે.

ઔફ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે, "રસૂલે કરીમ ﷺની સેવામાં બે વ્યક્તિઓનો મુકદ્દમો રજૂ થયો, રસૂલે કરીમ ﷺએ તેમની વચ્ચે ફેંસલો કર્યો. આ ફેંસલો જે વ્યક્તિના વિરુદ્ધ હતો તેણે ફેંસલો ઘણી જ શાંતિથી સાંભળ્યો અને એવું કહીને ચાલવા લાગ્યો કે, حَسْبِيَ اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ ("અલ્લાહ મારા માટે બધી રીતે પૂરતો છે, અને ભરોસો કરવા માટે તે સૌથી ઉત્તમ છે.") રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તે વ્યક્તિને મારી પાસે લાવો ! અને ફરમાવ્યું,

اِنَّ اللّٰهَ يَلُوْمُ عَلَى الْعِجْزِ وَ لٰكِنْ عَلَيْكَ بِالْكَيْسِ فَاِذَا غَلَبَكَ اَمْرٌ فَقُلْ حَسْبِىَ اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ،

"અલ્લાહ તઆલા હાથ-પગ ભાંગીને બેસી જવાને નાપસંદ કરે છે બલકે, તમારે બધા જ સ્ત્રોતો (માધ્યમો) અપનાવવા જોઈએ પછી પણ આજિઝ (લાચાર) થઈ જાઓ, તો તેવા સમયે કહો حَسْبِىَ اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ *"*

ત્રીજી આયતમાં સહાબએ કિરામ (રદિ.)ની જિહાદની આવી તૈયારીઓ અને યોજનાઓ તથા حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ કહેવાના ફાયદાઓ અને લાભાલાભ તથા બરકતોનો ઉલ્લેખ કરીને ફરમાવ્યું છે, فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ وَّاتَّبَعُوْا رِضْوَانَ اللّٰهِ "આ લોકો અલ્લાહના ઈનામો અને કૃપા સાથે પાછા આવ્યા કે તેમની સાથે કોઈ અણગમતી બાબત ન બની અને આ લોકો અલ્લાહની ખુશીના આધીન જ રહ્યા. *(૩ : ૧૭૫)*

અલ્લાહ તઆલાએ આ લોકોને ત્રણ નેઅ્મતો અર્પણ કરી, પ્રથમ નેઅ્મત (ઈનામ) તો એ કે કાફિરોના દિલોમાં ધાક અને પ્રભાવ નાંખી દેવામાં આવ્યો અને તે લોકો નાસી છૂટયા, જેના કારણે આ લોકો માર-કાપથી સુરક્ષિત રહ્યા. આ નેઅ્મતને અલ્લાહ તઆલાએ "નેઅ્મત" શબ્દથી જ ઓળખાવી છે અને બીજી નેઅ્મત અલ્લાહ તઆલાએ એ અર્પણ કરી કે, આ લોકોને "હમ્ર ઉલ અસદ"ના બજારમાં વેપાર કરવાની તક મળી ગઈ અને તેના માલથી નફો પ્રાપ્ત થયો, તેને શબ્દ "ફઝ્લ" فَضْل (કૃપા)થી ઓળખાવ્યું છે.

ત્રીજી નેઅ્મત જે આ બધી નેઅ્મતોથી વધીને છે તે અલ્લાહની ખુશ્નૂદીની પ્રાપ્તિ છે, જે આ જિહાદમાં આ લોકોને એક વિશિષ્ટ પ્રકારે પ્રાપ્ત થઈ.

حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ ના જે ફાયદાઓ અને બરકતો કુર્આને કરીમમાં વર્ણન કરવામાં આવી છે તે અમુક સહાબએ કિરામ (રદિ.) માટે ખાસ વિશેષ સ્વરૂપે ન હતી, બલકે જે વ્યક્તિ પણ ઈમાની જઝબહ (ભાવના)ની સાથે આવા કાર્યો કરે તેઓ પણ આવી જ બરકતો પ્રાપ્ત કરશે.

મશાઈખ અને ઉલમાએ حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ પઢવાના ફાયદાઓમાં લખ્યું છે કે, "આ આયતને એક હજાર વખતે ઈમાનના જઝબહ તથા એકાગ્રચિત્તે પઢવામાં આવે અને દુઆ માંગવામાં આવે તો અલ્લાહ તઆલા દુઆ રદ નથી

કરતો.'' મુસીબતો અને તકલીફોમાં ઘેરાયેલા હોય એવા સમયે حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ પઢવું ખૂબ અક્સીર સાબિત થયેલ છે.

ચોથી આયતમાં આ ઈરશાદ ફરમાવ્યો છે કે, મુસલમાનોને પ્રભાવિત કરવા માટે મુશ્રિકોએ ફરીવાર પાછા ફરવાની ખબર પહોંચાડી તે વાસ્તવમાં શયતાન છે, જે તમને પોતાના સહાયકો એટલે કે સહધર્મી કાફિરોથી ડરાવવા ઈચ્છે છે, તો જાણે અસલ વાક્યમાં يُخَوِّفُ (યુખવ્વિફુ) "તમને ડરાવે છે"નો એક مَفْعُوْل (મફઊલ) "કર્મ" સુષુપ્ત છે. એટલે يُخَوِّفُكُمْ અને બીજું મફઊલ (مَفْعُوْل) કર્મ اَوْلِيَآئَهٗ છે.

પછી ઈરશાદ ફરમાવ્યો કે, "મુસલમાનોએ આવી ખબરોથી કદાપિ ડરવું ન જોઈએ. અલબત્ત, તેમણે મારાથી (અલ્લાહથી) જ ડરતા રહેવું જોઈએ અને મારી આજ્ઞાપાલન વિરુદ્ધ કોઈ પગલું ભરવાથી દરેક મો'મિને ડરવું આવશ્યક છે. અલ્લાહ તઆલાની મદદ સાથે હોય તો કોઈ કંઈપણ નુકસાન પહોંચાડી શકતું નથી.''

અલ્લાહના ડરનો અર્થ શું છે ? :

આ આયતમાં અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર ફરજ કર્યું છે કે, તેઓ અલ્લાહ તઆલાથી ડરતા રહે અને બીજી આયતમાં એવા લોકોના વખાણ કરવામાં આવ્યા છે, જેઓ અલ્લાહ તઆલાથી ડરે છે. يَخَافُوْنَ رَبَّهُمْ مِّنْ فَوْقِهِمْ "તેઓ પોતાના પરવરદિગારથી ડરે છે કે, જે હરપળે તેમના ઉપર મૌજૂદ છે." (૧૬ : ૫૦) પરંતુ અમુક મોટા વિદ્વાનોએ ફરમાવ્યું છે કે, "અલ્લાહનો ડર રડવું અથવા આંસુઓ વહાવવાનું નામ નથી. બલકે, અલ્લાહ તઆલાથી ડરનારા તે લોકો છે જેઓ દરેક તે બાબતને છોડી દે, જેના ઉપર અલ્લાહ તઆલા તરફથી અઝાબનો ખતરો હોય.''

અબૂ અલી દક્કાક (રહ.) ફરમાવે છે કે, "અબૂબક્ર બિન ફુવર્રક બીમાર હતા, હું તેમની બીમારપુરસી માટે ગયો, મને જોઈને તેમની આંખોમાં આંસુ આવી ગયા; મેં કહ્યું, ગભરાઓ નહીં ! અલ્લાહ તઆલા આપને તંદુરસ્તી અને સ્વાસ્થ્ય આપશે. તેઓ કહેવા લાગ્યા કે, શું તમે એવું સમજો છો કે હું મૌતના ડરથી રડું છું ? વાત એમ નથી ! મને મૌત પછીનો ડર છે કે, કોઈ અઝાબ ન થાય!'' *(કુર્તુબી)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૭૬ થી ૧૭૮)

وَلَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْكُفْرِ ۚ اِنَّهُمْ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ؕ يُرِيْدُ اللّٰهُ
اَلَّا يَجْعَلَ لَهُمْ حَظًّا فِي الْاٰخِرَةِ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿۱۷۶﴾ اِنَّ الَّذِيْنَ اشْتَرَوُا الْكُفْرَ
بِالْاِيْمَانِ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۷﴾ وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ
كَفَرُوْٓا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ ؕ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ وَلَهُمْ
عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۷۸﴾

તરજુમો :

અને આપને ગમગીન ન કરે તે લોકો, જેઓ કુફ્રમાં ઉતાવળ કરે છે (દોડે છે); ખરેખર, તેઓ કદાપિ અલ્લાહનું કંઈ જ બગાડી શકશે નહીં, અલ્લાહ ઇચ્છે છે કે તેમને આખિરતમાં કોઈ હિસ્સો ન આપે અને તેમના માટે મોટો અઝાબ છે. (૧૭૬) બેશક ! જે લોકોએ ઈમાનના બદલામાં કુફ્ર ખરીદી લીધું, તેઓ કદાપિ અલ્લાહનું કંઈ જ બગાડી શકશે નહીં, અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૧૭૭) અને જે લોકોએ કુફ્ર કર્યું તેઓ હરગીઝ એવું ન સમજે કે અમે જે તેમને ઢીલ આપી રહ્યા છે તે તેમના માટે ઉત્તમ છે; વાસ્તવમાં અમે તેમને ઢીલ (મોહલત) આપીએ છીએ જેથી તેઓ ગુનાહમાં આગળ વધી જાય અને તેમના માટે અપમાનિત કરનારો અઝાબ છે. (૧૭૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉની આયતોમાં મુનાફિકોની બેવફાઈ અને તેમના મેલા ઈરાદાઓનું વર્ણન થયું હતું. પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺને આશ્વાસન આપવામાં આવે છે કે, તમારે આ કાફિરોના ઉપદ્રવથી ગમગીન અને દિલગીર થવાની જરૂર નથી. તેઓ આપને કોઈ નુકસાન પહોંચાડી શકવાના નથી. છેલ્લી આયતમાં એ અનુમાનનો જવાબ છે કે, જાહેરમાં તો દુનિયામાં આ કાફિરો પ્રગતિ અને વિકાસ કરતા નજરે પડે છે, તો તેમને પરાજિત અને પરાસ્ત કઈ રીતે સમજવામાં આવે ?

તફસીર :

અને (હે નબી ﷺ !) તમારા માટે આ લોકો ગમનું કારણ ન બનવા જોઈએ, જેઓ જલદીથી કુફ્ર(ની વાતો)માં લાગી જાય છે, (જેમકે મુનાફિકો મુસલમાનોનું પલ્લું થોડું હલકુ જોઈને ખુલ્લમ-ખુલ્લા કુફ્રની વાતો કરવા લાગ્યા છે. જેમકે પ્રસ્તુત ઘટનાથી આ બાબતની જાણ થઈ ચૂકી છે) ખરેખર, આ લોકો અલ્લાહ તઆલા(ના દીન)ને થોડું પણ નુકસાન નથી પહોંચાડી શકતા (એટલા માટે તમને આવો ગમ તો થવો જ ન જોઈએ કે તેમની ઉપદ્રવી પ્રવૃત્તિઓથી અલ્લાહ તઆલાના દીનને નુકસાન પહોંચશે અને જો તમને પોતે આ કાફિરોનો ગમ હોય કે, આ બદનસીબ લોકો શા માટે જહન્નમ તરફ જઈ રહ્યા છે ? તો પણ તમે ગમ ન કરો.) કારણ કે, અલ્લાહ તઆલાને એ મંજૂર છે કે, આખિરતમાં તેમનો કોઈ હિસ્સો ન હોય (એટલા માટે તેમના પાસેથી તરફદારીની આશા રાખવી યોગ્ય નથી અને રંજ ત્યારે જ થાય છે જ્યારે કોઈ આશા-અપેક્ષા હોય) અને (તેમના માટે ફક્ત આખિરતની નેઅ્મતોથી વંચિતતા નથી બલકે,) આ લોકોને ભારે સજા (પણ) થશે (અને જેવી રીતે આ લોકો દીને ઈસ્લામને કોઈ નુકસાન નથી પહોંચાડી શકતા, એવી જ રીતે) ખરેખર, જેટલા લોકોએ ઈમાન(ને છોડીને તે)ની જગ્યાએ કુફ્રને અપનાવી રાખ્યું છે (ભલે, મુનાફિક હોય અથવા ખુલ્લો કાફિર ! અને ભલે પાસેનો હોય અથવા દૂરનો !) તે લોકો (પણ) અલ્લાહ તઆલા(ના દીન)ને થોડું પણ નુકસાન નથી પહોંચાડી શકતા અને તેમને (પણ આગલા લોકોની જેમ) દર્દનાક સજા થશે અને જે લોકો કુફ્ર કરી રહ્યા છે તેઓ એવો વિચાર કદાપિ ન કરે કે અમારી તેમને (અઝાબથી) મોહલત આપવી (કંઈ) તેમના માટે ઉત્તમ (અને લાભદાયક) છે, (કદાપિ નહીં ! બલકે) અમે તેમને મોહલત આપી રહ્યા છે જેથી (ઉંમર વધવાના કારણે) તેમના ગુનાહોમાં વધારે પ્રગતિ થતી જાય (જેથી તેમને એકસામટી પૂરેપૂરી સજા મળે) અને (દુનિયામાં જો સજા ન થઈ તો શું થયું ? આખિરતમાં તો) તેમને અપમાનજનક સજા થશે.

મસ્અલા અને બોધપાઠ :

કાફિરોની દુનિયામાં સુખ-સાહ્યબી પણ વાસ્તવમાં અઝાબની પૂર્ણતા જ છે

અત્રે કોઈ એવી શંકા ન કરે કે, જ્યારે અલ્લાહ તઆલાએ કાફિરોને

મોહલત તથા લાંબી ઉંમર આપી છે સાથે-સાથે સુખ-સાહ્યબીનો તમામ પ્રકારનો સરસામાન પણ અર્પણ કર્યો છે કે તેઓ પોતાના ગુનાહોમાં પ્રગતિ કરતા ચાલે તો પછી કાફિરોને નિર્દોષ કહેવા જોઈએ. પરંતુ આયતનો ભાવાર્થ એ છે કે, કાફિરોની આ થોડા દિવસની મોહલત અને સુખ-સાહ્યબીથી મુસલમાન પરેશાન ન થાય કારણ કે, કુફ્ર અને ગુનાહો છતાં તેમની દુનિયવી શક્તિ તથા ભૌતિક સરસામાન પણ તેમના માટે અઝાબનું જ એક સ્વરૂપ છે, જેનો અહેસાસ આ દુનિયાથી ગયા પછી થશે કે, આ દુનિયાની સુખ-સાહ્યબીનો ભૌતિક સામાન જે તેમણે ગુનાહોમાં ખર્ચ કર્યો તે વાસ્તવમાં જહન્નમના અંગારા હતા જેમકે, અનેક આયતોમાં પોતે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُعَذِّبَهُم بِهَا ("અલ્લાહ તેમને તેનાથી સજા કરવા ઇચ્છે છે." -સૂરહ : ૯, આયત : ૫૫) એટલે કે, કાફિરોના માલ અને સુખ-સાહ્યબી તેમના માટે કોઈ ગર્વ કરવાની બાબત નથી, આ તો અલ્લાહ તરફથી અઝાબનું જ એક સ્વરૂપ છે જે તેમને આખિરતના અઝાબમાં વૃદ્ધિ થવાનું કારણ છે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૧૭૯)

مَا كَانَ اللَّهُ لِيَذَرَ الْمُؤْمِنِينَ عَلَىٰ مَا أَنتُمْ عَلَيْهِ حَتَّىٰ يَمِيزَ الْخَبِيثَ مِنَ
الطَّيِّبِ ۗ وَمَا كَانَ اللَّهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلَٰكِنَّ اللَّهَ يَجْتَبِي مِن رُّسُلِهِ
مَن يَشَاءُ ۖ فَآمِنُوا بِاللَّهِ وَرُسُلِهِ ۚ وَإِن تُؤْمِنُوا وَتَتَّقُوا فَلَكُمْ أَجْرٌ عَظِيمٌ ﴿١٧٩﴾

તરજુમો :

અલ્લાહ એવો નથી કે ઈમાનવાળાઓને એવી હાલત ઉપર છોડી દે જેના ઉપર તમે છો, જ્યાં સુધી કે નાપાકને પાકથી અલગ ન કરી આપે અને અલ્લાહ એવો નથી કે તમને ગયૂબ (અદૃશ્ય બાબતો)ની ખબર આપે, પરંતુ અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ઇચ્છે ચૂંટી કાઢે છે, (બસ) તો તમે અલ્લાહ અને તેના રસૂલો ઉપર ઈમાન લાવો અને જો તમે ઈમાન ઉપર રહો અને પરહેઝગારી ઉપર તો તમારા માટે મોટો બદલો (સવાબ) છે. (૧૭૯)

આયતનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં એ શંકાનો જવાબ હતો કે, જ્યારે કાફિરો અલ્લાહ તઆલા સમીપ ક્રોધપાત્ર અને તિરસ્કૃત છે તો દુનિયામાં તેમને માલ–દૌલત, મિલકત અને સુખ–સાહ્યબીની રેલમછેલ કેમ છે ? પ્રસ્તુત આયતમાં આ શંકાનું સમાધાન કરવામાં આવ્યું છે કે, મો'મિન–મુસલમાન જેઓ અલ્લાહના સ્વીકૃત બંદાઓ છે તેમના ઉપર તકલીફો અને મુસીબતો શા માટે આવે છે ? જ્યારે કે સ્વીકૃતિનો તકાદો તો એવો હોવો જોઈતો હતો કે તેમને દરેક પ્રકારનો આરામનો સામાન મળે.

તફસીર :

અલ્લાહ તઆલા મુસલમાનોને એવી પરિસ્થિતિ ઉપર રાખવા નથી ઈચ્છતો, જેના ઉપર તમે અત્યારે છો (કે કુફ્ર અને ઈમાન તથા હક અને બાતિલ અને મો'મિન તથા મુનાફિકમાં અલ્લાહ તઆલાના આપેલા દુનિયવી ઈનામોના આધારે કોઈ વિશિષ્ટ પ્રકારનો તફાવત નથી. બલકે, મુસલમાનો ઉપર સખત મુસીબતો નાઝિલ થતી રહેવી ત્યાં સુધી જરૂરી છે) જ્યાં સુધી નાપાક (એટલે કે મુનાફિકો)ને પાક (એટલે કે મુખ્લિસ મો'મિનો)થી અલગ ન કરી આપવામાં આવે. (અને આ તફાવત તથા ભેદ તકલીફો અને મુસીબતો આવવાથી જ સંપૂર્ણ રીતે થઈ શકે છે અને જો કોઈના દિલમાં થોડો વિચાર ઉત્પન્ન થાય કે મો'મિનો અને કાફિરો તથા હક અને બાતિલને તફાવત કરવા માટે શું જરૂરી છે કે, મુસીબતમાં નાંખીને જ આવો તફાવત અને ફરક પ્રાપ્ત કરવામાં આવે ? અલ્લાહ તઆલા વહી દ્વારા તેની જાહેરાત કરી શકે છે કે, ફલાણો મો'મિન મુખ્લિસ છે અને ફલાણો મુનાફિક, ફલાણી વસ્તુ હલાલ છે અને ફલાણી વસ્તુ હરામ ! તો તેનો જવાબ એ છે કે,) અલ્લાહ તઆલા (હિકમતના તકાદા સ્વરૂપે) આવા ગૈબ(ના રહસ્યો)ની તમને (કોઈ માધ્યમ વિના કસોટી માટે) ખબર નથી આપતો. (અલબત્ત એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં આવે છે કે તેમનામાંથી મુખ્લિસ અને મુનાફિક કાફિરો પોત–પોતાની રીતે ખુલ્લા પડી જાય અને જ્યારે એ સાબિત થયું કે, દુનિયામાં કાફિરો ઉપર અઝાબ નાઝિલ ન થવો બલકે તેમને સુખ–સાહ્યબીમાં આળોટી શકે એવો સર–સામાન અર્પણ કરવો તથા મુસલમાનો ઉપર અમુક મુસીબતો અને પરેશાનીઓ નાઝિલ કરવી, આ બધી બાબતો હિકમતના તકાદાના

કારણે છે તો પછી ભૌતિકતાની રેલમછેલ કોઈ વ્યક્તિના અલ્લાહ સમીપ સ્વીકૃત હોવાની અથવા તિરસ્કૃત હોવાની કોઈ દલીલ નથી હોઈ શકતી.) બસ, હવે તમે (ઈમાન ઈચ્છિત અને પસંદ કરવામાં આવેલ બાબત તથા કુફ્ર ધિક્કારપાત્ર હોવામાં કોઈ શંકા ન કરો. બલકે,) અલ્લાહ ઉપર અને તેના બધા જ રસૂલો ઉપર ઈમાન લઈ આવો, જો તમે ઈમાન લઈ આવો અને (કુફ્ર તથા ગુનાહથી) બચેલા રહો તો પછી તમને (તેનો) મહાન સવાબ (બદલો) મળશે.

મસ્અલા અને બોધપાઠ :

મો'મિન અને મુનાફિકમાં તફાવત વહીના બદલે અમલી (વ્યવહારુ રીતે) કરવાની હિકમત :

આ આયતમાં ઈરશાદ છે કે, નિખાલસ મો'મિન અને મુનાફિકમાં ભેદ કરવા માટે અલ્લાહ તઆલાએ એવી પરિસ્થિતિ અને મુશ્કેલીઓ ઉત્પન્ન કરી કે, જેનાથી અમલી રીતે મુનાફિકોનો નિફાક જાહેર થઈ જાય અને આ તફાવત જો કે એ રીતે પણ છતો થઈ શકતો હતો કે, વહી દ્વારા મુનાફિકોનું નામ નક્કી કરીને બતાવવામાં આવે કે "ફલાણો મુનાફિક છે" પરંતુ હિકમતના તકાદાના કારણે એવું કરવામાં આવ્યું નથી. અલ્લાહ તઆલાના પ્રત્યેક કાર્યોની હિકમત તો સંપૂર્ણ રીતે તેને જ ખબર છે. અત્રે એક હિકમત એ પણ હોઈ શકે છે કે, જો મુસલમાનોને વહી દ્વારા બતાવવામાં આવે કે "ફલાણો મુનાફિક છે" તો મુસલમાનોને તેમની સાથે સંબંધ વિચ્છેદ કરવાની અને તેની સાથે વ્યવહાર કાપી નાંખવાની કોઈ એવી સ્પષ્ટ દલીલ ન મળી શકી હોત કે જેને મુનાફિકો પણ સ્વીકારી લે. તે મુનાફિકો એવું કહી શક્યા હોત કે તમે ખોટું કહો છો, અમે તો સાચા અને પાકા મુસલમાન છીએ.

આ રીતે તફાવત કરવાની પદ્ધતિથી વિપરીત મો'મિનો તથા મુનાફિકોને ખુલ્લા પાડવા માટે મુશ્કેલીઓ અને તકલીફોનું માધ્યમ અપનાવવામાં આવ્યું. જ્યારે તકલીફો અને મુસીબતો સામે આવી તો મુનાફિકો નાસી છૂટ્યા અને તેમનો નિફાક જાહેર થઈ ગયો. હવે, તેમનું એવું કહેવાનું મોઢું ન રહ્યું કે, અમે મો'મિન અને મુખ્લિસ હોવાનો દા'વો કરીએ છીએ.

અને આ રીતે મુનાફિકોનો નિફાક જાહેર થઈ જવાનો એક લાભ એ પણ

થયો કે, મુસલમાનોનો તેમની સાથે જાહેરમાં હળી-મળી ઓત-પ્રોત થવાનો સંબંધ તૂટી ગયો. જો આવું ન થયું હોત તો આવા જાહેર મેળ-મિલાપથી એક પ્રકારનું નુકસાન ઉઠાવવું પડ્યું હોત.

ગૈબના કાર્યો (અદૃષ્ય બાબતો)ની કોઈને ખબર આપી દેવામાં આવે તો તે ગૈબનું ઇલ્મ નથી :

(અલ્લાહ તરફથી અમુક ગુપ્ત બાબતોની જાણકારી આપી દેવાનો અર્થ એ નથી કે બધી જ ગુપ્ત બાબતોના જાણકાર અથવા ત્રિકાળજ્ઞાની બની ગયા છે.)

આ આયતથી જાણ થાય છે કે, અલ્લાહ તઆલા ગૈબની ગુપ્ત વાતો વહી દ્વારા દરેક વ્યક્તિને જાણ કરતો નથી. અલબત્ત, પોતાના અંબિયા (અલૈ.)માંથી વરણી કરીને એમને આપે છે. એનાથી એવી શંકા કરવામાં ન આવે કે પછી તો અંબિયા (અલૈ.) પણ ઇલ્મે ગૈબના ભાગીદાર અને "આલિમુલ ગૈબ" (ત્રિકાળજ્ઞાની) બની ગયા. કારણ કે, તે ઇલ્મે ગૈબ જે અલ્લાહ તઆલાની જાત સાથે ખાસ છે, તેમાં કોઈ મખ્લૂકને ભાગીદાર ઠરાવવું એ શિર્ક છે, જો તે આ બે વસ્તુઓની શરત સાથે હોય; એક એ કે, જો કોઈ માણસ કોઈ વ્યક્તિ વિશે આવી માન્યતા ધરાવે કે આ વ્યક્તિ પાસે ગૈબનું જ્ઞાન વ્યક્તિગત છે અલ્લાહનું આપેલું નથી. બીજું એ કે, તે સમગ્ર સૃષ્ટિનું તથા ભૂત-ભવિષ્ય- વર્તમાનકાળનું જ્ઞાન ધરાવે છે, તેના જ્ઞાનથી સમગ્ર સૃષ્ટિનો એક કણ પણ ગુપ્ત નથી (આવી માન્યતા શિર્ક છે).

અલ્લાહ તઆલા પોતે પોતાના અંબિયા (અલૈ.)ને જે ગૈબની અદૃશ્ય બાબતોનું રહસ્ય જણાવી દે છે, તે વાસ્તવમાં ગૈબનું ઇલ્મ નથી બલકે, ગૈબની ખબરો છે જે અંબિયા (અલૈ.)ને આપવામાં આવે છે. કુર્આને કરીમે તેને ઘણે ઠેકાણે اَنۡبَاءُ الۡغَيۡبِ "અંબાઉલ ગયૂબ" (અદૃષ્ય બાબતોની ખબર)ના શબ્દથી ઓળખાવ્યું છે. مِنۡ اَنۡبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهَاۤ اِلَيۡكَ "અદૃષ્ય બાબતોના એક ભાગને અમે તારા ઉપર વહી કરીએ છીએ." (સૂરહ : ૧૧, આયત : ૪૯)

આયતો :(સૂરએ આલિ ઇમ્રાનઃ આયત નં. ૧૮૦ થી ૧૮૬)

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ؕ
بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ؕ سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١٨٠﴾ لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ
اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ ۘ سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ۙ وَّنَقُوْلُ
ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿١٨١﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿١٨٢﴾
اَلَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ عَهِدَ اِلَيْنَآ اَلَّا نُؤْمِنَ لِرَسُوْلٍ حَتّٰى يَاْتِيَنَا بِقُرْبَانٍ تَاْكُلُهُ
النَّارُ ؕ قُلْ قَدْ جَآءَكُمْ رُسُلٌ مِّنْ قَبْلِيْ بِالْبَيِّنٰتِ وَبِالَّذِيْ قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوْهُمْ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٨٣﴾ فَاِنْ كَذَّبُوْكَ فَقَدْ كُذِّبَ رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُوْ بِالْبَيِّنٰتِ
وَالزُّبُرِ وَالْكِتٰبِ الْمُنِيْرِ ﴿١٨٤﴾ كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ
يَوْمَ الْقِيٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَمَا الْحَيٰوةُ
الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ﴿١٨٥﴾ لَتُبْلَوُنَّ فِيْٓ اَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ۥ وَلَتَسْمَعُنَّ مِنَ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْٓا اَذًى كَثِيْرًا ؕ وَاِنْ تَصْبِرُوْا وَ
تَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿١٨٦﴾

તરજુમો :

અને તે લોકો એવું કદાપિ ન વિચારે જેઓ તે (માલ)માં બખીલાઈ કરે છે જે (માલ) અલ્લાહે તેમને પોતાના ફઝ્લ (કૃપા)થી આપ્યો કે એ (બખીલાઈપણું) તેમના માટે સારું છે; બલકે એ તેમના માટે ઘણું જ ખરાબ છે, તે (માલ કે) જેમાં તેમણે કંજૂસાઈ કરી હતી કયામતના દિવસે તૌક (ફંદો

બનાવીને) પહેરાવવામાં આવશે; અને અલ્લાહના માટે જ વારસો છે આસમાનોનો અને જમીનનો અને જે કંઈ તમે કરી રહ્યા છો અલ્લાહ તેને સારી પેઠે જાણે છે. (૧૮૦) ખરેખર, અલ્લાહે તેમની વાત સાંભળી લીધી, જે લોકોએ કહ્યું કે અલ્લાહ ફકીર છે અને અમે માલદાર છે; હવે અમે તેમની વાત લખી રાખીશું અને જે તેમણે અંબિયા (અલૈ.)ની નાહક (અન્યાયી) હત્યાઓ કરી છે (તે પણ), અને અમે કહીશું કે ચાખો ! સળગતી આગનો અઝાબ ! (૧૮૧) આ તેનો બદલો છે જે તમારા હાથોએ આગળ મોકલ્યું અને એ કે, અલ્લાહ પોતાના બંદાઓ ઉપર જુલમ કરતો નથી. (૧૮૨) જે લોકોએ (યહૂદઓએ) કહ્યું કે, અલ્લાહે અમને નિર્દેશ આપી (વાયદો લઈ) રાખ્યો છે કે અમે કોઈ રસૂલ ઉપર ઈમાન ન લાવીએ, જ્યાં સુધી કે તે અમારી પાસે કુર્બાની (ન) લાવે જેને અગ્નિ ખાઈ જાય; (હે નબી ﷺ !) તમે કહી આપો ! અલબત્ત, તમારી પાસે મારાથી પહેલાં (કેટલાય) રસૂલો નિશાનીઓ સાથે આવ્યા અને આ (કુર્બાનીની નિશાની) પણ (હતી) જે તમે કહો છો, પછી શા માટે તમે તેમની હત્યા કરી ? જો તમે સાચા છો ! (૧૮૩) (હે નબી ﷺ !) પછી જો તેઓ તમને જૂઠાડે તો અલબત્ત તમારા પહેલાં ઘણા રસૂલોને જૂઠાડવામાં આવ્યા છે, જેઓ ખુલ્લી નિશાનીઓ અને સહીફાઓ તથા રોશન કિતાબ સાથે આવ્યા. (૧૮૪) દરેક જીવને મૌતની મજા ચાખવાની છે અને કયામતના દિવસે તમારા પૂરે-પૂરા બદલા મળશે, પછી જે કોઈ દોઝખથી દૂર કરવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો ખરેખર તે જ સફળતા પામ્યો, અને દુનિયાની જિંદગી કંઈ નથી સિવાય કે એક ધોકાની મૂડી (છેતરામણો સામાન) ! (૧૮૫) અલબત્ત, તમને પોતાના માલ અને પ્રાણોથી જરૂર અજમાવવામાં આવશે, અને અલબત્ત તમે તે લોકોથી દુઃખ પહોંચાડનારી ઘણી બધી (વાતો) સાંભળશો જેઓને તમારા અગાઉ કિતાબ આપવામાં આવી અને મુશ્રિકોથી (પણ); અને જો તમે સબ્ર કરો (ધૈર્ય દાખવો) અને પરહેઝગારી કરો (બચના રહો) તો બેશક ! આ (ઘણી) હિંમતના કામોમાંથી છે. (૧૮૬)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરએ આલિ ઈમ્રાનની શરૂઆતમાં યહૂદીઓની ખરાબ ટેવ અને તેમની

શરારતોનું વર્ણન થયું હતું. અત્રે ફરી તે તરફ ઈશારો થયો છે, પ્રસ્તુત આયતો આ જ પ્રકારના વિષયો ઉપર આધારિત છે અને વચ્ચે રસૂલુલ્લાહ ﷺને આશ્વાસન આપવામાં આવ્યું છે અને મુસલમાનો માટે શિખામણનું વર્ણન પણ છે.

તફસીર :

અને કદાપિ એવો વિચાર ન કરે એવા લોકો જેઓ (આવશ્યક સમયે) એવી વસ્તુઓ (ખર્ચ કરવા)થી કંજૂસી કરે છે જેને અલ્લાહ તઆલાએ તેમને પોતાની કૃપાથી અર્પણ કરી છે કે આ વાત એમના માટે કંઈ સારી હશે (કદાપિ નહીં !) બલકે, આ બાબત એમના માટે ઘણી બુરી છે (કારણ કે તેનું પરિણામ એ હશે કે) તે લોકોને કયામતના દિવસે (ગળામાં) ગાળિયો પહેરાવવામાં આવશે તે (માલ)ને (સાપ બનાવીને) જેમાંથી તેમણે કંજૂસી કરી હતી અને (કંજૂસી કરવી એક પ્રકારની મૂર્ખામી છે કે,) છેવટે (જ્યારે સૌ મૃત્યુ પામશે) બધા આસમાન અને જમીન (અને જે મખ્લૂક તેમાં છે તે બધું જ) અલ્લાહનું જ રહી જશે, (પરંતુ તે સમયે આ માલ અલ્લાહના માટે થઈ જવાથી તમને કોઈ સવાબ નહીં મળે, કારણ કે તમે પોતાની મરજીથી તેને આપ્યો નથી અને જ્યારે અંતે બધું જ અલ્લાહનું થયું તો બુદ્ધિની વાત એ જ છે કે, હમણા પોતાની મરજીથી આ માલ આપી દે જેથી સવાબના હકદાર બને) અને અલ્લાહ તમારા બધા અમલોની સંપૂર્ણ જાણકારી રાખે છે (એટલા માટે જે કંઈ ખર્ચ કરો ઈખ્લાસ સાથે માત્ર અલ્લાહ માટે કરો).

બેશક ! અલ્લાહે સાંભળી લીધું છે, તે (ગુસ્તાખ) લોકોના નિવેદનને જેમણે (હાંસી ઉડાવવા) એવું કહ્યું કે (નઊઝુબિલ્લાહ !) અલ્લાહ તઆલા ગરીબ છે અને અમે માલદાર છે (અને ફક્ત આવું સાંભળવા ઉપર રોકાઈ જવામાં નહીં આવે બલકે,) અમે તેમના નિવેદનોને (તેમના નામાએ આ'માલ-કર્મોની ખાતાવહીમાં) લખી રાખીશું અને (આવી જ રીતે) તેમનું અંબિયા (અલૈ.)ને નાહક કતલ કરવું પણ (તેમના નામાએ આ'માલમાં લખવામાં આવશે) અને અમે (તેમના ઉપર સજા નક્કી કરતી વખતે તેમના કૃત્યો બતાવવા માટે) કહીશું કે (લ્યો !) ચાખો આગનો અઝાબ ! (અને તેમને વધારે દુઃખ પહોંચે એટલા માટે એ પણ કહેવામાં આવશે કે,) આ (અઝાબ) તે (કુફ્રિય્યહ) અમલોના કારણે છે જે તમે પોતાના હાથોથી સમેટો છો અને આ બાબત સાબિત છે કે, અલ્લાહ તઆલા

બંદાઓ ઉપર અત્યાચાર કરનારો નથી.

તે (યહૂદીઓ) એવા લોકો છે કે, (બિલકુલ જૂઠ અને બનાવટ કરીને) કહે છે કે અલ્લાહ તઆલાએ અમને (અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલૈ. દ્વારા) હુકમ આપ્યો હતો કે અમે કોઈ પયગમ્બર(ના દા'વા) ઉપર (તેના પયગમ્બર હોવા વિશે) શ્રદ્ધા ન ધરાવીએ જ્યાં સુધી કે અમારી સામે (ખાસ) નજર અને નિયાઝે ખુદાવંદીનો મોઅ્જિઝો જાહેર ન કરે કે, તેને (આસમાની) આગ ખાઈ જાય. (અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલૈ. દ્વારા આવા મોઅ્જિઝાઓ પ્રગટ થયા છે કે કોઈ સજીવ અથવા નિર્જીવ અલ્લાહના નામ ઉપર કોઈ મેદાનમાં અથવા પહાડ પર મૂકી દેવામાં આવતી તો ગૈબથી એક આગ આવતી અને તે વસ્તુને સળગાવી દેતી. આવું થવું તે સદકહ-કુર્બાનીની કબૂલાત માનવામાં આવતી હતી. મતલબ એ છે કે, રસૂલે કરીમ ﷺએ ખાસ મોઅ્જિઝો જાહેર નથી કર્યો. એટલા માટે અમે તેમના ઉપર ઈમાન નહીં લાવીએ. અલ્લાહ તઆલા એના જવાબની શિખામણ આપે છે કે,) તમે કહી આપો કે ખરેખર ઘણા પયગમ્બરો મારાથી પહેલાં ઘણી બધી દલીલો (મોઅ્જિઝાઓ વગેરે) લઈને આવ્યા અને પોતે એ મોઅ્જિઝો પણ જેને તમે કહી રહ્યા છો. બસ, તમે તેમને શા માટે કતલ કર્યા હતા? જો તમે (આ દા'વામાં) સાચા છો ! બસ, જો આ (કાફિર) લોકો તમને જૂઠાડે તો (ગમ ન કરો કારણ કે,) ઘણા બધા પયગમ્બરોને જેઓ તમારાથી પહેલાં ગુજરી ચૂક્યા છે (તેમને પણ) જૂઠાડવામાં આવી ચૂક્યા છે, જેઓ મોઅ્જિઝાઓ લઈને આવ્યા હતા અને (નાના-નાના) સહીફાઓ લઈને અને પ્રકાશિત કિતાબ લઈને (આવ્યા હતા પરંતુ જ્યારે કાફિરોની ટેવ જ એવી છે કે, અંબિયા અલૈ.ને જૂઠાડ્યા કરે છે તો તમને તેનો શું ગમ ?)

(તમારામાં) પ્રત્યેક સજીવને મૌતનો સ્વાદ ચાખવાનો છે અને (મર્યા પછી) તમને પૂરો બદલો (ભલાઈ અથવા બૂરાઈનો) કયામતના દિવસે મળી જશે. (જો દુનિયામાં કાફિરો ઉપર કોઈ સજા જાહેર ન થાય તો તેનાથી જૂઠાડનારાઓ માટે ખુશીનો અને સમર્થન કરનારાઓ માટે ગમનો કોઈ અર્થ નથી. આગળ ઉપર આ બાબતની વિગત સ્પષ્ટ કરવામાં આવે છે કે) તો જે વ્યક્તિ દોઝખથી બચાવી લેવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો, બસ તે જ સંપૂર્ણ સફળ થયો (એ જ પ્રમાણે જે વ્યક્તિ જન્નતથી અલગ રહ્યો અને

દોઝખમાં નાંખવામાં આવ્યો, બસ તે સંપૂર્ણ નિષ્ફળ રહ્યો) અને દુનિયવી જિંદગી તો કંઈપણ નથી, ફક્ત (એવી વસ્તુ છે જેમકે) ધોકાનો (છેતરપિંડીનો) સામાન (હોય) છે, (જેની બાહ્ય જાહોજલાલી જોઈને ખરીદનારો ફસાઈ જાય છે, પાછળથી તેની વાસ્તવિકતા છતી થતાં તે પસ્તાવો કરે છે. એ જ પ્રમાણે દુનિયાની બાહ્ય ચમક-દમક જોઈને છેતરાઈને આખિરતથી ગાફેલ ન થઈ જવું જોઈએ).

(હવે શું છે ?) અલબત્ત, આગળ (આગળ) હજુ વધારે અજમાવવામાં આવશો પોતાના માલ(ના નુકસાન)માં અને પોતાના જીવ(ના નુકસાન)માં અને અલબત્ત આગળ વધુ સાંભળશો ઘણી બધી મન-દુઃખ થાય એવી વાતો તે લોકોથી (પણ) જેઓને તમારાથી પહેલાં (આસમાની) કિતાબ આપવામાં આવી છે. (એટલે અહલે કિતાબથી) અને તે લોકોથી (પણ) જેઓ મુશ્રિક છે અને જો (આવી પરિસ્થિતિઓ ઉપર) સબ્ર કરશો અને (શરીઅતની રૂએ કોઈ પ્રતિબંધિત કામ કરવાથી) બચતા રહેશો તો (તમારા માટે સારું થશે કારણ કે) આ (ધીરજ અને તકવો) તાકીદી હુકમોમાંથી છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત સાત આયતોમાંથી પ્રથમ આયતમાં કંજૂસાઈની ટીકા કરવામાં આવી છે અને તેના ઉપર ચેતવણીનું વર્ણન થયું છે.

કંજૂસાઈની વ્યાખ્યા અને તેની સજા :

કંજૂસાઈનો અર્થ શરીઅતમાં એ છે કે, જે વસ્તુ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવી કોઈના ઉપર વાજિબ હોય તેને ખર્ચ ન કરવામાં આવે. એટલા માટે બખીલાઈ (કંજૂસાઈ) હરામ છે અને એ બાબતે જહન્નમની સખત ચેતવણી આપવામાં આવી છે તથા જે પ્રસંગોમાં ખર્ચ કરવો વાજિબ નથી બલકે, મુસ્તહબ છે તો આવી બખીલાઈ હરામમાં શામિલ નથી. અલબત્ત, સામાન્ય અર્થના આધારે એને પણ કંજૂસાઈ કહેવામાં આવે છે. આ પ્રકારની કંજૂસાઈ હરામ નથી, પરંતુ મુખ્ય પ્રવાહથી વિરૂદ્ધ બાબત છે.

કંજૂસાઈના અર્થમાં એક બીજો શબ્દ પણ હદીષમાં આવ્યો છે, એટલે કે "શુહ્હ" شُحّ તેમજ તેની વ્યાખ્યા એ છે કે પોતાના માથે જે ખર્ચ કરવાની જવાબદારી અને ફરજ હતી તે અદા ન કરે, અને તેથી વિશેષ આ માલ વધારવાની

લાલચમાં પડી જાય તો આ બાબત બખીલાઈથી પણ વધારે સખત ગુનોહ છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَا يَجْتَمِعُ شُحٌّ وَاِيْمَانٌ فِىْ قَلْبِ رَجُلٍ مُسْلِمٍ اَبَدًا، (رَوَاهُ النَّسَائِى عَنْ اَبِىْ هُرَيْرَةَ ؓ)

"શુહ્હ (કંજૂસાઈ) અને ઈમાન કોઈ મુસલમાનના દિલમાં ભેગા નથી થઈ શકતા." *(કુર્તુબી)*

બખીલાઈની સજા આ આયતમાં વર્ણન કરવામાં આવી છે કે, કયામતના દિવસે જે વસ્તુ આપવામાં બખીલાઈ કરી હશે તેનો ગાળિયો બનાવી તેના ગળામાં નાંખવામાં આવશે. તેની તફસીર રસૂલુલ્લાહ ﷺ એ આવી કરી છે,

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ કોઈ માલ અર્પણ કર્યો, પછી તેણે તેની ઝકાત અદા ન કરી તો કયામતના દિવસે આ માલ એક સખત ઝેરીલો સાપ બનાવીને તેના ગળામાં ગાળિયો બનાવી દેવામાં આવશે અને તે સાપ એ વ્યક્તિનો ચહેરો પકડીને એક બાજુએથી બીજી બાજુના હોઠોને ડસીને કહેશે કે, હું તારો માલ છું, હું તારી મૂડી છું ! પછી રસૂલુલ્લાહ ﷺએ આ આયત પઢી."

(નસઈ અજ તફસીરે કુર્તુબી)

બીજી આયતમાં યહૂદીઓને તેમની એક સખત ગુસ્તાખી અને બદ્તમીઝીના કારણે સજાનું વર્ણન છે, જેની ઘટના આ પ્રમાણે છે કે, જ્યારે રસૂલુલ્લાહ ﷺએ ઝકાત-સદકહના હુકમો કુર્આનમાં બતાવ્યા, ત્યારે ગુસ્તાખ યહૂદીઓ એવું કહેવા લાગ્યા કે (નઊઝુબિલ્લાહ !) "અલ્લાહ તઆલા ફકીર અને મોહતાજ થઈ ગયો અને અમે માલદાર છે એટલા માટે જ તો તે અમારી પાસે માંગે છે." દેખીતું છે કે, આવા બેહૂદગીભર્યા નિવેદનો ઉપર તેમને પોતે પણ ભરોસો નહીં હોય, પરંતુ રસૂલુલ્લાહ ﷺને જૂઠાડવા માટે આવું કહ્યું હશે. તેમનું આવું અત્યંત ધિક્કારપાત્ર વાહિયાત નિવેદન કોઈ જવાબ આપવા યોગ્ય ન હતું, પરંતુ અલ્લાહ તઆલાનો સદકહનો હુકમ તેના પોતાના લાભ માટે નથી, બલકે સદકહ આપનાર વ્યક્તિના દીની અને દુનિયવી લાભ માટે જ હોય છે, આમ છતાં અત્રે તેને અલ્લાહે કરજ આપવાના વિષય તરીકે ઉલ્લેખ કર્યો કે, જેવી રીતે કરજ ભરપાઈ કરવું દરેક સીધા-સાદા શરીફ ઇન્સાન માટે જરૂરી અને આવશ્યક

હોય છે, એ જ પ્રમાણે જે સદકહ વ્યક્તિ આપે છે તેનો બદલો આપવાની જવાબદારી અલ્લાહ તઆલા પોતે લે છે. જેવી રીતે કે કોઈ કરજદાર પોતાનું કરજ લેણદારને પરત આપે છે. જે વ્યક્તિ અલ્લાહ તઆલાને સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર અને માલિક સમજે છે તેના આ શબ્દોથી ક્યારેય કોઈ શંકા નથી હોઈ શકતી, માત્ર ગુસ્તાખ યહૂદીઓ જ આવી બદ્તમીઝી કરી શકે છે. એટલા માટે કુર્આને કરીમમાં આ શંકાનો જવાબ આપવામાં નથી આવ્યો, ફક્ત તેમની આ ગુસ્તાખી અને રસૂલે કરીમ ﷺને જૂઠાડવા તથા તેમની હાંસી ઉડાવવાને સખત ગુનોહ ઠરાવીને ભયંકર સજા આપવા માટે કહેવામાં આવ્યું કે, અમે તેમના આ વાહિયાત અને ગુસ્તાખ શબ્દોને લખી રાખીશું, જેથી કયામતના દિવસે તેમના ઉપર દલીલ અને સાબિતીરૂપે રજૂ કરી તેમને અઝાબ આપવામાં આવશે, નહિતર અલ્લાહ તઆલાને લખવાની કોઈ જરૂર નથી.

પછી યહૂદીઓના આ વાહિયાત કૃત્યના વર્ણનની સાથે-સાથે એક બીજા ગુનાહનું વર્ણન પણ કરવામાં આવ્યું કે, આ તે લોકો છે જેમણે અંબિયા (અલૈ.)ને ન જ ફક્ત જૂઠાડ્યા કે તેમની હાંસી ઉડાવી બલકે, તેમની હત્યા કરી નાંખવાથી પણ ખચકાયા નથી તો આવા લોકો દ્વારા કોઈ નબી અથવા રસૂલના જૂઠાડવા બાબતે આશ્ચર્ય ન હોઈ શકે.

કુફ્ર અને ગુનાહોથી દિલથી રાજી થવું ઘણો જ મોટો ગુનોહ છે :

અહીંયાં આ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે, રસૂલુલ્લાહ ﷺ અને કુર્આન મદીનાના યહૂદીઓને સંબોધન કરે છે તથા અંબિયા (અલૈ.)ની હત્યાની ઘટનાઓ તેમના કરતા ઘણા અગાઉના સમયમાં હઝરત યહ્યા અને હઝરત ઝકરિય્યા (અલૈ.)ના યુગમાં બની હતી, તો આ આયતમાં અંબિયા (અલૈ.)ની હત્યાના ગુનાહનો સંબંધ આ યહૂદીઓ સાથે શા માટે જોડવામાં આવ્યો ? કારણ એ છે કે, મદીનાના યહૂદીઓ પોતાના અગાઉ થઈ ચૂકેલા યહૂદીઓના આ કૃત્યોથી રાજી અને ખુશ હતા. એટલા માટે તેઓને પણ હત્યારાઓના હુકમમાં જ ગણવામાં આવ્યા.

ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની તફસીરમાં એક ખૂબ અગત્યનો મસ્અલો લખ્યો છે કે, "કુફ્ર ઉપર રાજી થઈ જવું પણ કુફ્ર અને ગુનાહમાં શામિલ છે." રસૂલુલ્લાહ ﷺના એક ઈરશાદમાં તેની વધારે સ્પષ્ટતા થઈ છે. રસૂલે કરીમ

ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે જમીન ઉપર કોઈ ગુનોહ કરવામાં આવે છે તો જો કોઈ વ્યક્તિ ત્યાં મૌજૂદ હોય પરંતુ તે ગુનાહનો વિરોધ કરે અને તેને ખરાબ સમજે તો તે એવો છે જાણે કે, તે ત્યાં મૌજૂદ નથી. એટલે કે તે ગુનાહનો ભાગીદાર નથી અને જે વ્યક્તિ ભલે તે મજલિસમાં મૌજૂદ નથી પરંતુ તેના ગુનાહના કૃત્યથી રાજી છે તો તે વ્યક્તિને તે જગ્યાએ હાજર ન હોવા છતાં ગુનાહમાં ભાગીદાર સમજવામાં આવશે."

આ આયતના તથા ત્રીજી આયતના અંતે આ ગુસ્તાખ લોકોની સજા એ બતાવવામાં આવી છે કે, તેમને દોઝખમાં નાંખીને કહેવામાં આવશે કે "હવે આગમાં સળગવાની મજા ચાખો જે તમારા પોતાના જ કૃત્યોનું પરિણામ છે, અલ્લાહ તરફથી કોઈ અત્યાચાર કરવામાં આવ્યો નથી!"

ચોથી આયતમાં આ જ યહૂદીઓની એક અતિશયોક્તિ અને ખોટા આક્ષેપનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેઓ રસૂલુલ્લાહ ﷺને જૂઠાડવા માટે એવો હીલો રજૂ કરતા હતા કે, અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ના યુગમાં એવી રીત હતી કે, સદકહનો માલ એક મેદાનમાં અથવા પહાડ ઉપર મૂકી દેવામાં આવતો હતો અને આસમાનેથી આગ આવીને તેને સળગાવી દેતી હતી. આ જ નિશાની સદકહની સ્વીકૃતિ સમજવામાં આવતી હતી. રસૂલે કરીમ ﷺ અને તેમની ઉમ્મતને અલ્લાહ તઆલાએ ખાસ આ પ્રકારની વિશિષ્ટતા અર્પણ કરી કે, સદકહના માલને આસમાનની આગના હવાલે કરવાને બદલે મુસલમાન ફકીરો અને મોહતાજોને આપવામાં આવે છે. અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની પદ્ધતિથી સદકહની આ અલગ પ્રકારની પદ્ધતિ હોવાના કારણે આ મુશ્રિકોએ એવું બહાનુ બનાવ્યું કે જો તમે નબી હોત તો તમને પણ તે મોઅ્જિઝો અર્પણ કરવામાં આવ્યો હોત કે આસમાનની આગ સદકહના માલને ખાઈ જતી હોત. ઉપરથી વધારાની એવી હિંમત કરતા હતા કે, અલ્લાહ તઆલા ઉપર એવો આક્ષેપ લગાવ્યો કે, તેણે અમારી સાથે એવો વાયદો કર્યો છે કે, અમે એવા વ્યક્તિ ઉપર ઈમાન ન લાવીએ કે જેનાથી આસ્માનની આગનો આ સદકહના માલને સળગાવી દેવાનો મોઅ્જિઝો જાહેર ન થાય.

કારણ કે, આ યહૂદીઓનો આ દા'વો બિલકુલ દલીલ વગરનો અને વાહિયાત હતો કે, "અલ્લાહ તઆલાએ તેમનાથી વાયદો લીધો છે," એટલા માટે

તેનો જવાબ આપવાની કોઈ આવશ્યકતા ન હતી. તેમને તેમના જ આ નિવેદનથી પરાસ્ત કરવા માટે એવો ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, જો તમે તમારી વાતમાં સાચા છો કે અલ્લાહ તઆલાએ તમારાથી આવો કરાર લીધો છે તો પછી જે અગાઉના અંબિયા (અલૈ.)ને તમારા કહેવા પ્રમાણે આ મોઅ્જિઝો પણ અર્પણ કરવામાં આવ્યો હતો અને તેમણે આસમાની આગથી સદકહનો માલ ખાઈ જવાનો મોઅ્જિઝો પણ જાહેર કર્યો હતો, તો તમારે તેમના ઉપર ઈમાન લાવવું જોઈતું હતું, પરંતુ તમે તો તે છતાં તેમને જૂઠાડતા જ રહ્યા. બલકે, તેમની હત્યા પણ કરતા હતા.

અત્રે એ શંકા કરવામાં ન આવે કે, જો કે, યહૂદીઓનો આ દા'વો અને માંગણી બિલકુલ ખોટી હતી, પરંતુ જો રસૂલે કરીમ ﷺ દ્વારા આ મોઅ્જિઝો પણ જાહેર કરવામાં આવ્યો હોત તો કદાચ તેઓ ઈમાન લઈ આવ્યા હોત. પરંતુ અલ્લાહ તઆલાના જ્ઞાનમાં એ હતું કે, આ લોકો ફક્ત ઈર્ષ્યા અને હઠધર્મીના કારણે જ આવી વાતો કહી રહ્યા છે. એટલા માટે જો તેમના કહેવા પ્રમાણે આ મોઅ્જિઝો જાહેર થાય તો પણ તેઓ ઈમાન લાવવાના નથી.

આખિરતની ફિકર બધા જ ગમોનો અને શંકાઓનો જવાબ છે :

છઠ્ઠી આયતમાં આ વાસ્તવિકતા સ્પષ્ટ કરવામાં આવી છે કે, જો ક્યારેક કોઈ સ્થળે કાફિરોને વિજય પ્રાપ્ત થઈ જાય અને દુનિયાની સુખ-સાહ્યબી પૂરે-પૂરી મળી જાય તથા તેનાથી વિપરીત મુસલમાનો તકલીફો અને મુશ્કેલીઓ તથા દુનિયાની ભૌતિક સર-સામાનથી વંચિતતાની દશામાં સપડાઈ જાય તો એ કોઈ આશ્ચર્યની વાત નથી, ન જ તે કોઈ દિલગીર થવાની બાબત છે. કારણ કે, આ વાસ્તવિકતાથી કોઈ ધર્મ અથવા કોઈ વિચારસરણી કે ફિલોસોફી ઈન્કાર નથી કરી શકતી કે, દુનિયાનો રંજ-ગમ તથા રાહત અને સુખ બંને થોડા દિવસો માટેનું છે. કોઈ સજીવ મૌતથી છુટકારો પામી નથી શકતું અને દુનિયાની રાહત તથા મુસીબત મોટેભાગે તો દુનિયામાં જ પરિસ્થિતિઓમાં પરિવર્તન પામીને સમાપ્ત થઈ જાય છે અને જો દુનિયામાં પરિસ્થિતિ ન બદલાય તો મૌત ઉપર તે પરિસ્થિતિઓનો અંત આવી જ જાય છે. બુદ્ધિશાળી વ્યક્તિનું કામ આ થોડા દિવસના સુખ અને ગમની ચિંતામાં પડી રહેવાનું નથી બલકે, મૌત પછીની ફિકરમાં લાગી જવાનું નામ જ અકલમંદી છે.

دورانِ بقاء چو بادِ صحرا بگذشت ؛ تلخی و خوشی و زشت و زیبا بگذشت

એટલા માટે આ આયતમાં બતાવવામાં આવ્યું કે, દરેક સજીવ મૌતનો સ્વાદ ચાખશે અને પછી આખિરતમાં પોતાના અમલનો સારો બદલો અથવા સજા પ્રાપ્ત કરશે. જે કઠોર પણ હશે અને હળવી પણ, તો પછી બુદ્ધિશાળી લોકોએ એ જ વાતની ચિંતા કરવી જોઈએ અને સફળ ફક્ત તે જ વ્યક્તિ છે કે, જે દોઝખથી છુટકારો પ્રાપ્ત કરી લે અને જન્નતમાં પ્રવેશ પામે, ભલે શરૂઆતમાં જ હોય જેમકે નેક અને ઈબાદતગુઝાર લોકો સાથે આવો વર્તાવ થશે અને કદાચ થોડી ઘણી શિક્ષા ભોગવીને પણ (જેમકે ગુનેહગાર મુસલમાનો સાથે આવું થશે, પરંતુ) મુસલમાનો બધા જ અંતે હંમેશા-હંમેશની જન્નતમાં પ્રવેશ પામશે. તેનાથી વિપરીત કાફિરો; કે તેમનું કાયમી ઠેકાણુ જહન્નમ છે અને જો તેઓ દુનિયામાં અમુક દિવસની સુખ-સાહ્યબી ઉપર મિથ્યાભિમાન કરતા હોય તો તેઓ સંપૂર્ણપણે અંધારામાં અને ધોકામાં છે. એટલા માટે છેલ્લી આયતમાં ફરમાવવામાં આવ્યું કે, "દુનિયાની જિંદગી તો છેતરપિંડી (ધોકા)નો સામાન છે." કારણ કે, મોટેભાગે દુનિયાની ભૌતિકતા અને સુખ-સાહ્યબી આખિરતમાં સખત તકલીફો અને મુસીબતોનું કારણ હોય છે અને અહીંયાંની તકલીફો મોટેભાગે આખિરતમાં સારા બદલાનો સંગ્રહ બની જાય છે.

સાચા લોકોને જૂઠા લોકોની તકલીફો પહોંચવી એ એક કુદરતી ક્રમ છે અને તે બધાનો ઇલાજ સબ્ર અને તક્વો છે :

સાતમી આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે, જેનું વર્ણન સામૂહિક રીતે હમણા ઉપરોક્ત બીજી આયતમા આવી ચૂક્યું છે. તેની વિગત એમ છે કે, કુર્આને કરીમમાં જ્યારે આયત مَنْ ذَاالَّذِىْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا "તે કોણ છે જે અલ્લાહને સારું કરજ આપે ?!" નાઝિલ થઈ, જેમાં એક રસપ્રદ શૈલીમાં સદકહ અને ખૈરાતની વ્યાખ્યા અલ્લાહને કરજ આપવા સમાન કરવામાં આવી છે અને આ મૌલિક શૈલીમાં એ બાબત તરફ ઈશારો થયો છે કે, જો કોઈ દુનિયામાં તે કરજ આપશે તો તેનો બદલો આખિરતમાં એવો નિશ્ચિત છે કે, જે રીતે કોઈ કરજદાર લેણદારને પોતાનું કરજ અદા કરે છે.

એક જાહિલ અથવા અજ્ઞાની યહૂદીએ આ સાંભળીને આવા શબ્દો કહ્યા اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ ("અલ્લાહ ગરીબ છે અને અમે માલદાર") હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને તેની ગુસ્તાખી ઉપર ગુસ્સો આવ્યો અને યહૂદીને એક તમાચો મારી દીધો, યહૂદીએ રસૂલુલ્લાહ ﷺને ફરિયાદ કરી, તેના ઉપર આ આયત નાઝિલ થઈ. لَتُبْلَوُنَّ فِیْۤ اَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ("તમો તમારા માલ-મિલકત અને પ્રાણોથી જરૂર અજમાવવામાં આવશો.") જેમાં મુસલમાનોને બતાવવામાં આવ્યું કે, દીન માટે જાન અને માલની કુર્બાનીઓથી અને કાફિરો તથા મુશ્રિકો અને અહલે કિતાબની તિરસ્કૃત ભાષા વડે પહોંચતી તકલીફોથી ગભરાવું ન જોઈએ. આ બધું તમારી કસોટી છે અને તેમાં તમારા માટે ઉત્તમ એ જ છે કે, સબ્ર (ધીરજ)થી કામ લો અને પોતાના મૂળ હેતુ એટલે કે તકવાને સંપૂર્ણ કરવામાં પ્રવૃત્ત થઈ જાઓ, આ બદ્‌ઝુબાન ગુસ્તાખોને જવાબ આપવાની ચિંતા ન કર્યા કરો.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૮૭ થી ૧૮૯)

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَلَا تَكْتُمُوْنَهٗ فَنَبَذُوْهُ
وَرَآءَ ظُهُوْرِهِمْ وَاشْتَرَوْا بِهٖ ثَمَنًا قَلِيْلًا ؕ فَبِئْسَ مَا يَشْتَرُوْنَ ﴿١٨٧﴾ لَا تَحْسَبَنَّ الَّذِيْنَ
يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّيُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ
الْعَذَابِ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٨٨﴾ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ
19 ع 10 شَیْءٍ قَدِيْرٌ ﴿١٨٩﴾

તરજુમો :

અને (યાદ કરો) જ્યારે અલ્લાહે અહલે કિતાબથી કરાર લીધો કે તમે તેને લોકો માટે જરૂર ઉલ્લેખ કરજો અને તેને ન છુપાવશો; પછી તેમણે તે (કરાર)ને પોતાની પીઠ પાછળ ફેંકી દીધો અને તેના બદલે થોડી કિંમત વસૂલી; બસ, કેટલું ખરાબ છે જે તેઓ વહોરે છે ! (૧૮૭) તમે કદાપિ એવું ન સમજો કે જે લોકો પોતાના કર્યા (કર્મો) ઉપર ખુશ થાય છે, અને તેઓ

પોતાના વખાણ જે તેમણે નથી કર્યું તેના ઉપર ઈચ્છે છે; બસ, તમે તેમને અઝાબથી છુટકારો પામેલ ન સમજો; અને તેમના માટે દર્દનાક (કષ્ટદાયક) અઝાબ છે. (૧૮૮) અને અલ્લાહના જ માટે અસામાનો અને જમીનની બાદશાહત છે અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાબૂ (શક્તિ) ધરાવે છે. (૧૮૯)

તફસીર :

(એ પરિસ્થિતિ પણ વર્ણનપાત્ર છે) જ્યારે કે અલ્લાહ તઆલાએ (પાછલી કિતાબોમાં) અહલે કિતાબથી એ વચન લીધું (એટલે કે, તેમને હુકમ કર્યો અને તે હુકમને તેમણે સ્વીકાર્યો) કે આ કિતાબ(ના બધા જ વિષયો) સામાન્ય લોકો રૂબરૂ વર્ણન કરી આપજો અને તે(માંના કોઈ વિષય)ને (દુનિયાના સ્વાર્થ માટે) છુપાવી ન રાખજો. બસ, તે લોકોએ આ (વચન)ને પોતાની પીઠ પાછળ ફેંકી દીધું (એટલે કે તેના ઉપર અમલ ન કર્યો) અને તેના બદલામાં (દુનિયાની) નજીવી કિંમત લઈ લીધી. બસ, ખરાબ વસ્તુ છે જે તે લોકો લઈ રહ્યા છે (કારણ કે તેનું પરિણામ દોઝખની સજા છે).

(હે શ્રોતાગણ !) જે લોકો એવા છે કે પોતાની (ખરાબ) પ્રવૃત્તિઓ ઉપર ખુશ થાય છે અને જે (નેક) કામો નથી કર્યા એના માટે ઈચ્છે છે કે, તેમના વખાણ થાય; બસ, એવા લોકો માટે કદાપિ વિચાર ન કરો કે તેઓ (દુનિયામાં અને મોટેભાગે આખિરતમાં) અઝાબથી બચવામાં (સુરક્ષિત રહેશે અને) છુટકારો પામશે (કદાપિ નહીં ! બલકે, દુનિયામાં પણ તેમને સજા થશે) અને (આખિરતમાં પણ !) તેમને કષ્ટદાયક અઝાબ થશે.

અને અલ્લાહના માટે (વિશેષ સ્વરૂપે) છે આસમાનો અને જમીનની બાદશાહત અને અલ્લાહ તઆલા પ્રત્યેક વસ્તુ ઉપર સંપૂર્ણ શક્તિ (કાબૂ) ધરાવે છે.

મસ્અલા અને બોધપાઠ :

દીનના જ્ઞાનને છુપાવવું હરામ છે અને કોઈ અમલ કર્યા વિના એના ઉપર વખાણ અથવા પ્રસંશાની આશા રાખવી અથવા એવા પ્રયત્નો કરવા તિરસ્કારને પાત્ર છે :

પ્રસ્તુત ત્રણ આયતોમાં અહલે કિતાબના આલિમોના બે ગુનાહો અને તે

ગુનાહોની સજાનો ઉલ્લેખ થયો છે અને એ કે, તેમને એવો હુકમ આપવામાં આવ્યો હતો કે, અલ્લાહ તઆલાની કિતાબમાં જે હુકમો આવ્યા છે એ બધાની સામે કોઈપણ પ્રકારના સુધારા–વધારા વિના જેમનું તેમ વર્ણન કરી આપજો અને કોઈ હુકમોને છુપાવશો નહીં, પરંતુ તેમણે પોતાના દુનિયવી સ્વાર્થ સાધવા અને મનેચ્છાઓ પૂર્ણ કરવા તથા લાલચ માટે પોતાના હોદ્દાની પરવા કર્યા વગર ઘણા બધા હુકમોને લોકોથી ગુપ્ત રાખ્યા.

બીજું એ કે તેઓ નેક અમલ તો કરતા ન હતા અને એવું ઇચ્છતા હતા કે અમલ કર્યા વિના જ તેમની પ્રસંશા કરવામાં આવે.

તવરાતના હુકમો છુપાવવાની ઘટના સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી નકલ થઈ છે કે, "રસૂલુલ્લાહ ﷺએ યહૂદીઓને એક વાત પૂછી કે, શું આ તવરાતમાં છે ? તે લોકોએ છુપાવી દીધું અને જે તવરાતમાં હતું તેનાથી ઊલટું વર્ણન કરી આપ્યું અને પોતાના આ ખોટા કૃત્યો ઉપર ખુશ થઈને પરત ફર્યા કે, અમે ઘણી સારી રીતે છેતરપિંડી કરી (ધોકો અપ્યો), તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેમાં આ લોકો માટે ચેતવણી છે."

અને બીજો પ્રસંગ જે કૃત્ય ન કર્યું હોય તેના માટે પ્રસંશા અને વખાણની ઇચ્છા ધરાવવા વિશે એ છે કે, મુનાફિકો અને યહૂદીઓની બીજી એક ટેવ એ પણ હતી કે, જ્યારે કોઈ જિહાદનો સમય આવતો તો બહાના કાઢી ઘરોમાં બેસી જતા, એવી રીતે જિહાદની તકલીફોથી બચીને ખુશીઓ મનાવતા અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ પરત આવતા તો તેમની સામે જૂઠી કસમો ખાઈ–ખાઈને પોતાના બહાના રજૂ કરતા અને તેના ઉપર તેમની અપેક્ષા એવી રહેતી કે, તેમની આ બાબતે પ્રસંશા કરવામાં આવે. *(રવાહુલ બુખારી)*

કુર્આને કરીમે આ બંને વસ્તુઓ બાબતે તેમની ટીકા કરી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે દીનનું ઇલ્મ, એટલે કે અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના હુકમો છુપાવવા હરામ છે, પરંતુ આ હરામ હોવું એવા સ્વરૂપે છુપાવવું છે કે, જે પ્રમાણે યહૂદીઓ છુપાવતા હતા જેમકે તેઓ પોતાના દુનિયવી સ્વાર્થ માટે અલ્લાહના હુકમોને છુપાવતા હતા અને તેના દ્વારા લોકો પાસેથી કિંમત વસૂલ કરતા હતા અને જો કોઈ દીન અને શરઈ મસ્લિહતના કારણે કોઈ હુકમ સામાન્ય લોકો સમક્ષ જાહેર કરવામાં ન આવે તો તે આ હુકમમાં સામેલ નથી. જેમકે, ઇમામ

બુખારી (રહ.)એ એક આગવું પ્રકરણ આ મસ્અલા માટે હદીષના હવાલાઓથી વર્ણન કર્યું છે કે, ક્યારેક કોઈ હુકમ જાહેર કરવાથી સામાન્ય લોકો ગેરસમજ અને ફિત્નામાં સપડાઈ જવાનો ભય હોય છે, જો આ ભયના કારણે કોઈ હુકમ ગુપ્ત રાખવામાં આવે તો વાંધો નથી.

અને કોઈ નેક અમલ કર્યા પછી પણ તેના ઉપર પ્રસંશા અને વખાણની અપેક્ષા રાખવી અને તેના પ્રયત્નો કરવા એ બાબત અમલ કરવા છતાં શરીઅતના કાયદા પ્રમાણે ટીકાપાત્ર છે અને જ્યારે કોઈ કૃત્ય કર્યું જ ન હોય અને તેના ઉપર પ્રસંશાની ઈચ્છા કે અપેક્ષા રાખવામાં આવે તો તે વધારે તિરસ્કૃત અને ટીકાપાત્ર છે, પરંતુ સ્વાભાવિક રીતે આવી અપેક્ષા રાખવી કે, હું પણ ઘણું નેક કામ કરું અને વખાણપાત્ર બનું તો તે આવી ટીકામાં સામેલ નથી, જ્યારે કે આવા વખાણ અને પ્રસંશા મેળવવા માટે પ્રયત્ન કરવામાં ન આવે. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૯૦ થી ૧૯૪)

إِنَّ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ لَاٰيٰتٍ لِّأُولِي الْأَلْبَابِ ﴿١٩٠﴾
الَّذِينَ يَذْكُرُونَ اللّٰهَ قِيٰمًا وَّقُعُودًا وَّعَلٰى جُنُوبِهِمْ وَيَتَفَكَّرُونَ فِي
خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾
رَبَّنَآ إِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ أَخْزَيْتَهُ وَمَا لِلظّٰلِمِينَ مِنْ أَنْصَارٍ ﴿١٩٢﴾
رَبَّنَآ إِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِي لِلْإِيمَانِ أَنْ اٰمِنُوا بِرَبِّكُمْ فَاٰمَنَّا رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوبَنَا
وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْأَبْرَارِ ﴿١٩٣﴾ رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا
يَوْمَ الْقِيٰمَةِ إِنَّكَ لَا تُخْلِفُ الْمِيعَادَ ﴿١٩٤﴾

તરજુમો :

બેશક ! આસમાનો અને જમીનની ઉત્પત્તિમાં અને રાત અને દિવસના આવવા-જવામાં બુદ્ધિશાળીઓ માટે નિશાનીઓ છે. (૧૯૦) જે લોકો

અલ્લાહને ઊભા(-ઊભા) અને બેઠાં(-બેઠાં) અને પોતાના પડખાંઓ ઉપર (સૂઈને) યાદ કરે છે અને આસમાનો અને જમીનની ઉત્પત્તિમાં ચિંતન કરે છે; (કહે છે) હે અમારા પરવરદિગાર ! તેં આ બધું બેકાર નથી બનાવ્યું, તું (બધી ખામીઓથી) પવિત્ર છે, તું અમને દોઝખના (આગના) અઝાબથી બચાવી લે. (૧૯૧) હે અમારા પરવરદિગાર ! બેશક ! તેં જેને જહન્નમમાં નાંખી દીધો તો અવશ્ય તે અપમાનિત થયો અને ગુનેહગારો (અત્યાચારીઓ)નો કોઈ સહાયક નથી. (૧૯૨) હે અમારા પરવરદિગાર ! બેશક ! અમે એક પોકારનારને સાંભળ્યો, તે ઈમાન તરફ પોકારે છે કે પોતાના પરવરદિગાર પર ઈમાન લઈ આવો, બસ અમે ઈમાન લઈ આવ્યા; હે અમારા પરવરદિગાર ! તું અમને અમારા ગુનાહો મા'ફ કરી દે અને અમારી બુરાઈઓ અમારાથી દૂર કરી દે, અને અમને અબરાર (નેક લોકો) સાથે મૌત આપ. (૧૯૩) હે અમારા પરવરદિગાર ! અને તું અમને અર્પણ કર જે તેં તારા રસૂલો દ્વારા અમને આપવાનો વાયદો કર્યો અને અમને કયામતના દિવસે અપમાનિત ન કરજે; બેશક ! તું (પોતાના) વાયદાથી વિરૂદ્ધ નથી કરતો. (૧૯૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આગળ ઉપર તવહીદનો અર્થ ટૂંકમાં ઉલ્લેખવામાં આવ્યો હતો, આગળની આયતમાં તૌહીદ માટેની દલીલ રજૂ કરવામાં આવી છે અને તેની સાથે-સાથે તવહીદના સંપૂર્ણ તકાદાઓ ઉપર અમલ કરનારાઓની શ્રેષ્ઠતા વર્ણન કરવામાં આવી છે, જેમાં અન્યોને પણ ઈશારાઓથી તવહીદના તકાદાઓ ઉપર અમલ કરવાની તા'કીદ કરવામાં આવી છે. અગાઉ કાફિરો દ્વારા જે તકલીફો અને મુસીબતોનો સામનો કરવાનું વર્ણન થયું હતું અને આગળની આયતમાં તે વિષયનું બંધ બેસતું વર્ણન છે તે એવી રીતે કે મુશ્રિકો રસૂલુલ્લાહ ﷺને જૂઠાડવા માટે એવી દરખાસ્ત કરતા હતા કે, સફા પહાડને સોનાનો બનાવી આપો, તેના ઉપર આ આયત નાઝિલ થઈ કે અલ્લાહ તઆલાની સ્પષ્ટ નિશાનીઓ ઘણી બધી છે, તેમાં શા માટે ચિંતન-મનન નથી કરતા ? આ લોકોની દરખાસ્ત સત્યના સંશોધન માટે ન હતી બલકે, રસૂલે કરીમ ﷺને જૂઠાડવા માટે અને તેમની હાંસી ઉડાવવા માટે હતી. એટલા માટે જો આ દરખાસ્ત પૂરી

કરવામાં આવી હોત તો પણ તેઓ ઈમાન લાવ્યા ન હોત.

તફસીર :

નિ:શંક ! આસમાનો અને જમનની ઉત્પત્તિમાં અને રાત-દિવસના વારા-ફરતી આવવા-જવામાં બુદ્ધિશાળીઓ માટે (તૌહીદની) સ્પષ્ટ દલીલો (નિશાનીઓ) છે, જેમની હાલત એવી છે કે (જેઓ બુદ્ધિશાળી તો છે જ સાથે-સાથે પોતાની બુદ્ધિનો ઉપયોગ નફા અને નુકસાનનો ભેદ પારખવામાં પણ કરે છે અને અલ્લાહની નિશાનીઓમાં ચિંતન-મનન કરે છે, એટલા માટે દરેક પરિસ્થિતિમાં) તે લોકો (દિલથી અને જીભથી પણ) અલ્લાહ તઆલાને યાદ કરે છે, ઊભા(-ઊભા પણ), બેઠાં(-બેઠાં પણ), સૂઈને (પણ) અને આસમાનો તથા જમીનની ઉત્પત્તિમાં (પોતાની બૌદ્ધિક અને તર્ક આધારિત દલીલો દ્વારા પણ) ચિંતન કરે છે (અને ચિંતનનું પરિણામ એ હોય છે કે, પોતાના ઈમાનને તેના દ્વારા મજબૂત કરી તેને દઢ કરે છે અને તેને આવી રીતે જાહેર પણ કરે છે કે,) હે અમારા પરવરદિગાર ! તેં આ (સૃષ્ટિ)ને અર્થવિહીન્ પૈદા નથી કરી (બલકે, તેમાં હિકમતો મૂકી છે, જેમાંની એક મોટી હિકમત એ પણ છે કે આ મખ્લૂક અલ્લાહ તઆલાના અસ્તિત્વની ગવાહી આપે છે). તું પવિત્ર છે (અમે આ ખુલ્લી નિશાનીઓનો સ્વીકાર કરીએ છીએ અને તારી તૌહીદની ગવાહી આપીએ છીએ) બસ, અમને (મુવહ્હિદ અને મો'મિન હોવાના કારણે) દોઝખના અઝાબથી બચાવી લે (જેમકે, શરીઅતની રૂએ એ તકાદો છે કે, કોઈ ગુનાહ અને કમજોરી થઈ જાય અને તેનો અઝાબ થવા લાગે તેનાથી બચવા એક વિનંતી તો આ લોકોની આ હતી અને તે આ જ ઈમાનના વિષય અનુસંધાને એક અરજ એ પણ કરતા હતા કે,) હે અમારા પરવરદિગાર ! (અમે એટલા માટે દોઝખના અઝાબથી તારી પનાહ અને શરણ માંગીએ છીએ કે,) બેશક ! તું જેને (તેના કૃત્યોના કારણે) દોઝખમાં નાંખી દે તે ખરેખર અપમાનિત કરવામાં આવ્યો (એટલે કે કાફિર લોકોને) અને આવા અત્યાચારીઓના (કે જેમનું અસલ ઠેકાણું જહન્નમ નક્કી કરવામાં આવ્યું છે) કોઈ સહાયક (પણ) નથી (અને તારો વાયદો છે કે તું ઈમાનવાળાઓને અપમાનિત નહીં કરે અને તેમની મદદ કરીશ, તો બસ ઈમાનવાળા હોવાના નાતે અમારી દરખાસ્ત છે કે અમને કાફિરોને જે બદલો તેમના દુષ્કૃત્યોના કારણે આપવામાં આવ્યો તેનાથી બચાવી લે અને ઈમાનના

મૂળભૂત હેતુ એટલે કે દોઝખથી છુટકારો અમારા માટે નક્કી કરી આપ).

હે અમારા પરવરદિગાર ! (અમે જે તાર્કિક અને બૌદ્ધિક દલીલો કરી એવી જ રીતે અમે) એક (સત્ય તરફ) પોકારનારને (એટલે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે) સાંભળ્યા કે તે ઈમાન લાવવા માટે એલા'ન કરી રહ્યા છે કે (હે લોકો !) તમે પોતાના પરવરદિગાર(ની જાત અને સિફતો) ઉપર ઈમાન લઈ આવો, બસ અમે (આ તેમના આમંત્રણના સ્વીકાર કરીને) ઈમાન લઈ આવ્યા (આ દરખાસ્તમાં અલ્લાહ ઉપરના ઈમાનની સાથે રસૂલુલ્લાહ ﷺ ઉપરનું ઈમાન પણ સામેલ થઈ ગયું. બસ, ઈમાનના બંને વિભાગો એટલે કે તૌહીદની માન્યતા અને રસૂલે કરીમ ﷺ અલ્લાહના રસૂલ હોવાની માન્યતાના વિભાગો પૂર્ણ થઈ ગયા).

હે અમારા પરવરદિગાર ! (ફરી અમારી એ દરખાસ્ત પણ છે કે,) અમારા (મોટા) ગુનાહોને પણ મા'ફ કરી દે અને અમારી (નાની) બુરાઈઓને પણ અમારાથી મા'ફ કરીને દૂર કરી દે અને (અમારો અંજામ જે બાબત ઉપર આધારિત છે તેને એવી રીતે દુરુસ્ત કરી દે કે,) અમને નેક લોકો સાથે (શામિલ રાખીને) મૌત આપજે (એટલે કે નેકી ઉપર અમારું મૌત આવે).

હે અમારા પરવરદિગાર ! અને (જેવી રીતે અમે પોતાને બુરાઈઓથી સુરક્ષિત રાખવા માટેની દરખાસ્ત કરીએ છીએ, જેવી રીતે દોઝખના અપમાનિત થનારા અઝાબ તથા ગુનાહો અને બુરાઈઓથી બચાવવાની દરખાસ્ત કરીએ છીએ, એ જ પ્રમાણે અમે લાભ અને ફાયદા માટે પણ દુઆ કરીએ છીએ કે,) અમને તે વસ્તુઓ (એટલે કે, સવાબ અને જન્નત) પણ આપજે, જેનો અમને પોતાના પયગમ્બરો મારફતે તેં વાયદો કર્યો છે (કે મો'મિનોને સારો બદલો મળશે) અને (આ સવાબ અને જન્નત અમને એવી રીતે અર્પણ કર કે સવાબ મળતા પહેલાં પણ) અમને કયામતના દિવસે અપમાનિત ન કરજે. (જેમકે અમુક લોકોને પ્રથમ સજા થશે પછી તેઓ જન્નતમાં જશે, મતલબ કે અમને પ્રથમથી જ જન્નતમાં પ્રવેશ આપજે અને) ખરેખર, તું વાયદાના વિરૂદ્ધ કરતો નથી (પરંતુ અમને એ ડર છે કે તારો વાયદો જે બાબતે છે એટલે કે મો'મિન અને અબરાર માટે, ક્યાંક એવું ન થાય કે ખુદા–ન–ખ્વાસ્તા તે સિફતો અમારામાં ઉપસ્થિત ન રહે, જેના ઉપર તારો વાયદો છે. એટલા માટે અમે એવી વિનંતી પણ કરીએ

છીએ કે અમને તારા વાયદાની વસ્તુઓ પણ આપ, એટલે અમને એવા કરી આપ અને એવા રાખ જે તારા ઈનામના વાયદા પ્રમાણે થઈ જાય).

મસ્અલા અને બોધપાઠ :

આયત ઊતરવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) :

આ આયતના શા'ને નુઝૂલ વિશે ઈબ્ને હબ્બાને પોતની સહીહમાં અને મુહદ્દીસ ઈબ્ને અસાકીરે પોતાની "તારીખ" (ઈતિહાસ)માં નકલ કર્યું છે કે, "હઝરત અતા બિન અબી રબાહ (રદિ.) હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની સેવામાં ઉપસ્થિત થયા અને કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺની હાલતમાં જે સૌથી આશ્ચર્યજનક બાબત આપે જોઈ હોય તો મને બતાવો ! આ સવાલ પર હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ ફરમાવ્યું, રસૂલે કરીમ ﷺની કઈ શા'ન વિશે પૂછો છો ? તેમની તો પ્રત્યેક શા'ન આશ્ચર્યજનક જ હતી ! હા, એક ઘટના નવાઈ પમાડે એવી સંભળાવું છું, તે એ છે કે રસૂલે કરીમ ﷺ એક રાત્રે મારી પાસે આવ્યા અને મારી સાથે આરામગાહમાં દાખલ થઈ ગયા. પછી ફરમાવ્યું કે, પરવાનગી આપો કે હું મારા પરવરદિગારની બંદગી કરું ? પથારીમાંથી ઊઠ્યા, વુઝૂ કર્યું પછી નમાઝ માટે ઊભા થઈ ગયા અને કિયામમાં એટલા રડ્યા કે રસૂલે કરીમ ﷺના આંસુઓ છાતી મુબારક ઉપર વહેવા લાગ્યા, પછી રુકૂઅ્ કર્યો અને તેમાં પણ રડ્યા, પછી સિજ્દહ કર્યો અને સિજ્દહમાં પણ એ જ પ્રમાણે રડ્યા, પછી માથું ઉઠાવ્યું અને સતત રડતા રહ્યા, એટલે સુધી કે સવાર થઈ ગઈ. હઝરત બિલાલ (રદિ.) આવ્યા અને રસૂલે કરીમ ﷺને નમાઝની ખબર આપી, બિલાલ (રદિ.) ફરમાવે છે કે, મેં વિનંતી કરી કે તમે શા માટે આટલું આક્રંદ કરો છે ? અલ્લાહ તઆલાએ તો આપના આગલા-પાછલા ગુનાહો મા'ફ કરી દીધા છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તો શું હું શુક્રગુઝાર બંદો ન બનું ? અને શુક્રિય્યહમાં આક્રંદ કેમ ન કરું ? જ્યારે કે અલ્લાહ તઆલાએ આજે રાત્રે મારા ઉપર આ આયત નાઝિલ કરી છે, ...اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ("બેશક ! આસમાન અને પૃથ્વીની ઉત્પત્તિમાં...") ત્યાર પછી રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, મોટી બરબાદી છે તે વ્યક્તિ માટે જેણે આ આયતોને પઢી અને તેમાં ચિંતન ન કર્યું."

એટલા માટે આ આયત ઉપર ચિંતન-મનન કરવા વિશે નીચેના મસ્અલાઓ ધ્યાન આપવા યોગ્ય છે.

خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ નો શું અર્થ છે ? :

خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ નો શું અર્થ છે ? خَلْق (ખલ્ક) "મસ્દર" (ક્રિયાપદ) છે, જેનો અર્થ "સર્જન કરવું" અથવા "પૈદા કરવું" થાય છે, તેનો અર્થ એ થયો કે આસમાન અને પૃથ્વીના પૈદા કરવામાં અલ્લાહ તઆલાની ઘણી મોટી નિશાનીઓ છે. એટલા માટે તેમાં તે બધી જ સૃષ્ટિ (મખ્લૂક) અને અલ્લાહ તઆલાનું સમગ્ર સર્જન સામેલ થઈ જાય છે જે આસમાનો અને પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવે છે, પછી આ સૃષ્ટિમાં ભાત-ભાતની મખ્લૂક ઉપસ્થિત છે અને દરેકના પોતાના આગવા ગુણધર્મો, ખાસિયતો, લક્ષણો અને ભિન્ન-ભિન્ન ગુણો છે. અલ્લાહનું પ્રત્યેક સર્જન પોતાના સર્જક અલ્લાહના અસ્તિત્વની ચાડી ખાય છે, પછી જો થોડો ઊંડો વિચાર કરી ચિંતન અને મનન કરવામાં આવે તો સમજી શકાય છે કે, આસમાનોમાં દરેક અવકાશી પદાર્થો અને તેની ગતિઓ સામેલ છે અને પૃથ્વીમાં દરેક પ્રકારની સજીવ-નિર્જીવ સૃષ્ટિ સામેલ છે. બસ, જેવી રીતે અલ્લાહ તઆલા તમામ ઉચ્ચ કક્ષાના સર્જનનો સર્જક અને માલિક છે એવી જ રીતે દરેક નીચલી કક્ષાના સર્જન અને સૃષ્ટિનો પણ સર્જક અને માલિક છે.

રાત-દિવસ વારા-ફરતી આવવાના વિવિધ સ્વરૂપો :

રાત અને દિવસના પરિવર્તનનો શું અર્થ છે ? શબ્દ اِخْتِلَافْ (ઇખ્તિલાફ) આ સ્થળે અરબી ભાષાનો એક રૂઢિપ્રયોગ છે. દાખલા તરીકે, اِخْتَلَفَ فُلَانٌ فُلَانًا એટલે "ફલાણો વ્યક્તિ ફલાણા વ્યક્તિ પછી આવ્યો" બસ, રાત-દિવસના વારા-ફરતી પરિવર્તિત થવાનો અર્થ એ થયો કે, રાત જાય છે અને દિવસ આવે છે અને જ્યારે દિવસ જાય છે ત્યારે રાત આવે છે. આમ, પરિભ્રમણનો આ ક્રમ નિયમિત ચાલતો રહે છે.

اِخْتِلَافْ(ઇખ્તિલાફ)નો બીજો અર્થ એ પણ હોઈ શકે છે કે, ઇખ્તિલાફ શબ્દ વધારે અથવા ઓછું હોવાનું માપ અને પ્રમાણ નક્કી કરવા માટે વાપરવામાં આવ્યો હોય, જેમકે ઠંડીમાં રાત લાંબી હોય છે અને દિવસ ટૂંકો હોય છે, જ્યારે ગરમીની ઋતુમાં તેનાથી ઊલટું હોય છે, એ જ રીતે રાત-દિવસ થવામાં સમયનો

તફાવત ભૌગોલિક સ્થાનો અને પૃથ્વીના જુદા-જુદા ભૂ-ભાગમાં જુદો-જુદો હોય છે. પૂર્વના દેશોમાં અને પશ્ચિમના દેશોમાં એ જ રીતે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં રાત-દિવસના લાંબા-ટૂંકા હોવામાં ઘણી બધી વિવિધતા હોય છે. આ બધી ભૌગોલિક અને ખગોળીય અવકાશી પદાર્થોની ગતિઓમાં, પરિભ્રમણ કે પરિક્રમણમાં અલ્લાહની કુદરતની સ્પષ્ટ અને ખુલ્લી નિશાનીઓ મૌજૂદ છે.

શબ્દ آيَاتٌ (આયાત)ની તહકીક :

શબ્દ آيَـــــاتٌ (આયાત)નો શું અર્થ છે ? "આયાત" آيَةٌ (આયહ)નું બહુવચન છે અને આ શબ્દ અમુક અર્થો માટે બોલવામાં આવે છે. આયાત મોઅ્જિઝાઓને પણ કહેવામાં આવે છે અને કુર્આન મજીદની આયતોને પણ "આયાત" કહેવામાં આવે છે, તેનો ત્રીજો અર્થ દલીલો અને નિશાનીઓનો પણ થાય છે. અત્રે આ શબ્દ તેના ત્રીજા અર્થના સંદર્ભમાં ઉપયોગ થયો છે, એટલે કે આ બધી અવકાશી પદાર્થોની ગતિમાં, પરિભ્રમણ અને પરિક્રમણમાં, રાત અને દિવસના વારાફરતી આવવામાં અલ્લાહની કુદરતની સ્પષ્ટ અને ખુલ્લી નિશાનીઓ તથા દલીલો ઉપસ્થિત છે.

أُولُوالْأَلْبَابِ (ઉલૂલ અલ્બાબ)નો અર્થ શું છે ? اَلْبَابٌ "અલ્બાબ" لَبٌ "લબ્"નું વહુવચન છે, જેનો અર્થ "કોઈપણ પદાર્થમાં રહેલા દ્રવ્યમાન"નો થાય છે અને કોઈપણ પદાર્થનું દ્રવ્યમાન તે પદાર્થનું ભૌતિક બંધારણ સ્પષ્ટ કરે છે અને તેના દ્વારા જ તેના ગુણધર્મો તથા તેના લાભ કે નુકસાનની જાણ થાય છે, એ જ પ્રમાણે અભૌતિક બાબતમાં પણ સૌથી શ્રેષ્ઠ તત્ત્વને "ઊલૂલ અલ્બાબ" કહેવામાં આવે છે, જેમકે મનુષ્યના શારીરિક, ભૌતિક શરીરમાં રહેલી બુદ્ધિ શરીરના ભૌતિક બંધારણ કરતાં શ્રેષ્ઠ વસ્તુ છે અને તે જ મનુષ્યમાં રહેલું વાસ્તવિક અને શ્રેષ્ઠ તત્ત્વ છે. એટલા માટે أُولُـوالْأَلْبَـابِ "ઊલૂલ અલ્બાબ"નો અર્થ "બુદ્ધિશાળીઓ" થાય છે.

બુદ્ધિશાળી ફક્ત તે જ લોકો છે જેઓ અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવે અને દરેક પરિસ્થિતિમાં તેના વખાણ કરતા રહે :

હવે, અહીંયાં એ મસ્અલો ધ્યાન ખેંચે છે કે, બુદ્ધિશાળી કોણ લોકો છે ? કારણ કે, સમગ્ર જગતનો પ્રત્યેક મનુષ્ય બુદ્ધિશાળી હોવાનો દા'વેદાર છે. કોઈ બેવકૂફ પણ પોતાને મૂર્ખ કે બેવકૂફ સ્વીકાર કરવા તૈયાર નથી. એટલા માટે

કુર્આને કરીમે બુદ્ધિશાળી લોકોની અમુક નિશાનીઓ બતાવી છે, જે વાસ્તવમાં બુદ્ધિનું અસલી અને એકમાત્ર પ્રમાણપત્ર અને માપદંડ છે. પ્રથમ નિશાની એ કે, અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવવું. વિચાર કરો! મનુષ્યની ઈંદ્રિયો આંખ, કાન, નાક, જીભ, ચામડી વગેરે દ્વારા વ્યક્તિને જ્ઞાન પ્રાપ્ત થાય છે અને આ ઈંદ્રિયગમ્ય જ્ઞાન તો પ્રાણીઓને પણ પ્રાપ્ત થતું હોય છે અને બુદ્ધિનું કાર્ય તો એ છે કે તે નિશાનીઓ અને ઘટનાક્રમ તથા આસપાસના પર્યાવરણમાંથી સ્પષ્ટ દલીલો દ્વારા કોઈ પરિણામ સુધી પહોંચી જાય, ઈંદ્રિયજ્ઞાન જેની અનુભૂતિ પણ ન કરી શકે. કાર્ય અને કારણના સંબંધોની અંતિમ કડી એટલે કે, પરમ સત્યને પામી લેવું અને તેનું નામ જ "ઈમાન" (એકમાત્ર અલ્લાહ ઉપર આસ્થા ધરાવવી) છે.

આ સિદ્ધાંતને નજર સમક્ષ રાખી સમગ્ર સૃષ્ટિ ઉપર વિચાર કરો, આસમાન અને પૃથ્વી તથા તેમાં સમાવિષ્ટ પ્રત્યેક સર્જન અને નાની-મોટી પ્રત્યેક અસ્તિત્વ ધરાવતી મખ્લૂકમાં ઉપસ્થિત સર્વાંગ સંપૂર્ણ અને આશ્ચર્યજનક વ્યવસ્થાપન કાર્ય ઉપર દષ્ટિપાત કરશો તો દરેક બુદ્ધિશાળી વ્યક્તિને તેની પાછળ એક એવી પવિત્ર, મહાન અને સર્વશક્તિશાળી જાતની ઓળખ થશે જેણે આ સમગ્ર પદાર્થોને એક ખાસ હેતુ અને હિકમત દ્વારા બનાવ્યા છે અને જેની ઈચ્છા તથા ઈરાદાથી જ આ સમગ્ર વ્યવસ્થા કાર્યરત છે અને તે પવિત્ર જાત દેખીતું જ છે કે, અલ્લાહ જલ્લ શા'નુહુ જ છે. જેમકે શાઈર કહે છે,

ہر گیاہے کہ از زمیں روید وحدہٗ لاشریک لہٗ گوید

"જમીનમાંથી દરેક હરિયાળીની કુંપળો નીકળે છે,

તે કહે છે તે (અલ્લાહ) માત્ર એક જ છે તેનો કોઈ ભાગીદાર નથી."

મનુષ્યની ઈચ્છાઓ અને તેની યુક્તિ-પ્રયુક્તિઓ નિષ્ફળ જવાની પ્રત્યેક ઠેકાણે અનેક સાબિતીઓ મળતી રહે છે. એટલા માટે તેને આ વ્યવસ્થાતંત્ર ચલાવનાર કદાપિ ન કહી શકાય, આસમાનો અને પૃથ્વીની ઉત્પત્તિ તથા તેમાં સમાવિષ્ટ પ્રત્યેક મખ્લૂક (સૃષ્ટિ)ના સર્જનમાં ચિંતન અને મનન કરવાનું પરિણામ બુદ્ધિ માટે અલ્લાહ તઆલાનો પરિચય, તેનું આજ્ઞાપાલન તથા તેના વખાણ છે, જે તેનાથી બેદરકાર અથવા ગાફેલ રહે છે તેને બુદ્ધિશાળી કહેડાવવાનો કોઈ અધિકાર નથી. એટલા માટે કુર્આને કરીમે બુદ્ધિશાળીઓની આ નિશાની

બતાવી اَلَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيَامًا وَّقُعُوْدًا وَّ عَلٰى جُنُوْبِهِمْ એટલે કે, "જે લોકો અલ્લાહને ઊભા(–ઊભા) અને બેઠાં(–બેઠાં) અને પોતાના પડખાંઓ ઉપર (સૂઈને) યાદ કરે છે અને આસ્માનો અને જમીનની ઉત્પત્તિમાં ચિંતન કરે છે; હે અમારા પરવરદિગાર ! તેં આ બધું બેકાર નથી બનાવ્યું, તું પવિત્ર છે, તું અમને દોઝખના (આગના) અઝાબથી બચાવી લે." અને તેઓ પ્રત્યેક સમયે અલ્લાહની યાદમાં મશગૂલ રહે છે.

આ બાબતથી જાણ થઈ કે, પ્રવર્તમાન જગતમાં દુનિયાની જે વસ્તુને બુદ્ધિનું માપદંડ સમજવામાં આવે છે તે ફક્ત એક છેતરપિંડી છે. કોઈ વ્યક્તિના માલ–દૌલત સમેટી લેવાને બુદ્ધિ ઠરાવી દેવું, કોઈ મશીનોને અને તેની યંત્ર સામગ્રી બનાવી લેવાને બુદ્ધિ સમજી લેવું, એ જ રીતે વીજળી–વરાળ કે પરમાણુ શક્તિને બુદ્ધિનું કાર્ય માની લેવું કે પછી વિજાણુ યંત્રોને બુદ્ધિનું માપદંડ ગણી લેવું, એ જ માત્ર બુદ્ધિ નથી, પરંતુ અકલે સલીમ જેને ઉચ્ચ કક્ષાની બુદ્ધિ કહેવામાં આવે છે તે અલ્લાહ તઆલા તરફથી તેના અંબિયા (અલૈ.) લઈને આવ્યા, જેમાં ઇલ્મ અને હિકમત દ્વારા મનુષ્યની નૈતિકતાનું ઘડતર કરવામાં આવ્યું, જીવનનો વાસ્તવિક હેતુ સમજાવવામાં આવ્યો. ભૌતિક પદાર્થો જેમકે નાનામાં નાના અણુથી લઈ શ્રેષ્ઠ કક્ષાની વૈજ્ઞાનિક પ્રગતિ માટે પ્રયત્ન કરતી માનવજાતે તથા યંત્રો અને મશીનોને જીવન ધ્યેય સમજતી, વીજળી–વરાળ, પરમાણુ અને વીજાણુ શક્તિને સર્વસ્વ માનતી, વિજ્ઞાનને જ બધું કંઈ સમજી બેસેલી માનવજાતે સમજવું જોઈએ કે આ બધી ભૌતિકતા ફક્ત આ જગત માટે પ્રગતિ અને વિકાસના કાર્યો છે. આ ભૌતિકતાથી આગળ વિચારો અને બુદ્ધિનો ઉપયોગ કરો, જેથી તમને તે જાણ થઈ જાય કે મનુષ્યનું વાસ્તવિક કામ ન તો પાણી, માટી, લોઢું, તાંબુ, મશીન કે પરમાણુ–વીજાણુ શક્તિ છે બલકે, અસલ આ બધું કામ તો ખાલીકે કાઈનાત (સમગ્ર સૃષ્ટિના સર્જનહાર)નું છે, જેણે આગ અને હવા–પાણી પૈદા કર્યા, તમે તો ફક્ત તેની પૈદા કરેલી સૃષ્ટિનું વિવિધ સ્વરૂપોમાં રૂપાંતરિત કરી પોતાના લાભ માટે ઉપયોગ કર્યો છે.

کارِ زلفِ تست مشک افشانی اما عاشقاں   مصلحت را تہمتے بر آہوئے چین بستہ اند

"તારી લટનું કાર્ય મુશ્ક (કસ્તુરીની સુગંધ)નું પ્રસરાવવું છે, પરંતુ જેઓ તને ચાહે છે,
તેઓ ચાઈનીઝ હરણનો ગરજના માર્યા ભાવ આપે છે."

આ બાબતને એક ઉદાહરણ દ્વારા સમજી લઈએ કે એક જંગલમાં રહેનારો નિરક્ષર વ્યક્તિ જ્યારે કોઈ રેલ્વે સ્ટેશન ઉપર પહોંચે અને એવું જુએ કે, રેલગાડી (ટ્રેઇન) જેવી મોટી સવારી એક લાલ ઝંડી બતાવવાથી રોકાઈ જાય છે અને લીલી ઝંડી બતાવવાથી ચાલવા લાગે છે. આવું જોઈને તે એવું સમજવા લાગ્યો કે આ લાલ અને લીલી ઝંડી મોટી શક્તિ અને તાકાત છે કે, તે પોતાની શક્તિ વડે એન્જિનને રોકે છે અને ચલાવે છે, તો જે વ્યક્તિ બુદ્ધિશાળી છે, તે તેને મૂર્ખ ગણશે અને તેને બતાવશે કે અસલ શક્તિ આ ઝંડીઓમાં નથી બલકે, તે વ્યક્તિ પાસે છે જે એન્જિનમાં બેસેલો છે અને ઝંડીઓ જોઈને ટ્રેઇનને રોકે છે અને ચલાવે છે. પરંતુ જેમાં થોડી વધારે બુદ્ધિ હશે તો તે એવું કહેશે કે, ટ્રેઈનને ચલાવવાની સંપૂર્ણ શક્તિનો એકમાત્ર માલિક એન્જિન ડ્રાઈવરને સમજવું પણ ખોટું છે, કારણ કે વાસ્તવમાં તેના કાબૂમાં કશુ નથી, જે કંઈ છે તે એન્જિનની અંદર રહેલી મશીનરી ટ્રેઇનને ચલાવે છે. વળી, ત્યાં એક વૈજ્ઞાનિક ફિલોસોફર તેને પણ બેવકૂફ કહેશે કે નિર્જીવ મશીનરીમાં શું છે ? અસલ શક્તિ તો આ વરાળ (ડીઝલ, વીજળી)ની શક્તિ છે, જે એન્જિનની અંદર આગ અને પાણી દ્વારા તૈયાર કરવામાં આવે છે, પરંતુ બધી જ હિકમતો અને ફિલોસોફીઓ આ સ્થળે આવીને અટકી જાય છે. અંબિયા (અલૈ.) કહે છે કે, "હે જાલિમો ! જેવી રીતે ઝંડીઓ, ડ્રાઈવર, એન્જિનની મશીનરી વગેરેને ટ્રેઇન ચલાવવાની શક્તિના માલિક સમજવું એક અજ્ઞાનતાપૂર્ણ ભૂલ હતી, એવી જ રીતે વરાળ, ડીઝલ કે વીજળીને શક્તિના માલિક સમજી લેવું પણ તમારી ખોટી ફિલોસોફી છે. તેનાથી એક ડગલું આગળ વધો, જેથી તમે તે માલિકે હકીકીને ઓળખો અને કાર્યકારણની છેલ્લી કડી સુધી પહોંચી શકો કે, તે જ વાસ્તવમાં સમગ્ર શક્તિઓનું પાવર હાઉસ અને માલિક છે, જેણે આગ અને પાણીનું સર્જન કર્યું, જેણે આ વરાળ બનાવી !"

આ સ્પષ્ટતાથી તમે જાણી લીધું કે, બુદ્ધિશાળી કહેડાવવાના હકદાર ફક્ત તે જ લોકો છે જેઓ અલ્લાહ તઆલાને ઓળખે અને દરેક સમયે દરેક પરિસ્થિતિમાં તેને યાદ કરે. એટલા માટે "ઊલૂલ અલ્બાબ"નું લક્ષણ કુર્આન શરીફમાં આ બતાવવામાં આવ્યું, اَلَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيَامًا وَّ قُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ "જેઓ અલ્લાહને યાદ કરે છે ઊભા-ઊભા, બેઠાં-બેઠાં અને પડખાં પર સૂતાં-સૂતાં."

ઉમ્મતના ફુક્હા લખે છે કે, જો કોઈ વ્યક્તિ મૃત્યુ પહેલાં એવી વસિય્યત કરવા ઇચ્છે કે, મારી માલ-મિલ્કત બુદ્ધિશાળીઓને આપવામાં આવે, તો કોને આપવામાં આવશે ? તેના જવાબમાં ફુક્હા લખે છે કે, એવા વિદ્વાન મુજ્તહિદો માલનો હકદાર હશે જેમને દુનિયા પ્રાપ્ત કરવામાં રસ નથી તથા જે બિનજરૂરી ભૌતિક સ્ત્રોતોથી ઘણો દૂર છે. કારણ કે, સાચા અર્થમાં તે જ બુદ્ધિશાળી છે.

(દૂર્રે મુખ્તાર, કિતાબુલ વસિય્યહ)

આ સ્થળે એ બાબત પણ વિચારવા યોગ્ય છે કે, શરીઅતમાં અલ્લાહના ઝિક્ર સિવાય બીજી કોઈ ઈબાદતનો સૌથી વધારે હુકમ આપવામાં આવ્યો નથી, પરંતુ ઝિક્ર વિશે ઈરશાદ છે કે, وَاذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا (અલ્લાહને યાદ કરો, ખૂબ વધારે પ્રમાણમાં યાદ કરો) તેનું કારણ એ છે કે, ઝિક્ર સિવાય બધી જ ઈબાદતો માટે અમુક શરતો અને નિયમો છે જેના સિવાય તે ઈબાદતો અદા નથી થતી, તેનાથી વિપરીત ઝિક્રને વ્યક્તિ ઊભાં-ઊભાં, બેઠાં-બેઠાં, સૂતાં-સૂતાં, વુઝૂ સાથે, વિના વુઝૂએ પ્રત્યેક પરિસ્થિતિમાં દરેક સમયે કરી શકે છે. આ આયતમાં કદાચ આ જ હિકમત તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત આયતમાં બુદ્ધિશાળી લોકોની બીજી નિશાની એ બતાવવામાં આવી છે કે, તેઓ આસમાન અને પૃથ્વીની ઉત્પત્તિમાં ચિંતન અને મનન કરે છે. يَتَفَكَّرُوْنَ فِىْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ (અને આસમાનો તથા જમીનની ઉત્પત્તિમાં ચિંતન કરો).

અત્રે વિચાર માંગી લેતો મુદ્દો એ છે કે, આ ચિંતન અને મનનનો શું અર્થ છે ? અને તેનો શું દરજ્જો છે ? ચિંતન અને મનનનો શાબ્દિક અર્થ "ઊંડો વિચાર કરવો" અને "કોઈ વસ્તુના પ્રત્યેક પાસાનું વિશ્લેષણ કરી વાસ્તવિકતા સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો" છે. આ આયતથી જાણ થાય છે કે, જે પ્રમાણે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવો એક ઈબાદત છે એ જ પ્રમાણે આ પ્રમાણેનું ચિંતન કરવું પણ એક ઈબાદત જ છે. તફાવત માત્ર એ છે કે, ઝિક્ર તો અલ્લાહ જલ્લ શા'નુહુની પવિત્ર જાત અને તેની સિફાતનો કરવામાં આવે છે, જ્યારે કે ચિંતનમાં તેની બનાવેલી સૃષ્ટિમાં વિચાર કરવામાં આવે છે અને તેના ખાલિક (સર્જનહાર)નો આભાર માનવામાં આવે છે. અલ્લાહની જાત, તેની સિફતો અને ગુણ-લક્ષણોની મૂળ વાસ્તવિકતા સુધી મનુષ્યની બુદ્ધિ ક્યારેય નથી પહોંચી

શકતી. આ બધી બાબતો મનુષ્યની કલ્પનાથી પણ ઉપરવટ છે, તેમાં ચિંતન અને મનન કરવાથી તથા ઊંડો વિચાર કરવાથી આશ્ચર્ય પામવા સિવાય કોઈ પરિણામ મળતું નથી. એટલા માટે અલ્લાહની પવિત્ર જાતમાં વિચાર કરવા કરતાં તેની મખ્લૂકમાં તેની નિશાનીઓ વિશે વિચાર કરવો જોઈએ. આરિફ રૂમી કહે છે,

دور بینانِ بارگاہِ الست   غیر ازیں پے نبردہ اند کہ ہست

Expert watchers of the Court of the Being of the Covenant Found out nothing but that He is.

અમુક સમયે અલ્લાહ જલ્લ શા'નુહુની જાત અને સિફતોમાં વધારે ચિંતન માણસની અધૂરી બુદ્ધિના કારણે ગુમરાહી અને માર્ગ ભટકવાનું કારણ બની શકે છે. એટલા માટે અલ્લાહની મઅ્રિફતમાં પહોંચેલા લોકોએ વસિય્યત કરી છે કે, تَفَكَّرُوْا فِىْ اٰيٰتِ اللّٰـهِ وَلَاتَتَفَكَّرُوْا فِىْ اللّٰهِ "અલ્લાહ તઆલાની પૈદા કરેલી નિશાનીઓમાં ચિંતન અને મનન કરો, પરંતુ પોતે અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતોમાં ચિંતન અને મનન ન કરો" કે, તે તમારી પહોંચથી બહાર છે. સૂર્યના પ્રકાશમાં દરેક પદાર્થ જોઈ શકાય છે પરંતુ પોતે કોઈ વ્યક્તિ નરી આંખે તે સૂર્યને જોવા ઈચ્છે તો આંખો અંજાઇ જાય છે. જાત અને સિફાતના મસ્અલામાં મોટા-મોટા નિષ્ણાત ફિલોસોફરો અને દુનિયાઓની સહેલગાહ કરનારા પહોંચેલા લોકો પણ છેવટે આવી જ શિખામણ આપે છે.

نہ ھر جائے مرکب تواں تاختن   کہ جاہا سپر باید انداختن

"તું દરેક સંશોધનોના ક્ષેત્રમાં સક્ષમ નથી બની શકતો,
અમુક એવા સ્થળો પણ છે જ્યાં તારે સામાન્ય રીતે હાર માનવી જોઈએ."

અલબત્ત, ચિંતન અને મનન તથા બુદ્ધિનો સ્વૈરવિહાર કરવાનું મેદાન અલ્લાહની નિશાનીઓની જાણકારી પ્રાપ્ત કરવાનું છે, જેમાં સાચું ચિંતન-મનન કરવાનું ચોક્કસ એ પરિણામ હોય છે કે, તેના દ્વારા અલ્લાહ તબારક વ તઆલાની મઅ્રિફત (પરિચય) પ્રાપ્ત થાય છે. આટલું વિશાળ અને મહાન આસમાન તથા તેમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ જે જોનારને પોતાની જગ્યાએ સ્થિર દેખાય છે, જો તેમાં કોઈ ગતિ છે તો તે ગતિના જાણકાર ખગોળશાસ્ત્રીઓને જ તેની ખબર પડે છે, આ જ તારાઓમાં અમુક ગ્રહો પણ છે. આ બધા અવકાશી

પદાર્થો સૉલાર સિસ્ટમના એક એવા વ્યવસ્થાપન અને અચૂક ગતિઓના મજબૂત કાયદાઓ હેઠળ કાર્યરત છે કે, તેમાં એક સેકંડના કરોડમાં ભાગની પણ ચૂક થતી નથી. ન તો તેની મશીનરીનો કોઈ સ્પેરપાર્ટ ઘસાય છે, ન તો તે તૂટે છે અને ન જ ક્યારેય તેને કોઈ વર્કશૉપમાં રિપેરીંગ માટે મોકલવાની જરૂર પડે છે, ન તો આ મશીનરીને ક્યારેય રંગ-રોગનની આવશ્યકતા હોય છે, હજારો-લાખો વર્ષોથી સતત આ અવકાશી વ્યવસ્થાપન તંત્ર એક નિશ્ચિત સમય સાથે કાર્યરત છે, જે પ્રમાણે પૃથ્વી ગ્રહ, તેના ઉપરની નદીઓ, પહાડો, મેદાનો, જંગલો ઉપરાંત જાત-જાતનું સજીવ-નિર્જીવ પ્રાણી જગત, વનસ્પતિ જગત ઉપરાંત પૃથ્વીના પેટાળમાં ધરબાયેલા ખનીજો તથા જમીન અને આસમાન વચ્ચે ચાલનારી હવા તેમાં પૈદા થનારી વીજળી-વાદળો અને વરસાદ તથા આ બધી સૃષ્ટિ માટેનું એક સમવાયી તંત્ર પોતાની ચોક્કસ વ્યવસ્થા સાથે કાર્યરત છે. આ બધી જ નિશાનીઓ બુદ્ધિશાળી વ્યક્તિ માટે તથા સમજનાર વિચારક માટે કોઈ એવી સંપૂર્ણ જાતનો પરિચય આપે છે, જે જ્ઞાન અને હિકમત તથા શક્તિ અને તાકાતમાં સૌથી ઉપરવટ છે અને તેનું જ નામ મઅ્‌રિફતે ઈલાહી છે. આમ આ ચિંતન અને મનન "મઅ્‌રિફતે ઈલાહિય્યહ" (અલ્લાહના પરિચય) સુધી પહોંચવાનું કારણ હોવાના લીધે એક ઈબાદત પણ છે. એટલા માટે હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું, تَفَكُّرُ سَاعَةٍ خَيْرٌ مِّنْ قِيَامِ لَيْلَةٍ "એક ક્ષણ માટે કુદરતની નિશાનીઓમાં ચિંતન કરવું સમગ્ર રાતની ઈબાદત કરતાં ઉત્તમ અને વધારે લાભદાયક છે." *(ઈબ્ને કષીર)*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ આ ચિંતન અને મનનને શ્રેષ્ઠ ઈબાદત હોવાનું કહ્યું છે. *(ઈબ્ને કષીર)*

હઝરત હસન બિન આમિર (રદિ.)એ ફરમાવ્યું કે, "મેં ઘણા સહાબએ કિરામ (રદિ.)ને સાંભળ્યા છે, બધા જ એવું ફરમાવતા હતા કે ઈમાનનો પ્રકાશ અને રોશની "ચિંતન" છે."

હઝરત અબૂ સુલૈમાન દારાની (રહ.)એ ફરમાવ્યું કે, "હું ઘરમાંથી નીકળું છું તો જે વસ્તુ પર મારી દષ્ટિ પડે છે હું ખુલ્લી નજરોએ જોઉં છું કે, તેમાં મારા માટે અલ્લાહ તઆલાની એક નેઅ્‌મત છે અને તેના અસ્તિત્વમાં મારા માટે ઈબ્રત (બોધપાઠ) પ્રાપ્ત કરવાનો સામાન મૌજૂદ છે." *(ઈબ્ને કષીર)*

અમુક આરિફીન (અલ્લાહનો પરિચય પ્રાપ્ત કરી ચૂકેલ) લોકોએ

ફરમાવ્યું છે,

ہر گیاہے کہ از زمیں روید وحدہٗ لاشریک لہ گوید

"જમીનમાંથી દરેક હરિયાળીની કુંપળો નીકળે છે,

તે કહે છે તે (અલ્લાહ) માત્ર એક જ છે, તેનો કોઈ ભાગીદાર નથી."

હઝરત સુફિયાન બિન અઈનિયહ (રહ.)નો ઈરશાદ છે કે, "ચિંતન અને મનન એક પ્રકાશ છે જે દિલમાં પ્રવેશ થઈ રહ્યો છે."

હઝરત વહબ બિન મુમ્બહ (રહ.)એ ફરમાવ્યું કે, "જ્યારે કોઈ વ્યક્તિ વધારે પ્રમાણમાં ચિંતન અને મનન કરશે તો વાસ્તવિકતા સમજી જશે અને જે સમજી લેશે તેને સાચું જ્ઞાન પ્રાપ્ત થશે અને જેને સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું, તે ચોક્કસ અમલ પણ કરશે." *(ઈબ્ને કષીર)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) ફરમાવે છે કે, "એક ઝાહિદ વ્યક્તિ એક આબિદ (ઈબાદતગુઝાર) પાસેથી પસાર થયા, જે એવી જગ્યાએ બેઠો હતો કે તેની એક બાજુ કબ્રસ્તાન હતું અને બીજી બાજું ઉકરડાઓ હતા, પસાર થનારા બુઝુર્ગે તેમને કહ્યું કે દુનિયાના બે ખજાનાઓ તમારી સામે છે, એક મનુષ્યરૂપી ખજાનો કે જેને કબ્રસ્તાન કહેવામાં આવે છે અને બીજો દુનિયાની માલ-દૌલતનો ખજાનો જે કચરો-પૂંજો અને ગંદકી સ્વરૂપે ખડકાયેલો છે. આ બંને ખજાનાઓ ઈબ્રત (બોધપાઠ) માટે પૂરતા છે." *(ઈબ્ને કષીર)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ પોતાના દિલની સુધારણા અને નિગરાની (દેખરેખ) માટે શહેરથી બહાર કોઈ વેરાન ઉજ્જડ સ્થળ તરફ નીકળી જતા હતા અને ત્યાં પહોંચીને કહેતા હતા اَيْنَ اَهْلُكَ (અય્‌ન અહ્‌લુક) એટલે કે, "તારા નિવાસીઓ ક્યાં ગયા ?" પછી પોતે જ જવાબ આપતા, كُلُّ شَيْءٍ هَالِكٌ اِلَّا وَجْهَهٗ (કુલ્લુ શયઈન હાલિકુન ઈલ્લા વજ્‌હહુ) એટલે કે, "અલ્લાહ તઆલાની જાત સિવાય દરેક વસ્તુ નષ્ટ થનારી છે." *(ઈબ્ને કષીર)*

અલ્લાહવાળાઓ આ રીતે ચિંતન કરીને આખિરતની યાદને પોતાના દિલમાં કંડારી લેતા હતા.

હઝરત બશર હાની (રહ.) ફરમાવે છે કે, "જો લોકો અલ્લાહ તઆલાની અઝમત (શ્રેષ્ઠતા)માં ચિંતન કરે તો તેની નાફરમાની અને ગુનાહો કદાપિ ન કરી શકે."

હઝરત ઈસા (અલૈ.)એ ફરમાવ્યું, "હે અતિ નિર્બળ માનવી ! તું જ્યાં પણ હોય અલ્લાહથી ડર અને દુનિયામાં એક મહેમાનની જેમ સમય વ્યતિત કર તથા મસ્જિદોને પોતાનું ઘર બનાવી લે અને પોતાની આંખોને અલ્લાહના ડરથી રડવાની તથા શરીરને સબ્ર (ધૈર્ય)ની તથા દિલને ચિંતનની ટેવ પાડ અને આવતી કાલની રોઝીની ચિંતા ન કર."

પ્રસ્તુત આયતમાં આ જ ચિંતન અને મનનને બુદ્ધિશાળી વ્યક્તિઓનો ઉચ્ચ કક્ષાનો ગુણ બતાવીને વર્ણન કર્યું છે અને જેવી રીતે અલ્લાહ તઆલાની મખ્લૂક (સૃષ્ટિ)માં ચિંતન અને મનન કરીને અલ્લાહ તઆલાની મઅ્રિફત તથા દુનિયાની અસ્થિરતાનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું શ્રેષ્ઠ ઈબાદત અને ઈમાનનું નૂર છે. એ જ રીતે અલ્લાહની નિશાનીઓને જોઈને અને તેનો અનુભવ કરવા છતાં પોતે તે મખ્લૂકના બાહ્ય દેખાવ અને તેની જાહેરમાં દેખાતી ટીપ-ટાપમાં ઉલઝેલા રહેવું અને તેના કારણે વાસ્તવિક માલિકની મઅ્રિફત (પરિચય) પ્રાપ્ત ન કરવી સખત મૂર્ખામી અને નાદાન બાળકો જેવી હરકત છે. મવલાના રૂમી તેને આ રીતે ફરમાવે છે,

ہمہ اندر زمن تر از ین است   کہ تو طفلی وخانہ رنگین است

અને આ જ નાદાનિયતને હઝરત મજઝુબ (રહ.)એ આ રીતે વર્ણન કર્યું છે,

કુછ ભી મજનૂં જો બસીરત તુજે હાસિલ હો જાએ,
તુને લૈલા જિસે સમજા હે વો મહ્મલ હો જાએ.

અમુક ડાહ્યા લોકોએ કહ્યું છે કે, "જે વ્યક્તિ સૃષ્ટિ તરફ બોધપાઠ ગ્રહણ કરવાની દષ્ટિથી જોતો નથી તે એવા બેદરકાર ગાફેલ વ્યક્તિ જેવો છે જેના હૃદયની કોઠાસૂઝ નષ્ટ પામી છે." આજના વૈજ્ઞાનિક સંશોધનો અને આશ્ચર્યજનક યંત્રો અને તેમાં અટવાઈ પડેલા આધુનિકતાવાદીઓની અલ્લાહ તઆલાથી તથા પોતાના પરિણામથી ગફલત ડાહ્યા લોકોના આ નિવેદનની ખુલ્લી ગવાહી છે કે, આજે વૈજ્ઞાનિક પ્રગતિ જેમ-જેમ અલ્લાહ તઆલાએ સર્જેલી પ્રકૃતિના રહસ્યને ખોલે છે, એટલા જ પ્રમાણમાં તેઓ અલ્લાહને ઓળખવાથી અને વાસ્તવિકતાથી આંધળા થતા જાય છે. અકબર ઈલાહાબાદીએ સાચું જ કહ્યું છે,

ભૂલ કર બેઠા હે યૂરપ ખાલિકે કુલ કાઈનાત કો,
બસ ખુદા સમજા હે ઉસને બર્ક કો ઔર ભાંપ કો !

કુર્આને કરીમમાં આ જ ભણેલા-ગણેલા બેવકૂફ જાહિલો વિશે ઈરશાદ છે, وَكَأَيِّنْ مِّنْ اٰيَةٍ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ يَمُرُّوْنَ عَلَيْهَا وَهُمْ عَنْهَا مُعْرِضُوْنَ "આસમાન અને જમીનમાં કેટલીય નિશાનીઓ છે જેનાથી આ લોકો મોઢું ફેરવીને પસાર થઈ જાય છે, તેની વાસ્તવિકતા અને સર્જનમાં તથા તેના પૈદા કરનાર સર્જક તરફ ધ્યાન આપતા નથી." (સૂરહ : ૧૨, આયત : ૧૦૯)

આ બાબતનો ખુલાસો એ છે કે, અલ્લાહ તઆલાની મખ્લૂક અને તેની બનાવટમાં ચિંતન-મનન કરવું, તેની શ્રેષ્ઠતા અને શક્તિ પ્રત્યે અહોભાવ પૈદા થવો ઉચ્ચ કક્ષાની ઈબાદત છે, તેનાથી કોઈ બોધપાઠ ગ્રહણ ન કરવો સખત નાદાની છે. પ્રસ્તુત આયતમાં છેલ્લા વાક્યએ અલ્લાહની નિશાનીઓમાં ચિંતન-મનન કરવાનું પરિણામ બતાવ્યું છે رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا (હે અમારા પરવરદિગાર ! તેં આ બધું બેકાર-વ્યર્થ પૈદા કર્યું નથી.) અલ્લાહ તઆલાના શ્રેષ્ઠ અને આ મહાન સર્જનમાં ચિંતન-મનન કરનાર વ્યક્તિ એ પરિણામ ઉપર પહોંચ્યા વિના રહી નથી શકતો કે, આ બધી જ વસ્તુઓને અલ્લાહ તઆલાએ વ્યર્થ અને બેકાર પૈદા કરી નથી. બલકે, તેના સર્જનમાં હજારો હિકમતો છુપાયેલી છે, આ બધાને મનુષ્યના સેવક અને માનવજાતના ચાકર બનાવીને મનુષ્યને તેમાં ચિંતન અને મનન કરવાનું આમંત્રણ આપ્યું છે કે, સમગ્ર સૃષ્ટિ તો મનુષ્યના લાભ માટે પૈદા કરવામાં આવી છે અને મનુષ્યને અલ્લાહ તઆલાની ફરમાંબરદારી અને ઈબાદત માટે પૈદા કર્યો છે. આ જ તેના જીવનનો મૂળ હેતુ છે, ત્યાર પછી ચિંતન અને મનન કરવાથી જે પરિણામ નીકળે છે તે એ વાસ્તવિકતા સુધી પહોંચે છે કે, સૃષ્ટિને અલ્લાહ તબારક વ તઆલાએ બેકાર અને વ્યર્થ પૈદા નથી કરી બલકે, આ બધું સૃષ્ટિના સર્જનહારની મહાન કુદરત અને હિકમતની રોશન (પ્રકાશિત) દલીલ છે.

આગળ એવા લોકોની અમુક દરખાસ્તો અને દુઆઓનું વર્ણન છે, જે તેઓ પોતાના પરવરદિગારને ઓળખીને તેના દરબારમાં રજૂ કરે છે.

પ્રથમ દરખાસ્ત એ છે કે, فَقِنَا عَذَابَ النَّارِ "અમને જહન્નમના અઝાબથી બચાવજે." બીજી દરખાસ્ત એ છે કે, "અમને આખિરતના અપમાનથી બચાવજે. કારણ કે, જેને તેં (અલ્લાહે) જહન્નમમાં નાંખી દીધો તેને સમગ્ર જગત સામે અપમાનિત કરવામાં આવ્યો."

અમુક ઉલમાએ લખ્યું છે કે, હશ્રના મૈદાનનું અપમાન એક એવો અઝાબ હશે કે મનુષ્ય એવી ઈચ્છા કરશે કે, કાશ ! તેને જહન્નમમાં નાંખી દેવામાં આવે અને તેના દુષ્કૃત્યોની ચર્ચા મહશરમાં ઉપસ્થિત લોકો સામે કરવામાં ન આવે.

ત્રીજી દરખાસ્ત એ છે કે, "અમે તારા તરફથી આવીને પોકારનારા એટલે કે રસૂલુલ્લાહ ﷺના અવાજને સાંભળ્યો અને અમે તેના ઉપર ઈમાન લાવ્યા, માટે તું અમારા મોટા ગુનાહોને મા'ફ કરી દે અને અમારી ખામીઓ અને બુરાઈઓનો કફ્ફારો બનાવી દે અને અમને નેક લોકોની સાથે મૌત આપ, એટલે કે અમને નેક લોકોના સમૂહમાં સામેલ કરી આપ."

આ ત્રણ દરખાસ્તો તો અઝાબ, તકલીફ તથા મુસીબતોથી બચવા માટે કરવામાં આવી હતી. આગળ ચોથી દરખાસ્ત લાભ અને ફાયદો પ્રાપ્ત કરવા માટે કરવામાં આવી છે કે, "અંબિયા (અલૈ.) દ્વારા જન્નતની નેઅ્મતોનો તેં જે વાયદો કર્યો છે તે અમને એવી રીતે અર્પણ કર કે, કયામતમાં અપમાનિત ન થઈએ એટલે કે, અમારી પકડ અને બદનામી ન થાય અને પાછળથી મા'ફી આપવાના બદલે પ્રથમથી જ મા'ફ કરી આપ અને તું તારા વાયદાના વિરૂદ્ધ ક્યારેય કરતો નથી." પરંતુ આ અરજ અને વિનંતીનો હેતુ એ છે કે, અમને એના યોગ્ય બનાવી આપ કે, અમે આ વાયદો પ્રાપ્ત કરવાના અધિકારી બની જઈએ અને પછી તેના ઉપર સદાના માટે કાયમ રહીએ, એટલે કે અમારો અંત ઈમાન અને નેક કાર્યો ઉપર જ થાય.

આયતો : (સૂરએ આલિ ઇમ્રાન-આયત નં. ૧૯૫ થી ૧૯૯)

فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ أَنِّي لَا أُضِيعُ عَمَلَ عَامِلٍ مِّنكُم مِّن ذَكَرٍ أَوْ أُنثَىٰ ۖ بَعْضُكُم
مِّن بَعْضٍ ۖ فَالَّذِينَ هَاجَرُوا وَأُخْرِجُوا مِن دِيَارِهِمْ وَأُوذُوا فِي سَبِيلِي وَقَاتَلُوا وَقُتِلُوا
لَأُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّئَاتِهِمْ وَلَأُدْخِلَنَّهُمْ جَنَّاتٍ تَجْرِي مِن تَحْتِهَا الْأَنْهَارُ ثَوَابًا مِّنْ
عِندِ اللَّهِ ۗ وَاللَّهُ عِندَهُ حُسْنُ الثَّوَابِ ﴿١٩٥﴾ لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِينَ كَفَرُوا فِي الْبِلَادِ ﴿١٩٦﴾
مَتَاعٌ قَلِيلٌ ثُمَّ مَأْوَاهُمْ جَهَنَّمُ ۚ وَبِئْسَ الْمِهَادُ ﴿١٩٧﴾ لَٰكِنِ الَّذِينَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ

جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ۭ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ
لِّلْاَبْرَارِ ۝۱۹۸ وَاِنَّ مِنْ اَھْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ وَمَآ اُنْزِلَ
اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ لَا يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ۭ اُولٰۗىِٕكَ لَھُمْ اَجْرُھُمْ عِنْدَ
رَبِّهِمْ ۭ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ۝۱۹۹

તરજુમો :

પછી તેમના પરવરદિગારે તેમની દુઆ કબૂલ કરી કે હું કોઈ મહેનત કરનારની મહેનતને વ્યર્થ (બેકાર) કરતો નથી, તમારામાંથી પુરૂષ હોય અથવા સ્ત્રી તમે પરસ્પર એક છો; પછી જે લોકોએ હિજરત કરી અને પોતાના રહેઠાણોએથી કાઢી મૂકવામાં આવ્યા અને મારા માર્ગમાં સતાવવામાં આવ્યા અને લડયા અને માર્યા ગયા, અલબત્ત હું તેમની બુરાઈઓ તેમનાથી (અવશ્ય) દૂર કરી આપીશ અને તેમને બગીચાઓમાં દાખલ કરીશ જેની નીચેથી નહેરો વહે છે; આ અલ્લાહ તરફથી બદલો છે અને અલ્લાહ પાસે શ્રેષ્ઠ બદલો છે. (૧૯૫) (હે નબી ﷺ !) શહેરોમાં કાફિરોનું હરવું-ફરવું તમને ધોકામાં ન નાંખે. (૧૯૬) આ થોડો લાભ છે પછી તેમનું ઠેકાણું દોઝખ છે અને તે ઘણું ખરાબ ઠેકાણું છે ! (૧૯૭) પરંતુ જે લોકો પોતાના પરવરદિગારથી ડરતા રહ્યા તેમના માટે બગીચાઓ છે, જેની નીચેથી નહેરો વહે છે અને તેઓ તેમાં હંમેશા રહેશે; આ અલ્લાહ પાસેથી મહેમાનગતિ છે અને જે અલ્લાહ પાસે છે નેક (અબરાર) લોકો માટે ઉત્તમ છે. (૧૯૮) અને બેશક ! અહલે કિતાબમાંથી અમુક એવા છે જે ઈમાન લાવ્યા છે અલ્લાહ ઉપર અને જે તમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યું અને જે તેમના ઉપર નાઝિલ કરવામાં આવ્યું; અલ્લાહ સામે આજિઝી કરે છે (કરગરે છે) અલ્લાહની આયતોના બદલામાં થોડી કિંમત વસૂલતા નથી, આ જ તે લોકો છે જેમના માટે પોતાના પરવરદિગાર પાસે બદલો છે; બેશક ! અલ્લાહ જલદી હિસાબ લેનારો છે. (૧૯૯)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

અગાઉ આવી ચૂકેલી આયતોમાં મો'મિનો અને નેક લોકોની અમુક દુઆઓનો ઉલ્લેખ હતો, પ્રસ્તુત પ્રથમ આયતમાં આ દુઆઓની સ્વીકૃતિ અને સારા કૃત્યોનો ઉત્તમ બદલો આપવાનું વર્ણન છે. બીજી-ત્રીજી આયતોમાં એ સૂચના આપવામાં આવી છે કે, કાફિરોની ઝાકઝમાળ અને સુખ-સાહ્યબીવાળી જિંદગી તથા માલ-દૌલતની રેલમછેલ જોઈને મુસલમાનોએ કોઈ ધોકામાં ન રહેવું જોઈએ કારણ કે, તેઓની આ અય્યાશીઓ ફક્ત થોડા દિવસો માટે છે અને તે પછી તેમના માટે કાયમી અઝાબ છે.

ચોથી આયતમાં ફરીવાર મુત્તકી મુસલમાનો માટે જન્નતની કદી નષ્ટ ન થનારી નેઅ્મતોનો વાયદો કરવામાં આવ્યો છે. પાંચમી આયતમાં ખાસ કરીને તે મુસલમાનો માટે ઉત્તમ બદલો આપવાનું વર્ણન છે, જે પ્રથમ અહલે કિતાબમાંથી હતા અને પછી મુસલમાન થઈ ગયા.

તફસીર :

બસ, કબૂલ કરી લીધી તેમની દુઆઓને તેમના પરવરદિગારે, એ કારણે કે (મારી ટેવ એવી છે કે) હું કોઈ વ્યક્તિના (નેક) કામને જે તમારામાંથી કામ કરવાવાળા છે વ્યર્થ નથી જવા દેતો (કે તેનો બદલો આપવામાં ન આવે) ભલે તે (કામ કરનારાઓ) પુરુષ હોય અથવા સ્ત્રી (બંને માટે સમાન નિયમ છે, કારણ કે) તમે (બંને) પરસ્પર એકબીજાના વિભાગ છો. (એટલા માટે હુકમ પણ બંનેનો એક જ છે, બસ જ્યારે તેમણે ઈમાન સ્વીકારીને એક મોટો નેક અમલ કર્યો અને તેના દ્વારા ઉપસ્થિત થનારી અસરોની દરખાસ્ત કરી તો અમે તેમની દુઆ અને દરખાસ્તને પોતાની ટેવ પ્રમાણે મંજૂર કરી અને જ્યારે ઈમાન ઉપર આવી નેઅ્મતો અર્પણ કરીએ છીએ) તો જે લોકો(એ ઈમાન સાથે સારા કામો પણ કર્યા જેમકે હિજરત, એટલે કે તેઓ)ને વતનમાંથી કાઢી મૂકવામાં આવ્યા (તે પણ હસી-ખુશી કે આનંદ-પ્રમોદ અને પ્રવાસ માટે નહીં, પરંતુ એવી રીતે કે પરેશાન કરીને) અને (આ ઉપરાંત જાત-જાતની અને ભાત-ભાતની) તકલીફો આપવામાં આવી (અને આ વાતો એટલે કે હિજરત અને વતનમાંથી કાઢી મૂકવા સિવાય બીજી વિવિધ પ્રકારની મુસીબતો બધી જ) મારા માર્ગમાં (એટલે કે મારા દીનના કારણે તેમને પડી અને આ બધાને તેમણે સહન કરી) અને (તેનાથી

આગળ વધી તેમણે એ કામ કર્યું કે) જિહાદ (પણ) કર્યો અને (ઘણા બધા એમનામાંથી) શહીદ (પણ) થઈ ગયા (અને છેવટ સુધી જિહાદથી ન હટ્યા તો એવા મહેનતવાળા અમલો ઉપર સારો બદલો અને નેઅ્મતો કેમ ન મળે ?) જરૂર તે લોકોની બધી જ ભૂલો (જે મારા હક સંબંધિત થઈ ગઈ છે) મા'ફ કરી આપીશ અને જરૂર તેમને (જન્નતના) એવા બગીચાઓમાં દાખલ કરી આપીશ કે (તેની) નીચે નહેરો વહેતી હશે, આ બદલો અલ્લાહ પાસેથી મળશે અને અલ્લાહની પાસે જે છે (એટલે કે તેની કુદરતના કબ્જામાં) ઉત્તમ બદલો છે (પ્રસ્તુત આયતોમાં મુસલમાનોની તકલીફોનું વર્ણન કરવામાં આવ્યું અને તેના પરિણામે તેમના સારા બદલાનું વર્ણન હતું. આગળ ઉપર કાફિરોના સુખ અને અય્યાશીઓના ખરાબ પરિણામોનું વર્ણન છે, જેથી મુસલમાનોને દિલાસો મળે અને દુષ્કૃત્યો આચરનાર લોકોને સુધારણાની અને તૌબાની તૌફીક થાય).

لَا يَغُرَّنَّكَ (હે સચ્ચાઈના તલબગાર-યાચક !) તને આ કાફિરોનું હરવું-ફરવું (જાહોજલાલી, વૈભવ તથા આનંદ-પ્રમોદ) ધોકામાં ન નાંખી દે, આ થોડા દિવસની (વસંત) છે (કારણ કે મૃત્યુની સાથે જ તેનું નામો-નિશાન પણ નહીં રહે અને) પછી તેમનું ઠેકાણું (કાયમી) દોઝખ હશે અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે, પરંતુ (તેમનામાં પણ) જે લોકો અલ્લાહથી ડરે (અને મુસલમાન અને આજ્ઞાપાલક બની જાય) તેમના માટે જન્નતના બગીચાઓ છે, જેના (મહેલોની) નીચે નહેરો વહેતી હશે અને તે (બગીચાઓ)માં તેઓ હંમેશા-હંમેશા રહેશે. આ મહેમાનગતિ અલ્લાહ તરફથી હશે અને જે વસ્તુઓ અલ્લાહ પાસે છે (જેનું હમણા વર્ણન થયું, એટલે કે જન્નતના બાગો, નહેરો વગેરે) આ નેક બંદાઓ માટે (કાફિરોની થોડા દિવસની ખુશીઓ અને આનંદ-પ્રમોદ કરતાં) અતિઉત્તમ છે.

(પ્રસ્તુત આયતો અને દુઆથી પહેલાં અહલે કિતાબની ખરાબ ટેવો અને તેમના અઝાબ અને ખરાબ પરિણામોનું સતત વર્ણન થયું છે. આગળ તે લોકોનો ઉલ્લેખ છે જે અહલે કિતાબમાંથી હતા પરંતુ મુસલમાન અને નેક બની ગયા, તેમના માટે કુર્આનની પ્રચલિત શૈલી પ્રમાણે દુષ્ટ લોકોની ટીકા અને તેમના ખરાબ પરિણામોના વર્ણન પછી નેક અને સારા લોકોના વખાણ અને તેમના સારા
1 બદલાનું પણ વર્ણન છે.)

وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ અને ખરેખર અમુક લોકો અહલે કિતાબમાંથી એવા પણ જરૂર છે જેઓ અલ્લાહ ઉપર વિશ્વાસ રાખે છે અને આ કિતાબ ઉપર પણ (આસ્થા ધરાવે છે) જે તેમની પાસે મોકલવામાં આવી (એટલે કે, તવરાત અને ઈન્જીલ તથા અલ્લાહ ઉપર આસ્થા ધરાવે છે, તેઓ) આ રીતે અલ્લાહ તઆલાથી ડરે છે (એટલા માટે આ આસ્થાના વર્તુળની મર્યાદા ઓળંગતા નથી અને અલ્લાહ ઉપર ઔલાદ હોવાનો આક્ષેપ લગાવતા નથી અથવા અલ્લાહના હુકમોમાં અતિશયોક્તિ કરતા નથી અને તવરાત તથા ઈન્જીલ ઉપર જે આસ્થા ધરાવે છે તે એ પ્રમાણે કે) અલ્લાહ તઆલાની આયતોના મુકાબલામાં (દુનિયાનો) તુચ્છ બદલો લેતા નથી; આવા લોકોને તેમનો સારો બદલો મળશે, તેમના પરવરદિગાર પાસેથી (અને તેમાં કંઈ વાર નહીં લાગે, કારણ કે) નિઃશંક ! અલ્લાહ તઆલા જલદી જ હિસાબ (કિતાબ) કરી આપશે, (અને હિસાબ-કિતાબ થયા પછી સૌની લેવડ-દેવડ સંપૂર્ણ કરવામાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

હિજરત કરવાથી અને શહીદ થવાથી બધા ગુનાહ મા'ફ થઈ જાય છે પરંતુ કરજ વગેરે "હુકૂકુલ ઇબાદ" (બંદાના હકો) મા'ફ થવાનો વાયદો નથી :

لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ (હું અવશ્ય તેમના દુષ્કૃત્યો લખી રાખીશ) હેઠળ તફસીરની સ્પષ્ટતામાં એ શરત લગાવવામાં આવી છે કે, અલ્લાહના હકોમાં જે ઉણપો અને ગુનાહ થયા તે મા'ફ થશે, તેનું કારણ એ છે કે, રસૂલુલ્લાહ ﷺએ હદીષમાં કરજ અને દીન બંને ભિન્ન-ભિન્ન બાબતો હોવાનું ફરમાવ્યું છે, તેની મા'ફીનો નિયમ એ જ છે કે, પોતે અથવા તેના વારસદારો આ હકોને અદા કરે અથવા મા'ફ કરાવી લે અને કોઈ વ્યક્તિ ઉપર અલ્લાહ તઆલા પોતાની ખાસ કૃપા અને મહેરબાની કરે અને હકદારને તેનાથી રાજી કરાવીને મા'ફી અપાવી દે, તો તે બીજી બાબત છે અને અમુક લોકો સાથે આવું પણ થશે.

આયત : (સૂરએ આલિ ઇમ્રાન : આયત નં. ૨૦૦)

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اصْبِرُوا وَصَابِرُوا وَرَابِطُوا وَاتَّقُوا اللَّهَ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٢٠٠﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! સબ્ર કરો, અને મુકાબલામાં અડગ (મજબૂત) રહો, અને (સજ્જ થઈ) લાગેલા રહો, અને અલ્લાહથી ડરતા રહો જેથી તમે (તમારા હેતુમાં) સફળ થાઓ. (૨૦૦)

આયતનો ક્રમ અને ગોઠવણી :

આ સૂરએ આલિ ઈમ્રાનની અંતિમ આયત છે, મુસલમાનો માટે અમુક મહત્ત્વની વસિય્યતો ઉપર આધારિત છે, જેમકે આ આયત સમગ્ર સુરતનો નિચોડ અને સારાંશ છે.

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (તકલીફો ઉપર) પોતે સબ્ર કરો (ધૈર્ય દાખવો), અને (જ્યારે કાફિરોથી મુકાબલો થાય તો) મુકાબલામાં સબ્ર કરો અને (જ્યારે મુકાબલો થવાની સંભાવના હોય એવા સમયે) મુકાબલા માટે તૈયાર રહો અને (દરેક પરિસ્થિતિમાં) અલ્લાહથી ડરતા રહો (કે શરીઅતની મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરો) જેથી તમે સંપૂર્ણ સફળ થાઓ (આખિરતમાં પણ અને મોટા ભાગે દુનિયામાં પણ).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં મુસલમાનોને ત્રણ વસ્તુઓની વસિય્યત કરવામાં આવી છે. એક ધીરજ ધરવી (સબ્ર કરવી), બીજી કાફિરો સાથે મુકાબલામાં અડગ રહેવું અને ત્રીજી હંમેશા મુકાબલાની સંભાવનાના સમયે તૈયાર રહેવું અને ચોથી વસ્તુ તકવો છે, જે આ ત્રણે બાબતો સાથે ખૂબ આવશ્યક છે.

સબ્રનો શાબ્દિક અર્થ "રોકવું" અથવા "બાંધી રાખવું" છે અને કુર્આન અને સુન્નતની પરિભાષામાં નફ્સને પોતાના સ્વભાવથી વિરૂદ્ધ હોય એવી બાબતો ઉપર અડગ રાખવાને સબ્ર કહેવામાં આવે છે, જેના ત્રણ પ્રકારો છે.

પ્રથમ صَبْرٌ عَلَى الطَّاعَاتِ (સબ્રુન અલત્તાઆત્) એટલે કે, જે કામોને

અલ્લાહ તઆલાએ અને તેના રસૂલે કરીમ ﷺએ કરવાનો હુકમ આપ્યો છે, તે તબિયત (સ્વભાવ) ઉપર ગમે એટલા ભારે પડે તો પણ નફ્સને તેના ઉપર જમાવી મક્કમ રાખવો.

બીજું صَبْـرٌعَـنِ الْـمَـعَـاصِـىْ (સબ્રુન અનલ મઆસી) એટલે કે, જે કામો કરવાની અલ્લાહ તઆલાએ અને રસૂલે કરીમ ﷺએ મનાઈ ફરમાવી છે, તે નફ્સને કેટલીય પ્રિય અને પસંદ હોય તે છતાં પણ નફ્સને તેનાથી રોકવો.

ત્રીજું صَبْـرٌعَـلَى الْمَصَائِبْ (સબ્રુન અલલ્ મસાઇબ) એટલે કે, મુસીબતો અને તકલીફો ઉપર સબ્ર કરવી, ધૈર્ય દાખવવું તથા મર્યાદાથી વધારે પરેશાન ન થવું અને બધી તકલીફો તથા રાહતો અલ્લાહ તબારક વ તઆલા તરફથી છે, એવું સમજીને નફ્સને બેકાબૂ ન થવા દેવો.

مُـصَـابَرَتْ (મુસાબરત) આ શબ્દ સબ્ર صَبْر થી બનેલો છે, તેનો અર્થ એ છે કે દુશ્મનોના મુકાબલામાં અડગ રહેવું. مُـرَابَـطَـةْ (મુરાબતહ) આ શબ્દ رَبْـط (રબ્ત)થી બન્યો છે, જેનો વાસ્તવિક અર્થ "બાંધી દેવું" થાય છે અને આ જ કારણથી رِبَاطْ (રિબાત) અને مُرَابَطَةْ (મુરાબતહ)નો અર્થ "ઘોડા બાંધવાનો અને યુદ્ધની તૈયારી કરવાનો" થાય છે. કુર્આને કરીમમાં તેના અર્થ માટે આ પ્રમાણે આવ્યું છે, ... وَمِـنْ رِّبَـاطِ الْخَيْلِ (કેળવણી પામેલ ઘોડાઓમાંથી...) કુર્આન અને હદીષની પરિભાષામાં આ શબ્દનો બે અર્થો માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રથમ ઈસ્લામી સરહદોના રક્ષણ માટે યુદ્ધના ઘોડા અને યુદ્ધના શસ્ત્ર-સરંજામ સાથે હંમેશા શસ્ત્રસજ્જ રહેવું જરૂરી છે, જેથી દુશ્મનો ઈસ્લામની સરહદો તરફ આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ ન કરે.

બીજું જમાઅતની નમાઝની એવી પાબંદી કરે કે, એક નમાઝ પૂરી થાય કે તરત બીજી નમાઝનો ઈન્તેઝાર રહે. આ બંને વસ્તુઓ ઈસ્લામમાં ઘણી મોટી ઈબાદતો છે, જેની અસંખ્ય ફઝીલતો આવેલી છે કે, જેમાંથી અમુકનું વર્ણન અત્રે કરવામાં આવે છે.

رِبَاطْ (રિબાત) એટલે કે "ઇસ્લામી સરહદોનું રક્ષણ કરવું" :

"ઈસ્લામી સરહદોની સુરક્ષા માટે યુદ્ધની તૈયારી સાથે ત્યાં થોભવાને رِبَاطْ (રિબાત) અથવા مُرَابَطَةْ (મુરાબતહ) કહેવામાં આવે છે," તેના બે સ્વરૂપો છે. એક તો એ કે કોઈ યુદ્ધનો ભય સામે નથી, સરહદો સુરક્ષિત અને શાંત છે

પરંતુ ફક્ત ચોકસાઈના કારણે તેની દેખરેખ રાખવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં તો એ પણ જાઇઝ છે કે, વ્યક્તિ ત્યાં પોતાના બાળ-બચ્ચાં સાથે રહેવા-વસવા લાગે અને જમીન ખેડી-ખોદી વગેરે પોતાની રોજી-રોટી પણ ઉત્પન્ન કરતો રહે, આવી પરિસ્થિતિમાં જો તેની અસલ નિય્યત સરહદોની સુરક્ષા છે અને ત્યાં નિવાસ કરે અથવા વેપાર-વાણિજ્ય કરતો રહે તો તે બધું ગૌણ સમજવામાં આવશે અને જો તે મુખ્ય હેતુના તા'બે રહે, તો આવા વ્યક્તિને رِبَــاطٌ فِــىْ سَبِيْـلِ اللّٰــه (રિબાત ફી સબીલિલ્લાહ)નો સવાબ મળશે, ભલે કોઈ યુદ્ધમાં ભાગ ન પણ લેવો પડે, પરંતુ જેની અસલ નિય્યત સરહદોની સુરક્ષા ન હોય બલકે, પોતાની રોજી-રોટી જ મૂળ હેતુ હોય અને ભલે કામચલાઉ ધોરણે જ સરહદોની સુરક્ષાની પરિસ્થિતિ આવી પડે તો આવો વ્યક્તિ مُـرَابِطٌ فِىْ سَبِيْلِ اللّٰه (મુરાબિત્ ફી સબીલિલ્લાહ) નથી.

બીજું સ્વરૂપ એ છે કે, સરહદ ઉપર દુશ્મનોના આક્રમણનો ભય હોય એવી પરિસ્થિતિમાં સ્ત્રીઓ-બાળકો સાથે ત્યાં રહેવું યોગ્ય નથી. ફક્ત તે લોકો જ ત્યાં રહે જેઓ દુશ્મનોનો મુકાબલો કરી શકે છે. *(કુર્તુબી)*

આ બંને પરિસ્થિતિઓમાં રિબાતની ફઝીલતો બેશુમાર છે. સહીહ બુખારીમાં હઝરત સહલ બિન સઅદ બિન સાઅદી (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે "અલ્લાહના રસ્તામાં એક દિવસનો રિબાત સમગ્ર દુનિયા અને તેની સૃષ્ટિથી શ્રેષ્ઠ છે" અને સહીહ મુસ્લિમમાં સુલૈમાન (રદિ.)ની રિવાયત ઉપસ્થિત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, "એક દિવસ રાતનો રિબાત એક મહિનો સતત રોઝા અને બધી રાતો ઈબાદતમાં પસાર કરવા કરતાં ઉત્તમ છે અને જો તે આવી પરિસ્થિતિમાં મૃત્યુ પામ્યો તો રિબાતના અમલનો સવાબ હંમેશા ચાલુ રહેશે અને અલ્લાહ તઆલા તરફથી તેની રોઝી પણ ચાલુ રહેશે અને તે શયતાનથી સુરક્ષિત અને સલામત રહેશે."

અબૂ દાવુદમાં ફઝાલા બિન ઉબયદ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે "એક મૃત્યુ પામનારનો અમલ તેના મૌત સાથે પૂર્ણ થઈ જાય છે. એથી વિપરીત મુરાબતહ છે કે, તેનો આ અમલ કયામત સુધી વધતો જ રહે છે અને કબ્રમાં હિસાબ-કિતાબ લેનારાઓથી સુરક્ષિત અને સલામત રહે છે."

આ રિવાયતોથી જાણ થાય છે કે, રિબાત દરેક "સદ્કએ જારિય્યહ"થી

પણ વધારે ઉત્તમ છે. કારણ કે, સદ્કએ જારિય્યહનો સવાબ તો તે સમય સુધી ચાલુ રહે છે જ્યાં સુધી તેણે સદકો કરેલ મકાન, જમીન અથવા લખાણ અથવા વક્ફ કરેલી કિતાબો વગેરેથી લોકો ફાયદો ઉઠાવતા રહે છે, જ્યારે આ ફાયદો ઉઠાવવાનો ક્રમ પૂર્ણ થઈ જાય છે ત્યારે તેનો સવાબ પણ બંધ થઈ જાય છે પરંતુ مُرَابِطٌ فِي سَبِيلِ الله (મુરાબિત્ ફી સબીલિલ્લાહ)નો સવાબ કયામત સુધી અતૂટ રહે છે. કારણ એ છે કે બધા મુસલમાનો માટે નેક કાર્યો ઉપર કાયમ રહેવું ત્યારે જ શક્ય બની શકે છે જ્યારે કે, તેઓ દુશ્મનોના આક્રમણથી સુરક્ષિત હોય. તો આ રીતે મુરાબતહનો અમલ બધા મુસલમાનોના નેક અમલોનું કારણ બને છે. એટલા માટે કયામત સુધી આ રિબાતના અમલનો સવાબ ચાલુ રહે છે. તદુપરાંત તેઓએ જેટલા નેક કામો દુનિયામાં કર્યા હતા તેનો સવાબ પણ અમલ કર્યા વિના પણ હંમેશા ચાલુ રહેશે. જેમકે ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની સહીહ સનદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

مَنْ مَاتَ مُرَابِطًا فِي سَبِيلِ اللهِ أُجْرِيَ عَلَيْهِ أَجْرُ عَمَلِهِ الصَّالِحِ الَّذِي كَانَ يَعْمَلُهُ وَأُجْرِيَ عَلَيْهِ رِزْقُهُ وَأَمِنَ مِنَ الْفُتَّانِ وَبَعَثَهُ اللهُ يَوْمَ الْقِيٰمَةِ اٰمِنًا مِّنَ الْفَزَعِ،

"જે વ્યક્તિ રિબાતની હાલતમાં મૃત્યુ પામે તો તે જે કંઈ નેક અમલો દુનિયામાં કરતો હતો તેના બધા અમલોનો સવાબ બરાબર ચાલુ રહેશે અને તેની રોઝી પણ ચાલુ રહેશે તથા શયતાનથી (અથવા કબ્રના સવાલથી) સુરક્ષિત રહેશે અને કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને એવો સંતોષિત કરીને ઉઠાવશે કે મહશરમાં તેના ઉપર કોઈ ભય નહીં હોય." *(તફસીરે કુર્તુબી)*

આ રિવાયતમાં જે ફઝીલતોનું વર્ણન થયું છે, તેમાં શરત એ છે કે, રિબાતની હાલતમાં જ મૌત આવી જાય. પરંતુ બીજી રિવાયતોથી જાણ થાય છે કે, જો તે જીવીત રહે અને પોતાના બાળ-બચ્ચાં પાસે પરત આવે તો પણ આ સવાબ ચાલુ રહેશે.

હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "મુસલમાનોની કમજોર સરહદોની સુરક્ષા ઈખ્લાસ સાથે એક દિવસ રમઝાન સિવાય બીજા દિવસોમાં કરવાનો સવાબ સો વર્ષના સતત રોઝાઓ અને રાત્રે (ઈબાદત માટે) જાગવા કરતાં શ્રેષ્ઠ છે અને રમઝાનનો એક દિવસનો

રિબાત એક હજાર વર્ષના રોઝા અને કયામથી (આ શબ્દમાં રિવાયત કરનારે કંઈક શંકા કરી છે), પછી ફરમાવ્યું, જો અલ્લાહ તઆલાએ તેને સહીસલામત પોતાના બાળ-બચ્ચાં પાસે પરત મોકલી દીધો તો એક હજાર વર્ષ સુધી તેના ઉપર કોઈ ગુનોહ લખવામાં નહીં આવે અને નેકીઓ લખાતી જશે અને તેના રિબાતના અમલોનો બદલો કયામત સુધી ચાલુ રહેશે." *(કુર્તુબી)*

જમાઅતથી નમાઝની પાબંદી; એક નમાઝ પછી બીજી નમાઝના ઇન્તેઝારમાં રહેવું પણ "રિબાત ફી સબીલિલ્લાહ" છે :

અબૂ સલમા બિન અબ્દુર્રહમાન (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "હું તમને બે વસ્તુઓ બતાવું છું, જેનાથી અલ્લાહ તઆલા ગુનાહો મા'ફ ફરમાવી આપે છે અને તમારા દરજ્જાઓ બુલંદ કરે છે, તે વસ્તુઓ આ છે. વુઝૂને પૂર્ણ રીતે કરવું એ છતાં કે ઠંડી અથવા કોઈ જખમ, દર્દ વગેરેના કારણે વુઝૂના અવયવો ધોવા મુશ્કેલ લાગતા હોય અને મસ્જિદ તરફ વધારે પ્રમાણમાં જવું તથા એક નમાઝ પછી બીજી નમાઝની રાહ જોવી, પછી ફરમાવ્યું ذٰلِكُمُ الرِّبَاطُ (આ જ રિબાત ફી સબીલિલ્લાહ છે)."

ઈમામ કુર્તુબી (રહ.)એ તેને વર્ણન કર્યા પછી ફરમાવ્યું છે કે, "આ હદીષની રૂએ આશા છે કે, જે વ્યક્તિ નમાઝ પછી બીજી નમાઝની રાહ જોવાની પાબંદી કરે તેને પણ અલ્લાહ તઆલા તે મહાન સવાબ અર્પણ કરે છે, જેનો રિબાત ફી સબીલિલ્લાહ માટે હદીષોમાં ઉલ્લેખ થયો છે."

ખુલાસો :

આ આયતમાં પ્રથમ તો મુસલમાનોને સબ્ર કરવાનો હુકમ આપવામાં આવ્યો છે, જે દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં, દરેક સ્થળે હોય શકે છે અને તેની સ્પષ્ટતા ઉપર વિગતવાર વર્ણન થઈ ચૂકી છે. બીજો હુકમ કાફિરોના મુકાબલામાં અને યુદ્ધ સમયે મુસાબરહ (અડગ રહી ડટેલા રહેવા)નો છે અને ત્રીજો હુકમ કાફિરોના મુકાબલાની શક્યતાના સમયે અને જ્યારે આક્રમણનો ભય હોય એવા સમયે મુરાબતહ (યુદ્ધ માટે શસ્ત્રસજ્જ થઈ તૈયાર રહેવા)નો છે અને અંતે આ બધામાં તકવાનો હુકમ છે જે આ કામોનો આત્મા અને સ્વીકારનો આધાર છે. આ મિશ્રણ લગભગ દરેક શરીઅતના હુકમો ઉપર લાગુ પડે છે. અલ્લાહ તઆલા

આપણ સૌને આ હુકમો ઉપર અમલ કરવાની સંપૂર્ણ તૌફીક અતા' ફરમાવે. આમીન.

وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَآخِرَهٗ વલિલ્લાહિલ્ હમ્દુ અવ્વલહુ વઆખિરહુ.

સૂરએ આલિ ઈમ્રાન પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

અલ્હમ્દુલિલ્લાહ, સૂરએ આલિ ઈમ્રાનનો અનુવાદ પૂર્ણ થયો.
તારીખ : ૭મી ડિસેમ્બર ૨૦૦૮ મુતાબિક ૮ જિલ્હજ્જ ૧૪૨૯ હિજરી.

❑❑❑❑❑❑❑❑

અલ્હમ્દુલિલ્લાહ !

બીજી જિલ્દ (ભાગ-૨)

સમાપ્ત

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

Scanned & PDF
Shaban - 16 - 1434 Hijri
Wed - Jun - 26 - 2013

بسم الله الرحمن الرحيم

પ્રસ્તાવના

અલ્હમ્દુલિલ્લાહ, અલ્લાહના ફઝ્લ અને અહેસાનથી કુર્આનની વિસ્તૃત તફસીર મઆરિફુલ કુર્આનના ગુજરાતી અનુવાદનો આ બીજો ભાગ આપના હાથમાં છે. પ્રથમ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે. ઈન્શાઅલ્લાહ, આ બીજા ભાગ પછી સતત બધા જ ભાગો વારાફરતી પ્રકાશિત કરવામાં આવશે. કારણ કે, સમગ્ર મઆરિફુલ કુર્આનની બધી જ મૂળ જિલ્દોનો ગુજરાતી અનુવાદ થઈ ચૂક્યો છે, જેનું ટાઈપ–સેટીંગ અને પ્રુફ રીડીંગનું કામ પણ લગભગ પૂર્ણતાના આરે છે.

ગુજરાતી ભાષામાં પ્રથમ વખતે કુર્આનની આટલી વિસ્તૃત તફસીર છપાઈ રહી છે. અલ્લાહના અહેસાનથી અને તેના રહમો–કરમથી હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની સાહબ (રહ.)ની લખેલી તફસીરના આ ગુજરાતી અનુવાદમાં ભારે ચીવટ અને કાળજી રાખવામાં આવી છે તથા આ ખૂબ લાંબા સમયના કાર્યમાં અમને પ્રુફ રીડીંગ તેમજ ટાઈપ સેટીંગમાં તથા અન્ય દરેક રીતે જે લોકોનો સાથ અને સહકાર મળ્યો છે તેનો આ તકે અમે ખાસ ઉલ્લેખ કરીશું. અલ્લાહ તબારક વ તઆલા તેમને જઝાએ ખૈર આપે અને દારૈનમાં તેમના મરતબાઓ બુલંદ કરે અને દરેક રીતે તેમની જાઈઝ કાર્યોમાં મદદ કરે. આમીન.

સૌ પ્રથમ અલ્લાહ તઆલાનો ખૂબ ખૂબ આભાર માનવાની સાથે સાથે નબીએ કરીમ ﷺ ઉપર દુરૂદો સલામ મોકલીએ છીએ. આ તકે હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબના પીર તેમજ જામિઅતુલ બનાત –ટંકારીઆ, તા. જિ. ભરૂચના સરપરસ્ત હઝરત મવલાના શય્ખ મુહમ્મદ કમરુઝ્ઝમાં સાહેબ ઈલાહાબાદી (દા.બ.)નો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તેમની દુઆઓ અને બરકતોના કારણે જ આ મઆરિફુલ કુર્આનનો ગુજરાતી અનુવાદ આપના હાથોમાં મૂકવાની અમને પ્રેરણા સાંપડી છે. જઝાકલ્લાહ. ગુજરાતી અનુવાદના આ બીજા ભાગના પ્રુફ રીડીંગમાં અમને હઝરત મવલાના મુફતી અબ્દુલ્લાહ કાવી સાહેબ (દારુલ ઈફતા –દારુલ ઉલૂમ કંથારિઆ, તા. જિ. ભરૂચ)નો ખૂબ સહકાર સાંપડ્યો છે. તેમણે આ બીજા ભાગમાં ૬૦૦ થી વધારે પેજનું પ્રુફ રીડીંગ અને સિહ્હત (ખરાઈ) કરેલ છે. જઝાકલ્લાહ. ઉપરાંત

ટંકારીઆ તા. જિ. ભરૂચના હઝરત મવલાના ઈબ્રાહીમ માલજી સાહેબ (ખલીફા – હઝરત શયૂખ મુહમ્મદ કમરુઝ્ઝમાં દા.બ.) તથા ટંકારીઆના જ મુફતી મુસ્તાક આબિદનો પણ ખૂબ સહકાર મળ્યો છે. (મવલાના ઈબ્રાહીમ માલજી સાહેબે ત્રીજા ભાગથી લઈ અંતિમ ભાગ સુધી મઆરિફુલ કુર્આનની બધી જ જિલ્દોના પ્રુફ રીડીંગ તેમજ સિહ્હત કરવામાં સહકાર આપ્યો છે. જઝાકલ્લાહ.) ગુજરાતીમાં આ બીજા ભાગમાં આવતી અરબી ઈબારતનું પ્રુફ રીડીંગ હઝરત મવલાના મુફતી અસ્લમ બસ્તવી સાહેબે (મોહતમિમઃ દારુલ ઉલૂમ બાલાપુર, મહારાષ્ટ્ર. –ખલીફાઃ હઝરત શયૂખ મુહમ્મદ કમરુઝ્ઝમાં દા.બ.) કરેલ છે. જઝાકલ્લાહ. હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબે પણ વિહંગાવલોકન કરી જરૂરી સૂચનો અને કેટલાક સુધારાઓ સૂચવ્યા છે તેમજ મવલાના મૂસા કરમાડી સાહેબે (ખલીફા –હઝરત શયૂખ મુહમ્મદ કમરુઝ્ઝમાં દા.બ.) દુઆઓ સહિત વારંવાર પોતાના કિંમતી સૂચનોથી માર્ગદર્શન આપ્યું છે. અલ્લાહ તઆલા આ લોકોને મહાન બદલો આપી દારૈનમાં તેમના દરજાત બુલંદ કરે. આમીન.

ઉપરાંત છેલ્લા અમુક વર્ષોથી રચ્યા–પચ્યા રહી કાળજીપૂર્વક સતત એકધારા લાગેલા રહી મઆરિફુલ કુર્આનનો ગુજરાતી અનુવાદ ચીવટપૂર્વક કરનાર ઈલ્યાસ પટેલ ખાનપુરી પણ દુઆના હકદાર છે. અલ્લાહ એમને પણ જઝાએ ખૈર આપે. આમીન.

આ ઉપરાંત જામિઅતુલ બનાત ટંકારીઆના જિમ્મેદારો અને કાર્યકરો જેમકે જનાબ મકબૂલભાઈ ભૂતા કે જેઓ આ કામમાં ખૂબ જ મદદરૂપ થયેલ છે તેમજ પોતાના સમય અને સલાહિયતનો ભોગ આપેલ છે, તેઓ પણ દુઆના હકદાર છે. ઉપરાંત જામિઅતુલ બનાત ટંકારીઆના મવલાના શોયબ સિતપોણી સાહેબ, ઝુબૈરભાઈ, મવલાના મુહમ્મદ, મવલાના અબ્દર્રહીમ આછોદી, માસ્તર અબ્દુર્રહમાન, મવલાના સાદિક પારખેતી, જનાબ ઈસ્માઈલભાઈ બંગ્લાવાલા, હાજી દાવુદ ભૂતા સાહેબ, જનાબ ઈકબાલભાઈ માસ્તર ભૂતા સાહેબ વગેરેનો પણ ખૂબ સાથ–સહકાર સાંપડયો છે. અલ્લાહ દરેકને જઝાએ ખૈર આપે. આમીન.

– હાફેઝ ઈસ્માઈલ ભૂતા
બાની તથા નાયબ મોહતમિમ :
જામિઅતુલ બનાત ટંકારીઆ, તા. જિ. ભરૂચ

بسم الله الرحمن الرحيم

પ્રકાશકના બે બોલ

–(હઝરત) મવલાના ઈસ્માઈલ વલી ભૂતા

અલ્લાહના ફઝ્લો કરમથી મઆરિફુલ કુર્આનના બીજા ભાગનું પ્રકાશન આપના હાથોમાં મૂકતાં અનેરો આનંદ થઈ રહ્યો છે. અલ્લાહ તબારક વ તઆલાએ તેના રહમો કરમથી મુજ નાચીઝને ગુજરાતી ભાષામાં આટલી વિસ્તૃત કુર્આનની તફસીર પ્રકાશિત કરવાનો અવસર આપ્યો અને અલ્હમ્દુલિલ્લાહ, તે ખૂબ સારી રીતે કુદરતી સબબો સાથે પૂર્ણ થઈ રહ્યો છે. અલ્લાહ તબારક વ તઆલા આગળ પણ આ જ રીતે બીજા ભાગોનું પ્રકાશન સરળતાથી કરાવી આપે અને ઉમ્મત તેમજ ખાસ કરી ગુજરાતી મુસલમાનોને તેનો ભરપૂર લાભ ઉઠાવવાની તક આપે એવી ઉમ્મીદ અને દુઆ છે. આમીન.

મઆરિફુલ કુર્આનની આ બીજી જિલ્દ આપના હાથમાં મૂકતી વખતે સૌ પ્રથમ અલ્લાહ તબારક વ તઆલાનો આભાર માનું છું ત્યારબાદ નબીએ કરીમ ﷺની શા'નમાં દુરૂદો સલામ પેશ કરું છું અને ત્યાર પછી અમારા શયૂખ તથા રાહનુમા હઝરત મવલાના શયૂખ મુહમ્મદ કમરુઝ્ઝમાં (દા.બ.)નો શુક્રિયા અદા કરું છું કે તેમની દુઆઓના તુફૈલમાં અને તેમના સંગાથની બરકત વડે અલ્લાહે મુજ નાચીઝને મઆરિફુલ કુર્આનના આ ગુજરાતી અનુવાદને પ્રકાશિત કરવાની સોનેરી તક પ્રદાન કરી. જઝાકલ્લાહ. આ સાથે આ કાર્યમાં તમામ સાથ–સહકાર આપનાર દોસ્ત–બિરાદરો અને મુસલમાનોનો આભાર માનું છું કે જેમના નામો પ્રસ્તાવનામાં આપવામાં આવ્યા છે.

મઆરિફુલ કુર્આનનો ગુજરાતી અનુવાદ છાપવા માટે જામિઅતુલ બનાત ટંકારીઆના જિમ્મેદાર હાફેઝ ઈસ્માઈલ ભૂતા સાહેબ કે જેઓ મારા પિતળાઈ ભાઈ પણ થાય છે, તેમણે રૂપિયા એક લાખનો હદિયો આપ્યો છે. અલ્લાહ એને કબૂલ ફરમાવે અને દારૈનમાં તેમના માટે નજાતનો ઝરિયો બનાવે. આમીન.

આ તફસીરના અનુવાદક જનાબ ઈલ્યાસભાઈનો આભાર માનવા માટે શબ્દકોષ પણ અધૂરો લાગે છે. તેમના માટે અલ્લાહમહ શિબ્લી (રહ.)નો એક શે'ર થોડી તરમીમ (ફેરબદલ) સાથે રજુ કરું છું.

બેવકૂફોં કી દાસ્તાં લિખી, ગુમરાહોં સે દોસ્તી કી;
મુજે ચંદે મુકીમે ગૈર હોના થા.
મગર બદુઆએ શૈખે કમરુઝ્ઝમાં લિખ રહા હું તફસીરે કુર્આં,
ખુદા કા શુક્ર હે યું ખાત્મા બિલ ખય્ર હોના થા.

ઉપરાંત આપ વાચકોનો પણ ખૂબ આભાર માનું છું, કારણ કે આ ગુજરાતી અનુવાદને આપ વાચકો સમક્ષ પહોંચાડવામાં તો આવ્યો છે પરંતુ જ્યારે તમો વાચકો તેનો ભરપૂર લાભ ઉઠાવશો અને એના દ્વારા શમ્એ હિદાયત રોશન કરશો તથા જીવનમાં પરિવર્તન લાવી અન્યોના જીવનને પણ રાહે રાસ્ત ઉપર લાવવા માટેનો ઝરિયો બનશો ત્યારે જ આ ગુજરાતી અનુવાદનો હેતુ સાર્થક થયેલો ગણાશે. અલ્લાહ તઆલા તમો વાચકોને પણ એ બાબતની હિદાયત આપે અને આપના તુફૈલમાં મુજ નાચીઝને પણ કબૂલ ફરમાવે. આમીન.

ઈન્શાઅલ્લાહ, મઆરિફુલ કુર્આનની બધી જ જિલ્દો વારાફરતી પ્રકાશિત કરવામાં આવશે. કારણ કે, મઆરિફુલ કુર્આનનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થઈ ચૂક્યો છે. તેના પ્રુફ રીડીંગ, સિહ્હત તેમજ ટાઈપ સેટીંગનું કામ ચાલું છે. અલ્લાહ તબારક વ તઆલા આ કામમાં પણ સરળતા આપે અને ઘણા જ જલદી બીજી જિલ્દો પણ આપના હાથમાં પહોંચાડે એવી અલ્લાહની જાતથી ઉમ્મીદ અને દુઆ છે. આમીન.

– (હઝરત) મવલાના ઈસ્માઈલ વલી ભૂતા
પ્રેસિડેંટ : મજલિસે ખુદામુદ્દીન ઈન્ટરનેશનલ (લંડન–યુ.કે.)
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)
બાની (સ્થાપક) તેમજ મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા.જિ. ભરૂચ,
ગુજરાત (ઈન્ડિયા)

તારીખ : ૧૪ જૂન ૨૦૧૧
૧૧ રજ્જબ ૧૪૩૨ હિજરી

بسم الله الرحمن الرحيم

અનુવાદકના બે બોલ

–ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

અલ્લાહ રબ્બુલ ઈજ્જતના અહેસાન અને તેના અપાર ફઝ્લો કરમથી હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)એ લખેલ કુર્આનની વિસ્તૃત તફસીર "મઆરિફુલ કુર્આન"નો મૂળ આઠ જિલ્દોનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થઈ ચૂક્યો છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ અલ્લાહની એક મહાન નેઅ્મત અને અહેસાન છે જે બુઝૂર્ગોની દુઆઓનું જ પરિણામ છે કે મારા જેવા ગુનેહગારને આટલી મોટી જવાબદારી સુપુર્દ કરી તેને સારી રીતે વિપરીત પરિસ્થિતિઓમાં પણ પૂર્ણ કરાવી. અલ્લાહ તઆલા એનો મૂળ હેતુ સાર્થક કરે એટલે કે ઉમ્મતમાં અને ખાસ કરી ગુજરાતી મુસલમાનોમાં કુર્આની ઉલૂમના પ્રચાર–પ્રસારનો વ્યાપ વધે તેમજ લોકો તેનો ભરપૂર લાભ ઉઠાવે અને આ તફસીર લોકો માટે હિદાયતનું માધ્યમ બને અને એ મારા માટે તથા જેઓ પણ આ તફસીરને અસ્તિત્વમાં લાવવા માટે મદદરૂપ બન્યા છે તેમના માટે નજાતનો ઝરિયો બને. આમીન.

આ તફસીરનું અસ્તિત્વમાં આવવું પણ આપણા બુઝુર્ગોની દુઆઓની બરકતો અને તેમની કરામતોનું જ પરિણામ છે. અત્રે હું એક ઘટનાનો ઉલ્લેખ કરીશ. મને "ઑટોનોમિક નર્વસ સિસ્ટમ ડીસ્ઑર્ડર" નામની મગજની બીમારી હતી, જે શરીરમાંના જ્ઞાનતંતુઓને અસર કરે છે. મારામાં ચાલવા કે ઊભા રહેવાની પણ શક્તિ ન હતી. પાંચ મિનિટ ઊભા રહેવું મારા માટે હિમાલય પહાડ ચઢવા સમાન હતું. આવી પથારીવશ પરિસ્થિતિમાં ઘણો લાંબો સમય પસાર થયો. હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબ મને એક દિવસે રમઝાન માસમાં દારુલ ઉલૂમ કંથારીઆ મુકામે ખાનકાહમાં હઝરત શયૂખ મુહમ્મદ કરમરુઝૂઝમાં (દા.બ.)ની મુલાકાત અને દુઆની દરખાસ્ત માટે લઈ ગયા. હઝરત શયૂખને મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબે મારી પરિસ્થિતિથી વાકેફ કર્યા, ત્યારે હઝરત શયૂખના જે ઉદ્ગારો હતા તેનો ભાવાર્થ એ હતો કે, "ઈન્શાઅલ્લાહ ! તમે સારા પણ થઈ જશો અને અલ્લાહ તમારાથી કામ પણ લેશે." આજે જ્યારે મઆરિફુલ કુર્આનની બધી જિલ્દોનો અનુવાદ પૂર્ણ થઈ

ચૂક્યો છે ત્યારે હઝરત શયૂખની આ બંને વાતો અલ્લાહ તબારક વ તઆલાના ફઝ્લો કરમથી તથા કુર્આનની બરકતો અને હઝરત શયૂખના ફયૂઝની અસરથી અક્ષરસઃ સાચી પડી છે. મૅડિકલ સાયન્સમાં લાઈલાજ ગણાતી બીમારી થોડી નહિવત્ અસરને બાદ કરતાં સંપૂર્ણ સારી થઈ ગઈ છે, આજે હું સ્વસ્થ છું. બલકે, બાઈક ચલાવી ૫૦–૧૦૦ કિ.મી.ની મુસાફરી પણ કરી શકું છું તથા તેમની બીજી વાત કે "અલ્લાહ તમારાથી કામ લેશે", એ બાબતની સાબિતી આપના હાથમાં મઆરિફુલ કુર્આનનો આ ગુજરાતી અનુવાદ છે. અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા હઝરત શયૂખના દરજાતને બુલંદ કરે અને હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબને પણ જઝાએ ખયૂર આપે. આમીન.

પ્રસ્તુત બીજા ભાગમાં અને હવે પછીના દરેક ભાગમાં પ્રથમ ભાગ કરતાં કેટલીક વસ્તુઓની ખાસ કાળજી રાખવામાં આવી છે. જેમકે, મઆરિફુલ કુર્આનની મૂળ જિલ્દમાં કુર્આન શરીફનો ઉર્દૂ તરજુમો હઝરત મવલાના શયૂખ શાહ અબ્દુલ કાદિર (રહ.)એ કરેલ છે. પ્રસ્તુત મઆરિફુલ કુર્આનના બીજા ભાગમાં ગુજરાતીમાં પણ તેમની શૈલીને જાળવી રાખવાનો ખૂબ પ્રયત્ન કરવામાં આવ્યો છે. બલકે, શબ્દોનું ચયન તથા તેના ભાવાર્થોને જાળવવાનો યથાશક્તિ મારા જ્ઞાનની સીમા સુધી પ્રમાણિક પ્રયત્ન કર્યો છે; પરંતુ માણસ માત્ર ભૂલને પાત્ર છે અને હઝરત મવલાના યાકૂબ નાનોત્વી (રહ.)ના કહેવા પ્રમાણે "નિઃશંક! અલ્લાહના કલામનો અનુવાદ કરવો માણસની શક્તિ બહારની વાત છે કે તે તેનો અક્ષરસઃ અનુવાદ કરી શકે." માટે જો કોઈ ભૂલ કે ક્ષતિ અથવા ઉણપ રહી ગઈ હોય તો પ્રથમ અલ્લાહની ક્ષમા–યાચના સાથે આ વિષયના નિષ્ણાત પ્રમાણિત ઓથૉરિટી ધરાવનાર વિદ્વાનોને વિનંતી છે કે, તેઓ ભૂલનો સુધાર કરવાના હેતુએ મારું ધ્યાન અપાવે. ઈન્શાઅલ્લાહ, હવે પછીના પ્રકાશનમાં એવી ક્ષતિઓ કે ઉણપો દૂર કરવામાં આવશે. બીજી મહત્ત્વની કાળજી એ લેવામાં આવી છે કે શયખુલ અરબ વલ અજમ સય્યિદી હઝરત મવલાના મહમૂદુલ હસન સાહેબ (રહ.)ના "તરજુમા શયખુલ હિન્દ"ના નામથી પ્રખ્યાત કુર્આનની તફસીરને હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)એ પોતાની મૂળ "મઆરિફુલ કુર્આન"ની જિલ્દોમાં હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.)ના તરજુમા પછી દરેક ઠેકાણે કુર્આનની આયતો નીચે મૂકેલ છે; મુજ નાચીઝે તેનો

પણ ગુજરાતી અનુવાદ તેની સંપૂર્ણ શૈલીને જાળવીને ગુજરાતી ભાષામાં કરવાનો પ્રયત્ન કર્યો છે. આ કામ ખૂબ વિકટ હતું, કારણ કે કૌંસની બહારના વાક્યો એ કુર્આનની મૂળ અરબી ઈબારતનો સીધો તરજુમો છે અને કૌંસની અંદર રહેલા વાક્યો તફસીરી ખુલાસો છે અને આ બંને અલગ–અલગ પ્રકારના વાક્યોને હઝરત મવલાનાએ એવી રીતે ભેગા કર્યા છે કે સળંગ વાક્ય લાગે છે પરંતુ તેમાં કુર્આનની મૂળ અરબી ઈબારતના તફસીરી ખુલાસાને એવી રીતે વણી લેવામાં આવેલ છે કે વાંચનાર એને સરળતાથી સમજી શકે છે, પરંતુ જ્યારે કુર્આનના મૂળ અરબી તરજુમા સાથે તફસીરી ખુલાસાને આ રીતે વણી લઈ એક વાક્ય બનાવવામાં આવેલ હોય ત્યારે તે ભાષાકીય દષ્ટિએ અતિવિકટ કાર્ય છે, જેને હઝરત મવલાનાએ સરળતાથી અંજામ આપ્યું છે. મુજ નાચીઝે પણ આ શૈલી જાળવી રાખી ગુજરાતી અનુવાદમાં કૌંસની બહાર રહેલ કુર્આનના અરબી ઈબારતના તરજુમાની સાથે–સાથે કૌંસમાં રહેલા તેના તફસીરી ખુલાસાઓને મેળવી દેવાનો મારી જ્ઞાનની મર્યાદા સુધી પ્રયત્ન કર્યો છે તથા મૂળ ઈબારતના ભાવાર્થો અને ગૂઢાર્થોને જાળવવાનો પ્રયત્ન પણ ખૂબ પ્રમાણિકપણે કર્યો છે. અલ્લાહ તેને કબૂલ ફરમાવે અને ઉમ્મત માટે તે ઉપયોગી સાબિત થાય અને તેને દરેકની નજાતનો ઝરિયો બનાવે. આમીન. આ "તરજુમા શયખુલ હિન્દ"ની એક વિશેષતા એ પણ છે કે, તમે કૌંસમાં રહેલ તફસીરી ખુલાસાઓને અવગણી માત્ર કૌંસની બહાર રહેલ તરજુમાને વાંચશો તો પણ વાક્ય ક્યાંય અધૂરું કે તૂટતું માલૂમ પડશે નહીં. બલકે, તે કુર્આનની મૂળ અરબી ઈબારતનો અનુવાદ હોવાનું જણાશે. અલ્હમ્દુલિલ્લાહ, આટલું વિકટ કામ અલ્લાહે તેના ફઝ્લો કરમથી ઘણી સરળતાથી પાર પડાવ્યું છે. અલ્લાહ કબૂલ ફરમાવે. આમીન.

ઉપરાંત આ જિલ્દમાં ભાષાકીય શુદ્ધિનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે. કેટલાક ઈસ્લામિક પારિભાષિક શબ્દો (ઈસ્તેલાહાત)ને અવતરણ ચિહ્નોમાં લખવામાં આવેલ છે. ઈન્શાઅલ્લાહ અંતિમ ભાગ પ્રકાશિત થયા પછી મઆરિફુલ કુર્આનમાં રહેલ બધા જ ઈસ્લામિક પારિભાષિક શબ્દોની ઈન્ડેક્ષ તેના અર્થોના ખુલાસા સાથે પ્રકાશિત કરવાનો ઈરાદો છે. કુર્આનની આ વિસ્તૃત તફસીર "મઆરિફુલ કુર્આન" એ ઈસ્લામના એન્સાઇક્લોપિડીયાની હેસિયત ધરાવે છે. હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)એ કુર્આનની

તફસીરમાં માનવ જીવનના દરેક વિભાગથી સંબંધિત વિષયો ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના બંધન વિના દરેક સમયકાળ અને યુગને અનુરૂપ આવરી લીધા છે. ઈન્શાઅલ્લાહ, હું ચોક્કસપણે એવું કહી શકું છું કે નિખાલસતાથી આ તફસીરને એક વખતે હાથમાં લેશો તો તેને પૂરી કર્યા વિના મૂકવાનું મન નહીં થાય. અલ્લાહ તઆલા હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)ની મગફિરત ફરમાવી તેમના દરજ્જાતને બુલંદ કરે તથા તેમની લખેલી આ તફસીરને ઉમ્મતની હિદાયતનો ઝરિયો બનાવે તથા અમારા જેવા ગુનેહગારોને પણ કબૂલ કરી ક્ષમા કરે. આમીન.

અંતે મઆરિફુલ કુર્આનના આટલા મોટા પ્રોજેક્ટના પ્રકાશનમાં હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબની હિંમતને હું દાદ આપું છું. કારણ કે, આ કોઈ નાનું–સૂનું કામ નથી. આટલા મોટા પ્રોજેક્ટ માટે હિમાલય જેવી અડગતા અને હિંમતની આવશ્યકતા હોય છે. હઝરત મવલાનાએ તફસીરના અનુવાદના સમયગાળામાં મને ખૂબ પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડી છે. તેમના સાન્નિધ્યમાં જ હું આ તરજુમો પૂર્ણ કરી શક્યો છું. તેમનો આભાર માનવા માટે મારી પાસે જેટલાય શબ્દો છે તે વામણા લાગે છે. બસ એટલું જ કહું છું કે, અલ્લાહ તેમને દારૈનમાં જઝાએ ખૈર આપે. આમીન. ઉપરાંત પ્રસ્તાવનામાં દર્શાવેલ મુસ્લિમ બિરાદરોનો પણ ખૂબ–ખૂબ આભાર માનું છું. અલ્લાહ તબારક વ તઆલા દરેકના પ્રયત્નોને કબૂલ કરે અને સફળ બનાવે. આમીન.

– ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
તારીખ : ૧૪ જૂન ૨૦૧૧
૧૧ રજ્જબ ૧૪૩૨ હિજરી

بسم اللہ الرحمٰن الرحیم

ભાગ
૨

કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન

ગુજરાતી

(પારહ : ...૨, ૩, ૪...)


- સૂરએ બકરહ (આયત ૧૭૮ થી સંપૂર્ણ)
- સૂરએ આલિ ઈમ્રાન (સંપૂર્ણ)

મૂળ લેખક

હઝરત મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ (રહ.)

અનુવાદક

ઇલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)



પ્રકાશક

હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો.: ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
ગુજરાત (ઇન્ડિયા)